# સમયસાર વૈભવ

ભાગ– ૨૧



પ્રકાશક

શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ

રાજકોટ

ॐ

परमात्मने नमः।

# સમયસાર વૈભવ

## શ્રી કુંદકુંદાચાર્યદેવ રચિત સમયસાર પરમાગમ ઉપર અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૫મી વખતના સળંગ અક્ષરશઃ પ્રવચન

(ભાગ-૨૧)

(પ્રવચન-૫૮૪ થી ૬૧૬)


પ્રકાશક

સ્વ. શાહ વૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર

(મૂળ રહેવાસી બરવાળા ઘેલાશા, હાલ સુરત)

હ : અશ્વિનભાઈ વૃજલાલભાઈ શાહ


સુધીરભાઈ વૃજલાલભાઈ શાહ

| વિક્રમ સંવંત | વીર સંવંત | ઈ. સન |
|---|---|---|
| ૨૦૭૫ | ૨૫૪૫ | ૨૦૧૯ |

**પ્રકાશન**
પોષ વદ ૧૪, તા.૩-૨-૨૦૧૯, રવિવાર
શ્રી આદિનાથ ભગવાન નિર્વાણ કલ્યાણક દિવસ

**પ્રાપ્તિ સ્થાન**
જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનોને પ્રસ્તુત પુસ્તકની નકલ જોઈતી હોય તેમણે શ્રી સુધીરભાઈ શાહનો સંપર્ક કરવા વિનંતી.
મો. ૦૯૩૭૪૭૧૯૨૦૨

**ટાઈપ સેટિંગ :**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧



ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दुजो भावो।
एवं भणंत्ति सुद्धंणादो जो सो दु सो चेव।।६।।

# પ્રકાશકીય નિવેદન

શાસનનાયક અંતિમ જિનેશ્વર શ્રીમહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ગુણસમુદ્ર એવા આચાર્ય ભગવંતો થયા છે. તેઓએ નિજાનુભવ તથા ભગવાનની દિવ્યધ્વનિના આધારે અનેક મહાન પરમાગમોની રચના કરી, તેમ જ જન્મ-મરણના દુઃખથી મુક્ત થઈ અવિનાશી નિજાનંદ સુખ, શાંતિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનો માર્ગ પ્રકાશી, ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભગવાન મહાવીરસ્વામીના મોક્ષગમન બાદ ત્રણ કેવળી અને પાંચ શ્રુતકેવળી થયા. આચાર્યોની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યદેવની પરંપરાના કહેવરાવવામાં ગૌરવ અનુભવે છે. તેઓશ્રીને ભગવાન મહાવીરનું જ્ઞાન આચાર્યોની પરંપરાથી મળ્યું હતું, એટલું જ નહિ પણ આઠ દિવસ સુધી મહાવિદેહવાસી શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ સાક્ષાત્ શ્રવણ કરવાનું મહાભાગ્ય પણ તેઓશ્રીને પ્રાપ્ત થયું હતું.

પવિત્રતાના સ્વામી એવા કુંદકુંદાચાર્યદેવે અનેક કૃતિઓની રચના કરી છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ પંચ પરમાગમો સહિત બીજી પણ અનેક ભવ્ય કૃતિઓની રચના કરીને જિનશાસન-સ્તંભનું કાર્ય કર્યું છે. શ્રી સમયસાર પરમાગમ તેઓશ્રીની એક અદ્વિતીય કૃતિ છે, જગતનું અદ્વિતીય ચક્ષુ છે. પાંચમી ગાથામાં તેઓશ્રી ફરમાવે છે મારા નિજ વૈભવથી હું સમયસારને કહીશ. જિનેન્દ્ર ભગવાન અને ગણધરદેવથી માંડીને અમારા ગુરુ પર્યંતના ઉપકારીઓ દ્વારા પ્રસાદરૂપે અપાયેલ શુદ્ધાત્મતત્ત્વના અનુગ્રહપૂર્વક ઉપદેશથી થયો છે. નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ, તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનરૂપ સ્વસંવેદન છે તેનાથી પણ તેનો જન્મ થયો છે. આ સમયસાર અદ્‌ભુત શાસ્ત્ર છે. તેમાં પોતાનો નિજ વૈભવ બતાવ્યો છે. તેથી આ પ્રવચન ગ્રંથનું '**સમયસાર વૈભવ**' નામ આપવામાં આવ્યું છે. આવા નિર્વિકારી અતીન્દ્રિય આનંદની મહોરછાપ યુક્ત પ્રત્યેક વાક્યો ભવ્યજીવોના આત્મહિતાર્થે લખાયેલા છે.

આ મહાન પરમાગમ ઉપર શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ રચિત આત્મખ્યાતિ ટીકા ખરેખર અમૃતને રેલાવી ભવ્યજીવોને અજર-અમર પદની પ્રાપ્તિ કરાવે છે. આ દૈવી ટીકા છે. ૪૧૫ ગાથાની ટીકા કર્યા બાદ આચાર્ય ભગવાને પરિશિષ્ટની રચના કરીને સ્યાદ્વાદ અધિકાર લખ્યો

તથા આત્મસ્વરૂપનો વૈભવ એવી ૪૭ શક્તિઓની રચના કરી. આથી સમયસાર પરમાગમ વૈભવથી ભરપૂર એક મહાન કૃતિ છે.

સાંપ્રત સમાજમાં આવા મહાન વૈભવયુક્ત પરમાગમની ઉપલબ્ધિ હોવા છતાં, અંતરંગ રહસ્ય ઉકેલનારું કોઈ નહોતું, તેથી મોક્ષમાર્ગ લુપ્તપ્રાયઃ થઈ ગયો હતો. મિથ્યાત્વનું ભયંકર સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે એવા દુષમકાળમાં તેવા ઘોર અજ્ઞાન-અંધકારનો નાશ કરવા તેજસ્વી સૂર્યનો ઉદય થયો. એ સૂર્ય છે-પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. ભાવિમાં સૂર્ય સમાન કીર્તિ ઉદિત થઈ ચૌદ બ્રહ્માંડમાં મોક્ષમાર્ગને પ્રકાશિત કરવાની છે, તેની વર્તમાનમાં ઝાંખી કરાવનાર એવા તારણહાર, યુગપુરુષ, ભવ્યાત્માઓના આત્મ-હિતકર ગુરુદેવશ્રીએ દિગંબર સત્‌શાસ્ત્રોના રહસ્યો ઉકેલી મોક્ષમાર્ગને સ્પષ્ટ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં શબ્દોમાં કહીએ તો પાંચમા આરાના છેડા સુધી ગુરુદેવશ્રીની વાણી રહેશે. પૂજ્ય ગુરુદેવશ્રીએ ચારે પડખેથી માર્ગને સ્પષ્ટ કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને તો શ્રુતની લબ્ધિ હતી.

સમયસાર પરમાગમ તેઓશ્રીને સ્વાનુભવ થવામાં મહાન નિમિત્ત થયું છે. તેઓશ્રીનાં પ્રત્યેક પ્રવચનોમાં કુંદકુંદાચાર્યદેવ પ્રત્યેની સાતિશય ભક્તિ પ્રદર્શિત થાય છે. અનેક વાર પ્રવચનોમાં તેઓશ્રી કહેતાં કે અમે તો કુંદકુંદાચાર્યદેવના દાસાનુદાસ છીએ. તેઓશ્રીનાં વ્યક્તિગત સ્વાધ્યાયમાં તો તેઓશ્રીએ અનેક વાર સમયસાર શાસ્ત્રનો સ્વાધ્યાય કરી અમૃતપાન પીધાં જ છે, પરંતુ નિષ્કારણ કરુણાથી ધબકતા તેઓશ્રીનાં હૃદયમાંથી મોક્ષમાર્ગ રહસ્યોદ્‌ઘાટક પ્રવચનધારા વહી અને જાહેરમાં ૧૯ વાર પ્રવચનો કર્યાં. અમૃત ઝરતી તેઓશ્રીની જ્ઞાન-લહેરીઓ આકાશને આંબવા જેટલી ઊંચે ઉછળતી. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી એ સામાન્ય વાણી નથી, પરંતુ મિથ્યાત્વના ભૂક્કા ઊડાવી દે તેવી ભવદુઃખ નાશ કરનારી વાણી છે. તેઓશ્રીનાં પ્રત્યેક વચન અનેક આગમોથી યુક્ત છે. અનેક આગમોના રહસ્ય તેઓશ્રીનાં પ્રત્યેક વચનોમાં ભર્યાં છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો રેકોર્ડિંગ કરવામાં આવ્યા અને જતન કરીને સાચવ્યા તેમ જ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટે તેની ડી.વી.ડી. બનાવી તેમજ અક્ષરશઃ પ્રવચનો ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ કરાવી સમાજ ઉપર જે ઉપકાર કર્યો છે તે માટે સર્વેનો આભાર વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપલબ્ધ આશરે ૯૦૦૦ પ્રવચનોમાં સમયસાર પરમાગમ ઉપરના ૧૩મી અને ૧૫મી થી ૧૯મી વારના પ્રવચનો ઉપલબ્ધ છે. તેમાં ૧૫મી વારના પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના સુધીરભાઈ શાહ, (ડેલીવાલા) પરિવાર, સુરતને થઈ. પૂજ્ય ગુરુદેવશ્રીના મુખમાંથી ઝરેલું આ અમૃત જો પુસ્તક રૂપે થાય તો મુમુક્ષુજીવોને મહાલાભનું કારણ થાય.

તેઓએ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ પાસે પોતાના વિચારો રજુ કર્યા અને વેબસાઈટ ઉપર આ પ્રવચનો સર્વ સાધારણ મુમુક્ષુજનોને ઉપલબ્ધ થાય તેવી ભાવના વ્યક્ત કરી. ટ્રસ્ટ દ્વારા તેમને સુંદર આવકાર પ્રાપ્ત થયો, સહર્ષ સ્વીકૃતિ આપી અને આ કાર્યને આગળ ધપાવવા માટે પૂરી અનુમોદના વ્યક્ત કરી. ઉક્ત ભૂમિકા સાથે ૧૫મી વખતના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય શરૂ થયું. શ્રી સમયસાર ગ્રંથના ૧૫મી વખતના કુલ ૫૯૫ પ્રવચનો છે, જે લગભગ ૨૧ ભાગમાં પૂર્ણ કરવાની ગણતરી છે.

સમયસાર વૈભવ ભાગ-૨૧ શ્રી આદિનાથ ભગવાન નિર્વાણ કલ્યાણક દિને અર્પણ કરવામાં આવી રહ્યો છે. પ્રવચનોને કમ્પ્યુટરમાં ટાઈપ કરી આપવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રવચનોને તપાસી આપવાનું કાર્ય શ્રી અતુલભાઈ જૈન, મલાડ, મુંબઈ દ્વારા કરી આપવામાં આવેલ છે. તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. દરેક સમયે માર્ગદર્શન આપવા બદલ બ્ર. હેમંતભાઈ ગાંધી, ચેતનભાઈ મહેતા-રાજકોટ તથા પંકજભાઈ કામદારનો આભાર માનીએ છીએ. અને આ પ્રવચનો વેબસાઈટ ઉપર મૂકવાની સ્વીકૃતિ આપવા બદલ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈનો પણ હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે.

આ પ્રવચનો અક્ષરશઃ છાપવાનો મૂળ ઉદ્દેશ અંગ્રેજીમાં અભ્યાસ કરનારા આજના યુવાનો પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી સહેલાઈથી સમજી શકે અને સ્વયં વારંવાર અભ્યાસ કરીને ગુરુદેવશ્રીનાં વચનના મર્મને સમજી શકે છે. પ્રવચનોને પૂર્ણ ચોકસાઈથી તથા ચીવટ રાખીને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં કોઈ પણ પ્રકારની તૃટિ રહી જવા પામી હોય તો ધ્યાન દોરવા વિનંતી. અનાદિ કાળથી મોહાગ્નિમાં બળી રહેલા જીવોને આ પ્રવચન ગ્રંથના નિમિત્તે ભવ્ય જીવોને સમાધિ-સુખ ને શાશ્વત પરમાનંદની પ્રાપ્તિનો પંથ મળે એવી અમારી ભાવના છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપવિનાશક પ્રવચનોનો પ્રત્યેક મુમુક્ષુ લાભ લઈ આત્મહિત સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. આ પ્રવચનો Vitragvani.com ઉપર મૂકવામાં આવેલ છે.

શ્રી શાહ વૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર વતિ
અશ્વિનભાઈ વૃજલાલભાઈ શાહ
સુધીરભાઈ વૃજલાલભાઈ શાહ
સુરતના જય જિનેન્દ્ર



ઉપકાર તારા શું કથું, ગુણગાન તારા શું કરું?
વંદન કરું, સ્તવના કરું, તુજ ચરણસેવાને ચહું.

## સ્મરણાંજલિ





**અમારા પૂજ્ય માતા-પિતાના નિમિત્તે અમને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતાના સમાગમનો યોગ પ્રાપ્ત થયો. નાનપણથી તેમની પ્રેરણાને કારણે પૂજ્ય ગુરુદેવશ્રીની ભવછેદક વાણી સાંભળી અને અખંડ મોક્ષમાર્ગ પ્રત્યે પ્રયત્નશીલ થવાનું બન્યું. આપે આજીવન પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય માતાજી પ્રતિ સમર્પિત રહી અમોને પણ સતત તે જ પ્રેરણા આપી અમારા ઉપર ઉપકાર કર્યો છે. સમયસાર વૈભવ પ્રકાશન નિમિત્તે આપના ઉપકારને સ્મરણમાં લઈ આપને શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ છીએ.**

કલ્પનાબેન અશ્વિનભાઈ વૃજલાલ શાહ, સુરત
પરીન્દાબેન સુધીરભાઈ વૃજલાલ શાહ, સુરત
કજરીબેન તેજસભાઈ અશ્વિનભાઈ શાહ, સુરત
સ્નેહાબેન પ્રજ્ઞેશકુમાર જયંતિભાઈ શાહ, સુરત
વિરલબેન (પ્રિયલ) રીતેશકુમાર જીતુભાઈ શાહ, દાદર
વિદેહીબેન જીગરકુમાર કમલેશભાઈ શાહ, અમદાવાદ
નિરજાબેન જીનેશકુમાર યોગેશભાઈ દેસાઈ, ભાવનગર
કુ. રુચિ, કુ. સપના, કુ. નિયતી. કુ. સુહાની, ચિ. શુભ, કુ. શ્રેયા



વૈરાગી અંતર્મુખી, મંથન પારાવાર,
જ્ઞાતાનું તળ સ્પર્શીને, કર્યો સફળ અવતાર.

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૫૮૪ | ૩૧-૦૭-૧૯૬૮ | ગાથા-૭૫ | ૦૦૧ |
| ૫૮૫ | ૦૧-૦૮-૧૯૬૮ | ગાથા-૭૫ | ૦૧૬ |
| ૫૮૬ | ૦૨-૦૮-૧૯૬૮ | ગાથા-૭૫ | ૦૩૧ |
| ૫૮૭ | ૦૩-૦૮-૧૯૬૮ | ગાથા-૭૫, શ્લોક-૪૯ | ૦૪૬ |
| ૫૮૮ | ૦૪-૦૮-૧૯૬૮ | ગાથા-૭૬ | ૦૬૦ |
| ૫૮૯ | ૦૫-૦૮-૧૯૬૮ | ગાથા-૭૬ | ૦૭૫ |
| ૫૯૦ | ૦૬-૦૮-૧૯૬૮ | ગાથા-૭૬ | ૦૯૦ |
| ૫૯૧ | ૦૭-૦૮-૧૯૬૮ | ગાથા-૭૬-૭૭ | ૧૦૬ |
| ૫૯૨ | ૦૮-૦૮-૧૯૬૮ | ગાથા-૭૭ | ૧૨૦ |
| ૫૯૩ | ૦૯-૦૮-૧૯૬૮ | ગાથા-૭૭ | ૧૩૫ |
| ૫૯૪ | ૧૦-૦૮-૧૯૬૮ | ગાથા-૭૮ | ૧૫૦ |
| ૫૯૫ | ૧૧-૦૮-૧૯૬૮ | ગાથા-૭૮ | ૧૬૪ |
| ૫૯૬ | ૧૨-૦૮-૧૯૬૮ | ગાથા-૭૮-૭૯ | ૧૭૭ |
| ૫૯૭ | ૧૩-૦૮-૧૯૬૮ | ગાથા-૭૯ | ૧૯૧ |
| ૫૯૮ | ૧૪-૦૮-૧૯૬૮ | ગાથા-૭૯, શ્લોક-૫૦ | ૨૦૮ |
| ૫૯૯ | ૧૫-૦૮-૧૯૬૮ | ગાથા-૮૦ થી ૮૨, શ્લોક-૫૦ | ૨૨૩ |
| ૬૦૦ | ૧૬-૦૮-૧૯૬૮ | ગાથા-૮૦ થી ૮૨ | ૨૩૮ |
| ૬૦૧ | ૧૭-૦૮-૧૯૬૮ | ગાથા-૮૩ | ૨૫૩ |
| ૬૦૨ | ૧૮-૦૮-૧૯૬૮ | ગાથા-૮૩-૮૪ | ૨૬૮ |

| | | | |
|---|---|---|---|
| ૬૦૩ | ૧૯–૦૮–૧૯૬૮ | ગાથા–૮૪ | ૨૮૪ |
| ૬૦૪ | ૨૦–૦૮–૧૯૬૮ | ગાથા–૬૯–૭૦ | ૩૦૦ |
| ૬૦૬ | ૨૨–૦૮–૧૯૬૮ | ગાથા–૬૯ થી ૭૧ | ૩૧૫ |
| ૬૦૭ | ૨૩–૦૮–૧૯૬૮ | ગાથા–૭૧–૭૨ | ૩૨૮ |
| ૬૦૮ | ૨૪–૦૮–૧૯૬૮ | ગાથા–૭૨ | ૩૪૧ |
| ૬૦૯ | ૨૫–૦૮–૧૯૬૮ | ગાથા–૭૨ | ૩૫૭ |
| ૬૧૦ | ૨૬–૦૮–૧૯૬૮ | ગાથા–૭૨, શ્લોક–૪૫ | ૩૭૩ |
| ૬૧૧ | ૨૭–૦૮–૧૯૬૮ | ગાથા–૭૩ | ૩૮૮ |
| ૬૧૨ | ૨૯–૦૮–૧૯૬૮ | ગાથા–૭૩ | ૪૦૪ |
| ૬૧૩ | ૩૦–૦૮–૧૯૬૮ | ગાથા–૭૩–૭૪ | ૪૧૭ |
| ૬૧૪ | ૩૧–૦૮–૧૯૬૮ | ગાથા–૭૪ | ૪૩૧ |
| ૬૧૫ | ૦૧–૦૯–૧૯૬૮ | ગાથા–૭૪ | ૪૪૬ |
| ૬૧૬ | ૦૨–૦૯–૧૯૬૮ | ગાથા–૭૪, શ્લોક–૪૮ | ૪૬૩ |

# શ્રી સદ્ગુરુદેવ–સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો ! ભ ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્ઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

(સ્ત્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !

# સમયસાર વૈભવ

(ભાગ-૨૧)

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર ૧૫મી વખતના સળંગ પ્રવચનો)

**શ્રાવણ સુદ-૬, બુધવાર તા. ૩૧-૭-૧૯૬૮**
**ગાથા-૭૫, પ્રવચન-૫૮૪**

આ સમયસાર, કર્તાકર્મ અધિકાર. ૭૫ ગાથા છે. કર્તાકર્મ અધિકાર. ધર્મીનું કાર્ય-કર્તવ્ય-કામ શું છે ઈ પૂછે છે. ધર્મીજીવનું કાર્ય શું? એનું કામ શું? સમજાણું કાંઈ? એનું કર્તવ્ય શું? અને એ ધર્મી કેમ ઓળખાય? એમ પૂછે છે. જુઓ!

**'હવે પૂછે છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ જ્ઞાની થઈ થયો...'** આ જીવ ધર્મી થયો, ધર્મ જેણે પ્રગટ કર્યો એવો ધર્મી અથવા જ્ઞાની, ધર્મી કહો કે જ્ઞાની કહો, **'એમ કઈ રીતે ઓળખાય?'** એનું લક્ષણ શું? આ ધર્મી ધર્મ કરે છે, એની ઓળખાણ શું? એનું લક્ષણ શું? ૭૫ છે ને. ગુજરાતી છે? સમજાણું કાંઈ? જરી સૂક્ષ્મ પડશે પણ સમજજો બરાબર, એક એક શબ્દનું ધ્યાન રાખીને. પાંચેય ગાથા સૂક્ષ્મ છે. ૭૫, ૭૬, ૭૭, ૭૮, ૭૯. શું કહે છે? મહારાજ! આ જીવ ધર્મ પામ્યો છે એની ઓળખાણ કઈ રીતે કરવી? એનું કોઈ લક્ષણ છે?

મુમુક્ષુ :- કેવળજ્ઞાન હોય તો ખબર પડે.

ઉત્તર :- નહિ, નહિ, અહીંયા ખબર પડે, એમ કહે છે. કહે છે કે એ તો કેવળી જાણે એને ધર્મ પ્રગટ થયો છે કે નહિ. એની ના પાડે છે કે એની ઓળખાણ અહીંયા થાય છે. સમ્યગ્જ્ઞાનમાં શ્રુતજ્ઞાનમાં એની ઓળખાણ અહીંયા જ થાય છે કે આ ધર્મ કરનારો છે કે ધર્મ કરનારો નથી, એની ઓળખાણ અહીંયા થાય છે. સમજાય છે કાંઈ?

તો કહે છે કે, શિષ્યનો પ્રશ્ન છે કે એની ઓળખાણ કરવાનું લક્ષણ શું? '**તેનું ચિહ્ન (લક્ષણ) કહો.**' ચિહ્ન કહો. '**તેના ઉત્તરરૂપ ગાથા કહે છે :-**' શું કહે છે? જેને આવી જિજ્ઞાસા થઈ છે. સામેથી દેવા નથી જતા, એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગુરુ. સમજાણું? જેને આવી જિજ્ઞાસા થઈ છે કે મહારાજ! આ ધર્મી છે ઈ ધર્મ કરે છે, એણે જન્મ-મરણનો નાશ કર્યો છે અને એને મોક્ષ થશે, એવા ધર્મીની ઓળખાણ શું છે? એમ સમીપ આવીને પૂછવા આવ્યો છે એને ઉત્તર આપે છે. સમજાય છે કાંઈ? બહારથી પત્ર લખે છે કે આનો ઉત્તર શું છે? એમ અહીંયા નથી, એમ કહે છે. જિનેશ્વરદાસજી! પત્ર નથી લખતો આનું શું છે? એમ નથી અહીંયા, કહે છે. જુઓ! એમાં લખ્યું છે. '**कथमात्मा ज्ञानीभूतो लक्ष्यत इति चेत्–**' પ્રશ્નકારનો પ્રશ્ન સમીપ આવીને પ્રશ્ન કરે છે. સમજાય છે કાંઈ? અમે રેકોર્ડિંગ દ્વારા સમજી લઈશું, પત્ર દ્વારા ઉત્તર સમજી લઈશું (એમ નથી). આ નહિ આવનારા માટે નથી. સમજાય છે કાંઈ?

આવો પ્રશ્ન (કર્યો છે). અમૃતચંદ્રાચાર્ય મુનિરાજ ભાવલિંગી સંત છે ભગવંત. જેને ણમો લોએ સવ્વ આઈરિયાણં, ણમો લોએ સવ્વ આઈરિયાણં. 'સાહૂ'માં તો આવે છે, ણમો લોએ સવ્વ સાહૂણં. પણ બધામાં આવે છે. ણમો લોએ સવ્વ અરિહંતાણં. 'લોએ' બધામાં આવે છે. ણમો લોએ સવ્વ સિદ્ધાણં, ણમો લોએ સવ્વ આઈરિયાણં, ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં, ણમો લોએ સવ્વ સાહૂણં. પાંચેય પદમાં લોએ સવ્વ આવે છે. એ તો લોએ સાધુમાં આપ્યું એ તો છેલ્લે આપ્યું પણ બધામાં લાગુ પડે છે. આચાર્યપદમાં આવ્યા છે. ણમો લોએ સવ્વ આઈરિયાણં.

એવા આચાર્ય પોતે અમૃતચંદ્રાચાર્ય પ્રશ્ન કરવાવાળો સમીપ આવ્યો છે એમ અહીંયા લીધું છે. મહારાજ! આનો ઉત્તર શું છે? ધર્મ સમજ્યો છે અને ધર્મ પામ્યો છે એની કોઈ ઓળખાણ છે? તો એને ઉત્તર આપે છે. ૭૫.

**कम्मस्स य परिणामं णोकम्मस्स य तहेव परिणामं।**
**ण करेइ एयमादा जो जाणदि सो हवदि णाणी।।७५।।**

બહુ ટૂંકા શબ્દોમાં... નીચે હરિગીત છે, નીચે. અમારા પંડિતજીએ હરિગીત બનાવ્યા છે. બધા શ્લોક. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય. અષ્ટપાહુડના કરે છે.

**પરિણામ કર્મ તણું અને નોકર્મનું પરિણામ જે**
**તે નવ કરે જે, માત્ર જાણે, તે જ આત્મા જ્ઞાની છે. ૭૫.**

હવે એની ટીકા. ટીકા છે ને?

'**ટીકા :- નિશ્ચયથી (ખરેખર) મોહ...**' પરપદાર્થ તરફની સાવધાનીનો જે થોડો અસ્થિરતાનો ભાગ થાય છે એને અહીંયા મોહ કહે છે. મોહ શબ્દે અહીંયા મિથ્યાત્વ નહિ. સમજાય છે કાંઈ? અહીં તો જ્ઞાનીને આવા પરિણામ થાય છે, તેનો એ જ્ઞાતા છે, એનું એ કાર્ય નથી એમ બતાવવું છે. સમજાય છે કાંઈ? પોતાનું શુદ્ધ સ્વરૂપ ચિદાનંદ ભગવાનથી પર તરફનો જરી અસ્થિરતાનો ભાવ મોહ થાય છે, એ પુદ્‌ગલના પરિણામ છે, જ્ઞાનીના-ધર્મીના નહિ એમ બતાવવું છે. સમજાય છે કાંઈ? વિશેષ આવશે, હજી સ્પષ્ટ થાય છેને. ધન્નાલાલજી!

'**મોહ,...**' એ કર્મના પરિણામ છે. અહીંયા હવે બીજી વસ્તુ છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ. પોતાથી રાગ ઉત્પન્ન થાય છે, કર્મ નિમિત્ત છે એ વાત તો સામાન્ય દ્રવ્યની સિદ્ધિ કરવા માટે છે. પણ અહીંયા તો દ્રવ્યસ્વભાવના ભાનવાળો ધર્મીને જે ઉત્પન્ન થાય છે એ તો જ્ઞાન અને આનંદ ઉત્પન્ન થાય છે. રાગ ઉત્પન્ન થાય છે એ જ્ઞાની નહિ. સમજાય છે કાંઈ? રાગ ઉત્પન્ન થાય છે એના જ્ઞાનનો ઉત્પાદક જ્ઞાની છે.

મુમુક્ષુ :- રાગનો ઉત્પાદક નહિ?

ઉત્તર :- રાગનો ઉત્પાદક નહિ. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે. કર્તાકર્મની આ બહુ મર્મની વાત છે. ફરીથી કહીએ છીએ, વિશેષ કહીએ છીએ. ધીમે ધીમે લઈએ છીએ. નિશ્ચયથી મોહ પરિણામ છે જે પર તરફના રાગાદિ, પહેલા સામાન્ય લીધું છે, એ પરિણામ કર્મના પરિણામ છે, આત્માના નહિ, જ્ઞાનીના નહિ. કેમ? કે જે રાગ પોતામાં ઉત્પન્ન થતો હતો ત્યારે તો દૃષ્ટિ મિથ્યાત્વ હતી, પર ઉપર દૃષ્ટિ હતી. ત્યારે તો રાગની ઉત્પત્તિ પોતામાં છે અને નિમિત્ત કર્મ છે. પણ વસ્તુનું ભાન થયું કે હું તો જ્ઞાનાનંદ ચૈતન્ય શુદ્ધ દ્રવ્ય છું. એવી દૃષ્ટિમાં જે જ્ઞાનની પર્યાય પ્રગટ થઈ, 'એમાં જે મોહ છે' એ કર્મના પરિણામ છે. જ્ઞાની તેને જાણે છે. એ જ્ઞાનીનું કાર્ય નહિ. સમજાય છે કાંઈ?

જુઓ! નિશ્ચયથી કહ્યું છે. ખરેખર ધર્મીની દશામાં એ રાગ ધર્મીની દશા જ નથી એમ અહીંયા તો કહે છે. આહાહા..! એઈ..! પોપટભાઈ! મોહ, રાગ. શુભ-અશુભ રાગ એ કર્મના પરિણામ છે, આત્માના નહિ, ધર્મીના નહિ. સમજાય છે કાંઈ? કેમ કે ધર્મીનો આત્મા તો શુદ્ધ દ્રવ્ય જ્ઞાયકમૂર્તિ છે એવી દૃષ્ટિ અને અનુભવ થયો છે. તો એ પરિણામ ધર્મીના નહિ. એ પરિણામ કર્મના છે. સમજાય છે કાંઈ? રાગ, શુભ-અશુભ જે દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પ અને કોઈ અશુભ વાસના આદિની વૃત્તિ છે એ રાગ કર્મના પરિણામ છે. કર્મ વ્યાપક થઈને એની વ્યાપ્ય અવસ્થા થઈ છે. આત્મા વ્યાપક થઈને રાગ અવસ્થા (થાય) એ ધર્મીની નહિ. આહા..! અમરચંદભાઈ!

વસ્તુ ચૈતન્ય છે શુદ્ધ આનંદ, જ્ઞાનની મૂર્તિ આત્મા છે એમ અંતરમાં ભાન થયું, ધર્મ થયો, સમ્યગ્દર્શન થયું, ધર્મી થયો તો ધર્મીના પરિણામ વસ્તુ જે શુદ્ધ છે તે શુદ્ધ ઉત્પન્ન થાય તે ધર્મીના પરિણામ છે. એ પરિણામ છે. રાગ એના પરિણામ નહિ. જિનેશ્વરદાસજી! સમજાય છે કાંઈ? કેમકે પોતાની દૃષ્ટિ રાગથી ખસેડી લીધી છે. ધર્મીએ નિમિત્ત અને રાગ ઉપરથી પોતાની દૃષ્ટિ ખસેડી લીધી છે અને પોતાના શુદ્ધ સ્વરૂપ સન્મુખ દૃષ્ટિ પડી છે. સમજાય છે કાંઈ? તો ધર્મી કર્તા થઈને રાગ એનું કાર્ય છે એમ નથી. સમજાય છે કાંઈ? વિસ્તાર થશે. ગાથા ઘણી સૂક્ષ્મ છે. ધીમે ધીમે ખુલાસો થશે. ફૂલચંદભાઈ! સંભળાય છે ને? સમજાય છે. રુચિવાળા છેને.

ખરેખર મોહ, રાગ-શુભ કે અશુભ રાગ કે દ્વેષ. અશુભને દ્વેષ ગણ્યો છે પણ શુભમાં પણ થોડો દ્વેષ છે. '**આદિરૂપે અંતરંગમાં ઉત્પન્ન થતું...**' અંતરંગમાં પર્યાયમાં કર્મના નિમિત્તે ઉત્પન્ન થતા એ કર્મના પરિણામ છે. સમજાય છે કાંઈ? એ ધર્મીજીવના પરિણામ નહિ. આહાહા..! ભારે વાત ભાઈ! સમજાય છે કાંઈ? ધર્મ તો આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ અનાકુળ આનંદસ્વરૂપ છે એવા વસ્તુના સ્વભાવની દૃષ્ટિ હોવાથી એના કાર્યમાં-એના પરિણામમાં-શુદ્ધતા ઉત્પન્ન થાય છે એ ધર્મીના પરિણામ છે. અથવા એ રાગ-દ્વેષને જાણવા, જાણવું એ જ્ઞાનીના પરિણામ છે. રાગ-દ્વેષ એ આત્માના પરિણામ નહિ. સૂક્ષ્મ વાત છે. અહીંયા કર્તાકર્મની મર્મની વાત છે.

અજ્ઞાની અનાદિ કાળથી કર્તા થઈને દૃષ્ટિ વિકાર અને ઉપાધિ ઉપર-મેલ ઉપર હોવાથી અજ્ઞાની કર્તા થઈને રાગ-દ્વેષ, પુણ્ય-પાપનું કર્મ એનું છે એ અજ્ઞાનમાં બરાબર છે. સમજાય છે કાંઈ? પણ જ્ઞાનનું ભાન થવાથી એ રાગ-દ્વેષ, મોહ, પુણ્ય-પાપના વિકલ્પ આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે તો એ બધા અજ્ઞાન છે. અજ્ઞાન કહેતા એમાં જ્ઞાનના કિરણનો અંશ નથી. જિનેશ્વરદાસજી!

દયા, દાન, વ્રત, ભક્તિનો શુભ વિકલ્પ આવે છે તો કહે છે કે એ જ્ઞાનીના પરિણામ નહિ. એ જ્ઞાનીની પર્યાય નહિ, જ્ઞાનીની દશા એવી નથી. જ્ઞાનીની દશા તો રાગાદિ થયા એનું જ્ઞાન કરે છે એ પોતાનું જ્ઞાન કરવામાં તેનું જ્ઞાન આવી જાય છે, એ જ્ઞાતાના પરિણામ જ્ઞાનીના છે. સમજાય છે કાંઈ? રાજમલજી! બહુ સૂક્ષ્મ છે, ભાઈ! આ તમારો ૧૯મો દિવસ છે ને. એક દિવસ ઘટી ગયો. સમયસાર પૂરું થઈ ગયું. પહેલેથી લેવાનો થોડો વિકલ્પ હતો. આહા..!

કહે છે કે જ્ઞાની કઈ રીતે ઓળખાય? એ રાગ ને મોહ ને દ્વેષ ને સુખ-દુઃખની કલ્પના એ કર્મના પરિણામ છે, એ જડના પરિણામ છે. કર્મ જે અજ્ઞાન છે તેનો વિસ્તાર થઈને એની પ્રજા એ રાગ-દ્વેષ છે. મારા વિસ્તારની એ પ્રજા છે એમ ધર્મી માનતો નથી. આહાહા..!

સમજાય છે કાંઈ? રાગ-દ્વેષ એ કર્તાપણાની પર્યાય છે અને સુખ-દુઃખ ભોક્તાની (પર્યાય છે). બધા અંતરંગમાં ઉત્પન્ન થતાં કર્મના પરિણામ છે. એ કર્મની જડ અવસ્થા છે. આહાહા..! અમરચંદભાઈ!

બે વાત. એક જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા અને એ સિવાય જે રાગ પુણ્ય-પાપના વિકલ્પ આદિ, કર્મ આદિ બધું અચેતન છે. બધું અચેતન છે. એમાં ચેતનતા નથી. તો અચેતન કર્તા થઈને, એ રાગાદિના પરિણામ અચેતન કર્તાનું એ કાર્ય છે. ચેતન ભગવાન કર્તા થઈને એ રાગાદિ કાર્ય થાય તે એનું નથી. સૂક્ષ્મ વાત છે. સમજાય છે કાંઈ? એ કર્મના પરિણામ છે. અને આ શરીરમાં સ્પર્શ છે, ગંધ છે, રસ છે, રંગ છે, શબ્દ છે શબ્દ અને બંધ છે- કર્મના પરમાણુનો બંધ થાય છે અને સંસ્થાન છે આ શરીરનો આકાર છે. આવો આકાર થાય છે ને? આમ થાય છે, આમ થાય છે. સ્થૂળતા. આ શરીર આદિ સ્થૂળ છે અને સૂક્ષ્મતા. આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસ, ભાષા, મન એ સૂક્ષ્મ છે. એ આહાર, ઈન્દ્રિય, શ્વાસ, ભાષા, મન જે સૂક્ષ્મ છે એ '**આદિરૂપે બહાર ઉત્પન્ન થતું જે નોકર્મનું પરિણામ...**' છે. એ નોકર્મની અવસ્થા છે. આત્માની નહિ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આવ્યું ને, આવે છેને. આગળ આવશે. હજી તો અહીં બતાવે છે. એ પરિણામ એના છે, આત્માના નથી એમ એમાં આવી ગયું. આવશે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાયકમૂર્તિ ચૈતન્યસ્વરૂપી આનંદનો પિંડ પ્રભુ આત્મા છે એમ જ્યાં ધર્મીની દૃષ્ટિ થઈ તો ધર્મીના પરિણામ રાગ-આદીને જાણવું એ એના પરિણામ છે. પણ રાગ ને મોહ ને શરીરની અવસ્થા એના પરિણામ છે, તે એનું કાર્ય છે એમ છે જ નહિ. સમજાય છે કાંઈ? પોપટભાઈ! ભારે આકરી વાત.

શુભ-અશુભરાગ ધર્મીનું કાર્ય જ નથીને. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ઉઠે છેને, એ ધર્મીનું કાર્ય જ નથી ને. ધર્મી એવો જે આત્મા એ તો જ્ઞાનાનંદ સ્વભાવથી શુદ્ધ પડ્યો છે અને જેની દૃષ્ટિ શુદ્ધમાં થઈ તો અશુદ્ધતા પોતાથી ઉત્પન્ન થાય એમ તો છે જ નહિ. સમજાય છે કાંઈ? ભારે સૂક્ષ્મ વાત. ભગત છે, ખત્રી છે ખત્રી. શું કહે છે સમજાણું? અંતરંગ કહ્યું. રાગ-દ્વેષ, મોહ, સુખ-દુઃખની કલ્પનાને અંતરંગ કહ્યું અને આ સ્પર્શ, રસ, ગંધ, સ્પર્શ આ શરીરનું આમ થવું, ઠંડાનું ગરમ, ગરમનું ઠંડું શરીરમાં થવું, રસમાં થવું, શબ્દની પર્યાય ઉત્પન્ન થવી અને સ્થૂળતા થવી, સૂક્ષ્મતા, ઈન્દ્રિય, શ્વાસ, ભાષા, મન, આ શ્વાસ છે, આમ ભાષા થાય છે એ બધી સૂક્ષ્મતા આદિરૂપે બહાર ઉત્પન્ન થતું નોકર્મના પરિણામ છે. બાહ્ય પરિણામ ઉત્પન્ન થાય છે નોકર્મના. અંતરંમાં ઉત્પન્ન થાય છે રાગ-દ્વેષ, સુખ-દુઃખની કલ્પના એ કર્મના

(પરિણામ છે).

**'તે બધુંય પુદ્‌ગલપરિણામ છે.'** હવે બેયને ભેળવી દીધા. પુણ્ય-પાપના વિકલ્પ છે, દયા, દાન, વ્રત, ભક્તિના અને હરખ-શોકની કલ્પના છે તે જ પુદ્‌ગલના પરિણામ છે. પહેલા કર્મના પરિણામ કહ્યા, પછી શરીરાદિની અવસ્થા નોકર્મના કહ્યા, બેય મળીને પુદ્‌ગલના પરિણામ કહ્યું.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પુદ્‌ગલ છે, અચેતન કહ્યું ને. ચૈતન્યના પરિણામ નથી, ધર્મીના નથી. સૂક્ષ્મ છે. સમજાય છે કાંઈ? જેઠાલાલભાઈ! બધો વિસ્તાર આવશે. આ તો હજી શરૂઆત થઈ છે ને. આ તો ભૂમિકા બંધાય છે.

ભગવાન આત્મા ધર્મી થયો તો કઈ રીતે ઓળખાય? એમ કહે છે. એ એવી રીતે ઓળખાય છે કે એનામાં જે રાગાદિ સુખ-દુઃખાદિની કલ્પના થાય છે તેને ધર્મી પોતાનું કાર્ય નથી માનતો. અને શરીરાદિની અવસ્થા, ભાષા આદિની અવસ્થા થાય છે તેને ધર્મી પોતાનું કાર્ય માનતો નથી. એ પુદ્‌ગલનું કાર્ય છે એમ માને છે. સમજાય છે કાંઈ? છે ને? પુસ્તક છે કે નહિ બધાની સામે? શબ્દ ઉપર લક્ષ રાખશે તો એનો અર્થ શું થાય છે એ ખ્યાલમાં આવશે. નહિતર અધ્ધરથી નહિ સમજાય.

કહે છે, ભગવાન! અહીંયા સૂક્ષ્મ વાત છે. સમ્યગ્દૃષ્ટિની-ધર્મીની વાત છે. ચાહે તો ચોથા ગુણસ્થાનવાળો હોય, ચાહે તો પંચમ ગુણસ્થાનવાળા શ્રાવક હોય, ચાહે તો છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિ હોય, એનું કાર્ય શું એની વાત ચાલે છે. ચોથાવાળાની વાત છે. ચોથેથી આ વાત શરૂ થાય છે. સમજાય છે કાંઈ? ચોથાવાળો જ્ઞાની છે કે અજ્ઞાની? આત્માની ઓળખાણ છે કે ઓળખાણ નથી ચોથે? રાગાદિ જડ છે એ મારામાં નથી એવી ઓળખાણ છે કે નહિ? સમજાય છે કાંઈ? ખબર છે કે મારી વસ્તુમાં નથી. મારું સ્વરૂપ શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે. એ જ્ઞાનીનું સ્વપણું અને એનું ઈ સ્વામીપણું છે. સ્વામીપણાનો અર્થ પોતામાં શુદ્ધને ભેળવે છે, રાગ, પુણ્યાદિને પોતામાં ભેળવતો નથી, ભિન્ન રાખે છે. એનું નામ ભેદજ્ઞાન અને જ્ઞાની કહેવામાં આવે છે. આહાહા..! લોકોએ ધર્મની વ્યાખ્યા એવી સ્થૂળ કરી નાખી કે જાઓ, દેવદર્શન કરી લો, એકાદ પૂજા કરી લો, એકાદ જાત્રા કરી લો સમેદશિખરની. જાઓ. 'એક વાર વંદે જો કોઈ' આવે છે કે નહિ? એ.. ધન્નાલાલજી! શું કહે છે એમાં? 'નરક પશુ ગતિ ન હોઈ'. પણ ગતિ તો થાય છે ને? નરક, પશુ ગતિ એક ભવમાં કદાચિત્ ન થાય. સમજાય છે કાંઈ? પછી તો ગતિ છે, પછી પડી જ છે. આહાહા..! સમજાય છે કાંઈ? જેણે શુભભાવને પોતાનો માન્યો છે ત્યાં પાછળ ચાર ગતિ છે જ. સમજાય

છે કાંઈ?

ભગવાન! તારી ચીજ જ એવી છે કે રાગથી નિર્લેપ તારી ચીજ છે. રાગનો લેપ તારી ચીજમાં છે જ નહિ. કર્મનો સંબંધ અને શરીરનો સંબંધ તો છે જ નહિ. ભગવાન! એ તો આસ્રવતત્ત્વ છે. એ પુણ્ય-પાપભાવ આસ્રવતત્ત્વ છે. ચૈતન્યતત્ત્વ સાથે એનો લગાવ બિલકુલ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? કહે છે, જે કંઈ પુદ્‌ગલના પરિણામ.. ઓહો..! તીર્થંકર ગોત્રનો ભાવ અંતરંગ પરિણામ કર્મના પરિણામ એ પુદ્‌ગલના પરિણામ છે. સમજાય છે કાંઈ? પોતાના પરિણામ હોય તો ચૈતન્ય હોવા જોઈએ. સૂર્યના કોઈપણ કિરણમાં કોલસો છે? સૂર્યના કોઈ કિરણમાં મેલુ કિરણ છે. સૂર્યનું કોઈપણ કિરણ હોય એ પ્રકાશરૂપ કિરણ હોય. કંઈ કોઈએ કિરણ ઉપર કોલસો લગાવ્યો છે? સમજાય છે કાંઈ?

એમ ચૈતન્ય ભગવાન જ્ઞાનમૂર્તિ, એની પર્યાયમાં તો ચૈતન્યપ્રકાશનું કિરણ નીકળે છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ શાંતિ, આનંદ આદિનું કિરણ-પર્યાય દ્રવ્યમાંથી આવે છે. એ સમ્યગ્દષ્ટિનું કિરણ છે. રાગાદિ તો આંધળા છે. કોલસા જેવી ચીજ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભારે ધર્મ, ભાઈ! અમરચંદભાઈ! ગોચરીવાળાને પકડ્યા હોય તો એવું લાગે આમ.. ક્યાં ગયા અમારા? શેઠીજી! ત્યાં બેઠા છે. ઠીક બેસવા દ્યો. પાછળથી આવ્યા ને. પાછળથી આવ્યા છે. સંભળાય તો છે ને? સંભળાય છે ને? સમજાય છે કાંઈ? સંભળાતું ન હોય તો નજીક આવો. અહીં જગ્યા છે. આ બાજુ આવો આમ. રસ્તો આપો. ઈ વૃદ્ધ માણસ છે.

તીર્થંકર ગોત્ર જે ભાવથી બંધાય તે પુદ્‌ગલના પરિણામ છે. કેમ કે એના બંધમાં પુદ્‌ગલ પડે છે અને એના સંયોગમાં સમવસરણ આદિ ધૂળ મળે છે. એમાં આત્મા ક્યાં આવ્યો?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એના એ પરિણામ જ નથી. પુદ્‌ગલના છે. ભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પુદ્‌ગલના છે. ઈ જ કહે છે, ઈ જ વાત ચાલે છે. કઈ અપેક્ષાથી? ઈ કહ્યું ને. પોતાનો જ્ઞાનસૂર્ય ચૈતન્ય છે. જ્ઞાનમાં એકાગ્ર થવાથી તો જ્ઞાન, શાંતિ, શ્રદ્ધા, વીતરાગતા ઉત્પન્ન થાય છે. એ આત્માના (ભાવ) છે. અને જે રાગાદિ છે એ તો અચેતન છે, એ તો જ્ઞાનથી આંધળા છે. આસ્રવ છે, અનાત્મા છે, જડ છે, અચેતન છે, અજીવ છે. ભારે વાત આકરી.

કહે છે કે એ રાગ-દ્વેષ, મોહ, સુખ-દુઃખ કલ્પના આદિ અંતરંગના પરિણામને કર્મના પરિણામ કહ્યા. એને અમે સરવાળે કહીએ છીએ કે પુદ્‌ગલના પરિણામ છે. અને શરીરમાં

સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આદિ થાય છે, સંસ્થાન, આકાર આદિ બધું જડની પર્યાય નોકર્મની પર્યાય છે. એ તો પુદ્ગલના પરિણામ છે.

'**પરમાર્થે,...**' હળવે હળવે સમજો. ધીરે ધીરે કહેશું. '**પરમાર્થે,...**' ખરેખર '**ઘડાને અને માટીને જ વ્યાપ્યવ્યાપકભાવનો (વ્યાપ્યવ્યાપકપણાનો) સદ્ભાવ હોવાથી કર્તાકર્મપણું છે...**' શું કહે છે? પરમાર્થે નામ ખરેખર, યથાર્થતામાં વાસ્તવિકતાએ જેમ ઘડાને, ઘડો ઘડો અને માટીને વ્યાપ્યવ્યાપકભાવનો (સદ્ભાવ છે). ઘડો એ વ્યાપ્ય છે, માટી વ્યાપક છે. વ્યાપ્યનો અર્થ ઘડો અવસ્થા છે, માટી પરિણામી અવસ્થાયી દ્રવ્ય છે. ઘડો એ પર્યાય છે, માટી પર્યાયવાન છે. તો કહે છે, '**ઘડાને અને માટીને જ વ્યાપ્ય...**' અહીંયા વ્યાપ્ય એટલે ઘડો અને વ્યાપક નામ કર્તા. કર્તા છે માટી. માટી કર્તા છે અને ઘડો વ્યાપ્ય-તેનું કાર્ય છે. કુંભારનું નહિ. એનો ઉત્પાદ સ્વતંત્ર છે. માટીમાંથી ઘડો ઉત્પન્ન થાય છે કે કુંભારમાંથી ઉત્પન્ન થાય છે?

મુમુક્ષુ :- કુંભારને તો અભિમાન છે.

ઉત્તર :- બહાર ભિન્ન રહીને અભિમાન કરે. ભિન્ન રહીને, અંદર ઘૂસીને કરે છે? આ રોટલી થાય છે ને? રોટલી. તો કહે છે કે રોટલીના લોટના રજકણ વ્યાપક નામ કર્તા છે અને રોટલી તેની પર્યાય-વ્યાપ્ય નામ અવસ્થા છે. એ કાર્ય સ્ત્રીનું નહિ, તવાનું નહિ. તવો કહે છે ને? તવાનું નહિ, અગ્નિનું નહિ. વેલણ-બેલણનું નહિ. વેલણ વેલણમાં રહ્યું, રોટલી રોટલીમાં રહી. સ્ત્રીનો રાગ રાગમાં રહ્યો, શરીર શરીરમાં રહ્યું. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- મોટું ભેદજ્ઞાન થઈ ગયું.

ઉત્તર :- આ શેના માટે કહેવાય છે? રોટલી બનાવે છે ને આમ વેલણ ફેરવીને? બિલકુલ નહિ, વેલણથી રોટલી થઈ જ નથી. રોટલીનો લોટ છે એ કર્તા છે, વ્યાપક છે, પ્રસરનાર છે. લોટ પ્રસરીને રોટલીની વ્યાપ્ય અવસ્થા થાય છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પ્રસરીને, વિસ્તાર થઈને. એની પ્રજા છે. લોટની પ્રજા રોટલી છે. શું તવાની કે સ્ત્રીની ઈ પર્યાય છે? પર્યાય એની છે? સમજાય છે કાંઈ? પ્રવીણભાઈ! આ ભારે. શેરબજારમાં ગપ્પા મારે ઈ પર્યાય જડની, આત્માની નહિ એમ કહે છે. આ શબ્દની પર્યાય ઉત્પન્ન થાય છે એ આત્માનું કાર્ય નહિ. એ તો ભાષાવર્ગણા છે એ પર્યાય વ્યાપક થઈને, વ્યાપક થઈને પ્રસરીને કર્તા થઈને રચના કરીને ભાષાની પર્યાયનું કાર્ય કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ ભેદજ્ઞાન એણે સમજવું પડશે. એ વિના ક્યાંય શરણ નહિ મળે. સમજાય છે કાંઈ?

કહે છે, '**ઘડાને અને માટીને જ વ્યાપ્યવ્યાપકભાવનો...**' વ્યાપ્ય નામ અવસ્થા-પર્યાય, વ્યાપક નામ દ્રવ્ય. દ્રવ્ય અને પર્યાય. માટી દ્રવ્ય છે, ઘડો એની પર્યાય છે. કુંભાર દ્રવ્ય છે અને ઘડો એની પર્યાય છે એમ નથી. કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એટલું તો કહે છે અહીંયા. પણ છતાં સમજાવે તો છે ને.

જેમ '**ઘડાને અને માટીને...**' કર્તાકર્મપણું છે. એ તો આચાર્ય સમજાવે છે. સમજવા માટે દૃષ્ટાંત આપે છે. આચાર્ય કહે છે, ભાઈ! સાંભળ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તો બહાર કરે છે. માનતો નથી ઈ પણ. માને તો તો આમાં માની જાય ને. અહીં તો બતાવ્યું, ભાઈ! માટી છે ઈ આમ આમ થઈને ઘડાની અવસ્થાના કાળમાં ઘડો બની છે કે કુંભારની અવસ્થાથી ઘડો બન્યો છે? ઘડો વ્યાપ્ય છે, અવસ્થા-પરિણામ-પર્યાય-કાર્ય. માટી કર્તા, માટી દ્રવ્ય, માટી ઘડાને રચનારી રચનાકાર. સમજાય છે કાંઈ?

જુઓ! આ આંગળી હલે છે. આમ હલે છે કે નહિ? તો કહે છે કે એ આંગળીની પર્યાયને કરનાર રજકણ છે. રજકણ પરમાણુ છે એ પરમાણુઓ વ્યાપક છે-કર્તા છે-દ્રવ્ય છે. એની અવસ્થા આમ થાય તે તેનું વ્યાપ્ય-અવસ્થા છે-પર્યાય છે. આત્માની નહિ, આત્માએ કરી નથી. સમજાય છે કાંઈ? શેઠી! શું કહે છે? કહો, સમજાય છે કાંઈ?

'**પરમાર્થે, જેમ ઘડાને અને માટીને જ...**' જુઓ! સંસ્કૃત ટીકા. '**વ્યાપ્યવ્યાપકભાવનો (વ્યાપ્યવ્યાપકપણાનો) સદ્ભાવ...**' સદ્ભાવ. યથાર્થ છે, કહે છે. માટી વ્યાપક થઈને કર્તા થઈને ઘડાની પર્યાય કરે છે તેનો સદ્ભાવ છે, યથાર્થ છે. '**સદ્ભાવ હોવાથી કર્તાકર્મપણું છે.**' માટી કર્તા છે અને ઘડો કામ છે. '**તેમ...**' હવે થોડું આકરું પડશે. '**પુદ્ગલપરિણામને...**' પુદ્ગલપરિણામની વ્યાખ્યા શું આવી? પહેલા આવી. બેય. બધા પુદ્ગલપરિણામ છે. ત્રીજી લીટીમાં-પંક્તિમાં. પુદ્ગલપરિણામને અર્થાત્ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામને અને શરીરની અવસ્થા સ્વાહા સ્વાહા આમ થાય છે ને? શુભભાવ થાય છે ને? શુભભાવ છે અને આમ ક્રિયા થાય છે સ્વાહા. બેય પુદ્ગલપરિણામ છે. એ પહેલા કહ્યું ને? રાગ અને આ બેય પુદ્ગલપરિણામ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ધીરેથી વિચાર કરો. એ ચૈતન્યના પરિણામ નહિ, ધર્મીના નહિ. પંડિતજી! કઠણ વાત છે. કઠણ નથી, સરળ છે. પણ માની રાખ્યું છે અનાદિથી.

'**પુદ્ગલપરિણામને...**' દૃષ્ટાંત આપ્યો ઘડાનો. ઘડો વ્યાપ્ય અને માટી વ્યાપક. ઘડો કાર્ય અને માટી કર્તા. એમ '**પુદ્ગલપરિણામને અને પુદ્ગલને જ વ્યાપ્યવ્યાપકપણાનો**

**સદ્ભાવ હોવાથી...**' એ પુણ્ય-પાપના, દયા, દાન, વ્રતના વિકલ્પનો ભાવ અને શરીરની અવસ્થાનો ભાવ એ પુદ્‌ગલપરિણામ અને પુદ્‌ગલને. કાયમ રહેવાવાળા એ પુદ્‌ગલ રજકણ. એ રાગાદિ પરિણામ એ પુદ્‌ગલનું વ્યાપ્ય અને પુદ્‌ગલ એનું વ્યાપક.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- મંગળિક તો પોતાની પર્યાયમાં થાય કે બહાર થાય છે? મંગનો અર્થ શું છે? મમ્ નામ અપવિત્રતા, ગલ નામ ગાળે-નાશ કરે. અપવિત્રતાનો નાશ કરે અને પવિત્રતાની પ્રાપ્તિ કરે તે મંગળ છે. મંગ નામ પવિત્રતા અને લાતી નામ પ્રાપ્તિ. અથવા મમ્ નામ પાપ અને ગળ નામ ગાળે. તો આત્મામાં રાગ થયો એ ખરેખર મંગળિક નથી. એવી સૂક્ષ્મ વાત છે. ભારે કામ. આહાહા..! અહીં તો કહે છે, છે પુસ્તક? છે કે નહિ સાથે? પુસ્તક છે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કોણ કહે છે? સ્પર્શ નથી. પહેલા કહ્યું ને? સ્પર્શપણું નથી પણ ચેતનતા નથી માટે અચેતન. એમ પહેલા ખુલાસો કર્યો. વ્યાપ્યવ્યાપકનો અર્થ ઈ છે કે આખું શરીર અને કર્મ બધું પુદ્‌ગલ-અજ્ઞાન છે. રાગાદિ બધું અજ્ઞાનમાં ગયું. અચેતનમાં ગયા. આત્મામાં નહિ. અચેતનનો અર્થ એ સ્પર્શરૂપ થઈ ગયું એનો સવાલ નથી. પણ એમાં જ્ઞાનનો અંશ નથી. જેમ સ્પર્શ, રસ, ગંધમાં જ્ઞાનનો અંશ નથી એમ રાગ-દ્વેષમાં, દયા, દાનમાં જ્ઞાનનો અંશ નથી. એ અપેક્ષાથી બેયને અચેતન કહી દીધું છે. એ અપેક્ષાથી બેયને પુદ્‌ગલના પરિણામ કહેવામાં આવ્યા છે. સૂક્ષ્મ વાત છે, ભાઈ! એવી છે પણ એને ખ્યાલમાં લેવામાં કઠણ પડે છે. તેથી તો આ ગાથા લીધી છે. તમે બહુ દૂરથી આવ્યા છો. થોડું સત્ય કંઈક લઈ જવું કે નહિ?

કહે છે કે ઘડાને અને માટીને વ્યાપ્યવ્યાપક-દ્રવ્ય પર્યાયનો સંબંધ છે. માટી દ્રવ્ય છે-વસ્તુ છે. દ્રવતિ ઈતિ દ્રવ્યં. માટી ઘડાને દ્રવે છે. ઘડો એનું કાર્ય છે. કર્તા માટી છે. ભગવાન આત્મા દ્રવે છે. દ્રવે છે તો શું એમાંથી રાગ દ્રવે છે? રાગ અને પુણ્ય-પાપના વિકલ્પ પુદ્‌ગલ દ્રવે છે. અહીં તો બે ભાગ પાડી દીધા. સમજાય છે કાંઈ?

બે પ્રકારના પરિણામ પહેલા કહ્યા. એક કર્મના પરિણામ, બીજા નોકર્મના. બે મળીને પુદ્‌ગલના પરિણામ. એ પુદ્‌ગલના પરિણામને અને પુદ્‌ગલને વ્યાપ્યવ્યાપક સંબંધ છે. પુદ્‌ગલપરિણામ વ્યાપ્ય નામ અવસ્થા છે, પુદ્‌ગલ અવસ્થાયી સંબંધ કરવાવાળું છે. આત્મા એનો કર્તા નથી. ધીમે ધીમે એમાં છે એટલું સમજવું. ધન્નાલાલજી! આહાહા..! શું સમજાણું?

ચૈતન્ય ભગવાન આત્માનો વિકાસ અને ઉકેલ થાય તો શું એમાંથી રાગ નીકળે? ભગવાન ચૈતન્યસ્વરૂપ છે, જ્ઞાનાનંદ છે એવી દૃષ્ટિ જ્યાં થઈ અને પરથી ભિન્ન પડી ગયો તો પોતામાં

જે રાગાદિ છે, કહે છે કે એ પુદ્‌ગલના પરિણામ છે અને એ વ્યાપ્ય છે પુદ્‌ગલનું. પુદ્‌ગલ વ્યાપક છે અને રાગાદિ દયા, દાન, વ્યવહારરત્નત્રય તેનું વ્યાપ્ય છે. પ્રાણભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એમ કે તમારું દબાણ પડે છે. પણ ન્યાયથી સમજવું પડશે કે નહિ? કહો, સમજાય છે કાંઈ? ન્યાયથી, લોજીકથી, તત્ત્વથી સમજવું પડશે કે નહિ? એમ ને એમ સમજ્યા વિના માની લેશે કે મને ધર્મ થયો ને આ ધર્મ થયો? આ મૂળ વસ્તુને સમજે નહિ તો એને ધર્મ ક્યાંથી થઈ ગયો? પંડિતજી! આહાહા..!

અજીવતત્ત્વ કર્મ અને અજીવતત્ત્વ શરીરાદિ. તો અજીવતત્ત્વમાં પુણ્ય-પાપના પરિણામ પણ ખરેખર ચૈતન્યનો સ્વભાવ નથી તો એને પણ અજીવમાં નાખી દીધા. કેમકે અજીવ અને આસ્રવથી ભિન્ન આત્મા છે. અજીવ કર્મ અને શરીર અજીવ અને પુણ્ય-પાપના ભાવ આસ્રવ. જેમ કર્મ અને શરીર અનાત્મા છે, એમ શુભ-અશુભ પરિણામ અનાત્મા છે. તો અનાત્મામાં એક બાજુ બધાને રાખી દીધા અને આત્મા એક બાજુ રહ્યો. સમજાય છે કાંઈ? એક બાજુ રામ અને એક બાજુ ગામ. 'નિજપદ રમે સો રામ કહીએ'. ભગવાન ચૈતન્યપ્રભુ શુદ્ધ આત્મા હું છું, એવા શુદ્ધતાના શ્રદ્ધા-જ્ઞાનમાં ધર્મી રમે છે તો શુદ્ધતાના પરિણામ તેનું વ્યાપ્ય છે અને શુદ્ધ દ્રવ્ય તેનું વ્યાપક છે. શુદ્ધ પરિણામ ધર્મીનું કાર્ય છે-કર્મ છે અને આત્મા તેને કરનારો છે. એ પણ ભેદ પાડો તો. સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ! આહાહા..!

કર્તાકર્મ અધિકાર અલૌકિક વાત છે! કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય સંતો દિગંબર મુનિઓએ કેવળજ્ઞાનીના પેટ ખોલી નાખ્યા છે. સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરનો માર્ગ કેવો છે એમ સ્પષ્ટ કરીને સહેલો કરી નાખ્યા છે. સંતોએ માર્ગ સરળ કરી નાખ્યો છે. જિનેશ્વરદાસજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તારામાં તારી, મારામાં મારી. આહાહા..! ભારે આકરું કામ. હજી તો અહીં પૈસા ને બાયડી, છોકરા મારા.. મારા.. મારા.. કરીને મરી ગયો એમાં. હેરાન થઈ ગયો.

અહીં કહે છે, ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! તારું તારાથી જુદું ન પડે ઈ તારું. અને તારાથી જુદું પડે ઈ તારું નહિ. કર્મ અને શરીર તારાથી જુદા પડી જાય છે તેથી તારા નથી. અને પુણ્ય-પાપના વિકલ્પ પણ છૂટા પડી જાય છે તેથી તારા નથી. તારાથી જુદા ન પડે એ તો જ્ઞાન, દર્શન અને આનંદ તારાથી જુદા પડે નહિ, એ તારા છે. શેઠી! આહાહા..! ઈ તો સમજાય એમ છે, ભાઈ! જરી આગ્રહ છોડી દે. ખ્યાલ કરે કે આ શું કહે છે? આ શું કહે છે?

આત્મા જ્ઞાનસ્વરૂપ ચૈતન્યપ્રભુ અનાકુળ આનંદસ્વરૂપ અને પુણ્ય-પાપના ભાવ એ તો

આકુળતા. આકુળતા દુઃખ તે આત્મા છે? આત્મા તો આનંદસ્વરૂપ છે. તો આનંદસ્વરૂપની જ્યાં દૃષ્ટિ થઈ, સમ્યગ્દર્શન થયું, ધર્મી થયો-જ્ઞાની થયો તો ધર્મીના પરિણામ શું એ દુઃખના પરિણામ એના છે? દુઃખપરિણામ પુદ્ગલના પરિણામ છે. પુદ્ગલ વ્યાપક થઈને થાય છે, કહે છે. આહાહા..! ધન્નાલાલજી!

પહેલા તો કહ્યું ને, ભાઈ! તું સાંભળ તો ખરો, પ્રભુ! શિષ્યે પ્રશ્ન કર્યો છે કે મહારાજ! આ ધર્મી કઈ રીતે ઓળખાય? અને એનું લક્ષણ શું? એનું એંધાણ શું? એનું ચિહ્ન શું? તો કહે છે, ભાઈ! જે પુણ્ય-પાપ, રાગ-દ્વેષ સુખ-દુઃખની કલ્પનાના પરિણામ અને શરીરની અવસ્થા, ભાષાની અવસ્થાના પરિણામ એમાં પુદ્ગલ વ્યાપક થઈને ઈ પુદ્ગલપરિણામ કરે છે. જ્ઞાની ભેદજ્ઞાનમાં આમ માને છે. તેથી તે પરિણામ પોતાના નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પર છે, પર છે. સંયોગી ભાવ સંયોગથી ઉત્પન્ન થયા તો પરના છે. સંયોગીભાવ સંયોગથી ઉત્પન્ન થયા તો પરના છે. સંયોગી ભાવ છે ને? કે સ્વભાવભાવ છે? ખલાસ થઈ ગયું. સંયોગને કારણે સંયોગીભાવ ઉત્પન્ન થયા તો સંયોગનું કાર્ય અને સંયોગ કર્તા છે. આહાહા..! સમજાય છે કાંઈ? જુઓ! ભાઈ! ધર્મની દૃષ્ટિમાં કેટલો જવાબ છે! જવાબદારી અથવા એનું અધિકપણું રાગથી ભિન્ન પડ્યો છે, ધર્મીનો આત્મા રાગથી ભિન્ન પડ્યો છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ઈ વાત છે, ભાઈ! ભગવાન! જ્ઞાનમૂર્તિ તું છો ને પ્રભુ! તારામાં તો આનંદ પડ્યો છે ને. વનસ્પતિની કળી ખીલે તો શું એમાંથી અફીણ નીકળે? કળી ખીલે તો,.. ગુલાબની કળી હોય લાખ પાંખડીની, ગુલાબ હોય છે ને ગુલાબ. હજાર તો છે, લાખ પાંખડીનું ગુલાબ થાય છે, શાસ્ત્રમાં એમ આવે છે. સો પાંખડીનું નહિ? આપણે ત્યાં કહેતા હતા. કેવા? ચોખા પાકે છે ત્યાં, નહિ? ચીખલી ત્યાં ગયા હતા. ત્યાં તળાવમાં સો પાંખડીનું હતું. પછી ત્યાં કોઈએ કહ્યું, લાખ પાંખડીનું ગુલાબ થાય છે. લખ્યું છે, શાસ્ત્રમાં લખ્યું છે. કળી આવડી નાની હોય. આમ ખીલે તો વનસ્પતિ ખીલે છે કે એમાંથી લાકડી ખીલે છે? ઝેર ખીલે છે? આત્મા જ્ઞાનાનંદ પારિણામિકભાવથી ભરેલો છે પૂર્ણાનંદ તો એનું ખીલવું જ્ઞાન, આનંદથી ખીલે છે કે રાગથી ખીલે છે ઈ? જ્ઞાનાનંદ. સમજાય છે કાંઈ?

કહે છે કે '**પરમાર્થે, જેમ ઘડાને અને માટીને જ વ્યાપ્યવ્યાપક...**' નામ કાયકારણ સંબંધ છે. માટી કર્તા છે અને ઘડો તેનું કર્મ નામ કાર્ય છે. એમ પુણ્ય-પાપના પરિણામ, પુદ્ગલના પરિણામ; પુણ્ય-પાપના પરિણામ કહો કે પુદ્ગલના કહો, શરીરની અવસ્થા કહો

કે પુદ્‌ગલના પરિણામ કહો. એ પુદ્‌ગલપરિણામમાં બેય આવી ગયા. એ પુદ્‌ગલપરિણામને અને પુદ્‌ગલને, કર્મ અને શરીરને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી. પરની સાથે એનો વ્યાપ્યવ્યાપક સંબંધ છે. એ પુદ્‌ગલ કર્મ કર્તા થઈને વિકલ્પનું કાર્ય ઈ કરે છે, આત્મા નહિ. ધર્મીના આત્માની વાત ચાલે છે ને. સમજાય છે કાંઈ? જેઠાલાલભાઈ! ભારે વાત. અહીં તો હજી તો અમારે તો આગમ અને મૂર્તિ, આગમ અને મૂર્તિ આધાર-અવલંબન છે. અમારે આ પંચમકાળમાં આગમ અને મૂર્તિ (આધાર છે). એઈ..! ...જી!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, ભવ્યનકૂ આધાર જિનબિંબ. આત્મા ક્યાં ગયો? સમજાય છે કાંઈ? ભગવાન! આત્માનો આધાર આત્મા છે. પ્રભુ! એ રાગાદિ અને ભગવાનની મૂર્તિ આત્માનો આધાર નહિ. આહાહા..!

કહે છે, ખરેખર પુદ્‌ગલપરિણામને એટલે પેલા બે બોલ-કર્મ પરિણામ અને નોકર્મ. અને પુદ્‌ગલને વ્યાપ્યવ્યાપકભાવનો અર્થાત્ કાર્ય-કર્તાનો. વ્યાપ્ય એટલે કાર્ય અને વ્યાપક એટલે કર્તા. એનો સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે. સમજાય છે કાંઈ? શબ્દ આગળપાછળ છે એટલે આમ લેવું. વ્યાપ્ય નામ કાર્ય અને વ્યાપક નામ કર્તા. વ્યાપ્યવ્યાપક શબ્દ પહેલો પડ્યો છે તો વ્યાપ્ય કર્તા અને વ્યાપક કર્મ એમ ન લેવું. વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી. વ્યાપ્ય નામ કાર્ય અને વ્યાપક નામ કર્તા. વ્યાપ્ય નામ કર્મ. કર્મ કહો કે કાર્ય કહો. વ્યાપક નામ કર્તા. રાગ-દ્વેષના પરિણામ વ્યાપ્ય, પુદ્‌ગલ વ્યાપક. પુણ્ય-પાપના પરિણામ કર્મ અને પુદ્‌ગલ કર્તા. એ કર્તાકર્મનો સંબંધ માટી કર્તા, ઘડો કાર્ય. પુદ્‌ગલ કર્તા, વિકારી પરિણામ કાર્ય. સમજાય છે કાંઈ?

પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક છે. આહાહા..! કર્તાની વ્યાખ્યા શું છે? સ્વતંત્રપણે કરે તે કર્તા. અને કર્તાનું ઈષ્ટ તે કર્મ. સમજાય છે કાંઈ? તો કહે છે કે ભગવાન આત્મા, જ્યાં પોતાનું શુદ્ધ સ્વરૂપ દૃષ્ટિમાં આવ્યું અને ધર્મની દશા ધર્મી એવા આત્માથી પ્રગટ થઈ એવા ધર્મીમાં જે રાગાદિ છે, તે પુદ્‌ગલ સ્વતંત્ર વ્યાપક થઈને રાગને કરે છે. આત્માની અપેક્ષા એમાં બિલકુલ નથી. શું કહ્યું સમજાણું? સૂક્ષ્મ વાત છે. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ પુદ્‌ગલ સ્વતંત્ર (વ્યાપક) થઈને એ અવસ્થાને વ્યાપ્ય કરે છે. આત્માની અપેક્ષા વ્યવહારમાં બિલકુલ નથી એમ કહે છે. એ.. રાજમલજી! ભગવાનજીભાઈ! આહાહા..!

કહે છે, પુદ્‌ગલદ્રવ્ય... કર્તાકર્મ સિદ્ધ કર્યું. ઘડો કર્મ છે, માટી કર્તા છે. એમ પુણ્ય-પાપના, રાગ-દ્વેષના, સુખ-દુઃખના પરિણામ, શરીરના પરિણામ એ કાર્ય છે, પુદ્‌ગલ કર્તા છે. હવે એ પુદ્‌ગલ સ્વતંત્ર વ્યાપક થઈને કરે છે એમ સિદ્ધ કરવું છે. કર્તા સિદ્ધ કરવું

છે ને. આહાહા..! લોકો કહે છે ને? જુઓ! કર્મ સ્વતંત્ર (વ્યાપક) થઈને પોતામાં વિકાર થાય છે. ના પાડે છે. અરે..! શું વાત કરે છે? એ વાત જુદી છે, આ વાત જુદી છે. સમજાય છે કાંઈ? વિકારની પર્યાય જીવ અજ્ઞાનભાવે સ્વતંત્ર થઈને કરે છે. અહીંયા તો જ્ઞાનીની વાત ચાલે છે. સમજાય છે કાંઈ? અજ્ઞાનીને જે રાગ-દ્વેષ, પુણ્ય-પાપ થાય છે એ તો સ્વતંત્ર થઈને વિકાર (થાય છે). નિમિત્તની અપેક્ષા રાખ્યા વિના નિશ્ચયથી પોતામાં વિકાર થાય છે, પરથી બિલકુલ નહિ. પછી જ્યારે રાગ અને કર્મથી ભિન્ન પડીને આત્માનું ભાન થયું, તો હવે કહે છે કે જે રાગ-દ્વેષાદિ છે એ પુદ્ગલ સ્વતંત્ર થઈને કાર્ય કરે છે. આત્મા સ્વતંત્ર થઈને એ રાગમાં આવતો નથી. જિનેશ્વરદાસજી! બહુ સ્પષ્ટ છે. દાંડી પીટીને તો લખ્યું છે, એમાં કંઈ ગુપ્ત નથી રાખ્યું.

મુમુક્ષુ :-

ઉત્તર :- છે અને ન્યાયથી પણ મેળવો. જ્યાં રાગથી ભિન્ન આત્માનું ભાન થયું તો રાગ એનું કાર્ય અને આત્મા કર્તા ક્યાં રહ્યો? સમજાય છે કાંઈ? પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક છે તેથી પુદ્ગલપરિણામનો કર્તા છે. પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ જે સમકિતીને થાય છે-જ્ઞાનીને થાય છે એમાં પુદ્ગલ સ્વતંત્ર વ્યાપક થઈને, સ્વતંત્ર વ્યાપક થઈને પુદ્ગલપરિણામનો કર્તા પુદ્ગલ છે. આહાહા..! ભારે વાતું. છે કે નહિ એમાં? ધન્નાલાલજી!

દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતનો વિકલ્પ અને શાસ્ત્ર ભણવાનો વિકલ્પ, કહે છે કે એ વિકલ્પથી ભિન્ન પડેલો એવો ધર્મી આત્મા, એ વિકલ્પનું વ્યાપ્ય પુદ્ગલ વ્યાપક થઈને સ્વતંત્રપણે કર્તા છે. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- જ્ઞાનનું શું કામ છે? જ્ઞાન હોય તો કામ થાય છે એમાં? જરી પ્રસરીને જે રાગાદિ થાય છે તે તેનું કાર્ય છે. કામ શું? જો જ્ઞાન હોય તો એક જ તત્ત્વ સિદ્ધ થશે. જ્ઞાન વિનાની વસ્તુ સિદ્ધ નહિ થાય. જડ પણ પરિણમન તો કરે છે કે નહિ? સમજાય છે કાંઈ? જડથી આત્મા ભિન્ન પડ્યો તો પોતાના જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ જ્ઞાની કરે છે. એ હજી વિશેષ આવશે. આ તો હજી શરૂઆત થાય છે. છે કે નહિ એમાં? સંસ્કૃતમાં ટીકા છે.

સમયસાર સમજવું અલૌકિક યોગ્યતા હોય છે. એમ ને એમ સમયસાર વાંચી નાખે. વાંચી નાખે. વાંચીને છોડી દે. જાઓ! એક જણો કહેતો હતો, મહારાજ! તમે સમયસારના આટલા વખાણ કરો છો તો મેં તો પંદર દીમાં સમયસાર આખું વાંચી નાખ્યું. સારી વાત છે. એમાં શું છે, નવ તત્ત્વની વાત છે. વાત તો નવ તત્ત્વની નહિ પણ એક જ તત્ત્વની છે. સાંભળ તો ખરો. પણ પંદર દીમાં વાંચી ગયો. સારી વાત છે. એલ.એલ.બીની ચોપડી

પહેલી ચોપડીવાળો.. પહેલી ચોપડી ભણે છે ને? ક, કા, કુ, કા એમ કરીને વાંચી લીધું. ચોપડી વાંચી લીધી. સમજાય છે કાંઈ? જેઠાલાલભાઈ! તમારી અંગ્રેજીની ચોપડી ઊંચી હોય ને. અંગ્રેજીના એ, બી, સી, ડી એવા શબ્દો હોય. એ, બી, સી, ડી, ઓ કરી લે. પણ ડી, ઓમાં એનો અર્થ શું છે? એક એક શબ્દ આમા (વાંચી જાય), એ, બી, ઓ, એસ, કે.. લ્યો. પણ શું એસ, કે? શેઠી! આહાહા..! હું પંદર દીમાં સમયસાર વાંચી ગયો. બહુ સારુ, ભાઈ! વાંચી નાખ્યું, વાંચી નાખ્યું.

અહીંયા કહે છે, ભગવાન આત્મા સ્વતંત્ર થઈને વિકારનું કાર્ય કરે એવી દૃષ્ટિ સમકિતીની રહી નથી. સમજાય છે કાંઈ? તો પોતામાં સ્વતંત્ર થઈને કર્યું નહિ તો કોઈ ઉપર નાખવું તો પડશે કે નહિ? સમજાય છે કાંઈ? '**પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક થઈને હોવાથી પુદ્‌ગલપરિણામનો કર્તા છે અને પુદ્‌ગલપરિણામ તે વ્યાપક વડે...**' હજી એનો થોડો અર્થ છે, હોં! એ પુદ્‌ગલપરિણામ રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, દયા, દાનના વિકલ્પ છે તે પુદ્‌ગલપરિણામ... સમજ્યા? '**તે વ્યાપક વડે...**' તે વ્યાપક વડે. કોણ? એ કર્મ અને પુદ્‌ગલ. એ '**વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી...**' એ પર્યાય સ્વયં પ્રાપ્ત થાય છે. સ્વતંત્ર લીધું હજી. કર્તા સ્વતંત્ર અને પર્યાય પણ સ્વયં પ્રાપ્ત થાય છે પુદ્‌ગલને, આત્માને નહિ. એ વાત થોડી સમજવામાં સૂક્ષ્મ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ-૭, ગુરુવાર તા. ૧-૮-૧૯૬૮**
**ગાથા-૭૫, પ્રવચન-૫૮૫**

આ કર્તાકર્મ અધિકાર. ૭૫ ગાથા છે. જુઓ! અહીંયા આવ્યું છે. '**સ્વયં વ્યાપતું હોવાથી (વ્યાપ્યરૂપ થતું હોવાથી) કર્મ છે.**' છે? શું કહે છે? જરી સૂક્ષ્મ વાત છે. આ જે પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ, સુખ અને દુ:ખની જે રાગદશા કે કલ્પના છે એ કર્મનું કાર્ય છે. કર્મ કર્તા અને એ અવસ્થા એનું વ્યાપ્ય નામ અવસ્થા છે. ધર્મીની અવસ્થા નથી, ઈ વાત ચાલે છે. સમજાય છે કાંઈ? ધર્મી સમ્યગ્દૃષ્ટિ એ રાગથી અને કર્મથી ભિન્ન પડ્યો છે. ધર્મી એને કહે છે કે જે રાગ પુણ્ય-પાપના વિકલ્પ જે છે અને કર્મ જે છે અને શરીર, એનાથી એની દૃષ્ટિ ભિન્ન છે. ભિન્ન હોવાથી પોતાના સ્વભાવની અભિન્ન દૃષ્ટિને કારણે જેટલા પુણ્ય-પાપ આદિ હરખ-શોક, દયા, દાન, વ્રત, વ્યવહારરત્નત્રયનો જેટલો રાગ ઉત્પન્ન થાય છે એ વ્યાપ્ય નામ અવસ્થા છે. કર્મ વ્યાપક છે. સમજાય છે કાંઈ? કાલે ચાલ્યું ઈ જ વાત ચાલી.

મુમુક્ષુ :- જમા નહીં. (સમજાયું નહિ.)

ઉત્તર :- જમા નહીં. (સમજાયુ નહિ?)

અહીંયા સમ્યગ્દૃષ્ટિ જીવની વાત ચાલે છે. સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની ધર્મીની વાત ચાલે છે. તો ધર્મીનો આત્મા પુણ્ય-પાપ જે વ્યવહારરત્નત્રયનો રાગ છે તેનાથી આત્મા ભિન્ન પડ્યો છે. રાગથી ભિન્ન પોતાનો આત્મા છે એમ માને છે. કેમકે રાગ છે એ આસ્રવ છે અને કર્મ આદિ છે એ અજીવ છે. આત્મા જેને સમ્યગ્જ્ઞાનમાં, સમ્યગ્દર્શનમાં આત્માનું ભાન થયું તો ધર્મી જે રાગથી ભિન્ન પડ્યો છે એ આત્માને જે રાગાદિ પુણ્ય-પાપ, દયા, દાન, વ્યવહાર વિકલ્પ જેટલો વ્યવહારરત્નત્રય કહેવાય છે એટલો જે રાગ ઉત્પન્ન થાય છે એ રાગને કરનારું કર્મ છે. આહાહા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિ તેનો કર્તા નથી. આહાહા..! સૂક્ષ્મ વાત છે. સમજાય છે કાંઈ?

સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ ધ્રુવ ચિદાનંદ ઉપર પડી છે. તેથી ધ્રુવમાંથી નિર્મળ આનંદ અને શાંતિ આદિ સ્વચ્છતા વીતરાગી પર્યાય ધર્મીને ઉત્પન્ન થાય છે. એ વીતરાગી પર્યાય ધર્મીનું કાર્ય છે અને ધર્મી કર્તા છે. પણ જે વ્યવહાર રાગાદિ ઉત્પન્ન થાય છે એ કર્મના પરિણામ છે. કેમકે પોતાના પરિણામ નથી તો કર્મના પરિણામ છે. જેમ કર્મ ભિન્ન છે, એમ રાગ પુણ્ય-પાપ, દયા, દાન, વ્રતના પરિણામ પણ આત્માથી ભિન્ન છે. સમજાય છે કાંઈ? તો કર્મ

વ્યાપક થઈને, પ્રસરીને, વિસ્તાર પામીને વિકારની પર્યાયમાં વ્યાપ્ય અવસ્થા વિકારની થાય છે. આત્મા પ્રસરીને વિસ્તાર પામીને વિકાર થાય છે એ આત્મામાં નથી. અને ધર્મીની દૃષ્ટિ આત્મા ઉપર છે. સમજાય છે કાંઈ? ધન્નાલાલજી! આહાહા..!

જેમ પુણ્ય અને પાપ, દયા અને દાન, વ્રત, ભક્તિ આદિનો શુભરાગ કે સુખ-દુઃખની કલ્પના વ્યાપ્ય છે. કોનું? કર્મનું. કર્મ સ્વતંત્ર વ્યાપક થઈને એ વિકારી પર્યાય સ્વયં વ્યાપ્ય થાય છે. એમ આ શરીર, વાણી, મનના પરમાણુ છે એ વ્યાપક છે-કર્તા છે અને એની આમ પર્યાય થાય છે તે તેનું કર્મ છે. જેમ શરીર વ્યાપક થઈને-કર્તા થઈને-પોતાની આવી અવસ્થા કરે છે. એ શરીરની વ્યાપ્ય અવસ્થા છે. એમ વિકારી પર્યાય કર્મની વ્યાપ્ય અવસ્થા છે. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ કર્મની વ્યાપ્ય અવસ્થા છે, આત્માની નહિ. આહાહા..! રાડ નાખે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- દ્રવ્યમાં ક્યાં છે? સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર છે. સમજાય છે કાંઈ? આમ વાત છે, ભાઈ! જિનેશ્વરદાસજી! હવે જામે છે કે નહિ?

ભગવાન આત્મા અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદનો પુંજ પ્રભુ આત્મા છે. ધર્મીની દૃષ્ટિમાં દ્રવ્ય પડ્યું છે. એ દ્રવ્યનું કાર્ય તો નિર્મળ જ્ઞાતા-દૃષ્ટા વીતરાગી પર્યાય થાય તે દ્રવ્યનું કાર્ય છે. દ્રવ્યનું કાર્ય કહો કે સમ્યગ્દૃષ્ટિનું કાર્ય કહો. સમજાય છે કાંઈ? વસ્તુની સ્થિતિ આમ છે. લોકોને ખબર ન પડે અને ખ્યાલ ન આવે એટલે કંઈ વસ્તુસ્થિતિ બદલાઈ જાય છે?

જ્યાં સુધી પુણ્ય અને પાપના વિકલ્પ પર્યાયબુદ્ધિ જ્યાં સુધી હતી ત્યાં સુધી વિકાર પરિણામનું કાર્ય મારું અને હું કર્તા છું એમ માનતો હતો. સમજાય છે કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના પરિણામ એ મારું કાર્ય અને હું એને કરનારો. એમ જ્યાં સુધી પર્યાય નામ રાગ અને વિકાર ઉપર રુચિ હતી ત્યાં સુધી વ્યાપ્ય વિકાર અવસ્થા હતી અને વ્યાપક અજ્ઞાની કર્તા (હતો). સમજાય છે કાંઈ?

જ્યાં દૃષ્ટિ પલટી ગઈ, અંશ રાગ નહિ, અલ્પજ્ઞ પર્યાય પણ હું નહિ, નિમિત્ત નહિ, રાગ નહિ, અલ્પજ્ઞ પર્યાય જેવડો પણ નહિ, હું તો દ્રવ્ય શુદ્ધ ચિદાનંદ જ્ઞાયકમૂર્તિ છું. એવી દૃષ્ટિ થવાથી ધર્મીને દ્રવ્યસ્વભાવમાંથી પરિણમન થઈને દ્રવ્યસ્વભાવમાં વિકાર નથી, એમાં તો નિર્વિકારી શાંતિ અને આનંદ આદિ ભર્યા છે તો એનું કાર્ય આનંદ ને શાંતિ ને જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ એ ધર્મીનું કર્મ નામ કાર્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? અને આ શરીરાદિની અવસ્થા, ભાષાની અવસ્થા અને પુણ્ય-પાપના પરિણામની અવસ્થા. પુણ્ય-પાપના પરિણામની અવસ્થાનું વ્યાપક કર્મ છે અને શરીર ને ભાષાની અવસ્થાનું વ્યાપક પુદ્‌ગલ છે.

બેય પુદ્‌ગલના પરિણામ ગણીને; રાગાદિ, પુણ્ય આદિ, દયા, દાનાદિના વિકલ્પ પણ પુદ્‌ગલના પરિણામ છે, તો પુદ્‌ગલ સ્વતંત્ર વ્યાપક થઈને એ વિકારની પર્યાય વ્યાપ્ય કરે છે અને વિકારી પર્યાય સ્વયં વ્યાપ્ય હોવાને કારણે કર્મ છે. ત્યાં સુધી ચાલ્યું છે. સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ! છે ને? જુઓ! એમાં છે? એમાં છે એનો અર્થ થાય છે, ઉપરથી નથી થતો.

કહે છે કે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધના શુભાશુભ ભાવ વ્યાપ્ય છે અને કર્મ એનું વ્યાપક છે. કર્મ કર્તા અને એ વિકારી અવસ્થા એનું કાર્ય છે. એક વાત. પછી શરીર, વાણીની પર્યાયનો પુદ્‌ગલ કર્તા અને તેનું તે વ્યાપ્ય છે. તો બેયને પુદ્‌ગલપરિણામ કહ્યા છે. જેવા દયા, દાન, ભગવાનના પરિણામ, તીર્થંકર ગોત્ર બાંધવાનો ભાવ એ પણ પુદ્‌ગલના પરિણામ અને શરીરની અવસ્થા પણ પુદ્‌ગલપરિણામ. બેય પુદ્‌ગલના પરિણામ. પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક છે. બીજી લીટી ઉપરથી. સમજાય છે કાંઈ? તેથી પુદ્‌ગલપરિણામનો કર્તા છે. એ પુણ્ય-પાપના પરિણામ અને શરીરની અવસ્થા, ભાષાની અવસ્થા એમાં પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક થાય છે. તેથી પુદ્‌ગલપરિણામનો કર્તા પુદ્‌ગલ છે.

‘**અને પુદ્‌ગલપરિણામ...**’ અર્થાત્ શુભ અને અશુભ વિકલ્પ ને રાગ, ભાષા અને દેહની અવસ્થા, આ બધાને અહીંયા પુદ્‌ગલપરિણામ કહેવામાં આવ્યા છે. ‘**પુદ્‌ગલપરિણામ તે વ્યાપક વડે...**’ તે વ્યાપક વડે, પુદ્‌ગલ વ્યાપક વડે વિકારી પર્યાય, શરીરની અવસ્થા અને ભાષાની અવસ્થા ‘**સ્વયં વ્યાપતું હોવાથી...**’ પર્યાય સ્વયં વ્યાપતી હોવાથી. ભાઈ! ત્યાં પર્યાય પણ સ્વતંત્ર લીધી. વ્યાપક છે તે કર્તા છે અને વ્યાપ્ય અવસ્થા સ્વયં પ્રાપ્ત થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? સૂક્ષ્મ છે. તત્ત્વદૃષ્ટિ એવી ચીજ છે. તત્ત્વની દૃષ્ટિ દેવી... એમ માની લે કે અમે ધર્મી છીએ અને ધર્મ કરીએ છીએ. એમ તો અનાદિથી માન્યું છે. મનાવ્યું છે અને માનનારને ભલું જાણ્યું છે. સ્વતંત્ર છે.

કહે છે, એ પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક. પુદ્‌ગલદ્રવ્ય શબ્દે કર્મ અને શરીર, વાણી, મનના પરમાણુઓ એ સ્વતંત્ર વ્યાપક છે. તેથી પુદ્‌ગલપરિણામનો કર્તા છે. એ પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક અર્થાત્ કર્તા છે. એ પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણાનો કર્તા એ પુદ્‌ગલદ્રવ્ય છે. પુસ્તક રાખ્યું છે કે નહિ સામે? પુસ્તક રાખ્યું છે ને સામે? એમાં ઈ છે કે નહિ? એમ લખ્યું છે? સમજાય છે કાંઈ?

ભાઈ! પ્રભુ! તારી દૃષ્ટિ જ્યારે પ્રભુતા આત્મા ઉપર પડી હોય ત્યારે પામર વિકારનો કર્તા આત્મા થતો નથી. વિકારના પરિણામ જે થયા એનો જ્ઞાતા થઈને જ્ઞાનપરિણામ જીવનું કર્મ છે પણ એ રાગ ને વ્યવહાર આત્માનું કર્મ છે-કાર્ય છે-પરિણામ છે એમ છે જ નહિ. આહાહા..! ભારે વાતું ભાઈ! ‘**તેથી પુદ્‌ગલદ્રવ્ય વડે કર્તા થઈને...**’ કર્મ ને શરીરના પુદ્‌ગલ

દ્વારા કર્તા થઈને. પુદ્ગલદ્રવ્ય શબ્દે કર્મ અને શરીર, વાણીના પરમાણુઓ. '**કર્તા થઈને કર્મપણે કરવામાં આવતું...**' પુણ્ય-પાપના, દયા, દાન, વ્રતના ભાવ એ કર્મપણે પુદ્ગલ દ્વારા કરવામાં આવતું. '**જે સમસ્ત કર્મનોકર્મરૂપ પુદ્ગલપરિણામ છે...**' જે સમસ્ત કર્મનોકર્મરૂપ પુદ્ગલપરિણામ છે. પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ, સુખ-દુઃખની કલ્પના એ પુદ્ગલપરિણામ છે. શરીરની અવસ્થા ને ભાષાની અવસ્થા એ બધા પુદ્ગલપરિણામ છે.

'**પુદ્ગલપરિણામ છે તેને જે આત્મા,...**' તેને જે આત્મા '**પુદ્ગલપરિણામને અને આત્માને...**' શબ્દે શબ્દમાં જરી ધીરેથી સમજે તો સમજાય એવી વાત છે. આ તો અંતર દૃષ્ટિની વાત છે. અધ્યાત્મ સ્વભાવની દૃષ્ટિ છે તો એમાં શું થાય છે એની વાત ચાલે છે. જેને પુણ્ય-પાપનો રાગ અને શરીરથી ભિન્ન આત્મા છે એવું સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયું એની વાત છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ પુદ્ગલપરિણામ છે. '**કર્મપણે કરવામાં આવતું જે સમસ્ત કર્મનોકર્મરૂપ પુદ્ગલપરિણામ...**' પુણ્ય-પાપના (ભાવ), શરીરની અવસ્થા અને ભાષાની અવસ્થા એ બધા પુદ્ગલપરિણામ છે તેને. એ પુદ્ગલપરિણામને '**તેને જે આત્મા,...**' જે આત્મા પુદ્ગલપરિણામને અને આત્માને. શુભ-અશુભરાગ અને સુખ-દુઃખની કલ્પના અને ભાષાની પર્યાય એ પુદ્ગલપરિણામને અને આત્માને કેવો સંબંધ છે?

'**ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...**' જેમ કુંભાર વ્યાપક અને ઘટ વ્યાપ્ય છે એમ નથી. કુંભાર કર્તા અને ઘટ કાર્ય એમ છે નહિ. એમ, એમ જુઓ! '**પુદ્ગલપરિણામને અને આત્માને...**' પુદ્ગલપરિણામ સમજ્યા? બેય-પુણ્ય-પાપ, રાગ-દ્વેષ, કર્મનો ઉદય, શરીરની અવસ્થા, ભાષાની અવસ્થા બધાને પુદ્ગલપરિણામ (કહ્યા છે). કેમ? કે એક કોર ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મા અને એક બાજુ રાગથી માંડીને બધું અજ્ઞાન છે. અજ્ઞાન એટલે? જેમાં જ્ઞાન નથી. એક કોર રામ છે અને એક કોર ગામ છે. રાજમલજી! રામ નામ ભગવાન ચિદાનંદ. 'નિજપદ રમે સો રામ કહીએ'. ભગવાન આત્મા પોતાનું શુદ્ધ ચૈતન્યસ્વરૂપની દૃષ્ટિ હોવાથી પોતામાં શાંતિમાં રમનારને અહીંયા સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની કહીએ. એ સમ્યગ્દૃષ્ટિ-જ્ઞાની પુદ્ગલપરિણામને અને આત્માને, ઘટને અને કુંભારને જેમ વ્યાપ્યવ્યાપકપણું નથી; કુંભાર કર્તા અને ઘટ કર્મ નથી એમ વિકારી પરિણામ અને આત્માને, આત્મા કર્તા અને વિકારી કર્મ, ઘટ અને કુંભારની જેમ નથી. ફૂલચંદભાઈ! આહાહા..! કહો, સમજાય છે કાંઈ? સમજાય છે? સમજાય છે કાંઈ? એ અમારી ગુજરાતી ભાષા છે. આહાહા..!

તત્ત્વદૃષ્ટિનો વિષય અને તત્ત્વજ્ઞાનીનું કાર્ય. તત્ત્વદૃષ્ટિનો વિષય દ્રવ્ય છે અને એનું કાર્ય નિર્મળ અવસ્થા છે. સમ્યગ્દૃષ્ટિનું કાર્ય તો જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ તેનું કાર્ય છે. વ્યવહારના વિકલ્પનું કાર્ય એ પુદ્ગલપરિણામ છે, પુદ્ગલ તેનું કર્તા છે. તો પુદ્ગલપરિણામને અને આત્માને

કુંભાર અને ઘટની જેમ, કુંભાર વ્યાપક અને ઘટ વ્યાપ્ય, તેનો અભાવ છે, એમ પુણ્ય-પાપના પરિણામ વ્યાપ્ય અને આત્મા કર્તા, તેનો અભાવ છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભાઈ! તત્ત્વદષ્ટિ અને ધર્મદષ્ટિ કોઈ અલૌકિક ચીજ છે. સમજાય છે કાંઈ?

આત્મા પરમાત્મા નિજ સ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ છે એવી અંતર દષ્ટિથી પોતાનો પત્તો લીધો તો ધર્મીને તો શાંતિ ને જ્ઞાન ને આનંદના જ પરિણામ ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? બાકી રહ્યા ઈ? એ તો ભિન્ન રહી ગયા. એનાથી ભિન્ન પડીને તો આત્માનું ભાન કર્યું છે. ભિન્ન રહ્યા ને? તો એનું કાર્ય શું? જેમ કર્મ ભિન્ન છે, એમ કર્મના ઉદયથી રાગાદિ થયા, પુણ્ય આદિ થયા એ પણ ભિન્ન જ છે. સમજાય છે કાંઈ? સમયસાર આત્માની વાત અલૌકિક અપૂર્વ છે, ભાઈ! એમ ને એમ કોઈ વાંચી લે, સમયસાર વાંચી લીધું. વાંચી લે, ભણ્યો હોય તો પંદર દીમાં વાંચી જાય. અક્ષર ભણ્યા હોય તો.

ભાઈ! સમયસાર એટલે આત્મા. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યપ્રભુ પૂર્ણાનંદ નાથ, નિર્વાણનાથ, મોક્ષની પર્યાયનો નાથ ઈ છે. શું રાગનો નાથ છે? શું રાગ ઉત્પન્ન કરે અને રાગની રક્ષા કરે? નાથનો અર્થ ઈ. ઉત્પન્ન કરે અને રક્ષા કરે એનું નામ નાથ. યોગક્ષેમ કરનારા. આવે છે ને? યોગક્ષેમ કરે એનું નામ નાથ. જેમ કે એને જે લક્ષ્મી મળી છે એની રક્ષા કરે અને ન મળી હોય તેને મેળવી આપે એનું નામ નાથ. યોગક્ષેમ કરનાર. શું આત્મા રાગને ઉત્પન્ન કરે છે? અને રાગની રક્ષા કરે છે? શું એવું છે આત્મામાં? આવે છે ને? યોગક્ષેમ કરનાર. સમજાય છે કાંઈ? ક્ષેમ નામ જે વસ્તુ મળી છે તેની રક્ષા કરે અને ન મળી હોય તેને મેળવી આપે. એનું નામ નાથ. નાથની વ્યાખ્યા શાસ્ત્રમાં આમ છે. ભગવાન આત્મા જે શુદ્ધ સ્વરૂપ પર્યાયમાં પ્રાપ્ત થયું એની રક્ષા કરે અને નથી પ્રાપ્ત થયું એની પ્રાપ્તિ કરાવે એ દ્રવ્યસ્વભાવ પ્રાપ્ત કરાવે છે. સમજાય છે કાંઈ? આહા..!

પોતાના સ્વરૂપનો નાથ છે આત્મા. પોતાની સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય જેટલી પ્રગટ થઈ તેની તો રક્ષા કરે છે અને નથી પ્રાપ્ત થઈ એવા કેવળજ્ઞાનાદિને પ્રાપ્ત કરાવે છે એવો દ્રવ્યસ્વભાવ આત્મા નાથ છે. શું આત્મા રાગને ઉત્પન્ન કરે અને રાગની રક્ષા કરે? રાગનો નાથ છે આત્મા? સમજાય છે કાંઈ? ભગવાન નિર્મળાનંદ પ્રભુ છે અને રાગ તો મેલ છે. ચાહે તો તીર્થંકર ગોત્ર જે ભાવે બંધાય તે પણ મેલ છે, તે પણ ધર્મથી વિરુદ્ધ ભાવ છે, અધર્મ છે. જરીક કડક ભાષા આવે અને સમજતા ન હોય એને એમ થાય હાય.. હાય..! જિનેશ્વરદાસજી! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ધર્મ નહિ. ધર્મથી બંધ પડે? ધર્મ નથી તો સમજી લેવું.

એ પર્યાય આત્માનું કાર્ય અને આત્મા કર્તા એમ છે જ નહિ. સમજાય છે કાંઈ? જેમ

કુંભાર કર્તા અને ઘડો કાર્ય એમ છે જ નહિ. કુંભાર વ્યાપક, વ્યાપક નામ પ્રસરનાર અને પ્રસરીને ઘડાની પર્યાય થઈ એમ નથી. માટી પ્રસરીને ઘડાની પર્યાય થઈ, વિસ્તાર પામીને. બરાબર છે? સમજાય એવું છે. ભાષા સાદી છે, કોઈ ગૂઢ નથી. ક્લિષ્ટ નથી. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા, કહે છે કે એ પુદ્‌ગલપરિણામનો, જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે પરિણામનો અને આત્માનો ઘટ અને કુંભારની જેમ, કુંભાર કર્તા વ્યાપક થઈને ઘટની પર્યાયનો કર્તા છે અને ઘટપર્યાય તેનું વ્યાપ્ય-કાર્ય છે, એમ આત્મા અને પુદ્‌ગલપરિણામ પુણ્ય, દયા, દાન અને તીર્થંકર ગોત્રનોભાવ વ્યાપ્ય છે અને આત્મા વ્યાપક છે, આત્મા કર્તા છે અને એ કર્મ છે એમ નથી. રાજમલજી! આ તો બીજી જાતની વકીલાત છે. આહાહા..! ઈ વકીલ છે. વેપાર કરે છે. વેપાર કરે, વ્યવહાર કરે વેપારી કહેવાય. આ તો વેપાર આત્માની વાત છે.

કહે છે, '**પુદ્‌ગલદ્રવ્ય વડે કર્તા થઈને કર્મપણે કરવામાં આવતું જે સમસ્ત કર્મનોકર્મરૂપ પુદ્‌ગલપરિણામ...**' સમસ્ત એમ. કોઈપણ રાગનો અંશ છે, મહાવ્રતનો વિકલ્પ આસ્રવનો, તીર્થંકર ગોત્રનો, દયા, દાનનો, ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ આદિ છે, બધાનો- સમસ્ત '**કર્મનોકર્મરૂપ પુદ્‌ગલપરિણામ તેને જે આત્મા, પુદ્‌ગલપરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી,...**' સમજાય છે કાંઈ? કહો, સમજાય છે કે નહિ? ઈ ડૉક્ટર છે? ભોપાલ. ઈ ડૉક્ટર છે? ડૉક્ટર છે. સમજાય છે ડોક્ટર? આ બીજું ઈંજેક્શન છે. જન્મ-મરણના અંત લાવવાનું ઈંજેક્શન છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એમાં સંસાર છે જ નહિ, એવી દૃષ્ટિ છે. એમ કહે છે.

મુમુક્ષુ :- ડોક્ટર શરીરની રક્ષા કરે.

ઉત્તર :- કરતો જ નથી. ઈ તો માને છે, ઈ તો માને છે. રાગ કરે. અહીં તો આત્મામાં કોઈ પર છે જ નહિ. આહાહા..! શું કહે છે જુઓ તો ખરા!

જેમ ઘડાની પર્યાયનો કર્તા કુંભાર નથી થતો. કેમકે ઘડો અને કુંભાર બે વસ્તુ જ ભિન્ન છે. તો ઘડાનું કાર્ય અને કુંભાર વ્યાપક-કર્તા એનો બે વચ્ચે અભાવ છે, કર્તાકર્મપણાનો અભાવ છે, એમ આત્માને અને પુણ્ય-પાપ, દયા, દાનના વિકલ્પ, તીર્થંકરગોત્રના ભાવને વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી આત્મા વ્યાપક થઈને વ્યાપ્ય કર્યું એવી અવસ્થા નહિ હોવાથી, બે વચ્ચે કર્તાકર્મપણાનો અભાવ છે. અમરચંદભાઈ! થોડું પણ યથાર્થ જેવું છે એવું એણે સમજવું જોઈએ. સમજાય છે કાંઈ? રાડ નાખે ઓલા, અર..ર..ર..!

મુમુક્ષુ :- પહેલા તો દાખલો જ સમજાય નહિ.

ઉત્તર :- પહેલો તો દાખલો જ બેસે નહિ. હેં.. કુંભાર વિના ઘડો થાય? હવે સાંભળ તો ખરો. માટીથી ઘડો થાય છે, શું કુંભારથી થાય છે? કુંભાર મૂર્ખ હોય ઈ અભિમાન કરે કે મેં ઘડો બનાવ્યો. સમ્યગ્દૃષ્ટિ પણ કુંભાર હોય છે.

મુમુક્ષુ :- ઈ તો અભિમાન નથી કરતો.

ઉત્તર :- નહિ, નથી કરતો. પણ ઈ વિકલ્પ આવ્યો એનો પણ કર્તા નથી તો ઘડાનો કર્તા તો ક્યાંથી થયો? સમજાય છે કાંઈ? ઘડાનો વિકલ્પ આવ્યો. એ વિકલ્પ પણ કર્મના પરિણામ અને કર્મનું કાર્ય છે. એ વિકલ્પ પુદ્‌ગલના પરિણામ અને આત્મા, ઘટ અને કુંભારની પેઠે કર્તાકર્મનો સંબંધ નથી, એમ વિકારી પુણ્ય-પાપના પરિણામ અને આત્માને કર્તાકર્મ સંબંધ નથી. સમજાય છે કાંઈ? નહિતર એમાં પાઠ જુઓ. વળી કોઈ કહે કે સોનગઢવાળા ઉપરથી કહે છે. એમ કેટલાક કહે છે. કાનજીસ્વામી પોતાના અર્થ કરે છે. અરે..! ભગવાન! સાંભળ તો ખરો. અક્ષર ઉપરથી તો અર્થ થાય છે. એ તો નિશ્ચયની વાત કરે છે, વ્યવહારની છોડી દે છે. અહીં વ્યવહારની વાત નથી કહેતા? વ્યવહાર છે એ આત્માનું વ્યાપ્ય નથી એમ નથી કહેતા? કહો, સમજાય છે કાંઈ? ...ચંદજી! શું છે? વ્યવહારનો નાશ થઈ જશે. તો શું કરવું? શુભભાવ ન કરવા તો પછી શું કરવું? એમ પ્રશ્ન આવ્યો હતો રાત્રે. કોઈનો હતો ને કોઈને? પ્રશ્ન થાય.

મુમુક્ષુ :- મંદિર..

ઉત્તર :- મંદિર જાય છે કોણ? આવે છે કોણ?

અહીં તો કહે છે કે શુભભાવમાં આત્મા જતો નથી તો વળી મંદિરમાં કોણ જાય છે? આહાહા..!

મુમુક્ષુ :-

ઉત્તર :- પણ મંદિરમાં તો ઠીક, પણ આત્મા તો શુભભાવમાં જતો નથી ઈ વાત તો ચાલે છે. આહાહા..! આત્મા શુભભાવમાં જાય તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. સમજાય છે કાંઈ? ઈ તો વાત ચાલે છે. શુભભાવમાં જાય એનો અર્થ શું? શુભભાવ મારો છે અને હું શુભભાવ કરું છું અને શુભભાવ મારું કાર્ય છે. એ મિથ્યાદૃષ્ટિ છે. જૈન નથી, જૈનની દૃષ્ટિની એને ખબર નથી. અમરચંદભાઈ! આરે.. આરે..! ભારે વાત. આકરું. હજી અમારે મલૂકચંદભાઈને તો મોટું મંદિર કરવું છે. હજી આમને કરવું છે. કહો, સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાન! સાંભળ તો ખરો. તારામાં શું પડ્યું છે? શું વિકાર ભર્યો છે? વિકારની ખાણ

આત્મા છે? એ તો આનંદ ને જ્ઞાન ને શાંતિની ખાણ છે. એમાં એકાગ્ર થવાથી તો શાંતિ અને આનંદ પ્રાપ્ત થાય છે. શું રાગ પ્રાપ્ત થાય છે? આહા..! સમજાય છે કાંઈ? જૈનદર્શન કહો આત્મદર્શન કહો વિશ્વદર્શન કહો, વસ્તુદર્શન કહો. આવી ચીજ છે. એ કોઈએ બનાવી નથી, એ તો વસ્તુની સ્થિતિ એવી છે. સમજાય છે કાંઈ? ઈ પણ આવે છે ને? નથી આવતું? પહેલા કળશમાં ન આવ્યું?

'કરે કરમ સો હી કરતારા, જો જાને સો જાનનહારા, કર્તા સો જાને નહિ કોઈ, જાને સો કર્તા નહિ હોઈ'. 'કરે કરમ સો હી કરતારા'. જે પુણ્ય-પાપના વિકલ્પ મારું કાર્ય છે (એમ માને છે તે) કર્તા છે, મિથ્યાદૃષ્ટિ છે. 'જો જાને સો જાનનહારા'. પુણ્ય-પાપના પરિણામ એને જાણનારો તો જાણવાની પર્યાયનો કર્તા છે. 'કર્તા સો જાને નહિ કોઈ'. રાગને કરવાવાળો જે મિથ્યાદૃષ્ટિ છે તે જ્ઞાતા-દૃષ્ટા ન રહી શકે અને 'જાને સો કર્તા નહિ હોઈ'. રાગ અને શરીરની અવસ્થા થાય છે એને પોતાથી પોતામાં જાણીને જાણનારો રાગનો કર્તા થતો નથી. આવી વસ્તુની સ્થિતિ મર્યાદા છે. સમજાય છે કાંઈ? 'વસ્તુ વ્યવસ્થા જૈસી કહી જિણંદસે તૈસી' એમ બનારસીદાસમાં આવે છે, ભાઈ! બનારસીદાસમાં. વસ્તુ વ્યવસ્થા જેવી જિણંદે કહી તેવી. જિનેન્દ્ર કહે છે એમ અમે કહીએ છીએ. એમ સમયસાર નાટકમાં આવે છે. આહાહા..!

પહેલા તો કુંભાર કર્તા અને ઘડો કાર્ય એ વાત જ બેસતી નથી. આ કાર્ય નહિ? તો શું એની મેળાએ ઘડો થઈ જાય છે? ભગવાન! શું માટીમાં ઉત્પાદ થવાની પર્યાય છે કે નહિ? ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તં સત્ છે કે નહિ? તો માટીમાં જ્યારે ઘડાની ઉત્પત્તિ થઈ તો એ ઉત્પાદ પોતાથી થઈ છે. શું કુંભારના ઉત્પાદથી ત્યાં ઉત્પાદ થયો છે? સમજાય છે કાંઈ? ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તં સત્. તો જે ઘડો બન્યો એ માટીમાંથી ઉત્પન્ન થયો. ઉત્પાદ ઈ છે. પૂર્વની અવસ્થાનો વ્યય થયો અને માટીની ધ્રુવતા રહી ગઈ. શું કુંભાર એમાં ઘુસીને ઘડાની પર્યાય ઉત્પન્ન કરે છે? કુંભાર તો પોતાની પર્યાયમાં રાગ ઉત્પન્ન કરે છે. અને જ્ઞાની હોય, સમ્યગ્દૃષ્ટિ હોય તો રાગને જાણનાર જ્ઞાનની જ્ઞાનગુણની પર્યાયને ઉત્પન્ન કરે છે. ઈ આવે છે ને? નહિ ભાઈ? આચાર્ય નહિ? માઘનંદિ મુનિ. માઘનંદિ મુનિની કથા આવે છે. નામ ભૂલી જવાય છે.

માઘનંદિ મુનિ આવે છે. હતા મુનિ, સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની. સમજાય છે કાંઈ? પછી કોઈ પુરુષાર્થની ઓછપ થઈ તો કુંભારની છોકરી હતી. પહેલા ઈ ત્યાં જઈ ચડેલા. વરસાદ થયો વરસાદ. વરસાદ થયો તો કુંભારની છોકરીનું જે વાસણ હતા એ બધા નાશ થવાના હતા. ત્યાં એ ઊભા હતા. થોડું થઈ ગયું તો એના વાસણ બચી ગયા. તો કુંભારની કન્યા હતી એને પ્રેમ થઈ ગયો, આને પણ ત્યાં રાગ થઈ ગયો. રહ્યા એના ઘરે. અને સંઘમાં મોટો

પ્રશ્ન ઊભો થયો. આ પ્રશ્નનો ઉત્તર તો માઘનંદિ આપશે. એમની પાસે સમ્યક્જ્ઞાન છે. પણ આમ છે ને? છે શું? રાગની અવસ્થા .. એને જાણનાર રહે છે, બનાવનાર નથી. કઠણ વાત છે. સમજાય છે કાંઈ? સંઘમાં પ્રશ્ન ઊભો થયો. આનો ઉત્તર કોણ આપશે? જાઓ ત્યાં. માઘનંદિ મુનિ આપશે. સંઘનો માણસ ગયો. સાહેબ! આનો શું ખુલાસો છે? હેં..! શું હજી મારા સમ્યક્જ્ઞાનની આટલી કિંમત છે? તમે અહીંયા પૂછવા આવ્યો? એકદમ જાગૃત થઈ ગયા. મોરપીંછી લઈને સાધુ થઈને ચાલ્યા ગયા. સમજાય છે કાંઈ? અંદર મુનિપણું પ્રગટ થઈ ગયું. આહાહા..! આ શું? સમ્યગ્દર્શન અને જ્ઞાન હતા. ચારિત્રથી ભ્રષ્ટ થયેલા. સમજાય છે કાંઈ? લોકોને વાત કઠણ પડે છે. હાય.. હાય..! સાંભળ તો ખરો.

અહીં કહે છે કે ઈ રાગ આવ્યો એનો કર્તા જ્ઞાની આત્મા નહિ. આહાહા..! જેમ ઘડાનો કર્તા કુંભાર નથી. કુંભાર કરવાવાળો અને ઘડો કર્મ એમ ત્રણ કાળમાં નથી. એમ પુણ્ય-પાપના પરિણામ કાર્ય અને આત્મા કર્તા એમ ત્રણે કાળે બે વચ્ચે વ્યાપ્યવ્યાપકપણાનો અભાવ છે. ડાલચંદજી! ભારે વાત આકરી. એકાંત છે રે.. એકાંત છે. અરે..! ભગવાન! સાંભળ તો ખરો. બાપા! પ્રભુ! સમ્યક્ એકાંત જ છે. ચૈતન્યસ્વભાવ સન્મુખ જ્યાં આત્મા થયો તો એમાંથી તો જ્ઞાન અને આનંદની જ પર્યાય પ્રગટ થાય છે. શું એની ખાણમાં-આત્મામાં વિકાર ભર્યો છે? અને જેનાથી ભિન્ન પડ્યો, ભેદજ્ઞાન થઈ ગયું છે. અહીં તો ભેદજ્ઞાનની વાત ચાલે છે. પુણ્ય-પાપ અને શરીરથી ભિન્ન પડીને ભેદજ્ઞાન કર્યું છે. પરથી ભિન્ન છે અને પોતાથી અભિન્ન છે. આવો સમ્યગ્દૃષ્ટિ જીવ ચાહે તો ચોથાવાળો હોય, પાંચમાવાળો હોય કે છઠ્ઠાવાળો હોય (ઈ આમ માને છે). એ રાગાદિ વ્યવહારનો વિકલ્પ પુદ્‌ગલના પરિણામ અને આત્મા, કુંભાર અને ઘડાની પેઠે, કુંભાર કર્તા અને ઘડો કર્મ જેમ નથી બનતું, એમ આત્મા અને પુદ્‌ગલના પરિણામ, આત્મા કર્તા અને પુદ્‌ગલપરિણામ કર્મ એમ બનતું નથી. જિનેશ્વરદાસજી! ભારે વાત ભાઈ! ભગવાન! આ તો વસ્તુની સ્થિતિની વાત છે. આહાહા..! કાયરને તો કાળજા કંપી ઉઠે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, એવી વાત છે. સાંભળ તો ખરો. ચૈતન્ય બાહશાહ જ્યાં અંદરથી જાગૃત થયો એને રાગ-ફાગ છે જ નહિ એનામાં. સમજાય છે કાંઈ? અહીં તો ક્ષણે ને પળે મેં કર્યું, મેં ભાષા કરી, મેં ઉપદેશ આપ્યો, મેં કર્મ બાંધ્યા, મેં રાગ કર્યો ને મેં પુણ્ય કર્યા. વાત સાચી, તેં પુણ્ય જ કર્યા. વિકાર કર્યો અને કર્તા થઈને મિથ્યાદૃષ્ટિ થયો. સમજાય છે કાંઈ?

કહે છે કે, '**પુદ્‌ગલપરિણામને અને આત્માને...**' પુદ્‌ગલપરિણામ કોણ? શુભ-અશુભ વિકલ્પ, સુખ-દુઃખની કલ્પના, શરીર અને ભાષાની અવસ્થા. આ બધાને પુદ્‌ગલપરિણામ

કહ્યા. '**પુદ્‌ગલપરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ...**' ઘડા અને કુંભારની પેઠે. પેઠે કહે છે ને હિન્દીમાં? ભાંતિ. ભાંતિ તો છે જ, આ તો બીજો અર્થ છે કે નહિ? ભાંતિ તો છે જ. ઘટ અને કુંભારની પેઠે ન ચાલે? નહિ ચાલતું હોય. હિન્દી છે કે નહિ? તમે હિન્દી તો બહુ ભણ્યા છો. તરહ. ઘટ અને કુંભારકી તરહ. કહો, સમજમેં આયા? '**વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...**' ઘટનું કાર્ય-પર્યાય અને કુંભાર કર્તા બે વચ્ચે એવો સંબંધ છે જ નહિ. એમ ભગવાન આત્મા અને રાગના પરિણામ, પુણ્ય-પાપ વ્યવહારના પરિણામ બે વચ્ચે કર્તાકર્મ, વ્યાપ્યવ્યાપકપણાનો અભાવ છે. '**અસિદ્ધિ હોવાથી,...**' જુઓ! કર્તાપણાની અસિદ્ધિ હોવાથી. કોઈ રીતે ત્યાં સિદ્ધિ નથી થતી. ઈ સાબિત નથી થતું. આહાહા..! છે શબ્દ?

આ તો મહામંત્ર છે. આ કંઈ સાધારણ નથી. આ તો અમૃતચંદ્રાચાર્યે આત્માની પ્રસિદ્ધિ કરી છે. આ ટીકાનું નામ આત્મખ્યાતિ છે. આત્મખ્યાતિ ટીકાનું નામ. આત્મા પ્રસિદ્ધ થયો. હું જ્ઞાન, દર્શન અને આનંદ છું. હું રાગ ને પુણ્ય ને શરીર નથી એમ જ્યાં સમ્યગ્દર્શનમાં આત્મા પ્રસિદ્ધ થયો તો કહે છે કે ઘડા અને કુંભાર વચ્ચે જેમ કર્તાકર્મપણાનો અભાવ છે, એમ આત્મા અને પુણ્ય-પાપના પરિણામ અને શરીરની અવસ્થા વચ્ચે કર્તાકર્મપણાનો અભાવ છે. કહો, સમજાય છે કાંઈ? પંડિતજી! આમ વાત છે. દુનિયા રાડ પાડે કે ના પાડે, એને ઘરે રહી. દુનિયા કહે, અરે..! સમજ તો ખરો. આત્મા છો કે વિકાર છો તું? વિકાર છો તો તું વિકારનો કર્તા અજ્ઞાનપણે છો એ તો બરાબર છે, એ તો અનાદિથી છે જ. આત્મા છે. તો આત્મા શું છે? શું આત્મા આત્મતત્ત્વ છે? આત્મા અજીવતત્ત્વ છે? આત્મા મેલતત્ત્વ છે? આત્મા બંધભાવ ભાવબંધ તત્ત્વ છે? આત્મા દ્રવ્યબંધ તત્ત્વ છે? એ તો અબંધતત્ત્વ છે.

ભગવાન અબંધતત્ત્વ કહો કે મોક્ષતત્ત્વ કહો. એ તો મુક્તસ્વરૂપ છે. રાગથી, પરથી મુક્તસ્વરૂપ છે. એમ જ્યાં ધર્મીની દૃષ્ટિ થઈ તો આત્મા અને પુદ્‌ગલપરિણામ બે વચ્ચે કાર્યકારણ છે જ નહિ. કાર્યકારણ નથી. આત્મા કારણ અને વિકારી કાર્ય એમ છે જ નહિ. આહાહા..! કુંભાર કર્તા અથવા કારણ અને ઘટ કાર્ય, એમ છે જ નહિ. માટી કર્તા નામ કારણ અને ઘડો કાર્ય એમ છે. પણ કુંભાર કારણ અને ઘડો કાર્ય એમ છે જ નહિ. એમ ધર્માત્માનો આત્મા. એ જ આત્મા છે. આત્મા થયો તે આત્મા થયો. આહાહા..! એ આત્મા કર્તા અથવા કારણ અને વિકારી પરિણામ કાર્ય એમ છે જ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! ભારે વાત ભાઈ! ઝાઝા માણસ છે તો આ લીધું છે હવે. પંદરમી વારનું પૂરું થયું, સોળમી વાર ચાલે છે. સોળમી વાર સમયસાર ચાલે છે. સોળ. સોલહ. સભામાં. સમજાય છે કાંઈ? આહાહા..!

કહે છે કે '**કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી, પરમાર્થે કરતો નથી,...**' લ્યો. ખરેખર વિકારી પરિણામનો આત્મા કર્તા નથી, રચનાર નથી, બનનાર નથી, થનાર નથી. જેમ કુંભાર ઘડારૂપ થનાર નથી, રચનાર નથી, બનનાર નથી, કર્તા નથી. એમ ધર્મી સમ્યગ્દષ્ટિ જીવ રાગનો કર્તા નહિ, રચનાર નહિ, બનનાર નહિ, એની પર્યાય નહિ. આહાહા..! થોડું ન સમજાય તો રાત્રે પૂછવું. સમજાય છે? રાત્રે એક કલાક રાખ્યો છે ને? કોઈને થોડું કઠણ પડે તો પૂછી લેવું.

'**પરમાર્થે કરતો નથી,...**' ત્યારે કોઈ કહે કે પરમાર્થે કર્તા નથી, વ્યવહારે તો કર્તા છે કે નહિ? એટલે કે ખરેખર કર્તા નથી. બોલવામાં આવે એ ભાષાની વસ્તુ છે. ઘડો કુંભારે કર્યો એ બોલવાની ચીજ છે. વાસ્તવિક ચીજની વસ્તુસ્થિતિ નથી. એમ સમ્યગ્દષ્ટિએ પૂજા કરી, શુભભાવ કર્યા એમ બોલવામાં આવે છે, વસ્તુસ્થિતિ એમ નથી. સમજાય છે કાંઈ? '**પરમાર્થે કરતો નથી, પરંતુ...**' ત્યારે હવે છે શું? '**(માત્ર) પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...**' જુઓ! શું કહે છે? '**(માત્ર) પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...**' એ વિકારી પરિણામ જે દયા, દાન, વ્યવહારના ઉઠ્યા એ સંબંધીનું જ્ઞાન. તે કાળે તે રાગ છે, પુણ્ય-પાપનો વિકલ્પ છે તે સંબંધીનું જ્ઞાન. એનો કર્તા નથી પણ એ સંબંધીનું જ્ઞાન જે પોતામાં સ્વલક્ષે થયું. પુદ્‌ગલપરિણામના જ્ઞાનને. પુદ્‌ગલપરિણામ અર્થાત્ દયા, દાન, કામના પરિણામ, શરીર, વાણીની અવસ્થા પુદ્‌ગલના પરિણામ. બેય પુદ્‌ગલના પરિણામ. એ '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને (આત્માના) કર્મપણે કરતા એવા...**' શું કહે છે? જેટલા પ્રકારના રાગાદિ વિકલ્પ ઉઠે તે સંબંધી જાણતી એવી જ્ઞાનની પર્યાય પ્રગટ થઈ. સ્વના લક્ષે આત્માનું જ્ઞાન થયું તો એ જ્ઞાન સ્વપરપ્રકાશક પર્યાય છે તો રાગાદિના જ્ઞાનની પર્યાય થઈ એ આત્માનું કાર્ય છે. સમજાય છે કાંઈ? ભાઈ! જુઓ!

'**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને (આત્માના) કર્મપણે કરતા...**' જે રાગ, પુણ્ય-પાપના ભાવ એનું અહીંયા જ્ઞાન થયું, પોતામાં રહીને. એવું જે જ્ઞાન થયું તે આત્માનું કર્મ છે, તે આત્માનું કાર્ય છે. '**(આત્માના) કર્મપણે...**' આત્માના કાર્યરૂપે, આત્માની અવસ્થારૂપે, આત્માની દશારૂપે '**કરતા એવા પોતાના આત્માને જાણે છે,...**' જુઓ! એને જાણે છે એમ પણ ન કહ્યું. રાગને જાણે છે, વ્યવહારને જાણે છે, શરીરને જાણે છે એ પણ નહિ. પોતાની પર્યાય તે સંબંધીની જ્ઞાનની પર્યાયનો કર્તા થયો થકો પોતાને જાણે છે. આહાહા..! પરને જાણે છે એમ કહેવું વ્યવહાર છે. પરને શું જાણે? શું પરમાં તન્મય થાય છે? રાગાદિ થયા તેમાં જ્ઞાન તન્મય થાય છે? એ તો ભિન્ન છે. સમજાય છે કાંઈ? ઓહોહો..! વસ્તુસ્થિતિ વીતરાગદર્શન અને આત્મદર્શન અલૌકિક ચીજ છે. વાસ્તવિક તત્ત્વ સાંભળવા ન મળે તો

સમજાય તો ક્યાંથી અને પ્રયોગ તો કરે ક્યાંથી? પ્રયોગ નામ અંતર્મુખ થઈને અનુભવ કરવો એ તો ક્યાંથી કરે?

મુમુક્ષુ :- રાગને જાણે છે કે નથી જાણતો?

ઉત્તર :- રાગને જાણવાની પર્યાય એ પોતાનું કાર્ય. એ પોતાને જાણે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પોતાને જાણે છે, રાગને નહિ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નહિ. એ સંબંધીનું જ્ઞાન પોતાના કર્મપણે થયું તેને જાણે છે.

ફરીથી વાત લ્યો. અહીંયા છોડવાની વાત નથી. ફરીથી જુઓ! કહે છે કે જ્યારે રાગાદિ, પુણ્ય આદિના પરિણામ આત્માનું કાર્ય અને આત્મા કર્તા નથી. તો છે શું? તો કહે છે કે પુદ્ગલપરિણામનું જ્ઞાન. જે રાગ આવ્યો, દયા, દાનનો વિકલ્પ ઉઠ્યો તે સંબંધીનું જ્ઞાન પોતામાં થયું. એ રાગ છે તો થયું છે એમ નહિ. આહા..! આત્મા જ્ઞાનમૂર્તિ છે તો તેનું જ્ઞાન પોતામાં થયું. રાગનું જ્ઞાન થયું. એ જ્ઞાન પોતાના કર્મપણે, એ જ્ઞાન પોતાના કાર્યરૂપે કરતો આત્મા. જ્ઞાનની પર્યાયનું કાર્ય કર્મરૂપે કરતો થકો. રાગને કર્મરૂપે કરતો થકો એમ નહિ. જાણતો થકો. સૂક્ષ્મ વાત છે. સ્પષ્ટ વાત છે. એમાં કોઈ... સમજાય છે કાંઈ?

કહે છે, '**પુદ્ગલપરિણામના જ્ઞાનને...**' અર્થાત્ એ શુભ-અશુભભાવ, તીર્થંકર ગોત્રનો જે ભાવ ઉત્પન્ન થયો એ પુદ્ગલપરિણામ છે. એનું જ્ઞાન કર્યું જ્ઞાનીએ કે આ છે. બસ એટલું. પોતામાં એનું જ્ઞાન થયું. એ સંબંધી જ્ઞાન પોતાનું છે. જ્ઞાન એનું નથી. જ્ઞાન પોતાનું છે. રાગનું જ્ઞાન એ પોતાનું જ્ઞાન છે. એ સંબંધીનું જ્ઞાન કહેવામાં તો નિમિત્ત શું છે એનું જ્ઞાન કરાવ્યું. પણ એ સંબંધીનું જ્ઞાન થયું એ જ્ઞાનરૂપી પર્યાયનું કર્મ કરે છે આત્મા. એ જ્ઞાનરૂપી પર્યાયના કર્મને કરતો થકો પોતાના આત્માને જાણે છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તો નહિ, પણ પાછું રાગને જાણે છે એમ પણ નથી કહ્યું. ઈ તો બીજી વાત થઈ. રાગને જાણે છે એમ નથી કહ્યું. જુઓ!

કહે છે કે '**પુદ્ગલપરિણામના જ્ઞાનને...**' એક વાત થઈ. બીજી વાત '**કર્મપણે કરતા એવા...**' એ પુદ્ગલપરિણામના જ્ઞાનરૂપી કાર્યરૂપે આત્મા કરતો એવો '**પોતાના આત્માને જાણે છે,...**' રાગને નહિ.

મુમુક્ષુ :- વ્યાપ્યવ્યાપક આમાં છે, એમાં નથી.

ઉત્તર :- વ્યાપ્યવ્યાપક એમાં નથી એ બીજી વાત છે પણ એને જાણે છે એમ પણ

નહિ. અહીં તો જરી એમ કહેવું છે. સૂક્ષ્મ વાત છે. તે કાળે રાગ થયો એનું જ્ઞાન (થયું). આત્માના સ્વલક્ષમાં દૃષ્ટિ છે. તો સ્વની પર્યાયનું જેવું કાર્ય થયું એવું તે સંબંધીનું જ્ઞાન થયું. પણ એ જ્ઞાન, એ સંબંધીના જ્ઞાનને કરતો થકો પોતાનો જાણે છે, રાગને નહિ. સમજાય છે કાંઈ? છે એમાં? જુઓ! છે કે નહિ? અહીં તો શબ્દે શબ્દનો અર્થ થાય છે અંદરથી. ઘરની વાત નથી—કલ્પનાની. હોં! વસ્તુની સ્થિતિ એમ છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- બસ, ઈ વાત કહે છે. પરને જાણે છે એમ કહેવું તો શું પરની સાથે તન્મય થાય છે? રાગની સાથે જ્ઞાન તન્મય નથી. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ છે એનું જ્ઞાન થયું. તો શું જ્ઞાન રાગ સાથે તન્મય છે? એ તો કર્મ નહિ, પણ એ સંબંધીનું જ્ઞાન પોતામાં થયું, એ કર્મરૂપે કર્તા, કાર્યરૂપે કર્તા, પર્યાયરૂપે કર્તા થયો તે જ્ઞાનને આત્મા જાણે છે. એને જાણે છે. કાર્ય થયું તેને જાણે છે, પેલાને (રાગને) નહિ. સમજાય છે કાંઈ? ધીમેથી સમજવું. આ તો શાંતિથી સમજવાની વસ્તુ છે.

ભગવાન આત્મા જ્ઞાયકભાવથી ભરેલો ચૈતન્યસ્વરૂપ છે. ચૈતન્યસ્વરૂપ સ્વભાવરૂપ આત્મા. એમ જ્યાં અનુભવ દૃષ્ટિ થઈ તો સમ્યગ્દૃષ્ટિને એ જ્ઞાનની પર્યાય એવી થાય છે, જ્ઞાનની ઉત્પત્તિ થાય છે, જ્ઞાનની ઉત્પત્તિ થાય છે. તો કહે છે કે એ સમયે રાગ થયો ને? રાગ સંબંધીનું જ્ઞાન પોતામાં ઉત્પન્ન થયું. એ પોતામાં ઉત્પન્ન થયું તે પોતાના જ્ઞાનને આત્મા જાણે છે. પોતામાં જે જ્ઞાનની ઉત્પત્તિ થઈ તેને જાણે છે. રાગની ઉત્પત્તિ પોતામાં નથી થતી માટે તેને નથી જાણતો. ફરીથી. શું કહે છે?

મુમુક્ષુ :- હજી સરળ કરો.

ઉત્તર :- વાત સાચી છે.

મુમુક્ષુ :- પોતાને પણ જાણે છે અને તેને પણ જાણે છે.

ઉત્તર :- નહિ, નહિ. એ જાણતો જ નથી. તે સંબંધીનું પોતાનું જ્ઞાન છે તેને જાણે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નહિ, નહિ. એ વ્યવહાર થયો, જ્ઞેયજ્ઞાયક સંબંધ વ્યવહાર થયો, એ પરમાર્થ નથી.

ફરીથી, ફરીથી. કહે છે, '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...**' એ રાગાદિ, પુણ્યાદિ જે પરિણામ થયા કે શરીરાદિ, ભાષાની પર્યાય થઈ એ પુદ્‌ગલપરિણામ છે. તેના જ્ઞાનને. તેના જ્ઞાનને કેમ કહ્યું? કે એ તો નિમિત્ત છે. તે સંબંધી પોતાના જ્ઞાનમાં તે સમયે એવી જ જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ છે. પોતાને જાણવાની પર્યાય ઉત્પન્ન થઈ છે અને તેને જાણવાની પર્યાય

પોતાને કારણે પોતાને આશ્રયે ઉત્પન્ન થઈ છે. રાગના આશ્રયે નહિ.

મુમુક્ષુ :- રાગ સંબંધીનું જ્ઞાન...

ઉત્તર :- રાગ સંબંધીનું જ્ઞાન રાગના આશ્રયે નથી. રાગ છે તો જ્ઞાન ઉત્પન્ન થયું એમ નથી, એમ અહીંયા તો કહે છે. ફરીથી લ્યો. સમજાય છે કાંઈ? ડૉક્ટર! લોજીકથી તો વાત છે. લોજીકથી વાત છે, કોઈ કચડમચડની વાત નથી.

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ ચૈતન્યબિંબ છે. અથવા જ્ઞાનનો સૂર્ય છે ઈ. એમાંથી જે કિરણ નીકળે છે એ તો સફેદ જ છે. એમ આત્મા જ્ઞાનસૂર્ય છે. કિરણ નીકળ્યું. તો જે રાગ છે તે સંબંધીનું જ્ઞાન પોતામાંથી નીકળ્યું છે, રાગને કારણે નહિ.

મુમુક્ષુ :- પુદ્‌ગલપરિણામ છે એટલે નહિ?

ઉત્તર :- નહિ.

મુમુક્ષુ :- રાગ છે એટલે નહિ?

ઉત્તર :- રાગ છે માટે જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ એમ નહિ. એમ બતાવવું છે. જિનેશ્વરદાસજી! સમજાય છે કાંઈ? રાગ તો વિકાર છે, પર છે. પરને કારણે જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે? કેમ કે જ્ઞાનની જે પર્યાય ઉત્પન્ન થઈ તે પોતાનું કાર્ય ખરું. એમાં રાગનું જ્ઞાન કર્યું એમ કહેવામાં આવે છે. પણ એ જ્ઞાન ઉત્પન્ન થયું ઈ રાગ છે તો ઉત્પન્ન થયું એમ નથી. જ્ઞાયક છે તો જ્ઞાનની સ્વપરપ્રકાશક પર્યાય ઉત્પન્ન થઈ. પર્યાયનું કામ કર્મપણે કરતો થકો પર્યાયને આત્મા જાણે છે. ભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તો કહેવાય છે. શું જ્ઞેયાકાર જ્ઞાન થાય છે? જ્ઞાનાકાર જ્ઞાન થયું છે. સમજાય છે કાંઈ? ઈ તો વાત ચાલે છે.

જ્ઞાનમાં ઘટાકાર થયો તે પોતાના અસ્તિત્વમાં પોતાને કારણે થયો કે જ્ઞેયને કારણે ત્યાં જ્ઞાનાકાર થયો? જ્ઞેયને કારણે નહિ, પોતાને કારણે જ્ઞાનાકાર થયો છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ... તો કારણ નહિ?

ઉત્તર :- નહિ, કારણ-બારણ નહિ, કંઈ નહિ. કોઈનું કારણ નહિ. રાગ કારણ છે તો જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ એમ પણ નથી અને રાગ છે તો જ્ઞાન થયું એમ નથી. જ્ઞાન છે તો જ્ઞાન ઉત્પન્ન થયું એમ અહીંયા કહે છે. સમજાય છે કાંઈ? ભગવાન! ચૈતન્યનો માર્ગ કોઈ અલૌકિક છે. આહાહા..!

અહીં તો એમ કહે છે કે '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...**' એ તો એક નિમિત્તથી કથન કર્યું, જ્ઞેયજ્ઞાયકથી. પણ એ જ્ઞાનની જે ઉત્પન્ન થઈ છે એ પોતાના જ્ઞાનગુણનો આશ્રય અંદર

લીધો તેને કારણે ઉત્પત્તિ થઈ છે. રાગ થયો માટે તેને કારણે જ્ઞાનની ઉત્પત્તિ થઈ છે, તેના જ્ઞાન સંબંધીની ઉત્પત્તિ રાગ છે તો ઉત્પત્તિ થઈ છે એમ નથી. સમજાય છે કાંઈ? રાજમલજી! થોડો ફેર પડવાથી આખું વિરુદ્ધ થઈ જાય છે. મલૂકચંદજી! પોતાની પર્યાય છે. જેમાં છે એમાંથી ઉત્પન્ન થઈ છે, પોતાથી ઉત્પન્ન થઈ છે. શું રાગ છે તો ઉત્પન્ન થઈ છે? બિલકુલ નહિ. એ ગુણની પર્યાય ઉત્પન્ન થઈ તો ગુણનો ઉત્પાદ છે. શું રાગ ઉત્પન્ન થયો એનાથી ઉત્પાદ થયો છે?

મુમુક્ષુ :- પોતાના જ્ઞાયકથી ઉત્પન્ન થઈ છે.

ઉત્તર :- હા, તેનાથી ઉત્પન્ન થઈ છે. સમજાય છે કાંઈ? ભલે એ સંબંધીના જ્ઞાનની પર્યાય પોતાથી ઉત્પન્ન થઈ હોય તો પોતાના કાર્યપણે-કર્મપણે-કરતો આત્મા પોતાને જાણે છે. આ એનું નામ આત્માનો ધર્મ અને આત્માનું કાર્ય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ-૮, શુક્રવાર તા. ૨-૮-૧૯૬૮**
**ગાથા-૭૫, પ્રવચન-૫૮૬**

કર્તાકર્મ અધિકાર ચાલે છે. ૭૫ ગાથા. ધર્મીનું કર્મ નામ કાર્ય શું છે? સમજાય છે કાંઈ? ધર્મી શું કામ કરે છે? તો કહે છે કે અંદર જે રાગ-દ્વેષ આદિ પરિણામ થાય છે અને કર્મના ઉદયના પરિણામ અને શરીરની અવસ્થાનું જ્ઞાન કરવું-જાણવું એ સ્વલક્ષે જાણવાનું કાર્ય ધર્મી કરે છે. સમજાય છે કાંઈ? મંદિર અને દેરાસર ધર્મી કરતો નથી. અને અંદર શુભભાવ આવ્યો એને પણ કરતો નથી એમ કહે છે. શેઠી! આત્મા રાગથી, પુણ્યથી, શરીરથી, કર્મથી ભિન્ન પડ્યો, ભેદજ્ઞાન થયું ત્યારે ધર્મી થાય છે. સમજાય છે કાંઈ? ધર્મી (અર્થાત્) પોતાના શુદ્ધ સ્વરૂપને ધારવાવાળો ધર્મી. રાગને અને પરને ધારવાવાળો ધર્મી છે જ નહિ. સમજાય છે કાંઈ? તો કહે છે કે.. આપણે અહીં આવ્યું છે, જુઓ!

**'પુદ્ગલપરિણામના જ્ઞાનને (આત્માના) કર્મપણે કરતો પોતાના આત્માને જાણે છે.'** ધર્મીજીવ પુદ્ગલ નામ પુણ્ય અને પાપના વિકલ્પ જે દયા, દાન, વ્યવહારરત્નત્રયના જે રાગ પરિણામ થાય તેના જ્ઞાનને, એ પુદ્ગલપરિણામના જ્ઞાનને. એ બધા પુદ્ગલપરિણામ છે, અજ્ઞાન છે. એક બાજુ જ્ઞાનસ્વરૂપ ભગવાન જ્ઞાયક, એક બાજુ વિકલ્પ રાગથી માંડીને શરીર આદિ બધું અજીવ અજ્ઞાન. ધર્મીજીવ એ પુદ્ગલપરિણામ જે રાગાદિ પુણ્ય આદિ પરિણામ થાય તેના જ્ઞાનને આત્માના કર્મપણે કરતો થકો. આત્માના કાર્યરૂપે કરતો થકો પોતાના આત્માને જાણે છે. પોતાના આત્માને જાણે છે એમ કહો કે પોતાની પર્યાયને જાણે છે કહો, એક જ વાત છે. સમજાય છે કાંઈ? શબ્દ આત્મા પડ્યો છે પણ એ તો પરિણામને જાણે છે તો પરિણામને જાણે છે તો પરિણામને અભેદ કરીને આત્માને (જાણે છે એમ) કહ્યું છે. રાજમલજી! સમજાય છે કાંઈ?

આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે એવી જ્યાં દૃષ્ટિ થઈ-સમ્યગ્દર્શન થયું, સાથે આત્માનું જ્ઞાન પણ થયું એ પુણ્ય-પાપ અને શરીરથી ભિન્ન પડીને થયું છે. અને પોતાની વર્તમાન પર્યાય દ્રવ્ય સાથે એકત્વ થઈ તો એ જ્ઞાન થયું છે. સમજાય છે કાંઈ? ધર્મી આ બધું કરે છે ને? મંદિર બનાવડાવે છે, ગજરથ ચલાવે છે, પુસ્તક બનાવે છે, બોલે છે, વ્યાખ્યાન કરે છે. ના. ફૂલચંદભાઈ! ચક્રવર્તી એના દિવાનખાનામાં બેઠો હોય, ઈન્દ્ર પણ જેનો મિત્ર હોય, સિંહાસનમાં બેઠો હોય, હીરાનું સિંહાસન હોય. અને લડાઈમાં પણ દેખાય. ચક્રવર્તી લડાઈ કરવા જતો હોય તો. તો કહે છે કે, એ ધર્મી શું કરે છે? સમ્યગ્દૃષ્ટિ કરે છે શું? એ સમયે

જે ક્રિયા શરીરની લડાઈની, વાણીની થાય છે અને તે સમયે જે રાગાદિ પરિણામ અથવા દ્વેષાદિના પરિણામ થયા તેના જ્ઞાનને કરતો થકો, તેના જ્ઞાનને પોતાના કાર્યપણે કરતો થકો પોતાને જાણે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નહિ, નહિ. જાણે જ છે. ભલે લબ્ધરૂપ હો, પણ પોતાને જ જાણે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તો ઉપયોગ ભલે આ બાજુ હો, પણ જાણે તો પોતાને જ છે. એવી સૂક્ષ્મ વાત છે જરી. સમજાય છે કાંઈ? કેમ? ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ જે અનુભવ, પ્રતીતિ થઈ તો જ્ઞાનની પર્યાય જ અંતરમાંથી પ્રગટ થાય છે. એ રાગ અને ક્રિયા છે તેને કારણે પર્યાય પ્રગટ નથી થતી. અને એને જાણે છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. ચાહે તો લડાઈમાં ઊભો હોય, ઉપયોગ ભલે શુભમાં હો પણ જાણવાની ક્રિયા જ એને થાય છે. જિનેશ્વરદાસજી!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ કર્તા થયો જ નથી. જાણનાર છે. ઈ કહે છે. સાંભળો! ભાઈ! એવી વાત છે. એ તો પુદ્ગલની તે સમયે પરાવર્તનની પર્યાય થવાની છે તો થાય છે. અને એ સમયે જરીક દ્વેષાદિના પરિણામ થયા તો તેને પરમાં નાખી દીધા. પોતામાં નથી. એમ વાત છે, સૂક્ષ્મ છે, ભાઈ! બ્રહ્મચારીજી!

મુમુક્ષુ :- ઈ તો જ્ઞાતા-દ્રષ્ટા છે.

ઉત્તર :- જ્ઞાતા-દ્રષ્ટા છે. લડાઈમાં જ્ઞાતા-દ્રષ્ટા રહે છે? ઉપયોગ તો પરમાં છે ને? ઉપયોગ ભલે હો, જાણનાર-દેખનાર જ છે. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે, પ્રભુ! ધર્મની વાત કોઈ સ્થૂળ વાત નથી.

ભગવાન આત્મા એકલો જ્ઞાનનો સૂર્ય, જ્ઞાનસૂર્ય છે. એમ અંતરમાં દૃષ્ટિ થઈ તો જ્ઞાનની ખાણમાંથી જ્ઞાન જ આવે છે. અહીં તો ત્યાં સુધી કહે છે કે પુદ્ગલપરિણામના જ્ઞાનને. એ પણ વ્યવહારથી કહ્યું. કેમ કે તે સમયે પોતાનું જ્ઞાન છે તેની સાથે રાગ સંબંધીનું, લડાઈ સંબંધીનું જ્ઞાન (થાય છે), પણ એ જ્ઞાનનું પરિણમન પોતાથી થયું છે. એ રાગ છે અને ક્રિયા છે તો જ્ઞાનના પરિણામ થયા છે એમ નથી. સમજાય છે કાંઈ? આહા..! ધર્મ ભાઈ સૂક્ષ્મ છે, ભાઈ! અનંત કાળથી એણે પોતાની ચીજ શું છે એને દૃષ્ટિમાં લીધી નથી. રાગ અને પર દૃષ્ટિમાં લીધા એ તો પરભાવ છે. એને પોતાના માનવા એ તો મિથ્યાત્વભાવ છે. એમ વાત છે.

કહે છે, '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...**' પુદ્‌ગલપરિણામ કોને કહ્યા? શુભ-અશુભ ભાવ અને દેહની ક્રિયા, કર્મના પરિણામ, ભાષાની પર્યાય બધા પુદ્‌ગલપરિણામ. આહા..! તેના જ્ઞાનને. તેના જ્ઞાનને એટલે નિમિત્ત સંબંધી નૈમિત્તિક જ્ઞાન થયું એટલે કહે છે. પણ થયું છે પોતાના જ્ઞાનમાંથી જ્ઞાન આવ્યું છે. નહિ કે એ રાગ અને ક્રિયા થાય છે તેની ત્યાં અસ્તિ છે, અસ્તિ છે તો જ્ઞાનના પરિણામ થયા છે એમ નથી. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે. કહે છે કે '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...**' ભાષા કેવી લીધી છે. '**(આત્માના) કર્મપણે કરતા એવા...**' ભગવાન આત્મા પોતાના કાર્યરૂપ કરતો એવો. ધર્મી, તે સંબંધીના જ્ઞાનને પોતાના કાર્યપણે કરતો એવો, પોતાનું કામ એમ કરતો એવો. તેના જ્ઞાનને પોતાનું કામ કરતો એવો. આહાહા..!

ભગવાન! તારી મૂડીમાં અંદર જ્ઞાન અને આનંદ પડ્યા છે. એનો ઉકેલ થાય છે. જ્યારે દૃષ્ટિ ત્યાં પડી તો તેનો ઉકેલ થાય છે. ઉકેલ સમજ્યા? વિકાસ. વિકાસ થાય છે. શું રાગનો વિકાસ થાય છે ધર્મીને? દૃષ્ટિમાં રાગ છે કે દૃષ્ટિમાં દ્રવ્ય છે? દૃષ્ટિમાં તો દ્રવ્ય છે. મહાનિધાન છે, ચૈતન્યનિધાન છે. સમજાય છે કાંઈ? તો કહે છે કે જ્ઞાનીનું ચિહ્ન, એનું એંધાણ, એનું લક્ષણ કઈ રીતે ઓળખાય? કઈ રીતે ઓળખાય? કે તે વખતે પણ, તે સમયે પણ, તે પ્રસંગમાં પણ ધર્મી સમ્યગ્દૃષ્ટિનો રાગ ને પુણ્ય કે દ્વેષ અને શરીરની ક્રિયા કે લડાઈના હથિયાર આદિની ક્રિયા, તે સંબંધીનું પોતાનું જ્ઞાન-પરપ્રકાશકજ્ઞાન જે પોતાથી થયું છે તે પોતાના જ્ઞાનનું કાર્ય કરતો જ્ઞાની પોતાને જાણે છે. ધન્નાલાલજી! એ.. અમૂલખચંદજી!

'**તે આત્મા...**' ત્યાં સુધી તો કાલે આવ્યું હતું. હવે નવું. '**તે આત્મા (કર્મનોકર્મથી) અત્યંત ભિન્ન...**' જુઓ! ધર્મીજીવ ભેદજ્ઞાની જીવ આત્માનું ભાન અને બોધ થયો છે એવો ધર્મી. આત્મા કર્મનોકર્મથી અત્યંત ભિન્ન. રાગના પરિણામ, શુભાદિના પરિણામ કે દેહની ક્રિયાના પરિણામ. દેહની ક્રિયા નોકર્મમાં જાય છે, રાગાદિ કર્મમાં જાય છે. '**(કર્મનોકર્મથી) અત્યંત ભિન્ન...**' જુઓ! અત્યંત અભાવ છે. ધર્મીની જ્ઞાનની પર્યાયમાં એ રાગનું, વિકલ્પનું વ્યવહાર વિકલ્પનું અત્યંત ભિન્નપણું છે. જેઠાલાલભાઈ! આરે..! આહા..! ડૉક્ટર! ન્યાયથી સમજવું પડશે ને. લોજીકથી. અહીં તો ઈ ન્યાય છે કે આત્મા કર્મનોકર્મથી અત્યંત ભિન્ન છે. વિકારના પરિણામ, .. ઉદયની અવસ્થા, એ જડ. શરીરની અવસ્થા અને સ્વાહા આદિ પૂજામાં ક્રિયા થાય છે, એવી ક્રિયા થાય છે એમ કહે છે, હોં! જીવ કરતો નથી. થાય છે પણ એ તરફનો રાગ છે તેનું જ્ઞાન કરતો એવો. કેમકે એ રાગથી અને પરથી, કર્મનોકર્મથી અત્યંત ભિન્ન છે. ધન્નાલાલજી! ભારે ધર્મ આ તો. વ્યવહારધર્મનો..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ચારેય તદ્દન જુદા. પરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ બધા જુદા અને પોતામાં જે રાગ થયો તે પણ આત્માથી અત્યંત ભિન્ન. એ અન્ય દ્રવ્ય છે. આહાહા..! આવો વ્યવહાર કરવો પડે, આવો વ્યવહાર તો કરવો પડે ને? શું કરે? સાંભળ તો ખરો. વ્યવહારનો જે રાગ આવ્યો એ સંબંધી રાગની અસ્તિ છે. તેથી અહીંયા એ સંબંધીની જ્ઞાનની અસ્તિ ઉત્પન્ન થઈ એમ નથી. સમજાય છે કાંઈ? રાગને તો ઉત્પન્ન કરનાર નથી, પરને ઉત્પન્ન કરનાર નથી, પણ રાગની અવસ્થા છે તો એ સંબંધીનું જ્ઞાન ત્યાં (રાગની) અસ્તિ છે તો અહીંયા ઉત્પન્ન થયું એમ નથી એમ કહે છે અહીંયા તો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા. એના જ્ઞાનની પર્યાય પોતાથી ઉત્પન્ન થાય છે. આહા..! વસ્તુ આવી છે. લોકોને સાંભળવા મળે નહિ એટલે કંઈ બીજી વસ્તુ થઈ જાય? પાંચેય ગાથા બહુ ઝીણી-સૂક્ષ્મ છે. ૭૫, ૭૬, ૭૭, ૭૮, ૭૯.

કહે છે, '**આત્મા (કર્મનોકર્મથી) અત્યંત ભિન્ન જ્ઞાનસ્વરૂપ થયો થકો...**' જુઓ! હિંમતભાઈ! જે ઓલા રાગને આમાં પરિણામમાં કર્મને નાખે અને રાગને આત્મામાં રાખે તો અહીં તો અત્યંત જ્ઞાની થયો થકો એમ કહ્યું. રાગી થયો થકો કહ્યું નથી. આમાં જો કહે કે એકલા મોહ, રાગ, દ્વેષ એ કર્મની પર્યાય છે અને આત્માના પરિણામ નહિ. તો અહીં તો કહ્યું કે અત્યંત ભિન્ન થયો થકો, જ્ઞાની થયો થકો. પુણ્ય પરિણામ થયો થકો, રાગી થયો થકો કહ્યું છે? બાબુભાઈ! સમજાય છે? આનો અર્થ લોકો બીજો કરે છે. પહેલા બોલ છે ને? નિશ્ચય મોહ, રાગ, દ્વેષ, સુખ, દુઃખ આદિ એ અંતરંગ પુદ્ગલના પરિણામ છે. એ કર્મના પરિણામ એટલે પુદ્ગલના ઉદયના પરિણામ છે જડના, એમ કહે છે. એમ નથી. જો એમ હોય તો અહીંયા એમ કહે છે કે '**(કર્મનોકર્મથી) અત્યંત ભિન્ન...**' શું થયું? '**જ્ઞાનસ્વરૂપ થયો થકો...**' શું રાગી થયો થકો? પુણ્ય પરિણામસ્વરૂપ થયો થકો? શુભ પરિણામરૂપ થયો થકો એમ કહ્યું છે? સમજાય છે કાંઈ? એ રાગનું જ્ઞાન. તો રાગથી અત્યંત ભિન્ન થયો થકો. ઓહોહો..!

વ્યવહાર વિકલ્પ જે ઉઠે છે તેનાથી તો જ્ઞાનની પર્યાય, ધર્મીની પર્યાય અત્યંત ભિન્ન ચાલે છે. એકમેક થઈને નથી ચાલતી. એક થઈને ચાલે તો મિથ્યાત્વ થઈ ગયું. સમજાય છે કાંઈ? જ્ઞાનની ધર્મની પર્યાય અને રાગની પર્યાય એક થઈને ચાલે તો તો મિથ્યાત્વ થઈ ગયું. એ તો એકબુદ્ધિ (થઈ). રાગ અને આત્માની એકબુદ્ધિ થઈ. કહે છે કે જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાની છે. એમ કહ્યું. કર્મની જડની પર્યાય અને શરીરની પર્યાય એ પુદ્ગલ. એનાથી ભિન્ન થયો થકો રાગી થયો એમ અહીંયા નથી કહ્યું. સમજાય છે કાંઈ? શાસ્ત્રનો ઉકેલ કરવો

કઠણ માણસને. ભારે. આ ગાથાનો આવો અર્થ કરે છે. આગળ એવી કઠણ સૂક્ષ્મ વાત આવશે. પરદ્રવ્યની પર્યાય છે. રાગની અપેક્ષાથી નિર્મળ પરિણામ પરદ્રવ્યની પર્યાય છે. રાગની અપેક્ષાથી આત્માના નિર્મળ પરિણામ રાગની અપેક્ષાથી પરદ્રવ્ય પરિણામ છે. અને પોતાના નિર્મળ પરિણામની અપેક્ષાથી રાગના પરિણામ પરદ્રવ્ય પર્યાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભગવાન! તારો માર્ગ કેવો છે ઈ પહેલા નક્કી તો કરવું પડશે ને એણે. આહાહા..!

અરે..! અનંત કાળથી ચોર્યાશીના અવતાર કલંક કલંક છે. યોગસારમાં આવે છે ને? જન્મ લેવો એ કલંક છે. આહાહા..! શરમજનક. અરે..! આ દેહ, હાડકા, માટીમાં રહેવું (એ કલંક છે). એમાં રહેવું એનો અર્થ રાગની સાથે એકતા કરીને રહેવું એ કલંક છે. સમજાય છે કાંઈ? અને રાગ ને શરીરથી ભિન્ન થઈને જીવવું એ જીવનું જીવન છે. એ ધર્મીનું જીવન અને જીવનું ઈ જીવન છે. આહા..! ચાહે તો ઈન્દ્રપદ હો, ચક્રવર્તી પદ હો, બધી જડની પર્યાય છે. આ પાંચ ઈન્દ્રિયો જડ માટી, આ શરીરના અવયવ છે, પાંચ ઈન્દ્રિય માટીના અવયવ છે. એ પર્યાયને પોતાનો આત્મા કરવાવાળો છે એમ ત્રણ કાળમાં નથી. એનાથી જાણે છે એમ ત્રણ કાળમાં નથી. પોતાને પોતાથી જાણે છે ત્યારે પુદ્‌ગલની પર્યાયનું જ્ઞાન પોતાથી થયું એ પોતાથી થયું. આહાહા..! લોકોને અંતરમાં બેસવું જોઈએ, હોં! ઈ વાત. એવી વાત છે.

કહે છે કે '**જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાની છે,...**' આહાહા..! જ્ઞાનસ્વરૂપ થયો થકો તો જ્ઞાનની પર્યાયમાં અનંતી આનંદ આદિની પર્યાયરૂપ થયો થકો જ્ઞાની એમ લેવું. સમજાય છે કાંઈ? રાગસ્વરૂપ થયો થકો એમ નહિ. પુણ્ય-પાપના ભાવ અને શરીરની ક્રિયાનું જે જ્ઞાન છે, કારણ કે જ્ઞેય-જ્ઞાયક સંબંધથી વાત લીધી છે ને, જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાની છે. તો તે સમયે શ્રદ્ધા, શાંતિ, આનંદની પર્યાયરૂપ થયો થકો ધર્મી છે. સમજાય છે કાંઈ? હવે વિશેષ ચર્ચા કરે છે. અમૃતચંદ્રાચાર્ય ટીકાકાર કુંદકુંદાચાર્યની (ગાથાનો). મુનિ દિગંબર સંત જંગલવાસી વનવાસી. વનમાં ટીકા બની છે. બનાવી એ નિમિત્તથી કથન છે.

કૌંસમાં '**(પુદ્‌ગલપરિણામનું જ્ઞાન...)**' એ પુણ્ય-પાપના ભાવ અને દેહની અવસ્થા વર્તમાનમાં એનામાં થાય છે તે સંબંધીનું અહીંયા જ્ઞાન, આત્મામાં તે સંબંધીનું જ્ઞાન જે પોતાથી થયું તે '**(આત્માનું કર્મ કઈ રીતે છે...**' પુદ્‌ગલપરિણામનું જ્ઞાન આત્માનું કાર્ય કઈ રીતે છે? છે? છે ને ભાઈ એમાં? સંસ્કૃત જુઓ! સંસ્કૃત પ્રમાણે અર્થ છે. જુઓ! સમજાય છે કાંઈ? '**(પુદ્‌ગલપરિણામનું જ્ઞાન આત્માનું કર્મ કઈ રીતે છે તે સમજાવે છે :-)**' શું કહે છે હવે જુઓ.

'**પરમાર્થે...**' ખરેખર. '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...**' પુદ્‌ગલપરિણામના જ્ઞાનને.

પુદ્ગલપરિણામ શું અને જ્ઞાન શું? બે ભિન્ન ભિન્ન વસ્તુ થઈ. '**પુદ્ગલપરિણામના જ્ઞાનને...**' સાંભળો! જે પુણ્ય-પાપના ભાવ, દયા, દાન, વ્રતના ભાવ થાય તે પુદ્ગલપરિણામ. તેના જ્ઞાનને. પંડિતજી! સૂક્ષ્મ વાત છે. વર્તમાનમાં બહુ ગડબડ છે. જો આમ માને તો સોનગઢનો પક્ષ થઈ ગયો એમ માને. અરે..! ભગવાન! શું કરે છે? આમ માને તો, અરે..! સોનગઢ પક્ષના છે. નહિ, નહિ. એ નિશ્ચયનો પક્ષ છે. નિશ્ચય નામ સાચો. સાંભળ તો ખરો. સત્ય પક્ષ છે, યથાર્થ છે. ઈ વાત છે.

કહે છે કે '**પરમાર્થે પુદ્ગલપરિણામના જ્ઞાનને અને પુદ્ગલને...**' ભાષા જુઓ! અહીં પુદ્ગલપરિણામ જે કહ્યા હતા ને? એને અહીંયા પુદ્ગલ કહ્યું છે. સમજો એમાં. પહેલા કહ્યું હતું, પુદ્ગલપરિણામના જ્ઞાનને. એને પુદ્ગલપરિણામ નહિ કહીને પુદ્ગલને એમ કહ્યું છે. સમજાય છે કાંઈ? એ પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, કામ, ક્રોધના પરિણામ એ પુદ્ગલના પરિણામ નહિ કહીને કહ્યું પુદ્ગલને. એ પુદ્ગલ છે. શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અજ્ઞાનમાં છે. જ્ઞાનમાં નથી. કહો, સમજાય છે કાંઈ?

'**પરમાર્થે પુદ્ગલપરિણામના જ્ઞાનને...**' ઈ બે (શબ્દ) છે. તો જ્ઞાન ભિન્ન છે, પુદ્ગલપરિણામ ભિન્ન છે. તો પુદ્ગલપરિણામ પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, કામ, ક્રોધ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતનો રાગ એ બધા પુદ્ગલપરિણામ. અને તેનું જ્ઞાન. એક વાત. એ પુદ્ગલપરિણામના જ્ઞાનને અને પુદ્ગલને. હવે એ જ્ઞાનને અને પુદ્ગલને. જે પુદ્ગલપરિણામ કહ્યું હતું એને અહીંયા પુદ્ગલ કહ્યું. સમજાય છે કાંઈ? છે ને? પુસ્તક સામે પડ્યું છે. એક એક શબ્દે શબ્દનો અર્થ થાય છે. આમાં કાંઈ ખેંચીતાણીને અર્થ નથી થતા. ડાલચંદજી! એમાં છે કે નહિ? એનો શબ્દાર્થ તો થાય છે. જુઓ!

'**પુદ્ગલપરિણામના જ્ઞાનને...**' આ તો મોટું અધ્યાત્મ શાસ્ત્ર છે એટલે એક એક પંક્તિમાં બહુ રહસ્ય ભર્યું છે. કહે છે કે પુણ્ય-પાપના વ્યવહાર રત્નત્રય જે પુદ્ગલપરિણામ છે... આહાહા..! આ તો હજી (એમ કહે છે કે) ચોથે, પાંચમે, છઠ્ઠે એકલા વ્યવહારરત્નત્રય હોય. નિશ્ચય ન હોય. એમ અત્યારે ચાલે છે. બહુ ગડબડ. જૈનદર્શનને બહુ ઉલટપુલટ કરી નાખ્યું. આહા..! અહીં કહે છે, જુઓ! '**પુદ્ગલપરિણામના જ્ઞાનને અને પુદ્ગલને...**' હવે એ પુદ્ગલપરિણામ જે વ્યવહારરત્નત્રય અને કર્મની અવસ્થા અને શરીરની અવસ્થાને પુદ્ગલપરિણામ કહ્યા હતા એને અહીંયા પુદ્ગલ કહી દીધું. હવે એના જ્ઞાનને અને પુદ્ગલને. સમજાય છે કાંઈ? '**ઘટ અને કુંભારની જે વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી...**' જેમ ઘટ અવસ્થા કાર્ય અને કુંભાર કર્તા વ્યાપક એમ નથી. કુંભાર કરનારો અને ઘટ કાર્ય, બે વચ્ચે કર્તાકર્મનો અભાવ

છે. એમ પુદ્ગલને.. સમજાય છે? અને પુદ્ગલ સંબંધી પોતાના જ્ઞાનને, ઘટ અને કુંભારની પેઠે કર્તાકર્મનો અભાવ છે. આહાહા..! આ તો કાંઈક કરે છે તો (જાણે) મોટી શિલા ઉપાડે છે.

કહે છે કે પુદ્ગલને અને પુદ્ગલપરિણામના જ્ઞાનને અથવા પુદ્ગલના જ્ઞાનને. વ્યવહાર છે એ અજ્ઞાનભાવ છે. અજ્ઞાનનો અર્થ એમાં જ્ઞાનનું કિરણ નથી. મિથ્યાત્વભાવ નહિ. પુણ્ય, દયા, દાન, વ્રત, વ્યવહારરત્નત્રય વિકલ્પ છે એ અજ્ઞાનભાવ છે. અજ્ઞાનનો અર્થ એમાં જ્ઞાન નથી. જ્ઞાન નથી તો એને પુદ્ગલ કહી દીધું. ઈ પરમાણુ છે એમ નહિ. પણ એ જ્ઞાન નથી તો જેમ પુદ્ગલમાં જ્ઞાન નથી અને એમાં જ્ઞાન નથી તો બેયને પુદ્ગલ કહી દીધું. સમજાય છે કાંઈ?

કહે છે કે પુદ્ગલપરિણામનું જ્ઞાનપર્યાય જે નિર્મળ છે એને અને પુદ્ગલને '**ઘટ અને કુંભારની જેમ...**' એઈ..! દેવાનુપ્રિયા! તરહ કહે છે ને? પેઠે, માફક. તમારે માફક નથી આવતું? અનુસાર. '**ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી...**' ઘટ કાર્ય અને કુંભાર કર્તા એમ છે નહિ. ઘટ વ્યાપ્ય-અવસ્થા, કુંભાર વ્યાપક-કર્તા એમ છે નહિ. એમ પુદ્ગલને અને પુદ્ગલના પરિણામને આત્મા કર્તા અને પુદ્ગલપરિણામ કર્મ એમ છે નહિ.

મુમુક્ષુ :- ભેદજ્ઞાન થાય છે.

ઉત્તર :- વાત ઈ છે, ભાઈ! આ તો મૂળ વાત છે, મૂળ વાત છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પૂરું ભેદવિજ્ઞાન છે. સમજાય છે કાંઈ?

**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।**
**अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन।।१३१।।**

સંવર અધિકાર છે ને. અત્યાર સુધી જેટલા મુક્ત થયા, મિથ્યાત્વથી મુક્તિ થઈ, અવ્રતથી મુક્તિ થઈ, વિકલ્પથી મુક્તિ થઈ એ ભેદવિજ્ઞાનથી મુક્તિ થઈ છે. પરથી, રાગથી પરથી પૃથક્ કરીને પોતામાં મિથ્યાત્વથી મુક્તિ થઈ, અવ્રતથી પણ પરથી પૃથક્ થઈને મુક્તિ થાય છે. '**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।**' અત્યારે સુધી જેટલા અનંતા સિદ્ધ થયા એ ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે. અને '**अस्यैवाभावतो बद्धा**' એમ નથી કહ્યું કે કર્મને કારણે બંધાયા છે ને કર્મનું જોર છે માટે બંધાયા છે અને કર્મને કારણે રખડે છે. એમ નથી કહ્યું. કર્મને કારણે નિગોદમાં રહ્યો છે એમ અહીંયા નથી કહ્યું. '**अस्यैवाभाव**' ભેદજ્ઞાનના અભાવને કારણે ચાર ગતિમાં રખડે છે એમ કહ્યું છે. સમજાય છે કાંઈ? નિગોદમાં તો કર્મનું

જોર છે કે નહિ? એકેન્દ્રિય સુધી. જ્યારે મન થાય ત્યારે કર્મનું જોર મંદ પડે છે. પણ મન વિનાનું પ્રાણી શું કરે બિચારો? એને તો કર્મના જોરમાં જ ચાલવું પડે પ્રવાહમાં. નહિ? સાચી વાત છે? નહિ, ખોટી વાત છે. એમ છે જ નહિ. સમજાય છે કાંઈ? કહે છે કે એ જીવ પણ ત્યાં નિગોદમાં રહે છે એ પરથી ભેદ નહિ કરવાને લીધે, ભેદના અભાવને લીધે ત્યાં રહ્યો છે. અમરચંદભાઈ! આહાહા..!

**'પુદ્ગલપરિણામના જ્ઞાનને અને પુદ્ગલને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપક...'** વ્યાપ્ય નામ કાર્ય અને વ્યાપક નામ કર્તા. વ્યાપ્ય નામ અવસ્થા અને વ્યાપક નામ દ્રવ્ય. એ દ્રવ્ય અને પર્યાય, કર્તા અને કર્મ ભાવનો. જેમ ઘડામાં અને કુંભારમાં અભાવ છે, એમ **'કર્તાકર્મપણાની અસિદ્ધિ છે...'** જ્ઞાન કર્તા અને રાગ વ્યવહારરત્નત્રય કાર્ય તેનો અભાવ છે. અને વ્યવહારરત્નત્રય કર્તા અને જ્ઞાનની પર્યાય કાર્ય એનો પણ અભાવ છે. સમજાય છે કાંઈ? વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે તો અહીંયા જ્ઞાનની પર્યાય થઈ એમ નથી. રાગાદિના પરિણામ કરવાવાળા અને અહીં જ્ઞાન પરિણામ, સમ્યગ્દર્શન આદિ પરિણામ એને કારણે થયા એમ છે જ નહિ. રાગ સંબંધી જ્ઞાન કહ્યું પણ રાગ કર્તા અને જ્ઞાનના પરિણામ કર્મ એમ છે જ નહિ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નહિ, એનું નામ નિમિત્ત કહેવાય. કર્તા ન થાય એનું નામ નિમિત્ત કહેવાય છે. કર્તા થાય તો નિમિત્ત રહેતું નથી. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા પોતાનું સ્વરૂપ પુણ્ય-પાપના વિકલ્પથી અને પરથી જ્યાં ભિન્ન પડ્યો, અને જ્યાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન થયા તો કહે છે કે એ જ્ઞાન થયું. રાગ હતો, વ્યવહારનો રાગ, રાગ છે એ આત્માનું કાર્ય અને આત્માની જ્ઞાનપર્યાય કર્તા (છે)? ના. ઘટ કુંભારની પેઠે એમાં કર્તાકર્મનો અભાવ છે. બીજી રીતે કહો તો રાગાદિ છે તો અહીંયા જ્ઞાનની પર્યાય થઈ, આ અસ્તિત્વ છે તો જ્ઞાનના પર્યાયનું અસ્તિત્વ છે એમ છે? ના. છે કે નહિ? પંડિતજી! પુસ્તક રાખ્યું છે કે નહિ? અહીં ધીમે ધીમે તો ચાલે છે, ભાઈ! શાંતિથી એક એક શબ્દનો અર્થ શું છે? આ તો સંસ્કૃત ટીકા છે. અમૃતચંદ્રાચાર્ય મુનિ પરમેશ્વરપદમાં બિરાજમાન હતા. ણમો લોએ સવ્વ આઈરિયાણં. સમજાય છે કાંઈ? એક એક અક્ષરમાં, એક એક શબ્દમાં ઘણી ગંભીરતા છે. આગમ છે, આ પરમાગમ છે. આહાહા..!

કહે છે કે **'પુદ્ગલપરિણામના જ્ઞાનને અને પુદ્ગલને ઘટ અને કુંભારની જેમ...'** કર્તાકર્મપણાની અસિદ્ધિ છે. **'અને...'** એક વાત થઈ. **'જેમ ઘડાને અને માટીને...'** પહેલા ઘડો અને કુંભાર હતો. હવે ઘડો અને માટી આવી. **'ઘડાને અને માટીને વ્યાપ્યવ્યાપકભાવનો**

**સદ્‌ભાવ હોવાથી...**' માટી કર્તા છે, ઘડો કાર્ય છે. ઘડો વ્યાપ્ય છે, માટી વ્યાપક છે. ઘડો પર્યાય છે, માટી દ્રવ્ય છે. સમજાય છે? તો કહે છે, એ સંબંધ તો બરાબર છે. માટી કર્તા, માટી દ્રવ્ય, માટી કરવાવાળી ચીજ. કોને? ઘટની પર્યાયની કર્તા. ઘટની પર્યાય એનું કાર્ય, ઘટની પર્યાય વ્યાપકનું વ્યાપ્ય. સમજાય છે કાંઈ? આરે..! ભારે વાતું આકરી પડે આ. કુંભાર ઘડો નથી કરતો.

મુમુક્ષુ :-

ઉત્તર :- અમારે પ્રેમચંદભાઈ કહેતા. આ દાખલો જ કઠણ છે. અમારે પ્રેમચંદભાઈ ગુજરી ગયા. પ્રેમચંદભાઈ નહિ? રાણપુરવાળા. અહીં બેસતા હતા ને. લીલી પાઘડી બાંધતા હતા ઈ. એક સેકંડમાં ગુજરી ગયા, એક સેકંડ. ઘરે બેઠા હતા. અહીંયા ભક્તિ કરી, અહીંયા બેઠા હતા, બે વ્યાખ્યાન સાંભળ્યા. ઘરે ગયા. રામજીભાઈની સાથે ઘરે ગયા. એક કલાક પછી દેહ છોડવો છે. થોડું જમ્યા. એની કાકીમા છે. એને કહે છે, કાકી મને થોડું દુઃખે છે તો રોટલી નહિ ખાઉં. ભાત અને કઢી થોડા લીધા. બેઠા. પાણી પીવા ઊભા થયા અને આમ જ્યાં .. થાય છે, ફૂ. ખલાસ. એક સેકંડ. એ વારંવાર પૂછતા હતા, તમારું આ દૃષ્ટાંત અમને કઠણ પડે છે. કુંભારે ઘડો કર્યો નથી એ વાત અમને કઠણ પડે છે. ફૂલચંદભાઈ! અહીં તો મેં કર્યું, મેં કર્યું, આમ કર્યું, તેમ કર્યું. સમજાય છે? પરનો ઉપકાર કર્યો, પરથી મારામાં ઉપકાર થયો. ભાઈ! એક દ્રવ્યથી બીજા દ્રવ્યમાં કંઈ થતું નથી. આહાહા..!

અહીં તો કહે છે, ભગવાન! તારી જ્ઞાનપુંજી ચિદ્‌ઘન આત્મા, ચિદ્‌ઘન આત્મા એમ જ્યાં દૃષ્ટિ થઈ, ચિદ્‌ઘન પોતાની પુંજી છે એવી દૃષ્ટિ થઈ તો એ ચિદ્‌ઘનમાંથી એ સમયે, એ પ્રસંગે જે રાગાદિ, પુણ્યાદિ ભાવ, અશુભ આદિ કે બાહ્ય ક્રિયા થાય તેની અસ્તિથી અહીંયા જ્ઞાનના પરિણામ થયા છે એમ નથી. પોતાના જ્ઞાનની અસ્તિથી વિકાસ થઈને તે સંબંધીનું જ્ઞાન અને પોતા સંબંધીના જ્ઞાનનો વિકાસ પોતાથી થયો છે. સમજાય છે કાંઈ?

'**ઘડાને અને માટીને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી...**' ત્યાં સદ્‌ભાવ છે, એ સાચાપણું છે, એ ભાવની યથાર્થતા છે તો '**કર્તાકર્મપણું છે...**' કર્તાકર્મપણું છે. માટી કર્તા છે, માટી વ્યાપક છે, માટી દ્રવ્ય છે, ઘડો વ્યાપ્ય છે, ઘડો પર્યાય છે, ઘડો કર્મ છે. કર્મ નામ કામ. સમજાય છે કાંઈ? '**અને જેમ ઘડાને અને માટીને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે તેમ...**' એ દૃષ્ટાંતને આધારે '**આત્મપરિણામ અને આત્માને...**' જુઓ હવે. આત્મપરિણામ એટલે કોણ? જે જ્ઞાતા-દૃષ્ટા અને આનંદના પરિણામ હતા, જે પુણ્ય-પાપના પરિણામનું જ્ઞાન કર્યું હતું એ જ્ઞાનના પરિણામ તે આત્માના પરિણામ. રાગ અને કર્મની ક્રિયા એ આત્માના પરિણામ નહિ. સમજાય

છે કાંઈ? વ્યવહારરત્નત્રય એ આત્માના પરિણામ જ નહિ. આહાહા..! રાડ નાખે ને. અત્યારે તો કેટલાક પંડિતો એમ કહે છે, ચોથે, પાંચમે, છઠ્ઠે શુભઉપયોગ જ છે અને વ્યવહાર મોક્ષમાર્ગ જ છે. આહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, કહે છે ને. તમારે ત્યાંથી ગામમાંથી કહે છે. ખબર છે. આઠમેથી લ્યે છે. અહીં તો છઠ્ઠું ગુણસ્થાન, પંચમ ગુણસ્થાન ઉપરાંતને તો મુખ્યપણે શુદ્ધઉપયોગી કહ્યા છે. ગૌણપણે ચોથે, પાંચમે પણ લીધા છે. શું કહે છે? સમજાય છે? ચોથે, પાંચમે ગૌણપણે (લીધા છે). છઠ્ઠે ગુણસ્થાને વિશેષપણે ત્યાં ચારિત્રની દશા છે તો ત્યાં વીતરાગી સમકિતી નિશ્ચય સમકિત ત્યાં ગણ્યું છે. આ તો કહે છે, છઠ્ઠે સુધી, સાતમે સુધી કોઈ નિશ્ચયસમકિતી હોય નહિ. નિશ્ચય આઠમે થાય. આહા..! અત્યારે કોઈ છે જ નહિ માટે કંઈ વાંધો નહિ. શુભ કરો છો, તમે ધર્મી છો. ઈ કહે છે ને, આઠમે હોય. તેથી સમકિત નથી. સમકિત છે પણ વ્યવહારસમકિત છે, નિશ્ચય નહિ. આહા..! નિશ્ચય સ્વભાવનો આશ્રય લીધા વિના તને સમ્યગ્દર્શન આવ્યું ક્યાંથી? વ્યવહાર શુભયોગ તો પરના આશ્રયે છે. એ તો અહીંયા કહે છે, શુદ્ધઉપયોગના પરિણામ તારી ચીજ છે. શુભઉપયોગને જાણતા જે પરિણામ એ તારી ચીજ છે અને એ આત્માના પરિણામ છે. આત્માના પરિણામ અને આત્મામાં વ્યાપ્યવ્યાપક સંબંધ છે. જુઓ! ભાઈ! અહીંયા શું છે? કોઈ મધ્યસ્થતાથી વાંચતા નથી.

મુમુક્ષુ :- બિલકુલ સાફ છે.

ઉત્તર :- સાફ છે પણ સાચી ચીજ છે. ચીજ કંઈ અવ્યક્ત છે? સ્પષ્ટ છે. એક એક શ્લોકમાં ઘણી ગંભીરતા. દિગંબર સંતો અંતરની અનુભવની વાત ચારિત્ર સહિતની વાત કહે છે. સમજાય છે કાંઈ? પોતાના સ્વસંવેદનના વૈભવથી ચારિત્રના વેદનથી કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, ઈ વાત છે. ઓહોહો..! આવી વાત અત્યારે ક્યાંય કોઈ શાસ્ત્રમાં બીજામાં તો છે જ નહિ, પણ આવી સ્પષ્ટતા કર્તાકર્મની અહીંયા છે એવી સ્પષ્ટતા બીજા શાસ્ત્રોમાં નથી. સમજાય છે કાંઈ? કુંદકુંદાચાર્યે કર્તાકર્મ અધિકાર એવો બનાવ્યો છે! ઓહો..! આવી સ્પષ્ટતા. ૭૬ ગાથા છે ને. બીજા ગ્રંથમાં આવી સ્પષ્ટતા ક્યાંય નથી.

મુમુક્ષુ :- ભારતવર્ષમાં ક્યાંય નથી.

ઉત્તર :- ભારતવર્ષમાં બીજામાં તો ક્યાંય છે જ નહિ. વીતરાગ માર્ગ દિગંબર ધર્મ સિવાય બીજામાં તો છે જ નહિ. સમજ્યા? દિગંબર ધર્મ એ આત્માનો ધર્મ છે, હોં! કોઈ સંપ્રદાયનો નહિ. દિગ્ નામ કપડા, એનાથી રહિત આત્માનો સ્વભાવ એનું નામ દિગંબર

ધર્મ. સમજ્યા? એ તો મુનિની દિગંબર દશાથી નામ દીધું છે. અહીં તો વ્યવહારના કપડા પણ આત્મામાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ? વિકલ્પના કપડા એ જડમાં જાય છે. આહા..! જુઓ!

મુમુક્ષુ :- ઉતારી દીધા.

ઉત્તર :- ઉતારી દીધા. વ્યવહારે સમકિતી. આવે છે ને? ભાઈ! એમાં. યશોવિજયમાં. વ્યવહારે સમકિતી. અરે..! ભાઈ! મોટા પંડિત. આ બધા પણ એમ કહે છે ને. એનાથી વધારે કહે છે. એણે તો વળી એક ઠેકાણે એમ પણ કહ્યું. જેમ જેમ નિરુપાધિ.. સમજ્યાને? 'જે જે અંશે રે નિરુપાધિક કહ્યું' યશોવિજય શ્વેતાંબરના આચાર્ય છે. 'જે જે અંશે રે નિરુપાધિક કહ્યું, તે તે અંશે ધર્મ, ચોથા સમકિત ગુણસ્થાન થકી ધ્યાવ લહે શિવશર્મ. જે જે અંશે રે નિરુપાધિક કહ્યું...' રાગ અને પુણ્યના વિકલ્પની ઉપાધિથી રહિત પોતાના શુદ્ધ સ્વભાવના શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ જે વીતરાગી પર્યાય છે તેટલે અંશે ધર્મ છે. સમજાય છે કાંઈ? 'જે જે અંશે રે નિરુપાધિક કહ્યું' ભાઈ ફૂલચંદભાઈ! ઈ યશોવિજયનું છે. પણ પાછો બીજે બીજો અર્થ કરે એટલે ગડબડ ઉઠે. વ્યવહારથી થાય ને.. આહાહા..! 'ચોથા સમકિત ગુણસ્થાન થકી નિરુપાધિ' રાગ વિનાની ચીજ નિરુપાધિ એ ધર્મ છે. અને .. ઉપાધિ. જેટલા રાગાદિ ઉપાધિ વિભાવ વ્યાધિ છે. વિભાવની વ્યાધિ. સમજાય છે કાંઈ? આહા..!

કહે છે કે જેમ ઘડાને અને માટીને કર્તાકર્મ સંબંધ છે, '**તેમ આત્મપરિણામને...**' આત્મપરિણામનો અર્થ? સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની વીતરાગી પર્યાય તેનું નામ આત્માના પરિણામ. વ્યવહારરત્નત્રય ભગવાન આત્માના પરિણામ નહિ. એ જડના પરિણામ.

મુમુક્ષુ :- વ્યવહારથી..

ઉત્તર :- બિલુકલ નહિ. વ્યવહારથી આત્માના પરિણામ પર્યાય. નિશ્ચયથી આત્મા દ્રવ્ય. સમજાય છે કાંઈ? આહાહા..! ઈ આવ્યું છે ને? પ્રવચનસારમાં ૯૪ ગાથામાં આવ્યું છે. આત્મવ્યવહાર. ચૈતન્યવિલાસ નામ આત્મવ્યવહાર. રાગ નહિ. રાગ તો પરમાં ગયો. ચૈતન્યવિલાસ. પ્રવચનસારની ૯૪મી ગાથામાં છે. સમજાય છે કાંઈ? ૯૪ ગાથા, જ્ઞેય અધિકાર. ભગવાન આત્મા પુણ્ય-પાપના વિકલ્પથી રહિત પોતાના દ્રવ્યની દૃષ્ટિમાં શ્રદ્ધા, જ્ઞાન અને રાગરહિત વિલાસની પરિણતિ છે તે આત્મવિલાસ એ વ્યવહાર છે. ચેતનવિલાસ એ વ્યવહાર છે. રાગાદિ વ્યવહાર નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? છે એમાં? જુઓ! અજ્ઞાની છે, એમાં એ રીતે છે, પછી જ્ઞાની છે. જુઓ!

'**અવિચલિતચેતનાવિલાસમાત્ર આત્મવ્યવહારને અંગીકાર કરીને,...**' ધર્મીજીવ કેવો છે? અવિચલિતચેતનાવિલાસ. જ્ઞાન, શ્રદ્ધા, શાંતિ, અરાગી શ્રદ્ધા, અરાગી જ્ઞાન અને અરાગી

પરિણામ. નિર્મળ જે મોક્ષમાર્ગના પરિણામ. એને અવિચલિતચેતનાવિલાસમાત્ર આત્મવ્યવહાર. એ આત્માનો વ્યવહાર છે. પર્યાય છે ને. પર્યાય વ્યવહાર છે, દ્રવ્ય નિશ્ચય છે. પેલા રાગાદિ વ્યવહાર નથી. નિશ્ચયમોક્ષમાર્ગ એ વ્યવહાર છે. વ્યવહાર મોક્ષમાર્ગ છે જ નહિ. એ તો જડના પરિણામમાં ગયો. સમજાય છે કાંઈ? આ તો પોતાના નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પર્યાયને અવિચલિતચેતનામાત્ર આત્મવ્યવહાર કહેવામાં આવ્યો છે. પુણ્ય-પાપ, દયા, દાનના વિકલ્પ, વ્યવહારરત્નત્રય તો વ્યવહાર પણ નથી એનો. એ તો પર અને મનુષ્યવ્યવહાર છે. મનુષ્યનો વ્યવહાર ચાર ગતિમાં રખડવાવાળાનો વ્યવહાર છે. આહાહા..! ભારે કામ આકરું. ૯૪ ગાથા. જુઓ! સમજ્યા?

‘**જેમાં સમસ્ત ક્રિયાકલાપને ભેટવામાં આવે છે એવા મનુષ્યવ્યવહારનો આશ્રય નહિ કરતા થકા,...**’ ધર્મીજીવ દયા, દાનના વિકલ્પની જે ક્રિયા છે તેને પોતામાં એકત્વ કરતો નથી. જુઓ! ક્રિયાકલાપને ભેટવામાં આવે એવો આશ્રય નથી કરતો. રાગનો આશ્રય ધર્મી કરતો જ નથી. સમ્યગ્દૃષ્ટિ વ્યવહારનો આશ્રય નથી કરતો. સમજાય છે કાંઈ? આહાહા..! આકરી વાત. લોકોને એવું લાગે કે સોનગઢે આવું કાઢ્યું. સોનગઢે કાઢ્યું છે કે અનાદિનું છે આ? આહા..! ‘એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ’. ત્રણે કાળ ભગવાનનો માર્ગ એક જ છે. એમાં ગડબડ કરે એટલે કંઈ બીજો થઈ જાય છે એમ નથી. ૯૪ ગાથામાં બહુ લીધું છે. ૯૪. નવ અને ચાર. આત્મવ્યવહાર-અવિચલિતચેતના આત્મવ્યવહાર. મિથ્યાદૃષ્ટિ અવિચલિત આત્મવ્યવહારથી ભ્રષ્ટ થઈને પુણ્યપરિણામને વ્યવહાર માનીને રખડે છે. સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ!

અહીં કહે છે, ઘડા અને માટીની પેઠે કર્તાકર્મનો સંબંધ છે. ‘**તેમ આત્મપરિણામ...**’ અર્થાત્ ચેતનવિલાસ જે અહીંયા કહ્યો. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે નિશ્ચય સ્વઆશ્રયે વીતરાગી પર્યાય ઉત્પન્ન થઈ તે આત્મવ્યવહાર, તે આત્મપરિણામ. ત્યાં જે વ્યવહાર કહ્યો હતો, અહીંયા પરિણામ કહ્યું છે. પરિણામ વ્યવહાર છે. ભેદ પડી ગયો ને. દ્રવ્ય નિશ્ચય છે તો પરિણામ વ્યવહાર છે. આહાહા..! કેમ રાજમલજી! ‘**આત્મપરિણામને અને આત્માને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી...**’ નિશ્ચય મોક્ષમાર્ગ એ આત્માનો વ્યવહાર અને એ આત્માના પરિણામ. પર્યાય છે માટે. રાગ વિકલ્પ આદિ જડમાં ગયા. આહાહા..!

અરે..! હજી સત્યની ખબર ન મળે અને શાસ્ત્રના અર્થ પણ ઊંધા કરે. ‘જાતિ અંધનો રે દોષ નહિ આકરો, જાતિ અંધનો રે દોષ નહિ આકરો,’ જે જન્મથી અંધ છે એ બિચારો ‘જો જાને નહિ અર્થ, મિથ્યાદૃષ્ટિ રે તેથી આકરો, અરે.. કરે અર્થના અનર્થ’. શાસ્ત્રના અર્થના અનર્થ કરે, એ જાતિઅંધ કરતાં મિથ્યાદૃષ્ટિ મહા કલુષિત કર્મ (બાંધી) નિગોદમાં જવાના છે.

આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે, '**આત્મપરિણામને અને આત્માને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી કર્તાકર્મપણું છે...**' જુઓ! ઓહો..! ભગવાન આત્મા કર્તા થઈને પોતાના શુદ્ધ પરિણામ જે પુણ્ય-પાપના વ્યવહારના જ્ઞાનપરિણામ થયા તે પોતાના શુદ્ધ જ્ઞાન, શ્રદ્ધા, શાંતિના પરિણામરૂપી કર્મ કરનાર આત્મા છે. કર્તા આત્મદ્રવ્ય અને એ વીતરાગી પરિણામ ચોથે ગુણસ્થાને જે સમ્યગ્દર્શન, જ્ઞાન અને સ્વરૂપાચરણ આદિ સ્થિરતા થઈ તે પોતાના પરિણામ. તેનો આત્મા કર્તા છે અને તે પરિણામ તેનું કાર્ય છે. સમજાય છે કાંઈ? આમાં તો કંઈ ગડબડ રહે એવી કોઈ વસ્તુ નથી.

હવે કહે છે જરી. વિશેષ ખુલાસો કરે છે. '**આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી...**' શું કહે છે? વ્યવહારરત્નત્રયના વિકલ્પ છે, દેહની ક્રિયા છે તો એની કંઈ મદદ મળી કે નહિ સમ્યગ્દર્શન-જ્ઞાનના પરિણામમાં? કારણ કે એ સંબંધી જ્ઞાન કહ્યું હતું ને? શું કહ્યું? અમરચંદભાઈ! સમજાણું? પહેલા કહ્યું હતું ને? વ્યવહારરત્નત્રય, દેહની પર્યાય તે સંબંધીનું અહીંયા જ્ઞાન. તે સંબંધીનું જ્ઞાન થયું એમાં કોઈ પરની અપેક્ષા છે કે નહિ એ પરિણામમાં? સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના જે મોક્ષમાર્ગના પરિણામ, ધર્મીના શુદ્ધ પરિણામ થયા એમાં પરની કોઈ અપેક્ષા છે કે નહિ? આહા..! વ્યવહાર છે તો અહીં વ્યવહારથી જ્ઞાન થયું એમ નથી. વ્યવહાર છે અસ્તિ તો એ સંબંધીનું અહીંયા જ્ઞાન થયું ને? જ્ઞાન થયું. તો જ્ઞાન થવામાં એની કોઈ અપેક્ષા છે કે નહિ એ અસ્તિની? નહિ. અસ્તિની અપેક્ષા નહિ, હોં! રાગથી જ્ઞાન થાય છે એ તો છે જ નહિ. રાગ કારણ અને શુદ્ધતા કાર્ય એ તો અહીંયા છે જ નહિ. આ તો રાગાદિ છે તો અહીંયા તે સંબંધીનું જ્ઞાન થયું તો એ જ્ઞાનની પર્યાયમાં નિમિત્તની અસ્તિની અપેક્ષા છે કે નહિ? નહિ. ફૂલચંદજી! આહા..! આવો માર્ગ! વીતરાગનો આવો માર્ગ છે? વીતરાગનો આવો માર્ગ છે. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ'.

કહે છે કે '**આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી...**' શું કહે છે? સ્વતંત્ર વ્યાપક હોવાથી. આત્માએ સમ્યગ્દર્શનના પરિણામ કર્યા અને સમ્યગ્જ્ઞાનના પરિણામ કર્યા અને ચારિત્રની વીતરાગ પર્યાય થઈ, એ આત્મદ્રવ્ય સ્વતંત્ર કર્તા થઈને (કરે છે). કર્તા કહેવું છે ને? કર્તાકર્મની વાત સિદ્ધ કરે છે. આત્મપરિણામ કાર્ય, આત્મા કર્તા. કઈ રીતે? આત્મદ્રવ્ય કર્તા સ્વતંત્ર થઈને વ્યાપક થાય છે. અમરચંદભાઈ! જુઓ! '**આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક...**' કર્તા સ્વતંત્ર છે. એ રાગાદિ છે તેનાથી અહીંયા કાર્ય તો ન થયું પણ કોઈ અપેક્ષાએ એની અસ્તિ છે, એ સંબંધીનું જ્ઞાન થયું તો એમાં સ્વતંત્રતા રહે છે કે થોડીઘણી પરતંત્રતા થાય છે? નહિ. પૂરેપૂરી સ્વતંત્રતા (રહી છે). દ્રવ્યના અંતર આશ્રયથી રાગ સંબંધીનું જ્ઞાન, વ્યવહાર સંબંધીનું જ્ઞાન

પોતાનું દ્રવ્ય સ્વતંત્ર થઈને વ્યાપક થાય છે. સમજાય છે કાંઈ? આ તો સમયસારની મૂળ ચીજ છે. આ મૂળ ગાથા છે. સમજાય છે કાંઈ?

નિશ્ચયરત્નત્રયના પરિણામ એ આત્માના પરિણામ. પણ એ પરિણામનો કર્તા કોણ? સ્વતંત્ર આત્મદ્રવ્ય. એમાં પરની બિલકુલ અપેક્ષા નથી. સમજાય છે કાંઈ? જુઓને! છે ને? પુસ્તક સામે છે ને? '**આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક...**' ભગવાન આત્મા..! જુઓ! શું કહે છે? જ્ઞાયકસ્વરૂપ શુદ્ધ દ્રવ્ય સ્વરૂપ ધર્મીની દૃષ્ટિમાં જે દ્રવ્ય આવ્યું તો એ દ્રવ્ય જ સ્વતંત્ર વ્યાપક થઈને કર્તા થઈને.... સ્વતંત્રપણે કરે તે કર્તા. સ્વતંત્રપણે કરે તે કર્તા. અને કર્તાનું ઈષ્ટ તે કર્મ. કર્તાનું પ્રિય તે કર્મ. જ્ઞાની સ્વતંત્રપણે પોતાના દ્રવ્યથી વ્યાપક કર્તા થઈને '**આત્મપરિણામનો એટલે કે પુદ્‌ગલપરિણામના જ્ઞાનનો કર્તા છે...**' આત્મપરિણામનો એટલે પુદ્‌ગલપરિણામના જ્ઞાનનો. સ્પષ્ટ કર્યું છે ને. સમજાય છે કાંઈ? આ ધીમેથી તો કહેવાય છે. પેલા પ્રોફેસર બોલી જાય એવી વાત નથી અહીંયા.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, પોતાનો કર્તા સ્વતંત્ર થઈને તે સંબંધીના જ્ઞાનપરિણામનો કર્તા થાય છે. વ્યવહારનું જે જ્ઞાન થયું તે જ્ઞાનપરિણામ આત્મા સ્વતંત્ર પોતાના પુદ્‌ગલપરિણામના જ્ઞાનને કરે છે. સમજાય છે કાંઈ? જુઓને, પુસ્તકમાં છે ને? ભાઈ! આ તો ઊંચી ગાથા લીધી છે. સોળમી વાર શરૂ કરવું હતું પહેલેથી. પણ આ તમારે શું કહેવાય? ક્લાસ. થોડું સાંભળે તો ખરા શું છે જૈનદર્શનનો કર્તાકર્મ સંબંધ. આમ ને આમ ઊંધા અર્થ કરે અને માને કે અમે સમયસારનો અર્થ કરીએ છીએ. કુંદકુંદાચાર્ય એમ કહે છે, અમૃતચંદ્રાચાર્ય આમ કહે છે, એટલે કે પરમેશ્વર એમ કહે છે. પોતાની દૃષ્ટિથી શાસ્ત્રના અર્થ કરે અને કહે છે કે પરમેશ્વર આમ કહે છે અને કુંદકુંદાચાર્ય પણ આમ કહે છે.

મુમુક્ષુ :- તમે કુંદકુંદાચાર્યને માનતા નથી.

ઉત્તર :- માનતા નથી. અરે..! ભગવાન! તમારા ઈષ્ટ તો કુંદકુંદાચાર્ય છે તો તમે ઈષ્ટને તો માનતા નથી. ઈ તો એમ કહે છે કે વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય. એમ ત્યાં કહે છે. પંચાસ્તિકાયમાં એમ કહે છે. અરે..! ભગવાન! તને એના અર્થની ખબર નથી. વ્યવહાર સાધન તો વ્યવહારનયથી નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. સમજાય છે કાંઈ? પંચાસ્તિકાય આદિમાં વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય કહ્યું છે એ તો તે સમયે વ્યવહાર કેવો હતો એનું જ્ઞાન કરાવ્યું છે. એ ખરેખર સાધન છે અને અહીં સાધ્ય થયું છે એમ એનો અર્થ નથી. સમજાય છે કાંઈ? હવે કોઈ કહે કે વ્યવહાર પહેલા અને નિશ્ચય પછી. કેમ? કે સાધન પહેલા હોય, સાધ્ય પછી હોય. અરે..! એમ છે જ નહિ. સાંભળ તો ખરો. અને કારણ પહેલા અને

કાર્ય પછી. તો વ્યવહારને કારણ કહ્યું અને નિશ્ચયને કાર્ય કહ્યું. માટે કારણ પહેલા હોવું જોઈએ. અરે..! સાંભળ તો ખરો. રાગને કારણ કહ્યું એ તો નિમિત્તના કથનથી વ્યવહારથી કહ્યું છે. છ ઢાળામાં આવ્યું ને? મુખ્ય-ઉપચાર. છેલ્લી ગાથાઓમાં. મુખ્ય નિશ્ચય, વ્યવહાર ઉપચારથી કથન છે. છેલ્લી ગાથામાં આવે છે. મુખ્ય-ઉપાચર. મુખ્ય તો નિશ્ચય છે. મુખ્ય તો એ ઊભું છે. રાગને વ્યવહારને કહેવું એ તો ઉપચાર છે. ઉપચાર સાધન કહ્યું એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે કહ્યું. અહીં તો કહે છે કે નિમિત્ત છે તો જ્ઞાન થયું? ના. એમ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

જે જ્ઞાનની પર્યાય પોતાના દ્રવ્યથી સ્વતંત્ર વ્યાપક થઈને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય દ્રવ્યના લક્ષે દ્રવ્ય સ્વતંત્ર વ્યાપક થઈને થઈ છે. એમાં કોઈ પરની અપેક્ષા નથી. નિશ્ચય મોક્ષમાર્ગ પોતાના દ્રવ્યથી વ્યાપક થઈને થયો એમાં કોઈ પરની અપેક્ષા નથી. ભગવાનનો માર્ગ સાપેક્ષ અને નિરપેક્ષ બેય છે એમ કહે છે. એઈ..! અમરચંદભાઈ! સાંભળ તો ખરો. નિરપેક્ષ માર્ગ યથાર્થ છે એનું જ્ઞાન થયું પછી નિમિત્ત કોણ છે એનું જ્ઞાન કરે છે. આહાહા..! ભારે વાત ભાઈ!

‘**આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી...**’ સ્વતંત્ર કર્તા હોવાથી. આત્મપરિણામ નામ મોક્ષનો માર્ગ. વીતરાગી શ્રદ્ધા આત્માની, વીતરાગી સ્વસંવેદનજ્ઞાન અને રાગ રહિત સ્વરૂપાચરણ સ્થિરતા. એ ‘**આત્મપરિણામનો એટલે કે પુદ્‌ગલપરિણામના જ્ઞાનનો કર્તા છે...**’ સ્વતંત્ર થઈને પુદ્‌ગલપરિણામના જ્ઞાનનો કર્તા છે. પુદ્‌ગલપરિણામની અસ્તિની અપેક્ષા છે તો અહીંયા જ્ઞાન થાય છે એમ નથી. ‘**અને પુદ્‌ગલપરિણામનું જ્ઞાન...**’ અને વ્યવહારરત્નત્રયનો જે વિકલ્પ છે એ પુદ્‌ગલપરિણામ છે. તેનું જે અહીંયા જ્ઞાન થયું એ વ્યાપક છે અને એમાં વ્યાપ્ય થવાથી કર્મ છે. એ પર્યાય સ્વયં વ્યાપ્ય થઈ ગઈ. એ પણ પરની અપેક્ષા વિના. આહા..! કેટલી સિદ્ધિ કરે છે! દ્રવ્ય વ્યાપક કર્તા અને પર્યાય તે સમયની તે જ સમયે થવાવાળી તે જ સ્વયં વ્યાપક થઈને વ્યાપ્ય થઈ છે. ઓહોહો..! ભાઈ! એઈ..! દ્રવ્યની અપેક્ષા નથી એમ કહે છે. પરની અપેક્ષા તો નથી પણ દ્રવ્ય વ્યાપક છે માટે (વ્યાપ્ય થઈ એમ નથી). અહીં તો કહે છે, કર્તા હો. પણ ‘**પુદ્‌પરિણામનું જ્ઞાન તે વ્યાપક વડે સ્વયં વ્યાપતું હોવાથી કર્મ છે.**’ પોતાની પર્યાય સ્વયં વીતરાગી પર્યાયથી એનું કાર્ય છે. સમજાય છે કાંઈ? એનું નામ મોક્ષનો માર્ગ અને એનું નામ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. વિશેષ વાત આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ-૧૦, શનિવાર તા. ૩-૮-૧૯૬૮**
**ગાથા-૭૫, કળશ-૪૯ પ્રવચન-૫૮૭**

છેલ્લો ભાગ છે. '**પુદ્‌ગલપરિણામનું જ્ઞાન તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી (વ્યાપ્યરૂપ થતું હોવાથી) કર્મ છે,...**' ત્યાં સુધી આવ્યું હતું. શું કહે છે? '**વળી આ રીતે (જ્ઞાતા પુદ્‌ગલપરિણામનું જ્ઞાન કરે છે તેથી)...**' શું કહે છે? આત્મા પુણ્ય-પાપથી ભિન્ન પડીને પોતાના સ્વરૂપનું જ્ઞાન અને ભાન થયું, તે પ્રસંગમાં જે શુભ-અશુભ આદિ રાગ થાય છે એનું જ્ઞાન કરે છે. શુભ-અશુભને પોતામાં ભેળવતો નથી પણ એનું જ્ઞાન કરે છે. સમજાય છે કાંઈ? કહે છે કે '**(જ્ઞાતા પુદ્‌ગલપરિણામનું જ્ઞાન કરે છે તેથી) એમ પણ નથી કે...**' બહાર છોકરાઓ તોફાન કરે છે ને. આત્મા-ધર્મ કરનાર આત્મા... આ તો અધ્યાત્મ વાત છે. એને નહિ બેસે. છોકરાઓને સંભળાવ્યે સંભળાય નહિ. ઈ તો રોવે જ ને બિચારા, શું કરે?

કહે છે કે ધર્મી આત્મા પોતાનું જ્ઞાનસ્વરૂપ કરે છે તેથી જે રાગાદિ દયા, દાન, વ્રતાદિના શુભપરિણામ થાય છે તેને જાણે છે. પોતાના માનતો નથી. જેને પોતાના માનતો નથી તેનાથી પોતાને લાભ થાય એમ બનતું નથી. સમજાય છે કાંઈ? તો કહે છે કે પુદ્‌ગલપરિણામનું જ્ઞાન કરે છે તેથી એમ પણ નથી.. કેમકે એમ આવ્યું ને કે પુણ્ય-પાપના ભાવ જ્ઞાતા-ધર્મી એનું જ્ઞાન કરે છે એટલો તો સંબંધ થયો ને? સમજાય છે કાંઈ? શુભ-અશુભભાવ જ્ઞાનીને (થાય છે) તેનું જ્ઞાન કરે છે. એ જ્ઞાન કરે છે એટલો સંબંધ થયો ને? તો કહે છે, '**એમ પણ નથી કે પુદ્‌ગલપરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય છે;...**' આવા શુભ-અશુભ પરિણામને આત્મા જાણે છે તો એમ નથી કે શુભ-અશુભ પરિણામ આત્માની પર્યાય થઈ જાય. સમજાય છે કાંઈ? શુભ-અશુભને જાણે છે. આત્મા જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ છે એમ ભાન થયું તો શુભ-અશુભ પરિણામને જાણે તેથી કંઈ શુભ-અશુભ પરિણામ જીવની પર્યાય થઈ જાય એમ નથી. સમજાય છે કાંઈ? જુઓ! શુભપરિણામ જીવની પર્યાય નહિ. સુકૌશલજી! આહાહા..!

મુમુક્ષુ :- જાણે છે.

ઉત્તર :- જાણે છે. એમ વાત છે. ઓહોહો..! શુભજોગની તો અત્યારે મોટી ગડબડ ચાલી છે. અરે..! ભગવાન!

અહીં તો કહે છે, જ્ઞાતા. વસ્તુ સ્વરૂપ જ જ્ઞાતા છે-દ્રવ્યસ્વભાવ. તો એ વસ્તુના સ્વરૂપનું ભાન થયું જ્ઞાનમાં તો જ્ઞાતા નામ આત્મા, જ્ઞાતા થયો તે આત્મા. દ્રવ્ય તો જ્ઞાતા છે જ

પણ જે પોતાના ભાનમાં જ્ઞાતા થયો, તેને શુભ-અશુભ પરિણામ અને દેહની, વાણીની ક્રિયા અને મંદિર આદિની ક્રિયાનું એ જ્ઞાન કરે છે, જ્ઞાન કરે છે કે આ છે. એટલું. પણ એટલા માત્રથી એ પોતાના આત્માની પર્યાય થઈ જાય કે આત્માનું કર્મ થઈ જાય કે આત્માનું કાર્ય થઈ જાય કે આત્માનું કર્તવ્ય થઈ જાય એમ બનતું નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

'**(જ્ઞાતા પુદ્ગલપરિણામનું જ્ઞાન કરે છે તેથી) એમ પણ નથી કે પુદ્ગલપરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય છે...**' આહાહા..! ભગવાન આત્મા ચિદાનંદ સચ્ચિદાનંદ સ્વરૂપમાં ઈ રાગ તો અજ્ઞાન છે. રાગ-શુભરાગ પણ અજ્ઞાન છે, પોતાની જ્ઞાનની પર્યાય નહિ. આહાહા..! તો કહે છે કે અંધકારનું જ્ઞાન અહીંયા થયું. પોતાના અસ્તિત્વમાં-પોતાની હયાતીમાં પોતાનું અને એનું જ્ઞાન થયું. એટલું જ્ઞાન થયું તેથી રાગની કે દેહની કે મંદિરની અવસ્થા આત્માનું કાર્ય થઈ જાય છે? આત્માની અવસ્થા થઈ જાય છે? નહિ. સમજાય છે કાંઈ? '**કારણ કે પુદ્ગલને અને આત્માને...**' જુઓ! અહીંયા પાછું પુદ્ગલ લીધું. શુભ-અશુભ પરિણામ બધા પુદ્ગલ છે. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ પુદ્ગલ છે. આહા..! 'ષોડશકારણ ભાવના ભાય, તીર્થંકર પરમગુરુ પાય' આવે છે કે નહિ? પૂજા માટે આવે છે? એમાં તો ખુશી ખુશી થઈ જાય. આહા..! શુભભાવથી તીર્થંકરગોત્ર બંધાય છે તો પરમગુરુ થશે. શુભભાવથી પરમગુરુ થશે? શુભભાવ તો પુદ્ગલ છે. અહીં તો પુદ્ગલ કહ્યું. જુઓ!

'**કારણ કે પુદ્ગલ...**' પુદ્ગલ શબ્દે શુભભાવ, અશુભભાવ, દેહની ક્રિયા, વાણીની ક્રિયા, મંદિરની ક્રિયા બધું. બધાને અહીંયા પુદ્ગલ કહ્યું છે. ઓહોહો..! સમજાય છે કાંઈ? જે ભાવ પંચ મહાવ્રતના છઠ્ઠે ગુણસ્થાને થાય છે એ પુદ્ગલ છે એમ અહીંયા કહે છે. ધન્નાલાલજી! આહાહા..! વિકલ્પ ઉઠે છે ઉપદેશનો તો કહે છે કે એ પુદ્ગલ છે.

મુમુક્ષુ :- ભાષા તો પુદ્ગલ છે.

ઉત્તર :- ભાષાની તો વાતેય ક્યાં છે? અહીં તો વિકલ્પ ઉઠે છે ઈ પુદ્ગલ છે. સમજાય છે કાંઈ? શુભ વિકલ્પ ઉઠે છે ઉપદેશનો એ પુદ્ગલ છે. એને જ્ઞાતા-ધર્મી જ્ઞાનમાં જાણે છે કે છે. એટલા માત્રથી એ રાગનું કાર્ય પોતાનું થઈ જાય કે રાગની પર્યાય પોતાની થઈ જાય કે શુભભાવનું કર્તૃત્વ આત્મામાં ઘૂસી જાય એમ છે નહિ. આહાહા..! અમૂલખચંદજી! જુઓ! બહાર કહે છે કે અરે..! સોનગઢમાં તો બધું... ભાઈ! સોનગઢમાં સાંભળ તો ખરો શું કહે છે. આ તો સર્વજ્ઞ પરમાત્માથી કહેવાયેલા શાસ્ત્ર છે અને કુંદકુંદાચાર્ય કહે છે. અમૃતચંદ્રાચાર્યે (ટીકા) કરી છે. એમ અંદર છે. સમજાય છે કાંઈ?

પુદ્ગલ અને આત્મા. બે લીધા. બસ. એક બાજુ રામ ભગવાન જ્ઞાતા-દૃષ્ટા આત્મા અને એક બાજુ રાગ, વિકલ્પ, પંચ મહાવ્રત કે તીર્થંકર ગોત્રના ભાવથી માંડીને બધા પુદ્ગલ.

સમજાય છે કાંઈ? કહે છે કે '**પુદ્‍ગલને અને આત્માને જ્ઞેયજ્ઞાયકસંબંધનો વ્યવહારમાત્ર હોવા છતાં...**' એ રાગ પુદ્‍ગલ અને આત્મા, બે વચ્ચે જ્ઞેયજ્ઞાયકનો વ્યવહારમાત્ર હોવા છતાં. આત્મા જાણનારો અને એ જણાય, એટલો વ્યવહારમાત્ર હોવા છતાં. પુદ્‍ગલ અને આત્માને જ્ઞેય... પુદ્‍ગલ એ જ્ઞેય છે અને આત્મા જ્ઞાયક છે. સમજાય છે કાંઈ? પુણ્ય પરિણામ થાય છે દયા, દાન, વ્રતિ, ભક્તિના... એ બધું એમ લે છે, સમાધિશતકમાં આવે છે ને? ભાઈ! '...' માટે પહેલા વ્રત લેવા. ભલે એ વ્રતનો વિકલ્પ છે ત્યાં. પણ એ વિકલ્પ ત્યાં આવે છે એટલું જણાવે છે. અવ્રતનો અશુભભાવ છોડીને એ ભૂમિકામાં એવો વિકલ્પ આવે છે, પણ એ વિકલ્પનો કર્તા આત્મા નથી. અહીં તો ઈ બતાવવું છે. સમજાય છે કાંઈ? અષ્ટપાહુડમાં પણ આવે છે. બધા આચાર્ય એક જ પ્રકારે કહે છે. સમાધિ શતકમાં આવે છે. પહેલા અવ્રતનો-અશુભભાવનો ત્યાગ કરવો, ત્યારપછી શુભભાવ વ્રત વિકલ્પ છે તેને ગ્રહણ કરવા. લ્યો, એમ આવે છે. સમજાય છે કાંઈ? એનો અર્થ શું? કે એ આત્મા પોતાના જ્ઞાન-દર્શન શક્તિનો વિકાસ કરીને જ્ઞાતા-દૃષ્ટા થયો છે. એ આગળ જેમ સ્થિર થયો તો એ ભૂમિકામાં એવો વિકલ્પ આવે છે. તો એ વિકલ્પને જાણનારો આત્મા છે. જાણે છે માટે વિકલ્પનું કાર્ય એનું થઈ જાય એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? પાંચમા ગુણસ્થાને અને છઠ્ઠે ગુણસ્થાને ગુણસ્થાનને યોગ્ય જે વિકલ્પ ઉઠે છે, મંદ કષાયનો, અઠ્યાવીસ મૂળગુણનો (વિકલ્પ) મુનિને (આવે), બાર વ્રતના પંચમ ગુણસ્થાને, તો અહીં તો કહે છે કે વિકલ્પ છે એ ભૂમિકામાં એ પુદ્‍ગલ છે.

મુમુક્ષુ :- કર્તા નથી.

ઉત્તર :- કર્તા નથી. કાર્ય એનું નથી. ઈ જાણે છે કે બરાબર એ ભૂમિકામાં એવો રાગ છે. એનું જ્ઞાન કરે છે. પણ જ્ઞાન કરવાથી રાગ એનું કાર્ય થઈ જાય કે આત્માની પર્યાય થઈ જાય એમ નથી. કહો, ધન્નાલાલજી! જ્ઞેયજ્ઞાયક સંબંધ છે. બસ. પણ એ વ્યવહાર થયો. બે થયા ને? બે. વ્યવહાર રાગ, દયા, દાન વિકલ્પ અને અહીંયા જ્ઞાયક. જ્ઞાયક અને જ્ઞેય બેનો સંબંધ એ વ્યવહાર થઈ ગયો. જ્ઞેયજ્ઞાયકનો વ્યવહારમાત્ર સંબંધ છે.

'**તોપણ...**' તેમ હોવા છતાં '**પુદ્‍ગલપરિણામ જેનું નિમિત્ત છે...**' જુઓ! અહીં પાછા પુદ્‍ગલપરિણામ લીધા. એને જે પુદ્‍ગલ કહ્યું હતું તેનો ખુલાસો કરીને પુદ્‍ગલપરિણામ લીધા. શુભ-અશુભ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિ, આ ખાવું, ન પીવું એ ક્રિયા તો આત્માની છે જ નહિ પણ એમાં જે શુભ ઉઠે છે, શુભભાવ ઉઠે છે, કહે છે કે એ પુદ્‍ગલના પરિણામ જેનું નિમિત્ત છે. કોનું? '**એવું જે જ્ઞાન...**' આત્મા પોતાના સ્વરૂપનું જ્ઞાન કરે છે તે જ વખતે રાગાદિ જે શુભપરિણામ-પુદ્‍ગલના પરિણામ જ્ઞાનમાં જેનું નિમિત્ત છે. રાગ જ્ઞાનમાં

નિમિત્ત છે. જ્ઞાન એને નિમિત્ત છે એમ નહિ. રાગ જ્ઞાનમાં નિમિત્ત છે. જેને નિમિત્ત એવું જે જ્ઞાન જ્ઞાતાનું વ્યાપ્ય છે. એ જ્ઞાન, દર્શન અને આનંદની પર્યાય જ્ઞાતાનું કાર્ય છે. ધર્મીનું વ્યાપ્ય-અવસ્થા-કર્તવ્ય-કાર્ય-જ્ઞાતાનું જ્ઞાન છે. રાગાદિ એનું કાર્ય નથી. આહાહા..! સમજાય છે કાંઈ? છે? પુસ્તક છે કે નહિ સામે? શબ્દે શબ્દનો અર્થ તો થાય છે. બુદ્ધિવાળો માણસ છે કે નહિ? અંદર બુદ્ધિમાં કંઈક ગ્રહણ કરશે કે નહિ? પંડિતજી! .. એમાં શું છે? કોઈ ગુપ્ત વાત છે?

કહે છે કે '**પુદ્‌ગલને અને આત્માને જ્ઞેયજ્ઞાયકસંબંધનો વ્યવહારમાત્ર હોવા છતાં પણ પુદ્‌ગલપરિણામ જેનું નિમિત્ત છે એવું જે જ્ઞાન...**' એવા જ્ઞાતાના પરિણામ જ્ઞાન થયું, આનંદ થયો, પર્યાય થઈ એ જ્ઞાનપર્યાય આત્માનું વ્યાપ્ય છે. એ આત્માનું કાર્ય છે, આત્માની પર્યાય છે. એનું વ્યાપક થઈને પર્યાય થાય છે. સમજાય છે કાંઈ? '**એવું જે જ્ઞાન તે જ...**' જુઓ ભાષા. ભગવાન આત્મા સ્વપરપ્રકાશક જ્ઞાનની પર્યાય કરે છે તો એ જ્ઞાનની પર્યાય જ આત્માનું વ્યાપ્ય નામ પર્યાય છે. શુભરાગ પંચ મહાવ્રતના પરિણામ આત્માની પર્યાય જ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? '**(માટે જ્ઞાન જ જ્ઞાતાનું કર્મ છે).**' આ કારણે ભગવાન આત્મા જ્ઞાતા થઈને જે પરિણામ કરે છે-જાણવાના, શ્રદ્ધવાના, સ્થિર થવાના તે જ આત્માનું કાર્ય છે. એ આત્માનું વ્યાપ્ય-કર્મ છે. સમજાય છે કાંઈ? બહુ ફેરફાર છે. વર્તમાનમાં ચાલે છે એનાથી આ રીત (જુદી છે). બ્રહ્મચારીજી! ઘણો ફેરફાર છે.

મુમુક્ષુ :- છે તો સીધી વાત..

ઉત્તર :- સીધી વાત છે પણ લોકોએ ફેરફાર કરી નાખ્યો છે. લોકોએ કહ્યું ને.

'**હવે આ જ અર્થના સમર્થનનું કળશરૂપ કાવ્ય કહે છે :-**' એ ગાથા કહી એનો ટૂંકામાં અર્થ કરે છે. પેલી બાજુ પાછળ છે શ્લોક.

**व्याप्यव्यापकता तदात्मनि भवेन्नैवातदात्मन्यपि**
**व्याप्यव्यापकभावसम्भवमृते का कर्तृकर्मस्थितिः।**
**इत्युद्दामविवेकघस्मरमहोभारेण भिन्दंस्तमो**
**ज्ञानीभूय तदा स एष लसितः कर्तृत्वशून्यः पुमान्।।४९।।**

'**શ્લોકાર્થ :- વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં જ હોય,...**' વ્યાપ્ય નામ કાર્ય-અવસ્થા-કર્મ અને વ્યાપક નામ કરનાર. એ તત્સ્વભાવમાં હોય છે. આત્મા અને જ્ઞાન, દર્શનના પરિણામ આત્માની સાથે તત્સ્વરૂપ છે. તો તત્સ્વરૂપમાં વ્યાપ્યવ્યાપકપણું હોય છે. પણ રાગ સાથે એનું તત્સ્વરૂપ નથી તો રાગની સાથે વ્યાપ્યવ્યાપકતા નથી. વ્યવહારરત્નત્રય સાથે આત્માનો કર્તાકર્મ સંબંધ નથી. કેમકે વ્યવહારરત્નત્રય આત્માનો તત્સ્વભાવ નથી. એનાથી અતત્‌સ્વભાવ

ભિન્ન સ્વભાવ છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ભિન્ન છે. આહાહા..! ભારે લોકોને. આ તો અહીંયા ક્લાસ ચાલે છે ને તો જરી કર્તાકર્મની સ્થિતિ સમજી લે. મૂળ ચીજ આવી છે. કરવું, કરવું, કરવું. શું કરવું? શું કરવું? સાંભળ તો ખરો.

ભગવાન! તારી ચીજ તો જ્ઞાનમૂર્તિ ચિદાનંદ છે ને. એનો બોધ કરીને રાગથી ભિન્ન કરીને પોતાનો બોધ થયો તો કહે છે કે બોધની પર્યાયને અને આત્માને તત્સ્વભાવ છે, તત્સ્વરૂપ છે. વ્યાપ્યવ્યાપકણું તત્સ્વરૂપમાં જ હોય છે. જુઓ ભાષા. એ અસ્તિથી કહ્યું. **'અતત્સ્વરૂપમાં ન જ હોય,...'** આત્મામાં રાગાદિ અતત્સ્વરૂપ છે. પુણ્ય-પાપ વિકલ્પ, વ્યવહારરત્નત્રય એ આત્મા સાથે અતત્સ્વરૂપ છે. આહાહા..! ભારે વાત આકરી. અહીં તો સાંભળે કે ચોથે, પાંચમે, છઠ્ઠે વ્યવહારરત્નત્રય જ હોય. તમારે ત્યાં ચાલે છે. સહરાનપુર. તમારા ગામમાં. તમારા ગામમાં ચાલે છે. અહીં તો ભગવાનના દેશમાં ઈ વાત નથી, કહે છે. સમજાય છે કાંઈ?

**'અતત્સ્વરૂપમાં ન જ હોય અને વ્યાપ્યવ્યાપકભાવના સંભવ વિના...'** જ્યારે આત્માની સાથે વિકારના પરિણામ અને દેહની ક્રિયાનો અતત્સ્વભાવ છે અને અતત્સ્વભાવને કારણે વ્યાપ્યવ્યાપકતા નથી તો વ્યાપ્યવ્યાપકતા વિના **'કર્તાકર્મની સ્થિતિ કેવી?'** સમજાય છે કાંઈ? જ્યારે વ્યાપ્યવ્યાપકતા નામ પર્યાય અને દ્રવ્ય નથી, એ દ્રવ્યની પર્યાય જ નથી તો વ્યાપ્યવ્યાપકપણું નથી તો કર્તાકર્મ કઈ રીતે સંભવે? આત્મા વ્યવહાર વિકલ્પનો કર્તા અને વિકલ્પ એનું કર્મ (એમાં) વ્યાપ્યવ્યાપકપણું નથી, અતત્સ્વભાવ છે તો એનો કર્તા કઈ રીતે થાય? આહાહા..! સમજાય છે કાંઈ?

**'અર્થાત્ કર્તાકર્મની સ્થિતિ ન જ હોય.'** આહાહા..! ન જ હોય. હજી તો અહીંયા શુભજોગથી (ધર્મ મનાવવો છે). એટલું તો સમજો કે છઠ્ઠે ગુણસ્થાને પ્રમાદમાં શુભજોગ છે. હવે શુભજોગ છૂટે છે તો અપ્રમત્ત આવે છે. કે શુભજોગ રહીને અપ્રમત્ત દશા આવે છે? સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું છૂટે છે? એ તો સ્વરૂપ સ્થિરતા થાય છે તો બધું છૂટી જાય છે. છોડવું શું પડે? આહાહા..!

અહીં કહે છે કે ભગવાન! જેની સાથે તત્રૂપ-તદ્રૂપ-એકરૂપ સ્વભાવ નથી એની સાથે કર્તાકર્મ સ્થિતિ કઈ રીતે થાય? ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે એમાં પુણ્ય-પાપના પરિણામ

તે રૂપે છે જ નહિ. આત્મા રૂપે એ પરિણામ છે જ નહિ. આહાહા..! છગનભાઈ! ભારે આકરું કામ. રૂપચંદજી!

ભગવાન આત્મા ચૈતન્યબિંબ ચૈતન્યસૂર્ય છે. તો એની ચૈતન્યપર્યાય, શ્રદ્ધાપર્યાય, વીતરાગી પર્યાય વ્યાપ્ય અને આત્મા વ્યાપક છે તો ત્યાં કર્તાકર્મ સંબંધ છે. કેમકે તદ્ભાવ છે, તત્સ્વરૂપ છે, તે રૂપ છે. પણ પુણ્ય-પાપના દયા, દાન, વ્રતના ભાવ આત્માની સાથે તે-રૂપ નથી. આત્મરૂપ નથી, તદ્રૂપ નથી. અતદ્રૂપ છે. તો અતદ્રૂપ છે તો પરની સાથે વ્યાપ્યવ્યાપકપણું નથી તો કર્તાકર્મની સ્થિતિ કઈ રીતે હોય? વ્યવહાર આત્માનું કામ છે અને આત્મા કર્તા છે એમ ક્યાંથી આવ્યું? આહાહા..! ભારે કામ. સમજાય છે કાંઈ?

'**આવો પ્રબળ વિવેકરૂપ,...**' ભાષા જુઓ. પ્રબળ વિવેકરૂપ. ભેદજ્ઞાન. રાગથી પણ આત્મા ભિન્ન થયો. દેહની ક્રિયા, ભાષાની ક્રિયા, બધી ક્રિયાથી અને રાગથી આત્મા ભિન્ન પડ્યો. પ્રબળ વિવેક. વિવેક નામ ભેદજ્ઞાન. '**પ્રબળ વિવેકરૂપ અને સર્વને ગ્રાસીભૂત કરવાનો...**' બધાને જાણનારો આત્મા. રાગાદિ, પુણ્યાદિ, નિમિત્ત આદિ હો. બધાને ગ્રાસી, ગ્રાસી નામ કોળિયો કરે છે. કોળિયો સમજો છો? કવળ લે છે, કવળ. કવળ નાનો અને મોઢુ મોટું. જ્ઞાતાની પર્યાયમાં બધું ગ્રાસીભૂત થઈ જાય છે. બધું જણાઈ જાય છે. એવો પ્રબળ વિવેક રાગથી ભિન્ન આત્માનો થયો. સમજાય છે કાંઈ? આહાહા..!

આજ ઉઠ્યા પછી આપણે ભગત છે ને, એણે એક શબ્દ કહ્યો હતો. મારે એની તરવાર, બાંધે એની નહિ. તરવાર, તરવાર સમજો છો? આ તરવાર નથી હોતી? તરવાર હાથમાં રાખે એ તરવાર એની નહિ. મારે એની તરવાર. એમ કહે છે ને? તરવાર પડી છે .. ઉપર પણ હાથમાં લઈને મારે એની તરવાર. એમ શાસ્ત્રની ધારણા આદિ કરી લે પણ એને રાગથી ભિન્ન ન પાડે તો મારે એની તરવાર છે. ફૂલચંદભાઈ! ઈ જરા મગજ ઓલુ છે. પણ બોલ્યો ભારે. વાત સાચી, ભાઈ! વનમાળી ભગત છે ને. વ્યાખ્યાન પછી. કેમ ભગતજી છે ને? ક્યાં ગયા? મેં કીધું, મારે એની તરવારમાં ભાષા બાંધે એની નહિ. તરવાર બાંધે અહીં. હાથમાં રાખી તરવાર ઈ નહિ. શત્રુને મારે એની તરવાર. ઈ આવે છે ને? ભાઈ! પ્રવચનસારમાં આવે છે. ભાઈ! પ્રવચનસારમાં. ભગવાનનો વીતરાગ ઉપદેશ પામીને જેણે અજ્ઞાન અને રાગ-દ્વેષ ઉપર ઘા કર્યો એનું નામ જૈન છે. સમજાય છે કાંઈ? આહાહા..! લ્યો, વળી ત્યાં ગયું. ઉપદેશ મળ્યો અને વાત ખ્યાલમાં આવી પણ જ્યાં સુધી સ્વસન્મુખ થઈને અજ્ઞાન અને રાગ ઉપર ઘા ન કરે ત્યાં સુધી તરવાર એના હાથમાં રહી, કોઈને મારી નહિ. એ પુરુષાર્થ છે. ઈ છે, પ્રવચનસારમાં એમ લીધું છે, બધું લીધું છે. સમજાય છે કાંઈ?

કહે છે કે '**સર્વને ગ્રાસીભૂત કરવાનો જેનો સ્વભાવ છે...**' ઓહો..હો..! ચાહે

તો પુણ્યપરિણામ હો, દેહની ક્રિયા હો, લક્ષ્મીની હો, મંદિર હો, ગજરથ ચાલતા હોય, સમસ્ત લોક અને અલોકની ક્રિયાને જાણનારો-ગ્રાસીભૂત કરવાવાળો આત્મા છે. જ્ઞાનમાં બધાને કોળિયો કરી જાય છે. કોળિયો સમજો છો? જ્ઞાન કરી લ્યે છે, બધાનું જ્ઞાન કરે છે. કોઈને પોતાનું નહિ કરીને બધાનું જ્ઞાન કરી લ્યે છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**પ્રબળ વિવેકરૂપ અને સર્વને ગ્રાસીભૂત કરવાનો જેનો સ્વભાવ છે એવો જે જ્ઞાનપ્રકાશ તેના ભારથી...**' જુઓ, ભાષા તો દેખો. જ્ઞાનપ્રકાશ જ્યાં પોતાનું ચૈતન્યસ્વરૂપ, એકલું જ્ઞાનરૂપ જ્ઞાનપ્રભા સ્વરૂપ છે એવું ભાન થયું તો કહે છે કે જ્ઞાનનો ભાર થઈ ગયો. ભાર નામ એટલી ઉગ્રતા થઈ ગઈ કે આખી દુનિયા પુણ્યપરિણામથી માંડીને બધાનું જ્ઞાન થઈ ગયું. બધાનું જ્ઞાન થઈ ગયું. ત્યાં જ્ઞાનનો ભાર વધી ગયો. બાકી બધું છૂટી ગયું. સમજાય છે કાંઈ? આહાહા..!

'**જ્ઞાનપ્રકાશ તેના ભારથી...**' જુઓ! '**અજ્ઞાન-અંધકારને ભેદતો,...**' રાગ મારો, મારું રૂપ છે, પુણ્ય મારું છે, પુણ્યપરિણામ મારી પર્યાય છે, એવું જે અજ્ઞાન તેને ભેદતો. સમજાય છે કાંઈ? પુણ્ય વિકલ્પ છે એ મારો છે એવું જે અજ્ઞાન. વિકલ્પમાં તત્પરતા એ જ મિથ્યાત્વ છે. આહાહા..! સમજાય છે કાંઈ? અને સ્વભાવમાં તત્પરતા એ જ સમ્યગ્દર્શન-જ્ઞાન છે. આહાહા..! પંડિતજી! આવી વાત છે, ભગવાન! લ્યો, એનું નામ તો ભગવાનદાસ છે. અહીં તો બધાને ભગવાન કહીએ છીએ. ભગવાન છે ને. એનું સ્વરૂપ જ ભગવાન છે. સમજાય છે કાંઈ? ભગ નામ જ્ઞાનલક્ષ્મી, વાન નામ રૂપ એનું. ભગ-વાન. ભગ નામ જ્ઞાનલક્ષ્મી, એનું વાન નામ રૂપ. આત્માનું જ્ઞાનલક્ષ્મી રૂપ છે. જ્ઞાનરૂપ છે. એ જ્ઞાનરૂપને કારણે અજ્ઞાનઅંધકારને ભેદતો. આહાહા..! સમજાય છે કાંઈ?

લો આ ક્રિયા. મિથ્યાત્વનો નાશ કઈ રીતે થાય છે? અજ્ઞાનનો નાશ કઈ રીતે થાય છે? અમારે અધર્મની પર્યાય-રાગની એકતાબુદ્ધિનો નાશ કઈ રીતે થાય છે? આમ થાય છે. રાગથી ભિન્ન પડીને સ્વરૂપમાં આરૂઢ થઈને, સ્વરૂપારૂઢ થઈને સ્વરૂપ સન્મુખ થયો તો જ્ઞાનનો ભાર વધી ગયો. અજ્ઞાનનો નાશ થઈ ગયો. સરળ ભાષાથી વાત ચાલે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

કહે છે, '**સર્વને ગ્રાસીભૂત કરવાનો જેનો સ્વભાવ છે...**' કેટલી વાત કરે છે! શુભાદિ એટલા જ પરિણામ છે? પણ આખી દુનિયા હોય તોપણ જ્ઞાન કરી લે એવી એની તાકાત છે. શ્રુતજ્ઞાનમાં એવી તાકાત છે, એમ કહે છે. આહાહા..! કોઈને પોતાનું માને એવી તાકાત એનામાં નથી. પણ બધાને ગ્રાસીભૂત કરવાની એની તાકાત છે. '**આ આત્મા જ્ઞાનસ્વરૂપ થઈને,...**' ભાષા દેખો. ભગવાન આત્મા, રાગરૂપ હતો એમ જે માન્યું હતું, એમાં તો શરીરરૂપ હું, વાણીરૂપ હું, પરરૂપ હું એમ માન્યું હતું. તો જ્યારે વિકલ્પથી પણ ભિન્ન પડી ગયો,

શુભ વિકલ્પથી પણ ભિન્ન પડી ગયો. કારણ કે છેલ્લે હું આવો છું, આવો છું એવો જે વિકલ્પ ઉઠે છે તેનાથી પણ ભિન્ન પડી ગયો તો જ્ઞાનનો ભાર વધી ગયો. જ્ઞાનની તરફ એકાગ્રતાથી અજ્ઞાનઅંધકાર ભેદાઈ ગયો. જ્ઞાનસ્વરૂપ થઈને. હું તો ચૈતન્યસ્વરૂપ છું. સમજાવે છે, હોં! ચૈતન્યસ્વરૂપ છું એવો પણ વિકલ્પ છે. પણ વિકલ્પથી ભિન્ન પડીને '**જ્ઞાનસ્વરૂપ થઈને, તે કાળે કર્તૃત્વરહિત...**' થયો. તે ક્ષણે કર્તૃત્વરહિત થયો. રાગની, પુણ્યની, વિકલ્પની જે એકતા સ્વભાવબુદ્ધિ હતી સ્વભાવ સાથે, એ મિથ્યાત્વ અને અજ્ઞાન હતું. એ અનંત સંસારનું બીજ હતું. તે જ વિકલ્પથી પૃથક થઈને. પ્રબળ વિવેક કહ્યું ને પહેલા? પૃથક થઈને, પોતાના જ્ઞાનસ્વરૂપમાં આરૂઢ થઈને. ત્યાંથી પૃથક થયો તો અંતર સ્વરૂપમાં આરૂઢ થયો તો સર્વને જાણવાનો એવો જ્ઞાનવિવેક પ્રગટ થયો તેનાથી અજ્ઞાનઅંધકારનો નાશ થઈ '**આત્મા જ્ઞાનસ્વરૂપ થઈને,...**' જ્ઞાનસ્વરૂપ તો હતો. પર્યાયમાં જ્ઞાનસ્વરૂપ થયો. જે પર્યાયમાં રાગરૂપ હતો, પુણ્યરૂપ હતો એવી માન્યતા હતી તે મિથ્યાત્વ સંસાર હતો. સમજાય છે કાંઈ? એ શુભ વિકલ્પમાત્ર હું હતો, એવી જે માન્યતા એ મિથ્યાત્વ સંસાર હતો. તેને ભેદતો જ્ઞાનસ્વરૂપ થઈને તે કાળે, તે જ ક્ષણે એમ કહે છે. વળી બીજી ક્ષણ નહિ, તે જ ક્ષણ.

'**કર્તૃત્વરહિત થયેલો શોભે છે.**' રાગનું જ્ઞાન કરવાવાળો રાગના કર્તૃત્વ રહિત છે એ એની શોભા છે. રાગનું કાર્ય મારું એ એની શોભા નહિ, એની શોભા લૂંટાય છે. સમજાય છે કાંઈ? પાઠ છે ને એમાં? '**लसित**'? '**लसित**'નો અર્થ કર્યો ને? શોભિત. '**लसित**', '**एष लसितः कर्तृत्वशून्यः पुमान्**'. આહાહા..! ભગવાન આત્મા પોતાના ચૈતન્યસૂર્ય ઉપર આરૂઢ-સન્મુખ થયો, રાગથી ભિન્ન પડ્યો તો કહે છે કે રાગથી ભિન્ન પડીને જે જ્ઞાન થયું એમાં બધું જાણવાની તાકાત છે. એ તાકાતને કારણે અજ્ઞાનઅંધકારનો નાશ થયો. જ્ઞાનસ્વરૂપ થઈને પોતાની શોભામાં કર્તૃત્વરહિત થઈને શોભે છે. વિકલ્પ પણ મારું કાર્ય છે એ જીવની અશોભા છે, એ મિથ્યાત્વભાવ છે એમ કહે છે. ઓહોહો..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- અજ્ઞાનથી શું શોભા જીવની?

ઉત્તર :- માને છે ને, હું કર્તા છું, હું કર્તા છું. હું રાગનો કર્તા છું, રાગ મારું કાર્ય છે. મારું કર્તવ્ય છે. અજ્ઞાન છે. કર્તૃત્વબુદ્ધિ છે. આત્માની શોભા લૂંટાય છે. સમજાય છે કાંઈ? ભારે ઝીણી વાત માણસને લાગે. પણ વસ્તુ જ આવી છે. વસ્તુ બીજી નથી.

'**ભાવાર્થ :- જે સર્વ અવસ્થાઓમાં વ્યાપે તે તો વ્યાપક છે...**' જુઓ! કર્તાની વ્યાખ્યા. કર્તા એને કહીએ કે દરેક અવસ્થામાં જે રહેનાર છે, દરેક અવસ્થામાં-દરેક હાલતમાં વ્યાપક નામ રહેનાર છે તેને વ્યાપક નામ કર્તા કહે છે. '**અને કોઈ એક અવસ્થાવિશેષ તે, (તે વ્યાપકનું) વ્યાપ્ય છે,...**' એક સમયની કોઈ કાળની પર્યાયને વ્યાપ્ય કહે છે.

ત્રિકાળ રહેનારને વ્યાપક કહે છે. કોઈ સમય-વર્તમાન અવસ્થાની અવસ્થાને વ્યાપ્ય કહે છે. એક જ અવસ્થા છે. '**આમ હોવાથી દ્રવ્ય તો વ્યાપક છે...**' ભગવાન આત્મા દ્રવ્યસ્વરૂપ તો વ્યાપક છે '**અને પર્યાય વ્યાપ્ય છે.**' એની અવસ્થા એનું વ્યાપ્ય છે.

'**દ્રવ્ય-પર્યાય અભેદરૂપ જ છે.**' દ્રવ્ય અને પર્યાય એકરૂપ છે. '**જે દ્રવ્યનો આત્મા, સ્વરૂપ અથવા સત્ત્વ...**' છે. જે દ્રવ્યનો આત્મા એટલે સ્વરૂપ અને સત્ત્વ છે, '**તે જ પર્યાયનો આત્મા, સ્વરૂપ અથવા સત્ત્વ...**' છે. ભાષા જુઓ! ઓહોહો..! ભગવાન આત્મા, એ એનું સ્વરૂપ અને પોતાનું સત્ત્વ, દ્રવ્યરૂપ સત્ત્વ. એની જે નિર્મળ પર્યાય છે તે તેનું સ્વરૂપ, તે તેનું સત્ત્વ, અને તેનું તત્ત્વ છે. રાગાદિ પરિણામ, પુણ્ય-પાપ એનું તત્ત્વ, એનું સત્ત્વ છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? '**દ્રવ્યનો આત્મા, સ્વરૂપ...**' એટલે દ્રવ્યનું સ્વરૂપ અથવા સત્ત્વ હોવું તે જ પર્યાયનું હોવું છે, તે જ પર્યાયનું સ્વરૂપ છે. નિર્મળ પર્યાય, હોં! એ જ આત્માની પર્યાય છે. વ્યવહાર-ફ્યવહાર, વિકલ્પ-ફિકલ્પ આત્માની પર્યાય છે જ નહિ, પોતાનું કાર્ય જ નથી. આહાહા..! '**પર્યાયનો આત્મા,...**' આત્મા શુદ્ધ દ્રવ્ય વ્યાપક છે. તેની નિર્મળ જ્ઞાનપર્યાય જે વ્યાપ્ય છે તે તેની પર્યાય છે, તે જ આત્મા, તે જ એનું સત્ત્વ છે. બેય અભેદ છે. દ્રવ્ય અને પર્યાય અભેદ છે. તો દ્રવ્ય કર્તા અને પર્યાય એનું કર્મ છે. દ્રવ્ય વ્યાપક અને પર્યાય તેનું વ્યાપ્ય છે. સમજાય છે કાંઈ?

'**આમ હોઈને દ્રવ્ય પર્યાયમાં વ્યાપે છે...**' દ્રવ્ય અવસ્થામાં વ્યાપક થઈને વ્યાપ્ય થાય છે '**અને પર્યાય દ્રવ્ય વડે વ્યપાઈ જાય છે.**' ભગવાન આત્મા દ્રવ્ય વસ્તુ છે તે નિર્મળ પર્યાયને પ્રાપ્ત કરે છે અને નિર્મળ પર્યાય તેનું વ્યાપ્ય થાય છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની જે પર્યાય છે એમાં આત્મા વ્યાપ્ત થાય છે અને સમ્યગ્દર્શન, જ્ઞાનની પર્યાય છે તે આત્માનું વ્યાપ્ય છે. સમજાય છે કાંઈ? ઓહોહો..! આવો કર્તાકર્મનો અધિકાર... અમરચંદભાઈ! બહુ અલૌકિક! ઓહોહો..!

'**આવું વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં જ હોય;...**' જુઓ! '**(અર્થાત્ અભિન્ન સત્તાવાળા પદાર્થમાં જ) હોય;...**' પોતાની નિર્મળ પર્યાય અને નિર્મળ આત્મા, એ અભિન્ન સત્તા છે. તો એમાં વ્યાપ્યવ્યાપકતા હોય. સમજાય છે કાંઈ? '**અતત્સ્વરૂપમાં (અર્થાત્ જેમની સત્તા-સત્ત્વ ભિન્ન ભિન્ન છે એવા પદાર્થોમાં) ન જ હોય.**' ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ ચૈતન્યપ્રકાશથી પોતાની પર્યાય સાથે તત્સ્વરૂપમાં કર્તાકર્મપણું હોય. પણ પોતાના જ્ઞાયકસ્વરૂપની પર્યાયથી ભિન્ન રાગાદિ, પુણ્યાદિ પર્યાય અતત્સ્વરૂપમાં કર્તાકર્મપણું હોતું નથી. ઓહોહો..! સમજાય છે કાંઈ?

પેલા કહે, સમેદશિખરના દર્શન કરે તો મોક્ષ થાય. સમજાય છે કાંઈ? એક જણ અહીંયા

આવ્યો, મારી પાસે સમેદશિખરના માહાત્મ્યનું મારી પાસે પુસ્તક છે. કીધું, શું છે? એમાં એમ લખ્યું છે કે સમેદશિખરના દર્શન કરે તો ૪૮ ભવે મોક્ષ જાય. કીધું, એ વાણી ભગવાનની નહિ. સમજાય છે કાંઈ? મહાવીરકીર્તિ આવ્યા હતા ને? અહીંયા ચાર દિવસ રહ્યા હતા. પેલી ઓરડીમાં રહ્યા હતા. શ્વેતાંબરમાં શેત્રુંજયનું માહાત્મ્ય છે, અહીં સમેદશિખરના માહાત્મ્યનું મારી પાસે પુસ્તક છે. એમાં એમ લખ્યું છે કે સમેદશિખરના દર્શન કરવાથી ૪૮ ભવે મોક્ષ જાય. કીધું, એ વીતરાગની વાણી નહિ. પરના દર્શનથી ભવનો અભાવ થાય એ વીતરાગની વાણી નહિ. પોતાના દર્શનથી ભવનો અભાવ થાય એ વીતરાગની વાણી. ફૂલચંદભાઈ! આહાહા..! જુઓ! વૃદ્ધ માણસને કેટલી રુચિ છે. સમજાય છે કાંઈ? એઈ..! શેઠીજી! આહાહા..! પરદ્રવ્યના દર્શન તો વિકલ્પ છે. વિકલ્પમાં તન્મય માનવું તો મિથ્યાત્વ છે. વિકલ્પ તો અતદ્‌ભાવ છે. સમેદશિખર અને એના તરફનો દર્શનનો વિકલ્પ તો આત્માની સાથે અતદ્‌ભાવ છે. આહાહા..! એમાં આવે છે, 'એકવાર વંદે જો કોઈ' એઈ..! તમે તો પહેલા દિગંબરમાં જન્મ્યા છો ને. નામ દિગંબરમાં. કહો, સમજાય છે કાંઈ? એકવાર.. શું કીધું? એકવાર વંદે જો કોઈ, નરક પશુ ન હોઈ. નરક પશુ ન હોઈ એમાં શું થયું? શુભભાવ હોય તો નરક, પશુ ન થાય. પણ શુભભાવ અને નરક, પશુની ગતિ જ પોતાની નથી. સમજાય છે કાંઈ? દેવ અને મનુષ્યગતિની ગતિ જ પોતાની નથી. સાંભળને! તારે ગતિનું શું કામ છે?

અહીં તો કહે છે કે '**વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં જ (અર્થાત્ અભિન્ન સત્તાવાળા પદાર્થમાં જ) હોય; અતત્સ્વરૂપમાં (અર્થાત્ જેમની સત્તા-સત્ત્વ ભિન્ન ભિન્ન છે એવા પદાર્થોમાં) ન જ હોય. જ્યાં વ્યાપ્યવ્યાપકભાવ હોય ત્યાં જ કર્તાકર્મભાવ હોય; વ્યાપ્યવ્યાપક ભાવ વિના કર્તાકર્મભાવ ન હોય.**' કેટલું સ્પષ્ટ કર્યું છે! '**આમ જાણતાં તે જ્ઞાની થાય છે...**' '**આવું જે જાણે છે તે પુદ્‌ગલને અને આત્માને કર્તાકર્મભાવ નથી એમ જાણે છે.**' પુદ્‌ગલ અને આત્માને. પુદ્‌ગલ શબ્દે રાગાદિ '**અને આત્માને કર્તાકર્મભાવ નથી એમ જાણે છે. આમ જાણતાં તે જ્ઞાની થાય છે, કર્તાકર્મભાવથી રહિત થાય છે અને જ્ઞાતાદષ્ટા-જગતનો સાક્ષીભૂત-થાય છે.**' લો. સમજાય છે કાંઈ? ભાવાર્થ હતો ને એટલે એકદમ લઈ લીધો. ટીકામાં બધુ આવી ગયું છે. લ્યો, એ ૭૫મી ગાથા થઈ. હવે ૭૬. ૭૬ પણ થોડી સૂક્ષ્મ છે. ચારે ગાથા સૂક્ષ્મ છે. ૭૬, ૭૭, ૭૮, ૭૯.

'**હવે પૂછે છે કે પુદ્‌ગલકર્મને...**' પેલું પૂર્વે કહ્યું ને? ભાઈ! પૂર્વે અમૃતચંદ્રાચાર્યે ઉપોદ્‌ઘાત કર્યો છે એને પાછો અહીં પાઠમાં લીધો છે. પાઠમાં લીધું છે. એની રીત જ છે ને. પુદ્‌ગલકર્મને જાણતા થકા એનું કર્મ નથી. જાણતા થકા એ પાછી ગાથા લીધી. '**પુદ્‌ગલકર્મને જાણતા**

**એવા...**' મહારાજ! જિજ્ઞાસુ પ્રશ્ન કરે છે, હોં! જુઓ! '**पुद्गलकर्म जानतो जीवस्य सह पुद्‌गलेन कर्तृकर्मभावः किं भवति किं न भवतीति चेत्–**' સંસ્કૃત છે. શિષ્ય પૂછે છે, મહારાજ! ભગવાન આત્મા.. પુણ્યપરિણામ, દયા, દાન, વિકલ્પ રાગાદિ, શરીરની પર્યાય બધું પુદ્‌ગલ એને જાણતો થકો. એ જાણે છે. તો જાણતો થકો એની '**સાથે કર્તાકર્મભાવ (કર્તાકર્મપણું) છે કે નહિ?**' જાણતો થકો રાગની સાથે વ્યાપ્યવ્યાપક ભાવ છે કે નહિ? એમ શિષ્યનો પ્રશ્ન છે. સમજાય છે કાંઈ? '**તેનો ઉત્તર કહે છે :–**' આવી જિજ્ઞાસા છે તેને ઉત્તર આપે છે.

**ण वि परिणमदि ण गिण्हदि उप्पज्जदि ण परदव्वपज्जाए।**
**णाणी जाणंतो वि हु पोग्गलकम्मं अणेयविहं।।७६।।**

નીચે હરિગીત.

**વિધવિધ પુદ્‌ગલકર્મને જ્ઞાની જરૂર જાણે ભલે,**
**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૬.**

અમારા પંડિતજીએ હરિગીત બનાવ્યા છે. સમજાય છે કાંઈ? બહુ સરસ. પછી હિન્દી બનાવ્યું બીજાએ. હિન્દીમાં તમે સુધાર્યું છે કે નહિ? ભાઈ! પાટનીજીએ બનાવ્યું છે? પાટનીએ બનાવ્યું પણ તમે સુધાર્યું હતું. ઈ સુધાર્યા વિના અહીં માન્ય નથી થતું, પાસ નથી થતું. હિંમતભાઈ સુધારે તો પાસ થાય. એવી વાત છે અહીંયા. સમજાય છે કાંઈ? હવે ટીકા. શું કહે છે? જરી નવી વાત આવી.

'**ટીકા :– પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું (વ્યાપ્ય જેનું લક્ષણ છે એવું) પુદ્‌ગલના પરિણામસ્વરૂપ જે કર્મ (કર્તાનું કાર્ય), તેનામાં પુદ્‌ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને, આદિ–મધ્ય–અંતમાં વ્યાપીને, તેને ગ્રહતું, તે–રૂપે પરિણમતું અને તે–રૂપે ઊપજતું થકું, તે પુદ્‌ગલપરિણામને કરે છે;...**' એટલી લીટી ચાલી. હવે એનો અર્થ. આખી સાડા ત્રણ લીટી ચાલી. હવે એનો અર્થ.

પ્રાપ્ય શબ્દ પહેલો છે. કહે છે કે જે સમયે જે પુણ્ય-પાપના પરિણામ થવાના છે તે જ સમયે ત્યાં થશે તેને પુદ્‌ગલ પ્રાપ્ય કરે છે, તેને પુદ્‌ગલ પહોંચે છે. સમજાય છે કાંઈ? ફરીને કહેશું ધીમેથી. સૂક્ષ્મ વાત છે. આત્મામાં રાગ ઉત્પન્ન જ નથી થતો એમ અહીં તો કહે છે. પરંતુ જે સમયે પુણ્ય-પાપ, દયા, દાનનો વિકલ્પ ઉઠે છે તે પ્રાપ્ય. પ્રાપ્યનો અર્થ એ પુદ્‌ગલને તે જ પ્રાપ્ય કરવાલાયક એ અવસ્થા હતી.

ફરીથી. બહુ સૂક્ષ્મ છે. જે સમયે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ ઉત્પન્ન થવાના છે તે પ્રાપ્ય. તેનો સમય જ ઈ હતો. તેને પુદ્‌ગલ પ્રાપ્ત કરે છે. સમજાય છે કાંઈ? જે

સમયે પુણ્ય, પાપ, દયા (થાય છે) તે તે જ સમયે ઉત્પન્ન થવાના હતા. જુઓ ક્રમબદ્ધ! તે જ સમયે જે રાગ અને પુણ્ય, દયા, દાનના વિકલ્પ ઉત્પન્ન થવાના હતા તેને પુદ્ગલ પ્રાપ્ત કરે છે, તેને પુદ્ગલ પહોંચે છે, આત્મા નહિ. પુદ્ગલ એને પહોંચે છે. જેમ ગામ છે તો આત્મા ચાલીને ગામને પહોંચે છે. એમ રાગાદિ પુણ્ય પરિણામ છે તેને પુદ્ગલ પ્રાપ્ત કરે છે, આત્મા નહિ. એ પુદ્ગલની પર્યાય છે. પુદ્ગલની પર્યાય છે. પ્રાપ્ય નામ તે સમયે પ્રાપ્ત થાય. જરી ઝીણી વાત છે. ત્રણે બોલ ઝીણા છે.

જેમ ગામ હોય ને, ગામ-શહેરને પ્રાપ્ત કરે છે. તો છે તેને પ્રાપ્ત કરે છે. એમ જે સમયે જે રાગ, પુણ્ય, દયા, દાનના વિકલ્પ ઉપજ્યા છે, તે જ સમયે પુદ્ગલનું તે પ્રાપ્ય છે, પુદ્ગલ તેને પહોંચે છે. છે એને પુદ્ગલ પ્રાપ્ત કરે છે. ભાવ છે તેને પુદ્ગલ પ્રાપ્ત કરે છે. આત્મામાં નથી અને આત્મા તેને પ્રાપ્ત કરતો નથી. આહા..! સમજાય છે કાંઈ? ત્રણે બોલ સૂક્ષ્મ છે, ભાઈ!

કહે છે કે ભગવાન આત્મા.. આત્માની પર્યાય પછી લેશે. અહીંયા તો કહે છે કે જે સમયે પ્રાપ્ય-જે રાગની પર્યાય થવાવાળી છે, પુણ્યની છે, દેહની છે. તો દેહની પણ તે જ સમયે તે અવસ્થા થવાની છે. રાગ પણ તે સમયે પ્રાપ્ત થવાનો છે. તેને પુદ્ગલ પ્રાપ્ત કરે છે. પુદ્ગલ તેને પહોંચે છે. પુદ્ગલનું કાર્ય, કર્તા અને એ પર્યાય તેનું કર્મ. પુદ્ગલ તેને પ્રાપ્ત કરે છે. ઝીણી વાત છે. ઈ ભાવ છે ઈ પુદ્ગલના પરિણામ છે. ઈ રાગાદિ પણ પુદ્ગલના પરિણામ છે એમ કહે છે. પણ ઈ પુદ્ગલના પરિણામ તો કહ્યા, પણ અહીંયા બીજી વાત હવે સિદ્ધ કરે છે. તે જ સમયે તે રાગાદિ પર્યાય થવાની હતી તેને પ્રાપ્ય કહે છે. થવાની હતી તેને પ્રાપ્ય કહે છે. તે જ થવાની હતી. આહાહા..!

મુમુક્ષુ :- બીજી થવાની જ નહોતી.

ઉત્તર :- નહિ. બીજી થવાની જ નહોતી. જે સમયે જે પ્રકારનો રાગ દયા, દાન, શુભ વિકલ્પ ઉઠે છે તે જ સમયે તે પર્યાય થવાની હતી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઠીક છે. એને અર્થ.. અહીંયા પ્રાપ્યનો અર્થ કરવો છે ને. પ્રાપ્યનો અર્થ કરવો છે, અત્યારે ક્રમબદ્ધનો અર્થ નથી કરવો. તે સમયે તે જ રાગ થવાનો હતો તેને પ્રાપ્ય કહે છે. પછી વળી કર્તાકર્મ ને ક્રમબદ્ધ થવું એ બીજી વાત છે. સમજાય છે કાંઈ? ડૉક્ટર!

અહીંયા કહે છે કે જેમ અંદરમાં જે સમયે શુભ વિકલ્પ થયો, તે સમયે થવાનો હતો તેનું નામ પ્રાપ્ય. તે પ્રાપ્ય કર્મ છે. કર્મ નામ પર્યાય છે, કર્મ નામ કાર્ય છે. કોનું? કે પુદ્ગલનું. સમજાય છે કાંઈ? આહાહા..! જેમ પૂજામાં શરીર આમ થાય, સ્વાહા. તો કહે છે એવી

જે અવસ્થા હતી, તે પુદ્‌ગલની પર્યાય એનું વ્યાપ્ય છે, એ પ્રાપ્ય છે. પ્રાપ્ય નામ તે સમયે તે જ પ્રાપ્ય થવાની હતી. તેને પુદ્‌ગલ પ્રાપ્ત કરે છે. સમજાય છે કાંઈ? આહાહા..! સૂક્ષ્મ વાત છે. બહુ સરસ અને બહુ સુંદર વાત છે! વાસ્તવિક તત્ત્વની મર્યાદા શું છે.. (તે સમજાવે છે).

જેમ આ ભાષાની પર્યાય થાય છે, પર્યાય. તો કહે છે કે પરમાણુમાં જે પર્યાય થઈ તે તે સમયની પ્રાપ્ય જ છે. પ્રાપ્ય જ છે. તે જ થવાની હતી, તેને પરમાણુ પ્રાપ્ત કરે છે. ભાષાના પરમાણુ થવાવાળીને પ્રાપ્ત કરે છે. નહિ થવાવાળીને પ્રાપ્ત કરે છે એમ નહિ. તેનો કાળ જ તે પ્રાપ્ત કરવાનો હતો. આહાહા..! તે જ પર્યાય થવાની હતી તેનું નામ પ્રાપ્ય. અને તેને પુદ્‌ગલ પ્રાપ્ત કરે છે. આત્મા તો તેને જાણનારો છે. તેને પ્રાપ્ત કરીને.. ઈ આગળ લેશે. તે સંબંધીનું જ્ઞાન તે પણ પોતાનું પ્રાપ્ય છે. તે સમયે આત્મા તે પ્રાપ્યને પ્રાપ્ત કરે છે. એ પછી લેશે.

મુમુક્ષુ :- ઈ આત્માનું પ્રાપ્ય?

ઉત્તર :- આત્માનું પ્રાપ્ય પછી લેશે, પછી લેશે. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- થવાવાળી પર્યાય..

ઉત્તર :- થવાવાળી પર્યાયને અહીંયા પ્રાપ્ય કહ્યું. તે પુદ્‌ગલનું કર્મ છે. કર્મ ત્રણ પ્રકારના. કર્મ નામ કાર્ય, કાર્ય નામ પર્યાય. પર્યાય ત્રણ પ્રકારની. છે એક જ પણ એને ત્રણ પ્રકારે કહેવામાં આવે છે. એક વિકાર પરિણામ શુભ થયા કે શરીરની અવસ્થા (થઈ), તે થઈ તે પ્રાપ્ય. એ પ્રાપ્યરૂપી કાર્ય. સમજાય છે કાંઈ? જીવનું કાર્ય નહિ. એ જીવનું કર્મ નહિ. આત્માનું પ્રાપ્ય નહિ, આત્માની અવસ્થા નહિ.આહાહા..! સમજાય છે કાંઈ? મંદિર બન્યું. કહે છે કે, મંદિર બન્યું તો સમયની જે પર્યાય ત્યાં થઈ તે પ્રાપ્ય. એ પ્રાપ્ય તે સમયે તે જ પર્યાય થવાની હતી. તે પ્રાપ્યને, પ્રાપ્યરૂપી કર્મને પુદ્‌ગલ પહોંચે છે, પુદ્‌ગલ તેને પહોંચે છે, આત્મા નહિ. સમજાય છે કાંઈ? આ ત્રણ બોલને ધીમેથી સમજવા. બહુ સૂક્ષ્મ વાત છે.

તે સમયનો શુભરાગ, વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ચોથે, પાંચમે કે છઠ્ઠે જે સમયે જે રાગ થયો તે જ પ્રાપ્ય છે. તે જ થવાવાળી પર્યાય છે, થઈ તેને પ્રાપ્ય કહ્યું. તેને પુદ્‌ગલનું કાર્ય કહ્યું. પ્રાપ્ય એ પુદ્‌ગલનું કાર્ય છે, આત્માનું નહિ. સમજાય છે કાંઈ? કોઈએ ગજરથ ચલાવ્યો. તો કહે છે કે ગજ-હાથી ચાલ્યો અને એવી મેદની. પચાસ હજાર કે લાખ, બે લાખ. તો કહે છે કે એ બધા દ્રવ્યની જડની અને રાગની તે પર્યાય તે સમયે થવાની હતી તેને પ્રાપ્ય કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? અમૂલખચંદજી! આવી વાત છે.

પ્રાપ્યને પુદ્‌ગલ પહોંચે છે, આત્મા નહિ. એવી રાગની સ્વતંત્રતા. પરની તો હતી પણ ઉદયમાં જે નિમિત્તમાં જોડાયો અને રાગ થયો તે તે સમયે થવાવાળી પર્યાય જ થઈ છે.

એ થવાવાળી છે તે થઈ છે, એમ અહીંયા કહે છે. અને પછી કહેશે કે ઈ જે પ્રાપ્ય છે, તેનું જે આત્મા જ્ઞાન કરે છે તે પણ જ્ઞાનની પર્યાય તે સમયની પ્રાપ્ય થવાની હતી તેને પ્રાપ્ત કરે છે. પરને કારણે નહિ. એ રાગ પ્રાપ્ય છે તેને કારણે જ્ઞાનની પર્યાય પ્રાપ્ય થાય છે એમ નથી. આહાહા..! અમરચંદભાઈ! આહાહા..! કહો, સમજાય છે કે નહિ? ઓ.. જયંતિપ્રસાદજી! આવે છે, સારું. અમારે ફૂલચંદજી!

ભગવાન આત્મા.. કહે છે કે જે સમયે જે રાગ થયો, જે શરીરની અવસ્થા થઈ, જે પર પરમાણુની અવસ્થા નોકર્મની થઈ તે સમયે તે અવસ્થા તેનું પ્રાપ્ય જ છે, એ જ થવાવાળી છે. તો પુદ્ગલ તેને પ્રાપ્ત કરે છે, આત્મા નહિ. આત્મા તેનો કર્તા નહિ અને આત્માની એ પર્યાય નહિ. ઓહોહો..! સમજાય છે કાંઈ? તેને અહીંયા અમે ધ્રુવ લઈએ છીએ. એવો શબ્દ લીધો હતો. ૯૯ સાલ. (સંવત) ૧૯૯૯માં રાજકોટ હતા ને. આ ત્રણમાં પ્રાપ્યમાં ધ્રુવ લગાવ્યું હતું. વિકાર્યમાં વ્યય લગાવ્યું હતું અને નિર્વર્ત્યમાં ઉત્પાદ લગાવ્યું હતું. ધીરે ધીરે સમજો. ધ્રુવ નામ તે સમયે તે જ પર્યાય થવાની તેનું નામ ધ્રુવ. પ્રાપ્યને ધ્રુવ કહ્યું હતું. ૧૯૯૯ની સાલમાં રાજકોટમાં વ્યાખ્યાન થયા હતા. એ લખ્યા છે. બહેનોએ લખ્યા હતા ને. છપાઈ ગઈ છે. સમજાય છે કાંઈ?

કહે છે કે જે જડની પર્યાય, રાગની પર્યાય, દેહની અવસ્થા આમ થાય તે સમયે તેવી જ પ્રાપ્ય એની અવસ્થા છે તેને પરમાણુ પ્રાપ્ત કરે છે. એવી જ અવસ્થાનો એનો કાળ હતો. એને પરમાણુ પ્રાપ્ત કરે છે. રાગ છે, જે સમયે અશુભ આવ્યો તે જ અશુભ આવવાનું તેનું પ્રાપ્ય છે. તેને પુદ્ગલ પ્રાપ્ત કરે છે. સમજાય છે કાંઈ? આત્મા તો એ પરિણામને પોતાના સ્વલક્ષે તે સંબંધીની જ્ઞાનપર્યાય છે તેમાં વ્યાપ્ત થઈને પોતાને જાણે છે. સમજાય છે કાંઈ? વીતરાગ માર્ગ ભાઈ સૂક્ષ્મ માર્ગ છે. એ.. પોપટભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- છૂટો જ છે.

હવે એ પ્રાપ્યની વ્યાખ્યા થઈ, હવે વિકાર્યની વ્યાખ્યા છે. પણ વખત થઈ ગયો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ-૧૧, રવિવાર તા. ૪-૮-૧૯૬૮**
**ગાથા-૭૬, પ્રવચન-૫૮૮**

.. પર્યાય શું? અને પુદ્ગલની પર્યાય શું? એનું વર્ણન છે. જે પર્યાય છે તે કાર્ય છે અને તેનો કર્તા તે દ્રવ્ય છે. સમજાણું? તો કહે છે કે પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એ પર્યાય છે. લ્યો, છે આવી ગયું. ખ્યાલેય ન રહ્યો. જીવદ્રવ્યની પર્યાય શું છે? અને પુદ્ગલની પર્યાય શું છે? ઈ ચાલે છે. પુદ્ગલની પર્યાય એનો પુદ્ગલ કર્તા. જીવની પર્યાય એનો જીવ કર્તા. કર્તાકર્મ છે ને. તો શું કહે છે?

ધર્મીનું કાર્ય નામ ધર્મીની પર્યાય કેવી હોય? ધર્મી જે પોતાનો શુદ્ધ સ્વભાવ ચૈતન્યમૂર્તિનું ભાન થયું છે તો પોતાની પર્યાયમાં એ જ્ઞાતા-દૃષ્ટા અને શ્રદ્ધા, શાંતિની જે પર્યાય છે, એ આત્માની પર્યાય કહો, આત્માનું કાર્ય કહો, આત્માનું કર્મ કહો, આત્માની દશા કહો. એનો આત્મા કર્તા છે. સમજાય છે કાંઈ? ત્યારે આ અંદર વિકલ્પ આદિ વિકાર થાય છે એનો કર્તા કોણ? સમજાય છે કાંઈ? જે અંદર પુણ્ય-પાપનો વિકાર થાય છે એ પર્યાય કોની છે? જેની પર્યાય હોય તે તેનો કર્તા હોય. સમજાય છે કાંઈ? ધર્મીની વિકાર પુણ્ય-પાપની પર્યાય એ જીવની પર્યાય નથી. તો એ પર્યાય કોની છે? અને કઈ રીતે પ્રાપ્ત થાય છે? અને ધર્મી એનો જ્ઞાતા-દૃષ્ટા, એનો જાણનારો, એ જાણવાની પર્યાય, શ્રદ્ધાની પર્યાય એ પોતાની પર્યાય અને એ પોતાનું કાર્ય અને પોતાનો આત્મા કરવાવાળો. કહો, સમજાય છે કાંઈ?

પહેલા ત્રણ બોલ લે છે, જુઓ! પાઠ છે એમાં તો શબ્દમાં ફેર છે. જે શ્લોક છે એમાં '**ण वि परिणमदि**' પહેલો શબ્દ લીધો છે. એ વિકાર્ય છે. પહેલો શબ્દ છે એ વિકાર્ય છે. '**ण गिण्हदि**' એ પ્રાપ્ય છે. '**उप्पज्जदि**' એ નિર્વર્ત્ય છે. સમજાય છે કાંઈ? પાઠ જે છે ને પાઠ, ૭૬ ગાથા. શું કહ્યું?

**ण वि परिणमदि ण गिण्हदि उप्पज्जदि ण परदव्वपज्जाए।**
**णाणी जाणंतो वि हु पोग्गलकम्मं अणेयविहं।।७६।।**

'**ण वि परिणमदि**' એ શબ્દ વિકાર્યને બતાવે છે. '**ण गिण्हदि**' શબ્દ પ્રાપ્યને બતાવે છે. પ્રાપ્ય, વિકાર્ય શું છે એ કહેશે. '**ण उप्पज्जदि**' એ નિર્વર્ત્ય બતાવે છે. પણ એ તો પાઠની શૈલી બનાવવા પદ્ય બનાવવા માટે એમ લીધું છે. પણ મૂળ અર્થ તો પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય અમૃતચંદ્રાચાર્યે જે વસ્તુસ્થિતિનો ક્રમ છે એ લીધો છે. સમજાય છે કાંઈ?

પહેલું પ્રાપ્ય છે. પ્રાપ્યનો અર્થ જે સિદ્ધ થયેલાને પ્રાપ્ત કરવું. બનાવવું નથી, રચવું

નથી, ફેરફાર કરવો નથી. છે તેને પ્રાપ્ત કરવું તેનું નામ પ્રાપ્ય. ગાથાની વાત જરી સૂક્ષ્મ છે. સમજાય છે કાંઈ? છે તેને પ્રાપ્ત કરવું તેનું નામ પ્રાપ્ય. તો કહે છે કે પુણ્ય-પાપના પરિણામ છે, છે, તેને પુદ્ગલ પ્રાપ્ત કરે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નહિ. જીવદ્રવ્ય નહિ. જીવદ્રવ્ય અને જીવદ્રવ્યની દૃષ્ટિ થઈ તો જીવદ્રવ્ય તો શુદ્ધ ચૈતન્ય છે. અને એની દૃષ્ટિ થઈ તો આત્માની પર્યાયમાં શુદ્ધ જ્ઞાન, દર્શન, આનંદની પર્યાય આત્માની છે. આ રાગાદિ, પુણ્યાદિ, વ્યવહારાદિ પર્યાય પરદ્રવ્યની પર્યાય છે. પરદ્રવ્યની પર્યાય છે. પાઠમાં જુઓને. '**परदव्वपज्जाए**' છે. એ રાગ-દ્વેષ, દયા, દાનનો વિકલ્પ ઉઠે છે એ આત્માનું પ્રાપ્ય નહિ, આત્માની પર્યાય નહિ, આત્માનું કાર્ય નહિ, આત્માનું એ કર્મ નહિ. ધન્નાલાલજી! સ્પષ્ટ વાત છે.

કોનું કાર્ય છે? પ્રાપ્ય. પુણ્યાદિ પરિણામ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિના જે શુભભાવ થાય છે, અશુભભાવ પણ સાથે છે, પણ આપણે મુખ્ય શુભ ઉપર વાત છે, એ શુભ પ્રાપ્ય છે. તે જે સમયે થવાનો હતો તે જ થયો છે. તેને કર્મ પ્રાપ્ત કરે છે. એ કર્મની પર્યાય છે, આત્માની નહિ. ... આ તો ઉલટપલટ થઈ ગયું. સમજાય છે કાંઈ? શાંતિથી (સમજવું), આ તો બહુ ઝીણી ગાથા છે. ભગવાન આત્મા પોતાનું નિજ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એનું અંતરમાં રાગ અને પુણ્યથી ભિન્ન પડીને ભેદજ્ઞાન થયું તો ભેદજ્ઞાન થયું તો રાગની પર્યાય જ્ઞાનીની કેમ કહેવાય? સમજાય છે કાંઈ? એ તો રાગ થયો તેને જ્ઞાની પોતામાં રહીને પરને પૃથક રાખીને જાણે છે. જાણવાની પર્યાય જ્ઞાનીની-ધર્મીની છે. સુકૌશલજી! બહુ ઝીણું, બહુ ઝીણું. આહાહા..! અત્યારે તો આ ગડબડ ચાલે છે.

પહેલેથી એમ લે કે કર્મને કારણે વિકાર થાય છે એ વાત અહીંયા નથી. અહીંયા તો કર્મ અને કર્મના નિમિત્તે ઉત્પન્ન થનારા દયા, દાન, વ્રત, ભક્તિના ભાવથી ભિન્ન પડીને ચૈતન્યનો સુધાર કર્યો, નિજ ચૈતન્યની સંભાળ કરીને શુદ્ધતા શ્રદ્ધામાં પ્રગટ કરી ત્યારે એને જે રાગ છે એ પોતાની પર્યાય નથી પણ કર્મની પર્યાય છે અને કર્મ તેને પ્રાપ્ત કરે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

પ્રાપ્ય એ '**गिण्हदि**'નો શબ્દ છે. બીજો શબ્દ છે ને? '**गिण्हदि**', '**ण गिण्हदि**' એમ લેવું. આત્મા એ પ્રાપ્ય જે વિકારભાવ છે તેને ગ્રહતો નથી. આત્માનું એ પ્રાપ્ય નહિ. સમજાય છે કાંઈ? પાઠ છે ને? જુઓને! '**ण वि परिणमदि ण गिण्हदि उप्पज्जदि ण परदव्वपज्जाए**'. એ પરદ્રવ્યની પર્યાય છે. પરદ્રવ્યના પરિણામ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, પંચ મહાવ્રતનો વિકલ્પ, દયા, દાન આદિ, આ ન ખાવું ને આ પીવું એવો જે વિકલ્પ ઉઠે

છે એ વિકલ્પ આત્માની પર્યાય નહિ. મહાવ્રતના પરિણામ પરદ્રવ્યની પર્યાય છે. ફૂલચંદભાઈ! બરાબર આવ્યા છો તાકડે ઠીક અહીંયા. સાત વર્ષે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં વસ્તુ છે. ભગવાન સચ્ચિદાનંદ સ્વરૂપ સત્ જ્ઞાન અને આનંદસ્વરૂપ છે આત્મા તો. એમ જ્યાં દૃષ્ટિ થઈ, ધર્મી થયો, સમ્યક્જ્ઞાન થયું, સમ્યગ્દર્શન થયું તો એમાં એની સમ્યગ્દર્શન-જ્ઞાન પર્યાય તેનું પ્રાપ્ય છે. તે સમયે તે જ પર્યાય પ્રાપ્ય છે. એ પછી આવશે. એ પ્રાપ્ય છે તેને આત્મા પ્રાપ્ત કરે છે. રાગાદિ, દયા, દાનના વિકલ્પ ઉઠે છે એ '**ण गिण्हदि**'. એનું પ્રાપ્ય નહિ. સમજાય છે કાંઈ? ઓહો..! એ નહિ કહેતા પહેલા કોની છે એમ કહે છે અહીંયા. પાઠમાં તો એમ છે કે એની નહિ. એમ કહેવું છે. પહેલા કોના છે એમ કહીને પછી એના નથી એમ કહેશે. સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાન ચૈતન્યપ્રભુ નિજ સ્વભાવના દોરે અંદરમાં ચાલે. જ્ઞાન ને દર્શન ને શુદ્ધ આનંદસ્વરૂપ હું છું. એવી જ્યાં પર્યાયમાં ધર્મદશા પ્રગટ થઈ, ચોથા ગુણસ્થાનથી (એની વાત છે). તેરમા ગુણસ્થાની અહીંયા વાત નથી. સવારે તો તેરમાની પણ હતી અને ચોથાની પણ હતી. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન થયું, ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય ધ્રુવ જેની પર્યાયમાં એનો પત્તો લીધો, પર્યાયમાં પત્તો લીધો કે આ તો શુદ્ધ જ્ઞાયક છે, ચૈતન્ય છે. એમાં જે સમ્યક્ શ્રદ્ધા નિર્વિકલ્પ દૃષ્ટિ, નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન અને રાગના અભાવરૂપી વીતરાગી પરિણતિ તે આત્માનું પ્રાપ્ય છે. એ ધર્મીનું કાર્ય છે, એ ધર્મીનું કર્મ છે, એ ધર્મની પર્યાય છે. સમજાય છે કાંઈ?

બીજું, વિકાર્ય. વિકાર્યનો અર્થ. તત્ત્વાર્થ રાજવાર્તિકમાં દૃષ્ટાંત આપ્યું છે. આ ત્રણે બોલના. પ્રાપ્ય કોને કહે છે? કે નવી રચના ન કરવી, બનાવવું નહિ, ફેરફાર કરવો નહિ, હોય તેને પ્રાપ્ત કરવું. જેમ કે ગામ. ગામ હોય ને? શહેર. એ કંઈ નવું બનાવવું નથી કે ફેરફાર કરવો નથી. માણસ પહોંચી જાય છે. છે તેને પહોંચે છે. એમ વિકારી પર્યાય તે જ સમયે શુભ-અશુભ આદિ ભાવ પ્રાપ્ય છે તેને પુદ્ગલ પ્રાપ્ત કરે છે. કર્મ તેને પહોંચે છે, આત્મા નહિ. છે ને પુસ્તક? હાથમાં છે કે નહિ? તો ક્યા શબ્દનો અર્થ થાય છે એ નક્કી તો કરવું પડશે કે નહિ? વળી કોઈ કહે કે એના ઘરનો અર્થ કરે છે.

મુમુક્ષુ :- ઘરના જ હોય ને, ભગવાનના ઘરના.

ઉત્તર :- ઘરના એટલે કલ્પનાના. એમ. ચાલતું નથી એવો કરે છે. અરે.. ભાઈ! ભગવાન! તું સાંભળ તો ખરો, પ્રભુ! તારી લીલા એવી છે કે આત્માનું જ્યાં ભાન થયું ત્યારે તો રાગાદિ, વ્યવહાર આદિની પર્યાયને જડમાં નાખી દીધી છે. જે છૂટી જાય છે, પોતામાં છે નહિ, નાશ થઈ જાય છે એ પોતાની પર્યાય જ નહિ. પંડિતજી! ક્યાં ગયા પંડિતજી

એ તેરમું ગુણસ્થાન? ના, ના એ તો સમજવા માટે છે ને. આ તો સમજવામાં બધું આવે. પૂછવામાં બધા પ્રશ્ન આવે. જુઓ અહીંયા.

કહે છે કે, પ્રાપ્ય. જેમ ગામ છે, મકાન લ્યો ને મકાન. તો છે તેને પ્રાપ્ત કરવું, છે તેને મેળવવું, હોય તેને પહોંચી વળવું. એમ પુણ્ય-પાપના પરિણામ તે સમયે જે છે તેને પુદ્ગલ પ્રાપ્ત કરે છે, આત્મા નહિ. આત્મા તો તે પર્યાયને જાણનારો, જ્ઞાનપર્યાય પોતાની છે, જ્ઞાનપર્યાય પોતાની છે. તે તેનું પ્રાપ્ય છે. એ પછી ૭૭માં લેશે. સમજાય છે કાંઈ? વિકાર્ય. વિકાર્યનો અર્થ જેમ લોટમાં રોટલી બને છે. લોટમાંથી રોટલી. પલટી ગયો ને. લોટમાંથી રોટલી થઈ. તત્ત્વાર્થ રાજવાર્તિકમાં ઈ છે. પહેલા જે અવસ્થા પલટીને થઈ, વિકાર્ય એટલે વિશેષ કાર્ય. છે તો એની એ અવસ્થા, હોં! જે છે તે જ. પણ છે તેને ધ્રુવ કહીને પ્રાપ્ય કહી. છે તેને પલટીને થઈ તો તેને વિકાર્ય કહ્યું. વિ-કાર્ય. પર્યાય તો એની એ છે. કર્મ નામ પર્યાય એની એ છે. કર્મ નામ કાર્ય એનું એ. પણ ત્રણ પ્રકારે એને ઓળખવામાં આવે છે. સમજાય છે કાંઈ? અમને બહુ હિન્દી નથી આવડતી, હોં! સાધારણ ગડબડ થઈ જાય ભાષામાં. કારણ કે અમારી કાઠિયાવાડી ભાષા જેવી નીકળે એવી અહીંયા નીકળતી નથી. ગુજરાતી ભાષામાં જેવું સ્પષ્ટ નીકળે એવું આમાં સ્પષ્ટ ન થાય. કહો, સમજાય છે કાંઈ?

વિકાર્ય. એટલે પલટીને થવું. લોટ પલટીને રોટલી થાય છે. એમ આત્મામાં પૂર્વની પર્યાય પલટીને પર્યાય તે અપેક્ષાથી વિકાર્ય. છે તો એની એ પર્યાય. જે પ્રાપ્ય છે તે જ વિકાર્ય છે. સમજાય છે કાંઈ? પુદ્ગલ પોતે, પુદ્ગલ પોતે પર્યાયરૂપે (પલટે છે). પોતે સમજ્યા? સ્વયં. પુદ્ગલ જ પોતાથી વિકાર્યરૂપે પરિણમે છે. પ્રાપ્યને પહોંચે છે, પુદ્ગલ જ પલટીને તેને પરિણમે છે. પરિણમે છે. વિકાર્યનો અર્થ પરિણમે છે, ભાઈ! પહેલો શબ્દ છે ને આમાં મૂળ શ્લોકમાં. '**ण वि परिणमदि**'. એ. મૂળ પરિણમે છે. પુદ્ગલ રાગ અને પુણ્ય-પાપરૂપે પરિણમે છે એમ કહે છે. ઓહોહો..! ભારે. સાંભળવું કઠણ પડે. વ્યવહાર જેને અજ્ઞાની કહે છે, વ્યવહારનું ભાન નથી એનો જે વ્યવહાર છે, તો કહે છે કે જ્ઞાનીને તે વ્યવહાર પુદ્ગલનું પરિણમન છે, આત્માનું નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

વિકાર્ય. લોટમાંથી રોટલી બની. ફેરફાર થઈ ગયો. એમ પૂર્વની કર્મની પર્યાય થઈને, ફેરફાર થઈને પરિણમી એ પુદ્ગલની પર્યાય, કર્મની પર્યાય છે. આ શરીરની પર્યાય પણ ઈ જ છે. સમજાય છે કાંઈ? આમ જે પર્યાય છે તે આમ થઈ. થઈ તે પ્રાપ્ય છે. તે સિદ્ધ થઈ છે. છે, પ્રાપ્ય છે. તેને આંગળીના પરમાણુ પ્રાપ્ત કરે છે, આત્મા નહિ. અને પૂર્વની અવસ્થા પલટીને આમ હતી તે આમ થઈ, તે અપેક્ષાથી તે જ પર્યાયને વિકાર્ય કહ્યું. વિકારમાં પરમાણુ પરિણમે છે. વિકારમાં પરમાણુ જ પરિણમે છે, આત્મા નહિ. એમ પુણ્ય-

પાપના પરિણામમાં કર્મ પરિણમે છે, આત્મા નહિ. ઓહોહો..! સમજાય છે કાંઈ?

નિર્વર્ત્ય. જેમ તંતુમાંથી કપડું બનવું. સમજાય છે કાંઈ? એ નીપજ્યું. એમાં કોઈ ફેરફાર ન થયો. એ તો કપડું બન્યું. તંતુ ખોલી નાખો તો એમ છે અને બન્યું તો પણ એવું છે. એમ કર્મથી નવી પર્યાય ઉત્પન્ન થઈ. પર્યાય તો એની એ છે. તેને ત્રણ પ્રકારે ઓળખવામાં આવે છે. કર્મરૂપી કાર્યને-પર્યાયને ત્રણ પ્રકારે ઓળખવામાં આવે છે. ઊપજી, ઊપજી-ઉત્પાદ થયો. વિકાર્ય—ફેરફાર થયો. ધ્રુવ-છે. એક પર્યાયમાં ધ્રુવ, ઉત્પાદ, વ્યય આ અપેક્ષાથી કહ્યું છે. (સંવત) ૧૯૯૯ની સાલમાં એ વાત લીધી હતી. કર્તાકર્મમાં લખાણમાં આવી ગયું છે. સમજાય છે કાંઈ? ધ્રુવ એટલે સામાન્ય ધ્રુવની અહીંયા વાત નથી. એક સમયની નિશ્ચયથી તે જ પર્યાય તે જ કાળે થવાની હતી તેને પ્રાપ્ય કહે છે, તેને ધ્રુવ કહે છે. ધ્રુવ અચળ તે સમયની તે પર્યાય. તે પલટીને થઈ તો તેને વિકાર્ય નામ પરિણમન કહે છે. ઊપજી તેને નિર્વર્ત્ય કહે છે. ઓહોહો..! સમજાય છે કાંઈ? એ.. જેઠાલાલભાઈ!

**'પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું (વ્યાપ્ય જેનું લક્ષણ છે એવું) પુદ્‌ગલના પરિણામ...'** જુઓ! વ્યાપ્ય નામ જેની અવસ્થા છે, એ અવસ્થા જેનું લક્ષણ છે તેવા પુદ્‌ગલના પરિણામ. એ પુદ્‌ગલની અવસ્થાનું લક્ષણ છે. ઓહોહો..! ગજબ વાત છે! સમજાય છે કાંઈ? ભગવાન ચૈતન્યદ્રવ્ય જ્યાં રાગથી ભિન્ન પડ્યું, સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં, ધર્મની સ્થિતિમાં તો કહે છે કે એ વ્યાપ્ય પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવી અવસ્થા લક્ષણવાળું એ પુદ્‌ગલના પરિણામ પરદ્રવ્યની પર્યાય... પુદ્‌ગલના પરિણામસ્વરૂપ કર્મ છે. તે કર્તાનું કાર્ય છે. ધીમેથી સમજવાની વસ્તુ છે. બહુ સૂક્ષ્મ છે આ. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા એ પર્યાયને પોતાની પર્યાયમાં જાણે છે કે આ પરદ્રવ્યરૂપી પર્યાય છે. ધર્મીજીવ એ પરદ્રવ્યની પર્યાય જાણે છે. પાઠમાં જુઓ! **'परदव्वपज्जाए'** પાઠ છે. પાઠમાં પરદ્રવ્યપર્યાય શબ્દ પડ્યો છે. તો પરદ્રવ્યપરિણામ-પર્યાયને ઠેકાણે અહીંયાં પુદ્‌ગલપરિણામ કહ્યું. એ પુદ્‌ગલપરિણામરૂપી કર્મ એ કર્તાનું કાર્ય છે. એ પુદ્‌ગલનું કાર્ય છે. ભગવાન આત્માનું કામ-કાર્ય-પર્યાય-પરિણામ નથી. કહો, ધન્નાલાલજી! ભારે વાત ભાઈ આવી. વીતરાગમાર્ગમાં આ વાત આવી છે તો કોઈમાં તો કોઈ દી સાંભળવા મળે નહિ. એ.. સુકૌશલજી! એ તો બહુ હરખ બતાવતા હતા. આજે આવ્યા હતા, બહુ ખુશી બતાવતા હતા કે ઓહો..! આવી વાત મળી. આ વસ્તુનું સ્વરૂપ જ એવું છે, ભગવાન!

તારી ચીજમાં તો તું મહિમાવંત પદાર્થ છો. શું રાગાદિ તારું કાર્ય છે? તો આત્મા રાગનો કર્તા અને રાગ એનું કાર્ય એમ સદાય રહેશે. અને સંસારથી મુક્ત કોઈ દી થશે નહિ. સમ્યગ્દર્શન

પણ નહિ થાય. સમજાય છે કાંઈ? પોતાના સ્વરૂપનું જ્યાં ભાન નથી એવો મિથ્યાદૃષ્ટિ પુણ્ય-પાપના વિકલ્પને પોતાની પર્યાય માને છે. કેમકે તેને દ્રવ્ય શું અને દ્રવ્યની પર્યાય એની ખબર નથી. દ્રવ્ય શું છે અને દ્રવ્ય દ્રવે છે તો એની પર્યાય શું છે એની મિથ્યાદૃષ્ટિને ખબર નથી. તો એ પુણ્ય-પાપ, દયા, દાન વિકલ્પ મારી પર્યાય છે અને મારું કાર્ય છે, મારું કામ છે અને મારા પરિણામ છે એમ મિથ્યાદૃષ્ટિ માને છે. ઓહો..! ભારે વાત ભાઈ! જિનેશ્વરદાસજી! ભારે આકરી વાત. સોનગઢથી આવી વાત કાઢી. એમ કહે છે.

ભગવાન આત્મા ચૈતન્યપ્રભુ છે ને. શાંતિ અને આનંદનું ધામ ભગવાન છે. ઓહો..! આવા દ્રવ્યનો-વસ્તુનો-પદાર્થનો બોધ થયો. તો એના બોધ ને જ્ઞાન-દર્શનની પર્યાયમાં એ રાગાદિ છે તેને જાણવાની પર્યાય પોતાનું કાર્ય છે. રાગ અને વ્યવહાર આત્માનું કાર્ય છે એ મિથ્યાદૃષ્ટિ માને છે. સમજાય છે કાંઈ? પુદ્‌ગલની પર્યાય આત્માની પર્યાય છે એમ મિથ્યાદૃષ્ટિ માને છે. ભારે કામ ભાઈ. પેલા તો હજી કહે, ચોથા ગુણસ્થાને શુભઉપયોગમાં શુદ્ધતાનો અંશ છે. શુભઉપયોગ જ વર્તમાનમાં છે, શુદ્ધઉપયોગ છે જ નહિ. ભાઈ! શુભરાગ તો પુદ્‌ગલના પરિણામ છે. પ્રભુ! અહીં તો ઈ કહે છે. આહાહા..! પુદ્‌ગલના પરિણામ છે જ્ઞાનીની દૃષ્ટિમાં. અજ્ઞાનીની દૃષ્ટિમાં મારા છે. કેમકે એને દ્રવ્ય અને દ્રવ્યની પર્યાયની ખબર નથી. દેવીલાલજી! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- બેય વસ્તુ ભિન્ન છે. રાગાદિ, પુણ્યાદિ તો અજ્ઞાન અંધકાર છે. અજ્ઞાન શબ્દે મિથ્યાત્વ નહિ, એમાં જ્ઞાન નથી. વ્યવહારરત્નત્રય કહો કે શુભઉપયોગ કહો એમાં જ્ઞાન નથી. જ્ઞાનગુણ નથી, જ્ઞાન દ્રવ્ય નથી, જ્ઞાનની પર્યાય નથી. સમજાય છે કાંઈ?

ત્યારે કહે છે કે એ '**પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું...**' પરિણામ. જુઓ! આવી વ્યાપ્ય નામ અવસ્થા જેનું લક્ષણ છે એવા પુદ્‌ગલ પરિણામ, પુદ્‌ગલ પરિણામસ્વરૂપ કર્મ, પુદ્‌ગલ પરિણામસ્વરૂપ કાર્ય, પુદ્‌ગલ પરિણામરૂપી સ્વરૂપ કર્મ. કર્તાનું કાર્ય. કોણ કર્તા? '**તેનામાં પુદ્‌ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને,...**' જુઓ! આહાહા..! એમાં પુદ્‌ગલદ્રવ્ય સ્વયં અંતર્વ્યાપક થઈને. સ્વયં એટલે આત્માની કોઈપણ અપેક્ષા રાખ્યા વિના. પોતાની મેળે પુદ્‌ગલ અંતર્વ્યાપક થઈને. એ પરિણામમાં અંતર્વ્યાપક પ્રસરીને. પુદ્‌ગલના પરિણામ જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના પરિણામ છે તેમાં પુદ્‌ગલદ્રવ્ય તે પર્યાયમાં અંતર્વ્યાપક-પ્રસરીને-વિસ્તાર પામીને '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...**' વ્યવહારરત્નત્રય આદિ શુભઉપયોગમાં આદિમાં પુદ્‌ગલ છે. આદિમાં કોઈ આત્માની પર્યાયની, કોઈ નિમિત્તની અપેક્ષા છે એમ નથી. સમજાય છે કાંઈ? શુભરાગ જે વિકલ્પ છે, એની આદિમાં પુદ્‌ગલ છે, મધ્યમાં

પણ પુદ્‌ગલ અને અંતમાં પણ પુદ્‌ગલ છે. તો ત્રણેય એક જ છે. આદિ, મધ્ય, અંત એક સમયના ત્રણ પ્રકાર પાડ્યા. જેમ ઓલી પર્યાયના ત્રણ પ્રકાર પાડ્યા-પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય, એ એક જ પર્યાયને ત્રણ અપેક્ષાથી પર્યાય કહ્યું. એમ પુદ્‌ગલદ્રવ્ય સ્વયં અંતર્વ્યાપક થઈને આદિ-મધ્ય-અંતમાં. આહાહા..!

... કહે છે. વિકાર જે તીર્થંકર ગોત્રનો ભાવ ઉત્પન્ન થાય તેની આદિમાં આત્મા નહિ. સમ્યગ્દૃષ્ટિને આવો ભાવ હોય છે. કહે છે, ષોડશકારણ ભાવનાનો જે ભાવ ઉઠ્યો છે તેની આદિમાં, આદિમાં-શરૂઆતમાં આત્માની પર્યાય છે જ નહિ. તેની આદિમાં પુદ્‌ગલ જ છે. અમૂલખચંદજી! છે એમાં? છે કે નહિ? બહુ સ્પષ્ટ છે. કહે છે, ભગવાન. કહે છે ભગવાનને ભગવાન. અરે..! ભાઈ! એ અંતર્વ્યાપક પ્રસરીને, અંતર્વ્યાપક-અંદર પ્રવેશીને એ પુદ્‌ગલ કર્મરૂપે પરિણમે છે. રાગરૂપે, પુણ્યરૂપે. ભગવાન આત્મામાં ક્યાં વિકાર છે કે પરિણમે. સમજાય છે કાંઈ? આમાં બીજાને જેને ન બેસે એને એવું કઠણ લાગે, અર.ર..ર..! આ શું કરી નાખે છે? ભગવાન, મુનિઓને કહે કે આવું કેમ લખ્યું?

મુમુક્ષુ :- ભગવાનને જ કહે ને.

ઉત્તર :- ભગવાન પાસે તો જાય ક્યાંથી? પુણ્ય ક્યાંથી હોય એના. સમજાય છે કાંઈ? આહાહા..! દિગંબર મુનિઓએ... એનું મગજ અસ્થિર છે, હોં! કોઈ હેરાન કરશો નહિ. મગજ અસ્થિર છે. બેસવા દ્યો, બેસવા દ્યો એને. કહો, સમજાણું કાંઈ? મગજ અસ્થિર છે. એવું છે, ભાઈ!

'**વ્યાપ્યલક્ષણવાળું પુદ્‌ગલના પરિણામસ્વરૂપ...**' ભાષા જુઓ! એ પુદ્‌ગલની અવસ્થાનું લક્ષણ છે, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? છે કે નહિ? પંડિતજી! એમાં છે, જુઓ! '**વ્યાપ્યલક્ષણવાળું પુદ્‌ગલના પરિણામસ્વરૂપ જે કર્મ (કર્તાનું કાર્ય), તેનામાં પુદ્‌ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને...**' વિકારી શુભભાવમાં આદિ-મધ્ય-અંતમાં પુદ્‌ગલ પ્રવેશ કરે છે. પુદ્‌ગલ પકડે છે, પુદ્‌ગલ પરિણમે છે, પુદ્‌ગલ એમાં ઊપજે છે. પુસ્તક છે કે નહિ તમારી પાસે? અહીંયા ઘણા પુસ્તક રાખ્યા છે. બહેનું-દીકરીયુંને હાથમાં પુસ્તક છે કે નહિ? જુઓ! શું છે એમાં? '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતું,...**' ગ્રહણ કરતુંનો અર્થ પ્રાપ્ય છે. પહેલા જે પ્રાપ્ય આવ્યું હતું ને? એનો અર્થ અહીંયા ગ્રહતું એમ છે. ગાથા અનુસાર નહિ, ટીકા અનુસાર. સમજાય છે કાંઈ? ગાથા અનુસાર તો પહેલા પરિણમન છે. '**ण वि परिणमदि**' છે, આ તો '**गिण्हदि**' છે, પ્રાપ્ય છે. ટીકાને અનુસાર. સમજાય છે કાંઈ? શું કહે છે? બહુ વાત.. ઓહોહો..! સંતોએ, દિગંબર મુનિઓએ કામ કર્યા છે, ઓહો..! આવી વાત અન્યમાં તો હોઈ શકે નહિ પણ

જૈનના બીજા સંપ્રદાયમાં આવી વસ્તુ નથી. સમજાય છે કાંઈ? સંતોએ એટલું સ્પષ્ટ કરી દીધું છે અને માર્ગને એટલો સુલભ, સહેલો કરી નાખ્યો છે કે પ્રાપ્ત કરવામાં પુરુષાર્થ કરવો એનું કાર્ય છે ફક્ત. સમજાય છે કાંઈ?

કહે છે, આ તો ધીમેથી ચાલે છે ને, ભાષા એવી છે, કોઈ ગૂઢ નથી કે ન સમજાય. સાધારણ બાળક પણ સમજી શકે. આઠ વર્ષની બાલિકા પણ ચાર ચોપડી ભણી હોય તોપણ સમજી શકે એવી વાત છે. એમાં કોઈ મોટા શાસ્ત્ર ને વ્યાકરણ ને એની કોઈ જરૂર નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- સરળ જ છે. સત્ સરળ છે, સહજ છે. સહજની પ્રાપ્તિ સર્વ ક્ષેત્રે પ્રાપ્ત થાય છે.

કહે છે કે એને ગ્રહતું. ભાષા જુઓ! ઓહોહો..! પુણ્યના પરિણામ થયા એ પુદ્ગલ ગ્રહણ કરતો થકો. પુદ્ગલ એને પ્રાપ્ત કરે છે. સમજાય છે કાંઈ? ગ્રહતું છે એનો અર્થ ટીકામાં પ્રાપ્ય શબ્દ છે એ લીધો છે. પાઠમાં બીજો શબ્દ છે. '**ण गिण्हदि**', '**ण गिण्हदि**' પહેલા ન લેતા પહેલા કોણ ગ્રહે છે એમ અસ્તિથી વાત લીધી છે. પાઠમાં તો '**ण गिण्हदि परदव्वपज्जाए**' એમ લીધું છે. '**ण वि परिणमदि ण गिण्हदि उप्पज्जदि ण परदव्वपज्जाए।**' ભાઈ! ઈ વાત પહેલા આચાર્યે કોણ એને ગ્રહે છે, પરિણમે છે અને ઉપજે છે એ વાત પહેલા કરી છે. પાઠમાં તો એમ છે કે

**ण वि परिणमदि ण गिण्हदि उप्पज्जदि ण परदव्वपज्जाए।**
**णाणी जाणंतो वि हु पोग्गलकम्मं अणेयविहं।।७६।।**

'**पोग्गलकम्मं अणेयविहं**' ન પરિણમે, ન ગ્રહે, ન ઉપજે. કોણ? જ્ઞાની. પણ કઈ પર્યાયને? એવી પર્યાયનો ખુલાસો અમૃતચંદ્રાચાર્યે પહેલા કરી દીધો. સમજાય છે કાંઈ? અહીં તો પહેલા નાસ્તિથી પાઠમાં વાત કરી છે. ધર્મીજીવ પોતાના જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપના ભાનવાળો બોધવાળો જીવ એ પુણ્ય-પાપના પરિણામરૂપે, વિકારરૂપે પરિણમતો નથી. પહેલા પરિણમન લીધું છે. વિકારને ગ્રહતો નથી, વિકારરૂપે ઉપજતો નથી. કેમકે એ પરદ્રવ્યની પર્યાય છે. તેને જાણે છે. એટલા પાઠનો આમ અર્થ છે. મૂળ શ્લોકનો. સમજાય છે કાંઈ? પણ અમૃતચંદ્રાચાર્યે કોણ ગ્રહે છે, કોણ પરિણમે છે અને કોણ ઊપજે છે એ વાત પહેલા લીધી. આહા..! સમજાય છે કાંઈ?

કહે છે કે '**તેને ગ્રહતું,...**' એ પુદ્ગલ કર્મ અને આ શરીર. સમજાય છે? જુઓ! આ ભાષાની પર્યાય થાય છે, ભાષાની પર્યાય, એ જ પર્યાય ત્યાં ધ્રુવરૂપ પ્રાપ્યરૂપ થવાની હતી. એની જે પર્યાય છે-કર્મ છે-કાર્ય છે-વ્યાપ્યલક્ષણવાળું જે પરિણામ છે તેને ભાષાના

પરમાણુ પ્રાપ્ત કરે છે. સમજાય છે કાંઈ? અને ભાષા તે પરમાણુરૂપે પરિણમી છે અને ભાષા એ પર્યાયરૂપે ઊપજી છે. સમજાય છે કાંઈ? આ શરીર પણ નહિ, આત્મા નહિ, આત્માની ઈચ્છા નહિ અને આત્માનું જ્ઞાન નહિ. '**તેને ગ્રહતું,...**' કોણ? પુદ્ગલ. '**તે-રૂપે પરિણમતું...**' કોણ? પુદ્ગલ. કર્મ અને શરીર જે પર્યાય છે તે રૂપે પરિણમે છે. પહેલા ગ્રહે છે એ પ્રાપ્ય લીધું. એ રાગરૂપી પુણ્યરૂપી ભાવમાં પુદ્ગલ પરિણમે છે. એ બીજો બોલ લીધો-વિકાર્ય. સમજાય છે કાંઈ? '**અને તે રૂપે ઊપજતું થકું...**' તે રૂપ. એ પુણ્યના પરિણામરૂપ ઉત્પન્ન થયું પુદ્ગલ. સમજાય છે કાંઈ? ક્યાં આમાં લાદીના કામ ને શરીરના કામ ને છોકરાઓના કામ, ક્યાં કોણ કરતું હતું? એના ભાવ કરે છે. .... એ પણ પુદ્ગલની પર્યાય જે થવાની છે ધ્રુવ તેને પુદ્ગલ પ્રાપ્ત કરે છે. પુદ્ગલ પરિણમે છે અને પુદ્ગલ કરે છે. સમજાય છે કાંઈ? અરે..! નેમચંદભાઈ! ભારે વાત ભાઈ! આવો જૈનધર્મ હશે? આ ધર્મની રીત આવી હશે? આ શું કહે છે? ધર્મની રીત આવી છે, ભગવાન! આહાહા..! વસ્તુસ્થિતિ આવી છે.

કહે છે, '**તે રૂપે ઊપજતું થકું,...**' તે રૂપ ઊપજતું થકું. પહેલા કહ્યું હતું ને? તેને ગ્રહતું પુદ્ગલ. રાગને, પુણ્યને, દયા, દાનના વિકલ્પને, વ્રતને એ વિકલ્પને પુદ્ગલ પોતે ગ્રહણ કરતું થકું. પુદ્ગલ તે રૂપ, તે રૂપ, પુદ્ગલ તે રૂપે રાગ રૂપે પરિણમતું થકું અને તે રૂપ ઊપજતું થકું. પુદ્ગલ તે રૂપ ઉત્પન્ન થાય છે. આત્મા તે રૂપ પરિણમતો નથી. આહા..! તે રૂપ પુદ્ગલ તદ્રૂપ થાય છે. તે રૂપ રાગની પર્યાયમાં પુદ્ગલ તદ્રૂપ થાય છે. તે રૂપ તે ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? થોડું પણ યથાર્થ શું ચીજ છે એની દૃષ્ટિ કરવી જોઈએ. રુચિની કિંમત છે. સમજાય છે કાંઈ? બહુ ક્ષયોપશમ હોય કે ઓછો હોય એની સાથે સંબંધ નથી. વાસ્તવિક ચીજ શું છે અને એમાં અવાસ્તવિકપણું શું ઉત્પન્ન થાય છે અને તેનું કાર્ય કરવાવાળો જે પોતામાં નથી તેને કરનાર કોણ છે અને તેને જાણનાર હું છું, જાણનાર હું છું એ હું વાસ્તવિક છું. પણ એ પર્યાય મારાથી વાસ્તવિક રીતે થઈ છે એમ નથી. આહા..!

જુઓ! આ ચશ્મા છે. આ ચશ્મા આમ થયા, આમ. તો એ પર્યાય ધ્રુવ એવી જ ઉત્પન્ન થવાની હતી. તો એને પ્રાપ્ય કહ્યું. એ પ્રાપ્યને પરમાણુ ગ્રહણ કરે છે. આ પરમાણુએ એને ગ્રહણ કરી છે. આંગળીએ નહિ અને આત્માએ નહિ.

મુમુક્ષુ :- નાકે તો ગ્રહણ કર્યું ને?

ઉત્તર :- નાકે પણ નહિ, આંગળીએ નહિ, ઈચ્છાએ નહિ અને આત્માએ નહિ. રાજમલજી! સમજાય છે કાંઈ? તેને પ્રાપ્ય-તે જ સમયની તે પર્યાય તે સમયે, તે ક્ષેત્રે, તે કાળે, તે ભાવે તેવી જ પર્યાય પ્રાપ્ત થવાની હતી. તેને પુદ્ગલ ગ્રહણ કરે છે. તે પર્યાયરૂપે પુદ્ગલ

પરિણમે છે અને તે પુદ્ગલ તે જ પર્યાયરૂપ ઊપજે છે. આત્મા નહિ, બીજા પુદ્ગલ નહિ, કર્મ નહિ, આ હોઠ, શરીર આદિ નહિ. સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ! લોકો કહે છે કે મોટું ભેદવિજ્ઞાન થયું. મોટી ભેદજ્ઞાનની વાત છે, ભાઈ! આવી વાત છે.

'**તે પુદ્ગલપરિણામને કરે છે;...**' જુઓ! '**તે-રૂપે ઊપજતું થકું, તે પુદ્ગલપરિણામને કરે છે;...**' એમ ભાષા છે પાછી. તે પુદ્ગલપરિણામ, જે રાગ થયો તે. દયા, દાન, વ્રતનો વિકલ્પ શુભભાવ, તે પુદ્ગલપરિણામને પુદ્ગલ કરે છે. પહેલામાં આવ્યું ને? એમાં પુદ્ગલદ્રવ્ય સ્વયં અંતર્વ્યાપક થઈને એ પુદ્ગલ કર્તા છે. એ પુદ્ગલપરિણામ છે પુણ્ય-પાપ, વિકલ્પ, રાગ વિકાર. એ પુદ્ગલપરિણામને પુદ્ગલ કરે છે. સમજાય છે કાંઈ? હવે આવે છે.

'**આમ પુદ્ગલદ્રવ્ય વડે કરવામાં આવતા પુદ્ગલપરિણામને...**' હવે ગાથાનો ન્યાય બતાવે છે, ગાથામાં છે ઈ. પણ એમાં પણ દૃષ્ટાંત દઈને, દૃષ્ટાંત દઈને. '**આમ...**' જેમ પહેલા સિદ્ધાંત કર્યો તેમ. '**આમ પુદ્ગલદ્રવ્ય વડે કરવામાં આવતા પુદ્ગલપરિણામને...**' આમ, આ રીતે. પુણ્ય-પાપના પરિણામ, શરીરની અવસ્થા '**પુદ્ગલદ્રવ્ય વડે કરવામાં આવતા પુદ્ગલપરિણામને...**' એ પુદ્ગલની અવસ્થાને, પરદ્રવ્યની પર્યાયને '**જ્ઞાની જાણતો હોવા છતાં,...**' ધર્મી જાણે છે. ધર્મી જાણતો હોવા છતાં એનું કર્મ નથી, એનું કાર્ય નથી. સમજાય છે કાંઈ? '**જાણતો હોવા છતાં...**' એમ પહેલા લીધું. હવે દૃષ્ટાંત આપે છે. અમૃતચંદ્રાચાર્ય દૃષ્ટાંત આપીને વસ્તુને ઘણી સહજ સરળ બનાવી દીધી છે. કુંદકુંદાચાર્યની ગાથામાં બહુ ગંભીરતા ભરી છે, બહુ ગંભીરતા. દિવ્યધ્વનિ જેવી ગંભીરતા છે. સમજાય છે કાંઈ? અમૃતચંદ્રાચાર્ય ટીકાકાર કહે છે કે એ પુદ્ગલપરિણામથી, પુદ્ગલદ્રવ્ય વડે કરવામાં આવતા. વિકારના પરિણામ પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્યરૂપ પરિણામને પુદ્ગલદ્રવ્ય વડે કરવામાં આવતા જે પુદ્ગલપરિણામ તેને જ્ઞાની, તેને ધર્મી, તેને સમ્યગ્દૃષ્ટિ જાણતો હોવા છતાં. જાણે કે છે. જગતમાં છ દ્રવ્ય છે, એમ વિકાર આદિ છે એને જાણે છે. સમજાય છે કાંઈ?

'**જાણતો હોવા છતાં...**' પોતાના કર્મપણે માનતો નથી. પોતાની પર્યાય માનતો નથી. જાણતો થકો પોતાની પર્યાયને-જ્ઞાનની પર્યાયને પોતાની પર્યાય અને કર્મ અને કાર્ય માને છે. ઓહોહો..! રાજમલજી! ભારે વાત ભઈ આ. સાધારણ જનતા સાથે તો આ મેળ ખાય એવું નથી. કેમ? ડાલચંદજી! સાધારણ તો એમ કહે, અરેરે..! અરે..! ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! આઠ દી, પંદર દી શાંતિથી સાંભળ તો તને ખબર પડી જશે. સમજાય છે કાંઈ? તારો માર્ગ શું છે અને માર્ગથી વિપરીત કોણ છે એ થોડા દી શાંતિથી સાંભળે તો ખબર પડે. એવી કોઈ વસ્તુ નથી કે સમજાય નહિ. સમજાય છે કાંઈ? ભગવાનજીભાઈ! આહાહા..! શાંતિથી, ધીરજથી દાખલા ન્યાયથી તો કહેવાય છે. અહીં એકદમ પ્રોફેસર બોલે

એવું તો અમારી પાસે નથી. કોઈ એમ કહે છે કે અમારે હિંમતભાઈનું ભાષણ સાંભળવું છે. કોઈ એમ કહેતું હતું. કહો હિંમતભાઈને. બહુ વખાણ કર્યા ને હિંમતભાઈ આવા છે, તો અમારે થોડું સાંભળવું છે. થોડું એટલે અડધો કલાક, કલાક બોલે તો બહુ સારુ. કહો, સમજાય છે કાંઈ? ભાષાની પર્યાય થવાની હોય તો થાય. આત્મા કરે છે? આહાહા..! ભારે વાત ભાઈ! આ તો નિયત થઈ જશે. નિયત જ છે. સાંભળ તો ખરો. નિશ્ચય નથી? સત્‌નો નિશ્ચય નથી? કોઈ અવ્યવસ્થિત છે? જુઓને શું કહે છે?

જે સમયની પર્યાય ઉત્પન્ન થવાની છે એ પ્રાપ્ય છે તેને પ્રાપ્ત કરે છે. પ્રાપ્ય છે તેને પહોંચી વળે છે. તે જ સમયનું તે જ રાગનું કાર્ય છે, પુદ્‌ગલનું. આહાહા..! તેને-પુદ્‌ગલપરિણામને. એ બધાને પુદ્‌ગલપરિણામ કહ્યા, હોં! વ્યવહારરત્નત્રય, દયા, દાન, મહાવ્રત બધા પુદ્‌ગલના પરિણામ છે. આહાહા..! ધર્મીની ધર્મદૃષ્ટિની અપેક્ષાએ. અમરચંદભાઈ! અજ્ઞાનીની રાગ ઉપર (દૃષ્ટિ છે) અને રાગની એકતાબુદ્ધિ છે તો તેની અપેક્ષાથી અજ્ઞાની રાગનો કર્તા છે. રાગ તેનું પ્રાપ્ય છે, રાગ તેનું વિકાર્ય અને રાગ તેનું નિર્વર્ત્ય છે. સમજાય છે કાંઈ? એ કર્મનું નહિ. અજ્ઞાની પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવને નથી જાણતો અને વિકલ્પને એકતાબુદ્ધિથી પોતાના માને છે તો અજ્ઞાનીનું પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એ રાગપરિણામ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ ક્લાસમાં વળી આ ગાથા બહુ સૂક્ષ્મ છે. સાંભળે તો ખરા કે શું છે. વાત ગૂઢ રહી જાય છે. સમજાય છે કાંઈ? આમ કરીએ ને આમ કરીએ. શું કરે ભગવાન! કોણ કરે? વિકલ્પ પણ કોણ કરે? એ તો કર્મ કરે એમ કહે છે અહીંયા તો. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અસ્થિર, અસ્થિર છે. મગજ અસ્થિર છે. કહો, સમજાય છે કાંઈ? બહુ માણસ બિચારો ઓલો હતો, હોં! ગોંડલમાં એણે શરૂ કર્યું હતું બધું. લોહી બહુ પડે છે લોહી. મગજ અસ્થિર થઈ ગયું. શું કહે છે? બેસી જાઓ, બેસી જાઓ. ભગત! બેસી જાઓ ત્યાં. શું કહે છે? આહાહા..! આજ વાંચ્યું હતું ને. આમાં આવ્યું છે ને?

સીતાજીને જ્યારે જંગલમાં છોડે છે. સીતાજીને. સમ્યગ્દૃષ્ટિ છે, જ્ઞાની છે. ત્રણ જીવ છે, પેટમાં બે છે. ભાન છે કે એ પર્યાય મારી નથી. રાગ આવે છે. જરી રૂદન આવી ગયું. જ્યારે રથવાળાએ કહ્યું, માતા! રામચંદ્રજીનો હુકમ છે અહીંયા વનમાં છોડવાનો. માતા! આ નોકરી હરામ છે આવી. આવા સીતા પતિવ્રતાને આ હાલતમાં છોડવાનો મને હુકમ મળ્યો, અધમ નોકરી છે મારી. આહા..! હું પાપી છું. એમ ઈ કહે છે. ત્યારે સીતાજી કહે છે, ભાઈ! વીરા! એ તો એવી પર્યાય થવાની છે એ થઈ છે. ભગવાન! કોઈ બીજાનો વાંક નથી. રામચંદ્રજીને કહેજો.. આહાહા..! આટલી આફતમાં પણ ધર્મની સ્મૃતિ છે. આહાહા..!

સમજાય છે કાંઈ? 'અરે.. ઓ વીરા રામજીસુ કહીયો સું બાત.' આહાહા..! આટલી આપદા. જંગલમાં રહેવું, ફરવું. વાઘ ને વરુ ચારે બાજુ. સમજાય છે કાંઈ? જયંતિભાઈ કહેતા હતા. એના મિત્ર છે ઈ. ઓહોહો..! શું પરિણામ છે અંદરમાં? અંદર જરી ખેદ થયો છે તેને પણ જાણનાર છે. ખેદના પરિણામ પુદ્‌ગલના છે, મારા નહિ. આહાહા..!

'અરે.. ઓ વીરા રામજીસુ કહીયો સું બાત, લોકિનિંદાતૈ હમકો છાંડી, ધરમ ન છોડો ગાત' ધર્મ ન છોડશો. આહાહા..! જુઓ! આત્મજ્ઞાન છે, આત્મદર્શન છે. શરીરમાં બે પુત્ર છે. શરીર જડ છે, પર છે. જરી દ્વેષ આવ્યો દુઃખની પર્યાય તો એને પણ જાણનાર છે, એ મારું કાર્ય નહિ. સમજાય છે કાંઈ? બાપુ! ધર્મની ધારા અલૌકિક છે. એ કોઈ એવી ચીજ નથી કે સાધારણ મામૂલી માણસ લઈ જાય. મહાપ્રયત્નથી ભગવાન આત્માના દર્શન, પ્રતીત, અનુભવ થયો. તો કહે છે કે.. આટલી આપદા. સુંવાળા મખમલમાં સૂતા હતા. અહીંયા નીચે કાંકરા. ચારે કોર બાયું અને આદમી. એક હુંકાર પડે ત્યાં (કહે), શું છે માતા? કેમ છે રાણીસાહેબ? અહીંયા જંગલમાં ઓહોહો..! ઉપર આભ, નીચે ધરતી. શરીરમાં નીચે સૂવાનું કપડું નહિ. ભાઈ! રામજીને કહેજો, ધર્મ ન છોડશો. હોં! આહાહા..! સમજ્યા? '.. પાપ કમાયે સો હમ પાયે, તુમ સુખી રહો દિન રાત.' અમારી ઈ સ્થિતિ બનવાની.. જંગલમાં આવી પર્યાય, કર્મનો આવો ... 'જાનત સીતા સ્થિર મન કીનો, મંત્ર જપે અવદાત રે' ભગવાન સ્મરણ કરે છે, પ્રભુ! હું આત્મા શુદ્ધ ચિદાનંદ છું. આવા સ્મરણમાં દુઃખનું વિસ્મરણ કરે છે. સમજાય છે કાંઈ? હું દુઃખી નથી. હું તો સુખી છું. આહાહા..! આટલા સંયોગ, માતા! પ્રતિકૂળ. પ્રતિકૂળ છે જ નહિ ને કોઈ. અમારા જ્ઞાનમાં ઈ તો જ્ઞેય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

આવા ધર્મીના પરિણામમાં, પુદ્‌ગલપરિણામને જ્ઞાની જાણતો હોવા છતાં. જાણે છે છતાં.. છતાં કહે છે? શું કહે છે? એમ હોવા છતાં **'જેમ માટી...'** હવે દૃષ્ટાંત આપે છે સિદ્ધાંત સિદ્ધ કરવા માટે. જ્ઞાની તો જાણે છે કે એના પરિણામ છે. રાગાદિ પરિણામ, પુણ્યાદિના પરિણામ જ્ઞાનીના નથી. ઓહોહો..! આંખમાંથી આંસુ ચાલ્યા જાય, જરી ભયના પરિણામ સહેજ થઈ જાય, સમજાય છે કાંઈ? એને જાણતો હોવા છતાં એ ભયના પરિણામ પોતાનું કાર્ય નહિ. આહાહા..! **'જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને,...'** ભાષા જુઓ હવે. માટી ઘડામાં સ્વયં અંતર્વ્યાપક થઈને. કુંભારની અપેક્ષા વિના. ઘડો થવામાં માટી સ્વયં અંતર્વ્યાપક થઈને **'આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...'** ઘડાની પર્યાયમાં આદિમાં માટી, મધ્યમાં માટી, અંતમાં માટી. કોઈ કુંભારનો હાથ ચાલ્યો તો માટીનો પિંડ આમ ઘડારૂપ થયો એમ છે જ નહિ. ઓહોહો..! દુનિયાથી તદ્દન જુદી વાત છે.

**'માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને,...'** શું કુંભાર વિના ઘડો થાય છે? અરે..! ભગવાન! સાંભળ તો ખરો. શું માટી વિના ઘડો થાય છે? એમ કહે ને. કુંભાર વિના ઘડો થાય છે એમ તું ક્યાંથી લાવ્યો? સમજાય છે કાંઈ? શું બાઈ વિના રોટલી થાય છે? શું અગ્નિ વિના ચોખા ચડી જાય છે? પાણી વિના ચોખા સિઝી જાય છે? સિઝીને શું કહે છે? પક્કા. પાકી જાય છે? સાંભળને. ચોખા પોતાથી પાકે છે, એ પર્યાયને ચોખા પ્રાપ્ત કરે છે. આહાહા..! ભારે વાત ભાઈ! સમજાય છે કાંઈ? એ જ ચોખાની પાકવાની પર્યાય ધ્રુવ ત્યાં થવાની હતી તેને ચોખા પ્રાપ્ત કરે છે. એ જ પર્યાય ત્યાં પરિણામવાવાળી ચોખારૂપે પરિણમી છે. પર્યાય તો એકની એક છે, હોં! અને ચોખા ઊપજે છે. નહિ કે પાણી કે અગ્નિએ ચોખાને બનાવ્યા અને ચડાવ્યા, ત્રણ કાળમાં નથી. ડૉક્ટર! શું કરવું હવે? આ ડૉક્ટરની હુશિયારી, આટલી આટલી દવા હોય અને કંઈ લાભ નથી થતો? આટલી આટલી દવાઓ, કેટલું ધ્યાન રાખે. કફ હોય તો સૂંઠ આપે, ઈંજેક્શન આપે, આમ થાય તો આમ આપે. પરદ્રવ્યની પર્યાયમાં એ કંઈ નથી કરતું? આ ડૉક્ટરપણાનું શું થયું? ડૉક્ટરપણાનો વિકલ્પ કરે છે એનું અભિમાન થયું. સમજાય છે કાંઈ? કુંભાર અભિમાન કરે છે કે મેં ઘડો બનાવ્યો. તારી પાસે અભિમાન રહ્યું. ઘડાની પર્યાય તો માટીથી થઈ છે. સમજાય છે કાંઈ? રોટલીની પર્યાય લોટથી થઈ છે, સ્ત્રીથી નહિ, તાવડીથી નહિ, અગ્નિથી નહિ, પાણીથી નહિ. ઓહોહો..!

મુમુક્ષુ :- અમારી બધી મહેનત નકામી ગઈ.

ઉત્તર :- મહેનત નકામી નથી ગઈ. રાગ થયો હતો તેનો કર્તા થાય છે તો મિથ્યાત્વનું પાપ લાગે છે. નકામી નથી ગઈ. સમજાય છે કાંઈ? આહાહા..! હજી તો ઘડાનો વાંધો. બહિર્વ્યાપક થઈને ઘડો પાણી પીવે છે અને આમ પીવે છે ને તેમ પીવે છે. ૮૪ ગાથા છે ને? એમાં અર્થ કરે છે ને? ભાઈએ બીજો અર્થ કર્યો છે. સમજ્યા? ન્યાયથી બંધબેસતુ હોવું જોઈએને.

કહે છે કે, **'માટી પોતે ઘડામાં પોતે અંતર્વ્યાપક થઈને,...'** માટી અંતરમાં પલટીને અંતર્વ્યાપક થઈને તે જ ઘડાને પ્રાપ્ત કરે છે. જુઓ! **'ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...'** ઘડાની આદિમાં માટી, મધ્યમાં માટી, શરૂઆતમાં માટી. કુંભારની આદિ હતી તો ત્યાં ઘડાની પર્યાય શરૂ થઈ ગઈ એમ ત્રણ કાળમાં નથી. સમજાય છે કાંઈ? **'વ્યાપીને ઘડાને ગ્રહે છે,...'** એ પ્રાપ્ય, એ પ્રાપ્ય. માટી તે જ સમયે ઘડાની પર્યાય ધ્રુવ થવાની હતી. માટીમાંથી ઘડાની પર્યાય ધ્રુવ થવાની હતી. એ પ્રાપ્ય. પ્રાપ્યને માટી પહોંચે છે, ગ્રહણ કરે છે, ગ્રહે છે. માટી તેને ગ્રહે છે. ઘડાને બીજો ગ્રહે છે કે ઉપાડે છે કે પાણી પીવે છે એમ ત્રણ કાળમાં નથી. ભારે દુનિયાથી વિરુદ્ધ ભાઈ! દુનિયા સંયોગથી

જોવે છે, ધર્મી સ્વભાવથી જોવે છે. બેની દૃષ્ટિમાં ફેર છે, ઘણો ફેર છે.

'**માટી પોતે.. આદિ-મધ્ય-અંતમાં...**' જુઓ! આદિ-મધ્ય-અંતમાં. કંઈક કુંભારની અપેક્ષા, ઈચ્છા, હાથની કંઈક આદિ છે? ઘડો થવામાં કુંભારનો હાથ આદિમાં પહેલા હાથ આમ થયો એમ શરૂઆત છે? બિલકુલ નહિ. સમજાય છે કાંઈ? લોટમાંથી રોટલી થાય છે તો સ્ત્રી અને વેલણ આદિમાં હતા તો આવી રોટલી થઈ એમ છે? ના. એમ નથી. લોટ જ રોટલીની આદિમાં છે, રોટલીના મધ્યમાં લોટ છે, અંતમાં લોટ છે. લોટ જ રોટલીને ગ્રહે છે. રોટલી તે સમયે થવાવાળી પ્રાપ્ય છે તેને લોટ પહોંચે છે, લોટ પહોંચે છે. એમ ઘડાને માટી ગ્રહણ કરે છે. ભારે ભાઈ! .. આ શું કહે છે? કહે છે કે એ ઘડાની પર્યાય થઈ, માટી ગ્રહણ કરે છે. માટી તેને પહોંચે છે, માટીનું એ પ્રાપ્ય છે. ઘડો માટીનું પ્રાપ્ય-કર્મ છે.

'**ઘડારૂપે પરિણમે છે...**' જુઓ ભાષા. એમાં પણ ઈ આવ્યું હતું. '**તેને ગ્રહતું, તે-રૂપે પરિણમતું...**' એમ ત્યાં શબ્દ હતો. અહીંયા '**ઘડારૂપે...**' માટી પોતે ઘડારૂપે પરિણમે છે. એ પરિણમન થયું, વિકાર્ય થયું. વિકાર્ય. માટી ઘડારૂપે પરિણમે છે, કુંભાર નહિ, કુંભારનો હાથ નહિ, કુંભારની ઈચ્છા નહિ, કુંભારની કળા જે જ્ઞાનમાં છે (એ નહિ). જ્ઞાનમાં વિશેષ વિચક્ષણ કુંભાર હોય તો સારો ઘડો બને કે નહિ? તો વિચક્ષણ કુંભારને કેમ ગોતે છે? સારો કંદોઈ હોય. કંદોઈ સમજો છો? શું કહે છે? હલવાઈ. સારો કંદોઈ જેનાથી મેસુબ બને છે, ઊંચો બને છે, સાટા સારા બને. સ્ત્રીનો પણ એવો હાથ હોય ને તો.. શું કહે છે? પુડલા, પુડલા થાય છે ને? ઘઉંના પુડલા નથી થતા? ઊંચા હોય છે. સ્ત્રીની કળાની હોંશિયારીથી બને. નહિતર તો દાઝી જાય કાં વચ્ચે જાડો થઈ જાય કાં આસપાસની કોર છે ઈ કડક થઈ જાય. સમજાય છે કાંઈ? શું છે? હુશિયાર હોય તો બરાબર ઉથલપાથલ કરે. તાવેથો નાખીને આમ આમ કરે. આહાહા..!

ભગવાન! એ તારું અભિમાન છે. એ તો પરમાણુની પર્યાય છે. તેને પરિણામનાર પરમાણુ પરિણમે છે. ભાઈ! એ પરમાણુ તેને ગ્રહણ કરે છે. સમજાય છે કાંઈ? '**અને ઘડારૂપે ઊપજે છે...**' માટી. માટી ઘડારૂપે ઉત્પન્ન થાય છે, ઘડાના રૂપે વિકાર્ય થાય છે અને ઘડાને પ્રાપ્ત કરે છે. આહાહા..! આ વાત જગતને (બેસવી કઠણ). સ્વતંત્ર દ્રવ્ય છે ને. સમજાય છે કાંઈ? આહાહા..! જુઓ! પાઠ ઊંચો છે.

આમ આંગળી થઈ તો એ પર્યાય એમ થઈ છે. એ ધ્રુવ છે. તેને પરમાણુ ગ્રહણ કરે છે. એ પરમાણુ એની ઈચ્છાથી આમ થયા એમ ત્રણ કાળમાં નથી. એમ પરિણમ્યું તો પુદ્ગલ અને ઊપજ્યું પણ પુદ્ગલ એ રીતે પર્યાયમાં. ખાતી વખતે આમ રોટલીનો ટૂકડો

કર્યો. શાક, આથણું, આથણુને શું કહે છે? અચાર. એમાં જ્ઞાનની કળાની કોઈ મદદ છે કે નહિ? આદિમાં છે કે નહિ? ખ્યાલમાં આવ્યું કે પહેલા રોટલી, પછી શાક અને પછી ચટની (લેવી) તો એમાં જ્ઞાનની આદિ છે કે નહિ આમ હાથ થવામાં? બિલકુલ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- જ્ઞાનની પણ નહિ, ઈચ્છા પણ નથી.

ઉત્તર :- ઈચ્છા તો છે જ નહિ, પણ જ્ઞાનની કળામાં ખ્યાલ છે ને રોટલી આમ કરવી, પછી દાળ લેવી, પછી શાક લેવું, પછી ચટની લેવી, પછી પાપડ લેવો. એ તો જ્ઞાન જાણે છે કે નહિ? જ્ઞાન જાણે છે એની આદિમાં એ ક્રિયા થઈ કે નહિ? બિલકુલ નહિ. માટીથી ઘડો થયો છે. એ પરમાણુથી બધી પર્યાય થઈ છે. તેને આત્મા જાણનારો છે, કરવાવાળો નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ-૧૨, સોમવાર તા. ૫-૮-૧૯૬૮**
**ગાથા-૭૬, પ્રવચન-૫૮૯**

આ કર્તાકર્મ અધિકાર છે. સમયસાર-૭૬ ગાથા. કહે છે કે ધર્મીજીવ... ધર્મી કોને કહે છે? જે કંઈ કર્મને કારણે રાગાદિ પરિણામ થાય અને શરીરની પર્યાય તેની સમીપમાં થાય, એક ક્ષેત્રે નજીકમાં કે દૂર ક્ષેત્રમાં મંદિર આદિ હો, તેની પર્યાયને આત્મા કરતો નથી. કેમકે એ તો પરદ્રવ્યની પર્યાય છે. અને તે પરદ્રવ્યની પર્યાયમાં એ પરદ્રવ્ય જ પોતાની વર્તમાન અવસ્થા જે ધ્રુવ છે (તેને પ્રાપ્ત કરે છે). ધ્રુવનો અર્થ તે સમયની પર્યાયમાં જે પર્યાય થવાની છે, તેને તે જ પરમાણુ પહોંચે છે. સમજાય છે કાંઈ? મંદિર બને છે તો મંદિરની પર્યાય તે સમયની તે પરમાણુની જે ધ્રુવ થવાની હતી તેને પરમાણુ પ્રાપ્ત કરે છે. સમજાય છે કાંઈ? આત્મા તેને કરી શકતો નથી. અજ્ઞાની પણ કરી શકતો નથી અને જ્ઞાની પણ કરી શકતો નથી. પણ ફેર કેટલો?

અજ્ઞાનીની ઉપસ્થિતિમાં ઈ થાય છે તો એમ માને છે કે આ રાગ મારું કાર્ય છે તો આ પણ મારું કાર્ય છે. મેં મંદિર બનાવ્યું, મેં પુસ્તક બનાવ્યા. એમ અજ્ઞાની રાગનો વિકલ્પનો કર્તા થાય છે. એને ખબર નથી કે હું વિકલ્પ રહિત છું. મારી ચીજ જ જ્ઞાનાનંદ સહજાનંદ શુદ્ધ સ્વરૂપ છે. તે તરફનું લક્ષ અને ધ્યેય અને ધ્યાન એનું નથી અજ્ઞાનીને. તેથી રાગનો કર્તા નામ એ મારું કાર્ય છે એમ માને છે. અને તે સમયે જે બાહ્ય કાર્ય થાય છે તો હું નિમિત્ત છું, તો નિમિત્તથી તો એમાં થયું ને? એમ અજ્ઞાની માને છે. સમજાય છે કાંઈ?

જ્ઞાની, ધર્મીની દૃષ્ટિ... આ લોકો ક્રમબદ્ધમાં બહુ વિરોધ કરે છે ને. અરે..! ભગવાન! શું કરે? આજે આવ્યું છે જૈનશાસનમાં તમારે. બહુ વિરોધ. કદાગ્રહીઓ, આવા, તેવા,.. તમને પણ ભેગા નાખ્યા છે. અહીંના માનનારાને. અરે..! ભગવાન! શું કરે છે? ભાઈ! ક્રમના અર્થમાં શું છે? જે સમયે જે પર્યાય... અહીંયા કહે છે ને? રાગની પર્યાય પણ જે સમયે ત્યાં થવાની છે તે થાય છે અને દેહની પર્યાય પણ જે સમયે થવાની ધ્રુવ છે, અહીં પ્રાપ્ય કહ્યું ને? પ્રાપ્ય. પણ એની (જ્ઞાનીની) દૃષ્ટિ ક્યાં છે? એની દૃષ્ટિ પરની પર્યાય મેં કરી એમ નથી, રાગ કર્યો એમ પણ નથી. હું રાગને જાણનારો, સ્વલક્ષે જાણનારો છું. તો જ્ઞાનીની દૃષ્ટિ જ્ઞાયક ઉપર છે. સમજાય છે કાંઈ?

અહીંયા ઈ જ કહે છે. ધર્મીની દૃષ્ટિ ઈ માને છે બરાબર. એ તો આગળ લેશે ૭૭માં. જ્યારે રાગ આવ્યો તો એ રાગ સંબંધી જ્ઞાન જ તે સમયે પોતાનું પ્રાપ્ય છે. જેવો રાગ

આવ્યો તે પણ તે સમયનું પ્રાપ્ય છે, એ જ્ઞેય છે. તો જ્ઞાનીને તે જ સમયે, તે જ રાગનું જ્ઞાન થવું પ્રાપ્ય નામ ધ્રુવ હતું. આહાહા..! સમજાય છે કાંઈ? પણ એની દષ્ટિ ક્યાં છે? ધર્મીની દષ્ટિ તો હું જ્ઞાયક છું, ચિદાનંદ શુદ્ધ દ્રવ્ય છું. એ મારું સ્વ છે અને હું એનો સ્વામી છું. મારું ચૈતન્ય ધ્રુવ સ્વ છે, મારા શુદ્ધ ગુણ સ્વ છે અને હું જાણવાવાળાની પર્યાય શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ જે મારી પર્યાય છે એ મારું સ્વ છે. મારામાં છે, ઈ હું છું. તેનો એ સ્વામી છે. આહાહા..! ધર્મની રીત બાપુ! ભગવાન! બહુ દુર્લભ છે. અને એના ફળ પણ એવા છે. આહાહા..!

અનંત કાળમાં પોતાની વસ્તુની સંભાળ કરી નથી, લક્ષ આપ્યું નથી. અગિયાર અંગ ભણી ગયો, નવ પૂર્વ જાણ્યા. વાંચી નાખ્યા. પણ એની ચીજનો મર્મ શું છે, અરે..! હું કોણ છું? ક્યાં છું? કેવો છું? એના ઉપર અંતર દષ્ટિ કર્યા વિના એની બધી ક્રિયા રાગાદિ, પુણ્ય આદિ હો, સંસાર ખાતે પરિભ્રમણ ખાતે છે. ચાહે તો સ્વર્ગ મળો તોપણ સંસાર છે, નરક મળો તોપણ સંસાર છે.

અહીંયા ઈ કહે છે, ભાઈ! ભગવાન આત્મા પોતાના ચૈતન્ય શુદ્ધ સ્વરૂપનો જ્યાં રાગથી, પુણ્યથી, નિમિત્તથી ભિન્ન પડીને, પરથી ભિન્ન પડીને પોતાના પડખે નામ સમીપમાં ગયો તો રાગાદિ કર્મ આદિનો ઉદય દૂર થઈ ગયો. સમજાય છે કાંઈ? એનું નામ ભેદજ્ઞાન છે અને એનું નામ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન છે. તો ધર્મી... અહીંયા આવ્યું જુઓ!

'**પુદ્ગલદ્રવ્ય વડે કરવામાં આવતા પુદ્ગલપરિણામને જ્ઞાની જાણતો હોવા છતાં,...**' એ જાણતો હોવા છતાં પણ એ એનું ધ્રુવ છે. ધ્રુવ નામ પ્રાપ્ય છે. એ ૭૭માં આવશે. જ્ઞેયજ્ઞાયક સંબંધ છે ને. એ જ્ઞેયજ્ઞાયક સંબંધ થયો છે. એમાં બધી વાત લીધી છે. જેમ શરીરની પર્યાય અને રાગની પર્યાય તે સમયનું પ્રાપ્ય નામ ધ્રુવ છે, તેનું જ જ્ઞાન પોતામાં પોતાના સંબંધે થવું, એ જ પર્યાયનું તે પણ ત્યાં પ્રાપ્ય નામ ધ્રુવ છે. આહાહા..! રાગને કારણે અને સંયોગને કારણે નહિ. ભગવાનજીભાઈ! બહુ ઝીણું છે. ... વાત ઈ છે, વાત ઈ છે. અરે..! ભાઈ! આ સંસાર દાવાનળ સળગ્યો છે. સમજાય છે કાંઈ? ચારે કોર ક્લેશ, ક્લેશ, ક્લેશ. ધર્મને નામે ક્લેશ. આહાહા..! અરે..! શું કરે છે? એમાંથી નીકળવું (એમાં) અપૂર્વ પુરુષાર્થ છે. એ કંઈ વાતથી અને વચનથી વસ્તુ નથી પ્રાપ્ત થઈ જતી. સમજાય છે કાંઈ?

કહે છે કે જ્યારે ભેદજ્ઞાન થયું ત્યારે તો એને જે પ્રકારનો વ્યવહાર તેને ભૂમિકા પ્રમાણમાં આવે છે અને તે સમયે શરીર આદિની જે ક્રિયા થાય છે તેને જાણતો હોવા છતાં. ધર્મી જાણે છે. આ શબ્દમાં ઘણો મર્મ ભર્યો છે. ઓહોહો..! આચાર્યોએ જંગલમાં રહીને વનવાસમાં

રહીને વનશાસ્ત્ર બનાવ્યું. ભગવાન! તૂં તો ચૈતન્યમૂર્તિ છો ને પ્રભુ! તારામાં તો જ્ઞાન અને આનંદ પૂર્ણ ભર્યા છે ને. તો જેમાંથી જે ભર્યું હોય એ નીકળે. એમાં શું રાગ, પુણ્ય અને વિકલ્પ ભર્યા છે? તું તો ભગવાન! જ્ઞાન, આનંદ, શાંતિ આદિથી પરિપૂર્ણ ભરેલો આત્મા છો. એ આત્માની જ્યાં અંતર અનુભવમાં જ્ઞાનમાં સ્વીકાર થયો અને રાગથી ભિન્ન પડી ગયો, તો કહે છે કે રાગાદિ પુણ્યાદિ, દયા, દાનાદિ, વ્રતાદિના વિકલ્પ હો, ધર્મી પોતામાં રહીને તેને વ્યવહારે જાણતો હોવા છતાં. એમાં એમ લેવું. જ્ઞાની પુદ્‌ગલપરિણામને-એ રાગાદિ, દયા, દાનાદિ, વ્રત, ભક્તિ, પૂજા આદિના ભાવ એ બધા પુદ્‌ગલપરિણામ છે. ભગવાન આત્માનું એ ઝરણું નથી. આત્મામાં નથી કે એ ઝરે અને પરિણમે. સમજાય છે કાંઈ? દેવીલાલજી! ભારે વાત આકરી. આ લોકો તો (એમ કહે કે) પંચ મહાવ્રત પરિણામ અમારો ધર્મ અને અમારું ચારિત્ર છે. ભગવાન! એ બહુ મોટી ભૂલ છે. ભાઈ! એ તો વિકલ્પનું ઉત્થાન છે. વૃત્તિનું ઉત્થાન છે. ચૈતન્યબિંબ જ્ઞાનસરોવર આખું બિંબ પડ્યું છે. સ્થિર બિંબ જ્ઞાયકસ્વરૂપ. એમાં વિકલ્પની વૃત્તિ શુભની ઉઠે છે એ તો ઉત્થાન છે. એ આત્માનો સ્વભાવ નહિ. સમજાય છે કાંઈ? એ વિકલ્પનો જ્ઞાની-સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાનવાળાને એની ભૂમિકાને યોગ્ય પૂજા, ભક્તિનો વિકલ્પ ઉઠે છે. પંચમવાળાને એની ભૂમિકાને યોગ્ય બાર વ્રતાદિની વૃત્તિ, જાત્રા, પૂજા આદિના ભાવ ઉત્પન્ન થાય છે. છઠ્ઠાવાળાને અઠ્યાવીસ મૂળગુણ આદિના વિકલ્પ હોય છે. અને સંયોગમાં નગ્નપણું આદિ દશા છે. તેને જાણતો હોવા છતાં. સમ્યગ્દૃષ્ટિ પોતામાં પોતાના લક્ષે પોતાના લક્ષને જાણે છે અને તેને પણ જાણતો હોવા છતાં, એમ અહીંયા કહ્યું. વ્યવહારથી જાણતો હોવા છતાં. આહાહા..!

'**જેમ માટી...**' જાણતો હોવા છતાં એટલે જાનતા હોને પર ભી. '**જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને**...' ઘડાની પર્યાયમાં સ્વયં માટી અંદર પ્રસરે છે, વિસ્તરે છે, વિસ્તાર પામે છે. માટી વિસ્તાર પામીને ઘડારૂપ થાય છે. કુંભારનો વિસ્તાર થઈને ઘડારૂપ થાય છે એમ નથી. કુંભારનું દ્રવ્ય સ્વતંત્ર છે. એના હાથનું દ્રવ્ય પણ સ્વતંત્ર છે. અને ઘડાનું થવું પણ સ્વતંત્ર છે. આહાહા..! પ્રત્યક્ષ દેખાય છે ને, કુંભાર હોય તો ઘડો થાય છે. ભાઈ! ફતેહચંદજી! ક્યાં ગયા? પ્રત્યક્ષ દેખાય છે ને, ભાઈ! આ તો પ્રત્યક્ષ દેખાય છે કે કુંભાર ન હોય તો ઘડો નથી થતો. ભાઈ! માટી છે તે જ પોતાની પર્યાયપણે પરિણમતી ઘડારૂપ થાય છે. કોઈ એમ કહે,.. એવો પ્રશ્ન ઉઠ્યો છે એમાં...

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ના, ના. શું કહે છે? ઝેર ખાય છે માટે દેહ છૂટે છે એમ પણ નથી. દેહની પર્યાયની છૂટવાની હોય તો છૂટે છે, ઝેરથી નહિ. અરે..! એકે તો કહ્યું હતું ને. એક રોગી

હતો, દમનો રોગી, દમનો રોગી હતો. ગરીબ માણસ હતો. બહુ દમ ચડતો હતો. તો વારંવાર મફતની દવા લેવા ડૉક્ટર પાસે જતો હતો, દવા આપતા હતા. એક ફેરી આવ્યો. ડૉક્ટરને એવો કંટાળો આવ્યો કે આ વારંવાર આવે છે, ગરીબ માણસ છે, પૈસા તો નથી. તો એકવાર થોડું ઝેર આપી દીધું. ઝેર આપ્યું. ઘરે ગયો અને થોડી મુંઝવણ થઈ ગઈ. આવ્યા ભેગું અહીંથી નીકળી ગયું. રોગ છૂટી ગયો. અને આઠ દી પછી ડૉક્ટર પાસે ગયો. ડૉક્ટર! દવા બહુ આકરી આપી, હોં! મારો રોગ મટી ગયો. ભાઈ! મેં તો ઝેર આપ્યું હતું. તને શાતા થવાની હતી તો થઈ. મેં તો ઝેર આપ્યું હતું. થોડી વાર તો મને થયું હતું પણ પછી એકદમ અંદર જે કફ-બફ ને ચીકાશ હતી બધી છૂટી ગઈ. હું તો નિરોગી થઈ ગયો. લ્યો, એની પર્યાય જ્યારે ન થવાની હોય તો ઝેર શું કરે?

ઈ જ કહે છે, શરીરની પર્યાયમાં જે પર્યાય છૂટવાની ધ્રુવ પર્યાય છે તેને શરીર પ્રાપ્ત કરે છે. તે સમયે અહીંયા વ્યય થઈને બીજો ઉત્પાદ થવાનો છે, તે જ પર્યાય થવાની છે તેને પરમાણુ પ્રાપ્ત કરે છે. કર્મથી નહિ, આયુષ્યથી નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? આ પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્યનો સિદ્ધાંત અને ચર્ચા એવી થઈ છે કે જો નિમિત્તથી કંઈ ન થતું હોય તો વિચક્ષણ કુંભારને કેમ બોલાવે છે? ધન્નાલાલજી! ચતુર કુંભારને કેમ બોલાવે છે? ઘડો નથી કરતા દિવાળીમાં? દિવાળીમાં કાણા પાડીને... શું કહેવાય છે આપણે? ગરબો બનાવે અને રંગીન બનાવે, આમ પૂતળી, ઘડા ઉપર પૂતળી બનાવે, લાલ રંગ બનાવે. એમ બનાવે છે. જો કુંભારથી નિમિત્તથી કંઈ નથી થયું તો આવા કારીગર કળાબાજને તમે કેમ બોલાવો છો? આવો પ્રશ્ન થયો છે. ભગવાન! કળાબાજની પર્યાયને ધ્રુવપણે તેના આત્માએ પ્રાપ્ત કરી છે. અને ઘડાની પર્યાય ધ્રુવ જે સમયે જે ઉત્પન્ન થવાની છે તેને પરમાણુએ પ્રાપ્ત કરી છે. કારીગરની કળા ત્યાં પ્રાપ્ત થાય છે એમ ત્રણ કાળમાં ત્યાં થતું નથી. આહાહા..! ભારે વાત ભાઈ!

કોઈ ત્યાં સુધી કહે, તમે હુશિયાર ડૉક્ટર પાસે કેમ જાઓ છો? લ્યો. એ.. ક્યાં ગયા ડૉક્ટર? હુશિયાર ડૉક્ટર પાસે શું કરવા જાઓ છો દવા લેવા? ડૉક્ટરની વિચક્ષણતા દવામાં કંઈક વિશિષ નિમિત્ત પડે છે કે નહિ? બિલકુલ નહિ. ડૉક્ટરની ક્ષયોપશમ વિચક્ષણતા તે સમયની જ્ઞાનગુણની વ્યક્ત પર્યાય જે થવાની છે તે ધ્રુવ નામ પ્રાપ્ય છે. એ ડૉક્ટર પોતાની પર્યાયને પ્રાપ્ત કરે છે. શું ઈંજેક્શનની પર્યાયને પ્રાપ્ત કરે છે? શું ઈંજેક્શન ઉપાડી શકે છે? ડૉક્ટર આ બીજી જાતના ઈંજેક્શન છે. આહાહા..! આવો પ્રશ્ન થયો છે, ખાણિયા ચર્ચામાં. ખાણિયા ચર્ચા થઈને? ઈ ગ્રંથ છે ને? પહેલો ભાગ, બીજો ભાગ જોયા છે? એમાં એમ લખ્યું છે. કારીગરને કેમ બોલાવો છો? સમજાય છે કાંઈ? સોની હુશિયાર કારીગર બહુ હુશિયાર

હોય એની પાસે કેમ જાઓ છો? હજામ પણ એવો બરાબર હોય, આમ બડથોલ જેવો હોય તો એની પાસે નથી જતા. સમજ્યા? પાડાને કરે છે ને? લોહી કાઢે. એની પાસે નથી જાતા. કારીગર હુશિયાર હોય. નહિતર ચામડીમાં લોહી કાઢે. લોહી સમજો છો? રુધિર. એની પાસે કેમ જાઓ છો? ભાઈ! ભગવાન! તું શાંતિથી સાંભળ તો ખરો, પ્રભુ!

એક એક પરમાણુ તે સમયની પર્યાય જે પ્રાપ્ય છે તેને પરમાણુ પ્રાપ્ત કરે છે, પ્રભુ! તને ખબર નથી. આહાહા..! અરે..! અનાદિ કાળથી પરતંત્રની દૃષ્ટિ કેળવીને દુઃખી થયો છે. સમજાય છે કાંઈ? એ દુઃખની પીડા ભગવાન જાણે અને એણે વેદી છે. આહા..! તિર્યંચમાં, મનુષ્યમાં, નારકીમાં, દેવમાં કષાયની અગ્નિના અંગારા છે. ઈન્દ્રાણીઓ અને વૈભવ જોઈને એને જે કષાય થાય છે, એ કષાય શુભ હો કે અશુભ હો, અંગારા છે, અગ્નિ છે, ભઠ્ઠી છે. આહાહા..! પોતાનું જ્ઞાનાનંદ સ્વરૂપ શાંત અને અવિકારીનું જેને ભાન થયું, કહે છે કે તે સમયનો વિકાર વ્યવહાર છે તેને જાણતો હોવા છતાં, માટી જેમ પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, જુઓ! આદિ-મધ્ય-અંતમાં. ઘડાની આદિ, મધ્ય અને અંતમાં માટી છે. ઘડાની આદિમાં કુંભાર છે, શરૂઆતમાં જરી પણ આમ હાથ હલ્યો, એમ બિલકુલ નથી. ઘડામાં જે આકાર થયો એ તો કુંભારને કારણે થયો? પર્યાય પલટે એ તો બીજી વાત છે. પણ ઘડામાં આકાર થયો એ આકારની પર્યાય તો કુંભારના નિમિત્તથી થઈ છે કે નહિ? આકાર એ વ્યંજનપર્યાય છે. એની વ્યંજનપર્યાય પણ.. વ્યંજન સમજ્યા? આકૃતિની પર્યાય છે તે પણ તે પ્રમાણે પ્રાપ્ય નામ તે સમયે પ્રાપ્ય થવાની હતી, એ પરમાણુ પ્રાપ્ત કરે છે. કુંભારથી તો કંઈ થયું નથી. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એને બેસતું નથી. કુંભારનો અને આ દાખલો. અમારે પ્રેમચંદભાઈ કહેતા હતા, દાખલો આકરો છે. દાખલા બેસે નહિ. સમજ્યા? આહાહા..! એક ગામમાં ગયા હતા ને? ઉમરાળા પાસે બડોદ છે, બડોદ. ત્યાં ગયા હતા. ત્યાં ભીક્ષા માટે ગયા તો રોટલી એવી આવી રોટલી, આમ ખૂણા ને આમ ખૂણા. સરખી ગોળ નહિ. કેમકે સ્ત્રી બનાવે તો વિચક્ષણ બનાવે તો (સરખી ગોળ થાય). રોટલીને વેલણ લઈને પાકી કરે છે ને? શું કહે છે? પછી તાવડીમાં આમ આમ કરે છે ને? આમ કરે છે તો રોટલી છે, ગોયણું લે પછી એમાં વચ્ચે થોડો લોટ નાખે. આમ બનાવે. રોટલી જ્યારે શેકાય છે ત્યારે આમ કરે તો ફૂલી જાય, ફૂલી જાય. અમારે એવી રોટલી આવી તો લાગ્યું કે કોઈ વાંઢાની બનાવેલી લાગે છે. વાંઢા સમજો છો? ઘરે સ્ત્રી ન હોય. રોટલીમાં એક બાજુ આમ ખૂણો નીકળ્યો હોય, એક આમ ખૂણો નીકળ્યો હોય. હતી રોટલી પાકી. પણ એક ખૂણો આમ નીકળેલો. આમ સરખી ગોળ

હોવી જોઈએ એવી નહોતી થઈ. તો એમાં કારીગરમાં ફેર પડ્યો કે નહિ? પ્રત્યક્ષ છે. ફત્તેહચંદભાઈ! અમારે એવું બન્યું હતું, હોં! (સંવત) ૨૦૦૬ની સાલમાં. ઉમરાળા છે ને? રુકડશેઠ, બડોદ. ત્યાં બન્યું હતું. કીધું, વાંઢો લાગે છે. .. સ્ત્રી નથી લાગતી. સ્ત્રી તો સારી બનાવે. સારી બનાવે ને? તે જ પરમાણુની, તે જ સ્કંધની તે જ સમયે એવી આકૃતિની પર્યાય ધ્રુવપણે થવાની હતી તેને લોટના પરમાણુ પ્રાપ્ય કરીને પ્રાપ્ત કરે છે. આહાહા..! વેલણ, વેલણ હોયને? વેલણથી બની નથી, તાવડીથી બની નથી, અગ્નિથી બની નથી અને વિચક્ષણ બાઈ બરાબર ગોળ ચક્કર બનાવે એનાથી પણ બની નથી.

અનંત પદાર્થ કહેવા અને અનંતની પર્યાયને પરથી થયેલી કહેવી એ અનંત પદાર્થને માનતો જ નથી. સમજાય છે કાંઈ? અનંત પદાર્થ કહેવા અને અનંત પદાર્થની એક પર્યાયને બીજા પદાર્થ કરે તો ઈ અનંત અનંતપણે રાખતો નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- અનંત નથી રહેતા.

ઉત્તર :- અનંત નથી રહેતા. કેમકે બીજો બીજાની (પર્યાય) કરે તો અનંત નથી રહેતા. જેટલી સંખ્યા ભગવાને કેવળજ્ઞાનમાં જોઈ છે, અનંત પરમાણુની, અનંત આત્માની, તેટલા પોતાથી ત્યાં રહે છે. કોઈની પર્યાય કોઈથી થાય તો અનંત રહેતા નથી. તો એનું જ્ઞાન ખોટું પડી જાય છે. તેની પર્યાય એનાથી થઈ છે એમ નહિ માનીને મારાથી થઈ છે તો જ્ઞાન ખોટું પડીને મિથ્યાત્વનું સેવન થાય છે. આહાહા..!

કહે છે, '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...**' માટી જ ઘડાની પર્યાયમાં આદિમાં, મધ્યમાં અને અંતમાં બેય કથન એક જ શબ્દ છે, હોં! એક જ સમયના તે જ આદિ, મધ્ય અને અંત. '**ઘડાને ગ્રહે છે,...**' આ પ્રાપ્ય. પ્રાપ્ય સમજ્યા? એ ઘડાની અવસ્થા તે જ સમયે થવાની હતી-પ્રાપ્ય, તેને માટી ગ્રહે છે. માટી ગ્રહે છે, માટી પ્રાપ્યને પહોંચે છે. ગ્રહણ કરે છે એમાં પ્રાપ્ય શબ્દ આવ્યો. સમજાય છે કાંઈ? '**ઘડારૂપે પરિણમે છે...**' પહેલા હતું.. સમજ્યા? શું કહેવાય? પિંડલો. પિંડલાનું રૂપ બદલાઈને ઘડાની પર્યાયનું પરિણમન થયું એ માટીએ પરિણમન કર્યું તેનું નામ વિકાર્ય છે. સમજાય છે કાંઈ? પર્યાય તો ઈ જ છે. ઈની ઈ પર્યાયને પ્રાપ્ય કહ્યું, નિશ્ચયથી ધ્રુવપણે છે તે અપેક્ષાથી. તે જ પર્યાયને વિકાર્ય નામ બદલીને થઈ તો તે જ પર્યાયને વિકાર્ય કહ્યું. ઘડો '**ઘડારૂપે પરિણમે છે...**' માટી ઘડારૂપે પરિણમે છે. કુંભાર કે બીજો આત્મા તે રૂપે પરિણમતા નથી.

'**અને ઘડારૂપે ઊપજે છે...**' નિર્વર્ત્ય. આ ત્રીજો શબ્દ. માટી ઘડારૂપે ઊપજે છે, નિપજે છે તે ઉત્પાદ. વિકાર્ય, ઉત્પાદ અને ધ્રુવ. ધ્રુવ શબ્દે ત્રિકાળી ધ્રુવની વાત નથી. તે જ સમયનો અંશ તે જ સમયે નિશ્ચયથી હતો. ઓહોહો..! એ એક સમયનો હતો. તે જ

સમયનો તે જ સત્ તે જ હતો. દ્રવ્ય-ગુણના આશ્રય વિના, એવી વાત છે ભાઈ જરી. અહીં તો માટી કહે છે, પણ માટીનું દ્રવ્ય અને માટીના ગુણ વિના, માટીના દ્રવ્ય અને ગુણ વિના તે જ પર્યાય પ્રાપ્ય સ્વયં તે જ સમયે તે જ થવાની હતી તેનું નામ પ્રાપ્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? ઘડારૂપે. જુઓ ભાષા. બેયમાં રૂપે લીધું છે. ઘડાને ગ્રહે છે માટી, સ્વયં ઘડામાં છે અંદર. ઘડારૂપે પરિણમે છે, ઘડારૂપે પરિણમે છે. જુઓ! આવો આકાર અને રંગ આદિની પર્યાયમાં માટી જ પરિણમે છે. કુંભારે કંઈ કર્યું નથી.

૩૭૨ ગાથામાં આવ્યું છે. કુંદકુંદાચાર્ય કહે છે, ઘડો કુંભારથી થાય છે એમ તો અમે જોતા નથી. માટીથી ઘડો થયો છે એમ અમને તો દેખાય છે. કુંભારથી થયો એમ અમને તો દેખાતું નથી. સમજાય છે કાંઈ? તારી દૃષ્ટિ વિપરીત હોય અને તને દેખાતું હોય તો તારી દૃષ્ટિમાં ભૂલ છે. સમજાય છે કાંઈ? આ એક જ માટીનો દૃષ્ટાંત આપ્યો છે.

આખા જગતના પદાર્થ જ્યારે જ્યારે જે દ્રવ્યની જ્યાં પર્યાય તે સમયે ઉત્પન્ન થવાની છે તે જ તેનું અનંત દ્રવ્યનું પ્રાપ્ય છે. સમજાય છે કાંઈ? ચાહે તો આત્મા હો, પરમાણુ હો, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ હો, સ્કંધ હો, એક પરમાણુ હો, પણ જે સમયે જે દ્રવ્યની જે અવસ્થા નિશ્ચિત છે, ધ્રુવ છે, પ્રાપ્ત છે તે જ પ્રાપ્ય છે. તેને દ્રવ્ય પ્રાપ્ત કરે છે એમ કહેવામાં આવે છે. ભારે વાત. સમજાય છે કાંઈ? દુનિયાથી તો ભઈ વિપરીત માર્ગ છે.

ભાઈ! તું તો જ્ઞાન છો ને. તો કહે છે, એ તો જાણતો હોવા છતાં તેને ગ્રહણ કરે છે માટી. સમજાય છે કાંઈ? '**તેમ, જ્ઞાની...**' હવે જ્ઞાનીનો દૃષ્ટાંત આપે છે. '**બાહ્યસ્થિત...**' ભાષા જુઓ! શું કહે છે? દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ જ્ઞાનીની પર્યાયથી બાહ્યસ્થિત છે. આહાહા..! અમરચંદજી! છે? જુઓ! ઈ શબ્દ પડ્યો છે. ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય પદાર્થ, આનંદની મૂર્તિ એમ અંતરમાં રાગથી, સંયોગથી ભિન્ન પડીને ભગવાન આત્માનો બોધ થયો અને એના અસ્તિત્વનો સ્વીકાર સમ્યગ્દર્શનમાં થયો તો કહે છે, જ્ઞાની તેની પર્યાય નામ અવસ્થાથી બાહ્યસ્થિત. એ વિકલ્પ જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વ્યવહાર કહેવામાં આવે છે એ જ્ઞાનીની પર્યાયથી બાહ્યસ્થિત છે. ઓહોહો..! છે ભાઈ? જુઓ! આહાહા..! અપૂર્વ વાત છે, ભગવાન!

અહીં તો દિગંબર સંતોએ તો સત્‌ના ઢંઢેરા પીટ્યા છે. આવી વાત..! સમજાય છે કાંઈ? આહાહા..! કહે છે, ઈ સત્ જ એવું છે. કોઈએ બનાવ્યું નથી. છે તેવું કહ્યું છે. ભગવાન! તારી પર્યાયમાં... તું તો ભગવાન આત્મા છો ને. અને આત્માની પર્યાય તો શુદ્ધ પર્યાયને આત્માની કહેવામાં આવે છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે વીતરાગી પર્યાય, જે

આત્માના લક્ષે, આશ્રયે, સમીપે ઉત્પન્ન થઈ તે પોતાની પર્યાય. તે પોતાની પર્યાયથી તે જ સમયે એક જ સમયની પર્યાયમાં બે ભાગ પડી ગયા. આહાહા..! ગજબ વાત છે ને! એક સમયની ચારિત્રની પર્યાયમાં બે ભાગ પડી ગયા. જેટલી અંદર નિર્મળ સ્વભાવના આશ્રયે થઈ તે પોતાની પર્યાય છે અને જેટલો રાગ છે તે પોતાની પર્યાયથી રાગનો ખંડ થયો, વિકલ્પ છે તે જ પર્યાયનો અંશ છે તે બાહ્યસ્થિત છે. આહાહા..! ડાલચંદજી! આહાહા..! હીરાલાલજી! કોણ? આ વ્યવહાર વિકલ્પ જે દયા, દાન, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો વિકલ્પ. આહાહા..! એ પોતાના ચારિત્રગુણની વિપરીત પર્યાય છે-રાગ. તો કહે છે કે વિપરીત પર્યાય છે તે આત્માની નહિ, એ પુદ્ગલની છે. આહાહા..! અને જે આત્મા જ્ઞાયકમૂર્તિ ચૈતન્ય છે, તેની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા કરી તે પોતાની પર્યાય છે. તે પોતાની પર્યાયના કાળમાં પર્યાયના ક્ષેત્રથી એ રાગાદિ ઉત્પન્ન થયા તે જ કાળમાં અને તે જ ક્ષેત્રમાં.. ઓહોહો..!

ક્ષેત્ર સમજો છો? અસંખ્ય પ્રદેશ. ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશનો પુંજ પ્રભુ અનંત ગુણનો પુંજ પ્રભુ છે, તો કહે છે કે તે ક્ષેત્રમાં પોતાની શુદ્ધતાના આશ્રયે જે નિર્મળ જ્ઞાન, દર્શન, શાંતિ, ચારિત્ર આદિ પર્યાય થઈ તે પોતાનું ક્ષેત્ર, પોતાની પર્યાય, પોતાનો ભાવ, પોતાનું રૂપ. તે જ ક્ષેત્રમાં અને તે જ કાળમાં પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ છે તે પોતાના ક્ષેત્રથી બાહ્ય છે, તેનું ક્ષેત્ર બાહ્ય છે, તેનો ભાવ બાહ્ય છે. કાળ એક હોવા છતાં તેનો કાળ બાહ્ય છે. આહાહા..! જેઠાલાલભાઈ! વીતરાગનો માર્ગ તો જુઓ!

ભાઈ! ભગવાન આત્મા તો વીતરાગવિજ્ઞાનઘન છે. સમજાય છે કાંઈ? મંગલમય મંગલકરણ આવે છે કે નહિ? વીતરાગવિજ્ઞાન. આવે છે કે નહિ ઈ? ટોડરમલજીમાં પણ લીધું છે. 'મંગલમય મંગલકરણ વીતરાગ... શિવમય શિવકાર'. મોક્ષસ્વરૂપ છે અને મોક્ષનું કારણ પણ છે અને એનું સ્વરૂપ જ ઈ છે. આહાહા..! વસ્તુ પણ વીતરાગવિજ્ઞાનઘન છે. તેના આશ્રયે જે શુદ્ધ પર્યાય પ્રગટ થઈ તે પણ વીતરાગજ્ઞાનઘન જ છે. એનાથી પૂર્ણ કેવળજ્ઞાન પ્રગટ થયું એ પણ વીતરાગવિજ્ઞાનઘન છે. ત્રણે વીતરાગવિજ્ઞાનઘનમાં આવે છે. ફૂલચંદભાઈ! પ્રેમચંદભાઈ! ક્યાં ગયા પ્રેમચંદભાઈ? તમારા ડોસા વૃદ્ધ છે પણ પ્રમોદ બહુ આવે છે. આવું સ્વરૂપ છે ફૂલચંદભાઈ! આહાહા..!

ભગવાન! આ તો તારી.. પેલા બારોટ આવે ને બારોટ? તો એના કુટુંબની વાત કરે ને કે તારી પેઢીમાં સાતમી પેઢીમાં પાંચ લાખ પાટણમાં નાખ્યા હતા, આવી વાડ બનાવી હતી. બારોટ આવે ને? તમારે શું કહે છે? ભાટ. કુટુંબનું હોય ને? વંશાવલી લઈને આવે, વંશાવલી લઈને આવે. તારી પાંચમી પેઢીમાં પાટણમાં આમ પાંચ લાખ ખર્ચ્યા હતા, આમ બનાવ્યું હતું, આમ બનાવ્યું હતું. આહા..! ખુશી ખુશી થઈ જાય. આ ભગવાન કેવળજ્ઞાની

કહે છે, મુનિઓ બારોટ તારી વંશાવલી કહે છે. તારી વંશની સ્થિતિ નિર્મળ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા..! કહે છે કે '**તેમ, જ્ઞાની પોતે...**' બાહ્યસ્થિતની વ્યાખ્યા ચાલે છે. બહાર રહેવાવાળા. ઓહોહો..! ભગવાન આત્મા જ્ઞાયક દ્રવ્યસ્વરૂપ શુદ્ધ ગુણસ્વરૂપ, એની શુદ્ધ પરિણતિરૂપ એવો જ્ઞાની તે જ સમયે જે એક સમયની પર્યાયમાં જેટલી શુદ્ધ થઈ તે તો પોતાની પર્યાય અને જેટલી અશુદ્ધ રહી તે પરદ્રવ્યની પર્યાય. પરદ્રવ્યની પર્યાય. નિર્મળ પર્યાયથી બાહ્ય પર્યાય. અંતર પર્યાયને એ અડતી જ નથી. આહાહા..! ભારે વાત ભાઈ! જૈનદર્શન તો જુઓ! આવી વાત ક્યારેય ક્યાંય હોઈ શકે નહિ. એક સમયની પર્યાયમાં બે ભાગ. એક પર્યાયને આત્મા અનુભવે છે અને બીજી પર્યાયને અડતો જ નથી. આહાહા..! અડતો જ નથી. સમજાય છે કાંઈ?

સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માની દિવ્યધ્વનિમાં આવું સ્વરૂપ આવ્યું, પ્રભુ! તારી પ્રભુતા તો શુદ્ધ ચૈતન્યમૂર્તિની દૃષ્ટિ થાય અને નિર્મળ પર્યાય પ્રગટ થાય એમાં તારી પ્રભુતા છે. આચાર્યે પણ કામ કર્યું છે ને! નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે આત્મદ્રવ્યથી ઉત્પન્ન થયા તે પોતાની પર્યાય, પોતાનું રૂપ, પોતાનું સ્વ અને પોતાનો સ્વામી. અને તે પર્યાયમાં જરી વિકલ્પથી અશુદ્ધતા આવી, ચારિત્રગુણની વિપરીત પર્યાય થઈ અને આનંદગુણની જે નિર્મળ પર્યાય થઈ તે પોતાના રૂપમાં, પોતાના સ્વરૂપમાં, પોતાના ક્ષેત્રમાં, પોતાના ભાવમાં છે. અને તે જ આનંદમાં જેટલો દુઃખરૂપ વિકલ્પ રહ્યો, કહે છે કે આનંદની પર્યાયના કાળમાં ઉત્પન્ન થયેલું દુઃખ એ આનંદની પર્યાયથી ભિન્ન રહી ગયું. સુકૌશલજી! પહેલા કહ્યું હતું, બે દિવસ પહેલા. ભારે ભેદજ્ઞાન. ભાગ્યશાળી કે આવી ગયા અહીંયા. બહુ ભાઈએ ખુશી બતાવી. અરે..! જિંદગી ગઈ. આ જ વસ્તુ છે, બીજું શું છે? પહેલા ખ્યાલમાં આ વાત લેવાથી એની દૃષ્ટિ સુધરી જાય છે. સમજાય છે કાંઈ?

રુચિ અનુયાયી વીર્ય. જ્યાં રુચિ જામે ત્યાં એનું વીર્ય કાર્ય કર્યા વિના રહે નહિ. એ સમાધિ શતકમાં આવે છે. સમાધિ શતકમાં ત્રણ બોલ લીધા છે. રુચિ અનુયાયી વીર્ય તો દેવચંદજીનું છે. સમાધિ શતકમાં છે. જ્યાં પોતાનું મન ચોંટી જાય છે, ત્યાં તેની રુચિ થાય છે અને ત્યાં તેની સ્થિરતા થઈ જાય છે. સમાધિ શતકમાં છે ભાઈ. ... ગાથા છે. સમજાય છે કાંઈ? પોતાના જ્ઞાનમાં જે વાત જામી જાય છે તેની તેને રુચિ થાય છે અને તેમાં તેની સ્થિરતા થાય છે. સમજાય છે કાંઈ? આહા..! કહે છે, શું પણ કુંદકુંદાચાર્યે કામ કર્યા છે! આહાહા..! ગજબ કામ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સાથે છે, એક સમયમાં. ભગવાન! જુઓ, જુઓ! આ શું કહે છે જુઓ! વાંચો. થોડુંક તો ભણ્યા છો ને. હિન્દી તો ભણ્યા છે ને. કાંઈ હરકત નહિ, હોં! પ્રશ્ન તો થાય સ્પષ્ટતા માટે.

'**જ્ઞાની પોતે બાહ્યસ્થિત...**' આટલા શબ્દ લ્યો, આટલા શબ્દ લ્યો, બસ! ધર્મી પોતાના જ્ઞાનસ્વરૂપની પર્યાયમાં જ્ઞાની સ્થિત છે. તે જ સમયે જે રાગાદિ, દયા, દાન, વ્રત, ભક્તિના શુભ વિકલ્પ છે તે પોતાની પર્યાયમાં તે જ કાળે બાહ્યસ્થિત છે. તે જ સમયે બાહ્યસ્થિત છે અને તે ક્ષેત્રમાં પણ બાહ્યસ્થિત છે. એ પોતાનું ક્ષેત્ર નહિ, પોતાનો કાળ નહિ, પોતાની પર્યાય નહિ, પોતાનો ભાવ નહિ. ધન્નાલાલજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ તો કહ્યું ને. તેથી તો અહીંયા લ્યે છે. પરપરિણામ કહો, પરદ્રવ્યની પર્યાય કહો. પાઠમાં પરદ્રવ્ય પર્યાય કીધી છે. શ્લોક છે ને. પરદ્રવ્ય પર્યાય લીધી છે, પરિણામ પણ નહિ.

મુમુક્ષુ :- '**परदव्वपज्जाए**'.

ઉત્તર :- હા, '**पज्जाए**'. જુઓ! ભાઈ! આ તો શાંતિથી સમજવાની વસ્તુ છે. સત્યની વાત. સત્સ્વરૂપ છે. આ કંઈ વાદવિવાદથી ઝઘડાથી પાર નહિ પડે. પેલા કહે, કરો વાદ, કરો વિવાદ. અરે..! ભગવાન! 'સદ્ગુરુ કહે સહજકા ધંધા, વાદવિવાદ કરે સો અંધા'. આમાં ક્યાં વાદવિવાદ કરે? ભગવાન!

અહીં તો કહે છે, એક શબ્દ કેટલો છે, જુઓ! ધર્મીજીવ પોતાનું દ્રવ્ય, પોતાના શુદ્ધ ગુણ અને પોતાની નિર્મળ પર્યાય પ્રગટ થઈ છે તે પોતામાં છે, બસ. અને બાહ્યસ્થિત. રાગાદિ વિકલ્પ પોતાની પર્યાયમાં સ્થિત નથી. પોતાના કાળમાં છે નહિ. નિર્મળ પર્યાયનો કાળ સ્વ વર્તમાન અને મલિન પર્યાયનો કાળ બીજો સમય એમ નથી. બીજો સમય હશે? એમ પ્રશ્ન પૂછે એનો (ઉત્તર છે). પહેલા ઈ પ્રશ્ન બહુ થયો હતો. અમે (સંવત) ૨૦૧૩ની સાલમાં ગયા હતા ને? ઈસરી. પહેલા પ્રશ્ન થયો હતો. એક પર્યાયના બે ભાગ. નહિ? પછી કોઈનું નામ આપ્યું. ... ૨૦૧૩ની સાલમાં. હમણા ગયા વર્ષે ગયા હતા. એક પર્યાયના બે ભાગની ચર્ચા થઈ હતી, ઈ તમે? કહ્યું, હા. ઈ કહે, એક પર્યાયમાં બે ભાગ ન થાય. એ પહેલા ચર્ચા થયેલી. ૨૦૧૩ની સાલ પહેલા. એક પર્યાયમાં બે ભાગ ન હોય. અરે..! સાંભળ તો ખરો, પ્રભુ!

અહીં તો એક સમયના એક ગુણની એક સમયની એ પર્યાયમાં બે ભાગ છે. એક ભાગ સ્વ તરફની નિર્મળતા, એક ભાગ નિમિત્તના લક્ષે ઉત્પન્ન થયેલો વિકાર. એક જ સમય,

એક જ ક્ષેત્ર પણ બાહ્યસ્થિત છે. આહાહા..! જેઠાલાલભાઈ! વાત એવી છે. જૈનદર્શનમાં જન્મ્યા પણ જૈનદર્શનની ખબર નહિ. જૈન પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા વીતરાગ કેવળજ્ઞાની ઈન્દ્રોની સમક્ષમાં સમવસરણમાં આમ ફરમાવતા હતા. અર્ધ લોકના સ્વામી શક્રેન્દ્ર અને ઈશાનઈન્દ્ર. દક્ષિણના ઈન્દ્ર સ્વામી દક્ષિણલોકના શક્રેન્દ્ર, ઉત્તરના અર્ધ લોકના સ્વામી ઈશાનઈન્દ્ર સમવસરણમાં બિરાજતા હતા. ભગવાનની વાણીમાં આ વાત નીકળી છે. કુંદકુંદાચાર્યે ત્યાંથી આવીના આ શાસ્ત્ર બનાવ્યું છે. સમજાય છે કાંઈ? ચક્રવર્તી પણ ત્યાં હતા. કુંદકુંદાચાર્ય ત્યાં ગયા. ત્યાંના ચક્રવર્તી કુંદકુંદાચાર્ય હતા ત્યારે બેઠા હતા. ચક્રવર્તીએ પ્રશ્ન કર્યો કે મહારાજ! આ કોણ છે? આવડા નાના? પાંચસો ધનુષ-બે હજાર હાથ ઊંચા અને આ ચાર હાથ. પતંગિયા જેવા લાગે. મહારાજ! આ કોણ છે?

ભગવાનની વાણીમાં આવ્યું, એ ભરતક્ષેત્રના ધર્મધુરંધર આચાર્ય છે. સમજાય છે કાંઈ? ઈચ્છા વિના દિવ્યધ્વનિ (નીકળી) ચક્રવર્તીનો પ્રશ્ન હતો ને. એ તો એટલા પુણ્યવંત છે કે વાણી નીકળ્યા વિના રહે નહિ. નિમિત્તને કારણે નહિ. તે જ પર્યાય તે સમયે થવાની હતી. સમજાય છે કાંઈ? આવી વાત છે, ભગવાન!

કહે છે, અરે..! એક આનંદગુણ છે આત્માનો. પોતાના સ્વરૂપની દૃષ્ટિ કરીને જે આનંદની દશા પ્રગટ થઈ, એ આનંદની દશા પોતાનું સ્વસ્વરૂપ. અને તે પોતાનું ક્ષેત્ર. અને પોતાનો કાળ અને પોતાનો ભાવ. અને તે જ સમયે જરી દુઃખનું વેદન આવ્યું તો કહે છે કે એ દુઃખનું ક્ષેત્ર ભિન્ન, કાળ એક સમય હોવા છતાં તેનો કાળ આ કાળથી ભિન્ન. એક સમયમાં ભિન્ન. બીજો કાળ એમ નહિ. એ પરકાળ છે, આ સ્વકાળ છે, એ પરદ્રવ્ય છે, આ સ્વદ્રવ્યની પર્યાય છે. આહાહા..! પરદ્રવ્યની પર્યાય કહ્યું ને? પરદ્રવ્યની પર્યાયનો સ્વકાળ એનો છે. આહાહા..! વેદાંતવાળાને તો લાગે કે આ શું કહે છે? વસ્તુનું સ્વરૂપ આમ છે. ભગવાને જોયું છે તો કાંઈ નવું નથી જોયું. જેમ છે તેમ જોયું છે. કેવળજ્ઞાનમાં ઝળહળ જ્યોતિ ત્રિલોકનાથ પરમાત્માએ જાણ્યું. ઈન્દ્રોની સમક્ષ બાર સભામાં આવી વાણી ઈચ્છા વિના નીકળી ગઈ. વાણીની પર્યાયના પણ ભગવાન કર્તા નથી.

વાણી સ્વતઃ પ્રમાણ છે. એ ચર્ચા પણ બહુ ચાલી છે. ઈ ચાલી. અરે..! ભગવાન! વાણી પરથી પ્રમાણ છે કે સ્વથી પ્રમાણ છે? અરે..! પર પ્રમાણથી કોઈ ચીજ હોય? વાણીમાં સ્વપર વાર્તા કહેવાની તાકાત છે. પોતાની પર્યાયમાં પરિણમન થઈને એ પરમાણુમાં સ્વપર વાર્તા કહેવાની તાકાત છે. આત્માનું કેવળજ્ઞાન અને જોગની અપેક્ષા વિના. સમજાય છે કાંઈ? કેવળજ્ઞાનીને એવી દિવ્યધ્વનિ નીકળી તો એમાં કંઈક તો જ્ઞાનપ્રધાનતાની નિમિત્તની અસર છે કે નહિ? કે એવી દિવ્યધ્વનિ છદ્મસ્થને ન નીકળે? દેવીલાલજી! સાંભળ તો ખરો. તે

સમયે તે જ પરમાણુની જે સ્કંધરૂપે પર્યાય દિવ્યધ્વનિરૂપે પરિણમવાની છે તે પ્રાપ્ય છે, તે સમયે અવસ્થાને સ્કંધ પ્રાપ્ત કરે છે. ભગવાનથી વાણી નીકળી જ નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પછી શું કરે? અતિશય એમનો નથી. કામ શું કરે? સમજાય છે કાંઈ?

કહે છે, ઓહો..! ધર્મીજીવ પોતાથી વ્યવહારત્નત્રયનો વિકલ્પ, શુભજોગનો વિકલ્પને બાહ્યસ્થિત સમજે છે. પોતાની પવિત્ર ભગવાન આત્માની દશામાં ઈ નથી. આહાહા..! અહીં તો હજી કહે કે વ્યવહાર પહેલા અને નિશ્ચય પછી. આ ક્યાં આવ્યું આમાં? આમાં તો બેય સાથે આવ્યા. સાથે છે કે આગળપાછળ છે? એક સમયમાં બીજો અડતો નથી એવો નિશ્ચય અને આ વ્યવહાર. છે કે નહિ એમાં? ફૂલચંદભાઈ!

કહે છે, ઓહોહો..! કેવી રચના! ભગવાન આત્મા પોતાનો શુદ્ધ ચૈતન્ય ભગવાનને રાગથી ભિન્ન પાડીને ભાન થયું તો કહે છે કે પોતામાં જે નિશ્ચય સ્વઆશ્રય પર્યાય થઈ-સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિ, આનંદ આદિની થઈ એ તો પોતાની પર્યાય છે. તે જ કાળે જરી આનંદ (સાથે) થોડું દુઃખ (થાય છે), વીતરાગી પર્યાય (સાથે) થોડો રાગ (આવે છે), સમજાય છે? અને સમકિતમોહનીયની અંદર દર્શનમાં જરી દોષ છે, શુદ્ધ સમકિતની પર્યાય પોતાની, એમાં જે દોષ છે તે પરદ્રવ્યની પર્યાય બાહ્યસ્થિત છે. સમજાય છે કાંઈ? સમકિતમોહની ઝળક જે પોતાની પર્યાયમાં થોડીક થાય છે એ પરદ્રવ્યની પર્યાય. એનો અત્યંત અભાવ છે. વિકાર અને સ્વભાવ વચ્ચે અત્યંત અભાવ છે. અને એક સમયની પર્યાય હો. એક સમયની પર્યાય અને તે જ કાળ હોવા છતાં વિકલ્પ અને નિર્મળ પર્યાય વચ્ચે અત્યંત અભાવ છે. આહાહા..! ધન્નાલાલજી!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અત્યંત અભાવ. આવું જ્ઞાનીનું .. છે. એમાં ઈ વાત પણ આવી. જ્યારે નિર્મળ પર્યાય છે, તે જ વખતે વિકલ્પ ઉઠ્યો છે તે જ વ્યવહાર છે, તે જ સમયે વ્યવહાર છે. આ નિશ્ચય નિર્મળ અને પેલો વ્યવહાર. તે જ સમયે બે હોવા છતાં વ્યવહાર બાહ્યસ્થિત છે અને નિશ્ચય અંતરસ્થિત છે. પંડિતજી!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈ બીજી વાત. એ ઠીક છે. એ તો બંધની વાત છે. અહીં તો અસ્તિમાં એ અંશ પોતાનો નથી એ વાત સિદ્ધ કરે છે. છે જ નહિ. ત્યાં તો અંશ છે એ બંધનું કારણ છે અને સમ્યગ્દર્શન અબંધનું કારણ છે એમ બતાવવું છે. અહીં તો કહે છે, બંધનો વિકલ્પ છે એ પોતાની પર્યાયમાં છે જ નહિ અને એને બંધ થતો જ નથી એમ કહે છે

અહીંયા તો. વિકલ્પ પોતાની પર્યાયમાં નથી તો વળી બંધ થવાનો પ્રશ્ન છે નહિ. ત્યાં બીજી વાત કહેવી છે, અહીં બીજી વાત છે. અહીં તો કર્તાકર્મ લેવું છે. સમજાય છે કાંઈ?

ત્યાં તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે પોતાના સ્વભાવના આશ્રયે ઉત્પન્ન થયા એ અબંધનું કારણ છે. અને જેટલો રાગ છે તે બંધનું કારણ છે. પણ એ તો બંધનું કારણ, અબંધનું કારણનું સ્પષ્ટીકરણ-જ્ઞાન બતાવ્યું. પણ અહીં તો કહે છે, અહીં કર્તાકર્મમાં બંધની પર્યાય જે વિકલ્પ છે એ પોતાનું કાર્ય જ નથી. પોતામાં છે જ નહિ અને પોતાનું કાર્ય નથી. પોતામાં છે તે પોતાનું કાર્ય હોય. બાહ્યસ્થિત પોતાનું કાર્ય નથી. આહાહા..! સમજાય છે કાંઈ? નેમચંદભાઈ! બહુ માર્ગ... એવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી વીતરાગ. ... કેવળી છદ્મસ્થનો વિનય કરે, આપણે આવે છે ને શાસ્ત્રમાં? જૈનપ્રકાશમાં આવ્યું. જૈનપ્રકાશમાં. કેવળી છદ્મસ્થનો વિનય કરે છે એ કઈ રીતે મેળ ખાય છે? ખળભળાટ થયો છે બધે. શ્વેતાંબરમાં તો કહે છે કે છદ્મસ્થને કેવળજ્ઞાન થાય છે, ગુરુ છદ્મસ્થ રહે છે અને શિષ્યને કેવળજ્ઞાન થાય છે. ત્યાં આવ્યું છે. કેવળજ્ઞાની સેવા કરે છે ગુરુની અને કરતાં કરતાં ગુરુને એમ ખ્યાલ આવી ગયો કે આ ખ્યાલ કેમ આવ્યો? .... થયો? સમજ્યા? તો કહે છે, સાહેબ! મને જ્ઞાન નિર્મળ થયું છે. શું નિર્મળ થયું છે? કેવળજ્ઞાન થયું છે? હા. આવી તો વાત. છે કે નહિ આમાં? શું છે આ? જૈનપ્રકાશ છે? ત્યાં રહી ગયું. જૈનપ્રકાશમાં આવ્યું છે આજ. આહાહા..! આખા સ્થાનકવાસીમાં પ્રશ્ન આવ્યો છે કે છે શું આ? ચર્ચા તો કરો. ચર્ચા કરો, ભગવાન! એમાં શું છે? ... શું સાચું છે એમાંથી નીકળશે. સમજાય છે કાંઈ? કેવળજ્ઞાની છદ્મસ્થનો વિનય કરે એમ કેમ બને? શું વિકલ્પ છે એને? અને વંદનયોગ્ય વિશેષ છે અને હું અલ્પ છું એમ છે કેવળમાં? એ તો છઠ્ઠા ગુણસ્થાન સુધી વંદ્ય અને વંદકભાવનો ભાવ હોય છે. પછી હોતો નથી. આત્મસિદ્ધિમાં આવ્યું છે ને? એની બહુ ચર્ચા થઈ. આત્મસિદ્ધિમાં આવ્યું છે.

તે સદ્‌ગુરુ ઉપદેશથી પામ્યો કેવળજ્ઞાન,
ગુરુ રહ્યા છદ્મસ્થ પણ વિનય કરે ભગવાન.

એ વાત સાચી નથી.

મુમુક્ષુ :- શ્વેતાંબર આમ્નાયની વાત છે?

ઉત્તર :- ઈ શ્વેતાંબર આમ્નાયની વાત છે. એમાં આત્મસિદ્ધિમાં એમ આવી ગયું છે પણ વાત એમ નથી. શ્વેતાંબર આમ્નાયમાં .. પાઠ છે. નવમા અધ્યયનમાં. ... અનંત જ્ઞાન પ્રાપ્ત થવા છતાં કેવળજ્ઞાની પોતાના ગુરુનો વિનય છોડતા નથી. વ્યવહારની પ્રધાનતા ... છે.

અહીં તો કહે છે, કેવળીને તો પરનો વિનય નથી. પણ મુનિ છદ્મસ્થ કેવળજ્ઞાન વિનાના

ચોથે, પાંચમે, છઠ્ઠે. કેવળી પરમાત્મા બિરાજે છે અને વિકલ્પ આવ્યો વિનયનો. પોતાની પર્યાયથી બાહ્યસ્થિત છે. ભાઈ સમજાય છે? નિશ્ચય સાથે છે, વ્યવહાર સાથે છે, એમ કહેવું છે. અહીં સિદ્ધ કરે છે. નિશ્ચય પહેલા અને વ્યવહાર પછી, અથવા વ્યવહાર પહેલા અને નિશ્ચય પછી એમ હોય નહિ. ઈ વાતને સમજતા નથી. એકસાથે. જુઓ! શું કહ્યું? બાહ્યસ્થિતનો અર્થ શું? અંતર સ્થિત તો ચૈતન્ય ભગવાન પોતાના શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા પોતાની છે તે પોતામાં સ્થિત છે. એ નિશ્ચય સ્વઆશ્રય થયો. પરાશ્રયે જે વિકલ્પ ઉઠે છે વિનય આદિનો તો એ બાહ્યસ્થિત છે. પોતાની નિર્મળ પર્યાયથી બાહ્યસ્થિત છે. ક્ષેત્ર પણ બાહ્ય, કાળ પણ બીજો, ભાવ પણ બીજો. સમજાય છે કાંઈ? એ પરદ્રવ્ય પણ બીજું. પરદ્રવ્ય પુદ્ગલની એ પર્યાય છે, પરદ્રવ્યનો એ કાળ છે અને પરદ્રવ્યનો એ ભાવ છે. આહાહા..! ભિન્ન પડી ગયો. ઓહો..! કેટલી વાત કરે છે! આવી વાત..! આહા..! ખબર નથી.

ભાઈ! ભગવાન! તારામાં શું અપવિત્રતા પડી છે કે તારા કાળમાં અપવિત્રતા તને હોય? પવિત્રતાનો સાગર છે ભગવાન. તું તો ચૈતન્ય જ્ઞાયક, આનંદ, શુદ્ધ શ્રદ્ધા, વીતરાગતા એવા ભાવથી ભરેલો છે. એવી દૃષ્ટિ અને એનું જ્ઞાન રાગથી ભિન્ન પડીને થયું તો જ્ઞાનીની પર્યાયથી રાગની, દુઃખની, અસ્થિરતાની અનંત ગુણમાં જેટલી વિકૃત પર્યાય રહે છે એ વિકૃત પર્યાય પોતાની પર્યાયથી બાહ્યસ્થિત છે. ઓહોહો..! હવે એ બાહ્યસ્થિતને કારણ કહેવું અને અંતરસ્થિતને કાર્ય કહેવું એમ કેમ બને? એ તો ઓળખાણ કરાવે છે કે એવા વિકલ્પની મર્યાદા એ ભૂમિકામાં છે. તેથી વ્યવહારને કારણ કહ્યું. વ્યવહારને કારણ વ્યવહારનયથી કહ્યું, અભૂતાર્થનયથી કહ્યું. સમજાય છે કાંઈ? ઓહો..! આગમ તો આ કહેવાય. પરમાગમ અને આગમ આનું નામ. જેમાં કોઈ એક કણ પણ ફેરફાર નહિ. વીતરાગી કાંટો. સમજાય છે કાંઈ? આહાહા..!

અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્યના મુખમાં પરમાગમ ઝરે છે. આહાહા..! કહે છે, ઓહોહો..! એક શબ્દમાં તો કેટલો નિકાલ કરી નાખ્યો! જ્ઞાની, ધર્મી, સમ્યગ્દૃષ્ટિ, ચોથાવાળો હો, પાંચમાવાળો હો કે છઠ્ઠાવાળો હો એની પર્યાયમાં જેટલી સ્વદ્રવ્યના આશ્રયે નિર્મળતા થઈ તે પોતાની પર્યાય, પોતાના દ્રવ્યની પર્યાય. તે જ સમયે જરી વિકલ્પ વ્યવહારરત્નત્રય આદિ ઉઠ્યા છે, દેવ-ગુરુ-શાસ્ત્રના વિનયનો વિકલ્પ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, પંચ મહાવ્રતનો વિકલ્પ અને શાસ્ત્ર ભણવાનો વિકલ્પ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં તો વાત ચાલે છે. એમ કહે છે. ભગવાન! તેં વાતને સાંભળી નથી, પ્રભુ! અમે શું કહીએ છીએ, અમે શું માનીએ છીએ અને અમારી પાસે શું છે એની તો તને ખબર નથી. ખબર વિના અનુમાનથી લગાવી દે, સાંભળ્યા વિના. એ કંઈ ન્યાયનો

વિષય છે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અહીં તો અત્યંત અભાવ કહે છે. અને તે જ સમયે. બે વાત. તે જ સમયે. તેની પર્યાયમાં નથી, વ્યવહાર વ્યવહાર છે. પરદ્રવ્યની પર્યાય છે, સ્વદ્રવ્યની પર્યાય નહિ. શું પરદ્રવ્યની પર્યાય સ્વદ્રવ્યની પર્યાયનું કાર્ય થાય? પરદ્રવ્યની પર્યાય કારણ અને સ્વદ્રવ્યની પર્યાય કાર્ય, એમ હોય? પંચાસ્તિકાયમાં તો બહુ આવ્યું છે. એઈ..! અરે..! ભગવાન! એ તો વ્યવહાર નિમિત્ત કેવું છે તેનું જ્ઞાન કરાવ્યું છે. સમજાય છે કાંઈ? આહાહા..! અહીં અટક્યું.

મુમુક્ષુ :- બાહ્યસ્થિતનો મુદ્દો હતો.

ઉત્તર :- બાહ્યસ્થિતનો મુદ્દો હતો. એ વળી ન્યાં આવી ગયો. રાજમલજી! આહાહા..! આ તો ભગવાન! તારા ઘરની વાત ચાલે છે. તારા ઘરબાર એ તારા નહિ. આહાહા..! વ્યવહાર તારી ચીજ નહિ, વ્યવહાર તારું સ્વ નહિ. વ્યવહાર તેં ઉત્પન્ન કર્યો નથી અને વ્યવહાર તારા ઘરમાં છે નહિ. સમજાય છે કાંઈ?

જ્ઞાની સ્વયં બાહ્યસ્થિત-બહાર રહેવાવાળા પરદ્રવ્યના પરિણામ. પાઠમાં પરદ્રવ્ય પર્યાય લીધી છે. પણ વિશેષ સ્પષ્ટ કરવા માટે આચાર્યે તેને પર્યાયને પરિણામ કહ્યા. ભિન્ન ભિન્ન શબ્દ વાપરીને તે શબ્દનું સ્પષ્ટીકરણ કરે છે. સમજાય છે કાંઈ? વ્યવહારરત્નત્રયનો વિકલ્પ એ સ્વદ્રવ્યની પર્યાય નહિ. સ્વદ્રવ્ય તો નહિ, સ્વગુણ તો નહિ, સ્વદ્રવ્યની પર્યાય નહિ. આહાહા..! કેટલું ભેદજ્ઞાન! અમારે સુકૌશલજી કહે છે, મોટું ભેદવિજ્ઞાન ચાલે છે. બે દી પહેલા કહેતા હતા. ભગવાનના ઘરની વાત છે, ભાઈ!

કહે છે, '**બાહ્યસ્થિત (બહાર રહેલા) એવા પરદ્રવ્યના પરિણામમાં...**' રાગાદિ, વિકલ્પાદિ વ્યવહાર છે એ પરદ્રવ્યના પર્યાયમાં '**અંતર્વ્યાપક થઈને...**' હવે જરી એનો વિસ્તાર છે. કાલે આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ-૧૩, મંગળવાર તા. ૬-૮-૧૯૬૮**
**ગાથા-૭૬, પ્રવચન-૫૯૦**

કર્તાકર્મ અધિકાર. ૭૬ ગાથા. ૭૬ કહે છે? શું કહે છે હિન્દીમાં? અમારે ૭૬ (કહે છે). ધર્મીનું કાર્ય શું છે ઈ વાત ચાલે છે. સમ્યગ્દષ્ટિ-ધર્મી-ભેદજ્ઞાનીનું કાર્ય નામ કામ નામ કર્તવ્ય શું છે, ઈ વાત ચાલે છે. સમજાય છે કાંઈ?

કહે છે, '**જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને,...**' માટી સ્વયં નામ પોતે. પોતે અમારો શબ્દ છે. તમારે શું છે? સ્વયં. સ્વયંનો બીજો શબ્દ હશે કે નહિ? અપનેસે. સ્વયં પોતાથી ઘડામાં અંતર્વ્યાપક થઈને.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- '**જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને,...**' માટી ઘડારૂપ પર્યાયમાં માટી સ્વયં અંતરવ્યાપ્તિ નામ પ્રસરે છે. ઘડો થવામાં માટી પોતાથી સ્વયં પ્રસરે છે. કોઈ કુંભારને કારણે ઘડો થાય છે એમ નહિ. '**આદિ-મધ્ય-અંતમાં...**' કોઈનો બપોરે પ્રશ્ન હતો કે આદિ-મધ્ય-અંત એટલે શું? માટી ઘડો થવામાં આદિમાં છે, મધ્યમાં પણ ઈ છે, અંતમાં પણ ઈ છે. એક સમયમાં ઈ જ છે. માટી ઘડામાં વ્યાપ્ત થઈને '**ઘડાને ગ્રહે છે,...**' ઘડાને પ્રાપ્ય કરે છે. ગ્રહણ કરે છે કહો કે પ્રાપ્ય કહો. ઘડાની અવસ્થા તે જ સમયે ધ્રુવપણે ઉત્પન્ન થવાની હતી તેને માટી પ્રાપ્ત કરે છે. '**ઘડારૂપે પરિણમે છે...**' માટી ઘડાના રૂપમાં પરિણમન નામ અવસ્થા રૂપે એ બદલાય છે. '**અને ઘડારૂપે ઊપજે છે...**' ઘડાની અવસ્થારૂપે માટી સ્વયં પોતાથી ઉત્પન્ન થાય છે. એ દૃષ્ટાંત થયો. હવે સિદ્ધાંત.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અહીં તો માટીમાંય વાંધા. ઘડો કુંભાર હોય તો કરે. એઈ..! ફતેહચંદજી! કુંભાર હોય તો ઘડો થાય. અહીં ના પાડે છે. માટી હોય તો ઘડો થાય છે. કુંભાર વિના જ ત્રણે કાળે ઘડો થયો છે. કહો, સમજાય છે કાંઈ? કેમકે માટી પણ એક પદાર્થ છે. અનંત રજકણનો એ સ્કંધરૂપ એક પદાર્થ છે. એ જ પરિણમીને, બદલીને અંતર્વ્યાપક પ્રસરીને ઘડાની પર્યાયમાં પ્રાપ્ત થાય છે. ઘડાની પર્યાયરૂપે વિકૃત નામ વિકારરૂપે પણ ઈ જ થાય છે. પહેલાનો પિંડ બદલાઈને. અને તે જ ઘડારૂપ ઉત્પાદ થાય છે. એમાં પરનો કર્તા કોઈ નથી. એ માટી જ પોતે ઘડાની પર્યાયની કર્તા અને માટીનું કામ ઘડો. માટીનું કામ ઘડો. ઈ માટીનું કામ છે.

'**તેમ, જ્ઞાની...**' હવે સિદ્ધાંત આવ્યો. ધર્મી જેને આત્માનું, રાગ-દ્વેષ અને પુણ્ય-પાપના ભાવથી પોતાનો ભિન્ન આત્મા-ભગવાન આત્મા ભિન્ન છે (એવું ભાન થયું છે). શરીર, વાણી, મનથી તો ભિન્ન જ છે પણ અંદરમાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ થાય છે એ વિકલ્પ-રાગ છે. તેનાથી પણ જેનો આત્મા ભેદજ્ઞાનમાં પરથી ભિન્ન કરીને ભિન્ન પડ્યો છે તેનું નામ ધર્મી અને જ્ઞાની કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? ધર્મી એને કહે છે કે જે પોતાનો આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ, સત્ નામ શાશ્વત ત્રિકાલ રહેનારો જ્ઞાન અને આનંદની મૂર્તિ આત્મા છે. એવા આત્માને જેણે પુણ્ય-પાપના વિકલ્પ નામ રાગથી ભિન્ન કરીને સ્વરૂપનો અનુભવ અને સમ્યગ્દર્શનમાં આત્માને પ્રાપ્ત કર્યો, આત્માની ઉપલબ્ધિ કરી. સમજાય છે કાંઈ? એવો ધર્મી, એનું નામ ધર્મી. ધીરુભાઈ! ઝીણી વાત છે અહીંયા. બહારની બધી વાતો છે એનાથી જુદી વાત છે. સમજાય છે કાંઈ? જુદી છે, ભાઈ! ધીરુભાઈ! આખી વાત જ જુદી છે. અનંત કાળમાં એણે આ વાત સાંભળી નથી. ધીરજથી સાંભળી જ નથી.

આ આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ શાશ્વત જ્ઞાન, ચિદ્ એટલે જ્ઞાન અને આનંદ આદિ અનંત ગુણનો પિંડ છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, પણ તમારી યોગ્યતા વિના મળ્યા નહિ, એમ કહે છે અહીંયા. પોતાની યોગ્યતા હોય તો મળ્યા વિના રહે નહિ. બે વાત છે. સત્ય વાત સાંભળવામાં પૂર્વના પુણ્ય-ભાગ્ય હોવા જોઈએ. અને સત્ય વાત સાંભળવામાં વર્તમાનમાં પણ એવી જ્ઞાનની યોગ્યતા હોવી જોઈએ. બે વાત છે. સમજાય છે કાંઈ? સંયોગ છે માટે પુણ્ય છે. પણ એ સાંભળવામાં જ્ઞાનના ક્ષયોપશમની યોગ્યતા હોય તો સાંભળવા મળે. બે વાત છે. આહાહા..! પોપટભાઈ! આ તમારા પૈસા-બૈસા ધૂળ મળે એ તો પુણ્યને લઈને મળે. એમાં તમારી યોગ્યતા-બોગ્યતા કામ ન કરે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- મળે છે ક્યાં? આ તો એક વાત કરે છે. આ બધા માને છે ને અમે પૈસાવાળા છીએ. નથી કહેતા, પણ અંદરમાં માને છે. કહેવાની જરૂર નથી. એ તો મનમાં એમ થાય કે અમે પૈસાવાળા છીએ. ધૂળવાળા પણ નથી, અહીં તો બીજી વાત કરે છે.

ભાઈ! તું તો ચૈતન્યલક્ષ્મીનો ભંડાર છો. તારામાં તો ચૈતન્ય અને આનંદ ભર્યા છે. સચ્ચિદાનંદ આનંદમૂર્તિ અતીન્દ્રિય આનંદ રસકંદ આત્મા છે. એવા આત્માને જેણે પોતાના ભેદજ્ઞાનથી (પ્રાપ્ત કર્યો છે). છેલ્લા શ્લોકમાં લેશે. છેલ્લે ૭૯માં. જેણે રાગથી ભિન્ન કરીને,

પુણ્ય-પાપથી.. છેલ્લી ગાથા છે ને? કળશ.. કળશ. છેલ્લો કળશ છે ને? '**જ્યાં સુધી (ભેદજ્ઞાન કરનારી) વિજ્ઞાનજ્યોતિ કરવતની જેમ નિર્દય રીતે (ઉગ્ર રીતે) જીવ-પુદ્ગલનો તત્કાળ ભેદ ઉપજાવીને પ્રકાશિત થતી નથી.**' ત્યાં સુધી કર્તાકર્મ (પ્રવૃત્તિ રહે છે). ૭૯ પછીનો કળશ. ઈ ભેદજ્ઞાન છે. પછી આવશે વિશેષ. એનો સરવાળો ત્યાં કરે છે. સમજાય છે કાંઈ? ભાઈ! આહાહા..!

ભગવાન આત્મા...! શું કહે છે? સાંભળો! અહીંયા તો કહે છે, આત્મા, જેને પરમાત્મા પોતે નિજ સ્વરૂપે પરમ સ્વરૂપી જ પરમાત્મા છે-આત્મા. એવા આત્માને જેણે શરીર, કર્મ અને વિકલ્પ જે વિકાર છે, દયા, દાન, પૂજા, ભક્તિનો પણ ઈ રાગ છે, તેનાથી પણ ભિન્ન કરીને પોતાના સ્વરૂપની પ્રાપ્તિ કરી છે અને પોતાના ધર્મની પર્યાયનો આનંદ આવ્યો છે તેને અહીંયા ધર્મી અને જ્ઞાની કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? આહાહા..!

હવે, '**તેમ, જ્ઞાની પોતે...**' પોતાથી. જુઓ! '**બાહ્યસ્થિત...**' ભગવાન આત્મા, પોતાના જ્ઞાન, આનંદ આદિ અનંત ગુણ જે છે, એ અનંત ગુણનું પૂર.. પૂર સમજો છો? પાણીનું પૂર આવે છે ને? બાઢ. એમ અનંત ગુણના પૂરની ભરતી પર્યાયમાં આવે છે, જ્યારે ભેદજ્ઞાન થયું ત્યારે. એમ કહે છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મામાં જેટલા અનંત ગુણ છે.. કેટલા અનંત ગુણ છે? સમજાય છે કાંઈ? હમણાં સાત દિવસમાં નથી કહ્યું. કેટલા ગુણ અનંત છે? કેટલા છે અનંત? અત્યારે સુધી જેટલા છ મહિના ને આઠ સમયમાં ૬૦૮ જીવ મુક્ત થાય છે. છ મહિના અને આઠ સમયમાં ૬૦૮ મુક્ત થાય છે. એમ સર્વજ્ઞ ભગવાને અનાદિ નિયમમાં આવું જોયું છે. છ મહિના અને આઠ સમય. એમાં ૬૦૮ની મુક્તિ થાય, થાય અને થાય જ. અઢી દ્વીપમાં. એટલી સંખ્યા જે છ મહિના અને આઠ સમયમાં મુક્ત જીવોની થઈ, એમ અનંત કાળથી મુક્ત થતા આવ્યા છે. એની જે સંખ્યા છે તે અનંત છે. સુકૌશલજી! કેટલી થઈ? અનંત પુદ્ગલપરાવર્તન ગયા. એક પુદ્ગલપરાવર્તનના અનંતમા ભાગે અનંતી ચોવીસી જાય. અને અનંતી ચોવીશીમાં એક ચોવીશીમાં છ મહિના અને આઠ સમયમાં ૬૦૮ મુક્તિએ જાય, એવા એવા દસ ક્રોડા ક્રોડી પલ્યોપમમાં જાય તો અસંખ્ય જાય છે. એક ચોવીસીમાં અસંખ્ય. એવા એવા એક પુદ્ગલ પરાવર્તન છે તેનાથી અનંતગુણા. તેનાથી અનંત પુદ્ગલપરાવર્તનમાં અનંત અનંત ગુણા. એવી જે સિદ્ધની સંખ્યા છે તેનાથી તો એક શરીરમાં નિગોદમાં અનંતગુણા જીવ છે. સમજાય છે કાંઈ? આ બટેટા, શક્કરકંદ, ફૂગ થાય છે ને? જળમાં ફૂગ થાય છે. એ ફૂગનો એક રાઈ જેટલો ટૂકડો લ્યો, રાઈ જેવડો ટૂકડો. એ ટૂકડામાં અસંખ્ય તો ઔદારિક શરીર છે. અને એક એક.. ઔદારિક અસંખ્ય હોં! અને એક એક શરીરમાં અનંત જીવ છે. અને એક એક શરીરની સાથે બે-બે તૈજસ અને

કાર્મણ શરીર છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છે. એ તો ઔદારિક શરીર એક છે. ઔદારિક અસંખ્ય છે, તૈજસ-કાર્માણ અનંત છે. આહાહા..! એવા જીવની સંખ્યા મુક્તથી અનંતગુણી છે. ઓહોહો..! દુર્લભતા કેટલી છે કે એમાંથી નીકળવું, મનુષ્યપણું મળવું અને એમાં આવી વાતનું શ્રવણ મળવું મહા પૂર્વના પુણ્યના ભાગ્ય હો અને વર્તમાન એની યોગ્યતા હોય. ત્યારે કહેવામાં આવે છે. ત્યારે સત્ય વાતનો પ્રવાહ કાને પડે છે.

કહે છે કે, જીવની સંખ્યા મુક્ત કરતાં અનંતગુણી એક શરીરમાં. એનાથી અનંતગુણા પરમાણુ છે. જીવની સંખ્યા કરતાં અનંતગુણા પરમાણુની જડની સંખ્યા છે. ઓહોહો..! અને પરમાણુની સંખ્યા કરતાં ત્રણ કાળના સમય અનંતગુણા છે. અનંતગુણા. અને ત્રણ કાળના સમય કરતાં આકાશના પ્રદેશ અનંતગુણા છે. આકાશ.. આકાશ.. આકાશ... ચાલ્યું જાય છે ને? છેલ્લે શું છે? ત્યાં કોઈ ચીજ છે કે નહિ? પછી.. પછી.. પછી.. ચાલ્યા જાઓ, આકાશ.. આકાશ.. આકાશ.. છે.. છે.. છે.. એમ ચાલ્યું જાય છે. આકાશનો ક્યાંય અંત નથી. એવા આકાશના પ્રદેશની અનંત સંખ્યા ત્રિકાળ સમયથી અનંતગુણી છે. તેનાથી એક જીવના એનાથી અનંતગુણા ગુણ છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- બહુ મોટી ઋદ્ધિ છે. અહીં તો બધાની અવસ્થા વર્તમાનની પર્યાયમાં પ્રગટ છે અને થોડી બાહ્યસ્થિત છે એ બતાવવું છે. સમજાય છે કાંઈ? જ્ઞાનીને પોતાના જેટલા અનંત ગુણ કહ્યા તે બધા ગુણ એક અંશરૂપે બધા ગુણોનું નિર્મળપણે પરિણમન છે તે પોતાનું સ્વરૂપ છે. સમજાય છે કાંઈ? ડૉક્ટર! રાડ નાખી જાય એવું છે માણસ. કોઈ દી સત્ વસ્તુ શું છે, તારું માહાત્મ્ય શું છે એ અનંતને જાણવાની તારી એક જ્ઞાનની પર્યાયમાં તાકાત છે. આવા આવા અનંતગુણા દ્રવ્ય છે અને ત્રણ કાળ ત્રણ લોક એનાથી પણ અનંતગુણા હો તો આત્માની એક સમયની પર્યાયમાં જાણવાની તાકાત-સ્વભાવ જેનો છે એનું શું કહેવું. એવી તાકાત છે.

અનંત અનંત જેટલા ગુણ છે તે નિજ દ્રવ્યની દૃષ્ટિની થઈ, નિજ દ્રવ્યસ્વભાવમાં જેટલા ગુણ છે એ દ્રવ્યની દૃષ્ટિ થઈ તો બધા ગુણની પર્યાયનું ધર્મીને અનંત ગુણના અંશનું પ્રગટપણાનું વેદન જ્ઞાનીને થાય છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એક સમયમાં અનંત સાથે (છે). ગુણ ભિન્ન ભિન્ન છે પણ વેદન એકસાથે

છે. સમજાય છે કાંઈ? ધર્મ શું ચીજ છે? ભાઈ! ધર્મ પોતાનું સ્વરૂપ છે શુદ્ધ ચિદાનંદ પ્રભુ, એની શક્તિનો અંદરથી વિકાસ થવો. તો જેટલા ગુણની સંખ્યા છે તે બધાનો એક નિર્મળ અંશ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્શાંતિ એટલે ચારિત્ર, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા વગેરે બધા ગુણની પર્યાયનો એક અંશ વેદનમાં આવવો એનું નામ જ્ઞાની અને ધર્મી કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તો દ્રવ્યની .. એ તો દ્રવ્યને સિદ્ધ કરવા માટે. આ તો ગુણને સિદ્ધ કરવા છે. સમજાય છે કાંઈ? એ તો દ્રવ્ય ઝાઝા છે. અહીં તો દ્રવ્યથી પણ અનંતગુણા ગુણ છે. આહાહા..!

ભગવાન નિજ સ્વરૂપની નિધિને નિહાળીને પોતાના સ્વરૂપમાં એકાગ્ર થાય છે તો જેટલા ગુણ છે તેટલા અંશરૂપે નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, ૪૭ શક્તિ આદિ અનંત શક્તિઓ છે તે બધાનો અંશ અંદરમાં પ્રગટરૂપ થાય તેનું નામ સ્વઆત્મા અને સ્વસ્વરૂપ કહેવામાં આવે છે. અને તે જ્ઞાનીને તે જ સમયમાં બાહ્યસ્થિત, અનંત ગુણમાં જેટલા વિકૃત થવા લાયક છે,.. સમજાય છે કાંઈ? જે વિકૃત થવા લાયક છે, અનંત ગુણમાં અનંત વિકૃત થવા લાયક છે, આપણી ગણતરીમાં થોડા આવે છે. સમજાય છે કાંઈ? વિકૃત થવાની પર્યાય જે છે એ જ્ઞાનીની પર્યાયથી બાહ્યસ્થિત છે. દેવીલાલજી! આહાહા..! આ બાયડી, છોકરા, કુટુંબ ને હોળી શરીર તો ક્યાંય બાહ્યસ્થિત રહી ગયા. એ તો ક્યાંય બહાર ટકે છે. તેનાથી શું છે? સમજાય છે કાંઈ?

ધર્મીની પર્યાયમાં આ શરીર, કર્મ, સ્ત્રી, કુટુંબ, રાજ, કુટુંબ તો ક્યાંય બહાર રહી ગયા. પણ એની પર્યાયમાં બે ભાગ થઈ ગયા. આહાહા..! ભારે ઝીણું. સમજાય છે કાંઈ? અનંત ગુણના અંશ જે નિર્મળરૂપે પ્રગટ થયા તે પોતાની પર્યાય અને પોતાનું સ્વરૂપ છે. તે જ સમયે થોડો રાગ, થોડો દુઃખ, કર્તાકર્મની ક્રિયામાં ષટ્કારકરૂપ વિકૃતરૂપ પરિણમન તે જ સમયે થાય છે. એક સમયમાં. એમ અનંત ગુણમાં જેટલા વિકૃત થવા લાયક છે તે વિકૃત થાય છે તે પોતાની અવસ્થા-પર્યાયથી બાહ્યસ્થિત છે. આહાહા..! ફૂલચંદભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ તો પ્રગટ થઈ ગયા તે અભેદ જ છે. પણ એ જ પર્યાયમાં જેટલો વિકૃત ભાવ, આનંદનો અંશ જે દુઃખરૂપ છે, આનંદના અંશની સાથે દુઃખરૂપ છે. સ્થિરતાની સાથે રાગરૂપ છે, શુદ્ધ કર્તાના પરિણમન સાથે જરીક રાગનો અને વિકલ્પના કર્તા, કર્મ, સંપ્રદાન આદિનું પરિણમન છે તે બધી પર્યાયના અંશ, આત્માના અનંત (નિર્મળ) પર્યાય

સાથે તે પર્યાયના અંશ બાહ્યસ્થિત છે. તે વ્યવહાર બાહ્યસ્થિત છે, નિશ્ચય અંતરસ્થિત છે. એક સમયમાં બે છે. અમરચંદભાઈ! આહાહા..!

કહે છે આત્મસિદ્ધિમાં કે

નય નિશ્ચય એકાંતથી આમાં નથી કહેલ,
એકાંતે વ્યવહાર નહિ, બન્ને સાથ રહેલ.

એ તો વ્યવહાર અને નિશ્ચય બન્ને સાથે છે પણ અહીં તો કહે છે કે વ્યવહારનો અંશ બાહ્યસ્થિત છે. સાથે સમય-કાળ ભલે હો, પણ છે બાહ્ય. ચૈતન્ય ભગવાન અનંત ગુણનો પિંડ અંતર્મુખ થઈને, અંતર્મુખ થઈને પોતાની નિધિની પર્યાયમાં શક્તિની વ્યક્તતા જેટલી પ્રગટ થઈ છે તે જ પોતાના આત્માની પર્યાય અને આત્માનો સ્વભાવ અને આત્માનું સ્વરૂપ છે. સમજાય છે કાંઈ? વજુભાઈ! તે જ સમયમાં જેમ સ્થિરતાનો અંશ અહીંયા છે તે પોતાનું સ્વરૂપ છે. અને અસ્થિરતાનો અંશ છે તે બાહ્યસ્થિત છે. એક જ પર્યાયનો બીજો ભાગ બાહ્યસ્થિત છે. નિર્મળ છે તે અંતરસ્થિત છે, અંતર છે, અંતર છે. પેલા બાહ્ય છે. સમજાય છે કાંઈ?

આનંદ ઉત્પન્ન થયો, વસ્તુના સ્વરૂપના ભાનથી જે અતીન્દ્રિય આનંદ થયો એટલો અંશ તો પોતામાં છે, પોતાનો છે, ઈ આત્મસ્વરૂપ છે. અને જેટલું દુઃખ ઉત્પન્ન થયું એ બાહ્યસ્થિત છે, બાહ્યરૂપ છે, કુરૂપ છે, અજીવ છે, અચેતન છે, જડ છે, પર છે, પરદ્રવ્યની પર્યાય છે. આહાહા..! પરદ્રવ્યપર્યાય કીધું ને પાઠમાં? પરદ્રવ્યપર્યાય કહ્યું છે ને પાઠમાં? આહાહા..! જિનેશ્વરદાસજી! આહા..! એ.. ફૂલચંદજી! આમાં પૈસા ને દીકરો ક્યાં રહ્યું આત્મામાં? પોતામાં સ્થિત છે કે નહિ? અમારા છે કે નહિ? અમારા છે કે નહિ? અરે..! અમારા હોય ઈ જુદા પડે નહિ અને જુદા પડે ઈ અમારા નહિ. વિકારની અવસ્થા જુદી પડી જાય છે તો અમારી નથી એમ કહે છે અહીંયા તો. ધન્નાલાલજી! આહાહા..! ધન્ય થવાનો એનો સમય છે! ઓહો..! આ સમયે નહિ કરે તો કે દી કરશે? ભાઈ! અહો..! અનંત કાળે માંડ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિમાંથી નીકળ્યો. કોઈ તો એવા છે (કે) અનંત કાળમાં આવી વાત (સાંભળી નથી). પહેલા તો મનુષ્યપણું મળવું દુર્લભ, એમાં પણ નિરોગી હોવું દુર્લભ, એમાં પણ ઉત્તમ આર્ય ક્ષેત્રમાં જન્મ થવો દુર્લભ, અને એમાં પણ મોટું આયુષ્ય હોવું દુર્લભ, એમાં પણ જૈન સંપ્રદાય, વસ્તુ તત્ત્વમાં જન્મ થવો દુર્લભ, એમાં પણ જૈનનું વાસ્તવિક વીતરાગનું કહેલું તત્ત્વ સાંભળવા મળવું દુર્લભ. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માએ કહેલું તત્ત્વ છે. શું કહ્યું?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. સબ અવસર આ ગયા હૈ. સમજાય છે કાંઈ? ઈ આવે છે કે નહિ મોક્ષમાર્ગ પ્રકાશકમાં?

ભગવાન! તારી ચીજ તો જો. એકવાર હા તો પાડ ને હાલત તો બનાવ. આહાહા..! ભગવાન આત્મા એના વિકલ્પથી પણ પાર. અહો..! વિકલ્પની વૃત્તિ બાકી રહી, ઈ તો કહે છે કે એની પર્યાયથી પણ બાહ્યસ્થિત, બહાર ટકે છે, બહાર છે, પોતામાં નથી. આહાહા..! આ તે વીતરાગમાર્ગ. સમજાય છે કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વરે જોયો આત્મા, અનંત આત્માઓ, એક એક આત્માની ધર્મની સ્થિતિ આવી હોય છે.

કહે છે, ખુબી તો ઈ કરી કે એક સમયની અનંત ગુણની પર્યાય નિર્મળ તે પોતાની, એ અંતરસ્થિત, એ આત્માની અને અનંત ગુણમાં જેટલી મલિનતા એક એક ગુણની, જેટલા ગુણ છે તેટલી મલિનતાના જે અંશો છે તે બાહ્યસ્થિત છે, બહિર્ છે, બહિર્માં રહેલા છે. પોતાની જે નિર્મળ પર્યાય છે તે મલિનને અડતી નથી. આહાહા..! એની પર્યાયના બે ભાગ. બીજા ભાગને એ પર્યાય અડતી નથી. આહાહા..! દેવીલાલજી! એક પર્યાયના બે ભાગ અવસ્થાના. એક ભાગને આત્મા અડે છે, બીજા ભાગને આત્મા અડતો પણ નથી. એ.. પંડિતજી! આવી વાત છે. ઓહો..! વાત એવી છે ને, ભગવાન! વસ્તુ આવી છે. સાંભળવાનું ભાગ્ય હોવું જોઈએ. અને સાંભળવાની અંદરમાં જ્ઞાનની ક્ષયોપશમતા અને એવા શુભ વિકલ્પની યોગ્યતા હોવી જોઈએ. સમજાય છે કાંઈ? એ ચીજ... ઓહોહો..! ભારે વાત કરી.

દુઃખરૂપ પર્યાય, રાગરૂપ અવસ્થાનો અંશ તેને વર્તમાન નિર્મળ પર્યાય, પોતાની પર્યાય; દ્રવ્ય-ગુણ તો અડતા નથી પણ નિર્મળ પર્યાય મલિન અંશને અડતી નથી કેમકે એ બાહ્ય છે. સમજાય છે કાંઈ? એને આલિંગન નથી કરતી. નિર્મળ પર્યાય ધર્મની, અધર્મ જે રાગાદિ છે તેને આલિંગન કરતી જ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? અને એ વિકૃત અવસ્થા જે બાહ્યસ્થિત છે એ આત્માની પર્યાય નહિ, પરદ્રવ્યની પર્યાય છે. પર્યાયભેદ થઈ ગયો. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જેટલા આત્મામાં અનંત ગુણ છે તે બધાનો આનંદ આવે છે. એક દિવસનું બચ્ચું હોય એક સમયનું હોય તોપણ. એક દિવસનું બચ્ચું છે ને. નાનું-બાનું નથી. સમ્યગ્દૃષ્ટિનું ક્રોડ પૂર્વનું આયુષ્ય હોય અને પછી સમ્યક્ત્વ પામે. અને આઠ વર્ષે પામે. પણ એની પામવાની પર્યાયમાં જેટલી નિર્મળતા છે એટલી ક્રોડ પૂર્વનું પામે તો એને પણ પહેલા એવી છે. સમજાય છે કાંઈ? ફરીથી કહીએ છીએ. ભાઈએ પ્રશ્ન કર્યો કે આઠ વર્ષનો બાળક હોય, આત્મા તો બાળક છે નહિ, પણ બાળકની અવસ્થામાં પોતાનો આત્મા અનંત ગુણનો પિંડ છે, એનો

આશ્રય લઈને એનો જે અનુભવ થયો જેટલો આનંદ એ આઠ વર્ષના બાળકને પહેલા સમયે આવે છે તેવો, ક્રોડ પૂર્વનો મનુષ્ય હો કે અસંખ્ય અબજ વર્ષનો દેહ હોય, એનું આયુષ્ય મોટું છે, એ જે છેલ્લે અંતર્મુહૂર્તમાં જે સમકિત પામે છે તેનો આનંદ અને આનો આનંદ એકસરખો છે બધાનો. સમજાય છે કાંઈ? આહાહા..! પરની—આયુષ્યની સ્થિતિ સાથે સંબંધ શું છે?

નિજ નિધાન જ્યારે ખૂલ્યું, જ્યારે રાગની એકતા હતી ત્યારે તો નિધાનને તાળુ માર્યું હતું. સમજાય છે કાંઈ? એ તાળુ ખોલી નાખ્યું. રાગની એકતા નહિ પણ સ્વભાવ એકતા હું છું. ખુલી ગયો, ખજાનો ખુલી ગયો અંદરથી. આહાહા..! સમજાય છે કાંઈ? અહીં આવ્યું હતું ને? સ્તુતિમાં આવે છે ને? ઋષભદેવની સ્તુતિ નથી? પદ્મનંદી આચાર્યે સ્તુતિ કરી કે અહો..! ભગવાને તો ખજાનો ખોલી નાખ્યો. સંસારનો ચક્રવર્તીનો ખજાનો છોડીને આ ખજાનો લેવા કોણ તત્પર ન થાય? એમ સ્તુતિમાં પદ્મનંદી આચાર્યે કર્યો છે. અરે..! પણ વસ્તુ આટલા ક્ષેત્રમાં એમ ન સમજો. એનો ભાવ અપરિમિત એક એક શક્તિ છે. ક્ષેત્રની કોઈ કિંમત નથી. સમજાય છે કાંઈ?

સાત હાથનો દેહ હોય ને કેવળજ્ઞાન પામે અને સવા પાંચસો ધનુષનો દેહ હોય અને કેવળજ્ઞાન પામે છે. શું કેવળજ્ઞાનની પર્યાયમાં ફેર છે? સવા પાંચસો ધનુષનો દેહ બાહુબલીજીનો. સવા પાંચસો ધનુષ. એક ધનુષ ચાર હાથનું. એનું કેવળજ્ઞાન અને નાનું શરીર હોય, સાત હાથનું, એનાથી પણ નાનું શરીર હોય, એ પણ કેવળજ્ઞાન પામે છે. તો કેવળજ્ઞાનની પર્યાયમાં (શું ફેર)? વ્યંજનપર્યાય ક્ષેત્રથી બહુ નાની છે. પણ અર્થપર્યાય ભાવની તો અપરિમિતતા છે. સમજાય છે કાંઈ? તેથી વ્યંજનપર્યાય અને અર્થપર્યાયને ભિન્ન ભિન્ન બતાવી છે. આહાહા..! સમજાય છે કાંઈ આમાં? ભગવાનજીભાઈ! આહાહા..!

કહે છે કે કેવળજ્ઞાનની એક સમયની પર્યાય, ક્ષેત્રમાં નાનું શરીર હોય, નાનું કહીએ છીએ, હોં! સાત હાથનું તો મોટું કહેવાય, એનાથી નાનામાં પણ કેવળજ્ઞાન થાય છે. અને સવા પાંચસો ધનુષનો દેહ હોય. કેવળજ્ઞાનની પર્યાય, દર્શનની, આનંદની પરિપૂર્ણ પર્યાયમાં બિલકુલ ઓછપ નથી. મોટું ક્ષેત્ર છે એટલે એના પર્યાયનું બહુ સામર્થ્ય છે અને નાનું શરીર અને નાની વ્યંજનપર્યાય છે એટલે અલ્પ સામર્થ્ય છે એમ નથી. ક્ષેત્રની અપેક્ષા નથી. એના ભાવની કિંમત ભાવમાં છે.

કહે છે કે જે જ્ઞાની.. આહાહા..! ધર્મી ચોથા ગુણસ્થાનવાળો ચાહે તો સર્વાર્થસિદ્ધનો ક્ષાયિક સમકિતી જીવ હો, ચાહે તો ક્ષયોપશમ સમકિતી તિર્યંચ હો, સમજાય છે કાંઈ? તો કહે છે કે, સ્વયં, એ ધર્મી પોતાથી બાહ્યસ્થિત. સમજાય છે કાંઈ? એ બાહ્યસ્થિત. વિકલ્પાદિ,

રાગાદિ, દુઃખ આદિની સ્થિતિ બાહ્યસ્થિત છે. ઓહો..! કેટલું સ્પષ્ટ કરે છે! નિશ્ચય અને વ્યવહાર બેય. નિશ્ચયની સાથે વ્યવહાર બાહ્ય છે. બાહ્ય માર્ગ મોક્ષનો રાગ અને અંતર માર્ગ નિરાગ બેય એકસાથે હોવા છતાં ભિન્ન છે. એકસાથે છે. વ્યવહાર પહેલા અને નિશ્ચય પછી એવી વસ્તુની સ્થિતિ નથી. આહાહા..! ભારે ઝીણી વાત. એક સમયની પર્યાય કોને કહે? એક આંખ મીંચીને ઉઘાડે એમાં અસંખ્ય સમય જાય. અસંખ્ય સમય. એમાંનો એક સમય. સમજાય છે કાંઈ?

એક સમયની પર્યાય જે નિર્મળ અંશ છે ઈ પોતાનો અને બાહ્યસ્થિત રાગાદિ છે તે બાહ્યમાં છે. આહાહા..! વેદાંતવાળાને એક જ દ્રવ્ય માનવાવાળાને એમ લાગે આ બધા ધર્મ...? ભાઈ! વસ્તુ આવી છે. સમજાય છે કાંઈ? એટલે અહીંયા સ્પષ્ટ કરે છે. લગાવે છે ને કોઈ? હું એમ માનવું એ ખંડ ખંડ આત્મા થઈ જાય છે. એમ કહે છે. અને હું નથી, તો અદ્વૈત થઈ જાય છે, અભેદ થઈ જાય છે. હું એટલે અહીંયાં હું. હું નથી. હું છું. અહં આવ્યું ને ૭૩ ગાથામાં? હું છું. હુંપણું પૂર્ણ અસ્તિત્વ બતાવે છે. હું છું એમ બતાવે ઈ ખંડ ખંડ નહિ. હું એકલો તો ભિન્ન પડી જાય છે, ખંડ પડી જાય છે. હું નથી, બધા (એક છે). એમ વાત જ નથી. સમજાય છે કાંઈ? આજે જ લેખ આવ્યો છે. લોકોને કાંઈ ભાન ન મળે. રજનીશનું. ... શું કરે છે લોકોને ખબર નથી.

ભાઈ! પ્રભુ! પોતે અસ્તિત્વ, આત્માનું એક સમયનું અસ્તિત્વ પૂર્ણ હું હું છું. વિકલ્પ નહિ. પણ પોતાનું અસ્તિત્વ પૂર્ણ પોતામાં છે. સમજાય છે કાંઈ? પૂર્ણ અસ્તિત્વ છે એટલું. હવે પૂર્ણ અસ્તિત્વ છે તો પોતામાં જ છે, પરથી એમાં કંઈ છે એમ નથી.

કહે છે કે, બાહ્ય રહેવાવાળા. ઓહો..! એ રાગાદિ વિકલ્પ, દયા, દાનનો, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, એને જ્ઞાની સ્પર્શતા નથી, અડતો નથી, બેને એક કરતો નથી, ભિન્ન રાખીને તેને બાહ્ય રાખે છે. તેને પોતામાં રહીને બાહ્યનું જ્ઞાન કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ? સૂક્ષ્મ પડે, થોડું સમજવું. ધીમેથી સમજવું. રાત્રે પ્રશ્ન કરવા, ન સમજાય તો. આ તો સૂક્ષ્મ વાત છે, ભાઈ!

કર્તાકર્મ. પોતામાં વિકલ્પ ઉઠ્યો તો પોતાનું કાર્ય છે? ના. અજ્ઞાનીએ રાગ અને વિકલ્પને પોતાનો માની રાખ્યો હતો તેનું એ કાર્ય અને તેને એ કરવાવાળો છે. પણ રાગથી પૃથક્ થઈને નિજાત્માનું ભાન થયું તો રાગ જ્ઞાનીનું કાર્ય છે અને આત્મા કર્તા છે એમ ત્રણ કાળમાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ? કેટલી વાત કરે છે! એને સમજવું પડશે કે નહિ? એમ ને એમ માની લે કે અમે ધર્મી છીએ, અમે ધર્મ કરીએ છીએ. પણ ધર્મની વ્યાખ્યા શું અને ધર્મનું સ્વરૂપ શું એની તો ખબર નથી. ધીરુભાઈ! એમ તો બધા કહે છે કે અમે ધર્મી

છીએ. શું ધૂળમાં ધર્મ છે? પાંચ-પચાસ લાખની મુડી હોય અને બે લાખ ખર્ચી નાખ્યા તો ધર્મ થયો. ધૂળમાંય ધર્મ નથી. સાંભળને! પૈસા ક્યાં તારા બાપના હતા? બાપના નહિ પણ તારા ક્યાં હતા? શું કહે છે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નાહી-ધોઈને, કપડા સૂકવી નાખ્યા, રોટલી ખાઈ લીધી, ધર્મ થઈ ગયો. ધૂળમાંય ધર્મ નથી, સાંભળને! મિથ્યાત્વ થયું છે. હું રોટલી ખાઉં છું અને નાહીને ખાધી ને એ મારી ક્રિયા છે, એ માન્યતાવાળા મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની મૂઢ છે. સમજાય છે કાંઈ? કપડા છોડીને દેરાસરમાં જવું, જંગલમાં ગયેલા કપડા કાઢી નાખવા, પછી દેરાસરમાં પેસવું, એ કપડા છોડીને દેરાસરમાં પેસવું, બહુ ધર્મ થઈ ગયો.

મુમુક્ષુ :- થોડો ઘણો થતો હશે.

ઉત્તર :- મોટું પાપ છે. મિથ્યાત્વનું પાપ લાગે છે. જ્યાં રાગની ક્રિયા પોતાની નથી, દેહની ક્રિયા પોતાની નથી, એ રાગનો ત્યાગ પોતામાં નથી તો પરનો મેં ત્યાગ કર્યો એમ માને છે એ મિથ્યાત્વનું પોષણ કરે છે. હું પરને છોડું છું જે એમ માને છે તો એની દૃષ્ટિ પર ઉપર છે. પોતા ઉપર દૃષ્ટિ હોય તો રાગને છોડું છું એ પણ પોતામાં નથી. સમજાય છે કાંઈ? એ રાગ આવ્યો તેનું જ્ઞાન કરે છે એ તો અહીં બતાવે છે. છોડવું-બોડવું શું છે? સમજાય છે કાંઈ? નેમચંદભાઈ! ભારે વાત ભાઈ! પૂર્વના આગ્રહી હોય એને આ સાંભળતા એમ થાય, આહાહા..! પહેલા ફતેહચંદજી એમ કહેતા હતા ને, વ્યવહારનો લોપ કરી નાખે છે. કોઈપણ કહે. કોઈ બીજા કહેતા હતા એમ તમે કહ્યું હતું. અમને ખબર છે, તમે નથી કહ્યું. અને કહ્યું હોય તોપણ વાંધો નથી. એમાં શું છે? સમજાય છે કાંઈ?

અહીં તો વ્યવહાર જ નથી પછી લોપ કરવાનો ક્યાં રહ્યો? આહાહા..! પોતામાં છે જ નહિ પછી લોપ-વ્યય કરવો ક્યાં રહ્યો? એમ કહે છે અહીંયા. આહાહા..! એઈ..! દેવીલાલજી! ભગવાન! તારી ચૈતન્યની લીલા એવી છે. સમજાય છે કાંઈ? બહુ સમાવ્યું છે આટલા શબ્દોમાં. એઈ..! વજુભાઈ! અકળ લીલા છે. કળી શકાય એવી લીલા છે પણ અકળ કહેવામાં આવે છે.

કહે છે, ધર્મીજીવ પોતાની નિર્મળ અનંતી પર્યાય જે પ્રગટ થઈ, જેટલા ગુણ છે તેટલી પર્યાય નિર્મળ થઈ તે પોતાની. તેનાથી બાહ્ય જેટલી રહી તે બાહ્ય. વ્યવહાર બાહ્ય રહ્યો. અંતરમાં આ નિશ્ચય છે, એ વ્યવહાર બહાર રહ્યો. અને વ્યવહાર મારો છે એમ માનવાવાળો છે મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. અને એ વ્યવહાર મારે કરવો પડે, મારી ફરજ છે. સમજાય છે? આવો વ્યવહાર તો કરવો પડે ને? ભાઈ! મૂઢ છે એમ કહે છે. વ્યવહારનું કાર્ય પોતાનું માન્યું અને પોતાને કર્તા માન્યો એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે, જૈન નથી. આત્મા નથી એમ કહે

છે. એ આત્મા નહિ, એ અનાત્મા છે. આહાહા..! બ્રહ્મચારીજી! કડક વાત છે. આહાહા..! કહ્યું ને? બાહ્યસ્થિત એ અનાત્મા છે. અનાત્માનું કાર્ય મારું માન્યું એ અનાત્મા જ છે.

'**પરદ્રવ્યના પરિણામમાં...**' હવે ઈ કહ્યું. બાહ્યસ્થિત એવી અનંતી પર્યાયમાં જેટલી પર્યાય વિકૃતરૂપ અનંત ગુણમાંથી અનંતી થાય એ બધી બાહ્યસ્થિત પરદ્રવ્યના પરિણામ છે. એ પુદ્ગલ જડની પર્યાય છે. ભગવાન ચૈતન્યની અવસ્થા નહિ. આહાહા..! ભારે વાત ભાઈ! '**પરદ્રવ્યના પરિણામમાં...**' પાઠમાં પરદ્રવ્યની પર્યાય લીધી છે. પણ આચાર્યે સ્પષ્ટ કરવા માટે એના પરિણામ લીધા છે. પરદ્રવ્યના પરિણામ. પાઠમાં તો પરદ્રવ્યપર્યાય. કુંદકુંદાચાર્યનો પાઠ-શબ્દ એવો છે. કહે છે કે એ પરદ્રવ્યના પરિણામ છે. દયા, દાન, વ્રત, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ આદિના વિકલ્પ એ પરદ્રવ્ય છે, જડ છે, આત્મા નહિ. આહાહા..! સાંભળ્યું ન હોય. સાંભળે તો અંદર (રાડ નાખી જાય). અહીં તો હજી ભક્તિથી સમ્યગ્દર્શન થાય, નિદ્ધત નિકાચિત તૂટે એમ આવે છે. ભગવાન જિનબિંબના.. સમજ્યા? જિનબિંબના દર્શનથી.. ધવલમાં એમ આવે છે, જિનબિંબના દર્શનથી.. શું કહે છે? નિદ્ધત નિકાચિત મિથ્યાત્વનો નાશ થાય છે. એ વીતરાગ કોણ? આત્મા. જિનબિંબ ભગવાન ચિદાનંદમૂર્તિના દર્શનથી મિથ્યાત્વનો નાશ થાય છે એ નિમિત્તથી કથન કરવામાં આવ્યું છે. આહાહા..! બહુ ચર્ચા થઈ છે. પેલા માને નહિ, શાસ્ત્રમાં આમ લખ્યું છે. અમને તો આગમની શ્રદ્ધા છે એમ કરીને લખે છે. અમારે તો આગમની શ્રદ્ધા છે. તમે આગમના અર્થ બીજા કરી નાખો ઈ અમને માન્ય નથી. લખ્યું છે એમાં, લખ્યું છે એમાં. અમને તો આગમની શ્રદ્ધા છે. તમને આગમ બતાવ્યા, તમે ન માનો તો અમે શું કરીએ? અમને તો આગમનો વિશ્વાસ છે. પણ આગમ શું કહે છે, તને ખબર વિના આગમનો વિશ્વાસ ક્યાંથી આવ્યો? કઈ નયનું વાક્ય છે, કઈ રીતે કહે છે, કઈ અપેક્ષાથી કહે છે, એમ એક એક ગાથામાં નયાર્થ, ભાવાર્થ, આગમાર્થ.. સમજ્યા? અને અન્યાર્થ શું કહે છે એ સમજ્યા વિના તમે તમારી કલ્પનાથી અર્થ કરો એમ ચાલે નહિ. સમજાય છે કાંઈ?

અહીં કહે છે, '**પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને,...**' કોણ? જ્ઞાની-ધર્મી. એ રાગ ને વિકલ્પ ને દુઃખની પર્યાયમાં, વ્યવહારની પર્યાયમાં ધર્મી અંતર્વ્યાપક થઈને-અંદરમાં પેસીને '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી,...**' એ વ્યવહારને ગ્રહતો નથી, એમ કહે છે. આહાહા..! વ્યવહાર પરદ્રવ્યની પર્યાય. આ વ્યવહાર ક્યો? જે ભગવાને કહ્યો દયા, દાન, વ્રતાદિના વિકલ્પ ગુણસ્થાનદીઠ કહ્યો ઈ. તમારા આ વ્યવહાર નહિ-બાયડી, છોકરાને પરણાવવા અને વેપાર કરવા. સમજાય છે કાંઈ? એ વ્યવહારમાં '**આદિ-મધ્ય-અંતમાં...**' શું કહે છે? કે શરૂઆતમાં રાગાદિમાં થોડો આત્મા તો સાથે છે કે નહિ? જે રાગ થયો,

દયા, દાનનો વિકલ્પ થયો એમાં આદિમાં થોડો આત્મા છે કે નહિ? આદિમાં-શરૂઆતમાં. પછી ભલે પુદ્ગલ રહ્યું. નહિ. વ્યવહારના વિકલ્પની મલિન દશામાં આદિમાં-શરૂઆતમાં આત્મા ત્રણ કાળમાં નથી. અને મધ્યમાં અંતમાં બેય એક સમયે છે, સમય તો એક જ છે. આદિમાં, અંતમાં, મધ્યમાં વ્યાપીને. એ વ્યવહાર વિકલ્પ જે દયા, દાન, વ્રતાદિનો વિકલ્પ વ્યવહારરત્નત્રયનો શુભજોગ છે, એમાં જ્ઞાની આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, પ્રસરીને તેને ગ્રહતો નથી. તેને પ્રાપ્ત નથી કરતો. તેને પ્રાપ્ય કરતો નથી. પ્રાપ્ય નામ એ પર્યાય ધ્રુવ જડની છે તેને ગ્રહતો નથી. આહાહા..! ભારે વાત ભાઈ!

વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ભાવને ધર્મી ગ્રહતો નથી. કરતો તો નથી પણ પોતામાં છે એમ માનતો નથી. ત્યારે કર્તા નથી એમ થયું ને. આહાહા..! ભારે વાત ભાઈ! પોતાની દૃષ્ટિ જ્યાં પોતામાં પડી છે ત્યાં પોતાથી ભિન્ન વિકલ્પને અડે કોણ? જોવે કોણ? કહે છે. અહીં તો કહ્યું છે, જાણે છે. એ તો પોતાનું સ્વનું જ્ઞાન થયું તો એવું જ પરનું જ્ઞાન એ જ સમયે પરની અપેક્ષા રાખ્યા વિના પોતામાં સ્વપરપ્રકાશની જ્ઞાનપર્યાય થાય છે તો પરને જાણે છે એમ કહેવામાં આવ્યું છે.

ધાર તરવારની સોહ્યલી દોહ્યલી ચૌદમા જિનતણી ચરણસેવા,
ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના ધાર પર રહે ન દેવા.

એવી શક્તિ ભગવાન આત્માની એની જેણે સેવા કરી, આત્માની સેવા, એની પર્યાયમાં નિર્મળતા (પ્રગટ થઈ) તો મલિનતાની પર્યાયમાં એ પર્યાય વ્યાપતી નથી, પ્રસરતી નથી. નિર્મળ પર્યાય ત્યાં એને અડતી નથી, ગ્રહણ કરતી નથી. તે રૂપ પરિણમતો નથી. વ્યવહારનું પરિણમન જ આત્માનું નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? વિકલ્પ જે શુભજોગ છે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો, ભકિત, પૂજા આદિનો ભાવ તે રૂપે આત્મા પરિણમતો નથી, એ રૂપે આત્મા થતો જ નથી. થતો નથીનો અર્થ તે રૂપે ધર્મીનું પરિણમન થતું જ નથી. એ રૂપ હું પરિણમું છું એવી માન્યતા મિથ્યાદષ્ટિની છે. સમજાય છે કાંઈ? નેમચંદભાઈ! ભારે આકરું. રાડ નાખે ત્યાં ઓલા સાંભળે ત્યાં. ... ભગવાન! એણે વાત સાંભળી નથી, ભાઈ! તારા નિજઘરની વાત શું છે અને કઈ રીતે પ્રાપ્ત થાય એ વિધિની-રીતની ખબર નથી. સમજાય છે કાંઈ?

કહે છે, બાહ્યસ્થિત, બાહ્યમાં પરિણમતો નથી. બાહ્યમાં કેમ પરિણમે? ઓહોહો..! પર્યાયનું પરિણમન એનું તો પરિણમન એનું નહિ. પરિણમન એનું તો પરિણમન એનું નહિ. શુદ્ધરૂપ પરિણમન પોતાનું. અશુદ્ધરૂપ પરિણમન પોતાનું નહિ. અશુદ્ધરૂપ આત્મા પરિણમતો જ નથી. કેમકે પરદ્રવ્યની પર્યાય છે '**અને તે-રૂપે ઊપજતો નથી;...**' રાગ ને દુઃખની પર્યાયમાં

આત્મા ઉત્પન્ન થતો નથી. કેમ કે આત્મામાં આનંદ છે. એ આનંદ દુઃખમાં કઈ રીતે ઉત્પન્ન થાય? સમજાય છે કાંઈ? બહુ સૂક્ષ્મ વાત. ભગવાન અતીન્દ્રિય આનંદની મૂર્તિ આત્મા છે એમ જ્યાં ભાન થયું તો અતીન્દ્રિય આનંદની પર્યાયમાં ઉત્પન્ન થાય કે દુઃખમાં ઉત્પન્ન થાય? ધર્મીનો ઉત્પાદ છે એ તો આનંદનો છે. શું દુઃખનો ઉત્પાદ છે? સમજાય છે કાંઈ? ધર્મીનો ઉત્પાદ જે છે, ઉત્પન્ન છે એ તો વીતરાગી પર્યાયનો ઉત્પાદ છે. શું રાગની પર્યાયનો ઉત્પાદ છે? આહાહા..! ચોથે ગુણસ્થાનથી, હોં! સમજાય છે કાંઈ? .. વીતરાગનું કહ્યું હતું ને? દીપચંદજી, આત્માવલોકન. આત્માવલોકનમાં એણે ... છે. જુઓ! ઈ આવ્યું. જુઓ! છઠ્ઠા પાને છે.

**वियरायं वियरायं, जियस्स णिय ससरूओ वियरायं।**
**मुहु मुहु गणदि वियरायं सो गुरुपयं भासदि सया।।२।।**

'**અર્થ :- જીવનું નિજ સ્વરૂપ જે છે તે વીતરાગ છે એમ વારંવાર કહે તે જ ગુરુપદવીએ સદા શોભે છે,...**' શ્લોક છે, હોં! શ્લોક પહેલા બોલ્યા. દીપચંદજી સાધર્મી ગૃહસ્થાશ્રમમાં આત્મા છે ને. સમજાય છે કાંઈ? ચાહે તો દેડકાના આત્માનું સમ્યગ્દર્શન અને સિદ્ધનું સમ્યગ્દર્શન, બેય એકસરખા છે. સમકિતમાં ફેર નથી. આહાહા..! સમજાય છે કાંઈ? વિષયમાં દ્રવ્ય અખંડ છે, સમ્યગ્દર્શનના વિષયમાં. આને પણ સમ્યગ્દર્શનના વિષયમાં અખંડ દ્રવ્ય છે. આહા..!

કહે છે, જુઓ ભાષા!

**वीतरागं वीतरागं जीवस्य निजस्वरूपो वीतरागं मुहुर्मुहुर्गुणनाति**
**पुरुष गुरुपदं स्थानं भासति शोभते कथयति स सदा।।**

જે ગુરુ રાગથી ધર્મ મનાવે છે, પરની ભક્તિથી ધર્મ મનાવે છે, પુણ્યથી ધર્મ મનાવે છે એ જૈનના ગુરુ નહિ, એ ગુરુપદવીએ શોભતા નથી. એ કુગુરુ છે એમ કહે છે. સમજાય છે કાંઈ? આ શ્લોક છે દીપચંદજીનો. આત્માવલોકન છે એનો શ્લોક છે, બીજો શ્લોક છે. વિમલચંદજી! શું છે જુઓ!

મુમુક્ષુ :- ક્યાંથી છપાણું છે?

ઉત્તર :- સોનગઢથી નથી છપાણું. કોઈ એમ કહે કે આ સોનગઢથી છપાયું છે. પ્રકાશક– ... શેઠ હીરાલાલ પાટની, મારોઠ. મારોઠ શબ્દ છે. મેરઠને બદલે મારોઠ. સંવત-૨૪૭૪ લખ્યું છે. સમજાય છે કાંઈ?

આત્માનું સ્વરૂપ જ વીતરાગ વિજ્ઞાનઘન છે અને એની ધર્મની પર્યાય પ્રગટ થાય એ પણ વીતરાગ વિજ્ઞાનઘન છે અને ફળ પૂર્ણ કેવળજ્ઞાન થાય એ પણ વીતરાગ વિજ્ઞાનઘન

છે. ત્રણે વસ્તુ એકસરખી છે. ચીમનભાઈ! આહાહા..! જે કોઈ ધર્મના પંથમાં રાગરહિત વીતરાગ સ્વરૂપ કહે, વીતરાગ ધર્મપર્યાય વીતરાગી તે ધર્મ છે અને વીતરાગી પૂર્ણતા તેનું ફળ છે અને આત્મા વીતરાગ વિજ્ઞાનઘન છે. એમ કહે તે વીતરાગના જૈનદર્શનમાં ગુરુ કહેવામાં આવે છે. તો ગુરુની પદવી શોભે છે, નહિતર અશોભા છે એની, એમ કહે છે. સમજાય છે કાંઈ?

અહીંયા ઈ કહે છે, જુઓ! ધર્મીજીવ વીતરાગી પર્યાયમાં પ્રવેશ કરે છે. રાગની પર્યાયમાં પ્રવેશ છે જ નહિ. ગ્રહણ કરતો નથી, પરિણમતો નથી અને તેને એ ઉત્પન્ન કરતો નથી. આહાહા..! બે વાત થઈ ને. એક તો ગોમ્મટસારમાં એમ આવે કે આઠ કર્મથી... જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાય. એક વાત. અહીં આ આવે કે પુદ્ગલકર્મની રાગની પર્યાય. તો બધું લઈ લીધું કર્મને કારણે વિકાર છે. એમ છે જ નહિ. અહીંયા તો બીજી વાત કરે છે. સમજાય છે કાંઈ? ગોમ્મટસારમાં એમ આવે કે જ્ઞાનાવરણીય.. શું કહે છે? જ્ઞાનાવરણીયનો અર્થ કરો. જ્ઞાનને આવરણ કરે તે જ્ઞાનાવરણીય. ત્યાં એમ આવ્યું, અહીંયા આમ આવ્યું કે જેટલી રાગાદિ પર્યાય છે તે કર્મની જડની છે, આત્માની નહિ. એટલે પકડી લીધું, ભાઈ! વિકાર થાય છે એ કર્મથી થાય છે. અમે કહીએ છીએ, સોનગઢવાળા ના પાડે છે. ઈ બીજી વાત છે. ગોમ્મટસારમાં તો પોતાની પર્યાય પોતાથી હિણી થાય છે તો નિમિત્ત કોણ હતું? એ જ્ઞાનાવરણીયનું નિમિત્ત છે એમ બતાવ્યું. અને અહીંયા દ્રવ્યસ્વભાવમાં વિકાર થવાની લાયકાત નથી તો દ્રવ્યસ્વભાવની જ્યાં દૃષ્ટિ થઈ તો પોતાથી સ્વભાવ નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય છે. મલિનતાનો જ્ઞાતા થઈને મલિનતાને પરમાં નાખી દીધી છે. સમજાય છે કાંઈ?

ન્યાં ઈ કહેતા હતા, મેં ત્રણ વાર સમયસાર જોયું. સોનગઢથી આવ્યા પછી. નક્કી કર્યું કે આત્મામાં વિકાર થાય છે એ કર્મથી થાય છે. નવું શું તેં કર્યું? ભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પણ એમ છે ને. જ્યાં સુધી પર્યાયદૃષ્ટિ હતી ત્યાં સુધી વિકાર કરવાની પોતાની યોગ્યતાથી પોતાથી વિકાર થાય છે. કર્મ નિમિત્ત છે. દ્રવ્યદૃષ્ટિ થઈ તો વિકાર પોતાની પર્યાયમાંથી ઉત્પન્ન થાય, દ્રવ્યની ખાણમાં તો છે નહિ. વસ્તુનું જ્યાં ભાન થયું તો નિર્મળ પર્યાયનો કર્તા છે, વિકૃતનો કર્તા પરમાં નાખીને તેનો જ્ઞાતા થઈ ગયો. પંડિતજી! બે ઠેકાણે આવા અર્થ આવ્યા. જુઓ! અહીંયા પહેલા ૭૫માં આવી ગયું. ઘડામાં જેમ માટી વ્યાપે છે એમ વિકારમાં કર્મ વ્યાપે છે. એમ આવી ગયું. જુઓ! અહીંયા પણ આવ્યું, માટી ઘડામાં વ્યાપે છે, એમ કર્મ વિકારની પર્યાયમાં વ્યાપે છે. ધર્મી એમાં વ્યાપતો નથી. એમ કહ્યું. પણ કઈ અપેક્ષાથી કહ્યું છે?

મુમુક્ષુ :- કર્મનું બળ..

ઉત્તર :- કર્મનું બળ-ફળ કંઈ નથી. સમજાય છે કાંઈ? અંદરમાં નથી તો રાગનું ઉત્પન્ન થવું. સ્વદ્રવ્યની પર્યાય નથી. એ પરદ્રવ્યની પર્યાયનો તે જ સમયે, તે જ રાગનો, તે પ્રકારનું જ્ઞાન થવાની તેની પર્યાયનું કાર્ય છે. જ્ઞાતાનું કાર્ય તે સમયે જ્ઞાન થવાનું કાર્ય છે. એમ બતાવવા રાગને પરમાં નાખ્યો છે. ભારે ઝીણી વાત. કેટલી યાદ રાખવી આમાં. વાતે વાતે ફેર.

કહે છે, '**તે-રૂપે ઊપજતો નથી;...**' રાગ ને પુણ્યના વિકલ્પરૂપે ધર્મી ઉત્પન્ન થતો નથી, એમાં વિકારમાં ઊપજતો નથી. કેમકે બાહ્યસ્થિત છે. '**માટે,...**' આ કારણે '**જોકે જ્ઞાની...**' જોકે ધર્મી. હું જ્ઞાતા-દૃષ્ટા આનંદ છું એવા ભાનવાળો ધર્મી '**પુદ્ગલકર્મને જાણે છે...**' લ્યો. જાણે છે, વ્યવહાર બાહ્યસ્થિતને જાણે છે. પોતાનું સ્વપરપ્રકાશક જ્ઞાન છે તો સ્વનું જ્ઞાન અને પરનું જ્ઞાન જાણે છે. આહાહા..! ભારે વાત ભાઈ! કાલે કહ્યું હતું ફૂલચંદભાઈએ નીકળીને, અપૂર્વ વાત નીકળે છે. કાલે કહ્યું હતું ને? નહિ? બુદ્ધિવાળા માણસ છે. સાંભળીને કહે, ઓહોહો..! ધર્મનો માર્ગ ચાલે છે. પ્રેમચંદભાઈ! આ તમારા કાકા કાલે કહેતા હતા. ખુશી બતાવતા હતા. બહાર નીકળતા હતા ને. આહાહા..!

અહીં તો ભગવાનની મહિમા, એની નિર્મળ પર્યાયની મહિમા છે. વ્યવહારની મહિમા આત્મામાં નથી. જે કોઈ વ્યવહારની મહિમા કરે છે તે ચૈતન્યની મહિમા છોડી દે છે. અને જે કોઈ ચૈતન્યની મહિમા કરે તે રાગની મહિમા છોડી દે છે. સમજાય છે કાંઈ?

એ '**પુદ્ગલકર્મને જાણે છે...**' જાણો. જાણવું તો સ્વપરપ્રકાશક જ્ઞાનની પર્યાય છે. '**જોકે...**' તોપણ. જાણતો થકો, જ્ઞાનનું કાર્ય કરતો ધર્મી '**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ,...**' ઓહોહો..! પુણ્ય-પાપના વિકલ્પ, દુઃખ આદિની પર્યાય, વ્યવહારનો શુભરાગ એ પ્રાપ્ય નામ થવાનો હતો તેને પુદ્ગલ પ્રાપ્ત કરે છે, પુદ્ગલ પરિણમે છે, પુદ્ગલ ઊપજે છે એવું વ્યાપ્યલક્ષણવાળું. જેની અવસ્થા છે તેવું વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ. એ પરદ્રવ્યપરિણામસ્વરૂપ કાર્ય. '**તેને નહિ કરતા...**' તેને જ્ઞાની કરતો નથી. આહાહા..! '**તેને નહિ કરતા એવા તે જ્ઞાનીને પુદ્ગલ સાથે કર્તાકર્મભાવ નથી.**' આહાહા..! રાગ એનું કાર્ય અને આત્મા એનો કર્તા એમ ધર્મની દૃષ્ટિમાં નથી. ત્યારે એની દૃષ્ટિ ધર્મી થઈ અને ત્યારે નિર્મળતા પ્રગટ થઈ તેમાં રાગ આવ્યો તેને જાણનાર રહે છે. જુઓ! બારમી ગાથામાં કહ્યું કે વ્યવહાર તદાત્વે જાણેલો પ્રયોજનવાન છે. એ બધે ઠેકાણે એક જ પદ્ધતિ લે છે. ૧૧મી ગાથામાં કહ્યું હતું, '**વવહારોऽભૂદત્થો**' ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. તો કંઈક રાગાદિ બાકી રહ્યો ને? તો એને જાણે છે. ૧૨મી ગાથામાં શરૂ કર્યું. એનું સ્પષ્ટીકરણ એક એક ગાથામાં એમ લે

છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- કરેલો પ્રયોજનવાન..

ઉત્તર :- કરેલો પ્રયોજનવાન છે જ નહિ. જાણેલો પ્રયોજનવાન છે. ૭૬ ગાથા પૂરી થઈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ-૧૪, બુધવાર તા. ૭-૮-૧૯૬૮**
**ગાથા-૭૬, ૭૭ પ્રવચન-૫૯૧**

૭૬ ગાથાનો ભાવાર્થ. કર્તાકર્મ અધિકાર છે તો કહે છે કે જીવ પુદ્‌ગલકર્મને જાણે છે. જાણવામાત્રથી પરનું કાર્ય થઈ જાય છે એમ નથી, એમ કહે છે. ભગવાન આત્માનો સ્વભાવ તો જાણવાનો છે. એ સ્વભાવ ક્યાં જાય? કેવળજ્ઞાન હોય તોપણ જાણે છે. અહીંયા પહેલેથી જ સમ્યગ્દૃષ્ટિ-ધર્મી પોતાનું નિજ સ્વરૂપ જ્ઞાયક ચિદાનંદ સ્વપરપ્રકારશકની મૂર્તિ છે એવી દૃષ્ટિ ધર્મીની થઈ છે તેથી પુદ્‌ગલને, પુદ્‌ગલકાર્યને જાણે છે. પુદ્‌ગલકાર્ય અર્થાત્ પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, શરીરપર્યાય એ બધું પુદ્‌ગલકર્મ છે. સમજાય છે કાંઈ? પોતાના જ્ઞાયકસ્વભાવથી વિરુદ્ધ, જેમાં જ્ઞાયકપ્રકાશનું અંશ કિરણ નથી, એવા પુણ્ય-પાપ, વ્યવહારરત્નત્રયનનો રાગ, શરીર, વાણી, કર્મ એ બધાને અહીંયા અજ્ઞાનમાં નાખીને પુદ્‌ગલના પરિણામ એને કહેવામાં આવ્યા છે.

'**ભાવાર્થ :- જીવ પુદ્‌ગલકર્મને જાણે છે તોપણ...**' જાણવામાત્રથી '**તેને પુદ્‌ગલ સાથે કર્તાકર્મપણું નથી.**' જાણવાથી કંઈ કર્તાકર્મપણું (નથી). આત્મા કર્તા અને પુણ્ય-પાપના ભાવ કાર્ય, કે શરીરની ક્રિયા, વાણીની ક્રિયા એનું કાર્ય એમ નથી બનતું. સમજાય છે કાંઈ?

હવે '**સામાન્યપણે કર્તાનું કર્મ ત્રણ પ્રકારનું કહેવામાં આવે છે...**' આમ તો જેટલી પર્યાય તે કર્તાનું કાર્ય. દરેક પદાર્થની જેટલી પર્યાય છે તે કર્તા અને તેનું તે કાર્ય. પણ સંક્ષેપમાં એણે ત્રણ પ્રકારનું કહેવામાં આવ્યું છે. '**સામાન્યપણે કર્તાનું કર્મ...**' કરવાવાળાનું કાર્ય, કરવાવાળાની અવસ્થા ત્રણ પ્રકારમાં સમાઈ જાય છે. એક, '**નિર્વર્ત્ય, વિકાર્ય અને પ્રાપ્ય.**' પાઠમાં છે, '**ण वि परिणमदि**' વિકાર્ય. '**ण गिण्हदि**' એ પ્રાપ્ય છે. '**उप्पज्जदि**' એ નિર્વર્ત્ય છે. મૂળ પાઠ. અને અર્થમાં ટીકામાં પહેલા '**ण गिण्हदि**' પ્રાપ્ય છે, પછી '**ण वि परिणमदि**' વિકાર્ય છે, અને '**ण उप्पज्जदि**' નિર્વર્ત્ય છે ટીકામાં. અને અહીંયા પહેલા નિર્વર્ત્ય છે, જે ત્યાં છેલ્લે હતું. પછી વિકાર્ય છે જે ત્યાં પહેલા હતું, પછી વચ્ચે હતું એ પ્રાપ્ય અહીંયા (છેલ્લે) છે. સમજાય છે કાંઈ? આ શબ્દ આડાઅવળા આઘાપાછા કેમ છે એની વ્યાખ્યા કરી. સીધો ભાષાનો અર્થ નથી. સમજાય છે કાંઈ?

'**ण वि परिणमदि**' એ વિકાર્ય છે. '**ण गिण्हदि**' એ પ્રાપ્ય છે. વિકાર્યમાં તો પલટીને થવું તેનું નામ વિકાર્ય અને છે તેને ગ્રહણ કરવું તેનું નામ પ્રાપ્ય અને અવસ્થાપણે ઊપજવું તેનું નામ નિર્વર્ત્ય, નિર્વર્ત્ય. ભાષા પણ ... ટીકામાં લીધું છે એના કરતાં અહીંયા ભાવાર્થમાં

બીજી રીતે લીધું છે. એનું કારણ પંડિતજી બતાવે છે કે પહેલા પ્રાપ્ય ન લેવું, નિર્વર્ત્યમાં રચના કરવું છે, વિકાર્યમાં પલટવું છે અને ન રચવું અને ન પલટવું તે પ્રાપ્ય છે. માટે તે અપેક્ષાથી લીધું છે. સમજાય છે કાંઈ? સમજાણું કે નહિ? ધન્નાલાલજી!

સામાન્યપણે સંક્ષેપમાં ત્રણ પ્રકારના કાર્ય ગણવામાં આવ્યા છે. વિશેષપણે તો પ્રત્યેક પર્યાયનું કાર્ય છે અને પોતાનો આત્મા કર્તા છે. પરમાણુમાં પણ પ્રત્યેક પર્યાય તેનું કાર્ય છે, પરમાણુ કર્તા છે. સમજાય છે કાંઈ? પણ સંક્ષેપમાં ત્રણમાં સમાવેશ કરે છે તો બધાનો એમાં સમાવેશ થઈ જાય છે. તો કહે છે કે.. હવે નિર્વર્ત્યનો અર્થ કરે છે. '**કર્તા વડે, જે પ્રથમ ન હોય એવું નવીન કાંઈ ઉત્પન્ન કરવામાં આવે તે કર્તાનું નિર્વર્ત્ય કર્મ છે.**' જેમકે રાગ છે તે પહેલા નહોતો. એ કર્મ દ્વારા નવો રાગ ઉત્પન્ન થયો તે પુદ્ગલનું નિર્વર્ત્ય કાર્ય છે. પહેલા નહોતું એવું નવું થયું, કર્મનું કાર્ય હોં અહીંયા, પુદ્ગલનું. રાગ, દયા, દાન, ભક્તિ, વ્રત આદિના પરિણામ તે પહેલા નહોતા તો કર્મે ઊપજાવ્યા. એ પુદ્ગલનું નિર્વર્ત્ય કાર્ય છે. સૂક્ષ્મ પડે જરીક. એ.. પોપટભાઈ! રાજમલજી! આ બુદ્ધિવાળાને થોડું કહીએ છીએ.

કરવાવાળાનું કાર્ય ત્રણ પ્રકારે ઓળખાય છે. એમાં અહીંયા પુદ્ગલના કાર્યની વાત ચાલે છે. તો પુદ્ગલમાં જેમ કે આ શરીર. અહીંયા છે અને આમ અવસ્થા થઈ. જુઓ! આમ થઈને? તો પહેલા નહોતી અને નીપજી તે પુદ્ગલનું કાર્ય છે. પુદ્ગલ કર્તા અને એનું નિર્વર્ત્ય કાર્ય છે.

મુમુક્ષુ :- નિર્વર્ત્યમાં રચના થવી.

ઉત્તર :- રચના, ઉત્પન્ન થવું, ઉત્પન્ન થવું-ઊપજવું. સમજાય છે કાંઈ? પહેલા ન હોય એવું નવું કંઈક ઉત્પન્ન કરવું. અહીં તો શરીરનું દૃષ્ટાંત આપ્યું. એમ રાગ.

કહે છે કે '**એવું નવીન કાંઈ ઉત્પન્ન કરવામાં આવે...**' આત્મામાં પણ.. આત્મા.. ઈ આગળ ૭૭માં લેશે. એ રાગાદિ કાર્ય નવીન છે તેને ઉત્પન્ન કરનારું પુદ્ગલ છે. આત્મા તો તે સમયે તેને જાણનારી પર્યાય નહોતી તે ઉત્પન્ન કરી એ જ્ઞાનનું નિર્વર્ત્ય કર્મ છે. એ પછી ૭૭માં આવશે. સમજાય છે કાંઈ? દેવીલાલજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ ધર્મની વાત શું કહે છે? આ ધર્મની વાત તો ચાલે છે. જે રાગ અંદર ઉત્પન્ન થાય છે એ નવો ઉત્પન્ન થયો તે પુદ્ગલનું કાર્ય. તો આત્માનો ધર્મ શું? એ ૭૭માં આવશે. આ તો પુદ્ગલની વાત ચાલે છે ને. રાગ કાર્ય નિર્વર્ત્ય છે. તે જ સમયમાં આત્મા પોતાના સ્વલક્ષે રાગથી ભિન્ન પડીને પોતાનું જ્ઞાન કરે છે તે જ સમયે જે રાગ નિર્વર્ત્ય થયો કર્મનો તેનું જ્ઞાન આત્મામાં પહેલા નહોતું અને જ્ઞાન કર્યું, ધર્મપર્યાય કરી તે આત્માનું

નિર્વર્ત્ય છે. સમજાય છે કાંઈ? ચીમનભાઈ! આ બધું ઝીણું મગજ કેળવવું પડે એવું છે આમાં.

વિકાર્ય. '**કર્તા વડે, પદાર્થમાં વિકાર-ફેરફાર કરીને જે કાંઈ કરવામાં આવે...**' માટીમાંથી જેમ ઘડો થયો. એમ કર્મમાં રાગ પલટીને, કર્મ સત્તામાં હતા તે પલટીને રાગ થયો તે વિકાર્ય છે, એ પુદ્‌ગલનું વિકાર્ય છે. સમજાય છે કાંઈ? સત્તામાં જે હતા તે પલટીને રાગરૂપ દયાના પરિણામ રૂપ થયા, તે પુદ્‌ગલના વિકાર્ય પરિણામ છે. અરે..! સમજાય છે કાંઈ? '**કર્તા વડે, પદાર્થમાં વિકાર...**' નામ પરિવર્તન કરીને '**જે કાંઈ કરવામાં આવે તે કર્તાનું વિકાર્ય કર્મ છે.**' કર્મ સત્તામાં હતા તે પલટીને રાગાદિ, દયા, દાનાદિ વિકલ્પ ઉત્પન્ન થયા તે કર્તાનું વિકાર્યરૂપ-પરિણમનરૂપ તે કાર્ય કર્તાનું પુદ્‌ગલનું છે, આત્માનું નહિ. સમજાય છે કાંઈ?

પહેલા પૂજાનો ભાવ હતો અને પછી દયાનો ભાવ આવ્યો. તો કહે છે કે દયાનો ભાવ પલટ્યો. એ પુદ્‌ગલ પલટીને દયાનો ભાવ આવ્યો છે. માણેકચંદભાઈ! ભારે વાતું. ભાઈ! આત્મામાં ક્યાં વિકાર છે કે વિકારને પલટાવે કે વિકારપણે ઊપજે કે છે તેને પ્રાપ્ત કરે? આત્મામાં ક્યાં છે તો એને પ્રાપ્ત કરે? સમજાય છે કાંઈ? કર્તાકર્મમાં આ પાંચ ગાથા તો બહુ સૂક્ષ્મ છે. સમજાય છે કાંઈ?

બે વાત થઈ. નિર્વર્ત્ય અને વિકાર્ય. મૂળ પાઠમાં તો નિર્વર્ત્ય પહેલા હતું અને વિકાર્ય ત્રીજું હતું. ગાથામાં પહેલા વિકાર્ય હતું, બીજું પ્રાપ્ય હતું, ત્રીજું નિર્વર્ત્ય હતું. ટીકામાં પહેલા પ્રાપ્ય હતું, બીજું વિકાર્ય હતું, ત્રીજું નિર્વર્ત્ય હતું. ભાવાર્થમાં પહેલા નિર્વર્ત્ય લીધું, પછી વિકાર્ય લીધું, પછી પ્રાપ્ય લીધું. સમજાવવા માટે. વિશેષ સમજાવવા માટે, સ્પષ્ટ કરવા માટે અમારા પંડિતજીએ કર્યું છે. પહેલા પૂછ્યું ને? આમ કેમ લખ્યું છે? પહેલા પૂછ્યું હતું, શા માટે આમ લખ્યું? પહેલી રચના થઈ તેને નિર્વર્ત્ય અને પલટ્યું તે વિકાર્ય અને છે તેને પ્રાપ્ત કર્યું. નહિ પલટવું, નહિ રચવું, પલટવું નહિ, ન રચવું, ન પલટવું. છે તેને (પ્રાપ્ત કર્યું). માટે ત્રીજામાં પ્રાપ્ય નાખ્યું. છે તેને પુદ્‌ગલ પ્રાપ્ત કરે છે ઈ ત્રીજા પ્રાપ્યમાં ધ્રુવમાં આવ્યું. સમજાય છે કાંઈ? ભઈ, આ તો સૂક્ષ્મ અધિકાર છે. પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્યની વાત તદ્દન નિશ્ચયની યથાર્થ વસ્તુ જ્ઞેય-જ્ઞાયકમાં શું સંબંધ છે, એ જ્ઞેય જે રાગરૂપ થાય છે, વિકારરૂપ થાય છે તે નિર્વર્ત્યરૂપ થાય, તે જ પર્યાય ઊપજી તે અપેક્ષાથી નિર્વર્ત્ય હોય, પલટવાની અપેક્ષાએ વિકાર્ય હોય, છે તે અપેક્ષાથી ધ્રુવ હોય. તેને આત્મા કરવાવાળો નથી એ સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ?

પોતાના વ્યવહારરત્નત્રયના પરિણામને, એ પરિણામ પહેલા નહોતા અને થયા તે નિર્વર્ત્ય.

અને પરિણમ્યા તે વિકાર્ય. અને એ રાગ વ્યવહારરત્નત્રય તે જ સમયે ધ્રુવપણે થવાના હતા તેને પુદ્ગલ પ્રાપ્ત કરે છે. આત્મા તેને જાણે છે. સમજાય છે કાંઈ? એ.. અમૂલખચંદજી! આવો વેપાર ભારે ઝીણો, ભાઈ! ઈ કરતાં તો પૂજા, ભક્તિ કરી લઈએ ને ધર્મ થાય.

'**કર્તા, જે નવું ઉત્પન્ન કરતો નથી...**' રાગાદિ છે તેને કર્તા નવું ઉત્પન્ન નથી કરતો અને '**વિકાર કરીને પણ કરતો નથી, માત્ર જેને પ્રાપ્ત કરે છે તે કર્તાનું પ્રાપ્ય કર્મ છે.**' એ રાગ કે દ્વેષ જે પરિણામ થયા તે છે. કર્તા તેને ઊપજાવતો નથી, કર્તા પલટતો નથી, છે તેને પ્રાપ્ત કરે છે તેને (પ્રાપ્ય) કહેવામાં આવે છે. પણ એ પુદ્ગલ વિકારના પરિણામ-રાગના પરિણામને પુદ્ગલ પ્રાપ્ત કરે છે, આત્મા નહિ. એને આત્મા કહેતા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ઝીણું છે આ. માણેકચંદભાઈ! તમે તો હજી કાલે સાંજે આવ્યા. આ પણ હજી પરમ દી આવ્યા વળી. પહેલા તો ઘણી વાત ચાલી ગઈ છે. સાત વ્યાખ્યાન થઈ ગયા. કાલે આઠ દી થયા ને? આઠ દી થયાને? આમાં સાત વ્યાખ્યાન થઈ ગયા. નવમો દિવસ છે.

'**જીવ પુદ્ગલકર્મને નવીન ઉપજાવી શકતો નથી...**' બીજો પેરેગ્રાફ. ભગવાન આત્મા તો જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદ સ્વરૂપ છે. એ રાગને નવીન ઉત્પન્ન નથી કરતો. સમજાય છે કાંઈ? આરે..! ભારે વાત. વિકલ્પ શુભજોગ, જે ક્રિયાકાંડમાં આમ તેમ વિકલ્પ ઉત્પન્ન થાય છે તે વિકલ્પને આત્મા નવો ઉત્પન્ન નથી કરતો. આત્મામાં એવી તાકાત નથી કે વિકારને ઉત્પન્ન કરે. ઓહોહો..! ભારે વાત ભાઈ!

**સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી,**
**અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાહ્ય સ્હાશે.**

શ્રીમદ્ રાજચંદ્રએ સોળ વર્ષે આમ કહ્યું. આવો સર્વજ્ઞનો ધર્મ. સર્વજ્ઞ સ્વભાવ આત્મા. એના વાંધા. અરે..! ભગવાન! સર્વજ્ઞનો સ્વભાવ, સર્વજ્ઞનો ધર્મ એ સર્વજ્ઞ આત્માનો સ્વભાવ વીતરાગ છે. સમજાય છે કાંઈ? એ આત્મા સર્વજ્ઞસ્વભાવી વીતરાગ છે. જ્યારથી ભાન થયું ત્યારથી સમ્યગ્દૃષ્ટિ સર્વજ્ઞસ્વભાવી ભગવાન એની પર્યાય વીતરાગી છે. એ વીતરાગી પર્યાયને નવીન ઉત્પન્ન કરે છે. પણ એ રાગ અને વ્યવહાર આવે છે તેને નવો ઉત્પન્ન કરતો નથી. આહાહા..! દેવીલાલજી! બીજા તો એમ કહે, તમે આવા શું અર્થ કરો છો? અર્થ નહિ ભગવાન! વાત જ એવી છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ બધા મૂઢ જેવા છે, એમ કહે છે. અહીં તો એક એક વાતનું કેટલું સ્પષ્ટીકરણ, ન્યાયથી લોજીકથી વાત ચાલે છે. ભગવાન! શું કરે છે? આહા..! આવો કાળ માંડ મળ્યો.

સવારે નહોતું આવ્યું? ટીકાનું આવ્યું હતું ને ભાઈ!

સ્વરૂપ પ્રકાશનનો કાળ છે, સાક્ષાત્ સ્વરૂપ પ્રકાશનના કાળમાં આ શું કરે છે તું? આહાહા..! સમજ્યા? ભાઈ! આ અનંત કાળમાં આવો અવસર મળવો કઠણ છે. ભગવાન! તું ચૈતન્યજ્યોત છો ને. નાથ! તારામાં તો આનંદ ઉત્પન્ન થાય, આનંદ ઉત્પન્ન થાય, આનંદને રચે, આનંદની પ્રાપ્ય અવસ્થા થાય તેને પ્રાપ્ત કરે. આવો તારો સ્વભાવ છે ને પ્રભુ! આ શું કરે છે? સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ પર્યાય પુદ્ગલની પર્યાયમાં પ્રાપ્ય, વિકાર્ય... જે ભાષાવર્ગણા હતી એમાં જે વર્ગણારૂપ ભાષા થઈ તે સમયે તેનું પ્રાપ્ય હતું. તે જ સમયે પર્યાયનું પ્રાપ્ય નામ થવાવાળી હતી તેને ભાષા પોતે પ્રાપ્ત કરે છે, આત્મા નહિ. એ ભાષા પરિણમન કરે છે એ ભાષાનું વિકાર્ય છે. ભાષાની વર્ગણા ભાષાની પર્યાય ઉત્પન્ન થાય છે તે ભાષાનું નિર્વર્ત્ય છે, આત્માનું નિર્વર્ત્ય નહિ. ભગવાને વાણી કરી નથી. આહાહા..! એની તકરાર. દિવ્યધ્વનિ સ્વપ્રમાણ છે કે પરપ્રમાણ? એ.. મોટી તકરાર. લખ્યું છે કે નહિ? ખાણિયાની ચર્ચા. ઈ ખાણિયાની ચર્ચામાં છે. દિવ્યધ્વનિ સ્વપ્રમાણ છે કે પરપ્રમાણ? દિવ્યધ્વનિ સ્વપ્રમાણ છે, સાંભળને! પરને કારણે કોઈ ચીજ પ્રમાણ થાય છે? દિવ્યધ્વનિ પોતાથી તે પર્યાયમાં પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય થઈને કાર્ય કરે છે. તે ભાષાનું કાર્ય છે, ઈ ભગવાનનું કાર્ય નથી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સાંભળ્યું જ નથી, પોતાથી સાંભળ્યું છે. પોતાની પર્યાયને ગણધરદેવે પ્રગટ કરી છે. સાંભળીને નહિ. ભાઈ! એવી વાત છે. ગણધરદેવ પોતાનો જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા, એની વર્તમાન જ્ઞાનપર્યાય જે પ્રગટ થવાની હતી ધ્રુવરૂપ-પ્રાપ્ય, તેને ગણધરદેવ પોતાથી પ્રાપ્ત કરે છે. ભગવાનની વાણીથી નહિ. આહાહા..! નિશ્ચયની એટલે સાચી વાત. ના, ના એમ કહે છે, હોં! કેટલાક કહે છે, એ તો નિશ્ચયની વાત છે. પણ નિશ્ચય એટલે સત્ય. નિશ્ચય એટલે યથાર્થ, નિશ્ચય એટલે પરમાર્થ. વ્યવહાર એટલે આરોપ અને આરોપિત કથન બધા કલ્પિત વાત છે. સમજાય છે કાંઈ? ભાઈ! ભગવાન ગણધરે ભગવાન પાસેથી કંઈ લીધું જ નથી. ભગવાને કંઈ આપ્યું નથી અને ગણધરે કંઈ લીધું નથી. આહાહા..! એ .. આવે છે ને, અષ્ટપાહુડમાં આવે છે. હે ભગવાન! તમે તો દેવ છો. તમે તો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ દેવાવાળા દેવ છો. એવો પાઠ અષ્ટપાહુડમાં આવે છે. કુંદકુંદાચાર્ય કહે છે, લ્યો. એ તો નિમિત્તના કથન છે. તમે આપો છો એનો અર્થ હું મને આપું છું. એમ એનો અર્થ છે. સમજાય છે કાંઈ? હું મારા મોક્ષમાર્ગની પર્યાયને આપું છું. હું દાતા દેવ છું અને

મારી પર્યાયમાં થોડી નબળાઈ રહે છે તો એમાં થોડી ઇચ્છા છે, એ ધર્મ નામ વિકાર પુણ્ય વ્યવહારધર્મ થાય છે. એનું ફળ લક્ષ્મી અને કામ મળે છે. એ તો જાણવાની વસ્તુ છે. મને શું મળ્યું? એમ કહે છે. હું જ દિવ્ય દાતાર દેવ છું. મારી પર્યાયને હું જ આપું છું, હું જ સંપ્રદાન અને હું જ પાત્ર છું. સમજાય છે કાંઈ? પોતાનો અખંડાનંદ ભગવાન આત્મા પૂર્ણાનંદ સ્વરૂપની દૃષ્ટિ કરીને હું જ મારી પર્યાય નિર્મળ આનંદનો દાતા છું અને આનંદને લેવાવાળો પાત્ર પણ હું જ છું. પાત્ર અને દાતા બીજું કોઈ મારી પાસે નથી. આહાહા..! સમજાય છે કાંઈ? અમુલખચંદજી! શું કહે છે જુઓ!

'**જીવ પુદ્‌ગલકર્મને નવીન ઉપજાવી શકતો નથી...**' પુણ્ય-પાપના ભાવને આત્મા ઉત્પન્ન નથી કરી શકતો. એ તો પુદ્‌ગલની પર્યાય છે. શું આત્માની છે? આત્માની ખાણમાં પડ્યા છે? ભગવાન આત્મા જ્ઞાયક ચિદાનંદસ્વરૂપ છે એમ જ્યાં ભાન થયું તો વિકારી પર્યાયનો જ્ઞાતા થઈને જાણવાનું કાર્ય આત્મા કરે છે. સમજાય છે કાંઈ? '**કારણ કે ચેતન જડને કેમ ઉપજાવી શકે?**' ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મા અને રાગાદિ અચેતન, તેને કેમ ઉત્પન્ન કરે? ચેતન જ્ઞાન તે અજ્ઞાનને કેમ ઉત્પન્ન કરે? એમ કહે છે. સમજાય છે કાંઈ? ભારે વાતું ભાઈ! '**માટે પુદ્‌ગલકર્મ જીવનું નિર્વર્ત્ય કર્મ નથી.**' માટે ભગવાન આત્માનું જ્ઞાતા-દૃષ્ટાના કાર્ય સિવાય એ રાગને નિર્વર્ત્ય—ઉપજાવવું પોતાના આત્માનું કાર્ય નથી. સમજાય છે કાંઈ? છે કે નહિ એમાં? જુઓ! છે એનો અર્થ થાય છે. સામે લખાણ છે કે નહિ? શું અહીંનું નવું લખાણ છે? એ... ..ચંદજી! છે કે નહિ એમાં?

'**જીવ પુદ્‌ગલમાં વિકાર કરીને તેને પુદ્‌ગલકર્મરૂપે પરિણમાવી શકતો નથી...**' પહેલા સાધારણ પુદ્‌ગલ હતા, તે રાગરૂપ નહોતા તો રાગરૂપ પુદ્‌ગલને આત્મા પરિણમાવી શકે એમ નથી. સમજાય છે કાંઈ? સત્તામાં જે હતા તે વિકારરૂપ પુદ્‌ગલ થયા તેને આત્મા વિકારરૂપ નથી કરાવી શકતો. આહાહા..! '**કારણ કે ચેતન જડને કેમ પરિણમાવી શકે?**' જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એ અચેતન રાગપણે કેમ પરિણમે? ભગવાન ચૈતન્યસ્વરૂપ એ રાગ અચેતનપણે કેમ પરિણમે? માણેકચંદભાઈ! આ બીજી વાત છે. મુંબઈ આવું લ્યે તો માણસ એકદમ ભડકે કે હાય..હાય..! આ? આ શું? એઈ..! એ તો ઊંટ દેખીને ભેંસ ભડકે, એવું હોય કેટલાક બિચારાને. આહાહા..!

કહે છે '**જીવ પુદ્‌ગલમાં વિકાર કરીને તેને પુદ્‌ગલકર્મરૂપે પરિણમાવી શકતો નથી કારણ કે ચેતન જડને કેમ પરિણમાવી શકે?**' ભગવાન આત્મા તો ચૈતન્યજ્યોત છે. એ ચૈતન્યની કળી ખીલે તો ચૈતન્યની કળી ખીલે તો ચૈતન્યપણાની પર્યાયમાં ખીલે. શું રાગની કળીમાં આત્મા ખીલે? પુદ્‌ગલ ખીલે છે. આહાહા..! ડાલચંદજી! આહાહા..! આ

વાત આવી છે, ભાઈ! લ્યો. બધા રુચિવાળા છે ને. બહારથી ઘણા આવ્યા છે, આટલે દૂરથી. આહાહા..! ભાઈ! તારી ચીજની વાત ચાલે છે. તારી ચીજ તો જ્ઞાનના ચૈતન્યની કળી છે. એ ચૈતન્યની વીતરાગમૂર્તિ આત્મા છે. એ ખિલે તો વીતરાગ અને ચૈતન્યની કળામાં ખીલે. મોર ખીલે, મોર ખીલે તો મોરની જે પાંખ છે એનાથી ખીલે. સમજાય છે કાંઈ? શું એ કાગડાની પાંખરૂપે ખીલે? મોર ખીલે છે ને.

ભગવાન આત્મા પોતાના ચૈતન્ય જ્ઞાન-દર્શનને અસંકોચરૂપ પરિણામ શક્તિ પારિણામિકભાવે છે તે પર્યાયમાં વિકાસરૂપ થાય તો જ્ઞાન ને આનંદ ને વીતરાગપર્યાયરૂપ ખીલે છે. શું રાગ અને પુણ્ય-પાપરૂપે ખીલે છે? એની છે ઈ પર્યાય? આહાહા..! સમજાય છે કાંઈ? મોરના ઈંડામાંથી મોર નીકળે છે. છે તો નીકળે છે. એમ આત્મામાં જ્ઞાન, આનંદ, શાંતિ, વીતરાગતા, શાંતિ એટલે જ વીતરાગતા, એવી જે શક્તિઓ પડી છે તો એમાં એકાગ્ર થઈને, એમાં એકાગ્ર થાય તો શાંતિ-વીતરાગતા, આનંદ ને જ્ઞાન ને શ્રદ્ધા, સ્વચ્છતા પ્રગટ થાય છે. ઈ એનું કાર્ય છે. શું રાગ અને પુણ્યનું કાર્ય આત્માનું છે? સમજાય છે કાંઈ?

'**માટે પુદ્‌ગલકર્મ જીવનું વિકાર્ય કર્મ પણ નથી.**' માટે વિકારનું પરિણમન એ આત્માનું કાર્ય નથી. '**પરમાર્થે જીવ પુદ્‌ગલને ગ્રહણ કરી શકતો નથી...**' આ પ્રાપ્ય. પરમાર્થે વિકાર છે તેને આત્મા પ્રાપ્ત નથી કરતો. જે વિકાર છે તે છે, તેને પુદ્‌ગલ પ્રાપ્ત કરે છે. નવીન રચતો નથી, ઉપજતું નથી, પરિણમાવતું નથી. ઉપજતું નથી, પરિણમાવતો નથી. છે તેને પુદ્‌ગલ પ્રાપ્ત કરે છે. સમજાય છે કાંઈ? '**કારણ કે અમૂર્તિક પદાર્થ મૂર્તિકને કઈ રીતે ગ્રહણ કરી શકે?**' ભગવાન તો અમૂર્તિક છે અને રાગાદિ પરિણામ તો મૂર્ત છે. એને કઈ રીતે પ્રાપ્ત કરે? કેમ સ્પર્શે? કેમ અડે? અને કેમ ગ્રહણ કરે? આહાહા..! ગ્રહણ કરે ઈ પ્રાપ્ય છે. '**માટે પુદ્‌ગલકર્મ જીવનું પ્રાપ્ય કર્મ પણ નથી.**' તેથી પુણ્ય-પાપના પરિણામ, શરીરની અવસ્થા કે મંદિરની અવસ્થા થવી (તે પુદ્‌ગલકર્મનું પ્રાપ્ય છે). એ.. મલૂકચંદભાઈ! એ મંદિરની અવસ્થા થવાની છે તેને પુદ્‌ગલ પ્રાપ્ત કરે છે. પુદ્‌ગલ. કડિયા નહિ, મલૂકચંદભાઈ નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ તો પૈસા લેવા માટે. કહો, સમજાય છે કાંઈ? એ પૈસાનું પ્રાપ્ય હશે તે દી આવશે ઈ. કહો, સમજાય છે કાંઈ? આહાહા..! ભારે વાત ભાઈ! ઓહોહો..! ભગવાન લીલા, અલખ લખની લીલા છે ને.

કહે છે કે પ્રભુ! તારી કળા ખિલે તો શું રાગમાં કળા ખિલે? રાગમાં કળા ખિલવાની તારામાં શક્તિ છે? રાગ થાય (પ્રાપ્ય માટે છે) તેને જાણવાની કળા ખિલે એ તારામાં શક્તિ

છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**પુદ્‌ગલકર્મ જીવનું પ્રાપ્ય કર્મ પણ નથી. આ રીતે પુદ્‌ગલકર્મ જીવનું કર્મ નથી..**' લ્યો, ત્રણેની ના પાડી. ઊપજવું, પરિણમવું અને ગ્રહણ કરવું એ ત્રણે વિકારના પરિણામને આત્માનું કાર્ય કહેવામાં આવતું નથી. એ આત્માનું કાર્ય નથી. '**આ રીતે પુદ્‌ગલકર્મ જીવનું કર્મ નથી અને જીવ તેનો કર્તા નથી. જીવનો સ્વભાવ જ્ઞાતા...**' છે. જુઓ! આવ્યું. ભગવાન આત્મા જ્ઞાનસૂર્ય જ્ઞાનસૂર્ય (છે). તો સૂર્યના કિરણમાં શું કાળું કિરણ નીકળે? સૂર્યના હજારો કિરણમાંથી કોઈ કિરણ કાળું નીકળે છે? એમ ભગવાન ચૈતન્યસૂર્યમાં રાગ કાળો અંધારુ એ એમાંથી નીકળે છે? ઈ તો અંધારુ છે. કાળા કોલસા જેવી ચીજ છે. ચૈતન્ય પ્રકાશ છે.

કહે છે કે ચૈતન્યપ્રકાશ જ્ઞાતા છે. જુઓ! તેથી '**જ્ઞાનરૂપે પરિણમતો...**' જ્ઞાનના કિરણ પ્રગટ કરતો. સમજાય છે કાંઈ? '**જ્ઞાનરૂપ પરિણમતો પોતે પુદ્‌ગલકર્મને જાણે છે...**' ભગવાન સ્વયં જાણે છે કે આ રાગ છે, પુણ્ય છે, વ્યવહાર જાણે છે. ઓહોહો..! સંતોની રચના. ૧૨મી ગાથામાં કહ્યું હતું તે જ વાત આગળ લઈને ઈ જ સિદ્ધ કરે છે. તદાત્વે પ્રયોજનવાન છે. ઈ ત્યાં કહ્યું હતું ને? ઈ ગાથા. (સંવત) ૨૦૧૩ની સાલ, ઈન્દોર. બધા પંડિતો બેઠા હતા. બંસીધરજી હતા. ઘણા પંડિત હતા. સોલાપુરવાળા હતા. કહ્યું કે નિશ્ચય તો પોતાના જ્ઞાન, દર્શન અને આનંદ પ્રાપ્ત છે. તો ધર્મીજીવને જે રાગાદિ મંદતા છે તેને જ્ઞાની જાણે છે. જાણેલો પ્રયોજનવાન છે, આદરણીય નહિ. તો સોલાપુરવાળા બોલ્યા, ઓહો..! અત્યાર સુધી આવો અર્થ થયો જ નથી. સાંભળ્યો જ નથી એમ કહ્યું. બંસીધરજી હતા સોલાપુરવાળા. ફૂલચંદજીના ભાઈ. આવો અર્થ કોઈ દી સાંભળ્યો નથી. પંડિત લોકો કહે, અમને ખોટા ઠરાવે છે. ઈન્દોરમાં હતા, ૨૦૧૩ની સાલમાં. બંસીધરજી દાંત કાઢતા હતા. તે દી એકાંતમાં હતા ને ઈ. એકાંત છે, અહીંનું એકાંત છે. સ્યાદ્વાદ નહિ, નિયતવાદ છે. પછી હળવે હળવે, ધીમે ધીમે ...

કહે છે, '**પોતે પુદ્‌ગલકર્મને જાણે છે;...**' ભગવાન આત્મા તો. રાગાદિ હો, દયા, દાનના વિકલ્પ હો, તેને પ્રાપ્ત કરનારું તો પુદ્‌ગલ છે. તેને જાણનારો ભગવાન આત્મા છે. '**માટે પુદ્‌ગલકર્મને જાણતા એવા જીવનો પરની સાથે...**' પરની સાથે નામ પુણ્ય-પાપની સાથે કે દેહની ક્રિયા સાથે કે ભાષાની ક્રિયા સાથે કે મંદિરની ક્રિયા સાથે '**કર્તાકર્મભાવ કેમ હોઈ શકે?**' એ કામ આત્માનું અને આત્મા કર્તા એમ કેમ હોઈ શકે? કહો, મલૂકચંદભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. ક્યાં ઓલા કરવા દે એવું છે.

'**ન જ હોઈ શકે.**' કર્તાકર્મ પરની સાથે (હોઈ શકે નહિ). એ રાગાદિ, પુણ્યાદિ પર

છે, સ્વ નહિ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ પર છે. પરનો આત્મા કર્તા કેમ હોઈ શકે? કર્તાકર્મ અભિન્ન હોય છે. અને વિકાર છે તે ભિન્ન પર છે. તો પરનું કાર્ય અને આત્મા કર્તા એમ ભિન્નમાં હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ? પોપટભાઈ! એવી વાત છે જરી. નવો શ્લોક. એક કળશ પૂરો થયો.

'**હવે પૂછે છે કે...**' હવે બીજો અધિકાર ચાલે છે. નવી ગાથા. '**પોતાના પરિણામને જાણતા એવા જીવને...**' મહારાજ! એ તો ઠીક. આત્મા જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદ શુદ્ધ દ્રવ્ય છે, એવું ભાન થયું તો એ દ્રવ્ય અથવા દ્રવ્યનું ભાન કરવાવાળો... સમજાય છે કાંઈ? પોતાના પરિણામને જાણવાવાળો એટલું તો કાર્ય કરે છે ને? સમજાય છે કાંઈ? આ તો ધીમેથી સમજવાની વસ્તુ છે, ભાઈ! પ્રશ્ન કરે છે, છે? '**स्वपरिणामं जानतो जीवस्य सह पुद्गलेन कर्तृकर्मभावः किं भवति किं न भवतीति चेत्–**' અમૃતચંદ્રાચાર્યે આવું મથાળુ બાંધ્યું છે. મથાળુ સમજ્યા? શિર્ષક. ઉપરનું લખાણ. '**હવે પૂછે છે કે પોતાના પરિણામને જાણતા એવા જીવને...**' શું કહે છે? પોતાના પરિણામ કોણ? જાણવું-દેખવું, શ્રદ્ધા, આનંદ, શાંતિના પરિણામ એ આત્માના પરિણામ છે, એ આત્માની પર્યાય છે. '**પોતાના પરિણામને જાણતા જીવને પુદ્ગલ સાથે કર્તાકર્મભાવ (કર્તાકર્મપણું) છે કે નથી?**' ટીકામાં છેલ્લે લીધેલું ઉપોદ્ઘાત કરીને. સમજ્યા? હવે પાઠમાં લ્યે છે. ૭૭.

**ण वि परिणमदि ण गिण्हदि उप्पज्जदि ण परदव्वपज्जाए।**
**णाणी जाणंतो वि हु सगपरिणामं अणेयविहं।।७७।।**
**વિધવિધ નિજ પરિણામને જ્ઞાની જરૂર જાણે ભલે,**
**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૭.**

આત્મા કહો કે આત્માને જાણનાર કહો, બેય એક વાત છે. સમજાય છે કાંઈ? પાઠમાં એમ છે ને? '**णाणी**' છે ને? '**णाणी**'. જ્ઞાની આત્મા પોતાનો ચૈતન્ય શુદ્ધ દ્રવ્યસ્વભાવ છે એ શરીર, રાગ, કર્મથી ભિન્ન છે અને પોતાના જ્ઞાયકસ્વભાવથી આત્મા અભિન્ન છે. એકત્વ-વિભક્ત. વિભાવથી, શરીરથી, કર્મથી ભિન્ન છે અને પોતાનો પૂર્ણ અખંડ જ્ઞાયકસ્વભાવથી ભગવાન આત્મા અભિન્ન છે. આવો જેવો આત્મા છે એવો બોધ થયો તો એ જ્ઞાનીનું રાગાદિ કાર્ય છે કે નહિ? ઈ પૂછે છે. તેનો ઉત્તર.

'**ટીકા :- પ્રાપ્ય,...**' શું કહે છે? જરી સૂક્ષ્મ પડે પણ સાંભળો. ખ્યાલ રાખીને સાંભળો તો સમજવાની વસ્તુ છે. '**પ્રાપ્ય,...**' '**વ્યાપ્યલક્ષણવાળું આત્માના પરિણામસ્વરૂપ...**' એમ લેવું. છેલ્લો શબ્દ છે ને. પ્રાપ્ય એવું વ્યાપ્યલક્ષણવાળું આત્મા પરિણામસ્વરૂપ કર્મ. એ કર્તાનું કાર્ય છે. અર્થાત્ આત્મામાં જે વર્તમાનમાં જે જ્ઞાનપરિણામ-જ્ઞાનની પર્યાય જે ધ્રુવ

નામ તે જ સમયની છે જ્ઞાનના પરિણામ તેને આત્મા પ્રાપ્ત કરે છે. એ આત્માનું પ્રાપ્ય છે. આત્માના પરિણામ છે તે આત્માનું પ્રાપ્ય છે. સમ્યગ્દર્શન જે આત્માના પરિણામ છે, તે તે જ સમયે થવાના છે, તે જ સમયે તે જ પરિણામ થવાના છે. જ્ઞાનના પરિણામ પણ તે જ સમયે થવાના છે, એને આત્મા પ્રાપ્ત કરે છે. અને સમ્યગ્દર્શનના પરિણામ પણ તે જ સમયે થવાના છે તેને આત્મા પ્રાપ્ત કરે છે. ચારિત્રના પરિણામ પણ જ્યારે જે સમયે થવાના છે તેને આત્મા પ્રાપ્ત કરે છે. આનંદના પરિણામ.. જુઓ ભાષા અહીંયા. આનંદના પરિણામ જે આત્માના પરિણામ છે, જે આત્માના વ્યાપ્યલક્ષણવાળી પર્યાય છે, જે આત્મામાં પર્યાયરૂપ પરિણમન છે એવી જે આનંદાદિ પર્યાય છે, 'છે' પ્રાપ્ય, તેને આત્મા પ્રાપ્ત કરે છે. સમજાય છે કાંઈ? આહાહા..! એમ અનંત ગુણની (પર્યાય પ્રાપ્ય છે).

આત્મા એક દ્રવ્ય છે અને એના અનંત ગુણ છે. અનંતા અનંત ગુણ છે. એક અનંત નહિ પણ અનંતા અનંત ગુણ છે. કાળના સમયથી પણ અનંતાગુણા ગુણ છે. ઓહોહો..! કાળનો જ્યાં અંત નહિ. કેટલી વાત! ક્ષેત્રનો પણ અંત નહિ. કાળથી ક્ષેત્રથી .... એનાથી પણ અનંતગુણા અનંત અનંતગુણા ભગવાન આત્મામાં ગુણ છે. એ બધાની એક સમયની પર્યાય જે ગુણની તે સમયે જે અવસ્થા થવાની હતી, થવાની હતી એ નિશ્ચય કહ્યું. સમજાય છે કાંઈ? અનંત ગુણમાં એક એક ગુણની જે સમયે જે ગુણની જે પર્યાય સમ્યગ્જ્ઞાન મતિ-શ્રુત આદિની એક સમયની પર્યાય જે થવાની હતી તે વ્યાપ્યલક્ષણવાળા આત્માના પરિણામ તેને આત્મા પ્રાપ્ત કરે છે. પકડાવું કઠણ. કહો, સમજાય છે કાંઈ? ફરીથી કહીએ છીએ, હોં! એક, બે ચાર કહ્યા વિના છોડતા નથી વાતને. આ કંઈ ઝટ ચાલે તો સમજાય એવું નથી કાંઈ. આ તો ધીમે ધીમે ચાલે છે.

ભગવાન આત્મામાં તો જ્ઞાન, આનંદ આદિ અનંત શક્તિ સંખ્યાએ પડી છે. તો જે ગુણ છે તેની જે સમયે જે પર્યાય, જે પર્યાય થવાની છે.. આહાહા..! તે જ સમયે તે ગુણની જ્ઞાનની જે પર્યાય થવાની છે તેનું નામ પ્રાપ્ય છે, તેને આત્મા પ્રાપ્ત કરે છે. નહિ થવાવાળીને પ્રાપ્ત કરે છે અને થવાવાળીને પ્રાપ્ત કરે છે, એમ (અજ્ઞાની) કહે છે. આહાહા..! સ્વતંત્રતા. વસ્તુની સ્થિતિનો પોકાર, પોકાર કરે છે. ભગવાન આત્મા પ્રાપ્યરૂપી વ્યાપ્યલક્ષણવાળું આત્માનું કાર્ય. વ્યાપ્યલક્ષણવાળા આત્માના પરિણામ. આત્માના પરિણામરૂપી કાર્ય એમ બોલ લીધો છે. સમજાય છે કાંઈ?

એમ સમ્યગ્દર્શનની પર્યાય, જેમ ક્ષયોપશમમાંથી ક્ષાયિક થઈ. કહે છે કે તે જ સમયે તે ક્ષાયિક પર્યાય થવાની હતી તેને આત્મા પ્રાપ્ત કરે છે. કેવળી અને તીર્થંકરની સમીપ છે તેથી પ્રાપ્ત કરે છે એમ નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઘણું શું છે, એનાથી શું થાય છે. સમજાય છે કાંઈ?

એકવાર ભરત ચક્રવર્તી ભગવાનના સમવસરણમાં બેઠા હતા અને સાંભળતા હતા. સમ્યગ્દૃષ્ટિ તો હતા જ. સમજાય છે કાંઈ? એમાં મતિજ્ઞાનની એવી વિશેષ નિર્મળતા થઈ ગઈ, શ્રુતજ્ઞાનની થઈ, અવધિજ્ઞાનની, અવધિદર્શનની થઈ. સમજાય છે કાંઈ? મતિ, શ્રુત, અવધિ જ્ઞાન અને દર્શન. એવી પર્યાય ભગવાનના સમવસરણમાં બેઠા હતા. તે સમયની તે પર્યાય થવાવાળી હતી તેને આત્માએ પ્રાપ્ત કરી છે. ભગવાનના સમવસરણને કારણે નહિ. પ્રાપ્ત હતી અને તે સમયે તે જ હતી. તે ધ્રુવ થવાની હતી તેને પ્રાપ્ત કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ગોમ્મટસાર એમ કહે, ક્ષાયિક સમકિત શ્રુતકેવળી અને તીર્થંકર-કેવળી .. કેવળીની સમીપે થાય. આવે છે કે નહિ? એ તો નિમિત્તનું કથન છે. સામે કોણ નિમિત્ત હતું એનું જ્ઞાન કરાવ્યું છે. એ આત્મા એવી ચીજ છે કે એમાં શ્રદ્ધાગુણ ત્રિકાળ પડ્યો છે અને તે ગુણની ક્ષાયિક પર્યાયની જે ધ્રુવ જે સમયે થવાની હતી, તેને આત્મા પ્રાપ્ત કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

એમ ચારિત્ર. ચારિત્રની પર્યાય પણ પોતાના આત્મામાંથી જે સમયે શાંતિ અને અરાગી અને વીતરાગ પરિણામ ધ્રુવ નામ તે સમયે થવાના હતા તે પ્રાપ્ય, તેને આત્મા પ્રાપ્ત કરે છે. સમજાય છે કાંઈ? આહાહા..! એમ પ્રભુતા, સ્વચ્છતા આદિની પર્યાય તે સમયે તે ગુણની જે પર્યાય અંશ, અંશીનો અંશ, અવયવીનો અવયવ, ગુણ છે તે અવયવી છે, દ્રવ્ય પણ અવયવી છે.. આહાહા..! તેનો તે સમયનો ગુણનો જે અંશ છે, શ્રદ્ધાનો, જ્ઞાનનો, ચારિત્રનો, આનંદનો, અસ્તિત્વનો, વસ્તુત્વનો, પ્રમેયત્વનો.. ઓહોહો..! તે જ સમયે તે પર્યાય પ્રાપ્ય નામ 'છે' (તેને પ્રાપ્ત કરે છે). જેમ ગામમાં જવું હોય તો ગામને રચવું નથી, ગામને પરિણમાવવાનું નથી, છે તેને પ્રાપ્ત કરવું છે. શહેરમાં જાય છે ને શહેરમાં. તો શહેરને લાવવું નથી, શહેર બનાવવું નથી, શહેરને રચવું નથી, શહેરમાં ફેરફાર કરવો નથી. છે ત્યાં પહોંચવું છે.

એમ આત્મામાં અનંત ગુણની સમય સમયની તે સમયે જે અંશ છે તેને પ્રાપ્ત કરે છે. ઓહોહો..! સમજાય છે કાંઈ? અને તે સમયે જે પ્રકારનો ત્યાં રાગ છે તે જ સંબંધની પોતાના જ્ઞાનની પર્યાય તે પ્રકારની થવાની હતી તેને પ્રાપ્ત કરે છે. સમજાય છે કાંઈ? જ્યારે દયાના પરિણામ હતા કે પૂજાના પરિણામ હતા કે કોઈ અશુભરાગ હતો, તે સમયમાં અશુભરાગ તે પણ કર્મનું પ્રાપ્ય છે. તે સંબંધીનું અહીંયા તે પ્રકારનું, તે જ પ્રકારના તેને જાણવાલાયક એવી જે જ્ઞાનપર્યાય રાગને કારણે નથી થઈ, પોતાના જ્ઞાનગુણની પર્યાય તે જ સમયે થવાની

હતી તેને આત્મા પ્રાપ્ત કરે છે. આહાહા..! ચીમનભાઈ! ભારે વાતું ભાઈ આ. ભગવાન તો કેટલી સ્વતંત્રતા તારી પાસે રાખે છે ઈ વાત કહે છે. આહાહા..!

કર્તાનું ઈષ્ટ તે કર્મ. કર્તા, કર્તા સ્વતંત્રપણે કરે તે કર્તા. અને કર્તાનો અભિલાષિત પદાર્થ તે તેનું ઈષ્ટ, કાર્ય. ભગવાન આત્મા.. કહે છે કે કર્તા આત્મા સ્વતંત્રપણે અને તેની તે સમયની સમ્યક્જ્ઞાન પર્યાય, સમ્યગ્દર્શન પર્યાય, સમ્યક્આનંદ પર્યાય, સમ્યક્ સ્વચ્છતાની પર્યાય અને સમ્યક્ વીતરાગી પર્યાય, તે અંશ તે સમયનું પ્રાપ્ય છે. તે જ ધ્રુવ છે. તે જ એક અંશ ધ્રુવ છે અને ખરેખર તો એ અંશ નિમિત્તથી થયો નથી, રાગ થયો તેનું જ્ઞાન છે તો રાગથી થયું નથી, પૂર્વપર્યાયથી થયું નથી, ઉત્તર પર્યાયથી થયું નથી, ખરેખર દ્રવ્ય-ગુણથી પણ થયું નથી. સમજાય છે કાંઈ? આહાહા..! દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્. ત્રણે સ્વતંત્ર સત્. અંતરની વાત અંદર રુચે નહિ એને એવું લાગે આ શું કહે છે? ભગવાન તારી સ્વતંત્રતાના ઢંઢેરા પીટે છે. આહાહા..! નિશ્ચિત છે. પેલા કહે, નિયત થઈ જાય છે. હવે સાંભળ તો ખરો. પર્યાય જે સમયે જે ગુણની થવાની છે તે જ સ્વતંત્ર સત્નો અંશ આગળપાછળ કાળ આદિ નિમિત્તની અપેક્ષા વિના છે તેને આત્મા પ્રાપ્ત કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ? કપૂરચંદજી! સૂક્ષ્મ વાત છે. અપૂર્વ!

'**પ્રાપ્ય,...**' એવું વ્યાપ્યલક્ષણવાળું. એટલે વર્તમાન અવસ્થા વ્યાપ્યરૂપી લક્ષણવાળું આત્માનું પરિણામ. એ વ્યાપ્યલક્ષણવાળી પર્યાય આત્માના પરિણામ. એ આત્માનું કર્મ. આહાહા..! સમજાય છે કાંઈ? અનંત ગુણની તે સમયે તે સમયે.. ગુણ તો ત્રિકાળ છે, દ્રવ્ય ત્રિકાળ છે, પણ દ્રવ્યદૃષ્ટિ થઈ, દ્રવ્યનું ભાન થયું તો એ દ્રવ્યમાં જેટલા ગુણ છે તે ગુણનો તે અંશ તે જ સમયમાં સ્વયંસિદ્ધ, સ્વયંસિદ્ધ છે તેને પ્રાપ્ત કરે છે. આહાહા..! પ્રાપ્તની પ્રાપ્તિ. શું કહ્યું? તે સમયની પર્યાય પ્રાપ્ત છે તેની પ્રાપ્તિ કરે છે. પ્રાપ્તની પ્રાપ્તિ. અંદર છે અને પ્રાપ્ત કરે છે એ વળી બીજી વાત. એ તો સત્ની વાત. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મામાં અનંત જ્ઞાન, દર્શન છે તો પ્રાપ્તની પ્રાપ્તિ થાય છે. છે એમાંથી આવે છે. ઈ બીજી વાત. અહીં તો છે, પર્યાય પ્રાપ્ત છે તને આત્મા પ્રાપ્ત કરે છે. સમજાય છે કાંઈ? ઓહોહો..! સર્વજ્ઞ વીતરાગનું કહેલું તત્ત્વ અને વસ્તુની સ્થિતિ આમ છે. સમજાય છે કાંઈ? એક વાર તો જાગૃત થઈ જાય એવી વસ્તુ છે. આહાહા..! કહે છે ને, સાક્ષાત્ સ્વરૂપ પ્રકાશનનો અવસર છે. આહા..! ..આવ્યું છે ને ઈ. સમજાય છે કાંઈ?

અનંત ગુણની? જેટલા અનંતા અનંત ગુણ છે એટલા બધાનો તે સમયે જે અંશ પ્રાપ્ત છે, છે તેને પ્રાપ્ત કરે છે. ઓહોહો..! અનંત ગુણનો અંશ તે જ સમયનો, તે જ સમયનો તે ધ્રુવ તેને પ્રાપ્ત કરે છે. નિશ્ચય થઈ ગયું. અને તે પણ જે પ્રકારનો સામે રાગાદિ, દયા

આદિ શુભભાવ છે કે જે પ્રકારની ક્રિયા સામે દેહની અને મંદિર આદિની છે તે સંબંધીનું પોતાનું જ્ઞાન પોતાથી પરની અપેક્ષા રાખ્યા વિના તે સમયનો અંશ એવો ઉત્પન્ન થાય છે તેને આત્મા પ્રાપ્ત કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

એમ શ્રદ્ધાની પર્યાય, વિશ્વાસની પર્યાય, આ છે અને સ્વપર છે એવી અંદર પ્રતીતિ, એ પર્યાયનો અંશ પણ સ્વતંત્ર છે તેને આત્મા પ્રાપ્ત કરે છે. કેવળજ્ઞાનની પર્યાય છે. આહાહા..! કહે છે કે જ્ઞાનગુણનો અંશ જે કેવળજ્ઞાન, ઈ અંશ છે, તે સમયનો તે ધ્રુવ છે, તે સમયનું તે પ્રાપ્ય છે તેને આત્મા પ્રાપ્ત કરે છે. પૂર્વની પર્યાયને કારણે નહિ. સીધું તેને પ્રાપ્ત કરે છે એમ કહે છે. આહાહા..! શું કહ્યું ઈ? સમજ્યા? પૂર્વે મોક્ષમાર્ગ હતો તો કેવળજ્ઞાનનો અંશ પ્રગટ થયો, કારણથી કાર્ય થયું એમ પણ નહિ. આહાહા..! એ તો પૂર્વે કોણ હતું તે બતાવવાની વાત છે. દેવીલાલજી!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- બિલકુલ નહિ. પૂર્વનો વ્યય થયો તો ઉત્પાદ થયો એમ પણ નહિ. ઉત્પાદ ઉત્પાદની અપેક્ષાથી, વ્યય વ્યયની અપેક્ષાથી, ધ્રુવ ધ્રુવની અપેક્ષાથી છે. ત્રણેની અપેક્ષામાં કોઈની સાપેક્ષતા નથી. અપેક્ષામાં કોઈની સાપેક્ષતા નહિ. આવે છે ને? ૧૦૧, ૧૦૧ ગાથા પ્રવચનસાર. અને ભાઈ તો કહે છે, દીપચંદજી સ્પષ્ટ કરે છે, પર્યાયનું કારણ પર્યાય. ગુણ વિના પર્યાયનું કારણ પર્યાય. સાંભળ તો ખરો. એ.. વિમલચંદજી! ગુણ વિના પર્યાયનું કારણ પર્યાય. પર્યાયની વર્તમાન સૂક્ષ્મતા તે પર્યાયનું કારણ સૂક્ષ્મતા. એ પર્યાયના અંશમાં જે વીર્ય છે તે વીર્યની પર્યાયનું કારણ તે વીર્યઅંશ છે ઈ, પર નહિ. આવી ચીજ.. આહાહા..! સ્વતંત્રતાનો આખો પિંડ પડ્યો છે. હજી સિદ્ધને પણ પરતંત્ર બનાવવા છે. સિદ્ધની પર્યાય તે સમયે કેવળજ્ઞાન, દર્શન, આનંદનો અંશ છે તેને આત્મા પ્રાપ્ત કરે છે. નવી નવી પર્યાયને સમયે સમયે જે પ્રાપ્ય છે તેને આત્મા પ્રાપ્ત કરે છે. સમજાય છે કાંઈ? આ તો જીવની વાત ચાલે છે, હોં! પહેલા પુદ્ગલની વાત ચાલી. આહાહા..! પરમાણુ અને રાગાદિની વાત હતી.

ભગવાન આત્મા પોતાનું ચૈતન્યસ્વરૂપ સ્વસન્મુખ ચૈતન્યસ્વરૂપમાં સ્વસન્મુખ થયો અને દ્રવ્યનું જ્ઞાન-ભાન થયું, તો કહે છે કે એ ભાનની પર્યાય જે હતી તેને આત્માએ પ્રાપ્ત કરી છે. સમજાય છે કાંઈ? વળી કરણલબ્ધિ અને કરણલબ્ધિથી સમ્યગ્દર્શન થાય છે એની ના પાડે છે અહીં. એઈ..! પેલા કહે, પૂર્વે જરી શુભભાવ હતો ને. કરણલબ્ધિમાં શુભભાવ હતો. શુદ્ધતા ક્યાંથી આવી? સાંભળ તો ખરો. સમજાય છે કાંઈ? કરણ છે ને. ... હવે સાંભળને. એ દર્શન, જ્યાં સમ્યગ્દર્શનની પર્યાય જે સમયે પ્રાપ્ય થવાની હોય તેને આત્મા પ્રાપ્ત કરે છે. પૂર્વને કારણે નહિ. સમજાય છે કાંઈ? ઓહોહો..! ક્યાંનું ક્યાં ઊંધુ લઈ જાય.

અહીં તો કહે છે, પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય. હજી તો આપણે પ્રાપ્યનો અર્થ ચાલે છે, હોં! આપણે પ્રાપ્યનો અર્થ ચાલે છે. પ્રાપ્ય ત્યાં સુધી લેવું. પછી? '**એવું, વ્યાપ્યલક્ષણવાળું...**' વચ્ચે બે શબ્દે મૂકી દેવા, છોડી દેવા. એવું પ્રાપ્ય લક્ષણવાળું વ્યાપ્ય આત્માના પરિણામ-આત્માની પર્યાયરૂપ. પહેલામાં પરદ્રવ્યપર્યાય કીધી પ્રાપ્યને. રાગને અને આ '**सगपरिणामं**' કહ્યા છે. મૂળ પાઠ '**सगपरिणामं**'. પોતાના પરિણામ છે, પોતાના પરિણામ. અહીંયા પોતાના પરિણામ કહો કે આત્માના પરિણામ. એવું જે કાર્ય, તે કર્તાનું કાર્ય છે. આત્મા તેને પ્રાપ્ત કરે છે. તેમાં કોઈની મદદ કે નિમિત્તની જરૂર નથી. એવી વસ્તુની સ્થિતિ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ-૧૫, ગુરુવાર તા. ૮-૮-૧૯૬૮**
**ગાથા-૭૭ પ્રવચન-૫૯૨**

(કર્તાકર્મ અધિકાર) ચાલે છે. ૭૭ ગાથા. શું કહે છે? આત્મા જ્ઞાની એટલે જ્ઞાનસ્વરૂપ છે. એ આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ આદિ અનંત ગુણસ્વરૂપ (છે). એવો આત્મા અને એ આત્માનું ભાન થયું એવો જ્ઞાની તે જ આત્મા થયો. જ્યાં સુધી રાગ અને પુણ્યને પોતાના માનતો હતો ત્યાં સુધી એ આત્મા નહોતો. સમજાય છે કાંઈ? શુભરાગ એ પુણ્ય-પાપના ભાવ જે આસ્રવતત્ત્વ છે એને પોતાના માનીને પરિણમતો હતો ત્યાં સુધી એ આત્મા નહોતો. એ અનાત્મા હતો. એની અહીંયા વાત નથી.

અહીંયા તો કહે છે, આત્મા જે જ્ઞાન, દર્શન આદિ અનંત શક્તિ-સ્વભાવ સુખરૂપ છે તે આત્માનું પોતાનું કર્મ-આત્માનું કાર્ય શું? અથવા એ આત્માની પર્યાય કઈ? પર્યાય, આત્માની પર્યાય કોને કહે છે? સમજાય છે કાંઈ? કહે છે કે જ્યારે આત્મા, કોઈ પૂજા, ભક્તિ આદિનો ભાવ છે તેને પ્રાપ્ત કરે તે આત્મા નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? એ શુભરાગને પ્રાપ્ત કરે તે અનાત્મા કર્મનું કાર્ય છે. સમજાય છે કાંઈ? એ શુભભાવ પ્રાપ્ય અથવા પ્રાપ્ત કરવા લાયક, એને પહોંચે છે એ આત્મા નહિ. એને તો કર્મ પ્રાપ્ત કરે છે. એને હું પ્રાપ્ત કરું છું એમ માનવું એ અનાત્મા છે. સમજાય છે કાંઈ? અહીંયા આત્મા શું પ્રાપ્ત કરે છે ઈ વાત ચાલે છે. સમજાય છે કાંઈ?

કહે છે, પ્રાપ્ય. પ્રાપ્ય એવું '**વ્યાપ્યલક્ષણવાળું આત્માના પરિણામસ્વરૂપ જે કર્મ...**' અર્થાત્ આત્મામાં જે સમ્યગ્દર્શનની પર્યાય પ્રાપ્ત છે તેને આત્મા પ્રાપ્ય છે, પ્રાપ્ત છે તેને પ્રાપ્ય કહીને તેને પ્રાપ્ત કરે છે. સમજાય છે કાંઈ? તે જ સમ્યગ્દર્શન વર્તમાનમાં એમ છે કે સુખશક્તિ કહીને? ૪૭માં. સુખશક્તિમાં સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર સમાઈ ગયા છે, બેય આવી ગયા છે. આત્મા સમ્યગ્દર્શનની પર્યાય જે પ્રાપ્ય છે, જે પ્રાપ્ય છે તે સમયે તે જ શુદ્ધ, તે શુદ્ધ જે પ્રાપ્ય છે, પ્રાપ્ય છે તેને આત્મા પ્રાપ્ત કરે છે. સમજાય છે કાંઈ? અને એ સમ્યગ્જ્ઞાનની પર્યાય તે પણ તે સમયે પ્રાપ્ય-સિદ્ધ છે. તે સમયે સિદ્ધ જ છે. સિદ્ધનો અર્થ અહીંયા સિદ્ધ પરમાત્મા નહિ. તે જ સમયની જ્ઞાનની પર્યાય, જે પ્રકારનો રાગ થયો તે પ્રકારનું જ્ઞાન, પોતામાં તે પ્રકારનું જ્ઞાન થયું તે જ્ઞાનની પર્યાય તે સમયે તે પ્રકારની જ પ્રાપ્ત થવાલાયક હતી. સમજાય છે કાંઈ? વ્યવહાર રત્નત્રય છે તેથી જ્ઞાનની પર્યાય પ્રાપ્ત થઈ એમ નથી. સમજાય છે કાંઈ?

કેમકે આત્મામાં એક અકારણકાર્ય નામની શક્તિ છે-ગુણ છે, ગુણ. એ ગુણને કારણે પ્રત્યેક ગુણ પોતાની વર્તમાન પર્યાયમાં પરના કારણ વિના અને પરના કારણ વિના પોતાનું કાર્ય અને પરનું કાર્ય પોતાના કારણ વિના પરનું કાર્ય (થાય છે). સમજાય છે કાંઈ? એ વ્યવહારરત્નત્રયનો રાગ એ પોતાના કારણ વિના પ્રાપ્ય જે સમ્યગ્જ્ઞાન છે, સમ્યગ્દર્શન છે તેના કારણ વિના વ્યવહાર ઉત્પન્ન થયો છે અને એ વ્યવહારના કારણથી અહીંયા કાર્ય ઉત્પન્ન થયું છે એમ નથી. સમજાય છે કાંઈ? કહે છે,... દેવીદાસજી! એ પ્રાપ્ય છે.

ભાઈ! આજ તો એક બીજો વિચાર આવ્યો હતો એમાં. પહેલા કહ્યું હતું ને. પંડિતજીને કહ્યું હતું. એક તો અર્થની વ્યાખ્યા છે ને પ્રવચનસારમાં? ત્રણ શબ્દ-અર્થ કર્યા છે ભાઈએ. પામે છે, પ્રાપ્ત કરે છે, પહોંચે છે. ઓહોહો..! આચાર્યોની કથની ગજબ! વસ્તુને સિદ્ધ કરીને જગત પાસે રજુ કરવાની રીત અલૌકિક છે! અર્થ નામ આત્મા. આપણે અત્યારે પર્યાય દ્રવ્યને પ્રાપ્ત કરે છે એ વાત નથી લેવી. નહિતર ત્યાં તો ઈ છે. પર્યાય ગુણ છે ઈ આત્માને પ્રાપ્ત કરે છે અને દ્રવ્ય છે એ ગુણ-પર્યાયને પ્રાપ્ત કરે છે. તેથી દ્રવ્ય અને ગુણ, પર્યાયને ત્રણેને અર્થ કહેવામાં આવ્યા છે. શું કહ્યું?

મુમુક્ષુ :- ત્રણે અર્થ કહેવામાં આવ્યા છે.

ઉત્તર :- ત્રણેને અર્થ કેમ કહેવામાં આવ્યા? દ્રવ્યને અર્થ કહેવો, દરેક ગુણને અને પર્યાયને. કેમ? કે જે દ્રવ્ય છે, પ્રત્યેક દ્રવ્યની વાત છે પણ આપણે અહીં અત્યારે આત્મા લેવો. દ્રવ્ય છે તે પોતાની પર્યાયને તે સમયની જે પર્યાય છે તેને દ્રવ્ય પ્રાપ્ત કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ? અહીં નિર્મળ પર્યાયની વાત છે. દ્રવ્ય છે અને દ્રવ્યની દૃષ્ટિ થઈ છે એવો આત્મા પોતાની નિર્મળ પર્યાય, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, સુખ. ત્રણની વાત છે અહીંયા. એ પર્યાયને જે તે સમયની પ્રાપ્ત છે તેને પ્રાપ્ત કરે છે. માટે દ્રવ્યને અર્થ કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? અહીં ઈ વાત કહે છે. ત્યાં સામાન્યની વાત હતી. અહીં વિશેષ નિર્મળ દ્રવ્યની વાત છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ અનંત ગુણ (છે) એમાં એક શ્રદ્ધા નામની શક્તિ છે, તેનું કર્મ-તેનું કર્મ સમ્યગ્દર્શન પર્યાય તે શ્રદ્ધાગુણનું કર્મ છે. સમજાય છે કાંઈ? એમ જ્ઞાનગુણનું કર્મ એ વ્યવહાર આદિ જે સમીપમાં વર્તે છે, રાગાદિ, શરીરાદિ અવસ્થા, પૂજા, ભક્તિ કે આ જે મંદિર આદિ તેને જાણવા એવી જે પોતાની પર્યાય રાગની અપેક્ષા રાખ્યા વિના તે જ સમયની તે પર્યાય સ્વપરપ્રકાશક જે સિદ્ધ છે તેને આત્મા પ્રાપ્ત કરે છે. અમરચંદભાઈ! ઝીણી વાત છે થોડી પણ હવે સાંભળવી તો ખરી ને. આહાહા..! સાંભળીને સમજવી પડશે.

વસ્તુ ભગવાન આત્મા.. થોડું શક્તિનું વર્ણન લઈએ છીએ. જિનેશ્વરદાસજી! ઈ કહેતા હતા થોડી શક્તિ લેવી. આ શક્તિ આવી ગઈ કુદરતી. દ્રવ્ય છે એમાં શ્રદ્ધા નામની શક્તિ છે. તેની પર્યાય વર્તમાન થાય છે એ શ્રદ્ધાગુણનું કર્મ છે. એ શ્રદ્ધાગુણનું કર્મ રાગ મંદ છે તેથી તે પર્યાય ઉત્પન્ન થઈ છે એમ નથી. અને એ શ્રદ્ધાગુણની પર્યાય રાગને ઉત્પન્ન કરે છે અને રાગનું કારણ છે એમ નથી. સમજાય છે કાંઈ? એમ આપણે એક સુખગુણમાં ત્રણે સમાવી દીધા.

એમ ભગવાન આત્મા પોતાનો જ્ઞાનગુણ છે, તે તરફનું લક્ષ છે. તો જ્ઞાની એ જ્ઞાનગુણની જે તે સમયની ધ્રુવ પર્યાય—પ્રાપ્ય થવાવાળી છે તેને પ્રાપ્ત કરે છે. એ પ્રાપ્ત કરવામાં દ્રવ્ય કારણ ભલે હો. સમજ્યા? જ્ઞાનમાં. પણ એ વ્યવહાર જેટલો સામે જ્ઞેયરૂપ દેખાય છે એ જ્ઞેય કારણ છે તો જ્ઞાનની પર્યાય થઈ છે એમ નથી. અને જ્ઞાનની પર્યાય એવી થઈ છે તે કારણ બનીને જ્ઞેયનું કાર્ય થાય છે એમ પણ નથી. સાથે સુખ લીધું. મૂળ તો સુખશક્તિનું વર્ણન છે. આ તો..

આત્મામાં આનંદ નામની શક્તિ છે. તો એ શક્તિ દ્રવ્યમાં વ્યાપ્ત છે, ગુણમાં વ્યાપ્ત છે. જ્યારે લક્ષ કર્યું, દ્રવ્યને ધ્યેય બનાવ્યું તો એ સુખગુણની પર્યાયમાં કર્મરૂપી પર્યાય, સુખગુણની કર્મરૂપ એટલે કાર્યરૂપી પર્યાય પ્રગટ થઈ. તે સમયે તે આનંદગુણની પર્યાય પ્રાપ્ય છે. તેને આત્મા પ્રાપ્ત કરે છે. એ સુખગુણની પર્યાયમાં કોઈ નિમિત્ત છે તો સુખની પર્યાય પ્રગટ થઈ એમ નથી. તેમ સુખગુણની પર્યાય કોઈ બીજા સુખની અનુકૂળતાને ઉત્પન્ન કરી દે એમ એમાં નથી. સમજાય છે કાંઈ? એ શક્તિનું એવું સ્વરૂપ છે.

અહીં તો થોડું મગજમાં એમ આવ્યું છે. એક કર્મ શક્તિ છે. કર્મ બતાવવું છે ને? કર્મશક્તિ એક એવી છે, આત્મામાં એક કર્મશક્તિ એવી છે કે '**प्राप्यमाणत्वात्**'. સંસ્કૃત શબ્દ પડ્યો છે. આહાહા..! શું આચાર્યે...! '**प्राप्यमाणत्वात्सिद्ध**'. જે પ્રાપ્ત કરવાલાયક સિદ્ધ પર્યાય છે, સિદ્ધ એટલે તે સમયની ચોક્કસ પર્યાય. સિદ્ધ એટલે સિદ્ધ (ભગવાનની) અહીંયા વાત નથી. (સિદ્ધ એટલે) નિશ્ચિત. તે સમયે સુખની પર્યાય, જ્ઞાનની પર્યાય, દર્શનની પર્યાય થાય છે તે સિદ્ધ છે. એ કર્મનું કાર્ય છે. કર્મરૂપી શક્તિ, કર્મરૂપી એક શક્તિ, એ કર્મરૂપી શક્તિનું એ કર્મ છે. સમજાય છે કાંઈ? એ સિદ્ધ છે. એ પર્યાય જે સમયે ધર્મીની સાધક અવસ્થામાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ અનંત ગુણની જે સમયે જે નિર્મળ પર્યાય છે, તે કર્મશક્તિનું કર્મ છે. સમજાય છે કાંઈ?

એક એમાં ક્રમવર્તી અને અક્રમવર્તી એક શક્તિ છે ઉત્પાદવ્યયધ્રુવત્વ. આહાહા..! તે જ સમયમાં ધર્મીને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની જે પર્યાય છે તે ક્રમમાં આવવાળીને તે પ્રાપ્ત

કરે છે. સમજાય છે કાંઈ? અક્રમ ગુણ છે એટલે એ કંઈ વાત નથી. સમજ્યા? સમજાય છે કાંઈ? થોડું સૂક્ષ્મ પડે પણ વિચારમાં મનન કરવું થોડું. થોડું કરવું એમ કહીએ છીએ. ... સૂક્ષ્મ પડે. આહાહા..! સમજાય છે કાંઈ? પંડિતજી! આ સમજવું. આ ચીજ એવી છે. ગડબડ કરે છે, લોકો કહે છે એ ગડબડ એની પાસે રહી.

અહીં તો ભગવાન આત્મા અનંત શક્તિનો એક એક ગુણ એમાં અનંતી શક્તિ. એનું જે કાર્ય જે સમયે જે થયું તે તેનું પ્રાપ્ય છે. તો કહે છે કે કર્મનું કાર્ય, કર્મશક્તિનું કાર્ય અને ક્રમવર્તીનું કાર્ય.. સમજાય છે કાંઈ? તે જ સમયે જે નિશ્ચત પર્યાય પરની અપેક્ષા વિના પૂર્વની અપેક્ષા વિના, પછીની અપેક્ષા વિના, દ્રવ્ય-ગુણની અપેક્ષા વિના એક ન્યાયે.. સમજાય છે કાંઈ? એવી જે કર્મ નામ એક શક્તિ આત્મામાં છે, એનું કર્મ, કર્મનું કર્મ પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એ કર્મનું કર્મ ત્રણ પ્રકારનું છે. સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ! એ વળી હમણાં વિચારમાં આવ્યું હતું. ગોઠવાઈ ગયું અંદરથી. સૂક્ષ્મ છે, ભાઈ! વસ્તુસ્થિતિ. ઓહોહો..! કેવી શૈલીથી આખો મંડપ આત્માનો સિદ્ધ કરી દીધો છે. સમજાય છે કાંઈ? ચારે બાજુથી સત્‌નું શરણ, જેવી સત્ ચીજ છે તેને અલ્પ શબ્દમાં સરળતાથી સંતોએ, દિગંબર મુનિઓએ માર્ગ સહેલો કરી દીધો. સમજાય છે કાંઈ? ક્યાંય જુઓ તો એક જ વાત સિદ્ધ થાય છે.

કહે છે કે આત્મામાં શ્રદ્ધાશક્તિ કહો, જ્ઞાનશક્તિ કહો, સુખશક્તિ કહો કે કર્મશક્તિ કહો. એ કર્મશક્તિ નામનો ગુણ આત્મામાં છે. એ ગુણનો કર્મ શું? એ ગુણની પર્યાય શું? તે સમયે જે કર્મની પર્યાય જ્ઞાન, દર્શન, આનંદ આદિ જે પર્યાય છે તે કર્મનું કર્મ નામ કર્મનું કાર્ય છે. સમજાય છે કાંઈ? એ રાગનું કાર્ય નહિ અને રાગનું એ કારણ પણ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? સમજાય છે? સમજાય છે એ અમારી ગુજરાતી ભાષા છે. થોડી ગુજરાતી કાઠિયાવાડી તો આવી જાય ને. આહા..! સમજાય છે કાંઈ?

એક એક શક્તિમાં સર્વ શક્તિ વ્યાપ્ત છે. વિભુ છે એમાં. વિભુશક્તિ છે. એક શક્તિમાં અનંત શક્તિ વ્યાપ્ત છે. એક શક્તિના પરિણમનની સાથે અનંત શક્તિનું પરિણમન એક સમયમાં સાથે ઉત્પન્ન થાય છે. એ શક્તિનું એ કાર્ય છે.

અહીં કહે છે, પ્રાપ્ય એવું '**વ્યાપ્યલક્ષણવાળું...**' પ્રાપ્ય એવું વ્યાપ્યલક્ષણવાળું-અવસ્થા લક્ષણવાળું '**આત્માના પરિણામસ્વરૂપ કર્મ...**' ઓહોહો..! આત્માની પર્યાયરૂપી કાર્ય. સમજાય છે કાંઈ? અને ત્રીજો, ચોથો બોલ ઈ યાદ આવ્યો હતો. ૫૨ ગાથાનો છે ને. '**ण वि गेण्हदि**'નો અર્થ કર્યો છે ને ભાવાર્થમાં. કેવળજ્ઞાની... ૮૭, ૫૨, અને કર્મશક્તિ અને અર્થ. ૮૭માં અર્થ લીધું છે. પ્રવચનસારની ૮૭ ગાથા. '**अट्ठ**'. '**अट्ठ**'. ૫૨ છે ત્યાં, કેવળજ્ઞાની.. જુઓ! કેવળજ્ઞાની જ્ઞાનને પ્રાપ્ત કરે છે. તે જ સમયે પ્રાપ્ય કેવળજ્ઞાનીની કેવળપર્યાય તે

તેનું પ્રાપ્ય છે. તે પ્રાપ્યમાં લોકાલોક જ્ઞેય છે તે પ્રાપ્ય જ્ઞાનીનું નહિ. કેવળજ્ઞાનીનું પ્રાપ્ય જ્ઞેય લોકાલોક નહિ, જ્ઞેય નહિ. જ્ઞેય સંબંધીનું પોતાનું જ્ઞાન પોતામાં થયું, પોતાના કારણે એ કેવળજ્ઞાનીની કેવળજ્ઞાન પર્યાય પોતાનું પ્રાપ્ય છે. તેને દ્રવ્ય પ્રાપ્ત કરે છે. આહા..! સમજાય છે કાંઈ? અહીંયા આપણે સાધક-બાધક ચાલે છે, પણ એમાં કેવળજ્ઞાની સિદ્ધ કર્યા.

કેવળજ્ઞાની જ્ઞેયને પ્રાપ્ત નથી કરતા. લોકાલોક છે, લોકાલોક છે તેને પ્રાપ્ત કરે છે? તે સંબંધી પોતાનું જ્ઞાન પોતામાં છે. તે સંબંધીનું પોતાનું જ્ઞાન પોતામાં છે. એવી કેવળજ્ઞાનની પર્યાય તેનું પ્રાપ્ય છે. સમજાય છે કાંઈ? આહાહા..! અહીં તો વજ્રનારાચ સંહનન, મનુષ્યનો દેહ, ઘાતિકર્મનો ક્ષય એ બધા છે તો કેવળજ્ઞાન થાય છે. અરે..! ભગવાન! શું તું કહે છે? હજી તો વાંધા ઉઠાવે છે કે નહિ, પહેલા આમ લો. કર્મનો નાશ થાય તો કેવળજ્ઞાન થાય છે એમ કહો. તમે કહો છો કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે તો કર્મનો નાશ કર્મને કારણે નાશ થાય છે, એમ ઉલટી ગંગા ચલાવો છો. એમ કહે છે. ઉલટી ગંગા ઈ કરે છે એની ખબર નથી. કહો, સમજાય છે કાંઈ? એમ કહે છે. એને પર્યાયમાં જે ભાસ થાય એમ કહે. શું કરે? 'જામે જિતની બુદ્ધિ હૈ ઉતનો દિયો બતાય. ઉતનો દિયો બતાય. વાંકો બૂરો ન માનીએ ઔર કહાંસે લાય?' હોય એવું લાવે. બીજું લાવે ક્યાંથી? સમજાય છે કાંઈ?

આ તો પરમસત્ય. પરમેશ્વરના પેટ ખુલે છે આ તો. સમજાય છે કાંઈ? પેટમાં શું છે ચીરીને જુઓ તો આ છે એમ કહે છે. આહા..! કહે છે કે કેવળજ્ઞાની પરને પ્રાપ્ત કરતા નથી, પરને પરિણમાવતા નથી એટલે પરને વિકાર કરતા નથી અને જ્ઞેયપણે કેવળજ્ઞાની ઉપજતા નથી. પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય આવી ગયું. સમજાય છે કાંઈ? કેવળજ્ઞાની પોતાની ભગવાન સર્વજ્ઞપર્યાય.. એ સર્વદર્શી અને સર્વજ્ઞશક્તિ આવે છે ને, એ સર્વજ્ઞશક્તિ પોતાની પર્યાયમાં જે પ્રગટ સર્વજ્ઞપર્યાય છે તેને આત્મા પ્રાપ્ત કરે છે. જ્ઞેયને પ્રાપ્ત કરે છે અને જ્ઞેય છે તો પ્રાપ્ત થાય છે એમ છે જ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..!

અને એ કેવળજ્ઞાની વિકાર્યરૂપ છે. કારણ કે તે જ પલટીને પર્યાય થઈ છે. કોઈ જ્ઞેય પલટ્યા છે એટલે અહીં કેવળજ્ઞાન થયું છે એમ નથી. અને કેવળજ્ઞાની પોતાની પર્યાયમાં ઉપજે છે. તે તેનું નિર્વર્ત્ય કર્મ છે. કેવળજ્ઞાની પોતાની પર્યાયમાં ઉપજે છે તે તેનું નિર્વર્ત્ય કર્મ છે. નિપજેલું કાર્ય ઈ છે એનું. શેઠી!

મુમુક્ષુ :- કર્મના અભાવને કારણે નથી પરિણમ્યું?

ઉત્તર :- ઈ વાત નથી. એમાં ક્યાંય આવતું નથી. કેવળજ્ઞાનાવરણીયનો નાશ થયો તો કેવળજ્ઞાનપર્યાય થઈ એમ છે નહિ. ન્યાયથી વિચાર તો કરશે કે નહિ? જિનેશ્વરદાસજી! આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કારણ વિના કાર્ય થતું નથી. કારણ આત્મા. આત્મા કારણ અને પર્યાય કાર્ય. ભેદથી કહો તો. અહીં વિશેષ કહો તો કેવળજ્ઞાનની પર્યાય પોતાનું કારણ અને પોતાનું કાર્ય. કેવળજ્ઞાનની પર્યાયનો અંશ છે તે પોતાનું કારણ અને પોતાનું કાર્ય. આત્માને કારણ કહેવો તે પણ ભેદથી કથન છે. પરનું કારણ તો છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? એવી ચીજ છે.

કેવળજ્ઞાની પરમાત્મા પોતાની પર્યાય પ્રાપ્યરૂપ છે તેને પ્રાપ્ત કરે છે. પરિણમે છે ઈ અને ઉપજે છે એમાં? શું જ્ઞેયમાં ઉપજે છે? જ્ઞેયને પ્રાપ્ત કરે છે? લોકાલોકને પ્રાપ્ત કરે છે? સમજાય છે કાંઈ? અમારે બહુ ચર્ચા થઈ હતી. (સંવત) ૧૯૮૩ની સાલમાં. દામોદર શેઠ સાથે. વિરજીભાઈ સાથે હતા. ૮૩ની વાત છે. ૧૭ ને ૨૪, ૪૧ વર્ષ થયા. બહુ ચર્ચા થઈ. જ્ઞેય છે તો જ્ઞાન છે. અનંતા જ્ઞેય છે, લોકાલોક છે તો જ્ઞાન છે. કારણ કે જ્ઞાન જ્ઞેયપ્રમાણ છે તો જ્ઞેય છે જ્ઞેય છે તે પ્રમાણે જ્ઞાન છે. પ્રવચનસારમાં આવે છે કે નહિ? જ્ઞાન જ્ઞેયપ્રમાણ, જ્ઞેય લોકાલોક પ્રમાણ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, પણ છે શું એમાં? જ્ઞેય છે તો જ્ઞાન છે? ત્રણ કાળમાં નહિ. ભારે વાત. મોટી ચર્ચા (થયેલી). પરથી પરાધીનની દૃષ્ટિ હતી. બધી વાત પરથી લે. જેમ અત્યારે લ્યે છે એમ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ક્યાં લખ્યું છે? લખ્યું જ નથી, લખ્યું જ નથી. જ્ઞેયપ્રમાણ એ તો જ્ઞાનનું માપ બતાવ્યું કે કેટલી શક્તિ છે? કે આટલી શક્તિ છે. છે પોતાથી. જ્ઞેયને કારણે શક્તિ છે એમ નથી. ઈ તો અહીંયા સિદ્ધ કરે છે. સમજાય છે કાંઈ? ભગવાનની કેવળજ્ઞાનની પર્યાય, આનંદની પર્યાય કે ત્યાં રહેવાની પર્યાય તે જ સમયે તે સિદ્ધ-પ્રાપ્ય છે તેને પ્રાપ્ત કરે છે. ધર્માસ્તિકાયનો અભાવ છે તેથી આગળ નથી જતા એમ નથી. એમ કહે છે. સમજાય છે કાંઈ? એ પોતાથી પ્રાપ્ત કરે છે. ત્યાં રહેવાની પર્યાયની યોગ્યતા જ એવી છે તેને પ્રાપ્ત કરે છે. પણ શૈલી તો જુઓ પરમાગમની! નિઃસંદેહ વસ્તુની સ્થિતિ જગત પાસે રજુ કરે છે. ભાઈ! તારે જાણવું અને અનુભવવું એ તારું કામ છે. સમજાય છે કાંઈ? કોઈ બીજો અનુભવ કરાવી દે એવી કોઈ વસ્તુ નથી.

કહે છે, પ્રાપ્ય એવું વ્યાપ્યલક્ષણવાળું આત્માના પરિણામ-કર્મ, એમાં. હવે વિકાર્ય લ્યો. વિકાર્ય. આત્મામાં જે ધર્મની પર્યાય પરિણમન થઈને ઉત્પન્ન થઈ. પહેલા હતી તેને પ્રાપ્ત કરી. અને પરિણમન થઈને પરિણમન થયું. જ્ઞાનની પર્યાય, દર્શનની પર્યાય, આનંદની પર્યાય,

ચારિત્રની પર્યાય.. સમજ્યા? પ્રભુત્વની પર્યાય, સ્વચ્છત્વની પર્યાય, અકાર્યકારણની પર્યાય અને કર્મશક્તિની પર્યાય. કર્મ નામની શક્તિ છે તેની પર્યાય પરિણમી છે તેને વિકાર્ય કહે છે. છે તો એની એ પર્યાય. એ પર્યાયને ત્રણ લક્ષથી જોવી. એક છે તેને પ્રાપ્ત કરી, એક પરિણમન અને નિર્વર્ત્ય-નીપજવું-ઉપજવું. તે જ સમયમાં તે પર્યાય સાધકજીવને જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદની પર્યાય છે તે ઉપજી તે તેનું દ્રવ્યનું કર્મ છે, એ દ્રવ્યનું કાર્ય છે. એ ઉપજી એ દ્રવ્યનું કાર્ય છે, વિકાર્ય દ્રવ્યનું કાર્ય છે, પ્રાપ્ય દ્રવ્યનું કાર્ય છે. સમજાય છે કાંઈ? અને કર્તા દ્રવ્ય છે. એટલું અહીંયા સિદ્ધ કરવું છે ને ભાઈ. કર્તા સિદ્ધ કરવું છે. સમજ્યા? અહીંયા કર્તાકર્મ સિદ્ધ કરવું છે ને.

આત્મા કરવાવાળો અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદ, સાધકસ્વભાવ નિશ્ચયમોક્ષમાર્ગ એનું કર્મ નામ કાર્ય. એ પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય ત્રણ લક્ષણવાળું તેને આત્મા, તેમાં આત્મા '**પોતે અંતર્વ્યાપક થઈને,...**' ભાષા જુઓ! '**પોતે અંતર્વ્યાપક થઈને...**' નિમિત્ત ને રાગ ને લોકાલોક કે પરજ્ઞેયની અપેક્ષા રાખ્યા વિના એ પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય જે નિર્મળ ધર્મની પર્યાય છે.. સમજાય છે કાંઈ? આહાહા..! તેને પોતે અંતર્વ્યાપક-આત્મા જ અંદર પ્રસરે છે. એ પર્યાયમાં આત્મા જ વિસ્તાર પામે છે. પ્રજાને આત્મા પ્રસરે છે. વિસ્તાર કરે છે. એ અંતર્વ્યાપક થઈને. નિર્મળ પર્યાય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદની પર્યાયમાં એ જે એનું કર્મ છે તેમાં કર્તા અંતર્વ્યાપક થઈને, અંદર પેસીને વિસ્તારપણે તે કરે છે. આત્મા વિસ્તરે છે. આત્માનો વિસ્તાર અને આત્માની ઈ પ્રજા છે. પ્રજા નામ પર્યાય. સમજાય છે કાંઈ? વજુભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ગુણ કહો કે શક્તિ કહો, એક જ છે. શક્તિ કેમ કહ્યું? કે એટલું સામર્થ્ય છે એ પરિણમન કરે તો પ્રગટ થઈ જાય એ અપેક્ષાથી શક્તિ કહ્યું છે. ગુણને જ શક્તિ કહ્યું છે. ગુણને જ શક્તિ કહ્યું છે. ગુણ ન કહેતા અહીંયા શક્તિ કહ્યું (કેમકે) સત્ત્વરૂપ છે ને, ધ્રુવરૂપ છે, શક્તિ છે તો પ્રગટ પરિણમનરૂપ થાય છે. ગુણ કહો, શક્તિ કહો, સહવર્તી ગુણ કહો, સ્વભાવ કહો, દ્રવ્યનો ભાવ કહો બધી એક જ વાત છે. ઓહોહો..!

કહે છે કે ત્રણ લક્ષણવાળું, પર્યાય લક્ષણવાળું એક કર્મ. ત્રણ લક્ષણથી ઓળખવામાં આવતું એક કર્મ. ઈ કર્મ તો એક જ છે. પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય. શ્રદ્ધાગુણની પર્યાય, જ્ઞાનની પર્યાય, આનંદની પર્યાય અનંત ગુણની નિર્મળ પર્યાય એ વ્યાપ્યલક્ષણવાળું પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય ત્રણ લક્ષણથી, ત્રણ લક્ષથી ઓળખવામાં આવતું કર્મ, એ કર્મમાં સ્વયં આત્મા વ્યાપક થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

'**તેનામાં આત્મા પોતે અંતર્વ્યાપક થઈને,...**' હવે ખુબી લ્યે છે. '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...**' ભગવાન આત્મા પોતાના સમ્યગ્દર્શનની પર્યાયમાં આદિમાં આત્મા, મધ્યમાં આત્મા અને અંતમાં આત્મા છે. આદિમાં જે દર્શનમોહ કર્મનો ક્ષયોપશમ થયો તો સમ્યગ્દર્શનની પર્યાય થઈ એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ખાણિયાની ચર્ચા જોઈ છે કે નહિ? દેવીલાલજી! જોઈ છે ને? એમાં વિરુદ્ધમાં બહુ લખાણ છે. ખાણિયાની ચર્ચા. ... ગયા હતા ને, પહેલા પણ ગયા હતા. (સંવત) ૨૦૧૩ની સાલમાં ગયા હતા. ઉપર ચડવા ગયા હતા. ઉપર થોડું બનાવ્યું છે ને. દેશભુષણ કુલભુષણ. આહાહા..!

કહે છે, પોતાની સમ્યગ્દર્શનની પર્યાયમાં એ પર્યાયરૂપી કાર્યમાં આદિ-મધ્ય અને અંતમાં આત્મા છે. આદિમાં ગુરુના વચનની થોડી મદદ, ગુરુની, કેવળીની, તીર્થંકરની કે કર્મના ક્ષયોપશમની આદિ છે અને પર્યાય એમાં છે એમ નથી. સમજાય છે કાંઈ? અનુભૂતિમાં પર્યાયમાં આદિમાં આત્મા છે, એમ કહે છે. પૂર્વે જરી વિકલ્પ આવ્યો કે હું અનુભવ કરું એ વિકલ્પ તો નથી, પણ એને કારણે અનુભૂતિની દશા પ્રાપ્ત થઈ એમ પણ નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈ તો બહાર જ છે. ઈ તો પર છે. એને તો કર્મ પ્રાપ્ત કરે છે. દ્રવ્યમાં શું છે? દ્રવ્ય તો એકલો આનંદ અને શુદ્ધતાની ખાણ છે. દ્રવ્ય તો શુદ્ધતાની ખાણ છે. દ્રવ્યમાં શોધવાથી તો શુદ્ધતા પ્રાપ્ત થાય છે. દ્રવ્યને શોધવાથી શુદ્ધતા પ્રાપ્ત થાય છે. દ્રવ્યને શોધવાથી શું...સમજાય છે? આરસપહાણની મકરાણામાં ખાણ છે તેને ખોદવાથી શું કોલસા નીકળે છે? મકરાણાની ખાણ છે ને? નજીકમાં કોણ રહે છે? નજીકમાં છે ને. આ તમે નજીક રહો છો. આ અમારા ભાઈ ત્યાં નજીક છે. ત્યાં નજીક છો તમે? કુચામણ. પછી લાડનુ. બરાબર છે. લાડનુ અને એની વચ્ચે છે. અમે તે દી ગયા હતા ને, કુચામણથી. ઈ વચમાં છે મકરાણાની. તે દી કુચામણથી લાડનુ ગયા હતા. આ ફેરી ફેર હતો. નહિ? આ ફેરી બીજે ગયા હતા. બીજે ગયા હતા, નહિ? સમજાય છે? કુચામણથી લાડનુ ગયા હતા ત્યારે વચમાં રસ્તો છે. કે અહીં મકરાણાનો રસ્તો છે. ત્યાં તો ખાણમાં સો સો મણના, દસ-દસ મણના પત્થર (નીકળે). મોટી પ્રતિમા બનાવવી હોય, ૨૮ ફૂટની, ૩૩ ફૂટની .. નીકળે છે. શું કોલસા નીકળે છે? છે એમાં કોલસા?

ભગવાન આત્માની ખાણ.. પેલી તો સ્થૂળ વાત છે. આ તો સૂક્ષ્મ સ્વરૂપ. જેની ખાણમાં નિધી અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત સ્વચ્છતા, અનંત કર્તા, કર્મ શક્તિ આદિ એક એક અનંતની ખાણ પડી છે, તેનો સ્પર્શ કરવાથી તો તેમાં આનંદાદિ (પ્રગટ

થાય). લ્યો, કર્મશક્તિનું કર્મ. એ પ્રાપ્યમાણ આવ્યું હતું ને? ભાઈ! પ્રાપ્યમાણ એ ઉપરથી વધારે મગજમાં (આવ્યું). ઓહોહો..! પ્રાપ્યમાણત્વાત અને તે પણ સિદ્ધ. જે સમયે જે પર્યાય સાધકની શુદ્ધ થવાની તે પ્રાપ્ય, તેને જ પ્રાપ્ત કરે છે. એ કર્મશક્તિના વર્ણનમાં છે. દ્રવ્યનો નિયમ જ એ છે કે જે સમયે પર્યાય પ્રાપ્ય છે તે જ સમયનો તે અંશ નિરાલંબ આધાર વિનાની પર્યાયને આત્મા પ્રાપ્ત કરે છે. તે રૂપે પરિણમે છે, તે રૂપે ઉપજે છે. કેવી રીતે?

'**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...**' આદિમાં આત્મા, મધ્યમાં પણ આત્મા. આદિ-મધ્ય-અંતનો સમય નથી. એ તો બતાવવું છે. ભગવાનની શરૂઆત નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદ, કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત ચતુષ્ટય આદિ પર્યાયના પ્રાપ્યમાં આદિમાં આત્મા જ છે. મધ્યમાં આત્મા જ છે. ભગવાન આત્મા અંતમાં પણ ઈ જ છે. સમજાય છે કાંઈ? આહાહા..! '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો,...**' લ્યો, એ પ્રાપ્ય આવ્યું. એને ગ્રહતો. ભગવાન આત્મા પોતાના ધ્યેયને લક્ષમાં લીધું તો આત્મા પોતાની પર્યાયમાં નિર્મળ દર્શન, જ્ઞાન, ચારિત્ર, સ્વચ્છતા આદિ પર્યાય થઈ તેને તે પ્રાપ્ય, તેને ગ્રહણ કરે છે. છે તેને ગ્રહણ કરે છે, છે તેને પ્રાપ્ત કરે છે, છે તેને પહોંચે છે. આ છે તેને પામે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

એવી સ્વતંત્ર ભગવાન ગુણોની ખાણ અને પર્યાય સ્વતંત્રતાની ખાણ. કહે છે તેને ગ્રહતો. નિર્મળ પર્યાય ધર્મની, વીતરાગની, શાંતિની, સ્વચ્છતાની, આનંદ આદિની અનંત શક્તિઓની પર્યાય તે સમયમાં નિર્મળ થવાવાળી છે,.. આવ્યું ને? જ્ઞાનાદિ અનંત ગુણ એકદેશ સમકિતીને પ્રગટ થયા છે. કેવળજ્ઞાનીને જ્ઞાનાદિ અનંત ગુણ પૂર્ણ પ્રગટ થયા છે. ચોથે ગુણસ્થાને પણ જ્ઞાનાદિ એકદેશ-એક અંશ-બધા જેટલા ગુણ છે તે બધા (એકદેશ) નિર્મળ પ્રગટ થયા છે. તે છે એને અહીંયા ગ્રહણ કરે છે એમ કહે છે. ગ્રહણ કહો કે પ્રાપ્ય કહો. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા. આ તો પરમેશ્વર થઈ ગયો. કહ્યું હતું, નહિ?

એકદેશ. કારણ કે જેટલા અનંત ગુણ છે એ અનંત ગુણનું એકરૂપ દ્રવ્ય, એની જ્યાં દૃષ્ટિ, રુચિ, અનુભવ થયા તો જેટલી શક્તિ છે તેનો એક અંશ વ્યક્ત-પૂર્ણ પ્રગટ થઈ ગયા. અનંત ગુણની પર્યાયમાં અનંતી શુદ્ધિ, અનંતની અનંતી શુદ્ધિ બધાની પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ? તેથી સમ્યગ્દર્શનને શ્રીમદ્‌ના ટૂંકા વાક્યમાં (એમ કહ્યું), સર્વગુણાંશ તે સમકિત. એમ લીધું છે. સર્વગુણાંશ તે સમકિત. બહુ ટૂંકા શબ્દમાં શ્રીમદ્‌નું કથન બહુ ગંભીર, ઘણું

ગંભીર. લોકો એને સમજી શક્યા નહિ. સમજાય છે કાંઈ? સર્વગુણાંશ તે સમકિત. કેવું લીધું છે! ઓહોહો..! નાની ઉંમરમાં આત્મા પ્રગટ થયો તો બધો ખ્યાલ આવી ગયો. સર્વગુણાંશ તે સમકિત. સમકિતની વ્યાખ્યા શું? જેટલા ગુણ છે તેનો એક અંશ નિર્મળ પ્રગટ થાય તેની પ્રતીતિ તેનું નામ સમ્યગ્દર્શન છે. સમજાય છે કાંઈ? દેવીલાલજી! આહા..!

કહે છે, '**તેને ગ્રહતો,...**' આપણે ચિઠ્ઠીમાં પણ આવ્યું છે. બતાવ્યું હતું ને? રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં પણ ટોડરમલજીએ લીધું છે. ઈ જયપુરમાં બતાવ્યું હતું કે જુઓ, ભાઈ! ચોથા ગુણસ્થાનમાં સમ્યગ્દર્શન જ્યાં થયું... અહીંયા પણ એ ચાલે છે કે ૪૭ શક્તિમાં કે જ્ઞાનની પર્યાય જ્યાં ઉછળી તો અનંત ગુણની પર્યાય સાથે ઉછળે છે. એ પહેલા શક્તિમાં આવી ગયું છે, ૪૭ શક્તિમાં. એક સમ્યગ્જ્ઞાનની પર્યાય જ્યાં ઉછળી, પ્રગટ થઈ તો સાથે અનંત ગુણની શક્તિ સાથે પ્રગટ થાય છે. ૪૭ શક્તિ. સમજાય છે કાંઈ? ભીખાભાઈ! આહાહા..! ભાણિયો એમ કહે છે. બાબુભાઈનો છોકરો છે ને. ભાણિયો, બેનને દીકરો. ... સૂક્ષ્મ છે, સૂક્ષ્મ છે. છોકરો .. પુંજાભાઈનો. ગોપાળદાસનો દીકરાનો દીકરો. વાત સૂક્ષ્મ છે પણ .. આત્મા છે. આત્મા આઠ વર્ષે કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. આત્મા ક્યાં આઠ વર્ષનો છે, આત્મા તો અનાદિઅનંત છે. સમજાય છે કાંઈ? અનંત આત્મામાંથી કોઈ ભવિષ્યના એક સમયને વર્તમાનમાં ભોગવે છે? ... એ તો શરીરની સ્થિતિની અપેક્ષાથી કહેવાય છે કે આ નાનો છે ને મોટો છે.

અહીંયા કહે છે કે આત્મા એ વિકારની પર્યાયની તો અહીંયા વાત જ નથી. કેમ કે આત્મા એનો કર્તા નથી. કેમ કે આત્મામાં એમ નથી. કર્તા નથી એનો અર્થ કે એમાં નથી. નિર્મળ ધર્મની મોક્ષમાર્ગની પર્યાયને આત્મપરિણામને ગ્રહતો. જુઓ! '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને...**' તેને નામ જે 'છે' તેને ગ્રહણ કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ પ્રાપ્ય થયું. એ કર્મશક્તિમાં પ્રાપ્યમાણસિદ્ધ, સિદ્ધ થયેલાને પ્રાપ્ત કરે છે. કર્મશક્તિ.. સિદ્ધ નામ વર્તમાન સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર સમકિતીને જે પર્યાય ત્યાં છે, થવાવાળી છે, છે તેને પ્રાપ્ત કરે છે. એ કર્મશક્તિનું કાર્ય છે. સમજાય છે કાંઈ? એ કર્મશક્તિ અનંત ગુણમાં વ્યાપક છે. આહાહા..! અનંત ગુણની.. ચંદુભાઈ! ભારે વાત ભાઈ.

કહે છે, ભગવાન! તારી લીલા તો જો. ભગવાન અનંત ગુણનો પિંડ પ્રભુ એની જ્યાં અંતર દૃષ્ટિ થઈ તો અનંતા ગુણો એક સમયમાં નિર્મળપણે પ્રાપ્ય છે તેને પ્રાપ્ત કરે છે. આહાહા..! '**તે-રૂપે,...**' તેને ગ્રહતો એટલો શબ્દ આવ્યો. હવે વિકાર્યમાં '**તે-રૂપે પરિણમતો...**' જુઓ! કર્તા સિદ્ધ કરવો છે ને. સમજાય છે કાંઈ? તે રૂપે ગ્રહતો. આત્માને કર્તા સિદ્ધ કરવો છે ને. પર્યાયનો-નિર્મળ પર્યાયનો કર્તા સિદ્ધ કરવો છે અને નિર્મળ પર્યાય તે સમયે

પ્રાપ્યરૂપ છે, વિકાર્યરૂપ છે, પરિણમનરૂપ છે અને તે જ પર્યાય ઉપજરૂપ છે. પર્યાય તો એક જ છે. એક એક ગુણની એક એક પર્યાય પ્રાપ્ય છે, વિકાર્ય છે અને નિર્વર્ત્ય છે. સમજાય છે કાંઈ? ખરેખર તો એક ગુણની જે પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય પર્યાય છે તે બીજા ગુણનું કારણ અને પ્રાપ્ય, વિકાર્ય નથી. તો પરના કારણે તો છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે, '**તે-રૂપે પરિણમતો...**' જે પર્યાય ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સચ્ચિદાનંદ પ્રભુ પોતાથી પર્યાયમાં ઉછળ્યો, પરિણમન થયું તે પણે તે પરિણમે છે. પરિણમન કરવાવાળો તે આત્મા છે. તે પરિણમન કરવાવાળો વિકાર્યરૂપ એ આત્મા થયો છે. વિકાર્ય નામ પરિણમનરૂપ. એ પરિણમનમાં કોઈ બીજાના કારણની અપેક્ષા નથી. ખરેખર તો એક ગુણના વિકાર્ય અને પ્રાપ્યમાં બીજા ગુણના પ્રાપ્ય અને વિકાર્ય કામ કરતા નથી એમ વાત છે. સ્વયંસિદ્ધ સ્વયંસિદ્ધ ગુણ છે. અનંત ગુણ પણ સ્વયંસિદ્ધ છે. કોઈ ગુણની અપેક્ષા પોતાનું અસ્તિત્વ રાખે છે? ઈ એવી રીતે અસ્તિ રાખે છે? આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- દરેક ગુણની. એક એકમાં કર્મશક્તિ. એક એક ગુણમાં વિભુત્વશક્તિ, એક એક ગુણમાં કર્તા આદિ શક્તિ. એક જ્ઞાનગુણમાં છ કારકની પર્યાય સ્વતંત્ર જ્ઞાનગુણની છે. વિભુ છે ને સાથે. સમજાય છે કાંઈ? આ ભગવાનની ગીતા ચાલે છે. ગીતા એટલે ગુણગ્રામ. આ ભાગવત ચાલે છે. આત્માનું ભાગવત. આત્માની પારાયણ.

ભાઈ! કહે છે, પ્રભુ! તું આત્મા છો ને નાથ! તો તારામાં તો અનંત શુદ્ધતા પડી છે, પ્રભુ! એ શુદ્ધતાની જ્યાં દૃષ્ટિ થઈ તો શુદ્ધતાની પર્યાયપણે પરિણમવું એ તો આદિ-મધ્ય-અંતમાં તું જ છો. પરિણમનમાં કોઈ બીજાની અપેક્ષા છે એમ છે નહિ. એમ નિરપેક્ષતા સિદ્ધ કરે છે. આહાહા..! વળી કોઈ કહે કે નહિ, નહિ, નહિ. ભગવાનના માર્ગમાં એકલો નિરપેક્ષ નહિ, સાપેક્ષ હોય છે. એ તો જ્ઞાન કરવા માટે સાપેક્ષ કહ્યું છે. સાપેક્ષ છે તો વસ્તુ પરાધીન થઈ છે એમ નથી. સાપેક્ષ તો ઉપેક્ષા કરવા માટે સાપેક્ષ કહ્યું છે. ઉપેક્ષા કરવા માટે સાપેક્ષ કહ્યું છે. અપેક્ષા રાખવા માટે સાપેક્ષ કહ્યું છે એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ઉપેક્ષા કર, છોડી દે એનું લક્ષ. સમજ્યા? તારું લક્ષ દ્રવ્યસ્વરૂપ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ, એની અપેક્ષા કર. તારી પર્યાયમાં પરિણમન તારાથી થાય છે.

'**અને તે-રૂપે ઊપજતો થકો,...**' એ નિર્વર્ત્ય થયું. નિર્વર્ત્ય કર્મ. છે તો ઈ જ પર્યાય, હોં! પણ ઉપજવાની અપેક્ષાથી એને નિર્વર્ત્ય કહે છે, પલટવાની અપેક્ષાએ વિકાર્ય કહે છે. 'છે' તેને પ્રાપ્ય કહે છે. સમજાય છે કાંઈ? યથાર્થ ચીજ શું છે તેનું જ્ઞાન તો કરવું પડશે

કે નહિ? ઉલટું જ્ઞાન હશે તો સત્ પ્રાપ્ત નહિ થાય, સત્ જવાબ નહિ આપે. સત્ જેવું છે તેવું જ્ઞાન નહિ કરે તો સત્ જવાબ નહિ આપે. એમ વાત છે. પોપાબાઈના રાજ નથી ત્યાં. શું કહ્યું?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તો રખડે, રાગની એકતા થઈ તે રખડે છે. .. ક્યાં, પોતે રખડવામાં જ પડ્યો છે. પરિભ્રમણના ચક્કરમાં વર્તમાનમાં પડ્યો છે. રાગ પોતાથી અને રાગથી પોતામાં લાભ થાય છે એ તો વર્તમાનમાં જ પડ્યો છે. બીજા ચક્કરમાં ભવિષ્યમાં થાય કે નહિ, પણ વર્તમાનમાં જ પડ્યો છે. નદીમાં પાણી આવે ને? વમળ ચડે ને? વમળ. એમાં ઘુસી ગયો છે. અમારે કાળુભાર (નદીમાં) બહુ પાણી આવે છે. પાણી બહુ આવે. અમે હતા ત્યારે ગામમાં ગરી જતા. એ કંઈ નવી વાત નથી. બહુ પાણી આવે. ગામમાં અહીં સુધી, હોં! રોકડ શેઠની દુકાન છે દરવાજા પાસે ત્યાં સુધી પાણી ભર્યું હોય. બહુ પાણી. કારણ કે ગામનું પાણી નીકળવાનો ગઢમાં એક મોટો રસ્તો હતો. એટલે પાણી ઓલું બહાર આવે એટલે આ તો ન જાય પણ ઈ (નદીનું) આમ આવે. અમે નજરે જોયેલું છે. દસ-બાર વર્ષની ઉંમર. અમે નાની ઉંમરના ખરા ને, તો અમારા મામાની દુકાન મોટી .. ભાવસાર હતા ને, અમારા મામાની દુકાન.. ઘણી દુકાન, ઘણા બધા મરી ગયા. વાંઢા નહિ પણ વાંઝિયા. પરણ્યા પણ દીકરો, દીકરો નહિ. ઘણા મકાનો. ત્યાં દુકાન હતી. મામા બેસતા. અહીં બેસો. જુઓ અહીંથી. આઘા ન જવા દે. ગામમાં પાણી ત્યાં સુધી. આટલું આટલું નદીનું પાણી ગામમાં ગરી જાય. હમણા .. કહેતા હતા, ગરી ગયું હતું. પણ એના ચક્કર દેખે છેટેથી, ઉપરથી દેખાય, એ ચક્કર એવી ભમરી ખાતી હોય છે, જો કોઈ ગરે તો અંદર ઉતારી દે. સમજ્યા?

ઉન્મગ્ના, નિમગ્ના નદી આવે છે ને? બે નદી આવે છે. વૈતાલ પર્વતની વચમાં ચક્રવર્તી જ્યારે સાધવા જાય છે ને. ચક્રવર્તી છ ખંડ સાધવા જાય છે ત્યારે વચમાં એક ઉન્મગ્ના, નિમગ્ના નદી આવે છે. એક નદીનો એવો સ્વભાવ કે જે કોઈ ચીજ પડે એને બહાર કાઢી નાખે. એક નદીનો એવો સ્વભાવ જે અંદર પડે એને હેઠે ઉતારી દે. સમજાય છે કાંઈ? હેઠે ઉતારવું. ઉન્મગ્ના નામ બહાર કાઢવું. એવી બે નદી આવે છે. વૈતાલ પર્વતની વચમાં આવે છે. નિમગ્ન-અંદર નાખી દે. મિથ્યાત્વી રાગ ઉતારી દે અંદરમાં એકાકાર કરીને. જ્ઞાની રાગ છોડી દે છે. છોડે છે એમ કહેવું વ્યવહાર છે. સમજાય છે કાંઈ? એનું લક્ષ કરતો નથી, સ્પર્શે નહિ એનું નામ છોડવું. સમજાય છે કાંઈ?

કહે છે, **'તે-રૂપે ઊપજતો થકો,...'** ઓહોહો..! એક એક ગુણની એક એક પર્યાય

નિર્મળ. જે સમયે જે કાળે જે ક્ષેત્રમાં જે રીતે ઉત્પન્ન થઈ તે જ પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એ દ્રવ્યનું કાર્ય છે. '**તે આત્મપરિણામને કરે છે;...**' જુઓ! તે આત્મપરિણામને કરે છે. તે પરિણામ પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય. એ પરિણામને આત્મા કરે છે. આ કર્તાકર્મ સિદ્ધ કરવું છે ને. તો નિર્મળ નિર્વિકારી પર્યાય એ જ પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્યને આત્મા કરે છે. આત્મા કરે છે. કોઈ કર્મ-બર્મ કરે છે એમ નથી. સમજાય છે કાંઈ? '**તે આત્મપરિણામને...**' અર્થાત્ તે આત્માના કર્મને આત્મા કરે છે. કહ્યું હતું ને ઉપર? આત્માના પરિણામરૂપ કર્મ એમ કહ્યું હતું પહેલી લીટીમાં. તે જ આત્મપરિણામને નિર્મળ પરિણામનો કર્તા આત્મા છે. આહા..! સમજાય છે કાંઈ?

'**આમ...**' આ પ્રકારે '**આત્મા વડે કરવામાં આવતું...**' કેટલું સિદ્ધ કરે છે! આ પ્રકારે આત્મા વડે. વ્યવહાર દ્વારા, નિમિત્ત દ્વારા એમ વાત કરે છે ને? કેટલું સ્પષ્ટ કરે છે! ઓહોહો..! આત્મા વડે. કરણ દ્વારા, પૂર્વના કરણ દ્વારા સમકિત થાય છે એમ પણ નહિ અહીં તો કહે છે. આત્મા વડે સીધું. સમજાય છે કાંઈ? '**આત્મા વડે કરવામાં આવતું...**' કરવામાં આવતું, કરવામાં આવેલું. એ કરવામાં આવતા આત્મપરિણામને. આવા ભગવાન આત્માના કાર્યને. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્શાંતિ, આનંદ આદિ જે અનંત ગુણની પર્યાય આત્માના પરિણામ છે '**તેને જ્ઞાની જાણતો હોવા છતાં,...**' તેને ધર્મી જાણતો હોવા છતાં. જાણવાનું કાર્ય કરે છે તો શું પુદ્ગલનું કાર્ય પણ સાથે કરે છે? ચાલે છે ને? બે ગાયનો ગોવાળ, એમ ત્રણ ગાય, ચાર ગાયનો ગોવાળ. બે ગાયને જંગલમાં ચરાવવા જાય ને. બે ગાય અમારી પણ લેતા જજો. એમ પોતાનું કાર્ય કરે છે અને પરનું કાર્ય પણ કરે છે એમ નથી એમાં. અમરચંદભાઈ! કર્યા વિના રહે તો તો ભલે એનું કાર્ય ન કહો. પણ કરે તો છે. તો પોતાનું કરે છે, રાગ પણ કરે છે. એમ બેય સાથે લ્યો તો શું વાંધો છે? નહિ. ત્રણ કાળમાં એમ બનતું નથી. આહાહા..!

'**આમ આત્મા વડે કરવામાં આવતું જે આત્મપરિણામ તેને જ્ઞાની...**' સમ્યગ્દષ્ટિ, શ્રાવક કે મુનિ. જ્ઞાનીમાં ત્રણે આવે છે. સમ્યગ્દષ્ટિ, પંચમ ગુણસ્થાનવાળા શ્રાવક, છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિ. જ્ઞાની સમુચ્ચય લેવાય ને. ગુણસ્થાનભેદ અહીં લેવા નથી. '**જ્ઞાની જાણતો હોવા છતાં...**' જ્ઞાનને, શ્રદ્ધાને, શાંતિને જાણતો હોવા છતાં. કોઈ કહે કે પણ એ જણાય નહિ ને. એમ કહે છે ભાઈ. અહીં તો જાણતો હોવા છતાં લીધું. પોતાની પર્યાયને કેમ જાણે? સૂક્ષ્મ છે. અરે..! સાંભળ તો ખરો. '**જાણતો હોવા છતાં...**' પોતાના પરિણામને જાણતો હોવા છતાં. છે એમાં? શું છે? આત્માના અનંત ગુણના સૂક્ષ્મ પરિણામ જે શુદ્ધ છે એ આત્મપરિણામને જાણતો હોવા છતાં. પોતાના જ્ઞાનમાં જાણતો હોવા છતાં. આહાહા..!

સમજાય છે કાંઈ? એક એક શબ્દમાં કેટલું સ્વતંત્ર કરી નાખ્યું છે!

**'આત્મપરિણામ તેને જ્ઞાની જાણતો હોવા છતાં, જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને...'** લ્યો, દૃષ્ટાંત આવ્યો. માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને ઘડાને રચે છે. કુંભાર નહિ. દૃષ્ટાંત પણ આકરો. **'જેમ માટી પોતે ઘડામાં...'** એને કેમ ખબર પડે કે આમાંથી ઘડો બનવાનું છે? ખબરની શું જરૂર છે? ખબર પડે એવું દ્રવ્ય સિદ્ધ કરો તો એક જ સિદ્ધ થશે, તો જડ નહિ સિદ્ધ થાય. સમજાય છે કાંઈ? ખબર પડે એવું દ્રવ્ય સિદ્ધ કરો તો એક જ થશે, તો બીજું નહિ થાય. શું માટી દ્રવ્ય નથી? દ્રવ્ય છે. તે જ સમયે દ્રવે છે. ઘડાની પર્યાયને દ્રવ્ય દ્રવે છે. સમજાય છે કાંઈ? **'दवियं'**-દ્રવે છે. ૯મી ગાથામાં છે ને? ૯મી ગાથામાં. રાત્રે પ્રશ્ન થયો હતો. તમે નહોતા. ભાઈએ પ્રશ્ન કર્યો હતો. છ સામાન્ય ગુણ છે ને? સામાન્ય ગુણ. તો એમાં વિકાર કેટલામાં થાય છે? એકલા પ્રદેશગુણમાં વિકાર થાય છે કે દ્રવ્યત્વગુણમાં વિકાર થાય છે? દ્રવ્ય પરિણમે છે. પરિણમે છે તો વિકાર થાય છે કે નહિ? એમ. પરિણમવું છે. ૯મી ગાથામાં લીધું છે. નહિ? **'दवियदि गच्छदि'**. પંચાસ્તિકાય. **'दवियदि'** એટલે શુદ્ધ પર્યાયને દ્રવે છે. એમ જયસેનાચાર્યની ટીકામાં લીધું છે. સમજાય છે કાંઈ? અને **'गच्छदि'**. સમજાય છે? પંચાસ્તિકાય છે? નીચે અર્થ કર્યો છે. ૯, ૯. કાલે જોયું હતું. ઓલાની જરૂર નથી. જુઓ!

**दवियदि गच्छदि ताइं ताइं सब्भावपज्जयाइं जं।**
**दवियं तं भण्णंते अणण्णभूदं तु सत्तादो।।९।।**

પોતાની સત્તાથી પ્રત્યેક પદાર્થ અનન્ય છે, ભિન્ન-અન્ય નથી. તો **'दवियदि गच्छदि'**. દરેક દ્રવ્ય, હોં! જુઓ! **'दवियदि'**નો અર્થ કર્યો છે. જુઓ! **'द्रवति गच्छति'નો એક અર્થ તો 'દ્રવે છે અર્થાત્ પામે છે'**. જુઓ! અહીંયા પણ પામે છે. ભાઈ! પામે છે. 'એમ કરવામાં આવ્યો છે. તે ઉપરાંત **'द्रवति'** એટલે સ્વભાવપર્યાયોને દ્રવે છે...' દ્રવ્ય સ્વભાવપર્યાયોને દ્રવે છે, પ્રાપ્ત કરે છે 'અને **'गच्छति'** એટલે વિભાવપર્યાયને પામે છે.' બે અર્થ કર્યા છે જયસેનાચાર્યદેવની ટીકામાં. પંચાસ્તિકાયની ૯મી ગાથા. **'दवियदि गच्छदि ताइं ताइं'** **'ताइं ताइं'** શબ્દ ઈ છે. તે તે પર્યાય. ત્યાં પણ એમ છે. શબ્દ એ છે. આહાહા..! સમજાય છે કાંઈ? તે તે સમયની તે તે પર્યાય તેને તે દ્રવ્ય સ્વભાવપર્યાયને પ્રાપ્ત કરે છે અને વિભાવપર્યાયને પણ પ્રાપ્ત કરે છે. કારણ કે પરિણમન આવ્યું ને વિભાવનું, ભાઈ! એટલે જરી ... પરિણમનની અપેક્ષાએ લે તો આમાં વિભાવ આવી જાય છે. પરિણમે છે ને. ભેગું પરિણમે છે ને. બધા ગુણ સાથે છે ને. કહો, સમજાય છે કાંઈ? અહીં પણ ઈ શબ્દ લીધો. 'વિભાવપર્યાયોને પામે છે' એવો બીજો અર્થ પણ ત્યાં કરવામાં આવ્યો છે.' 'અહીં

દ્રવ્યની જે નિરુક્તિ કરવામાં આવી છે તે 'द्रु' ધાતુને અનુસરતા (-મળતા) અર્થવાળી છે.' એમ લખ્યું છે પંડિતજીએ. આ પંચાસ્તિકાય છે. સમજાય છે કાંઈ?

કહે છે, માટી પોતાથી ઘડાને... **'પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં...'** કુંભારનો હાથ આવ્યો તો માટી ઘડારૂપે પરિણમે છે એમ છે નહિ. ઓહોહો..! શું છે તમારી લાદી? માટી છે તે લાદીની પર્યાયપણે સ્વયં પરિણમે છે, કારીગર નહિ. કારીગર પરિણમાવતો નથી, કારીગર લાદી કરતો નથી. એનો ધંધો છે એને. મોટો ધંધો છે. આ અમારે આને લોઢાનો ધંધો છે. ચીમનભાઈને. કાંપમાં કારખાનુ છે. એ **'માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, ઘડાને ગ્રહે છે,...'** ઘડાનું પ્રાપ્ય કર્મ, ઘડાનું પ્રાપ્ય કર્મ છે તે પ્રાપ્ય છે તેને માટી પહોંચે છે. વિશેષ કહેશે...

**શ્રાવણ વદ-૧, શુક્રવાર તા. ૯-૮-૧૯૬૮**
**ગાથા-૭૭ પ્રવચન-૫૯૩**

૭૭ ગાથા. કર્તાકર્મનો અધિકાર ચાલે છે. શું કહે છે? અહીંયા આવ્યું છે, જુઓ! '**આત્મા વડે કરવામાં આવતું જે આત્મપરિણામ તેને જ્ઞાની જાણતો હોવા છતાં,...**' છે ત્યાં? હવે એમાં એક ન્યાય લેવો છે. જુઓ! આ આત્મા છે એ પોતાની સમ્યગ્દર્શન પર્યાય, સમ્યક્જ્ઞાનપર્યાય, ચારિત્રપર્યાય, વીતરાગી આનંદપર્યાય ક્રિયમાણ આત્માથી થાય છે. આત્માથી થાય છે, પરથી નહિ. ઈ પ્રશ્ન આવે છે ને? જત્ન નથી એમ કળશટીકામાં આવ્યું છે. કળશટીકામાં. નથી એમ આવ્યું છે ને? એ તો અપેક્ષિત વાત છે. બાકી આત્મા વડે કરવામાં આવતું. ક્રિયમાણ શબ્દ પડ્યો છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, આનંદ આદિ અકારણકાર્ય આદિ અનંત ગુણની પર્યાય આત્માથી, આત્મા વડે ક્રિયમાણ. આત્માથી કરાયેલી, આત્માથી રચાયેલી, આત્માથી થયેલી. એક વાત.

'**કરવામાં આવતું જે આત્મપરિણામ તેને જ્ઞાની જાણતો હોવા છતાં,...**' બીજી વાત. શું? જે પરિણામ પોતામાં જ્ઞાનના પરિણામ જે સમયે થાય છે, જે સમયે દર્શનના પરિણામ થાય છે, અનંત ગુણના પરિણામ થાય છે તે જ સમયે ઉત્પન્ન થાય છે અને તે જ સમયે તેને જાણે છે. સમજાય છે કાંઈ? એ શબ્દ ભાઈ, ઓલા ઉપરથી લક્ષમાં ગયો. ઓલું આવે છે ને પ્રવચનસારમાં? ૩૬ ગાથા. ક્રિયમાણ. એ ઉપરથી અહીં આવ્યું. એ જ સમયે જ્ઞાન-સમ્યક્જ્ઞાન ઉત્પન્ન થાય, તે જ સમયે ઉત્પન્ન ને તે જ સમયે જાણે. ઉત્પન્ન થાય અને જાણવાનો કાળ ભિન્ન નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- કરવું અને જાણવું બેય સાથે છે.

ઉત્તર :- ભેગું સાથે છે. શું કહ્યું સમજાણું? ૩૬મી ગાથા યાદ આવી હતી આમાંથી. ૩૬માં એમ કહ્યું છે ને? જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે તો ઉત્પન્ન થાય અને જાણે એ બેમાં તો વિરોધ છે. કરે અને જાણે બેય એક સમયમાં કઈ રીતે થાય? આત્મા પોતાની પર્યાયને કરે અને તે જ સમયે જાણે એ તો વિરોધ છે. શિષ્યે એમાંથી પ્રશ્ન કર્યો તો આચાર્ય કહે છે, શું વિરોધ છે? શું પર્યાયમાંથી પર્યાય ઉત્પન્ન થાય છે એ તારો વિરોધ છે? કે પર્યાય ઉત્પન્ન થાય છે તે સમયે જાણે છે એમાં તને વિરોધ છે? જો તારો વિરોધ એમ હોય કે પર્યાયમાંથી પર્યાય ઉત્પન્ન થાય તો એ વિરોધ તો બરાબર છે. પર્યાયમાંથી પર્યાય ઉત્પન્ન નથી થતી. સમજાય છે કાંઈ? પર્યાય, જ્ઞાનની પર્યાય, દર્શનની પર્યાય, આનંદની

અવસ્થા.. કર્તાકર્મ છે ને, તો એ પોતાનું કાર્ય પોતાથી થાય છે. પોતાથી થાય છે તો પર્યાયમાંથી નવી પર્યાય ઉત્પન્ન થાય એમાં તો વિરોધ છે. પણ જે સમયે ઉત્પન્ન થાય છે, જ્ઞાન જે સમયે ઉત્પન્ન થયું તે જ સમયે તેને જાણે છે એમાં વિરોધ ક્યાં છે? સમજાય છે કાંઈ?

દીપક જે છે તેની જ્યોતિ છે, જ્યોતિ દીપકની. પ્રકાશે છે ને? તો એક સમયની પ્રકાશની પર્યાય એમાં નવો પ્રકાશ ઉત્પન્ન થવો એમાં વિરોધ છે. પણ પ્રકાશની જ્યોતિ-પર્યાય જે છે તે પોતાને ઉત્પન્ન કરે છે અને પોતાને જ તે સમયે સ્વપરને પ્રકાશે છે. સમજાય છે કાંઈ? ઈ અહીંયા કહે છે, '**क्रियामाणं जानन्नपि**' સંસ્કૃત છે, ત્રીજી લીટી સંસ્કૃત. અહીં તો ક્રિયમાણની જ ભાષા છે, પછી ભલે ગમે તે ફેરવ્યું. '**આમ આત્મા વડે કરવામાં આવતું...**' આત્માથી કરવામાં આવતું. શું કરવામાં આવતું? કાર્ય. કયુ કાર્ય? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર આદિ અનંત ગુણની જે શુદ્ધ અનંત ગુણ છે, દ્રવ્ય શુદ્ધ છે તેની દૃષ્ટિથી અનંત ગુણની શુદ્ધ એક સમયમાં અનંતી પર્યાય. આત્મા દ્વારા, આત્માથી, આત્મા વડે કઈ ક્રિયા થઈ? ક્રિયા થઈ અને જાણે છે તે સમયે. સમજાય છે કાંઈ? આત્મા દ્વારા અથવા આત્માથી કરવામાં આવતું. એ તો એક પહેલા સિદ્ધ કર્યું. અનંત ગુણની નિર્મળ પર્યાય ધર્મીની ધર્મદશા આત્માથી ક્રિયમાણ છે. પંડિતજી! સંસ્કૃતમાં છે. '**क्रियामाणं जानन्नपि**'.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ પછી, ઈ પછી. અહીંયા તો ક્રિયમાણં. અને કરાયેલું તે સમયે જણાય છે. '**क्रियामाणं जानन्नपि**'. સમજાય છે કાંઈ? આહાહા..! કેટલી તાકાત છે એમ કહે છે. જે સમયે પોતાની સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ અનંત ગુણની પર્યાય ઉત્પન્ન થાય છે- ક્રિયમાણં-આત્માથી કરાયેલી, આત્માથી થયેલી, આત્મા દ્વારા થયેલી. તે જ સમયે '**जानन्नपि**'. સમજાય છે કાંઈ? ચીમનભાઈ! સમજાય છે કાંઈ? ઝીણું પડે છે? થોડું થોડું ઝીણું પડે છે. કારણ કે ત્યાં મુંબઈ હવા ભારે જાડી.

અહીં તો કહે છે, ભગવાન આત્મા કર્તાકર્મની વ્યાખ્યા ચાલે છે. કર્તા થઈને પોતાની નિર્મળ ધર્મની પર્યાય આત્મા વડે કરવામાં આવતી પર્યાય છે. એ પૂર્વની પર્યાયથી નહિ, નિમિત્તથી નહિ, પરથી નહિ, સંયોગ દેવ-ગુરુ-શાસ્ત્ર આદિથી નહિ. આત્મા વડે સમ્યગ્દર્શનની પર્યાય, સમ્યક્જ્ઞાનની પર્યાય, શાંતિની પર્યાય, આનંદની અવસ્થા, ષટ્ ગુણની અવસ્થા આત્મા દ્વારા આત્માથી કરાયેલી છે. કરાયેલી છે અને જાણે છે. તે સમયે કરી, તે જ સમયે જાણ્યું.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અહીં તો ... વાત ચાલે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નહિ, નહિ, નહિ. તે જ સમયે જાણવામાં ઉપયોગ કામ કરે છે. ઈ જાણવાના ઉપયોગનો અસંખ્ય સમય ભલે હો. ઈ કંઈ વાત નથી. જુઓ! આ કઈ વાત ચાલે છે? ઠીક પ્રશ્ન કર્યો. તેથી તો અહીં આજે પ્રશ્ન ઉઠાવ્યો. કેવળીની વાત નથી ચાલતી. કેવળીની કેવળીમાં રહી. એ તો કાલે કહ્યું હતું.

કેવળજ્ઞાનની પર્યાય છે તે સમયે સમયે ઉત્પન્ન થાય છે તે પ્રાપ્ય. કેવળીની પર્યાય પોતાથી ઉત્પન્ન થાય છે તે પ્રાપ્ય. તે જ પરિણમે છે તો વિકાર્ય અને તે જ ઉત્પન્ન થાય છે તો (નિર્વર્ત્ય). જે સમયે ઉત્પન્ન થઈ તે જ સમયે વર્તમાન પર્યાય જેવી ઉત્પન્ન થઈ એમ કેવળી ત્રિકાળ એમ જાણે છે. પૂર્વની પર્યાયમાં ત્રિકાળ જાણતા હતા. એમ વર્તમાન જ્યાં થઈ તો વર્તમાન તરીકે તેને જાણીને ત્રિકાળ જાણે છે. સમજાય છે કાંઈ?

એમ છદ્મસ્થમાં પણ. એ તો કેવળીની વાત થઈ. કેવળજ્ઞાનીને જ્ઞેય પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય નથી. કેવળજ્ઞાનીનું પ્રાપ્ય પરજ્ઞેય, પ્રાપ્ય એટલે એને પકડી લે, એને ગ્રહણ કરે અને એ રૂપ પરિણમે, એ રૂપે ઊપજે એમ નથી. પોતાની પર્યાયમાં કેવળજ્ઞાની જે સમયે તે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય.. સમયે સમયે નવું નવું ઉત્પન્ન થાય છે ને. કેવળજ્ઞાન પણ સમયે સમયે નવું ઉત્પન્ન થાય છે. ઓહોહો..! કેવળજ્ઞાન, એક સમયની સ્થિતિ છે કેવળજ્ઞાનની. બીજા સમયે જે એ પર્યાય ધ્રુવપણે નિશ્ચયપણે ઉત્પન્ન થાય છે તેને જ્ઞાની પ્રાપ્ત કરે છે, તે રૂપે પરિણમે છે અને તે રૂપે ઉપજે છે. એ તો સમજાય કે એને તો ... વાત.

અહીંયા તો છદ્મસ્થની વાત કરે છે, ભાઈ! આહાહા..! બે વિચાર (આવેલા). પછી ૭૯માં એક વિચાર આવશે. નવો વિચાર છે. આગમપદ્ધતિનો વિચાર છે ને? આગમપદ્ધતિનો. એ ૭૯માં આવશે. પંડિતોએ કામ કર્યા છે, કોઈપણ શાસ્ત્રનો આધાર લઈને કામ કર્યા છે. આગમપદ્ધતિમાં સ્વભાવ લીધો છે ને? વસ્તુનો સ્વભાવ. આગમ પદ્ધતિ. એવો જ ૭૯માં શબ્દ મૂક્યો છે. સ્વભાવ, એ પુદ્ગલનો સ્વભાવ રાગ-દ્વેષ થવો, હર્ષ-શોક, કર્મફળ એનો સ્વભાવ. એ શબ્દ એવો લીધો છે. પરિણમે એમ નહિ. એમાં એમ લીધું છે. સમજાય છે કાંઈ? બનારસીદાસ આદિ પંડિતોએ પણ બરાબર જેવી સ્થિતિ આચાર્યોને કહેવી છે તે પ્રમાણે જ લીધું છે. ઘરની વસ્તુ નહિ. કહે છે, ભાઈ! સૂક્ષ્મ તો પડે પણ વસ્તુ તો આવી છે. સમજાય છે કાંઈ? શેઠી! જરીક મગજને કેળવવું પડે.

કહે છે, ઓહો..! ભગવાન આત્મા પોતા વડે કરવામાં આવતા. પોતા વડે થવાવાળું. સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન ધર્મની પર્યાય, શાંતિ-ચારિત્ર. છઠ્ઠા ગુણસ્થાને પોતાને કારણે કરવામાં આવતા ચારિત્રપરિણામ. સમજાય છે કાંઈ? પૂર્વે વિકલ્પ હતો (તો) મહાવ્રત લીધા. પહેલા વિકલ્પ હતો ને? ત્યારે તો ચારિત્ર નહોતું, હજી તો વિકલ્પ હતો કે હું પંચ મહાવ્રત લઉં.

લીધા. ભાવલિંગ લીધું. દ્રવ્યલિંગમાં આમ થઈ ગયું. આવે છે ને પ્રવચનસારમાં? ગુરુ પાસે બે માંગણી કરી. પ્રભુ! મને ભાવલિંગ, દ્રવ્યલિંગ આપો. ગુરુએ આપ્યા. શું આપ્યું ગુરુએ? એમ કહ્યું. એવો વિકલ્પ ઉઠ્યો હતો કે હું પંચ મહાવ્રત લઉં. બસ, દ્રવ્યલિંગ ... હવે એ વખતે કંઈ ચારિત્રપર્યાય નથી હજી. સમજાય છે કાંઈ? પછી ચારિત્રપર્યાયને આત્મા સીધો પ્રાપ્ત કરે છે. એ વિકલ્પ આવ્યો છે તેથી ચારિત્રપર્યાયને પ્રાપ્ત કરે છે એમ નથી. સમજાય છે કાંઈ?

નગ્નપણું થયું અને પંચ મહાવ્રતનો વિકલ્પ આવ્યો એટલે પછી ચારિત્રની પર્યાય પ્રાપ્ત થઈ એમ નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! આત્મા વડે, ભગવાન આત્મા અનંત ગુણનો જે પુંજ છે એની જ્યાં દૃષ્ટિ થઈ, એને ધ્યેય બનાવ્યો તો આત્મા વડે જ એ ચારિત્રની પર્યાયની પ્રાપ્તિ થઈ. તે જ સમયે તેને જાણી. સમજાય છે કાંઈ? તેના જ્ઞાનની પર્યાયનો એવો જ સ્વભાવ છે. ભલે ઉપયોગ કામ કરે કે ન કરે એની સાથે સંબંધ નથી. પણ જ્ઞાન જે ઉત્પન્ન થયું અને સાથે ચારિત્રની પર્યાય, ક્ષાયિક સમકિતની પર્યાય આદિ થઈ તે બધાને તે જ સમયે જ્ઞાન જાણે એવો જ્ઞાનનો સ્વભાવ છે. પોતાની પર્યાય પણ ઉત્પન્ન કરે છે અને જાણે છે અને બીજાની પર્યાય ઉત્પન્ન થાય તે સમયે તેને પણ જાણે છે. જે સમયે ઉત્પન્ન થઈ તે જ સમયે જાણે છે. સમજાય છે કાંઈ? ધન્નાલાલજી! શું કહ્યું? શું કહે છે આ? જુઓને! કર્તાકર્મ અધિકાર. ઓહોહો..!

કહે છે, ઈ કહ્યું ને? આત્મપરિણામને કરતો થકો પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્યથી. '**આત્મા વડે કરવામાં આવતું...**' આત્માથી ક્રિયમાણ એવા આત્માના પરિણામ અર્થાત્ મોક્ષમાર્ગના પરિણામ. અર્થાત્ દર્શન, જ્ઞાન, ચારિત્ર, શાંતિ, આનંદના પરિણામ અર્થાત્ અનંત ગુણના નિર્મળ પરિણામ. સમજાય છે કાંઈ? તેને કરતો થકો, '**જ્ઞાની જાણતો હોવા છતાં,...**' જુઓ! બનાવ્યા, રચ્યા અને તે જ સમયે જાણ્યા, બીજા સમયે નહિ. અને એને જાણ્યું માટે બીજું (જુદું) જ્ઞાન કામ કરે એમ નહિ. આહાહા..! તે સમયે ન જાણે અને બીજા સમયે જાણે તો... સમજાય છે કાંઈ? અલૌકિક વાત! ઓહોહો..! આચાર્યોએ ગજબ કામ કર્યા છે! ટીકા પણ બનાવીને ચારે કોરથી અવિરોધ તત્ત્વને આમ સિદ્ધ કરે છે.

તે સમયે ઉત્પન્ન થયેલી પર્યાયને ન જાણે તો બીજા સમયે કેવી રીતે જાણે? બીજા સમયે તો બીજી દશા થઈ ગઈ. બીજી દશા થઈ ગઈ. પહેલા તો આને ન જાણે તો બીજી દશા થઈ તેને ન જાણે. તો ત્રીજી થઈ તેને ન જાણે. ત્રીજી પર્યાય ઉત્પન્ન થઈ તે ત્રીજીને ન જાણે. સમજાય છે થોડું? થોડું કહીએ છીએ, હોં! કહે છે, ઓહોહો..! મારે તો ક્રિયમાણ શબ્દ ઉપરથી થોડો વિચાર આવ્યો કે ક્રિયમાણ તો બેયમાં સરખા છે. કરાયેલા.

તો આ બેમાં હિન્દીવાળાએ કેમ ફેર પાડ્યો? ગુજરાતીમાં તો... સમજાય છે કાંઈ?

પોતાના સાધકની મોક્ષમાર્ગની વીતરાગી પર્યાય આદિથી ઉત્પન્ન થયેલી પર્યાય તેને આત્મા દ્વારા કરવામાં આવી છે. સમજાય છે કાંઈ? એક વાત. કરવામાં આવતું, એ એનું કાર્ય થયું. કર્તાનું કાર્ય થયું. તો કાર્ય છે તેને '**जानन्नपि**'-જાણતો હોવા છતાં. કરાયેલાને જાણતો હોવા છતાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એકસાથે. ફેર પડે તો તો ન્યાય કેવી રીતે રહે? સમજાય છે કાંઈ?

'**જાણતો હોવા છતાં,...**' હવે કહે છે, એવું કાર્ય તો કરે છે અને પોતાના પરિણામને જાણે પણ છે. તો પરની સાથે કોઈ સંબંધ છે કે નહિ? નહિ. કઈ રીતે? '**જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને,...**' જુઓ! ઘડો બનવામાં માટી કર્તા થઈને, અંતર્વ્યાપક થઈને ઘડામાં પ્રવેશ કરીને ઘડાની પર્યાયને માટી કરે છે, કુંભાર નહિ. સમજાય છે કાંઈ? કુંભારથી ઘડો ત્રણ કાળમાં બનતો નથી એમ કહે છે. શેઠી! સ્ત્રીથી રોટલી ત્રણ કાળમાં બનતી નથી. સોનીથી દાગીનો ત્રણ કાળમાં બનતો નથી એમ કહે છે. શું કહે છે? તંતુ. શું કહે છે? ઝુલાહા. ઝુલાહાથી કપડું ત્રણ કાળમાં બનતું નથી એમ કહે છે. સમજાય છે કાંઈ?

કહે છે, '**જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને,...**' ઘડાની સન્મુખ થાય છે. આવે છે ને ઓલામાં ભાઈ? ચર્ચામાં આવે છે. ઘડાની સન્મુખ થયેલી માટી તે ઘડાનું કાર્ય કરે છે. એમ નહિ કે કુંભાર આવ્યો માટે કાર્ય કરે છે એમ છે જ નહિ. ઘડાની સન્મુખ પર્યાયની યોગ્યતાથી એ કાર્ય થાય છે. પેલા કહે કે, નહિ, કુંભાર આવ્યા વિના નથી થતો. વિચક્ષણ કુંભારને લાવે છે એમાં ઘડો બનાવવામાં કોઈ ફેર છે કે નહિ? બડથોલ જેવા કુંભાર હોય તો. વાળંદ લ્યો, વાળંદ. હજામ એવો લાવે તો લોહી નીકળે. અને પેલો હુશિયાર હોય તો ધીમેથી લપેટ કરે સાબુનો,.. કરે છે કે નહિ? .. લુગડા નાખીને આમ બેસાડે. પુતળું જાણે બેઠું હોય. આહા..! એવું લાગે એને. સાબુ ચોપડે અને .. ચોપડે. ચોપડેને આમ આમ કરે. અહીં કહે છે કે એ હજામ હજામત કરતો જ નથી. વાળંદ હજામત કરતો જ નથી. પોતાની તે સમયની પર્યાયને તે પરમાણુ પ્રાપ્ત કરે છે. આ તો લોચ કરે છે એમ કહેવામાં આવે છે કે નહિ? સાધુ લોચ કરે છે, જુઓ ભાઈ! પાંચ બાજુથી લોચ કરે છે ને? ના. અરે..! આ ભારે વાત. ફૂલચંદભાઈ! .. કેશ લોચ નથી કરતા? બધા માણસો એકઠા થઈને જોવે છે. શું કર્યું આણે? પરમાણુ છે. આમ આમ થાય છે તો પોતાની પર્યાયને પ્રાપ્ત કરીને પરમાણુ આમ થાય છે. અને વાળ નીકળવા તે પણ પોતાની પર્યાયથી પ્રાપ્ત થઈને વાળ નીકળે છે. આંગળાથી પણ નહિ. સમજાય છે કાંઈ? આહા..! અજ્ઞાની માને

છે કે આંગળાથી લોચ કર્યો. મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? લોકો ખુશી થઈ જાય, આમ જોવે! આહાહા..! શું સહન કરે છે! શું સહન કરવું છે? શરીરની કષ્ટની પર્યાય આત્મા સહન કરે છે? શરીરમાં કષ્ટની પર્યાય દેખાય છે. કષ્ટ તો છે જ નહિ. એ તો નીકળતી પર્યાય થાય છે. એમાં કષ્ટ ક્યાં આવ્યું? સમજાય છે કાંઈ? એ તો મૂર્ખાઈથી કષ્ટ માને છે. અજ્ઞાની પણ માને છે કે આહા..! કેટલું કષ્ટ છે! શું કષ્ટ? કોને તું કષ્ટ કહે છે? દ્વેષ ઉત્પન્ન થાય તે દુઃખદાયક કષ્ટ છે. જ્ઞાનીને તો એ વિકલ્પ થતો નથી. લોચના કાળમાં પણ એ પર્યાય સ્વતંત્ર થાય છે-કાર્ય અને પોતાને પણ કદાચિત્ વિકલ્પ આવ્યો તો વિકલ્પનું કાર્ય પણ જ્ઞાની પોતાનું નથી માનતો. મુનિ એ વિકલ્પનું કાર્ય મેં કર્યું તેને માનતો નથી તો લોચ મેં કર્યો એમ તો માનતા જ નથી. સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ!

કહે છે કે '**માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં...**' એ ઘડાની પર્યાયમાં માટી પોતે આદિમાં ઈ, મધ્યમાં ઈ. કુંભારનો જરીક પણ આધાર, ઘડો થવામાં થોડો આધાર, નિમિત્ત સહાયક છે કે નહિ? સહાયક નથી? આત્મા ચાલે તો ધર્માસ્તિ સહાયક છે કે નહિ? શાસ્ત્રમાં લખ્યું છે કે નહિ? જીવ ગતિ કરે છે કે જડ તો ધર્માસ્તિ ગતિમાં સહાયક છે. એમ નથી આવતું? સહાયકનો અર્થ ત્યાં છે એટલી વાત. તેનાથી થાય છે એમ એનો અર્થ નથી. આહાહા..! ભારે વાત ભાઈ! ચીમનભાઈ! શું હશે આ લોઢાના વેપારમાં ને સંચામાં? હુશિયાર માણસ હોય તો કામ સરખું કરે કે નહિ? વ્યવસ્થા જાળવી શકે કે નહિ? નહિ?

'**માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...**' શરૂઆત, મધ્ય કે અંત એક જ સમય છે. સમજાય છે કાંઈ? કોઈ કહે છે ને? સિદ્ધ થયા ને સિદ્ધ? સિદ્ધ. અહીંયા સિદ્ધ થયા. સિદ્ધ અહીંયા થાય છે ને? સીધી દેહમાં અક્રમપર્યાય થાય છે. અહીંનો સમય, અહીંથી જાવાનો સમય અને ત્યાં પહોંચવાનો સમય. ત્રણ ભાગ થઈ ગયા ને? નહિ. ભાઈ! તને ખબર નથી. એક જ સમય અહીંયા ઉત્પન્ન થયા, ત્યાં બધું એક જ છે. બીજો સમય છે જ નહિ. સ્વયં આત્મા પોતાની પર્યાયને એવી પર્યાયને એક સમયમાં કરી છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભારે ઝીણી વાત ભાઈ! સિદ્ધનો ઉત્પાદ અહીં થયો, પછી થોડું રહ્યા અને ત્યાં ઉત્પન્ન થયા. ભાઈ! વસ્તુનો સ્વભાવ એમ નથી. તું તર્કથી અને લક્ષથી એવી વાત કરે તો એવી વસ્તુ નથી. આ તો અનુભવગમ્ય વસ્તુસ્થિતિ છે. સમજાય છે કાંઈ?

અહીં કહે છે, '**માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, ઘડાને ગ્રહે છે,...**' લ્યો. જડને ખબર પડે ગ્રહણ કરવાની? ગ્રહણ કરવું નામ પ્રાપ્ય છે

તેને પ્રાપ્ત કરવું. ગ્રહણ કરવાની વ્યાખ્યા. એ ઘડાની વ્યાખ્યા બરાબર પ્રાપ્ય છે, ધ્રુવ છે. તે જ સમયે તે જ ઘડાની પર્યાય થવાની હતી તે પ્રાપ્ય. તેને પકડે છે. ગ્રહણ કરે છે. તેને પ્રાપ્ત થાય છે. માટી ઘડાની પર્યાય ધ્રુવરૂપ પ્રાપ્ય તેને પ્રાપ્ત કરે છે. સમજાય છે કાંઈ? ભગવાનજીભાઈ! પણ આ બધું તમારું ક્યાં ગયું?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- લોકો કુંભાર જેવા જોવે છે ને. કુંભારને જોવે છે. કુંભારે ઘડો કર્યો. અજ્ઞાની કુંભારની જેમ જોવે છે. લોકોમાં સાધારણ દેખાય છે ને. બીજી પર્યાય જોઈ ન હોય, પણ આ તો દેખાય છે. કારણ કે માટીની તો દરેકને જરૂર પડે છે-વાસણની. તો ઘડો બનાવે છે એ નાના બાળકને પણ લક્ષમાં આવે. તેથી તે જ દૃષ્ટાંત વિશેષ આપ્યું છે. મૂળ તો ઈ છે. સમજાય છે કાંઈ? કારણ કે માટીનું કાર્ય.. કાપડ બનાવવાનું કાર્ય કોઈ ઠેકાણે હોય કે ન હોય. સમજ્યાને? આ તો માટીનું બનાવે છે અને બધાને માટીના વાસણ હોય છે. તેથી એ દૃષ્ટાંત સુલભ પડે માટે આપે છે.

માટી ઘડાને ગ્રહે છે. આહાહા..! અને '**ઘડારૂપે પરિણમે છે...**' માટી ઘડાની અવસ્થારૂપ થાય છે. બીજું નિમિત્ત તે રૂપે થતું નથી. નિમિત્ત નિમિત્તરૂપે થાય છે. પોતાની પર્યાય ઉપાદેય પોતાથી થાય છે. ભારે તકરાર આમાં પણ. ઘઉંનો દૃષ્ટાંત આપ્યો છે ને? લ્યો, ઘઉં એની મેળાએ પાકે? ઘઉં લઈ આવ્યા. ઘઉં દેવતા. લાવ્યા, પછી થોડા બગડી ગયા, થોડા વાવ્યા તો ઉગ્યા. કેટલી ક્રિયા કરે ત્યારે ઘઉં ઉગે છે. ઘઉં સમજ્યા? ગેહૂ. ઘઉંનો પાક એને કારણે થઈ જાય? રક્ષા કરે, ઘઉં લાવે, રક્ષા કરે, થોડા ઘટી જાય, થોડા રહી જાય, થોડો પાણી અને માટીનો સંયોગ મળે તો અંકુર ફૂટે છે. આ તો પ્રત્યક્ષ દેખાય છે, લ્યો. અજ્ઞાનીને પ્રત્યક્ષ દેખાય છે. એમ તો થતું જ નથી. એ તો તે સમયે તે પરમાણુની પર્યાય ઉત્પન્ન થવાની છે. જેટલા પરમાણુ છે અંકુર ઉત્પન્ન થવાના પ્રાપ્યને તે પ્રાપ્ત કરે છે. એ પરમાણુ પ્રાપ્યને પ્રાપ્ત કરે છે. સમજાય છે કાંઈ?

એક કપડાનો દૃષ્ટાંત આપ્યો છે. કપડાનો. વાંચ્યું છે કે નહિ ઈ? ખાણિયા ચર્ચા. કપડાનો દૃષ્ટાંત. પાંચ વાર (મીટર) કપડું લાવ્યા. .. ઘણી વાત કરી. લાવ્યા પછી પડ્યું રહે. જ્યારે દરજીની મરજી થશે ત્યારે કપડું સીવાશે. ત્યારે સિલાઈ થશે. એની પહેલા કેવી રીતે થશે? નહિ તો પડ્યું રહેશે. ખબર નથી પડતી? પ્રત્યક્ષ અનુભવમાં નથી આવતું? તમે પ્રત્યક્ષનો વિરોધ કરો છો? હવે તારું પ્રત્યક્ષ આંધળું છે. પ્રત્યક્ષનો દૃષ્ટાંત નહોતો આપ્યો? સાંભળ્યું હતું કે નહિ? ઈંડુ. ઘોડાના ઈંડા. અશ્વ હોય ને? એનું ઈંડુ હતું. ઘોડાને ઈંડા હોય નહિ. પણ નજરે જોયા હતા ને. પાંચસો-પાંચસો રૂપિયાનું એક ઈંડુ. હતો તો કોળાપાક. શું કહેવાય

આ? સાકરકોળા. એકે છેતરી દીધો. આ ઈંડુ છે. પાંચસો પાંચસો રૂપિયા આપ્યા. બીજા ગામ જતા જતા રસ્તામાં .. બાંધ્યું. અને જમવા બેઠો એમાં દોરી તૂટી ગયો. અને નાનુ સસલુ હતુ. .. ઝાડમાં. તો લઈને ભાગી ગયા. આટલા નાના સસલા. ભાગ્યા. અરે..! આમ પાંચસો પાંચસોના લાવ્યો. પાંચ પાંચ હજારનો વછેરો થવાનો હતો. નજરે જોયું હતું. એમાંથી નીકળીને ચાલ્યા ગયા. પણ હોય નહિ. ઘોડાને ઈંડા હોય નહિ. પણ નજરે જોયું ને. આવી વાત છે. નજરે જોયું ને, બે ચાલ્યા ગયા. આમ ફૂટ્યા ને ભાગી ગયા. પણ કોળામાં (ન હોય). ઘોડાના ઈંડા ન હોય અને ઘોડાના ઈંડા ફૂટીને વછેરો થાય નહિ. એ તો નજરે જોયું, તમે માનો ન માનો, અમે શું કરીએ? સમજાય છે કાંઈ?

એમ અહીંયા કહે છે કે એ કપડું દરજી સીવે ત્યારે થાય છે. અમે નજરે જોઈએ છીએ. શું તારી નજર સંયોગી છે. કપડામાં જ્યારે તે પર્યાયમાં એવું કપડું થવાનું છે ત્યારે તેની સન્મુખ થવાનું કાર્ય ત્યારે થાય છે. એનો સમય છે ત્યારે થાય છે. દરજીથી થતું નથી. સમજાય છે કાંઈ? મોટી ચર્ચા. ખાણિયાની ચર્ચામાં ચાલી. ઓહોહો..! આવા ને આવા. શું કરે? ભાઈ વાંચે છે ને. ભગવાનજીભાઈ વાંચે છે.

‘**ઘડારૂપે પરિણમે છે અને ઘડારૂપે ઊપજે છે...**’ એ કપડું કપડારૂપે ઉત્પન્ન થાય છે, કપડું કપડારૂપે પરિણમે છે, એ કપડું પોતામાં પ્રાપ્યને પહોંચે છે. બીજું કોઈ નથી. સમજાય છે કાંઈ? ‘**તેમ,...**’ એ દૃષ્ટાંત આપ્યો. ઘડાનો દૃષ્ટાંત. એમ બધા પદાર્થમાં લઈ લેવું. ‘**તેમ, જ્ઞાની...**’ ધર્મી જીવ. પોતાના શુદ્ધ ચૈતન્યદ્રવ્યનો અનુભવ, ભાન થયું છે. રાગથી, શરીરથી પોતાના આત્માને ભિન્ન કર્યો છે એવો જ્ઞાની. સમજાય છે કાંઈ? પુણ્ય-પાપના વિકલ્પ-રાગ અને શરીરથી ભિન્ન પોતાના આત્માને કર્યો છે, પોતાના પુરુષાર્થથી, એવો જે જ્ઞાની પોતાની પર્યાયમાં... શું કહે છે?

‘**જ્ઞાની પોતે...**’ પોતાથી ‘**બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં...**’ જુઓ! પોતાના પરિણામ જ્ઞાન, દર્શન, આનંદ આદિ તો થયા. હવે તે જ સમયે બાહ્યસ્થિત, સમય તો ઈ જ છે, જે સમયે નિર્મળ પર્યાય ઉત્પન્ન થઈ તે જ સમયે તેને જાણી અને તે જ સમયે બાહ્યસ્થિત રાગાદિ છે, પોતામાં નહિ બાહ્યસ્થિત છે, સમય ઈ જ છે. સમજાય છે કાંઈ? ‘**એવા પરદ્રવ્યના પરિણામમાં...**’ જુઓ ઈ. પુણ્ય-પાપ પરિણામ, દયા, દાન, ભક્તિ, વ્રત આદિ વિકલ્પ કે એવી દેહની ક્રિયા સ્વાહા થાય, એ પર્યાય ‘**પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને...**’ આત્મા જ્ઞાની રાગમાં પેસીને રાગને કરે છે એમ નથી. વ્યવહારમાં પેસીને જ્ઞાની વ્યવહાર કરે છે એમ નથી. એ તો પુદ્ગલ કરે છે બાહ્યસ્થિત વ્યવહારને. ઓહોહો..! મોટી ચર્ચા ગડબડ થાય છે કે આ શું?

ભાઈ! રાગથી ભિન્ન પડ્યો એવા આત્માની વાત ચાલે છે, ધર્મીની વાત ચાલે છે. સમજાય છે કાંઈ? અજ્ઞાનીને તો રાગને પોતાનો માનીને રાગ પોતાનું કાર્ય છે એમ અજ્ઞાન બુદ્ધિ કરે છે તો અજ્ઞાનીનું રાગ કાર્ય છે. અજ્ઞાનીનું રાગ કાર્ય છે. માન્યતા કરીને. અહીંયા તો ધર્મીની દૃષ્ટિ જ બદલાઈ ગઈ છે. રાગ જ મારો નહિ, શરીરની અવસ્થા મારી નહિ. હું તો ચિદાનંદ જ્ઞાયક છું. એમ સમ્યક્દૃષ્ટિમાં ધર્મીને ધર્મદૃષ્ટિમાં બાહ્યસ્થિત, ભાષા જુઓ! બાહ્યસ્થિત, બહાર રહેલા. શુભભાવ દયા, દાન, વ્રતાદિને જે વિકલ્પ છે એ બાહ્યસ્થિત છે. ધર્મીની પર્યાયથી બાહ્યસ્થિત છે. બાલચંદભાઈ! આ ભારે.

બાયડી, છોકરા બાહ્યસ્થિત ભલે હોય. સાથે સાથે આવતા નથી. આ તો સાથે ને સાથે એકક્ષેત્રાવગાહે છે. સમજાય છે કાંઈ? ધર્મી પોતાના આત્માને રાગથી, પુણ્યથી ભિન્ન જાણીને જ્ઞાતા-દૃષ્ટા થયો. એ તો બહુ આવે છે. ભક્તિમાં બહુ આવે છે. આજ સવારે સાંભળ્યું હતું. જ્ઞાતા-દૃષ્ટા... ભક્તિ કરે છે ને? પૂજા કરે છે ને? બોલે. શું જ્ઞાતા-દૃષ્ટાની ખબર ન મળે. પૂજામાં કોઈ બોલતું હતું. ચાલતી હતી ને? ભાઈની હતી ને? કોટાવાળાની? કોટાવાળા. જુગલકિશોરની. જુગલકિશોરની પૂજા છે ને. એ ચાલે છે, બહુ ચાલે છે. એમાં જ્ઞાતા-દૃષ્ટા આવ્યું. અહીંની શૈલીથી વાત લખી છે. બહુ સારી લખી છે. સમજ્યાને? એને ઠીક લાગી તો બીજાએ લઈ લીધી. છોટેલાલ .. પોતાના નામે લગાવી દીધું. એવી પદ્ધતિ.. અહીં કહે છે એમાં આવ્યું હતું. હું સાંભળતો હતો. જ્ઞાતા-દૃષ્ટા. પણ જ્ઞાતા-દૃષ્ટાનો અર્થ શું? સમજાય છે કાંઈ?

ધર્મી રાગને પણ જાણનાર છે. એ પૂજા, ભક્તિના પરિણામને જાણનાર છે. એમાં અંતર્વ્યાપક થઈને ગ્રહણ કરે છે એમ છે જ નહિ. એમ કહે છે. આહાહા..! પંડિતજી! એમાં એમ છે કે નહિ? જુઓ! એમ છે. વ્યવહાર બાહ્યસ્થિત કહ્યો. નિશ્ચય ભગવાન આત્મા, પોતાના શ્રદ્ધા-જ્ઞાન, શાંતિ-વીતરાગપર્યાય પોતાની પોતામાં સ્વસ્થિત છે અને તે જ સમયે, એક સમયની બે પર્યાય (અંશ). બે પર્યાય નહિ, હોં! એક સમયમાં બે ભાવ. આહાહા..! જેટલો નિર્મળ સ્વભાવ શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ-વીતરાગી પર્યાય થયા તે સ્વસ્થિત પોતાની. તે જ સમયે અશુદ્ધ રાગ વિકલ્પ દયા, દાન આદિ એ ચારિત્રગુણની વિકૃત પર્યાયનો અંશ અને આ અવિકૃત પર્યાયનો અંશ. અવિકૃત પર્યાયનો અંશ એ સ્વસ્થિત, વિકલ્પ અંશ એ બાહ્યસ્થિત. સમજાય છે કાંઈ? આહાહા..!

શરીર, વાણી, કર્મ તો બાહ્ય રહી ગયા. બહાર રહી ગયા? અહીં તો કહે છે, ભગવાન! જેણે પોતાનું શુદ્ધ સ્વરૂપ પોતાના અસ્તિત્વમાં જાણ્યું, અનુભવ્યું અને પોતાપણે માનીને જેને વેદે છે તેની દશામાં જે રાગાદિ છે, પુણ્ય-પાપ, દયા, દાન, વિકલ્પ, ભક્તિ, પૂજા આદિ

એ તો સમ્યગ્દૃષ્ટિની ધર્મપર્યાયથી બાહ્યસ્થિત છે. પોતાની પર્યાયમાં નથી. આહાહા..! ભારે વાતું. શું કરતા હશે ...? પુદ્ગલમાં નાખ્યું. પણ પુદ્ગલમાં હોય તો રાગનો કર્તા નથી એ તો સિદ્ધ કરવું છે. રાગને જાણનાર છે. જ્ઞાનનો કર્તા છે. અહીં તો જાણે છે એમ લેવું છે. રાગ કરે છે એમ લીધું છે? સમજાય છે કાંઈ? એ રાગાદિ પુદ્ગલનું જ કાર્ય છે, આત્માનું નહિ. આહાહા..! એ પુણ્ય આદિના વિકલ્પ ઉઠે છે, પૂજા, ભક્તિ આદિનો, જ્ઞાનીને એ પોતાનું પ્રાપ્ય અને પોતાનું કાર્ય છે જ નહિ. તે સમયે કર્મ જ તેને પ્રાપ્ત કરે છે. આહાહા..! અને ૭૯ ગાથામાં આવશે. ત્યાં ભાઈ સ્વભાવકર્મ (કહ્યું છે). ત્યાં પણ .. ન લેતા સ્વભાવ શબ્દ લીધો છે. ૭૯માં સ્વભાવકર્મ શબ્દ પડ્યો છે. જુઓ! '**વ્યાપ્યલક્ષણવાળું પોતાના સ્વભાવરૂપ કર્મ...**' એમાં ઘણું ભર્યું છે. '**પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પોતાના સ્વભાવરૂપ કર્મ (કર્તાનું કાર્ય),...**' પોતાના સ્વભાવરૂપ કર્મ, શબ્દ પડ્યો છે. ઓહોહો..!

કહે છે કે પુદ્ગલનો જ સ્વભાવ છે. એમ કહે છે. સમજાય છે કાંઈ? એ વસ્તુનો પુદ્ગલનો સ્વભાવ છે એમ કહે છે અહીંયા તો. આહાહા..! એ.. વજુભાઈ! આગમપદ્ધતિમાં વસ્તુનો સ્વભાવ લીધો છે. વસ્તુના સ્વભાવનો અર્થ દ્રવ્યકર્મનો ઉદય એ વસ્તુનો સ્વભાવ અને વિકાર વસ્તુનો-પુદ્ગલના જ બેય સ્વભાવ છે. દ્રવ્યરૂપ, ભાવરૂપ. આગમપદ્ધતિ એ પુદ્ગલનો સ્વભાવ છે, આત્મા નહિ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- વ્યવહારમાં કહે છે, એક હાથે તાળી નથી પડતી.

ઉત્તર :- એક હાથે તાળી નહિ, બે હાથે પણ નથી પડતી. સમજાય છે ભાઈ! બે હાથ ભિન્ન છે અને ભાષાવર્ગણા ભિન્ન છે. સાંભળો! આ હાથ છે તે આહારવર્ગણા છે. આહારવર્ગણાથી બન્યો છે. અને અંદર અવાજ ઉઠે છે એ અવાજ આહારવર્ગણામાંથી નથી ઉઠતો. શબ્દવર્ગણામાંથી ઉઠે છે. સમજાયું? ભાઈ! આ તો આહારવર્ગણા છે. ત્યાં શબ્દવર્ગણાના પરમાણુ પડ્યા છે તો એમાંથી અવાજ ઉઠે છે. શું આમાંથી ઉઠે છે? સમજાય છે કાંઈ? બહુ તાળી પડે તો ઘટી જાય એમાંથી. અહીંયા ભાષાવર્ગણા, શબ્દવર્ગણા ભગવાને જોઈ છે એ શબ્દવર્ગણામાંથી અવાજની પર્યાયને પ્રાપ્ત થવાવાળા તેને શબ્દ પ્રાપ્ત કરે છે. હાથ નહિ. આહાહા..! ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે. સર્વજ્ઞથી સિદ્ધ થયેલો માર્ગ છે. એ વાત સૂક્ષ્મ છે. લોકોને સાંભળવા મળે નહિ તેથી કંઈ વસ્તુ બીજી થઈ? વસ્તુ તો છે ઈ છે. અનાદિ કાળથી સર્વજ્ઞ છે. ત્રણ કાળમાં ત્રણ કાળને જાણનારનો વિરહ લોકમાં કદી નથી પડતો. ત્રણ કાળમાં ત્રણ લોકને જાણનારનો વિરહ હોય નહિ. પ્રમેય છે તો પ્રમાણજ્ઞાન હોયા વગર રહેતું નથી. અનાદિથી સર્વજ્ઞ છે, અત્યારે પણ સર્વજ્ઞ છે અને ભવિષ્યમાં પણ

સર્વજ્ઞ રહેશે. જ્ઞેય પરિપૂર્ણ છે તો પરિપૂર્ણ જાણવાવાળો અનાદિથી છે. આહાહા..! સમજાય છે કાંઈ?

એમ કહે છે કે, '**જ્ઞાની પોતે...**' પોતે શબ્દ આમ લેવો. જ્ઞાની પોતે, પોતામાં લેવું. નહિતર શંકા પડી જાય કે જ્ઞાની સ્વયંબાહ્યસ્થિત છે. એની મેળાએ બાહ્યસ્થિત લેવું કે નહિ? 'જ્ઞાની પોતે' પાઠમાં છે ને? '**ज्ञानी स्वयमन्तर्व्यापको भूत्वा**' એમ છે ને સંસ્કૃત? જ્ઞાની-ધર્મીજીવ.. શબ્દે શબ્દમાં અહીંયા મહત્તા પડી છે. એક્કે શબ્દ નિરર્થક નથી. ઓહો..! સ્વયં જ્ઞાની એટલે ધર્મી-સમ્યગ્દૃષ્ટિ પોતાના નિર્મળ પરિણામને કરનારો પોતે પોતાથી (છે). રાગના વ્યવહારમાં બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પર્યાય છે. પરિણામ કહો કે પર્યાય કહો. પાઠમાં પર્યાય છે. એ રાગાદિ વ્યવહાર વિકલ્પ, દયા, દાન, પૂજા, ભક્તિના પરિણામને અહીંયા પરદ્રવ્યપર્યાય કહેવામાં આવ્યા છે. સમજાય છે કાંઈ? આહાહા..! એકલી રાડ, વ્યવહારથી થાય છે, વ્યવહારથી થાય છે.

અહીં કહે છે, વ્યવહારથી અજ્ઞાન થાય છે. લે. એનાથી જ્ઞાન નથી થતું, ધર્મ નથી થતો. રાગ તો અજ્ઞાનભાવ છે. અજ્ઞાનનો અર્થ રાગ તો અંધકાર છે. પુણ્ય-પાપના પરિણામ તો અજ્ઞાન છે. જ્ઞાનના કિરણ રહિત ચીજ અચેતન છે, જડ છે, અશુચિ છે. સમજાય છે કાંઈ? તેને જ્ઞાની.. એ ચીજ જ્ઞાનીથી બાહ્યસ્થિત છે. ધર્મીની એક સમયની પર્યાયમાં થોડી પર્યાય જે ઉત્પન્ન થાય છે તે પર્યાયથી બાહ્યસ્થિત છે. એ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયનો સ્વ અને સ્વામી છે. ધર્મી પોતાનું દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ અને પર્યાય નિર્મળ તે સ્વ અને તેનો સ્વામી છે. વિકલ્પ વ્યવહાર છે તે સ્વ અને તેનો સ્વામી નથી. એ સ્વ છે જડનું. આહાહા..! હીરાભાઈ! ભારે વાત. ભીખાભાઈ! સમજાય છે કે નહિ? વેપારી માણસ છે ને. ગોઠવી દે. ટાણુ આવે ત્યારે ન ગોઠવે તો ક્યારે ગોઠવે? કેમ?

જ્ઞાની નામ ધર્મી.. આહાહા..! ધર્મી કોને કહેવો? કોને સમકિતદષ્ટિ, શ્રાવક અને મુનિ કહેવા? આહાહા..! શ્રાવક, મુનિ, સમકિતી જ્ઞાની એને કહીએ કે જેની નિર્મળ પર્યાય પ્રગટ થઈ છે અને દ્રવ્ય-ગુણ નિર્મળ છે તેને પોતાના માને છે અને તે સ્વનો પોતે સ્વામી છે. એ સિવાય તે જ સમયમાં વ્યવહારનો જે વિકલ્પ ઉત્પન્ન થયો તે સ્વ પોતાનું નહિ, પોતાથી થયો નથી, પોતામાં છે નહિ, પોતાથી થયો નથી, પોતામાં છે નહિ, પરથી ઉત્પન્ન થયેલો પરમાં છે. આહાહા..! શ્વાસ હાંફી જાય કેટલાકને. સમજાય છે કાંઈ? આવો માર્ગ છે ભાઈ!

ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનો ભંડાર, એમાંથી જ્યાં પર્યાયનું ભાન થયું, પ્રગટ થઈ તો કહે છે, તે જ સમયે રાગ આવ્યો ને? રાગ જ્ઞાનીને આવ્યો? ના. પુદ્ગલને આવ્યો. જ્ઞાનીએ કર્યો? ના, એ પુદ્ગલે કર્યો. આ તે ગજબ વાત

છે! એની પર્યાયમાં છે ને? ના, પરની પર્યાયમાં છે, પોતાની પર્યાયમાં નહિ. એ વિકલ્પ જે દયા, દાન, વ્રતાદિ, દેવના વિનય આદિનો વિકલ્પ છે એ પરદ્રવ્ય છે, એનું ક્ષેત્ર પર છે. એનો સમય ભલે સમય એક, પણ એનો સ્વકાળ આ નિર્મળથી પર પરકાળમાં છે ઈ, અને પરભાવમાં છે ઈ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. ભગવાન તો .. ઈ છે લ્યો. ચારે બાજુ ...

પરદ્રવ્ય. એને પરદ્રવ્ય કહ્યું. અજીવ કહ્યું, પુદ્ગલ કહ્યું, પુદ્ગલના પરિણામ કહ્યા. એનો ભાવ, સ્વકાળ એનો, ક્ષેત્ર પણ પરનું, પોતાનું ક્ષેત્ર નહિ. આહાહા..! અસંખ્ય પ્રદેશમાં એક પર્યાયમાં સ્વકાળમાં એ ભાવ પોતાનો નહિ, પરનો. અસંખ્ય પ્રદેશમાં ઉત્પન્ન થયો ને અંશમાં? ના, એ પ્રદેશ જ પોતાના નહિ. એ પોતાનું ક્ષેત્ર જ નહિ. અને એ રાગ ઉત્પન્ન થયો તે પોતાનો ભાવ નહિ. છે, એમાં જુઓ. છે એમાં, હોં! ઉપરથી નથી કાઢ્યું.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અમસ્તુ નથી, એમ છે. પોતાની ચીજ જ મીઠી છે. ભગવાન આનંદકંદ છે એમાં કડવાટ ક્યાંથી આવી? પુદ્ગલમાં છે. આ તો રાગની કડવાશ પણ પુદ્ગલમાં છે. સમજાય છે કાંઈ? દુઃખ પણ પુદ્ગલમાં છે, દુઃખની પર્યાય પુદ્ગલ છે એમ કહે છે અહીંયા. આહાહા..! ભગવાન આત્મા પોતાના સ્વરૂપના શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ અને આનંદ જેટલા પ્રગટ કર્યા એ પોતાની પર્યાય અને જેટલું દુઃખ રહ્યું તે જ પર્યાયમાં આનંદની પર્યાય, આનંદગુણ છે તેની પર્યાય આનંદ, તે સમયે જે દુઃખ જે એક સમયની પર્યાયમાં થોડું છે, કહે છે કે એ પુદ્ગલના પરિણામ છે. આહાહા..! જ્ઞાન અને અજ્ઞાન બેને ભિન્ન કરી દીધા છે. સમજાય છે કાંઈ?

'**જ્ઞાની પોતે બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને...**' રાગ વ્યવહારમાં આત્મા વ્યાપક થઈને, કર્તા થઈને, પ્રસરીને.. સમજાય છે? શું આત્માની પર્યાય સંક્રમણ પામીને રાગમાં પેસે છે? નિર્મળ પર્યાય બદલાઈને શું રાગમાં આવે છે? અહીં તો ના પાડી કે પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય પરનું છે, આત્માનું નહિ. કહે છે, '**બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં...**' અહીં તો પરિણામ લીધા જરી સ્પષ્ટતા માટે. અને કુંદકુંદાચાર્યે તો કહ્યું કે વ્યવહારરત્નત્રયના વિકલ્પ જેને નામથી રત્ન કહો, નામથી રત્ન છે ને, ભાવથી નહિ. આરે..! વ્યવહારરત્નત્રય, વ્યવહારરત્નત્રય આહાહા..! મોઢું ભરાય અંદર જાણે! રત્નત્રય. સમજાય છે કાંઈ?

એક બાઈની વાત નહોતી કરી? એક ફેરી કહ્યું હતું. કોઈ સાધુએ મશ્કરી કરી. સાધુએ.

રત્નપ્રભા નરક છે ને? નરકનું નામ રત્નપ્રભા છે ને? પહેલી નરકનું નામ. પહેલી નરક છે એનું નામ રત્નપ્રભા છે. તો એક સાધુ એવી વાત કરતો હતો. એક ડોસી હતા બિચારા. (એને કહ્યું), માજી! તમારે રત્નપ્રભા જાવું છે? એ જાણે કે રત્નપ્રભા એટલે (કાંઈક રત્નોનું હશે). ઈ કહે, મહારાજ! તમારા જેવા જાય, અમારા જેવા ન જાય. એ જાણે રત્નપ્રભા શું હશે. ભાન ન મળે. પંડિતજી! રત્નપ્રભા નામ આવે છે ને પહેલી નરકનું. એને કાંઈક પૂછ્યું, કેમ માજી! રત્નપ્રભા જાવું છે? ઈ જાણે કે રત્નપ્રભા કોઈ મહા વિમાન હશે. .. હશે કંઈક. મહારાજ! અમારા જેવા પામર રત્નપ્રભા કઈ રીતે જાય? તમારા જેવા જાય. એમ આ વ્યવહારરત્નત્રયમાં અજ્ઞાની જાય, એમ કહે છે. શું ભાઈ! તમારે વ્યવહારરત્નત્રયમાં આવવું છે ને? આ દૃષ્ટાંતમાં સિદ્ધાંત આ લેવો છે. સમજાય છે કાંઈ?

તારો શુભભાવ જે વ્યવહારરત્નત્રય દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતના વિકલ્પ, શાસ્ત્રજ્ઞાનના વિકલ્પ એ વ્યવહારરત્નત્રયમાં તારે જાવું છે ને? આહાહા..! વ્યવહારરત્નત્રયમાં તો જઈએ ને ભાઈ! જડમાં જાય છે, કહે છે. ત્યાં અંતર્વ્યાપક થઈને જાય છે? સમજાય છે કાંઈ? જડ એમાં અંતર્વ્યાપક સ્વરૂપ થાય છે. આહા..! નામ રત્ન. આહાહા..! પોપટભાઈ!

'**પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં...**' એ વ્યવહારની આદિમાં આત્મા નહિ. આહાહા..! વ્યવહારને આત્મા અડતો જ નથી ને, એમ કહે છે. વ્યવહારના વિકલ્પને નિશ્ચયદૃષ્ટિમાં સમ્યક્‌જ્ઞાન, દર્શનમાં વ્યવહારને જ્ઞાની અડતો જ નથી. આશ્રય કરતો નથી, અડતો નથી. ભિન્ન રહી ગયો. આહા..! એનું નામ જ્ઞાની અને ધર્મી કહેવામાં આવે છે. ભાઈ! આવી વાત છે. જેનું ફળ અનંત આનંદ, અનંત કેવળજ્ઞાન એવું ફળ, એ દશા તો આવી છે. પામર પ્રાણીની સાથે આવે એમ નથી. મહા પુરુષાર્થની ગતિથી અંતરમાં પરિણમન થાય છે.

કહે છે, એ પુણ્ય પરિણામમાં જે પુદ્‌ગલના પરિણામ છે વ્યવહાર, જે બાહ્યસ્થિત છે એ બાહ્યસ્થિતમાં અંતર્વ્યાપક થઈને આદિ-મધ્ય-અંતમાં ગ્રહણ કરતો નથી. '**વ્યાપીને, તેને ગ્રહતો નથી,...**' ધર્મીનું એ પ્રાપ્ય નહિ. ઓહોહો..! સમયે સમયે ઉત્પન્ન થવાવાળો રાગ, કહે છે, એ જ્ઞાનીનું પ્રાપ્ય નહિ. તે સમયનો રાગ તેને જાણવો એ જ્ઞાનની પર્યાયનું પ્રાપ્ય તેને જ્ઞાની પહોંચે છે. શું રાગને પહોંચે છે? સમજાય છે કાંઈ? ધર્મી રાગ સંબંધી પોતાનું જ્ઞાન, એ જ્ઞાનને પ્રાપ્ત કરે છે, જ્ઞાનને પહોંચે છે, જ્ઞાનરૂપ પરિણમે છે.

'**તે-રૂપે પરિણમતો નથી...**' તે રૂપ પરિણમન નથી થતું. ઓહોહો..! જુઓ! વ્યવહારરૂપ પરિણમન જ જ્ઞાનીનું નહિ. છે કે નહિ એમાં? '**તે-રૂપે પરિણમતો નથી...**' એ વિકાર્ય. ગ્રહતો નથી એ પ્રાપ્ય. તેને પ્રાપ્ત કરતો નથી. એમાં પરિણમતો નથી, વિકારમાં '**અને તે-**

**રૂપે ઊપજતો નથી;...**' નિર્વર્ત્ય નહિ. એ ધર્મીનું નિર્વર્ત્ય નહિ. એ રાગની નિપજાવનારી પર્યાય ધર્મીની નહિ. તેને નિપજાવનારી પર્યાય પુદ્‌ગલની, તેને જ્ઞાની જાણે છે. એ.. મલૂકચંદજી! આવો માર્ગ ભારે પણ. એમાં એકાત નથી થઈ જતું? આહાહા..! એકલા નિશ્ચય, નિશ્ચય, નિશ્ચય. વ્યવહાર પણ એનો છે એમ થોડું તો લ્યો. નિશ્ચય પણ પોતાનું અને વ્યવહાર પણ પોતાનો તો અનેકાંત થાય છે. અહીં કહે છે, નિશ્ચય પોતાનો અને વ્યવહાર પોતાનો નહિ એનું નામ અનેકાંત છે. આહાહા..! અસ્તિ-નાસ્તિનું અનેકાંત આવું છે. અનેકાંત કરતાં આવડે નહિ. સમજાય છે કાંઈ? સિદ્ધ પણ કથંચિત્ સુખી અને કથંચિત્ દુઃખી. ઈ કહે છે. આજે ભાઈએ કહ્યું હતું ને. તમારી બાજુ કહે છે. સિદ્ધ કથંચિત્ દુઃખી કેમ? સંસારનું સુખ એને નથી. એને સંસારનું સુખ નથી. આહા..! ધૂળનું સુખ નથી એને (એટલે) દુઃખી. સમજાય છે કાંઈ?

ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ સ્વતંત્ર પોતામાં સ્થિત છે. દુઃખમાં વર્તમાનમાં ત્રિકાળમાં સ્થિત નથી. પૂર્વ સ્થિત હતો એ પણ નહિ. એ ભ્રમણા હતી. આહાહા..! હું પૂર્વે રાગમાં સ્થિત હતો એ ભ્રમણા હતી. દુઃખમાં સ્થિત હતો એ ભ્રમણા હતી. આહાહા..! સમજાય છે કાંઈ? પોતાનું શુદ્ધ જ્ઞાનસ્વરૂપ અનાકુળ પ્રભુ આત્મા, એની પ્રાપ્તિ કરી તો કહે છે કે એમાં રાગાદિ જે વ્યવહાર બાહ્યસ્થિત છે એ એમાં ઉત્પન્ન નથી થતો. તેથી, આ કારણે '**જોકે જ્ઞાની...**' યદ્યપિ એટલે જોકે. જ્ઞાની પોતાના પરિણામને જાણે છે. જુઓ! પોતાની પર્યાય કરે છે અને પોતાની પર્યાયને જાણે છે. પરિણામને શબ્દ લીધો છે ને અહીંયા? ઓહોહો..! ધર્મીજીવ પોતાની નિર્મળ પર્યાય-શુદ્ધ પર્યાય, ધર્મ પર્યાય તેને જાણે છે, પરિણમે છે, રચે છે, જાણે છે. ઓહોહો..! એમાં દૃષ્ટાંત આપ્યો છે, હોં! શું માણસ પોતાના (પગ) ખભે નાખી શકે? નાખી શકે? પગ હેઠે એને અહીંયા ઉપર નાખી શકે? એમ એક પર્યાયમાં ઉત્પન્ન થાય અને એને જાણી શકે? એમ લખ્યું છે. સાંભળ તો ખરો. એ તો એક પર્યાયમાં બીજી પર્યાય થતી નથી, એમ કહે છે. પણ પર્યાય ઉત્પન્ન થઈ અને પર્યાયને નથી જાણતો એમ ક્યાંથી આવ્યું તારે? કચરો દેખાતો નથી દિવામાં? દિવો. દિવામાં જે સમયે પ્રકાશ થાય છે તે જ સમયે પોતાની પર્યાયને જણાવે છે અને ઘટને પણ જણાવે છે તે જ પ્રકાશ. નવો નવો ઉત્પન્ન થાય છે તે પણ પોતાને જણાવે છે અને પટને જણાવે છે, એ પ્રકાશ.

એમ ભગવાન આત્મા પોતાને જાણે છે, ઉત્પન્ન થાય છે પર્યાય અને એને જાણે છે. ઓહોહો..! સમજાય છે કાંઈ? એક વાત તો ઈ. જે પ્રકારના રાગાદિ છે તેનું તે પ્રકારનું તે જ પ્રકારે જ્ઞાન જાણે, યથાર્થ જાણે. આટલું છે, આટલા પ્રકારનું મંદ તો મંદ, તીવ્ર તો તીવ્ર, પૂજાના હોય તો પૂજાના, દ્વેષના હોય તો દ્વેષ, જેટલા પ્રકારની જે પ્રકારની પર્યાય

હોય તે જ પ્રકારનું જ્ઞાન થાય છે. સમજાય છે કાંઈ? છતાં એ જ્ઞાનની પર્યાય તેનું કાર્ય નથી, રાગનું કાર્ય નથી. અને રાગને જાણે છે એમ કહેવામાં પણ કહે છે કે પોતાના પરિણમનને જાણે છે એમ કહે છે અહીં તો. ભાષા જુઓને! એ આવ્યું હતું ને? ભાઈ! ૭૫માં. પોતાને જાણે છે. ભારે વાત ભાઈ!

અહીં તો રાગને જાણતો, પરિણામને જાણે છે. ધર્મી '**પોતાના પરિણામને જાણે છે તોપણ, પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ,...**' વિકાર બાહ્ય વ્યવહાર. વ્યવહાર ને નિમિત્તની જડની બધી ક્રિયા. '**જ્ઞાની પોતાના પરિણામને જાણે છે તોપણ પ્રાપ્ય...**' નામ રાગાદિ, શરીરની અવસ્થા તે સમયમાં થવાની છે જડમાં તે તેનું પ્રાપ્ય, પરિણમે છે અને નિર્વર્ત્ય છે '**એવું જે વ્યાપ્યલક્ષણવાળું...**' અવસ્થાલક્ષણ પરદ્રવ્યપર્યાય. એ '**પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ છે, તેને નહિ કરતા એવા...**' તેને નહિ કરતા એવા. '**એવા તે જ્ઞાનીને પુદ્ગલ સાથે કર્તાકર્મભાવ નથી.**' જાઓ! ધર્મીનું કર્તાકર્મ, કર્તા ઈ અને વ્યવહાર કાર્ય .. એમ નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ-૨, શનિવાર તા. ૧૦-૮-૧૯૬૮**
**ગાથા-૭૮ પ્રવચન-૫૯૪**

કર્તાકર્મ અધિકાર ચાલે છે. ૭૭ ગાથા પૂરી થઈ. **‘હવે પૂછે છે...’** શું ચાલે છે? ધર્મીજીવનું કામ શું? અને અજ્ઞાનીનું કામ શું? સમજાય છે કાંઈ? અજ્ઞાની, પોતાના શુદ્ધ ઉપાદાનસ્વરૂપ ચૈતન્ય આનંદનું જ્યાં ભાન નથી, એની અવસ્થામાં અશુદ્ધ ઉપાદાનરૂપ વિકાર પર્યાય જે ઉત્પન્ન થાય છે એ વિકારપર્યાય મારું કાર્ય છે અને એને હું કરવાવાળો છું. કહો, સમજાય છે કાંઈ? કાલે પ્રશ્ન હતો ને ભાઈનો? સોમચંદભાઈ ક્યાં છે? આજે તો ... નથી આવતું.

આત્મામાં આત્મા વિકાર કરે છે ને? અહીંયા તો કહે છે કે પુદ્‌ગલ વિકાર કરે છે, એમ લીધું એમાં તો. સમજાય છે કાંઈ? આત્મા કરે છે એ કોણ? જેને શુદ્ધ ધ્રુવ ચિદાનંદ આત્મા જ્ઞાયક આનંદ શુદ્ધ ઉપાદાન છે, તેની જેને દૃષ્ટિ નથી, ભાન નથી, ખ્યાલ નથી, અનુભવ નથી તે પ્રાણી વર્તમાન પર્યાયદૃષ્ટિમાં અંશદૃષ્ટિમાં એની દૃષ્ટિ છે. તો અજ્ઞાની અર્થાત્ સ્વરૂપના અજ્ઞાનવાળો, એ પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ મારું કાર્ય છે અને હું એનો કર્તા છું. હું એને કરવાવાળો અને એ મારું કામ છે. સમજાય છે કાંઈ? કેમકે ચીજ શું છે એની ખબર નથી. તો ક્યાંક પોતાનું અસ્તિપણું તો માનવું પડશે. પોતાની અસ્તિ શુદ્ધ ચિદાનંદ આનંદ અને જ્ઞાયક પોતાની અસ્તિ છે એવું જ્યાં ભાન નથી ત્યાં પુણ્ય અને પાપ, દયા ને દાન, વ્રત, ભક્તિ આદિ જે વિકલ્પ વિકાર છે એમાં હું છું, એ હું છું, એટલી મારી અસ્તિ છે એવી માન્યતામાં એ મારું કામ છે અને હું કરવાવાળો છું. સોમચંદભાઈ! આમ છે.

મુમુક્ષુ :- કિંમત મોટી...

ઉત્તર :- માટે કહે છે કે ભેદજ્ઞાન કરો એમ કહે છે. ક્યાં ગયા મણિભાઈ? ભાઈએ પ્રશ્ન કર્યો હતો કાલે. વિકાર તો આત્મા કરેને? આત્મા જ કરે છે. પણ ક્યો આત્મા? ક્યો આત્મા? કે પોતાના શુદ્ધ ચૈતન્યના ભાન વિનાનો આત્મા. સમજાય છે કાંઈ?

હું જ્ઞાયક છું કાયમી. હું ધ્રુવ પરમસ્વભાવરૂપ, પરમસ્વભાવરૂપ પરિણામિક તત્ત્વ સહજસ્વરૂપ, એવું પોતાનું મહાન તત્ત્વ, મહાન પદાર્થના અસ્તિત્વની પોતામાં આસ્થા, અનુભવ, પ્રતીત, જ્ઞેયનું જ્ઞાન નથી. સ્વજ્ઞેય તો આવડું છે. પુણ્ય-પાપ કે દયા, દાન, વિકલ્પ પરિણામ છે તે જ મારું કર્તવ્ય છે અને હું એમાં પરિણમવાવાળો છું. એટલે કર્તા (છું). સમજાય

છે કાંઈ?

અહીંયા તો ભેદજ્ઞાનની વાત ચાલે છે કે જેને એ પુણ્ય-પાપના ભાવ વિકાર આસ્રવ છે. હું તો ચિદાનંદ જ્ઞાયક છું. એમ રાગથી અશુદ્ધ ઉપાદાનની વિકૃત પર્યાયથી, પોતાના શુદ્ધ ઉપાદાનનો આશ્રય કરીને વિકારથી ભિન્ન આત્માને કર્યો છે. ભિન્ન કર્યો છે તો એમાં વિકાર છે જ નહિ. સમજાય છે કાંઈ? ધર્મીનો આત્મા શું કામ કરે છે? અને કર્તા ક્યા પ્રકારે થાય છે? ઈ ૭૭માં આવી ગયું. પોતાનો અનંત જ્ઞાન, દર્શન આદિ જે સ્વભાવ છે તેની વર્તમાન પર્યાયમાં અનંત ગુણની નિર્મળ પર્યાય જે દ્રવ્યસ્વભાવમાંથી પ્રગટ થાય છે તે જ મારું કાર્ય અને એનો હું કરવાવાળો. સમજાય છે કાંઈ? રાગાદિ, વિકલ્પાદિ મારી પર્યાયમાં નથી. ધર્મીના દ્રવ્ય-ગુણમાં તો નથી. જિનેશ્વરદાસજી! કેમ કે પર્યાય જે અવસ્થા.. પર્યાયવાન જે છે એ તો શુદ્ધ છે. અને શુદ્ધનો આશ્રય લઈને જે શુદ્ધ પર્યાય ઉત્પન્ન થઈ એમાં રાગ નથી. ધર્મીને રાગ છે જ નહિ, ધર્મીને પુણ્ય છે જ નહિ, ધર્મીને પાપ છે જ નહિ. સમજાય છે કાંઈ? ધર્મીને એ પુણ્ય-પાપના વિકલ્પ જેટલા પ્રકારના, જે પ્રકારના છે તે પ્રકારનું તે સંબંધી પોતાનું જ્ઞાન પોતાથી થાય છે તે પોતાની જ્ઞાનપર્યાયનો કર્તા છે અને જ્ઞાનપર્યાય કર્મ છે. આહા..! સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે.

વસ્તુ વસ્તુ ભગવાન આત્મા તેને તો એક સમયનો વિકૃત ભાવ છે. આખી ચીજ તો નિર્વિકારી અખંડાનંદ શુદ્ધ ચૈતન્યપ્રભુ છે. જેની દૃષ્ટિમાં શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક હું છું, હું શુદ્ધ આનંદ અને જ્ઞાનસ્વરૂપી છું. રાગ તો આસ્રવ છે તો મારી પર્યાયથી પણ એ ભિન્ન છે. દ્રવ્ય-ગુણથી તો ભિન્ન છે. પણ ધર્મીની પોતાની પર્યાય જે નિર્મળ થાય છે એ એક પર્યાયમાં જે બીજો અંશ છે એ પણ મારામાં નથી. આહાહા..! સૂક્ષ્મ વાત છે, ભાઈ! સમજાય છે કાંઈ? આ વાત સાંભળી ન હોય એટલે એમ થાય કે, આહા..! શું છે આ? વિકાર કર્મ કરે, પુદ્‌ગલ કરે? પુદ્‌ગલના પરિણામ? એમ જ છે. પણ કઈ અપેક્ષાથી? જેનાથી આત્મા ભિન્ન પડ્યો, તો ભિન્ન પડેલો ભિન્નનું કાર્ય કઈ રીતે કરે? સમજાય છે કાંઈ?

હમણાં પેલું પુસ્તક છે ને? ભાઈ! .. એ વળી હાથમાં આવી ગયું. હમણાં કો'કને જોઈતું હતું. નિર્વર્ત્ય, પ્રાપ્ય અને ઉપજવું. એ પહેલા બોલ મૂક્યા છે એણે. એની વ્યાખ્યા એવી કરી છે એણે... આ ચોપડી છે ને? આવી છે ને શેઠીજી? કઈ? ઈ ચોપડી નહિ. આ ચોપડી તમને નહોતી આપી? આપી હતી ને? હવે બીજી લ્યે. પહેલા નહોતી આપી? સમજાય છે કાંઈ? હિન્દુસ્તાની જેટલા છે તે બધાને એક એક આપવાની છે. જે આપણે આવ્યા છે ને ક્લાસમાં હિન્દુસ્તાની (હિન્દીભાષી) કોઈને એક એક આપી છે. ન હોય તો પછી એકસાથે લઈ લેવી. જેટલા હિન્દુસ્તાની હોય ને. હિન્દી ભાષાવાળા. હિન્દીભાષી કહો

કે હિન્દુસ્તાની કહો. હિન્દુસ્તાની એટલે અમે હિન્દી ભાષાને હિન્દુસ્તાની કહીએ છીએ. અમે તો અહીંયા કાઠિયાવાડીમાં ગુજરાતી કહીએ છીએ. અહીંયા હિન્દુસ્તાની નથી. એમ કે આ હિન્દુસ્તાની નહિ. હિન્દુસ્તાનીનો અર્થ જ્યાં હિન્દી ભાષા ચાલે તેને હિન્દુસ્તાની કહીએ છીએ. સમજાય છે કાંઈ? આજે તો બાર દિવસ થયા ને? હજી આઠ દિવસ છે ને? તો હિન્દી લોકો છે ને, ખાસ ખાસ હિન્દી છે ને તેમને આ પુસ્તક આપવું અને વસ્તુવિજ્ઞાન સાર જેની પાસે ન હોય તેણે વસ્તુવિજ્ઞાન સાર લઈ લેવું. પછી અહીંયા બધાને અપાશે. સમજાય છે કાંઈ? શું કહે છે?

એમાં એમ લીધું છે કે જે પરદ્રવ્ય છે,.. એમાં નિમિત્તનું લીધું છે, જે પરદ્રવ્ય છે એ પરદ્રવ્યમાં ઉપજતું નથી. પરદ્રવ્ય પરદ્રવ્યમાં ઉપજતું નથી તો એનું નિર્વર્ત્ય કર્મ નહિ. અને પરદ્રવ્ય છે એ પરદ્રવ્યમાં તદાત્મ્ય થતું નથી. તદાત્મ્ય થતું નથી તો તેનું પ્રાપ્ય નથી. એમ લીધું છે ભાઈ! ભાઈને કહ્યું હતું. અમારા પંડિતજીને. પંડિતજીને સંભળાવ્યા પછી વાત કરી. પંડિતજી કાંઈ ન ... અમારે પંડિતજી પહેલા નીકળે અને બોલાવી લઈએ. ઈ અમારે પાસ કરે તો ચાલે. સમજાય છે કાંઈ? તમે ગયા ને પછી આવ્યા હતા. આ તો એ શબ્દ છે. સમજ્યાને? પહેલા પાને છે.

પર અથવા નિમિત્ત. પર અર્થાત્ ઉપાદાન વસ્તુમાં જે એનાથી ભિન્ન છે, કંઈ પણ કરી શકતું નથી. અહીંયા તો એનાથી સૂક્ષ્મ વાત લીધી છે. અહીં પણ એમ જ છે. આત્મા શુદ્ધ ઉપાદાન જે પોતાનો આત્મા છે, તો એમાં કર્મના રાગ-દ્વેષ અને સુખ-દુઃખના વિકલ્પ પોતામાં કંઈ કરી શકતા નથી. સમજાય છે કાંઈ? કર્મના કર્તાપણાથી થયેલા પુણ્ય-પાપના રાગાદિ એ આત્મામાં કંઈ કરી શકે અને આત્મામાં ઊપજે એવું છે જ નહિ. અર્થાત્ નિમિત્તરૂપ પરવસ્તુ ઉપાદાનરૂપ વસ્તુને ન ઉત્પન્ન કરી શકે છે, નિવૃત્ત કર્મ નથી કરી શકતી. એ કૌંસમાં લીધું. ન તેમાં તદાત્મ્યપણે ભળી શકે છે. તેને પ્રાપ્ય કર્મ નથી કરી શકતી, આત્મસાત નથી કરી શકતી, આત્મસાત નથી કરી શકતી-આત્મારૂપ નથી કરી શકતી. એક ચીજ બીજી ચીજને આત્મસાત-પોતારૂપ નથી કરી શકતી. સમજાય છે કાંઈ? એક ચીજ બીજી ચીજને ઉપજાવતી નથી અને એક ચીજ બીજી ચીજને આત્મસાત-પોતારૂપ કરી શકતી નથી. અથવા એક ચીજ બીજી ચીજમાં તદાત્મ્યરૂપ થતી નથી. બે વાત. અને એક ચીજ.. પછી ત્રીજો શબ્દ લીધો છે. ન તેમાં કોઈ પરિવર્તન કરી શકે છે. એ વિકાર્ય કર્મ. એવો શબ્દ લીધો છે. એક ચીજ બીજી ચીજમાં કોઈ પરિવર્તન કરે એમ ત્રણ કાળમાં બની શકતું નથી. સમજાય છે કાંઈ? હવે એ વાત તો સામાન્ય દ્રવ્ય અને સામાન્ય નિમિત્તની વાત થઈ.

હવે, અહીં તો વિશેષ-ખાસ જે આત્મદ્રવ્ય છે, સમજાય છે કાંઈ? શુદ્ધ ચૈતન્યવસ્તુ.

જે પુણ્ય-પાપનો રાગ અને હરખ-શોકનો જે વિકલ્પ સુખ-દુઃખનો તેનાથી ભિન્ન પડેલી ચીજ, ભિન્ન પડેલી ચીજને જ આત્મા કહે છે. જે આત્મા છે તેવો આત્મા થયો, જેવો આત્મા છે તેવો આત્મા થયો. જેવો છે તેવો થયો. સમજાય છે કાંઈ? પુણ્ય-પાપ અને હરખ-શોક આત્માના છે નહિ અને આત્મા એ રૂપે થાય એ આત્મા જ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ!

ભગવાન આત્મા જેવો છે, છે તેવો થયો. એ તો જ્ઞાન અને આનંદ ચૈતન્યમૂર્તિ છે. એવો થયો. તો પર્યાયમાં પણ શુદ્ધ જ્ઞાતા-દૃષ્ટા, આનંદાદિની પર્યાય એમાં થઈ. એ છે એવો થયો. શું વિકાર એમાં છે કે તેવો થયો? તો કહે છે, આપણે તો અહીંયા ૭૮ ગાથા ચાલે છે ને? **'હવે પૂછે છે કે પુદ્ગલકર્મના ફળને જાણતા એવા જીવને પુદ્ગલ સાથે કર્તાકર્મભાવ (કર્તાકર્મપણું) છે કે નથી?'** હવે જરી સૂક્ષ્મ વાત છે. ગાથા તો લો.

**ण वि परिणमदि ण गिण्हदि उप्पज्जदि ण परदव्वपज्जाए।**
**णाणी जाणंतो वि हु पोग्गलकम्मफलमणंतं।।७८।।**
**પુદ્ગલકરમનું ફળ અનંતુ જ્ઞાની જીવ જાણે ભલે,**
**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૮.**

પાઠમાં પહેલા વિકાર્ય લીધું છે, સમજાય છે? '**ण वि परिणमदि**' છે ને? પહેલા વિકાર્ય લીધું છે. પછી પ્રાપ્ય લીધું છે, પછી નિર્વર્ત્ય લીધું છે. શ્લોકમાં, શ્લોકમાં એમ છે. પણ એ તો પદ્ય મેળવવા માટે એમ લીધું છે. પણ એની સીધી શ્રેણી ટીકામાં લીધી છે. પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય. સમજાય છે કાંઈ? પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય કોઈ દી સાંભળ્યું ન હોય. પોપટભાઈ! નહિ? ધર્મના સ્થાનમાં કોઈ દી સાંભળ્યું નહિ હોય.

કહે છે, '**ટીકા :- પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું...**' પહેલા તો લે છે પ્રાપ્ય એવું વ્યાપ્યલક્ષણવાળું '**સુખદુઃખાદિરૂપ પુદ્ગલકર્મફળસ્વરૂપ...**' એમ લ્યો. શું કહે છે? જે હરખ-શોક અને રાજીપો, દિલગીરી આદિ થાય છે એ પુદ્ગલકર્મનું ફળ છે. સમજાય છે કાંઈ? એ પુદ્ગલકર્મ જે જડ છે, એ હરખ-શોકની વૃત્તિ અને હરખ-શોકનું ફળ એમાં પુદ્ગલ પ્રાપ્ય કરે છે, પુદ્ગલ તદાત્મ્ય થાય છે. હરખ-શોકની વૃત્તિ.. પહેલા રાગ-દ્વેષની વૃત્તિ કર્તાકર્મમાં હતી. અહીંયા હરખ-શોકના ભાવમાં પુદ્ગલ તદાત્મ્ય થઈને પુદ્ગલ તેને પ્રાપ્ત કરે છે. આત્મા નહિ. શેઠી! શું છે?

મુમુક્ષુ :- પુદ્ગલ જડ છે...

ઉત્તર :- હા, ઈ જડ છે ઈ વાત છે.

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યવસ્તુ હરખ-શોક અને રાગ-દ્વેષથી આત્મા ભિન્ન પડ્યો એવો

ભેદજ્ઞાનીનો અથવા જેવો છે એવો થયો આત્મા, એમાં જે હરખ-શોકની લાગણી ઉત્પન્ન થાય છે એ તો પુદ્ગલનું પ્રાપ્ય છે. પુદ્ગલ જડ એને પ્રાપ્ત કરે છે. એ હરખ-શોકમાં જડ તદાત્મ્યરૂપ પ્રવર્તે છે. સૂક્ષ્મ વાત છે, ભગવાન! સમજાય છે કાંઈ? વસ્તુ ઉપાદાન એ છે એનાથી. ક્યાં સુધી? પોતાના શુદ્ધ ચિદાનંદ ઉપાદાનનું ભાન નથી ત્યાં સુધી એ નિમિત્તનો, રાગાદિનો કર્તા થાય છે. હરખ-શોકને ભોગવવાવાળો ત્યાં સુધી થાય છે કે જ્યાં સુધી આનંદમૂર્તિ ભગવાન આત્મા છે એમ દૃષ્ટિમાં, અનુભવમાં નથી આવ્યું ત્યાં સુધી તે હરખ-શોકને ભોગવવાવાળો અજ્ઞાની થાય છે. સમજાય છે કાંઈ? જિનેશ્વરદાસજી! બહુ સૂક્ષ્મ વાત છે.

પણ જેમ અજીવતત્ત્વ ભિન્ન છે એમ હરખ-શોકનો વિકલ્પ અને દયા, દાન, પુણ્ય-પાપના રાગથી પણ ભગવાન આત્મા ભિન્ન છે અને પોતાનો પૂર્ણ અખંડ જ્ઞાયકભાવથી આત્મા અભિન્ન છે. જ્ઞાયકભાવથી અભિન્ન છે અને રાગ ને હરખ-શોકના વિકલ્પથી ભિન્ન છે. એવું વાસ્તવિક ભેદજ્ઞાન થયું ત્યાં જે હરખ-શોકના પરિણામ થાય છે તેને પુદ્ગલ તાદાત્મ્ય થઈને પ્રાપ્ત કરે છે. એ જેવા સુખ-દુઃખની કલ્પનાને પુદ્ગલ પ્રાપ્ત કરે છે તે પ્રકારનું, તે જ પ્રકારનું પોતામાં જ્ઞાનની પર્યાય એ જાતની છે તેવી ઉત્પન્ન થાય છે. એ પણ એ ચીજ છે તો ઉત્પન્ન થાય છે, એ સંબંધીનું જ્ઞાન ઈ છે તો ઉત્પન્ન થાય છે એમ પણ નથી. એ પોતામાં તો નથી પણ ઈ છે તો અહીંયા જ્ઞાનની પર્યાય-જ્ઞાતાની પર્યાય ઉત્પન્ન થઈ એમ પણ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? સમજાય છે કાંઈ એટલે સમજમેં આતા હૈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ! ઓહો..! ચૈતન્ય નિજઘરમાં આવ્યો તો પરઘરનો જ્ઞાતા કહેવો ઈ પણ કહે છે કે પોતાની પર્યાય એ (જ્ઞેય) ચીજ છે માટે અહીંયા એ પર્યાય તે સંબંધી જાણવાની થઈ એમ પણ નથી. શું ઈ હરખ-શોકના પરિણામ આત્માના છે? ઈ તો છે જ નહિ. સમજાય છે કાંઈ? આહા..!

કહે છે કે પ્રાપ્ય એવું વ્યાપ્યલક્ષણવાળું. વ્યાપ્ય નામ અવસ્થાલક્ષણવાળું. જેની અવસ્થા છે એવા સ્વરૂપ '**સુખદુઃખાદિરૂપ...**' હરખ-શોકની વૃત્તિ એ પુદ્ગલકર્મફળસ્વરૂપ છે. એ તો પુદ્ગલના કાર્યના ફળસ્વરૂપ છે. તેને પુદ્ગલ તદાત્મ્ય થઈને સુખ-દુઃખની કલ્પનામાં પહોંચી વળે છે. કર્મ સુખદુઃખની કલ્પનાને પહોંચે છે. ભગવાન આત્મા એને પહોંચતો નથી. પહોંચતો નથી એટલે? એની સાથે લડાઈને કહીને પહોંચે છે એમ? પહોંચે છે એટલે શું? આત્મા આત્મારૂપ થયો અને જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ પ્રભુ એ વિકાર અને પરથી ભિન્ન જ્યાં ભાન થયું તો આત્મા રાગને પહોંચી શકે, પ્રાપ્ત કરે એમ વસ્તુમાં નથી. એમ હરખ-શોકના પરિણામને આત્મા પ્રાપ્ત કરે કે આત્મા હરખ-શોકના પરિણામ સાથે તદાત્મ્યરૂપ થાય એમ ત્રણ કાળમાં થતું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ! વીતરાગ માર્ગ...

'સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી'. એ તો ખબર છે. અહીં તો વળી બીજી વાત મગજમાં આવે ને પાછી. ભવદુઃખ, જેને ચાર ગતિના દુઃખ લાગતા હોય, ચાર ગતિમાં ઉપજવું અને રહેવું જેને દુઃખ લાગે તે આત્માની શોધમાં પડે. જેમ અગ્નિ હડહડ બળતી હોય એમાંથી જેમ મકાન સળગે અને એક બારણું હોય એમાંથી નીકળે. કઈ ચીજ પડી છે, હજી સુધી શું છે તેની ખબર વિના બહાર નીકળી જાય. લાખોની, કરોડોની (મિલ્કત) પડી હોય, કપડા (પડ્યા હોય). નીકળ બહાર. ઉપર સળગે છે હમણાં નીચે પડશે. ઉપર હોય ઈ શું કહેવાય? માળ, માળ, મેડી હોય, લાકડા પડ્યા હોય. આ સળગ્યું, પડશે હમણાં નીચે. પચીસ-ત્રીસ હાથનું લાંબુ, બહાર નીકળતા વાર લાગશે તો આ પડશે, નીચે પડી જશે. મુઠ્ઠી વાળીને બહાર નીકળે.

એમ ચાર ગતિની હોળી સળગે છે. ચાહે તો સ્વર્ગ હો, નર્ક હો, શેઠાઈ હોય કે રાંકાઈ હો, બધામાં વિકારના દુઃખની ભઠ્ઠી સળગે છે. ચીમનભાઈ! બધા પૈસાવાળાને સુખી કહે છે. મૂર્ખાઓ ભેગા હોય ને, ભેગા થઈને પૈસાવાળાને સુખી કહે. એ.. ભગવાનજીભાઈ! અહીં કહે છે કે એ દુઃખમાંથી ભાગે. અરે..! વિકારી પરિણામ આનંદને લૂંટવાવાળા છે. હું દુઃખી છું, દુઃખી છું. તો મારે દુઃખનો વ્યય કરવો છે અને આનંદને ઉત્પન્ન કરવો છે. આનંદની ઉત્પત્તિ તો દ્રવ્યની દૃષ્ટિથી અંતરમાં આશ્રય કરવાથી ઉત્પન્ન થાય છે તો દુઃખનો નાશ છે અને આનંદની ઉત્પત્તિ થાય છે. સમજાય છે કાંઈ?

અહીંયા ઈ કહે છે, ધર્મી રાગ અને હરખ-શોકના વિકલ્પથી ભાગી ગયો છે, દૂર ખસી ગયો છે. સમજાય છે કાંઈ? એની વાત ચાલે છે. અજ્ઞાની તો એકત્વમાં પડ્યો છે, એની શું વાત કરવી? એ તો રાગ-દ્વેષ, હરખ-શોક પોતાના છે (એમ માને છે), એ તો છે, એ તો અનાદિથી છે. સમજાય છે કાંઈ? એ તો મિથ્યાદૃષ્ટિમાં અનાદિથી માની રાખ્યું છે. જે પોતાનું નથી તેને પોતાનું માન્યું, એ જ દુઃખ છે, મિથ્યાત્વભાવનું દુઃખ છે.

કહે છે, એ પ્રાપ્ય **'એવું વ્યાપ્યલક્ષણવાળું સુખદુઃખાદિરૂપ પુદ્‌ગલકર્મફળસ્વરૂપ...'** એમાં સંયોગ પણ લેવા. અનુકૂળ સંયોગ અને પ્રતિકૂળ સંયોગ, એને પણ સુખ-દુઃખ સંયોગથી કહેવામાં આવે છે. અને તે તરફના જે હરખ-શોકના વિકલ્પ ઉઠે છે તે પણ ભાવ પૂર્વકર્મનું ફળ છે અંદર. પેલા સંયોગ એ બાહ્ય કર્મફળ છે. બેય કર્મફળ છે. સમજાય છે કાંઈ? લક્ષ્મી પાંચ-પચાસ કરોડ કે કરોડ, લાખ-બે લાખ મળી જાય એ કર્મનું ફળ છે અને એમાં હરખ થઈ જાય એ કર્મનું ફળ છે. અને પ્રતિકૂળતા સાતમી નરકની એટલી મળે કે ચોખાનો એક દાણો નહિ, પાણીનું બિંદુ નહિ એ કર્મનું ફળ છે પ્રતિકૂળ. અને એમાં જરી દ્વેષ થઈ જાય, કહે છે કે એ આત્માનું ફળ નહિ. એ તો કર્મનું ફળ છે. જ્ઞાની તેને તદાત્મ્યરૂપે અનુભવતા

નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

સાતમી નરકનો નારકી, અપરિઠાણામાં તેંત્રીસ સાગરની સ્થિતિ. રવરવ નરક, કહે છે. જેની શીત વેદના લાખ મણનો લોઢાનો ગોળો, લુહારનો દીકરો પહેલેથી નિરોગ, હજી રોગ આવવાની આગાહી નથી એવું નિરોગ શરીર, બત્રીસ વર્ષનો જુવાન. લુહાર. લુહાર સમજો છો? લુહાર. લોઢાને ટીપે. એણે છ મહિના સુધી લોઢાને ટીપ્યું હોય. લાખ મણનો ગોળો ઊનો કરીને ટીપે. ઊનો કરીને ટીપે. છ મહિના સુધી એને ગાઢ કર્યો હોય એ સાતમી નરકની શીતમાં એક સેકંડ મૂકે તો અગ્નિના અંગારામાં ઘીનો લોચો ઓગળી જાય, ગળી જાય એમ એક સેકંડમાં ગળી જાય. ઠંડીમાં એક સેકંડમાં ગળી જાય. એવી વેદના ત્યાં છે. એ વેદનાની પર્યાય કર્મના ફળની છે એમ કહે છે. અને જરી અંદર દ્વેષનો અંશ આવે છે, સમ્યગ્દૃષ્ટિ એમાં પડ્યો છે, સાતમી નરકમાં. નરકમાં નથી. કહેવામાં શું કહે? ઈ આત્મામાં છે. એ દુઃખની કલ્પનામાં નથી, એ નારકીની પ્રતિકૂળતાના અંશને અડતો નથી. એ તો અડતો નથી પણ દ્વેષનો અંશ છે તેને જ્ઞાની અડતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? કેમકે એ તો પુદ્ગલકર્મનું ફળ છે. ધર્મી એને અડતો જ નથી. આહાહા..! દેવીલાલજી! કેવો ધર્મ આ, કેવો ધર્મ આ? વીતરાગનો ધર્મ હશે? અહીં તો કંદમૂળ ન ખાય, ચોવિહાર કરવા થઈ ગયો ધર્મ. ભાઈ! ધર્મ એવો નથી, પ્રભુ! ધર્મ અપૂર્વ ચીજ છે. ધર્મના દર્શન અપૂર્વ ચીજ છે.

ધર્મી એવો ભગવાન આત્મા અનંત જ્ઞાન અને આનંદને ધરનાર એના દર્શન થયા ધર્મીને. ધર્મીને ધર્મીના (દર્શન થયા). ધર્મી નામ પર્યાય ધરવાવાળો એનું ધર્મી નામ આત્મા. એવા દર્શન થયા ધર્મીને તો કહે છે કે હરખ-શોકની જે લાગણી છે તેને જ્ઞાની અડતો નથી. એ પુદ્ગલ એને અડીને તદાત્મ્ય થાય છે. આહાહા..! ધન્નાલાલજી! કહો, સોમચંદભાઈ! જુઓ! છે પુસ્તક કે નહિ?

પ્રાપ્ય લક્ષણવાળું, પ્રાપ્ય લક્ષણવાળું, પ્રાપ્ય એવું વ્યાપ્યલક્ષણવાળું સુખદુઃખાદિ, હરખ-શોક, રતિ-અરતિ આદિ કે અનુકૂળ-પ્રતિકૂળ સંયોગની પર્યાય એ પુદ્ગલ '**પરિણામસ્વરૂપ જે કર્મ (કર્તાનું કર્મ),...**' કર્તાનું કાર્ય છે. પુદ્ગલ કર્તાનું એ કાર્ય છે. આત્માનું કાર્ય નહિ. કેમકે આત્મા તો દ્રવ્ય ચૈતન્ય ભગવાન છે અને એનો જ્યાં અંતર્મુખ થઈને અનુભવ થયો તો આત્માની પર્યાયમાં તો શાંતિ, જ્ઞાન, શ્રદ્ધા, અનંત ગુણનો નિર્મળ અંશ વ્યક્તરૂપે પરિણમન થયું તે જ્ઞાનીની પર્યાય છે. એ જ પર્યાયમાં બીજો ભાગ થોડો હરખ-શોકનો આવ્યો, આ (નિર્મળ) પર્યાયને અડે છે, (મલિન) પર્યાયને અડતો નથી. આહાહા..!

મુમુક્ષુ :- ટૂકડા થઈ ગયા.

ઉત્તર :- ટૂકડા થઈ ગયા તો શું છે? દેવીલાલજી! વેદાંતવાળાને તો એવું લાગે, એક

તો પર્યાય અને એક પર્યાયમાં બે ભાગ. અરે..! સાંભળ તો ખરો. શશીભાઈ! એક જ આત્મા. ભાઈ! એમ નથી. સમજાય છે કાંઈ?

ચૈતન્ય ભગવાન અનંત ગુણનું અસ્તિત્વ રાખે છે. એવું જે અંતરમાં ભાન થયું, સમ્યગ્દર્શન થયું, ધર્મી થયો તો કહે છે કે એ હરખ-શોકના પરિણામ કર્તાનું કાર્ય છે. એ પુદ્ગલ કર્તા તેનું કાર્ય છે. જયસુખભાઈ! આ ઝીણું આવ્યું આ ફેરી. ઈ ભાઈ આવ્યા છે માંડ. જામનગરથી આવ્યા છે ને. ઝીણું ભારે પણ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ના, ઈ તો હવે આવે છે. હવે કંઈ પરાણે બેસાડે એવું નથી. ખેંચાઈને આવે છે હવે. કહો, સમજાણું? ન્યાયથી પહેલા શું ચીજ છે એને ખ્યાલમાં તો લેવી જોઈએ. ખ્યાલમાં લીધા વિના પ્રયોગ અને અજમાઈશ કેમ કરશે કે હું રાગ નહિ, હરખ-શોક નહિ, હું તો આનંદકંદ અને વીતરાગમૂર્તિ છું. રાગ વિનાનો આત્મા વીતરાગ છે અને હરખ-શોક વિનાનો આત્મા આનંદમૂર્તિ છે. સમજાય છે કાંઈ? આવી દૃષ્ટિ કર્યા વિના એને કોઈ દી સમ્યગ્દર્શન થતું નથી. સમ્યગ્દર્શન નથી ત્યાં ધર્મ કેવો? ત્યાં વ્રત લે ને નિયમ લે ને અપવાસ કરે, બધો અધર્મ છે. એ મણિભાઈ! રાડ તો નાખે એક વાર. પોકાર કરે છે, પોકાર અર..ર..ર..! ભાઈ! તારી ચીજની ગતિ એવી છે. તારી ચીજની ગતિ વિકારરૂપે થાય અને સુખ-દુઃખરૂપ થાય એને ગતિ કહેવાય? એનું એ ગમન-એનું એ પરિણમન છે? સમજાય છે કાંઈ? હરખ-શોકનું પરિણમન ઝેરનું પરિણમન આત્માનું છે? કહે છે કે અહીં તો હરખ-શોકનું કાર્ય કર્તાનું છે. કર્તા પુદ્ગલ છે. ફૂલચંદભાઈ!

અને વિકાર્ય. એ સુખદુઃખની પરિણતિ જે ઉત્પન્ન થાય છે, સમજાય છે કાંઈ? જે પલટો થાય છે, પરિવર્તન થાય છે, સમજાય છે કાંઈ? એ કર્મમાં પરિવર્તન થાય છે. આત્મામાં નહિ. એ પરિવર્તનને કરવાવાળું કર્મ છે. સમજાય છે કાંઈ? પહેલા સુખની કલ્પના થોડી હતી, વિશેષ થઈ કે દુઃખની કલ્પના વિશેષ હતી, પછી થોડી થઈ તો કહે છે કે ઈ શેમાં થઈ? એ પુદ્ગલમાં થઈ, આત્મામાં નહિ. ભેદજ્ઞાનીના આત્મામાં આત્મા જાણ્યો એમાં નહિ. આહાહા..! કહો, ભીખાભાઈ!

મુમુક્ષુ :- જી, જી સાહેબ! આપની વાણીમાં તો શું અમારે કહેવાનું હોય?

ઉત્તર :- આહાહા..!

પ્રાપ્ય, વિકાર્ય. એ સુખ-દુઃખની કલ્પના, હરખની કલ્પના અને દિલગીરીની કલ્પના. કહે છે કે એ કલ્પનામાં પરિવર્તન થાય છે ને? હો. પુદ્ગલ પરિવર્તન કરવાવાળું છે. શું આત્મા એમાં પરિવર્તન કરવાવાળો છે? અને નિર્વર્ત્ય. શું આત્મા એમાં ઊપજે છે? હરખ-

શોકના પરિણામમાં આત્મા ઊપજે છે? આત્મા તો આનંદસ્વરૂપ છે એમાં ક્યાંથી ઊપજે? સમજાય છે કાંઈ? અજ્ઞાનમાં ઉપજતો હતો એમ માનતો હતો એ પર્યાયબુદ્ધિ હતી. શુદ્ધતા છોડીને અશુદ્ધતામાં પરિણમતો હતો, ઉપજતો હતો એ તો મિથ્યાદૃષ્ટિ છે. અશુદ્ધ પરિણમનમાં આત્મા ઉપજ્યો એ તો મિથ્યાદૃષ્ટિનો છે. આહા..! સમ્યગ્દૃષ્ટિના પરિણામ શુદ્ધમાં જ ઉત્પન્ન થાય છે, શુદ્ધમાં જ ઉપજે છે. અશુદ્ધમાં ઉપજતા નથી. ઓહોહો..!

કહે છે, '**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું...**' વ્યાપ્ય એટલે અવસ્થા. એવું જેનું સ્વરૂપ છે, એવા સુખ-દુઃખાદિ પર્યાય એ પુદ્‌ગલકર્મફળસ્વરૂપ કાર્ય છે. એ પર્યાય તો પુદ્‌ગલની પર્યાય છે. પાઠમાં પરદ્રવ્યપર્યાય લીધી છે. એ પરદ્રવ્યપર્યાય છે, આત્માની નહિ. છે ને? દરેકમાં પરદ્રવ્ય છે. જુઓ! '**ण वि परिणमदि ण गिण्हदि उप्पज्जदि ण परदव्वपज्जाए।**' આત્મા એ પરદ્રવ્યપર્યાયમાં આવતો જ નથી. પાઠમાં એમ છે પણ પહેલા ખુલાસો કર્યો છે, કોનાથી ઉત્પન્ન થયું એનો ખુલાસો કર્યો છે. પાઠમાં તો એમ છે કે આત્મા એમાં ઉપજતો નથી. સમજાય છે કાંઈ? પાઠ તો આટલો જ છે. ત્યારે કહે છે, ઉપજે છે કોણ? એનો ખુલાસો પહેલા કરીને પછી એમાં ઉપજતો નથી એનો ખુલાસો કરશે. સમજાય છે કાંઈ? ઈ આચાર્યની શૈલી છે. નહિતર પાઠમાં તો એટલું છે, આત્મા...

**ण वि परिणमदि ण गिण्हदि उप्पज्जदि ण परदव्वपज्जाए।**
**णाणी जाणंतो वि हु पोग्गलकम्मफलमणंतं।।७८।।**

આટલી વાત છે. અસ્તિથી વાત છે કે આત્મા એમાં પરિણમતો નથી, પ્રાપ્ત કરતો નથી અને આત્મા એમાં વિકાર્ય-ફેરફાર કરતો નથી. એ કરતો નથી તો થાય છે શેમાં એ વાત પહેલી કરી. ઈ દરેક ગાથામાં છે. અસ્તિ-નાસ્તિ. સમજાય એવી વાત છે. આ કંઈ એવી ગૂઢ ભાષા નથી. પણ લક્ષ તો એણે દેવું પડશે ને? કેમ, ગિરધરભાઈ! લોજીકથી ન્યાયથી તો વાત થાય છે.

ભાઈ! તું તો આત્મા છો ને પ્રભુ! આત્મા કેમ પરિણમે રાગ અને હરખ-શોકમાં? ઈ આચાર્ય પાઠમાં કહે છે. તો કહે છે, ઉપજે છે કોણ? પુદ્‌ગલકર્મના કાર્યમાં પુદ્‌ગલ ઉત્પન્ન થાય છે. ચંદુભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કહ્યું ને, સુખદુઃખની કલ્પનાના સુખની વાત ચાલે છે. આત્માના આનંદની વાત પહેલા કરી. સુખદુઃખની કલ્પના શબ્દ સાથે લેતા હતા. પરમાં સુખ છે એવી કલ્પના એનું નામ સુખ. અને પર ઠીક નથી એવી કલ્પના-દ્વેષ, ઈ દુઃખ. અને અનુકૂળ ને પ્રતિકૂળ. અનુકૂળને નિમિત્તરૂપ સુખ, પ્રતિકૂળને નિમિત્તરૂપ દુઃખ. કલ્પનાને અશુદ્ધ ઉપાદાનરૂપ અંદર

દુઃખ અને સુખની કલ્પના. એ સુખ આત્માની વાત નથી અહીંયા. આહા..! એ સુખદુઃખ શબ્દ પડ્યો છે ને, એટલે એને થયું કે આ શું છે? સમજ્યા? એ સુખદુઃખાદિ એટલે કલ્પનાનું સુખ. સમજાય છે કાંઈ? આ લક્ષ્મી મળી, ચક્રવર્તીનું પદ મળ્યું. કહે છે કે એ હરખને પ્રાપ્ત કોણ કરે છે? હરખમાં તન્મય કોણ થાય છે? હરખને કોણ પહોંચી વળે છે? ભગવાન આત્મા હરખને પ્રાપ્ત કરે છે? શું એના ઘરમાં પડ્યા છે ઈ? એના ઘરમાં તો આનંદ છે.

આત્મજ્ઞાની નામ તત્ત્વજ્ઞાની નામ ધર્મી તે જ સમયે પોતાના આનંદની પર્યાયને પ્રાપ્ત કરે છે. પણ એ સુખ-દુઃખની કલ્પનાને પ્રાપ્ત કરે છે પુદ્‌ગલ. એ.. નવરંગભાઈ! ભારે ઝીણું ભાઈ આવું. માણસને તો સાંભળ્યું ન હોય તો એમ લાગે, શું હશે આ? વીતરાગનો માર્ગ આવો હશે? સર્વજ્ઞએ આ કહ્યો હશે? આ સર્વજ્ઞે કહેલો છે? સર્વજ્ઞે છ કાયના જીવની દયા પાળવી, આઠમ, પાંખીના અપવાસ કરવા, રાત્રે ખાવું નહિ, કંદમૂળ છોડવા, વિષયવાસનાનો ત્યાગ કરવો એ વાત આવતી હતી ને? પણ સાંભળ તો ખરો. જેને ત્યાગ કરવાનું કહે છે એ વસ્તુમાં નથી તો ત્યાગ કરવાનું કહે છે ને. તો પહેલા વસ્તુમાં નથી એ ચીજ શું છે? સમજાય છે કાંઈ? જેમાં નથી એ ચીજ શું છે? એવી ચીજના ભાન વિના રાગની ઉત્પત્તિનો નાશ થતો નથી. રાગનો ત્યાગ નથી થતો. જેમાં રાગ નથી, જેમાં હરખ-શોક નથી એવી ચીજના આશ્રય વિના રાગનો ત્યાગ થતો નથી. રાગ પોતાની માન્યતામાં મેં આમ કર્યું, મેં આમ કર્યું, રાગ મારો છે એમ પોતાનો માન્યો તો તેનો ત્યાગ શું કરે? એણે તો આત્માનો ત્યાગ કર્યો, ધર્મનો ત્યાગ કર્યો. સમજાય છે કાંઈ?

શુભરાગ આવ્યો કે આમ દયા પાળવી, આમ ન કરવું. શુભરાગને પોતાનો માન્યો. પોતાનો માનીને મેં ત્યાગ કર્યો એવું અભિમાન થયું તો પોતાના સ્વભાવનો ત્યાગ કર્યો. જ્ઞાતા-દ્રષ્ટાનો ત્યાગ કર્યો અને રાગનું ગ્રહણ કર્યું. સ્વભાવનો ત્યાગ અને રાગનું ગ્રહણ. ધર્મીનો રાગનો અભાવ અને રાગના જ્ઞાનનું ગ્રહણ અને રાગનો અભાવ (છે). આહાહા..! જેઠાલાલભાઈ! પહેલા કેવું સાંભળ્યું હતું? જૈનમાં તો આવું હોય કે છ દ્રવ્ય, એની દયા પાળે, છ કાય ને આમ તેમ ને... બંધના કારણ પાંચ છે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ.. બંધના કારણ છે તો એ બંધ થાય એવો ભાવ એનો સ્વભાવ છે? એને તો બંધ કહ્યું. મિથ્યાત્વનો તો બંધ કહ્યો. બંધ છે ઈ એનો સ્વભાવ છે? સમભાવ હોય તો બંધ કેમ કહ્યું? બંધનો ભાવ મારામાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

હું તો અબંધસ્વરૂપ ચિદાનંદ આત્મા છું એવી જ્યાં દૃષ્ટિ થઈ તો કહે છે કે સુખદુઃખની કલ્પનાને પહોંચવાવાળું પુદ્‌ગલ છે. હું એને અડતો નથી અને પહોંચતો પણ નથી. સમજાય છે કાંઈ? જ્ઞાન ચૈતન્યસ્વરૂપ. જ્ઞાનની પર્યાયને પ્રાપ્ત કરીને, પ્રાપ્ત કરીને એનો અર્થ એ જ

સહજ અવસ્થામાં સુખદુઃખની જે કલ્પના છે એના સંબંધીનું જ્ઞાન તે જ સમયે, જે સમયે સુખદુઃખની કલ્પના છે તે જ સમયે પોતામાં તે સંબંધીનું જ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યાં એ સંબંધીનું જ્ઞાન હું કરું એમ છે એમાં? સમજાય છે કાંઈ? એમ કેમ ઉત્પન્ન થાય છે? પોતાના જ્ઞાયકસ્વભાવ ઉપર દૃષ્ટિ હોવાથી સહજ એ પર્યાયમાં પ્રાપ્ય નામ સ્વપરપ્રકાશક પર્યાય સહજપણે થાય છે. એ પ્રાપ્ય કરે છે, આત્મા તદાત્મ્ય થાય છે. એ હરખશોકના પરિણામમાં આત્મા તદાત્મ્ય નથી થતો એમ કહો કે ધર્મીનો આત્મા તદાત્મ્ય નથી થતો, બેય એક જ વાત છે.

મુમુક્ષુ :- અજ્ઞાનીનો આત્મા..

ઉત્તર :- ઈ અજ્ઞાનીનો આત્મા જ ક્યાં છે? એ તો આત્મા જ નથી, અનાત્મા છે. જેણે પુણ્ય-પાપ અને હરખ-શોક પોતાના માન્યા, શરીરાદિ પોતાના માન્યા એ તો અનાત્મા છે. વ્યવહારથી આત્માનો અર્થ અભૂતાર્થ આત્મા છે, ભૂતાર્થ આત્મા નહિ. આહાહા..! એમાં પણ વ્યવહાર આત્મા નીકળ્યો. સમજાય છે કાંઈ?

આત્મા એને કહે છે, આત્મા કોને કહે છે? અતતિ ગચ્છતિ ઈતિ આત્મા. પોતાની નિર્મળ પર્યાયને પ્રાપ્ત થાય, નિર્મળપણે ઉપજે અને નિર્મળપણે પરિણમે તેનું નામ આત્મા છે. અને એવી પ્રતીતિ થાય તેનું નામ સમ્યગ્દર્શન. સમજાય છે કાંઈ? શાંતિથી આ તો સમજવાની અને અંતર દૃષ્ટિ કરવાનો વિષય છે. અંતરમાં જુઓ.. ૭૫માં ભાઈ આવ્યું હતું ને? રાગ-દ્વેષના, સુખદુઃખના પરિણામ અંતરંગમાં ઉત્પન્ન થતા, એમ લેખ હતું. અને આ સ્થુળ પર્યાય બહારની એ બાહ્ય ઉત્પન્ન એમ લખ્યું હતું. અહીં તો એ હરખશોકના પરિણામ પણ બાહ્યસ્થિત એમ કહ્યું. ૭૫માં એમ કહ્યું હતું કે જેટલા પુણ્ય-પાપ વિકલ્પ, દયા, દાન, સુખ-દુઃખની કલ્પના.. એમાં બેય આવ્યું હતું-રાગ-દ્વેષ અને સુખ-દુઃખ. ૭૫માં. તો એ અંતરંગના પરિણામ પુદ્‌ગલના પરિણામ એમ કહ્યું હતું. અંતરંગના પુદ્‌ગલના પરિણામ, કર્મરૂપ પરિણામ. અને શરીરાદિ, વાણી આદિની અવસ્થા થાય છે એ બહિરંગ નોકર્મના પરિણામ. બેય મળીને પુદ્‌ગલના પરિણામ. ત્યાં અંતરંગ કહ્યું હતું એ તો બાહ્યની અપેક્ષાથી અંતરંગ કહ્યું હતું. અહીંયા એને જ પોતાની સ્થિતિની અપેક્ષાથી રાગ-દ્વેષ અને હરખ-શોકને બાહ્ય કહે છે. પહેલા ૭૫માં આવ્યું હતું. આગળપાછળનો ખ્યાલ હોય તો. ૭૫મી ગાથામાં આવ્યું હતું. જુઓ! ૭૫, ૭૫.

'**નિશ્ચયથી...**' ૭૫ની ટીકા. ખરેખર '**મોહ, રાગ, દ્વેષ, સુખ, દુઃખ...**' જુઓ! અહીંયા આપણે ૭૭માં રાગ-દ્વેષ કહ્યા. આમાં સુખદુઃખનું આવે છે, ૭૮માં. ત્યાં '**રાગ-દ્વેષ, સુખ, દુઃખ આદિરૂપે અંતરંગમાં ઉત્પન્ન થતું જે કર્મનું પરિણામ...**' કર્મના અંતરંગમાં ઉત્પન્ન થતા કહ્યા. '**અને સ્પર્શ, રસ, ગંધ...**' આદિ '**ઉત્પન્ન થતું જે નોકર્મનું**

**પરિણામ. તે બધુંય પુદ્ગલપરિણામ છે,...**' ત્યાં જે અંતરંગ કહ્યું હતું, ઈ અહીંયા પોતાની પર્યાયથી બાહ્ય કહ્યું. સમજાય છે કાંઈ? એ તો બાહ્યની અપેક્ષાથી, શરીર, વાણીની અપેક્ષાથી અંતરંગમાં ઉત્પન્ન થયેલો વિકલ્પ એમ કહ્યું  હતું.

અહીં તો કહે છે કે.. ત્યાં પણ જ્ઞાનીની વાત છે, અહીંયા પણ જ્ઞાનીની વાત છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા અંતરંગના પરિણામ અહીંયા (કહ્યા) તો દ્રવ્યના શુદ્ધ ચૈતન્યની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ પોતાના દ્રવ્યના અંતરંગ પરિણામ છે. અને એ જ પર્યાયમાં થોડી પર્યાય જે રાગાદિ, સુખ-દુઃખની કલ્પના છે તે બાહ્ય પુદ્ગલનું કાર્ય છે, પુદ્ગલનું ફળ છે, પોતામાં નહિ. ધન્નાલાલજી! ભારે વાતું ભાઈ આવી. આવો ધર્મ? બાપુ! ધર્મ તો આવો જ છે. ત્રણ કાળ ત્રણ લોકમાં. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ'. સાંભળવા મળે નહિ અને સમજાય નહિ એટલે કંઈ ધર્મ બીજો થઈ જાય છે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ભાવકર્મ પુદ્ગલના પરિણામ અહીંયા. રાગ-દ્વેષ, મોહ પરના પરિણામ, પોતાના નહિ. તેનાથી ભેદજ્ઞાન થયું છે ને. ભેદજ્ઞાન નહોતું ત્યારે તો એના હતા અજ્ઞાનમાં. સમજાય છે કાંઈ? રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવથી સ્વભાવ ભિન્નનું ભાન નહોતું થયું ત્યારે તો એના છે એવી માન્યતામાં પડ્યા હતા. માન્યતામાં પડ્યું હતું હોં! છે તો નહિ. એ વખતે પણ નહોતા થતા. શું રાગ-દ્વેષ આત્માના સ્વભાવમાં તદ્રૂપ થઈ જાય છે? પણ માનતો હતો. એ માન્યતા એની સાચી હતી. સાચી હતી એટલે માન્યતા હતી. એમ. માન્યતા નથી એમ નહિ. સાચી એટલે સમજ્યા? માન્યતા છે કે હું રાગ-દ્વેષ છું, પુણ્ય-પાપ મારા છે. એ માન્યતા છે. એ માન્યતા મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? પણ જ્યારે જ્યાં એનાથી ભેદજ્ઞાન થયું તો એ તત્ત્વ તો જુદું છે. પુણ્ય-પાપ ભાવકર્મ તો આસ્રવતત્ત્વ છે. બરાબર છે? આત્મા આસ્રવતત્ત્વ થઈ જાય છે? તો બે તત્ત્વ એક થઈ જાય. શું આત્મા અજીવતત્ત્વ થઈ જાય છે? શું આત્મા આસ્રવને પ્રાપ્ત કરે છે? શું એમાં મલિનતા પડી છે કે એને પ્રાપ્ત કરે? એ રૂપે ઉપજે? એ રૂપે પરિણમે? બિલકુલ નહિ. સમજાય છે કાંઈ?

કહે છે કે '**વ્યાપ્યલક્ષણવાળું સુખદુઃખાદિરૂપ પુદ્ગલકર્મફળસ્વરૂપ જે કર્મ (કર્તાનું કર્મ), તેનામાં પુદ્ગલદ્રવ્ય...**' જુઓ! '**પોતે અંતર્વ્યાપક થઈને,...**' આત્માની કોઈપણ પર્યાયની અપેક્ષા રાખ્યા વિના. આત્મા શુદ્ધ ચૈતન્યદ્રવ્ય એનું ભાન થયું તો દ્રવ્ય-ગુણ શુદ્ધ છે એવી પર્યાય શુદ્ધ થઈ. તો એ શુદ્ધ પર્યાયની અપેક્ષા રાખ્યા વિના બીજો અંશ જે પર્યાયમાં ઉત્પન્ન થાય છે એ પુદ્ગલ અંતર્વ્યાપક થઈને સ્વયં ઉત્પન્ન થાય છે. આત્માની અપેક્ષા બિલકુલ નથી. સમજાય છે કાંઈ? માર્ગ આવો છે, ભાઈ! તારી ચીજ એવી છે.

કહે છે, '**પુદ્‌ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને,...**' શેમાં? એ હરખ-શોકના વિકલ્પમાં. ભગવાન શું એમાં આવી જાય છે? ભગવાન ભગવતીસ્વરૂપ ચૈતન્ય. એવો ભગવાન શું બહાર નીકળીને રાગમાં આવી જાય છે? આહા..! પુદ્‌ગલદ્રવ્ય પોતે પોતાથી અંતર્વ્યાપક. હરખ-શોકના પરિણામમાં પ્રસરીને. હરખ-શોકના પરિણામમાં વિસ્તરીને. એ પ્રજા, હરખ-શોકની પ્રજા પુદ્‌ગલ પિતાની છે. ભગવાન પિતા અને એની પ્રજા. ભગવાન પિતા અને એની પ્રજા. હરખ-શોક અને રાગ-દ્વેષનું જ્ઞાન કરવાથી પોતામાં પોતાને કારણે જે જ્ઞાન થયું તે પોતાની પર્યાયનો આત્મા પિતા છે. એ પર્યાય પોતાનું સ્વ છે અને એનો આત્મા સ્વામિ છે. રાગ-દ્વેષ અને હરખ-શોક એ પોતાનું સ્વ નથી તો એનો સ્વામિ નથી.

આ કર્તાકર્મની પાંચ ગાથા જરી સૂક્ષ્મ છે. ૭૫, ૭૬, ૭૭, ૭૮ અને ૭૯. કહે છે, પુદ્‌ગલદ્રવ્ય તેમાં. તેમાં એટલે? એ હરખ-શોકના પરિણામમાં. કર્મના ફળરૂપ હરખ-શોકના પર્યાય-ભાવમાં પુદ્‌ગલદ્રવ્ય (વ્યાપે છે). આત્મદ્રવ્ય નહિ. '**પોતે અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં...**' એ હરખ-શોકના પરિણામની આદિમાં પુદ્‌ગલ, મધ્યમાં પુદ્‌ગલ, અંતમાં પુદ્‌ગલ. એની આદિમાં આત્મા છે તો આત્માની નિર્મળ પર્યાય આદિમાં છે. નબળાઈથી છે તો પોતાની પર્યાયમાં થોડી આદિ થઈ રાગમાં એમ નથી. એમ કહે છે. આહાહા..! એ નબળાઈથી રાગ થયો? ના. પોતાનો છે જ નહિ. આદિમાં પોતાની નબળાઈ છે? નહિ. ઉગ્ર બળવાન ભગવાન છે. નબળાઈની પર્યાયમાં પુદ્‌ગલ પ્રાપ્ત કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...**' સુખ-દુઃખની મંદ કલ્પના થઈ જાય જ્ઞાનીને? ના. સમજાય છે કાંઈ? જ્ઞાનીની પર્યાય હરખ-શોકની આદિમાં થોડી છે? છે જ નહિ. એના આદિ-મધ્ય-અંતમાં તો કર્મ જ વિસ્તાર કરે છે. સમજાય છે કાંઈ? '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતું,...**' પ્રાપ્ય. એ પુદ્‌ગલ જ હરખ-શોકમાં તદાત્મ્ય થાય છે. પુદ્‌ગલ જ હરખ-શોકને પ્રાપ્ત કરે છે. પુદ્‌ગલ જ હરખ-શોકને પામે છે. પુદ્‌ગલ જ હરખ-શોકને પહોંચે છે. છે તેને પહોંચવું. એ હરખ-શોક છે તેને પુદ્‌ગલ પહોંચે છે. જેમ ગામ છે તો માણસ એને પહોંચે છે. છે તો પહોંચે છે. એમ હરખ-શોકના પરિણામ છે તેને પુદ્‌ગલ પહોંચે છે. પુદ્‌ગલ તેમાં તદાત્મ્ય છે. આત્માની પર્યાય તદાત્મ્ય એકરૂપ છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? પુસ્તક છે કે નહિ બધાના હાથમાં? તો ક્યા શબ્દનો કેટલો અર્થ થાય છે એની એને ખબર પડે ને.

કહે છે, '**તેને ગ્રહતું,...**' '**તેનામાં પુદ્‌ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતું,...**' હરખ-શોકને તો પુદ્‌ગલ ગ્રહણ કરે છે. આહાહા..! રાડ નાખે ને માણસ. સમજાય છે કાંઈ? એક બાજુ પંચાધ્યાયીમાં એમ કહે, સમકિતીને,

જેમ સાંધા તૂટે ને વ્યાધિ થાય ત્યારે? એમ એને દુઃખના સાંધા તૂટે છે. એ તો પર્યાયનો ખ્યાલ કરાવ્યો. સમજાય છે કાંઈ? એવો દૃષ્ટાંત આપ્યો છે. શું કહેવાય તમારે? વા. સંધિવા. શેઠ હતા ને? દામોદર શેઠ. એવો વ્યાધિ થયો. હુશિયાર માણસ લૌકિકમાં બધી રીતે. એકવાર બહુ (થયું તો) કહે, મને કોઈ બંદુકથી મારી નાખો. પીડા સહન નથી થતી. પછી ડૉક્ટરનો નહિ પારો? એવો પારો આવે છે. બહુ... પારો નાખે. નહિ? ધૂળેય કરે નહિ. જોયો છે, નજરે એક એક વાર જોઈ લીધું છે.

અહીં કહે છે, સુખદુઃખની કલ્પનાને આત્મા પ્રાપ્ત કરે છે એમ નથી. પુદ્ગલ પ્રાપ્ત કરે છે. ભગવાન આત્મા તો એને જાણનાર જ્ઞાની છે. ભેદજ્ઞાની તો એને જાણનારો છે. જાણવાની પર્યાયને પ્રાપ્ત કરે છે. વિશેષ લેશું...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ-૩, રવિવાર તા. ૧૧-૮-૧૯૬૮**
**ગાથા-૭૮ પ્રવચન-૫૯૫**

કર્તાકર્મ અધિકાર, ૭૮ ગાથા ચાલે છે. ક્યાં સુધી આવ્યું છે? '**પુદ્ગલકર્મફળને કરે છે.**' શું કહે છે? કે સુખદુઃખની કલ્પના અને સુખદુઃખના સંયોગ જે સમયે થવાના છે તે સમયે તે સુખદુઃખની કલ્પના પુદ્ગલથી થાય છે. અહીં તો ભેદજ્ઞાનની વાત છે ને. રાગથી, પુણ્યથી પોતાનો ભિન્ન સ્વભાવ જ્ઞાયકસ્વભાવનો આશ્રય કરીને રાગથી ભિન્ન પોતાનો આત્મા જોયો, જાણ્યો, અનુભવ્યો. એવી ધર્મીની પર્યાયમાં એ જે રાગની, સુખદુઃખની પર્યાય જે ઉત્પન્ન થાય છે એ પુદ્ગલનું કાર્ય ને પુદ્ગલનું પરિણમન અને પુદ્ગલ એમાં ઊપજે છે. સમજાય છે કાંઈ? ઘણાને કઠણ પડે છે. ક્યાં ગયા તમારા સોમચંદભાઈ?

આ રાગ-દ્વેષ પુદ્ગલના પરિણામ છે એમ કહે છે અહીંયા. એ.. મણિભાઈ! કઈ રીતે? રાગ-દ્વેષ તો પોતાની પર્યાયમાં પોતાથી ઉત્પન્ન થાય છે. ત્યારે કર્મ નિમિત્ત હતું. એમાં જ્યાં સુધી રાગ અને સ્વભાવની એકતાબુદ્ધિ હતી ત્યાં સુધી. અને જ્યારે રાગ અને વિકૃતથી સ્વભાવ ભિન્ન છે એવું (ભાન) થયું તો કહે છે કે જે કર્મ નિમિત્ત હતું વિકારમાં, અહીંયા જ્યાં રાગ અને કર્મથી ભિન્ન પડ્યો સમ્યગ્દૃષ્ટિનો-ધર્મીનો-ભેદજ્ઞાનીનો આત્મા, તો એની જ્ઞાનની પર્યાયમાં ઈ (રાગ) નિમિત્ત થાય છે. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે પણ એવી નથી કે સમજાય નહિ. પહેલા ખ્યાલમાં તો લેવું જોઈએ ને કે એવી ચીજ છે. આત્મા જ્યાં સુધી પુણ્ય-પાપ આદિ નિમિત્તનો આશ્રય કરતો હતો ત્યાં સુધી તો મિથ્યાત્વભાવમાં જે રાગ-દ્વેષ આદિ હતા તેમાં કર્મ નિમિત્ત હતું અને એમાં વિકૃત ભાવ અશુદ્ધ ઉપાદાનથી ઉત્પન્ન થતા હતા. એ અશુદ્ધ ઉપાદાનની દૃષ્ટિમાં આમ છે. પણ શુદ્ધ ઉપાદાન ચિદાનંદ જ્ઞાયકભાવ અનાકુળ આનંદમૂર્તિ છે એમ જ્યાં અંતર દૃષ્ટિ થઈ તો અશુદ્ધ ઉપાદાન નામ જે વ્યવહાર રાગાદિ છે તે બધું પુદ્ગલમાં જાય છે. પોતાના સ્વભાવની જાગૃતદશામાંથી ઉત્પન્ન થતા નથી. સમજાય છે કાંઈ?

કહે છે કે '**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું...**' '**પુદ્ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...**' સુખદુઃખની કલ્પના અને સુખદુઃખના બાહ્ય સંયોગ. સમજાય છે કાંઈ? પૈસા આવે છે કે લાડવા આવે છે કે દાળ-ભાત આવે છે કે શરીરની પર્યાય આવી થાય તે પોતાને કારણે આવનારી પુદ્ગલનું પ્રાપ્ય છે. સમજાય છે કાંઈ? તે પર્યાયમાં પુદ્ગલ તદાત્મ્ય થાય છે, આત્મા તદાત્મ્ય થતો નથી. અને જે સુખદુઃખની કલ્પના

ઉત્પન્ન થઈ તેનાથી પણ આત્મા ભિન્ન જણાયો, ત્યારે તો તે પુદ્ગલપર્યાયમાં પુદ્ગલ તન્મય થઈને, તદાત્મ્ય થઈને તે તેમાં રહે છે. આત્મા તદાત્મ્ય થતો નથી. કેમકે ભિન્ન પડી ગયો. સમજાય છે કાંઈ?

કહે છે, તે રૂપ પરિણમતો, કરતો, તે રૂપ થતો એવો એ સુખદુઃખાદિ પુદ્ગલકર્મફળને કરે છે. એ પુદ્ગલ પુદ્ગલકર્મફળને કરે છે. ત્યાં સુધી આવ્યું છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા દ્રવ્ય અને વસ્તુ જ્ઞાયક ભગવાન છે એમ જ્યાં પરથી ભેદ થયો તો ભેદમાં તો ભેદની પર્યાય ભિન્ન રહી ગઈ. સમજાય છે કાંઈ? તો કહે છે કે.. હવે જરી અહીં થોડું લેવું છે.

'**આમ પુદ્ગલદ્રવ્ય વડે કરવામાં આવતું...**' '**क्रियमाणं**' શબ્દ છે ને ભાઈ આમાં? '**क्रियमाणं जानन्नपि**'. જરી સૂક્ષ્મ પડે તો સમજવું થોડું. શું કહે છે? તે સમયે જે સુખદુઃખની કલ્પના થઈ છે અને સુખદુઃખના સંયોગની પર્યાય પુદ્ગલથી પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય થઈને થઈ છે તે કરવામાં આવતું. તે જ સમયે કર્યું છે પુદ્ગલથી અને તે જ સમયે જાણનારો જાણે છે. સમજાય છે કાંઈ? સુખદુઃખાદિને જ્ઞાની જાણતો એવો. ભાષા દેખો. શું કહે છે?

પહેલામાં ૭૭માં તો એ આવ્યું હતું કે ભગવાન આત્મા ચૈતન્ય જ્ઞાયકબિંબ વસ્તુ છે એવી જ્યાં દૃષ્ટિ થઈ તો તે જ સમયમાં એ પુદ્ગલાદિ પરિણામ છે તેના જ્ઞાતાદૃષ્ટાના અને પોતાના જ્ઞાતાદૃષ્ટાના એવા જ્ઞાનના, શાંતિના, આનંદના, સ્વચ્છતા, શ્રદ્ધાના એ પરિણામ પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એ આત્માના હતા. તો એ સમયે જ્ઞાન, દર્શન આદિની પર્યાય તે જ સમયે ઉત્પન્ન થઈને તે જ સમયે તેને જાણે છે. જે સમયે ઉત્પન્ન થયું સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, આનંદ આદિ જે સમયે ઉત્પન્ન થયા તે જ સમયે તેને જાણે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયા કહે છે કે જે સમયે હરખ-શોકના પરિણામ, દેહની સુંદર આદિ ક્રિયા કે લાડવા આદિ સંયોગ જે વસ્તુ છે, જે સમયે જે ત્યાં પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય પરિણામ થાય છે- '**क्रियमाणं**' તેના વડે કરાયેલું, તે સમયે તેના વડે કરાયેલું. પહેલામાં તો તે સમયે આત્મા વડે કરાયેલાનું જાણનાર હતો. સમજાય છે કાંઈ? આ તો ભગવાન આત્મા ધર્મદૃષ્ટિ થઈ, સમ્યગ્દૃષ્ટિ થયો અને વસ્તુ છે એવું પર્યાયમાં ભાન થયું. સમજાય છે કાંઈ?

એક ન્યાયથી તો એ પર્યાય જે કાર્ય છે-નિર્મળ તેનું કારણ દ્રવ્ય થયું-મુખ્ય. અને જે શુદ્ધતાની પર્યાય ઉત્પન્ન થઈ (સાથે) જે રાગાદિ છે કે હરખ-શોકાદિ છે એ જ્ઞાનની પર્યાયમાં એ નિમિત્ત અહીંયા થયું. ઉપાદાનથી ઉત્પન્ન થયા એમાં વિકાર, સુખદુઃખની કલ્પના કે બાહ્યના અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ, એ સમયની ક્રિયા, એ સમયની ક્રિયા '**क्रियमाणं**' કરાયેલી જડની

અને વિકારની, તે સમયની ક્રિયા, જ્ઞાતાનું જ્ઞાન તે સમયે થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયા તો પોતામાં તો સ્વ શુદ્ધ ચૈતન્ય ભગવાન જ્ઞાયકપણાનો આશ્રય લઈને જે ધર્મની પર્યાય ઉત્પન્ન થઈ તે તો પોતાની ઉત્પન્ન થઈ અને પોતાને જાણે છે. તે જ સમયે પોતાની ઉત્પન્ન થઈ '**क्रियमाणं**' ઉત્પન્ન થઈ અને જાણે છે. અહીંયા તો હવે પરચીજ કેવી ઉત્પન્ન થશે, સુખદુઃખની કલ્પના, તીવ્ર-મંદ આદિ પરિણામ કે સંયોગ સુખદુઃખના સંયોગ તે સમયમાં જેવું પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય છે તે સંબંધીની જ્ઞાનપર્યાય તે સમયે તેને જાણે છે. સમજાય છે કાંઈ?

કહે છે, '**સુખદુઃખાદિ પુદ્‌ગલકર્મફળને...**' આમાં કર્મનો શબ્દ રહી ગયો છે. કર્મ શબ્દ છે એમાં માથે ર અડધો રહી ગયો છે. કમફળ એમ થઈ ગયું છે? એમ કમફળ છે? રેફ રહી ગયો છે. છે આમાં? એમાં પણ રેફ રહી ગયો છે? હિન્દીમાં હિન્દીમાં. પુદ્‌ગલકમફળને નહિ પણ પુદ્‌ગલકર્મફળ (હોવું જોઈએ). આમાં બિલકુલ નથી, જરીયે અડધો નથી. જરીયે નથી. જરીયે ઝાંખો પણ નથી. સમજાય છે કાંઈ? આ તો મૂળ વાત છે. અનંત કાળમાં એણે કર્યું જ નથી. '**क्रियमाणं**' તરીકે પોતાની પર્યાય કરી નથી અને '**क्रियमाणं**' તરીકે તેમાં થયું એને જાણ્યું નહિ. સમજાય છે કાંઈ?

કહે છે કે પુદ્‌ગલદ્રવ્યના.. સમજ્યા? '**પુદ્‌ગલકર્મફળને કરે છે; આમ પુદ્‌ગલદ્રવ્ય વડે કરવામાં આવતું...**' આટલા શબ્દો આવ્યા ત્યાં. પુદ્‌ગલ દ્વારા, કર્મ દ્વારા, નોકર્મ દ્વારા તે તે સમયની જે પર્યાય '**क्रियमाणं**' કરવામાં આવેલું જે કાર્ય છે, કરવામાં આવેલું જે પુદ્‌ગલનું કાર્ય છે, તે જ સમયમાં '**જ્ઞાની જાણતો હોવા છતાં...**' હવે અહીં તો એટલું કે તે સમયે ત્યાં ઉત્પન્ન થયું અને તે સમયે તે જ પ્રકારનું જ્ઞાન સ્વનું જ્ઞાન કરતાં પરનું જ્ઞાન પણ એવું જ ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? બહારની સાથે આ શું? સુખદુઃખની તીવ્ર-મંદતાના પરિણામ થાય અને તીવ્ર-મંદ અનુકૂળ-પ્રતિકૂળ એ પર્યાયમાં પ્રાપ્ય આદિ પરમાં હો, તે જ સમયનું જે '**क्रियमाणं**' છે, પુદ્‌ગલથી કરાયેલું તેને તે જ સમયે જ્ઞાની જાણતો. બસ, અહીં તો પહેલા ઈ લેવું છે. સમજાય છે કાંઈ? ઓહોહો..! કેટલું સામર્થ્ય એનું છે, એમ કહે છે. સમયનો ભેદ નહિ અને તે સમયે જેવા પરિણામ થયા, પુદ્‌ગલના, સુખદુઃખના, હરખ-શોકના, સમજાય છે કાંઈ? તે પ્રકારના તે જ સમયે, તે જ કાળે અને તે પ્રકારના જ્ઞાનમાં જ્ઞાની તેને જાણે છે. સમજાય છે કાંઈ? શું કહે છે સમજાણું એમાં?

આત્મા જ્ઞાયકસ્વભાવ છે, ચિદાનંદ ધ્રુવ પરમસ્વભાવ છે, પરમપારિણામિક છે. એની જ્યાં દૃષ્ટિ થઈ તો અમારે કેવી રીતે દૃષ્ટિ કરવી? એમ કહે છે. પહેલા કહ્યું ને? '**भूदत्थमस्सिदो**

**खलु समादिट्ठी हवदि जीवो**' એટલા બે શબ્દોમાં મૂક્યું છે. ભૂતાર્થ ભગવાન આત્મા છતો છતો હયાતી પૂર્ણાનંદ પ્રભુ, એનો આશ્રય કરીને સમ્યગ્દર્શન થાય છે. આ વસ્તુ. આશ્રય કઈ રીતે કરવો? એનો આશ્રય કરવો. કેમ કરવો? એનો આશ્રય કરવો.

મુમુક્ષુ :- પ્રેક્ટિકલ ન આવ્યું.

ઉત્તર :- એનો આશ્રય કરવો એ પ્રેક્ટિકલ ન આવ્યું? એ પૂછે છે બધા. આજ પણ પૂછતા હતા. સમજાય છે કાંઈ? કેમ ખાવું? કે આમ લઈને ખાવું. પણ એમ કેમ ખાવું? કે આમ લઈને ખાવું. પણ ખાવું કેમ? કેમ ખાવું? કે આમ લઈને આમ ખાવું. પણ એમ કેમ ખાવું? કે આમ લઈને ખાવું. એનો પ્રયોગ કેમ કરવો? કે આમ કરીને ખાવું. એમાં બીજો પ્રયોગ શું? અમરચંદભાઈ! આહાહા..! જિનેશ્વરદાસજી! પ્રશ્ન થયો હતો ને? બેને પ્રશ્ન કર્યો હતો. મનોકાંતાબેને પ્રશ્ન કર્યો હતો અંદર. '**भूदत्थमस्सिदो**'. એનો આશ્રય કેમ કરવો? કે આશ્રય આમ કરવો. કેમ કરવો? કે આમ કરવો. સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે કે ભગવાન આત્મા પોતાના ચૈતન્યસ્વરૂપમાં આરૂઢ થઈને જે પોતામાં પરથી ભિન્ન જ્ઞાન થયું તે જ્ઞાનના સમયમાં જે રાગાદિ હરખ-શોક આદિ પુદ્ગલના પરિણામ ઉત્પન્ન થાય છે, જે પ્રકારના. જે પ્રકારના સંયોગ.. સમજાય છે કાંઈ? અનુકૂળ-પ્રતિકૂળ તે પ્રકારનું જાણતો એવો આત્મા. તે જ પ્રકારે જાણતો એવો. તે જ સમયે તે પ્રકારનું તે જેવું છે તેવું (જાણતો એવો). જ્ઞાન યથાર્થ છે કે અયથાર્થ છે? સમજાય છે કાંઈ?

'**પુદ્ગલકર્મફળને...**' એટલી વાત તો બહારની થઈ. '**જ્ઞાની જાણતો હોવા છતાં,...**' આ પ્રકારે જાણતો એવો. જેમ છે તેમ જાણતો એવો. પણ સમય એક અને એમ જાણતો એવો ક્યાંથી આવ્યું? પહેલા જરી આવ્યું અને પછી લક્ષ કરે તો ખ્યાલ આવે છે કે આ છે. પણ આ તો એ જ સમયે આવ્યું અને એ જ સમયે જાણે છે. ઈ આવ્યું અને બીજા સમયે જાણે છે એમ છે? શું છે આ? ભાઈ! એ તો આત્માનો સ્વભાવ જ એવો છે. સ્વપરપ્રકાશક પોતાનો જ્ઞાતા સ્વસંવેદ્ય થયો તો જે સમયે જે પ્રકારની રાગાદિ પર્યાય કે કર્તાકર્મ અને ભોક્તાની, સમજાય છે? એ વિકલ્પ જે આવ્યો તે જ સમયે, તે જ પ્રકારનું સ્વપરપ્રકાશકજ્ઞાન પ્રગટ થાય છે. એને કરવું પડતું નથી કે હું આમ પ્રગટ કરું. એમ નથી. આહાહા..! તે પ્રકારે જાણું એવું કરે ક્યાંથી? સમય એક. અહીં પણ ઉત્પન્ન થયું અને ત્યાં પણ ઉત્પન્ન થયું. તે પણ પ્રાપ્ય અને અહીં પણ પ્રાપ્ય. સમય એક. આહાહા..! ચૈતન્યની બલિહારી છે ને! એમ કહે છે. સાંભળ તો ખરો તારી ચીજ શું છે. સહજાત્મ સ્વરૂપ સહજ સ્વરૂપ ઈ છે. સમજાય છે કાંઈ?

ભગવાન સહજાનંદસ્વરૂપ પોતાનો પત્તો લીધો અને ભાન થયું તો કહે છે કે તે જ

સમયે, જેમ કેવળજ્ઞાનની એક સમયની પર્યાયમાં લોકાલોક છે તેમ જ પર્યાય જાણે છે. સમજાય છે કાંઈ? શું લોકાલોક છે તો જાણે છે? લોકાલોક પણ એક સમયમાં છે અને અહીં એક સમયમાં કેવળજ્ઞાન થયું. ત્યાં લોકાલોકનું અસ્તિત્વ છે એમ જોઈને અહીંયા કેવળજ્ઞાનની પર્યાય થાય છે? એમ અહીંયા, એમ અહીંયા.. સમજાય છે કાંઈ? જેણે સ્વ જ્ઞાયકસ્વરૂપનું લક્ષ કર્યું અને ધ્યેય બનાવીને જે ધ્યાનમાં આત્માને પકડી લીધો, તેનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે. સમયે સમયે છે. તો પોતાને જાણે છે, એમ જ રાગાદિ કે દ્વેષાદિ કર્મ થયું પુદ્‌ગલથી અથવા હરખ-શોકના થયા પુદ્‌ગલથી અથવા તે જ પ્રકારના સંયોગ (થયા).. ઓહોહો..! સમજાય છે કાંઈ?

સુંદર મકાન તે સમયે લક્ષમાં આવ્યું. એક દાખલો. મકાન, કારીગરી ... સ્ત્રીનું સુંદર શરીર, લાડવાની સ્થિતિ અને તે જ સમયે હરખનો વિકલ્પ (થયો). સમજાય છે કાંઈ? બધાને પુદ્‌ગલ પ્રાપ્ત કરે છે. આત્મા તેના જ્ઞાનની પર્યાયને પ્રાપ્ત કરે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ કહ્યું ને. છદ્મસ્થ છે એટલે તો કહે છે. છદ્મસ્થને કેવળજ્ઞાની સાથે મેળવ્યા. જ્ઞાનની તાકાત તો જેવી કેવળીની છે એવી આ છે. તેથી તો મેળવ્યું. કેવળજ્ઞાન એક સમયની પર્યાય લોકાલોક સામું જોઈને અને જેવું છે એવું આ છે માટે જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ છે? પોતાથી જ તે પ્રકારની પર્યાય ઉત્પન્ન થઈ છે. એમ આત્મા... તે પૂર્ણ. અહીંયા તે પ્રકારના સંયોગી ભાવ અને સંયોગી ચીજ જે પ્રકારની છે તે પ્રકારનું... શું કહ્યું?

'**પુદ્‌ગલકર્મફળને જ્ઞાની જાણતો,...**' હોવા છતાં પછી લઈશું. સમજાય છે કાંઈ? '**क्रियमाणं**' પુદ્‌ગલથી કરવામાં આવેલા ભાવને તે સમયે જાણતો. એ શબ્દ છે. સમજાય છે કાંઈ? ૭૭માં બીજું હતું. પોતાની પર્યાય-દર્શન, જ્ઞાન આદિ અનંત ગુણની પર્યાય '**क्रियमाणं**' પોતાથી કરાયેલી અને પોતાને જાણતો એવો. અહીંયા રાગાદિ અને હરખ-શોકના પરિણામ જે સમયે જે પ્રકારના, જે સમયે જે પ્રકારના સંયોગરૂપ નિમિત્ત આદિ છે તે પ્રકારની, તે પ્રકારનું પોતાથી પોતાથી તે જ સમયે જાણતો એવો જ્ઞાની પરથી ભિન્ન છે. જાણતો એવો પરનું કાર્ય એનું નથી એમ સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ? ચીમનભાઈ! આ ઝીણું છે, હોં! ઓલા લોઢા જેવું નથી ન્યાં. એઈ..! પોપટભાઈ! લોઢાના મોટા બનાવે છે ને. આહાહા..! એને શીખવું પડે એવું નથી એમ કહે છે આ તો. એ ચીજ જ એવી છે એમ કહે છે અહીં તો. સમજાય છે કાંઈ? વિકલ્પથી શીખવું, સાંભળીને શીખવું એ સ્વભાવ નથી એમ કહે છે અહીં તો. આહાહા..! સમજાય છે કાંઈ? ભાઈ! તારી ચીજ આવી છે. તને એની અંતરથી મહિમા પ્રસન્નતા થવી જોઈએ. ઓહો..! આ ચીજ શું? સમજાય છે કાંઈ?

કહે છે, પુદ્‌ગલકર્મફળને જ્ઞાની-સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાને, પાંચમે અને છઠ્ઠે '**જાણતો હોવા છતાં...**' જાણતો હોવા છતાં. એટલો સંબંધ તો થયો ને. જેમ છે તેમ જાણતો, એટલો સંબંધ થયો ને? તો સાથે આત્મા કર્તા અને એ કાર્ય આત્માનું એવા સંબંધમાં શું વાંધો છે? નહિ. જાણતો એટલો સંબંધ છે. છતાં એ હરખ-શોકના પરિણામનું કાર્ય આત્માનું છે અને આત્મા કર્તા છે એમ ત્રણ કાળમાં નથી. સમજાય છે કાંઈ? લાદીના આ પ્રમાણે ત્રણ લાખ પેદા થયા. બાપુજી! તમને ખબર નહિ હોય. એમ કરીને ઓલો મોટો કે નાનો છોકરો સંભળાવે. આ ત્રણ લાખ પેદા થયા છે એકલા લાદીના ધંધામાં. આપણા આટલા લાખમાં ત્રણ ભેળવ્યા. ખર્ચ કાઢીને વધ્યા. અહીં કહે છે, એ પર્યાય જ્યારે કાને પડી... સમજાય છે કાંઈ? તો જ્ઞાનીને તે જ સંબંધીનું પોતામાંથી સ્વપરપ્રકાશકની પર્યાય ઉત્પન્ન થાય છે. એને કારણે હરખ ઉત્પન્ન થાય છે એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

સમ્યગ્દૃષ્ટિનું છ ખંડનું રાજ ચક્રવર્તીનું મળે. એક આવે છે ને? હરિ કોણ? હરિશ્ચંદ્ર કોણ? ફરતા ફરતા એને ચક્રવર્તી પદ મળ્યું. આવે છે ને કથામાં નહિ? હરિષેણ. એ પહેલા નહોતો અને પછી પાછળથી એકદમ મળ્યું. એવું કથામાં આવે છે. બહુ આપણને કથાનું યાદ ન હોય. એકદમ મળ્યું. સમ્યગ્દૃષ્ટિ છે, હો. ઈ છે શું ખબર નથી. પણ સમ્યગ્દૃષ્ટિ હોય અને ખ્યાલ આવે કે આ અત્યારે ચક્રવર્તી પદ સિદ્ધ થયું. સમજાય છે કાંઈ? બત્રીસ હજાર રાજા, સોળ હજાર દેવ મારી તૈનાતમાં છે. સમજાય છે કાંઈ? અને એ દેવ પણ એમ કહે કે, અન્નદાતા! અમે તમારી જમીનમાં તમારા સેવક છીએ. એમ દેવ કહેતા આવે. સમજ્યા? ચક્રવર્તી તો સમકિતી છે ને. ચક્રવર્તી તો. દરિયામાં જાય છે. દરિયો હોય ને દરિયો? જ્યાં સુધી એના રથના પૈડા બૂડે ને, પૈડા સમજો છો? ચક્કર. એ ચક્કરના પૈડા અડધા ડૂબે ત્યાં સુધી પાણીમાં લઈ જાય.

કારણ કે માધવદેશમાં એક મકાન છે-ભુવન છે. દરિયામાં બહુ આઘે છે, બહુ દૂર છે. સમુદ્રમાં. તો એક બાણ બનાવે છે. બાણ ઉપર ચિઠ્ઠી લખે છે. ચક્રવર્તી રથમાં બેસીને ઘોડા લઈને અમુક સુધી દરિયામાં ચાલે. પછી કહે, બાણ મારો. હું એક ભરત ચક્રવર્તી, છ ખંડ મેં સાધ્યા છે. માટે તું પણ દેવ મારી જમીન ઉપર છે માટે મારો સેવક થા અને મારી આજ્ઞા માન. ઓહો..! સમજાય છે કાંઈ? પેલો મોટો દેવ છે. ત્યાં બાણ એની જમીનમાં પડે આસપાસમાં. બંગલો વિમાન હોય ને. ત્યાં પડે છે. પડે ત્યાં આમ જોવે છે કે ઓહો..! આ કોણ આવ્યું? બાણ અહીં ક્યાંથી આવ્યું? દેખે છે તો ભરત ચક્રવર્તીનું નામ. નમી જા, આજ્ઞા માન. આ જમીન અમારી છે. એકદમ પહેલા તો ધુંઆફુંઆ થઈ જાય છે. કોણ મારા સ્થાનમાં બાણ નાખનાર છે? અન્નદાતા! ચક્રવર્તી ... ચક્રવર્તીનું બાણ છે. આકુળતા

ન કરો, ઉતાવળ ન કરો, શાંત થાઓ. સારી સારી વસ્તુ થાળમાં ભરીને ત્યાં જાઓ. નમી જાઓ. સાંભળે છે. આવ્યા, અન્નદાતા! હું આપની જમીનમાં છું. જ્ઞાની છે. જુઓ! સંયોગમાં એ પર્યાય એવી થઈ. સમજાય છે કાંઈ? એ.. વજુભાઈ!

તે વખતે જ્ઞાની પોતાના જ્ઞાનમાં તે સંબંધીનું જ્ઞાન કરે છે. સમજાય છે કાંઈ? આહાહા..! અને જરી હરખ આવ્યો તે પણ પુદ્ગલનું કાર્ય દેખીને તેનું પણ જ્ઞાન કરે છે. સમજાય છે કાંઈ? કારણ કે અઢાર ક્રોડા ક્રોડી સાગરમાં ચક્રવર્તી નહોતા. દેવ તો ઘણાં એક પછી એક થાય. એટલે કોઈ ચક્રવર્તી દીઠો નહિ હોય ને. એના શું કહેવાય? કંપાઉન્ડ. કંપાઉન્ડ કહેવાય ને? શું કહેવાય એને? એની હદ, હદ. હદ છે શાસ્ત્રમાં. એની હદમાં એમ પાઠ છે. એની હદમાં કોઈ પ્રવેશ કરી શકે નહિ અને હદમાં આ બાણ ક્યાંથી આવ્યું? ક્યાં ચક્રવર્તી મનુષ્યપણામાં અને આ તો સમુદ્રમાં. થાળમાં સારા સારા ઊંચા રતન ભરીને (જાય છે). અન્નદાતા! અમે તમારી જમીનમાં છીએ. અમે આપના સેવક છીએ. દેવ (કહે છે). ઓહો..! ચક્રવર્તી સમકિતી છે. મગધદેશનો દેવ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈ. બાર યોજન દૂર. આપણે બહુ લાંબુ ન કર્યું. બાણ માર્યું આમ. અન્નદાતા! હું દેવ છું. આપનો સેવક છું. આખા છ ખંડમાં આપના સેવક છે એમ આપનો સેવક છું. આપનો કોઈ હુકમ હો તો મને બતાવો. આવું સાંભળતી વખતે પણ અને જરી હરખનો વિકલ્પ આવ્યો તેનું પોતામાં તે જ સમયે જ્ઞાન કરે છે. સમજાય છે કાંઈ?

‘**જ્ઞાની જાણતો હોવા છતાં,...**’ બસ એટલું. હવે ‘**જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને...**’ દૃષ્ટાંત તો માટીનું જ બધામાં લીધું છે. સાધારણ જનતા પણ સમજી શકે. ‘**જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને...**’ ઘડાની પર્યાયમાં પ્રવેશીને ‘**આદિ-મધ્ય-અંતમાં...**’ માટી જ આદિમાં, મધ્યમાં માટી. ઘડામાં, હોં! કુંભાર-કુંભાર બિલકુલ નથી. ઓહોહો..! દૃષ્ટાંત જ આકરો પડે છે.

મુમુક્ષુ :- દૃષ્ટાંતનો જ ઝઘડો છે.

ઉત્તર :- ઝઘડો છે? દૃષ્ટાંતનો જ ઝઘડો છે, ભાઈ કહે છે ઈ બરાબર છે. ઘડો કુંભારથી નથી થતો? ત્રણ કાળમાં નથી થતો. સાંભળ તો ખરો. ઘડાની પર્યાય દ્રવ્યની છે કે કોની છે? સમજાય છે કાંઈ? દ્રવ્ય કારણ છે અને પર્યાય કાર્ય છે. સમજાય છે કાંઈ?

બીજી રીતે લઈએ તો પર્યાય કારણ અને દ્રવ્ય કાર્ય છે. પર્યાય થઈ તો પ્રસિદ્ધ થયું કે આ દ્રવ્ય છે તો ઘડો થયો છે. સમજાય છે કાંઈ? પોતાના આત્મામાં પણ.. એ પ્રશ્ન હમણાં થયો હતો કે પર્યાય તો કાર્ય છે. તો એ પર્યાય કાર્ય છે એ દ્રવ્યને જાણવામાં કેવી

રીતે તૈયાર થાય છે? એ તો કાર્ય છે. સમજાય છે કાંઈ? પ્રશ્ન થયો હતો ને. સરહાનપુરવાળાનો. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ તો પર્યાય છે-કાર્ય છે. તો દ્રવ્ય કારણ અને કાર્ય છે. તો કાર્ય એને કેવી રીતે જાણે? ભાઈ! કાર્ય છે એ તો દ્રવ્યની અપેક્ષાએ. અને પર્યાયને કારણ બનાવ્યું તો દ્રવ્યને કાર્ય બનાવ્યું. એમ છે. સમજાય છે કાંઈ? આવે છે ને ભાઈ પ્રવચનસાર? ૯૬ ગાથા. બતાવી હતી ને? જુઓ! ત્યાં તો એમ કહ્યું કે દરેક પદાર્થ દ્રવ્ય તે કર્તા, એ કરણ, એ અધિકરણ. પ્રત્યેક પદાર્થનું દ્રવ્ય એ કર્તા, સાધન, આધાર. કોનો? એના ગુણ-પર્યાયનો. એનો ગુણ અને પર્યાયનો એ વસ્તુ કર્તા, સાધન, આધાર અને ગુણ-પર્યાયનું આખું સ્વરૂપ દ્રવ્ય. હવે ફરીને વાત ગુલાંટ ખાય છે કે ગુણ-પર્યાય કર્તા અને દ્રવ્ય કાર્ય. ગુણ-પર્યાય સાધન અને દ્રવ્ય સાધ્ય અને ગુણ-પર્યાય આધાર અને દ્રવ્ય આધેય. સમજાય છે કાંઈ? આ શબ્દ પણ કોઈ દી આવતા ન હોય, કરણ ને આધાર ને આધેય. ચોપડામાં આવે નહિ.

મુમુક્ષુ :- કાને ન પડ્યું.

ઉત્તર :- કાને ન પડ્યું, લ્યો.

અહીં તો કહે છે કે એ પર્યાય આધાર.. આવે છે ને ભાઈ? આપણે સંવરમાં નહિ? સંવરમાં ઈ આવે છે ત્યાં. ઉપયોગ. સંવરનો ઉપયોગ આધાર. તેના વડે જાણ્યું માટે આધાર. તેના (દ્વારા) જણાયું કે આ દ્રવ્ય શુદ્ધ છે. સમજાય છે કાંઈ? આહાહા..! શાસ્ત્રની રચના સંતોની એવી ચીજ છે કે સ્વતંત્રતાનો ઢંઢેરો પીટે છે. સમજાય છે કાંઈ? આત્માની વાત-કથા છે આ.

કહે છે કે જે પર્યાય નિર્મળ સમ્યગ્દર્શન આદિ થયા એ તો કારણપરમાત્મા આત્મા અને પર્યાય એનું કાર્ય. પણ કાર્ય દ્વારા તો કારણની પ્રસિદ્ધિ થાય છે, નહિતર દ્રવ્ય દ્વારા દ્રવ્યની પ્રસિદ્ધિ થતી નથી. સમજાય છે કાંઈ? સમ્યક્‌જ્ઞાન દ્વારા પ્રસિદ્ધિ થાય છે કે આ તો જ્ઞાનની મૂર્તિ આખો આત્મા છે. આનંદનો અંશ આવ્યો તે વખતે તેનાથી પ્રસિદ્ધ થાય છે કે આખો આનંદનો પિંડ આત્મા છે. એકલો આનંદનો પિંડ આત્મા છે. સમજાય છે કાંઈ? એવા જ્ઞાનમાં જ્યારે કાર્ય થયું તો કહે છે કે એ કાર્યમાં આમ કારણ આવી પડ્યું? આમ કારણ નિમિત્ત પડ્યું. નિમિત્ત સમજ્યા? એ સુખદુઃખની પર્યાય. અહીં તો આમ લેવું છે, આમ લેવું છે. સુખ-દુઃખની પર્યાય અને દેહાદિ અનુકૂળતાની પર્યાયને આ જ્ઞાનમાં નિમિત્ત કહ્યું. આ જ્ઞાનમાં ઉપાદાન દ્રવ્યને કહ્યું. સમજાય છે કાંઈ? જેમ કેવળજ્ઞાનમાં નિમિત્ત લોકાલોક. સમજાય છે કાંઈ?

એમ કહે છે કે જેમ ઘડામાં અંતર્વ્યાપ્યક **‘આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, ઘડાને ગ્રહે**

**છે...**' માટી. '**ઘડારૂપે પરિણમે છે...**' ઘડારૂપે પરિણમિત થાય છે માટી '**અને ઘડારૂપે ઊપજે છે...**' એમ વિકાર ઉત્પન્ન થાય છે તે કર્મ. સુખદુઃખની કલ્પનામાં કર્મ ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? '**તેમ, જ્ઞાની પોતે...**' હવે પોતે શબ્દ આ બાજુ લેવો. '**જ્ઞાની પોતે...**' આ બાજુ લેવો. સમજાય છે કાંઈ? '**જ્ઞાની પોતે બાહ્યસ્થિત...**' જુઓ! જે સમયમાં જ્ઞાન ને દર્શન ને આનંદની પર્યાય થઈ તે અંતરમાં સ્થિત છે. તે જ પર્યાયનો બીજો ભાગ હરખ-શોક ને રાગ છે તે બાહ્યસ્થિત છે. પોતાથી બાહ્યસ્થિત છે. પર્યાયથી બાહ્યસ્થિત છે. દ્રવ્યથી, ગુણથી તો બાહ્યસ્થિત છે જ. એક સમયની પર્યાય આનંદની થઈ. સમજાય છે કાંઈ? તો આનંદની પર્યાય થઈ દ્રવ્યના આશ્રયે તે પોતામાં સ્થિત છે. તે જ સમયે જરી દુઃખનો ભાગ આવ્યો એ બાહ્યસ્થિત છે. ચંદુભાઈ! આવી ભારે વાત. બાયડી, છોકરા તો બાહ્યસ્થિત ક્યાંય રહી ગયા. કર્મ ને જડ તો ક્યાંય રહ્યા. સુખદુઃખની કલ્પના એ પર્યાયથી, પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયથી તે જ ક્ષેત્રમાં, તે જ કાળમાં તે ભાવ છે તે દ્રવ્ય ભિન્ન, કાળ એક, ભાવ ભિન્ન, ક્ષેત્ર ભિન્ન.

વસ્તુસ્થિતિ જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદ ભગવાનનો જ્યાં આશ્રય થયો, આધાર ભગવાનનો થયો. તો જે પર્યાય પ્રગટ થઈ તે પર્યાય પોતાની. એટલી સ્વદ્રવ્યની પર્યાય. અને તે જ સમયે જેટલી સુખદુઃખની કલ્પના (થાય છે), એક પર્યાયનો બીજો ભાગ એ બાહ્યસ્થિત છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એમાં છે કે નહિ પણ?

મુમુક્ષુ :- આ બાજુ ચેતનનું અંતર છે..

ઉત્તર :- રાગ ને સ્વભાવનું અંતર છે. રાગ ને સ્વભાવ. રાગ અને સ્વભાવ, હરખ-શોક વિભાવ અને સ્વભાવ. બેમાં અંતર છે. અત્યંત અભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો ભેદજ્ઞાન (છે). ભાઈ કહેતા હતા ને, સૂક્ષ્મ ભેદજ્ઞાન. તમારા ભાઈ. સુકૌશલજી. બહુ ભેદજ્ઞાન, બહુ ભેદજ્ઞાન.

ભગવાન આત્મા કહે છે કે પોતાનું પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય એવી નિર્મળ પર્યાયને પ્રાપ્ત કરે છે, પરિણમે છે, ઉપજે છે. એ તો અંતરસ્થિત થયું અને કર્મ જે બાહ્ય છે, રાગદ્વેષના વિકલ્પને ઉત્પન્ન કરે છે, હરખ-શોકને ઉત્પન્ન કરે છે તે જ સમયનું પ્રાપ્ય તે પુદ્‌ગલ પ્રાપ્ત કરે છે, તેમાં પરિણમે છે, તેમાં ઊપજે છે. તે જ સમયમાં જ્ઞાની જાણતો હોવા છતાં, તે જ સમયની પુદ્‌ગલની સ્થિતિ બાહ્ય વર્તે છે. સમજાય છે કાંઈ? આ વ્યવહાર વ્યવહાર કહે છે ને? વ્યવહારરત્નત્રય એ બાહ્યસ્થિત છે એમ કહે છે. આહાહા..! રાડ નાખે પેલા. અરર..ર..! વ્યવહારરત્નત્રય તો મોક્ષમાર્ગ છે. નામ આપ્યું નામ. કહ્યું ને? બાઈનો દાખલો

નહોતો આપ્યો? રત્નપ્રભા. એવું છે ઈ. રતન, વ્યવહારરતન, વ્યવહારરત્નત્રય રતન, વ્યવહારરત્નત્રય ઝેર છે. સાંભળ તો ખરો. એ વ્યવહારરત્નત્રયના પરિણામ ઝેર છે.

હવે, ભગવાન અમૃતમય પર્યાય ઉત્પન્ન થઈ છે. શુદ્ધ દ્રવ્યના આશ્રયે જે અંદર પર્યાય ઉત્પન્ન થઈ તે અમૃતમય થઈ છે. શુદ્ધ છે, અમૃતમય છે, અનાકુળ છે, અવિકારી છે, વીતરાગી છે. તે જ સમયે, તે જ સમય, તે જ કાળ અને અસંખ્ય પ્રદેશમાં તે જ પ્રદેશના અંશ જે છે તે જ સમયમાં બાહ્યસ્થિત પ્રદેશ છે. સમજાય છે કાંઈ? જેનું ક્ષેત્ર બાહ્ય, જેનો ભાવ બાહ્ય, કાળ એક તો એનો સમય પણ બાહ્ય.

મુમુક્ષુ :- .. અત્યંત અભાવ.

સમાધાન :- અત્યંત અભાવ. ભગવાન અને એની વચ્ચે અત્યંત અભાવ છે. એવી વસ્તુ છે. આહાહા..! એક પર્યાયના બે ભાગમાં એકમાં અત્યંત અભાવ. એવી ચીજ છે આત્મા. કૃત્રિમ અને ત્રિકાળ અકૃત્રિમ વસ્તુ ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપ તો ત્રિકાળ અકૃત્રિમ વસ્તુ છે. એના આશ્રયે ઉત્પન્ન થયો સ્વભાવ તે પોતાનો અને કૃત્રિમ વિકલ્પ થયા રાગાદિ, હરખ-શોક એ બાહ્યસ્થિત છે. ચીમનભાઈ! આ બંગલા ને પૈસા તો ક્યાંય બહાર રહી ગયા. બાહ્યસ્થિત હોવા છતાં તે જ સમયનું જે જ્ઞાન થાય છે તે પોતાનું. સમજાય છે કાંઈ? તે સંબંધીનું જ્ઞાન પોતામાં અને એ ચીજ બાહ્યમાં.

મુમુક્ષુ :- અત્યંત અભાવ આમાં નથી લખ્યું.

ઉત્તર :- એમાં લખ્યું છે અત્યંત અભાવ. પહેલા આવી ગયું છે. સમજાય છે કાંઈ?

કહે છે કે '**તેમ, જ્ઞાની...**' ધર્મીજીવ અથવા આત્મા. એ આત્મા કહો કે ધર્મી કહો, અહીં એક જ વાત છે. '**પોતે બાહ્યસ્થિત...**' સ્વયં જ્ઞાનીમાં. જ્ઞાનીને સ્વયં જ્ઞાનીને બાહ્યસ્થિત એમ લેવું. સ્વયં બાહ્યસ્થિત એમ ન લેવું. સમજાય છે કાંઈ? સંસ્કૃતમાં એમ છે. જુઓ! '**ज्ञानी स्वयमन्तर्व्यापको भूत्वा**' એમ સંસ્કૃત છે. આ તો શબ્દમાં જરી લાંબુ પડી જાય એટલે સાથે લીધું છે. નહિતર જ્ઞાની સ્વયં બાહ્યસ્થિત છે જાણે. અહીં જાણે જ્ઞાનીથી આઘું પડે છે સ્વયં અને બાહ્યસ્થિત નજીક પડે છે. એમ છે લખાણમાં બધે? અહીં એમ છે, જુઓ! જ્ઞાની અને સ્વયંમાં થોડું છેટું છે અને બાહ્યમાં નજીક છે. એમાં છે? ગુજરાતીમાં નહિ હોય.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પોતે શબ્દ નથી. સ્વયં કહો કે પોતે કહો એ તો એક જ વાત છે. સ્વયં કહો કે પોતે કહો. પોતે બાહ્યસ્થિતિ. પોતે એટલે આત્મા. એનાથી બાહ્યસ્થિત એમ. પર પોતાથી બાહ્યસ્થિત એમ. પોતાથી પર બાહ્યસ્થિત. એ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ, અરે..!

જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ, એ પોતાની પર્યાયથી બાહ્યસ્થિત છે એમ કહે છે. કહો, સમજાય છે કાંઈ? 'સોલહ કારણ ભાવના ભાય, દરશવિશુદ્ધિ...' આવે છે ને? સવારે બહુ બોલે છે. ભક્તિમાં બહુ બોલે છે. 'પરમગુરુ હોય, જય જય નાથ પરમગુરુ હોય.' અહીં તો કહે છે, તીર્થંકર પ્રકૃતિનો બંધ જે રજકણ છે એ તો પોતાની પર્યાયથી બાહ્ય જ છે. પણ જે વિકલ્પ ઉઠ્યો છે તે પણ પોતાની પર્યાયથી બાહ્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ એને ગળે વળગે છે કે આપણે આમ કરીએ ને તીર્થંકર ગોત્ર બંધાઈ જશે. અને તીર્થંકર ગોત્ર બંધાશે તો તીર્થંકર ગોત્ર બંધાણું એને તો કેવળ થાય જ. તીર્થંકર ગોત્ર બાંધ્યું માટે કેવળી થાય? અને તીર્થંકર ગોત્રના પરિણામ થયા માટે કેવળજ્ઞાન થાય છે? કેવળજ્ઞાન થાય છે એ તો પોતાના સ્વભાવની ઉગ્રતા આશ્રય કરવાથી કેવળજ્ઞાન થાય છે. રાગ છે તેનો આશ્રય છોડીને, આશ્રય નામ અસ્થિરતા છે તેને પણ છોડીને પોતામાં ઉગ્રતાથી આશ્રય લ્યે છે ત્યારે કેવળજ્ઞાન થાય છે. સમજાય છે કાંઈ?

અહીં તો એકવાર એમ કહ્યું હતું, જે પરિણામ પોતામાં લાભદાયક નથી તે પરિણામ બીજાને લાભ કઈ રીતે પહોંચાડે? ... (સંવત) ૨૦૦૨ની સાલ. ૨૨ વર્ષ થયા. જે પરિણામ પોતામાં નુકસાન કરવાવાળા છે અથવા એ જાણવાલાયક બહાર છે તે પરિણામ પોતામાં લાભદાયક નથી તો એ પરિણામ બીજાને લાભદાયક થશે? તો કહે, હા. તીર્થંકર ગોત્ર બાંધે તો બીજાને લાભ થાય. આરે..! સમજાય છે કાંઈ? એટલે કહે, એકાંત છે, સ્યાદ્વાદ નથી, નિયતવાદ છે. સાંભળ, સાંભળ ભગવાન! એ લાભ એની પર્યાયમાં એ દ્રવ્યમાં જ્યારે થાય છે, પોતાને કારણે ત્યાં સમ્યગ્દર્શન, જ્ઞાન પોતાના દ્રવ્યના આશ્રયે થાય છે ત્યારે વાણીને નિમિત્ત કહેવામાં આવે છે. એ નિમિત્તથી લાભ નથી થયો.

.. આવ્યો એ બાહ્યસ્થિત છે. એ અંશસ્વ પોતાનો નથી અને પોતે એનો સ્વામી નથી. એ પુદ્‌ગલનું સ્વ અને પુદ્‌ગલ એનું સ્વામી છે. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ અંશ એ પુદ્‌ગલનો અને પુદ્‌ગલ એનો સ્વામી. ઓહોહો..! વાસ્તવિક તત્ત્વ સાંભળ્યું નહિ. સમજ્યો નહિ અને બહારની માથાફોડ કર્યા કરે. આ સાંભળીને કહે, શું ઘર ચાલ્યું જતું હશે? પણ તારા ઘરમાં એ ચીજ જ નથી. નથી એ ચાલી જાય છે. છે તો રહેશે તારામાં. સમજાય છે કાંઈ? ઓહોહો..!

એક પર્યાયના બે ભાગ. એક ભાગ બાહ્યસ્થિત અને એક ભાગ અંતરસ્થિત. આ તે ભેદજ્ઞાન! આહાહા..! બે વચ્ચે અત્યંત અભાવ. દુઃખ અને આનંદ, ઝેર અને અમૃત, વિભાવ અને સ્વભાવ, અચેતન અને ચેતન, અજીવ અને જીવ. અશુચિ અને શુચિ. સમજાય છે કાંઈ? બે વચ્ચે અત્યંત અભાવ છે.

કહે છે, જ્ઞાની એટલે સમ્યગ્દષ્ટિ સ્વયં એટલે પોતાથી બાહ્યસ્થિત એવી ચીજને, એમ પરદ્રવ્યના પરિણામમાં બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં... કહો સમજાય છે કાંઈ? આ સમજે નહિ અને બહાર પછી કાંઈક સાંભળવા જાય ને મહારાજ તો નિર્વિકલ્પની વાત કરતા હતા, આવી વાત લાગે છે આ બધી. સમજાણું? વિકલ્પ તોડી નાખો. વિકલ્પ નહિ, હું છું એવો વિકલ્પ પણ છોડી દો. શું છે?

મુમુક્ષુ :- ઊંડા ઉતરી જાવ.

ઉત્તર :- ઊંડા ક્યાં ઉતરી જાય? ઊંડા હેઠે નરકમાં નિગોદમાં? કોઈ અસ્તિત્વ છે કે નહિ એનું? એના અસ્તિત્વની કોઈ ચીજ છે કે નહિ? કેવા અસ્તિત્વની ચીજ છે? એકલા જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણનો પિંડ એવી અસ્તિત્વ ચીજ છે. આવો આશ્રય કર્યા વિના એને સમ્યગ્દર્શન ત્રણ કાળમાં થતું નથી. સમજાય છે કાંઈ? તો શું વિકલ્પ તોડે? વિકલ્પ પોતામાં છે જ નહિ ને, તોડવું શું? વિકલ્પથી તો પાર છે આત્મા. એનું સ્વરૂપ તો નિર્વિકલ્પ છે. સમજાય છે કાંઈ? નિર્વિકલ્પ દ્રવ્ય, ગુણ અને પર્યાય જ્યારે નિર્વિકલ્પ પ્રગટ થયા તો વિકલ્પ બહાર રહે છે, એને તોડવા'તા શું? બહાર છે એને કારણે. એનું જ્ઞાન કરે છે, તોડવું શું? તોડવું શું? અમરચંદભાઈ! આહાહા..!

બાહ્યસ્થિત છે તેને અડે છે? અડે છે તો તોડવું છે? વિકલ્પ જે છે એ તો આત્માની નિર્મળ પર્યાયથી બાહ્ય છે. તો એને અડે છે? અડે છે એટલે લ્યો આ છોડી દઉં, એમ છે? હું એને છોડી દઉં એનો અર્થ છે કે ઈ મારામાં હતા અને હું એવો હતો. તો મિથ્યાદષ્ટિ છે એમ કહે છે. ચીમનભાઈ! ઝીણી વાત છે આ. આહાહા..!

'**બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના...**' અહીં તો પાઠમાં પરદ્રવ્યના પરિણામ લીધા છે, અહીંયા ટીકામાં. મૂળ પાઠમાં પરદ્રવ્યની પર્યાય (એમ લીધું છે). સીધી પરદ્રવ્યની પર્યાય. રાગ તીર્થંકર ગોત્ર જેનાથી બંધાય એ પરદ્રવ્યની પર્યાય છે. સમજાય છે કાંઈ? એ પરદ્રવ્યની પર્યાય.. પણ ભગવાન! એક જ ... સમજ્યાને? ઘરમાં પચ્ચીસ માણસ હોય તો એક જ દાળ ને એક જ મરચા ને એક જ તેલ. બધાનું સરખું. એમ પરમાણુને અચેતન કહો, પરદ્રવ્યની પર્યાય કહો એ તો ઠીક. પણ શુભરાગ ઉઠ્યો એ પરદ્રવ્યની પર્યાય? એક જ હાંડલે તમારે હાંકવું છે? અમરચંદભાઈ! જેને મરચુ ઉપરથી લેવું હોય ઈ લઈ લ્યે. અહીં નાખ્યું... આહા..! ઉપરથી પછી નથી આપતા? એમ તારે ઉપરથી પાછી તારે માનવું હોય તો માનને બીજી જાતનું, પણ વસ્તુ તો આ છે. સમજાણું કાંઈ?

'**બાહ્યસ્થિત...**' લક્ષ ક્યાં છે જ્ઞાનીનું? જ્ઞાનીનું લક્ષ છે અંતરની ધારામાં દ્રવ્ય ઉપર છે. આવી જે પર્યાય ઉત્પન્ન થઈ એ તો શુદ્ધ ઉત્પન્ન થઈ. એનાથી બાહ્યસ્થિત એવી પરદ્રવ્યની

પર્યાયમાં '**અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી,...**' એ વિકલ્પ જે ઉઠ્યો છે તીર્થંકર ગોત્રનો તેની આદિમાં આત્મા અંશેય નથી. ભઈ, થોડી શરૂઆત જ્યાંથી થઈ એમ તો કહો. આત્માની પર્યાયમાંથી રાગની ઉત્પત્તિની શરૂઆત થઈ, શરૂઆત થઈ. પછી પરમાં નાખી દો. પછી પછી છે ક્યાં? આહા..! ચંદુભાઈ! આ કેવો ધર્મ? આવો વીતરાગી માર્ગ? આહા..!

કહે છે કે એ રાગ થયો પંચ મહાવ્રતનો વિકલ્પ થયો કે ભાવ થયો, સર્વાર્થસિદ્ધનું આયુષ્ય જે શુભભાવથી બંધાયું, કહે છે કે એ તો પોતાની પર્યાયથી બાહ્ય છે. જ્ઞાની સર્વાર્થસિદ્ધિમાં ઊપજે છે એ સત્ય છે? ના. જ્ઞાની તો પોતાની પર્યાયમાં ઊપજે છે. સમજાય છે કાંઈ? જ્ઞાની મૃત્યુ પામી સર્વાર્થસિદ્ધમાં ઊપજે છે? મરે કોણ? રાજમલજી! '**એવા પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી...**' એ રાગની પર્યાયનું પ્રાપ્ય આત્મા પ્રાપ્ત કરતો નથી, ગ્રહણ કરતોનો અર્થ પ્રાપ્ય. એનું એ પ્રાપ્ય નથી. એ તો જડનું પ્રાપ્ય છે. આત્માનું પ્રાપ્ય નથી. આમ જાણતો એવા જ્ઞાનીનું જ્ઞાન કાર્ય છે, તે એનો ધર્મ છે. બીજો ધર્મ છે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ-૪, સોમવાર તા. ૧૨-૮-૧૯૬૮**
**ગાથા-૭૮, ૭૯ પ્રવચન-૫૯૬**

કર્તાકર્મ અધિકાર ચાલે છે. શું કહે છે જુઓ! આત્માની પર્યાયમાં એમ કહેવામાં આવે છે કે 'જે સુખદુઃખની કલ્પના (થાય છે), એ આત્માની પર્યાયમાં ઉત્પન્ન થાય છે,' અહીંયા કહે છે કે આત્માની પર્યાયમાં ઉત્પન્ન થતા જ નથી. એ સુખદુઃખની કલ્પના.. સુખ એટલે અહીંયા આત્માના સુખની વાત નથી. સંસારિક અનુકૂળતા-પ્રતિકૂળતામાં જે કલ્પના કરે છે કે હું સુખી છું, હું દુઃખી છું, એ કલ્પના તો મિથ્યાદૃષ્ટને થાય છે. અહીંયા કહે છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ સ્વરૂપ છે એ તો જ્ઞાન અને આનંદની પરિણતિમાં પરિણમવાવાળો છે. એમાં જે આ સુખદુઃખની કલ્પનાનું કર્મનું ફળ દેખાય છે એ તો કર્મનું કાર્ય છે. શેઠી!

'**જ્ઞાની પોતે બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં...**' ધર્મી પોતાનું જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિ હોવાથી ધર્મીના પરિણામ તો જ્ઞાતા-દૃષ્ટાના શુદ્ધ પરિણામ થાય છે. એ ધર્મીજીવ '**બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં...**' કર્મના ફળરૂપ સુખદુઃખના ભાવમાં જ્ઞાની '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી,...**' હરખ-શોકની કલ્પના એની આદિમાં આત્માની પર્યાય છે એમ નથી. સમજાય છે કાંઈ? આવી ધર્મદૃષ્ટિ છે. સુખ-દુઃખના ભાવની આદિમાં-શરૂઆતમાં આત્માની કોઈ નિર્મળ પર્યાય એની આદિમાં છે અને ઉત્પન્ન થયા છે એમ નથી. સમજાય છે કાંઈ? મધ્યમાં અને અંતમાં વ્યાપીને ગ્રહતો નથી '**તે-રૂપે પરિણમતો નથી...**' એ ઉત્પન્ન પર્યાય આત્માની નહિ. આત્મા હરખ-શોકના પરિણામમાં ઉત્પન્ન થાય-ઉત્પાદ-એ આત્માના નહિ. ઓહો..! સમજાય છે કાંઈ?

આમ તો કહે છે કે, ઉત્પાદ-વ્યય-ધ્રુવ તો દ્રવ્યના દ્રવ્યમાં છે. વિકારી પર્યાય (દ્રવ્ય) ઉત્પન્ન કરે છે અને વ્યય થાય છે એ તો સામાન્ય દ્રવ્યની વ્યાખ્યા હોય ત્યારે. વાસ્તવિક વસ્તુના સ્વરૂપની દૃષ્ટિ રાગથી અને વિકારથી ભિન્ન પડેલો જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ ભેદજ્ઞાની એ તો રાગ અને હરખ-શોકના પરિણામને ઉત્પન્ન કરે એમ છે જ નહિ. સમજાય છે કાંઈ? '**તે-રૂપે ઊપજતો નથી;...**' આહાહા..! જ્ઞાતા-દૃષ્ટાના પરિણામમાં ઉત્પન્ન થવાવાળો આત્મા. કેમકે પોતાની નિધિમાં તો શુદ્ધ આનંદ, જ્ઞાનાદિ ભર્યા છે. તો આનંદની પર્યાયમાં આત્મા ઉત્પન્ન થાય, જ્ઞાનની પર્યાયમાં આત્મા ઉત્પન્ન થાય એ તો વાસ્તવિક છે. પણ સુખ-દુઃખની પર્યાયમાં આત્મા ઉત્પન્ન થાય એમ નથી. સમજાય છે કાંઈ?

દયા, દાન, વ્રતના વિકલ્પમાં આત્મા ઉત્પન્ન થાય એમ નથી. એ તો કર્મથી ઉત્પન્ન

થાય છે. આહાહા..! એમ સુખ-દુઃખના પરિણામને આત્મા ઉત્પન્ન કરે, ઊપજાવે, નીપજાવે, તે રૂપે થાય (એમ નથી). કહ્યું ને? તે-રૂપ ઉત્પન્ન નથી થતો. તે રૂપ ઉત્પન્ન નથી થતો. હરખ-શોકના પરિણામરૂપે આત્મા (ઉત્પન્ન નથી થતો). આત્મા કોને કહે? આત્મા તો રાગથી અને નિમિત્તથી ભિન્ન એવો આત્મા છે. અને એ આત્માનું જ્ઞાન થયું તો એ આત્મા વિકારપણે તે રૂપે ઉત્પન્ન થાય એમ નથી. ઓહોહો..! સમજાય છે કાંઈ?

'**માટે,...**' આ કારણે, આવા કારણથી '**જોકે જ્ઞાની સુખદુઃખાદિરૂપ પુદ્‌ગલકર્મના ફળને જાણે છે...**' તે જ સમયમાં જ્ઞાનસ્વરૂપ એવા પોતાના આત્માનો વેપાર કરનાર ધર્મી તે જ ક્ષણે જે ક્ષણે સુખદુઃખની કલ્પના, કર્મનું પ્રાપ્ય, કર્મ ગ્રહણ આદિ થયા તેને તે જ સમયમાં જાણે છે. સમજાય છે કાંઈ? '**જોકે જ્ઞાની...**' એટલે ધર્મી સમ્યગ્દૃષ્ટિ પોતાનું શુદ્ધ સ્વરૂપ જેવું છે તેવું દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યું અને રાગ ને કર્મથી ભિન્ન પડી ગયો એવો આત્મા આઠ વર્ષની બાલિકા દેહની સ્થિતિમાં હો અને દેડકાની સ્થિતિમાં તિર્યંચની સ્થિતિમાં એવું શરીર હોય.. આહાહા..! પણ ભગવાન આત્મા પોતાનો સ્વભાવ અખંડાનંદ પ્રભુ, એના આશ્રયથી, એના અવલંબનથી જે સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિની ઉત્પત્તિ થાય છે એમાં ઉત્પન્ન થાય અને તેને જાણે પણ છે. ઉત્પન્ન થાય છે અને તે સમયે જાણે પણ છે. અને તે સમય હરખ-શોક ઉત્પન્ન થાય છે તેને જાણે છે. પોતાની પર્યાય પણ તે સમયે ઉત્પન્ન થાય છે તેને જાણે છે અને હરખ-શોકના પરિણામ તે ક્ષણે ભિન્ન ઉત્પન્ન થાય છે તેને પણ જાણે છે. ભારે વાત ભાઈ! સમજાય છે કાંઈ? ધર્મનો માર્ગ આવો છે.

'**જોકે જ્ઞાની...**' ધર્મી. છે કે નહિ એમાં? જુઓ! શબ્દ પડ્યો છે કે નહિ? કેમ ફતેહચંદજી! છે કે નહિ એમાં? ઘરનો અર્થ નથી કરતાં. આ તો આંખમાંથી આંસુ નીકળી ગયા હતા. એ તો એને પશ્ચાતાપ થયો, આ શું? એ ચીજ એવી છે. સમજે નહિ અને સાંભળે નહિ અને ઉપર ઉપરથી વિરોધ કરે એ પોતાનો કરે છે. શું ચીજ છે એની ખબર નથી. આ કંઈ કોઈ કલ્પનાની વસ્તુ છે? ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ શાશ્વત જ્ઞાન અને આનંદની ખાણ. આહા..! એનું ભાન રાગથી, વિકલ્પથી ભિન્ન પડીને પોતાનો સ્વભાવ દ્રવ્યથી-આત્માથી અભિન્ન છે એવો જ્યાં અનુભવ, સમ્યક્‌જ્ઞાન થયું, તો કહે છે કે જ્ઞાની પોતાની તે સમયે જે નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય છે, ઉત્પન્ન થાય છે તેને જાણે છે અને તે જ સમયે હરખ-શોકના પરિણામ જે ઉત્પન્ન થાય છે તેને પૃથક રાખીને જાણે છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વસ્તુસ્થિતિ આવી છે, ભાઈ! એ તો ખબર ન હોય ત્યાં સુધી. એનું કાંઈ નહિ. સમજે યથાર્થપણે એની વિશેષતા છે. ભૂલની કોઈ વિશેષતા નથી. અનાદિથી ચાલી

આવે છે. એમાં શું છે?

**'જ્ઞાની સુખદુઃખાદિરૂપ પુદ્‌ગલકર્મના ફળને જાણે છે...'** ભાષા તો જુઓ! ઓહોહો..! ટીકા તે પણ..! તે જ સમયે જાણે છે. આહાહા..! પોતાનું સ્વપરપ્રકાશક જ્ઞાન પોતાના સ્વસ્વરૂપ સન્મુખ થઈને, પોતાના સ્વભાવ સન્મુખ થઈને પોતાના સ્વપરપ્રકાશક જ્ઞાનની પર્યાય પ્રગટ થઈ છે તેનું નામ ધર્મી, તેનું નામ સમ્યગ્દૃષ્ટિ, તેનું નામ સાધક. એ સાધક છે. ચોથા ગુણસ્થાનથી, હોં! **'પુદ્‌ગલકર્મના ફળને જાણે છે તોપણ, પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ,...'** સમજાય છે કાંઈ? જાણે છે છતાં વિકારી ભાવ જે પ્રાપ્ય-કર્મનું પ્રાપ્ય છે-ફળ, સમજાય છે કાંઈ? **'તેને નહિ કરતા એવા તે જ્ઞાનીને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ નથી.'** કહો, સમજાય છે કાંઈ? છે કે નહિ? સમજાય છે કે નહિ?

**'પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ...'** પરદ્રવ્ય શબ્દે સુખદુઃખના ભાવ એ પરદ્રવ્ય પર્યાય છે. હરખ-શોકની લાગણી ઉત્પન્ન થવી એ વસ્તુની દૃષ્ટિમાં પરદ્રવ્યની પર્યાય છે. વસ્તુની દૃષ્ટિમાં-જ્ઞાયકની દૃષ્ટિમાં હું ચૈતન્ય છું, એવા સ્વભાવનું ભાન થયું ત્યાં તે જ ક્ષણે જે સુખદુઃખની કલ્પનાનો ભાવ વ્યાપ્ય, પ્રાપ્ય, પરિણમન, ઉપજવું છે તેમાં કર્મ આવે છે, આત્મા એમાં નથી. **'તેને નહિ કરતા એવા તે જ્ઞાનીને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ નથી.'** આત્મા કર્તા અને હરખ-શોકના પરિણામ કાર્ય, એમ ધર્મીને હોતું નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

હવે ૭૯માં ઘણી ગૂઢ વાત ભરી છે. જુઓ ભાષા ફેરવી નાખી. **'सएहिं भावेहिं'** શબ્દ પડ્યો છે મૂળ પાઠમાં. ૭૭માં **'सगपरिणामं'** શબ્દ હતો. ૭૭માં **'सगपरिणामं'**. આત્માના સ્વપરિણામને જ્ઞાની જાણે છે અને પ્રાપ્ત કરે છે. સમજાય છે કાંઈ? અહીંયા હવે પુદ્‌ગલની વાત લ્યે છે. એ પુદ્‌ગલ પોતાને જાણતું નથી. પોતાના રાગ-દ્વેષ આદિને જાણતું નથી, પુદ્‌ગલ કર્મફળને જાણતું નથી, હરખ-શોકને જાણતું નથી. અને પુદ્‌ગલ તેને જાણનારા જ્ઞાનીના પરિણામને પુદ્‌ગલ જાણતું નથી. સમજાય છે કાંઈ? જુઓ! ઈ ભાવાર્થમાં આવ્યું ને. **'૭૬મી ગાથામાં કહ્યું હતું તે અનુસાર અહીં પણ જાણવું. ત્યાં 'પુદ્‌ગલકર્મને જાણતો જ્ઞાની' એમ હતું તેને બદલે અહીં 'પુદ્‌ગલકર્મના ફળને જાણતો જ્ઞાની' એમ કહ્યું છે...'**

**'હવે પૂછે છે કે જીવના પરિણામને,...'** જીવના પરિણામ એટલે જ્ઞાન, દર્શન, આનંદના પરિણામ એ જીવના પરિણામ. સમજાય છે કાંઈ? આ જ્ઞાતા-દૃષ્ટા, જ્ઞાત-દૃષ્ટા તો બહુ કહે છે. તમારી પૂજામાં પણ બહુ આવે છે. આજે સવારે કોઈ બોલતું હતું. ભાઈએ બનાવ્યું છે ને? જુગલકિશોર. આવે છે ને એમાં? આવે છે. જુગલકિશોરમાં એ પૂજામાં આવે છે.

જ્ઞાતા-દૃષ્ટા. જ્ઞાતા-દૃષ્ટાની વ્યાખ્યા શું? સમજાય છે કાંઈ? આત્મા પોતાને દ્રવ્યસ્વભાવને જાણે છે અને રાગાદિને જાણે છે એવો જ્ઞાતા-દૃષ્ટાનો સ્વભાવ છે. આવો સમ્યગ્દૃષ્ટિનો સ્વભાવ છે. આવો દ્રવ્યનો જ સ્વભાવ છે તો દ્રવ્યદૃષ્ટિવંતનો પણ એવો સ્વભાવ છે. સમજાય છે કાંઈ?

કહે છે કે ભગવાન જીવના પરિણામ-આત્માના પરિણામ-પર્યાય. જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદ આદિ જે અવસ્થા એ જીવની અવસ્થા અને જીવના પરિણામ. એ જીવના પરિણામ છે. સમજાય છે કાંઈ? રાગ-દ્વેષ ને પુણ્ય-પાપ, હરખ-શોક એ જીવના પરિણામ જ નથી. '**सएहिं भावेहिं**' શબ્દમાં ઘણી ગંભીરતા છે. ઈ આવશે, સાંભળો. સમજાય છે કાંઈ? એનો ભાવ આવશે ત્યારે આવશે. આ તો હજી ઉપોદ્‌ઘાત થાય છે. '**જીવના પરિણામને, પોતાના પરિણામને...**' રાગ-દ્વેષને. '**અને પોતાના પરિણામના ફળને...**' હરખ-શોકને. અને બહારની વસ્તુ પણ લઈ લેવી. અહીં તો અંતરની વાત લે છે. '**જીવના પરિણામને,...**' ભગવાન આત્મા પરિણામી આનંદ શુદ્ધ ચૈતન્યપ્રભુના પરિણામ, ધર્મીના. જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવા જે નિર્મળ પરિણામ-જે ધર્મરૂપી પરિણામ, ધર્મી એવો આત્મા એના ધર્મરૂપી પરિણામ તેને પુદ્‌ગલ જાણતું નથી. રાગ-દ્વેષના પરિણામ જે પુદ્‌ગલ છે તે ધર્મપરિણામને જાણતું નથી. સમજાય છે કાંઈ?

'**પોતાના પરિણામને...**' પોતાના જે રાગ-દ્વેષ થયા, ઉદય થયો તેના પરિણામને એ કર્મ જાણતું નથી, પુદ્‌ગલ જાણતું નથી '**પોતાના પરિણામના ફળને નહિ જાણતા એવા...**' મહારાજ! જેને જાણતું નથી તો એને કોઈ કર્તાકર્મ સંબંધ છે કે નહિ? અર્થાત્ એ પુદ્‌ગલ કર્તા અને આત્માના નિર્મળ પરિણામ એનું કાર્ય એવો કોઈ સંબંધ છે કે નહિ? હવે અહીંથી (બાહ્યસ્થિતથી) લેવું છે. અહીંથી (નિર્મળ પરિણામથી) નહિ. સમજાય છે કાંઈ? નહિ જાણતો એવો કોઈ પરનું કાર્ય કરી દે એમાં વાંધો શું છે? એમ કહે છે. જાણનારો તો ન કરે. સમજાય છે કાંઈ? પણ જેને ખ્યાલ નથી, જ્ઞાન નથી, પોતાની દશાનું જ્ઞાન નથી જડને, પોતાના કર્મફળનું જ્ઞાન નથી જડને, નિર્મળ પરિણામ ભગવાન આત્મા નજીકમાં તે જ સમયે છે, તે જ સમયે છે, તેના પરિણામનું જેને ભાન નથી તો એ તો કર્તા થઈને આત્માના નિર્મળ પરિણામનું કર્મ (કરે) એવો કોઈ સંબંધ છે કે નહિ? સમજાય છે કાંઈ? એ પ્રશ્ન છે. '**જીવ સાથે કર્તાકર્મભાવ (કર્તાકર્મપણું) છે કે નથી?**' છે કે નથી? પાઠમાં છે, હોં! સંસ્કૃત માથે છે ને. '**તેનો ઉત્તર કહે છે :-**'

**ण वि परिणमदि ण गिण्हदि उपज्जदि ण परदव्वपज्जाए।**
**पोग्गलव्वं पि तहा परिणमति सएहिं भावेहिं।।७९।।**

આ પરદ્રવ્યપર્યાય એટલે આત્માના નિર્મળ પરિણામ, ધર્મના પરિણામ, મોક્ષમાર્ગના પરિણામ. આત્માની વાત તો કરી. '**सएहिं भावेहिं**' એમ શબ્દ પડ્યો છે. '**स्वकैर्भावैः**' એમાં જરી ગંભીરતા છે. અર્થકાર અમૃતચંદ્રાચાર્યે પણ એનો અર્થ ચાર ગાથામાં નથી કર્યો એવો ત્યાં અર્થ કરશે. '**सएहिं भावेहिं**' સ્વભાવકર્મ. સમજાય છે કાંઈ? ટીકામાં છે. અન્વયાર્થમાં પણ છે. જુઓ! '**स्वकैः भावैः**' '**પોતાના જ ભાવોથી**'. ૭૭માં '**सगपरिणाममं**' હતું. આમાં પોતાના જ ભાવોથી પરિણમે છે. સમજાય છે કાંઈ? નીચે એનું હરિગીત.

**એ રીત પુદ્ગલદ્રવ્ય તે પણ નિજ ભાવે પરિણમે,**
**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૯.**

આહાહા..! કોણ? પુદ્ગલ. એ રીત કહ્યું ને? પાઠમાં છે ને ઈ? '**पोग्गलव्वं पि**' શબ્દ છે ને? આત્મા તો રાગાદિના અને હરખ-શોકના પરિણામ કરે નહિ અને એને ભોગવે નહિ. એ તો ઠીક. એ તો ચૈતન્ય છે, જાગૃત ભાવ છે. જાણનારો છે. તો જાણનારો તો ભૂલમાં ન આવે. પણ જે જાણતું નથી એવું પુદ્ગલકર્મ એ આત્માના નિર્મળ પરિણામ કરે છે કે નહિ? પરદ્રવ્યપર્યાય. પોતાની પર્યાયથી નિર્મળ પરિણામ ધર્મના એ પરદ્રવ્ય પર્યાય છે. સ્વદ્રવ્યની પર્યાય નથી. સ્વદ્રવ્ય નામ પુદ્ગલ. પુદ્ગલ જે સ્વદ્રવ્ય છે તેની એ પર્યાય નથી. સમજાય છે કાંઈ?

પોતાના ભાવથી પુદ્ગલ પરિણમન કરે છે. તો ભગવાન આત્માના પરિણામ જે પરદ્રવ્યના પરિણામ છે, પોતાથી પરદ્રવ્યના એ પરિણામ છે. સમજાય છે કાંઈ? પોતાના આત્માની અપેક્ષાથી રાગ-દ્વેષ, હરખ-શોક પરદ્રવ્યની પર્યાય છે અને કર્મ ને પુદ્ગલની પર્યાયની અપેક્ષાથી પોતાના ધર્મ પરિણામ-મોક્ષમાર્ગના પરિણામ એ પરની અપેક્ષાથી પરદ્રવ્ય પરિણામ છે. સમજાય છે કાંઈ? ખબર નથી. એ પરદ્રવ્યના પરિણામ ખબર વિના કરે તો એમાં શું વાંધો છે? એમ છે કે નહિ? એમ એમાં પ્રશ્ન છે ને એમાં? છે કે નહિ? તો કહે છે, નથી. ઓહોહો..!

'**ટીકા :- જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને,...**' માટી સ્વયં પોતાથી ઘડામાં અંતર્વ્યાપક થઈને-પ્રસરીને, પ્રસરીને. સમજાય છે કાંઈ? માટી ઘડામાં અંતર્વ્યાપક સંક્રમે છે, જાય છે, પરિણમે છે. એમ ધર્મના પરિણામમાં કર્મના પરિણામ અંતર્વ્યાપક પ્રસરે છે, પેસે છે કે નહિ? કોઈ સંક્રમણ કરે છે કે નહિ? સમજાય છે કાંઈ? '**પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં...**' માટી ઘડાની પર્યાયમાં આદિ-મધ્ય-અંતમાં એ વ્યાપકને માટી કરે છે, ઘડાની પર્યાયનો. એમ અનંત દ્રવ્યની પર્યાયનો જે જે જ્યાં પર્યાય (થાય છે) તેનો તે દ્રવ્ય કર્તા છે. સમજાય છે કાંઈ?

રોટલીની પર્યાયમાં લોટ અંતર્વ્યાપક થઈને કરે છે. પેસીને. સ્ત્રીનો હાથ, તવો કે અગ્નિ

અંતર્વ્યાપક થઈને રોટલી બનાવે છે એમ ત્રણ કાળમાં નથી. સમજાય છે કાંઈ? સંક્રમણ થઈને તવો, હાથ રોટલીની પર્યાયમાં સંક્રમણ થાય છે? અંતર્વ્યાપક થાય છે? તો રોટલી એની મેળાએ થઈ જાય છે? એવી જ રીતે લાદી બની જાય છે? કારીગરનો હાથ અંદર થોડો થોડો હશે? ક્યો અંશ ત્યાં જાય છે? અંશ એની પાસે રહ્યો. તવાનો અંશ, આંગળીનો અંશ ત્યાં રહ્યો. એ અંશ કંઈ રોટલીની પર્યાયમાં જાય છે? રોટલીની પર્યાયમાં તો લોટના પરમાણુ છે એ જાય છે, પ્રવેશ કરે છે. જુઓ! પ્રવેશ કરીને પર્યાય ઉત્પન્ન થાય છે. ઘડાની પર્યાયમાં માટી પ્રવેશ કરીને ઉત્પન્ન થાય છે. શું કુંભાર એમાં પ્રવેશ કરે છે? વાંધા દૃષ્ટાંતમાં. નહિ, વ્યવહારથી તો કરે છે. વ્યવહારથી ઘડાનું પાણી કુંભાર પીવે છે. એઈ..! અમારા પંડિતજીએ ૮૪માં અર્થ કર્યો ને. સમજાય છે કાંઈ? ઈ કેટલાક કહે છે, લ્યો. આ કહે છે, એમ અર્થ જ નથી, એના અર્થમાં એમ નથી. કપુરચંદજી! સમજાય છે કે નહિ? સંભળાય છે? આ કપુરચંદ વૃદ્ધ આવ્યા છે. જયપુરથી આવ્યા છે. સમજાય છે કાંઈ?

અહો..! માટી સ્વયં પોતાથી પ્રસરીને વિસ્તાર પામીને ઘડામાં વ્યાપીને ઘડાની પર્યાય માટી કરે છે. આહાહા..! રાડ નાખે માણસ. આ તો નિમિત્તને ઊડાડે છે, નિમિત્તને ઊડાડે છે. પણ નિમિત્ત ક્યારે કહેવાય? જ્યારે ઘડાની પર કરે તો નિમિત્ત ક્યાં રહ્યું? માટી કરે છે તો એને નિમિત્ત કહેવાય છે. નિમિત્તનો અર્થ ત્યાં એક બીજી વસ્તુ ઉપસ્થિત છે એટલું. આઘી ભિન્ન ઉપસ્થિતિ. સમજાય છે કાંઈ?

અહીં કહે છે, '**જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને...**' પ્રસરીને પર્યાયને '**ઘડાને ગ્રહે છે,...**' ઈ પ્રાપ્ય. ઘડાને ગ્રહે છે. ઘડાની પર્યાય તે જ સમયે થવાની છે તેને પ્રાપ્ત કરે છે. તે જ સમયે ઘડાની પર્યાયને પ્રાપ્ત કરે છે. ક્રમબદ્ધ છે. સમજાય છે કાંઈ? કહો, આ ઈંજેક્શન આવ્યું ને. ડૉક્ટરનો દાખલો લઈએ. ઈંજેક્શન આવ્યા ને? એકદમ કફ હોય તો શાંત થઈ જાય. ગરમ ઈંજેક્શન સોમલનું, સોમલનું આવે છે ને? સોમલનું. અહીં કહે છે કે કફની પર્યાય જે છે તેને પ્રાપ્ત શું ઈંજેક્શન આવ્યું એટલે એમાં ફેરફાર થયો? એ પરમાણુ જે છે તે જ પોતાની પર્યાયમાં પ્રાપ્ય અંતર્વ્યાપક થઈને આવી પર્યાય એમાં થાય છે. આહાહા..! ડૉક્ટર! આમ છે, ભાઈ! આહા..! સમજાય છે કાંઈ?

દાળ થાય છે ને? દાળ. તુરની દાળ. બહુ કાચી રહે, બહુ ચડે નહિ તો એમાં ખાર નાખે છે. તો કહે છે કે ખારાથી પણ પીગળી નથી. અને પછી ઝેરણી નાખે છે ને? ઝેરણી કહે છે? ગવૈયા. એને અમારે ઝેરણી કહે છે. ઝેરણી નામ ઝેર કરી નાખે, જે કઠણ હોય એને છૂટું પાડી નાખે ફડાક દઈને. તુરની દાળ હોય ને ઈ બહુ ન ચડે. તો કહે છે...

મુમુક્ષુ :- મથાની.

ઉત્તર :- મંથાની ઠીક છે. મંથાની તમારી ભાષામાં. જેરણીએ એમાં પ્રવેશ જ નથી કર્યો એમ કહે છે અહીં તો. ફતેહચંદજી! આ દુનિયાની આંખથી ભિન્ન ચીજ છે. જેરણી એ દાળને અડી જ નથી. આહાહા..! દાળ જે એવી થાય છે એ પર્યાય તે સમયે થવાની છે તેને દાળ પ્રાપ્ત કરે છે. જેરણી નહિ. આહાહા..! આ વાત. ગાંડા જ ગણે ને, પાગલ ગણે. પાગલ બીજાને પાગલ ગણે. એમ થાય? એમ થાય? બે કારણથી કાર્ય થાય છે. આવે છે કે નહિ? અષ્ટ સહસ્રીમાં એમ આવે છે. બે કારણથી કાર્ય થાય છે. સાંભળને! એ કાળે પોતાથી થયું તો બીજું મોજૂદ છે તેને આરોપ દેવામાં આવે છે. પણ થયું છે પોતાથી. શું નિમિત્ત ત્યાં પરિણમે છે? શું નિમિત્ત ત્યાં પરિણમે છે કે પોતામાં પરિણમે છે? નિમિત્ત એને ગ્રહે છે કે પોતાની પર્યાયમાં પ્રાપ્ય થાય છે? નિમિત્ત પોતામાં ઉત્પન્ન થાય છે કે પરમાં ઉત્પન્ન થાય છે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કોઈએ ચલાવ્યું નથી. હાથ હાથથી ચાલ્યો, આમ આમ એ તો પોતાની પર્યાયમાં ચાલ્યો. પોતાની પર્યાય એ પ્રકારની પ્રાપ્ત થવાની હતી તેને રજકણ પ્રાપ્ત કરે છે. હાથે ઝેરણી પણ હલાવી નથી. ઝેરણી-મથાની. હાથે હાથે ઝેરણી ચલાવી નથી અને ઝેરણીથી દાળ છૂટી પડી નથી. એ.. ભીખાભાઈ! શું કહે છે સમજાણું? એમ કે, સમજાય છે અહીંથી અને તમે કહો છો... વસ્તુનું સ્વરૂપ એવું છે, ભાઈ! કોઈએ બનાવ્યું નથી.

પ્રત્યેક પરમાણુનો સ્કંધ પોતપોતાની જે સમયે પ્રાપ્ત થવાની છે તેને સ્કંધ પ્રાપ્ત કરે છે. બીજો સ્કંધ પ્રાપ્ત કરે છે એમ ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. અજ્ઞાનીઓનો ભ્રમ છે. સંયોગ જોઈને એમાં ફેરફાર થયો એ અજ્ઞાનીની દૃષ્ટિમાં ફેર છે.

અહીં કહે છે કે માટી ઘડારૂપે પરિણમે છે. શું કુંભાર ઘડારૂપે પરિણમે છે? '**અને ઘડારૂપે ઊપજે છે...**' જુઓ ઉત્પાદ. માટીનો ઉત્પાદ ઘડારૂપે છે. કે કુંભારનો ઉત્પાદ ઘડારૂપે છે? સમજાય છે કાંઈ? ઈ દૃષ્ટાંત બહુ આપ્યો છે, ખાણિયા ચર્ચામાં. બહુ લીધું છે સામેવાળાએ. કારીગરને કેમ બોલાવો છો? હુશિયાર કારીગરને કેમ બોલાવો છો? સારું પુસ્તક બનાવવું હોય તો સારા બાઈન્ડિંગ બાંધવાવાળાને બોલાવે છે. રંગ નાખવા સારા હુશિયારને બોલાવે છે. એની કળા કંઈ કરતી નથી તો બોલાવો છો શા માટે? એઈ..! પોપટભાઈ! કોણ બોલાવે? સાંભળ તો ખરો. અને એ આવ્યો તે એ કળાની પર્યાયથી એમાં કંઈ ફેરફાર થયો? આહાહા..! સમજાય છે કાંઈ? તમારી લાદીમાં તો બહુ છાંટવું પડે, ભિન્ન ભિન્ન જાતના. ઉપર લાદી ઉપર નાખે ને? અમુક જાતના પીળા, રાતા ઝીણી છાંટ નાખે ત્યારે લાદી સારી (દેખાય).

બધું જોયું હતું એક ફેરી અમે જામનગરમાં. એક કોઈ છે, આપણો વઢવાણનો છે કોઈ. એના ઘરે જ ઉતર્યા હતા. લાદીના બધા નમૂના પડ્યા હતા. આ અમે બનાવીએ છીએ. ઠીક! બહાર, બહાર ન્યાં ઉતર્યા હતા ને. કોઈ બનાવતું નથી. બનાવે કોણ? ભાઈ! એઈ..! ભગવાનજીભાઈ! આ ભગવાનજીભાઈ પ્લાસ્ટીક બનાવે છે. પ્લાસ્ટીકનો મોટો સંચો છે થાણામાં. કેટલા જોડા ને કેટલા ચંપલ. પુત્ર પણ બનાવતો નથી, સંચો પણ બનાવતા નથી, ભગવાનજીભાઈ બનાવતા નથી. એમ કહે છે. સમય સમયની એ પર્યાય પ્લાસ્ટીકની હતી તે પ્રાપ્ય, તેને પરમાણુ પ્રાપ્ત કરે છે. તે જ પરિણમન કરે છે અને તે એમાં ઊપજે છે. આહાહા..! હજી તો દૃષ્ટાંત અહીં તો આપે છે. સિદ્ધાંત તો આત્મામાં ઉતારવો છે.

'**તેમ...**' જેમ ઘડામાં અંતર્વ્યાપક થઈને માટી પ્રાપ્ય કરે છે નામ ઘડાને ગ્રહે છે. અને પરિણમન કરે છે અને એમાં માટી ઊપજે છે. '**તેમ જીવના પરિણામને,...**' જીવના પરિણામ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર શુદ્ધ પરિણામ. ઈ અહીંયા જીવના પરિણામ. આત્માના પરિણામ પરિણામી ભગવાન-પરિણમનાર તો શુદ્ધ જ્ઞાન ને આનંદરૂપે પરિણામ થાય તે જીવના પરિણામ છે. કર્મના પરિણામ કહો, જીવના પરિણામ કહો, મોક્ષમાર્ગના પરિણામ કહો. નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ એ જીવના પરિણામ છે. સમજાય છે કાંઈ? '**જીવના પરિણામને...**' પોતાના પરિણામને. રાગ-દ્વેષાદિ કે દેહાદિની પર્યાય કે કર્મના ઉદયની પર્યાય એ જડના પરિણામ છે.

'**એ પોતાના પરિણામના ફળને...**' હરખ-શોક આદિ થાય તેને '**નહિ જાણતું એવું...**' એ કર્મ તો જાણતું નથી, પુદ્ગલ કંઈ જાણતું નથી. '**એવું પુદ્ગલદ્રવ્ય પોતે પરદ્રવ્યના પરિણામમાં...**' શું કહે છે? એ પુદ્ગલદ્રવ્ય જીવના પરિણામને, પોતાના પરિણામને અને પોતાના કર્મફળ પરિણામને નહિ જાણતું '**એવું પુદ્ગલદ્રવ્ય પોતે પરદ્રવ્યના પરિણામમાં...**' ઈ કોણ પરદ્રવ્યપરિણામ? જીવના. પરદ્રવ્યપરિણામ. પોતાના દ્રવ્યથી (અન્ય) પરદ્રવ્યપરિણામ. પોતાના પરિણામથી ધર્મના પરિણામ, રાગ-દ્વેષ આદિ અને એના હરખ-શોક પરિણામ. એના પરિણામથી ભિન્ન પરિણામ પરદ્રવ્યપરિણામ. જીવના પરિણામ ઈ આ પરિણામની અપેક્ષાથી પરદ્રવ્યપરિણામ છે. સમજાય છે કાંઈ?

'**પરદ્રવ્યના પરિણામમાં અંતરવ્યાપક થઈને,...**' શું કહે છે? કે કોઈ રાગની મંદતા કર્મનું ફળ આવ્યું તેથી અહીંયા નિર્મળ પરિણામ થયા એની આદિમાં એની કોઈ મદદ છે કે નહિ? સમજાય છે કાંઈ? બહુ ચર્ચા ચાલે છે ને? શુભજોગ, શુભજોગ, શુભજોગ એમ ચાલે છે. પણ શુભજોગ તો પુદ્ગલના પરિણામ છે. અને સમ્યગ્દર્શન, જ્ઞાન આત્માના પરિણામ છે. તો આત્માના પરિણામમાં શુભજોગનું આદિ-મધ્ય-અંતમાં કંઈ છે કે નહિ? આદિમાં થોડી

મદદ, થોડી મદદ શુભજોગની છે કે નહિ? આહાહા..! આટલો રાગ મંદ થયો તો શુદ્ધઉપયોગ પછી થાય. સીધો શુદ્ધઉપયોગ થાય? કહે છે કે શુદ્ધઉપયોગ જ જીવના પરિણામ છે. શુભઉપયોગ જીવના પરિણામ નથી. એ તો પરના પરિણામ છે. તો પરના પરિણામ આદિમાં અને પછી શુદ્ધઉપયોગ ફળમાં એમ છે? આહાહા..! સમય તો એક જ છે.

'**પુદ્‌ગલદ્રવ્ય પોતે...**' પોતે આ બાજુ લેવું-પુદ્‌ગલદ્રવ્ય તરફ. '**પરદ્રવ્યના પરિણામમાં...**' એટલે આત્માના સમ્યગ્દર્શન, જ્ઞાન, વીતરાગી પરિણામ એ રાગના પરિણામથી વીતરાગી પરિણામ પરદ્રવ્યના પરિણામ છે. સમજાય છે કાંઈ? '**અંતર્વ્યાપક થઈને,...**' સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના જે સ્વદ્રવ્યના પરિણામ આત્માના. એ રાગના પરિણામની અપેક્ષાથી પરદ્રવ્યના પરિણામ. અંદર રાગ પેસીને સમ્યગ્દર્શનમાં સંક્રમણ કરીને રાગ એને આદિમાં ઉત્પન્ન કરે કે ગ્રહણ કરે? સમ્યગ્દર્શનના પરિણામને રાગની મંદતા વ્યાપક થઈને ગ્રહણ કરે, પ્રાપ્ય કરે? નહિ. સમજાય છે કાંઈ?

'**અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતું નથી,...**' એ રાગની મંદતા અને ભગવાનની પ્રતિમા આદિ જોઈને હરખ થવો, એ હરખના પરિણામ આત્માના ધર્મ પરિણામમાં આદિમાં છે? ના. શાસ્ત્રમાં તો એમ આવે છે, જિનબિંબ જોઈને મિથ્યાત્વના ટૂકડા થઈ ગયા. બહુ ચર્ચા ચાલે છે. જ્યાં ત્યાં લખે છે, લ્યો. જિનબિંબ એટલે પોતાનું જિનબિંબ આ. બોધપાહુડમાં આવે છે ને? ભાઈ! અગિયાર બોલ. નહિ? જિનબિંબ, જિનમુદ્રા. બોધપાહુડ, અષ્ટપાહુડમાં. જિનબિંબ વીતરાગી આત્મા એ જિનબિંબ છે. સમજાય છે કાંઈ? એ તો વ્યવહાર જિનબિંબ છે. વ્યવહારથી વાત કરી છે. નિશ્ચય તો જિનબિંબ આત્મા છે. પોતાના વીતરાગી પરિણામ પોતાથી ઉત્પન્ન થયા. મિથ્યાત્વનો નાશ થઈ જાય છે. નાશ થઈ જાય છે, નાશ કરવો પડતો નથી.

કહે છે કે પરદ્રવ્ય એટલે મોક્ષમાર્ગના પરિણામ જે આત્માના થયા એમાં રાગના કષાયની મંદતાના... એમ કહે છે ને? કર્મનો જો મંદ ઉદય હોય તો આત્માને મોક્ષમાર્ગનો પુરુષાર્થ કરવાનો અવકાશ છે. કહે છે કે નહિ? નદીનું પાણી બહુ ચાલતું હોય તો એમાં માણસ કઈ રીતે તરી શકે? જરીક ધીમો પડે તો તરી શકે. એમ છે જ નહિ. એ તો નિમિત્તથી કથન કર્યું છે. પોતાના પુરુષાર્થની ગતિ મંદ છે એમ બતાવવું છે. જુઓ! શું છે અહીંયાં? કર્મનો ઉદય કંઈક મંદ હોય તો પુરુષાર્થ કરવાનો અવકાશ છે. એ તો વ્યવહારની વાત છે. સાંભળ તો ખરો. સમજાય છે કાંઈ? અહીંયા તો પોતાનો આત્મા પોતાના દ્રવ્ય ઉપર દૃષ્ટિ દેવાથી જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ થયા એમાં કોઈ નિમિત્તની આદિ હતી એટલે થયા એમ છે જ નહિ. સમજાય છે કાંઈ?

શું આમાં વાણી-બાણી નથી આવતી. વાણીથી ઉત્પન્ન નથી થતું એમ કહે છે. ભગવાનની વાણીથી પણ સમ્યગ્દર્શન ઉત્પન્ન નથી થતું. એ સમ્યગ્દર્શનની આદિમાં વાણી હતી એટલે સમ્યગ્દર્શન થયું એમ છે જ નહિ. એ પરદ્રવ્યના પરિણામ છે, આ પોતાના પરિણામ છે. અને એ પરિણામની અપેક્ષાથી સમ્યગ્દર્શન પરદ્રવ્યના પરિણામ છે. આહાહા..! એ.. અમરચંદભાઈ! દિવ્યધ્વનિના પરિણામની અપેક્ષાથી આત્માના સમ્યગ્દર્શન પરિણામ પરદ્રવ્ય પરિણામ છે. સમજાય છે? એ દિવ્યધ્વનિના પરિણામ શું પરદ્રવ્યપરિણામમાં પેસે છે? જેમ માટી ઘડામાં પેસે છે તો એને ઉત્પન્ન કરે છે. એમ દિવ્યધ્વનિની પર્યાય સમ્યગ્દર્શનમાં પેસે છે તો ઉત્પન્ન કરે? આહાહા..! ભારે વાત ભાઈ! છે કે નહિ અંદર? હજી આવશે વધારે સ્પષ્ટ. ચોથી લીટી. સ્વભાવરૂપ કર્મ. બહુ ગંભીર નાખે છે. ઓહોહો..! આચાર્યે કોઈ કામ કર્યું છે, ગજબ કામ કર્યું છે!

કહે છે, '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતું નથી,...**' આત્માના ચારિત્રપરિણામ ચારિત્રમોહનીયના ક્ષયોપશમની આદિમાં હતા એટલે ચારિત્રપરિણામ ઉત્પન્ન થયા એમ નથી. સમજાય છે કાંઈ? કહે છે ને? છ મહિના વાસુદેવને બળદેવ (ખભે) લ્યે છે. છ મહિનામાં કર્મ શાંત થાય છે તો એકદમ પલટી જાય છે. ચારિત્રમોહનો ઉદય જ્યાં સુધી હતો ત્યાં સુધી છ મહિના સુધી ફેરવ્યા. અહીં ના પાડે છે. એમ છે જ નહિ. સમજાય છે કાંઈ? એ રાગના પરિણામ એવા તીવ્ર હતા તો અહીંયા સમ્યગ્દર્શનના પરિણામ રહ્યા એમ છે જ નહિ અને મંદ થયા તો પુરુષાર્થ ઉગ્ર થયો એમ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! કર્મનો ઉદય મંદ થાય તો આત્માને કંઈપણ લાભ થાય. કહે છે કે શું મંદ પરિણામ આત્માના પરિણામને ગ્રહે છે? એમાં પેસે છે? પરદ્રવ્યપરિણામ એટલે પોતાના મોક્ષમાર્ગના પરિણામ. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, વીતરાગી પર્યાયમાં આત્મા અંતર્વ્યાપક થઈને પેસે છે, સંક્રમે છે, પકડે છે, પરિણમે છે, ઊપજે છે. શું રાગપરિણામ પોતામાં અંતર્વ્યાપક છોડીને, પરદ્રવ્યના- મોક્ષમાર્ગના પરિણામમાં પેસે છે? ના. ગ્રહણ કરતા નથી, એનું પ્રાપ્ય જ નથીને. એ તો જ્ઞાનીના પરિણામ તે સમયે થવાના છે, જ્ઞાની દ્રવ્યનું પ્રાપ્ય છે, જ્ઞાની દ્રવ્યનું પ્રાપ્ય છે. કંઈ રાગનું પ્રાપ્ય છે? સમજાય છે કાંઈ?

'**ગ્રહતું નથી, તે-રૂપે પરિણમતું નથી...**' રાગ નિર્મળ પરિણામ પોતાના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપે પરિણમતા નથી. રાગ તો રાગરૂપે પરિણમે છે. શું આત્માને પરિણમાવે છે? મોક્ષમાર્ગનું પરિણમન ઈ કરાવે છે? '**અને તે-રૂપે ઊપજતું નથી;...**' લ્યો. ક્યા રૂપે? આત્માના નિર્મળ પરિણામ-ધર્મના પરિણામરૂપે રાગના પરિણામ, કર્મના ઉદયના પરિણામ, સંયોગની ઉદયની પર્યાય બહારની એ આત્માના ધર્મપરિણામમાં ઉત્પન્ન થતા નથી. અડતા

જ નથી, પછી ઉત્પન્ન ક્યાં ને પરિણમન ક્યાં ને પ્રાપ્ય ક્યાં રહ્યું? હવે આવ્યું. જરી ગંભીર શબ્દ આચાર્યનો પડ્યો છે.

'**પરંતુ પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પોતાના સ્વભાવરૂપ કર્મ...**' ભાષા જુઓ! સ્વભાવરૂપ શબ્દ લીધો છે. આહાહા..! ગજબ કામ! આગમપદ્ધતિમાં લીધું ને? ભાઈ! આગમપદ્ધતિ. ઈ વાત છે. કહે છે કે કર્મના ઉદયની ધારા દ્રવ્યકર્મની, તે સમયની જે પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્યની પર્યાયની ધારા એમાં વહે છે. આગમ એટલે એમને એમ રહેવું. એમ પુણ્ય-પાપના પરિણામ અને હરખ-શોકના પરિણામ એ કર્મના સ્વભાવરૂપ કર્મ છે, એનું સ્વાભાવિક કાર્ય છે. વસ્તુના સ્વભાવરૂપ કાર્ય છે. પુદ્ગલના સ્વભાવરૂપ કાર્ય છે. સમજાય છે કાંઈ? જુઓ! ચાર ગાથામાં આવો શબ્દ ક્યાંય નથી આવ્યો. પાંચમીમાં આમ લીધું.

એમ બતાવવું છે કે રાગની ધારા વહે છે, એ પુદ્ગલની ધારા છે. વસ્તુનો સ્વભાવ જડ જે પુદ્ગલ છે તેની ધારા વહે છે. સમજાય છે કાંઈ? અધ્યાત્મ સંદેશ આવ્યું ને? છપાયું છે ને? હિન્દીમાં આવ્યું હતું. ત્રણ ચિઠ્ઠીના વ્યાખ્યાન થયા છે ને. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી, પરમાર્થ વચનિકા અને ઉપાદાન-નિમિત્તની ચિઠ્ઠી. બનારસીદાસ. એના વ્યાખ્યાન થયા છે. હિન્દીમાં આવ્યું છે કે નહિ? ખબર નથી? આવ્યું છે. હિન્દીમાં પુસ્તક છપાયું છે. નથી આવ્યું? છેલ્લે છે. એના વ્યાખ્યાન થઈ ગયા છે. વ્યાખ્યાન થયા છે એ હિન્દીમાં થયા છે. મેં તો હમણાં જોયું. હિન્દીમાં છે. આહા..! ત્રણ ચિઠ્ઠીના વ્યાખ્યાન થયા છે. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી, પરમાર્થ વચનિકા. જેમાં એમ લીધું છે કે આગમપદ્ધતિ અને અધ્યાત્મપદ્ધતિ.. બનારસીદાસે પણ કામ કર્યા છે! ઓહોહો..! જે આચાર્યને કહેવું છે એ વાત ત્યાં લીધી છે.

આગમ એને કહે છે કે વસ્તુના સ્વભાવને. વસ્તુનો સ્વભાવ શું? પુદ્ગલનો વસ્તુનો સ્વભાવ. કેવો પુદ્ગલનો વસ્તુનો સ્વભાવ? બે રૂપ. એક દ્રવ્યરૂપ, એક ભાવરૂપ. દ્રવ્યરૂપનો શું? કે કર્મના ઉદયની ધારા કર્મમાં ક્ષણે ક્ષણે, ક્ષણે ક્ષણે જે ઉદય થાય છે તે કર્મધારા દ્રવ્યરૂપ. આગમ વસ્તુનો સ્વભાવ દ્રવ્યરૂપ. અને પર્યાય જે રાગ-દ્વેષ, દયા, દાન, હરખ-શોકના પરિણામ ઉત્પન્ન થાય છે એ પુદ્ગલાકાર અશુદ્ધ પરિણતિ ભાવરૂપ. એ આગમપદ્ધતિ વસ્તુના સ્વભાવરૂપે, અહીં જે સ્વભાવ કહ્યો ઈ. સમજાય છે કાંઈ? એ પુદ્ગલના સ્વભાવરૂપી કાર્ય છે, આત્માનો નહિ. સમજાય છે કાંઈ? અને એ સ્વભાવરૂપી કર્મ આત્માના ધર્મરૂપી કર્મને ઉત્પન્ન કરે કે પ્રાપ્ય કરે પરદ્રવ્યમાં, એમ ત્રણ કાળમાં બનતું નથી. ચીજ જ ભિન્ન છે. ભોગીભાઈ! આવે છે ને? પરમાર્થ વચનિકા. ઓહોહો..!

ઓહોહો..! પહેલા ૭૭માં '**सगपरिणामं**' કહ્યું હતું. આ '**स्वकैः भावैः**' કહ્યું. '**सएहिं**

**भावेहिं**' એમ ભાઈ પાઠ છે. '**सएहिं भावेहिं**' પાઠમાં શબ્દમાં .. કરી દીધું. બહુ ગંભીર વાત. આચાર્યોની વાત અને ટીકાકાર અને બનારસીદાસ જેવા પાક્યા પણ એમણે આચાર્યના જે ભાવ છે તે જ ત્યાં સ્થાપના કરી છે. સમજાય છે કાંઈ? જુઓ! ૭૭માં શું છે? '**णाणी जाणंतो वि हु सगपरिणामं**' એટલા શબ્દ છે. અહીંયા '**पोग्गलदव्वं पि तहा परिणमति सएहिं भावेहिं।**' '**स्वकैर्भावैः**'. આહાહા..! થોડી સૂક્ષ્મ વાત છે. ભગવાન આત્માનો એ ભાવ નહિ. એ પુદ્ગલનો '**स्वकैर्भावैः**'. વિકાર પુણ્ય-પાપ, દયા, દાન, વ્યવહારરત્નત્રયનો રાગ શુભજોગ, એ પુદ્ગલનું સ્વભાવકર્મ છે. પુદ્ગલનું સ્વભાવકર્મ છે. સમજાય છે કાંઈ? એ બનારસીદાસે એમાં લીધું છે. ઈ જ વાત લીધી છે. એની અધ્યાત્મની વસ્તુમાં બહુ... સમજાય છે કાંઈ? અધ્યાત્મ લીધું છે.

ચોથા ગુણસ્થાનથી સમકિતીને શુભજોગ મિશ્રીત શુદ્ધભાવ છે. વ્યવહાર. શુદ્ધભાવ જે છે તે પોતાની પર્યાય છે. શુભજોગ છે તે કર્મની પર્યાય, સ્વભાવકર્મ છે. એ આગમપદ્ધતિનું કાર્ય છે. અને આત્મા પોતાના દ્રવ્યના આશ્રયે જેટલી નિર્મળ પર્યાય શુદ્ધ પ્રગટ થઈ એ આધ્યાત્મિક વ્યવહારપરિણામ છે. અધ્યાત્મના વ્યવહાર પરિણામ. નિશ્ચય દ્રવ્ય છે. સમજાય છે કાંઈ? નિશ્ચયમાં દ્રવ્ય છે અને વ્યવહાર... ત્યાં ઘણું લખ્યું છે એમણે. અજ્ઞાની આગમઅંગને સુગમ જાણીને એ ક્રિયા કરે છે-શુભક્રિયા. આગમપદ્ધતિની ક્રિયા. દયા, દાન, વ્રત, ભક્તિ, આમ ખાવું-પીવું, લેવું એવા વિકલ્પ અજ્ઞાની કરે છે અને એને મોક્ષમાર્ગ માને છે. પણ અધ્યાત્મના વ્યવહારના અંગને પણ એ જાણતા નથી. એમ કહ્યું છે. સમજાય છે કાંઈ?

અધ્યાત્મનું વ્યવહાર અંગ. વ્યવહાર અંગનો અર્થ-શુદ્ધ પરિણતિ. ૯૪માં આવ્યું ને? ૯૪ ગાથા, પ્રવચનસાર. ચેતનવિલાસરૂપી વ્યવહાર. ભગવાન આત્મા.. અહીં જે ધર્મપરિણામ '**सगपरिणामं**' કહ્યું, અહીંયા જે રાગથી પરદ્રવ્યના પરિણામ કહ્યા એ અધ્યાત્મપરિણામ અંતર્ગભિત આત્માની ક્રિયા ઈ વ્યવહાર. સમજાય છે કાંઈ? ઓહોહો..! કહે છે, અજ્ઞાનીને આગમપદ્ધતિની જે ક્રિયા જે શુભધારા વહે છે, તે ક્રિયા સુગમ છે. અજ્ઞાની એને કરીને ધર્મ માને છે, મોક્ષમાર્ગ છે એમ માને છે. તમે નહિ વાંચ્યું હોય. ફતેહચંદજી! પુસ્તક છે. ટોડરમલજી છે ને? મોક્ષમાર્ગ પ્રકાશક છે ને? એમાં પાછળ લખ્યું છે. ત્રણે ચિઠ્ઠી ગુજરાતીમાં છે. હિન્દીમાં હતી તેનું ગુજરાતી કર્યું છે. થઈ ગયું છે. જુઓ! સમજ્યા?

'**મૂઢ જીવ આગમપદ્ધતિને વ્યવહાર કહે છે.**' આગમપદ્ધતિનો અર્થ પહેલા લીધો છે. વસ્તુનો સ્વભાવ તેને આગમ કહીએ. આગમ પદ્ધતિ બે પ્રકારની છે. કર્મપદ્ધતિ પૌદ્ગલિક દ્રવ્યરૂપ અને ભાવરૂપ. કર્મનો ઉદય છે દ્રવ્યરૂપ અને અહીંયા વિકૃત ભાવ થયો તે ભાવરૂપ. બેય આગમપદ્ધતિ પુદ્ગલની છે. સમજાય છે કાંઈ? બનારસીદાસે એક શબ્દમાંથી કાઢીને

કેવું લીધું છે, જુઓ! અને અજ્ઞાનીને.. ઈ કહે છે, **'આગમઅંગને એકાંતપણે સાધી મોક્ષમાર્ગ દર્શાવે છે;...'** આગમઅંગને એકાંત. સ્વરૂપનું ભાન નથી, નિર્મળ પરિણતિ શું છે એની પ્રતીત નથી, ખબર નથી. એકલા દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પ જે આગમઅંગ જે પુદ્‌ગલનું સ્વભાવ કાર્ય છે... બનારસીદાસે આમ લખ્યું છે. જુઓ તો ખરા. બનારસીદાસ. સમજાય છે કાંઈ?

**'આગમઅંગને એકાંતપણે સાધી મોક્ષમાર્ગ દર્શાવે છે; અધ્યાત્મઅંગને વ્યવહારથી પણ જાણે નહિ...'** અધ્યાત્મઅંગ જે શુદ્ધ પરિણતિ છે, અંતર્ગભિત રાગથી ભિન્ન પોતાની ધાર્મિકક્રિયા એની ખબર નથી. સમજાય છે કાંઈ? બીજાને જોવે છે તો ક્રિયાથી. એમ જોવે છે. કેટલાક કહે છે, ચરણાનુયોગની ક્રિયાથી ધાર્મિક કેટલો છે એમ પ્રતીત થાય છે. એની ઓળખાણ થાય છે. પ્રતીત થવી એ વળી જુદી વાત છે. નિમિત્તથી પ્રસિદ્ધ થાય, નૈમિત્તિક ત્યાં બીજું છે. ધર્મી એ રીતે પ્રસિદ્ધ થાય છે એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? કહે છે, **'આગમઅંગને એકાંતપણે સાધી મોક્ષમાર્ગ દર્શાવે છે; અધ્યાત્મઅંગને વ્યવહારથી પણ જાણે નહિ એ મૂઢદષ્ટિ જીવનો સ્વભાવ છે; તેને એ જ પ્રમાણે સૂઝે છે.'**

**'શાથી? કારણ કે આગમઅંગ બાહ્યક્રિયારૂપ પ્રત્યક્ષપ્રમાણ છે,...'** આગમઅંગ બાહ્યક્રિયા કહેશે. દયા પાળે છે, ભક્તિ કરે છે, પૂજા કરે છે, આમ નથી ખાતો. બહારમાં મૂઢને પ્રસિદ્ધ છે. બનારસીદાસ કહે છે, હોં! મૂઢજીવને **'બાહ્યક્રિયારૂપ પ્રત્યક્ષ પ્રમાણછે, તેનું સ્વરૂપ સાધવું તેને સુગમ છે, તે બાહ્યક્રિયા કરતો થતો મૂઢ જીવ પોતાને મોક્ષમાર્ગનો અધિકારી માને છે, પણ અંતર્ગર્ભિત અધ્યાત્મરૂપ ક્રિયા જે અંતરદષ્ટિગ્રાહ્ય છે તે ક્રિયાને મૂઢ જીવ જાણે નહિ,...'** રાગથી ભિન્ન, વ્યવહારની રાગની ક્રિયા, કર્માંશ, આગમધારા, વસ્તુનો પુદ્‌ગલસ્વભાવ એનાથી ભિન્ન આત્મા જ્ઞાન ચૈતન્યમૂર્તિની જે પરિણતિ અંતરક્રિયા રાગ વિનાની તેને અજ્ઞાની જાણતો નથી. ધન્નાલાલજી! ચિઠ્ઠી વાંચી છે કે નહિ? હિન્દીમાં છે. આ તો ગુજરાતી છે.

**'અંતરગર્ભિત અધ્યાત્મરૂપ ક્રિયા જે અંતર્દષ્ટિગ્રાહ્ય છે તે ક્રિયાને મૂઢ જીવ જાણે નહિ, કારણ-અંતરદષ્ટિના અભાવથી અંતરક્રિયા દષ્ટિગોચર આવે નહિ;...'** રાગ કરું છું, આમ મંદ કરું છું એ બધું અજ્ઞાનીને દષ્ટિમાં આવે છે. વિકલ્પથી પાર.... કહો, સમજાય છે કાંઈ? દૂરે કેમ બેઠા છો? બ્રહ્મચારીજી! મોડા આવ્યા હતા? અહીં નજીક તમારું સ્થાન છે ને. સમજાય છે કાંઈ? કહે છે, **'અંતરદષ્ટિના અભાવથી અંતરક્રિયા દષ્ટિગોચર આવે નહિ; તેથી મિથ્યાદષ્ટિ જીવ (ગમે તેટલી બાહ્યક્રિયા કરતો છતો પણ) મોક્ષમાર્ગ સાધવામાં અસમર્થ છે.'** એમાં લીધું છે ને. ચોથા ગુણસ્થાને, હોં!

'**સમ્યગ્દષ્ટિ થતાં જ માત્ર ચતુર્થ ગુણસ્થાનકથી માંડી બારમા ગુણસ્થાનક સુધી મિશ્રનિશ્ચયાત્મક જીવદ્રવ્ય મિશ્રવ્યવહારી છે;...**' ચોથા ગુણસ્થાનથી. શું કહ્યું? '**શુદ્ધાશુદ્ધવ્યવહાર શુભોપયોગમિશ્રિત સ્વરૂપાચરણ...**' જુઓ! આ સ્વરૂપાચરણ ચોથા ગુણસ્થાનમાં. ચિઠ્ઠીમાં લખ્યું છે. શુભઉપયોગમિશ્રિત. શુભઉપયોગ હો. પણ અહીં સ્વરૂપાચરણ છે એ શુદ્ધ છે, પેલું અશુદ્ધ છે. એ શુભ છે તે આગમપદ્ધતિની ધારા છે અને આ શુદ્ધાત્માની અધ્યાત્મક્રિયાની ધારા છે. સમજાય છે કાંઈ? '**શુદ્ધાશુદ્ધવ્યવહાર શુભોપયોગમિશ્રિત સ્વરૂપાચરણ...**' ચોથા ગુણસ્થાનથી. પંડિતનું લખાણ છે. હવે પંડિતના પણ સાચા લખાણ છે. સાંભળને. સમજાય છે કાંઈ? આ શું કહે છે? એમાંથી બધું કાઢ્યું છે. આહાહા..! ન્યાયથી સમજાય નહિ, 'નિ' ધાતુ છે, જેમ યથાર્થતા છે તેને જ્ઞાનમાં લઈ જવી તેનું નામ ન્યાય છે. ન્યાય સમજે નહિ હઠ કરીને અમારું સાચું છે, આમ ને તેમ.. સ્વતંત્ર છે ભાઈ અનાદિથી.

કહે છે, એ '**સ્વભાવરૂપ કર્મ...**' ઓહોહો..! ભાષા ફેરવી નાખી. સાર ગાથા મૂકી છે. '**सएहिं भावेहिं**'. એ વિકાર પરિણામ આગમપદ્ધતિ વસ્તુનો સ્વભાવ '**सएहिं भावेहिं**'. એ પોતાનો સ્વનો ભાવ છે, આત્માનો નહિ. વ્યવહારરત્નત્રય આત્માનો ભાવ નહિ. પંડિતજી! આમ છે, ભગવાન! આ તો વાત આવી છે. એનું નામ તો ભગવાનદાસ છે. સમજાય છે કાંઈ? ઓહોહો..! કહે છે, આ ટીકા પણ કેવી કરી! અને પાઠમાં પણ ફેરવ્યુંને. કુંદકુંદાચાર્યે '**सएहिं भावेहिं**' ભાષા લીધે. આહાહા..! કુંદકુંદાચાર્યની શૈલી કોઈ. દિગંબર સંતોની કોઈ પદ્ધતિ અદ્ભુત છે! વસ્તુના સ્વરૂપને પ્રસિદ્ધ કરવામાં એમનું જ્ઞાન તો કામ કરે છે, વાણીમાં આમ આવી ગયું. '**सएहिं भावेहिं**'. ઓહોહો..! કહે છે, વિકારના પરિણામ એ પુદ્ગલના '**सएहिं भावेहिं**' એ સ્વનો ધર્મ એનો છે, આત્માનો નહિ. સમજાય છે કાંઈ?

તેથી અહીંયા ભગવાન આચાર્ય (કહે છે), '**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પોતાના સ્વભાવરૂપ કર્મ...**' એટલે પુદ્ગલ છે તે જ પોતાની પર્યાય તે જ સમયે વિકારને પ્રાપ્ત કરે છે. પ્રાપ્ત એટલે એને ગ્રહણ કરે છે. એ રૂપે પરિણમે છે, એ રૂપે ઊપજે છે. સમજ્યા? એમાં પુદ્ગલ વ્યાપક થાય છે, આત્મા નહિ. એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ-૫, મંગળવાર તા. ૧૩-૮-૧૯૬૮**
**ગાથા-૭૯ પ્રવચન-૫૯૭**

૭૯ ગાથા. કેટલાક કહે છે કે આ ચાર ગાથા તો એકની એક લાગે છે. એમ કહે છે. સાંભળવામાં આવ્યું ત્યારે ભિન્ન ભિન્ન લાગે છે. બધા શબ્દો પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય આવે. શેના માટે આવે છે એ ખબર વિના? કોને લાગુ પડે છે એનો વિચાર કરવા પડે કે નહિ? .. ભિન્ન ભિન્ન અભિપ્રાયથી છે. ૭૯ ગાથા છે એમાં શું છે?

શિષ્યે પ્રશ્ન કર્યો, મહારાજ! આ પુદ્ગલ જે છે એ તો જીવના પરિણામને જાણતા નથી. જીવના પરિણામ ક્યા? પછી એ સમજવું જોઈએ ને. જીવના પરિણામ શબ્દ આવ્યો એટલે જીવના પરિણામ શું? શુદ્ધ વીતરાગી પર્યાય એ જીવના પરિણામ. '**પુદ્ગલદ્રવ્ય પોતે પરદ્રવ્યના પરિણામમાં...**' આમાં હિન્દીમાં પહેલી લીટી છે. '**અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતું નથી,...**' શું છે? જીવના પરિણામ, તેને જ જીવની પર્યાય કહેવામાં આવે છે કે પોતાનો જે આત્મા શુદ્ધ આનંદ અને જ્ઞાનમૂર્તિ છે તેને સ્પર્શીને, અવલંબીને જે જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, સ્વચ્છતા આદિના પરિણામ જે નિર્મળ થાય છે તેને આત્મપરિણામ કહ્યા છે. તેને જીવપરિણામ કહ્યા છે. અને દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામને પુદ્ગલના પરિણામ કહ્યા છે. સમજાય છે કાંઈ?

કહે છે કે પોતે પરદ્રવ્યના પરિણામમાં. પરદ્રવ્યનો અર્થ પુણ્ય-પાપના ભાવ જે છે એ પુદ્ગલના પરિણામમાં છે. હરખ-શોકના ભાવ છે એ પુદ્ગલની પર્યાય છે. એ પર્યાય પરદ્રવ્યના પરિણામ નામ, જીવના જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે વીતરાગી પર્યાય છે તેને ગ્રહણ નથી કરતી. એ પુદ્ગલપર્યાય આત્માની પર્યાયને ગ્રહણ નથી કરતી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :-..

ઉત્તર :- સમજાણુ નહિ? એઈ..! મલૂકચંદભાઈ!

આ રાગ-દ્વેષના પરિણામ પુદ્ગલની અવસ્થા છે તે આત્માના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત નથી કરતી, તદાત્મ્ય નથી થતી. લ્યો. સમજાય છે કાંઈ? આમ તો સહકારી ગણવામાં આવ્યું છે ને? વ્યવહાર મોક્ષમાર્ગને. સહકારી શું? એમાં પણ સહકારી લખ્યું છે. બનારસીદાસે પરમાર્થ વચનિકામાં સહકારી લખ્યું છે. સાથે રહેનારા. બસ. સહકાર-સાથે. એમ કહે છે કે વ્યવહાર પહેલા, નિશ્ચય પછી એમ નથી. બનારસીદાસે પરમાર્થ વચનિકામાં લખ્યું છે. ટોડરમલજીએ પણ લખ્યું છે અને એમ છે. સહકારી નામ રાગની મંદદશા ભૂમિકા પ્રમાણે

ચોથે, પાંચમે, છઠ્ઠે મુનિ આદિને હોય છે તે પરિણામ જે છે તે સ્વભાવના શ્રદ્ધા, જ્ઞાન, શાંતિની સાથે સહચર તરીકે ગણવામાં આવ્યા છે. સમજાય છે કાંઈ? સાથે છે, બસ! પણ ઈ છે ઈ પુદ્ગલના પરિણામ છે. અહીં તો ઈ કહેવું છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- જીવના પરિણામ છે જ નહિ. જીવદ્રવ્ય છે તેના પરિણામ ક્યા? અજ્ઞાનપણે તો જ્યાં સુધી પોતાનું શુદ્ધ સ્વરૂપ રાગથી ભિન્ન તત્ત્વ છે એવો બોધ નહોતો ત્યાં સુધી તો રાગ-દ્વેષ, મિથ્યાત્વના પરિણામ જીવની પર્યાયમાં માનતો હતો તો એના જ છે. સમજાય છે કાંઈ? આહાહા..! જ્યાં સુધી જ્ઞાયક ચૈતન્ય શુદ્ધ આનંદકંદ પરમાત્મા પોતાનું નિજ સ્વરૂપનું ભાન નહોતું, એના અસ્તિત્વની, મહાન પદાર્થની મહાસત્તાનો અંતરદૃષ્ટિમાં સ્વીકાર નહોતો ત્યાં સુધી તો મિથ્યાત્વ ને રાગ-દ્વેષ ને સુખદુઃખની કલ્પના મારી છે એવી માન્યતા તો એની પર્યાયમાં જ છે. સમજાય છે કાંઈ? એ જીવની મિથ્યા ભ્રાંતિના પરિણામ જીવના છે. સમજાય છે કાંઈ? ધન્નાલાલજી! ભારે વાતું ભાઈ!

જ્યારે આત્મા.. અહીં તો વસ્તુસ્થિતિ જેવી આત્માની છે અને પુણ્ય-પાપના રાગની જેવી છે,... એમ તો કાલે પણ કોઈ કહેતું હતું ને? ભાઈ! આપણે અત્યાર સુધી સાંભળતા તો હતા કે પુણ્ય સોનાની બેડી છે. પાપ લોઢાની બેડી છે, પુણ્ય સોનાની બેડી છે. એ સાંભળતા તો હતા, પણ એનું સ્પષ્ટીકરણ આવ્યું તો લોકો ભડકી ગયા.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- બોલતા હતા. પાછા અહીં સાંભળે કે વ્યવહાર ધર્મ નહિ. કેમ ફતેહચંદજી!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. શબ્દો, ગડિયા. .. ભાઈ કાલે કહેતા હતા ને. પુણ્ય સોનાની બેડી તો અમારા દાદા, પરદાદા સાંભળતા આવ્યા છે. સમજાય છે કાંઈ? પણ અહીંયાં જ્યાં સ્પષ્ટ શબ્દ આવ્યો, જે પુણ્યની બેડી કહી એ શુભરાગ આત્માનો ધર્મ નહિ. અને એનાથી આત્માને ધર્મ થતો નથી. (ભડક્યા), અરે..! આ શું? આવી વાત તો આવતી હતી ને કે પુણ્ય અને પાપ બેય બેડી છે. બંધનની બેડી છે. એનો અર્થ શું? અબંધ પરિણામ નહિ. બંધપરિણામ છે. અબંધપરિણામ એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે અબંધ પરિણામ છે એ પુણ્યપરિણામ નહિ. દેવીલાલજી! અહીંયા જ્યાં એનું સ્પષ્ટીકરણ આવ્યું કે એ રાગ જે વિકલ્પ છે, શુભરાગ છે એ સ્વભાવથી વિપરીત વિભાવ છે. અને વિભાવ પોતાના સ્વભાવના સાધનમાં બિલકુલ કાર્યકારી નથી. કેમકે બંધનનો ભાવ છે. ભગવાન આત્મા અબંધસ્વરૂપ છે. ચિદાનંદ જ્ઞાયકમૂર્તિ અબંધસ્વરૂપ છે એવી દૃષ્ટિ થઈ તો અબંધપરિણામ પ્રગટ થયા. સમજાય છે કાંઈ? અબંધપરિણામ

કહો કે મોક્ષમાર્ગના પરિણામ કહો કે શુદ્ધપર્યાય કહો, એક જ વાત છે. સમજાય છે કાંઈ? માંગીલાલભાઈ! શું હતું? અત્યાર સુધી સાંભળતા હતા કે નહિ તમે? પુણ્ય બેડી છે, પુણ્ય બેડી છે. નહોતું સાંભળ્યું? સોનાની બેડી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહોતી ચાલતી? અમારે સંપ્રદાયમાં ચાલતું હતું. પુણ્ય સોનાની બેડી છે. પણ સોનાની બેડીનો અર્થ શું? શેઠી!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, હા. એ તો આવે છે ને. શેઠીએ પહેલા નહોતું સાંભળ્યું? જયપુરમાં સાંભળ્યું હતું કે નહિ? ઈ જ કહે છે અહીંયા.

ભગવાન! તારી ચીજ તો જો. તારી ચીજ તો અબંધસ્વરૂપી, વસ્તુ છે ઈ અબંધવસ્તુ છે. વસ્તુ બંધરૂપ છે? વસ્તુમાં બંધ થાય તો વસ્તુનો અભાવ થઈ જાય. એ તો પર્યાયમાં રાગમાં એકત્વબુદ્ધિ છે તો એ બંધ છે. જ્યારે રાગથી ભિન્ન પડ્યો, ભેદજ્ઞાન થયું કે રાગ નહિ, વિકલ્પ નહિ, શરીર નહિ, વાણી નહિ. મારા અસ્તિત્વમાં ઈ નહિ. મારા અસ્તિત્વમાં-મારી મોજૂદગીમાં તો અનંતજ્ઞાન, દર્શન, આનંદ છે. એમ જ્યાં અંતર સ્વભાવનો અનુભવ, સ્વીકાર, સત્કાર થયો તો કહે છે કે પછી જે રાગાદિ આવ્યા તેનો જ્ઞાની તમાસગીર છે. એમ લખ્યું છે ને? પરમાર્થ વચનિકામાં લખ્યું છે. જ્ઞાની તો તમાસગીર છે. તમાસગીરનો અર્થ શું? તમાસો થાય છે તેને જોવે છે. ઈ પરમાર્થ વચનિકામાં આવે છે. સમજાય છે કાંઈ?

એ જે વ્યવહાર છે, દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, કહે છે કે એ પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને ગ્રહતા નથી. ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ સહજાનંદસ્વરૂપ અતીન્દ્રિય આનંદનો રસ, વીતરાગી વિજ્ઞાનસ્વરૂપ એવી દૃષ્ટિ થઈ તો વસ્તુ જેમ દ્રવ્ય-ગુણ અબંધ છે એમ પરિણામમાં પણ સ્વના આશ્રયે અબંધપરિણામ ઉત્પન્ન થયા. અબંધપરિણામ કહો કે નિશ્ચય મોક્ષમાર્ગ કહો કે શુદ્ધ વીતરાગી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય કહો. એ જીવના પરિણામ છે. એ જીવના પરિણામને વ્યવહાર જે રાગ પરિણામ-દયા, દાન, વ્રતાદિના પરિણામ છે તે જીવના પરિણામને પ્રાપ્ત નથી કરતા. જીવના પરિણામ સાથે તદાત્મ્ય નથી થતા. પોપટભાઈ! આહાહા..!

જીવના પરિણામ શુદ્ધ અને આ પુદ્ગલ વિકારી પર્યાય, બે એક ક્યાંથી થાય? તદાત્મ્ય કઈ રીતે થાય? સમજાય છે કાંઈ? એ તો કર્તાકર્મમાં પહેલા પણ લીધું. સંયોગીભાવ પુણ્ય-પાપ છે એનો આત્મા સાથે તદાત્મ્ય સંબંધ નથી, સંયોગ સંબંધ છે. સમજાય છે કાંઈ?

તો સંયોગસિદ્ધ સંબંધનો અર્થ શું થયો? કે પોતાના સ્વભાવમાં ઈ નથી. એવી અંતરમાં દૃષ્ટિ થઈ, સમ્યગ્દર્શન થયું, ભેદજ્ઞાની થયો. ધર્મની પહેલી સીઢી પ્રાપ્ત કરી તો કહે છે કે સીઢીના પરિણામમાં એ રાગ પરિણામ પ્રાપ્ત નથી થતા. વ્યવહારના દયા, દાનના પરિણામ એ શુદ્ધ પરિણામ સાથે તદાત્મ્ય નથી થતા-એકરૂપ નથી થતા, ભિન્ન રહે છે. સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ આ.

મુમુક્ષુ :- ..મૈત્રી છે.

ઉત્તર :- મૈત્રી વ્યવહારથી કહેવામાં છે, અભૂતાર્થ નયથી. વેરી છે. નિશ્ચયથી વેરી, વ્યવહારથી મૈત્રી આરોપથી કહેવામાં આવે છે. આહાહા..! ઠીક!

'**તે-રૂપે પરિણમતું નથી...**' જેટલા પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિ, વ્યવહારરત્નત્રયના આવે છે એ પુદ્‌ગલના પરિણામ ગણવામાં આવ્યા છે. કેમકે પોતાથી ભિન્ન છે. ચૈતન્ય ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે તે વિકાસ થઈને એમાંથી પરિણામ નીકળે છે એ તો શુદ્ધ અને વીતરાગી પરિણામ આવે છે. એ પરિણામને રાગપરિણામ પ્રાપ્ત થતા નથી, રાગપરિણામ ત્યાં પરિણમતા નથી, રાગપરિણામ વીતરાગીપર્યાયમાં ઉત્પન્ન નથી થતા. એમાં ઉત્પન્ન નથી થતા. સમજાય છે કાંઈ? સહકારી હો અને વ્યવહાર કહો, ઉપચારથી મોક્ષમાર્ગ આદિ કહો. એનો અર્થ કે એમ છે નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! ભારે વાત.

'**તે-રૂપે ઊપજતું નથી; પરંતુ પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પોતાના સ્વભાવરૂપ કર્મ...**' ભાષા જુઓ! આ સ્વભાવ શબ્દ આવ્યો કે પુદ્‌ગલ જે છે અજ્ઞાનભાવ, ભગવાન આત્મા જ્ઞાનભાવ છે. જ્ઞાનપ્રકાશમૂર્તિ. એનાથી વિરુદ્ધ એ રાગાદિ, પુણ્યાદિ, હરખ-શોકાદિ અજ્ઞાનભાવ. એ અજ્ઞાનભાવનું પ્રાપ્ય પુદ્‌ગલ એને ગ્રહણ કરે છે. પ્રાપ્ય, વિકાર્ય એ સ્વભાવરૂપી કાર્ય પુદ્‌ગલના સ્વભાવરૂપી કામ છે. સમજાય છે કાંઈ? છે એમાં? જુઓ! પ્રત્યેક ગાથામાં દૃષ્ટાંત માટીનો આપ્યો છે. પ્રત્યેકમાં ભિન્ન ભિન્ન વાતનો સિદ્ધાંત સિદ્ધ કરે છે.

અહીં કહે છે કે પ્રાપ્ય. પુણ્ય-પાપના, દયા, દાનના પરિણામ, ભક્તિ આદિ શુભને એ પુદ્‌ગલનો સ્વભાવ કર્મ એ પુદ્‌ગલ તેને પ્રાપ્ત કરે છે. પુદ્‌ગલનું સ્વાભાવિક કાર્ય, પુદ્‌ગલની સ્વાભાવિક પર્યાય, પુદ્‌ગલના સ્વભાવરૂપ પરિણામ તેને પુદ્‌ગલ પ્રાપ્ત કરે છે. સમજાય છે કાંઈ? ઓહોહો..! કેટલો ફેર વાતમાં. વાતે વાતે ફેર. 'આણંદ કહે પરમાનંદા, માણસે માણસે ફેર'. અહીં ભગવાન કહે છે, તારે અને મારે વાતે વાતે ફેર છે. સમજાય છે કાંઈ? આહાહા..! માર્ગ તો જુઓ! માર્ગ કેવો છે! પ્રભુ!

પોતાનો ચિદાનંદ ભગવાન જાગૃત થઈને અંકુર વીતરાગની પર્યાય ઉત્પન્ન કરી તો એ

તો પોતાનું પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય પોતાના પરિણામ થયા. એ પરિણામમાં રાગનો મંદ કષાય, ભગવાનની ભક્તિ આદિના વ્યવહાર પરિણામ, એ આ પરિણામને પ્રાપ્ત નથી કરતા. પોતાના પરિણામને પુદ્ગલ પ્રાપ્ત કરે છે. અસ્તિ-નાસ્તિ કરી. એ રાગના પરિણામ, પુણ્યના પરિણામ, રાગની મંદતાના પરિણામ આત્માના પરિણામને પ્રાપ્ત નથી કરતા. એને પુદ્ગલ પ્રાપ્ત કરે છે એમ કહે છે. સમજાય છે કાંઈ? એ.. મલૂકચંદજી! શું છે આ? રાડ પાડશે બહાર તો. આ તો વ્યવહારનો (લોપ કરી નાખે છે).

મુમુક્ષુ :- ઈ તો બાહ્યસ્થિત થઈ ગયો.

ઉત્તર :- એમ છે. આત્મામાં આત્મા હોય. આત્મામાં અનાત્મા ક્યાંથી હોય? વિકલ્પ વ્યવહાર એ તો અનાત્મા છે. અનાત્મા કહો, પુદ્ગલ કહો, અજ્ઞાનભાવ કહો, વિભાવભાવ કહો, સ્વભાવથી વેરી વિપરીત ભાવ કહો. પંડિતજી! આહાહા..!

‘**પરંતુ પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું...**’ એટલે અવસ્થાલક્ષણ જેનું છે એવું ‘**સ્વભાવરૂપ કર્મ...**’ સ્વભાવકાર્ય. ઓહોહો..! પુદ્ગલનું જ એ સ્વાભાવિક કામ છે. ભગવાન આત્માનું એ સ્વાભાવિક કામ છે જ નહિ. સમજાય છે કાંઈ? પરાશ્રયથી ઉત્પન્ન થવાવાળા એ પરનું કાર્ય છે. વિકારી ભાવ પોતાથી તદ્દન જ્ઞાયકભાવથી અજ્ઞાનભાવ એક થાય? એક હોય તો બે ચીજ ક્યાંથી થઈ? પુદ્ગલ અને આત્મા. એ અજ્ઞાન અને આ જ્ઞાન. એ વિપરીત વિભાવ, આ સ્વભાવ. એ દુઃખ, આ સુખ. સમજાય છે કાંઈ? સ્વભાવરૂપી કર્મ એ દુઃખરૂપ છે. આત્મામાં જે દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ ઉત્પન્ન થયા એ દુઃખરૂપ પુદ્ગલના સ્વભાવનું કામ છે. અમરચંદભાઈ! આહાહા..! આ સુખદુઃખનું વેદન જડનું? આત્મા વેદે નહિ? કઈ અપેક્ષા છે સાંભળ તો ખરો. અજ્ઞાનમાં તો રાગ-દ્વેષ ને હરખ-શોકનું વેદન અજ્ઞાનીને પોતાની પર્યાયમાં પોતામાં છે. સુખદુઃખ કંઈ જડ નથી વેદતું. જડના અનુભવમાં સુખદુઃખ નથી આવતું.

અહીંયા તો સુખદુઃખની કલ્પના ક્ષણિક છે, તેનાથી ત્રિકાળી સ્વભાવ ભિન્ન છે. એમ ત્રિકાળી જ્ઞાયકભાવનો ભિન્ન ભાવ થયો તો કહે છે કે એ સુખદુઃખના પરિણામને પુદ્ગલ પ્રાપ્ત કરે છે. પુદ્ગલ પરિણમે છે, સુખદુઃખની કલ્પનામાં પુદ્ગલ ઊપજે છે. જેમ પુદ્ગલ પોતે અજ્ઞાન છે તો એ પણ અજ્ઞાન છે, એમાં ઈ ઊપજે છે. સમજાય છે કાંઈ? આહાહા..! સ્વભાવરૂપ કર્મ. ભાષા તો સ્વભાવ છે. કોનો સ્વભાવ? પુદ્ગલનો. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કલ્પના ત્યાં છે, અહીં ક્યાં આત્મામાં છે? આત્મા તો આનંદમૂર્તિ છે એમ કહે છે. આત્મામાં આનંદ છે તો ઊંધો પડે તો દુઃખ એની પર્યાય છે? અજ્ઞાનમાં માની

હતી, સ્વભાવમાં નથી. આહાહા..! ભારે માર્ગ ભાઈ! લોકો વિરોધ કરે, વિરોધ કરે. અહીં આવ્યું છે આજે. બળભદ્રનું. આ દિવ્યધ્વનિ શું કહેવાય? (લખ્યું છે), માર્ગ તો એક છે, મોક્ષમાર્ગ બે નથી. પણ વ્યવહારથી નિશ્ચયની પ્રાપ્તિ થાય છે. કાંઈ ઠેકાણા ન મળે. અને... હમણાં નહોતું આવ્યું બળભદ્રનું? આપણા પંડિતજીને મળ્યું હતું. હિંમતભાઈ! નહિ? .. બળભદ્રનું આવ્યું હતું. ઘણા વર્ષની વાત છે. મુંબઈ. ઈ વાંચતા હતા તમે. નહિ? આપણે આપ્યું હતું ને? ભાઈ! ચંદુભાઈ ક્યાં ગયા? નહોતી વાત આવી? ઘણા વર્ષની વાત છે. .. બેઠા હતા. ઘણા વર્ષની વાત છે. વીસ વર્ષ તો (થયા હશે). ... માં બેઠા હતા તમારી સાથે. ભડક્યા. આ સ્વરૂપાચરણની વાત કરી છે.

ઈ એમ કહે, અત્યારે આ ચર્ચા ચાલે છે, સ્વરૂપાચરણ ચાલે છે તો પછી દૃષ્ટાંત આપ્યું છે, ટ્રેન કહેવાય ને તમારે? રેલ. ... એનું નામ આપ્યું છે. એક કહે, આઠ વાગે આવશે, એક કહે, નવ વાગે આવશે. બેયને જવું નહોતું. ફક્ત આ કહે કે નવ વાગે આવે છે, પેલો કહે, આઠ વાગે આવે છે. પછી બેમાં લડાઈ થઈ. નહિ, નવ વાગે આવે છે. પેલો કહે, નહિ, આઠ વાગે આવે છે. પછી બીજો આવ્યો. શું છે? તમારે બેસવું છે એમાં? બેસવું નથી પણ ખોટું કેમ બોલે છે? ખોટું શું કામ બોલે છે? બેસવું છે તમારે? બેસવાનું અમારે ક્યાં કામ છે?

એમ દાખલો આપી, આ લોકો કહે છે કે અનંતાનુબંધીનો અભાવ થાય તો સ્વરૂપાચરણ થાય છે. બીજા પ્રવચનસાર આદિ દાખલો આપે છે, ગોમ્મટસારમાં કહે છે, નહિ, સ્વરૂપાચરણ ચોથે નથી. સમજાય છે કાંઈ? પણ તમારે કરવું હોય, બેસવું હોય તો અપ્રત્યાખ્યાનીય છોડો અને સ્વરૂપાચરણ કરો. એમ ન્યાં લગાવશે. ક્યાંની ક્યાં વાત ચાલે ચોથાના સ્વરૂપાચરણની. ત્યારે કહે, અપ્રત્યાખ્યાનીય પાંચમે છૂટે. એને ખસેડીને કરો સ્વરૂપાચરણ. લે, પણ શું કહે છે તું? મેળ કાંઈ મેળ ન મળે. ધન્નાલાલજી! પહેલા તો નક્કી કરો કે સ્વરૂપાચરણ કરવું હોય એની વાત છે ને, બેસવું હોય એની વાત છે. સમજાય છે કાંઈ? એવી વાત આવે છે.

બે મિત્ર ચાલ્યા જતા હતા. એક સારું ખેતર પાક્યું હતું અનાજનું. બહુ અનાજ પાક્યું હતું. બે જણા (ચાલ્યા જતા હતા). એક કહે, આમાં પાંચ કળશી અનાજ થશે. પેલો કહે, નહિ. છ કળશી થશે. એ.. લડાલડી. એમનું ખેતર નહોતું. ખેતર તો બીજાનું હતું. પણ ચાલતા ચાલતા (લડી પડ્યા), અનાજ એવું છે કે છ કળશી થશે. કળશી સમજ્યાને? ... એક કહે, નહિ. એક .. ન ખંડું. કરતાં કરતાં બેને તકરાર થઈ. એક બૂરો ન ખંડુ, એક બૂરો ઓછો ન કહું. પણ શું છે? તારું ક્યાં છે?

એમ આ કહે, એક બૂરો ન ખંડું. નહિ, વ્યવહારથી નિશ્ચય થાય છે. લડંલડી. તારે

કરવું છે કે નહિ? સમજાય છે કાંઈ? એવું ચાલે છે. સોમચંદભાઈએ... .. આ બધું આવું ચાલે છે. તારે કરવું છે કે નહિ? કરવું છે તો દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ દે. તને સ્વરૂપાચરણ થશે. તને સમ્યગ્દર્શન થશે. પછી તને ખબર પડશે કે આ રાગ છે તે વ્યવહાર છે, મારામાં નથી. કર તો ખરો, કર્યા વિના તારે એકલી વાતું કરવી છે. આહાહા..!

કહે છે, જુઓ! આ શબ્દ. આ પાંચ ગાથા બહુ ઊંચી છે. આપણે પંદરમી વાર થઈ ગયું ને. આ થોડું લીધું. હિન્દી લોકો તમારે ઘણા આવ્યાને બહારથી. જિજ્ઞાસુ છે, એને રુચિ છે તો સાંભળે તો ખરા કે વીતરાગનો માર્ગ શું છે. સમજાય છે કાંઈ? પણ રાગમાં માર્ગ નથી, એ પ્રયોગ અને રુચિ ક્યાંથી કરશે? વસ્તુનો માર્ગ ક્યાં છે, કેમ છે એની ખબર નથી. કઈ તરફ જાશે?

એવો માર્ગ છે કે ભગવાન આત્મા રાગ અને પુણ્યથી ભિન્ન પડી એવી આત્માની દૃષ્ટિ, એ દૃષ્ટિમાં તો ભગવાન આત્મા બિરાજે છે. અને પર્યાયમાં વીતરાગતા આવી છે. આહાહા..! એ વીતરાગતા ચોથા ગુણસ્થાનની પર્યાય વીતરાગ પર્યાય સમકિતીની પર્યાય છે. સમ્યગ્દર્શન, સ્વરૂપાચરણ, સ્વસંવેદનજ્ઞાન ત્રણે વીતરાગી પર્યાય છે. એ પર્યાયને રાગની પર્યાય પ્રાપ્ત નથી કરતી. પણ રાગની પર્યાયને પુદ્‌ગલ પ્રાપ્ત કરે છે. કેમકે પુદ્‌ગલનો સ્વભાવ ધર્મ છે. ભગવાન આત્માનું સ્વાભાવિક કર્તવ્ય-કાર્ય એ પર્યાય નથી. સમજાય છે કાંઈ? પોપટભાઈ! આવી વાત છે. આમાં રૂપિયા-બુપિયા તો ક્યાંય ગયા, શરીર-ધૂળ ક્યાંય ગઈ, બાયડી, છોકરા ક્યાં ગયા? કર્મ ક્યાં ગયા? અહીં તો વિકારી પરિણામ પુદ્‌ગલનું કાર્ય સ્વભાવિક કામ છે. સમજાય છે કાંઈ?

ધર્મદૃષ્ટિમાં ધર્મપરિણામ આગળ વિકારના પરિણામ એ પુદ્‌ગલના પરિણામ છે અને પુદ્‌ગલ પ્રાપ્ત કરે છે. પુદ્‌ગલ પરિણમે છે. જુઓ! પુદ્‌ગલ પ્રાપ્ય, પુદ્‌ગલ પરિણમે છે અને નિર્વર્ત્ય, પુદ્‌ગલ એ રાગમાં ઊપજે છે. આત્મા ઊપજે? ભગવાન તો સચ્ચિદાનંદ મૂર્તિ છે. આત્મા તો સત્ જ્ઞાન અને આનંદની મૂર્તિ છે. એ રાગમાં ઉત્પન્ન થાય? સમજાય છે કાંઈ? ભગવાન આનંદમૂર્તિ એ ઝેરમાં ઉત્પન્ન થાય? રાગ તો ઝેર છે. ફતેહચંદજી! પુણ્યપરિણામ તો ઝેર છે. અમૃત ઝેરમાં ઉત્પન્ન થાય? સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈ કહી શકે છે એમ નહિ, અહીં તો વસ્તુ .. વાત છે. સ્વરૂપ .. ની વાત છે. બીજાને કહેવા, ન કહેવાનો ક્યાં અધિકાર છે આત્માનો. એ તો વાણી આવવાની હોય તો આવો. એમાં આત્માનો અધિકાર છે કાંઈ? સમજાય છે કાંઈ? એનો અધિકાર તો પુદ્‌ગલનો અધિકાર છે. ભાષાને પ્રાપ્ત કરવી એ તો પુદ્‌ગલ પ્રાપ્ત કરે છે. આત્મા પ્રાપ્ત કરે છે? પોતાની

પર્યાયને પ્રાપ્ત કરવી એ એનું કર્તવ્ય છે. ભાષામાં હું આમ કહું, એ તો જડની પર્યાય છે. જડની પર્યાયમાં જડ પ્રાપ્ત કરે છે ભાષાને. શું આત્મા પ્રાપ્ત કરે છે? અને આત્માથી ભાષા બોલાય છે? આહાહા..! આમાં કેમ થાય છે? અને ભીંતમાંથી કેમ ભાષા નથી થતી? સાંભળ તો ખરો. ભીંત બીજી વર્ગણા છે, ભાષા બીજી વર્ગણા છે. ભાષાવર્ગણામાંથી ભાષા ઉત્પન્ન થાય, શું ભીંતમાંથી ઉત્પન્ન થાય? સમજાય છે કાંઈ?

કહે છે, ઓહો..! ભગવાન આત્મા સ્વભાવરૂપી કર્મ જે વિકારી છે, તે પુદ્‌ગલનું કાર્ય છે. તેનો જ્ઞાની-ધર્મી તમાસગીર છે. તમાસગીર છે. દેખવાવાળો છે, જાણવાવાળો છે. પોતામાં ભેળવતો નથી. પોતામાં એક કરતો નથી. કેમકે ભિન્ન પડ્યો એને એક શા માટે કરે? એનાથી રાગથી આત્મા ભિન્ન પડ્યો એને એક શું કરવા કરે? અને એક કર્યા હતા ત્યારે તો મિથ્યાદૃષ્ટિ હતો. સમજાય છે કાંઈ? તો ભિન્ન પડ્યો એ ભિન્ન નહોતો ત્યારે તો એકત્વ હતું. આ એકત્વ વિભક્ત. જુઓ! ઓહોહો..! પાંચમી ગાથા. '**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।**' આહાહા..! ગજબ શૈલી! દિગંબર સંતોની કથની તે પૂર્વાપર વિરોધ રહિત. ... ઓહોહો..! સમજાય છે કાંઈ?

કહે છે, ભગવાન આત્મા રાગના પરિણામ સ્વભાવિક કર્મ જે પુદ્‌ગલનું છે, આત્માનું છે જ નહિ. તેને પ્રાપ્ત કરતું નથી. એનું ન હોય એને પ્રાપ્ત કેમ કરે? એનું ન હોય એમાં પરિણમે કેમ? એનું ન હોય એમાં ઊપજે કેમ? સમજાય છે કાંઈ? ઈ કર્તાનું કાર્ય છે. જુઓ! '**(કર્તાનું કર્મ), તેનામાં...**' કર્તા નામ પુદ્‌ગલદ્રવ્ય કર્તા. અને પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિ વ્યવહારરત્નત્રય એ કર્તાનું કર્મ. ભારે વાત ભાઈ! દેવીલાલજી! જુઓ! '**સ્વભાવરૂપ કર્મ (કર્તાનું કાર્ય), તેનામાં...**' એ કર્તાનું કાર્ય છે. એ પુદ્‌ગલ કર્તા છે તેનું પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પ તેનું કાર્ય છે, આત્માનું નહિ. ચીમનભાઈ! ભારે વાતું ભાઈ. છે કે નહિ એમાં? મણિભાઈ! છે એનો અર્થ થાય છે કે નહિ? એ.. સોમચંદભાઈ! વાંચ્યું પણ નહિ હોય આ રીતે કોઈ દી સમયસાર.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, ભાઈ કહે છે, ભાવ સમજે નહિ અને શબ્દ ઉપરથી (તારણ કાઢે). એમ બાપુ હોય નહિ, ભાઈ! એની પાછળ વાચ્ય શું છે? આ શબ્દો તો વાચક છે. પણ વાચ્ય શું છે એ સમજ્યા વિના વાચકનો અર્થ કરે તો આંધળો છે, ઊંધો છે. સમજાય છે કાંઈ? ફતેહચંદજી! આહા..!

કર્તાનું કાર્ય. ઓહોહો..! ભાષા દેખો. સ્વભાવરૂપ કર્તાનું કાર્ય. પુદ્‌ગલ એ કર્તા અને શુભભાવ એ કર્તાનું કર્મ છે. પુદ્‌ગલનું કાર્ય છે. ઓહોહો..! બ્રહ્મચારીજી! .. પોતાનું સ્વરૂપ

છે? પોતાનું સ્વરૂપ હોય તો સદા સાથે રહે. પોતાનું હોય તો જ્યાં જ્યાં હોય ત્યાં ત્યાં રહે. પોતાનું નથી તો જ્યાં પોતાથી ભિન્ન પડી ગયું તો પોતાનું છે જ નહિ. '**(કર્તાનું કાર્ય), તેનામાં (તે પુદ્‌ગલદ્રવ્ય) પોતે અંતર્વ્યાપક થઈને...**' ભાષા શું છે જુઓ! એ પુણ્ય પરિણામ દયા, દાન, ભક્તિનો શુભરાગ જ્ઞાનીને એ પુદ્‌ગલ સ્વયં અંતર્વ્યાપક થઈને. એ પુદ્‌ગલ અંદરમાં પ્રસરે છે. રાગભાવમાં સ્વયં અંદર પુદ્‌ગલ પ્રસરે છે. શું આત્મા પ્રસરીને સંક્રમણ પામે છે? આત્માના નિર્મળ પરિણામ રાગમાં સંક્રમણ, વ્યાપક થાય છે? સમજાય છે કાંઈ? આહાહા..!

સમ્યગ્દર્શન, સ્વરૂપાચરણ સ્વસંવેદનજ્ઞાન ત્રણે વીતરાગી પર્યાય છે. એ પર્યાયને રાગની પર્યાય પ્રાપ્ત નથી કરતી, પણ રાગની પર્યાયને પુદ્‌ગલ પ્રાપ્ત કરે છે. કેમકે પુદ્‌ગલનો સ્વભાવ છે. ભગવાન આત્માનો સ્વભાવ એ કર્તવ્ય, કાર્ય, પર્યાય છે નહિ. સમજાણું કાંઈ? પોપટભાઈ! આવી વાત છે જુઓ! તમારા રૂપિયા-બુપિયા તો ક્યાંય ગયા. શરીર કઈ ધૂળ ક્યાંય ગઈ, બાયડી-છોકરા ક્યાં ગયા, કર્મ પણ ક્યાંય ગયા. અહીં તો વિકારી પરિણામ પુદ્‌ગલનું કાર્ય સ્વભાવિક કાર્ય છે. સમજાણું કાંઈ?

ધર્મની દૃષ્ટિમાં ધર્મ પરિણામની આગળ વિકારના પરિણામ એ પુદ્‌ગલનું પરિણામ, પુદ્‌ગલ પ્રાપ્ત કરે છે. પુદ્‌ગલ પરિણમે છે. જુઓ. '**પુદ્‌ગલદ્રવ્ય પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય...**' પુદ્‌ગલ રાગમાં ઊપજે છે. આત્મા ઊપજે? ભગવાન તો સચ્ચિદાનંદ મૂર્તિ છે. આત્મા તો સત્, જ્ઞાન અને આનંદની મૂર્તિ છે. એ રાગમાં ઉત્પન્ન થાય? સમજાણું કાંઈ? ભગવાન આનંદમૂર્તિ એ ઝેરમાં ઉપજે? રાગ તો ઝેર છે. ફતેહચંદજી! આકરી વાત. પુણ્ય પરિણામ તો ઝેર છે. અમૃત ઝેરમાં ઉત્પન્ન થાય? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કહે શકે અહીં તો એને રુચવાની વાત છે. સ્વરૂપની રુચિની વાત છે. વિકાર કહેવો, ન કહેવો શું અધિકાર છે? એ તો વાણી આવવાની હોય તો આવે, એમાં આત્માનો અધિકાર છે કાંઈ? સમજાણું કાંઈ? અધિકાર તો પુદ્‌ગલનો અધિકાર છે. ભાષાને પ્રાપ્ત કરે એ તો પુદ્‌ગલ પ્રાપ્ત કરે છે, આત્મા પ્રાપ્ત કરે છે? પોતાની પર્યાયને પ્રાપ્ત કરવી એ એનું કર્તવ્ય છે. ભાષામાં હું આમ કહું કે આમ એ તો જડની પર્યાય છે. જડની પર્યાયમાં જડ પ્રાપ્ત કરે છે ભાષાને. આત્મા પ્રાપ્ત કરે છે? અને આત્માથી ભાષા બોલાય છે? આહાહા..! ..માં કેમ થાય છે? ભીંતમાંથી કેમ ભાષા નથી થતી? સાંભળતો ખરા. ભીંત તો બીજી વર્ગણા છે, ભાષા બીજી વર્ગણા છે. ભાષાવર્ગણામાંથી ભાષા ઉત્પન્ન થાય છે, શું ભીંતમાંથી ઉત્પન્ન થાય? સમજાણું કાંઈ?

કહે છે, ઓહોહો..! ભગવાન આત્મા સ્વભાવરૂપી કર્મ જે વિકારી છે એ પુદ્‌ગલનું કાર્ય છે. એનો જ્ઞાની, ધર્મી તમાશગીર છે. તમાશગીર છે. દેખનાર છે, જાણનાર છે, પોતામાં મેળવતો નથી, પોતામાં એક કરતો નથી. જે ભિન્ન પડ્યો છે એને એક કેમ કરે? જે રાગથી આત્મા ભિન્ન પડ્યો એને એક કેમ કરે? અને એક કર્યો ત્યારે તો મિથ્યાદૃષ્ટિ હતો. સમજાણું કાંઈ? તો ભિન્ન પડ્યો એ ભિન્ન નહોતો ત્યારે તો એકત્વ હતું. આ એકત્વ-વિભક્ત દેખો! ઓહોહો..! (પાંચમી) ગાથા. '**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण**' આહાહા..! ગજબ શૈલી કરી છે. દિગંબર સંતોની કથની તે પૂર્વાપરવિરોધ રહિત એવી પહેલે અંશેથી છેક સુધી સરખી. ઓહોહો..! સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન આત્મા રાગના પરિણામ સ્વભાવિક કર્મ જે પુદ્‌ગલનું છે એ એનું છે જ નહિ. એને પ્રાપ્ત કરે? એનું ન હોય એને પ્રાપ્ત કેમ કરે? એનું ન હોય એમાં પરિણમે કેમ? એનું ન હોય એમાં ઊપજે કેમ? સમજાણું કાંઈ? એ કર્તાનું કાર્ય છે. જુઓ! કર્તાના કાર્યમાં, કર્તા નામ પુદ્‌ગલ દ્રવ્ય કર્તા અને પુણ્ય, ગયા, દાન, વ્રત, ભક્તિ, વ્યવહાર રત્નત્રય એ કર્તાનું કર્મ. ભારે વાત ભાઈ! દેવીલાલજી! આહાહા..! જુઓ!

'**સ્વભાવરૂપ કર્મ (કર્તાનું કાર્ય),...**' એ કર્તાનું કાર્ય છે. એ પુદ્‌ગલ કર્તા એનું પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ એનું કાર્ય, આત્માનું નહિ. ચીમનભાઈ! ભારે વાતું ભાઈ આ તો. છે કે નહિ મણિભાઈ એમાં છે. છે એનો અર્થ થાય છે કે નહિ? એય.. સોમચંદભાઈ! દેખો. વાંચ્યું પણ નહિ હોય કોઈ દી આ રીતે સમયસાર.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા. ભાઈ કહે છે. ભાવ સમજે નહિ અને શબ્દો ઉપરથી... એમ બાપુ હોય નહિ, ભાઈ! અહીં તો પાછળ વાચ્ય શું છે? શબ્દ તો વાચક છે, પણ વાચ્ય શું છે એ સમજ્યા વિના વાચકનો અર્થ કરે એ આંધળો છે, ઊલટો છે. સમજાણું કાંઈ? ફતેહચંદજી! આહાહા..!

'**(કર્તાનું કાર્ય),...**' ઓહોહો..! ભાષા દેખો! '**સ્વભાવરૂપ કર્મ (કર્તાનું કાર્ય),...**' પુદ્‌ગલ એ કર્તા અને શુભભાવ તે કર્તાનું કર્મ છે, પુદ્‌ગલનું કાર્ય છે. ઓહોહો..! બ્રહ્મચારીજી! ભારે વાત આવી. એ પોતાનું સ્વરૂપ છે. પોતાનું હોય તો સાથે રહે. પોતાનું હોય તો જ્યાં જ્યાં હોય ત્યાં ત્યાં રહે. પોતાનું નથી તો જ્યાં પોતાથી ભિન્ન પડ્યો તે પોતાનું છે જ નહિ. '**(કર્તાનું કાર્ય), તેનામાં (તે પુદ્‌ગલદ્રવ્ય) પોતે અંતર્વ્યાપક થઈને,...**' ભાષા શું છે? એ પુણ્ય પરિણામ દયા, દાન, ભક્તિનો શુભરાગ જ્ઞાનીને તે પુદ્‌ગલ પોતે અંતર્વ્યાપક થઈને. એ પુદ્‌ગલ અંતરમાં પ્રસરે છે. રાગભાવમાં સ્વયં અંતર્વ્યાપક પુદ્‌ગલ પ્રસરે છે, કે

આત્મા વ્યાપક પ્રસરે-સંક્રમણ થાય છે? આત્માના નિર્મળ પરિણામ રાગમાં સંક્રમણ-વ્યાપક થાય છે? સમજાણું કાંઈ? આહાહા..!

જિનબિંબ ભગવાન આત્મા. વીતરાગી બિંબ આત્મા. એ વીતરાગી બિંબની પર્યાય તો વીતરાગી છે. સમજાય છે કાંઈ? એ પુદ્ગલ સ્વયં અંતર્વ્યાપક થઈને '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને...**' જુઓ! એ વ્યવહારરત્નત્રયના શુભયોગના ભાવમાં પુદ્ગલ પોતે અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં. પુદ્ગલ આદિમાં, પુદ્ગલ મધ્યમાં, પુદ્ગલ અંતમાં. આત્માની નિર્મળ પર્યાય આદિમાં હતી અને પછી રાગ થયો એમ છે નહિ. એમ વાત છે. આ પાંચ ગાથા તો કર્તાકર્મની કાતળી એકલી છે. શેરડી હોય ને શેરડી? ગન્ના. અમારે શેરડી કહે છે. ઉપરના ભોથા.. ઉપરનાને શું કહેવાય? આગળિયા. હેઠે ભોથા. શેરડી હોય ને ભાઈ! નીચે ભોથા, ઉપર આગળિયા. વચલી કાતળી, વચલી કાતળી. વચલી કાતળીમાં એકલો રસ છે. ઉપર ખારુ છે, નીચે કઠણ હોય. સમજાય છે કાંઈ? એ... પોપટભાઈ! આ તો વચલી કાતળીનો કસ છે. આ કર્તાકર્મની વચલી કાતળીનો કસ છે. સમજાય છે કાંઈ?

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એવો આત્મા, વીતરાગ સર્વજ્ઞનો માર્ગ કહો કે સર્વજ્ઞસ્વભાવી ભગવાન આત્માનો માર્ગ કહો. કહે છે, એ પુદ્ગલ સ્વયં (વ્યાપે છે). આત્માની નિર્મળ પર્યાયની અપેક્ષા રાખ્યા વિના. આત્માની કોઈપણ પર્યાય દ્રવ્ય-ગુણની અપેક્ષા રાખ્યા વિના નિરપેક્ષપણે રાગની પર્યાય અંતર્વ્યાપક પુદ્ગલ સ્વયં અંતરમાં વ્યાપક થાય છે. જુઓ! વ્યવહારરત્નત્રયમાં આત્માની બિલકુલ અપેક્ષા રાખ્યા વિના. જુઓ! એનો અર્થ ઈ છે. વ્યવહારરત્નત્રયના વિકલ્પમાં આત્માની બિલકુલ અપેક્ષા રાખ્યા વિના વ્યવહારરત્નત્રયમાં પુદ્ગલ વ્યાપે છે.

'**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને જ ગ્રહે છે,...**' પુદ્ગલ તેને પ્રાપ્ત કરે છે. ભગવાન આત્મા તો તેને જાણે છે. સમજાય છે કાંઈ? '**તે-રૂપે જ પરિણમે છે...**' એ પુદ્ગલ અચેતન અજ્ઞાન એ અજ્ઞાનરૂપે પરિણમે છે. ભગવાન જ્ઞાનસ્વરૂપ એ રૂપે કેમ પરિણમે? સમજાય છે કાંઈ? '**અને તે-રૂપે જ ઊપજે છે;...**' એ પુદ્ગલ જ રાગ ને વિકલ્પ ને શુભભાવરૂપે ઉત્પન્ન થાય છે. આત્મા શુભભાવમાં ઉત્પન્ન ક્યાંથી થાય? શું એની ખાણમાં પડ્યો છે? એની ખાણમાં તો જ્ઞાન અને આનંદ ભર્યા છે. જ્ઞાનની પર્યાય અને આનંદની પર્યાયમાં આત્મા પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય થાય છે. પરની પર્યાયમાં કદી આત્મા આદિમાં (પણ છે નહિ). વિકારની આદિમાં કંઈ પણ આત્માની અપેક્ષા છે? એમ કહે છે. ઓહોહો..! ગજબ વાત છે ને! અશુદ્ધ ઉપાદાનમાં તો આત્માની અપેક્ષા નથી, વિકાર પોતાથી થાય છે. કર્મની અપેક્ષા વિના નિશ્ચયથી પોતાની પર્યાયમાં પુણ્ય-પાપ વ્યવહાર વિકારી ભાવ એક સમયના અંશમાં કર્તા ઈ, કર્મ ઈ, સાધન ઈ, સંપ્રદાન ઈ, અપાદાન એ અને અધિકરણ

ઈ. એક સમયમાં ષટ્કારકની પર્યાય અજ્ઞાનભાવમાં એની પર્યાયમાં ઉત્પન્ન થાય છે. પણ એ તો પર્યાયદૃષ્ટિ હતી ત્યાં સુધીની વાત છે. સમજાય છે કાંઈ? પર્યાયદૃષ્ટિ ખસી ગઈ અને દ્રવ્યદૃષ્ટિ થઈ તો દ્રવ્યસ્વભાવની દૃષ્ટિમાં વિકારની આદિના અંશમાં આત્મા છે? કે બિલકુલ નિસ્પૃહ છે. નિરપેક્ષપણે વિકાર વિકારને કારણે થાય છે. પેલામાં પણ વિકાર નિમિત્તની અપેક્ષા વિના થતો હતો. ભાઈ! શું કહ્યું પહેલા? જે ચર્ચા થઈ હતી, (સંવત) ૨૦૧૩ની સાલમાં.

વિકાર મિથ્યા ભ્રાંતિ અને રાગ-દ્વેષ એ નિરપેક્ષ કર્મની, નિમિત્તની અપેક્ષા રાખ્યા વિના આત્માની પર્યાયમાં ઉત્પન્ન થાય છે. પરની અપેક્ષા વિના. પોતાની પર્યાયમાં ભ્રાંતિ, રાગ-દ્વેષ, પુણ્ય-પાપનો વિકાર પરની અપેક્ષા વિના, દ્રવ્ય-ગુણની અપેક્ષા વિના (થાય છે). એવી એક સમયની વિકૃત પર્યાય કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ પરની અપેક્ષા વિના સ્વતંત્ર થાય છે. એ તો વિકારની પર્યાયબુદ્ધિ હતી એને સિદ્ધ કરી. સમજાય છે કાંઈ?

હવે એ વિકારના પરિણામ છે તેનાથી ભિન્ન થઈ ગયો તો વિકારપરિણામ આત્માની અપેક્ષા વિના ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? એ પણ દ્રવ્ય-ગુણની અપેક્ષા વિના ઉત્પન્ન થાય છે, પણ પર્યાયબુદ્ધિમાં. અહીં તો દ્રવ્યબુદ્ધિ થઈ તો એ પણ દ્રવ્ય-ગુણની અપેક્ષા વિના પર્યાયમાં ઉત્પન્ન થતા હતા, ભાઈ! પર્યાયમાં. આ પરમાં ઉત્પન્ન થાય છે તે દ્રવ્ય-ગુણની અપેક્ષા વિના વિભાવ પરમાં ઉત્પન્ન થાય છે એમ કહે છે. સમજાય છે કાંઈ? આવી વાત છે. એ પોતે પુદ્ગલ જ છે. એ પુદ્ગલ હતા. વિકારી પર્યાય તો ચૈતન્યની વિકૃત અવસ્થા છે. પણ એ વિકૃત અવસ્થાને જ્યાં સુધી પોતાની માનતો હતો ત્યાં સુધી તો વિકાર અવસ્થા કર્મ ને નિમિત્તની અપેક્ષા વિના એમાં ઉત્પન્ન થતી હતી. દ્રવ્ય-ગુણની અપેક્ષા વિના ઉત્પન્ન થતી હતી. પણ દ્રવ્ય-ગુણનું ભાન નહોતું તો વિકારી પર્યાય પોતાની માનતો હતો. આહાહા..! સમજાય છે કાંઈ? અને જ્યારે દ્રવ્ય-ગુણ શુદ્ધ ચિદાનંદ છે એવું ભાન થયું તો પછી વિકારી પર્યાય પોતાના દ્રવ્ય-ગુણ ને (નિર્મળ) પર્યાયની અપેક્ષા વિના ઉત્પન્ન થાય છે. એ દ્રવ્ય-ગુણ વિના, ભાઈ! ફેર પડ્યો. એ વિકારી પર્યાય નિમિત્તની અપેક્ષા વિના અને દ્રવ્ય-ગુણની અપેક્ષા વિના. અને આ વિકારી પર્યાય (દ્રવ્યનું) ભાન થયું તો દ્રવ્ય, ગુણ ને (નિર્મળ) પર્યાયની અપેક્ષા વિના ઉત્પન્ન થાય છે. એ.. હિંમતભાઈ! સમજાય છે કાંઈ? આવ્યું ક્યાંથી? જુઓ!

કહે છે, અહીં પોતે કહ્યું ને? અનાદિ કાળથી અજ્ઞાની, સ્વરૂપનું ભાન નથી ત્યાં તો પુણ્ય-પાપના ભાવ, મિથ્યાત્વના ભાવ પોતાની પર્યાયમાં કર્મની અપેક્ષા વિના અને આત્માના ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય-ગુણની અપેક્ષા વિના વિકાર ઉત્પન્ન થતો હતો. ગુણ વિના વિકારની પર્યાય

ઉત્પન્ન થતી હતી. આવે છે ને? ભાઈ! ચિદ્‌વિલાસમાં આવે છે ને? ઈ આ વાત છે. પોતાનું દ્રવ્ય શુદ્ધ અને શુદ્ધ ગુણ, એની અપેક્ષા રાખ્યા વિના અને નિમિત્તની અપેક્ષા રાખ્યા વિના, કર્મની અપેક્ષા રાખ્યા વિના પર્યાયમાં વિકૃત મિથ્યાત્વ, રાગ-દ્વેષ આદિ બુદ્ધિ ઉત્પન્ન હતી. એક વાત. હવે એ જ વિકૃત પર્યાયથી જ્યાં આત્મા ભિન્ન પડ્યો.. સમજાય છે કાંઈ? વિકૃત પર્યાય પુદ્‌ગલનું કાર્ય-સ્વભાવકર્મ, પોતાનું દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ અને નિર્મળ પર્યાય શુદ્ધ તેની અપેક્ષા રાખ્યા વિના વિકાર ઉત્પન્ન થાય છે. ડાલચંદજી! આહાહા..! જુઓ તો એ પ્રભુની લીલા તો જુઓ એની. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે, બેય વખતે નિરપેક્ષ તો હતો, ભાઈ! પણ ફેર શું પડ્યો? કે દ્રવ્યનું ભાન થયું ચૈતન્યમાં તો નિર્મળ પર્યાય થઈ તો એ પર્યાયની અપેક્ષા વિના વિકાર નિરપેક્ષપણે પુદ્‌ગલથી ઉત્પન્ન થાય છે. આહાહા..! બહુ અલૌકિક વાત છે! રાજમલજી! રાજમલજી ખુશી થાય છે કે બહુ સૂક્ષ્મ આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પહેલા પણ અનાદિથી અંશમાં જે વિકૃત ભાવ છે એ ત્યારે પણ નિમિત્તની અપેક્ષા, કર્મની અપેક્ષા, પરની અપેક્ષા વિના અને પોતાના ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય-ગુણની અપેક્ષા વિના એ પર્યાયમાં ઉત્પન્ન થતો હતો. એ સંસાર હતો, એ મિથ્યાત્વભાવ હતો, એ દુઃખરૂપ ભાવ હતો. આહાહા..! 'પ્રભુતા પ્રભુ તારી તો ખરી.' એવું આવે છે એક (પદમાં). એમ અહીંયા પોતાનો પ્રભુ વ્યવહારના વિકલ્પથી, આસ્રવથી અથવા ભાવબંધથી અબંધસ્વરૂપ ભિન્ન પડીને પોતાના અબંધ પરિણામ-પર્યાય જ્યાં પ્રગટ થઈ તો કહે છે કે વિકાર તો પહેલા ઉત્પન્ન થતો હતો એ નિમિત્તની અપેક્ષા નિરપેક્ષપણે, દ્રવ્ય-ગુણની અપેક્ષા વિના નિરપેક્ષપણે. હવે જ્યારે ભાન થયું તો પોતાની નિર્મળ પર્યાય પ્રગટ થઈ તેની અપેક્ષા વિના એ વિકારી પર્યાય પુદ્‌ગલથી ઉત્પન્ન થાય છે. એનું સ્વભાવકાર્ય છે. સમજાય છે કાંઈ? જુઓ ભાઈ આ વાત પહેલી નીકળી આજે. આવો અર્થ પહેલા નહોતો આવ્યો. સ્પષ્ટ કરતાં કરતાં અત્યારે આવી ગયો. સમજાય છે કાંઈ?

ઓહોહો..! પોતાનો ભગવાન શુદ્ધ ચૈતન્યપ્રભુ અંતર્મુખ જ્યાં આરૂઢ થયો, આરૂઢ થયો તો પર્યાયમાં નિર્મળતા આવી. બસ, નિર્મળ પર્યાય એ પોતાની પર્યાય. અને વિકારી પર્યાય પરદ્રવ્યની પર્યાય, પુદ્‌ગલની પર્યાય. અને એ પુદ્‌ગલની પર્યાય નિરપેક્ષપણે પોતાની પર્યાય વિના પુદ્‌ગલમાં ઉત્પન્ન થાય છે, સ્વભાવ કાર્ય એનું છે. તેનો જ્ઞાની તમાસગીર છે. આ જાણેલો પ્રયોજનવાન છે, જે બારમી ગાથામાં આવ્યું ઈ. આહાહા..! ગજબ કામ! ૧૧મી, ૧૨મી ગાથા પહેલા બધું આવી ગયું છે, બાર ગાથામાં. સમયસાર ભૂપ, ભરતનો ભૂપ.

શાસ્ત્ર ભરતનો ભૂપ-રાજા. સર્વોત્કૃષ્ટ શાસ્ત્ર છે, એમ સર્વોત્કૃષ્ટ આત્મા છે. સમજાય છે કાંઈ?

એ પુદ્‌ગલ '**પોતે અંતર્વ્યાપક થઈને આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને જ ગ્રહે છે,...**' પુણ્ય-પાપના પરિણામને પુદ્‌ગલ પ્રાપ્ત થાય છે. '**તે-રૂપે જ પરિણમે છે અને તે-રૂપે જ ઊપજે છે; માટે જીવના પરિણામને,...**' હવે સરવાળો લ્યે છે. જીવના પરિણામ કોણ? નિર્મળ શુદ્ધ. જેવું દ્રવ્ય શુદ્ધ છે એવા શુદ્ધ ગુણ છે, જેવા દ્રવ્ય-ગુણ અબંધ છે એવું પરિણામ અબંધ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન વીતરાગી પર્યાય અબંધ પરિણામ છે, શુદ્ધ પરિણામ છે, એ જીવના પરિણામ. સમજાય છે કાંઈ? '**જીવના પરિણામને, પોતાના પરિણામને...**' પોતાના પરિણામ એટલે રાગ-દ્વેષના પરિણામ. '**અને પોતાના પરિણામના ફળને...**' એ પરિણામમાં હરખ-શોક થવો, રાગ-દ્વેષરૂપી કર્મ નામ કાર્ય એનું એ ફળ હરખ-શોક. સમજાય છે કાંઈ? આ જરી પચાવવાની વાત છે, હોં! બહાર પાછું બહુ પાડે કે નહિ, નહિ, વિકાર પોતાનો છે જ નહિ, વિકાર પોતાને છે જ નહિ. પણ એ કોને? વિકાર તો કર્મ કરાવે છે, અમારે કાંઈ નથી. એમ છે જ નહિ અહીંયા. બોલતા હતા ને? ગાથામાંથી અર્થ કરતા હતા. વિકાર પુદ્‌ગલનો છે, અમારે શું છે? જેમ ક્રમબદ્ધ કહે છે ને? ક્રમબદ્ધ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું સાંભળ્યું પણ? સાંભળ્યું જ નથી.

અહીં તો સ્વભાવની દૃષ્ટિમાં જ્યારે સ્વભાવનું કાર્ય થયું ત્યારે જે રાગ બાકી રહ્યો એ આત્માનો નહિ, એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા અનંતગુણસંપન્ન પ્રભુનું ભાન થયું અને એની જ્ઞાનપર્યાય, વીતરાગી પર્યાય, વીતરાગી સમ્યગ્દર્શન અને વીતરાગી સ્વરૂપ આચરણ પ્રગટ થયા તેમાં તેને માટે રાગપરિણામ પુદ્‌ગલના છે, પોતાના નહિ એમ કહેવામાં આવે છે. રાગની એકત્વબુદ્ધિ કરીને રાગ કરે અને કહે કે અમારે કંઈ નથી. વિષયવાસના અમારે નથી. એ તો શરીર એમ કામ કરે છે. મરી જઈશ. સમજાય છે કાંઈ? વિકાર પોતાનો નહિ, પુદ્‌ગલનો છે. આવ્યો હતો, અશુભભાવ બહુ આવ્યો. પુદ્‌ગલનો છે, અમારે શું છે? તારી દૃષ્ટિ ક્યાં છે? બાહ્યદૃષ્ટિ છે તો વિકાર તારો જ છે. બહિર્દૃષ્ટિ છે તો વિકાર તારો જ છે અને તેં કર્યો છે. સમજાય છે કાંઈ? અંતરદૃષ્ટિ જ્ઞાયકની થઈ તો વિકાર તારો નથી અને તારું કાર્ય નહિ, લે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**માટે જીવના પરિણામને, પોતાના પરિણામને...**' પુદ્‌ગલના પોતાના પરિણામ. એટલે શરીરની પર્યાય, રાગ-દ્વેષની પર્યાય બધા પુદ્‌ગલના પરિણામ. '**અને પોતાના પરિણામના ફળને નહિ જાણતું,...**' કોણ? પુદ્‌ગલ. રાગ થયો. રાગને શું ખબર છે? રાગ અચેતન છે. રાગને ખ્યાલ છે? હરખ-શોકને ખ્યાલ છે? અચેતન છે. '**નહિ જાણતું**

**એવું પુદ્ગલદ્રવ્ય...**' એવું પુદ્ગલદ્રવ્ય ત્યાં સુધી રાખવું. હવે બીજી વાત આવી.

હવે, '**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ,...**' હવે આત્માની વાત આવી, આત્માના પરિણામ આવ્યા. એ પુદ્ગલના રાગ-દ્વેષ અને હરખ-શોકના પરિણામની આગળ પરદ્રવ્યના પરિણામ કોણ? કે આત્માની વીતરાગી પર્યાય. હવે એની વાત ચાલે છે. પ્રાપ્ય. આત્મા પોતાનો જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ. ઓહોહો..! નિર્વિકલ્પ આનંદસ્વરૂપ એવી જે પોતાની પર્યાય તેને આત્મા પ્રાપ્ત કરે છે. એ પ્રાપ્ત કરે છે. તે રૂપે પરિણમે છે, તે રૂપે ઊપજે છે. એવું જે વ્યાપ્યલક્ષણવાળું. એવી પર્યાયલક્ષણવાળું. પર્યાય જેનું સ્વરૂપ છે એવા પરદ્રવ્યપરિણામરૂપ કર્મ, પરદ્રવ્યપરિણામરૂપ કર્મ. એ પુદ્ગલના પુણ્ય-પાપના પરિણામની અપેક્ષાથી અને હરખ-શોકની અપેક્ષાથી આ પરદ્રવ્યના પરિણામ છે આત્માની વીતરાગી પર્યાય. સમજાય છે કાંઈ?

'**એવું પુદ્ગલદ્રવ્ય...**' પોતાનું જે પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય જે આત્માનું વ્યાપ્યલક્ષણવાળું કર્મ. જ્ઞાયક આત્મા ભગવાન ચૈતન્યજ્યોત પોતાની નિર્મળ પર્યાય જે ઉત્પન્ન થવાવાળા તેને પ્રાપ્ત કર્યું, તે રૂપ પરિણમન થયું, તે રૂપે નીપજ્યું એવું વ્યાપ્ય નામ પર્યાયલક્ષણસ્વરૂપ પરદ્રવ્યપરિણામ. એ રાગની અને પુણ્ય-પાપની અપેક્ષાથી પરદ્રવ્યપરિણામ. જીવના પરિણામને રાગની અપેક્ષાથી પરદ્રવ્યપરિણામ કહ્યા છે. સમજાય છે કાંઈ? એમ આત્માના વીતરાગી પર્યાયની અપેક્ષાથી વિકારને પરદ્રવ્યપર્યાય કહી, એમ વિકારી પર્યાયની અપેક્ષાથી જીવના વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન ચોથા ગુણસ્થાન આદિની પર્યાય પરદ્રવ્યપર્યાય છે. રાગની અપેક્ષાથી પરદ્રવ્યપર્યાય છે. સમજાય છે કાંઈ? ક્રમબદ્ધ જેવું આવ્યું. ક્રમબદ્ધ આવે ને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાત સાચી, ભાઈ! સોમચંદભાઈની વાત અક્ષરે અક્ષર સાચી છે. આમાંથી કાંઈ કાઢી નાખે. ઘરનું નાખે આડુંઅવળું. સમજાય છે કાંઈ? શું કહે છે?

'**એવું પુદ્ગલદ્રવ્ય...**' શબ્દ લીધો ને? જુઓને! એ '**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું...**' વ્યાપ્ય એટલે અવસ્થા. એ લક્ષણવાળું '**પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ,...**' એટલે આત્માની વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ આત્માનું કાર્ય. '**તેને નહિ કરતું હોવાથી,...**' સમજાય છે? કોણ? પુદ્ગલદ્રવ્ય આ નિર્મળ પરિણામને કરતું નથી. ઉપર આવ્યું ને? એવું પુદ્ગલદ્રવ્ય. '**પુદ્ગલદ્રવ્ય પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ,...**' આત્માના નિર્મળ પરિણામ એ રાગની અપેક્ષાથી પરદ્રવ્યસ્વરૂપ કર્મ. તેને, એ રાગપરિણામ, પુદ્ગલના પરિણામ, હરખ-શોકના પરિણામ '**તેને નહિ કરતું હોવાથી,...**' આત્માની વીતરાગી પર્યાય નહિ કરતું હોવાથી. સમજાય

છે કાંઈ?

વ્યવહાર વિકલ્પથી ભિન્ન જે વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન આત્માના પરિણામ એ વ્યવહાર રાગ નિર્મળ પરિણામને નહિ કરતું એવું. નહિ કરતું એવું. તો વ્યવહારથી નિશ્ચય થાય એ વાત રહેતી નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નિમિત્ત હો બીજી વાત. નિમિત્ત બીજી વાત. કર્તા નહિ. નિમિત્તનો અર્થ જ બીજો છે. નિમિત્ત (એટલે) એક (બીજી) ચીજ છે એટલું. સમજાય છે કાંઈ? નિમિત્ત એક જુદી ચીજ છે. તો આ નિમિત્ત છે. નિમિત્તનો અર્થ ત્યાં 'છે'. પણ એને કરે છે એમ નહિ. નિમિત્ત બીજી વાત અને કર્તા બીજી વાત.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નિમિત્ત છે. જ્ઞાનમાં નિમિત્ત છે ને. જ્ઞાન છે ને સાથે. એ જ્ઞાનમાં નિમિત્ત છે. શુદ્ધ ઉપાદાન પોતાની પર્યાય જ્ઞાનમાં આવી. તો એ જ્ઞાનમાં એ ચીજ નિમિત્ત છે. નિમિત્તનો અર્થ 'છે'. નિમિત્તથી અહીં ઉત્પન્ન થયું છે એમ અહીંયા વાત નથી. એ તો ના પાડી. નિમિત્તનો અર્થ 'છે'.

જેમ આત્માને કેવળજ્ઞાન થયું તો એમાં લોકાલોક નિમિત્ત છે. નિમિત્તનો અર્થ શું? શું લોકાલોક છે તો જ્ઞાન થયું છે? કેવળજ્ઞાન થયું. લોકાલોક નિમિત્ત છે, નિમિત્ત છે. નિમિત્તનો અર્થ એમ નથી ઈ છે તો ઉત્પન્ન થયું છે. તો નિમિત્ત ન રહ્યું, તો કર્તા થઈ ગયો. સમજાય છે કાંઈ? કેવળજ્ઞાન થયું એમાં લોકાલોક નિમિત્ત છે કે નહિ? નિમિત્તનો અર્થ શું? બીજી ચીજ છે. પણ એનાથી કેવળજ્ઞાન થયું છે એમ નહિ. છે, બસ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- છે, વસ્તુ છે. સ્વપરપ્રકાશક ચીજ છે કે નહિ? સ્વપરપ્રકાશક ચીજ છે ને બીજી. કાર્ય પોતામાં થાય છે અને આ કાર્યને નિમિત્ત કરવાવાળું નથી. નિમિત્ત એ કાર્યને કરતું નથી, એમ કહે છે જુઓને. સમજાય છે કાંઈ? ક્યા કાર્યને? પોતાનો આત્મા શુદ્ધ વસ્તુ છે એવી જે દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિ થઈ-ધર્મની પર્યાય. એ ધર્મની પર્યાય જે રાગાદિ પરપરિણામ છે તે જ્ઞાનમાં નિમિત્ત હો. પણ એ નિમિત્ત જ્ઞાનના પરિણામને કરતું નથી. નિમિત્તમાં અને કર્તાપણામાં બહુ ફેર છે. શું લોકાલોકે કેવળજ્ઞાન ઉપજાવ્યું? લોકાલોક નિમિત્ત હો, એમાં શું છે? સમજાય છે કાંઈ?

ચારિત્રની પર્યાય છે. રાગની પર્યાય નિમિત્ત છે. નિમિત્ત છે. શું રાગની પર્યાયે ચારિત્રની પર્યાય ઉત્પન્ન કરી છે? આહાહા..! ઈ આવ્યું ને સર્વવિશુદ્ધ અધિકારમાં? સર્વવિશુદ્ધ અધિકારમાં

નિમિત્ત-નૈમિત્તિક લીધું છે. બહુ લીધું છે. જ્ઞાનમાં, દર્શનમાં, ચારિત્રમાં લીધું છે ને? બહુ સ્પષ્ટ કરી નાખ્યું. ઓહોહો...! ક્યાંય સંદેહનું સ્થાન રહેવા દીધું નથી. એવી સ્પષ્ટ, એવી સ્પષ્ટ વાત અંદર.

કહે છે કે જ્ઞાન પોતામાં થયું, તો સામે રાગાદિ નિમિત્ત છે. અને રાગને જ્ઞાન નિમિત્ત છે. લે. શું કહ્યું સમજાણું? સર્વવિશુદ્ધ અધિકારમાં છે. પોતામાં જ્ઞાનપર્યાય પોતાથી થઈ. સામે રાગ છે તો જ્ઞાનમાં નિમિત્ત છે અને રાગને જ્ઞાન નિમિત્ત છે. પરસ્પર નિમિત્ત છે. સર્વવિશુદ્ધ અધિકારમાં છે. છે એનું જ્ઞાન કરવાની વસ્તુ છે. પણ જ્ઞાનની પર્યાય શું નિમિત્તે બનાવી છે? અને જ્ઞાનની પર્યાયે રાગ બનાવ્યો? સમય તો એક જ છે. સમજાય છે કાંઈ? આત્માની જ્ઞાનપર્યાય પ્રગટ થઈ તો રાગાદિ છે તો નિમિત્ત હો, નિમિત્ત કહો. અને એ રાગને જ્ઞાન નિમિત્ત છે, અહીંયા આ નિમિત્ત છે. નિમિત્તનો અર્થ બીજી વસ્તુ છે. પણ નિમિત્ત છે તો એણે જ્ઞાનપર્યાય કરી? અને જ્ઞાનપર્યાય એમાં નિમિત્ત છે તો જ્ઞાનપર્યાયે રાગને બનાવ્યો? સમજાય છે કાંઈ? આહાહા..! ભારે ઝીણી વાત ભાઈ! એ.. હિંમતભાઈ! ભારે વાત નીકળી ગઈ હોં! આવી પણ સારી નીકળી ગઈ. ઓહોહો..!

કહે છે, એવું '**પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ...**' કર્મ શબ્દે કાર્ય, કાર્ય શબ્દે પર્યાય. આત્માની સમ્યગ્દર્શન-જ્ઞાન ધર્મની પર્યાય તે વિકારના પરિણામની અપેક્ષાથી પરદ્રવ્યરૂપી કાર્ય કહેવામાં આવે છે. કહો, હીરાભાઈ! '**તેને નહિ કરતું હોવાથી,...**' લ્યો. રાગ આત્માની નિર્મળ પર્યાયને નહિ કરતો હોવાથી '**તે પુદ્‌ગલદ્રવ્યને જીવ સાથે કર્તાકર્મભાવ નથી.**' એ પુદ્‌ગલના રાગ સાથે આત્માનો કર્તાકર્મ (ભાવ) નથી. રાગ કર્તા અને જ્ઞાનની પર્યાય, ધર્મની પર્યાય કર્મ એમ નથી. સમજાય છે કાંઈ? એનું નામ વાસ્તવિક તત્ત્વનું ગહન સ્વરૂપ આને કહેવામાં આવે છે. એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ-૫, બુધવાર તા. ૧૪-૮-૧૯૬૮**
**ગાથા-૭૯, શ્લોક-૫૦. પ્રવચન-૫૯૮**

આ કર્તાકર્મ અધિકાર. ૭૯ ગાથા થઈ ગઈ. ભાવાર્થ, ભાવાર્થ છે ને? ૭૯નો ભાવાર્થ છે. '**કોઈ એમ જાણે કે...**' પહેલા ઈ આવી ગયું છે કે આત્મા પોતાનું જ્ઞાનસ્વરૂપ અને આનંદસ્વરૂપ છે એમ પોતાને ભાન થયું તો જ્ઞાની પુણ્ય-પાપના રાગનો કર્તા નથી થતો. સમજાય છે કાંઈ? ચૈતન્ય ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મા આનંદસ્વરૂપ છે એવી અંતર દૃષ્ટિ અને ભાન થયું તો ધર્મી દયા, દાન, વ્રત, ભક્તિ આદિના જે પરિણામ છે તે પોતાનું કાર્ય છે એમ નથી માનતો. શેઠ! સમજાય છે કાંઈ? એ પુદ્‌ગલનું કાર્ય છે, હું જાણનારો છું એમ માને છે. શોભાલાલજી! એવી ઝીણી વાત છે.

કહે છે કે એ તો આત્મા જાણવાવાળો છે તો કર્તા ન થાય. પણ જે પુદ્‌ગલ છે અથવા રાગ-દ્વેષ છે એ તો પુદ્‌ગલ છે અથવા અજ્ઞાન છે. તેને તો પોતાની ખબર નથી, પોતાના પરિણામની ખબર નથી, એના સુખદુઃખની કલ્પનાની ખબર નથી અને જીવના પરિણામની પણ એને ખબર નથી. એવા પુદ્‌ગલ સાથે આત્માને, રાગ-દ્વેષ કર્તા અને આત્માની નિર્મળ પર્યાય કાર્ય એમ બે વચ્ચે કર્તાકર્મ સંબંધ છે કે નહિ? સમજાય છે કાંઈ? જાણવાવાળો તો ન ભૂલે. એમ. પણ જાણવાનું પુદ્‌ગલમાં નથી તો રાગ-દ્વેષ, દયા, દાન, વ્રતાદિના પરિણામ છે એ તો વિકાર છે, અજ્ઞાન છે. ચૈતન્યથી વિરુદ્ધ છે. તો એ પોતાને નથી જાણતા, અંદર સાથે નિર્મળ ધર્મપર્યાયવાળો આત્મા છે તેને નથી જાણતા અને પોતામાં હરખ-શોકના પરિણામ પુદ્‌ગલમાં જડમાં થયા તેને પણ નથી જાણતા. તો એવા પુદ્‌ગલની સાથે આત્માને, એ પુદ્‌ગલ કર્તા રાગાદિ પરિણામ કર્તા, પુણ્ય પરિણામ કરવાવાળો કર્તા અને આત્માની ધર્મપર્યાય કાર્ય, એવો બે વચ્ચે સંબંધ છે કે નહિ? નહિ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પુદ્‌ગલ જ છે. કહ્યું ને પહેલેથી. આત્મા ચૈતન્ય જ્ઞાન જ્ઞાનપુંજ પ્રભુ આત્મા છે. એ તો જ્ઞાનપુંજ ચૈતન્યસૂર્ય છે. એવી ચીજ છે. પુણ્ય-પાપના રાગથી ભિન્ન પડીને પોતાનું ભાન થયું તો રાગાદિ પોતાના છે જ નહિ. કેમકે રાગથી તો ભિન્ન પડ્યો અને પોતાના સ્વભાવથી અભિન્ન છે. એવા ભાનમાં ધર્મીને રાગના પરિણામ પુદ્‌ગલના છે, આત્માના નહિ. સૂક્ષ્મ વાત છે. પાંચ ગાથા ઝીણી ચાલી ગઈ. આ તો હવે થોડો ભાવાર્થ છે અને એનો કળશ છે. સમજાય છે કાંઈ?

પોતાની દૃષ્ટિ રાગથી સમેટીને, ધર્મીએ પોતાની દૃષ્ટિ નિમિત્તથી અને રાગથી સમેટીને-ખસીને પોતાના દ્રવ્ય ઉપર દૃષ્ટિ આપી છે. સમજાય છે કાંઈ? આવી દૃષ્ટિવંત ધર્મી-ધર્માત્મા-સમ્યગ્દૃષ્ટિ એ રાગનો ભાવ વ્યવહારરત્નત્રય, દયા, દાન, નામસ્મરણ, ભક્તિ, પૂજા, વ્યવહાર જેટલો છે એ બધો રાગ પુદ્ગલનું કાર્ય છે, આત્માનું નહિ. આકરું કામ છે. શેઠ!

'**કોઈ એમ જાણે કે પુદ્ગલ કે જડ છે અને કોઈને જાણતું નથી...**' કોઈને નથી જાણતું. અજાણ છે, અજાણ છે. રાગ-દ્વેષના પરિણામ અને ઉદયના જડ કર્મના પરિણામ અને શરીરની અવસ્થા એ બધું જડ છે. શરીરની અવસ્થા, ભાષાની અવસ્થા, કર્મના ઉદયની અવસ્થા અને રાગ-દ્વેષ ને સુખ-દુઃખની કલ્પના એ બધું અચેતન જડ છે. જડ કોઈને જાણતું નથી. કોઈને જાણતું નથી. અજ્ઞાન છે. '**તેને જીવની સાથે કર્તાકર્મપણું હશે, પરંતુ એમ પણ નથી.**' સમજાય છે કાંઈ? નેમચંદભાઈ! શું છે આ? નથી એમાં કંઈ સવાલ? આ પુણ્ય-પાપના ભાવને પુદ્ગલનું કાર્ય કહ્યું, પુદ્ગલના પરિણામ કહેવામાં આવ્યા છે. વાત તો એવી છે, ભાઈ!

અહીંયા તો રાગ, વિકાર, વિકૃતભાવ એ તો પુદ્ગલનું કાર્ય છે. કેમ? કે પોતાના આત્માએ રાગથી, નિમિત્તથી દૃષ્ટિ ખસેડી દીધી છે અને પોતાના જ્ઞાયકસ્વરૂપ ઉપર દૃષ્ટિ છે. તો એ દ્રવ્યના પરિણામ તો પોતાનું શુદ્ધ કાર્ય છે. સમ્યગ્દૃષ્ટિ અથવા દ્રવ્યદૃષ્ટિવંતને એના પરિણામ તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, વીતરાગી પર્યાય એ ધર્મીનું કાર્ય છે. અને એનો કર્તા ધર્મી છે. સમજાય છે કાંઈ? ત્યારથી તે સમયથી પુણ્ય-પાપના વિકલ્પ અને રાગાદિ થાય છે તે તેનો જ્ઞાતા-જાણવાવાળો જ્ઞાની આત્મા છે, પણ કર્તા નથી. કેમકે એ પુદ્ગલનું કાર્ય છે. આહા..! ભારે ઝીણી (વાત). આપણે તો પંદર દીથી ચાલે છે, આ સોળમો દી છે. મંગળવારથી તમારે ક્લાસ શરૂ થયા છે. મંગળવારથી શરૂ થયા હતા. સોળ દિવસ થયા. સોળ દિવસ થયા ક્લાસના, તમારે થયા અઢાર દિવસ. રવિવારે આવ્યા હતા. આ શરૂ કર્યું મંગળવારે. પહેલા શ્લોક લીધો હતોને. થોડું બાકી હતું છેલ્લે અને આ કર્તાકર્મનો કળશ લીધો હતો. સૂક્ષ્મ વાત. બહુ સારી વાત, યથાર્થ વાત. વાસ્તવિક તત્ત્વ વીતરાગી તત્ત્વ આવું છે એમ અહીં કહે છે.

આત્મા તો વીતરાગી વિજ્ઞાનતત્ત્વ છે. આહાહા..! શું પુણ્ય-પાપ રાગ એ આત્મતત્ત્વ છે? આત્મતત્ત્વ હોય તો આત્માથી ભિન્ન ન પડે. અને ભિન્ન પડે તો એનું તત્ત્વ નામ એનો ભાવ નામ એનો સ્વભાવ નથી. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા તો વીતરાગ વિજ્ઞાનઘન છે. બસ, એ આત્મા. કેમકે પર્યાયમાં જ્યારે વીતરાગ વિજ્ઞાનઘન કેવળજ્ઞાન અને વીતરાગતા ઉત્પન્ન થાય છે એ ક્યાંથી આવી? ઈ આત્મામાં વીતરાગ વિજ્ઞાનઘન પિંડ છે. એમાંથી દ્રવે

છે. દ્રવતાં, દ્રવતાં કેવળજ્ઞાન અને વીતરાગતા થઈ જાય છે. શું એમાં રાગ અને પુણ્ય વિકલ્પ પડ્યા છે તો દ્રવે એ દ્રવ્ય? સમજાય છે કાંઈ?

કહે છે કે દ્રવ્ય આત્મા જેને ભાન છે કે હું તો આત્મા છું. હું તો રાગરહિત વીતરાગી વિજ્ઞાનઘન પુંજ હું આત્મા છું. તો એ આત્મા તો પોતાના શુદ્ધ ધર્મરૂપી વીતરાગી પર્યાય એને કરનારો છે અને એ એનું કાર્ય છે. બાકી રાગાદિ રહ્યા ને? તો એ રાગાદિ પર થઈ ગયા તો એ પર નામ પુદ્‌ગલનું જ કાર્ય છે. સમજાય છે કાંઈ? ભારે કામ. અહીં તો હજી વાંધા, વ્યવહારથી થાય છે, વ્યવહારથી પુદ્‌ગલથી ધર્મ થાય છે. વ્યવહારથી થાય છે એમ કહેવાવાળા અજ્ઞાનથી ધર્મ થાય છે એમ કહે છે. વ્યવહાર નામ રાગ પુણ્ય-પાપ વિકલ્પ જે અજ્ઞાન છે. અજ્ઞાનનો અર્થ એમાં જ્ઞાન નથી, એમાં વીતરાગતા નથી. સમજાય છે કાંઈ? આહાહા..! માંગીલાલભાઈ! આવું ભારે આકરું માણસને પડે. આહાહા..! સોમચંદભાઈ કહે છે ને, આ ફેરફારવાળું છે. બીજા કહે છે એનાથી બીજી જાત આ વીતરાગની છે.

મુમુક્ષુ :- દુનિયા..

ઉત્તર :- દુનિયા દો રંગી છે. આ એક રંગી ચીજ છે. જેને વીતરાગી વિજ્ઞાનઘનનો રસ ચડ્યો એવો આત્મા ધર્મી એ રાગના રંગથી કેમ રંગાય? રાગથી કેમ રંગાય? એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ તો જાણવાવાળો છે.

મહારાજ! રાગાદિ ઉત્પન્ન થયા અને કર્મનો ઉદય છે અને શરીરની અવસ્થા છે એ તો જડ છે અને અચેતન છે. એ જાણતું નથી. તો આત્માની નિર્મળ પર્યાયનું કાર્ય એ જાણતા નથી એ કરે છે કે નહિ? આત્માના ધર્મરૂપી પર્યાય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય એનો, એ રાગાદિ અને અચેતન કર્મનો ઉદય, એનો કર્તા થઈને આ કાર્ય કરે કે નહિ? કેમકે એ જડ અજાણ છે. જડ અજાણ છે. તો અજાણ તો પરનું કાર્ય કરી દે કે નહિ?

'**પુદ્‌ગલદ્રવ્ય જીવને ઉત્પન્ન કરી શકતું નથી,...**' જુઓ! કહે છે, '**પરંતુ એમ પણ નથી.**' પુદ્‌ગલદ્રવ્ય. પુદ્‌ગલદ્રવ્ય શબ્દે પુણ્ય-પાપના ભાવ, કર્મનો ઉદય અને શરીરની અવસ્થા. એ પુદ્‌ગલદ્રવ્ય જીવને ઉત્પન્ન કરી શકતું નથી. જીવને શબ્દ લીધો છે તો જીવની પર્યાય લેવી. સમજાય છે કાંઈ? '**જીવને ઉત્પન્ન કરી શકતું નથી,...**' અર્થાત્ ભગવાન આત્મા પોતાની નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન, વીતરાગી પર્યાય આત્માથી ઉત્પન્ન થઈ છે, તે પર્યાયમાં રાગ ને અજ્ઞાનભાવ છે તે (વીતરાગી) પર્યાયને ઉત્પન્ન નથી કરતા. એ જીવના પરિણામ છે તેને ઉત્પન્ન કરતા નથી. જુઓ! વ્યવહાર જીવના ધર્મની પર્યાય ઉત્પન્ન કરી શકતો નથી એમ કહે છે. શેઠી! ઓહો..!

'**પરિણમાવી શકતું નથી...**' એ વ્યવહાર જે દયા, દાનનો વિકલ્પ શુભભાવ, દેહની

પર્યાય, કર્મના ઉદયની પર્યાય, ભાષાની પર્યાય એ આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાનરૂપે પરિણમન કરાવી શકતું નથી. પર જડ આત્મામાં નિર્મળ પર્યાયને પરિણમાવી-બદલાવી શકતું નથી. દેવીલાલજી! '**તેમ જ ગ્રહી શકતું નથી...**' રાગાદિ પરિણામ, કર્માદિ ઉદય ધર્મની પર્યાયમાં તદાત્મ્ય નથી થઈ શકતા. પુણ્ય-પાપના, દયા, દાન, વ્રત, ભક્તિ, નામસ્મરણનો ભાવ એ પુદ્ગલના પરિણામ આત્માની ધર્મપર્યાયમાં તદાત્મ્ય નથી થઈ શકતા, એકરૂપ નથી થઈ શકતા, ભિન્ન રહે છે. શોભાલાલજી! બહુ સૂક્ષ્મ છે. પંદર દીમાં બહુ ચાલી ગયું. સમજાય છે કાંઈ? '**ગ્રહી શકતું નથી...**'

'**તેથી તેને જીવ સાથે કર્તાકર્મપણું નથી.**' આ કારણે, આ ન્યાયથી જીવના ધર્મની પર્યાય, મોક્ષમાર્ગની પર્યાય, શાંતિ અને જ્ઞાન ને શ્રદ્ધાની પર્યાયનો કર્તા રાગ થઈ શકતો નથી. રાગ એ ભાવનો કર્તા થઈ શકતો નથી. '**પરમાર્થે કોઈ પણ દ્રવ્યને કોઈ અન્ય દ્રવ્યની સાથે કર્તાકર્મભાવ નથી.**' ખરેખર કોઈ દ્રવ્યની સાથે કોઈ દ્રવ્યને, બીજાની સાથે કાર્યકારણ છે જ નહિ. સમજાય છે કાંઈ? ઈ કર્તા કહો કે કારણ કહો, કર્મ કહો કે કાર્ય કહો.

'**હવે આ જ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**' ૫૦ કળશ છે ને.

**ज्ञानी जानन्नपीमां स्वपरपरिणतिं पुद्गलश्चाप्यजानन्**
**व्याप्तृव्याप्यत्वमन्तः कलयितुमसहौ नित्यमत्यन्तभेदात्।**
**अज्ञानात्कर्तृकर्मभ्रममतिरनयोर्भाति तावन्न यावत्**
**विज्ञानार्चिश्चकास्ति क्रकचवददयं भेदमुत्पाद्य सद्यः।।५०।।**

શું કહે છે જુઓ!

'**શ્લોકાર્થ :- જ્ઞાની તો...**' ધર્મી તો-આત્મા તો. આત્મા કહો, ધર્મી કહો, જ્ઞાની કહો એ બધું એક છે. સમજાય છે કાંઈ? જ્ઞાની એટલે આત્મા તો. આત્મારૂપ થયો તેને જ્ઞાની કહે છે ને. તેને આત્મા કહે છે. સમજાય છે કાંઈ? શરીર, વાણી, કર્મ અને રાગથી ભિન્ન પડીને રહ્યો છે. એવો આત્મા, એવી જે ભેદદૃષ્ટિ થઈ પરથી તે આત્મા. એ આત્મા તે જ્ઞાની અને એ જ્ઞાની તે ધર્મી. ધર્મી '**પોતાની અને પરની...**' પોતાની એટલે? ધર્મના પરિણામ જે જ્ઞાન, દર્શન, આનંદ આદિ પરિણામ (એવી) પોતાની જે પર્યાય તેને જાણતો. જ્ઞાની પોતાની પર્યાયને જાણતો. '**जानन् अपि**' ઈ '**जानन् अपि**'નો અર્થ કર્યો ને? પરિછિદંતી. પરિછંદ પાઠમાં નથી ક્યાય. એ '**जानन्**'નો અર્થ કર્યો. '**जानन्**'નો અર્થ કર્યો ને? '**जानन्**'માં પરિચ્છિદંતિ આવ્યું હતું ને? એટલે એનો અર્થ પરિચ્છિદંતિ. એમાં એવું થોડું સ્પષ્ટ કર્યું, ભાઈ! શું?

જ્ઞાની '**जानन् अपि**' કહ્યું, તો લબ્ધ પર્યાપ્તરૂપે જ્ઞાની તો છે સમકિતી. ન્યાય મૂક્યો

છે. સમજાય છે કાંઈ? જ્ઞાની કહ્યું ને. આખો વ્યાપક અર્થ છે ને આ. જ્ઞાની '**जानन् अपि**'. ધર્મી '**जानन् अपि**'. સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની '**जानन् अपि**'. જાણવાવાળો. તો '**अपि**' શબ્દમાંથી કાઢ્યું કે જાણવાવાળો જ્ઞાની ખરો, પણ એ અપર્યાપ્ત કે લબ્ધ પર્યાપ્ત કાળમાં છે તો જ્ઞાની સમકિતી. પણ આમ જે જાણે છે એમ નહિ પણ સકળ નથી જાણતો. છે તો જાણનારો. ઈ વાંચતા જરી વિચાર આવ્યો હતો. પંડિતજીને પૂછ્યું હતું. ખ્યાલમાં તો આ આવ્યું હતું, હોં! લબ્ધ પર્યાપ્ત વખતે છે તો જ્ઞાની તો આપ '**जानन् अपि**' કહો છો. '**जानन् अपि**' તો એ પણ જ્ઞાની છે. જ્યારે અહીંયા રહે છે ત્યારે જ્ઞાની છે અને ત્યાં લબ્ધ પર્યાપ્તમાં તો જ્ઞાની જ છે. હજી પર્યાપ્ત થયો નથી. સ્વર્ગમાં ગયો, નર્કમાં ગયો.. સમજાય છે કાંઈ?

જેમ શ્રેણિક રાજા ક્ષાયિક સમકિતી પહેલી નરકમાં (ગયા). જ્ઞાની છે ને? અહીં '**जानन् अपि**' હતા, (તેમ ત્યાં) '**जानन् अपि**' (છે). સમજાય છે કાંઈ? લાગુ પડે છે. જેમ અહીંયા જાણે એમ નહિ, જેટલી યોગ્યતા છે તે પ્રમાણે જાણે. સમજાય છે કાંઈ? ભારે ભાઈ! ખરેખર તો સમ્યગ્દૃષ્ટિ સ્વર્ગમાં કે નરકમાં અપર્યાપ્ત કાળમાં પણ આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસ, ભાષા આદિની ક્રિયા થાય છે તેનો એ કર્તા છે જ નહિ. આત્મા બાંધે છે એમ શાસ્ત્રમાં આવે છે. ત્યાં આહાર, ઈન્દ્રિય, શ્વાસ, ભાષા, મન લઈને છ પર્યાપ્તિ બાંધે છે. એ.. ધન્નાલાલજી! અહીં કહે છે કે નથી બાંધતો. કોણ બાંધે છે? સમજાય છે કાંઈ? એ તો ભિન્ન થઈ ગયો. આ તો લબ્ધ પર્યાપ્તનો અર્થ. ત્યાં શું? કંઈ ખબર નથી ને. ખબર છે. વિશેષ જ્ઞાન નથી. પણ પોતાના જ્ઞાનની ક્રિયા કામ કરે છે. તે વખતે પણ જાણન કામ કરે છે. રાગ મારું કાર્ય છે અને આ દેહ, ક્રિયા હું બાંધું છે એવું એ વખતે પણ નથી. ઉપયોગ સર્વકાળ જાણવાવાળો રહે છે. સમજાય છે કાંઈ? ઓહોહો..!

જે રાગ છે એ વખતે તે સમયમાં થોડો અને જરી આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસને બાંધે છે, એ પરમાણુ છે ને? આ પરમાણુ આવ્યા પછી શરીર થયું, પછી ઈન્દ્રિયો થઈ, પછી ... શ્વાસ થયો ને ભાષા થઈ, મન થયું તો કહે છે કે... એ.. ફતેહચંદજી! જુઓ અહીંયા. ઈ વખતે પણ જ્ઞાની છે કે નહિ? જ્ઞાની તો પોતાનું જાણવાનું કામ કરે છે. ભલે થોડું, સકલ નહિ, બધું નહિ. એવો શબ્દ પડ્યો છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભિન્ન પડ્યા પછી એકત્વ ક્યાંથી થાય? એમ કહે છે. ચાહે તો અપર્યાપ્તમાં હો સમકિતી. ત્રણ જ્ઞાન હો. અવધિ આદિ છે ને? ભગવાન પણ લઈને આવે છે ને? ત્રણ જ્ઞાન લઈને માતાના ઉદરમાં આવે છે. ત્રણ જ્ઞાન લઈને. પહેલા અપર્યાપ્ત હોય છે ને. એ પણ જ્ઞાની છે. '**जानन् अपि**' શબ્દમાં, જ્ઞાની '**जानन् अपि**' બધાને લાગુ પડે છે. ઈ કાઢી નાખે છે જ્ઞાની? ઈ સમયનો જ્ઞાની કાઢીને વાત કરે છે? પોપટભાઈ! આહાહા..! જ્ઞાની તો પોતાની... પોતાની

વ્યાખ્યા આવી. જ્ઞાની તો-ધર્મી તો પોતાની શુદ્ધતાની પર્યાયને જાણે છે. જાણે છે એમ કહ્યું ને? જાણે છે. અહીંયા તો પ્રગટ વ્યક્ત છે તો જાણે છે. પણ ત્યાં તો બધું અવ્યક્ત છે ને? અરે..! જાણે છે, જાણે છે. આહાહા..! સમજાય છે કાંઈ? જ્ઞાની નામ ધર્મી...

મુમુક્ષુ :- લબ્ધ અપર્યાપ્ત એટલે શું?

ઉત્તર :- લબ્ધ અપર્યાપ્ત નથી સમજતા? આ પર્યાપ્ત પૂરી નથી થવાની, પહેલા ત્યાં નથી થઈ. પછી થઈ જશે, પણ પહેલા નથી.

મુમુક્ષુ :- નિવૃત્ત પર્યાપ્ત..

ઉત્તર :- હા, પણ નિવૃત્ત પર્યાપ્ત પણ પહેલા એમાં છે ને? સમકિતી છે ને ત્યાં? આ તો ત્યાં લબ્ધ અપર્યાપ્ત નામ હજી પર્યાપ્તિ પૂરી થઈ નથી. એમ. પૂરી નથી થઈ. થશે તો ખરી એને. એને થશે કહે છે. નિવૃત્ત જે છે ઈ. નિવૃત્ત લબ્ધ કહે છે. એનો વાંધો નહિ.

અહીં તો એને કહે છે કે થોડો કાળ ત્યાં છે તોપણ ત્યાં તેનું જાણનપણું રહે છે કે નહિ? બસ! એટલી વાત છે અહીંયા. સમજાય છે કાંઈ? આહાહા..! જ્ઞાની છે કે નહિ? સમ્યગ્દૃષ્ટિ તે સમયે જ્ઞાની છે કે નહિ? હજી પર્યાપ્તિ પૂરી નથી બાંધી ત્યારે પણ ત્યાં જ્ઞાની છે કે અજ્ઞાની છે? અને એ જાણે છે કે નથી જાણતો? એમ અહીં તો પ્રશ્ન છે. સમજાય છે કાંઈ? ઈન્દ્રિયો નથી, મન નથી, હજી તો બાંધે છે. એની પહેલા? જાણે છે. ભલે સર્વ ન જાણે પણ એ પ્રકારનું તો જાણનપણું ત્યાં ઉત્પન્ન થાય જ છે. પરને જ્ઞાની ઉત્પન્ન કરે છે ઈ વાત નથી. સમજાય છે કાંઈ? એ તો અપર્યાપ્તમાં મરે તેને લબ્ધ અપર્યાપ્ત કહે છે. અને પર્યાપ્ત બાંધવું છે પણ અપર્યાપ્ત છે એટલે નિવૃત્ત અપર્યાપ્ત એટલે પૂર્ણ થશે.

અહીં તો જ્ઞાની પોતાનું સ્વરૂપ રાગથી અને પરથી ભિન્ન પડ્યું છે તો એ અપર્યાપ્ત કાળમાં શું છે? તો ત્યાં જાણપણું રહે છે કે નહિ? કે ત્યાં પરનો કર્તા થાય છે? આહાહા..! સમજાય છે કાંઈ? તે વખતે પણ આહાર, શરીર, ભાષા, મનની પર્યાયનો જ્ઞાની તે વખતે પણ કર્તા નથી. આહાહા..!

મુમુક્ષુ :- સ્વભાવ છે.

ઉત્તર :- સ્વભાવ છે. સ્વભાવ ક્યાં જાય? સમજાય છે કાંઈ?

'**જ્ઞાની તો પોતાની અને પરની...**' પર શબ્દે રાગ-દ્વેષ, પુણ્ય-પાપ અને શરીરની અવસ્થા તે '**પરિણતિને જાણતો...**' લ્યો, જુઓ! એ ક્ષણે પણ આહાર, શરીર, શ્વાસ, મન, માતાના પેટમાં આવ્યો અને પર્યાપ્તિ હજી પૂરી થઈ નથી, તે વખતે પણ પરની પરિણતિને જાણતો. લે. એવી સ્વપરપ્રકાશક (શક્તિ) પ્રગટ થઈ છે એમાં પ્રશ્ન શું? એમ કહે છે. સમજાય

છે કાંઈ? શું ઈ વખતે અજ્ઞાની છે? ત્રણ જ્ઞાન લઈને આવે છે ભગવાન, લ્યો. અપયર્યાપ્ત, હજી તો પર્યાપ્તિ થઈ નથી. ઈ વખતે શું છે? સ્વપરની પરિણતિને જાણે છે. ઓહોહો..! સમજાય છે કાંઈ? સ્વભાવ પ્રગટ થયો છે એ સ્વભાવ ક્યાં જાય? ક્યે સમયે પરનું કાર્ય કરે? અને ક્યે સમયે સ્વપરને ન જાણે? એમ કહે છે. ધન્નાલાલજી! આહાહા..!

જ્ઞાની તો-ધર્મી તો. ઓહો..! ધર્મને ધાર્યો. જ્ઞાનધારા વહે છે અને કર્મધારા-બે છે. તો કહે છે કે કર્મધારાને જ્ઞાની કરતો નથી. અને કર્મધારા એના જ્ઞાનની પર્યાયને કરતી નથી. ચાહે તો તે સમયે અપર્યાપ્ત હો, પર્યાપ્ત હો કે ચાહે તો સ્વર્ગમાં સર્વાર્થસિદ્ધમાં મોટો દેવ થયો હોય સમકિતી. સમજાય છે કાંઈ? જ્ઞાની તો, લ્યો એમાંથી આવું કાઢ્યું. આહાહા..! ઈ તો ઓલું વાંચ્યું ને ત્યારે આ શું કહે છે? હજી પર્યાપ્તિ થઈ નથી અને ભલે એને ગમે તે ભાષા.. પણ એ વખતે શું છે? મગજમાં તો એમ આવ્યું પહેલું. અંદરથી જ્ઞાનની પર્યાયનું પરિણમન છે એ રાગનું પરિણમન કેમ થઈ જાય? અને પરની સાથે તદાત્મ્ય કેમ થશે? જ્ઞાની-સમ્યગ્દૃષ્ટિ રાગ અને પર્યાય, પરની પર્યાય તો પ્રાપ્ત કરતો નથી, પરમાં તો તદાત્મ્ય થતો નથી. ચાહે તો અપર્યાપ્ત હો કે ચાહે તો પર્યાપ્ત હો. સમજાય છે કાંઈ?

ધર્મીજીવ પોતાની નિર્મળ પર્યાય છે તેને તે પ્રાપ્ત કરે છે. એ પ્રાપ્ય એનું છે. તે રૂપે પરિણમે છે, તે રૂપે ઊપજે છે. એમાં કોઈ અપવાદ છે કે કોઈ નાના કાળમાં કે એવામાં? નહિ. એમ કહેવું છે મૂળ તો. સમજાય છે કાંઈ? તે ક્ષણે સમ્યગ્દૃષ્ટિ શું શરીરની પર્યાય, ઈન્દ્રિયની પર્યાયને પ્રાપ્ત કરે છે? એ રૂપે પરિણમે છે? ... એ રૂપે ઊપજે છે? આત્મા ઉપજ્યો માતાના પેટમાં એમ કહે. લે. અહીં તો કહે છે, ના.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કોઈને ગ્રહતો નથી. પર્યાપ્તિને શું? તે સમયના રાગને ગ્રહતો નથી. રાગ છે ને, રાગ ક્યાં ગયો છે? અને રસ્તામાં લ્યો. એક સમય, બે સમય જ્ઞાની રસ્તામાં પણ છે કે નહિ આ ભવમાંથી? ત્યાં પણ રાગને પ્રાપ્ત કરે અને પુદ્ગલની પર્યાયને પ્રાપ્ત કરે એમ છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? સ્વભાવ જ્યાં થયો પછી પ્રશ્ન શું? લોકો બહારથી જોવે છે કે આહા..! આ બધું કરે છે. પણ એ બધું ન્યાં રસ્તામાં તો કાંઈ નથી. છતાં ભૂતકાળનું જે શરીર છે એવી અવગાહના ત્યાં રસ્તામાં રહે છે. સમજાય છે કાંઈ? અહીંથી સમ્યગ્દૃષ્ટિને સ્વર્ગમાં જવું છે તો અહીંના શરીરની જે અવગાહના છે એટલી આત્માની અવગાહના-પહોળાઈ અહીંથી જતી વખતે રહે છે. ત્યાં જશે તો અંગુલના અસંખ્યમા ભાગમાં અવગાહના રહી જશે. ઉત્પન્ન કાળમાં. અહીં તો શરીર પ્રમાણે જાય છે. જે શરીર હોય. પણ એ વખતે પણ શું છે? આહાહા..! સમજાય છે કાંઈ? ઓહોહો..! વાત તે વાત. સ્વભાવની

વાત છે હોં આ.

સ્વભાવ જ્યાં થયો પછી પ્રશ્ન શું? એમ કહે છે. ભલે અંગુલના અસંખ્ય ભાગમાં પહેલી ક્ષણે હો ત્યાં, પછી દેહની દશા પછી મોટી થાય છે. દેવલોકમાં. પહેલા તો અંગુલના અસંખ્ય ભાગમાં થાય છે. તો એ વખતે શું કંઈ ફેર છે? જ્ઞાની જાણન છે કે અજાણન છે? કે રાગ અને શરીરની પર્યાયને પ્રાપ્ત કરે છે? સમજાય છે કાંઈ?

કહે છે કે ધર્મી તો '**પોતાની અને પરની પરિણતિને જાણતો પ્રવર્તે છે...**' જાણતો પ્રવર્તે છે. એક સિદ્ધાંત. ચાહે તો રસ્તામાં હો, ચાહે તો અપર્યાપ્તમાં હો, પછી પર્યાપ્ત થાય, ચાહે તો મોટું શરીર હો. એક હજાર જોજનનો મચ્છ હો અને ચાહે તો અંગુલના અસંખ્ય ભાગની અવગાહનામાં હો આત્માના પ્રદેશ આમ સંકોચાઈને.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નિદ્રામાં તો એ જરી બહાર છે ને. ચાહે તો નિદ્રામાં હો તોપણ રાગને અને પરને પ્રાપ્ત કરતો નથી. આહાહા..! નિદ્રાની-પ્રમાદની પર્યાયને જ્ઞાની પ્રાપ્ત કરતો નથી. એ નિદ્રાની-પ્રમાદની પર્યાય પુદ્ગલ પ્રાપ્ત કરે છે, જ્ઞાની જાણે છે. પોતાનું જ્ઞાન અને પરની પરિણતિનો જાણન છે. આહાહા..! સમજાય છે કાંઈ? ઓહો..!

સહજાત્મ સ્વરૂપ ભગવાન આત્મા પોતાના સ્વરૂપની દૃષ્ટિમાં આવ્યો તો ચાહે તો ગમે તે પ્રસંગમાં હો તો જ્ઞાની પોતાની અને પરની પરિણતિને, પરિણતિ નામ પર્યાયને જાણતો પ્રવર્તે છે. તે ક્ષણે પણ રાગ, પુણ્ય અને શરીરની ઇન્દ્રિયની પર્યાયને પ્રાપ્ત કરતો નથી. આ ઇન્દ્રિય છે ને? તો ઇન્દ્રિયને પ્રાપ્ત કરે તો જાણન થાય છે કે નહિ? મતિજ્ઞાનમાં તો એમ આવે છે. પાંચ ઇન્દ્રિય (મતિ) જ્ઞાનમાં, શ્રુતમાં મન.. એઈ..! દેવીલાલજી! તત્ત્વાર્થસૂત્રમાં નથી આવતું? મતિજ્ઞાન પાંચ ઇન્દ્રિયથી ઉત્પન્ન થાય છે. શ્રુતજ્ઞાન ઇન્દ્રિય અને મનથી ઉત્પન્ન થાય છે. મનથી. અહીં કહે છે, નહિ. આરે..! આવી વાત. સમજાય છે કાંઈ?

એ જ્ઞાનની પર્યાય પોતાથી થાય છે તેને પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય રૂપે આત્મા પોતે થાય છે. સમજાય છે કાંઈ? પાંચ ઇન્દ્રિય અને મનની પર્યાય સાથે આત્મા તદાત્મ્ય થતો નથી, એ રૂપે પરિણમતો નથી, એ રૂપે ઉપજતો નથી. અને એ મન આદિ છે તે ધર્મની પર્યાયને ઉપજાવતું નથી, ધર્મની પર્યાયને પ્રાપ્ત કરતું નથી, ગ્રહણ નથી કરતું, ધર્મની પર્યાયને ઉપજાવતું નથી અને ઉપજતું નથી અને પરિણમતું નથી. શેઠ! સૂક્ષ્મ છે. મહેનત કરવી પડશે. એમ ને એમ નહિ મળે. આ બધા પૈસાવાળા છે ને. પૈસા જેમ ઝટ મળી ગયા એમ આ એમ ને એમ મળી જશે, એમ નથી.

મુમુક્ષુ :- પૈસામાંય મહેનત તો કરવી પડે ને.

ઉત્તર :- ધૂળમાંય મહેનત નથી. શું છે? આ અમારા શેઠ બેઠા. શેઠે મહેનત કરી છે તો પૈસા મળ્યા છે? આપણે નાઈરોબી છે ને? નાઈરોબી, આફ્રિકા. મંડળના શેઠ છે. આફ્રિકામાં મંદિર છે ને. સમજાય છે કાંઈ? લ્યો, વીસ લાખ ને પચ્ચીસ લાખ ને પચાસ લાખવાળા ઘણા છે ત્યાં. શું મહેનતથી મળ્યા છે? ક્યાં ગયા પ્રેમચંદભાઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ધૂળેય કરી નથી. કલ્પના કરી છે. હવે લક્ષ્મી વધી એટલે મગજ આમ આમ થઈ ગયું છે થોડું. તે દી એમ કહ્યું હતું મેં. કીધું, કેમ છે મગજને? એમ ને એમ નહોતું કહ્યું. ઘણી વાર આમ આમ થઈ જાય છે. ધ્યાન નથી રહેતું. પૈસા વધી ગયા, અંદરમાં બોજો વધી ગયો. એ.. પોપટભાઈ! અહીં કહે છે, એ તો પોતાને કારણે છે, પરને કારણે નથી.

'**જ્ઞાની તો પોતાની અને પરની પરિણતિને જાણતો પ્રવર્તે છે...**' એ.. ભીખાભાઈ! તમારે તો ઓલો છોકરો અને પૈસા બે સરખાઈ છે એટલે આપણે જાણે... અહીં તો કહે છે કે પુત્ર હો કે પૈસા હો, એ પુદ્‌ગલ પર એને પ્રાપ્ત કરે છે. આત્મા પાસે એ ચીજ આવી જ નથી. ઓહોહો..! આત્માએ મમતા પ્રાપ્ત કરી તો અજ્ઞાનભાવથી મમતાને પ્રાપ્ત કરે છે. પણ એ ચીજ તો પ્રાપ્ત કરતો નથી. અને અહીં ધર્મી તો મમતાના પરિણામ જે થયા તેનાથી ભિન્ન પડ્યો છે તો મમતાના પરિણામને પ્રાપ્ત નથી કરતો પણ એ સંબંધીના જ્ઞાનને પ્રાપ્ત કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**અને પુદ્‌ગલદ્રવ્ય પોતાની અને પરની પરિણતિને નહિ જાણતું પ્રવર્તે છે;...**' અહીં બીજાનો અર્થ થાય છે. પુદ્‌ગલદ્રવ્ય શબ્દે કર્મ, શરીર, વાણી, પુણ્ય-પાપના ભાવ અને હરખ-શોકના ભાવ, બધું પુદ્‌ગલ. શોભાલાલજી! આ ભારે વાત. કહે છે કે પુદ્‌ગલદ્રવ્ય અર્થાત્ શરીરની અવસ્થા, વાણીની અવસ્થા, કર્મની અવસ્થા ઉદયની અવસ્થા અને આત્મામાં જે પરલક્ષી ભાવ થયો તે અવસ્થા, રાગ-દ્વેષ આદિ એ આત્મામાં થયા જ નથી, એ પુદ્‌ગલની અવસ્થા છે. એ '**પુદ્‌ગલદ્રવ્ય પોતાની...**' રાગ-દ્વેષ થયા તેને નથી જાણતું, કર્મના ઉદયને નથી જાણતું, શરીરની અવસ્થા એ પુદ્‌ગલ નથી જાણતું. પોતાની અને પરની. પરની નામ આ ધર્મની પરિણતિ જે આત્માની છે એ પરની. કઈ અપેક્ષાએ પરની? એ રાગ-દ્વેષના પરિણામ છે, હરખ-શોકના ભાવ છે એ પુદ્‌ગલની પર્યાય. એ પોતાને નથી જાણતા. અને પરની પરિણતિ. પરની નામ આત્માની ધર્મપર્યાય. આત્માની રાગ-દ્વેષ રહિત શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ એ ધર્મની પર્યાય એ પરની પરિણતિ. પુદ્‌ગલની પરિણતિની અપેક્ષાથી પરની પરિણતિ. કહો, સમજાય છે કાંઈ? આહાહા..! ભારે વાત ભાઈ!

**'પુદ્ગલદ્રવ્ય પોતાની અને પરની પરિણતિને નહિ જાણતું પ્રવર્તે છે...'** રાગ-દ્વેષના ભાવ, સુખદુઃખની કલ્પનાનો ભાવ પોતાને નથી જાણતા અને ધર્મ પરિણતિવંત આત્મા ત્યાં છે તેને પણ જાણતું નથી. ઓહો..! ભારે સૂક્ષ્મ. આ એની મેળાએ વાંચે તો કાંઈકનું કાંઈક કાઢે. સોમચંદભાઈ કહે છે. સોમચંદભાઈ!

મુમુક્ષુ :- શબ્દો વાંચી જવાય.

ઉત્તર :- શબ્દો વાંચી જાય. બસ. એમાં શું છે એ ભાવને પકડે નહિ. એમાં હોય ઈ ભાવ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ જાણવાની યોગ્યતા હોય એને અંદરમાં આવ્યા વિના રહે નહિ. સમજાય છે કાંઈ?

**'પુદ્ગલદ્રવ્ય પોતાની અને પરની પરિણતિને...'** પરની પરિણતિની વ્યાખ્યા શું થઈ પોપટભાઈ?

મુમુક્ષુ :- જીવની.

ઉત્તર :- જીવની પરની પરિણતિ? ધર્મની પરની પરિણતિ? જીવનો ધર્મ તો પોતાની પરિણતિ છે. કેમ ધર્મની પરિણતિ પોતાની નહિ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, એમ. પુદ્ગલની અપેક્ષાએ. બરાબર છે. પોતાની છે પોતાની પણ પુદ્ગલ અને રાગની અપેક્ષાથી પરની. સમજાય છે કાંઈ?

**'પુદ્ગલદ્રવ્ય પોતાની અને પરની પરિણતિને નહિ જાણતું પ્રવર્તે છે...'** પ્રવર્તે તો છે. પર્યાયરૂપે પરિણમે તો છે. **'આમ તેમનામાં સદા અત્યંત ભેદ હોવાથી...'** જુઓ! સદા અત્યંત ભેદ. આ પુણ્ય-પાપના વિકલ્પ અને ધર્મની પર્યાય વચ્ચે અત્યંત ભેદ (છે). સમજાય છે કાંઈ? **'આમ...'** એ પ્રકાર કહ્યો ને ન્યાયથી. **'તેમનામાં...'** એટલે બે વચ્ચે **'સદા...'** નામ સદા કાળ. કોઈ સમયે એક થઈ જાય એમ નહિ. **'સદા અત્યંત ભેદ...'** ઓહોહો..! દયા, દાન વિકલ્પ જે પરિણામ છે અને ધર્મના પરિણામ બે વચ્ચે અત્યંત ભેદ છે. રાડ નાખે આ લોકો. આ બધા પુદ્ગલ ઠરાવે છે. પણ પુદ્ગલ નથી, બાપુ! એ પુદ્ગલનો રાગ એ પુદ્ગલ જ છે.

ભગવાન આત્મા અહીં તો જાણન થયો એમ કહે છે ને? પુદ્ગલને જાણતો એવો કહે છે ને? પુદ્ગલને રાગ કરે છે, પુદ્ગલ નિમિત્ત અને રાગ કરતો એમ કહ્યું છે? તો જાણતો પ્રવર્તે છે એમાં રાગ ક્યાં આવ્યો? સમજાય છે કાંઈ? ચૈતન્ય જ્ઞાનપુંજ પ્રભુ આત્મા એ

પોતાને અને પરને જાણે છે અને એ જડ છે એ પોતાને અને પરને જાણતું નથી. '**સદા અત્યંત ભેદ હોવાથી...**'

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ભિન્ન જ છે. બધું ભિન્ન.

'**ભેદ હોવાથી (બન્ને ભિન્ન દ્રવ્યો હોવાથી),...**' જુઓ! બન્ને દ્રવ્ય જ ભિન્ન છે. '**તે બન્ને પરસ્પર અંતરંગમાં...**' હવે ભાષા. તે બન્ને. બન્નેનો અર્થ આત્માના ધર્મરૂપી પરિણામ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પરિણામ અને રાગાદિ પરિણામ અને પુદ્ગલની પર્યાયરૂપી પરિણામ બન્ને પરસ્પર, માંહોમાંહે '**અંતરંગમાં વ્યાપ્યવ્યાપકભાવને પામવા અસમર્થ છે.**' આહા..! સમજાય છે કાંઈ? ભગવાન આત્મા પોતાના જ્ઞાન, દર્શન અને શુદ્ધ પરિણામ એ જીવ. અને રાગાદિ પુદ્ગલના પરિણામ એ અજીવ પુદ્ગલ. એ બન્નેને અત્યંત ભેદ હોવાથી. હોવાથી કહ્યું ને? કારણ આપ્યું. અત્યંત જુદાઈ હોવાથી બન્ને પરસ્પર. ધર્મની પર્યાય આત્માની અને પુણ્યના પરિણામ પુદ્ગલના '**અંતરંગમાં વ્યાપ્યવ્યાપકભાવ...**' વ્યાપ્ય નામ ધર્મની પર્યાય વ્યાપ્ય નામ અવસ્થા અને રાગાદિ પરિણામ વ્યાપક કર્તા એમ કદી હોતું નથી. આહાહા..! આ સમયસાર. એક કહેતો હતો, મેં તો પંદર દીમાં સમયસાર જોઈ લીધું છે. નવ તત્ત્વની વાત છે કે નહિ? મેં કીધું, છે તો નવ તત્ત્વની. નવ પણ નહિ એકની. લેને. પંદર દીમાં સમયસાર જોઈ લીધું છે. તમે બહુ વખાણ કરો છો, સમયસાર બહુ બહુ.. ધન્નાલાલજી! અરે..! તને એક લીટી વાંચતા આવડે નહિ. સાંભળને! વાંચી ગયો. સમયસાર વાંચી ગયો.

સમયસાર એટલે ભગવાન કેવળજ્ઞાનનો ઉકેલ! આહાહા..! સમજાય છે કાંઈ? પંદર દીમાં વાંચી ગયો. પંદર દી શું, ઊંઘ ન લ્યે તો આઠ દીમાં વંચાઈ જાય. રાત ને દી વાંચવા બેસે. આ મેટ્રિક માટે નથી કરતા? પરીક્ષા દેવાની હોય પછી સૂવે નહિ. બાંધે ચોટલી આમ. ઝોલુ ન આવે એટલે કરે ને આ લોકો. પહેલા કરતાં, હોં! હવે ચોટલો-બોટલો ન મળે. પહેલા એમ કરતાં. થોડો વખત હોય ને, જ્યાં બેસે ત્યાં માથે ચોટલી બાંધે. એટલે શું? આમ ઝોલુ આવે ત્યાં ખેંચાય. એટલે ઊંઘ ઊડી જાય. મેટ્રિકની પરીક્ષા દેવી હોય ને મેટ્રિકની પરીક્ષા.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આપણે કાંઈ મહેનત જ કરી નથી. આ તો સહેજે સહેજે છ ચોપડી ભણ્યા. આપણે કંઈ કર્યું જ નથી. કંઈ કર્યું જ નથી. અહીં તો સહેજે સહેજે થયું તે થયું. સમજાય છે કાંઈ? છતાં અમારો નંબર પહેલો રહેતો હતો. નિશાળમાં નંબર પહેલો. લગભગ કોઈ વખત બાર મહિના બહાર નીકળી ગયા હોય. અને પહેલું આવે ત્યારે નંબર છેલ્લો આવે

ને. એકવાર ગારિયાધાર બાર મહિના રહ્યા હતા. બાર મહિના પછી પહેલી વાર આવ્યા અને છેલ્લે બેસવું પડ્યું તો આમ ઘરે રૂદન આવી ગયું. કારણ કે જે નિશાળમાં પહેલો અને બાર મહિના બહાર ગયા. પછી બીજે મહિને અવાય ને. પહેલે મહિને તો.. પાસ લઈને આવે તો છેલ્લે બેસાડે કે નહિ? છેલ્લે બેસાડ્યો. ઘરે આવી એટલું રૂદન (આવ્યું). હું છેલ્લો? કોઈને ખબર ન પડે એમ .. આ શું? સમજાય છે કાંઈ?

અહીં કહે છે, ધર્મની પર્યાયમાં અંતરંગમાં વ્યાપ્યવ્યાપકભાવને પામવા અસમર્થ છે. ઓહોહો..! એ પુણ્યના પરિણામમાં તાકાત નથી કે આત્માની ધર્મની પર્યાય પરિણમાવી દે. એમ કહે છે. એ... કપુરચંદજી! જુઓ અહીંયા.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, પુદ્ગલ નામ પામે છે. ભાઈ! આત્માની અપેક્ષાથી. આત્મા રાગથી, કર્મથી ભિન્ન પડ્યો એ આત્મા. એકત્વપણે છે એ તો આત્મા છે જ નહિ. રાગ અને આત્મા એક માન્યા એ તો આત્મા જ નથી, એ તો અનાત્મા છે. જેણે પુણ્ય વિકલ્પને પોતાના માન્યા એ તો આત્મા જ નથી, એ તો અનાત્મા છે. અહીંયા તો આત્મા કોને કહે છે એની વાત છે કે નહિ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પણ છે ને ભાઈ એમાં? જુઓ! શાંતિથી, મધ્યસ્થતાથી એક એક શબ્દનો ખ્યાલ કરો તો પરમાત્મા કુંદકુંદાચાર્યે ઘણા ભાવ ભરી દીધા છે. સાક્ષાત્ ભગવાન પાસે હતા. આહાહા..!

મુમુક્ષુ :- તાજી દિવ્યધ્વનિ છે.

ઉત્તર :- તાજી દિવ્યધ્વનિ છે. વાત સાચી. આહાહા..!

ભગવાન! તારી મહિમા કેટલી છે! '**બન્ને...**' બન્ને સમજ્યા? આત્મા એને કહ્યો કે જે આત્મારૂપ પરિણમ્યો. રાગરૂપ પરિણમ્યો તે આત્મા નહિ, પુણ્યરૂપ પરિણમ્યો એ આત્મા નહિ. પુણ્ય-પાપના પરિણામથી રહિત.. કારણ કે પુણ્ય-પાપ તો આસ્રવતત્ત્વ છે. પુણ્ય-પાપ ભાવબંધ તત્ત્વ છે. ભાવબંધરૂપે પરિણમે એ અબંધતત્ત્વ ક્યાંથી થાય? આત્મા તો અબંધતત્ત્વ છે. સમજાય છે કાંઈ? બંધ તો દ્વિતીય ભાવ અંશ છે. તો દ્વિતીય અંશ જે ભાવબંધ છે રાગાદિ તેને જે પ્રાપ્ત છે એ તો આત્મા જ નથી. એક ફીટીને બે થયા. ભાવબંધથી ભિન્ન પડ્યો. આત્મા એવો જ છે. રાગથી, પુણ્યથી, વિકલ્પથી ભિન્ન પડીને આત્મા થયો તો એ આત્મા દ્રવ્યે શુદ્ધ છે, ગુણે શુદ્ધ છે અને પર્યાયે શુદ્ધ છે. એનું નામ આત્મા. એનું નામ જ્ઞાની અને એનું ધર્મી. સમજાય છે કાંઈ?

એમ આત્મા અને પર. રાગાદિ, પુણ્ય આદિ, દેહની અવસ્થા આદિ, કર્મના ઉદય આદિ, શરીર, ભાષાની પર્યાય આદિ. બન્ને પરસ્પર-માંહોમાંહે. પુણ્યના પરિણામ અને ધર્મની પર્યાય જીવની. બન્ને માંહોમાંહે અંતરંગમાં. અંતરંગ અંગ, અંતરના અંગમાં, અંતરના ભાગમાં, અંતરના અવયવમાં '**વ્યાપ્યવ્યાપકભાવને પામવા અસમર્થ છે.**' રાગના પરિણામ વ્યાપક થઈને ધર્મની પર્યાય વ્યાપ્ય થાય એનો અભાવ છે. એમ બનતું નથી. એમાં અભાવ છે. વ્યાપક અને વ્યાપ્યનો અભાવ છે. ઓહો..! સમજાય છે કાંઈ? એક જ શ્લોક કે એક જ પાઠ..

આ તો આચાર્ય સાક્ષાત્ ભગવાન પાસે ગયા હતા, આઠ દી રહ્યા હતા પ્રભુ કુંદકુંદાચાર્ય. અહીંયા આવ્યા, એવો વિકલ્પ ઉઠ્યો, વાણી આવી રચાઈ ગઈ. સમજાય છે કાંઈ? એવી કોઈ ઘડીએ સમયસાર થઈ ગયું, માંગળિક પ્રસંગમાં.. ઓહોહો...! સાક્ષાત્ કેવળજ્ઞાનીને સમયસારમાં ઊતાર્યા છે!! એટલે કે આત્માને. સમજાય છે કાંઈ? આ તો વાચક છે પણ આત્મા એવો ઊતાર્યો કે આત્મા આવો છે. સમજાય છે કાંઈ?

કહે છે કે '**બન્ને પરસ્પર...**' પરસ્પર. ધર્મની પર્યાય વ્યાપ્ય થાય અને રાગાદિ પર્યાય વ્યાપક થાય એમ '**પરસ્પર અંતરંગમાં વ્યાપ્યવ્યાપકભાવને પામવા અસમર્થ છે.**' બીજી વાત. ધર્મની પર્યાય વ્યાપક થાય અને રાગ વ્યાપ્ય થાય. પરસ્પર છે ને ભાઈ બેમાં? અહીં ધર્મપર્યાય વ્યાપક થાય, પ્રસરવાવાળી થાય અને પુણ્ય દયા, દાનના પરિણામ વ્યાપ્ય થાય, એમ પરસ્પર અંતરંગમાં વ્યાપ્યવ્યાપકને પામવા અસમર્થ છે. પરસ્પર સમજ્યા? જુઓ! '**બન્ને પરસ્પર...**' પરસ્પર. '**અંતરંગમાં...**' બન્ને માંહોમાંહે, બન્ને માંહોમાંહે '**વ્યાપ્યવ્યાપકભાવને પામવા અસમર્થ છે.**' આ તો પહેલી સામાન્ય વાત કરી. પુણ્યના પરિણામ, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ વ્યાપક થઈને પ્રસરીને સમ્યગ્દર્શનની પર્યાય વ્યાપ્ય થઈ જાય એનો અભાવ છે. અને સમ્યગ્દર્શનની પર્યાય વ્યાપક થઈને, પ્રસરીને રાગની પર્યાયનું વ્યાપ્ય કરે એનો અભાવ છે. સમજાય છે કાંઈ? ઓહો..! અમૃતચંદ્રાચાર્ય. કુંદકુંદાચાર્ય જેવા. સમયસારની ટીકા કરનાર. ગજબ વાત છે! આવી વાત અત્યારે ભરતક્ષેત્રમાં આ સિવાય વાત નથી. સમજાય છે કાંઈ? એવી ચીજ અંદર છે, એવી ચીજ છે. આહાહા..!

કહે છે, એ બન્ને. બન્ને કોણ? જીવ અને પુદ્ગલ. પરસ્પર-માંહોમાંહે એકબીજા, એકબીજા. રાગાદિ કરવાવાળું કર્તા, ધર્મપર્યાય કાર્ય-વ્યાપ્ય એમ બનતું નથી. અને ધર્મની પર્યાય કર્તા અને રાગ કર્મ, એમ બનતું નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- મિશ્ર-ફિશ્ર છે જ નહિ. એને મિશ્ર કરવી છે ભેગી. એક પર્યાય પરની અને એક પર્યાય પોતાની. મિશ્ર-ફિશ્ર નથી. અખંડ ભિન્ન છે બન્ને. એમ કે કર્મધારા અને જ્ઞાનધારા

બે મિશ્રધારા છે કે નહિ? ના. કર્મની ધારા પુદ્ગલની ધારા, જ્ઞાનની ધારા આત્માની ધારા. હુશિયાર માણસ ખરા ને.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- મેળવી દે. આ મિશ્ર છે ને? ના. મિશ્ર કોણ કહે છે? મિશ્ર તો પરસ્પર થઈ ગયા. સમજાય છે કાંઈ? છે જ નહિ પરસ્પર. અત્યંત અભાવ તો કહેશે. અત્યંત અભાવ ભેદ છે. આહાહા..! સમજાય છે કાંઈ? જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય છે તે ભાવ અને પોતાની નિર્મળ ધર્મની પર્યાય મિશ્ર નથી.

ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ જ્ઞાન શુદ્ધ વસ્તુ. એવી શુદ્ધની દૃષ્ટિ અને શુદ્ધનો સ્વીકાર થયો તો પર્યાયમાં શુદ્ધતા પ્રગટ થઈ એ જ પરિણામ જીવના. અને જે રાગ રહ્યો મિશ્ર, એ મિશ્ર છે જ નહિ. રાગપરિણામ પુદ્ગલના. થોડો બેનો ભાગ છે એમ નથી. ધર્મના પરિણામ પોતાના અને થોડો રાગ મિશ્ર થયો એમ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! '**બંન્ને પરસ્પર અંતરંગમાં...**' અંતરંગમાં વ્યાપ્યવ્યાપકભાવને પામવા, એકબીજા કર્તાકર્મ થઈ જાય, દ્રવ્ય-પર્યાય થઈ જાય, રાગરૂપ દ્રવ્ય પુણ્ય અને નિર્મળ સમ્યગ્દર્શન પર્યાય અવસ્થા વ્યાપ્ય, એમ કદી બનતું નથી. અસમર્થ છે. ધર્મની પર્યાય દ્રવ્ય, એ દ્રવ્ય. સ્વધર્મની પર્યાય પણ સ્વદ્રવ્ય છે. એ દ્રવ્ય અને રાગની પર્યાય પર વ્યાપ્ય. વ્યાપક દ્રવ્ય અને પર્યાય વ્યાપ્ય એમ બનતું નથી. સમજાય છે કાંઈ? જીવ.. જુઓ! '**અસમર્થ છે.**' અસમર્થ છે. એમાં શક્તિ નથી, કહે છે. સમજ્યા? શું છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... બરાબર છે. '**कलयितुमसहौ**'. '**कलयितुमसहौ**' બે એક થવાને અસમર્થ છે. '**कलयितु**' એમ ને? '**कलयितु**' નામ એક થવાને અસમર્થ છે. પરસ્પર એક થવાને અસમર્થ છે. આહાહા..! વાસ્તવિક તત્ત્વ શું છે ઈ સાંભળવા મળે નહિ અને સમજણમાં આવે નહિ તો રુચિ ક્યાંથી કરે અને પરિણમન ક્યાંથી કરે? આમ છે. કરો ઝઘડા, કરો વાદવિવાદ. ભગવાન! આ વાત તે કાંઈ વાદવિવાદે પાર પડે! આહાહા..! ગળે ઊતરે નહિ આ. હાય.. હાય..! આ તો શુભભાવથી સંવર, નિર્જરા. શુભભાવ તો પોતાની પર્યાય છે. પોતાનું તદાત્મ્ય છે. એમ કહે છે ઓલો વળી. લાલબહાદુર. પોતાની પર્યાય છે કે નહિ? પણ પોતાની પર્યાય... નિશ્ચય આશ્રય છે કે નહિ? લ્યો, નિશ્ચય આશ્રય છે. માટે શુભભાવમાં પણ લાભ છે. સ્વઆશ્રય તે નિશ્ચય અને પરાશ્રય વ્યવહારનો ખુલાસો કરે છે. .. ફક્ત પરદ્રવ્ય છે તો એને .. પણ છે સ્વઆશ્રયની પર્યાય. અરે..! સ્વઆશ્રયની પર્યાય હોય નહિ. અરે..! ભગવાન! શું કરે છે? એવી તકરાર. એ તો બિચારા ગુજરી ગયા.

અરે..! ભાઈ! આવો સમય મળ્યો. આંખ વીંચીને (ચાલ્યો જઈશ). ત્યાં કોઈ શરણ નથી ક્યાંય. આહાહા..! તરફડી તરફડીને ભાન વિના ચોર્યાશીના અવતારમાં કાળ ગાળ્યો. તરફડી તરફડીને. આકુળ-વ્યાકુળ. ટાણા આવ્યા ત્યારે આગ્રહ છોડ્યા નહિ. અરે..! આ નીકળવાના આરા. આપણે આવ્યું હતું ને? નહિ? ટીકામાં. સ્વરૂપ પ્રકાશનનો અવસર. ભાઈ! આવ્યું હતું, ટીકામાં આવ્યું હતું. ભગવાન! સ્વરૂપ પ્રકાશનનો અવસર છે આ. આહાહા..! આ કાળમાં તું આવું કરે છે, ભગવાન! આ ન શોભે. દુનિયા માનશે લાખો-કરોડ કે વાહ.. વાહ..! જુઓ! એકાંત માનતા હતા એ લોકો. આનાથી પણ ધર્મ થાય છે, આનાથી પણ થાય છે. અનેકાંત છે. નિમિત્તથી પણ કોઈ વખતે કામ થાય છે, અને પોતાથી પણ કામ થાય છે. જુઓ! બેય વાત. અનેકાંત સ્યાદ્વાદ માર્ગ ભગવાનનો છે. સાધારણ જનતાને પસંદ પડે. પ્રભુ! પણ એ વાત સત્ય નથી, હોં! એ સત્ય નથી. એમાં શરણ નહિ મળે. સમજાય છે કાંઈ?

'**જીવ-પુદ્‌ગલને કર્તાકર્મપણું છે એવી ભ્રમબુદ્ધિ...**' હવે સરવાળો લ્યે છે, હોં! પરસ્પર નથી એ બધું સિદ્ધ કર્યું. જીવ જે આત્મા છે એ પુદ્‌ગલની પર્યાયનો કર્તા છે અને પુદ્‌ગલ કર્મ છે, એવી ભ્રમબુદ્ધિ, એ તો ભ્રમણા છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**અજ્ઞાનને લીધે...**' '**ભ્રમબુદ્ધિ અજ્ઞાનને લીધે...**' સ્વરૂપના ભાન વિના અને રાગના પણ ભાન વિના અજ્ઞાનને લીધે. ચૈતન્ય અને રાગ ભિન્ન છે એવું અજ્ઞાન છે, ભાન નથી. તે કારણે ભ્રમબુદ્ધિથી....

(નોંધ : પ્રવચન અપૂર્ણ છે).

**શ્રાવણ વદ-૭, ગુરુવાર તા. ૧૫-૮-૧૯૬૮**
**શ્લોક-૫૦. ગાથા-૮૦થી ૮૨ પ્રવચન-૫૯૯**

કર્તાકર્મ અધિકાર. શ્લોકમાં છેલ્લું થોડું છે. જુઓ! છેલ્લી ત્રણ લીટી છે ને. '**જીવ-પુદ્ગલને...**' છેલ્લી ત્રણ લીટી. જીવ અને પુદ્ગલને. આ પુદ્ગલ એટલે વિકારી પરિણામ અહીંયા લેવા છે. કર્મની ઉદયની અવસ્થા, શરીરની અવસ્થા, ભાષાની અવસ્થા અને પુણ્ય-પાપના ભાવ અને હરખ-શોખ આ બધું અહીંયા લેવું છે. પછી ગાથામાં વાત ફરી જશે. બીજી વાત આવશે.

અત્યાર સુધી તો અહીંયા જીવ-પુદ્ગલને. જીવ નામ જ્ઞાયક સ્વરૂપ ભગવાન આત્મા અને પુદ્ગલ નામ પુણ્ય-પાપના ભાવ, હરખ-શોકના ભાવ એને, કર્તાકર્મ ભાવ છે (અર્થાત્) આત્મા કર્તા છે અને વિકારી પરિણામ પોતાનું કાર્ય છે, '**એવી ભ્રમબુદ્ધિ...**' એવી ભ્રમબુદ્ધિ '**અજ્ઞાનને લીધે...**' સ્વરૂપનું ભાન નથી, પરથી હું ભિન્ન છું એવા પોતાના અસ્તિત્વનો જ્યાં બોધ નથી ત્યાં સુધી ભ્રમબુદ્ધિ '**અજ્ઞાનને લીધે ત્યાં સુધી ભાસે છે (-થાય છે)...**' કર્તાકર્મપણું ત્યાં સુધી જ્ઞાનમાં અજ્ઞાનથી ભાસે છે. ક્યાં સુધી? કે '**જ્યાં સુધી (ભેદજ્ઞાન કરનારી) વિજ્ઞાનજ્યોતિ...**' ચૈતન્ય વિજ્ઞાન પ્રજ્ઞાબ્રહ્મ ભગવાન અને રાગાદિ વિકાર પર, પુણ્ય-પાપના વિકાર એ પર અને પોતાનું ચૈતન્ય સ્વ, એમ બે વચ્ચે '**વિજ્ઞાનજ્યોતિ કરવતની જેમ...**' રાગ અને નિર્વિકલ્પ સ્વભાવ અને વિકલ્પભાવ, બે વચ્ચે વિજ્ઞાનજ્યોતિ કરવતની જેમ કામ કરે છે. કરવત કહે છે? આરા.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈ. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા પોતાની વિજ્ઞાનઘનની શક્તિને લીધે રાગ અને વિકલ્પ જે પુણ્ય-પાપના ભાવ છે, તેની વચ્ચે પ્રજ્ઞાછીણી પડે છે. '**વિજ્ઞાનજ્યોતિ કરવતની જેમ નિર્દય રીતે...**' નિર્દય નામ રાગ અને આત્મા અનાદિથી એક છે, બંધુ તરીકે એને નિર્દયપણે ટાળવા છે. એમ કહે છે. નિર્દયનો અર્થ કર્યો ઉગ્રપણે. પરમાત્મ પ્રકાશમાં તો એમ લીધું છે, અરે..! અનાદિનો રાગાદિ વિકાર બંધ નામ બંધુ, બંધ નામ બંધુ, ભાવબંધ નામ બંધુ એવો અર્થ લીધો છે. ભાવબંધ નામ બંધુની સાથે રહે છે તેને મારવો. વિજ્ઞાનઘન આત્માર્થી-જ્ઞાની બંધુને મારે છે. બંધુને મારી નાખે છે. નિર્દયપણે મારે છે. અરે..! અનાદિથી ચાલ્યો આવતો રાગ બંધપણે, બંધ કહો કે બંધુ, એમ ત્યાં લીધું છે. બંધ-ભાવબંધ છે ને? રાગ વિકલ્પ ભાવબંધ છે.

તો બંધને ત્યાં બંધુ લીધું છે. એવો અર્થ કર્યો છે. ભાવબંધ જે બંધુ તરીકે જે સાથે સદા રહેવાવાળો છે. શેઠ! તેને કરવતની જેમ નિર્દયપણે. બિલકુલ એનો અંશ પોતામાં ન રહે એ રીતે નિર્દયપણે, ઉગ્ર પુરુષાર્થથી સ્વભાવસન્મુખ થવાથી, વિભાવથી વિમુખ થવાથી. સમજાય છે કાંઈ?

જે પરથી સન્મુખ હતો અનાદિનો તેનાથી નિર્દયપણે સ્વસન્મુખ થઈને. જે સ્વભાવથી વિમુખ હતો તેની સન્મુખ થયો અને વિભાવથી સન્મુખ હતો તેનાથી વિમુખ થઈ ગયો. સમજાય છે કાંઈ? આમ નિર્દયપણે '**જીવ-પુદ્ગલનો તત્કાલ ભેદ ઉપજાવીને...**' ભાષા જુઓ! '**सद्यः**' છે '**सद्यः**'. એક સમયમાં ભેદજ્ઞાન થાય છે, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**તત્કાલ ભેદ ઉપજાવીને...**' વિજ્ઞાનજ્યોતિ '**પ્રકાશિત થતી નથી.**' ત્યાં સુધી ભ્રમબુદ્ધિથી વિકારના પરિણામ મારું કાર્ય અને હું કર્તા એવો ભાસ થાય છે. સમજાય છે કાંઈ?

વિજ્ઞાનજ્યોતિ ભગવાન રાગ અને પુણ્ય-પાપના ભાવથી ભિન્ન પડ્યો. એ રાગ મારું કાર્ય છે અને હું કર્તા છું, એવી બુદ્ધિ રહેતી નથી. એ ભ્રમબુદ્ધિ છે. સ્વભાવ સન્મુખ થઈને રાગને ભિન્ન કરી દીધો પછી રાગ મારું કાર્ય છે અને હું કર્તા છું એવી બુદ્ધિ જ્ઞાનીને રહેતી નથી. અજ્ઞાનીને ટળતી નથી. કેમકે રાગને પોતાનું કાર્ય માને છે. ભ્રમબુદ્ધિથી રાગ મારું કાર્ય અને હું કર્તા એમ માને છે.

'**ભાવાર્થ :- ભેદજ્ઞાન થયા પછી, જીવને અને પુદ્ગલને કર્તાકર્મભાવ છે એવી બુદ્ધિ રહેતી નથી;...**' જુઓ! આ ધાર્મિક ક્રિયા. આ ધાર્મિક ક્રિયા. અંતરંગની ક્રિયા અધ્યાત્મની વ્યવહાર અંતરંગ ક્રિયા અજ્ઞાનીને કઈ રીતે દેખાય? સમજાય છે કાંઈ? એ તો બહારની ક્રિયા જુએ, આમ વ્રત પાળે છે, બ્રહ્મચર્ય પાળે છે, આમ છોડીને ત્યાગ કર્યો. જુઓ! અપવાસ કર્યા, વ્રત કર્યા, .. કર્યા. બહારના આચરણથી અજ્ઞાનીને પોતાના સ્વરૂપની અધિકતા છોડીને પરની અધિકતા ભાસે છે. જ્ઞાનીને પરની અધિકતા છૂટીને સ્વની અધિકતા ભાસે છે. સમજાય છે કાંઈ?

'**કારણ કે જ્યાં સુધી ભેદજ્ઞાન થતું નથી ત્યાં સુધી અજ્ઞાનથી કર્તાકર્મભાવની બુદ્ધિ થાય છે.**' લ્યો. 'કરે કર્મ સો હી કરતારા' ઈ શ્લોક છે ને.

કરે કર્મ સો હી રે કરતારા, જો જાને સો જાનનહારા,
કર્તા સો જાને નહિ કોઈ, જાને સો કર્તા નહિ હોઈ.

જુઓ! ધાર્મિક ક્રિયા અને અધર્મ ક્રિયા બેય સાથે. સાથે નામ એક સમયમાં. 'કરે કર્મ સો હી કરતારા' રાગની ક્રિયા મારું કામ છે એ કર્તા તો અજ્ઞાનમાં કર્તા જ રહે છે. એક

સમયમાં. 'જો જાને સો જાનનહારા'. રાગથી પૃથક પોતાનું સ્વરૂપ જ્ઞાનસ્વરૂપ જેણે સમ્યગ્દર્શન પ્રગટ કરીને જાણ્યું એ તો જાણનાર જ રહે છે. 'જાને સો કર્તા નહિ હોઈ, કર્તા સો જાને નહિ કોઈ'. જુઓ! આ માર્મિક જૈનદર્શનના વસ્તુદર્શનનું આ રહસ્ય છે. આહાહા..! વ્યવહારરત્નત્રયના વિકલ્પ મારું કાર્ય છે અને હું કર્તા છું, એ ભ્રમબુદ્ધિ છે એમ કહે છે. સમજાય છે કાંઈ? ત્યાં સુધી ભ્રમબુદ્ધિ રહે છે કે જ્યાં સુધી રાગથી ભિન્ન પડીને વિજ્ઞાનજ્યોતિ પ્રકાશમાન થતી નથી ત્યાં સુધી. આહાહા..! એ પાંચ ગાથાનો અધિકાર પૂરો થયો. ૭૫થી લીધું છે. ૭૫, ૭૬, ૭૭, ૭૮, ૭૯.

હવે બીજી ગાથા આવે છે. હવે અજ્ઞાનીના રાગ-દ્વેષની વાત ચાલે છે. અજ્ઞાની પોતાના રાગ-દ્વેષનો કર્તા થાય છે. પણ પુદ્‌ગલપરિણામનો કર્તા નથી થતો એ વાત હવે સિદ્ધ કરવી છે. સમજાય છે કાંઈ? ઈ કહે છે, જુઓ!

'**જોકે જીવના પરિણામને...**' એ જીવના પરિણામ બદલાઈ ગયા હવે. એ શબ્દ છે, જીવના પરિણામ. આ પરિણામ એટલે રાગ-દ્વેષ અને મિથ્યાત્વ પરિણામ એને જીવના પરિણામ અહીંયા કહ્યા છે. વાત ફરી ગઈ. સમજાય છે કાંઈ? અત્યાર સુધી જે પાંચ ગાથામાં આવ્યું હતું એ બીજી વાત હતી, આ હવે બીજી વાત થઈ ગઈ. '**જોકે જીવના પરિણામને...**' આત્માના પરિણામ અર્થાત્ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ જે જીવના ભાવ પરિણામ પર્યાય છે એ '**અને પુદ્‌ગલના પરિણામને...**' આ પુદ્‌ગલના પરિણામ એટલે કર્મનો ઉદય અથવા કર્મબંધનની પર્યાય. એ '**પુદ્‌ગલના પરિણામને અન્યોન્ય (પરસ્પર) નિમિત્તમાત્રપણું છે...**' શું કહે છે? જીવના મિથ્યાત્વ, રાગ-દ્વેષ પરિણામ એ નવા બંધમાં નિમિત્ત છે અને જૂના કર્મ મિથ્યાત્વ ને રાગ-દ્વેષમાં નિમિત્ત છે. આમ હોવા છતાં પુણ્ય-પાપનો કર્તા અજ્ઞાની અજ્ઞાનભાવમાં છે પણ કર્મની પર્યાયને બાંધવાવાળો એ કર્તા આત્મા નહિ. એમ કર્મની જે પર્યાય છે એ પોતાની કર્તા છે પણ એ કર્મની પર્યાય જીવના રાગ-દ્વેષ કરે એમ નહિ. સમજાય છે કાંઈ? પેલી પાંચ ગાથાથી જુદી વાત આવી. આ તો અજ્ઞાનીની બતાવવી છે. અજ્ઞાનીની સ્વતંત્રતા પણ કર્તાકર્મની કેવી છે એમ બતાવવું છે. સમજાય છે કાંઈ?

'**તોપણ તેને (બન્નેને) કર્તાકર્મપણું નથી એમ હવે કહે છે :-**' આ ત્રણ ગાથાની બહુ ચર્ચા થઈ હતી, ઉત્તર પ્રદેશમાં. ઉત્તર પ્રદેશ કહે, જુઓ! ૮૦-૮૧ ગાથામાં જુઓ, નિમિત્તથી વિકાર થાય છે અને વિકારથી કર્મ બંધાય છે એમ શાસ્ત્રમાં કહ્યું છે અને સોનગઢવાળા ન માને તો ગણધર પાસે જઈને પૂછો. એમ આવ્યું હતું. ઘણા વર્ષ પહેલાની વાત છે. સમજાય છે કાંઈ? આ ઈ ગાથા હવે આવી ખુલાસા માટે.

**जीवपरिणामहेदुं कम्मत्तं पोग्गला परिणमंति।**
**पोग्गलकम्मणिमित्तं तहेव जीवो वि परिणमदि।।८०।।**
**ण वि कुव्वदि कम्मगुणे जीवो कम्मं तहेव जीवगुणे।**
**अण्णोण्णणिमित्तेण दु परिणामं जाण दोण्हं पि।।८१।।**
**एदेण कारणेण दु कत्ता आदा सएण भावेण।**
**पोग्गलकम्मकदाणं ण दु कत्ता सव्वभावाणं।।८२।।**

એ ગુણ શબ્દ પડ્યો છે એ પર્યાયનો વાચક છે. ગુણ ગુણ શબ્દ પડ્યો છે એ પર્યાયનો વાચક છે. નીચે હરિગીત.

**જીવભાવહેતુ પામી પુદ્‌ગલ કર્મરૂપે પરિણમે;**
**એવી રીતે પુદ્‌ગલકરમનિમિત્ત જીવ પણ પરિણમે. ૮૦.**
**જીવ કર્મગુણ કરતો નથી, નહિ જીવગુણ કર્મો કરે;**
**અન્યોન્યના નિમિત્તથી પરિણામ બેઉ તણા બને. ૮૧.**
**આ કારણે આત્મા ઠરે કર્તા ખરે નિજ ભાવથી;**
**પુદ્‌ગલકરમકૃત સર્વ ભાવોનો કદી કર્તા નથી. ૮૨.**

આ ઉપાદાન-નિમિત્તની વાત ચાલે છે. (ઓલું) શુદ્ધ ઉપાદાન અને વ્યવહારના નિમિત્ત આદિની વાત હતી. હવે અશુદ્ધ ઉપાદાનની પર્યાય કરવાવાળું કોણ? અને એમાં નિમિત્ત કોણ? નિમિત્ત હોવા છતાં નિમિત્ત અશુદ્ધ પરિણામને કરતું નથી. અને અશુદ્ધ પરિણામ બંધમાં નિમિત્ત હોવા છતાં અશુદ્ધ પરિણામ કર્મની પર્યાયને કરતા નથી. કહો, શેઠી! પાંચ ગાથાનો અર્થ ફરી ગયો. ઈ જ્ઞાનીની વાત હતી. સમજાય છે કાંઈ?

આ અજ્ઞાની સ્વતંત્ર ઉપાદાન પોતાથી વિકાર મિથ્યાત્વભાવ કરે છે. કાલે આવ્યું હતું ને ભજનમાં? નહિ? દૌલત(રામનું). 'અપની સુધ બુધ ભૂલકે, અપની સુધ બુધ ભૂલકે' વિકાર અજ્ઞાની કરે છે. વિકાર કોઈ કર્મથી થાય છે કે કર્મ કરાવે છે એમ નથી. એમાં મોટી ગડબડી છે. પેલી તત્ત્વજ્ઞાનની વાત તો ક્યાંય રહી ગઈ. આહાહા..! આમાં પણ ગડબડ. કર્મથી વિકાર થાય છે, કર્મથી વિકાર થાય છે. મોટી ચર્ચા ચાલી, (સંવત) ૨૦૧૩ સાલમાં. એક કલાક દસ મિનિટ. કર્મથી વિકાર થાય છે. આ શેઠિયાને કાંઈ ખબર ન મળે. એ.. શોભાલાલજી! મોટા ભાઈને કહેતા હતા. હા, હા કરે. ખબર કાંઈ નહિ.

મુમુક્ષુ :- પણ હાજર તો રહે ને.

ઉત્તર :- હામાં હાજરમાં થડ નીકળી જાય છે. તારી માનો તું દીકરો નહિ, કોઈનો પુત્ર છો. તારા પિતા કો'ક છે. તો કહે, હા. શું હા? સમજાય છે કાંઈ? બે ભાઈને જરી

લડાઈ થઈ. બીજા એક ભાઈએ કહ્યું, આપણા પિતા કોણ? તો પેલો ભાઈ કહે, પિતા કોણ મને ક્યાં ખબર છે પિતા કોણ હશે? આહાહા..! આ તો એક વાત એવી છે. દુનિયામાં એમ ચાલે છે. બનેલી વાત છે. બનેલી વાત છે. બે ભાઈ સગા માતાના દીકરા. .. કષાયવંત. બેને ચર્ચા થઈ. અરે..! આપણા પિતા કોણ? પિતા કોણ મને શી ખબર? આહાહા..! અરે..! શેઠ! અરે.. ભગવાન! માણસ અજ્ઞાનમાં ક્યાં કેટલો ચાલ્યો જાય છે? કેટલી સ્વતંત્રતા! પિતા કોણ એની વાત કરે, નૈતિકમાં પણ જેને શરમ લાગવી જોઈએ. અરે..! માતા ને પિતા. આ મારી જનેતા-મા, આ પિતા. લૌકિક રીતિમાં પણ શરમ આવવી જોઈએ આવી ભાષા બોલવામાં. શેઠ!

અહીં કહે છે, જીવના પરિણામ... જુઓ! ટીકા, ટીકા. '**જીવપરિણામને...**' ટીકા છે ને? શેઠ! ટીકા છે? વાંચો જોઈ. બસ, બસ. '**જીવપરિણામને...**' જીવપરિણામનો અર્થ જીવના મિથ્યાત્વ અને રાગ-દ્વેષ પરિણામ એ જીવના પરિણામ અહીંયા કહેવામાં આવ્યા છે. સમજાય છે કાંઈ? પહેલી પાંચ ગાથામાં આવ્યું હતું, રાગ-દ્વેષ, મિથ્યાત્વ એના હતા જ નહિ. પણ રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ હતા તેને પુદ્‌ગલના પરિણામ કહેવામાં આવ્યા હતા. મણિભાઈ! ભાઈ કહેતા હતા ને, આ શું? સોમચંદભાઈ કહેતા હતા.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ના, પણ ઈ જિજ્ઞાસા કહેવાય. બેસે છે એને. આવી વાત કોઈ દી સાંભળી નથી. ભાઈ! આ તો અંતરની વાત છે. આત્માના પરિણામ વસ્તુ તરીકે દેખો ભગવાન ચિદાનંદ સ્વરૂપ, એવી દૃષ્ટિમાં પુણ્ય-પાપના પરિણામ, તીર્થંકર ગોત્ર જે ભાવે બંધાય એ પરિણામ પુદ્‌ગલના છે, પોતાના નહિ. એ ભેદજ્ઞાનની દશાની વાત છે. પણ જ્યાં સુધી ભેદજ્ઞાન નથી ત્યાં સુધી જે રાગ અને મિથ્યાત્વના પરિણામ, પુણ્ય-પાપના મિથ્યાત્વભાવ એ જીવપરિણામને, એ જીવના પરિણામ છે. આ અજ્ઞાનીની વાત છે. પેલી જ્ઞાનીની વાત પૂરી થઈ ગઈ. હવે અહીંયા અજ્ઞાનીની વાત ચાલે છે. સમજાય છે કાંઈ? પાછું એની સાથે આ લઈ લેવું. પાંચ ગાથા એવી આવી, પુદ્‌ગલ, પુદ્‌ગલ, પુદ્‌ગલ. પુણ્ય-પાપના ભાવ પુદ્‌ગલ. નેમચંદભાઈ! માણસ ભડકે કે અર..ર..ર..! આ? આત્મા વિના પુદ્‌ગલ કરે છે? પરમાણુ કરતા હશે પુણ્ય-પાપ? હવે પરમાણુ કરતા નથી, સાંભળ તો ખરો.

એ તો પોતાનો ભગવાન ચિદાનંદ પ્રભુ રાગથી જ્યારે પૃથક્ થયો તો પૃથક્‌નું પૃથક્ કેવું હોઈ શકે? કર્તાકર્મ તો અભિન્ન હોય. શું કહ્યું સમજાણું? કર્તા આત્મા અને જ્યાં રાગથી ભિન્ન પડ્યો તો અભિન્ન એનું કર્મ હોવું જોઈએ. અભિન્ન નામ રાગથી ભિન્ન પડ્યો એનું સમ્યગ્દર્શન, જ્ઞાન કર્તાનું કર્મ છે. સમજાય છે કાંઈ? ભિન્ન કર્તાકર્મ નથી હોતા. તો જ્યાં

રાગથી ભિન્ન પડ્યો તો પછી પોતાના કર્તાકર્મ તો જ્ઞાતા કર્તા અને સમ્યગ્દર્શન-જ્ઞાન અભિન્ન છે માટે તે તેનું કાર્ય છે. અજ્ઞાનમાં તો રાગ-દ્વેષ કાર્ય અને આત્મા કર્તા, કારણ કે એની સાથે અભિન્ન માન્યું છે. એનાથી કર્મ ભિન્ન છે. સમજાય છે કાંઈ? અજ્ઞાનમાં કર્મ ભિન્ન છે અને વિકારને પોતાનો માન્યો છે તો પોતાથી અભિન્ન છે. અભિન્નમાં કર્તાકર્મ લાગુ પડે છે. સમજાય છે કાંઈ? શું કહે છે આ?

પુણ્ય-પાપના ભાવ અને મિથ્યાત્વના ભાવ જ્યાં સુધી જ્ઞાયક સાથે અભિન્ન માન્યા છે તો જ્ઞાયક સાથે અભિન્ન માનનાર અજ્ઞાની એ અભિન્ન કર્મ નામ વિકારનો ઈ કર્તા છે. અભિન્ન છે ને, અભિન્ન માન્યું છે ને? તો અભિન્ન માનવાવાળો વિકારી પરિણામનો કર્તા અને વિકારી પરિણામ કાર્ય. પણ ભિન્ન જે કર્મ છે એ કાર્ય આત્માનું અને એ કર્મબંધનનું કાર્ય આત્માનું અને કર્મનું કાર્ય રાગ-દ્વેષ એમ છે જ નહિ. કારણ કે તે ભિન્ન છે. સમજાય છે કાંઈ? અરે..! ભારે વાત. અમરચંદભાઈ!

અહીં કહે છે કે અભિન્ન કર્તાકર્મ અજ્ઞાનીના પોતાના રાગ-દ્વેષ પરિણામ અભિન્ન માન્યા છે. માન્યું છે ને. રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ એ આસ્રવતત્ત્વ છે, ભાવબંધ તત્ત્વ છે. ભગવાન અબંધસ્વરૂપ છે. જ્ઞાયકસ્વરૂપ કહો કે અબંધસ્વરૂપ કહો. એની સાથે ભાવબંધને પોતાનો માન્યો છે તો અભિન્ન છે. તો અભિન્નમાં કર્તાકર્મ છે. તો આત્મા અજ્ઞાનથી કર્તા અને વિકારી પરિણામ કામ. પણ અજ્ઞાની કર્મબંધનની પર્યાય કરે એ વખતે.. જેમ જ્ઞાનાવરણીયથી અશાતનાથી પરિણામ કર્યા તો છ કારણે જ્ઞાનાવરણીય અશાતનાથી જ્ઞાનાવરણીય બંધાય છે. આવે છે? છ કારણે નથી આવતું? પરદોષ, નિહ્નવ, અંતરાય.. તત્ત્વાર્થસૂત્રમાં આવે છે. છ કારણે જ્ઞાનાવરણીયનો બંધ થાય છે. છ કારણે દર્શનાવરણીયનો બંધ થાય છે. એ છ કારણના જે પરિણામ છે એ જીવના અજ્ઞાનીના. કેમકે અભિન્ન માન્યું છે માટે. સમજાય છે કાંઈ? જ્ઞાનીના જે પરિણામ છે એ અજ્ઞાનીના પરિણામ જ નહિ. ઓહોહો..! છ કારણ જે કહ્યા એ વિકારથી ભિન્ન પડ્યા છે જ્ઞાની. એટલે છ કારણના ભાવના જ્ઞાતા છે. સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ!

'**જીવપરિણામને...**' એટલે જીવપરિણામની વ્યાખ્યા? નિજ સ્વરૂપ ભૂલીને પુણ્ય-પાપમાં ધર્મ માન્યો પુણ્યમાં, પાપમાં ઠીક, હરખ, અધિકતા પોતાથી લાગી એવો જે મિથ્યાત્વભાવ. પુણ્યના પરિણામ મને ઠીક છે, હરખ છે, અધિક છે એવા જે મિથ્યાત્વના પરિણામ અને એની સાથે રાગ-દ્વેષના પરિણામ એ જીવના પરિણામ છે. સમજાય છે કાંઈ? કહો, અમૂલખચંદજી! આટલો બધો ફેર કેમ પડ્યો?

મુમુક્ષુ :- મિથ્યાત્વના હિસાબે.

ઉત્તર :- મિથ્યાત્વના હિસાબે. કેમ, દેવીલાલજી!

'**જીવપરિણામને નિમિત્ત કરીને...**' આ વાંધા હવે. નિમિત્ત કરીને ભાષા છે, જુઓ! છે? '**यतो जीवपरिणामं निमित्तीकृत्य**'. નવા કર્મ બંધાય છે તો રાગ-દ્વેષ, મિથ્યાત્વનું નિમિત્ત કરીને. નિમિત્ત કરે છે એવી શું એને ખબર છે? પણ અહીંયા છે એટલું બતાવવા નિમિત્ત કરીને (એમ કહ્યું). નિમિત્ત કરીને એમાં વાંધા. મોટી તકરાર. જુઓ! આત્મામાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ થાય છે, નિમિત્ત છે તો ત્યાં કર્મબંધન થાય છે. એમ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! ભારે આ.

બંધ તો થાય છે ને? છ કારણે બંધ તો અજ્ઞાનીને થાય છે ને? બંધ થાય છે તો એની પર્યાયનો કર્તા આત્મા નથી. સમજાય છે કાંઈ? નવા કર્મ જે બંધાય છે, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર, અંતરાય. છ કર્મના પરમાણુની ભિન્ન ભિન્ન વર્ગણા છે. એ વર્ગણા જે સમયે જે પ્રકારની જ્ઞાનાવરણીયપણે પરિણમવાની લાયકાત છે તો એ પરમાણુ જ્ઞાનાવરણીયપણે પરિણમી જાય છે. પરમાણુ. એ પરમાણુ આત્માના મિથ્યાત્વ અને રાગ-દ્વેષને નિમિત્ત કરીને. નિમિત્ત કરીને એનો અર્થ? નિમિત્ત બનાવીને એટલે જડને ખબર છે? સમજાય છે કાંઈ? એ કર્મ જ્યારે બંધાવાની યોગ્યતા પોતાની પર્યાયમાં છે ત્યારે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ સામે એક નિમિત્ત છે. એટલે નિમિત્ત કરીને એમ કહેવામાં આવ્યું. પણ નિમિત્તથી ત્યાં થયું છે એમ નથી. કહો, સમજાય છે કાંઈ? આહાહા..!

એવો મિથ્યાત્વભાવ અને જે પ્રકારના રાગ-દ્વેષ કરે એ જ પ્રકારના, એને અનુકૂળ જ, કર્મની વર્ગણા કર્મરૂપે પર્યાય થાય. પણ એ પર્યાયને આ રાગ-દ્વેષ નિમિત્ત છે. પણ એ રાગ-દ્વેષે કર્મની પર્યાય રચી છે એમ નથી. સમજાય છે કાંઈ? અહીં તો કહે છે, જેટલા પ્રમાણમાં ભ્રમણા અને અજ્ઞાન, રાગ-દ્વેષ છે તેટલા જ પ્રમાણમાં કર્મની પર્યાય બંધાવા છતાં કર્મની પર્યાયનો કર્તા અજ્ઞાની આત્મા નહિ. અજ્ઞાની આત્મા એના રાગ-દ્વેષ અને અજ્ઞાનનો કર્તા છે. આ બાહ્ય ચીજ તો ક્યાંય રહી ગઈ. મંદિર, મકાન, પુસ્તક આદિ બહાર છે. એ તો જેટલો રાગ છે તેટલા પ્રમાણમાં બહાર બને છે એમ નથી. તો એની સાથે કર્તાકર્મ તો ત્રણ કાળમાં નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અજ્ઞાની પણ કર્તા નથી. અહીં તો કર્તા કોને કહે છે? અંદરમાં જેટલા પ્રમાણમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષ થાય તેટલા પ્રમાણમાં પરમાણુની પર્યાય સ્વતઃ પોતાની પર્યાયની યોગ્યતાથી ત્યાં કર્મ બંધાય છે તો એ કર્મની પર્યાયનો પણ અજ્ઞાનીના પરિણામ કર્તા નથી તો બહારની ચીજમાં એવી યોગ્યતા છે એમ ત્યાં થાય છે એમ તો છે જ નહિ. સમજાય

છે કાંઈ? શરીર આદિની પર્યાય, ભાષાની પર્યાય, પુસ્તક બંધાવાની પર્યાય, લખવાની પર્યાય, બોલવાની પર્યાય, મંદિર રચનાની પર્યાય એ પર્યાય કાર્ય અને અજ્ઞાની આત્મા કર્તા ઈ છે જ નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જ્ઞાનીની તો વાતેય નથી, આ તો અજ્ઞાની પણ એનો કર્તા નથી. એ અહીં સિદ્ધ કરવું છે ને. જ્ઞાની તો જ્ઞાનની પર્યાય રાગનો કર્તા નથી ત્યાં પરના કર્તાનો તો પ્રશ્ન જ નથી.

અહીંયા તો એમ સિદ્ધ કરવું છે કે જેટલા પ્રમાણમાં મિથ્યાત્વ તીવ્ર હો તો એ પ્રમાણમાં દર્શનમોહનીયના પરમાણુ બંધાય. લ્યો. તીવ્ર આસક્તિનો રાગ, દ્વેષ હોય તેટલા જ પ્રમાણમાં કર્મની પર્યાય તોલાતોલ પ્રમાણે બંધાય. છતાં એ પરમાણુની પર્યાયનો કર્તા અજ્ઞાનીના પરિણામ નહિ. તો પછી બહારની ચીજમાં તુલના ક્યાં છે? ઈચ્છા થઈ એ પ્રમાણે શરીર રહે છે? આ તો શરીર છે, આમ ચાલે, આમ ચાલે. ઈચ્છા થઈ કે રોટલી લઉં. ઈચ્છા, એ આંગળીનું કાર્ય એનું એમ છે જ નહિ. સમજાય છે કાંઈ?

'**જીવપરિણામને નિમિત્ત કરીને...**' આ નિમિત્ત કરીને વાંધો આવ્યો. નિમિત્ત કરીને છે કે નહિ? મોક્ષમાર્ગ પ્રકાશકમાં એક આવે છે કે કર્મબંધન જે છે, જીવના જે પરિણામનું નિમિત્ત મળે એ બદલી જાય, ન મળે તો ન બદલાય. જુઓ ભાઈ! નિમિત્તની પ્રધાનતા. સમજાય છે કાંઈ? એ બધા ટૂકડા એ બાજુથી આવ્યા હતા. સમજાય છે? એમાં છે કે નહિ? કર્મમાં છે ને કર્મમાં. કર્મ, કર્મ. કેટલામાં આવ્યું? કર્મ તો બીજામાં છે ને? જુઓ! એમાં લખ્યું છે. નિમિત્ત મળે તો કર્મની પર્યાય બદલાઈ જાય છે, ન મળે તો ન બદલાય. જુઓ! નિમિત્તની પ્રધાનતા આવી. એમાં છે. સમજ્યા? એમ નથી. એ તો એમ કહે છે કે કર્મની પર્યાય જે સમયે જે થવાની છે તે થાય છે. પણ જ્યારે તેને પલટવાનું હોય તો રાગાદિનું નિમિત્ત મળે.

'**પૂર્વે બાંધેલા પરમાણુઓની અવસ્થા પણ જીવભાવનું નિમત્ત પામીને...**' જીવભાવનું નિમિત્ત પામીને '**પલટાય છે. નિમિત્ત ન બને તો ન પલટાય.**' જુઓ! ૩૩ પાનું છે. છે કે નહિ? '**નિમિત્ત ન બને તો ન પલટાય, જેમની તેમ રહે.**' એ તો જ્ઞાન કરાવ્યું છે કે પલટવાનું હોય તો એવું નિમિત્ત બને છે. નિમિત્ત હોય તો પલટે અને નિમિત્ત ન હોય તો ન પલટે, એ નિમિત્તને આધીન છે એ વાત સિદ્ધ નથી કરવી. સમજાય છે કાંઈ?

અહીંયા કહે છે કે '**જીવપરિણામને નિમિત્ત કરીને પુદ્ગલો કર્મપણે પરિણમે છે...**'

એનો અર્થ કે જીવે જેવા મિથ્યાત્વ, રાગ-દ્વેષ, અનુકંપા, હિંસા આદિના જેવા પરિણામ કર્યા તેટલા પ્રમાણમાં પુદ્‌ગલ કર્મરૂપ, પુદ્‌ગલ છે તે કર્મરૂપ પરિણમે છે. પુદ્‌ગલ જે વર્ગણા છે એ કર્મરૂપ અવસ્થા થાય છે. કર્મરૂપ અવસ્થા થવાની તે સમયની પર્યાયની પુદ્‌ગલની યોગ્યતા હતી. અહીં રાગ-દ્વેષ નિમિત્ત છે તો પરિણમે છે એમ નહિ. સમજાય છે કાંઈ? આ તો સહેલી વાત છે. પેલા તો સૂક્ષ્મ હતી. પોપટભાઈ! આ તો સહેલી છે. અહીં તો ભાષા લીધી, જુઓ! '**જીવપરિણામને નિમિત્ત કરીને પુદ્‌ગલો કર્મપણે પરિણમે છે...**' જુઓ! પુદ્‌ગલો કર્મપણે પરિણમે છે. પુદ્‌ગલો જે છે તે કર્મરૂપે પરિણમે છે. વિકારનું નિમિત્ત પામીને પુદ્‌ગલો કર્મરૂપ પરિણમે છે. પુદ્‌ગલો કર્મરૂપની અવસ્થા ધારણ કરે છે. નિમિત્ત પામીને પુદ્‌ગલો કર્મરૂપ અવસ્થાને કરનાર છે. જુઓ! એ.. અમૂલખચંદજી! છે? છે કે નહિ એમાં? સમયસારમાં છે આ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનો અર્થ શું થયો? કે એ સમયે નિમિત્ત છે અને તે જ સમયે પુદ્‌ગલ પોતાની પર્યાયથી પરિણમે છે. નિમિત્તને કારણે નહિ. સમજાય છે કાંઈ? રાજમલજી! જાવું છે હવે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**જીવપરિણામને નિમિત્ત કરીને...**' એનો અર્થ જીવના પરિણામ અહીંયા છે અશુદ્ધ ઉપાદાન. બસ એટલું. અને ત્યાં તે જ સમયે પુદ્‌ગલમાં જે પ્રકારના પરિણમનની યોગ્યતા છે તે રીતે પોતાથી પરિણમન થાય છે. વિકાર આવો થયો તો ત્યાં પરમાણુની પર્યાયમાં કર્મરૂપ પરિણમન થયું એમ નથી. બેય સ્વતંત્ર છે. પંડિતજી! એમાં મોટી ગડબડ છે. પેલા વયા ગયા છે હમણાં ફતેહચંદ. ગિરનાર ગયા, ગિરનાર ગયા. એ તો બિચારા કહેતા હતા, અમે પાપી જેવા પ્રાણી, અંદર ફરી ગયા હશે. વાત બેસે છે અમને. ગણધર જેવા ભગવાનને જોઈને પલટી ગયા, તો અમારા જેવા પાપીના હૃદય અહીંયા પલટી ગયા. આહાહા..!

મુમુક્ષુ :- બધાને માટે એક છે.

ઉત્તર :- બધાને માટે છે. આ તો બિચારો જરી રોતો હતો. એ તો હો. હો એ પ્રકાર, પણ જ્યારે ... ગણધર આવા પરમતિ, અન્યમતિ વેદાંતને માનવાવાળા. ત્યાં મિથ્યાદૃષ્ટિ આદિ બહુ હતા. ... પારંગત એવા પણ એક ક્ષણમાં ભગવાનને જોઈને પામ્યા તો મને હવે વિશ્વાસ આવે છે. અમારા જેવા પાપી પણ હવે આ સાંભળીને.. વાત આવી સત્ય છે એમ બેસી જાય છે તો એને બેસી હશે એ યથાર્થ છે એમ કહેતા હતા. આહાહા..! આ તો ચીજ જ એવી છે. આમાં કોઈનો પક્ષ ક્યાં છે. પણ જરી પક્ષપાત વિના સાંભળે તો ખ્યાલ આવે. પણ પોતાના આગ્રહપૂર્વક પક્કડ રાખે કે જુઓ! નિમિત્ત કરીને પુદ્‌ગલો કર્મરૂપ પરિણમે

છે. કરો અર્થ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અનેકાંત આ થયું કે નિમિત્ત છે. પરિણમન એનાથી થાય છે પણ નિમિત્તથી પરિણમન થતું નથી એનું નામ અનેકાંત. પુદ્ગલની તે સમયની તે જ પર્યાય થવામાં કાર્ય કરવાવાળા પરમાણુ હતા. આ કારણે નહિ. અહીંયા જેટલા પ્રમાણમાં મિથ્યાત્વ, રાગ-દ્વેષ કર્યા માટે પરમાણુને પરિણમવું પડ્યું એમ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! એવી જ કોઈ નિમિત્ત નૈમિત્તિક સંબંધ સ્વતંત્ર સ્વયંસિદ્ધ પરિણમન પોતાથી થાય છે. પણ નિમિત્ત કર્તા છે. અને આની હયાતી છે, રાગ-દ્વેષ અને મિથ્યાત્વની અસ્તિ છે, અસ્તિ, સત્ અસ્તિ તેને કારણે પરમાણુમાં પુદ્ગલની કર્મરૂપ અવસ્થાની અસ્તિ થઈ એમ નથી. એમ કહે છે. શું કહ્યું સમજાણું?

નિમિત્તની અસ્તિ છે, અસ્તિ-સત્-હયાતી તો પુદ્ગલને તે સમયે કર્મરૂપ હયાતીરૂપે પરિણમવું પડ્યું, અસ્તિ છે એમ છે જ નહિ. આ છે તો આ છે એમ નથી. ઈ એનાથી છે, આ પોતાથી છે. સમજાય છે કાંઈ? હજી તો અહીંયા વાંધા, નહિ, જેવા કર્મનો ઉદય આવે.. એક બાજુ તમે કહો છો કે જેટલા રાગ-દ્વેષ અને મિથ્યાત્વ પરિણામ કરે તેટલા પ્રમાણમાં પુદ્ગલો કર્મરૂપે પરિણમે. આ બાજુ લ્યોને, જેટલા પ્રમાણમાં ઉદય આવે તેટલા પ્રમાણમાં વિકાર કરે. સમજાય છે કાંઈ? કોઈ પ્રમાણમાં નથી. સાંભળ તો ખરો.

અહીં તો કહે છે કે જેટલા પ્રમાણમાં જીવે પોતાને ભૂલીને મિથ્યાત્વ અને રાગ-દ્વેષના જેટલા શુભાશુભ ભાવ થાય, તે જ સમયે પરમાણુમાં જે પરમાણુ, પરમાણુ તો ઘણા છે, વિસ્તાર તો ઘણા છે, અનંતગુણા અનંતગુણા પડ્યા છે, પણ જે પરમાણુમાં તે જ સમયે તે જ પર્યાય ઉત્પાદ થવા લાયક હતી તે પરિણમ્યા. આ કારણે નહિ. સમજાય છે કાંઈ?

'**જીવપરિણામને નિમિત્ત કરીને...**' ઈ આ. શબ્દનું ક્યાં વજન દે છે એ વજનમાં ફેર છે. પેલા કહે, નિમિત્ત કરીને પરિણમન થાય છે. અહીં કહે છે કે નિમિત્ત છે. પરમાણુ પોતાથી પરિણમે છે. હીરાભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નિમિત્ત કરીને? એનો ખુલાસો થાય છે. નિમિત્ત કરીને, નિમિત્ત કરીને, નિમિત્ત કરીને થાય છે એનો અર્થ શું? સમજાય છે કાંઈ? નિમિત્ત નિમિત્તના સ્થાનમાં, સમીપના કાળમાં અને નિમિત્તના ભાવમાં. પુદ્ગલ પોતાના કાળમાં, પોતાના ભાવમાં, પોતાની પર્યાયથી પરિણમિત થાય છે. શું નિમિત્તને કારણે પરિણમિત થાય છે? સમજાય છે કાંઈ? આહાહા..!

'**જીવપરિણામને નિમિત્ત કરીને પુદ્ગલો...**' પુદ્ગલ વર્ગણા છે ને. '**પુદ્ગલો કર્મરૂપ**

**પરિણમે છે...**' કર્મની અવસ્થારૂપ પુદ્ગલમાં કાર્ય થાય છે. નિમિત્ત કરીને પુદ્ગલમાં કર્મરૂપી અવસ્થાનું કર્મ કહો કે કાર્ય કહો, પુદ્ગલમાં કાર્ય થાય છે. નિમિત્ત કરીને પુદ્ગલમાં કાર્ય થાય છે. ભાષા ઈ છે. એ.. ધન્નાલાલજી! નિમિત્ત કરીને.. ભાઈ! આ જુઓને! નિમિત્ત કરીને એમાં કાર્ય થાય છે. ભાષા એવી છે. પણ એ તો ત્યાં નિમિત્તની હયાતી એવી છે, કાર્ય પોતાથી થાય છે એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ તો કહેશે. પણ અહીં તો પહેલા આમાં વાંધા.

'**પુદ્ગલો કર્મપણે પરિણમે છે...**' તો એક પ્રશ્ન પહેલા કર્યો હતો. આત્મા રાગ-દ્વેષ ન કરે તો પુદ્ગલ કર્મપણે પરિણમે છે? રાગ-દ્વેષ ન કરે અને કરેનો પ્રશ્ન ક્યાં છે. અહીં તો રાગ-દ્વેષ છે. ત્યાં પુદ્ગલ પોતાથી પરિણમે છે. બસ એટલું. રાગ-દ્વેષ ન કરે તો પુદ્ગલમાં પરિણમન થવાની લાયકાત પણ નહોતી. અહીંયાં પોતામાં રાગ થવાની લાયકાત નહોતી, તો ત્યાં પણ લાયકાત નહોતી. તે સમયે ભેદ થઈ ગયો, કાળભેદ થઈ ગયો. આ તો રાગ-દ્વેષના કાળમાં શું થાય છે એની વાત ચાલે છે. સમજાય છે કાંઈ? એ કાળભેદ થઈ ગયો. રાગ-દ્વેષ ન કરે તો? રાગ-દ્વેષ ન કરે તો વીતરાગ પર્યાય કરે. તો પુદ્ગલમાં પણ વિકાર પર્યાય થવાનો સ્વકાળ એમાં નથી. તો કાળભેદ થઈ ગયો. આ કાળે જેમ રાગ-દ્વેષ છે ત્યારે જે કર્મનું પરિણમન થયું તે પોતાથી થયું છે. કર્મથી થયું છે, રાગ-દ્વેષથી નહિ. સમજાય છે કાંઈ?

'**અને...**' હવે અહીંયા આવ્યું ફરીથી. '**પુદ્ગલકર્મને નિમિત્ત કરીને...**' જુઓ! પુદ્ગલના કર્મનો ઉદય થયો, ઉદય તેને નિમિત્ત કરીને. નિમિત્ત કરીને એમ છે ત્યાં. સત્તા તો પડી છે ભલે, આ તો ઉદય આવ્યો. એ નિમિત્ત ઉદય આવ્યો, એ નિમિત્ત ત્યાં છે, એટલું છે. '**જીવ પણ...**' પુદ્ગલની વાત કરીને એટલે જીવ પણ (કહ્યું). '**પરિણમે છે.**' પુદ્ગલકર્મને નિમિત્ત કરીને. ત્યાં પણ વાંધા. પુદ્ગલકર્મને નિમિત્ત કરીને જીવ વિકારરૂપ થાય છે. પોતાના વિકારરૂપી કાર્યમાં નિમિત્ત કારણ છે. તો નિમિત્ત કારણથી કાર્ય અહીંયા વિકાર થાય છે. શું લખ્યું છે જુઓ! પુસ્તક છે કે નહિ સામે?

'**અને પુદ્ગલકર્મને નિમિત્ત કરીને...**' કર્મને નિમિત્ત કરીને એનો અર્થ ત્યાં ઉદયને નિમિત્ત કરીને. એમ. સમજાય છે કાંઈ? જીવ પણ, નિમિત્ત કરીને જીવ પણ પરિણમે છે. જીવ પણ પરિણમે છે એટલે અહીંયા વિકાર લેવો. સમજાય છે કાંઈ? જીવ પણ વિકારપણે પરિણમે છે એનો અર્થ વિકારરૂપ જીવ પરિણમે છે એમ લેવું. અહીં જીવ પણ પરિણમે છે ઈ અવિકારરૂપ પરિણમે છે ઈ વાત અહીંયા નથી. સમજાય છે કાંઈ? '**પુદ્ગલકર્મને નિમિત્ત**

**કરીને...**' અર્થાત્ ઉદયની ઉપસ્થિતિ છે. ઉપસ્થિતિ છે તો વિકારના પરિણમનો અહીંયા કાળ-સ્વકાળ એને કારણે આવ્યો એમ નથી. સમજાય છે કાંઈ? '**પુદ્‌ગલકર્મને નિમિત્ત કરીને જીવ પણ પરિણમે છે...**' જીવ પણ કર્મનું નિમિત્ત પામીને વિકારરૂપ પરિણમે છે. પણ એનો અર્થ શું? વિકારનું પરિણમન થવાના પોતાની પર્યાયના કાળમાં કર્મનો ઉદય ત્યાં નિમિત્તરૂપ પદાર્થ છે. એટલી વાત છે. અને ઉદય આવ્યો, એની અસ્તિ થઈ તેથી વિકારની અસ્તિ થઈ એમ નથી. એમાં કર્તાકર્મ થઈ જાય છે. સમજાય છે કાંઈ? મોટી તકરાર. આ આમ લખ્યું છે અમૃતચંદ્રાચાર્યે અને તમે કહો કે નિમિત્તથી કંઈ થયું નથી. નિમિત્તથી કંઈ થયું નથી. પૂછો ગણધરને જાઓ. શેઠ! એમ આવ્યું હતું. નિમિત્તથી કંઈ થતું નથી. આ લખ્યું છે ને. શું લખ્યું છે? પુદ્‌ગલકર્મના ઉદયરૂપ નિમિત્તના તેના સ્વકાળમાં અહીંયા જીવમાં પોતાથી નિમિત્તની અપેક્ષા રાખ્યા વિના નિરપેક્ષપણે રાગ-દ્વેષ, મિથ્યાત્વપણે પરિણમે છે તો એને નિમિત્ત કહેવામાં આવે છે. નિશ્ચયમાં તો નહિ. નિશ્ચયમાં તો નિમિત્ત નહિ. આ તો વ્યવહાર સિદ્ધ કરવો છે, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ. આહાહા..! સમજાય છે કાંઈ?

નિશ્ચયમાં વિકાર, મિથ્યાત્વ રાગ-દ્વેષ આત્મા કરે છે, પરની અપેક્ષા વિના નિરપેક્ષપણે નિશ્ચયથી વિકાર પોતાથી થાય છે. અહીં તો વ્યવહાર નિમિત્ત નૈમિત્તિકનો સંબંધ સિદ્ધ કરવો છે. સમજાય છે કાંઈ? ભારે વ્યાખ્યા. પંચાસ્તિકાયની ૬૨ ગાથાની ઈ ચર્ચા ચાલી હતી. (સંવત) ૨૦૧૩ની સાલ. શું કહેવાય? ક્યું ગામ કહેવાય? મધુવન. મધુવનમાં .. છે ને? વ્યાખ્યાન ચાલતું હતું. અમે વીસપંથીમાં ઉતર્યા હતા. નીચે ઓરડી છે ત્યાં ચર્ચા ચાલેલી. એક કલાક ચાલી હતી. બધા હતા. અમારા પંડિતજી પણ હતા. હતા કે નહિ? વજુભાઈ હતા? સમજાય છે? વિકાર કેમ થયો? વિકાર પોતાથી નિશ્ચયથી થયો. કેમ થયો શું? વિકાર જીવમાં કેમ થયો? નિશ્ચયથી પોતામાં પરની અપેક્ષા વિના, પર કારકની અપેક્ષા વિના, પર કારક નામ કર્તા, કર્મ, કરણની અપેક્ષા વિના પોતામાં પોતાને કારણે વિકાર નિશ્ચયથી પરની અપેક્ષા વિના નિરપેક્ષ કારકની અપેક્ષા વિના થાય છે. આહાહા..! ગડબડ ગડબડ. આહાહા..! ભારે પકડાઈ ગયા આ લોકો. આ લોકો ભારે (પકડાયા). અમે આટલા આટલા પંડિત નક્કી કર્યું અને આ વળી નવી જાતનું કાઢ્યું. વિરુદ્ધ છે, વિરુદ્ધ છે. કરો પોકાર રે કરો. એમાં કંઈ ફેરફાર થાય નહિ. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં તો કહે છે, '**પુદ્‌ગલકર્મને નિમિત્ત કરીને જીવ પણ પરિણમે છે...**' એ પરિણમે છે એ વિકાર લેવો. એ પરિણામ જે પહેલા હતા એ તો નિર્મળ સમ્યગ્દર્શનનું પરિણમન હતું. સમજાય છે કાંઈ? અહીં જીવ પણ પરિણમે છે એ વિકારરૂપે પરિણમે છે. સમજાય છે કાંઈ? '**जीवोऽपि परिणमतीति**' છે ને? '**पुद्गलकर्म निमित्तीकृत्य जीवोऽपि**

**परिणमतीति**' પરિણમે છે નામ વિકારરૂપે થાય છે. એમ. પુદ્‌ગલકર્મના નિમિત્તની ઉપસ્થિતિ અસ્તિ એક સમય, તે જ સમય. તે જ સમયે જીવ રાગ-દ્વેષ, મિથ્યાત્વપણે પરિણમે છે. સમયભેદ તો છે નહિ. કાળભેદ તો છે નહિ. ઈ આવ્યું અને અહીંયા થયા એમ તો છે નહિ. છે, છે. અહીંયા પોતાથી છે. ત્યાં છે, આ પોતાથી છે. એમાં ક્યાં કર્તા થયો? એનાથી થયું એમ ક્યાં આવ્યું? એ પહેલા આવે અને પછી બીજા સમયે પરિણમે તો તો એનાથી થયું. અહીં તો સમય તો એક જ છે. ત્યાં છે ઉદય, અહીંયા રાગ-દ્વેષ પરિણામ. આમાં સમયભેદ ક્યાં છે કે એનાથી થયું? ભિન્ન ભિન્ન છે. સમજાય છે કાંઈ?

'**પુદ્‌ગલકર્મને નિમિત્ત કરીને જીવ પણ...**' જીવ પણ. આ અજ્ઞાનીની વાત છે. '**પરિણમે છે.**' મિથ્યાત્વ અને રાગ-દ્વેષ થાય છે. '**એમ જીવના પરિણામને અને પુદ્‌ગલના પરિણામને...**' જુઓ! માટે જીવના પરિણામને (અર્થાત્) વિકારી પરિણામ. મિથ્યાત્વ ને રાગ-દ્વેષના જીવના પરિણામને '**અને પુદ્‌ગલના પરિણામને...**' પુદ્‌ગલ પરિણામ શબ્દે કર્મનો ઉદય. કર્મનો ઉદય. આ પુદ્‌ગલપરિણામ એટલે રાગ-દ્વેષ અહીં નહિ. સમજાય છે કાંઈ? '**અન્યોન્ય...**' અન્યોન્ય-માંહોમાંહે '**હેતુપણાનો ઉલ્લેખ હોવા છતાં...**' હેતુ નામ નિમિત્તનું કથન હોવા છતાં. એકબીજામાં નિમિત્ત એવો હેતુ કહેવામાં આવવા છતાં. સમજાય છે કાંઈ? બહુ હિન્દી નથી આવડતી, હોં! અમને તો સાધારણ માંડ ભાંગીતૂટલી આવડે છે. ભાવ આવે. અમારી ભાષા કંઈ હિન્દી છે? અમરચંદભાઈ કહેતા હતા, જેવું ગુજરાતીમાં આવે છે એવું હિન્દીમાં નથી આવતું. કામ ચાલે, કામ. હિન્દી લોકો આવે તો પછી સમજે નહિ, શું કરે? ભાષા આવે છે એ એને કારણે. સમજાય છે કાંઈ?

'**જીવના પરિણામને...**' જીવના પરિણામ ક્યા? મિથ્યાત્વ અને રાગ-દ્વેષ અને '**પુદ્‌ગલના પરિણામને...**' કર્મનો ઉદય '**અન્યોન્ય હેતુપણાનો ઉલ્લેખ હોવા છતાં...**' બે વાત છે. જે આત્મા મિથ્યાત્વ અને રાગ-દ્વેષપણે પરિણમે છે ત્યારે કર્મનો ઉદય નિમિત્ત છે. સમજાય છે? અને જ્યારે એ કર્મ પરિણમે છે ત્યારે રાગ-દ્વેષ નિમિત્ત છે. પરિણમે છે ત્યાં. સમજાય છે કાંઈ? ત્યાં ઉદય ન લેવો. અહીં ઉદય લેવો. વિકારમાં નિમિત્ત છે તો કર્મનો ઉદય. અને કર્મમાં નિમિત્ત છે તો કર્મબંધનની પર્યાયમાં વિકાર નિમિત્ત છે. સમજાય છે કાંઈ? આવો નિમિત્તનો હેતુ હોવા છતાં. જુઓ! '**અન્યોન્ય હેતુપણાનો ઉલ્લેખ...**' આવું કથન હોવા છતાં '**જીવ અને પુદ્‌ગલને પરસ્પર વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...**' છે? જીવ અને પુદ્‌ગલને પરસ્પર. બેય શબ્દે પરસ્પર છે. જીવના પરિણામને અને પુદ્‌ગલના પરિણામને. અહીં તો પુદ્‌ગલના પરિણામમાં .. લીધું. જ્યારે રાગ-દ્વેષ અને મિથ્યાત્વરૂપે પરિણમે છે, તે સમયે પુદ્‌ગલ કર્મરૂપી પરિણતિ કરે છે એટલું લેવું. અને જ્યારે આત્મા રાગ-દ્વેષ કરે

છે ત્યારે કર્મના ઉદયરૂપ પરિણામ લેવા. એટલો ફેર છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એક જ સાથે. જૂના કર્મનો ઉદય એ જીવના પરિણામમાં નિમિત્ત. અને નવા કર્મના બંધમાં જીવના પરિણામ નિમિત્ત. સમય તો એક જ છે. સ્વતંત્ર છે સૌના પરિણામ. કોઈને કારણે કોઈ નથી. સમજાય છે કાંઈ?

'**પુદ્‌ગલના પરિણામને અન્યોન્ય હેતુપણાનો...**' આમાં ઈ કહેવામાં આવ્યું છે. નહિતર નવો કર્મનો બંધ પડે સ્વતંત્ર, એમાં રાગ-દ્વેષ નિમિત્ત છે. એ જ કર્મ પરમાણુઓ રાગ-દ્વેષમાં નિમિત્ત થાય એમ નથી હોતું. સમજાય છે કાંઈ? એ જ પરમાણુનો જ્યારે બંધ પડે છે, અહીંયા રાગ-દ્વેષ થયા, મિથ્યાત્વ થયું તો બંધાયા, બસ એટલું. હવે એમાંથી ઉદય થાય છે એ પરિણામ રાગ-દ્વેષમાં નિમિત્ત થાય છે. પૂર્વના. બેના પરિણામમાં ફેર છે. પરિણામ તો પુદ્‌ગલના પરિણામ એમ બેયમાં લીધું. પણ બેયનો અર્થ શું? બેયના પુદ્‌ગલપરિણામ. એક પુદ્‌ગલપરિણામ જેવા મિથ્યાત્વ, રાગ-દ્વેષ કર્યા અને પરમાણુ બંધાયા એ પુદ્‌ગલપરિણામ. એક. બીજું, જે (પૂર્વે) બંધાયા હતા એનો ઉદય આવ્યો તો અહીંયા જીવે રાગ-દ્વેષ કર્યા. પોતાથી. તો એ ઉદય પરિણામ પુદ્‌ગલના. પેલા બંધના, આ ઉદયના. એ બેયને અહીંયા પુદ્‌ગલપરિણામથી સમજાવ્યું છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નવા બંધાયા છે અને પેલો જૂનાનો ઉદય છે. બેયને પુદ્‌ગલના પરિણામ કહ્યા છે.

મુમુક્ષુ :- ત્રણેનો એક સમય છે.

ઉત્તર :- એક જ સમય છે. સમજાય છે કાંઈ? ફેર કેટલો?

પુદ્‌ગલના પરિણામમાં બે પ્રકાર લીધા. નવો બંધ પડે એ પુદ્‌ગલના પરિણામ. અને એ પૂર્વના બંધ પડેલાનો ઉદય આવે એ પુદ્‌ગલના પરિણામ. સમજાય છે કાંઈ? મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ એમાં નિમિત્ત. નવા બંધાય છે એ પરિણામ નિમિત્ત નથી થતા. રાગ-દ્વેષ, મિથ્યાત્વ થયું પોતાથી. અને કર્મની પર્યાય થઈ બંધમાં એ સ્વતંત્ર. પણ એ બંધપરિણામ જે થયા તે આ રાગ-દ્વેષ થયા એમાં નિમિત્ત નથી. એમાં તો પૂર્વના કર્મનો ઉદય રાગ-દ્વેષમાં નિમિત્ત છે. સમજાય છે કાંઈ? એ પુદ્‌ગલપરિણામ જે લીધા એ પ્રકારના લીધા. સમજાય છે કાંઈ?

'**અન્યોન્ય હેતુપણાનો ઉલ્લેખ હોવા છતાં...**' જીવના પરિણામ. જીવના પરિણામ તો રાગ-દ્વેષ થયા અહીંયા. બંધ પડ્યો એમાં રાગ-દ્વેષ નિમિત્ત. સમજાયું? અને ઉદય આવ્યો

અને અહીં જીવના પરિણામ થયા તેમાં તે ઉદય નિમિત્ત થયો. જીવના પરિણામમાં રાગ-દ્વેષ (થયા). સમજાય છે કાંઈ? રાગ-દ્વેષ અને મિથ્યાત્વના પરિણામ નવા બંધમાં નિમિત્ત. એ રાગ-દ્વેષ, મિથ્યાત્વના પરિણામમાં જૂનો ઉદય નિમિત્ત. જૂનો ઉદય એમાં નિમિત્ત. સમજાય છે કાંઈ? આ તો સાદી વાત છે. આમાં કાંઈ કોઈ ઝીણી નથી. સવારે ઝીણી હતી. સવારે તો ઝીણું માખણ હતું ને!

'**જીવ અને પુદ્‌ગલને પરસ્પર વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...**' જીવની પર્યાય કર્મની અવસ્થા કરે અને આત્મા વ્યાપક થાય એમ નથી. અને કર્મની અવસ્થા વ્યાપક-કર્તા થાય અને વિકારી પર્યાય વ્યાપ્ય થાય એમ નથી. '**જીવને પુદ્‌ગલપરિણામો સાથે અને પુદ્‌ગલકર્મને જીવપરિણામો સાથે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોઈને,...**' અસિદ્ધિ છે. બેયને કર્તાકર્તાપણું નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ-૮, શુક્રવાર તા. ૧૬-૮-૧૯૬૮**
**ગાથા-૮૦થી ૮૨, ૮૩. પ્રવચન-૬૦૦**

કર્તાકર્મ અધિકાર ચાલે છે. ૮૦, ૮૧ અને ૮૨. અહીંયા સુધી આવ્યું છે. '**જીવને પુદ્ગલપરિણામો સાથે અને પુદ્ગલકર્મને જીવપરિણામો સાથે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોઈને...**' શું કહ્યું સમજાણું? જીવ પોતાના વિકારી પરિણામ કરે અને એમાં પુદ્ગલ પૂર્વના કર્મનું નિમિત્ત હો. અને નવા કર્મબંધનમાં રાગ-દ્વેષનું નિમિત્ત હો. એમ હોવા છતાં જીવ પોતાના પરિણામનો કર્તા છે પણ કર્મબંધનની પર્યાયનો કર્તા નથી. અને પૂર્વકર્મનો ઉદય પોતાના પરિણામનો કર્તા છે પણ જીવના વિકારી પરિણામનો એ કર્મનો ઉદય કર્તા નથી. સમજાય છે કાંઈ? નિમિત્ત-નૈમિત્તિક હો, એમાં શું? નિમિત્ત-નૈમિત્તિક થતાં કર્તાકર્મ થઈ જાય છે? અહીં તો કહે છે, નિમિત્ત છે તો કર્તા થઈ જાય છે. એમ કહે છે. એનો ખુલાસો છે, જુઓ!

'**માત્ર નિમિત્તનૈમિત્તિકભાવનો નિષેધ નહિ હોવાથી,...**' નિમિત્ત-નૈમિત્તિકનો અર્થ ઈ કે જીવ વિકાર કરે તો પૂર્વના કર્મનો ઉદય નિમિત્ત કહેવામાં આવે છે અને જીવ વિકાર કરે અને કર્મબંધનની પર્યાય પોતાથી થાય, પુદ્ગલથી થાય તો વિકારને નિમિત્ત કહેવામાં આવે. બસ, આટલો નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો નિષેધ નહિ હોવા છતાં એકબીજા કર્તા નથી. સમજાય છે કાંઈ?

આ લાકડી છે. જુઓ! આ લાકડી છે તો એના પરિણામથી ઉંચી થાય છે. આંગળી નિમિત્ત છે. આંગળીના પરિણામ એને નિમિત્ત છે. અને આ પરિણામ નૈમિત્તિક છે. અને એ નિમિત્ત છે તો આ નૈમિત્તિક છે. આંગળીના પરિણામ નિમિત્ત છે તો આ નૈમિત્તિક છે, આ નિમિત્ત છે તો આંગળીના પરિણામ નૈમિત્તિક છે. એમ હોવા છતાં આંગળીના પરિણામે લાકડીના પરિણામ કર્યા નથી અને લાકડીના પરિણામે આંગળીના પરિણામને કર્યા નથી. કહો, શોભાલાલજી! સમજાય છે? જુઓ! એઈ..!

રૂપિયા છે ને? રૂપિયા-નોટ નોટ. નોટ આમ જાય છે. તો નોટની જે પર્યાય છે એ પોતામાં થઈ તો આમ જાય છે. અને એમાં આ હાથની પર્યાયનું નિમિત્ત થયું. સમજાય છે કાંઈ? છતાં હાથની પર્યાય એના જવાના પરિણામની કર્તા છે અને એ પરિણામ કાર્ય છે એમ નથી.

મુમુક્ષુ :- અજ્ઞાનીની ઈચ્છા...

ઉત્તર :- ઈચ્છા નિમિત્ત છે. ઈચ્છા નિમિત્ત છે એ તો આંગળીની પર્યાયને વળી. સમજાય

છે કાંઈ? આંગળીની પર્યાય આમ થઈ એમાં ઈચ્છા નિમિત્ત. છતાં આંગળીની પર્યાયનું કાર્ય ઈચ્છાએ કર્યું એમ નથી. ઈચ્છા કર્તા અને આંગળીની પર્યાય કર્મ-કાર્ય એમ નથી. સમજાય છે કાંઈ? મોટો ગોટો છે નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો. ૪૭ દોહામાં છે ને? નિમિત્ત-ઉપાદાનમાં. એમાં અજીતકુમારે ભૂલ કાઢી હતી. નિમિત્તની દલીલ યથાર્થ છે. ઉપાદાનની દલીલમાં ઉટપટાંગ છે. એમ લખ્યું હતું. કહો, હવે ઉપાદાન માટે સિદ્ધ કર્યું છે. ત્યારે કહે છે, એની ઉટપટાંગ દલીલ છે. કહો! પંડિત લોકો કોને કહેવા. સમજાય છે કાંઈ? પંડિત તો આ ભગવાનદાસજી છે. કહો, સમજાય છે કાંઈ?

અહીં કહે છે, '**અન્યોન્ય નિમિત્તમાત્ર...**' શબ્દ પડ્યો છે. નિમિત્ત-નૈમિત્તિક ભાવનો. નિમિત્ત-નૈમિત્તિક ભાવનો અર્થ જીવ જ્યારે વિકાર કરે છે પોતાથી '**सएण भावेण**', પોતાના ભાવથી, ત્યારે પૂર્વ કર્મનો ઉદય છે તેને નિમિત્ત કહેવામાં આવ્યું. છતાં એ નિમિત્ત કર્તા છે અને જીવનું વિકારી કાર્ય તે કર્મ કર્તા છે એમ નથી. એમ જીવે વિકારી પરિણામ કર્યા અને નવા પરમાણુ કર્મરૂપે પરિણમ્યા. તો કર્મરૂપે જે પરિણમન થયું એમાં વિકારી પરિણામ નિમિત્ત છે. પણ વિકારી પરિણામે કર્મની પર્યાયનું પરિણમન કરાવ્યું એમ નથી. કહો, શેઠી! પુસ્તક-બુસ્તક છે કે નહિ? ક્યાં છે?

મુમુક્ષુ :- મળ્યું નહિ.

ઉત્તર :- ન મળ્યું? બીજું છે કે નહિ? એઈ..! બીજું છે, લો. ચશ્મા નથી. બેય નથી, જાઓ! સમજાય છે?

'**માત્ર નિમિત્તનૈમિત્તિકભાવનો નિષેધ નહિ હોવાથી...**' આમાં મોટી તકરાર છે. જુઓ! નિમિત્ત. કર્મની પર્યાયમાં જીવના પરિણામ નિમિત્ત છે અને જીવના વિકારી પરિણામમાં કર્મના પરિણામ નિમિત્ત છે. જુઓ! નિમિત્ત છે કે નહિ? પણ નિમિત્તનો અર્થ શું? નિમિત્ત છે એમ તો કહ્યું. પણ નિમિત્ત છે તો એણે રચ્યું, બનાવ્યું? સમજાય છે? હા, નિમિત્ત છે તો બન્યું. દેવીલાલજી! જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થયો એ જ્ઞાનાવરણીયની પર્યાયમાં. તેથી જીવમાં જ્ઞાનનો ક્ષયોપશમ થયો એમ નથી. જ્ઞાનાવરણીયમાં ક્ષયોપશમ થયો એ નિમિત્ત. અહીંયા પોતાની પર્યાયમાં પોતાને કારણે ક્ષયોપશમ થયો એ નૈમિત્તિક. આવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોવા છતાં એ ક્ષયોપશમ થયો તો અહીંયા જ્ઞાનનો ઉઘાડ થયો એમ કર્તાકર્મ સંબંધ નથી. કહો, સમજાય છે કાંઈ?

અને આત્માએ પોતાના પુરુષાર્થથી જ્ઞાનનો ક્ષયોપશમ કર્યો. તો કર્મનો ક્ષયપોશમ પણ કર્મને કારણે થયો. એમાં આ ક્ષયોપશમપણું ભાવ નિમિત્ત થયો. નિમિત્ત થયો અને કર્મમાં ક્ષયોપશમ એ નૈમિત્તિક છે. આવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોવા છતાં જ્ઞાનનો ક્ષયોપશમ

જીવે પુરુષાર્થથી કર્યો તો જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ, આ નિમિત્ત તેનો કર્તા થઈને કર્મમાં કાર્ય છે એમ નથી. સમજાય છે કાંઈ? ઈ કહ્યું.

'**માત્ર નિમિત્ત-નૈમિત્તિકભાવનો નિષેધ નહિ હોવાથી, અન્યોન્ય...**' જુઓ! અન્યોન્ય. '**નિમિત્તમાત્ર થવાથી જ...**' પરસ્પર નિમિત્ત છે. કર્મના ઉદયમાં ઉદય વિકારી પરિણામમાં નિમિત્ત છે અને નવા બંધનમાં જીવના પરિણામ નિમિત્ત છે. સમજાય છે કાંઈ? '**બન્નેના પરિણામ (થાય) છે;...**' '**નિમિત્તમાત્ર થવાથી જ બન્નેના પરિણામ થાય છે; તે કારણે...**' આ કારણે. '**જેમ માટી વડે...**' જુઓ! માટી વડે. કુંભાર દ્વારા નહિ. '**માટી વડે ઘડો કરાય છે...**' ભાષા જુઓ! માટી વડે ઘડો કરાય છે. કુંભાર વડે ઘડો કરાતો નથી. આહાહા..! આ ઉપાદાનની દલીલ ઉટપટાંગ છે? ભૈયા ભગવતીદાસે ઈ જ દલીલ લીધી છે. ૪૭ દોહામાં. જેવી આચાર્યે દલીલ લીધી છે, એ જ દલીલ ત્યાં લીધી છે. '**જેમ માટી વડે ઘડો કરાય છે...**' જેમ માટી ઘડો બનાવે છે. ભાષા જુઓ! માટી ઘડો બનાવે છે.

'**તેમ પોતાના ભાવ વડે પોતાનો ભાવ કરાતો હોવાથી,...**' જેમ. માટી ઘડો બનાવે છે, તેમ પોતાના ભાવ વડે પોતાનો ભાવ કરાય છે. જીવ પોતાના વિકારના પરિણામ પોતાના ભાવથી કરે છે. કર્મની પર્યાય પોતાના ભાવથી, કર્મ પોતાથી પોતાની કર્મપર્યાય કરે છે. એ કર્મવર્ગણા પર્યાય બનાવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ઈ જ વખતે કેમ થઈ? જે અહીંયા ઉદય આવ્યો ત્યારે જ વિકાર કેમ થયો? એમ દલીલ છે. ઉદય થયો તો વિકાર કેમ થયો? માટે નિમિત્ત આવ્યું તો વિકાર થયો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ... એવો કોઈ ઉદય નથી. ... કોને કહેવું? પોતાની પર્યાયમાં એવો રાગ થવાને લાયક હોય,.. શું કહે છે જુઓને.

'**પોતાના ભાવ વડે પોતાનો ભાવ...**' ભોગના રાગની વાસના પોતાના ભાવથી. પોતાનો ભાવ કરવામાં આવે છે. કહો. કર્મના ભોગાવળી કર્મથી પોતાનો ભાવ કરાય છે એમ છે એમાં? જુઓ! ભોગાવળી કર્મનો ઉદય હોય તો શું કરે? અમારે ભોગમાં રોકાવું પડે. ખોટી વાત છે. એ તો કર્મના ઉદયને કર્તા બનાવ્યો અને પોતાની પર્યાયને તેનું કાર્ય બનાવ્યું. એમ છે જ નહિ. મોટો ન્યાય છે. જુઓ!

માટીથી માટી ઘડો બનાવે છે. '**તેમ પોતાના ભાવ વડે...**' પ્રત્યેક પદાર્થની વ્યાખ્યા આ. પ્રત્યેક પદાર્થની, છએ દ્રવ્યની. ત્રણ કાળ ત્રણ લોકમાં જેટલા દ્રવ્ય છે એ પોતાના ભાવથી પોતાનો ભાવ—પોતાની પર્યાય કરવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? પુણ્ય-

પાપના મિથ્યાત્વ આદિ ભાવ પોતાના ભાવ વડે કરવામાં આવે છે. અહીંયા વિકારી સિદ્ધ કરવું છે. પછી .. સિદ્ધ કરશે. સમજાય છે કાંઈ? અને કર્મ જે પુદ્ગલની પર્યાય છે, એ કર્મ પુદ્ગલ છે તે પોતાના ભાવથી પોતાનો કરાય છે. જીવે રાગ કર્યો તો કર્મરૂપ પરિણામ થવું પડ્યું, થવું પડ્યું એમ નથી. અને કર્મનો ઉદય આવ્યો તો જીવને વિકાર કરવો પડ્યો એમ નથી. સમજાય છે કાંઈ?

મોક્ષમાર્ગ પ્રકાશમાં એમ આવે, લ્યો. મોહનીય. કાંકરી નાખે તો આમ થાય. મોહનધૂલી. નાખે તો ગાંડો થઈ જાય. એમ થાય છે, લ્યો! એમ કર્મનો ઉદય હોય તો વિકાર થાય છે. એ તો નિમિત્ત નૈમિત્તિક વાત સિદ્ધ કરી છે. એ તો નિમિત્ત નૈમિત્તિક વાત સિદ્ધ કરી છે. ચકલા-ચકલીનો દૃષ્ટાંત આપીને. નહિ? સૂરજ ઊગ્યો તો કમળ ખિલે છે, એમ નથી. કમળ ખિલવાની પર્યાય પોતાથી થઈ છે. પોતાનો ભાવ પોતાથી થયો. કમળ ખિલવાનો ભાવ-પર્યાય પોતાથી થઈ. ત્યારે સૂર્યના કિરણને નિમિત્ત કહે છે. પણ સૂર્યના કિરણ થયા તો કમળને ખિલવું પડ્યું એમ કર્તાકર્મ નથી. સૂર્યના કિરણ કર્તા અને કમળનું ખિલવું કાર્ય, એમ ત્રણ કાળમાં નથી. આહાહા..! શેઠી!

પોતાના ભાવ વડે પોતાનો ભાવ કરાય છે. ભાવ શબ્દે અહીં પર્યાય છે, હોં! અહીં દ્રવ્ય-ગુણ નહિ. પર્યાય. ભાવ તો ત્રણેને કહેવાય. દ્રવ્યને ભાવ કહે છે, ગુણને કહે છે, પર્યાયને કહે છે. અહીંયા પર્યાય શબ્દ છે. પોતાના ભાવ વડે કરાય છે એમ લીધું ને? ગુણ ક્યાં કરાય છે? દ્રવ્ય ક્યાં કરાય છે? પોતાના ભાવ વડે રાગ-દ્વેષ, મિથ્યા ભ્રાંતિ, અજ્ઞાન જીવ પોતાના ભાવથી ભાવ કરાય છે. પોતાના ભાવથી પોતાનો ભાવ. અને પર જે પરમાણુ છે પ્રત્યેક તે પોતાની પર્યાયથી પોતાની પર્યાય ત્યાં કરાય છે. અહીંયા રાગ-દ્વેષ થયા તો કર્મની પર્યાય કરી એમ કહેવામાં આવે તો તેનાથી થઈ એમ નથી. સમજાય છે કાંઈ?

તેથી '**જીવ પોતાના ભાવનો કર્તા કદાચિત્ છે,...**' જુઓ ભાઈ! કદાચિત્ એટલે અજ્ઞાનભાવની વાત છે અહીંયા. પહેલા જે હતું એ તો ભેદજ્ઞાનની વાત હતી. ૭૫, ૭૬, ૭૭, ૭૮, ૭૯. અહીંયા તો અજ્ઞાનપણામાં આત્મા પોતાનું સ્વરૂપ ભૂલીને કદાચિત્ નામ અજ્ઞાનના કાળમાં વિકાર પોતાના ભાવનો કર્તા અજ્ઞાનભાવમાં કદાચિત્ થાય છે. સમજાય છે કાંઈ? રાગથી ભિન્ન પડીને પોતાનું ભાન થયું તો રાગનો કર્તા અજ્ઞાની હતો તે અજ્ઞાની નથી રહેતો. સમજાય છે? માટે કદાચિત્ શબ્દ પડ્યો છે.

'**પોતાના ભાવ વડે પોતાનો ભાવ કરાતો હોવાથી, જીવ પોતાના ભાવનો...**' પોતાના ભાવનો શબ્દે અહીં વિકારી લેવા છે. નિર્મળ વિકાર્ય હોય તો (જ્ઞાની) સદાય કરે છે. પણ કદાચિત્ નામ જ્યાં સુધી અજ્ઞાન છે, જ્યાં સુધી મિથ્યાત્વભાવ છે, જ્યાં સુધી

દ્રવ્યદૃષ્ટિ થઈ નથી અને પર્યાયદૃષ્ટિ છે, પોતાના એક અંશને, વિકલ્પનો પોતાનું પૂર્ણ માને છે એવી દૃષ્ટિમાં અજ્ઞાનપણાના કાળમાં કદાચિત્ નામ વિકારનો કર્તા થાય છે. સમજાય છે કાંઈ? ભાનના કાળમાં રાગનો કર્તા થતો નથી. ઈ કહે છે અહીંયા. પહેલી પાંચ ગાથાનો અર્થ બીજી વાત છે, આ બીજી વાત છે. આ મિથ્યાદૃષ્ટિ રાગ-દ્વેષનો કર્તા થાય છે એ બતાવવું છે. સમજાય છે કાંઈ? પાઠ તો સાધારણ છે તોપણ ખુલાસો કર્યો. સમજાય છે કાંઈ?

'**પરંતુ જેમ માટી વડે કપડું કરી શકાતું નથી...**' માટી વડે કપડું કરી શકાતું નથી. દાખલો તો જુઓ! માટીથી કપડું બનાવી શકાતું નથી. એમાં લીધું ને? માટી ઘડાને કરે છે. એમ માટીથી કપડું નથી બનતું. માટીથી કપડું બને છે? '**તેમ પોતાના ભાવ વડે...**' પોતાના વિકારી પરિણામથી '**પરભાવનું કરાવું અશક્ય હોવાથી...**' જીવે વિકારી ભાવ કર્યા, પુણ્ય-પાપના ભાવ કર્યા, ભ્રાંતિના કર્યા તો તે પોતાના ભાવથી કર્મની પર્યાયનું કરાવું, થવું અશક્ય છે, અશક્ય છે. સમજાય છે કાંઈ? તેથી '**(જીવ)...**' આટલું સ્પષ્ટ છે એમાં ગડબડ કરવી છે. નહિ, કર્મના ઉદયથી વિકાર થાય છે. વિકાર છે તો કર્મનું બંધન થાય છે. જુઓ! આવા નિમિત્ત નૈમિત્તિક સંબંધમાં કર્તાકર્મ સંબંધ લગાવી દે છે. છે નિમિત્ત નૈમિત્તિક સંબંધ, તેને કર્તાકર્મ લગાવી દીધું. સમજાય છે કાંઈ?

તેથી '**(જીવ)...**' સિદ્ધાંત તો આ લેવો છે. પેલી વાત તો પરસ્પર કીધી બેય. પણ હવે સિદ્ધાંત આ લેવો છે, '**(જીવ) પુદ્‌ગલભાવોનો કર્તા તો કદી પણ નથી...**' અજ્ઞાનભાવમાં વિકારનો કર્તા અજ્ઞાની પોતાથી પોતાના કારણે કરે છે. પણ પુદ્‌ગલના કર્મબંધનની પર્યાય આત્મા ત્રણ કાળમાં કદી કરતો નથી. નિમિત્ત હોવા છતાં પરના પરિણામનો કર્તા નથી. કહો, ભીખાભાઈ! મારે તો દાખલો હીરાભાઈનો આપવો હતો. તમને રાગ થાય છે તો હીરાભાઈ નિમિત્ત છે. તો નિમિત્ત છે તો રાગ થાય છે એમ નથી, એમ કહે છે. તમે રાગ કરો છો તો પૂર્વકર્મને નિમિત્ત કહેવામાં આવે છે. અને હીરાભાઈ નિમિત્ત કહેવાય છે. પણ હીરાભાઈએ તમારો રાગ કર્યો એમ બનતું નથી. માટીથી કપડું બનતું નથી. એમ પરથી કદી વિકાર આદિ થતા નથી. જેમ માટીથી કપડું બનતું નથી, એમ એક દ્રવ્યની પર્યાયથી બીજા દ્રવ્યની પર્યાય કદાચિત્ ત્રણ કાળમાં થતી નથી. કહો, સમજાય છે કાંઈ? લોટથી રોટલી બને છે. લોટ રોટલી બનાવે છે. લોટ રોટલી બનાવે છે. તાવડીથી, સ્ત્રીથી અને ઈચ્છાથી બનતી નથી. નિમિત્ત હોવા છતાં. તાવડી રોટલીમાં નિમિત્ત છે અને નૈમિત્તિક રોટલીની પર્યાય છે, તો હો. એમાં શું છે? તેથી નિમિત્ત તવાએ રોટલીની પર્યાય બનાવી, માટીની પર્યાય કપડારૂપ થઈ જાય એમ બને નહિ. એમ પરની પર્યાયથી પરની પર્યાય થાય એમ ત્રણ કાળમાં નથી. શેઠ!

મુમુક્ષુ :- બન્નેથી માનીએ તો શું વાંધો?

ઉત્તર :- શું બન્નેથી? બન્નેથી ક્યાંથી થાય? એટલે તો દાખલો આપ્યો છે. માટીથી કપડું કરી શકાતું નથી. માટીથી ઘડો જ બને છે. ઘડો બનાવે છે, માટી ઘડો બનાવે છે. માટી કપડું બનાવે છે? માટી ઘડો બનાવવા માટે શરૂ થઈ તો એમાંથી કપડું બનાવે છે? એમ આત્મા પોતાના વિકારી પર્યાયને અજ્ઞાનભાવમાં પ્રાપ્ય નામ એ અજ્ઞાનકાળમાં બનાવે છે. પણ એનાથી કંઈ કર્મની પર્યાય બનાવે છે? માટી કપડું બનાવે છે? એમ તારી પર્યાયથી કર્મની પર્યાય થાય? જ્ઞાનાવરણીય જેમ છ પ્રકારે આત્મા જ્ઞાનાવરણીય આદિ આશાતના કરે છે... આવે છે ને છ બોલ? નિહ્નવ, અંતરાય આદિ છ દોષ. જીવે ભાવ કર્યા તો કહે છે, '**सएण भावेण**' કર્યા. પોતાના ભાવથી ભાવ કર્યો. એ ભાવથી કર્મબંધની પર્યાય પણ કરી, જેમ માટીમાંથી કપડું નથી બનતું, એમ છ પ્રકારના દોષના કારણે કર્મના બંધની પર્યાય થતી નથી. કહો, સમજાય છે કાંઈ? ઓહોહો..!

'**પુદ્ગલભાવોનો કર્તા તો કદી પણ નથી એ નિશ્ચય છે.**' આ નિશ્ચય છે. ત્યારે કહે છે કે વ્યવહાર તો છે ને. એમ કાઢે છે. એ તો વ્યવહારથી કહેવાય છે. છે નહિ. નિમિત્ત જોઈને વ્યવહારથી કહેવામાં આવે છે કે કુંભારે ઘડો બનાવ્યો. એમ વ્યવહારથી કહેવામાં આવે છે. એમ છે નહિ. એ તો વાણીનો વિલાસ છે. ચૈતન્યના અભિપ્રાયમાં એવી વાત નથી. ભાવાર્થ. આટલું સ્પષ્ટ કર્યું છે તોપણ એમાં મોટી તકરાર.

મુમુક્ષુ :- ઉલ્લેખ હોવા છતાં.

ઉત્તર :- ઉલ્લેખ નામ કથન છે એ તો. ઉલ્લેખ નામ કથન છે, નિમિત્ત નૈમિત્તિકનું કથન છે, એમાં શું? એકબીજામાં નિમિત્ત થાય છે તો કથન છે. કથન હોવાથી શું કર્તા થઈ જાય છે? સમજાય છે કાંઈ? જગતમાં અનંત ચીજ પડી છે તો બીજી વસ્તુનું જ્યારે કાર્ય થાય છે એમાં બીજી વસ્તુ નિમિત્ત હો. નિમિત્ત હોવાથી શું પરનું કાર્ય એનાથી થઈ જાય છે? તો પહેલા કેમ ન થયું? કુંભાર આવ્યા વિના ઘડો કેમ ન થયો? એમ કહે છે. એમ કે સ્ત્રી આવ્યા વિના લોટમાંથી રોટલી કેમ ન બની? ઈ પ્રશ્ન છે એનો. કપડું છે, કપડું લીધું. પાંચ વાર કપડું લીધું. પાંચ વાર દરજીને આપ્યું. છે એમાં, ખાણિયાની ચર્ચામાં. છે ને? પાંચ વાર કપડું લીધું. ખાણિયાની ચર્ચામાં છે. લખ્યું છે ને? ભાઈ! અમરચંદભાઈ! પાંચ વાર કપડું લીધું, દરજીને આપ્યું. દરજીની ઈચ્છા જ્યારે કપડું સીવવામાં કોટ કરવો છે કે પહેરણ કરવું છે, એવી ઈચ્છા થશે ત્યારે કપડું બનશે. એની મેળાએ કોટ બની જશે? એઈ..! એમ છે, ખાણિયાની ચર્ચામાં પ્રશ્ન ઉઠ્યો છે. બે પુસ્તકમાં આવ્યું છે.

અહીં કહે છે, સાંભળ તો ખરો ભગવાન! કપડું પોતાના ભાવથી '**सएण भावेण**' કપડાની

પર્યાય થાય છે. દરજીનો ભાવ દરજીથી થયો છે. દરજીના ભાવથી કપડાની પર્યાય કોટની થઈ છે એમ બન્યું નથી. આહાહા..! મોટી ચર્ચા પંડિતો વચ્ચે ખાણિયામાં જયપુરમાં ચાલી. લો. ઓહોહો..! કપડાનું દૃષ્ટાંત આપ્યું એમ ઘઉંનું. ઘઉં દેવ. ઘઉં દેવનું દૃષ્ટાંત આપ્યું છે. ઘઉં દેવ જ્યારે પોતાની પર્યાય પ્રાપ્ત કરવામાં ઘણા સંયોગ મળે, પાણી મળે, અનાજ મળે, કૃષિકાર હુશિયાર મળે ત્યારે ઘઉંમાંથી અંકુર ફૂટે છે. ઘઉં. અંકુર ત્યારે ફૂટે છે. એની મેળાએ પડ્યા પડ્યા ફૂટી જાય છે ઘઉંમાં? ભાઈ! તને ખબર નથી. ભાઈ! જે સમયે અંકુરની પર્યાય પોતાના ભાવથી થાય છે ત્યારે નિમિત્ત હો. પણ નિમિત્તે અંકુર ઉત્પન્ન કર્યા એમ ત્રણ કાળમાં નથી.

મુમુક્ષુ :- દેખાય છે.

ઉત્તર :- શું દેખાય છે? આંધળી દૃષ્ટિથી દેખાય છે. ચોખા છે, ચોખા. ઈ જ્યારે પાકે છે ત્યારે પોતાની પર્યાયથી પાકે છે. પાણીથી અને અગ્નિથી પાકે છે એમ છે નહિ, એમ કહે છે. ચોખા છે ને? લાખ પાણી આવે તોપણ પાકવાની પર્યાય વિના પાકે નહિ. ઓલો કહે, લાખ વર્ષ જાય પણ પાણી વિના પાકે નહિ. લ્યો. બેય બાજુ જોર છે. ભાઈ! ચોખા.. ચોખા સમજો છો ને? ચોખાની જ્યારે પાકવાની અવસ્થા થવાના કાળમાં ચોખા પોતાના '**सएण भावेण**', '**सएण भावेण**' આવ્યું ને? જુઓ! '**પોતાના ભાવ વડે પોતાનો ભાવ કરાતો હોવાથી...**' ચોખાની જે પાકી અવસ્થા છે તે પોતાના ભાવથી પાકી છે. પાણીને કારણે નહિ, અગ્નિને કારણે નહિ. આહાહા..! મોટા પંડિતો વચ્ચે ચર્ચા આ કાળમાં આવી. આહાહા..! ગજબ વાત!

દેહની ક્રિયાથી, જીવિત શરીરની ક્રિયાથી ધર્મ થાય છે. આ પ્રશ્ન. આહાહા..! જૈનદર્શનમાં આવું? જીવિત શરીરની ક્રિયાથી જીવને ધર્મ થાય છે. શરીરની ક્રિયા જડની તેનાથી પોતામાં ધર્મ થાય. ઓહોહો..! શરીરની ક્રિયા પોતાના ભાવથી થાય છે, એની પર્યાય પોતાથી થાય છે. ધર્મની પર્યાય પોતાના લક્ષે પોતાના ભાવથી થાય છે. રાગથી નથી થતી ત્યાં વળી જડની ક્રિયાથી ધર્મપર્યાય થાય એમ ત્રણ કાળમાં થતું નથી. મૂળ દર્શન શ્રદ્ધામાં મોટો ફેર. મૂળ ચીજમાં ફેર. મૂલં નાસ્તિ કૂથો .... જ્યાં શ્રદ્ધામાં ફેર છે ત્યાં બધા વ્રત ને તપ બાળતપ, અજ્ઞાનતપ, મૂર્ખાઈ ભરેલી કષ્ટની ક્રિયા છે એ બધી. સમજાય છે કાંઈ?

**ભાવાર્થ :-** કહે છે કે '**જીવના પરિણામને અને પુદ્‌ગલના પરિણામને પરસ્પર માત્ર નિમિત્તનૈમિત્તિકપણું છે તોપણ પરસ્પર કર્તાકર્મભાવ નથી. પરના નિમિત્તથી જે પોતાના ભાવ થયા તેમનો કર્તા તો જીવને અજ્ઞાનદશામાં કદાચિત્ કહી પણ શકાય,...**' એ કદાચિત્‌ની વ્યાખ્યા કરી. જીવ પોતાના ભાવથી... ઈ જ મોટો પ્રશ્ન ઉઠ્યો

હતો તે વખતે. વિકાર થાય છે એ સહેતુક છે કે અહેતુક છે? વિકાર નિરહેતુક છે. આ શું? એઈ..! ઈ તમારે ત્યાં મધુવનમાં. ઈ પણ હતા, એને ક્યાં ભાન હતું કાંઈ? રૂપિયા દે, પૈસા. એ.. શેઠ! ... ત્રણ હજાર નહિ, અગિયાર હજાર આપજો. આગળ ગયા પહેલા અગિયાર હજાર આપજો. આ કહે, ના, પાંચ હજાર દેવા. શોભાલાલ હતા ઈ વખતે? મધુવનમાં (સંવત) ૨૦૧૩ની સાલમાં. હતા ને? તમે બેઠા હતા, અમે બેઠા હતા. ખબર છે બધી. પણ પૈસા કોણ દે? કોણ લે? આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાય છે કાંઈ?

વિકાર કઈ રીતે થાય છે? સહેતુક કે નિરહેતુક? એમ પ્રશ્ન થયો. બધા બેઠા હતા. અમારે પંડિતજી બેઠા હતા, હિંમતભાઈ ને બધા. ફૂલચંદજી હતા, કૈલાશચંદ્રજી હતા, ભાઈ ઈન્દોરવાળા હતા. કહ્યું, નિરહેતુક છે. નિરપેક્ષ પોતાથી (થાય છે). '**सएण भावेण**' વિકાર પોતાથી થાય છે. આહાહા..! મોટી ભૂલ, સોનગઢવાળાની મોટી ભૂલ. કાનજીસ્વામીની ભૂલ છે. આ લખ્યું છે તેના તમે નિમિત્ત છો કે નહિ? નિમિત્ત છે તો થયું છે કે નિમિત્ત વિના થયું છે? કહો. આ શેઠિયાઓને કંઈ ખબર નહિ. હા જી હા. સમજાય છે કાંઈ? એ.. શેઠ! પૈસા આપો. અગિયાર હજાર, પંદર હજાર તો ધર્મ થશે. ધૂળમાંય ધર્મ નથી. પૈસા કોણ આપી શકે છે? પૈસાની પર્યાય તો જ્યારે જવાની હોય ત્યારે જાય છે. પોતાના ભાવથી પર્યાય જાય છે. શું તમારી ઈચ્છાથી પૈસા જાય છે? ઈચ્છા નિમિત્ત છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈ તો વાત ચાલે છે. ઈચ્છા નિમિત્ત અને શુભભાવ હોય તો નિમિત્ત. અને પૈસાનું જવું નૈમિત્તિક. પણ એ નૈમિત્તિકમાં નિમિત્ત હોવા છતાં ઈચ્છાથી પૈસાની પર્યાય આમ બીજા પાસે ગઈ એમ ત્રણ કાળમાં નથી. સમજાય છે કાંઈ? પંડિતજી! બહુ ગડબડ કરે છે. કેટલું સ્પષ્ટ કર્યું છે! તત્ત્વજ્ઞાનીમાં તો રાગનો કર્તા નથી એમ સિદ્ધ કર્યું અને અજ્ઞાની કદાચિત્ જ્યાં સુધી અજ્ઞાનમાં છે તો પોતાના ભાવને કરે છે. પરના ભાવને કરે છે એમ નથી. માટીથી કપડું બનતું નથી, એમ કર્મના ઉદયથી વિકાર થતો નથી. એમ કહે છે. માટીથી ઘડો બને, પણ માટીથી કપડું બને નહિ. એમ કર્મના ઉદયથી એની પર્યાય થાય છે, પણ કર્મના ઉદયથી વિકાર થાય છે એમ ત્રણ કાળમાં નથી. એમ વિકારના કાળમાં વિકાર પોતાથી થાય છે, પણ એને કારણે કર્મના બંધની પર્યાય બંધાય છે એમ ત્રણ કાળમાં નથી. સમજાય છે કાંઈ?

જ્ઞાનાવરણીય આદિના છ પ્રકાર. અનુકંપાથી શાતા વેદનીય બંધાય છે. લ્યો. અને હિંસાભાવથી અશાતા બંધાય છે. તો કહે છે, અનુકંપાનો ભાવ થયો એ '**सएण भावेण**'. એ પોતાના ભાવથી થયો છે. જેવા કર્મનો ઉદય આવે એવો (ભાવ થયા). કર્મ મંદ હોય

તો શુભભાવ થાય છે, તીવ્ર હોય તો અશુભ થાય છે એમ કહે છે. એમ છે જ નહિ. પોતાના ભાવથી શુભભાવ કરે છે. '**सएण भावेण**' પોતાના ભાવથી પોતાનો ભાવ થાય છે. બસ! મહાસિદ્ધાંત. ભાવ નામ પર્યાય. પોતાના ભાવથી પોતાની અવસ્થામાં પોતાના કાળે પર્યાય થાય છે. આહા..! ક્રમબદ્ધ પણ આવી ગયું. સમજાય છે કાંઈ? એ જ કાળમાં પોતાની પર્યાયથી પોતાની પર્યાય થાય છે. પરમાણુમાં પણ એની પર્યાયથી એની પર્યાય થાય છે. ઈ કહે, નિશ્ચય થઈ જાય છે, નિશ્ચય. પણ નિશ્ચય જ છે. સાંભળ તો ખરો. વસ્તુની વ્યવસ્થામાં ગડબડ થાય છે? સમજાય છે કાંઈ?

'**પરના નિમિત્તથી જે પોતાના ભાવ થયા તેમનો કર્તા તો અજ્ઞાનદશામાં કદાચિત્...**' નામ જ્યાં સુધી અજ્ઞાન રહે ત્યાં સુધી '**કહી પણ શકાય, પરંતુ જીવ પરભાવનો કર્તા તો કદી પણ નથી.**' કર્મની પર્યાય પોતાથી થાય અને કર્મ આત્મા બાંધે, આત્મા કર્મ બાંધે એમ ત્રણ કાળમાં બનતું નથી એમ કહે છે. જુઓ! કર્મ બાંધે નહિ? તો કોણ બાંધે? આત્મા જ્ઞાનાવરણીય કર્મ બાંધે એમ ત્રણ કાળમાં બનતું નથી એમ કહે છે. કર્મ કોણ બાંધે? જડ બાંધે? શું હશે ભીખાભાઈ! જડ બાંધે કર્મ? જડને કર્મ હોય? કે આત્માને હોય? કર્મ જડની પર્યાય છે એ પરમાણુ એ પર્યાયને કરે છે. આત્મા કર્મને બાંધતો જ નથી એમ કહે છે. આત્મા કર્મને છોડતો નથી અને આત્મા કર્મને બાંધતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? 'અપ્પા કત્તા વિકત્તા...' ઈ આવે છે કે નહિ ઉત્તરાધ્યયનમાં? વીસમું અધ્યયન. અનાથી મુનિ. આત્મા કર્તા અને આત્મા કર્મનો ભોક્તા. ભાઈ! એમ મૂળ ગાથા ચાલી છે. અનાથી મુનિમાં. અહીં તો કહે છે, એ તો નિમિત્તના કથન છે. આત્મા પોતાનો ભાવનો કર્તા અને પોતાના ભાવનો ભોક્તા. પરનો કર્તા-ભોક્તા, કર્મ આત્મા બાંધે અને કર્મ આત્મા છોડે એમ ત્રણ કાળમાં નથી. આત્મા કર્મને બાંધે અને આત્મા કર્મનો નાશ કરે. ણમો અરિહંતાણં.

મુમુક્ષુ :- અરિનો નાશ.

ઉત્તર :- અરિ એટલે કર્મ. અરિનો અર્થ શું? કર્મ થાય છે કે અરિનો અર્થ વિકાર થાય છે ત્યાં? દેવીલાલજી! પહેલા અક્ષરમાં વાંધા. ણમો અરિહંતાણં. હે ભગવાન! કર્મરૂપી વેરીના આપ હણનારા છો. એ નિમિત્તનું કથન છે. વિકારી પરિણામના આપ હરનારા છે. એ પણ વ્યવહારવચન છે. અરે.. અરે..! ભારે વાત. કર્મના હણનારા તો છે જ નહિ. અરિહંત કર્મનો નાશ કરનારા તો છે જ નહિ. કેમકે કર્મની પર્યાય એ વખતે અકર્મરૂપ થવાની પોતાને કારણે થઈ છે. નાશનો અર્થ શું વસ્તુ નાશ થાય છે? કર્મરૂપે પર્યાય હતી એ અકર્મરૂપે થાય છે તેનું નામ કર્મનો નાશ કહેવામાં આવ્યો છે. એ પોતાના આત્માથી નહિ. આત્માએ વિકારી ભાવ છોડી દીધા અને નિર્વિકારી કર્યા તો કર્મનો નાશ થયો, છૂટી ગયા એમ નથી. શુદ્ધભાવ

આત્માએ કર્યા અને કર્મની નિર્જરા થઈ એમ નથી. કર્મનું છૂટવું એને કારણે છે. એમાં નિર્જરા શુદ્ધભાવ નિર્જરા કહો. શુદ્ધભાવ પરની નિર્જરામાં નિમિત્ત કહો. પણ નિમિત્ત નિર્જરામાં થયા માટે શુદ્ધભાવ કર્મની નિર્જરા કરે છે એમ નથી. ઓહો..!

પ્રત્યેક પદાર્થ સમયે સમયે સ્વતંત્ર છે. વિકાર કાળે કે અવિકાર કાળે સ્વતંત્ર (છે). હમણાં કહેશે ૮૩માં. ત્યારે આ શું કહે છે? એ તો ઉપાદાનથી પરભાવનો કર્તા નથી થતો. વળી ઈ નાખે છે. ભારે ભાઈ! ઈ ચર્ચા ચાલી હતી. ઉપાદાનથી કર્તા કહેવામાં આવે છે. ઈ શબ્દ પડ્યો છે ને. જયસેનાચાર્યમાં ઘણે ઠેકાણે ઉપાદાન (આવે છે). આમાં પણ ઉપાદાન શબ્દ પડ્યો છે. ટીકામાં છે. ઉપાદાનનો અર્થ નિશ્ચય. ત્યારે કહે, નહિ. વ્યવહારથી કહો. નિમિત્ત કહેવામાં આવે છે પણ નિમિત્તથી થાય છે એમ નથી. કહો, પોપટભાઈ! આહાહા..!

'**તેથી એ સિદ્ધ થયું...**' હવે ૮૩માં. આ કારણે ઈ સાબિત થયું કે '**જીવને પોતાના જ પરિણામો સાથ કર્તાકર્મભાવ...**' આ હવે વિશેષ નાખે છે. પેલામાં કર્તાકર્મ હતું ને વિશેષ નાખે છે ગાથામાં. '**અને ભોક્તાભોગ્યભાવ (ભોક્તાભોગ્યપણું) છે એમ હવે કહે છે :-**' જુઓ! જીવને પોતાના વિકારી પરિણામથી અને અવિકારી પરિણામ.. સમજાય છે કાંઈ? બધું નાખે છે હોં એમાં. બેય આવશે. જીવ પોતાના વિકારી પરિણામથી કર્તા થાય છે અને વિકારી પરિણામનો ભોક્તા થાય છે પોતાથી. પરથી નહિ. અને જીવ પોતાની સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર નિર્મળ પર્યાયનો પોતાથી સ્વયં કર્તા થાય છે. ધર્મની પર્યાયનો આત્મા સ્વયં કર્તા છે અને ધર્મની પર્યાયનો સ્વયં ભોગવવાવાળો છે.

અજ્ઞાની રાગ-દ્વેષ અને અજ્ઞાનને સ્વયં કરે છે અને રાગ-દ્વેષને સ્વયં ભોગવે છે. જ્ઞાની ધર્મની પર્યાયને સ્વયં પોતાથી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાયને પોતાથી કરે છે અને આનંદને પોતાથી ભોગવે છે. સમજાય છે કાંઈ? કહો, આ બહારની વસ્તુ છે તો આનંદ આવે છે, એ વાત ખોટી છે એમ અહીં કહે છે. સમજાય છે કાંઈ? કર્મનો ક્ષયોપશમ થયો તો અહીંયા આનંદ આવ્યો એ વાત ખોટી છે. જેમ ઉદય છે તો વિકાર થયો ખોટું છે, એમ કર્મમાં ક્ષયોપશમ થયો તો અહીંયા સુખરૂપ બુદ્ધિ અને આનંદ થયો એ ખોટું છે. પોતાથી પોતાનો આનંદ કરવાવાળો અને પોતે ભોગવવાવાળો. અતીન્દ્રિય આનંદ ભગવાન દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી આત્મા પોતાના જ વિકાર પરિણામને છોડીને, છોડીને એ પણ વ્યવહાર છે, અવિકારી પરિણામને રચવાવાળો, અવિકારી પરિણામ-ધર્મની પર્યાયને રચવાવાળો પોતાથી છે. કર્મથી કંઈ નથી. અને પોતાના અવિકારી પરિણામને ભોગવવાવાળો છે. પરનો ભોક્તા છે નહિ. ઈ કહે છે જુઓ ૮૩માં.

**णिच्छयणयस्स एवं आदा अप्पाणमेव हि करेदि।**

**वेदयादि पुणो तं चेव जाण अत्ता दु अत्ताणं।।८३।।**

ઓહોહો..! ટૂંકા શબ્દોમાં (ભરી દીધું છે).

**આત્મા કરે નિજને જ એ મંતવ્ય નિશ્ચયનય તણું,**
**વળી ભોગવે નિજને જ આત્મા એમ નિશ્ચય જાણવું. ૮૩.**

જાણ કહ્યું ને? તો જાણમાં સંબોધન શિષ્યને કહ્યું. જાણ એમ કહ્યું છે. જુઓ! શબ્દ પડ્યો છે ને આચાર્યનો? હે શિષ્ય! તું આમ જાણ. તારી પર્યાયનો કર્તા અજ્ઞાનભાવે તું. અને ભોક્તા અજ્ઞાનભાવે તું. ધર્મની દૃષ્ટિમાં રાગથી ભિન્ન પડેલો આત્મા તારી ધર્મપર્યાયને કરવાવાળો તું અને તારા આનંદને ભોગવવાવાળો તું. સમજાય છે કાંઈ?

'**ટીકા :- જેમ ઉત્તરંગ અને નિસ્તરંગ...**' પર્યાયમાં ઉત્તરંગ થયું-ઉત્પન્ન થવું, નિસ્તરંગ-સમાઈ જવું. અર્થ નથી કર્યો. ગુજરાતીમાં છે. છે ને? આમાં નથી. નથી? ઉત્તરંગ. શું કર્યું છે? (જેમાં તરંગો ઉઠે છે). બસ, ઉઠે છે-ઉત્તરંગ, આમ ઉઠે છે. પર્યાયમાં પાણીમાં મોજા ઉઠે છે-તરંગ. અને નિસ્તરંગ-સમાઈ જાય છે. સમુદ્રમાં પાણીના મોજા, મોજા કહે છે ને? તરંગ. તરંગાવલી, તરંગની શ્રેણિ. સુમદ્રના પાણીમાં તરંગની શ્રેણિ ઉઠે છે, સમાઈ જાય છે પોતાને કારણે. હવાથી નહિ. ઈ કહે છે. પણ પ્રત્યક્ષ દેખાય છે ને કે હવા આવે તો દરિયો આમ શ્રાવણ માસમાં કેટલો ઊંચો થાય છે. ઓહો..! શ્રાવણ માસમાં.

વિષ્ણુકુમાર મુનિ લ્યો. ચોમાસામાં ગયા. ઓહો..! સમજાય છે કાંઈ? ચોમાસુ છે ને. શ્રાવણ સુદ-૧૫ ચોમાસુ છે. ચાર માસ તો બહાર નીકળવું નથી. પોતાનું ચોમાસાનું સ્થાન છોડીને, જ્યાં ચોમાસાની વિધિ .. છોડવાનું ન હોય. પણ એ પ્રસંગમાં એવો મુનિનો પ્રસંગ હતો, લોકોમાં એમ થઈ જાય કે અર..ર..! આ મુનિને સળગાવી દીધા. કોઈ છે નહિ? લોકોની શ્રદ્ધા ધર્મ ઉપરથી ઉઠી જશે. લોકોની શ્રદ્ધા નહિ રહે. આવા સંત મહા વીતરાગી મુનિ. અમારામાં સામર્થ્ય છે, બહુ સામર્થ્ય છે. રાજકુમારે બાળી નાખ્યા, મંત્રીએ. તો એવો વિકલ્પ આવી ગયો ચોમાસામાં નીકળવાનો પોતાના સ્થાનથી. એ યોગ્ય નથી, મુનિને યોગ્ય નથી. સમજાય છે કાંઈ? ચોમાસમાં નીકળવું અને આવું .. કરવું એ યોગ્ય નથી. એવી સ્થિતિ બની ગઈ, શું કરે? એમને એવો ભાવ આવી ગયો. તો પ્રશંસા કરવામાં આવે છે. નહિતર તો એ સ્થાનને યોગ્ય એ ભાવ નથી, લ્યો. તોપણ પ્રશંસા કરવામાં આવી કે વિષ્ણુકુમારે સારું કર્યું. લોકદૃષ્ટિથી. બહાર મુનિઓની આવી દશામાં એ નિમિત્ત હતા. બાળી નાખે તો લોકમાં આહા..! ૭૦૦-૭૦૦ મુનિ નાસ્તિક એક બ્રાહ્મણે સળગાવ્યા તો કોઈ કહે કે નહિ? સમજાય છે કાંઈ? જૈન ધર્મ સાચો છે કે નહિ? કોઈ ઈન્દ્ર, દેવ, કોઈ ભક્ત છે કે નહિ? તો એવો ભાવ (આવી ગયો). મુનિને યોગ્ય તો નથી પણ એવો આવ્યા વિના રહે નહિ.

પણ આવ્યો ને. આવ્યા પછી ન આવ્યો શું? છતાં વિકલ્પ આવ્યો એ તો નિમિત્ત થયો. એ પર્યાય ત્યાં બચવાની હતી તે નૈમિત્તિક છે. છતાં એ વિકલ્પ કર્તા અને એ બચવાની પર્યાય કાર્ય એમ તો છે નહિ. ઓહોહો..! સમજાય છે કાંઈ?

માનતુંગ મુનિ, લ્યો! દેવ કેવા? વાદિરાજ. ઓહો..! શું બને છે? અને કર્તાકર્મ લોકો માની લે છે. વાદિરાજ મુનિને કોઢ હતો. તો એક શ્રાવક દરરોજ પગે લાગવા જતો હતો. ઈ ત્યાં રાજ પાસે ગયો. કોઈએ ચાડી ખાધી. મહારાજ! એના ગુરુ તો કોઢિયા છે. એના દર્શન કરે છે. તમારી પાસે આવશે તો ચેપ લાગશે. શ્રાવકને પૂછે છે, તમારા ગુરુ કોઢિયા છે? નહિ. કોઢિયા નથી. .. હવે શું કરવું? કોઢી હતા. મહારાજ પાસે ગયો, પ્રભુ! મારાથી આમ બોલાયું છે. ધર્મના પ્રતાપથી બધું થશે. જેવી ભગવાનની સ્તુતિ કરી,.. સ્તુતિને કારણે શરીરમાં રોગ મટી ગયો?

નાથ! આપ માતાના પેટમાં જ્યારે આવો છો તો શરીર સુંદર થઈ જાય અને આખી નગરીમાં સોનાના ગઢ થઈ જાય. એવું સોના જેવું શરીર થઈ જાય. નાથ! તમારા ગુણના ગુણીને મારા ચિત્તમાં પધરાવું છું. તો આ શરીર આવું કેમ રહી શકે? આપ જોઈ ન શકો. એઈ..! મણિભાઈ! આ શરીર આવું કેમ રહે? નાથ! તારી પરમાત્મદશા મેં મારા ચિત્તમાં સ્થાપી છે. આવું શરીર કેમ રહે? માતાના પેટમાં જ્યારે આવે છે તો ઈન્દ્રો આવીને શરીર સાફ કરે છે અને આખું નગર સુંદર બનાવે છે. નાથ! મેં મારા ચિત્તમાં આપને પધરાવ્યા છે. ફડાક શરીરનો રોગ મટી ગયો. એને કારણે મટ્યો? આરે..! ભ્રમણા એવી લાગે. શેઠ! શું એ સ્તુતિ કરી તો રોગ મટી ગયો?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- શેઠ બોલ્યા ને કે પ્રત્યક્ષ દેખાય છે ને? શેઠ!

.. મેના સુંદરી. મેના રાણી નહિ? ભગવાનને ... કોઢ મટી ગયો. લ્યો. કોઢ મટી ગયો. આવે છે ને? સ્તુતિમાં આવે છે તમારે ઓલા મખ્ખનલાલજીની. ચલો મેના સુંદરી... એવું કાંઈક આવે છે. ભૂલી જવાય છે. સિદ્ધચક્રકા પાઠ.. હા ઈ. માટે રોગ શાંત થઈ ગયો? ભગવાન! એ પરમાણુની પર્યાય તે સમયે એવી થવાની હતી અને એમાં એની સ્તુતિનું નિમિત્ત થયું. અને એના સ્નાનનું નિમિત્ત થયું. વાદિરાજને સ્તુતિનું (નિમિત્ત થયું). આવું બને છે. ભારે કઠણ વાત. 'ભક્તામર પ્રણિત મૌલિ મણિ પ્રભાણાં.' આમ જ્યાં સ્તુતિ કરે છે, ફડાક ફડાક તાળા તૂટી ગયા. તેનાથી તૂટ્યા છે? પરની પર્યાય એનાથી થઈ છે? નિમિત્ત નૈમિત્તિક સંબંધ એવો થઈ ગયો તો લોકો કહે છે કે એનાથી થયું. થયું જ નથી. થયું જ નથી. સમજાય છે કાંઈ? શાસ્ત્રમાં આવા આવા લેખ છે ને એટલે...

સીતાજી લ્યોને. સીતાજી જ્યાં અગ્નિમાં પડ્યા. એકદમ દેવ (આવ્યા). કોઈ કેવળી પાસે જતા હતા. ત્યાં જોયું તો સીતાજીને આ? એકદમ જળ કરી નાખ્યું. દેવના વિકલ્પથી જળ બન્યું છે ને? ત્યારે શું છે? પહેલા કેમ (પાણી) નહોતું? પહેલા અગ્નિ કેમ હતી? અરે..! ભગવાન! એ જ સમયે એ પર્યાયમાં નૈમિત્તિક થવામાં એનું નિમિત્ત કહે છે. નિમિત્ત નૈમિત્તિક કહેવા છતાં નિમિત્ત કર્તા અને એ કાર્ય કર્યું એમ ત્રણ કાળમાં નથી. સમજાય છે કાંઈ?

ઈ કહે છે, જુઓ! '**જેમ ઉત્તરંગ...**' ઉત્તરંગ. ઊંચે ઊછળવું. પાણીમાં તરંગનું ઉછળવું. '**નિસ્તરંગ...**' સમાઈ જવું. એવી '**અવસ્થાઓને પવનનું વાવું...**' જુઓ શેઠ! પવનનું વાવું '**અને નહિ વાવું તે નિમિત્ત હોવા છતાં પણ...**' હવાનું વાવું એ પાણીમાં તરંગ ઉઠવામાં નિમિત્ત છે અને ન વાવું એ તરંગને સમાવામાં નિમિત્ત છે. એમ નિમિત્ત હોવા છતાં, નિમિત્ત હોવા છતાં '**પવન અને સમુદ્રને વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...**' જુઓ! પવન કર્તા અને સમુદ્રની પર્યાય કાર્ય થયું એમ નથી. પવનથી સમુદ્રની પર્યાય ઉઠી એમ નથી. આહા..! પ્રત્યક્ષ દેખાય એને કહે કે નથી. શું પ્રત્યક્ષ જોયું? ઉત્પન્ન જેમાં થયું તે પરિણમ્યું છે. સમુદ્ર તે રૂપે પરિણમ્યો છે. પવન એ રૂપે પરિણમ્યો છે? સમજાય છે કાંઈ? કર્તાની વ્યાખ્યા-પરિણમે તે કર્તા. પવન તે પાણીપણે-તરંગપણે પરિણમ્યો છે? પરિણમે તે કર્તા. સમુદ્રની પર્યાયપણે તો સમુદ્ર પરિણમ્યો છે. શું હવા પરિણમી છે? ભારે વાત ભાઈ!

'**પવનનું વાવું અને નહિ વાવું તે નિમિત્ત હોવા છતાં...**' જુઓ! સમજાય છે કાંઈ? ધજા હલે છે ને ધજા? એના હલવામાં હવાનું નિમિત્ત છે અને સ્થિર થવામાં હવાના નિમિત્તનો અભાવ છે. એ પણ હવાથી ધજા ફરકે છે એમ નથી. ડૉક્ટર! પરિણમે છે કોણ? કોણ પરિણમ્યું છે? ધજા પરિણમે છે કે હવા પરિણમે છે? ધજા પરિણમે છે તો એની પર્યાયનો કર્તા ધજા છે. હવા ક્યાંથી આવી કર્તા? કર્તા પરિણામી દ્રવ્ય, કર્મરૂપ પરિણામ. જે જે પર્યાય કર્તા થઈને પરિણમે છે તો કર્તા તો ઈ છે અને એની પર્યાય એનું કર્મ છે. અને ક્રિયા પર્યાયની ફેરણી. બદલીને થઈ. પહેલા સ્થિર હતી, પછી આમ થઈ. વસ્તુ એક. પોતાથી પર્યાય ફરે છે અને પોતાથી એ જાતના પરિણામ થયા છે. હવાથી ધજામાં ફરવું બિલકુલ થતું નથી. કઠણ પડે છે શેઠ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અભાવ છે. અન્યોન્ય અભાવ છે. એ પર્યાયમાં અન્યોન્ય અભાવ છે. પુદ્ગલ છે ને. આ પર્યાયમાં અન્યોન્ય અભાવ છે. કેમકે કોઈ વખતે પાણીની પર્યાય હવારૂપ થઈ જાય છે અને હવાના પરિણામ પાણીરૂપ થઈ જાય છે. અન્યોન્ય અભાવ છે. આવે છે કે નહિ તમારે? પ્રાગભાવ, પ્રધ્વંસાભાવ, અન્યોન્યાભાવ, અત્યંતાભાવ. એ બધામાં સ્વતંત્રતાની

જાહેરાત છે. વર્તમાન પર્યાયમાં પૂર્વ પર્યાયનો અભાવ. એનો અર્થ શું થયો? વર્તમાન પર્યાય પૂર્વ નહોતી, પોતાથી નવી થઈ છે. પૂર્વને કારણે નહિ. વર્તમાન પર્યાય પછી નથી. આ વર્તમાન પછી નહિ રહે, નવી ઉત્પન્ન થશે, તે પોતાથી થાય છે. એમ કહે છે એમાં. સમજાય છે કાંઈ?

'**પવનનું વાવું અને નહિ વાવું તે નિમિત્ત હોવા છતાં પણ પવનને અને સમુદ્રને વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...**' લ્યો. એ તો સમુદ્રને અને પવનને વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ છે. પણ બેની પર્યાયમાં શું છે? તો આ કોની વાત ચાલે છે? કોઈ એમ લ્યે, ભાઈ! હવાને અને સમુદ્રને વ્યાપ્યવ્યાપકભાવ નથી. પણ હવાની પર્યાય અને સમુદ્રની પર્યાયમાં વ્યાપ્યવ્યાપક છે કે નહિ? અરે..! અહીં એની તો વાત ચાલે છે. જેમ સમુદ્રના તરંગ એ સમુદ્ર કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? આહાહા..! વાંધા શબ્દે શબ્દે ઉઠાવે. '**પવનને અને સમુદ્રને વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...**' શું? હવા વ્યાપક કર્તા અને દરિયાના મોજા વ્યાપ્ય કર્મ, એનો અભાવ છે. સમજાય છે કાંઈ? આ તો મુદ્દાની રકમ સાધારણ છે. અહીં તો સોનગઢની મૂળ રકમ સાધારણ છે. આ તો ઝીણી વાત છે. સમજાય છે કાંઈ? પુણ્યથી ધર્મ થતો નથી અને નિમિત્તથી કાર્ય નથી થતું. એ તો અહીંની પહેલી છાપ છે. અમારા લીલાધરભાઈ હતા. લીલાધરભાઈ રાજકોટ. એણે લખ્યું હતું, પરદ્રવ્યનો કર્તા આત્મા નહિ અને પુણ્યથી ધર્મ નહિ. (એથી વિરુદ્ધ) સોનગઢની બહાર માનવું, અહીંયા ન માનવું. અહીંયા માનવું હોય તો પરદ્રવ્યનો કર્તા નહિ અને પુણ્યથી ધર્મ નહિ. (સંવત) ૨૦૦૧ સાલની વાત છે. લીલાધરભાઈ રાજકોટવાળા હતા ને? વૈષ્ણવ હતા પણ પછી ... ગુજરી ગયા, એકદમ હાર્ટફેઈલ. પુણ્યથી ધર્મ (થાય) અને એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરે છે એ સોનગઢના સ્વાધ્યાય મંદિરની બહાર. એવું લખ્યું હતું, બહુ લખ્યું હતું, બહુ લખ્યું હતું. ઘણા વર્ષથી ચાલે છે અહીંયા.

કહે છે, '**પવનને અને સમુદ્રને વ્યાપ્ય...**' એટલે અવસ્થા. વ્યાપક નામ કર્તા. કર્તા નામ દ્રવ્ય. એ બે કર્તા અને કર્મભાવનો અભાવ હોવાથી '**કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી,...**' વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી કર્તા કારણ અને કાર્યનો અભાવ છે. કર્તા કહો કે કારણ કહો. વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી કારણકાર્યનો પણ અભાવ છે. પવન કારણ અને તરંગ ઉઠવું કાર્ય એમ નથી. શોભાલાલજી! આ ભારે વાત, ભાઈ! અને હવાનું બંધ થવું કારણ અને તરંગનું નહિ ઉઠવું કાર્ય. હવા બંધ થઈ તો તરંગ બેસી જશે. આ સમુદ્રમાં જુઓ. વહાણમાં બળેવ પછી શરૂ થાય. પહેલા તો સમુદ્રમાં ક્ષોભ હોય ને. પછી નાળિયેર નાખે છે. બળેવમાં. પછી વહાણ ચાલે. જરીક શાંત હોય તો. પવન બહુ હોય તો સમુદ્ર શાંત ન થાય. તો કહે છે, પોતાથી શાંત થાય છે ને પોતાથી તરંગ ઉઠે છે,

હવાથી નહિ. કારણ કે હવા અને સમુદ્ર વચ્ચે કર્તાકર્મનો અભાવ છે. વ્યાપ્યવ્યાપકભાવ નથી માટે. સમજાય છે કાંઈ?

તેથી '**સમુદ્ર જ...**' જુઓ! સમુદ્ર જ. 'જ' શબ્દ પડ્યો છે-'જ'. '**પોતે અંતર્વ્યાપક થઈને...**' '**સમુદ્ર જ પોતે...**' અંતર પ્રસરીને '**ઉત્તરંગ અથવા નિસ્તરંગ અવસ્થાને...**'ભાષા તો જુઓ કેટલું સિદ્ધ કરે છે. સમુદ્ર જ પોતાના તરંગ ઉઠાવે છે. એની આદિ, મધ્ય અને અંતમાં સમુદ્ર છે. હવા એવી આવી તો તરંગ ઉઠ્યા, પ્રેરક, પ્રેરક થોડી પ્રેરકતા મળી એમ પહેલા આદિમાં છે કે નહિ? ઠંડુ પાણી પડ્યું હતું. એક કાંકરી જ્યાં નાખી તો ચકરડા ઉઠશે. પહેલા કેમ ચકરડા નહોતા? પાણીમાં કાંકરી નાખે ને? એકદમ ચકરડા ઉઠે. કહે છે કે એ પાણી પોતાથી પોતામાં અંતર્વ્યાપક થઈને એ પર્યાયના ચક્કરમાં પાણી પોતાથી છે, કાંકરીથી નહિ. ઓહોહો..! મોટી ગડબડ. એકાંત, નિમિત્તથી નથી માનતા બિલકુલ તો એકાંત છે, એમ કહે છે. કોઈ વખતે નિમિત્તની પ્રધાનતાથી કામ થાય છે, કોઈ વખતે ઉપાદાનથી એનું નામ અનેકાંત છે. આ તો એકલા ઉપાદાનથી થાય છે, ઉપાદાનથી થાય છે તો એકાંત છે. એનું નામ સમ્યક્ એકાંત છે. સમજાય છે કાંઈ?

'**ઉત્તરંગ અથવા નિસ્તરંગ અવસ્થાને વિષે આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને ઉત્તરંગ અથવા નિસ્તરંગ એવા પોતાને કરતો થકો,...**' સમુદ્ર જ પોતાની ઉત્તરંગ અને નિસ્તરંગ અવસ્થાને કરે છે. એમ બધા દ્રવ્ય જગતમાં (થાય છે). અવસ્થામાં '**પોતાને એકને જ કરતો પ્રતિભાસે છે...**' ભાષા એમ છે, જુઓ! પોતાને એકને, પોતાને એકને જ. પ્રતિભાસે છે એમ કહે છે. આચાર્ય કહે છે, આમ તો પ્રતિભાસે છે. પોતાનું તો એમ થાય છે. શેઠ! હવાથી થાય છે એમ અમે તો જોતા નથી, એમ કહે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- દોષ છે, દૃષ્ટિમાં દોષ છે. સંયોગથી જોવે છે પણ એના દ્રવ્યનો સ્વભાવ પરિણમે છે એને તો તું જોતો નથી. અહીંયા આવ્યો તો એમ જોવે છે. તારી દૃષ્ટિમાં ફેર છે. જોવી છે ઈ પર્યાય અને જોવે છે પેલું. સમજાય છે કાંઈ? પ્રત્યક્ષ દેખાય છે ને? તારી દૃષ્ટિમાં ફેર છે એમ કહે છે. આહાહા..!

'**પોતાને એકને જ કરતો પ્રતિભાસે છે પરંતુ અન્યને કરતો પ્રતિભાસતો નથી;...**' જુઓ! પણ સમુદ્ર પવનને કરે અને પવન સમુદ્રને કરે એમ પ્રતિભાસતું નથી. આવો સ્વતંત્ર વસ્તુનો સ્વભાવ લક્ષમાં લે તો યથાર્થ જ્ઞાન અને યથાર્થ પર્યાય ખ્યાલમાં લીધી એમ કહેવામાં આવે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૯, શનિવાર તા. ૧૭-૮-૧૯૬૮**
**ગાથા-૮૩, પ્રવચન-૬૦૧**

કર્તાકર્મ અધિકાર ચાલે છે. ૮૩ ગાથા. ૮૩ કહે છે? તમારે શું કહે છે? તિરાસી. અમને હિન્દી નથી આવડતું. અહીં આવ્યું છે જુઓ! સમુદ્રમાં તરંગ ઉઠે છે અને તરંગ વિલય પામે છે એ પોતાથી તરંગ ઉઠે છે અને વિલયનો પોતે કર્તા છે. એ તરંગમાં આદિ-મધ્ય અને અંતમાં સમુદ્ર જ છે. એની આદિમાં કોઈ પવન કે બીજી ચીજ છે માટે સમુદ્રમાં તરંગ ઉઠે છે અને તરંગ વિલય પામે છે એવી આદિ-મધ્ય-અંતમાં બીજી કોઈ ચીજ નથી. સમજાણું કાંઈ? સમુદ્રમાં જ સ્વયં આદિ-મધ્ય-અંતમાં પોતાના તરંગથી ઉત્પન્ન થાય છે અને નિસ્તરંગ એટલે વિલય પામે છે તરંગ. એની આદિ-મધ્ય-અંતમાં એ જ છે. બીજી કોઈ ચીજ એના આદિ-મધ્ય-અંતમાં છે જ નહિ.

છેલ્લે કહે છે કે '**નિસ્તરંગ એવા પોતાને કરતો થકો,...**' સમુદ્ર જ પોતે તરંગ અને નિસ્તરંગને કરતો થકો '**પોતાને એકને જ...**' બે શબ્દ પડ્યા છે. '**પોતાને કરતો થકો, પોતાને એકને જ કરતો પ્રતિભાસે છે...**' જુઓ! આચાર્ય તો આમ કહે છે. હવાથી તરંગ ઉઠે છે એમ પ્રતિભાસતું થતું જ નથી. પોતાથી ઉત્તરંગ અને નિસ્તરંગ પોતાને કરતો થકો, પોતાને કરતો થકો, પોતાને એકને જ કરતો થકો. પાછો એક શબ્દ બે વાર લીધા છે. '**પોતાને કરતો થકો, પોતાને એકને જ કરતો પ્રતિભાસે છે...**' સમજાણું કાંઈ?

'**પરંતુ અન્યને કરતો પ્રતિભાસતો નથી;...**' અહીં એમ અર્થ ન લેવો કે.. અહીં તો સમુદ્રની વાત ચાલે છે. પવન એને નથી કરતું એ સિદ્ધ કરવું છે. તો અહીં કહે છે કે સમુદ્ર પોતાના ઉત્તરંગ અથવા નિસ્તરંગ કરતો એકને જ પ્રતિભાસે છે. અન્યને નહિ એટલે પવનને નહિ એમ નહિ. પોતાના ઉત્તરંગ નિસ્તરંગ સિવાય બીજું કાંઈ કરતો નથી એમ લેવું. સમજાણું કાંઈ? અહીં એ સિદ્ધ નથી કરવું કે પવનને સમુદ્ર નથી કરતું એ સિદ્ધ નથી કરવું. શબ્દ તો એમ આવ્યો. જુઓ.

'**પોતાને કરતો થકો, પોતાને એકને જ કરતો પ્રતિભાસે છે પરંતુ અન્યને કરતો...**' અન્ય નામ પવનને કરતો એમ અહીંયા છે જ નહિ. સમજાણું કાંઈ? ઉત્તરંગ-નિસ્તરંગ સિવાય બીજી કોઈ ચીજ કરતો નથી. બસ એટલું. અનેકાંત કર્યું. કરતો થકો પ્રતિભાસો, અન્યને કરતો નથી. બીજો પ્રકાર કરતો નથી બસ એટલું. સમજાણું કાંઈ? કેટલું સ્પષ્ટ છે! પછી સંસાર-નિઃસંસાર આવશે. આ તો દૃષ્ટાંત પહેલા આપે છે ને. એ કર્તાકર્મની વ્યાખ્યા થઈ.

સમજાણું કાંઈ?

'**અને વળી જેમ સમુદ્ર, ભાવ્યભાવકભાવના અભાવને લીધે...**' દેખો! ભાવ્ય-થવા યોગ્ય અને ભાવક-અનુભવ કરનાર, એવું જે ભાવ્યભાવકપણું. ભાવ શબ્દે ભાવ્યભાવકપણું. ભાવ્યભાવકભાવ, ભાવ્યભાવકપણાના અભાવને કારણે. પરભાવની સાથે ભાવ્યભાવકના અભાવને લીધે. સમજાણું કાંઈ? '**પરભાવનું પર વડે અનુભવાવું અશક્ય હોવાથી,...**' પરભાવનું પરભાવ વડે એટલે પરભાવનું એટલે વાયુનું પર દ્વારા એટલે સમુદ્રથી અનુભવ કરવો અશક્ય છે. સમજાણું કાંઈ? '**પરભાવનું પર વડે...**' વાયુ એ પરભાવ છે એને પર વડે, સમુદ્ર વડે અનુભવ કરવો અશક્ય છે.

'**ઉત્તરંગ અથવા નિસ્તરંગરૂપ પોતાને અનુભવતો થકો,...**' લ્યો! સમુદ્રમાં જે તરંગ ઉઠે છે અને તરંગ વિલય પામે છે એ પોતાને ભાવ્યભાવકથી અનુભવતો થકો. દેખો! '**પોતાને એકને જ...**' ત્યાં પણ બે શબ્દ લીધા છે. આ બે લીધા છે. બધામાં બે લીધા છે. '**નિસ્તરંગરૂપ પોતાને અનુભવતો થકો,...**' એમ શબ્દ લીધો છે. અને '**પોતાને એકને જ અનુભવતો...**' એટલું જોર દીધું છે. '**પોતાને અનુભવતો થકો,...**' અને '**પોતાને એકને જ અનુભવતો...**' બે શબ્દ લીધા છે. પરનો અનુભવ સમુદ્રને છે નહિ. સમજાણું કાંઈ? એવું '**પ્રતિભાસે છે...**' એમ દેખવામાં આવે છે. એમ કહે છે. લ્યો, આચાર્ય તો એમ કહે છે કે દેખવામાં તો એમ આવે છે. સમુદ્ર પોતાને અનુભવે છે, પવનને નહિ. સમજાણું કાંઈ? અને પોતાની તરંગ ઉત્તરંગ સિવાય બીજું કાંઈ કરતો નથી. બીજી કોઈ ચીજ કરતો નથી. પોતાના અનુભવ સિવાય બીજાનો અનુભવ કરતો નથી એ સિદ્ધ કરવું છે. લ્યો!

'**પરંતુ અન્યને અનુભવતો...**' અન્યનો અર્થ પવનને એમ નહિ. એ અસ્તિ-નાસ્તિ એટલું કર્યું છે ભાઈ! એમ ને? અન્યને એટલે પોતાના સિવાય બીજી રીતે અનુભવ છે જ નહિ. બીજા પ્રકારે અનુભવ છે જ નહિ. પવનને અનુભવતો નથી એ વાત લેવી નથી. પવનને તો અહીં (પોતામાં) કર્તા સિદ્ધ કરવું છે. પવનને ત્યાં કર્તા સિદ્ધ કરવું છે. પવનને અહીં (તરંગમાં) ભોક્તા સિદ્ધ કરવો છે એમ નથી. સમજાણું કાંઈ? જરી ઝીણું છે થોડું.

'**અન્યને અનુભવતો પ્રતિભાસતો નથી;...**' અહીં તો સિદ્ધ એમ કરવું છે કે વાયુ જે છે એ તરંગને અનુભવતો નથી. વાયુ તરંગને કરતો નથી અને વાયુ તરંગને અનુભવતો નથી. સિદ્ધ તો એ કરવું છે. તો અહીં વળી આ પરને અનુભવતો નથી. સમુદ્ર વાયુને અનુભવતો નથી એમ કેમ લીધું? એમ નથી. એ તો પોતાના તરંગ ઉત્તરંગને અનુભવે છે, બીજા કોઈ પ્રકારને પોતા વડે અનુભવતો નથી એટલું. સમજાણું કાંઈ? ભાઈ! સમજ્યા? વાયુનો પ્રશ્ન... વાયુ તો કર્તા-ભોક્તા (પણ) નથી એમ સિદ્ધ કરવું છે. અહીં તો પોતાને

અનુભવે છે અને પોતા સિવાય અન્યને અનુભવતો નથી. બસ એટલું. સમજાણું કાંઈ? નહિતર ભાઈએ પ્રશ્ન કર્યો હતો અમારે. વજુભાઈએ. વજુભાઈએ પ્રશ્ન કર્યો હતો હમણા કે આ વાયુ કર્તા-ભોક્તા એને ઠેકાણે આ પરનો કર્તાભોક્તા, પરનો કર્તાભોક્તા નથી એમ કેમ વાત કરી? એમ નથી. વાત તો એમ છે કે પોતાને અનુભવે છે. બસ એટલું. બીજી રીતે એનો અનુભવ છે નહિ. એમ. વાયુને અનુભવતો નથી એ પ્રશ્ન અહીંયા છે નહિ. સમજાણું કાંઈ? થોડું ઝીણું છે, પોપટભાઈ! આ દૃષ્ટાંત આપ્યો.

હવે સિદ્ધાંત. આ તો દૃષ્ટાંત દઈને વસ્તુને સિદ્ધ કરી સ્વતંત્ર. હવે એનો સિદ્ધાંત જે ઉતારવો છે આત્મા અને કર્મની વચ્ચે. એ વાત કરે છે. સમજવાની એ ચીજ છે. '**તેવી રીતે સસંસાર...**' સંસારસહિત જે પ્રાણી છે. સંસાર શબ્દે મિથ્યાત્વ અને રાગદ્વેષ સહિત જે પ્રાણી છે. બસ એટલું લેવું. સંસારયુક્ત-મિથ્યાત્વ અને રાગદ્વેષ સહિત જે પ્રાણી છે એ સંસારયુક્ત. '**અને નિઃસંસાર...**' સંસારયુક્ત અવસ્થાઓ એમ લેવું. સંસારયુક્ત અવસ્થાઓ '**અને નિઃસંસાર અવસ્થાઓ...**' બેયમાં અવસ્થા લેવી. સંસારયુક્ત અવસ્થા મિથ્યાત્વ અને રાગદ્વેષ સંસાર. સંસરણં-સ્વરૂપથી ખસીને મિથ્યાત્વ અને રાગદ્વેષમાં આવ્યો એવી સંસારયુક્ત અવસ્થાઓમાં, '**અવસ્થાઓને...**' '**અને નિઃસંસાર અવસ્થાઓને...**' નિઃસંસાર નામ પોતાના મોક્ષમાર્ગની અવસ્થાને. સમજાણું કાંઈ? મિથ્યાત્વ સંસારયુક્ત અને નિઃસંસાર અવસ્થાઓને.

'**પુદ્‌ગલકર્મના વિપાકનો સંભવ...**' કહે છે કે આત્મા સંસારમાં અથવા મિથ્યાત્વ અને રાગદ્વેષ સહિત છે એવી અવસ્થાઓને કર્મનો વિપાક નિમિત્ત છે. કર્મનો વિપાક ઉદય નિમિત્ત છે. અને નિઃસંસાર અવસ્થાઓને મોક્ષમાર્ગની અવસ્થામાં પોતાનો આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન, સ્વઆશ્રયથી પરિણમન કરનાર. પોતાનો સ્વભાવ અખંડ આનંદ શુદ્ધ, એના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે વીતરાગી પર્યાય, એવી અવસ્થાઓને પુદ્‌ગલકર્મનો વિપાક અસંભવ છે. ઉત્પત્તિમાં અસંભવ છે. નિમિત્ત નથી. નિમિત્ત નથી છતાં અભાવ-અસંભવ ન થવું '**નિમિત્ત હોવા છતાં પણ...**' એ નિમિત્ત હોવા છતાં. અભાવરૂપ નિમિત્ત-ભાવરૂપ નિમિત્ત. ભાષા તો એમ છે. બે પ્રકારના નિમિત્ત. સાંભળો. એવી વાત છે. જુઓ!

'**પુદ્‌ગલકર્મના વિપાકનો સંભવ...**' કોને? સંસારયુક્ત અવસ્થાઓને અને નિઃસંસાર અવસ્થાઓને પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ જે પોતાની નિઃસંસાર અવસ્થા છે, ધર્મીને નિઃસંસાર અવસ્થા કહે છે. એને રાગ અને મિથ્યાત્વ પરિણામ છે જ નહિ. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિને નિઃસંસાર અવસ્થા છે. ત્યાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષ અવસ્થા સમ્યગ્દૃષ્ટિને છે જ નહિ. સમજાણું? એ આવી ગયું પહેલા આપણે કે રાગદ્વેષાદિ પરિણામ

એનું સમ્યગ્દૃષ્ટિ તો જ્ઞાતા-જ્ઞાન પરિણામ કરે છે. એ સંબંધીનું પોતાનું જ્ઞાન એ જ્ઞાનની પર્યાય જ્ઞાની કરે છે. રાગદ્વેષના પરિણામ જ્ઞાનીના છે એમ ત્રણ કાળમાં નથી. સમજાણું કાંઈ? અજ્ઞાની છે ત્યાં સુધી તો રાગ અને મિથ્યાત્વને પોતાના માનીને પોતાનું છે તો એમાં પુદ્‌ગલકર્મનું નિમિત્ત છે. પણ નિમિત્ત હોવા છતાં અવસ્થાનો કર્તા પુદ્‌ગલકર્મ નથી. સમજાણું કાંઈ? અને આત્મા નિઃસંસાર અવસ્થાઓને. અવસ્થાઓ ઘણી લીધી છે. એમાં પણ મિથ્યાત્વ રાગદ્વેષ આદિ ઘણી અવસ્થા. અહીંયાં પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવ શુદ્ધ ચૈતન્યદ્રવ્યના આશ્રયે જે વીતરાગી પર્યાય ઉત્પન્ન થાય એ નિઃસંસાર અવસ્થાઓને કર્મ પુદ્‌ગલના સંભવ નામ વિપાક, અસંભવ-વિપાકનો અસંભવ એટલે અસંભવરૂપ નિમિત્ત. સમજાણું કાંઈ? ધીમેથી સમજવું. બહુ ઝીણું પડે એમ નથી. સાદી ભાષા છે. થોડો થોડો ખ્યાલ રાખે તો સમજાય એવું છે. એવી ચીજ નથી કે ન સમજાય. સમજાણું કાંઈ?

કહે છે કે જેમ સમુદ્રનું દૃષ્ટાંત આપ્યું, એમ ભગવાન આત્મા સંસારયુક્ત હો અવસ્થાવાળા કે નિઃસંસાર અવસ્થાવાળો હોય. '**પુદ્‌ગલકર્મના વિપાકનો સંભવ...**' થવો-ઉત્પત્તિ. અજ્ઞાની આત્મા મિથ્યાત્વ અને રાગદ્વેષની અવસ્થામાં હોય પોતાથી, તો એમાં પુદ્‌ગલ કર્મનો વિપાક, ઉદય વિપાક, સત્તાની વાત નથી, વિપાક નિમિત્ત છે. અને પોતાનો સ્વભાવ નિઃસંસાર અવસ્થા. ભગવાન ચૈતન્યદ્રવ્ય જ્ઞાયકસ્વભાવ, એના આશ્રયે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિઃસંસાર અવસ્થા છે એમાં પુદ્‌ગલ કર્મનો વિપાક અસંભવ નિમિત્ત છે. ઉત્પત્તિના અભાવરૂપ નિમિત્ત છે. સમજાણું કાંઈ?

જુઓ! '**નિમિત્ત હોવા છતાં પણ પુદ્‌ગલકર્મને અને જીવને વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...**' દેખો! એ વિપાક છે એ વ્યાપક થઈને મિથ્યાત્વ અને રાગ-દ્વેષની વ્યાપ્ય અવસ્થા કરાવે છે એનો અભાવ છે. પુદ્‌ગલકર્મનો ઉદય જે વિપાક છે એ વ્યાપક અને મિથ્યાત્વ રાગદ્વેષ સંસાર અવસ્થા વ્યાપ્ય એમ છે નહિ. સમજાણું કાંઈ? '**નિમિત્ત હોવા છતાં પણ પુદ્‌ગલકર્મને અને જીવને વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી,...**' શું કહ્યું? જુઓ! એમાં કેટલું ભર્યું છે!

ભગવાન આત્મા પોતાને ભૂલીને ભ્રાંતિ અને રાગદ્વેષ અવસ્થાઓને કરનારો જીવ પોતાના પરિણામને અજ્ઞાનપણાથી. એમાં પુદ્‌ગલકર્મનું, પૂર્વ કર્મનું હોં! પૂર્વ જે કર્મ છે ને? પૂર્વકર્મ. એનો પાક અહીંયાં નિમિત્ત હો, છતાં એ વ્યાપક થઈને એ વિકારી અવસ્થા એની વ્યાપ્ય થઈ જાય, એ કર્તા થઈને પરિણામ વિકારી એનું કર્મ થઈ જાય એમ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? પુદ્‌ગલકર્મનું અસંભવ નિમિત્ત હોવા છતાં પણ, પાકનો અસંભવ-નહિ ઉત્પત્તિનું નિમિત્ત હોવા છતાં પણ, પોતાનો આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયમાં એનું થોડું

વ્યાપકપણું (થાય) અને અહીંયાં કાર્ય થાય એનાથી, વ્યાપ્ય છે એમ છે નહિ. સમજાણું કાંઈ? અરે..! વ્યાપ્યવ્યાપક ભારે.

**'પુદ્ગલકર્મને અને જીવને વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી,...'** અર્થાત્ ભગવાન આત્મા પોતાને ભૂલીને મિથ્યાત્વ અને રાગ-દ્વેષ પર્યાયમાં પડ્યો છે તો એ કાર્ય એ જીવનું છે. પણ એ કર્મનું નિમિત્ત છે, વિપાકનું નિમિત્ત છે, તો એ કર્તા છે અથવા વ્યાપક થઈને એની વ્યાપ્ય અવસ્થા છે એનો અભાવ છે. સમજાણું કાંઈ? કર્મનો ઉદય કિંચિત્ એને વિકાર કરાવે એમ છે નહિ. એમ કહે છે. આહાહા..! કહે છે ને ભાઈ કર્મનો તીવ્ર ઉદય હોય તો આમ કરવું પડે અને મંદ હોય તો કરવું પડે. એવી વાત છે જ નહિ. જુઓ! શું કહે છે?

જીવ અને પુદ્ગલકર્મમાં વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી. અર્થાત્ સંસાર અવસ્થા જીવની પડી છે એમાં પૂર્વના કર્મનું નિમિત્ત હોવા છતાં એ કર્મ વ્યાપક થઈને, કર્તા થઈને જીવની વિકારી પર્યાયનું કાર્ય કરે એનો અભાવ છે. સમજાણું કાંઈ? કિંચિત્ પણ વ્યાપક થઈને વ્યાપ્ય કરે એમ ત્રણ કાળમાં નથી એમ કહે છે. આહાહા..! ભારે કર્મની તો માંડી છે જગતને. પંડિતજીને ઘણા જવાબ દેવા પડ્યા છે. ખાણિયા ચર્ચામાં. સામે બહુ માંડી હતી. ઘણા જવાબ આપવા પડ્યા. આખું પુસ્તક પણ બન્યું બહુ સરસ, હોં! મહેનત તો લેખે લાગી. છાપીને બહાર તો પાડવું જ હતું. સમજાણું કાંઈ? અમારે ભગવાનજીભાઈ તો બહુ ખુશી થાય છે. ભગવાનજીભાઈ તમારું વાંચીને. ભગવાનજીભાઈ છે ને. બહુ ખુશ થાય છે. ઓહોહો..! બહુ સારું (આવ્યું). સમજાણું કાંઈ? અને સ્પષ્ટ પણ ઘણું છે. બહુ સ્પષ્ટ છે. ઓહોહો..! એવી વાત હજી બહારમાં લૌકિકમાં શાસ્ત્રના આધારથી પુસ્તકમાં આવી જાય એવી બહુ સારી વાત છે. પંડિતજીએ એમાં ઘણી ... મદદ કરી છે. સમજાણું કાંઈ? વસ્તુ તો એમ જ હતી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ મુખ્ય નહિ. બધો ભાગ એનો જ છે. પુસ્તકમાં બીજાનું તો છે જ નહિ. ખરેખર તો એકનું જ કારણ છે. સમજાણું? આગમની પરવા કરીને, સમાજની પરવા છોડીને, સમાજનો સુધાર કરવો એ નહિ રાખીને આગમના શું બોલ છે એ સિદ્ધ કર્યું છે. વાત તો એવી હોવી જોઈએ ને. જંબુકુમારજી લખે છે. પહેલા લખ્યું છે. પંડિતોનું સમાજનું સમધારણ કરવું એ કામ નથી. એનું તો આગમનું શું રહસ્ય છે એ ખોલવું એ એનું કામ છે. પંડિતજી! લખ્યું છે ને એ પહેલા? લખ્યું છે પહેલા. એમ જ હોય. સત્ય વાત છે એમાં શું છે? એમાં ગુપ્ત રાખવા જેવી વાત શું છે? સમજાણું કાંઈ?

અહીં દેખો ભગવાન અમૃતચંદ્રાચાર્ય કુંદકુંદાચાર્યની ગાથાનું સ્પષ્ટીકરણ કરે છે. ટીકાકાર તો ટીકા કરે છે. આમ છે.. આમ છે. તો કહે છે કે આત્મા પોતાને ભૂલીને મિથ્યાત્વ અને રાગદ્વેષની અવસ્થાઓને પૂર્વના કર્મના પાક નિમિત્ત હોવા છતાં પણ એ કર્મ કર્તા થઈને, વ્યાપક થઈને, પ્રસરીને વિકારી પરિણામમાં બિલકુલ કર્તા કે કર્મ થાય એવો સંબંધ નથી. સમજાણું કાંઈ? ધન્નાલાલજી! કર્મ કરાવે છે.. કર્મ કરાવે છે.. કર્મ કરાવે છે.. .. કમ્મો બળિયો, .. જીવો બળિયો.. લ્યો! એ પણ પંડિતજીની સામે બોલ આવ્યો હતો. એમાં છે ને? .. જીવો બળિયો, .. કમ્મો બળિયો. એણે કહ્યું હતું. ખબર છે ને બધી. કમ્મો બળિયો શું? વિકારનું પરિણામ બળ એ કમ્મો બળિયો, પુરુષાર્થનું બળ એ જીવનું બળ. બીજું શું? આ શું કહે છે? ટીકા શું કહે છે?

ભગવાન આત્મા પોતાને ચૈતન્ય ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપ છે એમ ભૂલીને. એની અહીંયા વાત છે. એ સંસારયુક્ત છે. એમાં જે વિકારી પરિણામ મિથ્યાત્વ અને રાગદ્વેષ અને હરખ-શોક આદિ વાસના આદિ થાય છે એ યુક્ત-સહિત તો લીધું. સહિત અવસ્થાવાળો તો લીધો. યુક્ત સહિત અવસ્થાવાળો લીધો. એમાં પુદ્‌ગલ કર્મનો સંભવ ઉત્પન્ન (થવામાં) નિમિત્ત છે. નિમિત્ત હોવા છતાં પણ એ વ્યાપક થઈને, કર્તા થઈને વિકારી પરિણામ કાર્ય કિંચિત્ કરે એનો અભાવ છે. સમજાણું કાંઈ? એક વાત.

બીજી વાત. '**પુદ્‌ગલકર્મને અને જીવને...**' હવે જીવની નિઃસંસાર અવસ્થા લેવી છે. પહેલી સંસાર અવસ્થાની વાત કરી. હવે નિઃસંસાર અવસ્થા. કર્મનો ક્ષય. ઈ કહે છે ને? તમે ઊંધેથી લ્યો છો. એમાં લીધું છે પંડિતજીએ. અહીંયાં સમ્યગ્દર્શન થાય, સમ્યગ્જ્ઞાન થાય તો દર્શનમોહનો નાશ થાય છે. એમ નહિ લ્યો. દર્શનમોહનો નાશ થાય તો સમ્યગ્દર્શન થાય, એમ લ્યો. તમારો ક્રમ ઉલ્ટી પાટી છે એમ લખ્યું છે એમાં.

મુમુક્ષુ :- ઊલટી ગંગા ચલાવો.

ઉત્તર :- ઊલટી ગંગા ચલાવો. જ્ઞાનાવરણીયનો નાશ થાય તો જ્ઞાન થાય એમ લ્યો. તમે કહો છો કે જ્ઞાન થાય તો જ્ઞાનાવરણીયનો નાશ એને કારણે થાય છે. એવો ઊંધો ક્રમ ચલાવી દીધો.

અહીં જુઓ શું કહે છે? જુઓ! શું કહે છે? જેમ પુદ્‌ગલકર્મને સંસારની અવસ્થામાં નિમિત્ત હોવા છતાં પણ. એ નિમિત્ત વિકારનો કર્તા બિલકુલ નથી. એમ જીવને નિઃસંસાર અવસ્થાને પોતાની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને વીતરાગી પર્યાયમાં પુદ્‌ગલ કર્મનો સંભવ ન હોવાને લીધે, ઉત્પત્તિ નહિ હોવાથી એને કારણે એમાં કંઈક કાર્ય થયું એમ છે નહિ. સમજાણું કાંઈ? કેટલું સ્પષ્ટ છે! આહાહા..!

ભગવાન આત્મા પોતાનું દ્રવ્યસ્વરૂપ શુદ્ધ અખંડ આનંદમૂર્તિ પ્રભુ, એનો આશ્રય કરીને જે સમ્યગ્દર્શન સ્વસંવેદન કરીને સમ્યગ્જ્ઞાન, સ્વરૂપમાં સ્થિરતા કરીને વીતરાગી ચારિત્ર પર્યાય (થઈ), તો કહે છે કે એ નિઃસંસાર અવસ્થામાં જીવને પૂર્વના કર્મની ઉત્પત્તિનો અસંભવ હોય, ઉત્પત્તિ નહિ હોવા છતાં, એ ઉત્પત્તિ નહિ એવું નિમિત્ત હોવા છતાં પણ, ઉત્પત્તિ નથી એવું નિમિત્ત હોવા છતાં પણ. એમ લેવું. ઉત્પત્તિ નથી એવું નિમિત્ત હોવા છતાં પણ એને કારણે અહીંયાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કાર્ય થાય છે અને એ કર્તા છે, એમ બિલકુલ નથી. સમજાણું કાંઈ? શેઠ! અમરચંદભાઈ! આહાહા..! કેટલી વાત ભરી છે! આખા સંસારની વિકારી અને નિર્વિકારી બેયની વાત એકસાથે ભરી દીધી. આખું તત્ત્વ ભરી દીધું એમાં. ઓહોહો..!

જ્ઞાનીને તો પોતાનો આત્મા શુદ્ધ ચૈતન્ય પ્રભુ નિર્મળાનંદ અભેદ, એના આશ્રયે સમ્યગ્દર્શન થયું તો કહે છે કે એ સમ્યગ્દર્શનમાં દર્શનમોહના અનઉદયરૂપ, અસંભવરૂપ નિમિત્ત હતું, અનુત્પત્તિરૂપ નિમિત્ત (હતું) એને કારણે સમ્યગ્દર્શનની પર્યાય થઈ? બિલકુલ નહિ. સમજાણું કાંઈ? એમ પોતામાં સ્વરૂપની સ્થિરતા થઈ વીતરાગ પર્યાય ચારિત્ર. તો એ ચારિત્ર પર્યાયમાં એ સમયે ચારિત્રમોહના ઉદયનું અસંભવપણું, અનુત્પત્તિ એવું નિમિત્ત હોવા છતાં પણ એ કારણે વીતરાગી પર્યાય ઉત્પન્ન થાય એ અસંભવ નિમિત્ત કર્તા અને અહીંયાં પર્યાય કાર્ય એમ છે નહિ. સમજાણું કાંઈ? છે ને, જુઓને સામે પાઠ છે. પાઠનો અર્થ થાય છે. આ કાંઈ ઘરની વાત નથી-કલ્પનાની. આ તો વસ્તુનું સ્વરૂપ આવું છે. સમજાણું કાંઈ?

'**પુદ્ગલકર્મને અને જીવને...**' બેયમાં લઈ લેવું. '**વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ...**' છે. જુઓ! આ કારણે. હવે આ સિદ્ધ કર્યું તે કારણે, તેથી. '**જીવ જ પોતે અંતર્વ્યાપક થઈને...**' જુઓ! '**જીવ જ પોતે અંતર્વ્યાપક થઈને સસંસાર...**' મિથ્યાત્વ અને રાગ-દ્વેષમાં પણ જીવ પોતે અંતર્વ્યાપક, પોતે અંતર્વ્યાપક. પોતેમાં પણ તમારે ગોટા ઉઠ્યા છે ને? 'સ્વયં' સોળમી ગાથામાં. ઈ સ્વયં એટલે પરિણમે છે. સ્વયં એટલે પોતાથી સ્વતંત્ર એમ નહિ. એમ લખ્યું છે. ઘણું લખ્યું છે. ભારે ગડબડ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એમ નહિ. સ્વતંત્રપણે પરિણમે છે એમ નહિ. અરેરે..! ભારે અર્થ પણ. સ્વયં ઉપર ઘણી આપત્તિ છે. ખબર છે.

અહીં કહે છે, જુઓ અહીંયા શબ્દ પડ્યો છે. અહીં શબ્દ પડ્યો છે ઈ આવ્યો. જુઓ! '**જીવ જ પોતે...**' મિથ્યાત્વ અને રાગ-દ્વેષ પરિણામ સંસાર અવસ્થામાં '**અંતર્વ્યાપક થઈને...**' પ્રસરીને. લ્યો. અહીં તો જરી નિમિત્ત લીધું છે. સમજ્યા? પણ ૧૬૨ ગાથા જે પંચાસ્તિકાયની

છે એમાં તો પરકારકથી નિરપેક્ષ છે. એ ચર્ચા થઈ હતી ને? પંડિતજી હતા. ત્યાં મધુવનમાં. વર્ણીજી સાથે. ભાઈ બંસીધરજી પણ બેઠા હતા, બધા બેઠા હતા. વિકાર સહેતુક છે કે નિરહેતુક છે? પ્રશ્ન ઉઠ્યો. ઈ ઓરડીમાં, વીસપંથીની ઓરડીમાં નીચે. સહેતુક છે કે નિરહેતુક છે? કહ્યું, નિશ્ચયથી પરની અપેક્ષા વિના નિરપેક્ષપણે વિકાર પોતાથી નિરપેક્ષ થાય છે. ગડબડ થઈ ગઈ. એ તો અભિન્ન કારકની (વાત છે). પણ અભિન્ન કારકની શું વાત છે? એનું નામ પોતાથી થાય છે પરની અપેક્ષા વિના. અહીં તો હજી જ્ઞાન કરાવવું છે તો નિમિત્ત સિદ્ધ પણ કરે છે. ત્યાં તો પર કારકની અપેક્ષા વિના પાઠ છે. અન્ય કારક નિરપેક્ષ પોતાના પરિણામ જીવ પોતાથી કરે છે. પુદ્‌ગલના પરિણામ કર્મની અવસ્થા થવી એ રાગ-દ્વેષની અપેક્ષા વિના કર્મની અવસ્થા તે સમયે પુદ્‌ગલમાં પોતાથી નિરપેક્ષ થાય છે. સમજાય છે કાંઈ? નહિ, નહિ. સહેતુક થાય છે. સહેતુક કહે ને. નિમિત્ત છે. એમાં નિમિત્તમાં કર્તા ક્યાં આવ્યું? અહીં જ્ઞાન કરાવ્યું છે. ત્યાં નિરપેક્ષપણાની સ્વયંસિદ્ધ વાત નક્કી કરી છે. સમજાય છે કાંઈ?

કહે છે, '**પુદ્‌ગલકર્મને અને જીવને...**' પહેલા વિકારમાં લીધું, પછી નિર્વિકારમાં લીધું. માટે '**જીવ જ પોતે અંતર્વ્યાપક થઈને સસંસાર...**' પહેલી આ ભાષા. પોતાને ભૂલીને.. સમજાય છે? 'અપનેકો આપ ભૂલકર હૈરાન હો ગયા'. રાગને અને પુણ્યને પોતાના માનીને પોતાના આત્માએ અજ્ઞાનપણે વિકારમાં અંતર્વ્યાપક થઈને, અંતર્વ્યાપક થઈને સંસાર અવસ્થામાં. પહેલા આટલું લેવું. પછી નિઃસંસાર લેશે. '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને...**' વિકારી પરિણામની આદિમાં આત્મા, મધ્યમાં આત્મા અને અંતમાં આત્મા. એ વિકારી પરિણામમાં આદિમાં કર્મના ઉદયનો કોઈ અંશ આદિમાં છે એટલે અહીંયા વિકાર થયો છે એમ છે જ નહિ. આહાહા..! સ્વતંત્ર વસ્તુ છે. પરની અપેક્ષા ક્યાં છે? નિશ્ચયમાં પરની અપેક્ષા નથી. પંડિતજીએ કહ્યું. બધા બોલ્યા નહિ. પણ પંડિતજી બોલ્યા. સ્વામીજી એમ કહે છે કે વિકાર નિશ્ચયથી નિરપેક્ષ થાય છે. એટલું બોલ્યા હતા. એ ઓરડીમાં એટલા શબ્દ હતા. મને યાદ છે. તમે હતા ને? નિશ્ચયથી વિકાર નિરપેક્ષ થાય છે, એમ કહે છે. પંડિતજી હતા. ૧૧ વર્ષ થયા, સાડા અગિયાર વર્ષ. સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે, ઓહોહો..! કેટલી સ્પષ્ટ વાત! ભગવાન! તું તને ભૂલીને મિથ્યા ભ્રાંતિ અથવા રાગ-દ્વેષની વાસના એ તો અંતર્વ્યાપક થઈને. તારી વ્યાપકતામાં આદિમાં કોઈ કર્મનો ઉદય હોય (એમ નથી). નિમિત્ત છે ને? ઈ કહ્યું હતું, આ વિપાક અહીંયા સંસારયુક્ત અવસ્થામાં કર્મનો વિપાક નિમિત્ત હતો, ઉત્પત્તિ નિમિત્ત હતી. તો નિમિત્તની કોઈ શરૂઆત છે આદિમાં એટલે અહીં વિકારનો અંશ પરિણમ્યો છે એમ છે? બિલકુલ નહિ. સમજાય છે કાંઈ?

'**જીવ જ...**' એમ શબ્દ છે પાછો. જીવ જ, એમ. જીવ જ, આત્મા જ. બીજું કોઈ

નહિ. આહાહા..! **'પોતે અંતર્વ્યાપક થઈને સસંસાર...'** અવસ્થામાં. પહેલા આ લે છે, પછી નિઃસંસાર લેશે. **'આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને...'** સંસારયુક્ત **'એવા પોતાને કરતો થકો,...'** પોતાને એકને કરતો થકો પ્રતિભાસે છે. ત્યાં બે વાર લીધું. સમજાય છે કાંઈ? શું કહ્યું? **'જીવ જ પોતે અંતર્વ્યાપક થઈને...'** સંસારયુક્ત અવસ્થામાં, સંસાર સહિત અવસ્થામાં **'આદિ-મધ્ય-અંતમાં...'** સ્વયં પોતે **'વ્યાપીને...'** સંસારયુક્ત અવસ્થા **'એવા પોતાને કરતો થકો,...'** સંસારયુક્ત અવસ્થા એવો પોતાને કરતો થકો. **'પોતાને એકને જ...'** પોતાને કરતો અને પોતાને એકને જ **'કરતો પ્રતિભાસો પરંતુ અન્યને કરતો ન પ્રતિભાસો;...'** અન્યનો અર્થ કર્મના ઉદયને કરતો એમ નહિ. પોતાને કરતો પ્રતિભાસો, બીજાને કરતો ન પ્રતિભાસો. બસ, એટલું. અનેકાંત કર્યું છે. સમજાય છે કાંઈ? આહાહા..! કેટલી વાત સમાવી દીધી છે! આખો સંસારમાર્ગ અને મોક્ષમાર્ગ બન્નેમાં આત્મા સ્વતંત્ર છે. સમજાય છે કાંઈ?

નિગોદમાં પણ ઈ છે. નિગોદમાં પણ જીવ... કોઈ કહે છે કે જ્યાં સુધી સંજ્ઞી નથી થયો ત્યાં સુધી તો કર્મને આધીન પરિણમન છે કે નહિ? બિલકુલ નહિ. ભાવકલંક પહુરા-પ્રચુર. ગોમ્મટસારમાં આવે છે ને? ભાવકલંક પહુરા. ભાવકલંકની પ્રચુરતા નિગોદના જીવની પોતાની સંસારયુક્ત અવસ્થામાં આદિ-મધ્ય-અંતમાં ઈ આત્મા છે. એને કર્મનો ઉદય વિપાક નિમિત્ત છે તો આદિ થઈ તો પોતાને આવું પ્રચુર કલંક ઉત્પન્ન થયું એમ નથી. સમજાય છે કાંઈ?

**'પોતાને એકને જ...'** જુઓ! **'એવા પોતાને કરતો થકો,...'** એવા પોતાને કરતો થકો **'પોતાને એકને જ કરતો પ્રતિભાસે પરંતુ અન્યને કરતો ન પ્રતિભાસો;...'** અર્થાત્ પોતા સિવાય બીજાને કરી શકતો નથી. એમ કહે છે. એક શબ્દનો અર્થ થયો-સંસારનો. હવે નિઃસંસારનો.

**'જીવ જ પોતે અંતર્વ્યાપક થઈને નિઃસંસાર અવસ્થાને વિષે...'** એમ લેવું હવે. જીવ સ્વયં અંતર્વ્યાપક થઈને સમ્યગ્દર્શનમાં, સમ્યક્જ્ઞાનમાં, સમ્યક્ચારિત્રની વીતરાગી પર્યાયમાં અંતર્વ્યાપક થઈને આદિ-મધ્ય-અંતમાં આત્મા જ ધર્મની પર્યાયમાં આત્મા આદિ, આત્મા મધ્ય અને આત્મા અંત, એ ધર્મની પર્યાય પ્રગટ થઈ એમાં કર્મનો કંઈપણ અભાવરૂપ નિમિત્ત છે તો આદિમાં આવું થયું તો અહીંયા પર્યાય એવી થઈ એમ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! કર્મનો ઉદય મંદ પડી ગયો અને ઉદય થયો તો ધર્મપર્યાય કરવામાં... શું ભાષા કહે છે? સુલભતા થઈ, સુલભતા થઈ. બિલકુલ નહિ. કોણ કહે છે? પોતાની પર્યાય પોતાથી થાય છે. સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર જે મોક્ષના માર્ગની પર્યાય છે કે મોક્ષ છે

કે કેવળજ્ઞાન છે તે બધી પર્યાયમાં આત્મા સ્વયં અંતર્વ્યાપક થઈને (પરિણમે છે).

કેવળજ્ઞાનાવરણીય કર્મનો અભાવ થયો, નિમિત્તનો અભાવ છે-અસંભવ છે માટે અહીંયા કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ એમ નથી. સમજાય છે કાંઈ? કેવળજ્ઞાનની ઉત્પત્તિમાં પોતે અંતર્વ્યાપક થઈને કેવળજ્ઞાનની આદિમાં આત્મા, મધ્યમાં આત્મા, અંતમાં આત્મા છે. અંત શબ્દ (કહ્યો) પણ સમય તો એક જ છે. ત્રણ સમય નથી. સમજાય છે કાંઈ? એ તો જોર દેવું છે. આદિમાં કર્મ જરી ખસી ગયું એટલી તો મદદ મળીને થોડી કામ કરવામાં? બિલકુલ નહિ. સમજાય છે કાંઈ? કોઈ કહે છે ને? પહેલા કર્મનો નાશ થાય તો તમને જ્ઞાન થાય. બિલકુલ જૂઠ છે.

વસ્તુ એવી છે. એ કોઈએ બનાવી નથી. વસ્તુ સ્વતંત્ર કર્તા. કર્તાની વ્યાખ્યા શું? સ્વતંત્રપણે કરે તે કર્તા. અને કર્તાનું ઈષ્ટ તે કર્મ. અજ્ઞાની કર્તા છે અને એનું ઈષ્ટ ભ્રાંતિ અને રાગ-દ્વેષ છે. તે તેનું કર્મ છે. કર્તા ઈ છે. એના કર્મમાં કર્મના ઉદયની આદિ છે તો આવું કર્તાકર્મ છે એમ નથી. કેટલી વાત છે! છતાં એવી તકરાર, એવી તકરાર. અરે..! તું એકાંત માને છે. ભઈ, ભગવાન! સાંભળ તો ખરો તું. એકાંત છે, એકાંત છે. કર્મનો કોઈ ભાગ તો લેતા જ નથી. કર્મનો અંશ તો લેતા જ નથી. પણ એનો અંશ એમાં રહ્યો, અહીં ક્યાં આવ્યો? એના અંશની તો અહીંયા નાસ્તિ છે. ઉદયભાવ છે ત્યાં એ પર્યાય કર્મની જડની છે. એની તો અહીંયા પર્યાયમાં નાસ્તિ છે. તો નાસ્તિમાં અસ્તિ ક્યાંથી લાવ્યો? સમજાય છે કાંઈ? એક એક ગાથામાં કેટલું સ્પષ્ટ કર્યું છે! ઓહોહો..! સમયસાર અદ્વૈત ચક્ષુ, અજોડ ચક્ષુ! છેલ્લે આવે છે ને? છેલ્લા કળશમાં આવે છે.

કહે છે, ભગવાન! આત્મામાં '**જીવ જ પોતે અંતર્વ્યાપક થઈને નિઃસંસાર અવસ્થાને વિષે...**' હવે ત્યાં લેવું. જીવ જ, સંસાર અવસ્થા છોડી દેવી, જીવ જ પોતે અંતર્વ્યાપક થઈને, પોતે અંતર્વ્યાપક, એમ. પોતે અંતર્વ્યાપક. કોઈ નિમિત્તની અપેક્ષા એમાં નથી. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવામાં પોતે અંતર્વ્યાપક થઈને. આહાહા..! અભેદ ચીજ ઉપર દૃષ્ટિ દેવાથી પોતે અંતર્વ્યાપક થઈને સમ્યગ્દર્શનની પર્યાયને પ્રાપ્ત કરે છે. દર્શનમોહનો અનુદય ત્યાં છે, ઉત્પત્તિ ત્યાં નથી તેથી તે કારણે એ કર્તા થઈને સમ્યગ્દર્શનની પર્યાય કાર્ય છે એમ વસ્તુમાં નથી. કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અહીંયા છે ને એમાં. એ અમારા ભીખાભાઈ છે. એનો દીકરો છે. હીરાભાઈ એમનો દીકરો ત્યાં મુંબઈમાં વાંચે છે. સમજાય છે કાંઈ? કહે છે.. આહાહા..! કોણ સમજાવે? ભાષા કોણ કરે ભાઈ! આહાહા..! ભાષાની પર્યાયમાં ભાષા અંતર્વ્યાપક થઈને આદિ-મધ્ય-

અંતમાં ભાષાની પર્યાયમાં ભાષાની વર્ગણા છે. બીજાની ઈચ્છા આદિ-મધ્ય-અંતમાં નથી. સમજાય છે કાંઈ? ભાષાની પર્યાયમાં ભાષાની વર્ગણા આદિ-મધ્ય-અંતમાં છે. ત્યાં બોલવાવાળાની ઈચ્છા આદિમાં થઈ એટલે ભાષાની પર્યાય થઈ એમ ત્રણ કાળમાં નથી. આહાહા..!

અને વિકલ્પ જે છે એ પણ જ્ઞાનીને તો જ્ઞાનની પર્યાયમાં નિમિત્ત વિકલ્પ થાય છે. પોતે વિકલ્પમાં નિમિત્ત થતો નથી, પણ જ્ઞાનની પર્યાય પ્રગટ થઈ એમાં વિકલ્પ નિમિત્ત થાય છે, ઉપાદાન પોતાથી છે. વિકલ્પ એમાં નિમિત્ત થાય છે. સમજાય છે કાંઈ? નિમિત્ત હોવા છતાં જ્ઞાનની પર્યાયનો કર્તા વિકલ્પ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..!

કહે છે, '**જીવ જ...**' એમ જોર આપ્યું. એકાંત ન થાય, અનેકાંત લાવો. જીવ જ, એમાં એકાંત થઈ જાય છે. હવે સાંભળને! ઈ સમ્યક્ એકાંત છે. જીવ જ છે. બીજું કોઈ નથી. બીજો કોઈ પ્રકાર નથી એમ અહીંયા કહે છે. સમજાય છે કાંઈ? ધર્મની પર્યાયમાં જીવ જ પોતે અંતર્વ્યાપક થઈને. કર્મનો અસંભવ નામ ઉત્પત્તિનો અભાવ છે તો એને થોડી આદિ થઈ તો સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થઈ એમ છે જ નહિ. સમજાય છે કાંઈ? અને આત્મામાં વીતરાગ પર્યાય ઉત્પન્ન થઈ, પહેલા પંચમ ગુણસ્થાને કે ચોથા ગુણસ્થાને વિકલ્પ આવ્યો કે હું પંચ મહાવ્રત લઉં એ વિકલ્પ ઉત્પન્ન થયો. વિકલ્પ આવ્યો તો વીતરાગી પર્યાય ઉત્પન્ન થઈ એમ છે જ નહિ. વિકલ્પ આદિમાં છે પછી વીતરાગી પર્યાય ઉત્પન્ન થઈ સાતમે ગુણસ્થાને એમ છે જ નહિ. સપ્તમ ગુણસ્થાનમાં જે વીતરાગી પર્યાય ઉત્પન્ન થાય છે તેની આદિ-મધ્ય અને અંતમાં આત્મા છે. આદિમાં વિકલ્પ આવ્યો હતો, પંચ મહાવ્રત લઈ લીધા, નગ્નપણું થઈ ગયું તેથી વીતરાગી પર્યાય ઉત્પન્ન થઈ, એવું કોઈ કાર્યકારણ છે જ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! પેલા કહે ને? વ્યવહાર આવો હોય છે, પહેલા આવો વ્યવહાર હોય છે. પછી નિશ્ચય પર્યાય થાય છે. ધૂળમાંય નથી, સાંભળ તો ખરો. આવું તું ક્યાંથી લાવ્યો? પહેલા કષાય મંદ થયો, વિકલ્પ થયો, પંચ મહાવ્રત લીધા ત્યાં શુભભાવ છે. પછી એને મુનિપણું આવવાનો અવકાશ છે. મુનિપણું ચારિત્રની પર્યાય આવવાનો અવકાશ છે. બિલકુલ નહિ. સમજાય છે કાંઈ? શું કહે છે?

નિઃસંસાર અવસ્થામાં આદિ-મધ્ય-અંતમાં બીજી કોઈ ચીજ નથી. આહાહા..! ભારે વાત ભાઈ! બધે કર્મની જ માંડી છે. જૈનમાં તો જાણે કર્મ, કર્મ અને કર્મ. કર્મ હોય તો દુઃખી થાય અને કર્મ ન હોય તો સુખી થાય. એ... ચીમનભાઈ! શું કહે છે? જુઓ! થોડું પણ યથાર્થ સમજવું. પંડિતજી! ત્યાં એ પંડિતજી ગયા? નેમિચંદજી. છે? ક્યાં છે? જવાના હતા, ગિરનાર જવાના હતા. છે? ઠીક. ઈન્દોરવાળા બહુ નરમ માણસ છે. આજે આવ્યા હતા.

મેં કીધું, ગયા. એ નરમ માણસ છે ભાઈ! અંદર આવ્યા હતા. આંખમાંથી આંસુ ચાલ્યા ગયા. નેમિચંદજી પંડિત છે, ઈન્દોરના પંડિત છે. બહુ નરમ માણસ છે, બહુ. એની આંખમાંથી આંસુ ચાલ્યા ગયા. ગાથા ચાલતી હતી ઈ બહુ ઉત્તમ ચાલી ને. ૭૫થી ૭૯. બહુ ચાલી. આવું કોઈ દી સાંભળ્યું નથી. આંખમાંથી આંસુ ચાલ્યા ગયા. પાંચ ગાથા બહુ સારી ચાલી. ૭૫થી ૭૯. બહુ સૂક્ષ્મ તત્ત્વ. કર્તાકર્મનું માખણ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

કહે છે, ભગવાન! એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! આહાહા..! તારી સ્વતંત્રતા તો જો. કહે છે કે વિકાર પરિણામમાં પણ તું સ્વતંત્ર થઈને અંતર્વ્યાપક થઈને તેં કર્યા. એમાં બીજાનો અંશે પણ અધિકાર નથી. બીજા કોઈ અંશનો અધિકાર નથી. કર્મનો ઉદય તીવ્ર આવ્યો તો થોડો અંશનો અધિકાર થયો અને વિકાર થયો એમ બિલકુલ નથી. સમજાય છે કાંઈ? અને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવામાં કર્મનો અંદર ક્ષયોપશમ થયો અને લબ્ધિ આવે છે ને? શું કહે છે? કરણલબ્ધિ ને દેશનાલબ્ધિ, એ પર્યાય છે તો સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થઈ એમ છે જ નહિ. એ સમ્યગ્દર્શનની પર્યાયમાં આદિ-મધ્ય-અંતમાં આત્મા છે. પૂર્વની પર્યાય નહિ, નિમિત્ત નહિ. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- અડવા દેતા નથી.

ઉત્તર :- અડવા દેતા નથી નહિ, વસ્તુ એવી છે. એમ કહે છે, બીજાને અડવા નથી દેતા. અડે ક્યાંથી?

ભગવાન આત્મા ચૈતન્યબિંબ પ્રભુ પોતાથી જાગૃત થયો તો કહે છે કે એ જાગૃતની પર્યાય વીતરાગની પર્યાય, સમ્યગ્દર્શનની પર્યાય પોતે અંતર્વ્યાપક થઈને પોતે કરી છે. એની આદિ-મધ્ય-અંતમાં તો પોતાનો આત્મા દ્રવ્ય છે. દ્રવ્ય છે. પૂર્વની પર્યાય નહિ, નિમિત્ત નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? આ કેવળજ્ઞાન થયું તો કહે છે કે મોક્ષમાર્ગની પર્યાય પૂર્વે હતી આદિમાં એટલે કેવળજ્ઞાન થયું એમ છે જ નહિ. કેવળજ્ઞાનની પર્યાય ઉત્પત્તિ, નિઃસંસાર અવસ્થામાં આદિ-મધ્ય-અંતમાં દ્રવ્ય આત્મા છે. સંહનન છે, વજ્રનારાચ સંહનન છે, ઈ આદિમાં છે એટલે કેવળજ્ઞાન થયું. બિલકુલ નહિ, બિલકુલ નહિ.

મુમુક્ષુ :- કાળ નડે છે.

ઉત્તર :- હા. એમ કહે છે, આજે કરી લો, બિલકુલ નહિ. પંચમકાળ નડે છે માટે કેવળજ્ઞાન નથી થતું. એમ. એની આદિમાં કાળ છે? બિલકુલ નહિ. કહો, ભગવાન છે. પોતાની આદિમાં અને ઉત્પન્ન નહિ થવામાં આત્મા કારણ છે. પર કારણ નથી. આહાહા..! જુઓને!

ક્ષાયિક સમકિત લો. ક્ષાયિક સમકિતની પર્યાયમાં આદિ-મધ્ય અને અંતમાં આત્મા છે. કેવળી દૂગે. હો, એમાં શું છે? ક્ષાયિકની પર્યાય શું કેવળી દૂગે છે તેને કારણે થઈ છે?

પંડિતજી! એમાં દેખાડે. કેવળી દૂગે લખેલું છે ઈ દેખાડે. ગોમ્મટસારમાં. એ તો જ્ઞાન કરાવ્યું હતું. ક્ષાયિક સમકિતની પર્યાયમાં ક્ષયોપશમ સમકિત પર્યાય છે તો ક્ષાયિક સમકિતની પર્યાય થઈ, ક્ષયોપશમ સમકિતની આદિ છે તો ક્ષાયિક પર્યાય થઈ? નહિ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, એમ છે. એ તો ભગવાન સીધો આત્મા દ્રવ્યસ્વરૂપ અખંડ છે. એની જ્યાં અંતરદૃષ્ટિ કરી તો અંતરમાં જેટલી એકાગ્રતા થઈ તેટલી પોતાની પર્યાય સ્વયં અંતર્વ્યાપક થઈ છે. એમાં પૂર્વની પર્યાય અને નિમિત્ત તો કિંચિત્કર નથી આદિ-મધ્ય-અંતમાં. એમ અહીં સિદ્ધ કરે છે. એવી વસ્તુની સ્થિતિ છે. સમજાય છે કાંઈ? શોભાલાલજી! સમજાય છે કે નહિ? ભાષાવર્ગણા ને એ બધું તમારે બહુ ચાલે છે. જિનવાણી બહુ છે, એમાં ઘણું ભર્યું છે. પ્રતિમા તો જડ છે. એમ તમારે બહુ ચાલે છે. પ્રતિમા જડ છે, એમાં કંઈ નથી. વાણીમાં વીતરાગના ભાવ ભર્યા છે માટે તેનાથી જ્ઞાન થાય છે. બિલકુલ જૂઠ છે. વાણીમાં વીતરાગના ભાવ છે જ નહિ. એઈ..! તમારે એ ચંપકલાલ છે ને કોઈ પંડિત? બહુ ગડબડ કરે છે. સત્યમાં એમ ન ચાલે. સમજાય છે કાંઈ?

વાણી તો પર જડ છે. તો જડમાં વીતરાગનો ભાવ પડ્યો છે? એમાં તો જડનો ભાવ છે. એમાં તો જડનો ભાવ છે. વીતરાગનો ભાવ એમાં છે? પ્રતિમામાં પણ જડનો ભાવ છે. ત્યાં વીતરાગનો ભાવ છે? એ તો નિક્ષેપ છે. સમજાય છે કાંઈ? જેમ આત્મામાં.. કહે છે ને? જિનબિંબના દર્શનથી મિથ્યાત્વનો નાશ થાય છે. પંડિતજીએ એમાં બહુ ઉત્તર આપ્યા છે. ધવલમાં આવે છે ને? જિનબિંબના દર્શનથી મિથ્યાત્વના ટૂકડા થઈ જાય છે. જેમ સિંહ આમ હાથીને મારી નાખે અને ટૂકડા થઈ જાય (એમ). અરે..! સાંભળ તો ખરો. આહાહા..!

સમ્યગ્દર્શનની પર્યાયમાં સ્વયં જીવ અંતર્વ્યાપક થઈને આદિ-મધ્ય-અંતમાં પોતાની પર્યાયમાં આત્મા જ આદિ-મધ્ય-અંત છે. આહાહા..! સમજાય છે કાંઈ? પંડિતજી! છે કે નહિ? એ પંડિતજી છે રાયપુરના. ભગવાનદાસ. રાયપુર છે ને? નરમ છે. ઈ કહેતા હતા. આહાહા..! ભગવાન! કહે છે, ભગવાન આત્મા, દ્રવ્ય ઉપર લક્ષ કરવાથી દ્રવ્યના આશ્રયે પર્યાય થાય છે? કે નિમિત્તના આશ્રયથી અને પૂર્વની પર્યાયથી થાય છે? ભગવાન આત્મા સમ્યગ્દર્શન, જ્ઞાન અને વીતરાગી મોક્ષમાર્ગની પર્યાય તે દ્રવ્યના આશ્રયે થયેલી એની પર્યાયમાં આદિ-મધ્ય-અંતમાં દ્રવ્ય છે? કે આદિ-મધ્ય-અંતમાં પૂર્વની પર્યાય અને નિમિત્ત છે? આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નિરપેક્ષ છે. સ્વતંત્ર છે. ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્. સમ્યગ્દર્શનની પર્યાયના ઉત્પાદમાં આદિ લેવું હોય તો દ્રવ્ય છે. બાકી નિશ્ચયથી લ્યો તો ઉત્પાદની પર્યાયમાં દ્રવ્ય

પણ દાતા નથી. એમ વાત છે. પોતાના કાળમાં છે. એ વાત એમ છે. ઉત્પાદની અપેક્ષામાં ઉત્પાદ છે. ઉત્પાદની અપેક્ષામાં વ્યય નહિ અને ઉત્પાદની અપેક્ષામાં દ્રવ્ય નહિ. સ્વતંત્ર અંશ છે ને. સ્વતંત્ર અંશ છે. ૧૦૧ ગાથામાં છે. પ્રવચનસાર. પ્રવચનસારની ૧૦૧ ગાથામાં છે. ઉત્પાદ ઉત્પાદની અપેક્ષાથી છે, વ્યય વ્યયની અપેક્ષાથી છે એમ ૧૦૧ ગાથામાં છે. ૧૦૧. સ્વતંત્ર છે. સત્ છે કે નહિ? ત્રણે સત્ છે કે નહિ? સત્ છે તેને બીજાની અપેક્ષા શું? સત્ અહેતુક છે. સમજાય છે કાંઈ? અહીં તો હજી દ્રવ્ય આદિ-મધ્ય-અંતમાં લ્યે છે સમજાવવામાં. સમજ્યા? ત્યાં તો લેતા નથી. .. ઈ અપેક્ષાથી. આહાહા..! પણ થયું ઈ સ્વતંત્ર છે. આહાહા..!

કહે છે, આત્મામાં આનંદ આવે છે. સ્વભાવ આનંદમૂર્તિ નિત્યાનંદ પ્રભુનો અંતર આશ્રય કરીને જે આનંદની પર્યાય થઈ તેની આદિ-મધ્ય-અંતમાં ભગવાન આત્મા જ છે. એ આનંદની પર્યાયમાં કર્મના અભાવની ઉત્પત્તિનો અભાવ થયો એટલે આનંદ આવ્યો એમ કોઈ આદિ-મધ્ય-અંત છે જ નહિ. આદિ-મધ્ય-અંતમાં જો હોય તો એ કર્તા થઈ જાય છે અને આ આનંદનું કાર્ય એનું થઈ જાય છે. એનું કાર્ય નથી. કર્તા ભગવાન આત્મા અંતર્વ્યાપક થઈને. આનંદની પર્યાયનું વ્યાપ્યરૂપી કર્મ આત્માનું સ્વયં પોતાનું કર્મ છે. કર્મ શબ્દે આત્માનું કાર્ય. સમજાય છે કાંઈ? કાર્ય કહો, પર્યાય કહો. એ પર્યાય સ્વયં સ્વતંત્ર સ્વયં વ્યાપક થઈને આત્માથી થાય છે. એ પર્યાયનું કાર્ય બીજાથી થતું નથી. બ્રહ્મચારીજી! આહાહા..!

સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, શુક્લધ્યાન, શુક્લધ્યાન. હજી સંસાર અવસ્થા છે ને? શુક્લધ્યાન શેનાથી ઉત્પન્ન થયું? પહેલા ધર્મધ્યાન ઉત્પન્ન થયું એટલે પછી શુક્લધ્યાન ઉત્પન્ન થયું એમ છે? નહિ. શુક્લધ્યાનની જે નિર્મળ વીતરાગી પર્યાય છે એની આદિ-મધ્ય-અંતમાં તો સીધો આત્મા છે. પૂર્વની પર્યાય પણ આદિમાં નથી. તે સમયનો કર્મનો અભાવ અનુત્પત્તિ આદિમાં છે એમ છે જ નહિ. સમજાય છે કાંઈ? આવું સ્વયંસિદ્ધ વસ્તુસ્વરૂપ છે. લોકોએ આવી માન્યતા અંતરમાં કરવી પડશે. આ માન્યતા વિના અંતર્મુખ થઈ શકે નહિ. આ માન્યતા વિના અંતર્મુખ થઈ શકે નહિ. સત્ય માન્યતા હોય તો સત્‌નું શરણ લેશે. જેની માન્યતામાં વિપરીતતા છે તો એને ત્રિકાળ સત્‌નું શરણ નહિ મળે. સમજાય છે કાંઈ? જેની માન્યતામાં અસત્‌પણું છે તો સત્ જેવું છે એવું એનું શરણ નહિ મળે. અંતર્મુખ દૃષ્ટિ નહિ થાય. એવી વાત છે.

કહે છે, '**જીવ જ પોતે અંતર્વ્યાપક થઈને નિઃસંસાર...**' અવસ્થામાં-મોક્ષમાર્ગની અવસ્થામાં અથવા મોક્ષની અવસ્થામાં અથવા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને શુક્લધ્યાન આદિ અવસ્થામાં '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને...**' આત્મા જ એ પર્યાયમાં વ્યાપે છે. સંસાર

રહિત '**એવા પોતાને...**' સંસાર રહિત એવા પોતાને '**કરતો થકો,...**' સંસાર રહિત, વિકાર રહિત મોક્ષમાર્ગની પર્યાયને કરતો થકો, પોતાને કરતો થકો, '**પોતાને એકને કરતો પ્રતિભાસો...**' બીજી કોઈ ચીજ નહિ. એકલું દ્રવ્ય ભગવાન કર્તા થયો પોતાની પર્યાયને કરે છે, બસ! આહાહા..! કેટલું સિદ્ધ કર્યું છે!

સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય પોતાને કરતો થકો એ દ્રવ્ય પોતે સ્વયં વ્યાપક થઈને કરતું થકું પોતાને એકને કરતો પ્રતિભાસો. પોતાને કરતો થકો પોતાને એકને પ્રતિભાસો. બીજું કંઈ ભેળવવું નહિ. કહો, વજુભાઈ! '**પોતાને એકને જ...**' 'જ'. 'જ'માં એકાંત થઈ જાય છે. કથંચિત્ આમ, કથંચિત્ આમ એમ લ્યો. કથંચિત્ કર્મના ઉદયનો અભાવ આત્મામાં મોક્ષમાર્ગમાં કારણ થાય છે. કથંચિત્ પુરુષાર્થ. એમ બે લ્યો તો અનેકાંત થાય છે. એમ અનેકાંત નથી. પોતાથી થાય છે, પરથી નથી થતું એનું નામ અનેકાંત છે. સમજાય છે કાંઈ? માટે એમાં બે વાર લીધું છે. '**એવા પોતાને કરતો થકો, પોતાને એકને જ કરતો પ્રતિભાસો...**' બે વાર કહ્યું.

હવે અહીંયા બીજો અર્થ છે. '**પરંતુ અન્યને કરતો ન પ્રતિભાસો...**' આત્મા બીજી રીતે કોઈ કરે એવું આત્મામાં છે જ નહિ. ... સંસાર અવસ્થામાં સંસાર અવસ્થાને કરે, બીજું નહિ. મોક્ષમાર્ગમાં મોક્ષમાર્ગની અવસ્થા કરે, બીજી નહિ. બસ એટલું. બીજાને કરે એ અહીં લેવું નથી. કર્મને કરે અને કર્મને ન કરે, એ વાત અહીંયા લેવી જ નથી. જેમ દરિયો વાયુને કરે એમ લેવું જ નથી. પવન અહીંયા કરતો નથી એમ સિદ્ધ કરવું છે. ઈ કર્મ અહીંયા કરતું નથી એમ સિદ્ધ નથી કરવું. તો અહીં તો એમ લીધું કે પોતાના વિકારને કરે છે પણ બીજાને કરતો નથી. બીજાને કરતો નથી અર્થાત્ કર્મના ઉદયને કરતો નથી એમ નહિ. બીજું કરતો નથી, બસ એટલું. એક જ પરિણામ પોતાથી થયા, બીજાથી નહિ. બસ. આહાહા..! સમજાય છે કાંઈ? '**અન્યને કરતો ન પ્રતિભાસો...**' અનેરા પ્રકારે કરતો ન પ્રતિભાસો. અનેરા પ્રકારે કરતો ન (પ્રતિભાસો), બસ એટલું. આ એક જ પ્રકારે કરતો પ્રતિભાસો. આહાહા..! સમજાય છે કાંઈ? એ કર્તાની વ્યાખ્યા થઈ, હવે ભાવ્યભાવકની વ્યાખ્યા છે, ધીમેથી આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૧૦, રવિવાર તા. ૧૮-૮-૧૯૬૮**
**ગાથા-૮૩-૮૪, પ્રવચન-૬૦૨**

કર્તાકર્મ અધિકાર ચાલે છે. ૮૩ ગાથા. અહીંયાં આવ્યું છે, જુઓ! જેમ સમુદ્રમાં તરંગ ઉઠે છે અને વિલય પામે છે એમાં હવાનું નિમિત્ત, નિમિત્તનો સંભવ અને અસંભવ. નિમિત્ત હોવા છતાં હવા સમુદ્રના તરંગ ઉઠવામાં અને વિલય થવામાં કર્તા નથી. સમજાણું કાંઈ? એમ આત્મા સંસાર અવસ્થા અને નિઃસંસાર અવસ્થા એમાં કર્મનો સંભવ નામ ઉત્પત્તિ, નિમિત્ત અને અનુત્પત્તિ એટલે અસંભવ-ઉત્પત્તિનું ન થવું એ કર્મ નિમિત્ત હોવા છતાં પોતાની વિકાર પર્યાયને કરે અને પોતાનો અનુભવ કર્મથી થાય એમ છે નહિ.

જીવ પોતાની સંસાર અવસ્થામાં પોતાના વિકારી પરિણામ મિથ્યાત્વ, રાગ-દ્વેષ, અજ્ઞાનને કરે. સમજાણું કાંઈ? અને નિઃસંસાર અવસ્થામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની અવસ્થામાં પોતાને કરતો થકો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પોતાને કરતો થકો પ્રતિભાસો. પણ અન્ય એનો કર્તા છે એમ તો નથી. આ આત્મા નવાનો કર્તા પ્રતિભાસો એમ પણ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ન પ્રતિભાસો એટલે શું?

ઉત્તર :- ન પ્રતિભાસો એટલે ન દેખો. તારા પરિણામ મિથ્યાત્વ, રાગ-દ્વેષ તારાથી આદિ-મધ્ય-અંતમાં તારાથી થાય છે. કર્મનો ઉદય નિમિત્ત હોવા છતાં વિકારી પરિણામમાં આદિ-મધ્ય-અંતમાં એ કર્મનો-પૂર્વના કર્મનો ઉદય નિમિત્ત હોવા છતાં એનાથી અહીંયાં થતું નથી. અને પૂર્વનું કર્મ અણઉદય નામ ઉત્પત્તિનો અભાવ હોવા છતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયમાં એ અનુત્પત્તિનો આદિ-મધ્ય-અંત છે એમ નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયમાં આદિ-મધ્ય-અંતમાં આત્મા છે. પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયમાં આદિમાં આત્મા, મધ્યમાં આત્મા, અંતમાં આત્મા છે. એ આત્માથી જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું કર્મ નામ કાર્ય ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? અહીં સુધી આવ્યું.

'**અને વળી તેવી રીતે આ જ જીવ,..**' છેલ્લેથી ચોથી લીટી છે. '**ભાવ્યભાવકભાવના અભાવને લીધે...**' શું કહે છે? પરનો ભાવ્ય અને પોતે ભાવક એનો અભાવ છે. વિકાર કર્મનો ઉદય એ ભાવ્ય અને આત્મા ભાવક એમ ભાવ્યભાવકનો અભાવ છે. કર્મનો ઉદય, પૂર્વનો ઉદય એ ભાવક અને આત્મા ભાવ્ય-અનુભવ કરનાર એમ છે નહિ. ભાવ્યભાવકના ભાવથી અથવા ભાવ્યભાવકપણાના '**અભાવને લીધે પરભાવનું પર વડે...**' પરભાવનું એટલે કર્મનો ઉદય પરભાવ, એ પર વડે નામ આત્મા દ્વારા. '**અનુભવાવું અશક્ય હોવાથી,...**'

સમજાણું કાંઈ? પૂર્વના કર્મનો ઉદય જે પરભાવ એનાથી પર વડે નામ આત્મા દ્વારા એનો અનુભવ અશક્ય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું કર્મનો અનુભવ છે? સમજાણું કાંઈ?

આત્માને પરભાવની સાથે ભાવ્યભાવકનો અભાવ છે. પરનું નિમિત્ત હોય, પણ એનો ભાવક થઈને પોતાનો ભાવ્ય આત્મા અનુભવે એમ છે નહિ. સમજાણું કાંઈ? મિથ્યાત્વ, રાગદ્વેષના ભાવને પોતાથી ભાવક થઈને, ભાવ્ય થઈને ભોગવે અજ્ઞાની. પણ પૂર્વના કર્મના ઉદયનું નિમિત્ત હોવા છતાં એનો આત્મા ભોક્તા નથી. સમજાણું કાંઈ? એમ ભાવ્યભાવક પોતામાં શુદ્ધ ચૈતન્યદ્રવ્ય એનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પોતાનો અનુભવ કરે, પણ એમાં કર્મના અનઉદયરૂપ જે નિમિત્ત હતું એનો અનુભવ કરે, એનો અનુભવ કોણ કરે? આત્મા એમ નહિ. આત્મા એને કર્મ (અનુભવ કરાવે), કર્મ એને અનુભવ કરાવે એમ નથી. પોતાથી અનુભવ છે. સમજાણું કાંઈ?

સંસારસહિત અથવા સંસારરહિત પોતાને, વિકારપણે હો કે મોક્ષમાર્ગની પર્યાયપણે પરિણમે, પોતાને અનુભવતો થકો... દેખો ભાષા. પોતાને ભોગવતો થકો, અનુભવતો થકો, મિથ્યાત્વ અને રાગદ્વેષ પરિણામને-પોતાને અનુભવ કરતો થકો. એક વાત. અને ધર્મની પર્યાયમાં આનંદનો પોતાથી પોતામાં અનુભવ કરતો થકો. સમજાણું કાંઈ? કર્મના અનઉદયરૂપ અનુત્પત્તિ હોવા છતાં એ આત્માનો અનુભવ કરે એમ છે નહિ. આત્મા પોતાની નિર્મળ પર્યાય પ્રગટ કરીને, પોતાના દ્રવ્યના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે નિઃસંસાર અવસ્થા છે તેને ઉત્પન્ન કરીને એને અનુભવે. પર એને અનુભવાવે એમ નથી અને પરને પરિણમાવે નવા કર્મને એમ પણ નથી.

પુરાતન કર્મના નિમિત્તનો, નિમિત્ત સંભવ-અસંભવ સાથે સંબંધ છે અને નવા કર્મની સાથે કર્તાકર્મ નવાનો આત્મા કર્તા હોય અને એનું કર્મ આત્માનું થાય એમ પણ નથી. સમજાણું કાંઈ? સંસારસહિત કે સંસારરહિત પોતાને અનુભવ કરતો થકો, '**પોતાને એકને જ અનુભવતો પ્રતિભાસો...**' આમ જ્ઞાનમાં, ખ્યાલમાં અનુભવ લ્યો. વિકારી પરિણામ પણ પોતે અનુભવ કરતો ભાસો અને ધર્મની પર્યાયને પણ પોતે અનુભવ કરતો પ્રતિભાસો. પર એને અનુભવાવે અને પર એનો કર્તા એમ છે નહિ.

હવે '**પરંતુ અન્યને અનુભવતો ન પ્રતિભાસો;...**' અર્થાત્ નવા કર્મનો અનુભવ કરે કે નવા કર્મને બાંધે એ આત્મામાં છે નહિ. સમજાણું કાંઈ? પહેલામાં તો પાછું એ લીધું છે ને. નિશ્ચયથી આત્મા પોતાનો કર્તા પ્રતિભાસો. વિકાર કે અવિકારી પર્યાયનો. પણ એમાં

એ નિમિત્ત હોવા છતાં, પૂર્વનું કર્મ નિમિત્ત હોવા છતાં એ કર્મ એનો કર્તા-ભોક્તા નથી. સમજાણું કાંઈ? પૂર્વનું કર્મ નિમિત્ત સંભવ—ઉત્પત્તિ એટલું. બસ. અને અહીંયાં મિથ્યાત્વ, રાગ-દ્વેષ અજ્ઞાની પોતાથી કરે છે એ નિમિત્ત હો, પણ નિમિત્ત એનો કર્તા નથી. વિકારી પરિણામનો કર્તા છે એમ છે નહિ. સમજાણું કાંઈ?

અને એ મિથ્યાત્વાદિ પરિણામ થયા એ નવા કર્મને કરે છે આત્મા એમ પણ નથી. સમજાણું કાંઈ? જૂના કર્મ એનો કર્તા થઈને કરે, કરાવે એમ પણ નથી અને મિથ્યાત્વરૂપ, અજ્ઞાનરૂપ પરિણમે આત્મા, નવા કર્મમાં નિમિત્ત થાય તો નવા કર્મનો કર્તા થાય છે એમ પણ નથી. સમજાણું કાંઈ? શોભાલાલજી! આ તો હિન્દી છે હોં! આજે તો હિન્દી ચાલે છે. ૨૨ દિવસથી હિન્દી ચાલે છે. ૨૨ દિવસ. ૨૦ દિવસ ક્લાસ ચાલ્યા અને બે દિવસ પહેલા એ આવ્યા હતા ને, સરહાનપુરવાળા. ક્લાસમાં ૨૦ દિવસ ચાલ્યું. વેકેશન. વૈશાખમાં ચાલ્યું હતું. અહીં તો હિન્દી સદાય હોય છે એટલે ગુજરાતી ચાલે નહિ અને હિન્દી સદાય ચાલે જો હિન્દી હોય તો. જ્યારે હિન્દી ચાલે ત્યારે આવવું અને સાંભળવું હિન્દી. પછી હિન્દી નહિ ચાલે. એક જ સિદ્ધાંત અહીંયા છે. સમજાણું કાંઈ? જેવું ગુજરાતીમાં સ્પષ્ટ આવે એટલું હિન્દીમાં (ન આવે). એનો ભાવ શોધવામાં રોકાવું પડે, એ વાચ્યનો વાચક શું છે એ ગોતવામાં જરી રોકાવું પડે છે. માતૃભાષા નથી. પંડિતજી કહે છે. સમજાણું કાંઈ? શું કહે છે?

આ શબ્દમાં ફેર છે, જુઓ! પાછો સરવાળો તો એમ લેશે ભાઈ કે પુદ્‌ગલ કર્મનો કર્તાભોક્તા તો કદાપિ નહિ. નીચે ભાવાર્થમાં. એ શું લીધું? અહીં અર્થમાં તો બીજી વાત ચાલે છે કે પૂર્વકર્મનો સંભવ-અસંભવ નિમિત્ત હોવા છતાં આત્મા પોતાથી વિકારી પરિણામનો કર્તા છે અને વિકારી પરિણામનો ભોક્તા છે. અને નિર્મળ પરિણામનો કર્તા છે અને નિર્મળ પરિણામનો ભોક્તા છે.

મુમુક્ષુ :- આ સાર.

ઉત્તર :- બસ, એ સાર. પણ પાછો એક સાર બીજો કે પરનો કર્તા ઉદય છે તે વિકારનો કર્તા-ભોક્તા નથી અને અનઉદય છે એ અહીં આત્માની નિર્મળ પર્યાયનો કર્તાભોક્તા નથી. એ વાત અહીંયાં થઈ.

હવે પોતાનો આત્મા વિકારીનો કર્તા-ભોક્તા છે તો નવા કર્મનો કર્તાભોક્તા છે એમ પણ નથી. '**પોતાને એકને જ અનુભવતો પ્રતિભાસો પરંતુ અન્યને અનુભવતો ન પ્રતિભાસો.**' લ્યો! વજુભાઈ! નહિતર અન્યને કરતો ન પ્રતિભાસો એ સિદ્ધાંત સિદ્ધ કરવો છે. કર્મ આત્માનો કર્તાભોકતા નથી. પણ એ કર્મ પૂર્વના ઉદય વિના કર્તાભોક્તા નથી. પણ આત્મા નવા કર્મનો

પણ કર્તાભોક્તા નથી એ પણ સાથે લઈ લીધું છે. સમજાણું કાંઈ? કારણ કે આ નિશ્ચયની છે ને ભાઈ! આ ગાથા નિશ્ચયની છે. તો હવે વ્યવહારને સિદ્ધ કરશે. વ્યવહારથી અજ્ઞાનીઓ પરના કર્તા-ભોક્તા, જડના કર્તાભોક્તા માને છે. એ સિદ્ધ કરવું છે. એ સિદ્ધ (કરવાનું) નવા કર્મને માટે છે. સમજાણું કાંઈ?

અહીં નિશ્ચય સિદ્ધ કરે છે કે નિશ્ચયથી આત્મામાં કર્મનો જૂનો ઉદય, સંભવ—ઉદય નિમિત્ત હોવા છતાં પોતાના વિકારી પરિણામ જીવના એનો ઉદય કર્તા નથી. અને અસંભવ—પૂર્વના કર્મની ઉત્પત્તિ ન હોવા છતાં, અનુત્પત્તિરૂપ નિમિત્ત હોવા છતાં પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું અહીં પરિણમન થયું એમાં કર્તાનું આદિ છે એ અનુત્પત્તિનું એમ નથી. એ પૂર્વના કર્મની સાથે સંબંધ છે. સમજાણું કાંઈ?

એની સાથે એમ પણ લેવું કે આત્મા વિકારી પરિણામ કરે તોપણ નવા કર્મનો કર્તા થાય એમ છે નહિ. એ વાત ૮૪માં સિદ્ધ કરશે. અજ્ઞાની માને છે. નિશ્ચયમાં તો પોતાનો કર્તા ભોક્તા છે વિકારનો. છતાં એ વિકારી પરિણામનું નિમિત્ત પામીને એમાં પર્યાયમાં કર્મ થવાની લાયકાતથી એ કર્મ થાય છે. પણ એ કર્મ થાય છે. કોને? અજ્ઞાનીને. નિમિત્ત. તો અજ્ઞાનીના વિકારી પરિણામ એમાં નિમિત્ત હોવા છતાં અજ્ઞાની પરનો કર્તાભોક્તા છે એવો અનાદિનો રૂઢ વ્યવહાર અજ્ઞાનીઓનો છે. સમજાણું કાંઈ?

સંસારસહિત એટલે મિથ્યાત્વ અને રાગદ્વેષ સહિતની અવસ્થામાં અને સંસારરહિત-મોક્ષમાર્ગની અવસ્થામાં પોતાને અનુભવતો થકો. '**પોતાને અનુભવતો થકો, પોતાને એકને જ અનુભવતો પ્રતિભાસો...**' એકને જ અનુભવતો પ્રતિભાસો. સાથે કર્મ પણ એ અનુભવે છે, કર્મ પણ અનુભવે છે, પૂર્વનું કર્મ હોં! એમ પણ નહિ. સમજાણું કાંઈ? '**પરંતુ અન્યને અનુભવતો ન પ્રતિભાસો.**' એ અન્યને કરતો થકો પ્રતિભાસતો એટલે પૂર્વનું કર્મ ઉદય છે એને કરતો પ્રતિભાસતો એ કંઈ અહીંયા સિદ્ધ નથી કરવું. ભાઈ! અન્યને અનુભવતો... નવા કર્મનો કર્તા અનુભવો નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? અટપટું લાગે જાણે.

જૂનું કર્મ... સમુદ્રનું દૃષ્ટાંત તો છે કે નહિ? સમુદ્રમાં તરંગની ઉત્પત્તિ અને તરંગનો વિલય પોતાથી હોવા છતાં અને એમાં પવનનું-હવાનું નિમિત્ત સંભવ—ઉત્પત્તિ અને અનુત્પત્તિ હોવા છતાં એ પવન તરંગનો કર્તા અને એ તરંગનો અનુત્પત્તિનું નિમિત્ત હોવા છતાં અને તરંગનો વિલય થવામાં પવન કર્તાભોક્તા નથી. સમજાણું કાંઈ? એમ આત્મામાં મિથ્યાત્વ અને રાગદ્વેષ, સ્વરૂપને ભૂલીને, જ્ઞાયક ચિદાનંદ આત્મા એને ભૂલીને મિથ્યાભ્રાંતિ અને રાગદ્વેષ એ કર્તા થતા પોતાને પ્રતિભાસો. પણ પૂર્વના કર્મનો ઉદય એ કરાવે એમ નથી. અને એ કર્તા પ્રતિભાસો પણ નવા કર્મને કરતો એમ નહિ. સમજાણું કાંઈ? જૂના કર્મને કરે છે એ તો અહીં સિદ્ધ

નથી કરવું. અહીં તો જૂનું કર્મ અહીં કરે છે એ સિદ્ધ કરવું છે. છતાં અહીં કહે છે, પોતે બીજાને કર્તા ન પ્રતિભાસે તો જૂનો ઉદય પડ્યો છે એનો કર્તા ન પ્રતિભાસો એમ તો અહીં નથી કહેવું. પંડિતજી! સમજાણું કાંઈ? જૂનું કર્મ તો અહીંયા કરતો નથી એમ સિદ્ધ કરવું છે. વળી અહીં કહે છે કે આત્મા પરનો કર્તા ન ભાસો. જૂના કર્મ છે એને કર્તા ન પ્રતિભાસો એમ છે નહિ. એ તો છે નહિ. અજ્ઞાનીને નવો (કર્મ) જે થયો છે, તો એનો પણ કર્તા એ નથી. પરનો કર્તા તો છે જ નહિ. સમજાણું કાંઈ?

'**પરંતુ અન્યને અનુભવતો પ્રતિભાસતો નથી;...**' ભાષા કેટલી સ્પષ્ટ કરી છે! પરની સાથે પરભાવનો પરથી એટલે કર્મના ઉદયનો ભાવ જીવથી અનુભવ થવો અશક્ય છે. પરભાવનો.. છે? '**પરભાવનું પર વડે...**' કર્મનો ઉદય જે છે એ પરભાવ, પર વડે નામ જીવ દ્વારા અનુભવાવું અશક્ય છે. સમજાણું કાંઈ? પરનો અનુભવ કરે છે એ વાત અહીં નથી લેવી. સમજાણું કાંઈ? આ તો પર ઉદયનો.. અહીં પર દ્વારા આ (આત્મા) એનો અનુભવ કરે છે એમ છે નહિ. એ તો પોતાની પર્યાયનો અનુભવ કરે છે. સમજાણું કાંઈ? નિમિત્ત હોવા છતાં પણ પૂર્વનું કર્મ કર્તા નથી એમ સિદ્ધ કરવું છે. અને નવા કર્મમાં વિકારી પરિણામ નિમિત્ત હોવા છતાં નવા કર્મનો અજ્ઞાની પણ કર્તા નથી. પણ વ્યવહાર જોઈને અજ્ઞાની માને છે. એ ૮૪માં સિદ્ધ કરશે. ભારે! સમજાણું કાંઈ? ધન્નાલાલજી!

કેટલી સ્વતંત્રતા છે દેખો! વ્યાપ્યવ્યાપકપણું કર્મની સાથે તો આત્માને છે નહિ. સંસાર અવસ્થા હોય કે મોક્ષમાર્ગની અવસ્થા. સંસાર અવસ્થામાં પણ મિથ્યાત્વ અને રાગદ્વેષ સંસાર અવસ્થા એ વ્યાપ્ય, અજ્ઞાની આત્મા વ્યાપક. પણ કર્મ વ્યાપક અને વિકારી અવસ્થા વ્યાપ્ય એમ છે નહિ. એમ આત્મા પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, પોતાના શુદ્ધ દ્રવ્યના આશ્રયે વર્તમાન સીધો, પૂર્વ પર્યાયનો આશ્રય પણ નહિ, વિકલ્પનો, નિમિત્તનો આશ્રય નહિ, પોતાનો અભેદ ચૈતન્ય પ્રભુ એના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય ઉત્પન્ન કરે છે એનો કર્તા ભાસો. પણ નિમિત્તમાં કર્મની અનુત્પત્તિ છે તો એ અહીંયાં કર્તામાં મદદ કરે છે એમ નથી. સમજાણું કાંઈ?

અને પોતાનો રાગદ્વેષનો ભાવ, મિથ્યાત્વનો ભાવ, એની સાથે ભાવ્યભાવક સંબંધ છે જીવને અજ્ઞાનમાં. સમજાણું કાંઈ? વિકારી પરિણામ ભોગવવા યોગ્ય અને ભાવક આત્મા, એમ અજ્ઞાનભાવમાં છે. પણ કર્મનો ઉદય જે છે એ અહીંયા ભોક્તામાં કામ કરે છે, એ ભોક્તા છે-એ ઉદય ભોક્તા છે એમ છે નહિ. જેમ ઉદય કર્તા નથી તેમ ઉદય ભોક્તા નથી. એમ ધર્મની પર્યાયમાં આત્મા પોતાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરિણામને કરતો પ્રતિભાસો. પૂર્વનો અણઉદય નિમિત્ત હોવા છતાં, અણઉદય નિમિત્ત હોવા છતાં પણ એ

અહીંયાં કર્તા ધર્મની પર્યાયનો છે એમ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બિલકુલ નહિ. કર્મનો ઉપશમ એમાં રહ્યો. એ કારણે અહીંયાં ઉપશમની આદિમાં ઉપશમ થયો તો થયું એમ નથી. એ તો વાત દાંડી પીટીને કહી. બિલકુલ વાત ખોટી છે.

કર્મનો ઉદય થયો તો જ્ઞાનની પર્યાય એને કારણે રોકાઈ ગઈ કર્તા થઈને, એમ છે જ નહિ. પોતાની પર્યાય પોતાથી રોકાય છે, એના રોકાવાના કાર્યનો કર્તા જીવ છે. જ્ઞાનાવરણીય ઉદય છે તો અહીંયાં કર્તા થયો તો અહીંયાં જ્ઞાનાવરણીયની દશા હીણી થઈ, એમ છે નહિ. આહાહા..! મોટી વાત છે ને. તે દી બહુ ચાલી હતી. ૨૦૧૩ની સાલમાં મધુવનમાં. એ રેકોર્ડિંગમાં ઉતરી ગયું છે. રેકોર્ડિંગ છે ને? એમાં ઉતરી છે. કાનજીસ્વામી કહે છે કે જ્ઞાનના ક્ષયોપશમમાં ઓછા-વત્તાપણું પોતાની યોગ્યતાથી થાય છે. જ્ઞાનાવરણીય કર્મથી બિલકુલ નથી થતું એમ કહે છે. એ રેકોર્ડિંગમાં ઉતરી ગયું છે. પંડિતજીને પણ ખબર છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈસરીમાં. રેકોર્ડ ઉતરી છે ને. ત્યાં ઈસરીમાં. એમાં છે. અહીંયા છે રેકોર્ડિંગ? ક્યાં છે? શેમાં? આહાહા..! આ તો યાદ રાખેલું... ચોપડા છે ને આ તો બધા? આ પણ નહિ. આ તો તત્ત્વાર્થસૂત્ર છે. ઈ છે જુઓ! રેકોર્ડિંગ ઉતરી ગયું છે હોં!

કહે છે જુઓ! રતનચંદજીનો પ્રશ્ન હતો. રેકોર્ડિંગ થયું છે. કાનજીસ્વામી એમ કહે છે કે, મહારાજ! જ્ઞાનાવરણાદિ કર્મ કાંઈ કરતું નથી. પોતાની યોગ્યતાથી જ્ઞાન હીણું થાય છે. મહારાજ! જ્ઞાનમાં કમી થાય છે એ પોતાથી થાય છે, પોતાની યોગ્યતાથી થાય છે. કાનજીસ્વામી એમ કહે છે. જ્ઞાનાવરણીય કર્મ કાંઈ કરતું નથી. મહારાજ! તો શું આ બરાબર છે? એ ઉતરી ગયું છે. શું બરાબર છે? તમે જ સમજો કઈ રીતે બરાબર છે? કોઈ પણ કહે. અમે તો કહીએ છીએ કે અંગધારી કહે તોપણ બરાબર નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ, જૂઠું છે. જ્ઞાનાવરણીયના ઉદયને કારણે જ્ઞાનની પર્યાય હીણી થાય છે તો જ્ઞાનાવરણીય કર્તા અને આ (કર્મ થયું). તો કર્તાકર્મ વ્યાપ્યવ્યાપક થઈ ગયું. એમ છે નહિ. સમજાણું કાંઈ? જેમ મિથ્યાત્વ અને રાગદ્વેષ કહ્યું, એમ જ્ઞાનની હીણી અવસ્થામાં વ્યાપ્ય અવસ્થા પોતાની અને વ્યાપક આત્મા છે. જ્ઞાનાવરણીયનો ઉદય નિમિત્ત હોવા છતાં, જ્ઞાનાવરણીયનો ઉદય નિમિત્ત હોવા છતાં એ જ્ઞાનની હીણી અવસ્થાનો વ્યાપ્યનો કર્તા આત્મા છે. એ કર્મ નિમિત્ત હોવા છતાં એ હીણી દશાનો કર્તા કર્મનો ઉદય છે નહિ. ઓહોહો..!

મુમુક્ષુ :- ક્ષયોપશમથી લીધું.

ઉત્તર :- ક્ષયોપશમથી લીધું છે. જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોય તો જ્ઞાનની પર્યાય .. થાય છે એમ પણ નથી. એ તો અહીંયા છે ને. કર્મનો અસંભવ, ક્ષયોપશમમાં અસંભવ, ઉત્પત્તિમાં અસંભવ હોવા છતાં, એવું નિમિત્ત હોવા છતાં પણ જ્ઞાનના ક્ષયોપશમની પર્યાયનો વ્યાપ્યવ્યાપક આત્માની સાથે છે. એ વ્યાપક છે અને આ વ્યાપ્ય છે એમ છે નહિ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કર્મનો ક્ષય-બય નથી. એ તો પંડિતજીને બહુ જવાબ દેવા પડ્યા છે. કર્મથી અકર્મરૂપ થાય છે એવા બહુ જવાબ દેવા પડ્યા છે. કર્મનો ક્ષય તો કીધું કે ઉત્પત્તિનો અસંભવ. કહ્યું ને? અસંભવ. અસંભવ નિમિત્ત હોવા છતાં પણ જ્ઞાનની પર્યાયનું પરિણમન વ્યાપ્ય પોતાથી થાય છે. નિમિત્તનો ક્ષય થયો તો અહીંયા જ્ઞાનની પર્યાય કેવળજ્ઞાન ઉત્પન્ન થઈ એમ ત્રણ કાળમાં નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અજ્ઞાની લોકો એમ માને છે.

ઉત્તર :- માને તો ... પછી કહેશે. પરથી મારામાં થાય છે એમ માને છે અને આ તો પરને કરું છું એમ અજ્ઞાની માને છે. એ તો ૮૪માં કહેશે. અજ્ઞાનીનો અનાદિરૂઢ વ્યવહાર છે. એવો પાઠ છે ૮૪માં.

મુમુક્ષુ :- પ્રસિદ્ધ વ્યવહાર છે.

ઉત્તર :- હા પ્રસિદ્ધ છે. જવાબમાં એમ નથી લીધું. મેં એમાં જોયું છે એમાં. અનાદિરૂઢ કાઢી નાખ્યું છે એણે જવાબમાં. ખાણિયાની ચર્ચામાં. સામે તર્ક છે. અજ્ઞાનીને અનાદિ.. શબ્દ છોડી દીધો. છોડી દીધો છે મેં એમાં જોયું છે. ઈ કાલે હાથ આવ્યું. આ ૮૪ ગાથાનો ઉત્તર આપ્યો છે એમાં. સામા તરફથી. તો ત્યાં અજ્ઞાનીઓનો વ્યવહાર એ શબ્દ છોડી દીધો છે. એણે હાથે કરીને છોડી દીધો છે. એ લોકોએ. કારણ કે એને સિદ્ધ કરવું છે કે કર્તા છે આત્મા. કર્મનો કર્તા છે એમ સિદ્ધ કરવું છે. અને આ તો અજ્ઞાની એમ માને કે હું કર્તા છું એમ સિદ્ધ કરવું છે. પુસ્તકમાં છે પણ કાલે હાથ ન આવ્યું. પણ જોયું હતું ખરું. અમે તો પછી આ શબ્દ જેમ છે તેમ એમ મૂક્યું છે. આ છે એમ મૂક્યા છે. ખબર છે અમને. બધું જોયું છે ને. એ ૮૪માં આવશે. અજ્ઞાનીઓનો વ્યવહાર છે કે પોતાના પરિણામ નિમિત્ત કર્મમાં થાય છે તો નવા કર્મનો કર્તા હું છું એમ અનાદિ અજ્ઞાનીનો રૂઢ વ્યવહાર છે. રૂઢ વ્યવહાર, મૂઢનો વ્યવહાર છે. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! શાંતિથી સમજે નહિ. સ્વતંત્ર જીવ છે એમાં કોઈ પક્ષપાતની વાત ક્યાં છે? વસ્તુ જ એમ પોકાર કરે છે. કહે છે, જુઓ! પોતાથી બધા છે એમ તો કહે છે. સમજ્યા?

એ તો જ્ઞાનાવરણીય કર્મનો એ પ્રકારનો ક્ષયોપશમ છે ત્યારે તારતમ્યભાવથી આત્માના જ્ઞાનાદિ થાય છે. જેટલો ઉદય થાય એટલું અજ્ઞાન રહે છે, જેટલો જ્ઞાનાવરણીય કર્મનો ઉદય થાય એટલું અજ્ઞાન રહેશે. જેટલો જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થાશે એટલું જ્ઞાન રહેશે. બધી યથાર્થ વાત નથી. સમજાણું કાંઈ? અમરચંદજી!

એ વાત કહે છે અહીંયાં. એક એક પ્રકૃતિ અને એક એક પર્યાય અહીંયાં સ્વતંત્ર છે. પ્રકૃતિનો ઉદય હોવા છતાં જેમ હવાનું નિમિત્ત હોવા છતાં તરંગ કરનાર દરિયો સ્વતંત્ર તરંગ ઉઠે છે અને વિલય પણ પોતાથી થાય છે. પવનનો અભાવ છે એવું નિમિત્ત હોવા છતાં, તરંગનું વિલય થવું પોતાથી થાય છે. પરને કારણે નહિ.

એમ ભગવાન આત્મામાં જ્ઞાનની હિણી પર્યાય વ્યાપ્યરૂપનો વ્યાપક આત્મા કર્તા છે. એ વ્યાપ્યની અવસ્થા જ્ઞાનાવરણીયનો ઉદય વ્યાપક અને એ અવસ્થા હિણી એનું વ્યાપ્ય છે એમ ત્રણ કાળમાં નથી. સમજાણું કાંઈ? સ્વતંત્રતાની ખબર નહિ. એ કાંઈ વાદવિવાદે પાર પડે એમ છે? વસ્તુની સ્થિતિ આમ પોકાર કરે છે. સ્વતંત્ર પોતાની પર્યાય પોતાથી થાય છે. એ કહે કે નહિ, કર્મનો ક્ષયોપશમ હોય તો સમ્યગ્દર્શન થાય. દર્શનમોહનો અણઉદય થાય પહેલા, સંક્રમણ કરતાં કરતાં ફેરફાર થઈ જાય પછી સમ્યગ્દર્શન થાય. એ તો બધા નિમિત્તના કથનો છે. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શનની પર્યાયમાં આદિમાં ભગવાન આત્મા છે. એનાથી સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થાય છે. દર્શનમોહના અણઉદયરૂપ નિમિત્તનો અભાવ હોવા છતાં એ વ્યાપક અને સમ્યગ્દર્શન વ્યાપ્ય નામ અવસ્થા એવો પરની સાથે સંબંધ ત્રણ કાળમાં નથી. સમજાણું કાંઈ? એમ કહે છે કે અનુભવ લીધો અહીંયાં તો. ભગવાન અનુભૂતિ, પોતાના આત્મામાં જ્ઞાનનો, આનંદનો, શાંતિનો અનુભવ (થાય) એ અનુભવમાં પૂર્વના કર્મનું અણઉદયરૂપ નિમિત્ત હો, પણ આ પર્યાય એનો અનુભવ છે એમ તો નથી. અનુભવ તો પોતાનો છે. પોતાથી આત્મા શાંતિ અને આનંદનો અનુભવ કરનાર, ભોગવનાર-અનુભવનાર આત્મા સ્વતંત્ર છે. કહો, સમજાણું કાંઈ? પૈસાનો ભોગવનાર નથી એમ કહે છે, ગોદિકાજી! પૈસા, મકાન, સ્ત્રીનું શરીર, કપડા, દાળ-ભાત (એમાં) ભાવ્યભાવક (જીવ) રાગદ્વેષ કરે છે એનું નિમિત્ત હોવા છતાં એ એનો ભોક્તો નથી અને આ એનો ભોક્તા નથી. આત્મા પરપદાર્થનો ભોક્તા તો ત્રણ કાળમાં છે જ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- જ્ઞાની હો કે અજ્ઞાની.

ઉત્તર :- અજ્ઞાની હો કે જ્ઞાની. શરીરનો, કર્મના ઉદયનો, દાળ-ભાતનો, મકાનનો, ઝવેરાતનો, પૈસાનો ભોક્તા આત્મા અજ્ઞાનપણામાં પણ નથી. અજ્ઞાનપણામાં પોતાના સ્વરૂપને ભૂલીને

મિથ્યાત્વ અને રાગદ્વેષ કરે છે તો એનો ભોક્તા છે. સમજાણું કાંઈ? અને જ્ઞાનપણામાં કર્મના ઉદયની અનુત્પત્તિ છે એનો ભોક્તા અહીંયા નથી. આહાહા..! પોતાની શુદ્ધ ચૈતન્ય વસ્તુ... જ્ઞાનનું સ્વસંવેદન, સ્વ નામ પોતાથી સં-પ્રત્યક્ષ વેદન એ પર્યાયનું વ્યાપ્ય અને વ્યાપક આત્મા છે. ભાવ્ય અને ભાવક આત્મા છે. ભાવક અને ભાવ્ય એ પોતાનો અનુભવ કરનાર આત્મા છે. પરની સાથે ભાવ્યભાવકનો સંબંધ છે નહિ. ઓહોહો..! સમજાણું કાંઈ? '**પરંતુ અન્યને અનુભવતો ન પ્રતિભાસો.**'

'**ભાવાર્થ :- આત્માને પરદ્રવ્ય-પુદ્‌ગલકર્મ-ના નિમિત્તથી સસંસાર-નિઃસંસાર અવસ્થા છે.**' સમુચ્ચય વાત કરી દીધી. કર્મના નિમિત્તથી એટલે સંભવ અને અસંભવ બેય નિમિત્ત લઈ લીધા. સંસારસહિત અવસ્થામાં કર્મનો ઉદય નિમિત્ત હો અને મોક્ષ અવસ્થામાં-સંસારરહિત અવસ્થામાં કર્મના ઉદયનો અસંભવ—ઉત્પત્તિનો અભાવ નિમિત્ત હો. એ ભાવાર્થ છે. '**આત્માને પરદ્રવ્ય-પુદ્‌ગલકર્મના નિમિત્તથી...**' સાધારણ વાત નાખી. ઉપર બેય અર્થ કર્યા છે ને. સંસાર અવસ્થા અને નિઃસંસારમાં નિમિત્ત હોવા છતાં પણ. એમ લીધું હતું. અહીં સંક્ષેપ કરી નાખ્યો છે. બેય. અસંભવ પણ નિમિત્ત અને સંભવ પણ નિમિત્ત. તો એ અહીં ટૂંકું કરી નાખ્યું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પુદ્‌ગલ કર્મ તો છે પણ એ નિમિત્ત કહ્યું. પુદ્‌ગલને નિમિત્ત કહ્યું. નિમિત્તની જાણે હયાતી હોય. એમ. નહિતર એકમાં (ઉત્પત્તિ) નિમિત્ત છે અને એકમાં અનુત્પત્તિનું નિમિત્ત છે એમ. અનુત્પત્તિ. મોક્ષમાર્ગમાં અનુત્પત્તિ નિમિત્ત છે અને બંધનમાં ઉત્પત્તિ નિમિત્ત છે. તો બધાને નિમિત્તમાં લઈ લીધા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પુદ્‌ગલ કર્મની અનુત્પત્તિ એટલે છે જ નહિ.

મુમુક્ષુ :- .. અભાવ છે.

ઉત્તર :- અભાવ છે. અભાવ નિમિત્ત છે. અભાવ નિમિત્ત છે. અભાવ નિમિત્ત ગણ્યું છે એને. ગણ્યું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અભાવને નિમિત્ત ગણ્યું છે. અભાવને નિમિત્ત ગણવામાં આવ્યું છે. પહેલા આવ્યુંને? '**નિઃસંસાર અવસ્થાઓને...**' જુઓ. '**પુદ્‌ગલકર્મના વિપાકનો...**' ઉત્પત્તિ '**અને અસંભવ નિમિત્ત હોવા છતાં પણ...**' બસ. એ પહેલા આવી ગયું. કાલે આવી ગયું. સમજાણું કાંઈ? એ તો નથી એને પણ નિમિત્ત કહ્યું. ઉત્પત્તિ નથી એને નિમિત્ત (કહ્યું).

નિમિત્ત શું? અનુત્પત્તિરૂપ નિમિત્ત. ઓલામાં ઉત્પત્તિરૂપ નિમિત્ત. આહાહા..! સમજાય છે શેઠ થોડું? થોડું સમજાય છે? એમ કહીએ છીએ. સમજવું પડશે કે જોરદાર સમજવું પડશે? સુખી થવું હોય તો આ સમજણ એ જ ચીજ છે.

ભગવાન જ્ઞાનમૂર્તિ છે, સમજણનો પિંડ છે. એ તો ચૈતન્યપુંજી છે, ઈશ્વર જ છે, પરમેશ્વર છે સાક્ષાત્. આહાહા..! જિન અને જિનવરમાં બિલકુલ ફેર નથી. 'જિન સોહી જિનવર અને જિનવર સોહી જિન.' 'જિન સોહી હૈ આત્મા અન્ય સોહી હૈ કર્મ, યહી વચનસે સમજ લે જિન પ્રવચનકા મર્મ.' 'જિન સોહી હૈ આત્મા, અન્ય સોહી કર્મ.' એ પુણ્ય-પાપ વિકલ્પ તો આસ્રવતત્ત્વ છે. એ જીવતત્ત્વ છે? તો નવ તત્ત્વમાં જુદું કેમ પાડ્યું? કર્મ અને શરીર અજીવતત્ત્વ છે. અને પુણ્ય-પાપ વિકલ્પ જે છે એ તો આસ્રવતત્ત્વ છે. ભગવાન તો જ્ઞાયકતત્ત્વ છે. જ્ઞાયકતત્ત્વ અને આસ્રવતત્ત્વ એક થઈ જાય બે તત્ત્વ રહેતા નથી. સમજાણું કાંઈ?

જ્ઞાયકતત્ત્વ ચિદ્ઘન પરમેશ્વરસ્વરૂપ છે એ તો. એમાં આસ્રવનો અભાવ છે અને અજીવનો પણ અભાવ છે. પૂર્ણતાનો સદ્ભાવ છે. પૂર્ણ જ્ઞાન-દર્શન-આનંદ. લ્યો! પુનમચંદજી! પૂર્ણતાનો સદ્ભાવ છે. પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ આનંદ, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રભુતા, પૂર્ણ કર્તા, પૂર્ણ કર્મ આદિ શક્તિઓ પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... સર્વ શક્તિમાન એક એક શક્તિ એવી પૂર્ણ છે. સમજાણું કાંઈ? એનાથી ભગવાન પૂર્ણ છે. એને આત્મા કહે છે. એવી આત્માની દૃષ્ટિ કરવી, પૂર્ણ પરમેશ્વરની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ?

અહીંયાં ટૂંકામાં લઈ લીધું છે ભાવાર્થમાં. '**આત્માને પરદ્રવ્ય-પુદ્ગલકર્મના...**' પરદ્રવ્ય એટલે પુદ્ગલકર્મ એમ. એનું નિમિત્ત એટલે સંભવ અને અસંભવ. '**સસંસાર-નિઃસંસાર અવસ્થા છે. તે અવસ્થારૂપ આત્મા પોતે જ પરિણમે છે.**' વિકારરૂપ કે નિર્વિકારરૂપ, કર્તાપણે કે ભોક્તાપણે પોતે જ પોતાથી અવસ્થાનું પરિણમન કરે છે. '**તેથી તે પોતાનો જ કર્તા-ભોક્તા છે;...**' હવે એ શું કહ્યું? હવે કહે છે એ. '**પુદ્ગલકર્મનો કર્તા-ભોક્તા તો કદી નથી.**' નવાની વાત છે. ભાઈ! આ જે શબ્દ પડ્યો એ નવાને માટે છે. એ કર્મ અહીંનો કર્તાભોક્તા નથી. જેમ પવન તરંગનો કર્તાભોક્તા નથી. એમ સિદ્ધ કરવું છે ને? તો પૂર્વનું કર્મ આત્માનો કર્તાભોક્તા નથી. એમ સિદ્ધ કરવું છે.

હવે અહીં પાછું એ સિદ્ધ કર્યું. હવે ૮૮ ગાથા સાથે મેળ કરવા. પુદ્ગલ કર્મનો કર્તા એટલે નવાની વાત હોં. નવાનો કર્તાભોક્તા તો કદાપિ જીવ નથી. શું સમજાણું? ૮૩માં તો નિશ્ચયથી વાત કરી. તો હવે વ્યવહારથી પર સાથે સંબંધ લે છે. અહીંયાં વ્યવહાર પર પૂર્વના કર્મનો વ્યવહાર કહ્યો. તરંગનું દૃષ્ટાંત આપવામાં પૂર્વના કર્મને વ્યવહાર કહ્યો હતો. વ્યવહાર કહો કે નિમિત્ત કહો. હવે અહીંયાં અજ્ઞાનમાં નવા કર્મમાં જીવ અજ્ઞાનીનું નિમિત્ત છે. તો

અજ્ઞાની એમ માને છે કે હું વ્યવહારથી તો પરનો કર્તા છું ને. એ અજ્ઞાનીનો વ્યવહાર છે. સમજાણું કાંઈ? નહિતર વાત તો એ ચાલે છે કે કર્મનું નિમિત્ત અહીંયા વિકાર પરિણામનો કર્તા નથી. અને નિમિત્તનો અભાવ એ ધર્મની પર્યાયનો કર્તા નથી. કર્મનું નિમિત્ત અહીંયાં ભોક્તા નથી અને કર્મના નિમિત્તનો અભાવ એ અનુભવનો ભોક્તા નથી. એટલું સિદ્ધ કરવું છે, ભાઈ! એ તો પૂર્વની સાથે વાત ગઈ.

હવે નવાની સાથે વાત સિદ્ધ કરે છે. વ્યવહાર. નિશ્ચયથી પોતાનો આત્મા પોતાથી કર્તાભોક્તા છે, વ્યવહારથી પરનો કર્તાભોક્તા છે એવો માનનાર અજ્ઞાની અનાદિરૂઢ વ્યવહાર એ વાત સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? નહિતર આ ભાષા તો એવી લાગે કે અહીંયાં તો એ અધિકાર છે નહિ. અહીંયાં તો અધિકાર પૂર્વના કર્મનો ઉદય—સંભવ અને અસંભવ એના નિમિત્તની વાત હતી. અને પૂર્વના કર્મનો ઉદય—સંભવ અસંભવ એ આત્માની પર્યાયનો કર્તાભોક્તા નથી એ વાત હતી. તો આ વાત ક્યાંથી હવે? તો કહે છે, પૂર્વની સાથે પૂર્વનું કર્મ તો કર્તાભોક્તા છે નહિ. હવે આત્માને નવો બંધ પડે છે એનો પણ કર્તાભોકતા છે જ નહિ. સમજાણું કાંઈ? એ ૮૪ કહે છે જુઓ.

**ववहारस्स दु आदा पोग्गलकम्मं करेदि णेयविहं।**
**तं चेव पुणो वेयइ पोग्गलकम्मं अणेयविहं।।८४।।**

કારણ કે ઓલું નિશ્ચયનું આવ્યુંને ભાઈ પહેલા? એ નિશ્ચયથી કીધી પહેલી વાત. નિશ્ચયથી આત્મા પોતાના વિકારનો કર્તા, વિકારનો ભોક્તા. ધર્મની પર્યાયનો કર્તા, ધર્મની પર્યાયનો ભોક્તા. બસ, એટલું લીધું. હવે એ વ્યવહારથી પરનો કર્તાભોક્તા અજ્ઞાનીની વાત સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? અહીંયાં પૂર્વનું નિમિત્ત કીધું ને? ભાઈ! એટલો એ વ્યવહાર કીધો. કર્મનો ઉદય ફક્ત વ્યવહાર. નિમિત્ત કહો કે વ્યવહાર કહો. છતાં અહીંયાં પોતાની પર્યાયમાં એ કર્તા નથી. અનઉદય નિમિત્ત પૂર્વના કર્મનો હોં! છતાં અહીંયાં રાગ-દ્વેષની પર્યાયનો અભાવ અને મોક્ષમાર્ગની પર્યાયનો ભાવ એનો એ અનુદય નિમિત્ત હોવા છતાં પણ કર્તાભોક્તા નથી. એ ઉદય કર્તા ભોક્તા નથી એ સિદ્ધ કર્યું. હવે આત્મા નવા કર્મનો કર્તાભોક્તા વ્યવહારથી છે એમ અજ્ઞાની માને છે. છે? માને છે એમ કહે છે.

**ववहारस्स दु आदा पोग्गलकम्मं करेदि णेयविहं।**
**तं चेव पुणो वेयइ पोग्गलकम्मं अणेयविहं।।८४।।**

ઓહોહો..!

**આત્મા કરે વિધવિધ પુદ્‌ગલકર્મ-મત વ્યવહારનું,**
**વળી તે જ પુદ્‌ગલકર્મ આત્મા ભોગવે વિધવિધનું. ૮૪.**

ઓહોહો..!

હવે ટીકા. આ વાત શાંતિથી, ધીરેથી સમજવા લાયક છે, ભાઈ! આ કાંઈ વાર્તા નથી. આ તો ધર્મની કથા છે. શું છે? '**પુદ્‌ગલકર્મ-મત વ્યવહારનું,...**' એ અજ્ઞાની વ્યવહારનો મત માને છે એમ.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- નહિ. નહિ. એ મત એમ નહિ. મત એટલે નકાર નહિ. મત એટલે અભિપ્રાય.

'**ટીકા :- જેમ, અંદરમાં...**' શબ્દ અંતર પડ્યો છે. અંતર વ્યાપ્યવ્યાપક. સંસ્કૃતમાં છે. અંતરની વ્યાખ્યા અંદર કરી. '**જેમ અંદરમાં વ્યાપ્યવ્યાપકભાવથી માટી ઘડાને કરે છે...**' દાખલો જ્યાં હોય ત્યાં માટીનો દીધો છે. માટી ઘડાને બનાવે છે. માટી ઘડારૂપ થાય છે. કુંભાર બનાવતો નથી.

મુમુક્ષુ :- એ તો નિમિત્ત..

ઉત્તર :- નિમિત્તકર્તાનો શો અર્થ? એ કહે છે અજ્ઞાની નિમિત્તકર્તા અનાદિરૂઢથી માને છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- થતું નથી. એ તો કહે છે. એ તો એનું એ થયું. એ ભાષા બીજી થઈ. છે, છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ, એમ આવે છે. આપણે તો ઘણા વર્ષથી ચાલે છે ભાઈ અહીં. ઘણા વર્ષથી. પચ્ચીસ વર્ષથી ચાલે છે. નિમિત્ત કર્તા નહિ ભલે પણ નિમિત્ત વિના થાય છે? નિમિત્ત વિના જ થાય છે. સાંભળ તો ખરો. નિમિત્ત વિના નામ નિમિત્તની પર્યાયની ઉપસ્થિતિ ત્યાં હોવા છતાં પોતાની પર્યાય પોતાથી થાય છે. નિમિત્તથી થતી નથી. આહાહા..!

કુંભારનો ઘડામાં અભાવ છે. કુંભારનો અભાવ છે તો એના અભાવથી માટી ઘડારૂપ થાય છે. કુંભારના ભાવથી એની હયાતી છે તો માટી કુંભારરૂપ થાય છે? એની હયાતી છે તો માટી કુંભારરૂપ થાય છે? માટી ઘડારૂપ થાય છે? એની હયાતી એમાં રહી. એનો અભાવ છે અહીંયાં. એનો અહીં અભાવ છે. એના અભાવથી, પોતાના ભાવથી માટી ઘડારૂપ થાય છે. આહાહા..! એના ક્રમમાં એ સમયે ઘડાની પર્યાય થવાની (છે). પંડિતજીએ નાખ્યું નહિ એ સન્મુખ.. છે ને? માટી ઘડો થવા સન્મુખ થઈ. એમ આવ્યું ને. તમારે આવ્યું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લીધું છે. બધી ખબર છે. રાજવાર્તિકમાં લીધું છે. માટી ઘડો થવાની સન્મુખ

થઈ છે. એમ પંડિતજીએ શાસ્ત્રનો આધાર દીધો છે. સ્વયં સન્મુખ થઈ છે. એ ખબર છે બધી. એ કંઈ હરકત નહિ.

અહીંયાં કહે છે જુઓ! '**માટી ઘડાને કરે છે...**' ઓહોહો..! માટી ઘડારૂપ થાય છે. કુંભાર ઘડારૂપ થાય છે? એ પર્યાય કોની છે? દ્રવ્યની-માટીની. એ દ્રવ્યની પર્યાય છે. એ દ્રવ્યની પર્યાય છે. કુંભારની પર્યાય છે ઈ? પર્યાય કહો કે કાર્ય કહો. પર્યાય કહો કે કાર્ય કહો. માટીનું કાર્ય ઘડારૂપ છે. શું કુંભારનું કાર્ય ઘડારૂપ છે? વાંધા ભારે ભાઈ. સમજાણું કાંઈ?

'**જેમ, અંદરમાં વ્યાપ્યવ્યાપકભાવથી માટી...**' અંદરમાં માટી. ઓલા બાહ્યમાં કહેશે. કુંભાર એનામાં વ્યાપ્ય-વ્યાપક છે. બાહ્યમાં પણ લેશે. બાહ્યમાં શું? કુંભાર બાહ્યમાં હોં. વ્યાપ્યવ્યાપક ઘડાની સાથે સંબંધ નહિ. અંદરમાં, માટી પોતાની અંદરમાં વ્યાપ્યવ્યાપક થઈને વ્યાપક માટી અને વ્યાપ્ય ઘડાની અવસ્થા થઈને '**માટી ઘડાને કરે છે...**' માટી ઘડાને બનાવે છે, માટી ઘડારૂપ થાય છે, માટી ઘડાની રચના કરે છે.

'**અને ભાવ્યભાવકભાવથી માટી જ ઘડાને ભોગવે છે...**' આહાહા..! એ ઉત્પાદ કરે છે, એ ભોગવે છે અને વ્યય થાય છે. એનામાં એના કારણે. માટી ભાવ્ય નામ ભોગવવા યોગ્ય અને ભાવક-ભોગવનાર. એવા '**ભાવથી માટી જ ઘડાને ભોગવે છે...**' કુંભાર એને ભોગવે છે એમ છે નહિ. કુંભાર એનો કર્તા છે અને એનો ભોક્તા છે એમ છે જ નહિ. પંડિતજી! વાત તો એવી છે. આ કોઈ પક્ષની વાત નથી. સમજાણું કાંઈ? અનાદિ સંતાન પ્રવાહ ભગવાન આચાર્યોએ સનાતન સત્યની જાહેરાત કરી. આમ છે. તમે સમજો. તમારા લક્ષમાં લ્યો. શ્રદ્ધામાં લ્યો.

ઘડાને માટી કરે છે. રોટલીને લોટ કરે છે. સ્ત્રી નહિ. એમ કહે છે. તવો નહિ, અગ્નિ નહિ. ચોખા પાકે છે એ પાકવાની અવસ્થા ચોખા કરે છે. પાણી, અગ્નિ, જળ નહિ. એમ કહે છે.

મુમુક્ષુ :- પાણી પણ નહિ?

ઉત્તર :- પાણી ક્યાં રહ્યું? પાણી પરમાં રહ્યું.

મુમુક્ષુ :- નોકર કામ નથી કરતો?

ઉત્તર :- નોકર-ફોકર એની પર્યાયમાં કરે, શું કરે? પરને કોણ કરે? આહાહા..!

અહીં તો પાણીનો જગ એને સ્પર્શે છે? નહિ. પરની પર્યાયમાં પરની પર્યાય અડે એ ક્યાંથી આવ્યું? એ ત્રીજી ગાથામાં આવ્યું છે.

**एयत्तणिच्छयगदतो समओ सव्वत्थ सुंदरो लोगे।**
**बंधकहा एयत्ते तेण विसंवादिणी होदि।।३।।**

પ્રત્યેક પદાર્થ, પ્રત્યેક વસ્તુ પોતાના અનંત ધર્મને ચુંબતા થકા અન્યની પર્યાયને સ્પર્શતા નથી. ત્રિકાળ વસ્તુ, પ્રત્યેક વસ્તુ, પ્રત્યેક પર્યાય પોતાને, પ્રત્યેક ગુણ-પર્યાયને ચુંબે છે, સ્પર્શે છે, તાદાત્મ્ય છે. પણ પરધર્મ, પરદ્રવ્યની સાથે એને ચુંબતી જ નથી. ચુંબે તો તાદાત્મ્ય થઈ જાય છે. સમજાણું કાંઈ? પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય આપણે ઘણું આવી ગયું. એ માટીમાં જ્યારે એ પર્યાય થવાની છે એ પ્રાપ્ય છે. પ્રાપ્ય નામ ખરેખર એ પર્યાયની ધ્રુવતા છે. સમજાણું કાંઈ? પર્યાય હોં! એ જ સમયની ધ્રુવતા એને માટી પ્રાપ્ત કરે છે. રચતી નથી, બનાવતી નથી, .. એ જ પર્યાય ઘડાની છે માટી પ્રાપ્ત કરે છે. સમજાણું કાંઈ? ધ્રુવ થયું. એ પર્યાય સમયનો ધ્રુવ છે ધ્રુવ. અને વિકાર્ય-પરિણમન કરે છે, પરિણમન કરે છે. એ માટી પર્યાયને પરિણમન કરે છે. પર્યાયને ત્રણ દૃષ્ટિથી જોવી. પ્રાપ્યથી, વિકાર્યથી, નિર્વર્ત્યથી દેખવી. છે તો એકની એક વસ્તુ. એક જ વસ્તુ છે. ત્રણથી જોવી. એક છે એને પ્રાપ્ત કરે છે એ પ્રાપ્ય. એ જ સમયનો અંશ, એ જ માટીમાંથી ઘડાનો અને આત્મામાં પણ એ જ સમયનો મિથ્યાત્વનો અંશ એને પ્રાપ્ત કરે છે. અને સમ્યગ્દર્શન પણ એ જ સમયનું પ્રાપ્ય છે એને આત્મા પ્રાપ્ત કરે છે. સમજાણું કાંઈ? એમ માટી એ જ સમયે વિકાર્ય, એ પર્યાયનું પરિણમન થયું. પરિણમન થયું. પરિણમનની અપેક્ષાએ એને વિકાર્ય કહ્યું. પર્યાય તો એની એ છે. અને નિર્વર્ત્ય-ઊપજી. એ પણ એની એ. ઊપજી એ, પરિણમન એ, ધ્રુવ પણ એ. એક પર્યાયમાં ત્રણ અંશ છે. ધ્રુવ નામ નિશ્ચય ત્યાં. બસ! એ માટીનું પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય છે. સમજાણું કાંઈ?

એમ પ્રત્યેક પદાર્થમાં વર્તમાન અવસ્થા જે જ્ઞાની કે અજ્ઞાનીની, પરમાણુની કે ... જે સમયે જે પર્યાય પ્રાપ્ય છે તેને તે પરમાણુ પહોંચે છે. આત્મા પ્રાપ્ય છે જે સમ્યગ્દર્શનની પર્યાયની ધ્રુવતા એને પ્રાપ્ત કરે છે. પરિણમે છે, ઊપજે છે એટલે નિર્વર્ત્ય. પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય. ઓહોહો..! ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થ એક સમયમાં ત્રણ કર્મથી દેખવું. કર્મ તો એક જ છે. કર્મ નામ કાર્ય. ત્રણ અપેક્ષાએ જોવું. છે, પરિણમે છે, ઊપજ્યું છે. બસ. એમાં પરદ્રવ્યનો અંશે પણ અધિકાર છે એમ બિલકુલ નથી.

મુમુક્ષુ :- પ્રભાવ નાખે.

ઉત્તર :- પ્રભાવ કેવો પાડે? પ્રભાવ કોઈ ચીજ છે કે અંદર નાખે? પ્રકાશ કરે અંદર પરમાં? પ્રભાવ શું છે? કોઈ દ્રવ્ય છે? કોઈ ગુણ છે? કોઈ પર્યાય છે કે અવિભાગ પ્રતિચ્છેદ છે? શું વસ્તુ છે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. એ વસ્તુની શું અપેક્ષા? સહાયતાનો અર્થ શું? સહાયતાનો અર્થ શું? એક

વસ્તુ છે બસ એટલું. સાથે છે એ સહાયતા. સાથે છે એ સહાયતા. પણ એનાથી થયું છે એમ એનો અર્થ છે જ નહિ. સમજાણું કાંઈ? એમ છે.

કહે છે, ઘડાને કરે છે, ભોગવે છે. બસ અંદર. એની વાત થઈ. હવે ઘડાથી બાહ્ય જે કુંભાર. હવે ઘડાથી બાહ્ય કુંભાર. ઘડાથી બાહ્ય કુંભાર. એ માટી અને ઘડામાં અંદર થયું. અંદરમાં માટી ઘડારૂપ થાય છે. હવે બાહ્યમાં. બસ એટલું. બાહ્યમાં એટલું હોં! બાહ્યમાં વ્યાપ્યવ્યાપક એની સાથે છે વ્યવહારથી એમ નથી. બાહ્યમાં કુંભાર છે એટલી વાત. હવે કુંભાર પોતાની પર્યાયથી વ્યાપ્યવ્યાપક છે. એમ. સમજાણું કાંઈ? અંદરમાં અને બાહ્યમાં. આમાં શબ્દ છે ને ભાઈ! ભાવ્યભાવકમાં નથી. આ શબ્દ ભાવ્યભાવકમાં નથી. વ્યાપ્તમાં આમાં નાખ્યું છે. ફક્ત સામે ચીજ છે એટલું સિદ્ધ કરે છે. પણ એ વ્યાપ્યવ્યાપકપણે વ્યવહારે માટી સાથે વ્યાપ્યવ્યાપક છે એમ છે જ નહિ. તાદાત્મ્યની સંબંધે વ્યાપ્યવ્યાપક થઈ શકે છે. અતાદાત્મ્ય સાથે વ્યાપ્યવ્યાપક થતું નથી. અથવા જે સમયની પર્યાય પ્રાપ્ય છે એની સાથે તાદાત્મ્ય થાય છે. પ્રાપ્ત નથી એની સાથે તાદાત્મ્ય થતી નથી. સમજાણું કાંઈ? આ વળી બધી શાસ્ત્રભાષા આવી. હવે અહીં તો ઘણા વર્ષથી સાંભળે છે ઘણા લોકો.

કહે છે, અંદર શબ્દ જે વ્યાપ્યવ્યાપક કહ્યો એ માટી અને ઘડાની વચ્ચે. હવે બહારમાં. બસ એટલું. બહારમાં. '**બહારમાં,...**' ઘડાની સાથે બાહ્યમાં કુંભારનું વ્યાપ્યવ્યાપક છે એમ છે નહિ. બાહ્યમાં કુંભાર છે એ વ્યાપ્યવ્યાપકભાવથી ઘડાની ઉત્પત્તિમાં '**અનુકૂળ એવા (ઈચ્છારૂપ અને હસ્તાદિકની ક્રિયારૂપ પોતાના) વ્યાપારને કરતો...**' એ કુંભાર પોતાના વ્યાપારને કરતો થકો. એ એનું વ્યાપ્ય અને કુંભાર વ્યાપક. કુંભારની પર્યાય વ્યાપ્ય અને એનું વ્યાપક ઈ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પોતામાં કરે છે પર્યાય. પરની સાથે કાંઈ નથી કરતો. એ તો રાગ કરો એમ કહે છે. રાગ કર્યો. ઘડાની પર્યાયની સાથે બાહ્ય છે એ તો. બાહ્ય પોતામાં વ્યાપ્યવ્યાપક છે. આની સાથે વ્યાપ્યવ્યાપક છે? સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

'**વ્યાપ્યવ્યાપકભાવથી ઘડાના સંભવને અનુકૂળ...**' કોણ? ઓલા રાગાદિ. એ રાગ છે એ વ્યાપ્યવ્યાપક છે? '**વ્યાપારને કરતો અને ઘડા વડે કરેલો પાણીનો જે ઉપયોગ તેનાથી ઊપજેલી તૃપ્તિને ભાવ્યભાવકભાવ વડે અનુભવતો...**' પોતાની પર્યાયમાં પોતે ભાવ્યભાવક કરતો થકો. સમજાણું કાંઈ? '**ભોગવતો એવો કુંભાર ઘડાને કરે છે...**' કુંભાર ઘડાને કરે છે '**અને ભોગવે છે એવો લોકોનો અનાદિથી રૂઢ વ્યવહાર છે;...**' આ શબ્દ પડ્યો છે. એ શબ્દ એમાં નથી ભાઈ! મેં કાલે ગોત્યું ખરું પણ મળ્યું નહિ. મારા

ખ્યાલમાં છે. એ જવાબમાં એવો રૂઢ વ્યવહાર કાઢી નાખ્યું છે. મેં નીચે લખ્યું છે કે અહીં રૂઢ શબ્દ પડ્યો રહ્યો. એ તરફથી હોં! એ તરફથી. '**અનાદિ રૂઢ વ્યવહાર છે;...**' આ શબ્દ એમાં નથી નાખ્યો. અનાદિ વ્યવહાર છે એમ નાખી દીધું. રૂઢ શબ્દ કાઢી નાખ્યો. કાઢી નાખ્યો છે. મેં ગોત્યું પણ મળ્યું નહિ. મારા ખ્યાલમાં હતી એ વાત. પંડિતજીએ તો એ જેમ શબ્દ છે એમ નાખ્યું છે. સમજાણું કાંઈ? શાસ્ત્રના પોતાની કલ્પનાથી રૂઢ અર્થ, ફેરવીને અર્થ કરે. આહાહા..! શું કહે છે આ? કે કુંભાર ઘડાને કરે છે અને ઘડાને ભોગવે છે એવો લોકોનો-અજ્ઞાનીનો અનાદિથી રૂઢ વ્યવહાર છે. મિથ્યા વ્યવહાર છે.

મુમુક્ષુ :- માન્યતા છે.

ઉત્તર :- માન્યતાનો એનો કલ્પનાનો ભેદ છે. રાગનો કર્તાભોક્તા છે નહિ. પછી આત્મામાં કહેશે હોં. અહીં તો હજી ઘડાની વાત ચાલે છે. સમજાણું કાંઈ? આહાહા..! આત્મા કર્મનો કર્તાભોક્તા છે એ અજ્ઞાનીઓનો વ્યવહાર છે. એમ કહેશે. સમજાણું કાંઈ? ઓહોહો..!

ભગવાન આત્મા...! એ તો પછી લેશે. આ તો દૃષ્ટાંત લીધું છે ને? દૃષ્ટાંતમાં જ હજી સૂક્ષ્મતા લાગે છે. દૃષ્ટાંત પણ નહિ. ઘડો થવામાં માટી સન્મુખ છે તો ઘડો થાય છે એમ નહિ. કુંભાર આવે તો ઘડાની પર્યાય થાય છે. ઓહો..! ઘડો બનાવ્યો. કુંભારે પર્યાયને બનાવી. મૂઢ છે? કહે છે. એ તો તારો અનાદિનો રૂઢ વ્યવહાર છે. સમજાણું કાંઈ? શું બનાવે? સ્વતંત્ર પર્યાય એની થઈ એમાં કુંભાર શું કરે? કુંભાર પોતામાં વ્યાપ્યવ્યાપક છે. એ રાગ સાથે વ્યાપ્યવ્યાપક છે. શું આની સાથે વ્યાપ્યવ્યાપક છે? બિલકુલ નથી. છતાં કહે છે કે કુંભાર ઘડાનો કર્તા અને ભોક્તા છે એવો લોકોનો અનાદિથી રૂઢ વ્યવહાર છે. બસ! પછી સિદ્ધાંત લેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૧૧, સોમવાર તા. ૧૯-૮-૧૯૬૮**
**ગાથા-૮૪, પ્રવચન-૬૦૩**

કર્તાકર્મ અધિકાર. ૮૪ ગાથા. દૃષ્ટાંતનો સિદ્ધાંત દૃષ્ટાંત પૂરો થયો. દૃષ્ટાંત સમજાણો? માટી ઘડાને વ્યાપ્ય-વ્યાપકભાવથી (કરે છે). માટી વ્યાપક અને ઘડો વ્યાપ્ય. વ્યાપક એટલે કર્તા અથવા વ્યાપક એટલે દ્રવ્ય અને ઘડો એટલે વ્યાપ્ય એટલે અવસ્થા એટલે કાર્ય એટલે પર્યાય. એ ઘડાની કાર્યદશા-પર્યાયદશાને માટી વ્યાપકપણે વ્યાપ્યને કરે છે. સમજાય છે? કહો, પોપટભાઈ સમજાય છે કે નહિ આમાં? આ તો બધી સાદી ભાષા છે. અને ઘડો જ પોતે પોતાને ભોગવે છે. આહાહા..! ભાવ્યભાવકથી માટી જ ઘડાને ભોગવે છે. કારણ કે એની પર્યાયનો વ્યય થવો એમાં થાય છે કાંઈ ભોગવવું કોઈ બીજો એને ભોગવતો નથી.

એમ કુંભાર, જે માટીના ઘડાથી બાહ્ય ચીજ કુંભાર છે. બસ એટલું. કુંભાર પોતાની ઈચ્છા ને યોગના કામને વ્યાપ્ય-વ્યાપકપણે કરે. સમજાય છે કાંઈ? અને ઘડાથી ઊપજેલી જે તૃપ્તિ, પાણી એ તો બહાર. પણ એનાથી ઊપજેલી તૃષાનો નાશ આદિ રાગ એને તે કુંભાર ભોગવે. પાણીને અને ઘડાને ભોગવતો નથી. એના રાગને કુંભાર ભોગવે કે પાણીનો પીનાર ભોગવે. હવે એમ છતાં એમ કહેવું કે ઘડાને કુંભાર કરે છે અને ઘડાને કુંભાર ભોગવે છે ઓલી તૃપ્તિને, એવો વ્યવહાર અનાદિ અજ્ઞાનીનો રૂઢ વ્યવહાર છે. રૂઢ અસદ્ભુત વ્યવહારનો રૂઢ વ્યવહાર છે, જૂઠો વ્યવહાર છે એમ બીજી ભાષાએ કહીએ તો. અસદ્ભુત એટલે જૂઠો.

મુમુક્ષુ :- અનાદિનો?

ઉત્તર :- અનાદિનો અજ્ઞાનીનો એ રીતે પ્રસિદ્ધ (વ્યવહાર છે). ઓલામાં પ્રસિદ્ધ લેશે. અહીં સાધારણ લીધું. ઓલામાં પ્રસિદ્ધ લેશે. અજ્ઞાનીનો પ્રસિદ્ધ વ્યવહાર છે એમ કહેશે. અહીં અનાદિનો રૂઢ વ્યવહાર છે એમ કહે છે. બેયની ભાષા ફેર છે.

હવે '**તેવી રીતે,...**' ઘડા અને માટીના દૃષ્ટાંત ને કુંભારની પેઠે બેયનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ભલે હો, પણ કાંઈ કુંભાર ઘડાને કરે અને ઘડાની તૃપ્તિને ભોગવે, ઘડાને ભોગવે એમ છે નહિ. '**તેવી રીતે, અંદરમાં વ્યાપ્યવ્યાપકભાવથી પુદ્ગલદ્રવ્ય કર્મને કરે છે...**' શું કહે છે હવે? શાતા વેદનીય આદિ કર્મની પર્યાય બંધાય, જ્ઞાનાવરણીય કર્મની પર્યાય બંધાય એ પુદ્ગલની પર્યાય થાય એ અંતરમાં પોતામાં વ્યાપ્યવ્યાપકભાવથી. વ્યાપ્ય નામ કર્મની અવસ્થા તેનું વ્યાપ્ય છે અને પુદ્ગલ તેનું વ્યાપક છે. પુદ્ગલદ્રવ્ય વ્યાપક છે, કર્તા છે, દ્રવ્ય છે, રચનાર છે અને તેની કર્મની અવસ્થા તેનું વ્યાપ્ય છે, અવસ્થા છે, પર્યાય છે,

કાર્ય છે. સમજાય છે કાંઈ?

'**અને ભાવ્યભાવકભાવથી પુદ્‌ગલદ્રવ્ય જ કર્મને ભોગવે છે...**' એ કર્મનો જે ઉદય પાક આવે એ એમાં રહે છે. એ કાંઈ આત્માને આપી શકે છે એમ નથી. બહુ સાદી ભાષા. કર્મનો પાક આવે એ પોતે જ પાકમાં પર્યાયપણે પરિણમીને ખરી જાય છે. એ આત્માને કાંઈ પાક આપે એમ છે નહિ. '**તોપણ,...**' આવું હોવા છતાં પણ. એટલે શું? કે પુદ્‌ગલ પોતે કર્મની અવસ્થાને કરે અને પુદ્‌ગલ પોતે કર્મની અવસ્થાને ભોગવે, આવું હોવા છતાં પણ કર્મથી બાહ્ય રહેલો આત્મા, જુદો રહેલો આત્મા. જેમ ઘડાના વ્યાપારથી જુદો રહેલો કુંભાર, એમ આ કર્મની પર્યાયના વ્યાપારથી જુદો રહેલો આત્મા. '**બહારમાં,...**'ની વ્યાખ્યા એવી છે. સમજાય છે કાંઈ?

'**બહારમાં, વ્યાપ્યવ્યાપકભાવથી...**' એટલે બહારમાં, એટલું બસ હવે. એની સાથે સંબંધ નહિ. એ કર્મની પર્યાય જે થાય છે પુદ્‌ગલમાં અને ભોગવાય છે પુદ્‌ગલમાં એનાથી બાહ્ય એવો જે બીજો આત્મા, '**વ્યાપ્યવ્યાપકભાવથી અજ્ઞાનને લીધે...**' અહીં કર્મમાં નિમિત્તપણું થાય એ અજ્ઞાનીને થાય છે. એમ સિદ્ધ કરવું છે. જ્ઞાનીને કર્મ બંધાય અને નિમિત્ત થાય એવું જ્ઞાનીને છે જ નહિ. સમજાય છે કાંઈ? જ્ઞાનીને તો આત્મા ચૈતન્યમૂર્તિ શુદ્ધ છે અને આનંદનો અનુભવ છે, જ્ઞાયકનો અનુભવ છે. એથી એને વિકાર થાય અને નવા બંધનને નિમિત્ત થાય એવું જ્ઞાનીને છે નહિ. આહાહા..! જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ તે શુદ્ધ ચૈતન્ય છે એવું જ્યાં ભાન થયું...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં તો બંધ જ નથી. નહિ. નહિ. અહીં તો બંધ જ નથી. આ જુઓ શબ્દ શું છે જુઓ અહીં. અહીં અજ્ઞાનને લીધે કહ્યું છે. જ્ઞાનીને બંધ જો કહે તો તો જ્ઞાની આવા કર્મમાં નિમિત્ત હોય છે એમ કહે છે. અહીં તો અજ્ઞાનને લીધે અજ્ઞાની એમાં નિમિત્ત છે, છતાં એનો કર્તા નથી, કર્મનો ભોકતા નથી. છતાં અજ્ઞાનીનો વ્યવહાર એવો છે કે અમે કર્મ કર્યા અને અમે કર્મ ભોગવ્યા, એ અજ્ઞાનીનો અનાદિ પ્રસિદ્ધ વ્યવહાર છે.

મુમુક્ષુ :- અજ્ઞાનીનો વ્યવહાર..

ઉત્તર :- એમ છે જ નહિ. એ વાત આખી વાતમાં ફેર. જ્ઞાની તો...

દ્રવ્યનો સ્વભાવ, વસ્તુનો સ્વભાવ-દ્રવ્યનો, નવા કર્મને નિમિત્ત થવું એવો એનો સ્વભાવ જ નથી. બંધનની પર્યાયમાં નિમિત્ત થવું એવો દ્રવ્યનો સ્વભાવ નથી. દ્રવ્યનો સ્વભાવ નથી એટલે દ્રવ્યદૃષ્ટિવંતનો સ્વભાવ નથી. બે વાત છે. એ વાત છે. આહાહા..! ગોદિકાજી! જરી સૂક્ષ્મ વાત છે, ભગવાન! આ તો અંતરની વાત છે, ભાઈ! આહાહા..!

કહે છે કે પ્રભુ! જીવદ્રવ્ય.. એ તો પાંચમાં આવે છે ને ભાઈ! ૧૦૫માં નહિ. ૧૦૫માં છે. ૧૦૫ ગાથામાં આવે છે. જુઓ! ૧૦૫ છે ને. જુઓ! પહેલો પેરેગ્રાફ દેખો. '**આ લોકમાં ખરેખર આત્મા સ્વભાવથી પૌદ્ગલિક કર્મને નિમિત્તભૂત નહિ હોવા છતાં...**' ૧૦૫. જુઓ! એ સિદ્ધાંત અહીં સિદ્ધ કરે છે. ૧૦૫ ગાથા. છે? ૧૦૫ છે ને.

**जीवम्हि हेदुभूदे बंधस्स दु पस्सिदूण परिणामं।**
**जीवेण कदं कम्मं भण्णदि उवयारमेत्तेण।।१०५।।**

એની વ્યાખ્યા... '**આ લોકમાં ખરેખર આત્મા...**' આત્મા '**સ્વભાવથી પૌદ્ગલિક કર્મને નિમિત્તભૂત નહિ હોવા છતાં...**' નવા બંધનને નિમિત્ત આત્મા છે જ નહિ.

મુમુક્ષુ :- અનાદિનું અજ્ઞાન છે.

ઉત્તર :- હા. પણ આ તો હજી પહેલું આ સિદ્ધ કર્યું.

આવું હોવા છતાં પણ '**અનાદિ અજ્ઞાનને લીધે...**' જુઓ! એ અનાદિ સ્વરૂપના ભાનના અભાનને લીધે '**પૌદ્ગલિક કર્મને નિમિત્તરૂપ થતા એવા અજ્ઞાનભાવે પરિણમતો હોવાથી...**' નવા બંધનને નિમિત્ત થનાર અજ્ઞાનીનું અજ્ઞાન નિમિત્ત છે. સમજાય છે? હજી તો અહીં તો બીજું સિદ્ધ કરવું છે. કે જ્ઞાની પોતે નવા કર્મને (નિમિત્ત થાય) એ દ્રવ્યનો સ્વભાવ નથી. એમ કીધું ને. આત્મા સ્વભાવથી પૌદ્ગલિક કર્મની પર્યાય પુદ્ગલને લઈને બંધાય, છતાં એમાં નિમિત્ત થવું એ જીવદ્રવ્યનો સ્વભાવ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? પહેલું આ સિદ્ધ (કર્યું છે). સમજાય છે? આત્મા એનો ખરેખર સ્વભાવ નવા કર્મના બંધનને તો કરી શકે નહિ, પણ નવાને બંધમાં નિમિત્ત થવું એ આત્માનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ?

છતાં '**અનાદિ અજ્ઞાનને લીધે...**' પોતાનો શુદ્ધ ચૈતન્ય ભગવાન અનાકુળ આનંદ અને જ્ઞાનમૂર્તિ, '**અજ્ઞાનને લીધે પૌદ્ગલિક કર્મને નિમિત્તરૂપ થતા એવા અજ્ઞાનભાવે પરિણમતો હોવાથી...**' બસ. પુદ્ગલ કર્મને નિમિત્ત થાય એવું અજ્ઞાનભાવે એ પરિણમે છે. તે જ જડને નિમિત્ત થાય છે. જડ તો એને કારણે પરિણમે છે. આના નિમિત્તને કારણે નહિ. પણ એ પરિણમનમાં નિમિત્તપણું અજ્ઞાનીનું નિમિત્તપણું છે. જ્ઞાનીનું નિમિત્તપણું છે નહિ. જ્ઞાનીને અજ્ઞાન નથી અને તેથી નવું બંધાય એ જ્ઞાનીને છે જ નહિ. સમજાય છે કાંઈ? ધન્નાલાલજી! ભારે. એ તો પછી જ્ઞાનમાં જ્ઞેયમાં જાય છે. જ્ઞાનસ્વરૂપ સ્વપરપ્રકાશકનું ભાન થયું પછી જે રાગ રહ્યો એ પણ જ્ઞાનનું પરજ્ઞેય અને બંધન થયું એ પરજ્ઞેયમાં જાય છે. પોતાની પર્યાયમાં નિશ્ચયના ભાનમાં વ્યવહારનો અભાવ છે. વિકલ્પ જે વ્યવહાર એનો અભાવ છે. નિશ્ચયમાં વ્યવહાર છે જ નહિ. જ્ઞાનીને જ્ઞાનની પર્યાયમાં વ્યવહાર છે જ નહિ.

આહાહા..!

ધર્મી પોતાના સ્વરૂપની દૃષ્ટિ શુદ્ધ ચૈતન્યને અવલંબ્યો હોવાથી, તેના દ્રવ્ય-ગુણમાં તો વ્યવહારના વિકલ્પ છે જ નહિ, પણ એની પર્યાયમાં પણ વ્યવહારનો અભાવ છે. એનામાં નથી. છે તો બાહ્ય. આહાહા..! એ આવી ગઈ છે. ૭૫, ૭૬, ૭૭ બાહ્યમાં ૭૬ હતી. ૭૫માં કર્મનું વ્યાપ્ય-વ્યાપક લીધું અને ૭૬, ૭૭, ૭૮માં બાહ્યસ્થિત. જ્ઞાનીની પર્યાયમાં શુદ્ધ ચૈતન્ય વસ્તુ જ્ઞાયકમૂર્તિનું દ્રવ્ય-ગુણ અને પર્યાય નિર્મળપણે જે છે તે જ્ઞાનીનો આત્મા. તેનાથી એ જ પર્યાયમાં એક અંશરૂપે વિકલ્પ જે વ્યવહારરત્નત્રયનો છે એ અંતર્મુખથી તે બાહ્ય વસ્તુ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એથી બાહ્ય વસ્તુનું બંધન અને બાહ્ય વસ્તુ જ એનામાં નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નથી. અજ્ઞાનીને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. જ્ઞાનીને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

જુઓ! '**પરિણમતો હોવાથી નિમિત્તભૂત થતાં, પૌદ્‌ગલિક કર્મ ઉત્પન્ન થાય છે,...**' અજ્ઞાનીનું અજ્ઞાન નિમિત્ત થતાં પૌદ્‌ગલિક કર્મની અવસ્થા પુદ્‌ગલને કારણે કર્મમાં તે કાળે તેની અવસ્થા થવાનો કાળ છે તે થાય છે. છતાં પૌદ્‌ગલિક કર્મ આત્માએ કર્યું એવો નિર્વિકલ્પ વિજ્ઞાનઘન સ્વભાવથી ભ્રષ્ટ. જુઓ! મિથ્યાદૃષ્ટિની વાત લીધી. નિર્વિકલ્પ વિજ્ઞાનઘન ભગવાન એવા સ્વભાવથી ભ્રષ્ટ. '**વિકલ્પપરાયણ...**' ભાષા દેખો! જ્ઞાની વિકલ્પપરાયણ છે જ નહિ. ધર્મી સ્વભાવ તત્પર પરાયણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ધર્મી શુદ્ધ ચૈતન્ય વસ્તુ જ્ઞાનાનંદ તેમાં પરાયણ છે. તેના સન્મુખમાં તેનું પરિણમન છે. અજ્ઞાની વિકલ્પપરાયણ છે. એવા વિકલ્પમાં તત્પર અજ્ઞાનીઓનો વિકલ્પ છે કે મેં કર્મ કર્યું એ વિકલ્પ ઉપચાર છે. પરમાર્થ છે નહિ. અજ્ઞાની એમ માને કે આનો એવો વિકલ્પ એ વિકલ્પ ઉપચાર અને પરમાર્થ નથી. જ્ઞાનીને એ છે જ નહિ. આહાહા..! ઝીણી વાત છે, ભગવાન!

આ તો આત્મા છે ભાઈ! પરમેશ્વર જેનું સાક્ષાત્ રૂપ છે. ઓહો..! જેની અનંત જ્ઞાનની તાકાત, બેહદ જેનો આનંદ, અપરિમિત જેનું વીર્ય, અનાકુળ જેની શાંતિ અને અનહદ જેની સ્થિરતાની રમણતા અને અનહદ જેની સ્વચ્છતા અને પરમેશ્વરતા એને દ્રવ્ય કહીએ અને એને આત્મા કહીએ. સમજાય છે? એને વિશ્વાસમાં આવતું નથી. આવડો હું! ભાઈ! ત્રણ કાળનો નાથ પરમેશ્વર તું છો. આહાહા..! પરમેશ્વર તો ઠીક પણ એવા અનંતા પરમેશ્વરો થયા એવા અનંતા પરમેશ્વર તારા પેટમાં પડ્યા છે. તારા ગર્ભમાં. ગર્ભમાંથી પાકે છે ને? પરમેશ્વર સિદ્ધપણું પાકે ક્યાંથી? અંદર પડ્યા છે એમાંથી પાકે છે. સમજાણું કાંઈ?

એક સમયનો ભગવાન. બેહદ જેનું રૂપ જ્ઞાનનું, અનહદ જેનો આનંદ અને અનાકુળ જેની સ્થિરતા, એવો સ્વભાવ જેનો બેહદ એવા અનંતા ગુણનો અપરિમિતપણાનો પિંડ પ્રભુ, એવો જે આત્મા નવા કર્મને નિમિત્ત થાય એવું છે જ નહિ. અને એવો આત્મા નથી એટલે એવા આત્માનો દષ્ટિવંત પણ, એવો આત્મા નથી એટલે કે એવા આત્માનો દષ્ટિવંત પણ નવા કર્મને નિમિત્ત થાય એવું એ જ્ઞાનીને છે જ નહિ. ગોદિકાજી! ભારે ઝીણી વાતું. એય.. શેઠ! આ સમજવું પડશે હોં! પરાણે નહિ. એવું એનું સ્વરૂપ જ છે. એવું એનું સ્વરૂપ જ છે. ઓહો..! સહજ સ્વભાવ પુરુષાર્થ.

આજે પ્રશ્ન આવ્યો હતો જરી. તત્ત્વાર્થ શ્રદ્ધાન છે ને પંડિતજીનું. ઉમાસ્વામીનું. એ વ્યવહાર સમકિત છે એમ ભાઈએ .. કર્યું છે. આ ... છે. તત્ત્વાર્થ સૂત્ર છે ને ઉમાસ્વામીનું. એમ કે .. વ્યવહાર છે, પણ વિપરીત અભિનિવેષ જાય તો નિશ્ચય થાય. એ તો તત્ત્વાર્થશ્રદ્ધાન નિશ્ચયથી. એ મોટો લેખ છે. જૈનસંદેશમાં આવ્યું છે. ફેર છે થોડો. ... નહિ એ? સાગરવાળા. ...

મુમુક્ષુ :- મુન્નાલાલ.

ઉત્તર :- મુન્નાલાલ ... અહીં ચોપડી.. એકેય પુસ્તક નથી રાખ્યું અહીં? એક છપાવ્યું હતું પછી બંધ થયું. એનો લેખ આવ્યો હતો સારો. વાત ઠીક છે તમારી. પણ ... કહો, સમજાય છે કાંઈ? આહાહા..! ભગવાન આત્મા..! અહીં શું કહે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પહેલા આવી ગયું. .. સંદેશમાં આવ્યું હતું.

મુમુક્ષુ :- જૈનસંદેશમાં...

ઉત્તર :- હા .. એ છે. એ હમણા કાલે આવ્યું હતું.

શું કહે છે અહીંયાં દેખો. એ પુદ્‌ગલ કર્મ પોતાની અવસ્થાને કરે છે એ એના અંદરમાં એની દશા. બહારમાં રહેલો પૃથક્ આત્મા. બસ એટલું. એ આત્મા પોતાના અજ્ઞાનભાવને કારણે. દેખો! વ્યાપ્યવ્યાપકભાવથી અજ્ઞાનને કારણે. જોયું! '**પુદ્‌ગલકર્મના સંભવને અનુકૂળ...**' બસ એટલું. નવા કર્મ જે બંધાય એવી તો પર્યાય કર્મને પુદ્‌ગલને લઈને સ્વતંત્ર થાય. સ્વતંત્ર તે કાળે તેની જ પર્યાયનો સ્વકાળ હતો તે થયું છે. પણ એને અનુકૂળ એવું નિમિત્ત, અજ્ઞાનને લીધે, અજ્ઞાનીના અજ્ઞાનને લીધે '**પુદ્‌ગલકર્મના સંભવને..**' નવા કર્મની ઉત્પત્તિને અનુકૂળ નિમિત્ત. અનુકૂળ '**એવા (પોતાના રાગાદિક) પરિણામને કરતો...**' અજ્ઞાનીને તો પોતાના રાગાદિ. જુઓ! એના રાગાદિ છે. જ્ઞાનીના રાગાદિ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? રાગ છે એ આસ્રવતત્ત્વ છે. કર્મ, શરીર અજીવતત્ત્વ છે. ભગવાન જ્ઞાયકતત્ત્વ છે. તત્ત્વ તદ્દન

ભિન્ન છે. એટલે અજ્ઞાનીને રાગ એ મારા છે એવું માને છે એથી અજ્ઞાની પોતાના રાગાદિ પરિણામને કરતો થકો, પોતાના એવા. પોતાના શબ્દ વાપર્યો છે પણ અનુકૂળ એવા પરિણામને કરતો. શું કરવા? કે ઓલા પરને કરતો નથી એમ બતાવવું છે. પોતાના પરિણામને કરે અજ્ઞાની. રાગ-દ્વેષ-ભ્રમણા. રાગ હું કરું છું, પુણ્ય મારું છે, આ પાપ મારા છે, વિકારી અવસ્થા મારી છે, એ મારું કાર્ય છે, એ કર્તા છું, એમ વ્યાપ્યવ્યાપકપણે અજ્ઞાની વિકારના પરિણામની અવસ્થા કરે અને એનો કર્તા અજ્ઞાની થાય એ નવા કર્મને અનુકૂળ નિમિત્ત છે. અજ્ઞાનીના રાગ-દ્વેષના પરિણામ નવા કર્મને અનુકૂળ નિમિત્ત છે. સમજાણું કાંઈ? ભારે વાતું.

'**પુદ્‌ગલકર્મના...**' બસ એ કર્તાની. પરિણામને કરતો થકો. છતાં પણ એ પુદ્‌ગલને કરે છે એવો અજ્ઞાનીઓનો અનાદિ સંસારથી પ્રસિદ્ધ વ્યવહાર છે. એક બોલનો અર્થ જો કરીએ તો. એકનો અર્થ. એકનો અર્થ શું થયો? કે પુદ્‌ગલકર્મ જ્યાં છે એની પર્યાયપણે પરિણમતું પોતાને કારણે. એને અનુકૂળ એવું નિમિત્ત અજ્ઞાનીનું, રાગાદિ પરિણામ મારા, પુણ્ય-પાપ મારા એવી દૃષ્ટિ વિકલ્પ ઉપર છે, નિર્વિકલ્પથી ભ્રષ્ટ છે, નિર્વિકલ્પ દ્રવ્યસ્વરૂપનું અજ્ઞાન છે, એને લઈને પુણ્ય અને પાપના વિકલ્પમાં પોતાપણું માનતો તેને કરતો તે નવા કર્મને નિમિત્તરૂપે અનુકૂળ છે, પણ એને કરતો નથી. રાગને કરે છે. છતાં એ કર્મને કરે છે એમ કહેવું અનાદિ અજ્ઞાનીનો પ્રસિદ્ધ વ્યવહાર છે. આહાહા..! વાત એ છે.

ઓલાને અનુકૂળ રાગ કરે છે ને. એટલે રાગ કરે છે રાગને. છતાં રાગ અનુકૂળ ઓલો ત્યાં થાય છે એટલે આને હું કરું છું એવો વ્યવહાર અનાદિનો, અજ્ઞાનીનો પ્રસિદ્ધ વ્યવહાર છે. સમજાય છે કાંઈ? ધન્નાલાલજી! આહાહા..! કેટલી સ્પષ્ટ વાત. સીધી, સરળ સત્‌ છે. આમ ભગવાન આત્મા, કહે છે કે જે નવા કર્મને કાળે તો તેને બંધાય, પણ એના બંધનમાં સંભવની ઉત્પત્તિમાં નિમિત્ત કોનું છે? કે અજ્ઞાનીઓ પોતે રાગને, દ્વેષને, પુણ્ય અને વ્યવહાર વિકલ્પને પોતાના માને છે એથી એ રાગને કરતો થકો, નવા કર્મને અનુકૂળ સંભવમાં નિમિત્ત છે. એટલું કર્તા નિમિત્ત હોવા છતાં એ એમ માને છે કે હું આનો કર્તા છું. એ અજ્ઞાનીનો પ્રસિદ્ધ વ્યવહાર છે. ઓલામાં રૂઢ વ્યવહાર કહ્યો હતો. લૌકિક હતું માટે. એવો અજ્ઞાનીઓનો અનાદિ સંસારથી પ્રસિદ્ધ વ્યવહાર છે. આહાહા..! સમજાણું કાંઈ? ધીમે ધીમેથી કહેવાય છે, અંદર વિચારવાનું પણ રહે છે. એક એક શબ્દનો શું અર્થ છે? એની સાથે શું મેળ છે? એમ જાણવું જોઈએ ને એને. એમ ને એમ વાંચી જાય ને એમ ને એમ, લ્યો અહીં આમ છે.. આમ છે.. પણ એનો શું ભાવ છે અને કઈ રીતે કહેવા માગે છે અને એનો મેળ શું છે એ એના ખ્યાલમાં આવવો જોઈએ. ભાવભાસન થવું જોઈએ. ભાવભાસન વિના અદ્ધરથી વાત કરે એમાં કાંઈ ચાલે નહિ. સમજાય છે કાંઈ?

વ્યાપ્યવ્યાપકભાવથી. કોની સાથે જાય છે વ્યાપ્યવ્યાપકભાવ? એ કર્મની સાથે બાહ્યમાં વ્યાપ્યવ્યાપક છે એમ નહિ. સમજાણું કાંઈ? જીવની સાથે. કર્મનું વ્યાપ્યવ્યાપકપણું તો તેમાં છે તેથી વ્યાપક પુદ્‌ગલ વ્યાપક પ્રસરીને, વિસ્તરીને વ્યાપ્ય કર્મની અવસ્થાના વ્યાપ્યને પુદ્‌ગલ કરે છે. બસ! એ વ્યાપ્યવ્યાપક ત્યાં. હવે એનાથી બાહ્ય અજ્ઞાનીનો આત્મા, બસ એટલું. બાહ્ય. અજ્ઞાનીનો આત્મા એનાથી બાહ્ય છે. એ બાહ્યમાં રહેલો આત્મા પોતાના અજ્ઞાનભાવને લઈ, પુણ્ય-પાપના રાગાદિને કરે એ નવા કર્મને સંભવ—ઉત્પત્તિને નિમિત્ત અનુકૂળ છે. એટલું જાણતા છતાં એ ઉપરાંત અજ્ઞાની એમ માને છે, કરે છે રાગ-દ્વેષ અજ્ઞાન છતાં આનો હું કર્તા છું એમ ઉપચારથી, વ્યવહારથી પણ અજ્ઞાનીને લાગુ પડે છે. પણ એ વ્યવહાર જૂઠો છે, એ વ્યવહાર સાચો નથી. સમજાણું કાંઈ? આના અર્થ કરવામાં પણ વાંધા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઘણા ખોટા. ઓલા યશોવિજય કહે છે. યશોવિજય. ‘જાતિ અંધનો રે દોષ નહિ આકરો...’ જાતિ અંધ હોય ને? જન્મઅંધ. ‘જાતિ અંધનો રે દોષ નહિ આકરો, જે જાણે નહિ અર્થ. જે જાણે નહિ અર્થ.’ આંખે આંધળો બિચારો શી રીતે જાણે? ‘એથી રે મિથ્યાદષ્ટિ રે તેથી આકરો. કરે અર્થના અનર્થ.’ ‘કરે અર્થના અનર્થ.’ આંધળો તો બિચારો દેખતો નથી એટલે શું કરે? ક્યાં ગયા ભુરાભાઈ! ગયા? છે. દેખે નહિ તો શું કરે?

જાતિ અંધનો રે દોષ નહિ આકરો. એથી તે જાણે નહિ અર્થ,
મિથ્યાદષ્ટિ રે તેથી આકરો, કરે અર્થના રે અનર્થ.

અરે..! અર્થના અનર્થ કરે. ભગવાન! તેથી આ જાતિઅંધથી પણ મિથ્યાદષ્ટિ આકરા છે. બહુ આકરું છે, બાપા! સમજાય છે કાંઈ? આગમને કહેવું હોય કાંઈક, કેવળીને કહેવું હોય કાંઈક, સંતોને કહેવું હોય કાંઈક અને પોતાના અભિપ્રાયથી અર્થ બીજો કરે. મૂળચંદભાઈ! આહાહા..!

એ અહીં કહે છે, જુઓ! ઓહો..! કર્મની અવસ્થા, આઠેય કર્મની અવસ્થા કર્મને કાળે, કર્મને કારણે તેના સ્વકાળે તે પર્યાય પરિણમે છે એનામાં. એનામાં વ્યાપ્યવ્યાપક થઈને. બહારમાં રહેલો આત્મા એનાથી ભિન્ન, એને સ્પર્શતો નથી. કર્મની વ્યાપ્યવ્યાપક અવસ્થાને અજ્ઞાની પણ સ્પર્શતો તો નથી, છુતો તો નથી. કેમકે પરદ્રવ્ય છે એ. માટે બાહ્યમાં એમ કીધું શબ્દ. એવી કર્મની પર્યાયથી જે બહારમાં રહેલો અજ્ઞાની વ્યાપ્યવ્યાપકભાવથી. પોતામાં અજ્ઞાનને લીધે વિકારી પરિણામની વ્યાપ્ય અવસ્થા, પોતે અજ્ઞાનપણું એવો આત્મા તે વ્યાપક. એવા પુદ્‌ગલકર્મના ઉત્પત્તિમાં. ઉત્પત્તિ તો એને લઈને થઈ. સંભવ એટલે પુદ્‌ગલકર્મની ઉત્પત્તિ. એને અનુકૂળ એટલે નિમિત્ત. એવા પોતાના રાગાદિ પરિણામને કરતો. એ જીવ પુદ્‌ગલકર્મને

કરે છે એવો અજ્ઞાનીઓનો અનાદિ સંસારથી પ્રસિદ્ધ વ્યવહાર છે. એક બોલ આટલો લીધો. હવે ભાવ્યભાવકનો પછી લેશે. સમજાય છે કાંઈ? છે ને સામે પુસ્તક પડ્યું છે ને. જુઓને! શબ્દે શબ્દે કેટલી શૈલી! કહો, સમજાણું કાંઈ? એમ કે તમે સમજાવો છો અને અમને સમજાય નહિ? સમજાવો છો માટે સમજાય છે એમ કહે છે.

મુમુક્ષુ :- અમને અમારાથી સમજાય છે.

ઉત્તર :- એમ નાખે છે ઈ. કહો, સમજાય છે કાંઈ? એ વેપારીની દલીલ છે એવી. કહો, સમજાય છે? ક્યાં ગયા હિરાભાઈ? એના ચિરંજીવી છે. કહો, સમજાય છે કાંઈ?

હવે બીજી વાત. એ કર્તાકર્મની વાત થઈ. હવે ભોક્તાભોગ્યની વાત. કહે છે કે '**પુદ્‌ગલકર્મના વિપાકથી ઉત્પન્ન થયેલી...**' પૂર્વના કર્મો જે છે એનો પાક થતાં ઉત્પન્ન થયેલી. '**વિષયોની જે નિકટતા...**' બાહ્ય પદાર્થની સમીપતા. બસ, એટલી વાત. ધ્યાન રાખજો. '**પુદ્‌ગલકર્મના વિપાકથી...**' આ અઘાતિની વાત છે. સમજાય છે કાંઈ? '**પુદ્‌ગલકર્મના વિપાકથી ઉત્પન્ન થયેલી વિષયોની જે નિકટતા...**' સામે શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ આદિ પદાર્થની સમીપતા આવી. એ સમીપતાનું કારણ કે પુદ્‌ગલ કર્મનો વિપાક. એનાથી ઉત્પન્ન થયેલી વિષયો નામ પદાર્થની જે નિકટતા. ત્યાં સુધી તો પરપદાર્થની વ્યાખ્યા થઈ. સમજાય છે કાંઈ? પરપદાર્થના સંપાદનમાં પૂર્વના કર્મનું ઉત્પત્તિનું નિમિત્ત, એનાથી વિષયોની નિકટતા થઈ. આટલો નિમિત્તનૈમિત્તિક સંબંધ ત્યાં સિદ્ધ કર્યો. સમજાય છે કાંઈ? એય.. પોપટભાઈ! આ પૂર્વના શાતા આદિનો ઉદય આવ્યો અને પછી કહે છે કે આ પૈસા-બૈસાના ઢગલા દેખાણા, છોકરા દેખાણા એ વિષયોની (નિકટતા થઈ) એ તો ખરું. નહિ નહિ.

જુઓ! '**પુદ્‌ગલકર્મના વિપાકથી...**' ક્યાં ગયો નાનો? આવ્યો છે ને તમારો? ઈ કહેતા હતા કે આવ્યો છે. એ બધા પુદ્‌ગલ કર્મના વિપાકથી ઉત્પન્ન થયેલી સામગ્રીનું નિમિત્તપણું. એટલું હવે. '**તેનાથી ઊપજેલી (પોતાની) સુખદુઃખરૂપ પરિણતિને...**' ભાષા દેખો! એ બાહ્યનું... પૂર્વનું કર્મ જે છે એ નિમિત્ત છે અને વિષયોની નિકટતા તે નૈમિત્તિક છે. એટલું સિદ્ધ કર્યું. હવે એ વિષયો જે છે શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ. સમજાય છે? '**તેનાથી ઊપજેલી...**' ભાષા જુઓ! વ્યવહાર છે એ. એ સંયોગથી ઊપજેલી એટલે તેના તરફ લક્ષ કરીને. અજ્ઞાનીને તેના તરફના લક્ષથી પૈસા, સ્ત્રી, કુટુંબ, આબરૂ, મકાન આદિ '**તેનાથી ઊપજેલી...**' એમ ભાષા છે. એક એક શબ્દનો સિદ્ધાંત લ્યો. ઊપજેલી તો વ્યવહાર કહે છે. ઊપજેલી પણ છે કેવી? કે '**(પોતાની) સુખદુઃખરૂપ પરિણતિ...**' પોતામાં કલ્પના કરી કે મને આ ઈષ્ટ તે સુખ છે, આ અનિષ્ટ તે દુઃખ છે. એવી પોતે સુખ-દુઃખની કલ્પનાની જે પરિણતિ એને '**ભાવ્યભાવકભાવ વડે અનુભવતો-**' કહો, સમજાણું કાંઈ? ધ્યાનથી,

શાંતિથી (સમજવું). આ તો મહાસિદ્ધાંતો છે.

એ કર્તાકર્મની વ્યાખ્યા પહેલી ગઈ, હવે ભોક્તાભોગ્યની વ્યાખ્યામાં પણ અજ્ઞાની ભોગવે છે પોતાની રાગ-દ્વેષ સુખ-દુઃખની કલ્પના. સમજાય છે? એ વિપાકથી મળેલી ચીજને ભોગવતો નથી. ભોગવે છે આ, છતાં આને ભોગવું છું એ અનાદિનો અજ્ઞાનીનો પ્રસિદ્ધ વ્યવહાર છે. સમજાય છે કાંઈ?

'**પુદ્ગલકર્મના વિપાકથી ઉત્પન્ન થયેલી...**' એ બાહ્યના પદાર્થોની ઉપાદાનની યોગ્યતામાં એને કારણે આવેલી ચીજો. પોપટભાઈ! આ છ-છ છોકરા અને આઠ-આઠ છોકરા, પચ્ચીસ, પચાસ લાખ, બે લાખ મૂડી, પૈસા. બે-પાંચ, બે-પાંચ લાખની કિંમત અત્યારે રહી નથી. પચ્ચીસ લાખ, પચાસ લાખની મૂડી. ધૂળમાંય નથી હવે. એ તો બાહ્ય ચીજ છે કહે છે. એ તો એ વખતે કર્મનું નિમિત્ત કીધું છતાં નિમિત્તથી આવી નથી. જો નિમિત્તથી આવી હોય તો કર્તા થઈ જાય છે. પૂર્વનું કર્મ કર્તા અને નવી ચીજ તેનું કાર્ય એમ નથી. તેથી ભાષા છે કે '**વિપાકથી ઉત્પન્ન થયેલી વિષયોની જે નિકટતા...**' એ નિમિત્તથી કથન કર્યું. કર્મનો ઉદય છે, માટે અહીં સામગ્રી આવી છે એ નિમિત્તથી આવી એમ નથી. આવી છે એનાથી, પણ એમાં નિમિત્ત પૂર્વનું કર્મ છે એટલી વાત. બે. ત્રીજી વાત હવે. આહાહા..! સમજાય છે કાંઈ? એક રજકણનો પર્યાય બીજા રજકણ પર્યાયને લાવે, ત્રણ કાળમાં બને નહિ. એ રજકણનો જે પર્યાય સામે આવવાનો છે એ પોતાથી જ આવે છે. પણ એનું નિમિત્ત કોણ હતું એ પહેલું જ્ઞાન કરાવ્યું. દેવીલાલજી! અમૃતચંદ્રાચાર્યના એક એક શબ્દો ટંકણખાર જેવા છે. '**પુદ્ગલકર્મના વિપાકથી...**' બસ એટલું. '**ઉત્પન્ન થયેલી...**' બાહ્યમાં '**વિષયોની જે નિકટતા...**' સમીપતા. એટલી વાત. બે થઈ.

હવે '**તેનાથી ઊપજેલી...**' એ પણ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. એ વસ્તુ નિમિત્ત અને વિકારી સુખ-દુઃખની કલ્પના અજ્ઞાની કરે તે નૈમિત્તિક. પણ એ નિમિત્તથી થયું છે એમ નહિ. એ સંયોગી ચીજ છે માટે સુખદુઃખના પરિણામ થયા એમ નથી. (એમ હોય) તો નિમિત્ત કર્તા થઈ જાય છે અને સુખદુઃખના પરિણામ કાર્ય થઈ જાય છે. એમ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? શેઠી! આ મહેન્દ્રભાઈ આમ જ્યાં નામ પડે. એ આવે છે પૂર્વના કર્મના નિમિત્તથી કહે છે, આવ્યા એ. પિતાજી-સાહેબ! એમ કહે. એવો જે રાગ થાય એમાં એ મહેન્દ્રભાઈ નિમિત્ત છે. એ કર્તા નથી. નિમિત્તનો અર્થ કર્તા નથી. એ છે એટલી વાત છે. સમજાણું કાંઈ? અહીં તો કર્તાકર્મમાં નિમિત્ત નૈમિત્તિક સંબંધ હોવા છતાં કર્તાકર્મપણું નથી એમ સિદ્ધ કરવું છે. નિમિત્ત છે માટે કર્તા છે અને એનાથી થાય એમ નથી. આહાહા..! શેઠ!

'**સુખદુઃખરૂપ પરિણતિ...**' ભાષા દેખો! એ સંયોગો નિમિત્ત. એમાં લક્ષ જતાં-અજ્ઞાનીનું ત્યાં નોકર્મમાં લક્ષ જતાં-એને સુખદુઃખની પરિણતિનો જે વિકલ્પ થાય છે એને અજ્ઞાની ભોગવે. એ ભાવ્ય છે, ભોગવવા યોગ્ય છે, પોતે ભોક્તા છે. અજ્ઞાની. સુખદુઃખની કલ્પનાને અજ્ઞાની ભોગવે છે, જ્ઞાની નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! જ્ઞાનીને સુખદુઃખની કલ્પના બાહ્યસ્થિત છે. એને જ્ઞાની જાણે છે, એને ભોગવતો નથી. એથી અજ્ઞાની ભોગવે છે એમ સિદ્ધ કરવું છે. દરબાર! આ બધા પૈસા-બૈસા બધા આવડા થયા. ઓહોહો..! કહે છે કે એ તો બાહ્યસ્થિત છે. એને તું સ્પર્શ પણ કરતો નથી, છુતો પણ નથી, અડતો પણ નથી. પણ તેમાં લક્ષ જતાં તેના નિમિત્તથી. ભાષા લીધી જુઓ. તેનાથી. ઓલા કહે, જુઓ! એનાથી ઊપજેલી. બાહ્ય પદાર્થથી ઊપજેલી. પણ એ તો નિમિત્તનું કથન કરે છે. આહાહા..! અહીં તો કર્તાકર્મપણું સિદ્ધ કરવું છે અહીં. એ કર્તાકર્મ નથી. કહો, સમજાણું કે નહિ? ભીખાભાઈ! હીરાભાઈ મળ્યા છે પૂર્વના કર્મના પાકથી, પણ એને લઈને રાગ થાય છે એમ નથી. એકનો એક દીકરો એટલે જેટલો રાગ હોય એ એમાં ઢોળ્યો બધો. બીજો નાખે ક્યાં? બે-ચાર-પાંચ હોય તો વહેંચાઈ જાય રાગ.

મુમુક્ષુ :- વાત સાચી.

ઉત્તર :- હા. હા. એમ છે. એકનો એક. જે હોય એ. કહે છે પણ એને લઈને નહિ. એનાથી શબ્દ વાપર્યો છે. ભાષા દેખો! સંસ્કૃત છે હોં બધું. એનાથી હોં! અક્ષરે અક્ષર સંસ્કૃત.

ઊપજેલી, તેનાથી ઊપજેલી અજ્ઞાનીઓને. '**(પોતાની) સુખદુઃખરૂપ પરિણતિ...**' દેખો! ઓલો સંયોગ છે એ નહિ. સંયોગમાં લક્ષ જતા સ્વભાવને ભૂલીને એને હરખ અને શોક આવ્યો સુખદુઃખ એટલે હરખશોક. હરખનો વિકલ્પ ઉઠ્યો, રાજીપાનો, શોકનો વિકલ્પ, એવા શોકને અને હરખને ભોગવે છે અજ્ઞાની. કેમકે એ એનું ભાવ્યભાવક છે. કર્મ એનું ભાવ્ય છે અને આત્મા એનો ભાવક છે એમ નથી. કર્મ ભોગવવાલાયક છે અને આત્મા એનો ભોગવનાર છે એમ નથી. તેમ બાહ્ય ચીજ ભાવ્ય નામ ભોગવવા યોગ્ય છે, લાડવો ભોગવવા યોગ્ય છે અને આત્મા ભોગવવાને લાયક છે એમ નથી. સમજાણું કાંઈ? માણસ એમ કહે છે ને ભાઈ, આની પાસે પાંચ-પચાસ લાખ મળ્યા. ભગવાને આપ્યું ઈ ભોગવે છે. એમ કહે. ભગવાને આપ્યું તો ભોગવે છે. શું ધૂળ ભોગવે? એય.. નવનીતભાઈ! આહાહા..!

એ પોતે કરેલો. તેથી પોતાનો શબ્દ મૂકવો પડ્યો છે એમાં. કારણ કે સંયોગ નહિ હવે. સંયોગ તો બહાર વાત થઈ ગઈ. '**તેનાથી ઊપજેલી...**' ઉત્પન્ન થયેલી પોતામાં પોતાને કારણે '**સુખદુઃખરૂપ પરિણતિ...**' હરખ-શોકની અવસ્થા. રાજીપો અને આહ્લાદનો ભાવ વિકલ્પ અને શોકનો દિલગીરીનો ભાવ, દુઃખનો ભાવ, ભયનો ભાવ, પ્રતિકૂળ આવતા ભયનો

ભાવ, અનુકૂળ આવતા હોંશનો ભાવ. એવી સુખ દુઃખની મિથ્યા માન્યતાની પરિણતિ સુખદુઃખની. એને '**ભાવ્યભાવકભાવ વડે...**' ભાવ્યભાવકભાવ વડે કે ભાવ્યભાવકપણા વડે કે ભાવ્યભાવકભાવ વડે. બેય એક જ છે. એટલે વિકારી પરિણતિ તે અનુભવવા યોગ્ય છે અને અજ્ઞાનીનો આત્મા તેનો ભાવક છે. સમજાય છે કાંઈ? આહાહા..! શેઠ! ઓલા બંગલા બંગલા કર્યા હોય ને એનો ભોક્તા નથી એમ કહે છે. એય.. શેઠ! શોભાલાલજી! તમારે તો ઘણા મકાનો છે. કેટલાય મકાનો ચારે કોર. એક અહીં, એક અહીં ને એક અહીં. કહે છે કે એ મકાન તો પૂર્વના કર્મના નિમિત્તથી ઊપજેલી ચીજ. બસ એટલું. એનાથી ઊપજેલી હરખ-શોકની પરિણતિ એને એ ભોગવે છે. એ ચીજને નહિ. એ કલ્પના છે. એ અજ્ઞાનીની વાત છે હોં! અજ્ઞાનીની કલ્પના છે ને. ... આ મને ઠીક પડે છે, આ મને અઠીક પડે છે એવો વિકલ્પ જે સુખદુઃખનો, એવી પરિણતિ. પરિણતિ એટલે એની અવસ્થા. એ '**ભાવ્યભાવકભાવ વડે અનુભવતો-ભોગવતો એવો જીવ...**' બસ. એવો જીવ.

હવે બહારમાં '**પુદ્‌ગલકર્મને કરે...**' એટલું ઓલાને મેળવ્યું ઓલા સાથે. આમાં નથી બહાર શબ્દ. આ મેળવવા માટે કર્યું. હવે બહારમાં ઓલી ચીજ જે કર્મની છે એ એને લઈને કર્મ થયા, એને આ જીવે કર્યા અને એને લઈને જે કર્મ ઉદયમાં આવીને ખરી ગયા અને જીવે એને ભોગવ્યા કે કર્મની અવસ્થાથી મળેલી ચીજો એણે જીવે ભોગવી. જુઓ!

'**એવો જીવ પુદ્‌ગલકર્મને કરે છે અને ભોગવે છે એવો અજ્ઞાનીઓનો અનાદિ...**' અનાદિ... અનાદિ... અનાદિ... નિગોદથી માંડીને. '**અજ્ઞાનીઓનો અનાદિથી સંસારથી પ્રસિદ્ધ વ્યવહાર છે.**' ઓલામાં રૂઢ નાખ્યું હતું. લૌકિક હતું ને? ઓલો લૌકિક. આ દૃષ્ટાંત છે. દૃષ્ટાંતમાં રૂઢ લગાવ્યું. સિદ્ધાંતમાં અનાદિ પ્રસિદ્ધ વ્યવહાર લગાવ્યો. અજ્ઞાનીઓનો પ્રસિદ્ધ વ્યવહાર છે. આહાહા..! એ તો લૌકિક દૃષ્ટાંત છે. રૂઢી છે. રૂઢ-રૂઢ. અનાદિ રૂઢ. સમજાય છે કાંઈ? આહાહા..! આના પણ વાંધા. અર્થ કરવાના વાંધા. જુઓ, એમ કરે છે. જુઓ, એને કરે છે એમ કીધું છે કે નહિ? કરે છે પણ એ કરી શકતો નથી, કરે છે તો વિકારના પરિણામ. ભોગવી શકતો નથી, ભોગવે છે સુખદુઃખના પરિણામ. પણ ઓલી ચીજને દેખીને આને કરું અને આને ભોગવું (એવો) અજ્ઞાનીઓનો પ્રસિદ્ધ અજ્ઞાનનો વ્યવહાર છે. એ જૂઠો વ્યવહાર છે એમ કહે છે. સમજાણું કાંઈ? કહો, આ તો સાદી ભાષા છે હોં! સમજાય એવી. એમાં કાંઈ કોઈ હિન્દી નથી. ગુજરાતી ભાષા પણ ભાવ તો સમજાય ને.

'**એવો અજ્ઞાનીઓનો અનાદિ સંસારથી...**' અનાદિ સંસાર. જેણે દ્રવ્ય જોયું નથી. વસ્તુનો આનંદ જ્ઞાયક સ્વભાવ જેણે જોયો નથી. અને એ રાગ-દ્વેષ અને સુખદુઃખની દશા જ જેણે જોઈ ને અનુભવી ને કરી છે, પુણ્ય-પાપના વિકલ્પોને કર્યા છે અને હરખ-શોકને

ભોગવે છે. વસ્તુનો જેણે સ્પર્શ કર્યો નથી એવા અજ્ઞાનીઓનો આવો પ્રસિદ્ધ વ્યવહાર. કરે છે રાગને અને કરે છે કર્મને એમ કહેવામાં આવે છે. ભોગવે છે સુખદુઃખને અને ભોગવે છે કર્મને. આને બાયડી-છોકરાને ભોગવે છે એ અજ્ઞાનીઓનો પ્રસિદ્ધ વ્યવહાર જૂઠો. કહો, ગોદિકાજી! કેમ છે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ શું કરવા કહે છે? સુધાર હવે એમ કહે છે. કહેવા માટે કાંઈ આવો તું છો માટે તું રાખ એને માટે કહે છે?

શાસ્ત્રનો આશય વીતરાગતા કરાવવાનો છે. બધા શાસ્ત્રનો. ચારેય અનુયોગનું તાત્પર્ય શું છે? પંચાસ્તિકાયમાં છેલ્લું શું કહ્યું? સૂત્રતાત્પર્ય અને શાસ્ત્રતાત્પર્ય. સૂત્રતાત્પર્ય ગાથાદીઠ જે કહ્યું તે. શાસ્ત્રતાત્પર્ય, બધા અનુયોગોનો શાસ્ત્રતાત્પર્ય વીતરાગ. પરની અપેક્ષા છોડીને સ્વની અપેક્ષા કર એ બધા શાસ્ત્રનું તાત્પર્ય છે. આવી જે પરની અપેક્ષા રાગ-દ્વેષને અનુભવે અજ્ઞાની અને હરખ-શોકને ભોગવે એમ કહીને પણ કહેવા એમ માગે છે કે છોડ હવે ઈ. એમ કહેવા માગે છે. એમાં આટલું કર્યું એટલા માટે આ વાત છે? સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન! તું તો ત્રણલોકનો નાથ છો ને, પ્રભુ! તારા ગાણા વાણીમાં સર્વજ્ઞના પણ પૂરા નથી આવતા ને નાથ! આહાહા..!

જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો.
જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહિ તે પણ...'

શું કહે? વાણી શત્રુ. આ ચૈતન્ય, એ જડ. હવે જડ દ્વારા ચૈતન્યની વાતું કરવી કેટલી કરે ઈ? દુશ્મનની પાસે, દુશ્મન દ્વારા આત્માના વખાણ કરવા. દુશ્મન કેટલા કરશે? નવનીતભાઈ! આહાહા..! ભગવાન ચૈતન્યનો નાથ સનાથ અને વાણી જડ અચેતન. આહાહા..!

મુમુક્ષુ :- વિરુદ્ધ સ્વભાવ છે.

ઉત્તર :- વિરુદ્ધ સ્વભાવ છે.

જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો.
તે સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?

અન્ય વાણી એટલે? પૂર્ણ સર્વજ્ઞદશા, પૂર્ણ કેવલ્યદશા, એમાં પણ એનું પૂરું સ્વરૂપ વાણીમાં ન આવે તો અલ્પજ્ઞ પ્રાણીની વાણીમાં એ વાત શી રીતે આવે? સમજાય છે?

એ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?

હું સર્વજ્ઞ ક્યારે થઈશ? એમ. સમજાય છે કાંઈ? કહો, સમજાય છે? ભાઈ! ભગવાનજીભાઈ! તમારાથી છપાણું ને ઓલું શું કહેવાય? અપૂર્વ અવસરનું આ બધું. વ્યાખ્યાન છપાયા છે. પહેલા આપણે ત્યાં છપાણા છે ભાઈ. .. તમારા મામા તરફથી. ચંદુલાલ. અપૂર્વ અવસર. એ ભગવાનજીભાઈ કરે છે. આહાહા..!

ભગવાન! તું જ્ઞાનમૂર્તિ, વિકલ્પાતીત, વાણીથી ભિન્ન, શરીરથી ભિન્ન, એક સમયની પર્યાય જેટલો નહિ. એવા આત્માનું વેદન એ સિવાય એ શું કહી શકે વાણીમાં? ઈશારા આવે. પરમેશ્વર જેનું જ્ઞાનસ્વરૂપ. જ્ઞાન એટલે જેનો સ્વભાવ જ્ઞ.. જ્ઞ. જેનો સ્વભાવ એની પરિમીતતા શું? એને પરિમીત-હદ શું? એને માપ શું? ઓહો..! જ્ઞાન જેનો સ્વભાવ. લોકાલોક અને ત્રણ કાળથી પણ અનંતગુણો હોય તો જાણી શકે. એવી એની શક્તિ છે. આહાહા..! જેનું જાણવું સ્વરૂપ, જાણવાને મર્યાદા શી? કે આટલું જાણે અને આટલું નહિ. એ આટલું ન જાણે એ પ્રશ્ન જ ન હોઈ શકે. સમજાય છે કાંઈ? આહાહા..! એવો ભગવાન આત્માનો એક એક જ્ઞાનસ્વભાવ, એક એક આનંદસ્વભાવ. એ વિકલ્પમાં આવે ક્યાંથી? અને વાણીમાં તો કહેવાય ક્યાંથી? વિકલ્પમાં આવે ક્યાંથી? અને વાણીથી કહેવાય ક્યાંથી? આહાહા..! સમજાય છે કાંઈ?

એવો ભગવાન આત્મા, કહે છે કે પોતાને ભૂલી અજ્ઞાનપણે રાગને, દ્વેષ ને નવા કર્મને અનુકૂળરૂપે નિમિત્તપણે કરો તો કરો, પણ પરને કર્તા કહેવો એ અજ્ઞાનીઓનો અનાદિ પ્રસિદ્ધ વ્યવહાર છે, જૂઠો વ્યવહાર છે, જૂઠાઓનો જૂઠો વ્યવહાર. અજ્ઞાની જૂઠા, આ એનો જૂઠો વ્યવહાર એમ કહે છે. સમજાય છે કાંઈ? અને અજ્ઞાની બહારની નિમિત્તથી ઉત્પન્ન થયેલી પોતામાં હરખ-શોકની પરિણતિ, વૃત્તિઓ એને ભોગવતા, ભાવ્યભાવકથી ભોગવતા થકા અજ્ઞાની એમ માને કે હું આને ભોગવું છું, આને ભોગવું છું, એ જૂઠાનો અનાદિનો પ્રસિદ્ધ જૂઠો વ્યવહાર છે. સમજાણું કાંઈ? આહાહા..! એ ગાથા થઈ. દૃષ્ટાંત અને સિદ્ધાંત. દૃષ્ટાંત પક્ષની બે વાત થઈ ગઈ. આજે અત્યારે આ સિદ્ધાંતપક્ષની બે વાત થઈ ગઈ. સમજાય એવું છે, ભાઈ! ન સમજાય એવું નથી.

એના ખ્યાલમાં તો આવવું જોઈએ ને કે આ રીતે કહેવા માગે છે અને આ રીતે હોવું જોઈએ. એમ તો એના ખ્યાલમાં આવવું જોઈએ ને. એવું ખ્યાલમાં ન આવે તો પછી એ

પ્રયોગ શી રીતે સ્વરૂપ તરફ કરશે? આ તો આવું કહીને આ છોડાવા માગે છે. આવું કહીને એને તું રહેજે આમાં, એમ કહેવા માગે છે? આનું તાત્પર્ય તો પાછી વીતરાગતા લાવવી છે. શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે.

ભાઈ! નવા કર્મની પર્યાય તો એને કારણે થાય. તારું લક્ષ દ્રવ્ય ઉપર નથી અને સ્વભાવનો સત્કાર નથી એથી તને રાગ-દ્વેષના પરિણામનો સત્કાર છે. અને એ કર્તાપણાનું કેમ તમને અધિકતમ લાગે છે? કે ઓલું થાય છે એમાં અનુકૂળ છે ને એનો રાગ-દ્વેષ, અનુકૂળ છે ને નિમિત્ત, એથી એને એમ થઈ જાય છે કે હું આનો પણ કર્તા છું. એ તારી દૃષ્ટિ પર ઉપર જાય છે. તદ્દન જૂઠી દૃષ્ટિ અને જૂઠો તારો વ્યવહાર. સમજાય છે કાંઈ?

અને ભોગવવામાં તો પ્રભુ તારી અવસ્થા હરખ-શોકની એને તું ભોગવે છો, એને તું સ્પર્શે છો. શું કર્મના ઉદયને સ્પર્શે છે આત્મા? સ્પર્શી શકે છે? એ ઉદયની પર્યાય અને જીવના સુખદુઃખની પર્યાયમાં અત્યંત અભાવ છે. સમજાય છે કાંઈ? અને બહારની ચીજ ને અંદરમાં હરખ-શોકને પણ અભાવ છે. બહારની ચીજને ભોગવે? ભોગવે છે સુખદુઃખના પરિણામને, પણ એનું લક્ષ બહાર ઉપર છે, અહીંથી આમ જાણે, અહીંથી આને ભોગવું, એમ ભોગવું, એમ અજ્ઞાનીને અજ્ઞાનમાં, જૂઠી દૃષ્ટિમાં આવો જૂઠો વ્યવહાર ભાસે છે. આહાહા..! આમાં કાંઈ બીજું કાંઈ સામે (સમાય) એવું નથી. પ્રત્યક્ષ સત્ય વાત છે એ. સમજાય છે કાંઈ? કેમ હીરાભાઈ!

‘**ભાવાર્થ :- પુદ્ગલકર્મને પરમાર્થે પુદ્ગલદ્રવ્ય જ કરે છે;...**’ છે? કર્મની અવસ્થા તે પુદ્ગલદ્રવ્ય પોતે કરે છે, આત્મા નહિ. પરમાણુની પર્યાયનો ઉત્પાદ પરમાણુ કરે કે પરમાણુની પર્યાયનો ઉત્પાદ આત્મા કરે? તો ઓલો ઉત્પાદ વિનાનું દ્રવ્ય રહ્યું? આહાહા..! ‘**उत्पादव्ययध्रौव्ययुक्तं सत्**’.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- થાય છે પણ થાય છે એની વ્યાખ્યા શું? સત્કાર કરે, સહાયતા કરે, બધા નિમિત્તના કથન છે. આવ્યુંને ઓલું ઈષ્ટોપદેશમાં. ધર્માસ્તિકાયવત્. ૩૫ ગાથામાં આવ્યું. ધર્માસ્તિકાયવત્. બધા નિમિત્તો ધર્માસ્તિકાયવત્. સ્વયં ગતિ કરનાર જડ-ચેતનને સ્વયં પોતાથી સ્વયં ગતિ કરવામાં ધર્માસ્તિ જેમ નિમિત્ત છે એમ નિમિત્ત છે. કર્તા-ફર્તા નહિ. બધા ઉદાસીન નિમિત્ત જ છે. પ્રેરક એ પણ નિમિત્ત તો પરની અપેક્ષાએ આનાથી ભિન્ન જ છે. એ તો નિમિત્તના પ્રકાર પાડ્યા. એક આમ ગતિવાળું હોય અને એક સ્થિરવાળું એની અપેક્ષાએ વાત કરી. પણ પરને માટે તો બધા ધર્માસ્તિકાયવત્ જ છે. આહાહા..! વસ્તુ એવી છે કે એમાં પોકાર કરીને સ્વતંત્ર ઊભી થાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો વ્યવહાર છે. નિમિત્ત છે જ નહિ. એ તો પંડિતજીએ લખ્યું છે. ભાઈએ લખ્યું છે ને એમાં? કે ઉપાદાનની વ્યાખ્યા શાસ્ત્રમાં આવે છે, પણ નિમિત્ત કર્તાની ક્યાંય વ્યાખ્યા શાસ્ત્રમાં જોવામાં આવતી નથી. લખ્યું છે તમે. તમે લખ્યું છે ખબર છે. લખ્યું છે. બધા ચિહ્ન કર્યા છે. બધું જોઈને. એ તો આરોપિત વ્યવહાર છે. એની વ્યાખ્યા શું હોય? આરોપિત વ્યવહાર છે. આહાહા..! પંડિતજી!

ભગવાન! એમાં આગ્રહ શું? ભાઈ! જેવું સત્ છે તેવું તેને સ્વીકાર કરવામાં તને પક્ષ શું? એમાં પક્ષપાતની વાત પણ ક્યાં છે? સ્વરૂપચંદભાઈ!

'**પુદ્ગલકર્મને પરમાર્થે પુદ્ગલદ્રવ્ય જ કરે છે; જીવ તો પુદ્ગલકર્મની ઉત્પત્તિને અનુકૂળ...**' દેખો! અનુકૂળનો અર્થ નિમિત્ત. અનુરૂપનો અર્થ નૈમિત્તિક. અનુકૂળનો અર્થ નિમિત્ત, અનુરૂપનો અર્થ નૈમિત્તિક. જે કર્મની અવસ્થા તે નૈમિત્તિક, અહીં રાગની ઉત્પત્તિ તે તેને અનુકૂળ એટલે નિમિત્ત. સમજાય છે કાંઈ? પણ નૈમિત્તિકનો કર્તા નિમિત છે એમ નથી. એ તો કર્તા એ વસ્તુનું સ્વરૂપ નથી. છતાં ઓલો માને છે એમ કહે છે. અજ્ઞાની માને છે કે હું પરનો કર્તા ... છું. વસ્તુની સ્થિતિને જાણતો નથી.

'**પુદ્ગલકર્મને પરમાર્થે પુદ્ગલદ્રવ્ય જ કરે છે;...**' કર્મ છે ને અવસ્થા. કર્મ એની અવસ્થા છે. પુદ્ગલની પરમાણુની કર્મ એક અવસ્થા છે. કારણ કે એનું કર્મ એટલે કાર્ય છે. પુદ્ગલનું એ કર્મરૂપી અવસ્થા એનું કાર્ય છે. એને પુદ્ગલદ્રવ્ય પોતે કરે છે. એના કાર્યને પુદ્ગલદ્રવ્ય કરે છે. એ કર્મ કહો કે કાર્ય કહો પુદ્ગલનું. એ ઉત્પાદ કહો કે કર્મ કહો, કાર્ય કહો. આહાહા..! સમજાય છે કાંઈ? '**પુદ્ગલકર્મને પરમાર્થે પુદ્ગલદ્રવ્ય જ કરે છે; જીવ તો પુદ્ગલકર્મની ઉત્પત્તિને...**' ઉત્પત્તિ તો ત્યાં છે સામે કર્મમાં. એને ઉત્પત્તિને અનુકૂળ એટલે નિમિત્ત. '**એવા પોતાના રાગાદિક પરિણામોને કરે છે. વળી પુદ્ગલદ્રવ્ય જ પુદ્ગલકર્મને ભોગવે છે; જીવ તો પુદ્ગલકર્મના નિમિત્તથી...**' દેખો! પુદ્ગલકર્મના નિમિત્તથી '**થતા પોતાના રાગાદિક પરિણામોને ભોગવે છે.**' કોને ભોગવે? પોતાની મર્યાદામાંથી પર્યાયમાંથી બહાર ખસે, દૂર હઠે તો પરને ભોગવે? એની મર્યાદા પર્યાયમાં રહેવાની છે. દ્રવ્ય-ગુણ તો રહ્યું છે એમાં અને એની પર્યાયમાં રહેવાની મર્યાદા છે. આહાહા..!

'**પોતાના રાગાદિક પરિણામોને ભોગવે છે. પરંતુ જીવ અને પુદ્ગલનો આવો નિમિત્તનૈમિત્તિકભાવ દેખીને...**' એમ કે અજ્ઞાની. આહાહા..! જ્ઞાનીને નિમિત્તનૈમિત્તિકભાવ છે જ નહિ. સમજાય છે? અજ્ઞાનીને આવો નિમિત્તનૈમિત્તિકભાવ દેખીને '**અજ્ઞાનીને એવો ભ્રમ છે...**' અજ્ઞાની મિથ્યાદૃષ્ટિને એવી ભ્રમણા છે '**કે પુદ્ગલકર્મને જીવ કરે છે અને...**'

પુદ્ગલકર્મને જીવ '**ભોગવે છે. આવો અનાદિ અજ્ઞાનને લીધે...**' આવો અનાદિ ભાન વિના ભ્રમણામાં અજ્ઞાનીને '**અનાદિ કાળથી પ્રસિદ્ધ વ્યવહાર છે.**' એને પ્રસિદ્ધ વ્યવહાર છે. ખોટો. આહાહા..! સમજાય છે કાંઈ?

'**પરમાર્થે જીવ-પુદ્ગલની પ્રવૃત્તિ ભિન્ન હોવા છતાં, જ્યાં સુધી ભેદજ્ઞાન ન હોય...**' દેખો! '**ત્યાં સુધી બહારથી તેમની પ્રવૃત્તિ એક જેવી દેખાય છે.**' એક જેવી હોં. એક છે નહિ. '**અજ્ઞાનીને જીવ-પુદ્ગલનું ભેદજ્ઞાન નહિ હોવાથી ઉપલક દૃષ્ટિએ...**' એ તો ઉપરથી અર્થ કર્યો છે પંડિતજીએ. ઉપલક એટલે ઉપરથી દેખાય છે. '**તેવું તે માની લે છે;...**' ઉપરથી દેખાય એટલે સંયોગથી દેખાય એવું માની લે છે એમ કહે છે. '**તેથી તે એમ માને છે કે જીવ પુદ્ગલકર્મને કરે છે અને ભોગવે છે. શ્રી ગુરુ ભેદજ્ઞાન...**' જુઓ ભાષા. આટલું કરાવવા નથી માગતા. એમ કહે છે હવે.

મુમુક્ષુ :- એનું ભેદજ્ઞાન કરાવવા માગે છે.

ઉત્તર :- હા. એટલું સમજાવીને સાર કહે છે, જુઓ!

'**શ્રી ગુરુ ભેદજ્ઞાન કરાવી,...**' ભાઈ! કર્મની અવસ્થા તારી નહિ, રાગની અવસ્થા તારી નહિ. તો હવે તું પરથી તો ભિન્ન પડ. જ્યારે પરથી ભિન્ન પડે તો રાગથી ભિન્ન પડીને સ્વલક્ષમાં જાય. પરનું લક્ષ આમ જે છે એ લક્ષ છોડે તો સ્વલક્ષમાં જાય, ભેદજ્ઞાન થાય એને. સમજાણું કાંઈ? '**ભેદજ્ઞાન કરાવી, પરમાર્થ જીવનું સ્વરૂપ બતાવીને,...**' દેખો! ભાઈ! રાગ-દ્વેષનું કરવું અને હરખ-શોકનું ભોગવવું એ કાંઈ તારું સ્વરૂપ નથી, એ ખરું સ્વરૂપ નથી. કર્મને નિમિત્ત થવું એ તારું સ્વરૂપ નથી. નિમિત્ત થવું એ તારું સ્વરૂપ નથી. કર્મની પર્યાયપણે થવું અને કરવું એ તો છે જ નહિ, પણ એને નિમિત્ત થવું એ તારું સ્વરૂપ નથી. એમ ભેદજ્ઞાન કરાવી '**અજ્ઞાનીના એ પ્રતિભાસને વ્યવહાર કહે છે.**' એ અજ્ઞાનીના એ ભાસને વ્યવહાર કહીને છોડાવે છે. છોડ વ્યવહાર. આહાહા..!

ભગવાન આત્મા ચિદાનંદ પ્રભુ પરના લક્ષવાળો છે એને સ્વલક્ષમાં લે. સ્વલક્ષમાં લેતાં જેવું પરનું લક્ષ છૂટશે ભેગું વિકારનું લક્ષ પણ છૂટી જશે. આ આનો કર્તા, આનો ભોકતા એમ વ્યવહારે જે તું માને છો એ પરનું લક્ષ છૂટતાં લક્ષ આમ જાય તો નિમિત્ત કર્મનું, પરનું લક્ષ ગયું એવું રાગનું લક્ષ છૂટશે. લક્ષ જશે જ્ઞાયક ઉપર. સમજાય છે કાંઈ? એટલે તને રાગથી પણ ભિન્ન આત્મા થશે. એવું ભેદજ્ઞાન કરાવવા આ વાત કરવામાં આવી છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૧૨, મંગળવાર તા. ૨૦-૮-૧૯૬૮**
**ગાથા-૬૯-૭૦, પ્રવચન-૬૦૪**

કર્તાકર્મ અધિકાર ચાલે છે. ૬૯ અને ૭૦ ગાથા. પહેલો કળશ ચાલ્યો હતો. પહેલો કળશ આપણે ચાલ્યો. જ્યારે આ ૭૫ ગાથા શરૂ કરીને. ૭૫ થી ૮૪ સુધી થઈ. આ ૧૬મી વાર ચાલે છે આ. ૧૫ વાર તો પૂરું થઈ ગયું સમયસાર. આ ૧૬મી વાર ચાલે છે. પહેલો અધિકાર બંધ કર્યો છે. આ તો સભા પેલી હતી ને એટલે ૭૫થી લીધું હતું. ૧૫ વાર તો સભામાં વ્યાખ્યાન થઈ ગયા છે. આ ૧૬માં પહેલેથી ન લેતાં માણસની આપણે સભા ઝાઝી હતી ને? એટલે ૭૫થી લીધું. ૭૫થી ૮૪ સુધી ચાલી છે અને આ ગાથા બાકી હતી. એટલે પહેલા લઈ લઈએ છીએ. પછી શરૂઆત તો પછી કરશું. પણ શરૂઆત અહીંથી કરીએ. કર્તાકર્મની પહેલી ૬૯-૭૦.

જુઓ! શું કહે છે? એનો ઉપોદ્‌ઘાત છે માથે. '**હવે, જ્યાં સુધી આ જીવ...**' જ્યાં સુધી આ જીવ. '**આસ્રવના અને આત્માના વિશેષને જાણે નહિ ત્યાં સુધી...**' ભગવાન આત્મા આનંદ-જ્ઞાનસ્વરૂપ અને પુણ્ય-પાપના વિકલ્પો એ આસ્રવસ્વરૂપ. બેની જુદાઈને જ્યાં સુધી ન જાણે ત્યાં સુધી '**તે અજ્ઞાની રહ્યો થકો,...**' ત્યાં સુધી અજ્ઞાની (છે). બે તત્ત્વ જુદા છે અને એ બેને એક માને એ અજ્ઞાની છે. સમજાય છે કાંઈ? એ '**આસ્રવોમાં પોતે લીન થતો,...**' કારણ કે જેને પોતાનું સ્વરૂપ માને છે તેમાં લીન થતો '**કર્મોનો બંધ કરે છે એમ ગાથામાં કહે છે :-**' આ તો ઉપોદ્‌ઘાત થોડી જયચંદ્ર પંડિતનો. મૂળ શ્લોક.

**जाव ण वेदि विसेसंतरं तु आदासवाण दोण्हं पि।**
**अण्णाणी तावदु सो कोहादिसु वट्टदे जीवो।।६९।।**

**कोहादिसु वट्टंतस्स तस्स कम्मस्स संचओ होदि।**
**जीवस्सेवं बंधो भणिदो खलु सव्वदरिसीहिं।।७०।।**

નીચે હરિગીત. નીચે હરિગીત છે.

**આત્મા અને આસ્રવ તણો જ્યાં ભેદ જીવ જાણે નહીં,**
**ક્રોધાદિમાં સ્થિતિ ત્યાં લગી અજ્ઞાની એવા જીવની. ૬૯.**

**જીવ વર્તતાં ક્રોધાદિમાં સંચય કરમનો થાય છે,**
**સહુ સર્વદર્શી એ રીતે બંધન કહે છે જીવને. ૭૦.**

હવે એની '**ટીકા :- જેમ આ આત્મા, જેમને તાદાત્મ્યસિદ્ધ સંબંધ છે...**' શું

કહે છે? ભગવાન આત્મા અને જેને એટલે આત્માને. તાદાત્મ્યસિદ્ધ તદ્રૂપે સંબંધ સિદ્ધ છે. જેમ અગ્નિમાં ઉષ્ણતા તાદાત્મ્યસંબંધે છે-તત્સંબંધે છે એમ '**એવાં આત્મા અને જ્ઞાનમાં...**' આત્મા એ વસ્તુ છે અને એનો જ્ઞાન એ ત્રિકાળી ગુણ છે. બેનો તાદાત્મ્ય સંબંધ છે, તદ્રૂપ સંબંધ છે, એકરૂપ સંબંધ છે. સમજાય છે કાંઈ? '**જેમને તાદાત્મ્ય...**' તદ્રૂપે, તે-રૂપે, તે સ્વરૂપે સિદ્ધ સંબંધ એમ શબ્દ છે. ચોક્કસ સંબંધ એવો છે એમ કહે છે.

'**એવાં આત્મા અને જ્ઞાનમાં...**' આત્મા અને જ્ઞાનસ્વરૂપમાં, જ્ઞાન જ્ઞાનગુણ અને આત્મા ગુણી. એ એકરૂપ તાદાત્મ્ય છે. એમાં '**વિશેષ નહિ હોવાથી...**' બેમાં જુદાઈ નહિ હોવાથી. સમજાય છે? જ્ઞાનગુણ અને આત્મા ગુણી એ તાદાત્મ્ય એકરૂપ છે. બેની જુદાઈ નથી. જ્ઞાન અને આત્મા તદ્રૂપે છે. એમાં '**વિશેષ નહિ હોવાથી...**' વિશેષ નહિ હોવાથી, બેમાં જુદા તફાવત લક્ષણો નહિ હોવાથી '**તેમનો ભેદ નહિ દેખતો થકો,...**' જુઓ! જ્ઞાનીની વાત લીધી. સમજાણું? પાઠમાં અજ્ઞાનીની છે, ભાઈ! પહેલી આ અસ્તિથી કાઢી છે. અમૃતચંદ્રાચાર્યની શૈલી છે ઈ. પાઠ તો એ છે કે જ્યાં સુધી ન જાણે ત્યાં સુધી અજ્ઞાની આમ વર્તે છે એ અજ્ઞાનીની વાત છે. પણ આચાર્યે પહેલી અસ્તિથી જ્ઞાનીની વાત કાઢી. સમજાય છે કાંઈ?

જ્યાં લગી આત્મા પોતે આત્મા છે. અહીં જ્યાં લગી તો અજ્ઞાનીને માટે વાત કરે છે. પણ એમાંથી આચાર્યે અસ્તિથી વાત કાઢી. નાસ્તિમાંથી અસ્તિ કાઢી. જ્યાં આત્મા અને જ્ઞાનગુણ સ્વભાવ તાદાત્મ્ય સંબંધ છે તેની જુદાઈ બે વચ્ચે ન જાણતો, જુદાઈ '**નહિ હોવાથી તેમનો ભેદ નહિ દેખતો...**' નહિ દેખતો એ પર્યાય છે. સમજાય છે કાંઈ? આત્મા દ્રવ્ય છે. જુઓ! કઈ શૈલીએ વાત મૂકી! દ્રવ્ય, ગુણ અને પર્યાય. આત્મા દ્રવ્ય છે વસ્તુ, એનો જ્ઞાનગુણ છે એ તાદાત્મ્ય સ્વરૂપે છે. એની જુદાઈ નહિ જાણતો હોવાથી. કોણ? જ્ઞાની-ધર્મી.

જ્ઞાન અને આત્મા બેની વિશેષતા, જુદા લક્ષણો, તફાવત નહિ જાણતો હોવાથી. ધર્મી '**તેમનો ભેદ નહિ દેખતો...**' બેને જુદા દેખતો નથી. નથી દેખતો એ પર્યાય છે. '**નિઃશંક રીતે જ્ઞાનમાં પોતાપણે વર્તે છે,...**' ભાષા દેખો. એ પર્યાય છે. શું કહે છે? આમાં એવી રીતે સિદ્ધ કર્યું છે. કર્તાકર્મ અધિકાર છે ને? આ આત્મા... જુઓ! આ ધર્મની રીત પહેલી બતાવે છે. ધર્મીને ધર્મ કેમ થાય અને અધર્મીને ધર્મ કેમ થતો નથી એની વ્યાખ્યા છે આ. શોભાલાલજી!

ભગવાન આત્મા વસ્તુ, એનો જ્ઞાનસ્વભાવ પરમભાવ તેનું તદ્રૂપ સ્વરૂપ એ બેની જુદાઈને ધર્મી ન જાણતો, બેને જુદા તફાવત બેમાં ન માનતો, પોતે નહિ દેખતો નિઃશંક રીતે. શંકા

વિના એ જ્ઞાનસ્વરૂપ તે જ આત્મા એમ જ્ઞાનમાં વર્તતો, જ્ઞાનમાં વર્તતો એ પર્યાય થઈ, એ કર્મ થયું. સમજાય છે કાંઈ? દ્રવ્ય વસ્તુ અને જ્ઞાનગુણ ત્રિકાળ તાદાત્મ્ય સ્વરૂપ. એ બેની જુદાઈ ન જાણતો દૃષ્ટિમાં, બેનો તફાવત ન માનતો, ન દેખતો પર્યાયમાં નિઃશંક રીતે, નિઃશંક રીતે, નિઃસંદેહ રીતે આ જ્ઞાનમાં વર્તે છે. એ જ્ઞાનમાં વર્તે છે. ધર્મી જ્ઞાન અને આત્માને તાદાત્મ્યરૂપ જાણતો બેની જુદાઈ ન દેખતો '**નિઃશંક રીતે જ્ઞાનમાં...**' ભાષા દેખો. જ્ઞાન એ ત્રિકાળ વસ્તુ થઈ. '**પોતાપણે વર્તે છે,...**' તે પર્યાય થઈ. સમજાણું કાંઈ? આ કર્મ થયું. આ જ્ઞાનીનું કાર્ય થયું. શું કરવું? એ.. શેઠ! આ આવ્યું આ શું કરવું ઈ.

કહે છે કે, ભાઈ! ભગવાન વસ્તુ આત્મા... ભગવાનની વ્યાખ્યા એ થાય છે. ભગ્ એટલે જ્ઞાનાદિ લક્ષ્મી, વાન-જેનું સ્વરૂપ છે. ભગ-વાન. ભગ એટલે જ્ઞાનાદિ લક્ષ્મી, વાન એટલે જેનું સ્વરૂપ છે. જ્ઞાનાદિ લક્ષ્મી જેનું તાદાત્મ્યરૂપ છે. એવો જે ભગવાન આત્મા પોતાને જ્ઞાન અને આત્મામાં જુદાઈ ન જાણતો તેની વર્તમાન અંતર્મુખની જે પર્યાય તે જ્ઞાન અને આત્માને એકરૂપ દેખતો, નિઃશંકપણે તેમાં ઠરતો એ જ્ઞાન તે હું છું, એમ પોતાપણે ત્યાં વર્તતો એ જ્ઞાનીનું કર્મ અને જ્ઞાનીનું કાર્ય થયું. સમજાય છે કાંઈ? છે ને સામે પુસ્તક?

બહુ ટૂંકામાં એટલી સરસ વાત છે. ભગવાન આત્મા શરીર, વાણી તો ક્યાંય (છે) નહિ, પર થઈ ગયા. પુણ્ય-પાપના ભાવ પણ પર થઈ ગયા વિકલ્પો. અહીં સ્વ આત્મા અને જ્ઞાન તે સ્વ એકરૂપ. એનું એકરૂપ વર્તમાન દશામાં તેને એકરૂપ દેખતો, અભેદ દેખતો એ પોતે જ્ઞાની એ જ્ઞાનમાં નિઃશંકપણે; કારણ કે અભેદ છે. જ્ઞાન અને આત્મા એક છે. માટે જ્ઞાનમાં નિઃશંકપણે, નિઃસંદેહપણે, પોતાપણે, પોતાપણે આ હું છું એમ વર્તતો થકો. એ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રની પર્યાય થઈ. કહો, સમજાણું કાંઈ?

'**નિઃશંક રીતે...**' નિઃસંદેહ શબ્દ પડ્યો છે ને પહેલો? સમકિતમાં નિઃસંદેહ આવે છે ને પહેલું નિઃશંક. આ નિઃસંદેહપણે જ્ઞાન તે આત્મા એમ પોતાપણે, પોતાપણે, મારાપણે જ્ઞાનમાં. જ્ઞાન એટલે ત્રિકાળી વસ્તુ થઈ. પોતાપણે એટલે આ હું છું એમ વર્તે છે. વર્તે છે. એ જ્ઞાનમાં પોતાપણે વર્તે છે. નિઃશંકપણે શ્રદ્ધા-જ્ઞાન કરીને ઠરે છે. કહો, પોપટભાઈ! લ્યો, આ ધર્મીનો ધર્મ. ભારે ભાઈ! દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણ સિદ્ધ કર્યા. દ્રવ્ય તે આત્મા, જ્ઞાન તે તેનો ગુણ તાદાત્મ્યરૂપ, એને પોતાપણે માનીને તેમાં વર્તવું, ઠરવું એ એની પર્યાયનો... પર્યાય એટલે કાર્ય, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ તે પોતામાં વર્તે તેને પરિણામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

એ જ્ઞાન તે હું એમાં વર્તતો એટલે જ્ઞાનની શ્રદ્ધા થઈ કે હું તો જ્ઞાયક છું એવી શ્રદ્ધા થઈ. જ્ઞાનમાં વર્તતો એટલે જ્ઞાનનું જ્ઞાન થયું. અને વર્તવામાં ઠર્યો. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની,

જ્ઞાન તે આત્મા એમ પોતામાં જાણીને એમાં વર્તે છે તેને ધર્મની દશા થાય છે, આ વિધિ અને આ રીતે. કહો, સમજાય છે કાંઈ? આહાહા..! આ જૈન. આ જૈનધર્મ એટલે વસ્તુનો ધર્મ. જૈન ધર્મ કોઈ પક્ષ નથી કાંઈ. 'જિન સો હી હૈ આત્મા અન્ય સો હી હૈ કર્મ, યહી વચનસે સમજ લે જિન પ્રવચનકા મર્મ.' જિન સો હી આત્મા. અર્થાત્ એનું સ્વરૂપ જ વીતરાગી વિજ્ઞાન છે. જ્ઞાન તો છે જ. હવે વીતરાગ એટલે ચારિત્ર છે અંદર ત્રિકાળી. ચારિત્ર એટલે વીતરાગભાવ. એટલે એ આત્મા જ વીતરાગ વિજ્ઞાનઘન છે. એ વીતરાગ વિજ્ઞાનઘન એમાં એકાકાર થઈને વર્તવું એ વીતરાગી ઘનની પર્યાય પ્રગટ થઈ એનું નામ જૈનધર્મ. આ પૂર્ણ વીતરાગ વિજ્ઞાન પ્રગટ થાય એનું નામ કેવળજ્ઞાન. ત્રણે એક છે આ. સમજાય છે કાંઈ?

ભગવાન જ્ઞાનસ્વરૂપ છે એમ એ ચારિત્રસ્વરૂપ છે. ચારિત્ર વીતરાગસ્વરૂપ છે. ચારિત્ર એટલે વીતરાગ. વીતરાગ શક્તિ એની સ્વભાવ છે ત્રિકાળ. એટલે બે થઈને વીતરાગી વિજ્ઞાન લીધું છે. એમાં લીધું છે ને આપણે ભાઈએ. ટોડરમલજીએ મંગળિકમાં લીધું. વીતરાગ વિજ્ઞાન.

મંગમલય મંગલ કરણ, વીતરાગ વિજ્ઞાન
નમો તેહ જેથી થયા, અરહંતાદિ મહાન.

અને ઓલામાં લીધું છ ઢાળામાં. 'તીન ભુવનમેં સાર વીતરાગ...' એમાં સિદ્ધાંત છે. 'શિવમય શિવકારણ.' શિવસ્વરૂપ અને શિવકારણ. મોક્ષનું કારણ અને શિવસ્વરૂપ જ પોતે છે. બહુ ટૂંકામાં (લીધું). એનું કારણ છે. એ વસ્તુ પોતે વીતરાગ વિજ્ઞાનઘન છે. જેમ જ્ઞાનઘન છે એની સાથે ચારિત્ર એટલે અકષાયભાવનો ઘન છે. અકષાયભાવ કહો, ચારિત્ર કહો, વીતરાગ કહો. સમજાય છે? એ વીતરાગી વિજ્ઞાનઘન એ આત્મા છે એટલે એ જૈન છે. સમજાણું કાંઈ? એમાં એકાકાર થઈ વીતરાગી વિજ્ઞાનઘન તે હું છું એમ એકાકાર થઈને પોતાપણે વર્તે છે. જુઓ ભાષા!

જ્ઞાનમાં. એમાં જ્ઞાનમાં શબ્દે અહીં તો એકલી જ્ઞાનદશા લેવી છે ને. નહિતર જ્ઞાન અને વીતરાગી ભાવ એ આત્મા સાથે તાદાત્મ્ય છે. વીતરાગભાવ અને જ્ઞાન એટલે ચારિત્રગુણ અને જ્ઞાન. બેય આત્મા સાથે તાદાત્મ્ય છે. તાદાત્મ્ય સંબંધ છે. એ રૂપે બેનો તફાવત ન દેખતો. વીતરાગભાવ અને જ્ઞાનભાવ એ આત્મા સાથે બેમાં તફાવત ન દેખતો, ભિન્ન ન દેખતો, જુદા ન જાણતો, બેના લક્ષણ જુદા ન જોતો એકરૂપે દેખતો જ્ઞાનમાં અને વીતરાગભાવ જે ત્રિકાળી છે તેમાં પોતાપણે વર્તે છે. અહીં તો જ્ઞાનપ્રધાનથી કથન કર્યું છે. સમજાય છે? આખો આત્મા જ્ઞાન અને વીતરાગમય છે તેમાં વર્તે છે એનું નામ પોતાપણે વર્તે એ ધર્મક્રિયા છે. આહાહા..! વસ્તુ આવી છે. આ કાંઈ ભગવાને (બનાવી નથી). કોઈ જૈન સંપ્રદાય છે

કોઈ વસ્તુ કે અમારો માર્ગ આવો અને તારો માર્ગ આ. એમ અહીં છે જ નહિ. સમજાય છે કાંઈ? માર્ગ જ આ છે. કેમ કે વસ્તુ એવી છે. વસ્તુ જ વીતરાગ વિજ્ઞાનઘન છે. એટલે આત્મા વીતરાગી ગુણ અને જ્ઞાનગુણ બેની સાથે તાદાત્મ્ય સંબંધ છે. અગ્નિને ઉષ્ણતા સાથે તાદાત્મ્ય સંબંધ છે. એમ ભગવાન આત્મા એ તો વસ્તુ થઈ. પણ એનો સ્વભાવ શું? એ તો દ્રવ્ય થયું. વસ્તુ સ્વભાવ શું? એ તો સ્વભાવવાન થઈ. પણ સ્વભાવવાનને સ્વભાવ હોય કે નહિ કાંઈક? આત્મા સ્વભાવવાન, એનો સ્વભાવ જ્ઞાન અને વીતરાગ એ તાદાત્મ્ય છે. સમજાય છે કાંઈ?

એ તાદાત્મ્ય સંબંધને બેને જુદા ધર્મી ન પાડતો, જુદા ન દેખતો નિઃશંકપણે જ્ઞાન અને વીતરાગભાવમાં પોતાપણે વર્તે છે એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રની ક્રિયા કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? છે ને? જુઓને! સામે પુસ્તક પડ્યું છે. શબ્દે શબ્દના અર્થ આવા છે. વસ્તુ એવી છે. આ તો બધા વાચક છે. પણ વાચ્ય આત્મા એવો છે એમ સિદ્ધ કરે છે. સમજાય છે કાંઈ?

'**નિઃશંક રીતે...**' નિઃસંદેહપણે '**જ્ઞાનમાં પોતાપણે વર્તે છે,...**'

મુમુક્ષુ :- ત્રણે આવી ગયા.

ઉત્તર :- ત્રણે આવી ગયું. નિઃશંક તે દર્શન છે, જ્ઞાન તે એનું જ્ઞાન તે જ્ઞાન છે અને વર્તે છે તે સ્થિરતા છે. સમજાય છે કાંઈ? આ તો શાંતિથી સમજવા જેવી ચીજ છે ભાઈ! આ કાંઈ એવી હો..હા.. ને હા.. એવી કાંઈ વસ્તુ નથી આ.

વસ્તુ ભગવાન આત્મા..! આત્મા એટલે શું? અકષાય અને જ્ઞાનસ્વભાવ તે આત્મા. વીતરાગ વિજ્ઞાન તે આત્મા. ચારિત્ર અને જ્ઞાનની પ્રધાનતા ગણીએ તો જ્ઞાન અને ચારિત્રમય તે આત્મા. હવે એની અંદરમાં શ્રદ્ધા કરીને. શ્રદ્ધા તો ત્રિકાળી ગુણ છે તાદાત્મ્ય. પણ અહીં વર્તમાનમાં આ ગુણ અને ગુણી અભેદ છે એમ અંતરદષ્ટિ જતાં, અંતર દષ્ટિ જતાં ગુણી અને ગુણનો ભેદ નથી દેખાતો. ત્યાં તો ગુણ અને ગુણીને અભેદપણે જોતાં તેમાં નિઃશંકપણે વર્તતાં આ 'વર્તવું' તે ક્રિયા થઈ, પર્યાય થઈ, ધર્મની અવસ્થા થઈ. આ કરવું એમ કહે છે. આહાહા..! કહો, દેરાસર બનાવી દે. આ લ્યો ૧૬ લાખ ખર્ચ્યા લ્યો. એમ કહેતા હતા ને. ફૂલચંદજી હતા ને. પંડિતજી હતા ને? જયપુરમાં. પાંચ લાખનો હોલ બનાવ્યો અને પાંચ લાખ તો ધ્રુવ ફંડમાં દીધા. ઈ ખાનગી દીધા. બહારમાં ૫૧ હજાર દીધા અને.. એ કોઈની પાસેથી ખબર પડી છે, હોં! એક શેઠિયા પાસેથી ખબર પડી. મળ્યા વિના બોલાય નહિ. કોક કહે તો ખબર પડે. તે વિના ખબર ન પડે. અને છ લાખ ખર્ચ્યા ૧૧ દીમાં છ લાખ. ૧૬ લાખ. કોના પૈસા? એ તો જડના હતા. કોણે ખર્ચ્યા? કોઈ ખર્ચી શકે નહિ. આહાા..!

એય..! પોપટભાઈ! ત્યારે ત્યાં થયું શું? કે રાગની મંદતાનો ભાવ હોય તો પુણ્ય છે, શુભભાવ છે. ધર્મ નથી.

ધર્મ તો જેનો સ્વભાવ છે. અહીં કહે છે ને જુઓને. વસ્તુ સ્વભાવવાન અને જ્ઞાન અને વીતરાગતા એનો સ્વભાવ. એવા સાથે તાદાત્મ્ય છે એમ અંતર દૃષ્ટિ પડતાં એ વીતરાગ જ્ઞાનમાં એકાકાર થવું એનું નામ વીતરાગી પર્યાયની પ્રગટતા, એનું નામ સમ્યગ્દર્શન. જુઓ! ત્રણે પર્યાય વીતરાગી છે. સમ્યગ્દર્શન પણ વીતરાગી છે, જ્ઞાન પણ વીતરાગી છે અને સ્થિરતા પણ વીતરાગી છે. સમજાય છે કાંઈ? ધન્નાલાલજી! જુઓ! એમાં છે કે નહિ? એમ છે. વસ્તુ સ્વરૂપ એમ છે. એવી દૃષ્ટિ કરો અને જ્ઞાન કરો, એ જ વર્તન કરવાનું છે. વર્તન. જુઓ! વર્તન શું કરવું? કે આ વર્તન કરવું. વર્તન શું બહારમાં જડમાં કરવાનું છે? જડમાં છે તો જડનું વર્તન કરે? સ્વરૂપચંદભાઈ! બહુ સરસ. લ્યો. જૂના માણસ છે. આવું સ્વરૂપ જ છે. વીતરાગી કહ્યું માટે એમાં છે એમ છે? છે એમ કહ્યું છે અને કહ્યું એમ જાણ્યું છે અને જાણ્યું છે એમ છે. બલુભાઈ! કહો, આ વર્ષીતપ-ફર્ષીતપનો વિકલ્પ હોય તે ધર્મ નહિ એમ કહે છે. નથી? એણે વર્ષીતપ કર્યા હતા. આઠ હજાર ખર્ચ્યા હતા પાછા. એનું ઉજવણું કર્યું હતું. આઠ હજાર. ધર્મ નથી હોં! આ ધર્મ છે. સમજાય છે કાંઈ?

વીતરાગનો ધર્મ એટલે આત્માનો ધર્મ. ભગવાન આત્મા..! કહે છે, ધર્મી જીવ આત્મા અને જ્ઞાન અને વીતરાગભાવ, એ બેને અને આત્માને તાદાત્મ્ય જાણતો, એકરૂપ જાણતો, વર્તમાન જ્ઞાનની અવસ્થા તેમાં વાળતો. કેમકે એકરૂપ છે એમ બેમાં વાળતો, સન્મુખ થતો એ જ્ઞાનમાં પોતાપણે અથવા વીતરાગભાવમાં પોતાપણે શ્રદ્ધતો, જાણતો અને ઠરતો. એ ક્રિયા સ્વભાવિક ક્રિયા ધાર્મિક છે. એ હમણા કહેશે. સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ!

**'અને ત્યાં (જ્ઞાનમાં પોતાપણે) વર્તતો તે,...'** શું કહે છે હવે? જુઓ! સંસ્કૃત ટીકાનો એક એક અક્ષર છે. મહાસિદ્ધાંત છે. ભગવાન આત્મા આમ જ્ઞાનમાં પોતાપણે વર્તતો, એ જ્ઞાન તે આત્મા એમ એમાં વર્તતો, એને શ્રદ્ધતો, એને જાણતો અને ઠરતો એ ત્રણે વર્તતો શબ્દમાં આવી જાય છે. વર્તતોમાં ત્રણે આવી જાય છે. ત્રણે આવી જાય. સમજાય છે કાંઈ? **'ત્યાં વર્તતો તે,...'** એમ શબ્દ છે **'અને ત્યાં વર્તતો તે,...'** બસ એટલું. જુઓ! અહીં ભાષા એમ નાખી નથી. જુઓ! સિદ્ધાંત બીજો. ત્યાં કાંઈ દર્શનમોહનો અણઉદય થયો માટે આમ વર્તે છે એમ શબ્દ નથી લીધો. સમજાય છે કાંઈ? કે ત્યાં કર્મનો અણઉદય થયો માટે અહીં જ્ઞાનમાં વર્તે છે એ નામ સંભાર્યું નથી. પરની સાથે શું સંબંધ? પેલા કહેતા ને? કે કાંઈક દર્શનમોહનો ઉદય મંદ પડે તો આમ વર્તે એ પહેલું. લ્યો. પણ એ અહીં યાદ પણ કર્યું નથી. તારે કામ શું છે એમાં? અહીં તો શબ્દમાં એ વાત લીધી નથી. એમ છે

નહિ. સમજાય છે કાંઈ?

દર્શનમોહ અને અનંતાનુબંધીનો ઉદય મંદ પડે, અભાવ થાય તો વર્તે. એ વાત પણ નથી. કામ શું છે તારે પરદ્રવ્યનું? તારું દ્રવ્ય જે આવું છે તેમાં એકાકાર વર્ત એ તારું કાર્ય છે. એમાં આમ થાય તો આમ થાય એ વાત લીધી નથી. સમજાય છે કાંઈ? આમ અહીં થાય તો આમ થાય એમ વાત લીધી નથી. અમૃતચંદ્રાચાર્યનો પોકાર વીતરાગમાર્ગનો એ છે. પંડિતજી! સમજાય છે કાંઈ? છે ક્યાંય આમાં કર્મનું નામ આવ્યું? તને કાંઈક કર્મનો મંદ ભાવ થાય, કાંઈક કષાયની મંદતા થાય, એટલું કાંઈક સહાય થાય તો તું જ્ઞાન અને આત્મા તાદાત્મ્ય વર્તજે, તો વર્તી શકાશે. એમ છે? ધન્નાલાલજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અરે..! આત્માનું કથન છે. મુનિઓનું ક્યાં? મુનિ તો .. દશા ચારિત્રની છે. આ તો આત્માની વાત ચાલે છે. કોની વાત ચાલે છે અહીં? સમજાય છે કાંઈ?

હવે કહે છે, '**ત્યાં વર્તતો...**' ત્યાં વર્તતો એટલે? જ્ઞાન અને આત્મા અભેદ છે, એકરૂપ છે એવી દૃષ્ટિમાં અંદર વર્તતો '**તે, જ્ઞાનક્રિયા...**' હવે જુઓ. '**તે, જ્ઞાનક્રિયા...**' એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયને જ્ઞાનક્રિયા કહેવામાં આવી છે. '**તે, જ્ઞાનક્રિયા...**' હવે ક્રિયાના ત્રણ ભેદ છે. એક જડની પલટતી અવસ્થા એ જડ ક્રિયા, રાગનું પલટવું પુણ્યાદિનું એ વિકાર ક્રિયા, આ સ્વભાવિક ક્રિયા. કોઈ કહે છે કે સોનગઢવાળા ક્રિયાનો નિષેધ કરે છે. પણ કઈ ક્રિયાનો? અરે..! એ ક્રિયાને ઉડાવે છે.. ક્રિયાને ઉડાવે છે. પણ સાંભળને હવે. સોનગઢવાળા નહિ, ભગવાન ઉડાવે છે. શોભાલાલજી! છે? જ્ઞાનક્રિયા સિદ્ધ કરે છે. સ્થાપે છે કે ઉડાવે છે?

'**તે, જ્ઞાનક્રિયા સ્વભાવભૂત...**' ભાષા તો જુઓ ઓહોહો..! જેવો એનો સ્વભાવ છે જ્ઞાન અને વીતરાગ એમાં આમ ઠરતો, ... ઠરતો એ '**જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હોવાને લીધે...**' એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર. જ્ઞાનનું જ્ઞાન, જ્ઞાનની પ્રતીતિ, જ્ઞાનમાં રમણતા એ ત્રણે '**જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હોવાને લીધે...**' સ્વભાવવાળી છે. જેવો એનો સ્વભાવ છે ત્રિકાળ એવી પર્યાય પ્રગટ થઈ છે. સમજાય છે કાંઈ? '**જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હોવાને લીધે...**' સ્વભાવભૂત હોવાને કારણે એમ સિદ્ધ કરે છે. '**નિષેધવામાં આવી નથી...**' જુઓ ભાષા. એ નિષેધી શકાતી નથી. કારણ કે એનો સ્વભાવ (છે). નિષેધ શી રીતે કરી શકાય? એ ટાળી શકાતી નથી, નકાર કરી શકાતું નથી. એ તો પરિણમન થઈ ગયું એનું. પંડિતજી! જુઓ! આ ધર્મની ક્રિયા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ. કર્મ-ફર્મ છે જ નહિ. છૂટે ક્યાંથી લેવું? રાગાદિ નથી પછી કર્મની ક્યાં વાત છે? આહાહા..! લોકો ક્યાં (પડ્યા છે).

આત્મા ભગવાન આવો ચિદાનંદ પ્રભુ જ્ઞાન ને આનંદ અને વીતરાગી ભાવથી ભરેલું તાદાત્મ્યસ્વરૂપ એમાં અભેદ દૃષ્ટિમાં એકાકાર કરતો, બેને ગુણ અને ગુણીને જુદા ન પાડતો, ગુણીને ગુણ બે અભેદ રીતે અંતર જોતો, અંદર શ્રદ્ધતો, ઠરતો એવી જે જ્ઞાનક્રિયા તે સ્વભાવભૂત છે. બીજી રીતે એમ કહ્યું કે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ થયા એ સ્વભાવભૂત છે. રાગ એ ક્રિયા ધર્મની નહિ. આ શુભયોગ જે કહે છે એ સ્વભાવભૂત ક્રિયા નહિ. તો વ્યવહાર સમકિત જે છે રાગ એ સ્વભાવભૂત નહિ. સમજાય છે કાંઈ? આહાહા..!

આ '**જ્ઞાનક્રિયા...**' ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિસ્વરૂપ, આનંદસ્વરૂપ, વીતરાગસ્વરૂપ એમ અંતર દૃષ્ટિમાં બેને જુદા ન પાડતો અભેદ કરતો, એમાં શ્રદ્ધે, ઠરે અને જાણે છે, વેદન કરે છે એ ત્રણેય ક્રિયા જ્ઞાનક્રિયા છે અને જ્ઞાનક્રિયા છે એટલે એમાં રાગના ક્રિયાનો અભાવ છે. એટલે જ્ઞાનક્રિયા છે તે સ્વભાવ ક્રિયા છે અને સ્વભાવ ક્રિયા છે તે શુદ્ધ ક્રિયા છે. એ શુદ્ધઉપયોગની ક્રિયા છે બધી. કહો, સમજાય છે કાંઈ? સ્વભાવભૂત, સ્વભાવભૂત, સ્વભાવભૂત. પર્યાયને સ્વભાવભૂત કીધી છે અહીં તો. ત્રિકાળ સ્વભાવ તો છે. શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર અને આનંદ એ તો ત્રિકાળી તાદાત્મ્ય છે. પણ આમ એકાકાર થતાં જે શ્રદ્ધાની પર્યાય સ્વભાવમાંથી આવી, જ્ઞાનમાંથી જ્ઞાન આવ્યું વેદન, સ્થિરતા ચારિત્રમાંથી વીતરાગતા આવી, આનંદમાંથી આનંદનો અંશ આવ્યો. એ જ્ઞાનક્રિયા સ્વભાવભૂત છે. જેવો સ્વભાવ ત્રિકાળ છે એવી જ પર્યાય પ્રગટી માટે સ્વભાવભૂત છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**સ્વભાવભૂત હોવાને લીધે નિષેધવામાં આવી નથી...**' એટલે શું કહે છે? એ છોડી શકાતી નથી. એ તો તન્મય થયો છે અંદર. એ છોડી શકાય છે? તો એ પર્યાયનો અભાવ કરો. પણ શેનો અભાવ કરે? એ તો સ્વભાવભૂત છે. એ '**નિષેધવામાં આવી નથી...**' એમ આચાર્ય કહે છે. શાસ્ત્રકારે એનો નિષેધ કર્યો નથી. એમ કહે છે. નિષેધ કર્યો છે તો બીજી ક્રિયાનો નિષેધ કર્યો છે. સમજાણું કાંઈ? રાગાદિના પરિણામ જે વિભાવરૂપ છે તેનો નિષેધ કર્યો છે. કારણ કે એની જાતની એ ક્રિયા નથી. આ ક્રિયાનો નિષેધ કોઈ શાસ્ત્રમાં વીતરાગમાર્ગમાં હોઈ શકતો નથી. એ તો જેવો સ્વભાવ છે તેમાં એકાગ્ર થયો. એ જ ક્રિયા નિષેધવામાં આવી? એમ લીધું છે. અજ્ઞાનીને એમ થઈ જાય લ્યો, પર્યાય છે ને એ. પર્યાય છે ને. ભાઈ! એ પર્યાય નિષેધવામાં (નથી આવી), એ તો સ્વભાવરૂપ થઈ. સ્વભાવરૂપ છે. નિષેધી શકાય નહિ, છોડી શકાય નહિ, અભાવ કરી શકાય નહિ. સમજાય છે કાંઈ? મૂળચંદભાઈ! છે ને પુસ્તક સામે? કેટલાક એમ કહે છે કે એ પોતાના ઘરના અર્થ ઉઠાવે

છે એમ વળી કહે છે. અરે..! ભગવાન! સાંભળ તો ખરો, ભાઈ! નવનીતભાઈ! અરે..! પ્રભુ! સાંભળ તો ખરો, નાથ! તારી ચીજની વાત ચાલે છે આ તો. આહાહા..!

કહે છે, ભગવાન આખો સ્વભાવથી સમુદ્ર ડોલે છે અંદર. ચૈતન્ય આનંદના સાગરનો ભગવાન આત્મા અંદર ડોલે છે. એમાં એકાકાર થઈ, અભેદ થઈ, ગુણ-ગુણીનો ભેદ ન પાડતા, અભેદપણે ઠરતાં, શ્રદ્ધતા એ જ્ઞાનની ક્રિયા થઈ. એટલે જ્ઞાનની ક્રિયા શબ્દે ત્યાં રાગની ક્રિયાનો અભાવ (છે). પણ જ્ઞાનની ક્રિયા સાથે શ્રદ્ધાની ક્રિયા, વીતરાગી ચારિત્રની ક્રિયા, આનંદની ક્રિયા, એવા અનંતા ગુણની ક્રિયાનું પરિણમન જ્ઞાનક્રિયા સાથે થયું છે. સમજાણું કાંઈ?

અહીં તો જ્ઞાનપ્રધાનથી કથન કર્યું છે. પણ જ્ઞાનની સાથે રાગનો અભાવ વર્ણવ્યો છે. જ્ઞાનની સાથે જે અનંતા ગુણો સાથે છે એનો અભાવ નથી. એટલે જ્ઞાન ને આત્મા આમ તાદાત્મ્યપણે એકાકાર વર્તતા જેટલા ગુણો અંદર તાદાત્મ્યપણે દ્રવ્યમાં છે એમાં એ વર્તે છે. અને વર્તતા અનંતા ગુણોનો અંશ જે નિર્મળપણે પ્રગટ થાય છે તેને અહીં જ્ઞાનક્રિયા કહેવામાં આવે છે. એ રાગની ક્રિયા નથી એમ કહેવું છે. શેઠ! સમજાય છે કે નહિ? આ ઘરે વાંચો તો કાંઈ એની મેળાએ સમજાય એવું નથી.

'**જ્ઞાનક્રિયા...**' એક એક શબ્દ તો જુઓ. જ્ઞાનક્રિયા એટલે પરિણતિ '**સ્વભાવભૂત હોવાને લીધે...**' જેમ દ્રવ્ય-ગુણનો અભાવ થાય કોઈ દી? સ્વભાવ છે. વસ્તુ સત્ છે સત્. એ સત્‌ના આશ્રયનું જે શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર આદિ અનંતા ગુણનું જ્ઞાનરૂપ પરિણમન થઈને એની સાથે અનંતા ગુણની અવસ્થા જે પ્રગટી એ તો તદ્દ્‌ન તદ્રૂપ લીન છે. એની સાથે અભેદ થઈ. એ સ્વભાવભૂત છે. એ ક્રિયાનો અભાવ શાસ્ત્રે કરી શકાય એમ કહ્યું નથી. કેમકે કરી શકાતો નથી માટે નિષેધવામાં આવી નથી. એ ક્રિયા નિષેધવામાં નથી આવી. સમજાય છે કાંઈ? એવી તો ભાષા લીધી આચાર્યે. લોકો એમ કહે ને, આ નિષેધ... નિષેધ... નિષેધ... પણ શેનો નિષેધ? સાંભળને. સ્વરૂપચંદભાઈ! આ પુણ્ય વિકલ્પ જે દયા, દાન, વ્રત, ભક્તિ આદિ જે પરિણામ છે એ વિભાવિક ક્રિયા (છે) એનો નિષેધ કરવામાં આવ્યો છે. સમજાય છે કાંઈ? આહાહા..!

એ '**જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હોવાને લીધે...**' એટલે ક્રિયાના ત્રણ પ્રકાર થયા. એક શરીરાદિ, કર્માદિ, પરમાણુ ભાષા આદિનું પરિણમન થવું. ક્રિયા પર્યાયની ફેરણી. પર્યાયનું ફરવું તે ક્રિયા. જડમાં પણ પર્યાયનું ફરવું તે ક્રિયા. એ ક્રિયા જડની. એમાં આત્માને કાંઈ છે નહિ. હવે રાગાદિ, પુણ્યાદિ વિકલ્પ પાપાદિ ફરીને પુણ્યાદિનો વિકલ્પ થાય એ વિભાવિક ક્રિયા. એ આત્માની ક્રિયા નહિ. સમજાય છે કાંઈ? એ વ્યવહાર રત્નત્રયના વિકલ્પની ક્રિયા

એ વિભાવિક ક્રિયા. એનો નિષેધ કર્યો છે. પણ સ્વભાવને આશ્રયે થયેલી ક્રિયાનો નિષેધ કરવામાં આવતો નથી. આચાર્ય એમ કહે છે. જુઓને! આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વ્યવહાર વિકલ્પ છે, વિકાર છે, વિભાવ છે. એનો નિષેધ કર્યો છે. કેમ? એ આવશે. નિષેધ કર્યો છે કેમ કે નિષેધ કરી શકાય છે. એનો અભાવ કરી શકાય છે. આ સ્વભાવની પર્યાયનો અભાવ શી રીતે કરી શકાય? એમ કહે છે અહીં. આહાહા..! સ્વભાવ અને સ્વભાવવાન એમ પર્યાયમાં એકાકાર થઈને જે સ્વભાવક્રિયા થઈ એ શી રીતે નિષેધવી? એ તો વસ્તુસ્થિતિ થઈ. અને એનાથી જે ઓલો વિકલ્પ ઉઠે છે બીજો એ તો એનો અભાવ થઈ શકે છે. એનું પરિણમન ભેગું આવતું નથી. માટે એનો નિષેધ કરી શકાય છે. આનો નિષેધ શી રીતે થાય? સમજાણું કાંઈ?

પંચ મહાવ્રતના પરિણામ અને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ આદિ જે રાગ છે ને એ કોઈ વસ્તુમાં નથી, એના ગુણમાં નથી. તેથી એની પરિણતિમાં એ ક્યાંથી આવે? અને તેથી તે પરિણતિમાં એનો નિષેધ કરવામાં આવ્યો, આનો નિષેધ કરવામાં આવ્યો નથી. એમ કહે છે મૂળ તો. આહાહા..! સમજાણું કાંઈ? આ તો અધ્યાત્મનો ભંડાર શાસ્ત્ર છે. એ કાંઈ એમ ને એમ વાંચે જાય વાર્તાની પેઠે એવું નથી. આ તો સ્વરૂપ અંદરનું વાંચન કરવાનું છે. સમજાણું કાંઈ?

'**માટે જાણે છે-**' જુઓ ભાષા! એ નિષેધવામાં (નથી આવી) એટલે એનો અભાવ થઈ શકતો નથી માટે જાણે છે, '**જાણવારૂપ પરિણમે છે,...**' ધર્મી. જાણવારૂપે પરિણમે છે, શ્રદ્ધારૂપે થાય છે, શાંતિરૂપે થાય છે, આનંદરૂપે પરિણમે છે, રાગરૂપે પરિણમતો નથી. એ નથી એમ ન વાત લીધી, અસ્તિથી વાત લીધી છે. સમજાણું કાંઈ? કહો, દરબાર! છે કે નહિ અંદર? વાંચો છો કે નહિ તમારી મેળાએ કોઈ દી? વાંચે છે. શું કીધું?

આ વાત ગાથામાં છે એનાથી બીજી રીતે પહેલી આચાર્યે વાત કરી. જ્ઞાનીની વાત કરી. ગાથામાં અજ્ઞાનીની વાત છે. સમજાણું કાંઈ? પણ જ્યાં અજ્ઞાનીની વાત હોય ત્યાંથી જ્ઞાનીની કાઢે અને જ્ઞાનીની વાત હોય એમાંથી અજ્ઞાનીની કાઢે એવો અમૃતચંદ્રાચાર્યનો અસ્તિ-નાસ્તિનો કહેવાનો સ્વભાવ છે. એ ગાથાની શૈલી છે એવી બધી. સમજાણું કાંઈ?

હવે. જે ગાથા છે એનો અર્થ હવે આવે છે. આ તો ગાથાના ભાવથી બીજું સ્વરૂપ જે વાસ્તવિક છે એની વ્યાખ્યા પહેલી ધર્મની કરી. ધર્મની મંગળિક કરીને વાત કરી અહીં તો. સમજાણું કાંઈ? '**માટે નિષેધવામાં આવી નથી...**' શું કહે છે? જાણવા-દેખવાની શ્રદ્ધાની જે પર્યાય પ્રગટ કરી એ જાણવાનું કામ કરે છે. જાણવાનું કામ કરે છે એમાં નિષેધ

શું થાય? એ જાણવાનું, શ્રદ્ધવાનું, ઠરવાનું કામ કરે છે માટે જાણવારૂપે પરિણમે છે. જાણવારૂપે પરિણમે છે, શ્રદ્ધારૂપે પરિણમે છે એનો અભાવ ક્યાં થાય? સમજાણું? માટે '**જાણવારૂપે પરિણમે છે,...**' લ્યો. '**स्वभावभूतत्वेनाप्रतिषिद्धत्वाज्जानाति**' સંસ્કૃત છે. '**अप्रतिषिद्धत्वाज्जानाति**' સંસ્કૃત છે એમાં? નહિ હોય. એમાં નહિ હોય. છે ને સંસ્કૃત? સ્વયં. છે ને ઈ? '**स्वभावभूतत्वेनाप्रतिषिद्धत्वाज्जानाति**' એ સંસ્કૃતનો શબ્દ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

હવે ગાથાનો અર્થ આવે છે. હવે એનાથી ઊંધાનો અર્થ આવે છે. '**તેવી રીતે...**' જેમ કહ્યું હતું ને પહેલું? '**જેમ...**' એ જ્ઞાનીનો દાખલો આપ્યો છે. તેમ. હવે કહે છે. '**તેવી રીતે જ્યાં સુધી...**' જ્યાં લગી. (જેટલા) કાળ સુધી '**આ આત્મા, જેમને સંયોગસિદ્ધ સંબંધ છે...**' આહાહા..! દેખો. ઓલો તાદાત્મ્યસિદ્ધ સંબંધ છે. ભગવાન આત્મા અને જ્ઞાન, વીતરાગભાવ, શ્રદ્ધા, શાંતિ-ચારિત્ર વીતરાગભાવ એની સાથે તાદાત્મ્ય તાદાત્મયસિદ્ધ તાદાત્મ્યસિદ્ધ સંબંધ છે. ચોક્કસ તાદાત્મ્યરૂપ જ એ છે. એમાં વર્તતો પોતાની શુદ્ધ ક્રિયા(રૂપે) પરિણમે છે.

'**આ આત્મા, જેમને સંયોગસિદ્ધ સંબંધ છે...**' જુઓ! પુણ્ય-પાપના ભાવ, દયા, દાન, વ્રતના વિકલ્પો, વ્યવહારરત્નત્રયનો વિકલ્પ એ આત્માની સાથે સંયોગસિદ્ધ સંબંધ છે. દેખો વિકારી ભાવને સ્વભાવ સાથે સંયોગસંબંધ છે. એક કોર સ્વભાવમૂર્તિ પ્રભુ, એક કોર વિભાવ વિકાર વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતનો વિકલ્પ અને શાસ્ત્ર ભણવાનો વિકલ્પ. એ બધો સંયોગસંબંધે જીવના સ્વભાવમાં છે. તાદાત્મ્યસંબંધે એ ભાવ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

'**તેવી રીતે જ્યાં સુધી...**' સમજાણું? ૩થી ૪ છે ને? હજી તો પા કલાક છે. ઓલું ફરી ગયું ને. હવે તો ઓલું અઢીથી સાડા ત્રણ હતું. પા કલાક છે. '**જ્યાં સુધી આ આત્મા,...**' ભગવાન આત્મા તો આત્મા જ છે એમ કહે છે. અને એ આત્માને '**સંયોગસિદ્ધ સંબંધ છે...**' ભાષા દેખો. સંયોગસંબંધ પણ નહિ. સંયોગસિદ્ધ સંબંધ. ઓલામાં તાદાત્મ્ય સંબંધ નહિ. તાદાત્મ્યસિદ્ધ સંબંધ. બધામાં સિદ્ધ છે. સંયોગી પુણ્ય-પાપનો વિકલ્પ, દયા, દાન, વ્રત, ભક્તિ, નામસ્મરણ ભગવાનનું, નામ નમો અરિહંતાણં એનું સ્મરણ એ બધા ભાવો વસ્તુ છે, ત્રિકાળ તાદાત્મ્ય સ્વભાવ જે છે એની સાથે એક સમયનો જે વિકૃતભાવ સંયોગસંબંધે છે. સંયોગસંબંધે છે. એક સંબંધે નહિ. તાદાત્મ્ય સંબંધે નહિ. એક સંબંધે નહિ એટલે તાદાત્મ્યસંબંધે નહિ. સંયોગસિદ્ધ સંબંધ છે.

જેમ આ શરીરને અને આત્માને સંયોગ છે એવો જ વિભાવની સાથે આત્માના સ્વભાવને

સંયોગસંબંધ છે. શેઠી! કેમકે સંયોગી ભાવ છે. સ્વભાવિક ભાવ નથી, સ્વરૂપભાવ નથી. નવો આગંતુક ભાવ છે. પંડિતજી! એ આવે છે ને? પંચાધ્યાયી. પંચાધ્યાયીમાં આગંતુક. એવો શબ્દ પડ્યો છે. કારણ કે એ ઉત્પન્ન થયેલો નવો ભાવ છે. એનો ભાવ નથી. આહાહા..! નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં.. એમ કરી, વાણી તો જડ છે. પણ જે વિકલ્પ ઉઠે છે એ ભગવાન આત્માના સ્વભાવની અપેક્ષાએ એ વિકલ્પને સંયોગસિદ્ધ સંબંધ આ સ્વભાવની સાથે છે. એકરૂપ નથી થયા, એકરૂપ થતા નથી. સમજાણું કાંઈ?

વ્યવહારરત્નત્રયનો શુભઉપયોગ, શુભરાગ એને અને ભગવાન આત્માના સ્વભાવને સંયોગસિદ્ધ સંબંધ છે. સંયોગસિદ્ધ સંબંધ છે. નક્કી સંયોગ સંબંધ છે. શેઠી! જુઓ તો ખરા. આહાહા..! આ ટીકા અને આ ભાવ. ભરતક્ષેત્રમાં આવી ટીકા, આવું વસ્તુનું સ્વરૂપ સંતો, દિગંબર મુનિઓએ ચારિત્રના ભાનસહિતના ઓલામાં વિકલ્પ આવ્યો. વિકલ્પ છે એ સંયોગ સંબંધે છે ભાઈ! અમારો સ્વભાવ નથી ઈ. આહાહા..! સમજાય છે કાંઈ?

એ '**જેમને સંયોગસિદ્ધ સંબંધ છે એવો આત્મા અને ક્રોધાદિ...**' ક્રોધાદિ કેમ લીધા છે? મુનિ છે ને. એ ઉત્તમ ક્ષમા જે શાંતિ એનાથી વિરુદ્ધ ક્રોધ લીધો છે. અથવા સ્વરૂપની રુચિ છોડીને જેને પુણ્ય પરિણામની રુચિ છે એને આત્મા પ્રત્યે ક્રોધ છે. સમજાય છે કાંઈ? આત્મા વીતરાગ વિજ્ઞાનઘન છે એની રુચિ-પ્રેમ છોડીને જેને એનામાં નથી એવા રાગની સાથે જેને પ્રેમ છે એને સ્વભાવ સાથે ક્રોધ છે. સ્વભાવ રુચતો નથી તો વિરોધ છે. આનંદઘનજીએ કહ્યું છે સંભવનાથની સ્તુતિમાં. દ્વેષ અરોચક ભાવ. મહારાજ! આ પ્રભુ આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ જેને રુચતો નથી એને આત્મા પ્રત્યે દ્વેષ વર્તે છે. દ્વેષના ભાગ ક્રોધ અને માન છે. રાગના બે ભાગ માયા અને લોભ છે. દ્વેષના બે ભાગ છે ક્રોધ અને માન. આ વસ્તુ જેનો સ્વભાવ જ્ઞાયકમૂર્તિ એ જેને રુચતી નથી એટલે કે એના ઉપર દ્વેષ છે એને પુણ્ય પરિણામ રુચે છે એટલે કે આત્મા પ્રત્યેનો એને અનાદર છે. એવો જે રુચિવાળો ક્રોધભાવ એને આત્માની સાથે તાદાત્મ્ય સંબંધ નથી, સંયોગ સંબંધ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નથી. સંયોગ સંબંધ છે. આહાહા..! એમ છે.

આચાર્યની કથનીની એવી શૈલી છે ને. આમ ભગવાન આત્મા વસ્તુ ત્રિકાળી જ્ઞાયકમૂર્તિ એની રુચિને છોડી એને અરુચિ કેમ કહેવી? કે જેને એનાથી વિરુદ્ધ સંયોગ સંબંધી પરિણામ એવા શુભભાવની પણ જેને રુચિ છે એને આ સ્વભાવ પ્રત્યેનો ક્રોધ છે. સ્વભાવ પ્રત્યે વિરોધી છે એ ભાવ. સમજાણું કાંઈ? આનંદઘનજીએ કહ્યું છે એમાં એ સંભવનાથની સ્તુતિમાં. સ્વરૂપચંદભાઈ! આનંદઘનજીમાં આવે છે ને?

સંભવ દેવ તે ધુર સેવો સબે રે, લહિ પ્રભુ-સેવન ભેદ,
સેવન કારણ પહિલી ભૂમિકા રે, અભય, અદ્વેષ, અખેદ.
સંભવ દેવ તે ધુર સેવો સબે રે,
ભય ચંચલતા જે પરિણામની રે, દ્વેષ અરોચક ભાવ,

આહાહા..! ભગવાન આત્મા સ્વભાવનો પિંડલો પ્રભુ, આનંદની મૂર્તિ, જ્ઞાયકભાવનો પિંડ. એની જેને રુચિ નથી એને એના પ્રત્યે દ્વેષ છે કહે છે. પોતે પોતાનો વેરી. આ ક્યાં કહેવી વાત? એમ કહે છે. કહો, સમજાય છે કાંઈ આમાં? એ બાહ્ય બાયડી, છોકરા, કુટુંબ ને બહાર તો ક્યાંય પડ્યા રહ્યા લક્ષ્મી એની ધૂળ આદિ. ગોદિકાજી! પણ અંદરમાં થતો શુભરાગ, એની જેને રુચિ છે તેને આત્મા પ્રત્યેનો દ્વેષ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ભગવાનની આજ્ઞા...

ઉત્તર :- ક્યા ભગવાનની આજ્ઞા? કોની છે? ભગવાન કહે છે કે રાગનો પ્રેમ છે એને ભગવાનની અનાજ્ઞા છે. ભગવાનનો અનાદર કરે છે ઈ.

ઓહોહો..! ટીકા તે..! અમૃતચંદ્રાચાર્યે અમૃત છોડ્યા છે બધા! સમજાણું કાંઈ? શ્રીમદ્‌માં આવે છે ભાઈ! ઓલું સ્તવન ગાય છે ને જ્યારે?

જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત.
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત રે.
ગુણવંતા રે જ્ઞાની અમૃત વરસ્યા રે પંચમકાળમાં.

સ્વરૂપચંદભાઈ! શ્રીમદ્‌નું વાક્ય આવે છે ને, એક કડી એમ બોલાય છે ત્યાં. જ્યાં સ્વાધ્યાય કરે છે ને. 'જે સ્વરૂપ સમજ્યા વિના રે, પામ્યો દુઃખ અનંત.' જુઓ! પામ્યો દુઃખ સ્વરૂપના સમજ્યા વિના પામ્યો. બાકી કોઈ કારણે પામ્યો એમ નથી કહ્યું. અને ક્રિયા નથી કરી, ફલાણું નથી કર્યું. સ્વરૂપ સમજ્યા વિના. સમજાય છે?

સમજાવ્યું તે પદ નમું રે શ્રી સદ્‌ગુરુ ભગવંત રે,
ગુણવંતા રે જ્ઞાની અમૃત વરસ્યા રે પંચમકાળમાં.

આ અમૃતચંદ્રાચાર્ય. સમજાય છે કાંઈ? આહાહા..!

કહે છે, ભગવાન! તારે ને વિકારને સંયોગ સંબંધ છે ને, પ્રભુ! એ આગંતુક આવેલા આવે ને જાય, આવે ને જાય. એ કાંઈ તારી સાથે રહે એવા નથી. આહાહા..! તારી સાથે એટલે તાદાત્મ્યરૂપ જ થઈને રહે એવા એ છે જ નહિ. સંયોગસંબંધ છે, આગંતુક છે, ઉત્પન્ન થયેલા. એના પ્રત્યે તને પ્રેમ છે. અનંત ગુણનો પિંડ ભગવાન એના પ્રત્યેનો અનાદર છે. એથી એને ક્રોધ કીધો છે. અનંતાનુબંધીનો આ ક્રોધ છે. સમજાય છે કાંઈ? રાગાદિને અધિકપણે

માનવું એ અનંતાનુબંધી માન. સ્વભાવ તરફનો ભાવ છોડીને કપટ, માયા, આડ નાખવી કે એ નહિ, આ—એ અનંતાનુબંધી માયા (છે). સ્વરૂપની રુચિની ભાવના ન કરતા રાગની ભાવના એ અનંતાનુબંધીનો લોભ (છે). સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ચારેય આવી ગયા. આ ચારેય શબ્દ છે આમાં. આદિ શબ્દ છે ને. જુઓ! '**આત્મા, જેમને સંયોગસિદ્ધ સંબંધ છે એવા આત્મા અને ક્રોધાદિ આસ્રવોમાં...**' ક્રોધ, માન, માયા, લોભ ચારેય આવી ગયું. એમાં મિથ્યાત્વ પણ આવી ગયું ભેગું. કેમ? ક્રોધાદિ એકલા પરિણામ પણ એનો પ્રેમ છે તે જ મિથ્યાત્વ છે. ભાઈ! સમજાય છે કાંઈ? સ્વભાવનો પ્રેમ એકાકાર રુચિ તે સમ્યગ્દર્શન છે. રાગનો પ્રેમ છે તે મિથ્યાત્વભાવ છે. કહો, પંડિતજી! એવી વાત છે. આહાહા..! કહે છે,...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વૃત્તિ વૃત્તિ. યથાર્થ વસ્તુ બેસે એને ભૂલે નહિ. પોતાનું નામ ભૂલે છે? નામ ભૂલી જાય છે પોતાનું? ભાઈ! હું ભૂલી ગયો, મારું નામ ભૂલી ગયો. એમ સ્વરૂપ છે એને ભૂલે કોણ? આ ચિદાનંદ જ્ઞાનાનંદ સ્વરૂપ છે એને ભૂલે કોણ? ભૂલે તે ભગવાન નહિ અને ભૂલે તે રખડનારો. સમજાય છે કાંઈ? આહાહા..!

કહે છે કે '**આત્મા અને ક્રોધાદિ...**' કેવા છે? કે આત્મા ને સંયોગસંબંધવાળા એવા આસ્રવો, એવા પુણ્ય-પાપના ભાવ, એનો જે પ્રેમ એવો મિથ્યાત્વભાવ. સમજાય છે કાંઈ? એમાં '**આસ્રવોમાં પણ...**' લીધું ને? કેમ પણ લીધું? ઓલું માથે કીધું હતું ને કે જ્ઞાનાનંદમાં પ્રવર્તે છે, એમ જે આસ્રવમાં પ્રવર્તે છે તે પણ. એમ. જે જ્ઞાનસ્વરૂપમાં પ્રવર્તે છે એ તો જ્ઞાનક્રિયા થઈ. પણ આમાં પણ એમાં નહિ આમ પણ પ્રવર્તે છે એટલું લીધું. '**ક્રોધાદિ આસ્રવોમાં પણ, પોતાના અજ્ઞાનભાવને લીધે,...**' ભાષા દેખો. અહીં પાછા કર્મને લઈને અને દર્શનમોહને લઈને, એનું કર્મ બહુ આકરું હતું માટે એમ નથી.

મુમુક્ષુ :- એ મોળા પડ્યા ને.

ઉત્તર :- એ મોળા અને તીખા એને ઘરે રહ્યા. અહીં ક્યાં હતા? આ એને ઘરે તો અજ્ઞાનપણું છે એમ કહે છે.

'**પોતાના અજ્ઞાનભાવને લીધે,...**' એમ લીધું છે. એમાં ક્યાંય એમ નથી લીધું કે દર્શનમોહની જરી મદદ હતી માટે અજ્ઞાન થયું, બિલકુલ વાત નથી. સમજાણું કાંઈ? એક એક શબ્દમાં કેટલી સ્પષ્ટતા પડી છે અંદર. '**આસ્રવોમાં પણ,...**' કેમ પ્રવર્તે છે? કે '**પોતાના અજ્ઞાનભાવને લીધે,...**' જુઓ! પોતાનો અજ્ઞાનભાવ એમાં લીધો. સમજાય છે? '**વિશેષ**

**નહિ જાણતો થકો...**' અજ્ઞાનભાવને લઈને રાગ અને સ્વભાવને જુદા ન જાણતો (એ) કારણ. બીજું કોઈ કારણ નથી. એ રાગ વિકલ્પ જે ક્રોધાદિભાવ, ભગવાન સ્વભાવ બેને અજ્ઞાનને લીધે જુદા નથી જાણતો. કોઈ કર્મને લઈને, ફલાણાને લઈને... સમજાય છે કાંઈ? ભાઈ એને અનંતકાળ રખડવું છે માટે નથી. ના, એ અજ્ઞાનને કારણે જુદા નથી જાણતો. એક જ વાત છે. એ વિશેષ વાત આવશે..

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૧૪, ગુરુવાર તા. ૨૨-૮-૧૯૬૮**
**ગાથા-૬૯-૭૦-૭૧, પ્રવચન-૬૦૬**

એ પોતાના ચૈતન્યસ્વરૂપ જે છે તેને ભૂલીને વિકારી પરિણામ છે તે મારા છે એમ માનીને એમાં વર્તે છે, એ વર્તનારો તે વિકારનો કર્તા અજ્ઞાનભાવે છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા ચૈતન્ય શુદ્ધ અનંતસ્વરૂપ એને ભૂલી, એને પોતાપણે માનવાનું ભૂલી અને વિકારના પરિણામ જે પુણ્ય-પાપના થાય એને પોતાપણે માની, એમાં કરતો, વર્તતો, હું એમાં .. છે. .... .. સમજાણું કાંઈ? .. અનાદિથી એમ. એને ભેદજ્ઞાન નથી. આત્મા આનંદ અને જ્ઞાનની મૂર્તિ છે એને પુણ્ય અને પાપના રાગથી .. ભેદજ્ઞાન નથી, જુદાપણાનું ભાન નથી એ જુદાને જુદા ન માનતા તે મારા છે એમ માનીને પુણ્યના પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિ આદિ એ પરિણામથી જુદો છું એમ ન જાણતાં, એ મારા છે એમ માનીને ઈ અભેદપણે એમાં વર્તે છે તે કર્તા અજ્ઞાની વિકારનો કર્તા માને છે.

અને તે કર્મ તે મારાથી કરાયેલું છે આ. વિકારભાવ મારાથી કરાયેલા છે. એવું ભાસે છે એ અજ્ઞાનીનું કર્મ છે, એનું કાર્ય છે. એ અજ્ઞાનીનું બીજું કોઈ કાર્ય નહિ એમ કહે છે અહીં. એ આવે છે ને? '**विकल्पकः कर्ता**' વિકલ્પનો કરનાર એ કર્તા. બીજું વિકલ્પ .. તે કર્મ. બસ. એ કર્મ છે. સમજાય છે કાંઈ? અજ્ઞાની વિકલ્પનો કર્તા જે રાગનો કર્તા તે કર્તા અને વિકલ્પ તેનું કામ. કર્મ નામ કાર્ય. અજ્ઞાની વિકલ્પ સિવાય કોઈ કાર્ય કરી શકતો નથી. ..ભાઈ! ... છેલ્લા શ્લોક છે ને. ... ..

વિકલ્પ કરનાર જ કેવળ કર્તા. જુઓ! ૨૩૬ ને ૨૫૫ કળશ છે. ૨૫૫ કળશ. આખો સાર. '**विकल्पकः परं कर्ता, विकल्पकः कर्म केवलं**' (કળશ-૯૫) જુઓ કેવલ શબ્દ. ... શું કહે છે? કે વિકલ્પ કરનાર કેવળ કર્તા છે. શુભ અને અશુભ જે રાગ એ કરું છું એ જ એનો કર્તા છે. ઘણા પાછા એમ કહે કે કર્મનો ઉદય જ એનો કર્તા છે એમ નહિ. શુભઅશુભરાગ કરું છું, આ કરું છું એ એનો કર્તા. એ કરું છું એમાં કર્મ ઉદય એનો વિકારનો કર્તા (એમ નહિ), સમજાય છે કાંઈ? કર્મનો ઉદય છે એ વિકલ્પનો કર્તા એમ નહિ. એના અંદર ચિદાનંદ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવનું સાવધાનપણું ચૂકી એથી તે રાગના કલ્પના વિકલ્પમાં કર્તા થાય છે એ જ એનો કર્તા છે. એ વિકાર ... પોતાનું નથી. પોતાનું નથી એટલે .. વિકારી ભાવ છે એ. જીવનો ભાવ એ હોય તો એ વિકલ્પનો કર્તા થઈ શકે. તો તો એનો સ્વભાવ કર્તા થાય. પોતાનો સ્વભાવ નથી અને વિભાવ છે તેનો કર્તા

થાય માટે તેનો કર્તા એ છે. ખરેખર જીવનો સ્વભાવ રાગ છે જ નહિ. સમજાય છે કાંઈ? જીવના પરિણામ એ ખરેખર રાગ એના પરિણામ જ નથી.

એમ કહ્યું કે અભવિને જ્ઞાન પરિણતિ જ નથી એમ કહ્યું. જ્ઞાનની પરિણતિ નથી અભવિને. કેમકે પરિણતિ એને કહીએ કે જે જ્ઞાનાનંદ સહજાનંદ તરફ વળીને સમ્યગ્જ્ઞાનની દશા થાય તો એ જ્ઞાનની પરિણતિ કહેવાય. સમજાય છે કાંઈ? પર તરફના વલણવાળું અગિયાર અંગ અને નવ પૂર્વનું જ્ઞાન એ પર્યાય જીવની પરિણતિ નહિ. અમરચંદભાઈ! પરમાત્મપુરાણમાં છે. આ તો ન્યાયથી કહીએ છીએ ને. પરમાત્મપુરાણમાં એ શબ્દ પડ્યો છે. દિપચંદજી. ... ભાષા ફેરવી. ભાષા બીજી છે. પણ એને જ્ઞાન છે એ જ્ઞાનની પરણતિ જ નહિ. કીધું ને, પોતાની પરિણતિ જ નહિ. સમજાય છે કાંઈ? બાપુ! અંતરના માર્ગની વીતરાગની સિદ્ધ થયેલી વાત છે. પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માએ એ આત્મા '**सव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो णिच्चं**' આવે છે ને સમયસાર (ગાથા-૨૪). '**सव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो णिच्चं**' એ તો ઉપયોગલક્ષણવાળો જીવ છે. ભગવાને દીઠો છે. એમ જીવ પોતે પોતાને જ્ઞાનલક્ષણના ઉપયોગવાળો જોવે તો તેણે આત્માને જોયો અને જાણ્યો કહેવાય છે. સમજાય છે કાંઈ?

.... '**सव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो णिच्चं**' ભગવાને તો એમ કહ્યું છે ને, પ્રભુ! સર્વજ્ઞદેવ એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકના જ્ઞાનપણે પરિણમન જેને વર્તે છે એ પરિણમનમાં ભગવાને તો એવું જોયું છે કે આ તો જ્ઞાન-દર્શન ... એમાં વિકલ્પ અને રાગ એનું સ્વરૂપ છે નહિ. એમ જે જોવે કે હું તો જ્ઞાનસ્વરૂપ એકલો ચિદાનંદ છું. તો સર્વજ્ઞે દીઠો એવો એ દેખે ત્યારે તેને સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? મૂળચંદભાઈ! આવી વાત છે ભાઈ! આ વીતરાગના ઘરની વાત છે હોં! તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમેશ્વર પરમાત્મા એણે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા એણે આત્માને આવો જોયો. સમજાય છે કાંઈ?

એ અહીં કહે છે વિકલ્પ કરનાર કેવળ કર્તા. કેવળ કર્તા. એકાંત નથી થતું? કથંચિત્ કર્મનો ઉદય કર્તા, કથંચિત્ આત્મા કર્તા તો અનેકાંત કહેવાય. પંડિતજી! પંડિતજીની સામે બહુ પ્રશ્ન આવ્યા હતા એવા. અહીં કેવળ લીધું. પાઠ શું છે? વિકલ્પં પરં કર્તા. કેવળ એ તો કર્તા. એકાંત કર્તા, એકલો કર્તા, એકાંત કર્તા. બીજો કથંચિત્ કર્તા અને આ કથંચિત્ કર્તા એવું સ્વરૂપ છે નહિ. વસ્તુ એવી નથી. સમજાય છે કાંઈ?

અને વિકલ્પ જ કેવળ કર્મ છે. બીજો શબ્દ છે. એ રાગ મારું એવો જે વિકલ્પ જ અજ્ઞાનીનું કાર્ય છે. અજ્ઞાનીનો આ વેપાર-ધંધો કરે, શરીર-વાણીની ક્રિયા એ અજ્ઞાનીનું કાર્ય

નહિ. ..ભાઈ! તમારે હિરા-માણેકને ફેરવે અને ... અજ્ઞાનીનું એ કાર્ય નહિ. કેવળ કર્મ. કેવળ કર્મ એમ. બીજું કાંઈ નહિ. બીજો કોઈ કર્તા નથી. જે જીવ વિકલ્પસહિત છે એનું કર્તાપણું કદી નાશ થતું નથી. કહે છે કે રાગનો કર્તા થઈને રાગપણે પોતાને માને છે ત્યાં સુધી તે કર્તા અને તેનું કર્મ રાગ છે. સમજાય છે કાંઈ?

એ અહીં કહે છે. '**જે ક્રિયમાણપણે અંતરંગમાં ઉત્પન્ન થતાં પ્રતિભાસે છે, એવા ક્રોધાદિક તે,...**' એટલે વિકારી પરિણામ તે જ અજ્ઞાનીનું કર્મ નામ કાર્ય છે. પહેલું જ્ઞાનીનું કામ આવી ગયું. આ અજ્ઞાનીનું. પહેલું.. આવી ગયું કે આત્મામાં જ્ઞાન અને આત્મા. જ્ઞાન અને આત્મા બેને અભેદ દેખતો. બેને જુદા ન પાડતો અંતરમાં એકાકાર થતો જ્ઞાનક્રિયા જે થાય છે તે સ્વભાવભૂત છે. તેને નિષેધવામાં આવતી નથી. ધર્મપર્યાય છે. એ જ્ઞાનીની પર્યાય છે, ધર્મીની એ ક્રિયા છે. ધર્મીની જ્ઞાન અને આત્મા, જ્ઞાન આ જાણે... જાણે... જાણે... જાણે... જાણે... જાણે તે આત્મા. હું.. હું.. ને હું એમ બેમાં આંતરો-ભેદ ન પાડતા, સાંભળીને ... જોશો. બે એક છે એમ અંતરમાં જતાં હું તે આ છે આત્મા, જ્ઞાન તે આ આત્મા એમ જતાં જે જ્ઞાનની એકાકાર ક્રિયા થાય તેને સ્વભાવિક ક્રિયા, ધાર્મિક ક્રિયા ભગવાને કીધી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ બીજો કર્તા નહિ એનો. એમ બીજું એનું કર્મ નહિ. જ્ઞાની કર્તા જ્ઞાનની ક્રિયાનો અને જ્ઞાનની ક્રિયા તે જ્ઞાનીનું કર્મ. જ્ઞાનીનું કર્મ વ્યવહાર વચ્ચે આવ્યો એ જ્ઞાનીનું કર્મ એમ નહિ. સમજાય છે કાંઈ?

ધર્મી-સમ્યગ્દૃષ્ટિ આત્મા ચૈતન્ય સ્વરૂપ છું, હું તો આનંદમૂર્તિ છું એવું જ્યાં ભાન થયું તો કહે છે કે જ્ઞાનની ક્રિયા, શ્રદ્ધાની ક્રિયા, શાંતિની ક્રિયા એ ક્રિયા એની, એનો એ કર્તા, અને એ એનું કર્મ. રાગાદિની ક્રિયા એની નહિ, રાગાદિનું કર્મ એનું નહિ, રાગાદિનો એ કર્તા નહિ. સમજાય છે કાંઈ? ... કાંઈ કરતો નથી. કરે છે શું? એ સ્વભાવને ભૂલીને જે વિકલ્પ ઉઠ્યો છે એના પણે પરિણમીને કર્તા થાય છે. અને એ વિકલ્પ ને રાગ તેનું કર્મ અને કાર્ય છે. એ સિવાય ત્રીજી કોઈ ચીજ એની પાસે નથી. ...ભાઈ! એય.. મહેન્દ્રભાઈ! શું કહે છે આ? તમારા મકાન, હીરા, માણેક બીજું હરામ એની પાસે હોય તો એમ કહે છે. એની પાસે હોય તો એ વિકલ્પનું કાર્ય જે થયું તે તેનું કામ અને તેનો તે કર્તા. તે તેની ક્રિયા. બસ! આમાં સમાઈ ગયો આત્મા. અજ્ઞાનીનો હોં! શોભાલાલજી!

જ્ઞાનીનો આત્મા જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ હું છું એવી જે દૃષ્ટિ થઈને જે જ્ઞાનની ક્રિયા થઈ એ ક્રિયા તેનું કાર્ય, એ એની ક્રિયા અને એનો એ કર્તા. એ એમાં સમાઈ ગયું. એ અહીં

કહે છે. **'આ પ્રમાણે અનાદિ કાળની અજ્ઞાનથી થયેલી...'** ભાષા જુઓ! **'અનાદિ કાળની અજ્ઞાનથી થયેલી...'** કર્મથી થયેલી, ફલાણાથી થયેલી વાતને યાદ પણ કરી નથી. ભગવાન 'અપને કો આપ ભૂલ કે હૈરાન હો ગયા.' સચ્ચિદાનંદ પ્રભુ અનાકુળ આનંદના રસનો કંદ પ્રભુ એ પોતાને ભૂલી અનાદિ અજ્ઞાનથી, **'અનાદિ કાળની અજ્ઞાનથી થયેલી...'** અજ્ઞાનથી થયેલી. કર્મથી થયેલી, ફલાણાથી થયેલી એમ વસ્તુમાં છે નહિ. **'આ (આત્માની) કર્તાકર્મની પ્રવૃત્તિ છે.'**

**'અનાદિ કાળની અજ્ઞાનથી થયેલી આ (આત્માની)...'** કર્તા અને કાર્ય, કારણ અને કાર્યની પ્રવૃત્તિ અજ્ઞાનીની છે. સમજાણું આમાં? ... બહુ હુશિયાર હોય ને ... શકે, પૈસાને સંઘરી શકે. જેને આપ્યા હોય એને રાખી શકે, બરાબર જાળવી શકે. કપડા ૨૫-૨૫ જાતના સાડલા હોય એને બરાબર ઘડી વાળીને સરખી રીતે રાખી શકે. કહે છે, ના ના. હરામ એ રાખી શકે તો. એમ કહે છે. સમજાણું કાંઈ? એ રાંધી શકે સરખું. હુશિયાર માણસ હોય ને તો રાંધવાની ક્રિયા એનાથી સારી થાય. ત્રણ કાળમાં ન થાય કહે છે. એ કાળે એનો વિકલ્પ છે કે આ હું કરું છું એ વિકલ્પનો એ કર્તા અને વિકલ્પ તેનું કાર્ય. આ એની હદમાં રહી વાત. એની હદમાં આ છે.

**'આ પ્રમાણે અનાદિ કાળની...'** ભગવાન આત્માને ભૂલી **'અજ્ઞાનથી થયેલી આ (આત્માની) કર્તાકર્મની પ્રવૃત્તિ છે. એ રીતે પોતાના અજ્ઞાનને લીધે...'** પાછું ફરીને લીધું. સંસ્કૃત છે હોં ઈ. **'આ રીતે પોતાના અજ્ઞાનને લીધે...'** જ્ઞાન છે, આનંદ છે એના ભાન વિના કર્તાકર્મભાવ વડે **'કર્તાકર્મભાવ વડે...'** વિકારી પરિણામનો કર્તા થઈ, વિકારી પરિણામના કાર્ય વડે **'ક્રોધાદિમાં વર્તતા...'** અજ્ઞાની વિકારના પરિણામમાં વર્તતો. **'આ આત્માને,...'** અહીં વાંધા ઉઠાવે જુઓ. આત્મા છે ને અહીં તો. ..માં નથી આવતો. આત્માને થાય છે એટલે આત્મામાં. ... જોડે એકક્ષેત્રાવગાહ થાય છે. એની અંદરમાં ગરી જાતું નથી. એક ક્ષેત્રે છે. કોઈ કોઈના કર્તા નથી. એ કર્મની પર્યાયનો કર્તા આત્મા નથી અને રાગનો કર્તા એ કર્મ નથી. સૌ પોતાને કારણે એક ક્ષેત્રમાં રહ્યા છે. બસ એટલી વાત છે.

**'તે જ ક્રોધાદિની પ્રવૃત્તિરૂપ પરિણામને નિમિત્તમાત્ર કરીને...'** એ વિકારરૂપ પરિણામના પ્રવૃત્તિરૂપ ભાવને નિમિત્ત તરીકે એટલે છે એટલું હોં. નિમિત્ત તરીકે એટલે આ થયા માટે કર્મને થવું પડ્યું એમ નહિ. વિકારના પરિણામ કર્યા માટે કર્મને થવું પડ્યું એમ નહિ. તો તો એ કર્તાકર્મ થઈ ગયું. **'ક્રોધાદિની પ્રવૃત્તિરૂપ પરિણામને...'** અજ્ઞાનીના નિમિત્તરૂપે છે. ભાષા કેવી છે. **'નિમિત્તમાત્ર કરીને...'** આ બધા વાંધા હતા. નિમિત્તમાત્ર. નિમિત્ત

કરીને થાય, નિમિત્ત માનીને થાય લ્યો આ. પાટણીજી! કહે છે, ત્યાં વિકારી પરિણામનો કર્તા અને કર્મ ... એટલું નિમિત્ત. નિમિત્ત એટલે છે માટે અહીં થાય છે એમ નહિ. આ છે. નિમિત્ત કરીને.

'**પોતે પોતાના ભાવથી જ પરિણમતું...**' દેખો. નવા કર્મ પોતાના પોતે પોતાના ભાવથી પર્યાયથી થતું. '**પૌદ્‌ગલિક કર્મ એકઠું થાય છે.**' રાગને કારણે નહિ. આણે રાગ કર્યો, વિકાર કર્યો માટે કર્મને એકઠું થવું પડ્યું એમ નહિ. '**પોતે પોતાના ભાવથી...**' છે ને? ત્યાં એ છે. '**स्वयमेव परिणममानं पौद्गलिकं**' જુઓ! .. ખબર છે. આ લખ્યું, '**स्वयमेव**' '**स्वयमेव**' એટલે? અપને રૂપ. પોતાથી સ્વતંત્રપણે એમ નહિ. અહીં '**स्वयमेव**' પુદ્‌ગલની પર્યાય કર્મરૂપે રાગ ને વિકારની નિમિત્તની અપેક્ષા રાખ્યા વિના, અપેક્ષા રાખ્યા વિના (થાય છે). અપેક્ષા રાખે તો આ છે તો થાય એમ નથી. સમજાય છે કાંઈ? પુદ્‌ગલની કર્મરૂપી પર્યાય સ્વયમેવ પોતે પોતાથી પરિણમીને કર્મરૂપે થાય છે. સમજાણું કાંઈ?

'**પોદ્‌ગલિક કર્મ એકઠું થાય છે.**' જુઓ! રાગ કરે છે તો કર્મ થાય છે. .. સમજાણું? ... રાગ કર્યો તો અહીંયાં થયું. બિલકુલ નહિ. રાગ ન કરે તો ત્યાં કર્મ ન થાય. એટલું તો ત્યાં કર્તાપણું સંભવે છે. બિલકુલ નહિ. સમજાય છે કાંઈ? શું કહ્યું સમજાય છે આમાં? તમે રાગ કર્યો. રાગ કર્યો માટે કર્મને થવું પડ્યું એમ નહિ. રાગ કર્યો એટલું નિમિત્તપણું. બસ. અને કર્મ પોતે પોતાને કારણે પરિણમે છે એ સ્વતંત્ર એની નૈમિત્તિક ક્રિયા છે. આ રાગ થયો માટે. આ રાગ ન કરે તો ન થાત. એ પ્રશ્ન જ નથી અહીં. સમજાય છે કાંઈ? પુણ્ય-પાપના ભાવ અજ્ઞાની કર્તા થઈ કરે. બસ એટલું. પરમાણુઓ કર્તા થઈ કર્મરૂપી અવસ્થાને ધારે. બસ, એટલી વાત. પોતપોતાને કારણે. આને કારણે એ નહિ અને એને કારણે આ નહિ. ધન્નાલાલજી! વિકાર ન કર્યો હોત તો કર્મ ન થાત કે નહિ? માટે વિકાર થયો માટે કર્મ થયું. એમ નથી ભાઈ! એ વખતે જે પરમાણુઓ કર્મરૂપી અવસ્થા થવા લાયક હતા એ પોતાથી થયા છે. સ્વયમેવ શબ્દ પડ્યો છે. પરની અપેક્ષા વિના સ્વયમેવ નિરપેક્ષ પોતપોતાની મેળે થાય છે. એ પુદ્‌ગલની પર્યાયનો કર્તા રાગી અજ્ઞાની નહિ. એ કર્મબંધનની પર્યાયનો કર્તા અજ્ઞાની રાગી નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? આત્મા કર્મ કરે, આત્મા કર્મ ભોગવે. અહીં તો ના પાડે છે. આત્મા કર્મ કરે નહિ અને આત્મા કર્મ કોઈ દી ભોગવે નહિ. કર્મ કર્મને કારણે થાય અને કર્મ કર્મને કારણે ભોગવાઈ જાય. એનો પર્યાય આત્મા ભોગવે એમ છે નહિ.

'**આ રીતે જીવ અને પુદ્‌ગલનો,...**' ત્રીજો સંબંધ હવે આવ્યો. પહેલો હતો જ્ઞાન અને આત્મા તાદાત્મ્ય સંબંધ. તાદાત્મ્યસિદ્ધ સંબંધ. જ્ઞાન એટલે .. જ્ઞાન અને આત્મા

તાદાત્મ્યસિદ્ધ સંબંધ અને પછી વિકાર અને આત્મા સંયોગસિદ્ધ સંબંધ. ત્રીજો. હવે ત્રીજો સંબંધ આવે છે આ. બે કીધા. ત્રીજો આવે છે. '**આ રીતે જીવ અને પુદ્ગલનો પરસ્પર અવગાહ જેનું લક્ષણ છે...**' પરસ્પર એક જગ્યાએ રહેવું એ એનું સ્વરૂપ છે. '**એવા સંબંધરૂપ બંધ સિદ્ધ થાય છે.**' એવા સંબંધરૂપ બંધ સિદ્ધ થાય છે. આ ત્રીજો. જ્ઞાન અને આત્મા એકાકાર એ તાદાત્મ્ય સંબંધ. એ વસ્તુની સ્થિતિ. આત્મા અને રાગનો સંયોગીસિદ્ધ સંબંધ ... માટે. અને આત્મા અને કર્મ એકક્ષેત્રાવગાહ સંબંધ. '**એવા સંબંધરૂપ બંધ સિદ્ધ થાય છે.**'

.. આવ્યા હતા ને. .. અહીં જ્ઞાન, આનંદ આદિ લેવું છે. જ્ઞાન .. થયું છે ને પ્રગટ. એટલે જ્ઞાનથી પરમભાવથી વાત કરી. આત્મા અને જ્ઞાન બેને તાદાત્મ્યસિદ્ધ સંબંધ હોવાથી ધર્મી જ્ઞાન અને આત્માને જુદા ન દેખતા બેને અભેદપણે દેખીને જ્ઞાનમાં એકાકાર થઈને સ્વભાવિક ક્રિયા થાય છે. એ જ્ઞાન એટલે ગુણ અને ગુણી તેનો તાદાત્મ્યસિદ્ધ સંબંધ. ગુણી અને ગુણ એવો જે આત્મા એને વિકારી પરિણામનો સંયોગસિદ્ધ સંબંધ. ગુણ અને ગુણીનો તાદાત્મ્યસિદ્ધ સંબંધ અને ગુણના સ્વભાવમાં વિકારનો સંયોગસિદ્ધ સંબંધ અને વિકાર અને કર્મનો એકક્ષેત્રાવગાહરૂપ સંબંધ. અવગાહ જેનું લક્ષણ એવો સંબંધરૂપ બંધ સિદ્ધ થાય છે. આ ત્રણ પ્રકારના સંબંધનું વર્ણન કર્યું. સમજાય છે કાંઈ? આ મહાસિદ્ધાંતો છે આ તો હોં!

એક જગ્યાએ શું કીધું? અજ્ઞાની રાગ જે કરે છે ભાવ-ભાવબંધ. સમજાય છે? પરમાણુઓમાં જે રજકણની પર્યાય છે એ દ્રવ્યબંધ. એનો એકક્ષેત્રાવગાહ તે ઉભય બંધ. '**પરસ્પર અવગાહ જેનું લક્ષણ છે એવા સંબંધરૂપ બંધ સિદ્ધ થાય છે.**' ત્રણ થયું ત્રણ. '**અનેકાત્મક હોવા છતાં...**' શું કહે છે હવે? વસ્તુ જુદી, કર્મ અને વીતરાગી પરિણામ એવો આત્મા. .. એટલે વસ્તુ જુદી હોવા છતાં, એક સ્વભાવપણે હોવાથી, અનાદિથી એક સ્વભાવપણે હોવાથી, '**જેમાંથી ઈતરેતરાશ્રય દોષ દૂર થયો છે...**' એવો તે બંધ. કર્તાકર્મની પ્રવૃત્તિનું નિમિત્ત ... કર્મનો ઉદય હતો અને અહીં વિકાર થયો, વિકાર થયો તેથી કર્મ બંધાણું એવું કાંઈ છે નહિ. કેમકે એ પરાશ્રયે ઉઠે છે. સ્વતંત્ર વિકાર થયો પૂર્વનો કર્મનો ઉદય હતો. સ્વતંત્ર વિકાર કર્યો અને નવી પર્યાય બંધાણી, નવીની સાથે સંબંધ છે. નિમિત્ત-નૈમિત્તિક નવીની સાથે છે. સમજાય છે? એટલે આને લઈને આ અને આને લઈને આ એવો દોષ આમાં આવતો નથી. ...

ટોડરમલજી. ટોડરમલજીએ આધાર લીધો છે. અનાદિ કર્મને સિદ્ધ ગણીને, બંધને સિદ્ધ ગણીને વિકાર .. વિકાર.. ભવબંધ થાય છે. કર્તાકર્મની પ્રવૃત્તિનું નિમિત્ત વિકારી પરિણામ તે મારું કાર્ય અને હું એનો કર્તા એનું નિમિત્ત તો અજ્ઞાન છે. એ અજ્ઞાન તેનું નિમિત્ત છે.

વળી એ બંધ છે એ અજ્ઞાનનું નિમિત્ત છે. બંધ થયો ને? અજ્ઞાન કરે તો બંધનું નિમિત્ત થયો છે. અજ્ઞાન બંધનું નિમિત્ત અને બંધ વળી અજ્ઞાનનું નિમિત્ત. સમજાય છે કાંઈ? નિમિત્તનો અર્થ-એ છે. '**કર્તાકર્મની પ્રવૃત્તિનું નિમિત્ત એ અજ્ઞાન તેનું નિમિત્ત છે.**'

'**ભાવાર્થ :- આ આત્મા, જેમ પોતાના જ્ઞાનસ્વભાવરૂપ પરિણમે છે...**' જુઓ આવ્યું. ભગવાન આત્મા જ્ઞાનના પોતાના સ્વભાવપણે થાય '**તેમ જ્યાં સુધી ક્રોધાદિરૂપે પણ પરિણમે છે,...**' જ્યાં સુધી રાગ મારો છે એમ પરિણમે. પર્યાયબુદ્ધિ. રાગાદિ વિકલ્પ તે મારો છે એમ .. થાય. '**જ્ઞાનમાં અને ક્રોધાદિમાં ભેદ જાણતો નથી,...**' જ્ઞાનમાં અને રાગ બે વચ્ચે જુદાઈ જાણે નહિ. '**ત્યાં સુધી તેને કર્તાકર્મની પ્રવૃત્તિ છે;...**' ત્યાં સુધી અજ્ઞાનીને આ પ્રમાણે કર્તાકર્મનો ભેદ પ્રવૃત્તિ છે. સમજાય છે કાંઈ?

'**ક્રોધાદિરૂપ પરિણમતો તે પોતે કર્તા છે...**' વિકારપણે થનારો તે કર્તા છે, વિકારપણે થનારો તે કર્તા છે. અને વિકારથી થયું તે તેનું (કર્મ છે). '**વળી અનાદિ અજ્ઞાનથી તો કર્તાકર્મની પ્રવૃત્તિ છે,...**' અજ્ઞાનથી કર્તાકર્મની પ્રવૃત્તિ છે. જ્ઞાનમાં પર સાથે કર્તાકર્મની પ્રવૃત્તિ હોઈ શકે નહિ. '**કર્તાકર્મની પ્રવૃત્તિથી બંધ છે...**' તે અજ્ઞાનથી કર્તાકર્મને કારણે ત્યાં બંધ છે. '**અને તે બંધના નિમિત્તથી અજ્ઞાન છે;...**' અરસપરસ. '**એ પ્રમાણે અનાદિ સંતાન (પ્રવાહ) છે, માટે તેમાં ઈતરેતર-આશ્રય દોષ પણ આવતો નથી.**'

હવે '**આ રીતે જ્યાં સુધી આત્મા ક્રોધાદિ કર્મનો કર્તા થઈ પરિણમે છે ત્યાં સુધી કર્તાકર્મની પ્રવૃત્તિ છે અને ત્યાં સુધી કર્મનો બંધ થાય છે.**' '**હવે પૂછે છે...**' ... '**આ કર્તાકર્મની પ્રવૃત્તિનો અભાવ ક્યારે થાય છે?**' હવે આ અજ્ઞાન ટળે ક્યારે અને કર્તાકર્મપણું ટળે ક્યારે? ... આ રીતે ભગવાન આત્મા પોતાના સ્વભાવને ભૂલી, તાદાત્મ્ય ગુણને, દ્રવ્યને ભૂલીને અને જેમાં નથી એવા વિકારને પોતાપણે માની અને એનો કર્તા થઈને તેનું કાર્ય તે અજ્ઞાનભાવે માને છે તેથી તેને નવા કર્મનો બંધ નિમિત્તરૂપે હોય છે. મહારાજ! જુઓ! એ અમૃતચંદ્રાચાર્યે શૈલી ઉપાડી છે હોં.

'**कदाऽस्याः कर्तृकर्मप्रवृत्तेर्निवृत्तिरिति**' જિજ્ઞાસા સિદ્ધ કરે છે. એમ ને એમ કહેવા નથી માગતા એમ કહે છે. એમ ને એમ અમે આ કહેવા નથી માગતા. એને એવી જિજ્ઞાસા છે.. જુઓ, આ એવા શ્રોતાને કહેવા માગે છે એમ આચાર્ય કહે છે. એમ ને એમ અમે આ કહેવા માગીએ છીએ અને આમ છે એમ નહિ. જેને જિજ્ઞાસા છે કે, પ્રભુ! આ કર્તાકર્મની પ્રવૃત્તિની નિવૃત્તિ શી રીતે થાય? નિવૃત્તિનો ન્યાય શું? નિવૃત્તિનું પ્રમાણ શું? '**कदाऽस्याः कर्तृकर्मप्रवृत्तेर्निवृत्तिरिति**' છે? '**કર્તાકર્મની પ્રવૃત્તિનો અભાવ ક્યારે થાય છે? તેનો ઉત્તર કહે છે :-**' એવી શૈલી લીધી અમૃતચંદ્રાચાર્યે. જેને કર્તાકર્મ સંભળાવ્યું, એના ખ્યાલમાં

આવ્યું ત્યારે એને એમ થયું કે ... અભાવ થાય કેમ? એવી જેને જિજ્ઞાસા છે એવા શ્રોતાને માટે આ ઉત્તર છે એમ કહે છે.

શ્રીમદ્ પ્રશ્ન-ઉત્તર .. એ ઢબ લીધી છે અહીં. પ્રશ્ન કરનાર જાણે પૂછતો હોય અને ઉત્તર એને દેતા હોય. કસ્ય-ક્યારે. કર્તાકર્મની પ્રવૃત્તિનો અંત અભાવ ક્યારે થાય? એના આત્મામાંથી એને જિજ્ઞાસા આવી છે. અરે..! અનાદિથી આ વિકારી પરિણામનું કર્તાપણું પરિણમન, એ મારું કાર્ય.. ..ભાઈ! એને કહે છે ઉત્તર દેવામાં આવે છે. વેઠિયાની પેઠે સાંભળવા આવ્યા હોય એને દેવામાં આવતો નથી. એમ કહે છે. વેઠિયા સમજો છો? વેઠ-વેઠ નથી કરતા? વેઠ. વેઠ નથી કરતા? .. આવે ને સરકાર. ચાલો ચાલો આટલું કામ કરવા. ... કરે. ફોજદાર આવે ને ચાલો આ ગાડી... તમારે ... કરો. પૈસા-બૈસા દેવાનું કાંઈ નહિ. મફતની મજૂરી. એમ અહીંયાં વેઠ એટલે જેને આ સમજવાની જિજ્ઞાસા નથી એને સમજાવવામાં આવતું નથી એમ કહે છે. સાંભળો. ... સાંભળો. આચાર્યદેવ કહે છે, સાંભળો. એમ કરીને બહુ વિસ્તાર લીધો છે. સાંભળનારને આવી પાત્રતા હોય છે એને સાંભળો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અરે..! આ દોષ કેમ ટળે? સમજાય છે કાંઈ? અને દોષ ટળીને અમને લાભ ક્યારે થાય? આ એ પ્રશ્ન શિષ્યનો છે. એને આ કહેવામાં આવે છે.

**जइया इमेण जीवेण अप्पणो आसवाण य तहेव।**
**णादं होदि विसेसंतरं तु तइया ण बंधो से।।७१।।**

નીચે હરિગીત.

**આ જીવ જ્યારે આસ્રવોનું તેમ નિજ આત્મા તણું,**
**જાણે વિશેષાંતર, તદા બંધન નહીં તેને થતું. ૭૧.**

‘**ટીકા :- આ જગતમાં વસ્તુ છે તે સ્વભાવમાત્ર જ છે,...**’ સમજાણું? કોઈપણ વસ્તુ હોય તે સ્વભાવમાત્ર વસ્તુ હોય. સ્વભાવથી ઓળંગીને એ ચીજમાં બીજું હોઈ શકે નહિ. વસ્તુ વસ્તુનો સ્વભાવ, વસ્તુ વસેલી. વસ્તુ વસેલી શક્તિઓનો સ્વભાવમાત્ર. વસ્તુની વ્યાખ્યા છે ને? ગોમ્મટસારમાં છે વસ્તુની વ્યાખ્યા. વસ્તુ કોને કહેવી? જેમાં વસેલી શક્તિઓ તેને વસ્તુ કહીએ. ગોમ્મટસારમાં ... વસ્તુ કોને કહીએ? મૂળ શ્લોક. વસ્તુ નામ એમાં વસેલી, રહેલો સ્વભાવ તેને વસ્તુ કહીએ. વાસ્તુ કોને કહીએ? કે કોઈપણ મકાન હોય તો એને વાસ્તુ કહીએ. કાંઈ જંગલમાં વાસ્તુ કરાય? શેઠી! એમ વસ્તુ કોને કહીએ? કે જેમાં સ્વભાવ વસેલો છે તેને વસ્તુ કહીએ. સમજાય છે કાંઈ?

‘**આ જગતમાં...**’ જગત સિદ્ધ કર્યું. એમાં વસ્તુ જે છે તે પોતાના સ્વભાવમાત્ર જ છે. એકલો સ્વભાવમાત્ર જ વસ્તુ છે. વસ્તુ કીધી સ્વભાવવાન. વસ્તુ કીધી સ્વભાવવાન.

એ વસ્તુ સ્વભાવમાત્ર જ છે. એ એનો સ્વભાવ. '**અને સ્વનું ભવન તે સ્વભાવ છે...**' એ સ્વભાવ છે તેનું થવું તેનું નામ સ્વભાવ. જેવો સ્વભાવ તેનું પરિણમવું તેનું નામ સ્વભાવ. વસ્તુ એ સ્વભાવવાન, એનો સ્વભાવ માત્ર વસ્તુ અને સ્વનું ભવન છે એ પર્યાય. એ સ્વભાવનું ભવન થવું, પરિણમવું થવું એ વસ્તુનો સ્વભાવ.

'**સ્વનું ભવન તે સ્વભાવ છે...**' ભાષા દેખો. સ્વભાવ. સ્વનું ભવન. પોતાનું જે થવું, પોતાનું પરિણમવું તે સ્વભાવ છે. એ તો એક સિદ્ધાંત સિદ્ધ કર્યો. વસ્તુ સિદ્ધ કરી, વસ્તુનો સ્વભાવમાત્ર સિદ્ધ કર્યો અને સ્વભાવનું પરિણમન પર્યાય એ ત્રણ વાત સિદ્ધ કરી. દ્રવ્ય, ગુણ અને પર્યાય. વસ્તુ એ સ્વભાવમાત્ર છે અને સ્વનું પરિણમવું તે તેનો સ્વભાવ. એ સ્વનું પરિણમવું તે તેનો સ્વભાવ પાછો એમ. એકલો સ્વભાવ કાયમ રહે. પરિણમવું થાય તે તેનો સ્વભાવ. સમજાય છે કાંઈ?

'**માટે નિશ્ચયથી જ્ઞાનનું થવું-પરિણમવું તે આત્મા છે...**' ભાષા દેખો! એ સિદ્ધાંત મૂકીને હવે આત્મામાં ઉતારે છે. માટે ખરેખર જ્ઞાનનું પરિણમવું, આનંદનું પરિણમવું, શાંતિનું પરિણવું એ જ્ઞાન સાથે બધા ગુણો છે. એ જ્ઞાનનું પરિણમવું તે આત્મા છે. સમજાણું કાંઈ? જાણક સ્વભાવ એ વસ્તુ અને એ વસ્તુ જાણકસ્વભાવપણે થાય, જાણવા-દેખવા-આનંદપણે થાય તે તેનું પરિણમવું તે વસ્તુ છે. તેને આત્મા કહીએ. દેખો, અહીં પરિણમવું તે આત્મા. સંવર-નિર્જરાની શુદ્ધ પર્યાયપણે પરિણમે તે આત્મા એમ કહે છે અહીં. સ્વભાવ જે જ્ઞાન, દર્શન, આનંદ જે છે સ્વભાવવાનનો સ્વભાવ એ જ સ્વભાવનું પરિણમવું, શુદ્ધપણે પરિણમવું, એ શુદ્ધપણે પરિણમવું તે આત્મા. એટલે પર્યાય સહિત આને આત્મા કીધો. એ જાત છે તે પણે પરિણમે તો એ આત્મા. સમજાણું કાંઈ?

... એનો સ્વભાવ છે આત્માનો જાણવાનો, એ રૂપે પરિણમે, એ રૂપે થાય, એ દશા રૂપે થાય એને આત્મા કહીએ. સમજાણું કાંઈ? તેને આત્મા કહીએ. એટલે કે શુદ્ધપણે પરિણમે તેને આત્મા કહીએ. સમજાણું આમાં? ... ... ભાઈ! પરદ્રવ્યનું લક્ષ છોડીને સ્વભાવની ઉપાસના કરનાર શુદ્ધની પર્યાયને વેદે છે તે શુદ્ધની પર્યાયવાળાને આ શુદ્ધ કહેવામાં આવે. વસ્તુ તો શુદ્ધ છે પણ શુદ્ધરૂપે પરિણમે એને આ શુદ્ધ છે એમ કહેવામાં આવે. અશુદ્ધપણે પરિણમે એને શુદ્ધ છે એ તો ખ્યાલમાં આવી નથી વાત. પંડિતજી! છઠ્ઠી ગાથા છે ને. '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो**' ..પરથી ભિન્ન પડી જ્ઞાયકભાવની ઉપાસના કરે છે પર્યાયમાં, શુદ્ધતા પ્રગટ કરે છે તેને આ શુદ્ધ દ્રવ્ય છે એમ કહેવામાં આવે છે. ઉપાસના કર્યા વિના એને દ્રવ્ય શુદ્ધ છે એવું એના ખ્યાલમાં આવતું નથી.

અહીં કહે છે, ઉપાસના છે. ગોદિકાજી! ભગવાનની ઉપાસના એમ નહિ. રાગથી હટી,

નિમિત્તથી ખસી, ભગવાન શુદ્ધ ચૈતન્યદળ છે એની ઉપાસનમાં એકાગ્ર થાય છે તે જીવને .. શુદ્ધ તો શુદ્ધ જ છે. પણ શુદ્ધના ભાન વિના... આ પરિણમ્યું શુદ્ધ ત્યારે આ દ્રવ્ય શુદ્ધ છે એમ થયું. સમજાય છે કાંઈ? અશુદ્ધપણે પરિણમે એને દ્રવ્ય શુદ્ધ છે એમ ક્યાંથી આવ્યું એમ કહે છે. એમ અહીં એ કહે છે. સમજાણું કાંઈ? અંતરની અગમ-નિગમની વાતું છે.

કહે છે, ખરેખર જ્ઞાનનું પરિણમવું. કહે છે, એવું પરિણમવું થવું એ આત્મા છે. એકલો દ્રવ્ય-ગુણ રહે એને આત્મા નહિ. .. હોય અને આ આત્મા દ્રવ્ય-ગુણ શુદ્ધ છે એમ ક્યાંથી આવ્યું? એમ કહે છે. ફરીને. વિકારરૂપે પરિણમે અને આ આત્મા શુદ્ધ છે એ ક્યાંથી આવ્યું તને? જેવી વસ્તુ છે એવું પરિણમન કરે તો તેને આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ નિર્ણય એટલે અનુભવ કરે. નિર્ણય એમ નહિ. એ નિર્વિકલ્પ વેદન કરે તે ઉપાસના. ચંદુભાઈ! ઉપરથી લાડવો મળી જાય એવું નથી ન્યાં ઝટ દઈને. રાગ ને વિકલ્પ ને કર્મના લક્ષને છોડી ત્રિકાળ શુદ્ધ ઉપર લક્ષ કરે ત્યારે પર્યાયમાં શુદ્ધતા આવે એ શુદ્ધતાના વેદન દ્વારા આ શુદ્ધ છે એમ ખ્યાલ આવે. નહિતર ક્યાંથી ખ્યાલ આવ્યો તને? વચન-બચન છે નહિ ત્યાં. .. વચન પણ નહિ અને વિકલ્પ પણ નહિ. ... વસ્તુ એવી છે. સમજાય છે કાંઈ?

જ્ઞાનરૂપ પરિણમવું તે આત્મા છે. જ્ઞાનસ્વરૂપ છે ત્રિકાળ એને આત્મા રાખો ને? આનંદ અને જ્ઞાનસ્વરૂપ વસ્તુ છે તે આત્મા. (એમ) નહિ. એ આત્મા અનુભૂતિપણે પરિણમ્યો ત્યારે એને આત્મા કહેવામાં આવ્યો. સમજાણું કાંઈ? વસ્તુ છે. શુદ્ધ પરિણતિ છે સંવર-નિર્જરા છે. સંવર-નિર્જરા છે. પણ એ સંવર-નિર્જરાપણે પરિણમ્યો ત્યારે તેને આત્મા કહેવામાં આવે છે. આસ્રવ અને રાગપણે પરિણમે તેને આત્મા ન કહીએ એમ કહે છે. સમજાણું કાંઈ? કર્તાનું કર્મ બતાવવું છે ને અહીંયાં. કર્તા એવો ભગવાન શુદ્ધ ચૈતન્ય. એનું પરિણમવું નિર્મળપણે થાય એ એનું કર્મ. ત્યારે તેને આત્મા કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

ખરેખર વસ્તુ સ્વરૂપનું થવું, જ્ઞાન શબ્દે આખો આત્મા. એ આત્માનું પરિણમવું તે આત્મા. '**અને ક્રોધાદિનું થવું-પરિણમવું તે ક્રોધાદિ છે.**' અને વિકારના પરિણમનની રુચિથી વિકાર પરિણમ્યો ત્યાં ક્રોધાદિ છે, ત્યાં આત્મા નથી. શું કહ્યું? ... એનું પરિણમવું, નિર્મળપણે થવું તે આત્મા. અને તેની પરિણમન દશા છોડી અને રાગની પરિણમન દશા રુચિમાં રાગની રુચિએ પરિણમ્યો એને ક્રોધ છે. સ્વભાવ પ્રત્યે વિરોધ છે. એ આત્મા નહિ. સમજાય છે કાંઈ? '**ક્રોધાદિનું થવું-**' કહે છે કે પુણ્ય-પાપનું પરિણમવું એટલે કે વિકારનું થવું એ વિકારસ્વરૂપ છે. એ આત્મા નહિ. અમરચંદભાઈ! ભારે. પુણ્યના પરિણામ .. છે, એની રુચિથી પરિણમે છે તો કહે છે તે વિકાર છે. આત્મા છે નહિ. શેઠી! આહાહા..! '**ક્રોધાદિનું થવું-પરિણમવું**

**તે ક્રોધાદિ છે.**' એટલે સ્વભાવની વિરુદ્ધતામાં વિકારના પ્રેમમાં, વિકારની રુચિમાં, સ્વભાવ પ્રત્યેના વિરોધમાં, સ્વભાવ પ્રત્યેના અણગમામાં, વિભાવના પ્રેમમાં પરિણમવું તે વિકાર છે. આત્મા નથી. સમજાણું કાંઈ? આ તો મહાસિદ્ધાંતો છે.

'**ક્રોધાદિનું થવું-પરિણમવું તે ક્રોધાદિ છે.**' સમજાણું? કારણ. હવે ન્યાય આપે છે. '**જ્ઞાનના થવામાં જેમ જ્ઞાન થતું માલૂમ પડે છે તેમ ક્રોધાદિક પણ થતાં માલૂમ પડતાં નથી;...**' ભગવાન આત્મા જ્ઞાન અને આનંદની મૂર્તિ એવું .. શુદ્ધપણું ભાસે છે, તેમ ક્રોધ પણ ત્યાં ભાસે છે એમ નથી. સમજાણું કાંઈ? ભગવાન પરમાત્મા પોતે એના પ્રેમમાં પરિણમ્યો, એની રુચિમાં પરિણમ્યો એ વખતે જ્ઞાનનું પરિણમવું એવું ભાસે છે, હું શુદ્ધપણે પરિણમું છું એમ ભાસે છે. પણ એ વખતે અશુદ્ધપણે પરિણમવું એમ ભાસતું નથી. સમજાય છે કાંઈ? જ્ઞાની પોતાના સ્વભાવરૂપે પરિણમે છે એ પરિણમવું તેનું કાર્ય અને કર્તા તે તેમ ભાસે છે. પણ એ વખતે રાગરૂપે પરિણમું છું, રાગ મારું કાર્ય છે એમ ભાસતું નથી. સમજાણું કાંઈ?

જ્ઞાનનું પરિણમવું છે તે ક્રોધાદિરૂપ પરિણમવું નથી. જોયું! પહેલા અસ્તિ કીધી. તે જ્ઞાનનું પરિણમવું તે આત્મા અને ક્રોધાદિનું પરિણમવું તે એકલો વિકાર. અને જ્ઞાનનું પરિણમવું તે પરિણમવું છે એ ક્રોધાદિનું પણ પરિણમવું નથી. વિકારના પરિણમનનો ભાસ થાય ત્યાં જ્ઞાનનું પરિણમન નથી. જ્ઞાનના શુદ્ધ પરિણામનો ભાસ થાય ત્યાં વિકારનું પરિણમન નથી. એક રહેશે, બે નહિ રહે એમ કહે છે અહીં તો. આવે છે ને? .. થાય છે ને? .. ઘરે હાલ હવે. મીરાબાઈને કહે છે. સમજાણું? ..રાજા હતો. કહે છે એને, રાણા બીજા ઠેકાણે મિંઢોળ અમારા ન હોય હોં. મિંઢોળ સમજો છો? લગન વખતે નથી બાંધતા ..? ... રાણો કહે છે, હે મીરા! હાલ મારે ઘરે, તને પટરાણી બનાવું. 'પરણી મારા પીયુજીની સાથ બીજાના મીંઢોળ નહિ રે બાંધુ.' હું મારા આત્મા સાથે પરણી, પરમાત્મા સાથે લગન મેં કર્યા. હવે બીજાના મીંઢોળ, બીજાને પતિ ધારું નહિ.

એમ અહીં કહે છે કે ધર્માત્માએ આત્માના આનંદ સાથે લગન કર્યા છે. એ પરિણમન સાથે ત્યાં રાગનું પણ પરિણમન ભેગું બીજું પરનું હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? પતિવ્રતાને પતિ એક જ હોય. એમ શુદ્ધ પરિણતિનો પતિ એક આત્મા જ છે. એને રાગનું પરિણમવું એ જ્ઞાનીને હોતું નથી. શેઠ! ભાષા જુઓ! એક આચાર્યની ટીકાની કેટલી શૈલી છે! .... ત્યાં વિકારપણે પરિણમું છું એ છે જ નહિ.

'**કારણ કે જ્ઞાનના થવામાં જેમ જ્ઞાન થતું માલૂમ પડે છે...**' જ્ઞાન થાય છે. એમ વિકાર પણ થતો માલૂમ પડતો નથી. વિકારપણે પણ થાઉં છું એવું જ્ઞાન હોતું નથી.

આહાહા..! સમજાણું કાંઈ? જ્યાં ધર્મપણે પરિણમન થાય છે ત્યાં ધર્મપણે પરિણમનનું માલૂમ પડે છે. પણ ત્યાં હું અધર્મપણે પરિણમું છું એવું માલૂમ પડતું નથી. એટલે અધર્મપણે ત્યાં હોતું નથી. એમ કહે છે. ..ભાઈ!

જ્ઞાનનું પરિણમવું એટલે થવા કાળે. કાળે. જુઓ શબ્દ. તે કાળે, તે સમયે તેમ જ્ઞાન થતું, ધર્મ થતો, શાંતિ થતી, વીતરાગ પરિણતિ થતી માલૂમ પડે છે. તેમ ક્રોધાદિ પણ થતાં માલૂમ પડતા નથી. તેમ વિકારપણે થાઉં છું એવું પણ છે નહિ તો માલૂમ ક્યાંથી પડે? એમ કહે છે. સમજાણું કાંઈ? રાગાદિ છે ને એનું પણ જ્ઞાનરૂપે પરિણમવું જીવનું છે, રાગરૂપે પરિણમવું નહિ. રાગ જાણેલો પ્રયોજનવાન છે એમ કહ્યું છે ને (બારમી ગાથા)માં. 'તદાત્વે'. અહીં કહે છે કે રાગરૂપે હું પરિણમું છું એવું જ્ઞાનીને છે જ નહિ. અને રાગરૂપે પરિણમું છું, વ્યવહારરૂપે ભાસ્યું તેને જ્ઞાનરૂપે પરિણમવું નથી. સમજાય છે કાંઈ?

જ્ઞાનરૂપે શુદ્ધરૂપે પરિણમવું જ્યાં માલૂમ પડે છે, ખ્યાલ આવે છે, જ્ઞાનમાં ભાસે છે ત્યાં હું રાગરૂપે પરિણમું છું એમ હોતું નથી. માલૂમ પડતું નથી એટલે એમ હોતું નથી. શું કીધી ભાષા સમજાણું કાંઈ? જેમ જ્ઞાન પરિણમવા વખતે કે કાળે જેમ જ્ઞાન એટલે આત્મા પરિણમે છે એમ ભાસે છે, શુદ્ધપણે ભાસે છે તેમ વિકારપણે પણ થતાં, માલૂમ પડતા નથી, ક્રોધાદિ પણ થતાં માલૂમ પડતા નથી. એટલે વિકારપણે રુચિ એની કરીને પરિણમું છું, આની રુચિમાં પરિણમું છું ત્યાં ભેગી આની રુચિપણે પરિણમું છું એવું જ્ઞાનીને હોતું નથી. એટલે કે શુદ્ધ ચૈતન્ય સ્વભાવની દૃષ્ટિ થઈને જ્યાં રાગથી ભિન્ન પડીને ભાન થયું ત્યારે તો એકલું જ્ઞાન અને શુદ્ધનું જ પરિણમન છે. વિકારનું પરિણમન એની પર્યાયમાં છે નહિ. સમજાણું કાંઈ?

**'અને ક્રોધાદિકનું જે થવું-પરિણમવું તે જ્ઞાનનું પણ થવું-પરિણમવું નથી,...'** વિકારપણે થાઉં છું એવો જ્યાં ભાસ છે, ત્યાં આનંદ જ્ઞાનપણે થાઉં છું એ ત્યાં હોતું નથી. ધન્નાલાલજી! ભિન્ન છે. એ છે નહિ. ભેદજ્ઞાન થયું છે. ભેદજ્ઞાન નથી ત્યાં ક્રોધાદિરૂપે પરિણમું છું તેને જ્ઞાનરૂપે પરિણમવું હોતું નથી. વિકારની રુચિપણે પરિણમનારને જ્ઞાનરૂપે પરિણમન હોતું નથી અને જ્ઞાનરૂપે પરિણમનારને વિકારની રુચિરૂપે પરિણમવું હોતું નથી. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ?

જ્ઞાન થવા વખતે જેમ જ્ઞાન પ્રતિભાસે છે, આત્મા શુદ્ધપણે પરિણમે છે એમ ભાસે છે. એમાં ક્રોધાદિ પણ થતાં જણાતા નથી એટલે ક્રોધાદિ થતાં નથી. એટલે વ્યવહાર વિકલ્પ ત્યાં છે નહિ. અને વિકારનું પરિણમન જ્યાં માલૂમ પડે છે, વિકારનું થવું, પુણ્ય-પાપનું થવું, વિભાવનું થવું તે જ્ઞાનનું પણ થવું-પરિણમવું નથી. જ્યાં વિભાવનું પરિણમન ત્યાં સ્વભાવનું

પરિણમન નહિ. જ્યાં સ્વભાવનું પરિણમન ત્યાં વિભાવનું પરિણમન નહિ. સમજાય છે? કર્તાના બે કાર્ય ન હોય એમ કહે છે અહીં તો. એ ૮૫માં લીધું છે ને. દ્વિક્રિયા. આત્મા સ્વભાવપણે કરે અને રાગપણ કરે એમ બે હોય નહિ. અને રાગને પણ કરે વળી જ્ઞાતા-દ્રષ્ટાની પર્યાયને કરે એમ બે હોય નહિ. ઓલા તો હજી પર સાથે લગાડે છે. પોતાની પર્યાય કરે અને પરની પણ કરે. દ્વિક્રિયાવાદી. આ વળી અંદરની દ્વિક્રિયાવાદી છે. .. વાત છે ને. પોતાના પરિણામને કરે પણ પરના પરિણામને કરતો નથી. એના પરિણામને કરે અને આના પરિણામને કરે તો દ્વિક્રિયાવાદી મિથ્યાદ્રષ્ટિ સર્વજ્ઞની આજ્ઞાની બહાર થઈ જાય છે.

અહીં તો અંદરમાં લીધું છે. આહાહા..! સમજાણું કાંઈ? વિકારપણે પરિણમતો ભાસે એને જ્ઞાનપણે પરિણમતો ભાસતો નથી, આત્મા ભાસતો નથી. આત્મા જ્ઞાનપણે ભાસ્યો ત્યાં વિકારપણે છું એ છે જ નહિ. આ કર્તાનું કર્મ. જ્ઞાની જ્ઞાનપણે થતાં તે કર્તાનું જ્ઞાનપરિણમન થાય છે, અજ્ઞાની રાગપણે પરિણમતા અજ્ઞાનીનું રાગકર્મ છે. એ અજ્ઞાનીનું રાગકર્મ અને જ્ઞાનીનું જ્ઞાનકર્મ એમ બે એકસાથે હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? એની વિશેષ વાત કરે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ વદ ૦)), શુક્રવાર તા. ૨૩-૮-૧૯૬૮**
**ગાથા-૭૧-૭૨, પ્રવચન-૬૦૭**

આ આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે. ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ. સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદનું જેનું રૂપ એવો જે આત્મા એને આ વિકારી પરિણામનું કાર્ય મારું અને હું કર્તા... કેમકે વસ્તુમાં એ વિકાર નથી. ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનાનંદની મૂર્તિ, ધ્રુવ અખંડ આત્મા એમાં વિકાર નથી. પુણ્ય-પાપનો વિભાવ નથી. કહે છે કે એવા સ્વરૂપના ભાન વિના જ્યાં લગી એ વિકારના પરિણામનું કાર્ય મારું અને કર્તા હું એવી જે અજ્ઞાનબુદ્ધિ છે... સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધ આનંદ અને જ્ઞાનનો ઘન ચૈતન્ય છે. વસ્તુ છે ને? વસ્તુ છે. વસ્તુ છે એમાં વસેલી શાશ્વત શક્તિઓ છે. વસ્તુ શાશ્વત છે એ તો વસ્તુ થઈ. હવે વસ્તુનો કોઈ સ્વભાવ? એ સત્ છે એનું સત્ત્વ એટલે શક્તિ બેહદ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત શાંતિ એ એનું અવિનાભાવી આત્મા .. સ્વભાવ અને શક્તિ એનું સ્વરૂપ છે. સમજાય છે કાંઈ? એવા સ્વભાવનું જેને ભાન નથી. ... એ અનાદિનું અજ્ઞાન છે. સમજાય છે કાંઈ? તો એ અજ્ઞાની અનાદિથી પોતાના આનંદમાં ન દૃષ્ટિ કરતાં આનંદથી વિરુદ્ધ જે વિકલ્પ ઉઠે છે શુભ-અશુભનો એમાં પોતાનું સર્વસ્વ અસ્તિત્વ સ્વીકારીને એ વિકારી પરિણામનું પરિણમન જ કરનારો હું છું એમ માનીને (પરિણમે છે).

આ તો પર છે, આ તો જડ છે, માટી છે. આ તો જડ શરીર, વાણી એ તો જડ છે. એનામાં ઊલટો પડે છે કેમ? એ વાત છે. એનું સ્વરૂપ તો જ્ઞાન આનંદ આદિ શુદ્ધ વસ્તુ છે. સચ્ચિદાનંદ વસ્તુ. વસ્તુમાં શક્તિઓ વસેલી અવિનાભાવી તાદાત્મ્યરૂપે જ્ઞાન, આનંદ, શાંતિ આદિ તાદાત્મ્યરૂપે વણાયેલી, સાથે જોડાયેલી શક્તિઓ છે. એવી શક્તિના સત્ત્વના સ્વભાવનું ભાન અનાદિ નહિ હોવાથી પુણ્ય અને પાપના વિકલ્પોના વિકૃત ભાવ ઉત્પન્ન કરી અને તે પરિણમન કરનારો હું, એ પરિણમન મારું-આ દૃષ્ટિ દુઃખ દૃષ્ટિ છે, મિથ્યાદૃષ્ટિ છે, પાપદૃષ્ટિ છે. ... હલકી દૃષ્ટિ છે. સમજાય છે કાંઈ?

એવો જે જ્ઞાનભાવ .. કર્તા રચનાર અને કર્મ રચાયેલું કાર્ય અજ્ઞાનનું. એ કર્તા કર્મની બુદ્ધિ અને અજ્ઞાન ક્યારે ટળે? સમજાય છે કાંઈ? પ્રભુ! એ ક્યારે ટળે? **'जइया इमेण'** શબ્દ પડ્યો છે ને? **'जइया इमेण जीवेण' 'जइया इमेण'** જયસેનાચાર્યની ટીકામાં ભાઈ લીધું છે ને. **'जइया'** ધર્મલબ્ધિ કાળ. આ ધર્મ લબ્ધિકાળ લીધો છે. જ્યારે. જ્યારે એટલે

ધર્મલબ્ધિ કાળે. સમજાય છે કાંઈ? ભગવાન જયસેનાચાર્ય આનો અર્થ કરે છે કે '**जइया**' અનાદિથી પોતાના નિધાનની દૃષ્ટિ નહિ હોવાથી પરવસ્તુને મારી માને એ તો બહુ સ્થુળ છે દૃષ્ટિ. એનો હું કર્તા અને એ કાર્ય તો બહુ સ્થૂળતા, વિપરીતતા. પણ અંદરમાં થતાં પુણ્ય અને પાપના શુભ-અશુભ, દયા-દાન, વ્રત-ભક્તિ આદિના પરિણામ શુભ છે, એ શુભ પરિણામનું કર્તૃત્વ સ્વીકારે તેણે આખો આત્માને વિકારી સ્વીકાર્યો. સમજાય છે કાંઈ? એ કર્તૃત્વ સ્વીકારે કે આ હું પરિણમનારો, વિકારનો પરિણમનારો. એટલે એનો અર્થ કે આખું મારું તત્ત્વ જ વિકારસ્વરૂપ છે. સમજાય છે કાંઈ? એથી તે પોતાના શુદ્ધ આનંદ અને અનાકુળ સ્વરૂપ જે પરમાત્મ પોતાનું નિજસ્વરૂપ તેનો અનાદર કરી, અનાદિથી એ પુણ્ય અને પાપના વિકલ્પોનું કર્તૃત્વ સ્વીકારી અને એ કર્તા હું અને એ કાર્ય મારું એમ પરિભ્રમણ કરી રહ્યો છે. ચાહે તો સાધુ થાય બહારમાં ત્યાગી. સમજાય છે કાંઈ? પણ અંતરમાં એ વિકલ્પની ઉત્પત્તિ વિકૃત, ત્યાં દૃષ્ટિ છે અને એનો સ્વીકાર છે કે આ કાર્ય મારું અને હું કર્તા ત્યાં સુધી સ્વભાવનો અનાદર કરનાર મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ?

ત્યારે પ્રભુ! હવે એ કેમ ટળે? એમ પૂછે છે. ત્યારે અહીં કહ્યું પહેલું કે આ જગતમાં વસ્તુ છે એ સ્વભાવવંત છે. સ્વભાવ, એમ કહ્યું ને. પોતે વસ્તુ એનો સ્વભાવ. વસ્તુ ચૈતન્ય છે એનો સ્વભાવ તો જ્ઞાન અને આનંદ છે. અને એ જ્ઞાન ને આનંદનું થવું, એ જ્ઞાન અને આનંદનું થવું, સ્વભાવદૃષ્ટિ કરતાં સ્વભાવવાનની ઉપર દૃષ્ટિ પડતાં સ્વભાવરૂપ થવું, શુદ્ધતા આનંદ અને જ્ઞાનની દશાનું થવું એ એનો સ્વ-ભવન છે. એ પોતાનું થવું એ છે. પુણ્ય ને પાપ ને રાગરૂપે થવું એ સ્વ-ભવન નથી પણ વિકારી ભવનનું કર્તૃત્વ અજ્ઞાનભાવ છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! એણે ધર્મને કેમ કરવો એ વાત કોઈ દી સાંભળી નથી. એની રુચિપૂર્વક... એમ આવે છે ને? શ્રુત, પરિચિત અનુભૂતા.. કામભોગ બંધ કથા. કામ શબ્દે રાગ અને ભોગ શબ્દે ભોગવવું. રાગના વિકલ્પનું કરવું અને વિકલ્પનું ભોગવવું, રાગનું કરવું અને રાગનું ભોગવવું એ વાર્તા તો એણે અનંત વાર સાંભળી છે, પરિચયમાં આવી છે, વેદનમાં આવી ગઈ છે. શ્રુત પરિચિત અનુભૂતા .. કામભોગ બંધ કથા. વિકલ્પની વૃત્તિ કામ એટલે ઈચ્છા. સમજાય છે? અને એનું ભોગવવું. ઈચ્છાનું કરવું અને ઈચ્છાનું ભોગવવું એવી બંધવાર્તા તો તેણે અનંત વાર કરી છે, સાંભળી છે, ટેવાઈ ગયો છે અને અનુભવી છે. એ તો અનાદિ દશા છે, એ દશા એમાં કોઈ નવીન દશા નથી.

'**एयत्तस्सुवलंभो**' એ રાગથી ભિન્ન વિભક્ત એ સ્વભાવથી અભિન્ન. વિકલ્પ જે રાગ છે પુણ્યાદિનો એનાથી .. એકત્વ અને પરથી વિભક્ત એ વાત એણે અનંત કાળમાં અંતર દૃષ્ટિ કરીને સાંભળી નથી. સમજાણું કાંઈ? અગિયાર અંગ ભણ્યો હતો ને? નવ પૂર્વ ભણ્યો

હતો ને? ભણ્યો પણ ગણ્યો નહોતો. એ અગિયાર અંગ ભણીને વાંચી નાખ્યા. ભગવાન આત્મા એમાં એમ કહેવા માગે છે, ભાઈ! તારામાં તો નિધાન પડ્યા છે ને અનંત આનંદના. એવા નિધાનને ઉકેલવા માટે દૃષ્ટિ ત્યાં નિધાન ઉપર જવી જોઈએ. એને ઠેકાણે તારામાં નથી એવા પુણ્ય-પાપની લાગણીઓ ઊભી કરીને એ મારા કર્તવ્ય અને હું કર્તા, પ્રભુ! એ તો અજ્ઞાનદૃષ્ટિ, .. પાપદૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ છે. એ અનાદિની છે.

ત્યારે કહે છે કે સ્વભાવનું થવું તે આત્મા છે. છે ને? નિશ્ચયથી સ્વભાવનું ભવન-થવું. '**નિશ્ચયથી જ્ઞાનનું થવું-પરિણમવું તે આત્મા છે...**' જ્ઞાન અને આનંદસ્વરૂપ આત્મા સ્વભાવ છે વસ્તુ અને તેનું જ્ઞાન અને આનંદનું થવું દશામાં એ કર્તાનું કર્મ અને તે આત્મા છે. સમજાય છે કાંઈ? '**જ્ઞાનનું પરિણમવું તે આત્મા છે અને ક્રોધાદિનું થવું-પરિણમવું તે ક્રોધાદિ છે.**' એટલે શું કહ્યું? કે વિકારી શુભ-અશુભભાવ વિકલ્પો એનું પરિણમવું ભાસે ત્યાં તો વિકાર જ છે, ત્યાં આત્મા છે નહિ. સમજાય છે કાંઈ?

જ્યાં ક્રોધ નામ વસ્તુનું શુદ્ધ ચૈતન્યબિંબ પ્રભુ આત્મા એ સચ્ચિદાનંદ પ્રભુ છે એનો આદર છોડીને જ્યાં રાગનો વિકલ્પ આવ્યો, એવું જ્યાં પરિણમવું ભાસે કે આ હું વિકારરૂપે થાવ છું, બસ એ જ અણાત્મા છે. સમજાણું કાંઈ? ..ભાઈ! .. વાત નથી. સમજાતું.. કરી શકતો નથી. એ તો પરદ્રવ્ય છે. તારા દ્રવ્યમાં .. સ્વરૂપ. એને ઠેકાણે સ્વભાવ દ્રવવો જોઈએ. એને ઠેકાણે વિકાર ને પર ઉત્પન્ન કરી... પંચાસ્તિકાયમાં નહિ? ... જયસેનાચાર્યે અર્થ કર્યો છે. દ્રવવું એટલે સ્વભાવરૂપે દ્રવવું, ગચ્છતે એટલે વિભાવને પામવું. બે અર્થ કર્યા છે ને નવમી ગાથામાં. પંચાસ્તિકાય. પંડિતજી હતા ત્યારે ... જુઓ! એ છે ને.

**दवियदि गच्छदि ताइं ताइं सब्भावपज्जयाइं जं।**
**दवियं तं भण्णंते अणण्णभूदं तु सत्तादो।।९।।**

૯મી ગાથા છે. જયસેનાચાર્યે એમાં અર્થ કર્યો છે. '**द्रवति गच्छति**' '**નો એક અર્થ તો દ્રવે છે અર્થાત્ પામે છે એમ કરવામાં આવ્યો છે; તે ઉપરાંત द्रवति એટલે સ્વભાવ પર્યાયોને દ્રવે છે...**' દ્રવ્ય એને કેમ કહ્યું? ભગવાન શુદ્ધ ચૈતન્યપ્રભુને દ્રવ્ય વસ્તુ કીધી. એ ખરેખર શુદ્ધ પર્યાયને દ્રવે તો એ ખરું દ્રવ્ય. દ્રવે સમજાય છે? પાણી જેમ આમ તરંગ છોડે તરંગ, એના સ્વચ્છતાના તરંગ છોડે તો એ પાણી. છોડે એટલે પ્રગટ કરે. એમ દ્રવ્ય એટલે ભગવાન આત્મા જ્ઞાન અને આનંદની મૂર્તિ પ્રભુ એ દ્રવે—પરિણમે તો સ્વભાવરૂપ પરિણમે તો તેને દ્રવતિ દ્રવ્યં ખરેખર કહેવામાં આવે છે.

'**અને गच्छति એટલે વિભાવપર્યાયોને પામે છે...**' પંડિતજી! બે અર્થ કર્યા છે. '**द्रवति गच्छति**' દ્રવવું થયું ને? દ્રવવું કીધું તો સ્વભાવનું દ્રવવું. અને ગચ્છતિ જેનામાં

નથી તેને પામે તો ગચ્છતિ-વિભાવને પામે. ભાઈ! શું કહ્યું સમજાણું આમાં? એ માટે ગચ્છતિમાં નાખ્યું. ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાન અને આનંદની મૂર્તિ દ્રવ્ય છે-વસ્તુ. એ દ્રવે તો સ્વભાવની પર્યાયને દ્રવે એટલે પરિણમે. શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ, આનંદપણે પરિણમે તો તે દ્રવ્ય કહેવામાં આવે છે. નહિતર તો ગચ્છતિ. સ્વભાવમાંથી ખસીને વિભાવને પામે તે ગચ્છતિ. એવા અર્થ કર્યા છે હોં પંડિતજી! ... વિભાવ .. કર્મને લઈને વિભાવ પામે છે એમ કહ્યું છે ત્યાં? ... કર્મ .. ત્યાં. .. વિભાવ, પુણ્ય-પાપના વિકલ્પને પ્રાપ્ત કરે એ આત્મા પ્રાપ્ત કરે છે મિથ્યાભાવે. કર્મને લઈને વિભાવને પામે છે એ વસ્તુમાં છે જ નહિ. સમજાય છે કાંઈ? પોકાર કરે છે આ ગાથા. .... સમજાય છે કાંઈ?

કહે છે, ખરેખર દ્રવ્ય તો એને કહીએ દ્રવ્યં. ઈ કહે છે અહીં. '**નિશ્ચયથી જ્ઞાનનું થવું-પરિણમવું તે આત્મા છે...**' એ નહિ. આત્મા એને કહીએ વસ્તુ જ્ઞાનમૂર્તિ ચિદાનંદ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા છે. એમાંથી સત્‌પણાનું જ્ઞાન અને શાશ્વત વસ્તુ જે શક્તિ છે એ પણે પરિણમે થાય ને કાર્ય એનું કરે શુદ્ધતાનું. તો તે દ્રવ્યને દ્રવ્ય કહેવામાં આવે છે. તો તેને આત્મા કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

'**અને ક્રોધાદિનું થવું-પરિણમવું તે ક્રોધાદિ છે.**' એટલે શું કહ્યું? કે વિકારના પરિણામ પુણ્ય-પાપના, જે સ્વભાવથી વિરુદ્ધ છે તેને પ્રાપ્ત કરે તો તે અનાત્મા છે. એ આત્મા નથી. સમજાણું કાંઈ? શોભાલાલજી! વાત સૂક્ષ્મ છે, ભાઈ! વીતરાગનું આત્માનું.. વીતરાગ એટલે આત્મા હોં! આ વીતરાગવિજ્ઞાનઘન પ્રભુ છે આત્મા. અકષાય જ્ઞાનનો ઘન આત્મા છે. એ સ્વરૂપ એ પણે પરિણમે શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિપણે તો તો આત્મા. તો તો એ પરિણમન-કાર્ય અને કર્તા આત્મા અને પરિણમન એનું કાર્ય. એમ ભેદ પાડીને ઉપચારથી કહેવાય. અભેદથી તો બે ભેદ પાડી શકાતા નથી. સમજાણું કાંઈ?

કહે છે, '**વળી જ્ઞાનનું જે થવું-પરિણમવું છે તે ક્રોધાદિકનું પણ થવું-પરિણમવું નથી,...**' પહેલા બોલ આવી ગયા છે ને એનો વિસ્તાર થાય છે. કાલે આવી ગયા છે આ. શું કહે છે? ભગવાન આત્મા દ્રવ્ય જ્ઞાનમૂર્તિ સચ્ચિદાનંદ પ્રભુ એ પોતે સત્ જ્ઞાન અને આનંદરૂપે પરિણમે તે વળી વિકારરૂપે પરિણમે એમ એક સમયમાં બે હોઈ શકે નહિ. '**જ્ઞાનનું જે થવું-પરિણમવું છે તે ક્રોધાદિકનું પણ થવું-પરિણમવું નથી,...**' વસ્તુ સ્વભાવ ભગવાન વીતરાગમૂર્તિ આત્મા એનું પરિણમવું જે જ્ઞાન અને આનંદનું થવું એ જ કાળે તેને વિકારની રુચિનું થઈને વિકારનું થવું બે હોઈ શકે નહિ. એક મ્યાનમાં બે તરવાર હોય નહિ. એક મ્યાન સમજો છો? એક મ્યાનમાં બે તરવાર ન હોય.

ભગવાન આત્મા શુદ્ધ વસ્તુ અને શુદ્ધનું પરિણમનમાં શુદ્ધની દૃષ્ટિ હોવાથી દ્રવ્ય શુદ્ધનો

સ્વીકાર કરવાથી જ્યારે શુદ્ધની અવસ્થા થઈ, વીતરાગી અવસ્થા થઈ ચોથા ગુણસ્થાનથી શાંતિની અવસ્થા થઈ, સમ્યગ્દર્શનની અવસ્થા થઈ, એ દ્રવ્યની અવસ્થા થઈ તે આત્મા. એ થવા કાળે વળી વિકારનું પણ થવું થાય એમ બે બને નહિ. સમજાણું કાંઈ?

'**કારણ કે જ્ઞાનના થવામાં જેમ જ્ઞાન થતું માલૂમ પડે છે તેમ ક્રોધાદિક પણ થતાં માલૂમ પડતાં નથી;...**' ધર્મીને એટલે કે દ્રવ્યસ્વભાવમાં દૃષ્ટિ પડેલને, દ્રવ્ય જે જ્ઞાયક ચિદાનંદ છે એનો જ્યાં સ્વીકાર અનુભવમાં થયો એટલે ધર્મીને જ્ઞાન થવા વખતે જ્ઞાન થવું ભાસે છે એમ ક્રોધ થવું ભાસતું નથી. હું શુદ્ધપણે થાઉં છું એમ ભાસે છે. હું રાગરૂપે પરિણમું છું એ જ્ઞાનીને ભાસતું નથી. ..નથી એટલે પરિણમે ક્યાંથી? ચૈતન્ય વસ્તુ છે, દ્રવ્યસ્વભાવ છે, પદાર્થસ્વભાવ છે એ દૃષ્ટિને લઈને શુદ્ધપણે એટલે જ્ઞાનપણે થાય. એ વળી સ્વભાવના અભાવરૂપ, વિરોધરૂપ વિકારપણે પણ થાય એમ બનતું નથી. સમજાય છે કાંઈ?

'**અને ક્રોધાદિકનું જે થવું-પરિણમવું તે જ્ઞાનનું પણ થવું-પરિણમવું નથી,...**' વળી વિકારની રુચિ, પુણ્યના શુભભાવની રુચિપણે વિકારપણે થાય અને વળી તે વખતે જ્ઞાનના આનંદપણે પણ થાય એમ એક ક્ષણમાં બે ચીજ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! '**ક્રોધાદિકનું જે થવું-પરિણમવું તે જ્ઞાનનું પણ થવું-પરિણમવું નથી, કારણ કે ક્રોધાદિકના થવામાં જેમ ક્રોધાદિક થતાં માલૂમ પડે છે...**' એટલે શું કહે છે? ભગવાન આનંદ સચ્ચિદાનંદ પ્રભુ એના વિરુદ્ધના વિકલ્પના કર્તાપણે હું પરિણમું છું એમ ભાસે ત્યારે તો એને વીતરાગદશા મારી છે એમ થાય નહિ એને. કારણ કે વીતરાગપણું છે એ તો દૃષ્ટિમાં નથી. રાગરૂપે પરિણમું છું એવા ભાસમાં અરાગપણે પરિણમું એવું હોઈ શકે નહિ. માટે રાગરૂપ પરિણમનમાં અરાગરૂપ પરિણમન હોઈ શકતું નથી. સમજાણું કાંઈ?

'**ક્રોધાદિકના થવામાં જેમ ક્રોધાદિક થતાં માલૂમ પડે છે તેમ જ્ઞાન પણ થતું માલૂમ પડતું નથી.**' શું કીધું ઈ? ભગવાન ચૈતન્ય સ્વભાવ એનો આદર કર્યા વિના પુણ્યના વિકલ્પનો આદર કરીને જે કર્તાપણે પરિણમે છે ત્યાં તો વિભાવરૂપે પરિણમે છે એનો ત્યાં ભાસ થાય છે. હું દુઃખરૂપે પરિણમું એનો ભાસ છે. આનંદરૂપે પરિણમું એવું ત્યાં છે નહિ. સમજાય છે કાંઈ? '**તેમ જ્ઞાન પણ થતું માલૂમ પડતું નથી.**' કેમ માલૂમ થાય? કેમકે જ્યાં આત્માનો સ્વભાવ નથી એવા પુણ્યના શુભભાવના પ્રેમમાં પડ્યો, શુભભાવના પ્રેમમાં પડ્યો એને તો વિકારપણે પરિણમું છું એ ભાસે છે. શુભના પ્રેમમાં પડ્યો એને વીતરાગપણે, જ્ઞાનપણે પરિણમવું એવું હોઈ શકતું નથી. હોઈ શકતું નથી એટલે માલૂમ પડતું નથી. કહો, સમજાય છે કાંઈ? અહીં સુધી આવ્યું હતું કાલે.

'**આ રીતે આત્માને અને ક્રોધાદિકને નિશ્ચયથી એકવસ્તુપણું નથી.**' જુઓ! આત્મા

સચ્ચિદાનંદ પ્રભુ શાશ્વત વસ્તુ અકૃત્રિમ, અણકરાયેલ, અવિનાશી એવો એનો સ્વભાવ પણ અકૃત્રિમ અવિનાશી. એવો જે ભગવાન શુદ્ધ આત્મા અને પુણ્ય-પાપના વિકલ્પો બે ચીજ એક નથી. સમજાણું કાંઈ? હવે અહીં તો હજી શરીર મારું, કર્મ મારા, મારા દીકરા, મારી દીકરીયું, દીકરાઓ સારા થયા... અમારા મકાન. અરે.. ભગવાન! તું કેટલામાં .. કેટલામાં તારા વિસ્તારની પ્રજા થઈ ગઈ તારી? આ મારા... આ મારા.. આ મારા.. ભગવાન! તારામાં નથી એ મારા ક્યાંથી થયા? સ્વરૂપચંદભાઈ! સારા છોકરાઓ પાકે તો એમ કેટલી હોંશું આવે ને હરખ. સારા કહેવા એ તો જગતની ચીજ છે. એની તો વાત અહીં લીધી જ નથી. જે એની દશામાં નથી એની વાત લીધી નથી. એની દશામાં થાય છે શું એની વાત લીધી છે. સમજાય છે કાંઈ? આ શરીર, વાણી, મન, કર્મ તો એની એક સમયની અવસ્થામાં પણ નથી. શું કીધું?

ભગવાન આત્મા દ્રવ્યે શુદ્ધ, ગુણે શુદ્ધ. પર્યાયે એનું પરિણમન. એ પર્યાયમાં, અવસ્થાના ભાવમાં કર્મ, શરીર, વાણી તો એક સમયમાત્ર એના અસ્તિત્વમાં નથી. એની પર્યાયના એક સમયના અસ્તિત્વમાં શરીર, કર્મ આદિ કોઈ ચીજ છે જ નહિ. એટલે છે નહિ એની વાત શું કરવી? કહે છે. હવે એના અસ્તિત્વમાં ખરેખર તો જ્ઞાન અને આનંદમૂર્તિ તેનું હોવાપણું છે. એવું હોવાપણું ભૂલે છે તેથી એની અવસ્થામાં-પર્યાયમાં-દશામાં એના અસ્તિત્વના કાળમાં પુણ્ય ને પાપ થાય તેનો કર્તા થઈને આ હું કરનારો છું અને આ મારું કાર્ય છે એ એની પર્યાયના અસ્તિત્વમાં થાય છે માટે. સમજાણું કાંઈ? સ્વરૂપચંદભાઈ! ન્યાય સમજાય છે કે નહિ?

શરીર, વાણી, કર્મ, પૈસા તો આત્માના દ્રવ્યમાં નથી, આત્માના ગુણમાં નથી, આત્માની પર્યાયમાં પણ નથી. પૈસા-બૈસા નથી. પર્યાયમાં નથી. એની દશામાં. આ શરીર-બરીર આત્માની પર્યાયમાં નથી. પર્યાય એટલે અવસ્થાનો અંશ. દ્રવ્ય ત્રિકાળી, ગુણ ત્રિકાળી એની અવસ્થા વર્તમાન, એની અવસ્થામાં શરીર એક અંશે પણ એના અંદરમાં આવ્યું નથી. આ તો પર છે. સમજાણું કાંઈ? આહાહા..! પણ એના હોવાપણામાં ખરેખર ચિદાનંદ છે એવી જો દૃષ્ટિ એને નથી, તેથી તેના હોવાપણાની અવસ્થામાં શુદ્ધતાથી વિરુદ્ધ ભાવ વિકારને કરીને તેના અસ્તિત્વમાં, પર્યાયમાં થાય છે તેનો તે પરિણમનાર ભાસે છે તેનું નામ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? શું કીધું? આત્માની પર્યાયમાં હીરોભાઈ નથી. એ ત્યાં એને ઘરે રહી ગયો એ. બંગડીના વેપાર અને હીરો ત્યાં તપાસવા જાય. દુકાને જાય ને થોડું બે-ચાર કલાક નવરા હોય એટલે. આખો દી બેસી રહેવાય?

અહીં તો કહે છે કે આત્માના ત્રિકાળી ગુણ અને ત્રિકાળી દ્રવ્ય, એમાં તો એ ચીજ

છે જ નહિ. પણ આત્માની વર્તમાન અવસ્થા, પર્યાય, હાલત, દશા એનામાં એ હીરાભાઈ નથી, બંગડી નથી, પૈસા નથી, શરીર નથી અને .. નથી. અમરચંદભાઈ! આ તો એક દાખલો એને આપીએ. હીરાભાઈ એટલે દાખલો. અહીં કહે છે .. શૈલી .. એનામાં જે નથી અવસ્થામાં એની વાતને શું કરવી? પણ એની અવસ્થામાં ખરેખર તો વસ્તુ છે તેની અવસ્થા દ્રવ્યની થવી જોઈએ શુદ્ધ. એવી ન થતાં દ્રવ્યની દૃષ્ટિ નથી તેથી વિકૃત પુણ્ય ને પાપ, દયા ને દાનમાં હોવાપણું સ્વીકારી એની અસ્તિત્વની પર્યાયમાં એ થાય છે અને એનો હું કર્તા અને એ મારું કામ, આ પર્યાયદૃષ્ટિવંત દુઃખી અને મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? શેઠ! બીડી-બીડી ... બીડીમાં. .. લખ્યો હતો ને ત્યાં હલારગત. હલારગતમાં ગયા હતા ને. ... બાલક બીડી.. બાલક બીડી કોને કહેવી? બીડી બાલક હશે? એ તો શેઠનો ટ્રેડમાર્ક છે, બીડીનો. બાલક બીડી આત્માની પર્યાયમાં આવતી હશે કે નહિ? શોભાલાલજી!

ભગવાન! તું તો ત્રણમાં તારી સત્તા સમાયેલી છે. ત્રણમાં. દ્રવ્ય, ગુણ અને પર્યાય. એ સત્તાનો વિસ્તાર ત્રણ છે. આવે છે ને ભાઈ પ્રવચનસારમાં. દ્રવ્યસત્તા, ગુણસત્તા, પર્યાયસત્તા. સત્તાનો એટલો વિસ્તાર છે. તારા હોવાપણાનો ત્રણમાં વિસ્તાર. દ્રવ્યપણું એટલે વસ્તુ, ભાવપણું એટલે શક્તિ, અવસ્થાપણું એટલે કાળ. આ એટલામાં એક સત્તાનો વિસ્તાર અને વ્યાપક છે. એ સત્તાનો અંશ બીજામાં વ્યાપે અને બીજા સત્તાનો અંશ અહીં વ્યાપે એમ ત્રણ કાળમાં ત્રણ લોકમાં નથી. આહાહા..! કહો, રતિભાઈ! સમજાય છે કાંઈ? ...

ભગવાન! તારા હોવાપણામાં જે ચીજ નથી એનો તું કર્તા અને એનું કર્મ એની તો વ્યાખ્યા અમે કરતા નથી. કારણ કે એ તો તારા અધિકારની વાત નથી. હવે તારા હોવાપણામાં બે પ્રકાર. એક વસ્તુ ચિદાનંદ જ્ઞાનમૂર્તિ ભગવાન, એની શક્તિ અને શક્તિવાન. એ હોવાપણું. એવા હોવાપણાનો જ્યાં સ્વીકાર પર્યાયમાં આવ્યો. એની વર્તમાન અવસ્થામાં આવડો છું એમ સ્વીકાર આવ્યો ત્યારે એની પર્યાયમાં શુદ્ધતાનું પરિણમન થયું એનું નામ આત્મા. સમજાણું કાંઈ? પણ એ વસ્તુ અને વસ્તુનો સ્વભાવ, એના નિધાનનો-સ્વભાવનો આદર ન કરતાં, સત્કાર ન કરતાં, આશ્રય ન લેતા પરનો આશ્રય લક્ષમાં લઈને પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત, ભક્તિના પરિણામ ઉત્પન્ન કરે એ તારી પર્યાયના અસ્તિત્વમાં થાય છે. અને તેટલા અસ્તિત્વવાળો હું પરિણમન કરનારો છું એને મિથ્યાત્વ ભાસે છે, રાગ ભાસે છે અને વિકાર ભાસે છે. એ ટાણે હું આત્મા છું એવું ભાસતું નથી. સમજાણું કાંઈ? ધન્નાલાલજી! આત્મા છું એમ ભાસતું નથી એમ કહે છે. ક્રોધાદિના કાળે આત્મા જ્ઞાનપણે પણ થાય છે એમ ભાસતું નથી એનો અર્થ? પુણ્ય-પાપના પરિણામના પ્રેમમાં પડ્યો, એની રુચિમાં પડ્યો એમાં એને એટલું ભાસે છે, પણ હું આત્મા છું એવું એને ભાસતું નથી. આહાહા..! એ પોતાની

પર્યાયમાં રાગના કર્તાપણાને લઈને ઓજલ રહી ગયો છે. કર્મને લઈને નહિ. કર્મને લઈને નહિ. કર્મને લઈને ઢંકાઈ ગયો છે, આવરણ છે એમ નહિ. સમજાય છે કાંઈ?

'**આ રીતે આત્માને...**' ભગવાન શુદ્ધ ચૈતન્ય પ્રભુને '**અને ક્રોધાદિકને...**' વિકારી ભાવને એ ખરેખર એક પદાર્થપણું એક વસ્તુપણું નથી. કેમકે વિકારી પરિણામ તે આસ્રવતત્ત્વ છે, ભાવબંધ તત્ત્વ છે, ભગવાન અબંધ તત્ત્વ અને અણાસ્રવી તત્ત્વ છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા ચૈતન્ય તત્ત્વ છે, અનાસ્રવ તત્ત્વ છે, અબંધસ્વરૂપ તત્ત્વ છે. એવો જે આત્મા અને પુણ્ય-પાપના ભાવ આસ્રવતત્ત્વ છે, બંધરૂપ તત્ત્વ છે ભાવબંધરૂપ. બેય એક ચીજ નથી. શેઠ! આમાં ક્યાં આવ્યું હવે? ડાલચંદજી ને ... ભાઈ! તારા હોવાપણામાં ઊલટાપણામાં શું છે અને સુલટાપણામાં હોવાપણામાં શું છે એની (વાત છે).

કહે છે, ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિ શુદ્ધ ચૈતન્ય અને એનું પરિણમવું શુદ્ધરૂપે એ તો આત્મા. અને એવા આત્માને સ્વભાવથી વિરુદ્ધ પુણ્યના પ્રેમની રુચિનો ક્રોધભાવ સ્વભાવથી દ્વેષભાવ અને રાગનો પ્રેમભાવ, એ રૂપે થવું એ આત્મા નહિ. એ આત્મા અને વિકાર બે ચીજ જ જુદી છે. સમજાય છે કાંઈ?

'**આ પ્રમાણે આત્મા અને આસ્રવોનો વિશેષ (-તફાવત) દેખવાથી...**' જુઓ હવે. કર્તાપણું ક્યારે મટે અજ્ઞાનનું એનો ખુલાસો કરે છે હવે. ભગવાન આત્મા જ્ઞાન અને આનંદની મૂર્તિ વસ્તુ અને આ પુણ્ય-પાપનો વિકલ્પ અને રાગ એ પરવસ્તુ, વિભાવ વસ્તુ, ભાવબંધ વસ્તુ, આસ્રવતત્ત્વ, એવા આત્માને અને આસ્રવોને. દેખો! પુણ્ય ને પાપનો શુભરાગ પણ આસ્રવ અને ભગવાન અણાસ્રવી અબંધતત્ત્વ, બેનો તફાવત દેખવાથી, બેની જુદાઈ દેખવાથી. સમજાણું કાંઈ? રાગાદિનો વિકલ્પ અને અનાકુળ અણાસ્રવી અબંધવસ્તુ ભગવાન બેને જુદા દેખવાથી, અંતરમાં રાગની રુચિ છોડીને જ્ઞાયકભાવમાં આવ્યો એટલે રાગના આસ્રવતત્ત્વને અને જ્ઞાયકતત્ત્વને એણે જુદા દેખ્યા. સમજાણું કાંઈ?

આત્મા અને આસ્રવોનો. છે ને પાઠમાં છે ને. વિશેષાંતર. વિશેષ અંતર-જુદાઈનું ભેદજ્ઞાન થતાં. એમ. રાગનો જે મેલ છે એના પ્રત્યેની રુચિ છોડીને જ્ઞાનાનંદ સ્વભાવ પ્રત્યેનો આશ્રય લઈને જ્યાં આવ્યો ભેદજ્ઞાનમાં, તો કહે છે, બેને જુદા દેખ્યા. બેને જુદા દેખવાથી. લ્યો આ ધર્મ. બેને જુદા અંદર દેખ્યા, શ્રદ્ધયા એનું નામ ધર્મ.

'**જ્યારે આ આત્મા તેમનો ભેદ (ભિન્નતા) જાણે છે...**' જુઓ. ભિન્નતા જાણે છે. ભગવાન ચૈતન્ય સચ્ચિદાનંદ પ્રભુ અને પુણ્યનો વિકલ્પ જે આસ્રવ દુઃખરૂપ પરવસ્તુ, એમ બેની વચ્ચેનું ભેદજ્ઞાન કરે છે, બે વચ્ચેનું ભેદજ્ઞાન કરે છે અથવા ભેદતા જાણે છે. દેખો આ ક્રિયા. '**ત્યારે આ આત્માને...**' ભેદજ્ઞાન જાણે છે અને ભેદપણે જાણે છે. રાગભાવ,

પુણ્યભાવ અને સ્વભાવભાવ બે ભિન્ન છે. એ રાગનું પરિણામ એના પ્રત્યેની રુચિ છોડી, લક્ષ છોડી, ત્રિકાળ જ્ઞાયકસ્વભાવ તરફ દૃષ્ટિ ગઈ ત્યારે આ આત્માને અને રાગને ભિન્ન જાણ્યા '**ત્યારે આ આત્માને અનાદિ હોવા છતાં...**' શું કહે છે? અજ્ઞાનપણું, રાગનું કર્તાપણું એ અનાદિથી છે. રાગનો કર્તા હું અને રાગ કાર્ય મારું એવું અનાદિથી દુઃખદૃષ્ટિ, આનંદદૃષ્ટિને છોડીને એવી દુઃખદૃષ્ટિ (છે). દુઃખદૃષ્ટિ કહો કે મિથ્યાદૃષ્ટિ કહો. મિથ્યા એટલે જૂઠી. સમજાય છે કાંઈ? એ '**અનાદિ હોવા છતાં પણ અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી...**' પોતાના સ્વભાવના અભાનથી ઉત્પન્ન થયેલી. જુઓ! કર્મને લઈને ઉત્પન્ન થયેલી કર્તાકર્મની બુદ્ધિ એમ નથી. અંદર કર્મનું જોર દર્શનમોહને લઈને અજ્ઞાનની કર્તાકર્મની પ્રવૃત્તિ (થઈ છે) એમ નથી.

'**અનાદિ હોવા છતાં પણ અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી...**' જ્ઞાતા-દૃષ્ટાના સહજાનંદ પ્રભુ એના અભાનથી ઉત્પન્ન થયેલી. ત્રિકાળી દ્રવ્યના આદરના સત્કાર વિના ઉત્પન્ન થયેલી, '**કર્તાકર્મની પ્રવૃત્તિ નિવૃત્ત થાય છે;...**' સમજાય છે કાંઈ? વિકારી પરિણામ અને આત્મા બંધ વસ્તુ ત્રિકાળી .. બેનો ભેદ જાણે છે, જુદાઈ જાણે છે, તફાવત જાણે છે, અનેકપણાને અનેકપણા રીતે જાણે છે. (પોતાને) એકપણે માનતો એને અનેકપણાથી પૃથક્પણે જાણે છે એનું નામ ભેદજ્ઞાન. ભેદજ્ઞાન થયે ત્યારે અનાદિ અજ્ઞાનની એ વિકાર પરિણામરૂપે પરિણમનારો હું, એ પરિણમન મારું એવી જે અજ્ઞાનની કર્તાકર્મની પ્રવૃત્તિ હતી એ રાગ અને સ્વભાવની ભિન્નતા ભાસતા એ પ્રવૃત્તિ નિવૃત્ત થઈ જાય છે. એ પ્રવૃત્તિ નિવૃત્ત થાય છે, જુઓ! એ પ્રવૃત્તિ નિવૃત્ત થાય છે. એટલે એ પ્રવૃત્તિ ઉત્પન્ન થતી નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

'**આત્માને અનાદિ હોવા છતાં...**' શું અનાદિ હોવા છતાં? કર્તાકર્મની પ્રવૃત્તિ. .. ભાઈ! આ તો આત્માની કથા છે. ભગવાન આત્મા વસ્તુ છે, સત્ છે એવો ભાસ રાગથી ભિન્ન પડીને ભેદ થયો એથી ભેદજ્ઞાનમાં અનાદિથી અભેદપણાની અજ્ઞાનપણે કર્તાકર્મની બુદ્ધિ હતી એ ઉત્પન્ન થતી નથી. ઉત્પન્ન થતી નથી એ નિવૃત્ત છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**તેની નિવૃત્તિ થતાં...**' સ્વભાવ તરફ ઢળતાં, વિભાવ તરફના પડખેથી ખસતાં. પડખેથી સમજો છો? બાજુ. વિભાવની બાજુથી ખસતા, સ્વભાવને પડખે એની સમીપ જતાં. આ તો અમારી કાઠિયાવાડી (ભાષા છે). નવનીતભાઈ! તદ્દન કાઠિયાવાડી પ્યોર ભાષા કહેવાયને. કાઠિયાવાડી છે. પડખે. આ બે પડખા હોય છે ને બે? આ બે પડખા કહેવાયને શરીરના. બાજુ. આ જમણી બાજુ, આ ડાબી બાજુ. પડખા કહે છે ને. એમ રાગને પડખે-બાજુમાં ઊભો હતો ત્યારે સ્વભાવ સમીપ નહોતો. સ્વભાવના પડખે ગયો એટલે રાગના પડખેથી ખસી ગયો. મૂળ તો કાઠિયાવાડી ભાષા .. છે ને. કહો, સમજાણું?

કહે છે, '**તેની નિવૃત્તિ થતાં...**' ભગવાન આત્મા પોતાના ઘરને જોતાં. પરઘર જે

વિકાર છે તેનાથી ખસતાં. પર્યાયબુદ્ધિ છોડીને દ્રવ્યબુદ્ધિ કરી એનું નામ દ્રવ્યને પડખે આવ્યો. સમજાય છે કાંઈ? .. વાત કરે ને. આમથી ખસ્યો અને આમ આવ્યો. અનાદિથી અજ્ઞાનની પ્રવૃત્તિનું જે અજ્ઞાન હતું તે નિવૃત્ત થઈ ગયું અને અજ્ઞાનના નિમિત્તે થતો પૌદ્‌ગલિક કર્મનો બંધ એ પણ નિવૃત્ત થઈ ગયો. જ્ઞાનીને બંધ નથી, જ્ઞાનીને રાગ નથી. જ્ઞાનીને (અ)જ્ઞાન નથી, આત્મા છે. સમજાય છે કાંઈ? '**તેની નિવૃત્તિ થતાં...**' અજ્ઞાનના નિમિત્તે થતો. અજ્ઞાનપણું તો નિમિત્ત. અને પૌદગલિક કર્મનો બંધ ત્યાં નૈમિત્તિક પણ એને કારણે થતો હતો એ પણ નિવૃત્ત થઈ ગયો. અજ્ઞાનપણાનું નિમિત્ત રહ્યું નહિ એથી ત્યાં બંધનું કારણ પણ પરમાણુ રહ્યા બંધરૂપ થાય એમ રહ્યું નહિ.

'**એમ થતાં જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ સિદ્ધ થાય છે.**' સિદ્ધાંત અહીં છે. સમજાણું? જુઓ ૭૨ ગાથામાં આવશે ત્યાં વળી એ વાત કરે છે તમારે. જ્ઞાન છે એ રાગની ક્રિયાથી નિવૃત્તે અને આસ્રવોથી નિવૃત્તે બહારથી તો તેને જ્ઞાન કહે. એવો અર્થ કરે. .. .. એને જ્ઞાન કહીએ કે જ્ઞાન આસ્રવમાં પ્રવર્તે નહિ. શબ્દમાં.. પણ એનો અર્થ એવો કર્યો કે આસ્રવ જે આ ક્રિયા કરે છે ને એનાથી નિવર્તે આસ્રવ હિંસા, જૂઠું, ચોરી આદિ તો આસ્રવથી નિવર્ત્યો કહેવાય તો તેને ભેદજ્ઞાન કહેવાય. એવો અર્થ કર્યો છે. એમ નથી. એમ અહીં નથી.

અહીં તો પુણ્ય-પાપના પરિણામના અભિપ્રાયથી નિવર્ત્યો એ આસ્રવથી નિવર્ત્યો. એમ વાત છે. બરાબર વાંચ્યું છે તમારી ઓલી ખાણિયાની ચર્ચામાં. એ આવશે. ૭૨નો અર્થ આ બધું.. એમ કે જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ? નહિ. એમ કે જ્ઞાનથી એકલો નહિ. ભેગું આસ્રવ જે હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ કરે છે એને છોડે તો એ ભેદજ્ઞાન કહેવામાં આવે. એમ નથી અહીં. અહીં તો પુણ્ય-પાપના વિકલ્પો પરિણામ જે છે, અભિપ્રાયમાંથી ત્યાંથી નિર્વર્ત્યો ને સ્વભાવમાં આવ્યો એ આસ્રવથી નિવર્ત્યો એમ કહેવામાં આવે છે. એ ૭૨માં આવશે. સમજાણું કાંઈ જરી? ૭૨માં એવો અર્થ કર્યો છે. એમ કે આ પુણ્ય-પાપ બાહ્યની ક્રિયા છે ને એને છોડે તો એને ભેદજ્ઞાન કહેવાય. એમ લખ્યું છે. તમારી ચર્ચામાં તમારી સામે એનો જવાબ દીધો છે. તમારી સામે જવાબ દીધો છે એમાં. આ દીધો ને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ. એમ છે નહિ. અહીં તો ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ તો હતું. એ તો બધા કહે છે. આ તો બીજી વાત કહેવી છે. એ તો ખબર છે. પણ અહીં બીજી વાત છે. ૭૨માં આવશે હવે.

અહીં તો કર્તાકર્મની પ્રવૃત્તિથી નિવર્ત્યો એટલે જ્ઞાનમાત્ર રહ્યો અને આસ્રવથી નિવર્ત્યો.

એટલી વાત છે. આસ્રવના પરિણામ ભલે હોય અવ્રત, પ્રમાદ બીજા. પણ અભિપ્રાયમાંથી નિર્વર્ત્યો, અભિપ્રાયે અહીં આવ્યો એટલે આસ્રવથી નિવર્ત્યો જ છે ઇ. છે એમાં. બરાબર જોયું વાંચ્યું છે. વાંચતા વાંચતા ખ્યાલ આવે.

અહીં તો '**જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ સિદ્ધ થાય છે.**' (તો કહે), નહિ. જ્ઞાનમાત્રથી એનો અર્થ કે પુણ્ય-પાપના વિકલ્પનો પ્રેમ છોડીને દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ ભેદજ્ઞાન થયું, એ ભેદજ્ઞાનમાત્રથી કર્મબંધનો નિષેધ થઈ જાય છે. એને કર્મબંધન છે નહિ અને એને આસ્રવ છે નહિ. એમ કહે છે અહીંયાં. અમરચંદભાઈ! છે જ નહિ. એ તો વ્યવહારથી વાત કરી છે. .... તો છ કર્મ બંધાય છે. એ તો જ્ઞાન કરાવ્યું છે.

સમ્યગ્દૃષ્ટિ રાગના પ્રેમ અને રુચિથી છૂટ્યો અભિપ્રાયમાંથી અને અભિપ્રાય સ્વભાવનો થયો તો એ આસ્રવથી નિવર્ત્યો છે. જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ થાય છે. સમજાણું કાંઈ? .. છે એને પડખે ગયો તો રાગ છૂટી ગયો. રાગ એની પર્યાયમાં જ નથી હવે. રાગાદિને પરપર્યાય ગણી નાખી છે. પરવસ્તુ એને ગણી છે. આમાં ક્યાં છે અહીંયાં? ચાર બોલ લીધા હતા ને? દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એ પરમાં છે બધાય. અહીં તો કહે છે, જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ થાય છે. જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ? પણ જ્ઞાનમાત્ર એટલે શું? કે પુણ્ય-પાપના વિકલ્પો જે છે એનાથી ખસીને ચૈતન્યમૂર્તિનું ભેદજ્ઞાન થયું, એ પરથી દૂર થઈને સ્વભાવમાં એકાગ્ર થયો એવું જે ભેદજ્ઞાન એનાથી એને અજ્ઞાનની નિવૃત્તિ અને બંધની નિવૃત્તિ થાય છે. બહારના આસ્રવથી નિવર્તે એને સંબંધ અહીં છે નહિ. બહારથી તો નિર્વર્તેલો છે. બાહ્ય (પદાર્થ) ક્યાં ગરી ગયા હતા અંદરમાં? સમજાણું કાંઈ? છે મોટી વાત છે. ..

અહીં '**જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ સિદ્ધ થાય છે.**' એમ કહ્યું ને? એટલે ત્યાં એમ કે ઓલા આસ્રવની નિવૃત્તિ, ક્રિયાઓની નિવૃત્તિ ક્યાં આવી? પણ એ અંદર અભિપ્રાયમાં, અભિપ્રાયમાંથી પરિણામ પુણ્ય-પાપમાંથી ખસી ગયો એને અભિપ્રાયમાં આસ્રવ છે જ નહિ હવે. એની વાત છે અહીંયાં. શાસ્ત્રના અર્થ કરવામાં એની દૃષ્ટિ કામ કરે છે. .. છે. અહીં તો કહે છે કે જ્ઞાન જે ભેદજ્ઞાન થયું એ ભેદજ્ઞાનમાત્રથી જ અજ્ઞાનીને અજ્ઞાનનો જે ભાવ હતો એ ગયો અને બંધ પણ એને થતો નથી. ખલાસ. સમ્યગ્દર્શન થયું એટલે બંધ નથી એમ સિદ્ધ કરવું છે. ધન્નાલાલજી! ... શુભ-અશુભભાવ જે છે એની દૃષ્ટિ છોડી અને પૂર્ણાનંદ પ્રભુના પરથી ભેદમાં આવ્યો અને સ્વભાવ અભેદ થયો એને અહીં જ્ઞાન કહ્યું છે. એ જ્ઞાનમાત્રથી જ અજ્ઞાનની નિવૃત્તિ છે. નહિતર ... સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- ક્રોધાદિક અને જ્ઞાન જુદી જુદી વસ્તુઓ છે;...**' એટલે સ્વભાવ અને સ્વભાવનો વિરોધ-વિભાવ બે જુદી જુદી ચીજ છે. સ્વભાવ અને સ્વભાવનો વિરોધ-

વિભાવ બે જુદી જુદી ચીજ છે. એમ કહે છે. '**જ્ઞાનમાં ક્રોધાદિક નથી,...**' ભગવાન આત્માના આનંદસ્વરૂપમાં જ્ઞાનમાં વિભાવ નથી અને વિભાવમાં આત્મા નથી. સમજાય છે કાંઈ? ભાવ એટલે આસ્રવ વિકલ્પો, એમાં આત્મા નથી અને આ આત્મામાં એ વિભાવ નથી. બે ચીજ જ જુદી છે.

'**આવું તેમનું ભેદજ્ઞાન થાય..**' આવું તેમનું એટલે વિકારી ભાવ વિભાવ અને ત્રિકાળી સ્વભાવ ભગવાન, બેની જુદાઈનું આવું જ્ઞાન થાય '**ત્યારે તેમના એકપણારૂપ અજ્ઞાન મટે...**' ત્યારે તેના એકપણાનું અજ્ઞાન મટે '**અને અજ્ઞાન મટવાથી કર્મનો બંધ પણ ન થાય. આ રીતે જ્ઞાનથી જ બંધનો નિરોધ સિદ્ધ થાય છે.**' સમજાય છે કાંઈ?

'**હવે પૂછે છે કે જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ કઈ રીતે છે?**' શિષ્યનો પ્રશ્ન છે. ૭૨ ગાથાનો ઉપોદ્‌ઘાત છે. છે ને સંસ્કૃત? '**कथं ज्ञानमात्रादेव बन्धनिरोध इति चेत्।**' જુઓ આ ગાથામાં ઘણો અર્થ સમાયેલો છે ભેદજ્ઞાનનો. એનો અર્થ આખો ઊંધો કર્યો છે, એ બધું આમાં ટીકા વાંચશે ત્યારે કહેવાશે. કહે છે, '**જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ કઈ રીતે છે?**' જ્ઞાન થયું. એ જ્ઞાનમાં રાગથી નિવર્ત્યો છે કે રાગ હું નહિ. અને હું છું શુદ્ધ ચિદાનંદ આત્મા. એવી દૃષ્ટિ, એવું જ્ઞાન અને તેમાં એકાગ્રતા ત્રણેય થયા છે. તે ધર્મી રાગમાં વર્તમાન પડ્યો હોય છતાં તેનાથી તો નિવર્તેલો જ છે. એકત્વબુદ્ધિ હતી તે ટળ્યો માટે નિવર્ત્યો છે. રાગ અને સ્વભાવની એકત્વબુદ્ધિ હતી ત્યાં સુધી પ્રવર્તતો હતો એમાં. રાગ અને સ્વભાવની ભિન્નતા બુદ્ધિ થઈ એટલે રાગથી નિવર્તેલો જ છે એ. સમજાણું કાંઈ? '**તેનો ઉત્તર કહે છે :-**'

**णादूण आसवाणं असुचित्तं च विवरीयभावं च।**
**दुक्खस्स कारणं ति य तदो णियत्तिं कुणदि जीवो।।७२।।**

આત્મા એકલો, અશુચિ આસ્રવ, વિપરીતભાવ અને દુઃખ કારણ સાથે. આટલો.. એમાંથી આચાર્ય અસ્તિથી વાત કરશે. અમૃતચંદ્રાચાર્ય. સમજાય છે કાંઈ? નીચે.

**અશુચિપણું, વિપરીતતા એ આસ્રવોનાં જાણીને,**
**વળી જાણીને દુઃખકારણો, એથી નિવર્તન જીવ કરે. ૭૨.**

'**ટીકા :- જળમાં શેવાળ છે તે મળ છે-મેલ છે;...**' દૃષ્ટાંત આપે છે. '**જળમાં શેવાળ છે...**' કાઈ છે. કાઈ કહે છે ને હિન્દીમાં? સ્વચ્છ જળ છે. સ્વચ્છ જળ છે. એમાં જે શેવાળ-કાઈ છે એ મેલ છે, મળ છે. મળ છે એ મેલ છે. '**તે શેવાળની માફક...**' એ કાઈની પેઠે '**આસ્રવો મળપણે-મેલપણે અનુભવાતા હોવાથી...**' એ પુણ્ય અને પાપના દયા ને દાન ને વ્રત, ભક્તિના ભાવ મેલપણે અનુભવાતા હોવાથી. જળમાં શેવાળ મળ

છે, મેલ છે. એ મેલનો અનુભવ છે. એની પેઠે ભગવાન આત્મામાં પુણ્ય અને પાપનો જે ભાવ-આસ્રવ એ મળ છે, '**મેલપણે અનુભવાતા હોવાથી અશુચિ છે...**' એ પુણ્ય-પાપના ભાવ એ અશુચિ છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ અશુચિ મળ અને મેલ છે એમ કહે છે. ષોડશ કારણ ભાવના ભાય.. આવે છે ને? તીર્થંકરપદ પાય પરમગુરુ હોય. પંડિતજી! .. આ કરીએ ને ભક્તિ ને વિકલ્પ? એનાથી તીર્થંકરગોત્ર બંધાય છે અને એમાંથી પરમગુરુ થવાય છે. ધૂળમાંય નથી, સાંભળને. જે વિકલ્પનો પ્રેમ છે-રુચિ છે એને તો એવો વિકલ્પ સમકિતીને એવો વિકલ્પ આવે, અજ્ઞાનીને એવો વિકલ્પ હોય નહિ.

જેને રાગની રુચિનો પ્રેમ છે એને તીર્થંકરગોત્રના પરિણામ હોઈ શકે જ નહિ. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ છે એને રાગનો પ્રેમ નથી એને એવો રાગ આવી જાય છે. આવી જાય છતાં મેલપણે અનુભવાય છે. સમજાણું કાંઈ? સોલહકારણ ભાવના ભાવો, એમાંથી તીર્થંકર થાશું. તીર્થંકર થાય એટલે મોક્ષ જાય જ. તીર્થંકર .. બાપુ! તને ખબર નથી. જ્યાં રાગથી, વિકલ્પથી ભિન્નપણું ભાસ્યું છે અને રાગનું મેલપણું ભાસ્યું છે એને એવો વિકલ્પ આવે, એને મેલ ભાસે છે. એનાથી મને લાભ થાય છે એમ ભાસતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભારે વાતું. બ્રહ્મચારીજી!

ભાઈ! તારી ચીજ જ એવી છે. જળમાં શેવાળ-કાઈ, મળ. મળ કીધો ને. શું કીધું? મળને મેલ કીધો. એમ ભગવાન આત્મામાં શેવાળની માફક, શેવાળની પેઠે આસ્રવો ચાહે તો શુભભાવ હો કે અશુભ હો. બેય. '**મેલપણે અનુભવાતા હોવાથી અશુચિ છે (-અપવિત્ર છે);...**' ભગવાન આત્મા એવો નથી હવે એમ સિદ્ધ કરશે. આત્મા... એ વાત નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૧, શનિવાર તા. ૨૪-૮-૧૯૬૮**
**ગાથા-૭૨, પ્રવચન-૬૦૮**

આ કર્તા-કર્મ અધિકાર. ૭૨ ગાથા. શિષ્યનો પ્રશ્ન છે કે જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ કઈ રીતે છે? જ્યાં આત્માને ભેદજ્ઞાન થયું એવા જ્ઞાનમાત્રથી જેને આસ્રવ અને કર્મનો બંધ રોકાઈ જાય છે એ કઈ રીતે? સમજાય છે? જ્ઞાન જ્યાં થયું એવા જ્ઞાનમાત્રથી જ્ઞાનીને આસ્રવ ને બંધ થતો નથી એ કઈ રીતે? એવો પ્રશ્ન છે. સમજાય છે કાંઈ?

ઉત્તરમાં કહે છે. જુઓ! આવ્યું ને? ટીકા આપણે ચાલે છે ને? '**જળમાં શેવાળ છે તે મળ છે-મેલ છે;...**' દૃષ્ટાંત. '**તે શેવાળની માફક આસ્રવો...**' પુણ્ય અને પાપભાવ, મિથ્યાત્વ આદિ ભાવ એ મેલ છે. શેવાળની પેઠે આત્મામાં એ વિકારીભાવ મિથ્યાત્વ, પુણ્ય-પાપના ભાવ મેલપણે જણાય છે, મેલપણે અનુભવાય છે. સમજાય છે કાંઈ? એથી તે પુણ્ય અને પાપ અને તે મારો એવો મિથ્યાત્વભાવ તે અશુચિ છે, અપવિત્ર છે. સમજાય છે કાંઈ? જળમાં શેવાળ મળ અને મેલ છે, એમ આત્મામાં પુણ્ય અને પાપ અને પુણ્ય-પાપ મારા એવો જે મિથ્યાત્વભાવ એ મેલ છે, અશુચિ છે, અપવિત્ર છે.

'**અને ભગવાન આત્મા તો...**' હવે ભેદ બતાવે છે. પાઠમાં તો એટલું હતું '**णादूण आसवाणं असुचित्तं च विवरीयभावं च।**' પણ અહીં અસ્તિથી કાઢ્યું હવે. '**णादूण**' છે ને? જાણીને કે આ પુણ્ય અને પાપ, શુભ-અશુભભાવ એ મારા એવો મિથ્યાત્વભાવ અને શુભ-અશુભભાવ એ મેલ છે ત્યારે આત્મા, '**ભગવાન આત્મા તો...**' આમ શબ્દ ઉપાડ્યો છે. '**ભગવાન આત્મા તો...**' જ્ઞાનાદિ લક્ષ્મી સંપન્ન પ્રભુ એવો જે આત્મા '**સદાય અતિનિર્મળ...**' છે. ત્રિકાળ એ તો શુદ્ધ નિર્મળાનંદ '**ચૈતન્યમાત્રસ્વભાવપણે...**' '**સદાય અતિનિર્મળ ચૈતન્યમાત્રસ્વભાવપણે જ્ઞાયક હોવાથી અત્યંત શુચિ જ છે (-પવિત્ર જ છે; ઉજ્જ્વળ જ છે).**' શું કહ્યું સમજાય છે કાંઈ?

આત્મા ભગવાન આત્મા સદાય અતિનિર્મળ ચૈતન્યમાત્રસ્વભાવપણાને લઈને એ શુચિ-પવિત્ર અને નિર્મળ છે. ત્યારે પુણ્ય-પાપના ભાવ એ મારા એવો મિથ્યાત્વભાવ એકત્વબુદ્ધિ એ બધા મેલ અને દુઃખરૂપ છે, અશુચિ છે. એમ બેનું ભેદજ્ઞાન થતાં. છેલ્લો એ સવાલ છે એક એકને લે છે. છેલ્લો છે જુઓ. '**આ પ્રમાણે વિશેષ દેખીને...**' ત્યાં લેવું એક એક બોલ ઉપર. છે? છેલ્લી લીટીઓ છે. એ પ્રમાણે તફાવત દેખીને અંદરમાં '**જ્યારે આ આત્મા, આત્મા અને આસ્રવોનો ભેદ જાણે છે...**' કે એ પુણ્ય-પાપ અને મેલ અને

ભગવાન સદા અતિ નિર્મળ એવો જ્ઞાયકભાવ ચૈતન્યમાત્રસ્વભાવપણે આત્મા. અને એ વિકારી મેલ બેનો અંતરમાં તફાવત વિશેષતા ભેદ જાણે છે ત્યારે '**તે જ વખતે ક્રોધાદિ આસ્રવોથી નિવૃત્ત થાય છે,...**' એટલે કે તે જ કાળે વિકારી પરિણામના પ્રેમની રુચિ અને અભિપ્રાયથી નિવૃત્ત થાય છે. સમજાય છે કાંઈ? એ એક એક બોલ ઉપર લેવું આ. આ તો ત્રણે બોલ લઈને પછી સરવાળો કરશે. '**असुचित्तं**' '**विवरीयभावं**' અને '**दुक्खस्स कारणं**'. પણ અહીં તો અશુચિતામાં એ વાત. ભગવાન આત્મા એની દશામાં પુણ્ય અને પાપના શુભ-અશુભભાવ અને એ મારા એવી બુદ્ધિ એ મેલ છે, અશુચિ છે, અપવિત્ર છે. એવું '**णादूण**' '**णादूण**' શબ્દ પડ્યો છે ને? એને જાણીને. અને ભગવાન આત્મા અંતર્મુખ જોતાં સદા અતિનિર્મળ ચૈતન્યમાત્ર સ્વભાવપણાને લઈને ઉજ્જ્વળ છે, નિર્મળ છે, પવિત્ર છે. એમ બે વચ્ચેનું ભેદજ્ઞાન થતાંવેત મલિન પરિણામના પ્રેમના અભિપ્રાયથી ખસી અને સ્વભાવ પ્રત્યેના અભિપ્રાયમાં આવી જાય છે. સમજાય છે કાંઈ?

જુઓ! આ એ કહે છે. છેલ્લો શબ્દ છે ને એ બધું ત્રણેને માટે. '**આ પ્રમાણે વિશેષ દેખીને...**' પાઠમાં છે ને? '**णादूण तदो णियत्तिं कुणदि जीवो।**' સમજાય છે કાંઈ? શુભ અને અશુભભાવ એ અશુચિ છે, મેલ છે, અપવિત્ર છે. ભગવાન આત્મા ચિદાનંદ નિર્મળ છે. એમ બે વચ્ચેનું '**णादूण**' બેનું ભેદજ્ઞાન કરી, કરવા કાળે જ '**णादूण**' એ વિકારના પરિણામના અભિપ્રાયથી નિવર્તી અને સ્વભાવની દૃષ્ટિમાં અનુભવમાં આવે છે. એથી એ જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ થઈ જાય છે. સમજાણું કાંઈ?

એ '**આત્મા અને આસ્રવોનો ભેદ જાણે છે...**' મેલ અને નિર્મળતાની પૃથક્તા જાણે છે ત્યારે તે જ કાળે. એમ પાછું લીધું ને? તે જ સમયે '**ક્રોધાદિ આસ્રવો...**' એટલે સ્વભાવથી વિરુદ્ધભાવ એવા વિકારીભાવથી '**નિવૃત્ત થાય છે,...**' એટલે કે વિકારીભાવ મારું સ્વરૂપ નથી તેનાથી રુચિ છૂટી અને જ્ઞાયક નિર્મળાનંદ ઉપર અનુભવમાં દૃષ્ટિ જાય છે. એને આસ્રવથી નિવર્ત્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ બહારની વાત નથી. અંતરના અભિપ્રાયમાં જે રાગની એકતાની બુદ્ધિ મિથ્યાત્વની હતી તે રાગાદિ શુભાદિ હો કે અશુભ હો, મેલપણે '**णादूण**' અને ભગવાન અતિ નિર્મળ છે એમ જાણીને બે વચ્ચેનું ભેદજ્ઞાન થતાં, સ્વભાવ સન્મુખ થતાં તે આસ્રવના અભિપ્રાયથી નિવૃત્ત થાય છે. સમજાણું કાંઈ? કહો, શેઠી! આહાહા..! એ એક બોલ કહ્યો. એક બોલ કહ્યો. '**णादूण आसवाणं**' '**णादूण तदो णियत्तिं कुणदि जीवो।**' ચોથું પદ એની સાથે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ભેદ પરથી ભિન્ન પડીને સ્વભાવમાં એકત્વ થયો એનું નામ ભેદજ્ઞાન. અહીં

અત્યારે સવિકલ્પની અહીં વાત નથી. એ રાગ અને મેલ છે એમ પહેલું જાણી અને પછી નિર્મળાનંદ સ્વરૂપ તરફ ગયો એટલે અભેદ જ્ઞાન સાથે થયો એટલે રાગથી ભિન્ન થયો તેને ભેદજ્ઞાન રાગની અપેક્ષાએ ભેદ કહ્યો, સ્વભાવમાં અભેદ કહ્યો છે. પરથી વિભક્ત થયો, સ્વથી એકત્વ થયો. એ વાત છે.

**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।**
**जदि दाएज्ज पमाणं चुक्केज्ज छलं ण घेतव्वं।।५।।**

પાંચમી ગાથામાં ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે કે હું '**तं एयत्तविहत्तं**' ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વભાવથી એકત્વ છે. '**विहत्तं**' વિકલ્પના પુણ્ય-પાપની વૃત્તિઓથી, ભ્રમણાથી ભિન્ન છે. ભ્રમણાથી ભિન્ન છે. એવું '**एयत्तविहत्तं दाएहं**' હું દેખાડીશ. '**अप्पणो सविहवेण**' પોતાની નિજ ઋદ્ધિના વૈભવ દ્વારા. '**जदि दाएज्ज**' જો હું દેખાડું તો '**तं एयत्तविहत्तं**' પ્રમાણ કરજે. એમ કહે છે. સમજાય છે કાંઈ? '**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण**' '**जदि दाएज्ज**' હવે સંધિ કરે છે. એ તો સાધારણ વાત કરી. દેખાડી. પણ જો દેખાડું. '**जदि दाएज्ज पमाणं**' પરથી ભિન્ન કરીને અને એકત્વમાં જઈને અનુભવ કરજે. સમજાય છે કાંઈ? '**छलं ण घेतव्वं**' કોઈ એવી વિભક્તિ શાસ્ત્રો કાળભેદની વાણી આવી જાય તો એ ઉપર લક્ષ તમારે ન રાખવું. તમે કદાચિત એ ખ્યાલવાળા હો તો કે આમાં આ કાળ બોલવો જોઈએ અને આમાં આ વિભક્તિ બોલવી જોઈએ અને આમાં ફેર પડ્યો થોડો. તો એ તારા ખ્યાલમાં તને હોય ક્ષયોપશમમાં તો એ ખ્યાલમાં અટકીશ નહિ. અમારે પરથી ભિન્ન અને સ્વમાં એકત્વ કરવું ત્યાં જાજે. સમજાય છે કાંઈ? '**चुक्केज्ज छलं ण घेतव्वं**' તારા ખ્યાલમાં આવી જાય કે આ શબ્દમાં આમ ફેર પડ્યો. પણ શબ્દમાં ફેર (હશે) પણ ભાવમાં ફેર નથી. સમજાય છે કાંઈ?

'**तं एयत्तविहत्तं**' દેખાડું (તો) અનુભવ કરજે, પ્રમાણ કરજે, પ્રમાણ કરજે. એમ કહે છે. આહાહા..! ઉપાદાન અને નિમિત્તની સંધિ કરે છે કે જ્યારે આવી કથનની પદ્ધતિ મારામાંથી આવે છે ત્યારે તું સાંભળનારો પણ પ્રમાણ કરજે એવી તારી યોગ્યતા હોવી જોઈએ. એમ કહે છે. સમજાણું કાંઈ? એ અહીં કહે છે જુઓ!

જ્યાં જેને વિકારી પરિણામ મિથ્યાત્વના કે રાગના મેલ છે એમ જાણ્યા, ઝેર છે એમ જાણ્યા. ભગવાન જ્ઞાયક ચૈતન્યમૂર્તિ પરમાનંદનું ધામ એમ જ્યાં નિર્મળાનંદ છે એમ જાણ્યું. તે જ ક્ષણે રાગની રુચિના અભિપ્રાયથી ભિન્ન પડી અને સ્વભાવની દૃષ્ટિમાં એકત્વ થઈને આત્માનો અનુભવ કરે છે. તે ક્ષણે તે આસ્રવથી નિવર્ત્યો છે. સમજાણું કાંઈ? આસ્રવથી નિવર્ત્યો એટલે બહારથી પ્રવૃત્તિ રોકાઈ ગઈ છે કે એના રાગ-દ્વેષના પરિણામની અસ્થિરતામાં

જે હિંસા-જૂઠાના પરિણામ છે એ પરિણામને અહીં ગણ્યા નથી. સમજાય છે કાંઈ? અભિપ્રાયમાં જે આખો આસ્રવ હું હતો એવી દૃષ્ટિ ફરી ગઈ. અરે..! હું તો અતિ નિર્મળાનંદ છું. એ જ ક્ષણે ક્રોધાદિ નામ આત્માના સ્વભાવથી વિરુદ્ધ ભાવ તેનાથી તે નિવર્તેલો છે. સમજાણું કાંઈ? એ સમ્યગ્જ્ઞાની, ભેદજ્ઞાની પુણ્ય-પાપના પરિણામથી નિવર્તેલો છે એમ કહે છે. પરિણામ હોય એની પાસે પડ્યા છે તોય છૂટો છે. એની પર્યાયમાં નથી. સમજાણું કાંઈ? આહાહા..!

ઓલા તો કહે. એમાં એ લખાણ છે એ ખાણિયાની ચર્ચામાં કે બહારથી હિંસા જૂઠું, ચોરી, વિષયભોગની વાસનાના બહારના આચરણો છોડે તો તેને ભેદજ્ઞાન કહેવાય. તો ત્રણ જ્ઞાનના ધણી સમકિતિ, ક્ષાયિક સમકિતિ ચક્રવર્તી તીર્થંકર હતા. એને છન્નું હજાર સ્ત્રી હતી. છતાં અહીં કહે છે કે એ અભિપ્રાયમાંથી આસ્રવથી નિવર્તેલા છે. સમજાય છે કાંઈ?

વસ્તુનો સ્વભાવ ભગવાન આત્મા બોલાવ્યો છે જોયું! આચાર્ય મહારાજ અમૃતચંદ્રાચાર્યે ભગવાન આત્મા એમ કહ્યું. જુઓ! આસ્રવને મલિન કહ્યો ત્યારે કહે છે ભગવાન આત્મા. ભગ નામ જ્ઞાનાનંદ લક્ષ્મીવાળો પ્રભુ સદા અતિ નિર્મળાનંદ છે. એવી નિર્મળાનંદ જ્યોતિની દૃષ્ટિ થતાં એનું જ્ઞાન થતાં એ વિકારના પરિણામના પ્રેમથી ખસી જાય છે. એ અપેક્ષાએ વિકારના આસ્રવથી તેને નિવર્ત્યો એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એ એક બોલ થયો.

બીજો. '**આસ્રવોને જડસ્વભાવપણું હોવાથી તેઓ બીજા વડે જણાવાયોગ્ય છે...**' શું કહે છે? '**(-કારણ કે જે જડ હોય તે પોતાને તથા પરને જાણતું નથી, તેને બીજો જ જાણે છે-)**' રાગ અને મિથ્યાત્વભાવ ને પુણ્યભાવ એ અચેતન છે. પરમાણુ છે એ પ્રશ્ન અહીં નથી. એમાં ચૈતન્યના કિરણનો અભાવ છે. જેમ સૂર્યનું કિરણ નીકળે (એમાં) પ્રકાશ હોય. એમાં અંધારું ન હોય. એમ ભગવાન આત્મા ચૈતન્યનું નૂરનું પૂર છે આત્મા. એના ચૈતન્યના કિરણનો અંશ રાગમાં નથી. પુણ્ય ને પાપના વિકલ્પો તે અચેતન છે. ચૈતન્યના કિરણનો એમાં અભાવ છે. માટે તેને જડ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ શુભભાવ અચેતન જડ છે એમ કહે છે. આ તીર્થંકરગોત્ર જે ભાવે બંધાય એ ભાવ અચેતન જડ છે.

મુમુક્ષુ :- એ તો મોટામાં મોટી પદવી છે.

ઉત્તર :- પદવી કેવી? પદવી શું? એ ભાવથી એ પદવી મળે છે? એ ભાવનો અભાવ કરીને સ્થિર થાય ત્યારે કેવળજ્ઞાન થાય છે. એ ભાવ જ્યાં સુધી છે અને એની પ્રકૃતિ બંધાયેલી છે એનાથી કેવળજ્ઞાન થાય છે? પુણ્યફળા અર્હંતા. પંડિતજી! પુણ્યફળા અર્હંતા. નાખ્યું છે બહુ તમારે અંદર. અરે..! પુણ્યફળા અર્હંતા એની બીજી વાત છે એ તો. એ તો ક્રિયા ઉદયભાવની

વાત છે. આવા ને આવા ક્યાંકનું ક્યાંક નાખે. એ તો ઉદયની ક્રિયા પુણ્યના ફળરૂપ છે તે ઉદય છે એટલે ખરી જાય છે માટે ઉદયને અમે ક્ષાયિકી ક્રિયા કહીએ. એ તો ઉદયની વાત છે. પુણ્યફળથી અરિહંતપદ મળે છે એમ કોણે કહ્યું? સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો કહે છે, ભગવાન આત્મા. જે ભાવ છે રાગનો એ તો અચેતન છે. એ અચેતનથી આત્માને લાભ થાય? સમજાય છે કાંઈ? વ્યવહારરત્નત્રયનો વિકલ્પ તે અચેતન છે. એમ કહે છે. ભાઈ! આહાહા..! અચેતન કહો કે જડ કહો. એ ચૈતન્યની જાતના નૂરના પૂર નહિ. ભગવાન જ્ઞાનના પૂરથી ભરેલો પ્રભુ એનાથી વિકલ્પની જાત અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યનો ઉઠતો વિકલ્પ કે... સમજાય છે? સત્ય બોલવાનો ઉઠતો વિકલ્પ કે તીર્થંકરગોત્ર બાંધવાનો વિકલ્પ એ બધો અચેતન છે. ચૈતન્યને સ્પર્શીને આવેલો નથી. સમજાય છે કાંઈ? આહાહા..! કહો, ભીખાભાઈ! ભારે વાત આ. આહાહા..!

કહે છે, '**આસ્રવોને જડસ્વભાવપણું હોવાથી...**' કારણ આપ્યું છે. જડસ્વભાવપણું હોવાથી એમ કારણ. '**તેઓ બીજા વડે જણાવાયોગ્ય છે...**' એને જ્ઞાન જાણે. રાગ રાગને ન જાણે, રાગ સમીપમાં પડેલું ચૈતન્ય એને ન જાણે. સમજાય છે કાંઈ? એ શુભરાગ દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો ભાવ, કહે છે કે એ અચેતન જડ છે. કેમકે રાગ રાગને જાણતો નથી, રાગ જોડે (રહેલી) જ્ઞાનમૂર્તિ એને રાગ જાણતો નથી. એ રાગ બીજા વડે જણાવાયોગ્ય છે. માટે અચેતન છે. એમ સિદ્ધ કર્યું છે. સમજાય છે કાંઈ? સ્વરૂપચંદભાઈ! ભારે વાતું! ઓલાને તો એમ થઈ જાય આહાહા..! તીર્થંકરનો ભાવ થયો તો તીર્થંકર (થાશે). એ સમકિતીને એવો ભાવનો આદર હોય નહિ. ખબર નથી તને.

મુમુક્ષુ :- બહુ ખુશી ન થાય...

ઉત્તર :- બિલકુલ (નહિ), રાગમાં ખુશીપણું હોય?

મુમુક્ષુ :- આગળ તીર્થંકર થશે.

ઉત્તર :- તીર્થંકર એનાથી થાશે? એ શુભભાવથી તીર્થંકર થાશે? તીર્થંકર એટલે કેવળજ્ઞાન એનાથી થશે? એ રાગને છોડીને સ્વરૂપમાં સ્થિર થશે વીતરાગતા ત્યારે કેવળજ્ઞાન થશે. ત્યારે ઓલી પ્રકૃતિ પડેલી એનું ફળ તેરમે ગુણસ્થાને આવશે. તીર્થંકરનો બંધ પડ્યો ચોથે, પાંચમે, છઠ્ઠે પણ ફળ આવશે તેરમે. કેવળજ્ઞાન કરશે ત્યારે. તેરમે ગુણસ્થાને તીર્થંકર પ્રકૃતિનું ફળ. પછી આ સમવસરણ ને એ બધા ઢગલા થાવ. એને શું છે? મહિમા તે સ્વરૂપના અનુભવની સ્થિરતાની, વીતરાગતાની છે કે મહિમા તે રાગ ને સંયોગ સમવસરણ મળે એની છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તો થયું. તો તો કિંમત ક્યાં રહી? સમવસરણની કિંમત રહી. વીતરાગપણું

જે અંદર છે, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાણું એ રાગને છેદી, એટલે કે છેદી તે નાસ્તિ. પણ સ્વરૂપમાં (એકાગ્રતા) થઈ વીતરાગતા પ્રગટ કરી પહેલી, પછી કેવળજ્ઞાન થાશે. વીતરાગતા બારમે ગુણસ્થાને (થયા) પછી કેવળજ્ઞાન પછી થાય છે. એ રાગને લઈને થયું? એ પ્રકૃતિ તીર્થંકરની બંધાણી એને લઈને વીતરાગતા થઈ? સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે કે, વસ્તુ તો આવી છે. એને ભેદ કરીને જાણવી જોશે. ભાઈ! આ જન્મ-મરણના દુઃખો અનંત કાળથી સહન કરે છે, ભાઈ! એ દુઃખી છે. સુખી નથી. સમજાય છે? આ બહારની સામગ્રીમાં પડ્યો એમ માને કે અમે શરીર નિરોગી, પૈસા (વાળા). મૂઢ છે. દુઃખીના દાળીયા છે. દુઃખમાં હેરાન થઈ જાય છે. આહાહા..! કહે છે કે એ દુઃખના પરિણામ આકુળતા છે, એ અચેતન છે. એમ કહે છે અહીં તો. આહાહા..! સમજાય છે કાંઈ? બહારની ચીજો અનુકૂળ દેખીને હોંશ આવે હરખ (થાય), પ્રતિકૂળ દેખીને શોક (થાય), એ બધા પરિણામ અચેતન જડ છે. આહાહા..!

એ '**આસ્રવોને જડસ્વભાવપણું હોવાથી...**' એમ. આને કારણે. '**તેઓ બીજા વડે જણાવાયોગ્ય છે (-કારણ કે જે જડ હોય તે પોતાને તથા પરને જાણતું નથી, તેને બીજો જ જાણે છે-)**' એટલે એને જ્ઞાન જાણે. જ્ઞાન જાણે કે આ રાગ છે. રાગ રાગને જાણે? રાગ જ્ઞાનને જાણે? જ્ઞાન જાણે રાગને કે આ રાગ છે. હું જ્ઞાન છું, આ રાગ છે. સમજાય છે કાંઈ? આઠ વર્ષની બાલિકા પણ ભેદજ્ઞાન કરે ત્યારે આવું જ્ઞાન હોય છે એમ કહે છે. શરીર ભલે બાળકનું હોય. ભલે એ સ્ત્રીનો દેહ માટીનો ઘડાયેલો હોય. ભગવાન આત્મા તો અંદર નિર્મળાનંદ ભિન્ન છે. આહાહા..!

કહે છે કે એ આસ્રવોને પરથી જણાવાયોગ્ય હોવાથી તે જડ છે એમ. '**માટે તેઓ ચૈતન્યથી અન્ય સ્વભાવવાળા છે;...**' દેખો! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય, જે ભાવે આહારક શરીર બંધાય, જે ભાવે સર્વાર્થસિદ્ધનું આયુષ્ય બંધાય એ બધા ચૈતન્યસ્વભાવથી અન્ય સ્વભાવવાળા છે. સમજાણું કાંઈ? '**તેઓ ચૈતન્યથી અન્ય સ્વભાવવાળા છે;...**' એક વાત. '**અને ભગવાન આત્મા તો,...**' જડ અચેતન પુણ્ય અને પાપના જડસ્વભાવથી ભગવાન આત્મા ભિન્ન છે અંદર. કેવો છે?

'**ભગવાન આત્મા તો, પોતાને સદાય વિજ્ઞાનઘનસ્વભાવપણું હોવાથી,...**' દેખો! '**સદાય વિજ્ઞાનઘનસ્વભાવપણું હોવાથી,...**' જેમાં અચેતન વિકલ્પનો પ્રવેશ નથી. સમજાય છે કાંઈ? જેમ ઠંડા શિયાળાના કાળમાં... શિયાળો-શિયાળો સમજ્યાને? જાડાના કાળમાં. ઠંડીના દિવસોમાં ઘી થાય છે ને ઘી-ઘી? પહેલાનું ઘી એવું. અત્યારે બધું કાળાબજાર ને .. એવું ઘી મજબૂત કે એમાં ખુરપા.. આંગળી તો પેસે નહિ, ખુરપા પેસે નહિ. એવા ઘી પહેલા

થતા. બહુ ઘટ્ટ ઘી. વિજ્ઞાનઘન લેવું ને અહીં? એ ઘી ઘન. એવું ઘન. એમાં આંગળી પેસે તો ફાંસ વાગી જાય. ઘીની ફાંસ. ફાંસ સમજ્યા?

મુમુક્ષુ :- એમના ગામમાં થાતું હતું.

ઉત્તર :- થાતું હતું ત્યાં ..માં. .. જોયું હતું ચેલામાં. નહિ? ચેલામાં જોયું હતું. ઘી એવું. એક ફેરી ધરમશીભાઈ હતા ને. .. ડબો અને એમાં ઘી આપતા હતા. આંગળી પેસવી કઠણ પડે એવા કપાસિયાના ઘી. કહે છે કે એ ઘનમાં આંગળી પેસવી કઠણ પડે તો ખરી. તવેથો તો મહાકઠણથી પેસે. આંગળી પેસવી કઠણ પડે. ઘન છે.

એમ વિજ્ઞાનઘન ચૈતન્ય છે એમાં વિકલ્પનો પ્રવેશ થઈ શકતો નથી. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ચૈતન્ય વિજ્ઞાનઘનમાં અંદર આવી શકતો નથી. એવો એ ચૈતન્યઘન છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો બાપુ અંતર ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ છે. એની એને ખબર નથી. અને એની ખબરું વિનાના એ બધા સંસારના રખડનારા પ્રાણી છે કહે છે. સમજાણું કાંઈ? જેને આવું ભાન નથી એ જંગલમાં રોઝ ને ગામમાં કૂતરા જેવા માણસો. દિપચંદજીએ કહ્યું છે ભાઈ અનુભવપ્રકાશમાં. અનુભવ આત્મા રાગથી ભિન્ન છે એનું જ્યાં ભાન નથી એ માણસ જંગલમાં રોઝ અને ગામમાં કૂતરા. બેમાં શું ફેર છે? કહે. આહાહા..!

'**ભગવાન આત્મા તો, પોતાને સદાય વિજ્ઞાનઘનસ્વભાવપણું...**' એનું તો વિજ્ઞાનઘન ભિન્ન સ્વભાવપણું હોવાથી '**પોતે જ ચેતક છે...**' પોતે જ જાણનાર પોતાને પોતાથી અને પોતે રાગને જાણનાર છે. જ્ઞાનસ્વરૂપ ભગવાન પોતે પોતાને જાણે છે અને રાગ છે તેને જાણે એવો વિજ્ઞાનઘન સ્વભાવ સ્વપરપ્રકાશનો પિંડ પ્રભુ એ આત્મા. અને રાગાદિનો વિકલ્પ જે પુણ્ય છે તે અચેતન જડ છે. '**ચૈતન્યથી અનન્ય સ્વભાવવાળો જ છે...**' કોણ? વિજ્ઞાનઘન સ્વભાવ હોવાથી પોતે ચેતક છે તેથી ચૈતન્યથી, પોતાનો જાણવા-દેખવાનો સ્વભાવ એનાથી અનન્ય સ્વભાવવાળો છે. રાગ છે તે અન્ય સ્વભાવવાળો છે ચૈતન્યથી. ત્યારે આત્માનો વિજ્ઞાનઘન સ્વભાવ ચૈતન્યસ્વભાવ એ ત્રિકાળી ચૈતન્યથી અનન્ય સ્વભાવ છે. એનાથી ભિન્ન પડે એવો નથી.

જુઓ! '**ચૈતન્યથી અનન્ય સ્વભાવવાળો જ છે...**' કોણ? ચેતક સ્વભાવ છે તે. સ્વ-પરને ચેતનારો ભગવાન આત્મા એ ચૈતન્ય ત્રિકાળી સ્વભાવ છે. '**(અર્થાત્ ચૈતન્યથી અન્ય સ્વભાવવાળો નથી)**.' શું કહે છે? જાણવા-દેખવાના સ્વભાવથી ચૈતન્યનો સ્વભાવ અન્ય નથી. અને પુણ્ય-પાપનો ભાવ એ અન્ય સ્વભાવવાળો જ છે. આ બે વચ્ચે એ છેલ્લે શબ્દ છે. '**એ પ્રમાણે વિશેષ દેખીને...**' વિકારીભાવ, પુણ્ય-પાપના અને મિથ્યાત્વભાવ તે અચેતન છે, જડ છે. તે પોતે પોતાને જાણતા નથી, તે પોતે પરને જાણતા નથી. ભગવાન

ચૈતન્યસ્વભાવ પોતાને જાણે છે, પરને જાણે છે. એમ બે વચ્ચેનો આંતરો પાડી, બે વચ્ચેનો તફાવત દેખી, બેનું વિશેષ દેખીને જ્યારે આ આત્મા અને આસ્રવોનો એ ભેદ જાણે છે તે જ વખતે ક્રોધાદિ આસ્રવ નિવૃત્ત થાય છે. આ તો ક્રમે વાત કરી છે. છે તો એક ક્ષણે બધા ત્રણે બોલ, હોં! આ સમજાવે છે ક્રમે. સમજાણું કાંઈ? આહાહા..!

શુભ-અશુભભાવ એ અચેતન છે, પોતે પોતાને જાણતા નથી, આત્માને જાણતા નથી. વિજ્ઞાનઘન સ્વભાવ ભગવાન ચૈતન્ય પોતે પોતાને જાણે, રાગને જાણે. આવું બે વચ્ચે ભેદજ્ઞાન કરતાં તે જ કાળે વિકારના અચેતન પરિણામથી આત્મા અભિપ્રાયથી છૂટો પડી જાય છે. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! જુઓ! '**એ પ્રમાણે વિશેષ દેખીને જ્યારે આ આત્મા, આત્મા અને આસ્રવોનો ભેદ જાણે છે તે જ વખતે ક્રોધાદિ...**' ક્રોધાદિ એટલે? સ્વભાવથી વિરુદ્ધભાવ એવો વિભાવભાવ એનાથી નિવૃત્ત થાય છે. આ બાયડી-છોકરાથી નિવૃત્ત થાય છે એ તો નિવૃત્ત છે જ કહે છે. ફક્ત જે પુણ્ય ને પાપના અચેતન ભાવને મારા માનીને પ્રવૃત્તિમાં, મિથ્યાત્વમાં પડ્યો હતો એ પુણ્ય-પાપના અચેતનભાવને જાણી અને આ ચૈતન્ય વિજ્ઞાનઘન છે એમ જાણી, એનાથી હઠીને વિજ્ઞાનઘનમાં એકાકાર થાય છે એ આસ્રવથી અભિપ્રાયમાં નિવર્તી ગયેલો છે. સમજાણું કાંઈ? કહો, શેઠ! પણ આ ક્યાં શું કરવું પણ આમાં કાંઈ સૂઝ પડતી નથી. ખબર ન મળે આંધળો અનાદિથી. છતી આંખે આંધળો. ભાન ન મળે.

ભગવાન વિજ્ઞાનઘન પ્રભુ ચૈતન્યદળ છે. વસ્તુ-વસ્તુ. એકલું જ્ઞાનનું દળ વિજ્ઞાનઘન અને પુણ્ય-પાપના વિકલ્પો તે અચેતન જડ. આ ચૈતન્ય અને જડનું ભેદજ્ઞાન કરતાં કરવાને કાળે જ સ્વભાવ સન્મુખ થતાં વિકારના પ્રેમના રુચિથી અભિપ્રાયથી તે ક્ષણે નિવૃત્તિ જાય છે. '**णादूण**' '**णियत्तिं कुणदि जीवो**' બસ! બેનું ભેદજ્ઞાન થતાં જ જીવ તેનાથી પાછો વળી જાય છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? આ તો સમજાય એવી વાત છે. આમાં કાંઈ બહુ એવી ઝીણી વાત નથી. વસ્તુ ભલે ઝીણી હોય, પણ ભાષામાં એની વાત તો સાદી આવે છે. પણ એણે પોતાની દરકાર અનંત કાળમાં કરી જ નથી. એમાં ને એમાં હાંકે રાખ્યો છે.

અરે..! હું કોણ અને આસ્રવ કોણ? બીજી ચીજ તો પૃથક્ રહી ગઈ. કર્મ જુદા, બાયડી જુદી, છોકરા જુદા, ધણી એનું બધું જુદું. આ રહ્યો એની સાથે વિકારીભાવ, એની સાથે જે એકત્વબુદ્ધિ હતી એને અહીંયાં છોડે છે. અરે..! હું તો વિજ્ઞાનઘન છું. વિકારી પરિણામ તો અચેતન છે. પરલક્ષી ઉપાધિનો મેલ છે. ભગવાન નિર્મળાનંદ વિજ્ઞાનઘન છે એમ જાણતા તેના સન્મુખ થતાં વિકારી ભાવના એકત્વબુદ્ધિથી, મારાપણાની બુદ્ધિથી નિવૃત્તિ જાય છે.

એથી જ્ઞાનમાત્રથી નિવર્ત્યો, જ્ઞાનમાત્રથી બંધ નિરોધ થઈ જાય છે. એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? મૂળચંદભાઈ! મૂળચંદભાઈ કાલે કહેતા કે ભાઈ ઓલું જરીક આવી ગયું ઓલામાં- નિયત હેતુ. એ તો સવળું લેતા હતા. એમ કે ત્યાં નિયતનો હેતુ આવે. છ ઢાળામાં આવે છે ને. હેતુ નિયતકો હોઈ ત્યાં જરી છ ઢાળામાં આવે છે. પણ એ તો નિમિત્તનું કથન કર્યું છે. એ તો જ્ઞાન કરાવ્યું છે કે તે કાળે તેની રાગની મંદતાનો વિકલ્પ આ જાતનો હોય એનું જ્ઞાન કરાવ્યું છે. એનાથી સાધનથી સાધ્ય થાય છે એમ નથી. .. આવે છે ને. બધા એમાં જ ગયા છે ને બધા. જુઓ! કારણ કહ્યું છે, નિયતનો હેતુ કહ્યો છે. અરે.. ભગવાન! બધું કહ્યું છે, સાંભળને! એ રાગનો રુચિ ને પ્રેમ છૂટતાં સ્વભાવની દૃષ્ટિ થાય ત્યારે રાગની મંદતા તે કાળે હતી તેને નિમિત્ત તરીકે સાધન ને હેતુ ને કારણ કહેવામાં આવ્યું છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અસદ્ભુત છે ને. રાગ ક્યાં આત્માને છે? સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન તો વીતરાગ વિજ્ઞાનઘન છે. જુઓને! ઓલા બેયમાં આવે છે કે નહિ? ટોડરમલજીમાં આવે છે. 'મંગલમય મંગલ કરણ વીતરાગ વિજ્ઞાન નમો તેહ જેથી થયા અર્હંતાદિ મહાન.' એથી ભયા. વીતરાગ વિજ્ઞાનથી અર્હંતાદિ મહાન ભયા. અરિહંત. સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એનાથી થયા છે. શું પંચ મહાવ્રતના વિકલ્પ અને નિમિત્તથી થયા છે એ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. સમજાય છે કાંઈ?

અરે.. ભગવાન તારી મહિમાનો અનાદર થઈ જાય છે. તારા સ્વભાવથી વિરુદ્ધ ભાવનો પ્રેમ અને આદર થતાં વીતરાગી વિજ્ઞાનઘન ભગવાન એનો અનાદર થાય છે. આહાહા..! એ ભગવાનના ભેટા કરવાના પ્રસંગમાં રાગનો ભેટો કરીને માન કે લાભ થાય એ ભગવાનનો અનાદર થઈ જાય છે. જુઓને, અહીં ભગવાન-ભગવાન તો કહે છે. ભગવાન આત્મા! આહાહા..! સમજાય છે કાંઈ? આ બધા આત્માને માટે કહે છે. ભગવાન આત્મા પ્રભુ તું તો ભગવાન છો ને. ભગ નામ અનંત સ્વરૂપની લક્ષ્મીવાળો તું છો. વિજ્ઞાનઘનની લક્ષ્મીવાળો છો. એ રાગ ને પુણ્ય તારી ચીજ નથી. આહાહા..! તારી હોય એ જુદી પડે નહિ અને જુદી પડે એ તારી હોય નહિ.

મુમુક્ષુ :- મફત વળગ્યો છે.

ઉત્તર :- વળગ્યો છે ને પણ જુઓને, કેવો આમ .. થઈ જાય તો આમ અંદર હરખાઈ જાય. એ તો ક્યાંય રહી ગયો હોં! એની તો અહીં વાત પણ નથી.

મુમુક્ષુ :- અહીં તો પોતાની પર્યાયની વાત છે.

ઉત્તર :- એની વાત નથી. અહીં તો ઓલો રાગ આવે ને શુભનો, દયા, દાન, વ્રત, ભક્તિનો કે અશુભ એ મારા એનું નામ મિથ્યાત્વભાવ. આહાહા..! જૂઠો ભાવ. જૂઠો ભાવ નામ સ્વરૂપમાં છે નહિ (તેને) તું મારું માને છે તો જૂઠો છો. જૂઠો છો. આહાહા..! સમજાણું કાંઈ?

આહાહા..! જુઓને એક. દેહના રજકણે રજકણ સ્વતંત્ર કામ કરે છે. જુઓને! અત્યારે રામજીભાઈને બિચારાને રાતે એવો દમ હતો દમ. સાતથી ચાર સુધી (એમ) ભાઈ કહે છે. કેટલો માણસ સજ્જન. સાતથી ચાર. એ રજકણે રજકણની ક્રિયા સ્વતંત્ર કરે એમાં ભગવાન શું કરે એમાં આત્મા? સમજાય છે? આ તો સ્વતંત્ર જગતના પરમાણુ તેને કાળે તે રીતે પરિણમે છે. પરિણમતા તેનો જાણનાર કહેવો એ પણ વ્યવહાર છે. એને જાણે. એને જાણનારું જ્ઞાન એને જાણવું એનું નામ આત્મા છે. સમજાણું કાંઈ? આહાહા..! એ અહીં કહે છે.

જ્યારે રાગાદિ અચેતન છે, ભગવાન ચૈતન્ય છે એમ ભાન થયું તે જ કાળે. '**णादूण**' '**तदो णियत्तिं कुणदि जीवो।**' એ પણ નાસ્તિથી વાત કરી છે. સમજ્યાને? પણ ખરેખર આમ આ રાગ મેલ છે, આ સ્વરૂપ છે એમ જ્યાં અંદર ઢળ્યો છે ત્યાંથી નિવૃત્તિ થઈ જાય છે. રાગના પ્રેમના અભિપ્રાયથી નિવૃત્તિ થઈ જાય છે તેને નિવૃત્તિ કરે છે એમ કહેવામાં આવે છે. શાસ્ત્રભાષા પણ એની હદ પ્રમાણે આવે ને. શું કરે? ભાષા જ વ્યભિચારી છે. ભગવાન ચૈતન્યમૂર્તિ, હવે ભાષા દ્વારા એની વાતું કરવી. આ દુશ્મન દ્વારા વાતું કરવી આત્માની. જડ.

ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ આનંદનું ઢીમ. આનંદનું ઢીમ. ઢીમ સમજો છો? બરફની શિલા નથી હોતી બરફની શિલા? બરફ-બરફ. પાંચ-દસ મણની. બરફની શિલા. એમ આત્મા આનંદની શિલા છે. આહાહા..! શરીરમાં અતીન્દ્રિય આનંદ અને શીતળ શાંતિ રસની શિલા આત્મા છે. એ અહીં વિજ્ઞાનઘન તરીકે એને કહ્યું છે. આહાહા..! દેહના દેવળના રજકણથી ભગવાન ભિન્ન છે. અરે..! પુણ્ય-પાપના રાગના અચેતનથી તે જુદો. એકલો વિજ્ઞાનઘન શિલા, શાંતરસની શિલા, અનાકુળ આનંદકંદની શિલા છે એમ જાણતા પરથી ભિન્ન પડી જાય છે. એને પુણ્ય અને પાપનો પ્રેમ ને રુચિ ને અભિપ્રાય રહેતો નથી. એનું નામ ભેદજ્ઞાન અને એ જ્ઞાનમાત્રથી જ્ઞાનીને આસ્રવ ને બંધ રોકાઈ જાય છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

ત્રીજો બોલ. '**આસ્રવો આકુળતાના ઉપજાવનારા હોવાથી દુઃખના કારણો છે;...**' ભાષા જુઓ! પુણ્ય ને પાપ, શુભ ને અશુભભાવ એ આકુળતાના ઉપજાવનારા છે. ભગવાન આનંદથી વિરુદ્ધ એ ભાવ છે. ભગવાન અતીન્દ્રિય આનંદની મૂર્તિ, એનાથી પુણ્ય અને પાપનો વિકલ્પ તે આકુળતા કરનારા છે. '**આકુળતાના ઉપજાવનારા હોવાથી દુઃખના કારણો**

**છે;...**' એ શુભભાવ દુઃખનું કારણ છે એમ કહે છે. આહાહા..! શેઠ! ભાઈ! તું આનંદ છો ને. અતીન્દ્રિય આનંદનું ઢીમ પડ્યો છો અંદર. ચિદાનંદ અકૃત્રિમ અણકરાયેલ અનાશી-નાશ ન થાય એવી ચીજ તું છો. વસ્તુ છો ભગવાન. એમાં આવા પુણ્ય અને પાપના ભાવ આકુળતા છે, ભાઈ! એ તો ભઠ્ઠી છે. આહાહા..! કહો, બરાબર હશે આમાં? નેમિદાસભાઈ! શું મજા પડે છે ને. શું? આકુળતા ક્યાંથી આવી ગઈ?

મુમુક્ષુ :- શેમાં મજા પડે છે?

ઉત્તર :- આ બંગલા.. બે લાખના બંગલામાં સૂવે છે.

મુમુક્ષુ :- કીડી પણ સૂવે છે.

ઉત્તર :- હા, કીડી પલંગમાં હોય ને કીડી. પણ માકડ ચડી જાય એના..માં. ઓલો સૂતો હોય ઢોલિયામાં અને ઓલો ઊંચો હોય લાકડું ત્યાં માંકડ ગરે. એમાં શું થયું પણ હવે? માકડ સમજો છો ને માકડ હોય છે ને? ખટમલ-ખટમલ. એ સૂતો હોય આમ અને ઓલું માકડ ચડે એના લૂગડા ઉપર. મોટો થઈ ગયો? સારું આસન મળ્યું એને? ધૂળમાંય નથી, સાંભળને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ઓઢ્યું હોય ને રેશમી લૂગડું ઓઢ્યું હોય, લ્યો. ત્યાં ઓલું માકડ આમ ફરે ગરવા માટે, અંદર કરડવા માટે. ક્યાંક પોલું-બોલું હોય-પોલ અંદર ગરવા માટે ફરે બિચારો. મોટો થઈ ગયો, એના ઉપર ચડ્યો છે લ્યો. એ તો ક્ષેત્રથી ઊંચો. એમ આ ઊંચો ક્યાંથી આવી ગયો? આહાહા..! એમ પુણ્ય અને પાપના મલિન ભાવ દુઃખના કારણ છે, તારા ઉપર ચડેલા. તું આનંદમૂર્તિ છો, પ્રભુ! આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! અહીં તો જરી પાપ કરીને પછી આહા..! પુણ્ય કરીને પણ આહા..! અમે તો શું કર્યું જાણે.

ભગવાન! અહીં તો કહે છે. દરેકમાં ભગવાન શબ્દ બોલાવ્યો છે હોં! અમૃતચંદ્રાચાર્ય મુનિ પંચ મહાવ્રતધારી. દિગંબર સંત વીતરાગી આનંદના વેદક. અરે.. ભગવાન! એમ કરીને કહે છે. આહાહા..! પામરને ભગવાન તરીકે પ્રભુ તરીકે બોલાવે છે. પામર તો પર્યાયમાં તેં માન્યું છે, તું પામર નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! ભાઈ! કહે છે કે શુભ અને અશુભભાવ અને એ મારા એવો મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદભાવ એ બધા આકુળતાના ઉપજાવનારા છે. તેથી તે તો દુઃખના કારણ છે. એનાથી સુખ થાય, એનાથી આત્મામાં જવાય (એમ બિલકુલ નથી). એ શુભભાવ દુઃખના કારણ છે. એનાથી આત્મામાં જવાય એવું સ્વરૂપ નથી એનું. સમજાણું કાંઈ?

'**આસ્રવો આકુળતાના ઉપજાવનારા હોવાથી...**' કારણ મૂકે છે. એ દુઃખના કારણ

છે. એ તો દુઃખના કારણ છે. આહાહા..! એ સંયોગો દુઃખના કારણ નથી એમ કહે છે. એ તો જડ પર વસ્તુ છે. બાયડી, છોકરા, પ્રતિકૂળતા એ દુઃખનું કારણ નથી. અનુકૂળતા એ સુખનું કારણ. સુખનું એટલે જગતની કલ્પનાનું. એનું એ કારણ નથી. એના ભાવમાં જે પુણ્ય-પાપનો ભાવ ઉઠે છે એ પોતે દુઃખનું કારણ છે. શોભાલાલજી! ભારે વાત ભાઈ! આહાહા..!

અહીં તો કહે છે, જ્યાં પર્યાયબુદ્ધિમાં પરને લક્ષે ઉત્પન્ન થયેલા શુભ-અશુભભાવો એ તો આકુળતાના દેનારા હોવાને કારણે દુઃખના કારણ છે. એ દુઃખના કારણ એ આત્માને સુખનું કારણ કેમ થાય? એ આત્માને સમ્યગ્દર્શનનું કારણ કેમ થાય? સમજાય છે કાંઈ? એ '**દુઃખના કારણો છે. ભગવાન આત્મા તો,...**' ત્રણે વખતે ભગવાન બોલાવ્યા છે. સમજાણું કાંઈ?

એક ફેરી ભાઈ ઓલું નાટક થાય છે. ઓલું કેવું? અનસુયાનું નાટક થાય છે. એમાં છોકરાને ઘોડિયામાં સૂતા સૂતા બોલાવતા ત્યાં. આ તો ઘણા વર્ષની વાત છે હોં! (સંવત) ૧૯૬૬ની. શુદ્ધોસી, બુદ્ધોસી, બ્રહ્મોસી એમ કહેતી એની મા. ઘોડિયામાં. ઘોડિયું સમજ્યાને? ઝુલા. નાટકમાં હોં! નાટકમાં આવતું. અનુસુયા. નહોતું અનુસુયા અને બીજું નાટક એક ફેરી જોવા ગયા હતા. પાલેજથી. માલ લેવા જઈએ ને વડોદરા તો વડોદરામાં જોવા ગયા હતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બાળક હતું અને પછી ઓલી ગવરાવતી. શુદ્ધ છો, શુદ્ધોસી. પ્રભુ! તું શુદ્ધ છો, બુદ્ધ છો, જ્ઞાનઘન છો. બાળકને ઘોડિયામાં સુવરાવીને. સમજાણું?

અહીં કહે છે કે ભગવાન તું તો તારામાં ઝુલે છો ને આનંદમાં. તારું સ્વરૂપ શુદ્ધ બુદ્ધ અને આનંદઘન છે. ભાઈ! તારો આનંદ ક્યાંય બહારથી લેવા જવાનો નથી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ આ શેની વાત ચાલે છે આ? એના માટે તો આ વાત કરે છે. કે તને દરકાર નથી ને તું જોતો નથી ને મરી ગયો આમ ને આમ.

મુમુક્ષુ :- હવે દરકાર કર.

ઉત્તર :- કર. એના માટે તો કહેવાય છે આ. મરવાની તૈયારી આવી. વર્ષ રહ્યા થોડા. ૬૦-૬૦ ગયા એને ૬૦ રહેવાના નથી. ખબર નથી એને? ૬૦-૬૦ વર્ષ જિંદગીના શરીરના ગયા. એ ૬૦ રહેવાના છે સામે? ત્યારે કરવાનું જે છે એને કરતો નથી અને ઘાણીયું માંડી છે બીજી પાપની. સમજાણું કાંઈ?

એ કહ્યું હતું નહિ ભાઈએ એક ફેરી શેઠને? આ કારખાના. જિન મીલ નહોતા કરતા.

પૈસાવાળો માણસ હતો ને. જિન મિલ ન કરે. પછી એને પૂછયું કે શેઠ તમે જિન કેમ કરતા નથી? પૈસા તો તમારી પાસે ઘણા. ભાઈ! અમારી પાસે પુણ્ય એટલા બધા નથી કે જિનમાં પિલાઈને પુણ્ય એટલા બાકી રહે. ગૃહસ્થ હતા. પૈસા ઘણા હતા. પણ પછી જિન ન કરે એ. શેઠ! તમે જિન કરો ને પૈસા આટલા બધા ઘણા છે. ભાઈ! મારા પુણ્ય એટલા નથી દેખાતા જિનમાં-પાપમાં પુણ્ય પિલાઈ જાય અને થોડા પુણ્ય રહે એવું અમને દેખાતું નથી. માટે જિનના સંચામાં પાપ એકલું.. પુણ્ય પિલાઈ છે ત્યાં. જિન સમજો છો? કારખાના. આ રૂના કારખાના. જિન કહે છે એને. રૂ કાઢવાનું. એમાં તો ઘણી જીવ હિંસા થાય છે ને? તો શેઠે એવો જવાબ આપ્યો કે અમે સંચા કરીએ તો અમારા પુણ્ય પિલાઈ જાય અને (છતાં) પુણ્ય બાકી રહે એવા અમારા પુણ્ય નથી. થોડા પુણ્ય છે અમારા. એય.. રતિભાઈ! આહાહા..! સમજાય છે?

અહીં તો કહે છે, ભગવાન! એ પુણ્ય ને પાપ પ્રભુ એ તો દુઃખરૂપ છે ને, નાથ! આહાહા..! આકુળતા છે ને પ્રભુ! એ આકુળતાની હોંશુ તને કેમ આવી આ? સમજાણું કાંઈ? એ દુઃખના ભાવને આદર કરવાનો ભાવ તને કેમ આવ્યો? ભાઈ!

**'ભગવાન આત્મા તો, સદાય નિરાકુળતા-સ્વભાવને લીધે, કોઈનું કાર્ય તેમ જ કોઈનું કારણ નહિ હોવાથી,...'** શું કહે છે? ભગવાન તો આત્મા આનંદમૂર્તિ છે. એ રાગનું કાર્ય કે રાગનું કારણ આત્મા છે જ નહિ. એ દુઃખના પરિણામરૂપી રાગ એનું કારણ આત્મા નથી. તેમ દુઃખના કારણરૂપ જે રાગ એ છે તો આત્માની શાંતિ થાય એ રાગનું કાર્ય પણ આત્મા નથી. આહાહા..! સમજાણું કાંઈ? એમ કહ્યું કે ભગવાન આત્મા સદાય નિરાકુળતા સ્વભાવપણાને લઈને કોઈનું કાર્ય, એટલે રાગની મંદતામાંથી આ શાંતિ આત્માની સન્મુખ થવાય એવો આત્મા છે જ નહિ. રાગની મંદતાનો ભાવ હોય તો આત્મા સ્વસન્મુખ થઈને શાંતિ પ્રગટ કરે એવો આત્મા છે જ નહિ. રાગનું એ કાર્ય નથી અને રાગનું એ કારણ નથી. રાગ એના દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વભાવમાંથી ઉત્પન્ન થાય એવો એ આત્મા છે જ નહિ એમ કહે છે. આહાહા..! શું કીધું સમજાણું કાંઈ?

શુભ-અશુભભાવ એ દુઃખ છે, આકુળતાના કારણ હોવાથી. તો એ દુઃખરૂપ છે ત્યારે ભગવાન કેવો છે આત્મા? પ્રભુ! એ તો દુઃખના કારણથી રહિત છે. એટલે કે આકુળતાના કારણે ત્યાં આત્માને શાંતિ ઉત્પન્ન થાય એવો નથી અને એ આકુળતાને ઉત્પન્ન કરે એવો એ નથી. આકુળતાને કારણે અહીં કાર્ય થાય એવો નથી અને આકુળતાને કારણરૂપ પોતે થાય અને આકુળતાને ઉપજાવે એવો પણ નથી. સમજાય છે કાંઈ? આવો ભગવાન આત્મા તું છો, પ્રભુ! એમ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

પણ અહીં એક બીડી વિના ચાલે નહિ, તમાકુ વિના ચાલે નહિ, આબરૂ વિના ચાલે નહિ. શેઠ! તમારે તમાકુ ઊંચી હોય પીવાની. તમારે તો બહુ ઊંચામાં ઊંચી. આ તમાકુનો ધંધો તો સારી તમાકુ પીવેને એ તો. ગંધ મારે બીજાને ખબર પડે કે આ તમાકુ પીને આવ્યા છે. અહીં તો મારે, તરત ખબર પડે. અહીં પીને આવ્યા હોય તો જુદી જાતનું ગંધાય. ગંધ મારે છે ને એમાં ક્યાં સુગંધ છે? આહાહા..!

કહે છે, ભગવાન એ પુણ્ય અને પાપના વિકલ્પો, એ વૃત્તિઓ આકુળતાને ઉપજાવનારી, ભાઈ! તને શાંતિ આપનારી નથી. આહાહા..! કહો, પોપટભાઈ! અરે..! પંચ મહાવ્રતના પરિણામ વિકલ્પ આકુળતાના ઉપજાવનારા છે, દુઃખના કારણ છે એમ કહે છે અહીં તો. ઓલા કહે, પંચ મહાવ્રતને પાળીને કુંદકુંદાચાર્ય ઊભા થયા. કુંદકુંદાચાર્યે અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા હતા. તમે કહો છો, તે આસ્રવ છે, બંધનું કારણ છે. તો પાળ્યા શું કરવા એણે? એ ત્યાં છે એમાં તમારે ખાણિયા ચર્ચામાં. અઠ્યાવીશ.. બહુ સામે નાખ્યું છે. અરે..! રાગને પાળે આત્મા? ધર્મી રાગને પાળે? પંપાળે? સમજાણું કાંઈ? પંપાળે સમજાણું ને? રાગને પાળે? રાગ છે એને જાણે કે આ રાગ છે એ દુઃખરૂપ છે. મારી ચીજ આનંદરૂપ છે એમ જાણે. આહાહા..! રાડ નાખી જાય ને. પંચ મહાવ્રતના પરિણામ, અઠ્યાવીશ મૂળગુણના પરિણામ કહે છે કે આકુળતાના ઉપજાવનારા એ આસ્રવ છે. માટે દુઃખના કારણ છે. ભાઈ! એ દુઃખના કારણ એ જ્ઞાનીએ પાળ્યા નથી. એ આવી ગયા છે તેને અંતર દૃષ્ટિમાં છોડવાના કામી છે. એને રાખવાના કામી નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

ભગવાન આત્મા તો.. ઓહોહો..! આ બધાને એમ કહીને આત્માને ભગવાન જ બોલાવ્યો છે. આસ્રવોને દુઃખરૂપ, અશુચિ, અચેતન. ભગવાન શુચિ, ચેતન, આનંદનો પિંડ. આમ નકારથી વાત કરી છે. દુઃખનું કારણ નથી એમ કહ્યું છે. સમજ્યાને? દુઃખનું કારણ નથી અને દુઃખનું કાર્ય પણ નથી. સમજાણું કાંઈ? કહે છે કે આવું અંદર ભેદજ્ઞાન કરતાં. એમ કહે છે. શુભ અને અશુભભાવ આકુળતાના ઉપજાવનારા હોવાથી આ વિષયની વાસના, હિંસા, જૂઠું, ચોરીનો ભાવ એ તો આકુળતા છે, દુઃખનું કારણ છે. પણ અંતરમાં દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ ઉઠે એ પણ આકુળતાના ઉપજાવનારા હોવાથી દુઃખના કારણ છે. એમ જ્ઞાની દુઃખના કારણને જાણી, ભગવાન આત્મા તો રાગનું કારણ નથી અને રાગનું કાર્ય નથી. દુઃખનું કારણ નથી અને દુઃખનું કાર્ય પણ નથી.

'**દુઃખનું અકારણ જ છે...**' એમ નિષેધથી વાત કરી છે. એટલે કે આનંદરૂપ છે. સમજાણું કાંઈ? આહાહા..! આવું પણ માહાત્મ્ય કેમ એને દેખાય? અહીં જરી બાયડી અનુકૂળતા કાંઈક બોલતી હોય ત્યાં આખો .. જાય. છોકરો એમ કહે, બાપુજી! બાપુજી તમને નથી

કહેતા ભાઈ? કહે છે. નહિ? ભાઈ! એમ કહે. ભાઈ! ઓહો..! શું છે પણ આ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અર્પાઈ જાય ત્યાં ને ત્યાં. ભાઈમાં ભગવાન નાશ થઈ ગયો. આહાહા..! કહે છે કે પ્રભુ! પણ તું આનંદનો કંદ છો ને. એ તારા આનંદને શોધવા માટે બહાર ક્યાં જા છો? બહારમાં જેટલો વિકલ્પ ઉઠે એ તો ભગવાન દુઃખનું કારણ છે. આહાહા..! લ્યો, આ પૈસાવાળા સુખી કહે છે અને અહીં કહે છે દુઃખી આકુળતાના દુઃખવાળા છે એમ કહે છે.

મુમુક્ષુ :- પૈસા છે માટે?

ઉત્તર :- પૈસા માટે કોણે કીધું? પૈસા તો જ્ઞેય છે, જડ છે. એ મારા અને આનાથી હું સુખી છું એવી માન્યતા તે આકુળતા અને દુઃખરૂપ છે. આહાહા..!

મુમુક્ષુ :- પૈસા રાખીને...

ઉત્તર :- રાખે કોણ? ધૂળ રાખે ને છોડે કોણ? એ ક્યાં એની ચીજ હતી તે રાખે? એની એક સમયની પર્યાયમાં પરચીજ આવી છે કે દી તે રાખે? એની પર્યાયમાં રાગ ઉત્પન્ન કર્યો એને રાખે મિથ્યાત્વભાવે. સમ્યક્‌ભાવે એને છોડે. એક જ વાત છે. સમજાણું કાંઈ? મલૂકચંદભાઈ! રાખી કોણ શકે છે રજકણને? રજકણને રાખી શકે ભગવાન? રજકણને છોડે આત્મા? છૂટેલા જ પડ્યા છે. છોડે કોણ? આને છોડું છું એવો અભિપ્રાય, તેને ગ્રહણ કર્યા છે એમ માનવાનો અભિપ્રાય એ છોડું છું એમ માને.

અહીં તો ફક્ત રાગ ને પુણ્યના પરિણામ દુઃખરૂપ છે એમ જે સુખરૂપ માન્યું હતું એ દુઃખરૂપ છે અને આત્મા વિજ્ઞાનઘન દુઃખનું કારણ નથી. આ દુઃખના ઉત્પત્તિ કારણવાળો આત્મા નથી. આકુળતાના ઉપજાવનારના કારણ આત્મા નથી. એવો વિજ્ઞાનઘન આનંદ છે એ બે વચ્ચેનું ભેદજ્ઞાન થવા કાળે. જુઓ! દુઃખનું કારણ.

'**આ પ્રમાણે વિશેષ દેખીને...**' એ ત્રણેનો સરવાળો હવે એ. અશુચિ-શુચિ, અચેતન-ચેતન, દુઃખરૂપ-દુઃખ નહિ. દુઃખનું કારણ નહિ. એમ નિષેધથી વાત કરી. પણ આનંદરૂપ. નિષેધથી વાત કરી. સમજાય છે કાંઈ? '**આ પ્રમાણે વિશેષ...**' નામ બે વચ્ચે અશુચિ ને શુચિ, અચેતન ને ચેતન, દુઃખનું કારણ અને દુઃખનું કારણ નહિ એવો ભગવાન. બેનો તફાવત દેખીને, અંદરમાં બેને જુદા દેખીને '**જ્યારે આ આત્મા,...**' દેખો! આમાં આમ કરે તે દી ભેદજ્ઞાન થાય. કોઈ દર્શનમોહ મંદ પડી જાય, ફલાણું થઈ જાય, જ્ઞાનાવરણીય ખસી જાય તો આમ થાય એ વાત અહીં છે નહિ. આહાહા..! ઓલા તો કહે, કર્મ રાખો, કર્મ રાખો ભેગું. કર્મ મંદ પડે તો આમ કરે. જ્યારે અહીં એમ કહે છે...

'**જ્યારે આ આત્મા, આત્મા અને આસ્રવોનો ભેદ જાણે છે તે જ વખતે...**'

તે જ વખતે એટલે તે જ કાળે. '**ક્રોધાદિ આસ્રવોથી નિવૃત્ત થાય છે,...**' પાછો હઠી જાય છે. આ નહિ, આ નહિ. હું તો જ્ઞાનાનંદ છું. નિવૃત્તિ .. નિવૃત્તિ શબ્દ છે. સમજાણું કાંઈ? એ પર્યાયની અંશબુદ્ધિમાંથી ખસીને દ્રવ્યબુદ્ધિમાં આવી જાય છે. એમ કહે છે. રાગ-આસ્રવ અચેતન ને અશુચિ ને દુઃખરૂપ છે એ દૃષ્ટિ એ ઉપર પડી છે તો મિથ્યાદૃષ્ટિ છે. ત્યાંથી ખસીને આ ભગવાન આમ છે એટલે આમ આવી જાય છે તો દ્રવ્યદૃષ્ટિ થાય છે. તો પર્યાયદૃષ્ટિના અભિમાનથી ખસી જાય છે. એ આસ્રવથી નિવર્ત્યો. એ વાત છે. આહાહા..! સમજાય છે કાંઈ? હવે એનાથી ન નિવૃત્તે તો એને યથાર્થ જ્ઞાન નથી. એની વિશેષ વાત કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૨, રવિવાર તા. ૨૫-૮-૧૯૬૮**
**ગાથા-૭૨, પ્રવચન-૬૦૯**

કર્તાકર્મ અધિકાર ચાલે છે. ૭૨ ગાથા. અહીં સુધી આવ્યું, જુઓ! '**આ પ્રમાણે વિશેષ (-તફાવત) દેખીને જ્યારે આ આત્મા, આત્મા અને આસ્રવોનો ભેદ જાણે છે...**' શું કહ્યું? આત્મા પવિત્ર અતિ નિર્મળાનંદ જેનું સ્વરૂપ છે ત્રિકાળ અને પુણ્ય-પાપના ભાવ મિથ્યાત્વ આદિ આસ્રવો એ મલિન, અશુચિ અને અપવિત્ર છે. અને ભગવાન આત્મા અંતર સ્વભાવ જેનો સદાય અતિનિર્મળ છે. એવા આસ્રવોનું લક્ષણ અને આત્માનું લક્ષણ બેને ભિન્ન જાણીને. ધર્મની શરૂઆતની વાત છે આ (એટલે કે) સમ્યગ્દર્શનની. સમજાય છે કાંઈ?

એ પુણ્ય-પાપની લાગણીઓ ઉઠે છે એ અશુચિ છે, જળમાં શેવાળની માફક. અને ભગવાન આત્મા અતિનિર્મળ છે. આસ્રવો—પુણ્ય અને પાપને મિથ્યાત્વભાવ તે અચેતન જડ છે. પોતે પોતાને જાણતા નથી અને બીજાને જાણતા નથી. બીજા વડે જણાય એવા એ છે. માટે તે જડ છે. ભગવાન સદાય વિજ્ઞાનઘન સ્વભાવને લઈને ચૈતન્યમૂર્તિ છે. એવા બે લક્ષણોને ભિન્ન ભિન્ન જાણીને. પુણ્ય-પાપના મિથ્યાત્વાદિ ભાવ એ દુઃખરૂપ છે, આકુળતાના ઉપજાવનાર છે. ભગવાન અનાકુળ સ્વભાવવાન છે. આત્મા અનાકુળ શાંત વીતરાગ, અનાકુળ આનંદસ્વરૂપ છે. એમ આસ્રવ અને આત્માનું (ભેદજ્ઞાન કરી). ત્રણ તો ક્રમે વાત કરી. વસ્તુ તો એક ક્ષણે છે બધી. સમજાય છે કાંઈ?

એટલે કે પર્યાયબુદ્ધિના અંશબુદ્ધિમાં જે રાગાદિ અજ્ઞાન આદિ ભાવ છે તે મેલા છે, દુઃખરૂપ છે, જડ છે. સ્વભાવ જે ચૈતન્ય વસ્તુ છે તે નિર્મળ છે, ચૈતન્ય છે અને આનંદ છે. એમ બે વચ્ચેનો તફાવત દેખીને. અંતરમાં વાત છે આ. '**જ્યારે આ આત્મા, આત્મા અને આસ્રવોનો ભેદ જાણે છે તે જ વખતે ક્રોધાદિ આસ્રવોથી નિવૃત્ત થાય છે,...**' તે જ ક્ષણે વિકારીભાવનો અભિપ્રાય, રુચિ છૂટી જાય છે. સમજાય છે કાંઈ? જે કાળે આ બે પદાર્થનું તફાવતપણું લક્ષણભેદે વિશેષપણું અંતરમાં જાણવામાં આવે તે જ કાળે સ્વભાવથી વિરુદ્ધ ભાવ એવો જે વિકાર અને આસ્રવ, એનાથી અભિપ્રાયમાં, શ્રદ્ધામાં છૂટી જાય છે. તેના તરફનો અભિપ્રાય આસ્રવ પ્રત્યેનો છૂટી જાય છે. એ આસ્રવથી નિવૃત્ત થયો એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

'**કારણ કે તેમનાથી જે નિવર્તતો ન હોય...**' એટલે કે વિકારી પરિણામ શુભ-અશુભ અને મિથ્યાભાવ એનાથી અભિપ્રાય, શ્રદ્ધા પાછી વળી ન હોય '**તેમનાથી જે નિવર્તતો**

**ન હોય તેને આત્મા અને આસ્રવોના પારમાર્થિક (સાચા) ભેદજ્ઞાનની સિદ્ધિ જ થઈ નથી.**' સમજાય છે કાંઈ? વસ્તુ ભગવાન આનંદસ્વરૂપ અને પુણ્ય-પાપ દુઃખરૂપ. એવું જ્ઞાન થતાં દુઃખના પરિણામથી પાછો વળી અને આનંદ તરફના અનુભવમાં ન આવે તો તેને ભેદજ્ઞાન સાચું છે નહિ. સમજાય છે કાંઈ?

જ્ઞાનાનંદ પ્રભુ સચ્ચિદાનંદ આત્મા એવા આત્માના આનંદના લક્ષણવાળું તત્ત્વ, એને અંતરમાં સ્પર્શતા પુણ્ય-પાપના ભાવ આદિ દયા, દાન કે વ્રતાદિ વિકલ્પો એનાથી મારાપણાનો અભિપ્રાય છૂટી ન જાય તો તેનાથી તે જુદું છે એવું એને જ્ઞાન સાચું થયું નથી. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ આમાં? એય.. રતિભાઈ! શેની વાત છે? આ અંદરની વાત છે. આહાહા..! ચૈતન્ય સ્ફટિક રત્ન નિર્મળ આનંદ અને પવિત્ર. એ ત્રણ લક્ષણે વર્ણવ્યું. એવો જે આત્મા અને આ વિકલ્પો ઉઠે છે તે અશુચિ, અચેતન અને દુઃખરૂપ છે. એવા બે તત્ત્વોના લક્ષણોને ભિન્ન જાણતા એનાથી પાછો વળી સ્વભાવના અનુભવમાં આવે છે. જો પાછો ન વળે તો એને બેના ભેદલક્ષણનું જ્ઞાન જ સાચું નથી. સમજાય છે કે નહિ શેઠ?

જુઓ! '**આત્મા અને આસ્રવોનો..**' નિવર્ત્યો જો ન હોય. પુણ્ય-પાપના ભાવના પ્રેમથી, અભિપ્રાયથી, તેની રુચિ અને દૃષ્ટિથી જો નિવર્તે નહિ તો તેને '**આસ્રવોના પારમાર્થિક (સાચા) ભેદજ્ઞાનની સિદ્ધિ જ થઈ નથી.**' આહા..! જેને અંદર શુભ-અશુભ રાગની રુચિ, પ્રેમ રહે છે અને એ એમ કહે કે મને ભેદજ્ઞાન છે એમ ત્રણ કાળમાં બનતું નથી. સમજાય છે કાંઈ? '**માટે ક્રોધાદિ આસ્રવોથી નિવૃત્તિ સાથે...**' સ્વભાવ ચૈતન્ય આનંદ સાગરથી વિરુદ્ધ એવા પુણ્ય-પાપના ભાવરૂપી વિભાવ એનાથી '**નિવૃત્તિ સાથે...**' એની બુદ્ધિ, રુચિ છૂટીને એની સાથે '**જે અવિનાભાવી છે...**' વિકારના અભિપ્રાયથી છૂટ્યો એની સાથે જ છે '**એવા જ્ઞાનમાત્રથી જ,...**' એવું જ્ઞાનમાત્રથી જ '**અજ્ઞાનથી થતો જે પૌદ્‌ગલિક કર્મનો બંધ તેનો નિરોધ થાય છે.**' સમજાણું કાંઈ? કહો, જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ થઈ જાય છે. એમાં ચારિત્ર ને વ્રત ને કાંઈ આવ્યા નહિ. એમાં આવ્યું. સાંભળને!

કહે છે, ભગવાન આત્મા શુદ્ધ આનંદનું દળ અને પુણ્ય-પાપના ભાવ દુઃખરૂપ એ બેના લક્ષણો જાણીને તેનાથી પાછો વળી સ્વભાવની એકતામાં ન આવે તો તેના લક્ષણોનું ભેદજ્ઞાન એને છે નહિ. સમજાય છે કાંઈ? ભેદજ્ઞાન, સમ્યક્ થયું એમ કહે અને એમ કહે કે અમને પુણ્ય પરિણામનો પ્રેમ અને એમાં સુખબુદ્ધિ રહે છે. એ બે, એક મ્યાનમાં બે રહી શકે નહિ. કહો, સમજાય છે કાંઈ આમાં? આહાહા..! જેને હજી ભેદ પુણ્ય-પાપના વિકલ્પોની લાગણી એ સિવાયનું નિર્વિકલ્પ તત્ત્વ, એના લક્ષણો જાણીને એનાથી પાછો વળે અને સ્વભાવમાં ન ઢળે તો તેને પ્રેમ પુણ્યનો પ્રેમ છૂટ્યો નથી અને પવિત્ર ભગવાન આત્મા પ્રત્યે તેનો

પ્રેમ લાગ્યો નથી. શોભાલાલજી!

અહીં આચાર્ય સિદ્ધ કરે છે. ભાઈ! એનો પ્રશ્ન હતો કે જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ? બંધ રોકાઈ જાય? બંધ ન થાય? જ્યાં જ્ઞાન થયું, ભેદજ્ઞાન થયું એટલા માત્રથી એને બંધન નહિ? આસ્રવ નહિ? બંધન નહિ? કે, હા. નહિ. સમજાણું કાંઈ? ચૈતન્યના આનંદના સરોવરવાળો ભગવાન એમ જ્યાં દુઃખના વિકલ્પથી ભિન્ન જાણ્યો એને દુઃખના પરિણામનો પ્રેમ રહે જ નહિ કોઈ દી. એને વિકારના પરિણામ રોગ જેવા લાગે. કાળા નાગની ફણ જેમ દેખીને ત્રાસ થાય એવો ધર્મીને પુણ્ય પરિણામનો પ્રેમ ઉઠી અને ઝેર જેવા લાગે. સમજાણું કાંઈ? અને જો એવા ઝેર જેવા ન લાગે અને અમૃતસ્વરૂપ આત્મામાં ન જામે તો એને ભેદજ્ઞાન છે નહિ. સમજાણું કાંઈ? આ તો પહેલા ધર્મની વાત ચાલે છે. પહેલો ધર્મ એટલે? ભેદજ્ઞાન અથવા સમ્યગ્દર્શન.

વસ્તુ ભગવાન આત્મા સત્ ધ્રુવ શાશ્વત જ્ઞાન અને આનંદ અવિનાભાવી વસ્તુ સાથે સ્વભાવવાળું તત્ત્વ અને વિકારના તત્ત્વો સંયોગી ભાવ પુણ્ય-પાપ, બેને ભિન્ન જાણ્યા એટલે એનાથી દૃષ્ટિ ફરીને આત્મા ઉપર દૃષ્ટિ આવ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? એ સમ્યગ્દૃષ્ટિ આસ્રવ ને બંધથી નિવૃત્ત છે એમ કહે છે. સમ્યગ્દૃષ્ટિને આસ્રવ પણ નથી અને બંધ પણ નથી. શેઠ! આહાહા..!

કહે છે, જ્યાં પ્રેમ છૂટી ગયો, પુણ્ય-પાપનો પ્રેમ છૂટીને એકતા સ્વભાવ સાથે થઈ, તે કાળે તે જ્ઞાનમાત્રથી અજ્ઞાનથી બંધ થતો હતો એ અટકી ગયો. ખરો બંધ તો એ જ છે મિથ્યાત્વ અને અનંતાનુબંધીના પરિણામ એ જ સંસાર છે અને ખરું બંધનું કારણ એ છે. ઓલા અસ્થિરતાની કાંઈ ગણતરી અહીંયા નથી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા...! કહે છે કે, ભાઈ! એ વિકારના પરિણામ નાનામાં નાનો સ્વીકાર હો, પણ જો એનો પ્રેમ છૂટે નહિ અને સ્વભાવનો પ્રેમ થાય નહિ તો બેને ભેદજ્ઞાન તરીકે જાણ્યું નથી. નવનીતભાઈ! બહુ ઝીણું. કહો, સમજાય છે કાંઈ?

તો કહે છે, '**ક્રોધાદિક આસ્રવોથી નિવૃત્તિ સાથે જે અવિનાભાવી છે એવા જ્ઞાનમાત્રથી જ, અજ્ઞાનથી થતો જે પૌદ્ગલિક કર્મનો બંધ તેનો નિરોધ થાય છે.**' કહો, સમજાય છે કાંઈ? હવે દલીલ કરીને પ્રશ્ન કરે છે.

'**વળી,...**' હવે આ સમજવા જેવી વાત-દલીલ. જેમ કોર્ટમાં દલીલ કરે ને એમ દલીલ કરે છે હવે. ન્યાય ઉપાડે છે. '**વળી, જે આ આત્મા...**' ભગવાન આનંદ અને જ્ઞાનની મૂર્તિ એવો આત્મા '**અને આસ્રવોનું...**' વિકારી-વિભાવો ભાવ એનું '**ભેદજ્ઞાન છે...**' અહીં જ્ઞાનમાત્રથી જ આસ્રવ અને બંધ નથી એમ સિદ્ધ કરવું છે. જ્ઞાન જ્યાં થયું ચૈતન્યનું આત્મજ્ઞાન

અને આત્મદર્શનનું ભાન (થયું) એને આસ્રવ અને બંધ છે જ નહિ એમ સિદ્ધ કરવું છે. તો કહે છે, જ્ઞાનમાત્રથી બંધ કેમ અટકી જાય? સાંભળ વાત સાંભળ!

'**જે આ આત્મા અને આસ્રવો...**' પુણ્ય-પાપના ભાવ એનું જે '**ભેદજ્ઞાન છે...**' જુદાપણાનું જ્ઞાન '**તે અજ્ઞાન છે કે જ્ઞાન છે?**' એમ અમૃતચંદ્રાચાર્ય મહારાજ કોર્ટમાં જેમ પૂછે તેમ ન્યાયથી એને પૂછે છે. સમજાય છે? કોર્ટનું રામજીભાઈને બહુ પડ્યું હોય એને કોર્ટનું. અમારે તો એકવાર કોર્ટની નજર પડી હતી એકવાર. ૬૩ની સાલની વાત. એવા દલીલ કરે. મોટા અમલદાર ત્યાં હતા મોટા. ત્રણ હજારનો પગાર માસિક. ૬૩ની સાલ. સંવત ૧૯૬૩. ત્રણ હજારનો પગાર માસિક હતો એક ગોરાને. અને કેસ અમારો ઉપડેલો અફીણનો. ખોટા આરોપ અત્યારે આપે છે એવો ખોટો લૌકિકનો ત્યાં હતો. અફીણનો. ત્યાં લોકોએ અફીણ.. તદ્દ્ન ખોટું હતું. કેસ ચાલ્યો આમ અને એવી દલીલ કરે. ત્રણ કલાક સુધી હોં કેસ. એક જ. ત્રણ કલાક સુધી પૂછયું કોર્ટમાં. વડોદરાની કોર્ટ ગામ બહાર. છેટે બહુ. ત્રણ કલાક. આપણે તો સત્ય હતું એટલે તે દી ઉંમર ૧૭ વર્ષની. ૧૦ અને ૭. ત્રણ કલાક. અમારે ગાંડાભાઈ હતા જોડે. ફાવાભાઈના બાપા. શું થયું કાનજી? મેં કીધું, કાંઈ થયું નથી. આપણે તો સત્ય હતી એ વાત કરી છે. આપણને કાંઈ બીક બીક લાગી નથી અને ડર કાંઈ લાગ્યો નથી. આપણને કાંઈ કોર્ટ કોર્ટમાં મોટો ગોરો છે અંદર ઓલો મોટો અમલદાર હોય ને? શું કહેવાય? મોટો એની સાથે બેઠો હતો. એ પણ મોટો માણસ હતો. આવું પૂછતા હતા ને. ત્રણ કલાક હોં. આપણે તો જે સત્ય હતી એ વાત કરી. આપણને કાંઈ લાગ્યું નહિ. બહાર નીકળ્યા એટલે અમારે ગાંડાભાઈએ પૂછયું. કેમ તમને લાગ્યું? કાંઈ આપણને લાગ્યું નથી. ભય પણ નથી અને ડર લાગ્યો નથી. આપણને જેવું સત્ય હતી એ વાત કરી. એમ અહીં કોર્ટમાં પ્રશ્ન ઉઠાવે છે અહીંયાં આચાર્ય. સાંભળ! જો તારે સત્યને સમજવું હોય તો.

મુમુક્ષુ :- .. છાપ પડી ને?

ઉત્તર :- હા, છાપ પડી ગઈ લોકોને. ઓહો..! .. ૧૭ વર્ષની. ગોરાને એમ છાપ પડી કે બેગુનેગાર છે. આ લોકો ગુનેગાર જ નથી. ક્યાંય એની વાણીમાં ન્યાયમાં ક્યાંય એની ચેષ્ટામાં ક્યાંય જણાતું નથી. એમ બેગુનેગાર છોડી દીધા. સમજાણું કાંઈ? હવે એમ અહીં ન્યાયની કોર્ટ લે છે. એ કોર્ટ ત્યાં લાવ્યા પાછા. જે ઠેકાણે ગુનો થયો ને ખોટો. ત્યાં કોર્ટ લાવ્યા પોતે. કોર્ટ લાવ્યા પોતે. બધી ખોટી (વાત). પાલેજમાં. અમે ત્યાં રહેતા હતા ને પાલેજ. દુકાન. ત્યાં કેસ ચાલ્યો હતો મોટો અફીણનો.

અહીંયાં કહે છે કે કોર્ટ ચાલે છે અહીંયાં હવે. ન્યાયની કોર્ટ કહે છે આ. 'નિ' ધાતુ

છે ને 'નિ'? કહે છે, હું તને પૂછું છું. આચાર્ય મહારાજ કહે છે. જો જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ ન થતો હોય તો હું તને પૂછું છું કે એ આત્મા અને આસ્રવનું જુદાપણાનું જ્ઞાન એ જ્ઞાન છે કે અજ્ઞાન છે? '**જો અજ્ઞાન છે...**' તું એમ કહે કે અજ્ઞાન છે '**તો આત્મા અને આસ્રવોના અભેદજ્ઞાનથી તેની કાંઈ વિશેષતા ન થઈ.**' એ તો રાગ અને આત્મા બે એક જ માન્યો અજ્ઞાનમાં. એમાં કાંઈ જુદા તો પડ્યા નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્ય આનંદસ્વરૂપ જેના પુણ્ય-પાપના વિકલ્પના આસ્રવથી ભિન્ન પડીને ભેદજ્ઞાન થયું, એટલા માત્રથી તેને કર્મનું બંધન નિરોધ થઈ જાય છે. જો ન થતો હોય તો હું તને પૂછું છું કે, જે પુણ્ય-પાપના ભાવ આસ્રવ મિથ્યાત્વ આદિ છે એનાથી આત્માના જુદાનું જ્ઞાન થયું એ ભેદજ્ઞાન અજ્ઞાન છે કે જ્ઞાન? જો તું અજ્ઞાન કહે તો એ તો અનાદિની (છે), વિશેષતા તો થઈ નહિ. જુદું તો પડ્યું નહિ. તો રાગ અને આત્મા એક માન્યા એમાં તો ભેદજ્ઞાન છે નહિ. સમજાય છે કાંઈ?

કહે છે, '**જો અજ્ઞાન છે...**' ભગવાન આત્મા અને વિકારી ભાવ બેની ભિન્નતા ભાસી એવા ભેદજ્ઞાનમાત્રથી બંધ ન રોકાતો હોય તો હું પ્રશ્ન કરું છું. આચાર્ય મહારાજ કહે છે. ભાઈ! વિકારના પરિણામથી જુદું પડેલું ભેદજ્ઞાન એ જ્ઞાન છે કે અજ્ઞાન? તો ઓલો કહે કે અજ્ઞાન. અજ્ઞાન હોય તો રાગથી જુદું પડ્યું નથી. તો રાગ અને જ્ઞાન બે એકત્વ માન્યું છે. અજ્ઞાનમાં તો પુણ્યના વિકલ્પ ને સ્વભાવનું એકત્વ માન્યું છે. એ તો અજ્ઞાન છે. એ તો ભેદ પડ્યો નથી. સમજાય છે કાંઈ? '**કાંઈ વિશેષતા ન થઈ.**' અજ્ઞાનમાં તો રાગ અને સ્વભાવની કાંઈ જુદાઈ થઈ નહિ. એ તો અજ્ઞાન છે એ કાંઈ ભેદજ્ઞાન નથી.

'**અને જો જ્ઞાન છે...**' હવે જો જ્ઞાન છે. વિકારી વિભાવના પરિણામના સ્વભાવથી, ભાવથી છૂટું પડેલું જે ભેદજ્ઞાન એને જો તું જ્ઞાન કહે તો હું પૂછું છું '**તો (તે જ્ઞાન) આસ્રવોમાં પ્રવર્તે છે કે તેમનાથી નિવર્ત્યું છે?**' એ જ્ઞાન આસ્રવની સાથે એકત્વબુદ્ધિ છે? કે એ જ્ઞાન આસ્રવથી છૂટું પડ્યું છે? મૂળચંદભાઈ! આ તો કોર્ટ લીધી છે, જુઓ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ છે. વાત તો એ છે. સમજાય છે કાંઈ?

જો તું ભેદજ્ઞાનને અજ્ઞાન કહે તો તો રાગ ને આત્મા એક છે એમાં કાંઈ ફેર પડ્યો નહિ. ભેદ તો પડ્યો નહિ. માટે ભેદજ્ઞાન તે અજ્ઞાન ન હોય. ત્યારે જો તું એને જ્ઞાન કહે. તો અમે પૂછીએ છીએ કે જ્ઞાન આસ્રવ સાથે એકપણે વર્તે છે? એકપણે વર્તે છે કે એ જ્ઞાન ભિન્નપણે વર્તે છે? સમજાય છે કાંઈ?

'**જો જ્ઞાન છે તો (તે જ્ઞાન) આસ્રવોમાં પ્રવર્તે છે કે તેમનાથી નિવર્ત્યું છે?**

**જો આસ્રવોમાં પ્રવર્તે છે...**' જો એ પુણ્ય-પાપના પરિણામમાં એકત્વબુદ્ધિએ પડ્યો છે તોપણ તે જ્ઞાન નથી. એ તો અજ્ઞાન થયું. ન્યાય સમજાય છે કાંઈ? આહાહા..! ન્યાયથી સિદ્ધ કરે છે. '**न्या-वयम**'. ન્યાય માર્ગ છે વીતરાગનો. 'નિ' ધાતુ છે ને. જેવું સ્વરૂપ છે તેવું જ્ઞાનમાં દોરી જવું તેને ન્યાય કહેવામાં આવે છે. ન્યાયથી પૂછે છે, ભાઈ! હું તને પૂછું છું, પ્રભુ! તારું રાગથી વિકારથી ભિન્ન પડેલું જ્ઞાન એ અજ્ઞાન છે કે જ્ઞાન? જો અજ્ઞાન કહે તો રાગની સાથે એકત્વ છે. એમાં કાંઈ ફેર તો પડ્યો નહિ. જો જ્ઞાન કહે તો પૂછું છું કે એ જ્ઞાન છે એ પુણ્યના પરિણામના આસ્રવ સાથે એકત્વ વર્તે છે? કે ભિન્ન પડીને વર્તે છે?

'**જો આસ્રવોમાં પ્રવર્તે છે તોપણ આત્મા અને આસ્રવોના અભેદજ્ઞાનથી તેની કાંઈ વિશેષતા ન થઈ.**' તું કહે જ્ઞાન થયું, ક્ષયોપશમ જ્ઞાન થયું જ્ઞાન. પણ એ ક્ષયોપશમ જ્ઞાન રાગમાં એકત્વબુદ્ધિએ વર્તે છે તો તે જ્ઞાન છે નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! ભારે આવું. કહો, કાંતિભાઈ! આવું છે. જુઓ! ન્યાયથી પૂછે છે. કહે છે, ભાઈ! શાંતિથી સાંભળ. અમે તને પૂછીએ છીએ કે અમે તો એમ જ કહીએ છીએ કે સાચું જ્ઞાન જ્યાં થયું, ભેદજ્ઞાન થયું ત્યાં એના જ્ઞાનની ધારામાં આસ્રવ અને બંધ હોઈ શકે જ નહિ. સમજાણું કાંઈ? અને જો તું કહેતો હોય કે એમ કેમ? તો તને પૂછીએ છીએ. ભેદજ્ઞાન તે અજ્ઞાન કે જ્ઞાન? જો તું અજ્ઞાન કહે તો તો રાગ સાથે એકત્વબુદ્ધિ (થઈ). એમાં કાંઈ ફેર તો પડ્યો નહિ. એ તો અનાદિનું છે ઈ છે. એમાં ભેદજ્ઞાન છે નહિ. અને જો તું એને જ્ઞાન કહે તો હું પૂછું છું કે એ જ્ઞાન રાગ સાથે એકત્વ છે? કે રાગથી ભિન્ન પડ્યું છે? સમજાણું કાંઈ?

જો રાગ સાથે એકત્વપણે પ્રવર્તતું હોય જ્ઞાન તો એ તો એનું એ થયું. અજ્ઞાન છે. એ તને ભેદ તો થયો નહિ. સમજાણું કાંઈ? આહાહા..! મૂળ વાતની જ્યાં ખબર ન મળે અને ધર્મ.. ધર્મ.. કરો ધર્મ. કરો વ્રત ને કરો નિયમ ને કરો.. અરે..! ભગવાન! હજી વિકલ્પો છે પુણ્ય-પાપના એ દુઃખરૂપ છે અને ભગવાન આનંદમૂર્તિ એમ જુદો પડ્યો નથી ત્યાં સ્વરૂપની સ્થિરતામાં ચારિત્ર આવશે ક્યાંથી? સમજાય છે કાંઈ? જ્યાં હજી પુણ્ય-પાપના પ્રેમથી, રુચિથી, આસક્તિથી છૂટીને સ્વભાવનો આદર કર્યો નથી, સ્વભાવમાં દૃષ્ટિ આવીને સ્થિર થયો નથી, એને સ્વરૂપની દૃષ્ટિ જ્યાં નથી. તો સ્વરૂપની દૃષ્ટિ વિના સ્વરૂપની સ્થિરતા, ચારિત્ર આવશે ક્યાંથી? સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- એ લૂગડા પહેરે છે.

ઉત્તર :- લૂગડા નહિ. લૂગડા પહેરે એ તો સાધુ છે જ નહિ. એ તો વળી સાધુ છે

જ નહિ. આ તો લૂગડાવાળા માન્યા છે ને. લૂગડાવાળા તો સાધુ જ નથી. લૂગડાવાળા માને કે અમે સાધુ છીએ એ તો ગૃહીત મિથ્યાદષ્ટિ છે. લૂગડા એટલે કપડા. અહીં તો કપડા નથી. નગ્ન છે અને અંદરમાં પુણ્ય પરિણામ વર્તે છે. એ પુણ્ય પરિણામની રુચિ અને પ્રેમ છે તો એ અજ્ઞાની છે એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ વાત છે. ઓલાની ક્યાં વાત છે હવે? સમજાય છે કાંઈ? બેય આવશે જુઓ ક્રિયાનય, જ્ઞાનનય. એકાંતને ઉડાડશે અહીંયા.

ભાઈ! એ તો જે છે વસ્ત્ર-પાત્ર રાખીને મુનિપણું માને છે એને તો મિથ્યાદષ્ટિ ગૃહીત મિથ્યાત્વ છે. એને તો અગૃહીત મિથ્યાત્વ, અગૃહીત મિથ્યાત્વ ટળ્યું નથી અને એ ઉપરાંત ગૃહીત મિથ્યાત્વ છે. આહાહા..! એવી વાત છે, બાપુ! એને વસ્તુના તત્ત્વની દશા કેવી હોય, ચારિત્રની દશા કાળે કેટલો વિકાર ટળ્યો હોય અને એ વિકાર ટળતા તેને નિમિત્તરૂપ સંયોગ કેટલી જાતના રહ્યા હોય એનું એકેય જ્ઞાન નથી. સમજાય છે કાંઈ? વસ્ત્ર-પાત્ર લેવાની વૃત્તિ છે અને વસ્ત્રનો સંયોગ છે અને આ વૃત્તિ છે. એને ત્રણ કષાય ટળે ત્યારે આવી વૃત્તિ ન હોય. અને એવી વૃત્તિ ન હોય તો આવો સંયોગ પણ ન હોય. તો એને નવેય એકેય તત્ત્વની શ્રદ્ધાની ખબર નથી. સમજાણું કાંઈ?

જીવ જ્યારે સ્વરૂપની સ્થિરતાના ચારિત્રમાં આવે છે ત્યારે તેને ત્રણ કષાય નાશ થયા હોય છે. ત્રણ કષાય નાશ એટલે કષાયનો ભાગ જે રહી જાય એમાં કેટલો રહે? વ્રતનો વિકલ્પ ઉઠે છ આવશ્યકનો એટલી હદ હોય. એને આ વસ્ત્ર લેવાની વૃત્તિ ઉઠે તો એને ત્રણ કષાયના અભાવનું ચારિત્ર છે એની ખબર નથી. એને તે કાળે કષાયના મંદની જાત આવી હોય એની પણ ખબર નથી. એ ટાણે સંયોગો અમુક ના હોય અને અમુક સંયોગો હોય એની પણ ખબર નથી. એટલે અજીવની ખબર નથી, આસ્રવની ખબર નથી, આત્માની ખબર નથી. નેમિચંદભાઈ! આ તો વસ્તુની સ્થિતિ જ આમ છે.

અહીંયાં તો અઠ્યાવીશ મૂળગુણ પાળનાર છે, બહાર નગ્ન દશા છે, એ કહે છે. એને (શ્રોતાને) કહે છે. સાંભળ અમે તને કહીએ છીએ. પુણ્યના પરિણામ જે શુભ છે એની રુચિથી ભેદજ્ઞાનવાળો એની રુચિ છૂટી ગઈ છે. એનું કર્તૃત્વ... કર્તાકર્મનો અધિકાર છે ને? એટલે પુણ્ય પરિણામનું કર્તવ્ય મારું છે એ દષ્ટિ જ્ઞાનીની છૂટી ગઈ છે. સમજાણું કાંઈ? અને જો રુચિ છૂટી ન હોય અને ભેદજ્ઞાન તું કહે તો તો એ અજ્ઞાન છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બહુ ..

ઉત્તર :- બહુ ઊંચી વસ્તુ છે. આહાહા..!

'**તો (તે જ્ઞાન) આસ્રવોમાં પ્રવર્તે છે કે તેમનાથી નિવર્ત્યું છે? જો આસ્રવોમાં પ્રવર્તે છે...**' એટલે? અભિપ્રાયમાં જ્ઞાયકભાવને છોડી દઈને પુણ્ય-પાપમાં એકત્વબુદ્ધિએ પ્રવર્તે છે તો એ જ્ઞાન જ નથી. સમજાણું કાંઈ? '**તોપણ આત્મા અને આસ્રવોના અભેદ...**' એટલે એકપણાની '**તેની કાંઈ વિશેષતા ન થઈ.**' એ તો અજ્ઞાન થયું. રાગ અને પુણ્યનો વિકલ્પ જે ઉઠ્યો એ મારો છે, એમાં હું છું એમ વર્તે છે એ જ્ઞાનને જ્ઞાન જ કહેતા નથી. સમજાણું કાંઈ? શેઠી!

મુમુક્ષુ :- સમજી લીધું દલીલથી.

ઉત્તર :- દલીલથી સમજી લીધું. એમ વાત છે.

કહે છે કે જે જ્ઞાન છે તોપણ પ્રવર્તતું હોય એને કહે, તો પ્રવર્તતું હોય તો એમાં એકત્વ થઈ ગયું. જ્ઞાન ક્યાં રહ્યું એ? રાગના વિકલ્પ સાથે પ્રવર્તે છે, આ હું છું એમ પ્રવર્તે છે. ભેદજ્ઞાન ક્યાં રહ્યું? એ અજ્ઞાન છે એ તો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સાહેબ! ઝીણું તો છે.

ઉત્તર :- ઝીણું છે. પણ એમાં સમજાય એવું છે. એમાં કાંઈ નથી સમજાય એવું નથી. સાદી વાત છે, સાદી ભાષા છે. ભાષા કોઈ બહુ સંસ્કારી કે એવી કોઈ નથી. જુઓ! અમારે પોપટભાઈ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સરળ જ છે. વસ્તુ સત્ છે, સરળ છે, સહજ છે, સર્વત્ર છે.

ભગવાન આત્મા કહે છે કે જ્યાં આત્માના અંતરમાં આવ્યો અને પુણ્ય-પાપના પ્રેમથી છૂટ્યો એવા ભેદજ્ઞાનમાત્રથી એને બંધ હોઈ શકે નહિ અને જો બંધ હોય તો હું તને પૂછું છું કે પુણ્ય-પાપના પ્રેમમાં વર્તે છે જ્ઞાન? કે પુણ્ય-પાપના પ્રેમથી છૂટું પડ્યું છે? કે એ તો પુણ્ય-પાપના પ્રેમમાં વર્તે છે. તો તે જ્ઞાન છે જ નહિ. ભેદજ્ઞાન છે જ નહિ. પ્રવર્તતો હોય તો ભેદજ્ઞાન નથી. અને જો તું એમ કહે. જો આસ્રવથી નિવર્ત્યું છે. તે જ્ઞાન એવું છે કે પુણ્ય-પાપના પ્રેમથી-અભિપ્રાયથી છૂટી ગયું છે. પુણ્ય-પાપનો અભિપ્રાય જ્ઞાનીને છૂટી ગયો છે. પુણ્ય-પાપ ઠીક છે, હિત છે, કાર્ય છે એ દૃષ્ટિ જ્ઞાનીની નથી. ત્યારે તેને ભેદજ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે! પ્રભુ તો ચૈતન્યમૂર્તિ છે ને. એ તો સમજણનો પિંડ પ્રભુ છે.

કહે છે કે એવા સમજણના પિંડનું જ્યાં જ્ઞાન થયું રાગના પ્રેમની રુચિ છૂટીને, તો એ જ્ઞાન રાગમાં પ્રવર્તે જ નહિ. રાગમાં જ્ઞાન એકપણે રહે જ નહિ. આહાહા..! તત્ત્વ જુદું છે એ પણ શી રીતે ભેદજ્ઞાન થયું? ભેદ કહેવું અને વળી બે તત્ત્વની એકતા કહેવી? સમજાય

છે કાંઈ?

**'અને જો જ્ઞાન છે તો (તે જ્ઞાન) આસ્રવોમાં પ્રવર્તે છે...'** તો તો અભેદ થયું. રાગથી અભેદ થયું. કારણ કે રાગમાં પ્રવર્તતું હતું એ જ પ્રવર્તે છે તો ભેદજ્ઞાન નથી. **'અને જો આસ્રવોથી નિવર્ત્યું છે...'** નિવર્ત્યાની વ્યાખ્યા? શુભાશુભભાવના અભિપ્રાયથી છૂટી ગયું છે. અભિપ્રાય ચૈતન્યનો થઈ ગયો હું તો જ્ઞાયક છું, જ્ઞાયક સ્વભાવ છું. પુણ્ય-પાપનો ભાવ મારામાં છે નહિ. એમ અભિપ્રાય છૂટી ગયો છે તો નિવર્ત્યું છે. **'તો જ્ઞાનથી જ બંધનો નિરોધ સિદ્ધ થયો કેમ ન કહેવાય?'** આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- દલીલ.

ઉત્તર :- દલીલ. ન્યાયમાર્ગ છે ને ન્યાય. **'न्या-वयम'**. ન્યાય માર્ગ છે. સમજાય છે? 'નિ' ધાતુ છે. ન્યાય. જે રીતે સ્વરૂપ છે એ રીતે જ્ઞાનને દોરી જવું, લઈ જવું. વિરુદ્ધતા છોડીને અવિરુદ્ધતામાં જ્ઞાન લઈ જવું એનું નામ ન્યાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? વીતરાગ સર્વજ્ઞનો માર્ગ ન્યાયથી ભરેલો છે. યુક્તિથી અને ન્યાયથી ભરેલો છે.

કહે છે... જુઓ! આ મુદ્દાની રકમ. એમાંથી આ લોકો એવું કાઢે છે આમાંથી આ પંડિતજીની ચર્ચામાં સામાવાળાએ એવું લખ્યું છે બધું. વાંચ્યું છે ને મેં બરાબર સામું. એ કહે જુઓ. એ જ્ઞાન આસ્રવોથી નિવર્ત્યું છે તો જ્ઞાન આસ્રવથી નિવર્ત્યું એની વ્યાખ્યા શું કરે છે ઈ? કે હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગની ક્રિયાઓથી નિવર્તે તો આસ્રવોથી નિવર્ત્યો કહેવાય.

મુમુક્ષુ :- અહીં તો બધાથી નિવર્ત્યો છે.

ઉત્તર :- અરે..! અહીં તો પુણ્ય-પાપના પરિણામથી દૃષ્ટિ નિવર્તી ગઈ છે. એનામાં છે જ નહિ. બહારના પરમાણુની ક્રિયા ક્યાં અને હિંસા, જૂઠાના પરિણામ એ તો અશુભ છે એનાથી નિવર્તિ ગયેલો છે દૃષ્ટિમાં. આ તો એમ કે જેને હવે હિંસા, જૂઠાના પરિણામ હોય એ આસ્રવથી નિવર્ત્યો નથી માટે ભેદજ્ઞાન નથી. હવે સાંભળને! છ ખંડના રાજ હોય છે, છન્નું હજાર સ્ત્રી હોય છે. એને ઘરે રહી. ક્યાં એમાં ગરી ગઈ છે આત્મામાં? આ એના તરફની જરી આસક્તિની વૃત્તિ છે એનાથી જ્ઞાન ભિન્ન પડી ગયું છે. રાગની એકતાથી ભિન્ન પડેલું જ્ઞાન જ્ઞાતાને બંધ છે નહિ. એમ સિદ્ધ કરવું છે અહીં. છ ખંડની લડાઈમાં ઊભો દેખાય. હજાર યોજનનું મચ્છ હોય છે લ્યો, સ્વયંભૂરમણ સમુદ્રમાં. અસંખ્યાતા સમકિતી પંચમ ગુણસ્થાનવાળા પડ્યા છે. સ્વયંભૂરમણ સમુદ્ર. પાંચમા ગુણસ્થાન. હજાર યોજન. ચાર હજાર ગાવના લાંબા. કેટલા? અસંખ્યાતા શ્રાવક પંચમ ગુણસ્થાન. મોઢું આમ કરે તો પાણી કેટલું આવે? મોઢામાં. કહે છે કે સાંભળને. એને દેહની પરમાણુની ક્રિયા તો ભિન્ન પડેલો છે પણ પુણ્યના પરિણામથી ભિન્ન પડેલું ભેદજ્ઞાન એને વર્તે છે. આહાહા..! સમજાણું કાંઈ?

એવા હજાર યોજનના મચ્છ. હજાર ગાવ એમ. ચાર ગાવનું છે ને યોજન? એવો ચાર હજાર ગાવનો લાંબો. એના પ્રમાણમાં જાડું, લાંબુ આવડું એના પ્રમાણમાં જાડું, એના પ્રમાણમાં એનો ખોરાક અને પાણી. ભાઈ! એ તો જડની ક્રિયાઓ સંયોગી ક્રિયા છે. એ કાંઈ આત્માની છે નહિ. એમાં જરી પરિણામ વર્તે છે શુભ-અશુભ આદિ એ તત્ત્વ ભિન્ન છે અને આત્મા ભિન્ન છે એમ જ્યાં અનુભવ થયો એને આસ્રવ અને બંધ છે જ નહિ. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાનને જેણે ઝીલ્યો અને પામરતાના વિકારનો પ્રેમ જેણે છોડ્યો એમ કહે છે. સમજાણું કાંઈ?

'**આસ્રવોથી નિવર્ત્યું છે...**' તો આની વ્યાખ્યામાં ફેર કર્યો છે. શું કહેવાય તમારી? ખાણિયા ચર્ચામાં. એમાં બહુ ફેર કર્યો છે. આખી વાતનો અર્થ જ ફેરવી નાખ્યો છે. આસ્રવોથી નિવર્ત્યું છે તો જ્ઞાન. એટલે? કે અહીં હિંસા, જૂઠા, ચોરીના પરિણામ ન હોય અને બહારની પ્રવૃત્તિ ન હોય તો ભેદજ્ઞાન. ભારે ગજબ કર્યો છે. અરે..! એમ નથી, ભગવાન! આહાહા..!

મુમુક્ષુ :- .. ત્યાગી થયો હોય તો...

ઉત્તર :- ત્યાગી થયો હોય તો ભેદજ્ઞાન. આહાહા..! આ તો તત્ત્વ જે આસ્રવ અને અજીવ તત્ત્વથી પૃથક્ થઈને આત્માના તત્ત્વને સંભાળીને ભાન અનુભવ થયો (તો) નિવર્ત્યો છે, કહે છે. સાંભળને! એને નિવર્ત્યો કહે છે. સમજાણું કાંઈ? સંયોગી ક્રિયા તો જેટલા પરમાણુનો યોગ હોય એ બને બહાર. એને છોડવી છે? અને એ એનાથી થાય છે? અને તે વખતના પરિણામ આવવા યોગ્ય હોય શુભ-અશુભ આદિ એ વૃત્તિઓ તે કાળે હો, તે પણ એનાથી ભિન્ન ભાન થયું છે, ભિન્ન ભાન છે. એ આસ્રવોથી નિવર્તેલો આત્મા છે. કારણ કે આત્મામાં નથી. અને એવું આત્માનું ભાન થયું (છે એટલે) આસ્રવથી નિવર્તેલ છે. સ્વરૂપચંદભાઈ! ભારે આવો ધર્મ ભાઈ આ.

મુમુક્ષુ :- આવો જ હોય, બીજો હોય શું?

ઉત્તર :- પણ માર્ગ તો આ જ હોય ને બીજી શી રીતે હોય? આખો ચૈતન્ય ભગવાન ઝીલ્યો જ્યાં દૃષ્ટિએ. અખંડાનંદ જ્ઞાયકભાવ સ્વભાવભાવ અનાદિઅનંત ધ્રુવ ચૈતન્ય એનો જ્યાં આશ્રય લીધો તો રાગથી ભિન્ન પડી ગયો છે. '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो। एवं भणंति सुद्धं**' રાગથી ભિન્ન, પરથી ભિન્ન પડીને અહીં ગયો ત્યાં રાગથી ભિન્ન પડી ગયો છે. ત્યારે શુદ્ધતા પર્યાયમાં પ્રગટી ત્યારે આ શુદ્ધ છે એમ ભાસ થયો કે આખું તત્ત્વ ભગવાન ચિદાનંદ શુદ્ધ છે. સમ્યગ્દૃષ્ટિ રાગ અને નિમિત્તથી નિવર્તેલો છે. નિમિત્ત નામ દેહાદિની ક્રિયા, રાજપાટની ક્રિયા અને રાગ બેયથી રાગ ને રજકણથી નિવર્તેલો જ્ઞાની છે. સમજાણું કાંઈ? કાયા અને કષાય, રાગ અને રજકણ. બેય પર છે.

આત્મામાં છે ક્યાં ઈ? સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ એવો જ્યાં આનંદનો સ્વાદ આવ્યો, કહે છે કે એને રાગનો સ્વાદ કેમ રહે હવે? એમ કહે છે. જેને ભેદજ્ઞાન થઈને આત્માના આનંદનો સ્વાદ આવ્યો, એને હવે પુણ્યના પરિણામનો સ્વાદ કેમ રહે? એ સ્વાદથી છૂટી ગયો છે. એમ કહે છે મૂળ. સમજાણું કાંઈ? આહાહા..! એને અશુભભાવ આવે એ કાળો નાગ લાગે, ઉપસર્ગ લાગે. ઉપસર્ગ લાગે. વિષયની વાસનાની વૃત્તિ ઉઠે એ જ્ઞાનીને રોગ લાગે, ઉપસર્ગ લાગે, દુઃખ લાગે. અરેરે.. મારા અમૃતસ્વરૂપમાં આ વળી વૃત્તિ શું ઉઠી આ? એને હેયબુદ્ધિએ, જ્ઞેયબુદ્ધિએ જાણનાર રહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની શું કિંમત છે એની એને ખબર ન મળે. સમજાણું? સમ્યગ્દષ્ટિ ગૃહસ્થાશ્રમમાં હોય તો મોક્ષમાર્ગી છે અને મિથ્યાદષ્ટિ અણગાર પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ પાળતો હોય (તોપણ) મોહી સંસારમાં છે ઈ. રત્નકરંડ શ્રાવકાચારમાં છે ને. રત્નકરંડ શ્રાવકાચાર. એ ગૃહસ્થ છે જ નહિ કહે છે. એ તો પોતે આત્મા જ્ઞાનાનંદ પ્રભુ પોતે છે મોટો ભગવાન આત્મા, એને જ્યાં પુણ્ય અને પાપના રાગ ને નિમિત્તથી જુદો જાણ્યો, હવે એ જુદો જાણ્યો એ એની પાસે રાગ ને બંધ છે ક્યાં? બંધ અને રાગ બે, આસ્રવ અને દ્રવ્યબંધ. બેથી જ્યાં જુદો જાણ્યો ત્યાં એને છે ક્યાં આસ્રવ અને બંધ હવે? આહાહા..! એ તો બંધધારામાં પરમાં ગયું. આત્મામાં છે નહિ. સમજાણું કાંઈ? વાત એવી છે ઝીણી અને સારી અને સાચી. આહાહા..!

ભાઈ! કહે છે, તને અતીન્દ્રિય આનંદ... જેણે દૂધપાકના સ્વાદ લીધા એને રાતી જુવારના ફોતરા... ફોતરા સમજો છો? છીલકા. એની રોટલી સારી લાગે? એમ જેને પુણ્ય ને પાપના વિકલ્પથી ભેદજ્ઞાન કરીને આત્માનો આનંદનો સ્વાદ લીધો છે, કહે છે એને રાગની એકત્વબુદ્ધિ થાય, રાગમાં મીઠાશ આવે, રાગમાં પ્રેમ રહે, પુણ્યનો ભાવ કે પાપનો, એમાં એકત્વબુદ્ધિ રહે? ન રહે. માટે છૂટ્યો છે. સમજાણું કાંઈ? આહાહા..!

આનંદઘનજીમાં આવે છે ઈ. 'લાગી લગન હમારી જિનરાજ સુજસ સુણ્યો મૈં.' વીતરાગ પોતે હોં! 'લાગી લગન હમારી જિનરાજ...' જિનરાજ પોતે હોં!

સુજસ સુણ્યો મૈં.. કાહુ કે કહે અબ કબહુ ન છૂટે,
લોકલાજ સબ ડારી. જૈસે અમલી અમલ કરત સમય...

અમલી. અફીણ-બફીણ પીવે ને જ્યારે. અફીણ.

જૈસે અમલી અમલ કરત સમય,
લાગ રહે જો ખુમારી જિનરાજ સુજસ સુણ્યો મૈં.

રાગથી ભિન્ન પડીને આત્માના ભાનના સુજસનું ભાન થયું, પ્રભુ! અમારી લોકલાજ બધી ગઈ હવે. દુનિયા આમ કહેશે ને આમ કહેશે. તમે જ્ઞાની થઈને હજી સ્ત્રીઓ પરણો? સાંભળને હવે. ચક્રવર્તી ત્રણ જ્ઞાનના ધણી ક્ષાયિક સમકિત લઈને આવે. છન્નું હજાર પછી લગન કરે છે.

મુમુક્ષુ :- તીર્થંકર પણ હોય

ઉત્તર :- તીર્થંકર લ્યો ને. શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ. કોણ લગન કરે છે? કોણ કહે છે કે લગન કરે છે? અહીં એ કહે છે. કોણ કહે છે લગન કર્યા? તને ક્યાં ખબર છે અજ્ઞાની. એ તો જડની ક્રિયા. પરમાણુના પરાવર્તનનો નિયમ એનો હતો તે એને કાળે જાય છે. રાગનો ભાગ જરી ભિન્ન છે એના ઉપર તો ઉપસર્ગ ભાસે છે એને. આહાહા..! કાળો નાગ જેમ ફણી માંડીને આવતો હોય ને, એમ વિકલ્પ ઉઠે અશુભ કે શુભ એ ભઠ્ઠી લાગે. નિવર્તેલાને ભઠ્ઠી લાગે, પ્રવર્તેલાને શાંતિ લાગે એમાં. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા અકષાય સ્વભાવથી ભરેલો અને કષાયના પુણ્ય-પાપના ભાવ એનાથી ભેદજ્ઞાન થયું અને એનાથી નિવર્ત્યું. બસ! જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ સિદ્ધ થઈ ગયો. સમજાણું કાંઈ?

'**અને જો આસ્રવોથી નિવર્ત્યું છે તો જ્ઞાનથી જ બંધનો નિરોધ સિદ્ધ થયો કેમ ન કહેવાય? (સિદ્ધ થયો જ કહેવાય.) આમ સિદ્ધ થવાથી...**' હવે બે ન્યાય આપે છે જુઓ! '**આમ સિદ્ધ થવાથી અજ્ઞાનનો અંશ એવા ક્રિયાનયનું ખંડન થયું.**' શું કીધું? કે રાગની મંદતાથી મને ધર્મ થાય એવી ક્રિયાનયનું ખંડન થઈ ગયું.

મુમુક્ષુ :- એકતા છૂટી ગઈ.

ઉત્તર :- છૂટી ગઈ છે. રાગની મંદતાના ભાવ એ ક્રિયાનયનું છે ક્રિયાનય. એનાથી મને (લાભ થાય). એકાંત ક્રિયાનય રાગની મંદતા, એનાથી મને એવો અજ્ઞાનભાવ. દેખો! રાગ અજ્ઞાનભાવ છે. સ્વભાવ જ્ઞાનભાવ છે. એ રાગની મંદતાનો અજ્ઞાનભાવ છે. અજ્ઞાન એટલે એમાં જ્ઞાન નથી. એથી કહે છે '**અજ્ઞાનનો અંશ એવા ક્રિયાનય...**' રાગની મંદતાથી મને લાભ થાય એમ માનનારાઓનું ખંડન થઈ ગયું. સમજાણું કાંઈ?

'**વળી જે આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન છે તે પણ જો આસ્રવોથી નિવૃત્ત ન હોય...**' શું કહે છે? કહે છે, અહીં બીજું કહે છે કે જો જ્ઞાનમાં તારા ખ્યાલમાં આવ્યું ક્ષયોપશમભાવ તરીકે જ્ઞાનમાં આવ્યું કે આ રાગ છે. પણ એ જ્ઞાનમાં આવ્યું પણ એનાથી ખસ્યું નથી તો એ જ્ઞાનનય તે એકાંત જ્ઞાનનય છે. જ્ઞાનમાં ક્ષયોપશમમાં જ્ઞાનમાં ખ્યાલ આવ્યો ક્ષયોપશમમાં કે રાગ આમ છે, રાગ આમ છે. પણ એ ક્ષયોપશમની દૃષ્ટિ છોડીને દ્રવ્ય ઉપર દૃષ્ટિ ગઈ નહિ અને રાગની રુચિ છોડી નહિ તો એ ક્ષયોપશમના જ્ઞાનનો અંશ

જે જ્ઞાનનય, એકાંત જ્ઞાનનય (એનું) ખંડન કર્યું. એ જ્ઞાન છે જ નહિ. સમજાણું કાંઈ?

બે વાત કરી. ક્રિયાનયનું ખંડન અને એકાંત જ્ઞાનનયનું ખંડન. એટલે શું? કે રાગની મંદતાથી જે ભેદ પડ્યો નથી અને રાગની મંદતાથી લાભ માને છે. ભેદજ્ઞાન નથી એટલે એનું ખંડન કરી દીધું. તારી લાખ ક્રિયા હોય ને રાગ મંદની. ભેદ પડ્યા વિના તને લાભ ક્યાંથી થાય? એવા રાગની મંદતારૂપી અજ્ઞાનભાવ. એ અજ્ઞાનભાવનો અંશ તેનું ખંડન કરી નાખ્યું. અને જે જ્ઞાન ઉઘાડમાં રાગની સાથે પ્રેમવાળું રહે અને કહે કે અમને જ્ઞાન છે એ જ્ઞાન નહિ એકાંત છે.

મુમુક્ષુ :- રાગથી જુદું ક્યાં પડ્યું છે?

ઉત્તર : એ જ્ઞાન રાગથી જુદું પડ્યું નથી માટે તે જ્ઞાન છે નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

શ્રીમદ્દે નાખ્યું છે ક્રિયાનય, જ્ઞાનનયનું.

કોઈ ક્રિયા જડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ,<br>
માને માર્ગ મોક્ષનો કરૂણા ઉપજે જોઈ.

એ વાત કરી છે આ.

બાહ્ય ક્રિયામાં રાચતા અંતર ભેદ ન કાંઈ,<br>
જ્ઞાનમાર્ગ નિષેધતા તે ક્રિયા જડ આહીં.<br>
મુખથી જ્ઞાન કથે, અંતર છૂટ્યો ન મોહ,<br>
તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનનો દ્રોહ.

જ્ઞાનની પર્યાય રાગની એકતાથી છૂટે નહિ અને એકલી જ્ઞાનની વાતું કરે એ જ્ઞાનનયનું ખંડન કરી નાખ્યું. સમજાય છે કાંઈ? પ્રવર્તે શબ્દે રાગમાં એકત્વપણે પ્રવર્તે અને એ જ્ઞાનનય છે એ તો એકાંત જ્ઞાનનય થઈ ગયું. એનું જ્ઞાન સાચું હોય તો રાગથી નિવર્તીને સ્વભાવ તરફ આવ્યું એ જ્ઞાનને જ્ઞાન કહે છે. એ જ્ઞાન વિનાનો એકાંત જ્ઞાનનો એક જ્ઞાનનો અંશ પ્રગટ્યો આ રાગ છે એવું જાણવામાં (આવ્યું) પણ રાગથી છૂટ્યું નથી એવા જ્ઞાનનયનો અહીં નિષેધ કર્યો. સમજાણું કાંઈ? આહાહા..! કહો, અમરચંદભાઈ! કહો, આ તો સમજાય એવું છે હોં! શું કહે છે એમ સમજાય એવું છે ને. પ્રયોગ કરવો એ પછી વાત. પણ આ રીત છે અને આ પ્રકાર છે એ તો સમજાય ને.

ભગવાન આત્મા! અહીં તો કહે છે, એ વિકારીના પરિણામ પછી ચાહે તો ભગવાનના તીર્થંકરગોત્રના ભાવ બાંધવાનો હો, એ ભાવ પણ કલુષિત છે, અચેતન છે, દુઃખરૂપ છે. ભગવાન આત્મા અતિનિર્મળ છે, શુચિ છે, આનંદ છે. એવું એકસાથે (છે). કહેવામાં ક્રમ

આવે, પણ એકસાથે ભાન થાય છે. બેના લક્ષણોનું ભાન જ્ઞાન થાય તે જ કાળે તે દૃષ્ટિમાંથી અભિપ્રાયમાંથી પુણ્ય-પાપના પ્રેમની રુચિ તેને તે કાળે છૂટી જાય છે. અને છૂટે નહિ તો તેને ભેદજ્ઞાન થયું નથી. રાગમાં ને રાગમાં પ્રવર્તે છે એકત્વબુદ્ધિએ. રાગમાં ને રાગમાં એકત્વબુદ્ધિએ પ્રવર્તે એ તો ભેદજ્ઞાન છે નહિ. સમજાય છે કાંઈ? અને જો રાગથી એકત્વબુદ્ધિ છૂટીને સ્વભાવમાં પ્રવર્તે છે, રાગમાં એકત્વપણે વર્તતો નથી તો ભેદજ્ઞાનથી આસ્રવનો નિરોધ થઈ ગયો. શેઠ! આ બધી સમજવાની વાત છે, હોં! એ તો 'જ્ઞાનકલા જિનકે ઘટ જાગી, તે જગમાંહી સહજ વૈરાગી.' સમજાય છે? આવે છે ને એ ત્યાં. (નાટક)સમયસારમાં આવે છે. 'જ્ઞાનકલા જિનકે ઘટ જાગી, તે ઘટમાંહી સહજ વૈરાગી.' રાગથી છૂટ્યો અને વૈરાગી એમ કહે છે.

જ્ઞાની મગન વિષય સુખમાંહી, જ્ઞાની મગન વિષય સુખમાંહી,
યહ વિપરીત સંભવે નાહિ.
જ્ઞાની મગન વિષય સુખમાંહી, યહ વિપરીત સંભવે નાહિ.

રાગમાં પ્રેમ વર્તે અને વળી કહે જ્ઞાની છે, વિષય વાસનાની મીઠાશ વર્તે અને અમે જ્ઞાની છીએ. મીઠાશ હોં. પ્રવૃત્તિ હો રાગની.

મુમુક્ષુ :- વાસના હોય છે.

ઉત્તર :- વાસના હોય છે. પણ વાસનાની મીઠાશ છે અને કહે કે અમે જ્ઞાની છીએ. વિષયમાં મીઠાશ લાગે છે. સ્ત્રીઓના વિષયમાં, અનુકૂળતામાં મીઠાશ-મીઠાશ સુખબુદ્ધિ લાગે છે. સુખબુદ્ધિવાળાને એનાથી ભેદજ્ઞાન થયું નથી. સમજાણું કાંઈ? બસ! સુખબુદ્ધિ જેની છૂટી ગઈ એનાથી ભેદજ્ઞાન થયું છે તો ભેદજ્ઞાનમાત્રથી તેને આસ્રવ અને બંધનો નિરોધ થઈ જાય છે. સમજાય છે કાંઈ?

બે એકાંતનું ખંડન કર્યું. એટલે? જો જ્ઞાન થયું છે અને રાગમાં પ્રવર્તે તો જ્ઞાનનયની એકાંતતા થઈ જશે. અને જ્ઞાનના ભાન વિના એકલી કષાયની મંદતાથી જીવને કલ્યાણ થાય એ ક્રિયાનયનું ખંડન કર્યું. એ અજ્ઞાનભાવ છે. રાગની મંદતા તો અજ્ઞાનભાવ છે. એ અજ્ઞાનભાવથી આત્માને લાભ થાય? એ ક્રિયાનયનું ખંડન કર્યું. અને જ્ઞાનમાત્ર કહેતા જ્ઞાન રાગમાં પ્રવર્તે અને એને જ્ઞાનનય કહેવાય, એ એકાંત જ્ઞાનનય છે. સમજાણું કાંઈ?

બે સિદ્ધાંત સિદ્ધ કર્યા જુઓ! '**આમ સિદ્ધ થવાથી અજ્ઞાનનો અંશ...**' એટલે રાગ. રાગની મંદતા એવી ક્રિયાનયનું ખંડન કર્યું. રાગની મંદતા તે આસ્રવ છે, એનાથી આત્માને જ્ઞાનનો લાભ થાય નહિ. '**વળી જે આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન છે તે પણ જો આસ્રવોથી નિવૃત્ત ન હોય...**' જ્ઞાન રાગથી પાછું ન વળ્યું હોય અને તું જ્ઞાનના

ઉઘાડમાત્રથી કહે કે અમને જ્ઞાન પ્રગટ્યું છે તો એ એકાંત જ્ઞાનનાનયનું ખંડન કરી દીધું. સમજાણું કાંઈ? ભીખાભાઈ! ભારે વાતું ભાઈ! આહાહા..! ન્યાલભાઈ! આ તો જુઓ માર્ગ.

બાદશાહ વીતરાગનો માર્ગ. આહાહા..! સર્વજ્ઞ પરમાત્મા પોતે જ આત્મા. વીતરાગ મૂર્તિ જ આત્મા. એવા વીતરાગનો જેને પ્રેમ થયો, આશ્રય લીધો અને રાગનો પ્રેમ છૂટ્યો એ ભેદજ્ઞાની છે. અને જો રાગનો પ્રેમ રહ્યો અને કહે કે અમને વીતરાગતા ભેદજ્ઞાન છે, ક્યાંથી આવ્યું? પ્રેમ તો છે, તો એકત્વબુદ્ધિ ત્યાં પડી છે. એ જ્ઞાનનયનું-એકાંત જ્ઞાનનયનું ખંડન કર્યું. છે ને?

'**આસ્રવોનું ભેદજ્ઞાન છે તે પણ જો આસ્રવોથી નિવૃત્ત ન હોય...**' એ પુણ્ય-પાપના પ્રેમથી, અભિપ્રાયથી છૂટ્યું ન હોય '**તો તે જ્ઞાન જ નથી...**' આનો અર્થ ઓલા લોકો બીજો કરે છે. હિંસા, જૂઠું છોડે, બાયડી-છોકરા છોડે, આ છોડે. કારણ કે ભગવાનનો માર્ગ ત્યાગ છે. માટે જેટલે અંશે ત્યાગ બહારનો કરે એટલો વીતરાગ પાછો છે. અરે.. ભગવાન! બહારની સાથે કાંઈ સંબંધ નથી. પ્રભુ! તને ખબર નથી.

મુમુક્ષુ :- એને અંતરની વાતની જ ખબર નથી.

ઉત્તર :- ખબર નથી. પૂર્વના પુણ્યને ઉદયને લઈને જ્ઞાનીને ચક્રવર્તીના રાજ હોય, ઈન્દ્રપદ હોય. એની સાથે શું સંબંધ છે? સંયોગી ચીજો એટલી બધી હો. એમાં ક્યાં છે એ? એમાં એ ક્યાં છે? અને વિકલ્પ ઉઠે એમાં એ ક્યાં છે? એ તો જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપમાં રાગથી ભિન્નમાં છે જ્ઞાની. જ્ઞાનીનો નિવાસ તો રાગથી ભિન્નમાં છે. રાગમાં નિવાસ છે? સમજાય છે કાંઈ? એ આ ચોથા ગુણસ્થાનવાળા ભેદજ્ઞાનની વાત ચાલે છે આ. આવું વીતરાગમાર્ગ સિવાય બીજે હોય નહિ હોં પાછું. રતિભાઈ! કોણ જાણે ભાઈ ક્યાંક.. ક્યાંક... સર્વજ્ઞ માર્ગ સિવાય આવી વાત ક્યાંય ત્રણ કાળમાં હોઈ શકે નહિ.

મુમુક્ષુ :- થોડો રાગ હોય અને થોડું ભેદજ્ઞાન હોય તો અડધો લાભ ખરો?

ઉત્તર :- એમ હોય જ નહિ જરીએ. રાગ હોય પણ એનાથી જુદું પડ્યું એવું ભેદજ્ઞાન હોય. રાગ હોય ખરો. કીધું ને. છ ખંડના રાજનો રાગ હોય. પણ ભેદજ્ઞાન પડ્યું છે ને રાગનો પ્રેમ નથી માટે તે જ્ઞાની છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બહાર સાથે સંબંધ શું છે પણ? બહારમાં એ છે ક્યાં? એ છે જ્યાં, એ છે જ્યાં ત્યાં રાગથી છૂટેલો છે. એ રાજ છ ખંડનું રાજ, છન્નું હજાર સ્ત્રીનો રાગ, જ્ઞાની એ રાગથી છૂટ્યો છે. એ રાગમાં નિવાસ નથી એનો, નિવાસ રાગથી ભિન્ન આત્મામાં છે. સમજાણું કાંઈ? આહાહા..! અને અજ્ઞાની નવમી ગ્રૈવેયક જનાર, શુક્લલેશ્યા, પંચ મહાવ્રત,

અઠ્યાવીશ મૂળગુણ પાળે, તદ્દન નિવૃત્તિ. કાંઈ નહિ. રસનો ત્યાગ, એક મમરા. મમરા કહે છે ને? ચોખાના મમરા. એક મમરા ને પાણી લે. મૂઢ છે, સાંભળને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રાગ જ છે ને. એ તો વિકલ્પ છે. શુક્લલેશ્યા વિકલ્પ છે, રાગ છે. અભવિને હોય છે એ તો.

મુમુક્ષુ :- અભવિને?

ઉત્તર :- હા. સહનશક્તિ, એટલો ત્યાગ એ વિકલ્પ છે. એ વિકલ્પમાં પોતાપણું માન્યું છે. મહામિથ્યાત્વ છે. મેં ઘણો ત્યાગ કર્યો, મેં ઘણો ત્યાગ શેનો કર્યો? આત્માનો. આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે એનો ત્યાગ કર્યો. એ આવી ગયું છે ને પહેલું. ત્યાગ કરે છે. ઉદાસીન દશા થવી જોઈએ એને ઉત્પન્ન કરતો નથી. એમ. જ્ઞાતા-દૃષ્ટાની જે દશા ઉત્પન્ન થવી જોઈએ એને અજ્ઞાની કરતો નથી. એને છોડી દે છે. ત્યાગ આવે છે ને? ૬૯-૭૦માં આવી ગયું. સહજ ઉદાસીન દશાની ઉત્પત્તિનો ત્યાગ કરીને રાગની એકતાબુદ્ધિ કરે તે મૂઢ મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. આહાહા..! લ્યો!

'**ભેદજ્ઞાન છે તે પણ જો આસ્રવોથી નિવૃત્ત ન હોય...**' એટલે આ. પુણ્યના નિવાસમાંથી વાસ ખસી ગયો ન હોય, સ્વભાવમાં વાસ ન આવ્યો હોય '**તો તે જ્ઞાન જ નથી એમ સિદ્ધ થવાથી જ્ઞાનનો અંશ એવા (એકાંત) જ્ઞાનનયનું પણ ખંડન થયું.**' માટે જ્ઞાનમાત્રથી આસ્રવ ને બંધ જ્ઞાનીને હોતો નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૩, સોમવાર તા. ૨૬-૮-૧૯૬૮**
**ગાથા-૭૨, શ્લોક-૪૭, પ્રવચન-૬૧૦**

૭૨ ગાથા. કર્તાકર્મ અધિકાર. એનો ભાવાર્થ. અહીંયાં કહે છે, મૂળ જે શ્લોકનો અર્થ હતો એને હવે ટૂંકામાં ચાલતી ભાષામાં કહેવામાં આવે છે. આ આત્મા છે એ તો જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ, આનંદમૂર્તિ છે. એમાં જેટલા પુણ્ય અને પાપના, ભ્રાંતિના, અવ્રત, પ્રમાદના ભાવ થાય એ બધા '**આસ્રવો અશુચિ છે, જડ છે, દુઃખનાં કારણ છે અને આત્મા...**' એની સામે. જ્યારે વિકારીભાવ તે અશુચિ છે, મેલ છે, જડ છે, દુઃખરૂપ છે. ત્યારે '**આત્મા પવિત્ર છે,...**' જ્ઞાન છે અને આનંદ છે.

'**એ રીતે લક્ષણભેદથી...**' એ બેના લક્ષણોના ભેદના પ્રકારથી '**ભિન્ન જાણીને આસ્રવોથી આત્મા નિવૃત્ત થાય છે...**' એટલે કે કર્તાપણાની બુદ્ધિ ખસી જાય. એ પુણ્ય-પાપના વિકારી પરિણામ મારું કામ છે, હું કર્તા છું એવી બુદ્ધિ ખસી જાય એ આસ્રવોથી નિવૃત્ત થયો કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? '**અને તેને કર્મનો બંધ થતો નથી.**' જુઓ! આ ધર્મ થતાં એને બંધ થતો નથી. ધર્મ એટલે એ વિકારીભાવ જે મલિન છે એ મારું સ્વરૂપ નથી, તેમ મારામાં નથી, તેમ એ મારું કાર્ય નથી. હું તો એ પવિત્ર ચૈતન્ય જ્ઞાતા અને આનંદ છું. એમ વિકારી પરિણામથી ભેદ પાડીને સ્વરૂપના અનુભવની દૃષ્ટિ થતાં '**તેને કર્મનો બંધ થતો નથી.**' એટલે કે તે આસ્રવના પરિણામ પુણ્ય-પાપના પ્રેમ ને રુચિથી છૂટી ગયો છે. સમજાય છે કાંઈ?

'**આત્મા અને આસ્રવોનો ભેદ જાણ્યા છતાં...**' આ પુણ્ય-પાપના ભાવ ઝેર છે, દુઃખ છે, મેલ છે, અચેતન છે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય છે એમ બેની જુદાઈ જાણ્યા છતાં '**જો આત્મા આસ્રવોથી નિવૃત્ત ન થાય...**' એટલે કે પુણ્ય-પાપના ભાવનો પ્રેમ અને અભિપ્રાય ન છૂટે. સમજાય છે કાંઈ? '**તો તે જ્ઞાન જ નથી,...**' સમજાણું કાંઈ? આત્માનો શુદ્ધ આનંદ સ્વભાવ છે અને એ વિકારી પરિણામનો દુઃખભાવ છે. એનો ભેદ થતાં એનાથી પાછો ન વળે. વિકારના પ્રેમ ને રુચિથી પાછો ન વળે તો એને પરથી ભિન્નપણાના ભેદજ્ઞાનનો અભાવ છે. સમજાય છે કાંઈ? એટલે કે એને હજી કર્તાકર્મપણું ત્યાં ઊભું છે. રાગના ભાવ એ મારું કાર્ય અને હું એનો કર્તા. ત્યાં સુધી એને રાગથી, વિભાવથી સ્વભાવ ભગવાન ભિન્ન છે એવું એને ભેદજ્ઞાન નથી. કહો, સમજાય છે? શેઠ!

કહે છે, '**અજ્ઞાન જ છે.**' ભગવાન આત્મા ચૈતન્ય આનંદસ્વરૂપ એ રાગના પરિણામ

જે શુભ હો કે અશુભ હો, એ તો દુઃખરૂપ આકુળતા છે. એ આકુળતાના પરિણામ અને આનંદ આત્મા—બે, એની જો એકતા ન તૂટે તો તો તે આસ્રવથી પાછો ફરતો નથી અને સ્વભાવમાં આવતો નથી. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! ભગવાન આત્મા અંતર્મુખ સ્વભાવ એનો અતીન્દ્રિય આનંદ છે, જ્ઞાન છે અને પવિત્ર છે. પવિત્ર પ્રભુ આત્મા છે. એ અપવિત્ર પરિણામ ને અચેતન પરિણામ ને પુણ્ય-પાપના જે જડ પરિણામ ને દુઃખરૂપ ભાવ એનાથી પાછો ન વળે તો એને એના જુદાપણાનું જ્ઞાન છે નહિ. સમજાણું કાંઈ?

'**અહીં કોઈ પ્રશ્ન કરે કે...**' ઓહો..! તમે તો એકદમ જ્ઞાનીને આસ્રવનું કરવાપણું નથી અને એને આસ્રવ નથી. આવું બધું ઊંચુ રૂપ આપે જ્ઞાનીને આપ્યું, એટલે કે જ્ઞાનીનું સ્વરૂપ આવું છે એમ આપે પ્રસિદ્ધ અને સિદ્ધ કર્યું. તો અમારો એક પ્રશ્ન છે. જુઓ! '**કે અવિરત સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વ અને અનંતાનુબંધી પ્રકૃતિઓનો તો આસ્રવ નથી થતો પણ અન્ય પ્રકૃતિઓનો તો આસ્રવ થઈને બંધ થાય છે; તેને જ્ઞાની કહેવો કે અજ્ઞાની?**' આપે જ્યારે એમ કહ્યું કે જ્ઞાની થાય એટલે એને વિકારના પરિણામની હયાતી નથી અને તેને નવો બંધ નથી. અમરચંદભાઈ! ધર્મી થયો એને વિકારના પરિણામ નથી. કેમ કે ધર્મી થયો એ નિર્વિકારી આત્માના સ્વીકારમાં છે. પુણ્ય-પાપના ભાવના સ્વીકારમાં નથી. તો એ ધર્મી થયો, તો એને જ્ઞાની કહ્યો. તો જ્ઞાની કહેતા એને બિલકુલ આસ્રવ અને બંધ નથી એમ આપ સિદ્ધ કરો છો તો ચોથા ગુણસ્થાનમાં સમ્યગ્દષ્ટિ જીવને એક મિથ્યાત્વ અને અનંતાનુબંધી આદિ ભલે એકતાલીસ પ્રકૃતિનો આસ્રવ અને બંધ ન હો, પણ બીજો તો ઘણો બંધ છે અને આસ્રવ છે. સમજાણું કાંઈ? તો એને આસ્રવ અને બંધ છે. તો એને જ્ઞાની કહેવો કે નહિ? એમ પ્રશ્ન છે. અહીં વાત ઈ છે.

મુમુક્ષુ :- એને જ્ઞાની કહેવો કે અજ્ઞાની કહેવો?

ઉત્તર :- એ પ્રશ્ન છે. પહેલું રૂપ સમજાય છે પ્રશ્નનું?

આપ જ્યારે એમ કહો છો કે આત્મા ધર્મી થાય, એટલે કે રાગ ને પુણ્ય-પાપના પરિણામના પ્રેમથી છૂટી અને ચૈતન્યના પ્રેમમાં આવે અને અનુભવ કરે તો એ જ્ઞાનીને આસ્રવ એટલે વિકારી પરિણામ છે જ નહિ. અને નથી તો તેને બંધ પણ નથી. તો અમારો પ્રશ્ન છે કે અવિરતિ સમ્યગ્દષ્ટિ ચોથે ગુણસ્થાને છે એને મિથ્યાત્વ અને અનંત સંસારના કારણો એવા ક્રોધ, માન, માયા, લોભ આસ્રવ નથી અને તે પ્રકારનો એને બંધ નથી. પણ બીજા તો ઘણા પરિણામ છે. લડાઈના, વિષય વાસનાના, રાગ-દ્વેષના, આસક્તિના પરિણામ છે એનાથી એને બંધ થાય છે. તો એને જ્ઞાની કહેવો કે અજ્ઞાની? નવનીતભાઈ! સમજાય છે શેઠ? એ પ્રશ્ન છે. સમજાણું કે નહિ? જુઓ!

એને જ્ઞાની કહેવો કે અજ્ઞાની? તમે તો જ્ઞાનીને એમ સિદ્ધ કર્યું કે જ્ઞાની અને ધર્મી થયો એટલે એને વિકાર જ નથી. અને વિકાર નથી તેથી એને બંધ નથી. એમ આપે સિદ્ધ કર્યું. તો અમારો પ્રશ્ન છે કે ચોથે ગુણસ્થાને સમ્યગ્દષ્ટિને છ ખંડના રાજ હોય, છન્નું હજાર સ્ત્રી હોય, સમજાય છે કાંઈ? અને એને એ જાતના રાગ-દ્વેષના પરિણામ પણ હોય, અને રાગ-દ્વેષના પરિણામથી નવું બંધન પણ થાય તો એને જ્ઞાની કહેવો કે અજ્ઞાની? આપ તો જ્ઞાનીને આસ્રવ અને બંધનો નિષેધ કહો છો. શોભાલાલભાઈ! કહો, ભગવાનજીભાઈ! એય.. ન્યાલભાઈ!

પ્રશ્ન છે કે આટલો રાગ હોય અને પોતાનું એકત્વ માને તો અજ્ઞાની. અને જ્ઞાનીને રાગ છે નહિ. શું કહો છો આપ? જ્ઞાનીને વિકાર જ નથી, ભાવઆસ્રવ જ નથી અને તેથી તેને નવું બંધન નથી. બસ! જ્ઞાનીને કાંઈ નથી? તો અમે તો દેખીએ છીએ જ્ઞાનીને. ભલે આસ્રવ અને બંધ નથી એની મર્યાદા છે એને. ધર્મીને ભાન થતાં એને તીવ્ર મિથ્યાત્વના આસ્રવ છે અને કષાય તીવ્ર છે એ નથી. એ નથી એટલે એનું બંધન નથી. પણ બાકી રહેલા વિકારી પરિણામ અને એનું બંધન છે તો આસ્રવ-બંધ (છે) તો આને જ્ઞાની કહેવો કે અજ્ઞાની? સમજાણું કાંઈ?

'**તેનું સમાધાન :-**' એય.. ન્યાલભાઈ! તમે તો કીધું કે જ્ઞાનીને આસ્રવ નથી. બસ! આસ્રવ કરે તે જ્ઞાની નહિ, બંધ હોય એ જ્ઞાની નહિ. શું કહો છો આ તમે? તો અમારો પ્રશ્ન આ છે કે ચોથા ગુણસ્થાનમાં ક્ષાયિક સમકિતી (હોય). સમજાય છે? છન્નુ હજાર રાણીના વૃંદમાં પડ્યો, છ ખંડના રાજ, સોળ હજાર દેવ સેવા કરે અને તે પ્રકારની એને રાગની અને પુણ્ય-પાપની લાગણીઓ હોય છે, હોય છે અને એટલો જેવો ભાવ છે એટલો બંધ તો છે. ખોરાક એનો એવો કે ૩૨ કોળિયા ખાય તો એક કોળિયો છન્નુ કરોડ પાયદળ પચવી ન શકે એવો. શું કીધું? એય.. શેઠ! ચક્રવર્તીનો ખોરાક એવો ૩૨ કવળનો કે એનો એક કવળ છન્નું કરોડ પાયદળ ન પચવી શકે એવો. એઈ..! એ કાંઈ રોટલો ને દાળ ખાય અને રોટલો ને છાશ ખાય એમ નહિ કહે છે. એઈ..! અને વાસુદેવ સમકિતી. એના સિંહ કેસરિયા લાડુ થાય છે. એ જ પચવી શકે. એવા સિંહ કેસરિયા. એવી ઊંચી ચીજ નાખી હોય છે ને. એકલી હીરાની, હીરાની ખાખું નાખ્યું હોય એમાં. હીરા-હીરાની ખાખુ નાખી હોય લાડવામાં. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એના રસોઈયા કેટલા હશે?

ઉત્તર :- એના રસોઈયા એક એક રસોઈયો મોટો અમલદાર જેવો. અમારે આ પાટણી જેવો. પાટણી હતા ને આ? પ્રભાશંકર પાટણી.

મુમુક્ષુ :- એનો તો પગાર બહુ ઓછો હતો.

ઉત્તર :- વાત તો સાચી છે. આ તો સાધારણ હતા. પણ આ તો એક પોલિટિકલની અપેક્ષાએ વાત કરી. ઓલો તો મોટો એક એક રસોઈયા ૩૬૦ રસોઈયા જેને ઘરે. રસોઈયા એટલે? રસોયાનો ચીંધનારા. રાંધનારા નહિ.

મુમુક્ષુ :- હેડ.

ઉત્તર :- હેડ. બાર મહિનાની ચીજ. બાર મહિનાની ચીજ એક દીમાં બતાવે કે આટલું સાહેબને માટે આજે કરવું. એવો અમલદાર. એવા ૩૬૦ અમલદાર. એય.. ન્યાલભાઈ! એ હુકમ કરે ૩૬૦ દીએ રસોયાને કે આજે સાહેબને માટે આ દ્રાક્ષનો રસ અને ઘીમાં આ ઘઉં તળીને એમાં સોનાના હીરાની બે-ચાર હીરાના ભુક્કા નાખીને એમાં નાખજો. એ ઘઉં પી જશે અને એ ઘઉંની રોટલી કરીને આપજો. એમ કે જ્ઞાની થાય એટલે લુખ્ખા રોટલા ખાઈને બેસે, મમરા ખાઈને બેસે. માટે (જ્ઞાની). ખાય છે જ કોણ, સાંભળને! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ ક્યાં છે? કોને મોહ? એની વ્યાખ્યા શું? એ માટે તો વાત ચાલે છે. મોહની વ્યાખ્યા શું? રાગની આસક્તિમાં એકત્વબુદ્ધિ તે મોહ છે. એકત્વબુદ્ધિ એ મોહ છે. એકત્વબુદ્ધિ નથી ત્યાં મોહ નામ મિથ્યાત્વ નથી. પછી અસ્થિરતા છે તે એનો ધણી નથી. સમજાણું? એમ કે મોહ શો? સાધારણ બિચારા પ્રાણી પુણ્યહીન અને સામગ્રી બરાબર ન હોય એટલે ઓલી સામગ્રી આવી ખાય? સાંભળને! ખાય છે કોણ?

મુમુક્ષુ :- કોઈ ખાતું નથી.

ઉત્તર :- કોઈ ખાતું નથી. એ વખતે અઘાતિ કર્મના કારણે એવા સંયોગો આવીને ઊભા હોય છે એને ધર્મી જાણે છે કે આ છે એટલું. અને એના પ્રત્યેની જરી રાગની આસક્તિ હોય છે એને પણ પૃથક્ તરીકે જાણતા તે જ્ઞાનીને રાગ જ્ઞેય છે. રાગને જ્ઞેય તરીકે જાણે છે, રાગને પોતા તરીકે માનતો નથી. આટલી વસ્તુ જ્ઞાનીને અંતરમાં વર્તતી હોય છે. શોભાલાલભાઈ! આહાહા..!

આવે છે ને શું? કેવો? શ્રી કૃષ્ણનો નહિ ઓલો? પ્રદ્યુમન. એ પ્રદ્યુમન તો બહુ રાજકુમાર હતો. પછી વિદ્યા ઘણી હતી. પછી ક્ષુલ્લકનો વેશ પહેરીને એની મા પાસે આવ્યો. ૧૬ વર્ષ બહાર વયો ગયો હતો ને? ૧૬ વર્ષથી બહાર ગયો હતો. પછી ભગવાનને પૂછવા ગયા હતા નારદ. સીમંધર ભગવાનને આ કે દી હાથ આવશે? તો વાણીમાં આવ્યું હતું કે ૧૬ વર્ષે હાથ આવશે. એ આવ્યો. પણ હવે કઈ રીતે? આવશે તો આમ થાશે, તેમ

થાશે, ફલાણું એમ બધું ભગવાને કીધેલું. હવે એ જ્યાં ૧૬ વર્ષે આવ્યો. જ્યાં પેસે છે. ક્ષુલ્લકનો વેશ. રાજકુમારનો છોડી દીધો વેશ. વૈક્રયિક લબ્ધિ. રુકમણિ એની માતા. પધારો. પધરાવીને... ત્યાં સ્તનમાં દૂધ આવ્યું. આ થયું શું? આ તો ક્ષુલ્લક છે. ભગવાને તો એમ કહ્યું હતું કે તારો દીકરો આવશે જ્યારે ત્યારે તને સ્તનમાં દૂધ આવશે, આ વનસ્પતિના ઝાડ ફૂલી જશે અને સમજાય છે? આ બધું દેખાય અને આ શું? ખાવા બેઠો. બેસાડવા માંડ્યા કૃષ્ણના સિંહ કેસરિયા લાડુ આપ્યા. ઉડાડવા માંડ્યો. એલા આ છે કોણ પણ આ? સિંહ કેસરિયા લાડુ વાસુદેવ સિવાય કોઈ પચવી શકે નહિ. આ ક્ષુલ્લક આવો પાતળો અને આ શું છે આ? એય.. શોભાલાલભાઈ! રુકમણીને શંકા પડી. દાળ-ભાત આપ્યા, રોટલી, શાક બધું. પણ તોય હજી લાવ લાવ કરવા માંડ્યો. આ શું? સિંહ કેસરિયા લાડુ જે વાસુદેવ જ ખાઈ શકે. બીજો કોઈ ખાઈ શકે નહિ. એટલી ચીજો અંદરમાં નાખેલી હોય. હીરાની ભસ્મ. સમજાય છે? ઘઉં. ઘઉં થાય છે કે નહિ? એ ઘઉં એક અધશેર ઘઉં નાખી. ઘીમાં પાંચશેર ઘીમાં શેર ઘઉં નાખી એમાં દસ રૂપિયાભાર કે એક શેર સોનું એમાં નાખીને નાખે ગળાઈને. એવી ઔષધ એમાં નાખે કે એ સોનું ગળી જાય અને એ ગળતા ઘીમાં સોસરવું, આખો ઘઉં સોનામય થઈ જાય. સોનું ગરી જાય ઘઉંમાં. એની બનાવે રોટલી અને એના બનાવે લાડવા. એનો બનાવે લોટ અને ઘી હજાર ગાયોનું ઘી હોય. શેરડી જેણે ખાધી હોય ગાયુંએ. શેરડી સમજ્યાને? ગન્ના ગન્ના. મોટી શેરડી ખાધી હોય. એ હજાર ગાયુંનું દૂધ હોય એ સોને પાય. સોનું ગાયનું નીકળે એ શેરડી ખાધેલાનું. દસને પાય. એ દૂધ લાવી અને એનો બનાવે દૂધપાક. અને એમાંથી બનાવે ઘી. એ ઘી અને ઓલો લોટ અને સાકર ... હોય ઊંચી શેરડીની. એના બનાવે લાડવા કે આ જગતની પાસે ન હોય સાધારણ પાસે. એય.. શેઠ!

કહે છે, પણ આવું ખાય, આવા ભાવ અને તમે આસ્રવ અને બંધ નહિ? ઓલી રુકમણીને શંકા પડી કે છે કોણ? લાડવા ખાય, પછી ઊભા થઈ ગયા. રૂપ પોતાનું ધારણ કરીને, માતા! હું આપનો દીકરો છું. મેં તો આપની .. આવી રીતે અજાણ્યો આવ્યો. ઓહોહો..! દીકરા આ શું? લાડુ મારી લબ્ધિને લઈને પચ્યા છે. સમજ્યાને? ત્યાર પછી માતાને પગે લાગ્યો છે. બીજો ન ખાઈ શકે એવી તો ચીજ વાસુદેવને દરરોજ હોય. શું? તમારી જેમ એક રોટલો ને રોટલી બે ખાઈ ચાર એટલું ન હોય એને. પચે નહિ તો શું કરે?

કહે છે કે પણ આવા એને જ્ઞાની કહેવા કે નહિ? એય.. શેઠ! આવા લાડવા, થાળી હીરાની થાળીયું, પીરસનારી તે પદમણી જેવી સ્ત્રીઓ આમ નાખે. આમ પિસ્તાના પાપડ હોય, બદામના શેરા હોય, બદામના મેસુબ હોય.

મુમુક્ષુ :- મોઢામાં પાણી ન આવે.

ઉત્તર :- અહીં તો એમાં પાણી શું આવવાનું, એ જડ છે. સમજાણું કાંઈ?

આવું ખાતો દેખાય. આ હીરાના વાટકા આવડા મોટા ઊંચા. આહાહા..! એની રાબ અને .. ચીજ આ શું છે ખોરાક? એક એક ટંકના લાખો રૂપિયાનો ખર્ચ. સમજાણું કાંઈ? મહારાજ! એને આવો સંયોગ, એને ભાવ રાગનો થાય, એને બંધ થાય તો એ જ્ઞાની છે કે અજ્ઞાની? સાંભળ ભાઈ! તને માપ કરતા આવડતું નથી. તું બાહ્યથી જો છો. કહે છે, જુઓ!

'**સમ્યદષ્ટિ જીવ જ્ઞાની જ છે...**' સમ્યગ્દૃષ્ટિ જીવ, એ સમ્યગ્દૃષ્ટિ જીવ એવી સ્થિતિમાં ઊભો છતાં ધર્મી છે. એની દૃષ્ટિ આનંદ ઉપર પડી છે. આનંદના સ્વીકાર આગળ રાગનો ભાવ પણ જેને ઝેર જેવો લાગે. એ લાડવાના ખાવાની વૃત્તિ ઝેર જેવી લાગે. અફીણના ઉકાળા પીતો હોય એથી પણ કડવું ઝેર જેવું રાગનું સ્વરૂપ લાગે છે. આહાહા..! અહીં જેને મીઠાશ વેદે છે જરીક ચા ને દૂધ પીતા પીતા સડકો મારતો જાય ને આહાહા..! એને એ આમ જોવે છે, રાગની વૃત્તિ આવે છે. દુઃખ છે. દુઃખ છે. ઓહોહો..! આ રોગ આવ્યો, આ રોગ છે. આ રોગનો ઉપચાર છે. એ રોગ હજો અને ઉપચાર હજો એમ ભાવના હોય રોગીને? એમ જ્ઞાની સમકિતી છે, જ્ઞાની છે. કારણ કે અભિપ્રાય પૂર્વકના આસ્રવથી નિવર્ત્યો છે. અભિપ્રાયમાં એ રાગ મારો છે અને રાગમાં સુખ છે એ દૃષ્ટિ જ ટળી ગઈ છે. સમજાણું કાંઈ? ધર્મીને અભિપ્રાય શ્રદ્ધામાં એ રાગ ઝેર છે. એ મારી ચીજ નહિ, મને સુખરૂપ નહિ, મને શાંતિ દાતા નહિ. એ દુઃખરૂપ છે. એમ જ્ઞાનીને તેના આસ્રવ પ્રત્યેના પરિણામથી અભિપ્રાયથી હઠી ગયો છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**તેને પ્રકૃતિઓનો જે આસ્રવ તથા બંધ થાય છે તે અભિપ્રાયપૂર્વક નથી.**' અભિપ્રાયમાં, શ્રદ્ધામાં એ રાગ મારો છે અને રાગ ઠીક છે એવી શ્રદ્ધા નથી. એથી અભિપ્રાયપૂર્વક એને આસ્રવ અને બંધ હોઈ શકતો નથી. સમજાણું કાંઈ? '**સમ્યગ્દૃષ્ટિ થયા પછી પરદ્રવ્યના સ્વામિત્વનો અભાવ છે;...**' એટલે રાગની એકતાનો ત્યાં અભાવ છે. એમ સ્વામી નથી. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા રાગ અને પુણ્યના પરિણામથી પણ ભિન્ન પડ્યું તેવું જ્ઞાન, એ જ્ઞાન રાગને એક કરતું નથી એટલે એનો સ્વામી થતો નથી. સમજાણું કાંઈ?

'**માટે, જ્યાં સુધી તેને ચારિત્રમોહનો ઉદય છે...**' જરીક અસ્થિરતાનો રાગ આવે છે ચારિત્રમોહના નિમિત્તના સંબંધે '**ત્યાં સુધી તેના ઉદય અનુસાર જે આસ્રવ-બંધ થાય છે...**' તેને ઉદય અનુસાર પરિણામ જરી વિકાર પોતાની નબળાઈથી થાય છે. એટલો આસ્રવ પણ છે, એને લઈને બંધ પણ છે. '**તેનું સ્વામીપણું તેને નથી.**' સમજાય છે?

એ રાગ અને જડનું એકપણું તૂટી ગયું છે. આહાહા..! સમજાણું કાંઈ? આમ માતા... આ નહોતું થાતું? શું કહેવાય? શું કહેવાય ઓલું? ગાંધી ગયા હતા નહિ? નોઆખલી. નોઆખલી. એમાં મુસલમાનો આમ સગી બેન અને સગી માતા એને નગ્ન કરે અને આને નગ્ન કરે અને પછી (કહે), ભોગ લે. આ પ્રભુ! આ દુનિયામાં ક્યાં ઉતરી જવું. અરે..! શું થાય છે આ? લૂગડા કાઢી નાખે બેયના. ઊભા રાખે બેને. જુવાન જુવાન ૨૫ વર્ષનો જુવાન ભાઈ. જુવાન એની બહેન અને મા હોય ૪૦ વર્ષની. આહાહા..! પ્રભુ! આ શું છે આ? એવું કરતા.

એમ ધર્મીને એ રાગનો ભાગ સાથે મેળાપ કર, કે મેળાપ નથી હવે. સમજાય છે કાંઈ? પુણ્યના, પાપના પરિણામનો મેળાપ જ જ્ઞાનીને નથી એમ કહે છે. આહાહા..! સંબંધ તૂટી ગયો ત્યાં સંબંધ શેના રહ્યા હવે? એ જ્ઞાનના દોર અંતરના સ્વરૂપે રાગથી ભિન્ન પડીને ચડ્યો એને આવો રાગ એનો મેળ નથી એને. એકપણું છે નહિ. એનો મિલાપ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

‘**અભિપ્રાયમાં તો તે આસ્રવ-બંધથી સર્વથા નિવૃત્ત થવા જ ઈચ્છે છે.**’ આહાહા..! આ રાગ ક્યારે છૂટે પુરુષાર્થથી? ક્યારે હું સ્વરૂપમાં ઠરું? એવો ભાવ છે. એ રાગ આવ્યો એને ઠીક આવ્યો, અભિપ્રાયમાં એ માનતો નથી. ઝેર જેવું લાગે છે એને. આહાહા..! ‘**તેથી તે જ્ઞાની જ છે.**’ કહો, સમજાય છે કાંઈ? ભાઈ! સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એ શું ચીજ છે? જેના સ્વભાવનો સ્વામી એ જ્ઞાની છે. એ રાગાદિ હોવા છતાં, ધણીપતે તે કામ નથી લેતો. સમજાય છે કાંઈ? આહાહા..! એ વિકારી પરિણામ મારું કાર્ય છે, હું કર્તા છું એવી બુદ્ધિ ટળી ગઈ છે. સમજાણું કાંઈ?

‘**જ્ઞાનીને બંધ થતો નથી એમ કહ્યું તેનું કારણ આ પ્રમાણે છે :- મિથ્યાત્વસંબંધી બંધ કે જે અનંત સંસારનું કારણ છે...**’ અનંતા નિગોદાદિ ભવનું કારણ મિથ્યાત્વ છે. એ રાગની એકત્વબુદ્ધિ. ભગવાન આત્મા ચિદાનંદ આત્મા અને રાગ વિકાર. બેની એકત્વબુદ્ધિ એ મિથ્યાત્વ અનંત સંસારનું કારણ છે. સમજાણું કાંઈ? ‘**તે જ અહીં પ્રધાનપણે વિવક્ષિત (-કહેવા ધારેલો) છે.**’ તે જ અહીં મુખ્યપણે કહેવામાં આવ્યું છે. મિથ્યાત્વ સંબંધીનું પાપ તે જ પાપ છે અને એના પાપથી બંધન થાય એ જ મહાબંધન છે. જ્ઞાનીને એ છૂટી ગયું છે. સમજાણું કાંઈ?

‘**અવિરતિ આદિથી બંધ થાય છે તે અલ્પ સ્થિતિ-અનુભાગવાળો છે,...**’ શું કહે છે? આત્મજ્ઞાન અને આત્મભાન પુણ્ય-પાપના આસ્રવથી ભિન્ન પડીને ભગવાનનું જ્ઞાન થયું ત્યારે હવે એને કંઈ અવિરતિના કષાયના પરિણામ છે એનાથી બંધ થાય છે, કહે છે કે એ તો અલ્પ સ્થિતિ. મુદત પણ બંધની થોડી અને રસ પણ બંધનો થોડો. મિથ્યાત્વ

અને અનંતાનુબંધી ગયા, મૂળિયા તૂટી ગયા. સમજાણું કાંઈ?

**'દીર્ઘ સંસારનું કારણ નથી;...'** હવે એનો રાગ મંદ રહ્યો એ કાંઈ અનંત સંસારનું કારણ નથી. અલ્પ સ્થિતિ અને બંધ કર્મમાં પડો તો એ પણ આવ્યા એ ટળવા માટે આવે છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન એટલે શું અને સમ્યગ્દર્શન સાથે જ્ઞાન એટલે શું? અલૌકિક ચીજ છે, ભાઈ! એને એવા રાગ અને સંયોગ દેખાય, બીજાને મીઠાશ લાગે, એને ઝેર લાગે છે. સમજાય છે કાંઈ?

કહે છે, **'તેથી તે પ્રધાન ગણવામાં આવ્યો નથી.'** શું કહે છે? ધર્મીને જરી રાગ અવ્રત આદિનો છે અવ્રતનો-પ્રમાદનો અને એનાથી બંધન છે. એને મુખ્યપણે બંધન અને આસ્રવ ગણવામાં આવ્યા નથી. નથી. **'અથવા તો આ પ્રમાણે કારણ છે :- જ્ઞાન બંધનું કારણ નથી.'** હવે એક પંક્તિ આ બાજુ લે છે. ભગવાન આત્મા શુભાશુભ પરિણામ અને જડથી ભિન્ન પડ્યો ને સમ્યગ્દર્શન થયું તો એ જ્ઞાનસ્વરૂપ આત્મા જ્ઞાતાભાવ તે બંધનું કારણ નથી.

**'જ્યાં સુધી જ્ઞાનમાં મિથ્યાત્વનો ઉદય હતો ત્યાં સુધી તે અજ્ઞાન કહેવાતું હતું અને મિથ્યાત્વ ગયા પછી અજ્ઞાન નથી,...'** રાગને પોતાનો માનવો, રાગમાં સુખની મીઠાશ માનવી, પુણ્યમાં મીઠાશ માનવી એ મિથ્યાત્વ હતું. એ મિથ્યાત્વ ગયું. મીઠાશ ઊડી ગઈ આખી. સમજાય છે કાંઈ? એથી એને અજ્ઞાન રહેતું નથી. જ્ઞાન જ છે. એ તો જ્ઞાનસ્વરૂપ જ ધર્મી થયો.

**'તેમાં જે કાંઈ ચારિત્રમોહ સંબંધી વિકાર છે તેનો સ્વામી જ્ઞાની નથી તેથી જ્ઞાનીને બંધ નથી; કારણ કે વિકાર કે જે બંધરૂપ છે...'** હવે બીજી વાત કરે છે. આ બાજુ જ્ઞાનધારા છે એમાં તો રાગાદિ નથી. માટે જ્ઞાન બંધનું કારણ નથી. રાગ અને પર છે એ તો બંધ પરિણતિમાં ગયા. આત્મામાં આવતા નથી. એમ કહે છે. આહાહા..! રાગ અને પુણ્ય પરિણામ છે અને બંધ છે એ તો બંધધારામાં ગયા. આત્મધારામાં ન રહ્યા. આહાહા..! શું કહે છે સમજાય છે કાંઈ? રાગ અને પુણ્યના અને પાપના ભાવથી ભગવાન આત્મા ભિન્ન પડીને આત્માનું દર્શન અને જ્ઞાન થયું, એ દર્શન અને જ્ઞાન તો બંધનું કારણ છે નહિ. એ જ્ઞાનસ્વરૂપ ભગવાન તો બંધનું કારણ નથી. ત્યારે હવે રાગાદિ (રહ્યા) એ તો બંધની ધારામાં ગયું, આત્મધારામાં નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કર્મધારા..

ઉત્તર :- બે ધારા ભિન્ન પડી ગઈ. એ ભિન્ન પરિણમી છે, પોતાની છે એમ કહે છે. એ પરમાં થાય, પરનું થાય એમાં આત્માને શું? હું તો જ્ઞાતા છું એનો. એમ કહે છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાની નથી તેથી જ્ઞાનીને બંધ નથી; કારણ કે વિકાર કે જે બંધરૂપ છે અને બંધનું કારણ છે, તે તો બંધની પંક્તિમાં છે,...**' એ તો રાગની શ્રેણી પરમાં ગઈ. આત્મામાં ક્યાં છે? એમ કહે છે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપના ભાવનો વિકલ્પ છે એનાથી ભગવાન આત્મા ભિન્ન છે એવું ભાન થયું. એ ભાન થયું એ જ્ઞાનધારા તો અબંધસ્વરૂપ છે. હવે બાકી રહી ગયો રાગ એ બંધધારામાં ગયો, આત્મામાં છે નહિ. ભિન્ન પડી ગઈ છે વાત. સમજાણું કાંઈ?

'**જ્ઞાનની પંક્તિમાં નથી.**' જુઓ! ભગવાન ચૈતન્યધારા, પુણ્ય-પાપના રાગથી ભિન્ન ધર્મનું ભાન એ તો જ્ઞાનધારામાં છે અને બંધધારા એ જ્ઞાનધારામાં નથી. જ્ઞાનધારામાં બંધધારા નહિ અને બંધધારામાં જ્ઞાનધારા નહિ. સમજાણું કાંઈ? બે ચીજ જ જુદી પડી ગઈ આખી. ભાઈ! તત્ત્વને સમજવું બાપુ બહુ અલૌકિક વાત છે. આખો આનંદમૂર્તિ ભગવાન જ્યાં સ્વામી થઈ ગયો, અતીન્દ્રિય આનંદનો કંદ જ જ્યાં જોયો અનુભવ્યો, કહે છે કે એ ધારામાં બંધ શું? એ ધારામાં આસ્રવ અને બંધ ક્યાં રહ્યો? આમ રહ્યો તે બીજી પંક્તિ થઈ ગઈ. આ ધારામાં, આ ધારામાં તો એક જ ચાલે છે. જ્ઞાનની શ્રદ્ધા અને અનુભવ ધારા એ જ છે. રાગ ને બંધની ધારા પરમાં જાય છે. આત્મામાં એકત્વપણે આવતી નથી. ન્યાલભાઈ!

ચોથે સમકિતદૃષ્ટિ લડાઈમાં ચડે. ચડે એટલે? આ લોકો એમ દેખે છે ને. ભાષા શું થાય પણ? લાખો હાથીઓ લઈ ચડે. હાથમાં હથિયારો, બાણ છૂટતા હોય એક પછી એક. કહે છે, સાંભળને પ્રભુ! ધર્મીની દૃષ્ટિનો વિષય એ રાગ ને પર નથી. ધર્મીનો દૃષ્ટિનો વિષય તો અખંડ અભેદ ચૈતન્ય છે ત્યાં દૃષ્ટિ પડી છે. એટલે જે રાગાદિ થાય છે અને એ ક્રિયા થાય છે એ જ્ઞાનના જ્ઞેયમાં જાય છે. જ્ઞાનમાં એકાકાર થઈને થતી નથી. આહાહા..! સમજાણું કાંઈ? અજ્ઞાનીને-બધું છોડીને બેસે બહારથી નગ્ન થઈને, પણ અંદરનો વિકલ્પ છે, રાગ છે એની સાથે એકત્વબુદ્ધિ છે. આખો સંસાર એને અનંત સંસાર પડ્યો છે એમાં. જરીએ એથી નિવર્ત્યો નથી. આહાહા..!

મુમુક્ષુ :- અજ્ઞાનીના એકાંતમાં આવી ગયું.

ઉત્તર :- આવી ગયું છે ને. કહો, સમજાણું કાંઈ?

અંદરનો વિકલ્પ છે નાનામાં નાનો દયા, દાન, વ્રતનો. એના ઉપર દૃષ્ટિને લઈને એ મારું સ્વરૂપ છે અથવા એ મને લાભદાયક છે એવી એકત્વબુદ્ધિ છે એ ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપથી નિવૃત્તિ ગયો છે. શુદ્ધથી નિવર્ત્યો છે. એ શુદ્ધથી નિવૃત્તેલો છે અને અશુદ્ધમાં પડ્યો છે. મિથ્યાત્વમાં પડ્યો છે એમ કહે છે. અને જ્ઞાની અશુદ્ધથી નિવર્ત્યો છે અને શુદ્ધમાં પડ્યો છે. એમ કહે છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ આમાં? ભારે ભાઈ!

આવો માર્ગ વીતરાગનો! આવો વીતરાગ કહેતા હશે? આ તો ભારે! બાયડી-છોકરામાં બેઠો હોય, વળી ખાવાનું સરખું ન થાય તો કહે, સરખું કરજે. આ શું ટાઢું કર્યું? શિયાળાના દી ઊનું રાખજે. ફલાણું કરજે, ઢીંકણું કરજે (એમ) કહે અને (કહેવાય) છે જ્ઞાની. એય.. ન્યાલભાઈ! ઓલો તો કાંઈ નહિ બિચારો. ટાઢુ આવ્યું હોય તો ટાઢું અને ઊનું આવ્યું હોય તો ઊનું ખાઈ લે. અને કાંઈ કોઈને ક્રોધ પણ ન કરે. એય..!

મુમુક્ષુ :- ઘણી સમતા.

ઉત્તર :- ધૂળનીય સમતા નથી. અંદરના રાગની મંદતામાં આખો અરપાઈ ગયો છે. રાગની મંદતામાં આખો અરપાઈ ગયો એ જ હું છું આત્મા. આત્માથી નિવર્ત્યો છે એ. વિકારમાં પ્રવર્ત્યો છે ઈ. આહાહા..! સમજાણું કાંઈ? અને ધર્મી આત્મામાં પ્રવર્તે છે અને આસ્રવ-બંધથી નિવર્ત્યો છે. આહાહા..! અરે..! હું તો ચૈતન્ય છું, હું આનંદસ્વરૂપ છું. મારા જ્ઞાનમાં રાગ ને કર્મ શરીર છે ક્યાં? એવો જે રાગ ને અજીવનો જ્યાં અભાવ અને એકલો આનંદ અને જ્ઞાનના ભાવનું અનુભવ ભાન થયું, કહે છે કે એ આસ્રવ અને બંધથી નિવર્તી જ ગયેલો છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**આ અર્થના સમર્થનરૂપ કથન આગળ જતાં ગાથાઓમાં આવશે.**' ઘણી ગાથાઓ છે આગળ. ૧૬૧, ૧૬૬, ૧૭૦ બધી લખી છે. એ ગાથાઓમાં એના અધિકારના ભાવાર્થનું બધું ઘણું લખ્યું છે. ૧૬૧, ૧૬૬, ૧૭૦, ૧૭૭, ૧૭૬, ૧૯૩, ૨૧૮, ૨૪૬ અને ૩૭૦. એ બધી ગાથાઓમાં ઘણો વિસ્તાર અર્થમાં છે. આ ગાથાઓમાં તો ખાસ કર્યું. આ લખી એટલામાં તો. આમાં લખી છે એટલી. સમજાય છે કાંઈ?

'**હવે અહીં કળશરૂપ કાવ્ય કહે છે :-**' એનો સાર. ગાથાની ટીકાનો બહુ થોડો કળશ કરીને સાર કહે છે.

**परपरिणतिमुज्झत् खण्डयद्भेदवादा-**
**निदमुदितमखण्डं ज्ञानमुच्चण्डमुच्चैः।**
**ननु कथमवकाशः कर्तृकर्मप्रवृत्ते-**
**रिह भवति कथं वा पौद्गलः कर्मबन्धः।।४७।।**

જુઓ અહીં કર્તાકર્મનું આવ્યું.

'**શ્લોકાર્થ :- પરપરિણતિને છોડતું,...**' જ્ઞાન. આ જ્ઞાનસ્વભાવ ભગવાન રાગને છોડતો એટલે રાગના અભિપ્રાયમાંથી ખસતું અથવા રાગના કર્તાકર્મપણાથી છૂટતું. અહીં કર્તાકર્મ છે ને? એ તો પ્રવર્તતું કહો કે રાગનું કર્તાકર્મપણું એક જ ભાષા છે. રાગમાં પ્રવર્તે છે એટલે રાગનો કર્તા થઈને કર્મ કરે છે. એમ. સમજાણું કાંઈ? '**પરપરિણતિને છોડતું,..**' એટલે

કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે શુદ્ધ એનું જ્યાં ભાન થયું એથી તે રાગને પોતાપણે ન માનતો અને રાગની પરિણતિને એકત્વ ન કરતો એ અભિપ્રાયમાંથી પરપરિણતિને છોડતું જ્ઞાન. એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**ભેદનાં કથનોને તોડી પાડતું,...**' કથનોને નહિ પણ ભેદને તોડી પાડતું એમ. ભાષા તો કથનની ભાષા. અરે..! હું ગુણી અને ગુણ એવા ભેદ પણ જ્યાં નથી. અભેદ ભગવાન અખંડાનંદ પ્રભુ, જેની દૃષ્ટિનો વિષય આત્મા થયો, કહે છે કે ભેદનો આશ્રય, ભેદનો હવે આશ્રય રહ્યો નથી. ભેદને તોડી નાખ્યો. ભેદ એનામાં છે નહિ. સમ્યગ્દૃષ્ટિના ધ્યેયમાં ભેદ નથી. સમ્યગ્દૃષ્ટિમાં ધ્યેયમાં અભેદપણું છે. આહાહા..! રાગને તો છોડતો પણ ભેદને તોડતો. લે. એવી શૈલીથી વાત કરી છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ આમાં? એય.. મનસુખ! તું ત્યાં વાંચનારો છો. તો આ સમજાય છે કે નહિ? આ પ્રમાણે વાંચે છે કે બીજી રીતે? ક્યાં ગયો હસમુખ? એ તો નહિ આવતો હોય ત્યાં. ગયો? ઠીક. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, ભગવાન આત્મા ચૈતન્ય શુદ્ધ આનંદ છે અને એ રાગથી ભિન્ન પડેલું જ્ઞાન રાગને છોડતું એમ કહેવામાં આવે છે. છોડતું એટલે આ રાગ છોડું એમ નહિ, પણ રાગ સાથેની એકત્વબુદ્ધિ તૂટીને અભેદ બુદ્ધિ થઈ, એને રાગને છોડ્યો એમ કહેવામાં આવે છે. આહાહા..! આ તમારે ત્યાં સમયસાર વાંચો તો શું કાંઈ સમજાય નહિ આ રીતે. બસ થઈ રહ્યું. બે કલાક બેસે અમથા નવરા થઈને.

મુમુક્ષુ :- બે કલાક નવરું કોણ છે?

ઉત્તર :- બે કલાક પણ નવરા નથી કહે છે. આહાહા..! અડધો-પોણો કલાક બેસે મફતની મજૂરી કરવાને. આટલું કરવું પડશે નહિતર આવું.. ઓલું હોંશમાં કરે બાવીસ કલાક ત્યાં. આહાહા..! ક્યાં જાવું છે અને શું થાવું છે આત્માનું એની કાંઈ દરકાર નથી. એય..! પોપટભાઈ!

અહીં તો કહે છે, ભગવાન આત્મા રાગથી અને ભેદથી જુદો એવું અભેદ ચૈતન્યનું સમ્યગ્દર્શન અને જ્ઞાન થયું. પરિણતિને છોડતું કહેવામાં આવ્યું, ભેદમાં દૃષ્ટિમાં રહ્યો એટલે માટે ભેદને તોડતો એમ કહ્યું. સમજાય છે કાંઈ?

'**આ અખંડ અને અત્યંત પ્રચંડ જ્ઞાન પ્રત્યક્ષ ઉદય પામ્યું છે.**' આહાહા..! જુઓ! અખંડ એકરૂપ ભગવાન અખંડ આત્મા અને અત્યંત પ્રચંડ. મહા ઉગ્ર જેનું જ્ઞાન પુરુષાર્થથી જાગ્યું છે. '**જ્ઞાન પ્રત્યક્ષ ઉદય પામ્યું છે.**' એ રાગથી ભિન્ન પડતાં, ભેદને તોડતાં અભેદનો અનુભવ થતાં જ્ઞાન પ્રત્યક્ષપણે થઈ જાય છે. આ જ્ઞાનનું વેદન પ્રત્યક્ષ થઈ જાય છે. સમજાય છે કાંઈ? ઓહો..! ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનનો પિંડલો, આનંદનો સાગર, આનંદનો સાગર.

લ્યો આવ્યું સાગર તમારું. એઈ..! એ આનંદસાગર છે. તમારો આ સાગર ક્યાં હતો? એ તો ધૂળ છે ત્યાં બધું. રાખ્યું હશે. રાખ્યું છે નામ? શું રાખ્યું? બંગલા ઉપર. સાગર રાખે ને. આનંદસાગર તો આત્મા છે. આહાહા..! જેનો અતીન્દ્રિય આનંદ ગમે તેટલો અનંત નિકાળો, કાઢો, ખૂટે નહિ. એવો અખંડ આનંદનો પિંડ પ્રભુ, અત્યંત પ્રચંડ પુરુષાર્થથી જ્ઞાન પ્રગટ થયું પ્રત્યક્ષ. આહાહા..! રાગની આડમાં જે પરોક્ષ હતું, ભેદના લક્ષેથી જે પરોક્ષ હતું એ રાગની અવસ્થાના આશ્રયને છોડી, ભેદનું લક્ષ છોડી, અભેદ ઉપર જતાં પ્રત્યક્ષ જ્ઞાન થઈ ગયું. કહો, સમ્યગ્જ્ઞાન થતાં, સમ્યગ્દર્શન થતાં ભાવશ્રુતજ્ઞાનમાં આત્મા પ્રત્યક્ષ થાય છે. અમરચંદભાઈ! આહાહા..! જુઓ! આનું નામ ધર્મ.

જે રાગની એકતામાં ભગવાન પડદે પડ્યો હતો એ રાગ ને વિકલ્પની એકતા તોડી અને ભેદનું લક્ષ છોડી એકરૂપ અખંડ ભગવાન ચિદાનંદ સ્વરૂપ અભેદ એનું લક્ષ કરતાં આત્મા પ્રત્યક્ષ થઈ જાય છે. કહો, સમજાય છે કાંઈ? '**અત્યંત પ્રચંડ જ્ઞાન...**' પાછી ભાષા એમ છે ને? '**उदितमखण्डं**' '**उच्चण्डमुच्चैः**' '**उच्चण्ड**' અત્યંત અને '**उच्चैः**'નો પ્રચંડ એમ કર્યું ને? '**उच्चण्डमुच्चैः**' હા કર્યું. '**उच्चण्ड**' નામ અત્યંત '**उच्चैः**' નામ પ્રચંડ. '**જ્ઞાન પ્રત્યક્ષ ઉદય પામ્યું છે.**' કહો, સમજાણું કાંઈ? આહાહા..! ભારે શ્લોક!

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્યમા ભાગમાં અખંડમૂર્તિ અભેદ વસ્તુ છે એમ જ્યાં અંતર દૃષ્ટિ થઈ, સમ્યગ્દર્શન થયું, એમાં ભાવશ્રુતમાં આત્મા પ્રત્યક્ષ થઈ જાય છે. એવો ભગવાન આત્મા કહે છે કે અરે..! '**અહો! આવા જ્ઞાનમાં (પરદ્રવ્યનાં) કર્તાકર્મની પ્રવૃત્તિનો અવકાશ કેમ હોઈ શકે?**' આહાહા..! આવો ભગવાન જ્ઞાનસ્વરૂપ જ્યાં જણાયો, ભાન થયું એને રાગ મારું કામ છે અને રાગનો કર્તા હું છું એમ ત્યાં કેમ સંભવે? એકલો જ્ઞાતા-દૃષ્ટા પ્રત્યક્ષપણે પ્રગટ થયો, ત્યાં રાગ ને વિકલ્પ દયા, દાન, વ્રતના પરિણામ એ મારું કામ અને હું એનો કર્તા એ આવા પ્રચંડ જ્ઞાનની પ્રત્યક્ષ ભૂમિકામાં કેમ સંભવે? સમજાણું કાંઈ?

'**અત્યંત પ્રચંડ જ્ઞાન પ્રત્યક્ષ ઉદય પામ્યું છે.**' આ ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે હોં! આ કોઈ વળી પ્રત્યક્ષ વળી તેરમાની વાત ને ઊંચી એમ નથી. એની વાત આવી ગઈ છે. એની વાત છે. આહાહા..! ચોથું ગુણસ્થાન સમ્યગ્દર્શન અવિરત સમ્યગ્દર્શન. એમાં આત્મા અભેદપણે અને ભેદને તોડતું એટલે... તોડતું એ તો અપેક્ષિત કથન કર્યું છે, અભેદમાં જતાં ભેદ રહેતો નથી, અભેદમાં જતાં વિકારની પરિણતિ રહેતી નથી. અભેદના આશ્રયમાં એ રહેતી નથી. સમજાણું કાંઈ? આવો ભારે ધર્મ. આવો ધર્મ? હા!

ઓહો..! ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદનું નિધાન, રાગથી અને બંધથી જ્યાં છૂટો પડ્યો એવા સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનમાં, '**આવા જ્ઞાનમાં (પરદ્રવ્યનાં)...**' જે વિકારી પરિણામ

આદિ તેના '**કર્તાકર્મની પ્રવૃત્તિનો અવકાશ કેમ હોઈ શકે?**' એ રાગ મારું કાર્ય અને હું એનો કર્તા આવા જ્ઞાતાદષ્ટાના સ્વભાવમાં કેમ સંભવે? સમજાણું કાંઈ? જ્ઞાનીને વ્યવહાર તો કરવો પડે. કહો, શેઠ આવ્યા હતા ને પહેલાં. એ કહેતા હતા. આના મુહૂર્તમાં. આનો પાયો નાખ્યો આ ખૂણામાં. આવ્યા ત્યાં. પછી કહે, વ્યવહાર કરવો તો પડે ને. એટલે મૂળ વસ્તુની ખબર ન મળે. સમજાણું? કયો વ્યવહાર? કરવો પડે એ વ્યવહાર. એ વ્યવહાર હશે? એ તો જડની પર્યાય થઈ. આમ નાખવું ને શું કહેવાય? શિલાન્યાસ. એ તો જડની પર્યાય. એ કરે આત્મા? આ અંદર રાગ કરે એ અજ્ઞાની પોતે વ્યવહાર માનીને રાગ કરે એ અજ્ઞાની છે. રાગનું કરવું જ્ઞાનસ્વરૂપમાં ક્યાંથી આવ્યું પણ આ? એમ કહે છે. અજ્ઞાનમાં માન્યું હતું કે રાગ મેં કર્યો એ જ્ઞાન થતાં રાગનું કર્તાપણું છૂટી જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! મેં કર્યું.. મેં કર્યું.. એ જ અભિમાન છે. સમજાય છે? આ મેં કર્યું, આ કર્યું. આ કર્યું. મેં મંદિર બનાવ્યું, મેં આમ રાખ્યું, સાવધાની (રાખી) કેટલા કામ કર્યા, પૈસા આપ્યા, મેં આટલું આમ કર્યું, આમ કર્યું. ભગવાન! એ તો બધી જડની અવસ્થા. તું ક્યાં અંદર પેઠો હતો તે તેના કામ તેં કર્યા? સમજાય છે?

અહીં કહે છે, અહો..! આવું જે ભગવાન આત્માનું સ્વરૂપ રાગથી ભિન્ન પડી ભેદનું લક્ષ છોડીને અભેદનું જ્ઞાન પ્રત્યક્ષપણે અત્યંત પ્રચંડ પ્રગટ્યું એવા જ્ઞાનમાં આ તે રાગાદિના પરિણામ એની પ્રવૃત્તિ કેમ હોય? એમ કહે છે. આસ્રવ. '**તથા પૌદ્‌ગલિક કર્મબંધ પણ કેમ હોઈ શકે?**' એમ. ઓલી આસ્રવની વાત કીધી. પુણ્ય-પાપના પરિણામમાં પ્રવૃત્તિ જ્ઞાનની કેમ હોય? સમજાય છે? કારણ કે છૂટીને નિવૃત્તિ થઈ, એનાથી નિવર્ત્યો છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ ચૈતન્યપુંજ પ્રભુ, જ્યાં રાગથી અને ભેદથી ભિન્ન પડીને આત્મા જ્ઞાનસ્વરૂપે પ્રત્યક્ષપણે પ્રગટ્યો એમાં, કહે છે કે રાગની પ્રવૃત્તિ, આ રાગમાં પ્રવર્તું અને રાગ કાર્ય કેમ સંભવે? વ્યવહારમાં પ્રવર્તું, વ્યવહારમાં પ્રવર્તું અને વ્યવહાર મારું કાર્ય કેમ સંભવે? એમ કહે છે. એ વીતરાગે કહેલો વ્યવહાર હોં. પંચ મહાવ્રતાદિના પરિણામ ભક્તિ આદિના. સમજાણું કાંઈ? કહો, પોપટભાઈ! ચૈતન્યસૂર્યના કિરણો નીકળે એ તો જ્ઞાનના નીકળે કહે છે. એમાં એ જ્ઞાનના કિરણનું પરિણમન છે ત્યાં આ રાગનું પરિણમન અને રાગની પ્રવૃત્તિ જ્ઞાનમાં કેમ હોઈ શકે? આહાહા..! વ્યવહારમાં જ્ઞાન પ્રવર્તે અને વ્યવહારનું કાર્ય કરે જ્ઞાન? એ જ્ઞાન કેવું? સમજાણું કાંઈ? વાત કાને પડવી કઠણ પડે. માણસને એવું લાગે. ભગવાનજીભાઈ! આહાહા..! બાપુ! તારા ઘરની નિધાનની ચીજ આવી છે, ભાઈ!

આ આત્માનું ભાન થતાં કહે છે કે રાગમાં પ્રવર્તે જ્ઞાન, પ્રવર્તે જ્ઞાન અને એ પ્રવૃત્તિ

એની જ્ઞાનની એ કેમ સંભવે? આહાહા..! સમજાણું કાંઈ? અને જ્યાં પ્રવૃત્તિ જ, જ્યાં જ્ઞાનની પ્રવૃત્તિ જ જ્ઞાનમાં છે, આત્મા ભગવાન રાગથી ભિન્ન પડીને પ્રવૃત્તિ જ જ્ઞાનની જ્ઞાન અને આનંદમાં છે એને રાગની પ્રવૃત્તિ કેમ સંભવે? અને રાગની પ્રવૃત્તિ નથી તો એને બંધ કેમ હોઈ શકે? સમજાણું કાંઈ? '**(ન જ હોઈ શકે.)**' લ્યો!

'**(જ્ઞેયોના નિમિત્તથી તથા ક્ષયોપશમના વિશેષથી જ્ઞાનમાં જે અનેક ખંડરૂપ આકારો પ્રતિભાસમાં આવતા હતા તેમનાથી રહિત જ્ઞાનમાત્ર આકાર હવે...**' જ્ઞાનની પર્યાયમાં અનેકપણું દેખાતું હતું પર્યાયદષ્ટિમાં એ જ્ઞાનદષ્ટિમાં અનેકપણું રહેતું નથી. એમ કહે છે. જ્ઞાનની પર્યાયમાં અનેકપણું પર્યાયદષ્ટિમાં દેખાતું. અનેક... અનેક.. અનેક.. અનેક જ્ઞેયાકાર આદિ. જ્ઞાનની દષ્ટિમાં જતાં તે અનેકાકારપણું ભેદનું રહેતું નથી.

'**હવે અનુભવમાં આવ્યો તેથી અખંડ એવું વિશેષણ જ્ઞાનને આપ્યું છે.**' હવે અનુભવમાં આવ્યો તેથી અખંડ એવું વિશેષણ જ્ઞાનને આપ્યું છે. અખંડ એવો પરમાત્મા. '**મતિજ્ઞાન આદિ જે અનેક ભેદો કહેવાતા હતા...**' ભેદની વ્યાખ્યા કરી. '**તેમને દૂર કરતું ઉદય પામ્યું છે...**' ભેદ ન રહ્યો. મતિજ્ઞાનાદિ પર્યાય તો ભેદ છે. ઓહોહો..! રાગાદિ તો નીકળી ગયા, દષ્ટિમાં ભેદ રહ્યો નહિ હવે. દષ્ટિમાં એકલો ચિદાનંદ અભેદ દષ્ટિમાં તરવરતા ભેદપણું રહેતું નથી. '**તેથી ભેદનાં કથનોને તોડી પાડતું એમ કહ્યું છે.**'

'**પરના નિમિત્તે રાગાદિરૂપ પરિણમતું હતું તે પરિણતિને છોડતું...**' એ પહેલો શબ્દ હતો. '**તેથી પરપરિણતિને છોડતું એમ કહ્યું છે. પરના નિમિત્તથી રાગાદિરૂપ પરિણમતું નથી, બળવાન છે તેથી અત્યંત પ્રચંડ કહ્યું છે.)**' લ્યો! ભગવાન જ્ઞાનમૂર્તિ રાગથી ભિન્ન પડીને આત્માની જાગૃતિનું ભાન થયું એ અત્યંત બળવાન જ્ઞાન છે. તે રાગમાં પ્રવર્તતું નથી. એ ચોથા ગુણસ્થાનથી. કહો, રતિભાઈ!

મુમુક્ષુ :- શ્રાવક.

ઉત્તર :- શ્રાવક પહેલા ચોથું હજી. શ્રાવક તો વળી પાચમું આઘું ચાલે તો. આ તો શ્રાવક પહેલાની ચોથાથી વાત છે.

મુમુક્ષુ :- અમને કાંઈ ખબર નથી શ્રાવક કોણ કહેવાય અને ક્ષુલ્લક કોણ કહેવાય?

ઉત્તર :- શ્રાવક એટલે શું? શ્રાવક એટલે રાગથી ભિન્ન પડીને ચૈતન્યનો અનુભવ (થયો) એમાં સ્થિરતા વિશેષ થાય તેને શ્રાવક કહેવામાં આવે છે. રાગ અને પુણ્યના પરિણામ ને જડની ક્રિયાથી ભિન્ન પડીને અભેદ ચૈતન્યના દષ્ટિનો અનુભવ, એ ઉપરાંત અનુભવમાં સ્થિરતા વિશેષ થવી શાંતિની એને શ્રાવક કહેવામાં આવે છે. આ કાંઈ વાડાની ચીજ નથી. આ તો આત્માની ચીજ છે. ત્યારે ઓલા કહે છે ને વ્યવહારનો લોપ કરી નાખ્યો. અરે.. ભગવાન!

સાંભળને હવે. આવ્યા હતા ને ઓલા? ત્યાં લીંબડી. વ્યવહારનો નાશ થઈ જાય છે. અમને ઘણા પૂછે છે કે કાનજીસ્વામી આમ કહે છે ને તમે આમ કહો છો. ભાઈ છે એમ છે. ત્રણ કાળમાં ન ફરે એવી વાત છે. એ તો વાત રાખી નહિ. ભાઈ, ઉભા હતા ત્યારે આ. ચીમનભાઈ હતા. ચીમનભાઈ હતા, કાંતિભાઈ હતા. બેય ઉભા હતા ત્યાં. કાંઈકના કાંઈક ગપ મારે. અરે.. ભગવાન! શું કરવું છે તારે? આહાહા..! અમે કોઈની સાથે વાત કરતા નથી. કારણ કે આ વાત કોને બેસે? એવી જાડી બુદ્ધિ જેને અજ્ઞાન તીવ્ર ભર્યા છે. તીવ્ર અજ્ઞાન, તીવ્ર મિથ્યાત્વભાવ (છે) એને આ વાત સાંભળવા મળે નહિ. સમજાય છે કાંઈ?

સાંભળવા માટે પણ પૂર્વના પુણ્ય જોઈએ છે, વર્તમાન ઉઘાડનો ક્ષયોપશમ જોઈએ છે અને વર્તમાન એ જાતની જિજ્ઞાસાની વૃત્તિ જોઈએ છે. સમજાય છે કાંઈ? આમાં એકેય ન મળે અને અમારી સાથે વાત કરો. કોની સાથે કરે? સાંભળને. આ તો વાદનો વિષય જ નથી. 'સદ્‌ગુરુ કહે સહજકા ધંધા વાદવિવાદ કરે સો અંધા.' વાદવિવાદ ક્યાં? વસ્તુમાં વાદવિવાદ ક્યાંથી આવ્યો?

આ તો અહીંયાં કહ્યું ને, ભગવાન આત્મા રાગથી ભિન્ન પડેલો ચોથે ગુણસ્થાને રાગમાં પ્રવર્તતો નથી. ગજબ વાત કરે ને. બેસે શી રીતે એને?

મુમુક્ષુ :- બાયડી-છોકરા છોડ્યા...

ઉત્તર :- ધૂળેય છોડ્યા નથી. મિથ્યાત્વ. આત્મા છોડ્યો છે. સમજાણું કાંઈ? એ વ્યવહારની પરિણતિ હું કરું છું અને મારું કાર્ય છે, એણે આત્માને છોડ્યો છે. અનંતા બાયડી-છોકરાને ગળે વળગ્યો છે. એય.. સ્વરૂપચંદભાઈ! આહાહા..! અને સમ્યગ્દૃષ્ટિ છન્નુ હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો પણ કોઈને તે અડતો નથી. એના છે જ નહિ. આહાહા..! વાતની દૃષ્ટિના ફેરે આખું ફેર ચક્ર છે. પોપટભાઈ!

**'ભાવાર્થ :- કર્મબંધ તો અજ્ઞાનથી થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિથી હતો.'** જુઓ! એ રાગમાં પ્રવર્તતું હતું એ અજ્ઞાન અને બંધ કારણ હતું. **'હવે જ્યારે ભેદભાવને અને પરપરિણતિને દૂર કરી એકાકાર જ્ઞાન પ્રગટ થયું ત્યારે ભેદરૂપ કારકની પ્રવૃત્તિ મટી;...'** ભેદરૂપ કરવાની પ્રવૃત્તિ મટી, **'હવે બંધ શા માટે હોય? અર્થાત્ ન હોય.'** લ્યો! એ ૭૨ ગાથા પૂરી થઈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૪, મંગળવાર તા. ૨૭-૮-૧૯૬૮**
**ગાથા-૭૩, પ્રવચન-૬૧૧**

આ કર્તાકર્મ અધિકાર છે. ૭૩ ગાથા. શિષ્યનો પ્રશ્ન છે. છે ને ઉપર? '**હવે પૂછે છે કે કઈ વિધિથી (-રીતથી) આ આત્મા આસ્રવોથી નિવર્તે છે?**' શું પૂછે છે? કે મહારાજ! આત્મા ક્યાંક અટકેલો છે. પોતાના સ્વરૂપનું ભાન નથી કરતો એથી ક્યાંક અટકેલો છે, એ રોકાયેલો છે. એ જે રોકાયેલો છે એવા ભાવને આસ્રવ એટલે પુણ્ય-પાપના મલિન પરિણામને અહીંયાં આસ્રવ કહેવામાં આવે છે. કે જે ભાવ નવા આવરણોનું કારણ છે. આત્માને નુકસાનનું કારણ છે.

શિષ્યે પૂછયું, પ્રભુ! આ આત્મા વસ્તુસ્વરૂપ જે આનંદ સચ્ચિદાનંદ પ્રભુ છે છતાં એની પ્રાપ્તિ થતી નથી તો એ ક્યાં અટકેલો છે? એ અટકેલો કેમ છૂટે? ઠીક છે ને? વેલજીભાઈ! ભાઈએ અંદર પ્રશ્ન કર્યો હતો. આહાહા..! શું કહ્યું? કે આત્મા સત્ શાશ્વત, સત્ એટલે શાશ્વત જ્ઞાન અને આનંદનું એનું રૂપ છે. એવો આત્મા એની પોતાની પ્રાપ્તિ કેમ નથી? કેમકે ક્યાંક અટકેલો છે. પોતાના સ્વરૂપની પ્રાપ્તિ વિના પુણ્ય અને પાપ આદિ વિકારીભાવ એમાં રોકાયેલો છે. એ રોકાયેલાની નિવૃત્તિ કેમ થાય? સ્વરૂપચંદભાઈ! ઠીક છે ને પ્રશ્ન?

મુમુક્ષુ :- એ એક જ પ્રશ્ન છે.

ઉત્તર :- એ જ પ્રશ્ન છે. બીજું શું છે? સમજાણું કાંઈ? આહાહા..!

આસ્રવ એટલે જે ભાવ દ્વારા નવા આવરણો આવે, આત્માની પ્રાપ્તિ એ દ્વારા થાય નહિ. કહો, સમજાય છે આમાં? એ પૂછયું. કઈ વિધિથી આ આત્મા આસ્રવ એટલે વિકારી પરિણામો, શુભ અને અશુભ વિકલ્પો, પુણ્ય અને પાપના ભાવ એનાથી નિવર્તે કઈ વિધિથી? '**તેના ઉત્તરરૂપ ગાથા કહે છે :-**' આવી જેને જિજ્ઞાસા છે એને ઉત્તર દેવામાં આવે છે. જેને આ જિજ્ઞાસા નથી એને આ ઉત્તર દેવામાં આવતો નથી. એમ કહે છે. શેઠી! છે ને એમાં દેખો!

આ આત્મા પોતાનું સ્વરૂપ આનંદ અને શાંતિ એને નથી પ્રાપ્ત થતી તો એ ક્યાં અટકેલો છે? અને અટકેલો હોય તો એના નિવૃત્તે કેમ? કહો, બરાબર છે વાત? લોજિકથી પણ એને ન્યાયથી સમજવું પડશે કે નહિ? શેઠી! આ આસ્રવ શબ્દ શાસ્ત્રના... છે. એટલે શું? કે જે ભાવથી આત્માની પ્રાપ્તિ ન થાય, પણ જે ભાવથી નવા આવરણોનું બંધન થાય. એ ભાવને અહીંયાં આસ્રવ કહેવામાં આવે છે. આ-સ્રવ. આ-મર્યાદાએ આવરણ આવવું.

તો મહારાજ! એ આસ્રવોથી આત્મા કઈ વિધિએ નિવૃત્ત થાય? એની રીત શું છે? એની વિધિ શું છે? એનો રસ્તો શું છે? એમ શિષ્ય અંતરથી પૂછવા માટે જિજ્ઞાસિત છે. એને ઉત્તર કહે છે.

૭૩. ઉપર ગાથા. ઉપર.

**अहमेक्को खलु सुद्धो णिम्ममओ णाणदंसणसमग्गो।**
**तम्हि ठिदो तच्चित्तो सव्वे एदे खयं णेमि।।७३।।**

નીચે એનું હરિગીત. નીચે એનું હરિગીત છે. એ અક્ષરે અક્ષર મૂળ શ્લોક છે સિદ્ધાંતનો એનો નીચે શ્લોક છે.

**છું એક, શુદ્ધ, મમત્વહીન હું, જ્ઞાનદર્શનપૂર્ણ છું;**
**એમાં રહી સ્થિત, લીન એમાં, શીઘ્ર આ સૌ ક્ષય કરું. ૭૩.**

ભાવ જરા ઊંડા છે પણ સાદી ભાષામાં કહેવામાં આવ્યું છે અહીંયાં ટીકામાં. એણે પહેલો એવો નિર્ણય કરવો જોઈએ કે હું કોણ છું? કેવો છું? એવો નિર્ણય કર્યા વિના પરથી પાછો હઠી શકે નહિ. સમજાય છે કાંઈ? તો પહેલો એને નિર્ણય (કરવો કે) હું આ. '**હું આ...**' એમ પ્રત્યક્ષ બતાવે છે. '**આ આત્મા-પ્રત્યક્ષ...**' હું તો રાગના અવલંબન વિના, વિકલ્પના આધાર વિના સીધો આત્મા જણાઉં એવું મારું સ્વરૂપ છે. સમજાય છે કાંઈ? પ્રત્યક્ષ. ભગવાન જ્ઞાનાનંદ મૂર્તિ વસ્તુ સચ્ચિદાનંદ પ્રભુ એ પોતે પોતાના જ્ઞાન દ્વારા પ્રત્યક્ષ થાય એવો હું છું. રાગ દ્વારા, વિકલ્પ દ્વારા, દયા-દાનની વૃત્તિ દ્વારા આત્માની પ્રાપ્તિ થાય એવો હું નથી. સમજાય છે કાંઈ? એમ પહેલો ધર્મ પામવા પહેલાં આ પ્રકારના નિર્ણયની ભૂમિકામાં ધર્મ પામવા પહેલા આવે છે. આવા નિર્ણયના જેને ઠેકાણા નથી એને ધર્મ અને આત્માનું જ્ઞાન થઈ શકતું નથી.

'**હું આ આત્મા-પ્રત્યક્ષ...**' ભાષા. વિકલ્પ જે દયા, દાન, વ્રત, ભક્તિ, આદિ વ્યવહાર વ્રત આદિ કહેવાયને વિકલ્પો? એ દ્વારા હું જણાઉં એવો નથી. હું તો સીધા જ્ઞાન દ્વારા જ્ઞાનનું વેદન કરું એવો હું છું. સમજાણું કાંઈ? કહો, પોપટભાઈ! હું આવો છું એમ નિર્ણય કર. હું તો પ્રભુ ચૈતન્યસ્વરૂપ છું, શાશ્વત વસ્તુ છું, અણકરાયેલી અને અનાશ થાય એવો પદાર્થ છું. પણ છું કેવો? પ્રત્યક્ષ થઈ શકું એવો જ હું છું. પહેલા જ વાત ઉપાડી છે. કે કોઈ પણ પ્રકારની ક્રિયાકાંડના રાગ દ્વારા આત્મા જણાય એવો હું છું નહિ. સમજાણું કાંઈ?

કોઈ પ્રકારની બાહ્યની પ્રવૃત્તિ કે નિમિત્ત કે સંયોગ કે દેવ-ગુરુ-શાસ્ત્રનું અવલંબન કે અંદર રાગની મંદતાના પુણ્ય પરિણામનું અવલંબન એ દ્વારા હું આત્મા જણાઉં એવો હું છું નહિ.

રતિભાઈ! ક્યાં વાંચ્યું છે ક્યાં? ત્યાં ... કરીને મૂકી દીધું હશે ત્યાં. મનસુખભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- ..ભાઈ લઈ ગયા ને ત્યાં.

ઉત્તર :- ..ભાઈ શું કરે? કહે કોઈ વખતે કે આ વાંચો.

આ આત્મા.. પહેલા જેને દુઃખથી નિવર્તવાની કઈ વિધિ છે એમ પૂછે છે. આત્મામાં થતાં પુણ્ય ને પાપના વિકલ્પો તે દુઃખરૂપ છે. એ દુઃખથી કઈ રીતે નિવૃત્તિ હું પામું? અને મારા આનંદસ્વરૂપની પ્રાપ્તિ કેમ થાય? એમ શિષ્યની ઝંખના અંતરથી છે. સમજાય છે કાંઈ? એને કહે છે કે જો ભાઈ! તારે આત્માની પ્રાપ્તિ અને આત્માનું સાક્ષાત્કારપણું વેદન કરવું હોય એટલે આત્માનું ભાન કરવું હોય તો તે પહેલા તારે આવો નિર્ણય કરવો જોઈએ કે હું છું આત્મા સચ્ચિદાનંદ પ્રભુ છું. હું મારા જ્ઞાન દ્વારા સ્વસંવેદનથી જણાઈ શકું એવો છું. કોઈ જાતની પ્રવૃત્તિના પરિણામથી આત્મા જણાય એવો આત્મા નથી એમ કહે છે. કહો, સમજાય છે કાંઈ? ...! આપણે ત્યાં જયપુર ચાલ્યું હતું આ. જયપુર. હતા કે નહિ શેઠ તમે? ભાઈ હતા. બિમાર હતા. શાહુજી આવ્યા હતા ને શાંતિપ્રસાદ, ત્યારે ૭૨ ગાથા છોડીને આ લીધી હતી. જયપુર ગઈ સાલમાં શાહુજી આવ્યા હતા ને. કૈલાસચંદજી કહે મહારાજ. ૭૧ ગાથા ચાલી હતી. ૭૨ ગાથા છોડી દ્યો, આ શેઠિયો છે એને જરી સમજાય. એને પોતાને કાંઈક હશે એટલે કે આ ૭૩ વાંચો એમ કહ્યું હતું. સમજાય છે? ઓલો મોટો ગૃહસ્થ છે ને શાહુ શાંતિપ્રસાદ ૪૦ કરોડ. શાંતિપ્રસાદ એ વ્યાખ્યાનમાં આવ્યા હતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધું ધૂળ છે. પણ એને.. .. ઘરે. એના ઘરમાં છે આત્મામાં છે. બહારમાં ક્યાંય છે નહિ. કહો, સમજાણું આમાં?

કહે છે, '**હું આ આત્મા-પ્રત્યક્ષ...**' થઈ શકું એવો અને '**અખંડ...**' શું કહે છે? હું તો અખંડ વસ્તુ છું. મારામાં ખંડ ને ભેદ નથી. રાગ નથી, પુણ્ય નથી, તેમ વર્તમાન અવસ્થા જે ચાલે છે, એવો ભેદ પણ વસ્તુ અખંડમાં નથી. વસ્તુ અખંડ એકરૂપ ચૈતન્ય છું. એવો પહેલો સમ્યક્ આત્માનું ભાન અનુભવ થવા પહેલા આવી એની સ્થિતિ છે એવો એ નિર્ણય કરે છે. એ નિર્ણય કર્યા પછી અંતર અનુભવમાં જાય છે. પણ આવા નિર્ણયના જેના ઠેકાણા નથી એને આત્માનો અનુભવ ને સમ્યગ્દર્શન ને આત્માનું વેદન થઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ?

'**અખંડ અનંત ચિન્માત્ર જ્યોતિ-**' હું તો અનંત. અનંત નામ જ્ઞાન અંત વિનાનું, હદ વિનાનું, બેહદ મારો સ્વભાવ છે જ્ઞાન. ચિન્માત્ર, જ્ઞાનમાત્ર જ્યોતિ છું. '**હું આ આત્મા -પ્રત્યક્ષ અખંડ અનંત ચિન્માત્ર જ્યોતિ-**' છું. આવો એણે પહેલો નિર્ણય એ વિકલ્પની

ભૂમિકામાં આ નિર્ણય કરવો જોઈએ. નવનીતભાઈ! આ હું બાયડીવાળો છું, છોકરાવાળો છું, શરીરવાળો છું, આસ્રવવાળો છું એમ નહિ એમ પહેલું કહે છે.

મુમુક્ષુ :- છે એની ના પાડવી?

ઉત્તર :- છે કે દી એનામાં? ધૂળમાંય નથી. એ તો પર છે. ત્યાં ક્યાં ગરી ગયા છે અંદર? સ્વરૂપચંદભાઈ! પહેલો આ નિર્ણય કર. નિર્ણયની ભૂમિકામાં પહેલું આવવું જોઈએ આ. વિકલ્પની ભૂમિકા હોં! છે રાગમિશ્રિત વિચાર પહેલો. પણ રાગ મિશ્રિત વિચારની ભૂમિકામાં પણ આ જાતનો નિર્ણય એને આવવો જોઈએ. કારણ કે જેવો છે તેવો નિર્ણય વિકલ્પથી આવવો જોઈએ. વિકલ્પ શબ્દે રાગ. મનના સંબંધથી રાગ સંબંધમાં પણ આવો એને નિર્ણય આવવો જોઈએ. આવા જેને ઠેકાણા નથી એને આત્માનું જ્ઞાન અને સમ્યગ્દર્શન કોઈ દી થાય નહિ. સમજાણું કાંઈ?

'**અનંત ચિન્માત્ર જ્યોતિ-**' અરે..! ક્ષેત્રથી અનંત છું? નહિ. સ્વભાવથી અનંત છું. મારો સ્વભાવ આ જ્ઞાન છે ચિન્માત્ર જ્યોતિ-જ્ઞાનમાત્ર જ્યોતિ તે અનંત છે. જેના સ્વભાવનું માપ નથી. જેનો સ્વભાવ ચૈતન્ય એ અનંત છે. બેહદ સ્વભાવવાળો હું અનંત પ્રત્યક્ષ થાઉં એવો અખંડ ચિન્માત્ર જ્યોતિ છું. કહો, સમજાય છે કાંઈ? '**અનાદિઅનંત...**' હવે કાળ લીધો. ઓલો ભાવ હતો. હું અનાદિઅનંત છું. મારી આદિ નથી, મારો અંત નથી. વસ્તુ છે એની આદિ શી? અને વસ્તુ છે એનો અંત શો? સચ્ચિદાનંદ પ્રભુ શાશ્વત વસ્તુ આદિ અને અંત વિનાની છે. એનો અર્થ કે મારી ચીજનો કોઈ કર્તા નથી. એમ. કર્તા હોય તે અનાદિથી સિદ્ધ થતી નથી અને અનાદિ ચીજ હોય એનો કોઈ કર્તા હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

હું અનાદિ છું—આદિ વિનાનો છું. છું. છે... છે... છે... છે... અનંત. ભવિષ્યમાં પણ એમ છે... છે... છે... એવું જ મારું સ્વતઃ સ્વયંસિદ્ધ સ્વરૂપ છે. એ કોઈથી કરાયેલું અને નાશ થઈને કોઈમાં ભળી જાય એવો હું છું નહિ. સમજાણું કાંઈ? '**અનાદિઅનંત નિત્ય-ઉદયરૂપ...**' લ્યો, વર્તમાન લીધું. હું તો કાયમ પ્રગટ આનંદ અને જ્ઞાનરૂપ છું. નિત્ય પ્રગટરૂપ છું. વસ્તુ પોતે અપ્રગટ છે નહિ. નિત્યાનંદ ભગવાન. સર્વજ્ઞ પરમેશ્વરે જોયેલો, પ્રગટ કરેલો એવો જ હું ઉદયરૂપ પ્રગટ છું.

વસ્તુ છે '**નિત્ય ઉદયરૂપ વિજ્ઞાનઘનસ્વભાવભાવપણાને લીધે...**' દેખો! હું વિશેષ જ્ઞાનનો ઘન છું. સમજાય છે? કાલે દાખલો આપ્યો હતો નહિ ઘીનો? જેમ શિયાળાનું ઠંડુ ઘી. હવે તો બધા કાળાબજાર ને ગડબડ થઈ ગઈ છે. પહેલાના ઘી જે હતા. પહેલાના ઘી હતા ૫૦ વર્ષ પહેલાના. ગાયુના જુઓ તો આમ ઘન. જેમાં તવેથો પેસી ન શકે. આંગળી

તો માંડ માંડ પેસે પણ આંગળી તો પેસે શેની? તવેથો માંડ પેસે એવા ઘી. ઘન-ઘન. એમ હું એ વિજ્ઞાનઘન છું. મારું સ્વરૂપ જ દયા, દાનના વિકલ્પનો પ્રવેશ ન થાય એવો હું છું. સમજાય છે કાંઈ? આહાહા..!

'**વિજ્ઞાનઘનસ્વભાવભાવપણાને લીધે...**' ભાષા જુઓ! '**વિજ્ઞાનઘનસ્વભાવભાવ...**' કાળ, શક્તિ, પ્રત્યક્ષ નિત્ય ઉદય જ્યોતિ એવો હું છું. એવો એણે રાગમિશ્રિત વિચારમાં આવી વસ્તુની સ્થિતિ છે એવો એણે ભૂમિકામાં નિર્ણય કરવો જોઈએ. આથી વિરુદ્ધ કંઈપણ નિર્ણય રહે તો અંદરમાં જવાની એની શક્તિની યોગ્યતા પ્રગટશે નહિ. સમજાણું કાંઈ? '**એક છું;...**' હું એક છું. હોં! બધા થઈને એમ નહિ. દરેક આત્મામાં ભિન્ન, પણ મારું વિજ્ઞાનઘનસ્વભાવપણાને લીધે એક છું. સમજાણું કાંઈ?

હવે '**(કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણસ્વરૂપ) સર્વ કારકોના સમૂહની પ્રક્રિયાથી પાર ઊતરેલી જે નિર્મળ અનુભૂતિ, તે અનુભૂતિમાત્રપણાને લીધે શુદ્ધ છું;...**' શું કહે છે? હું એવો છું આત્મા કે મારા સિવાય પર આત્મા ને પરમાણુનું કાંઈક કરું એ મારામાં છે જ નહિ. કર્તા પહેલો કર્તા. અમરચંદભાઈ! આ પરનું પાળી દઉં, દયા પાળી દઉં, સુધારી દઉં, પરના સારા કરી દઉં, એવું પરનું કર્તાપણું મારામાં ત્રણ કાળમાં છે નહિ. એવો એણે વિકલ્પસહિત પહેલો નિર્ણય ભૂમિકામાં આત્માના અનુભવ કરવા કાળ પહેલાં પણ વિકલ્પમાં આવો નિર્ણય હોવો જોઈએ. સમજાણું કાંઈ? આહાહા..!

કર્તાપણું. મારામાં પરનું કાંઈ કરું એવું મારામાં છે જ નહિ. હું તો વિજ્ઞાનઘન છું, તો પરની દયા પાળી શકું, પરને મદદ કરી શકું, પરને સુખી કરી શકું, પરના દુઃખને હરી શકું. કહે છે કે નહિ આ બધા શેઠિયા-બેઠિયા? પરોપકાર હોય છે ને મોટા ઘણા પરોપકારના. એવો હું છું જ નહિ ને. પરનું કાંઈ કરું કર્તા થઈને એ મારામાં છે જ નહિ ને. અને પરના કાર્ય મારાથી થાય એવો હું છું જ નહિ ને. અને પરના કાર્યમાં હું સાધન થાઉં, સાધન થાઉં એવું મારામાં છે જ નહિ અને પરનું કાર્ય મારાથી થાય એવો હું છું નહિ. પરના કાર્ય મારે આધારે થાય એવો હું છું નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બહારમાં સાહેબ કહે છે, વાડે વેલો ચડે.

ઉત્તર :- ધૂળેય નથી વાડે વેલો. વાડ એની રીતે અને વેલો એની રીતે. આવા ને આવા ગપ્પા સાંભળ્યા હોય બધા. વેલાનો એક એક રજકણ પોતાને કારણે ઊંચે ચડે છે. એક એક રજકણ સ્વતંત્ર ષટ્કારકની ક્રિયાવાળો છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ક્યાં આશરો. અહીં તો હજી તો બીજી વાત આવશે. હજી અહીં પરનો કર્તા,

પરનું કાર્ય તો આત્મામાં છે જ નહિ. આત્મા કરી શકતો જ નથી. એક વાત. હવે બીજી વાત. આત્મામાં દયા, દાન અને વિકલ્પ જે ઉઠે શુભના એનું કરવાપણું મારામાં છે જ નહિ. ષટ્કારકની વ્યાખ્યા ચાલે છે. એ પુણ્યના પરિણામ મારું કાર્ય એવું મારામાં છે જ નહિ.

મુમુક્ષુ :- પરનું કાર્ય...

ઉત્તર :- પુણ્ય પરિણામનું હું સાધન થાઉં એવું મારામાં છે જ નહિ. પુણ્ય-પરિણામ મારાથી થાય એવો હું છું જ નહિ. પુણ્ય પરિણામ મારે આધારે થાય એવો હું છું નહિ. સમજાણું કાંઈ? હજી કેવો છે એના ઠેકાણા ન મળે નિર્ણયમાં અને આત્માનું એને દર્શન થતું નથી. એટલે કેમ દર્શન થાતું નથી? કે અહીં અટક્યો છે અજ્ઞાનમાં માટે થતું નથી. શેઠ!

ભગવાન આત્મા વિજ્ઞાનઘનસ્વરૂપ છે. એ પરના કર્તા, કર્મ ને સાધન ને આધાર તો આત્મા છે જ નહિ. કહે, ઓહોહો..! બહુ સુધારા કર્યા ભાઈ તમે તો. દેશને સુધાર્યો, ગામને સુધાર્યા, નાતને સુધારી, કુટુંબને સુધાર્યું એમ કહે છે ને લોકો? મૂઢ છો. સાંભળને. એ.. સ્વરૂપચંદભાઈ! અહીં તો એવી વાત છે આ.

મુમુક્ષુ :- ખરી વાત છે.

ઉત્તર :- ખરી વાત છે. લ્યો! ડોક્ટર-બોક્ટર હુશિયાર હોય ને તમારા ભાઈ છે ને ડોક્ટર તો ઘણું કરે છે. આંખનું. ધૂળેય કરતો નથી. કોણ કરે? તને ખબર નથી.

જગતના રજકણો અને જગતના આત્માઓ તેના કારણે ટકીને બદલી રહ્યા છે. એના બદલવાના કાર્યમાં બીજો બદલાવી શકે એવું આત્મામાં નથી અને એનામાં પણ નથી કે બીજાને કારણે બદલે. સમજાણું કાંઈ? અહીં તો ત્રણ પ્રકારના ષટ્કારક કાઢવા છે. એક તો જાણે પરના. શરીરનું આમ રજકણ કરી શકું એવું મારામાં છે જ નહિ. આ હું બોલી શકું એ મારામાં કર્તાપણું ભાષાનું છે જ નહિ. આહાહા..! આ શરીરને હલાવી શકું, આમ લઈ શકું એવું પરનું જડનું કર્તાપણું મારામાં છે જ નહિ. જડનું કામ મારાથી થાય એવું મારામાં છે જ નહિ. પરને માટે પાંગળો અને પોતા માટે પરમેશ્વર. સમજાણું કાંઈ?

'**(કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણસ્વરૂપ) સર્વ કારકોના સમૂહની પ્રક્રિયાથી પાર ઊતરેલી...**' હવે પરના તો નહિ. હવે ગયા વિકારમાં. શુભભાવ થાય દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા. એ વિકલ્પનો કર્તા હું છું નહિ. એ કામ મારું નથી. એનું સાધન હું નહિ. એ મારાથી થયા નથી. એ દયા, દાન, પરોપકારના પરિણામનો આધાર હું નથી. એમ પહેલો વિકલ્પથી એણે આત્મા જેવો છે એવો એણે ભૂમિકામાં નિર્ણય કરવો જોઈશે. કહો, સમજાણું કાંઈ?

હવે અંદરમાં આવ્યું. શેઠી! હવે અંદરમાં શું આવ્યું? કહે છે કે હું એક આત્મા. હું મારી નિર્મળ ધર્મની દશાનો કર્તા, ધર્મની દશા મારું કાર્ય, એનું હું સાધન, મારાથી થયું, મારે આધારે થયું. કરીને મેં રાખ્યું. એવા ષટ્કારકના ભેદ મારા અખંડ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? આહાહા..! કહો, ભીખાભાઈ! એ હળવે હળવે આવ્યું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ રાખવા જેવું છે એમ કહે છે. કહો, સમજાય છે કાંઈ? શું કહે છે?

હું ભગવાન સચ્ચિદાનંદ શાશ્વત સ્વયંસિદ્ધ સ્વ તત્ત્વ કેવો છું? કે હું પ્રત્યક્ષ થાય એવો છું, અખંડ અને ચિન્જ્યોતિ છું, અનાદિઅનંત છું, વિજ્ઞાનજ્ઞાનઘન સ્વભાવપણાને લઈને એક જ વસ્તુ સ્વતંત્ર મારી ચીજ છે. અને હું એવો છું કે પરના કાર્ય હું કરું એવો તો છું નહિ. પુણ્યના પરિણામ હું કરું એવો હું છું નહિ. પણ મારું સ્વરૂપ જે છે અખંડ એમાંથી મારી દશાનો કર્તા અને ધર્મ દશા મારું કાર્ય, એનું કરણ સાધન, એ કરીને હું રાખું, મારાથી થાય અને મારા આધારે એવા વસ્તુની અખંડ દશામાં એ છ પ્રકારના ભેદો મારામાં નથી. કહો, સમજાણું કાંઈ? ભારે વાત આકરી.

મુમુક્ષુ :- ભેદ જ નથી.

ઉત્તર :- ભેદ ક્યાં છે? એ તો સવારમાં ચાલ્યું હતું.

એવા છ પ્રકાર ક્યાં? એ તો અખંડ વસ્તુ છે. એકરૂપ ચિદાનંદ અભેદ ચીજને આ છ પ્રકારની ક્રિયાથી પાર ઉતરેલી મારી અનુભૂતિ નામ મારી ચીજ છે. હવે અહીં તો હજી પરના કામ કરું અને એનું અધિકપણું લાગે અને એની એને હોંશ આવે. મૂર્ખ છે મોટો એમ કહે છે. એય.. શેઠી! દુનિયાના કામ કરી દઈએ, સુધારી દઈએ, જગતની ચીજોને સુધારી દે, એને ટેકો આપીએ, એને મદદ કરીએ. કહે છે કે પણ તારામાં એ છે નહિ ને શું આપ? ભ્રમણા તને શું લાગી આ? સમજાણું કાંઈ? જગતના કામો એટલે પર્યાયો એટલે અવસ્થા એના દ્રવ્યથી તેની અવસ્થારૂપી કાર્ય થાય. એનો કર્તા તું અને તું કરી શકે એવું તારામાં નથી અને એનામાં તારાથી થાય એવું એનામાં નથી. કહો, રતિભાઈ! આ થડે બેસે ને પછી હુંપદ થાય એને હું. હું સાચવું છું આ થડાને. એય.. મનસુખભાઈ! કહો, કુંવરજીભાઈને બહુ હતું એ. થડો સાચવું હું આ. હું હતો તો આ બધું થયું. જુઓ! નહિતર તો કંઈકનું આમ થયું. ધૂળેય નથી થયું. અભિમાન તે પણ કેટલા? આહાહા..!

મુમુક્ષુ :- ગાડાના ગાડા.

ઉત્તર :- મોટા દરિયાના દરિયા અભિમાન. અને કહે છે કે અમને આત્માનું જ્ઞાન થાતું નથી. શેનું? ધૂળમાં થાય? આત્મા છે એવી તો તને ખબર નથી કેવો છે એની તો. સમજાણું કાંઈ?

અહીં તો પરની તો વાત નથી, પણ આત્મામાં થતા પાપના પરિણામ એને હું કરું, એ મારા કાર્ય એ મારા સ્વરૂપમાં નથી. અને પુણ્યના પરિણામ દયા, દાન, ભક્તિ, વ્રત, પરોપકારના ભાવ એ ભાવનો કર્તા હું અને એ મારા કાર્ય એ મારી ચીજમાં જ નથી. હોય તો સદાય રાગને કર્યા કરું અને વિકારથી હું જુદો પડી શકું નહિ. સમજાય છે કાંઈ? અને એકરૂપ ભગવાન. અહીં સિદ્ધ એ કરવું છે ને. છ પ્રકારના પોતાના પણ છ પ્રકારના કારકો એ ભેદ છે તે અશુદ્ધતા છે એમ કહે છે. આહાહા..! પરના તો કામ ક્યાં રહ્યા, ભગવાન! તું તો ચૈતન્યબિંબ છો ને. વિજ્ઞાનઘન અનાદિ અખંડ એકરૂપ ચીજ છો. એમાં આ પરના કરી દઉં, સમજાય છે કાંઈ? અભિમાન. 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે.' આવે છે ને? 'શકટનો ભાર જેમ શ્વાન તાણે.' ગાડા નીચે કૂતરું. ગાડામાં સો મણ ભાર બે બળદ તાણે. હેઠે કૂતરું હોય એને ઠાઠું અડે ને. મારા લઈને ગાડું ચાલે. ચાલ્યા. મરી જઈશ હમણાં જો ગાડું પડ્યું માથે તો. શેઠી!

મુમુક્ષુ :- ધંધામાં એમ ન લાગુ પડે.

ઉત્તર :- ધંધામાં લાગુ પડે તમારા વકિલાતમાં પણ. વકિલાતમાં આ કરું છું, જજને દલીલ દઉં છું, ભાષા હું કરું છું, જજને આમ પાણી ભરાવું છું. બધું ભ્રમ છે એમ કહે છે અહીં તો. એક જણાએ કીધું હતું એટલે. એક જણો કહે, રામજીભાઈ પાણી ભરાવતા જજને. ધોળે દીએ ચાંદરડા બતાવે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? કેમ હશે? ચંદુભાઈ! આ બધું હુશિયારીમાં બધું કામ ચાલે છે કે નહિ? મુંબઈમાં. આટલું આમ લેવું અને આટલું આમ કરવું. અરે.. ભગવાન! તું તો જ્ઞાનમૂર્તિ છો, જ્ઞાનની આવ છો. જગતના કામ તારાથી થાય એવો તું છો? છો કોણ તું? કહે છે કે હું એવો છું કે મારા સિવાય જગતની કોઈ ચીજનું કાર્ય કરી શકું એવો હું છું જ નહિ. તેમ હું કેવો છું? કે મારા સિવાયના પુણ્ય-પાપના વિકલ્પો જે આસ્રવતત્ત્વ ભાવબંધરૂપ છે એનો પણ કર્તા અને કર્મ એ મારા સ્વરૂપમાં એ હું છું જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

અને ત્રીજી ભૂમિકામાં હું એક વસ્તુ છું શુદ્ધ. એમાં વળી આ કર્તા ને કર્મ—કાર્ય એ સમ્યક્ ધર્મનું આનંદનું કાર્ય મારું અને એનો હું કર્તા. એ આનંદની દશાનું સાધન ધર્મનું હું, એ આનંદ મેં મારામાંથી પ્રગટ કર્યો, મેં રાખ્યો અને મારા આધારે થયો. કહે છે કે એવા ભેદ તે અશુદ્ધ છે. એવા ભેદ મારામાં છે નહિ. આહાહા..! કહો, સમજાણું કાંઈ? ઓલા શિષ્યે પૂછ્યું છે કે મહારાજ! આ પુણ્ય-પાપના દુઃખરૂપ ભાવથી હવે કેમ છૂટાય? અને આત્મા આત્મામાં કઈ રીતે આવી શકે? કે જેથી એના જન્મ-મરણ મટે. ત્યારે આ એનો ઉત્તર દેવામાં આવે છે.

પહેલો આવો નિર્ણય કર કે હું વિજ્ઞાનઘન સ્વભાવને લઈને એક છું. અને ષટ્કારકના પ્રકારોની અનુભૂતિના ભેદો, એનાથી પાર ઉતરેલો હું એકરૂપે અનુભૂતિ શુદ્ધ છું. ત્રિકાળની વાત છે હોં! આ અનુભૂતિ એટલે પર્યાયની વાત નથી. સમજાણું કાંઈ? હજી એમાં બેસવું કઠણ પડે એને. જ્યાં હોય ત્યાં હું કરું છું ને હું હોઉં તો આ થયું, હું હોઉ તો આ થયું. તું હોય તો તેમાં થયું? કે તે હોય તો તેમાં થયું? તે હોય તો તેમાં થયું અને તું હોય તો તેમાં થયું? ભ્રમ છે અજ્ઞાનીનો. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં તો કહે છે કે હું છું તો વિકાર થયો. તારામાં વિકાર છે? વસ્તુ વિકાર છે? વસ્તુ સચ્ચિદાનંદ નિર્મળાનંદ પ્રભુ છે. તું છો તો વિકાર થયો? સમજાણું? તું છો તો વિકાર થયો તો એનો અર્થ થયો કે વિકારની ખાણ તું છો. આત્મા એવો છે નહિ. આત્મા તો નિર્વિકારી આનંદકંદ સ્વરૂપ છે અને તું એમ માને કે હું આ વિકારનો કર્તા અને વિકાર મારાથી થયો. એ તેં આત્માને વિકારમય માન્યો પણ એવો છે નહિ. માટે તારી દૃષ્ટિમાં જ મોટી ભૂલ છે. કહો, સમજાય છે કાંઈ? આહાહા..!

'**સર્વ કારકોના સમૂહની...**' છ કારકો શબ્દે અંતરના ભેદની વાત છે હોં. '**કારકોના સમૂહની પ્રક્રિયા...**' એટલે ભેદદશા એનાથી '**પાર ઊતરેલી...**' એટલે એનાથી રહિત '**જે નિર્મળ અનુભૂતિ...**' હું તો એકરૂપ અનુભવસ્વરૂપ એટલે ત્રિકાળ આનંદમૂર્તિ એકરૂપ અભેદ છું. એને લઈને શુદ્ધ છું. જુઓ! આને લઈને હું શુદ્ધ છું. ભાષા જુઓ. છઠ્ઠીમાં પૂછયું હતું ને શુદ્ધ કેમ? આવો શુદ્ધ છું. ભેદ મારામાં નથી માટે હું શુદ્ધ છું. અરે..! આ તે નિર્ણય કેટલો કરવો એણે?

મુમુક્ષુ :- સહેલું તો કરીને બતાવે છે.

ઉત્તર :- એ તો કહે છે. સહેલામાં સહેલી ભાષાના આ કથન છે.

ભાઈ! તને તું ને તું છો તેને પામવો હોય તો તું કેવો છો એવો તારો પહેલા રાગ દ્વારા નિર્ણય કરવો જોઈએ. કેવો છો તું? ત્યારે જેવો છે તેવો એનો વિકલ્પ દ્વારા નિર્ણય ન કરે અને વિકલ્પ દ્વારા બીજી રીતે નિર્ણય કરે તો તે ભૂમિકામાં પ્રવેશ કરી શકશે નહિ. ભૂમિકા જ ખોટી છે, અંદરમાં જઈ શકશે નહિ. એ આત્માને પ્રાપ્ત કરી શકશે નહિ. ઘણાને હોય છે ને? અમે આ પ્રવૃત્તિ કરીએ છીએ શુભની આદિ એ અમે નિવર્તવા માટે છે. એમાંથી અમે નિવર્તશું એને લઈને. શ્રદ્ધામાં મોટું શલ્ય છે. અમે આ પ્રવૃત્તિ કરતાં કરતાં અમારા કર્મ ખપી જશે. અને અમારા એમાંથી પ્રવૃત્તિમાંથી વિકાર જઈ અને નિર્વિકારી થશે. એની શ્રદ્ધામાં જ મોટા મિથ્યાત્વના શલ્ય પડ્યા છે. આત્મા એવો નથી અને એમ માને છે. સમજાણું કાંઈ? આ તો સમજાય એવી વાત છે. આ કાંઈ બહુ ઝીણી નથી એવી. પણ કોઈ દી

એણે દરકાર જ કરી નથી. અનંત કાળ થયા. ટાણા આવ્યા ત્યારે ભૂલી ગયો છે એ. ટાણા આવ્યા ત્યારે ચૂકી ગયો. ટાણા નહોતા ત્યારે કાંઈ હતું નહિ સાંભળવાનું, સમજવાનું. મનુષ્યદેહના ટાણા આવ્યા. સમજાય છે? .. ગાતા હતા ઈ. 'મનુષ્યદેહના ટાણા રે વાલિડા પાછા એ નહિ રે મળે. મનુષ્ય દેહના ટાણા રે...' ટાણા સમજ્યા? વખત, સમય. 'મનુષ્ય દેહના ટાણા રે વાલિડા રે તને નહિ રે મળે, એ ઊંટના ભવમાં તેં કંથારીના કોરડા ખાધા.' ઊંટના ભવમાં કંથારીના છોડ થાય. વણી વણીને મારે. ઓલા રેતીમાં ન ચાલી શકે ને બરાબર. ત્યાં રખડીને મર્યો છો. અરે..! તને ટાણા આવ્યા અને તું સમજ્યો નહિ અને ક્યાંક ભરાઈ પડ્યો. કો'કનું કરી દઉં, આનું કરી દઉં અને આની કરી દઉં. મરી ગયો પણ. એય..! રતિભાઈ! કેમ શેઠી! છોકરાનું કરી દઉં, બાયડીનું કરી દઉં. ધૂળેય કરી શકતો નથી. સાંભળને. અભિમાન તારા મિથ્યાત્વના ભ્રમ પડ્યા છે મોટા.

અહીં તો કહે છે કે વસ્તુ એકરૂપ એમાં છ કારકના ભેદ પાડવા એ ભ્રમ છે. આહાહા..! પરના કર્તા-ફર્તા તો ક્યાંય ગયો. એકરૂપ શુદ્ધ ચૈતન્ય અભેદ વસ્તુ એમાં છ પ્રકારના ધર્મના કારણમાં કર્તા આદિની પર્યાયના ભેદો મારામાં નથી. એવું સમ્યગ્દર્શનનો વિષય આત્મા ધ્યેય આવો છે એમ એણે નિર્ણય કરવો જોઈએ. એ નિર્ણય કર્યા વિના વિકલ્પ તૂટશે નહિ એનો. આવો આત્મા છે એવો નિર્ણય કરશે પછી સ્વરૂપમાં જતાં વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ અનુભવ થશે. એ વિના કોઈ રીતે આત્માનું જ્ઞાન અને આત્માનો અનુભવ થશે નહિ. સમજાણું કાંઈ? રીત દે બીજી અને મળે ત્રીજું. ચાલવું ઊગમણું મુઠીયું વાળીને મૂક્યું આથમણું. ..ભાઈ! ખબર નથી, ભગવાન! તું કોણ છો? કેવો છો? ક્યાં છો? કેમ છો? એની તને ખબર નથી.

મુમુક્ષુ :- .. રીત બતાવો.

ઉત્તર :- તો આ શું કહેવાય છે આ? લે બતાવો (કહે છે). શું આ કહેવાય છે? બે જણા છે ને. નવરા નથી ને .. એટલે. બીજા છોકરાઓવાળાને પણ હોળી, આને પણ હોળી બધાને ભેગી. નિવૃત્તિ કરે આ અમારે કરી દયો. તમે કરી દયો કાંઈક એમ કહે છે.

મુમુક્ષુ :- ગુરુ ધાર્યા...

ઉત્તર :- પણ કોણ છે ગુરુ અને કોણ શિષ્ય છે જ ક્યાં આત્મામાં? આત્માને ગુરુ ને આત્મા શિષ્ય એમ છે જ નહિ આત્મામાં.

મુમુક્ષુ :- એની પર્યાયમાં તો છે ને.

ઉત્તર :- પર્યાયમાં પણ નથી. કહો, સમજાણું કાંઈ? આહાહા..! કહો, જયંતિભાઈ! શું છે આ? બતાવી દ્યો એટલે તમે કરી દયો કો'ક એમ? આ તો સહેલામાં સહેલી વાત,

સહેલામાં સહેલી વાત છે આ. એટલે કે જેવું સત્ છે, જેવું સ્વરૂપ છે એ સરળ છે, જેમ છે તેમ તેની જાતને તેની ભૂમિકામાં રાગમિશ્રિત વિચારમાં નિર્ણય કરવો પડશે. એ વિના આ સત્યના અંતરનો અનુભવ એને થઈ શકશે નહિ. એટલે જન્મ-મરણ ટળશે નહિ અને સમ્યગ્દર્શન થશે નહિ. કહો, સમજાણું આમાં?

'**શુદ્ધ છું;...**' હું એક છું અને શુદ્ધ છું. બે શબ્દનો અર્થ થયો આટલો. '**પુદ્‌ગલદ્રવ્ય જેનું સ્વામી છે એવું જે ક્રોધાદિભાવોનું વિશ્વરૂપપણું તેના સ્વામીપણે પોતે સદાય નહિ પરિણમતો હોવાથી મમતારહિત છું;...**' શું કહે છે હવે? આ પુણ્ય ને પાપના ભાવ થાય છે ને, શુભ ને અશુભ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, શુભભાવ. અને અશુભ-હિંસા, જૂઠું આદિ. એ પરોપકારના ભાવ. એ બધોય પાપભાવ, પુણ્યભાવ વિકારભાવ છે. એ પુદ્‌ગલદ્રવ્ય જેનું સ્વામી છે. એ વિકારી ભાવનો ધણી પુદ્‌ગલ છે. હું એ રીતે પરિણમું વિકારપણે એ મારામાં છે જ નહિ. આહાહા..! ભાષા અહીં લાવ્યા. જુઓ! રાગપણે પરિણમું એવું મારામાં છે જ નહિ. વીતરાગવિજ્ઞાનઘન મૂર્તિ હું છું. એ રાગપણે પરિણમે એવું મારામાં છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? શું કહે છે જુઓ!

'**પુદ્‌ગલદ્રવ્ય જેનું સ્વામી છે...**' જડ પુદ્‌ગલ એનો ધણી છે. '**એવું જે ક્રોધાદિભાવોનું...**' એટલે પુણ્ય-પાપના ભાવ. આત્મા જ્ઞાન શુદ્ધ આનંદમૂર્તિ એનાથી વિરુદ્ધ ભાવ. ક્રોધ શબ્દે દ્વેષનો ભાવ ક્રોધ અને માન. રાગના ભાગ માયા ને લોભ. એટલે ક્રોધ, માન, માયા, લોભ એનો સ્વામી પુદ્‌ગલ છે. ભાવોનું વિશ્વ. વિશ્વ એટલે અનેકપણું. પુણ્ય-પાપના ભાવો વિશ્વ એટલે અનેકપણું. પુણ્ય-પાપના અસંખ્ય પ્રકાર એવું જે વિશ્વરૂપ નામ અનેકપણું '**તેના સ્વામીપણે...**' તેના ધણીપણે. એ દયા, દાન, વ્રતના વિકલ્પના ધણીપણે '**પોતે સદાય નહિ પરિણમતો...**' વસ્તુ ભગવાન આત્મા વિકાર પુણ્યપણે નહિ પરિણમતો એવો એનો સ્વભાવ છે. આહાહા..! કહો, શેઠ! શું છે? બીડીના કામ કરી શકું એવો હું નથી. વિશ્વ એટલે અનેકપણું. પુણ્ય-પાપના અનેકપણાના ભાવ, તે પણે હું છું એવો હું નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

'**પુદ્‌ગલદ્રવ્ય જેનું સ્વામી છે...**' જેનો ધણી પુદ્‌ગલ પરિણામ પુણ્યના એનો સ્વામી પુદ્‌ગલ છે. આહાહા..! એ દયા, દાન, વ્રત, ભક્તિ, પરોપકારના પરિણામનો ધણી પુદ્‌ગલ છે, હું નહિ. એ ઝેરનો ધણી ઝેર છે, હું નહિ. હું તો અમૃતની મૂર્તિ આત્મા છું. આહાહા..! અમૃત એ ઝેરપણે કેમ પરિણમે? એમ કહે છે, ભાઈ! હું તો અમૃતસ્વરૂપ છું એ ઝેરપણે કેમ પરિણમું? મારામાં છે જ નહિ ને. એ રાગના ઝેરપણે પરિણમવાનો સ્વામી તો પુદ્‌ગલ છે. એ પણે હું થાઉં એવું મારામાં છે જ નહિ. આહાહા..! આ તે વાત. રાગપણે થવું

એવો એનો સ્વભાવ હોય તો રાગ રહિત થઈને સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિ તો કોઈ દી મળશે નહિ. શોભાલાલજી! બહુ ગાથા ઊંચી છે. અમારા વેલજીભાઈએ પ્રશ્ન પૂછયો એવું જ સામે આવ્યું. એવું જ સામે આવ્યું છે આ. ... ભાઈ આવ્યા ને. એ પૂછયું હતું કે મહારાજ! આ આત્માનું કેમ ભાન થાય? કીધું, આજે આવો. રોકાવાના જ હતા. ભાઈ આવ્યા હતા. પાલિતાણાથી ભાઈ છે ને એક. એ લાવે છે. કોઈ કોઈ મહેમાન હોય ને ઘણી વખત લાવે છે. ભાઈ છે. સમજાણું કાંઈ? આહાહા..!

શું કહે છે? જે શિષ્યને એમ પ્રશ્ન થયો કે, મહારાજ! મારા સ્વરૂપની પ્રાપ્તિ થવામાં શું મને રોકે છે? અને (જે) રોકે છે તેનું રોકાણ કેમ અટકે? આહાહા..! સમજાય છે કાંઈ? એના ઉત્તરમાં જવાબ છે આ. સંતોનો સર્વજ્ઞ પરમેશ્વરનો, ત્રિલોકનાથ વીતરાગદેવનો, મુનિઓનો અને જ્ઞાનીઓનો આ ઉત્તર યથાર્થ અંતરથી આવેલો આ છે. આહાહા..! કહે છે, ભગવાન! તારે તને પામવો છે ને? તને તારું જોવું છે ને? તને તારા સ્વરૂપની પ્રાપ્તિ કરવી છે ને? તો તારું સ્વરૂપ કેવું છે એ પહેલો યથાર્થ સર્વજ્ઞે જોયેલો, કહેલો, અમે કહીએ છીએ આવો છે એવો નિર્ણય કર. સમજાણું કાંઈ? આહાહા..! બહુ સહેલું અને ઘણું સરળ અને ઘણું સુગમ. કહો, આમાં કાંઈ કહે છે, હીરા-માણેકનો ધંધો કરી શકતો નથી. પ્રસન્નભાઈને પ્રસન્ન કરી શકતો નથી એમ કહે છે. આહાહા..! એ દીકરા-દીકરીના પ્રસંગ કરી શકું એ મારામાં છે જ નહિ એમ કહે છે. અરે..! દીકરા-દીકરીના પ્રસંગનો વિકલ્પ ઉઠ્યો હતો અશુભ એ પણે હું પરિણમું એવું મારું સ્વરૂપ જ નથી. આહાહા..! રતિભાઈ! બફમ જેવું લાગે એમ છે.

મુમુક્ષુ :- દાખલો આપીને સમજાવો.

ઉત્તર :- આ દાખલો કીધો ને. એ દેહની ક્રિયા જે છે એ તો જડતી થઈ છે. દીકરો જે જન્મ્યો છે એ તો આત્મા અને પરમાણુનો સંયોગ. એ તો સ્વતંત્ર દ્રવ્ય બહાર આવ્યું છે. એ તારાથી દીકરો થયો છે? અને તારે વિકલ્પ આવ્યો કે હું આ લઉં એ વિકલ્પ અશુભરાગ છે. એ અશુભરૂપનું પરિણમન દ્રવ્યનું છે? જો વસ્તુનું પરિણમન હોય તો વસ્તુ તો કોઈ દી છૂટે નહિ. માટે હું દ્રવ્ય જ એવો છું, પુણ્ય-પાપપણે પરિણમું સદાય એવું મારું સ્વરૂપ જ નથી. ત્રણે કાળે પુણ્ય-પાપપણે હું છું એવો મારો સ્વભાવ જ નથી. સમજાણું કાંઈ? આહાહા..! કહો, ચંદ્રકાંતભાઈ! શું હશે આમાં? હુશિયારમાં શું કામ આવે બહારમાં?

મુમુક્ષુ :- કારખાનામાં બીજું શું?

ઉત્તર :- કારખાનામાં કામ આવે કે નહિ? ઓલું પીત્તળનું? નહિ? આહાહા..!

કહે છે, ભાષા તો જુઓ! ઓહોહો..! ત્રણ બોલમાં તો... '**પુદ્ગલદ્રવ્ય જેનું સ્વામી છે...**' અરે..! વિકારની વિષ્ટા ઉત્પન્ન થઈ પુણ્ય-પાપનો ભાવ ઝેર. એ ઝેરનો સ્વામી પુદ્ગલ

હોય. ભગવાન હું તો અમૃતસ્વરૂપ છું ને. જ્ઞાનાનંદની મૂર્તિ છું. એ ઝેરપણે પરિણમું, થાઉં એ મારું કોઈ દી સ્વરૂપ જ નથી એવું. આહાહા..! સમજાણું કાંઈ? એ શુભ પરિણામે હું થાઉં એવો હું છું નહિ. છે ને? શબ્દો પડ્યા છે એમાં સીધા. આ તો હિન્દી છે, ગુજરાતી છે. ચોખ્ખું છે. આમાં કાંઈ સંસ્કૃત ને વ્યાકરણ પ્રસન્નભાઈ! કોઈ આમાં ભણવું પડે એમ નથી આમાં. આહાહા..! ભારે!

'**પુદ્ગલદ્રવ્ય જેનું સ્વામી છે એવું જે ક્રોધાદિભાવોનું...**' પુણ્ય-પાપના ભાવ. ક્રોધ એટલે આત્માના સ્વભાવથી વિરુદ્ધ ભાવ એનું '**વિશ્વરૂપપણું (અનેકરૂપપણું)...**' પુણ્યના અસંખ્ય પ્રકાર, પાપના અસંખ્ય પ્રકાર. દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રતાદિ, નામસ્મરણાદિ ઘણા પ્રકાર. સત્ય બોલવું, દત્ત આદિ, બ્રહ્મચર્ય વિકલ્પ આદિની જાત. એમ હિંસા, જૂઠું, ચોરીના પણ અનેક પ્રકારના પરિણામ હોં ભાવ. એવા જે અસંખ્ય પ્રકારનું. વિશ્વરૂપ એટલે અસંખ્ય પ્રકાર. '**તેના સ્વામીપણે...**' તેના ધણીપણે હું '**સદાય નહિ પરિણમતો હોવાથી મમતારહિત છું;...**' આહાહા..! રાગરૂપે હું છું, પરિણમું એવો હું નથી. માટે રાગની મમતારહિત મારી ચીજ છે. સમજાણું કાંઈ? આમાંથી ક્યાંય પણ જો કાંઈક બોદું હશે શ્રદ્ધામાં, તો એનો વિકલ્પનો નિર્ણય જ જ્યાં ખોટો છે એ સત્‌ને અંદરમાં સાક્ષીરૂપે થઈ શકશે નહિ. કહો, સમજાણું કાંઈ? બહુ આ તો મીઠી સરળ વાત છે.

'**તેના સ્વામીપણે પોતે...**' એટલે આત્મા '**સદાય...**' ત્રણે કાળ '**નહિ પરિણમતો હોવાથી...**' વસ્તુ ભગવાન આત્મા વિકારપણે થાય એવો હું છું જ નહિ એમ કહે છે. આહાહા..! નવી એટલે બધું કાઢી બીજી રીતે કાઢ્યું આ. મૂળ તો '**भूदत्थमस्सिदो खलु**' ભૂતાર્થનો આશ્રય કરાવાની શૈલીના અનેક પ્રકારો. સવારમાં આવે છે. આ તો એક જ પ્રકારને ઘૂંટ્યો ચારે કોર. કહો, વજુભાઈ! કહો, આ ઈજનેરનું કરી શકે કે નહિ? હુશિયાર થઈને ન કરે? એ ન કરે પરનું, પણ વિકલ્પ તો કરી શકે એવો તો સ્વભાવ ખરો કે નહિ? આહાહા..! આ દેરાસર તો કરી શકે નહિ, પણ દેરાસર કરવાનો જે શુભભાવ એ પણે હું પરિણમું એવો મારો સ્વભાવ નહિ એમ કહે છે. આહાહા..!

ભગવાન! તું તો જ્ઞાનરૂપે અને આનંદરૂપે થા એવો તારો સ્વભાવ છે. રાગ અને વિકારરૂપે થા એવો તારો સ્વભાવ છે? સ્વભાવ એવો હોય? ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, સત્‌, જ્ઞાન ને આનંદનો કંદ એ તો સચ્ચિદાનંદ છે. એ રાગરૂપે પુણ્યપણે પરિણમે એવો એનો સ્વભાવ છે. એમ પહેલો નિર્ણય કરવો પડે કે પુણ્યપણે હું થાઉં એવો મારો સ્વભાવ જ નથી. આહાહા..! ભારે વાત, ભાઈ! આ જાત્રા મોટી શેત્રુંજય, સમ્મેદશિખરની. એ જાત્રા તો દેહની ક્રિયા એ તો ન કરે આત્મા, પણ એના સંબંધીનો જે શુભભાવ એ પણે હું

પરિણમું, એ રૂપે હું થાઉં એવો મારો સ્વભાવ નથી. અધ્ધરથી થાય છે એનો હું જાણનાર દેખનાર છું. એય..! ચંદ્રકાંતભાઈ! હજી એને ત્યાં કરવું છે ને ૮૦ની સાલમાં. કહો, સમજાણું આમાં? એય.. ભીખાભાઈ! આહાહા..!

વાહ રે ભગવાન! જો તો ખરો તું. એ તારા રૂપમાં અને તારા સ્વરૂપમાં શું શું છે અને શું નથી? શું છે એ પહેલું કીધું. અખંડાનંદ પ્રત્યક્ષ છું એવો અને વિજ્ઞાનઘન એ હું છું. અને આ ષટ્કારકના ભેદોમાં હું નથી. અને રાગરૂપે, વિકલ્પરૂપે, અરે..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવે હું પરિણમું એવો હું છું જ નહિ. ગજબ વાત છે. એય..! દર્શનવિશુદ્ધિ ભાવના ભાય, ષોડષકારણ ભાવના આવે છે ને? તીર્થંકર પરમગુરુ હોય. બખબખીયા વગાડે. જાણે એમાં ધર્મ થઈ જશે. એય.. પ્રસન્નભાઈ! તમારે છે ને બાગમાં ભગવાન છે અંદર. બાગમાં નથી કર્યા? તમારે બાગ ઘરે. આહાહા..!

અહીં કહે છે, હો, પણ એ ક્રિયા આત્મા કરી શકે અને એના સંબંધીનો જે શુભરાગ એ રૂપે જીવનું પરિણમન આત્માનું (થાય) એવું એનું સ્વરૂપ નથી. જ્ઞાનમાં તે રાગ જ્ઞેય તરીકે પુદ્ગલ સ્વામી તેને હું જાણું. એ રૂપે હું પરિણમું એવો હું છું જ નહિ. નામસ્મરણ ભગવાનનું. ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા સર્વજ્ઞદેવનું નામસ્મરણ એ વિકલ્પ શુભરાગ. એ રૂપે હું પરિણમું એવો મારો સ્વભાવ નથી એમ નિર્ણય કરે પહેલો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ એના માટે તો વાત કહે છે. ઓલો કહે, ભાઈ! અમને કેમ હવે આત્મા મળે? ત્યારે જેવો છે એવો નિર્ણય કર તો મળે. કેમ? વેલજીભાઈ!

એક માણસ કહે કે ભાઈ આ પાંચ કરોડનો આસામી છે, રૂપાળો છે, છોકરા આઠ છે, બંગલાવાળા છે. એમાંથી કાંઈક વિરુદ્ધ કહે કે બંગલા નથી, એને છોકરા નથી, એને રૂપિયા નથી, રૂપાળો નથી. તો એ વસ્તુને ઓળખતો નથી. ઓળખતો નથી એને. એમ આત્મામાં આ ચીજ છે, આ ચીજ છે અને બીજી નથી એમ ન માને તો એ આત્મા કેવો છે એના હજી નિર્ણયના ઠેકાણા નથી. કોને ઓળખશે અને કોને પહોંચશે એ? સમજાણું કે નહિ?

મુમુક્ષુ :- પિછાનવા માટે વાત છે.

ઉત્તર :- પિછાનવા માટે વાત છે. આ તો હજી તો વિકલ્પની ભૂમિકામાં—આંગણામાં આવ્યો, (એ) આત્મા આવો છે એમ નિર્ણય કરે છે. પછી આંગણું ઓળંગીને અંદર વેદે ત્યારે એને અનુભવ થાય. પણ આંગણામાં જ કાચા, આંગણા જેના કાચા એ પ્રવેશ કેમ કરે? કો'કને આંગણે ચડીને માન્યું કે આંગણામાંથી ગરી જઈશું આ ઝવેરીની દુકાનમાં. હોય કોઈ વાઘરીની દુકાન. વાઘરી પણ મોટા પૈસાવાળો હશે ને અત્યારે તો ઘણા. સમજાય છે

કાંઈ? અને ઓલું .. મોઢા બતાવ્યા. મુંબઈમાં .. થપ્પી મોઢા આગળ એવી મોટી. આ પાછળ પોલાણ. મોટી થપ્પી. કેટલા રૂપિયા રાખ્યા અને કેટલા લાખો મળ્યા. એક થપ્પી રાખે આમ આડી. આમ .. ઓહોહો..! ભર્યું લાગે છે મોટું. કેટલા ધીરવા આવ્યા? સરખાઈના પડ્યા, બે-ત્રણ લાખ ઉપાડીને વયો ગયો. દુકાન એમ ને એમ રાખી. દેવાળુ કાઢ્યું. ઘણા વર્ષની વાત છે. મુંબઈમાં. સમજાણું કાંઈ? બહારના દેખાવ ખોટા વિકલ્પના કરીને જાણે એમાં માલ ભર્યો છે અંદર. માલ વિકલ્પની પાર ચીજ છે. એવી જેને ખબર નથી. અરે.. વિકલ્પ રાગપણે પરિણમવું એવો મારો સ્વભાવ નથી. આહાહા..! ભગવાનજીભાઈ! આહાહા..!

એ તો વળી કારક કાઢી નાખ્યા. હવે હું પરિણમું એવો હું નથી. રાગના પુણ્ય પરિણામનો કર્તા એ મારું કામ અને કરણ એ તો મારામાં છે જ નહિ. પણ એ રાગપણે થવું? (કે) આત્મા (થવું)? હું તો જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય વસ્તુ છું. એ વસ્તુ આનંદરૂપી એ ઝેર રૂપે થાય? ત્રણ કાળમાં નહિ. સમજાણું કાંઈ? કહો, ચીમનભાઈ! શું છે આમાં? બરોબર છે. ભારે માર્ગ, ભાઈ! ઓલા તો કહે આમ કરો. કરતા કરતા થાશે. ભક્તિ કરો ભગવાનની. પૂજા કરો, વ્રત પાળો, અપવાસ કરો સરખાઈના. ૨૫-૫૦. સૂકાઈ જાને. આ આત્માને આવો નિર્ણય કર્યા વિના પ્રાપ્ત થાય એવો નથી. એય.. પોપટભાઈ! આટલો આહાર મેં છોડ્યો. એ જડ છે એને છોડ્યો તું? મેં આહાર છોડ્યો. દૃષ્ટિ મિથ્યાત્વ છે અને આહાર છોડવાનો વિકલ્પ જે શુભ આ એનો સ્વામી થાય તો મિથ્યાત્વભાવ છે. એ પણે હું થાઉં છું એમ માને તો દ્રવ્યની દૃષ્ટિ વસ્તુની ખબર નથી. વિકલ્પમાં પણ વસ્તુની ખબર નથી. સમજાણું કાંઈ?

જુઓ! શેનો અર્થ ચાલે છે આ? એ '**હું...**' '**अहमेक्को खलु सुद्धो णिम्ममओ**' આ '**णिम्ममओ**'ની વ્યાખ્યા ચાલે છે. હું નિર્મમત્વ છું. નિર્મમત્વની વ્યાખ્યા શું? હું મમતારહિત છું એની વ્યાખ્યા શું? કે રાગપણે પરિણમું નહિ એવો હું છું એનું નામ મમતારહિતપણું છે. રાગપણે પરિણમવું માનવું અને મમતારહિત માનવું-બે બની શકે નહિ. સમજાણું કાંઈ? છે કે નહિ એમાં? અંદર છે કે નહિ? કાંતિભાઈ! જુઓ અંદર. હવે કેટલાક કહે, સોનગઢ આમ કહે છે. સોનગઢવાળા આમ નિશ્ચયની વાત કરે છે. વ્યવહારને ઉડાવે છે. પણ સાંભળને! તારામાં વ્યવહારપણે પરિણમવું એવો તું નથી એમ કહે છે. આહાહા..! છે એમાં જુઓને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનું ક્યાં છે? પણ આ તો વ્યવહાર. હવે તને વ્યવહારની શી ખબર? વ્યવહારને માનતા નથી. નિશ્ચયને જ માને. વ્યવહાર એટલે? દયા, દાન, વ્રત, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ એ વ્યવહારપણે પરિણમું એવો હું નથી. થાઉં એવો ... તો નથી, પણ એ રૂપે

પરિણમું એવો હું નથી. આહાહા..! એવો વિકલ્પમાં મનના સંગમાં આવી જાતને નિર્ણય કર્યા વિના એને સમ્યગ્દર્શનની ભૂમિકા પણ સાચી નથી. સમ્યગ્દર્શન થઈ શકે નહિ. કહો શેઠ! આહાહા..! બહુ સારી આવી. ભાઈએ પ્રશ્ન કર્યો તો કુદરતે આવ્યા હશે તો પુણ્ય લઈને આવ્યાને એટલું. ભાઈએ પ્રશ્ન અંદર આવીને કર્યો. ઓરડીમાં. મેં કીધું, આજે ગાથા આવી છે. સાંભળજો. આ તો સમજાય એવું છે હોં! બાળકોને સમજાય એવું છે. આમાં કાંઈ કોઈ સંસ્કૃત ને વ્યાકરણ મોટી પંડિતાઈની જરૂર નથી. કાશીના પંડિતની. અહીં તો આત્માના પંડિતની જરૂર છે. આહાહા..! અમરચંદભાઈ! આહાહા..!

ભગવાન! તું એવો નિર્ણય કર. હજી તો રાગની ભૂમિકામાં હોં! હજી સમ્યગ્દર્શન પછી. જ્યાં ઈ કહે છે કે રાગની ભૂમિકામાં પણ આ ચીજ આવી છે ને તેવી છે એની પણ જેને યથાર્થપણે ખબર નથી એની તો ભૂમિકા વિકલ્પના નિર્ણયની ભૂમિકા ખોટી છે. એની દિશા તો બહારમાં જશે. બહાર દશા જશે. અંદરમાં જશે નહિ. આહાહા..! પુણ્યને હું કરી શકું છું, પુણ્યપણે પરિણમી શકું છું, એ વ્યવહાર સાધન થઈ શકે છે. એની દૃષ્ટિ તો બહાર મૂકી, બહિરૂપે પરિણમન એ દૃષ્ટિ એની ખસશે નહિ. અને બહિર્મુખ દૃષ્ટિ નહિ ખસે એટલે અંતર્મુખમાં જઈ શકશે નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

જેનો જે સ્વામી એની એ ચીજ એનાથી જુદી ન હોય. કહે છે કે રાગ ને દયા, દાનના વિકલ્પનો જો સ્વામી થાઉં તો મારાથી જુદી ન રહે એટલે હું એનાથી જુદો રહી શકું નહિ. સમજાણું કાંઈ? આહાહા..! રાડ પાડે કે નહિ? દયાના પરિણામ એનું પરિણમવું એવો હું નથી એમ કહે છે. ઓલો કહે કે દયાના પરિણામ એ કરુણા એ આત્માનો ધર્મ છે. અરે.. ભગવાન! શું કરે છે તું આ? આહાહા..!

જ્ઞાનની મૂર્તિ પ્રભુ, આનંદનો સાગર આત્મા એ શુદ્ધપણે પરિણમે એ એનો સ્વભાવ, પણ રાગપણે પરિણમે, એ પુણ્યપણે પરિણમે એ એનો સ્વભાવ છે. એવો જેણે નિર્ણય કર્યો કે હું પુણ્યપણે પરિણમવાને લાયક છું તો મિથ્યાદૃષ્ટિ વિકલ્પમાં પણ આત્માને જાણતો નથી. સમજાણું કાંઈ? લ્યો, એ ત્રણ બોલ થયા.

માટે આ કારણે હું મમતારહિત છું. રાગની પર્યાય વિકારીપણે હું છું એવો નથી. માટે મને રાગ ને પર પ્રત્યેની મમતા નથી. હું તો જ્ઞાયક ચિદાનંદ છું. એવો નિર્ણય રાગમિશ્રિત વિચારમાં કરતા પછી વિકલ્પના ચક્રમાં પડ્યો છે. છોડ. અભેદ દૃષ્ટિ કરતાં નિર્વિકલ્પ થઈ જાય છે. એ નિર્વિકલ્પ દૃષ્ટિ તેનું નામ સમ્યગ્દર્શન અને આત્માનો સાક્ષાત્કાર છે. કહો, સમજાણું કાંઈ? વિશેષ કહેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૬, ગુરુવાર તા. ૨૯-૮-૧૯૬૮**
**ગાથા-૭૩, પ્રવચન-૬૧૨**

ત્રીજો આ સરવાળો. ચારિત્રનો એક ભેદ છે. આર્જવતા. એનો આ ત્રીજો બોલ છે.

**जो चिंतेइ ण वंकं कुणदि ण वंकं ण जंपए वंकं।**
**ण य गोवदि णियदोसं अज्जवधम्मो हवे तस्स।।३९६।।**

કહે છે, જે કોઈ જીવ કુટિલ વિચાર નહિ કરતાં. કુટિલ વિચાર ન કરવો એનું નામ સરળતા. .. દસ પ્રકારના ધર્મમાં ... પુણ્યબંધનું કારણ પણ કહ્યું છે આને. એ બે પ્રકાર છે. દસ પ્રકારના છે ને. એ ગાથા છે. એ વાત પહેલી આવી ગઈ હતી. પણ કો'કે કહ્યું હતું કે આના દસ પ્રકાર છે ને? ૪૧૦ કે એટલામાં છે ક્યાંક. ૪૦૯.

**एदे दहप्पयारा पावंकम्मस्स णासया भणिया।**
**पुण्णस्स य संजणया पर पुण्णत्थं ण कायव्वा।।४०९।।**

૪૦૯ ગાથા છે. એટલે કે મનની સરળતા, વચનની સરળતા અને કાયાની સરળતા. એવા ચાર બોલ તો આવે છે ને. શુભ નામકર્મ બાંધવામાં. તત્વાર્થસૂત્રમાં આવે છે. વાંચ્યું છે કે નહિ તત્ત્વાર્થસૂત્ર? નામ કર્મના ચાર પ્રકાર શુભ-પુણ્ય બાંધવામાં આવે છે. કાયાની સરળતા, વચનની સરળતા, મનની સરળતા, ... કહેવાય. સમજાય છે કાંઈ? એ વાત તમારે તો ઘણા વર્ષ પહેલા .. આવે છે ને ચાર પ્રકાર નામકર્મ કહ્યું ને બાંધવાનું? એ ૮૨ની સાલમાં ચર્ચા જામનગરમાં થઈ. .. બધા એમ કહે કે આ ધર્મ છે. આ કાયા .. એ નથી તમારા. જ્ઞાનસાગરમાં લખ્યું છે કીધું જુઓ. કાયાની સરળતા, મનની સરળતા, વચનની સરળતા અને વિસંવાદ રહિત જો વર્તે તો શુભ પુણ્ય બંધાય. એ ધર્મ નથી. શુભ નામકર્મ બંધાય એમાં. સમજ્યા?

આ જે છે, આ જે છે અંદરમાં ધર્મની વાસ્તવિકતા. એ તો જ્ઞાતા-દૃષ્ટાના અંતર ભાનસહિત, કુટિલતાના રહિત સ્વભાવની શુદ્ધતાની ઉત્પત્તિ થવી તેને અહીંયાં ધર્મ અને સંવર-નિર્જરા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? તો કહે છે કે જેને નથી વિચારની કુટિલતા, નથી કાયાની કુટિલતા. કાયામાં બતાવવું કાંઈક, કરે કાંઈક એ કુટિલતા. અને જેની વાતમાં નથી કુટલિતા- વચનમાં. તથા પોતાના દોષ છુપાવવા નહિ. ચોથો બોલ લીધો છે. પોતાનો દોષ હોય એને ઢાંકે નહિ. પોતે પાળી શકતો ન હોય એથી કરીને એ દોષ નથી એમ ઢાંકે નહિ. સરળતાથી પોતાનો દોષ હોય તે કબુલે. એ વાત ચાર પ્રકારની સરળતા આર્જવધર્મ કહેવામાં આવે છે.

એને સરળ ધર્મ (કહે છે). આત્મામાં ચારિત્ર વતીરાગી જે પર્યાય એનો એક આ ભાગ સરળતા કહેવામાં આવે છે. સમ્યક્ અનુભવની દૃષ્ટિ સહિત જો આ ચાર પ્રકારની સરળતા હોય તો તે શુદ્ધતામાં જાય છે. અને એની સાથે જરી વિકલ્પ હોય છે એ પુણ્યબંધમાં જાય છે. અજ્ઞાનીને આવા ચાર પ્રકારના સરળતા શુભભાવ આદિ હોય એ પુણ્યબંધમાં જાય છે. એને ધર્મદૃષ્ટિ અને ધર્મ હોતો નથી. કહો, સમજાય છે કાંઈ?

એવો સરળ ધર્મ આરાધન કરીને મહામુનિઓ સમર્થ હતા. જરી પણ દોષ હોય તો પણ એનું પ્રાયશ્ચિત લઈ ગુરુ પાસે બાળકની પેઠે તેને સરળતાપણે કહેતા કે આવો મને વિકલ્પ આવ્યો. એવો માર્ગ છે આ. નહિતર એ વક્રતાનું શલ્ય રહે. સમજાય છે ને? નિઃશલ્યોવૃત્તિ. વૃત્તિ તો નિઃશલ્ય હોય છે. સમ્યગ્દૃષ્ટિ-જ્ઞાની અને ચારિત્રવંતને માયાનું શલ્ય ન હોય, મિથ્યાત્વનું શલ્ય ન હોય, માયામાં આવી ને વક્રતા? એમ. અને ક્રિયાના ફળનું નિદાન ન હોય એને. એવી એને ત્રણ જાતની શલ્ય રહિત જે દશા એને અંતરમાં આત્મધર્મ ને શાંતિ અને મોક્ષનો માર્ગ કહે છે. આજે ત્રીજો દિવસ છે. સવારે તો બંધ હતું ને?

હવે આપણે ૭૩ ગાથા ચાલે છે. કર્તાકર્મ (અધિકાર). શિષ્યનો પ્રશ્ન છે કે, મહારાજ! કઈ વિધિથી આત્મા દુઃખથી નિવર્તે? આસ્રવોથી નિવર્તે એટલે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એની દશામાં દુઃખના ભાવ (છે). એ દુઃખના ભાવથી આત્મા અહીં આસ્રવો કહ્યા છે. એ આસ્રવો કાલે આવ્યું હતું ને? કે જેટલા વિકલ્પો તેટલું દુઃખ છે. એ બધા દુઃખરૂપી આસ્રવભાવ એને નિવર્તવાની વિધિ અને રીતિ શું છે? એમ શિષ્યનો પ્રશ્ન છે.

એના ઉત્તરમાં કહે છે કે પહેલો તો એણે આ નિર્ણય કરવો જોઈએ કે '**હું આ આત્મા-પ્રત્યક્ષ અખંડ અનંત ચિન્માત્ર જ્યોતિ-અનાદિઅનંત...**' છું. સમજાણું કાંઈ? એને લઈને હું એક છું. વિજ્ઞાનઘનસ્વભાવપણાને લઈને એક છું. દ્વૈત નથી. ભેદ કે વિકલ્પ એ હું નથી. અભેદ છું, એકરૂપ એકરૂપ છું. બાકી ષટ્કારકોના ભેદરૂપ ભાવ પણ હું નથી. ઓહોહો..! જુઓ! દુઃખથી નિવર્તવામાં પહેલો રાગમિશ્રિત વિચારમાં આ ભૂમિકામાં આવો એને નિર્ણય હોવો જોઈએ. કેમકે વસ્તુનો સ્વભાવ અને વસ્તુની સ્થિતિ એવી છે કે આત્મા પરનું તો કરી શકે નહિ, રાગનો કર્તા એ સ્વભાવ નહિ, પણ એના ભેદના કર્તાપણાનો ભાવ એ વ્યવહારનયનો વિષય તે અભૂતાર્થ છે, વસ્તુમાં છે નહિ. આહાહા..! એવા ષટ્કારકોથી રહિત છું, એકરૂપ છું. એકરૂપ અને ષટ્કારક ... માટે શુદ્ધ છું.

પછી ત્રીજો બોલ. પુણ્ય-પાપના ભાવ. આ જરી કઠણ હતો કાલે. પ્રશ્ન હતો ને એ ભાઈનો કે ભાઈ આ પુણ્ય-પાપના ભાવ કરે છે તો આત્મામાં. કાંઈ જડ નથી. અને અહીં કેમ કહ્યું કે રાગ-દ્વેષ અને પુણ્ય-પાપના ભાવનો સ્વામી પુદ્ગલ છે. એ સ્વામીપણે સદાય

ન થઉં એવો હું આત્મા છું. અથવા એવા શુભ-અશુભના રાગપણે સદાય ન પરિણમું એવો હું છું. સમજાણું કાંઈ? ખરેખર વસ્તુ છે ઈ ચૈતન્યજ્યોત છે. જ્ઞાનનો સ્વભાવ સચ્ચિદાનંદ પ્રભુ, એમાં એ પુણ્ય-પાપનો વિકલ્પ કે મિથ્યાજ્ઞાનાદિ પરિણામ છે જ નહિ એની વસ્તુમાં. એ વસ્તુના સ્વભાવની દૃષ્ટિએ જોતાં એ બધા ભાવો પુદ્‌ગલના લક્ષે, નિમિત્તે ઉત્પન્ન થયેલાં એ પુદ્‌ગલમાં જાય છે. કેમકે પુદ્‌ગલ જેમ અચેતન છે, એમ પુણ્ય અને પાપના ભાવ એમાં ચૈતન્યનો દ્રવ્ય, ગુણ અને પર્યાય કોઈ અંશ એમાં નથી. તેથી અચેતન જેવા કર્મ અને પુદ્‌ગલ છે એવા એ વિકારો અચેતનમાં ચૈતન્યના સ્વભાવનો અભાવ એવા અચેતનમાં જાય છે. સમજાય છે કાંઈ? માર્ગ ભાઈ.. એને એમ કે આ વિકાર તો જીવ કરે છે. કર્મ તો કરતું નથી, પુદ્‌ગલમાં કાંઈ દોષ હોતો નથી. ત્યારે આ વળી ક્યાંથી આવ્યું આ?

ભાઈ! એમ વાત છે કે જેટલા શુભ અને અશુભભાવો (થાય છે એ) તો વિકૃતભાવ, વિભાવભાવ, દુષિતભાવ એ ગુણસ્વરૂપ ભગવાન આત્મા એમાંથી ઉત્પન્ન નથી થતાં. સમજાય છે કાંઈ? એ પર્યાયમાં નિમિત્તના લક્ષે સંયોગ સંબંધે સંયોગી ભાવને અહીંયાં પુદ્‌ગલને એનો સ્વામી કહીને, પુદ્‌ગલના પરિણામપણે સદાય ન પરિણમનારો એવો હું, માટે તે રાગ પ્રત્યે મને મમતા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? જુઓ! આ નિર્મમત્વની વ્યાખ્યા. શેઠ!

'**પુદ્‌ગલદ્રવ્ય જેનું સ્વામી છે...**' દોષની ઉત્પત્તિનું કારણ એ વિકારનું નિમિત્ત તો પુદ્‌ગલ છે એનાથી ઉત્પન્ન થયેલો વિકાર. ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે એ તો શુદ્ધ આનંદમૂર્તિ છે. માટે શુદ્ધ કીધા પછી આ વાત કરે છે ને. એ શુદ્ધમાંથી અને શુદ્ધને લક્ષે કેમ થાય વિકાર? ઝીણી વાત છે. અહીં કર્તાકર્મ અધિકાર છે. એટલે કર્તા એવો ભગવાન શુદ્ધ પ્રભુ, એનો વિકારી કર્મ એમ કેમ હોય? કારણ કે પોતે શુદ્ધ ચૈતન્ય આનંદકંદ છે. એનું કર્તાપણું થઈને વિકારી પરિણામ તેનું કાર્ય (હોય) તો તો એ શુદ્ધ ને અશુદ્ધ અભેદ થઈ ગયું. અશુદ્ધતા સાથે અભેદ થઈ ગયું. એમ છે નહિ. સમજાણું કાંઈ?

એટલે કહે છે કે '**પુદ્‌ગલદ્રવ્ય જેનું સ્વામી છે એવું જે ક્રોધાદિભાવોનું વિશ્વરૂપપણું (અનેકરૂપપણું)...**' જેટલા પુણ્ય અને પાપના, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધની વૃત્તિઓ ઉઠે એ બધું વિશ્વપણું. વિશ્વ એટલે સમસ્તપણું, અનેકપણું. '**તેના સ્વામીપણે...**' હજી તો વિકલ્પસહિત નિર્ણય કરે છે કે મારો આત્મા આવો છે. પછી વિકલ્પ તૂટીને અંતર સ્વરૂપનો અનુભવ કરે ત્યારે એને આત્માની પ્રાપ્તિ થાય. સમજાય છે કાંઈ? કેમકે એ આત્મા જેવો છે એવો વિકલ્પથી નિર્ણય કરે તો તો એનો વિકલ્પમાં નિર્ણય વ્યવહારે સાચો કહેવામાં આવે.. અને વિકલ્પ તોડીને અનુભવ કરે ત્યારે સાચો થયો. આહાહા..! ભારે વાત. કહો, સમજાણું આમાં કાંઈ?

કહે છે, '**પોતે સદાય નહિ પરિણમતો હોવાથી...**' જુઓ! ભાષા શું છે? નિર્મમત્વની વ્યાખ્યા કરી. પાઠમાં '**णिम्ममओ**' છે ને? નિર્મમ હું છું. નિર્મમ છું એટલે? એ પુણ્ય અને પાપના આસ્રવના મેલપણે નહિ પરિણમવું એવો મારો સ્વભાવ છે. માટે તે વિકાર પ્રત્યે હું નિર્મમ છું અને શુદ્ધ ... તેના પરિણમનવાળો હું છું. એમ કહે છે. સમજાણું કાંઈ? નિર્મમ છું. નિર્મમની વ્યાખ્યા જુઓ. એ મારાપણે પરિણમવું એવું મારામાં સ્વરૂપ નથી. શુભ-અશુભ, વ્યવહારરત્નત્રય આદિનો શુભરાગ એ પણે દ્રવ્ય પરિણમે, વસ્તુ પરિણમે એવું એનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? ભારે બાપા અલૌકિક વાત! એને સાંભળવા મળે નહિ, એની જાત કેવી છે તેને જાણવા પ્રયત્ન કરે નહિ અને આત્માની પ્રાપ્તિ અને ધર્મ થાય (એમ) કોઈ દી ત્રણ કાળમાં થાય નહિ. આહાહા..! ચોર્યાસીના અવતારમાં હેરાન થઈ થઈને મરી જાય જુઓને. આહાહા..! જુઓને! આ .. વાતું સાંભળીએ છીએ ત્યાં... ૬૦-૬૦, ૫૦-૬૦ હજાર ... આહાહા..!

મુમુક્ષુ :- વધારે આંકડો આવશે.

ઉત્તર :- વધારે આંકડો હશે. પહેલા પાણીનું પૂર હાલે તો માણસ જોતા એક મડદું ગયું, આ બીજું જાય છે, આ ત્રીજું જાય છે. આહાહા..! આહાહા..! ચાલ્યા જાય આવા અવતાર જુઓને. એની મૃત્યુની ઘડી, એ મૃત્યુની ઘડી અને એની પળ. ક્યાં હતું દુનિયામાં સુખ અને ક્યાં હતી પરમાં શાંતિ? પર એની ચીજ જ ક્યાં છે, ભાઈ! આહાહા..!

અહીં તો કહે છે, ધર્મી ધર્મને પ્રગટ કરવા પહેલાં વિકલ્પ નામ રાગની ભૂમિકામાં આવો આત્મા છે તેવો પહેલો નિર્ણય કરે છે. શરીર, વાણી, મન, કર્મરૂપે છું એ તો મારામાં નથી. એ તો પરદ્રવ્ય છે. કહો, સમજાણું કાંઈ? આ બાયડી, છોકરા, દેશ ને કુટુંબપણે થાઉં એવો તો ત્રણ કાળમાં પર્યાયમાં સ્વભાવ નથી. આહાહા..! પર્યાય સમજાય છે-અવસ્થા? અવસ્થા પણ પરપણે થાય એવો તો એનો સ્વભાવ નથી. શરીર, કર્મ, છોકરા દેખે એ તો પરપદાર્થ છે. એ રૂપે એક સમયપણે પણ થાય એવો તો એનો પર્યાયમાં પણ સ્વભાવ નથી. હવે કહે છે કે પર્યાયમાં જે યોગ્યતા છે વિકાર થવાની એ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિએ નથી. એમ કહે છે. કહો, સમજાય છે કાંઈ? બહુ વાત નાખી નિર્મમત્વમાં.

કેમ હું નિર્મમત્વ છું? પરથી મમત્વરહિત કેમ છું? એ રૂપે સદાય નહિ પરિણમવાવાળો છું, માટે તેના પ્રત્યે નિર્મમ છું. કહો, સમજાય છે કાંઈ? ધર્મ ભાઈ અલૌકિક વાત છે. અને એના ફળ પણ જન્મ-મરણના દુઃખોનો અંત લાવે અને અનંત આનંદની પ્રાપ્તિ કરે, ધર્મ તો એવો જ હોય ને. સમજાય છે કાંઈ? અપૂર્વ ધર્મ, વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે કહ્યો કે ભાઈ! તારે આસ્રવ નામ પાપથી અને વિકારથી નિવર્તવું હોય, દુઃખથી નિવર્તવું

હોય, દુઃખથી નિવર્તવું હોય તો દુઃખરૂપે પરિણમવું મારા સ્વભાવમાં નથી તો દુઃખથી નિવર્તે. સમજાણું કાંઈ? એ પુણ્ય-પાપરૂપી ભાવ એ પણે થવાનો મારો સ્વભાવ નથી. એ પણે સદાય ન થવું એવો મારો સ્વભાવ છે. તો એનાથી નિવૃત્ત થઈ શકે. પણ એનો સ્વભાવ હોય તો નિવૃત્ત શી રીતે થઈ શકે? સમજાય છે કાંઈ? રતિભાઈ! આહાહા..!

આ શરીર, વાણી, કર્મ એ તો અજીવ પદાર્થ છે. તો ભગવાન આત્મા એક સમયની અવસ્થામાં અજીવપણે થાય એવો તો એનો પર્યાયમાં પણ ભાવ નથી. પર્યાય એટલે અવસ્થા. અવસ્થામાં મિથ્યા રાગ-દ્વેષ, અજ્ઞાન, પુણ્ય-પાપના પરિણામ થાય છે. પણ એ વસ્તુ તરીકે જોતાં એ વસ્તુ તે રૂપે પરિણમે એવો હું છું નહિ એમ કહે છે. આહાહા..! શોભાલાલભાઈ! આહાહા..! કહો, બીડીના વેપારપણે કોઈ દી થાતો નથી એમ કહે છે. આ શરીરપણે થયો નથી. આ શરીર ધૂળ, માટી છે. એ પણે થયો નથી અત્યારે પણ. એ પણે થયો નથી અત્યારે પણ. હવે થયો છે વિકાર, પુણ્ય ને પાપ, દયા ને દાન આદિ શુભાશુભભાવ એ રૂપે પર્યાયના એક અંશમાં થયો છે. પણ કહે છે કે જેને એનાથી નિવર્તવું છે તો નિવર્તવાનો મારો સ્વભાવ છે, પણ એ રીતે પરિણમવાનો મારો સ્વભાવ નથી. આહાહા..! સ્વરૂપચંદભાઈ!

મિથ્યાત્વભાવ, રાગ-દ્વેષભાવ, પુણ્ય-પાપના ભાવ એનાથી નિવર્તવું છે ને? પાછું વળવું છે ને? એને નિવર્તવાની વિધિ શું? વિધિ આ કે જેનાથી નિવર્તવું છે એ રૂપે પરિણમવાને લાયક નથી એવો હું છું. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? ભારે વાત. '**પુદ્‌ગલદ્રવ્ય જેનું સ્વામી છે એવું જે ક્રોધાદિભાવોનું...**' એટલે વિભાવભાવ. ભગવાન ચૈતન્યસ્વભાવનો પિંડલો, એનાથી વિપરીત એવા પુણ્ય-પાપના ક્રોધાદિભાવ એનું '**(અનેકરૂપપણું) તેના સ્વામીપણે પોતે સદાય નહિ પરિણમતો હોવાથી...**' તે મારા છે તે પણે નહિ પરિણમતો હોવાથી, તેનાથી ભિન્નપણે પરિણમવું એવો મારો સ્વભાવ હોવાથી. આહાહા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવે નહિ પરિણમવાનો મારો સ્વભાવ છે એમ કહે છે. નવનીતભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? કહો, સમજાણું આમાં? ભારે વાત છે.

જુઓ! શેનો અર્થ એટલો કર્યો એ? '**अहमेक्को खलु सुद्धो णिम्ममओ**' આમ કહે કે નિર્મમ જ છીએ, નિર્મમ છીએ, એ નિર્મમ જ છીએ એમ નહિ. આહાહા..! અમે તો ભાઈ પરથી નિર્મમ છીએ. પણ નિર્મમની વ્યાખ્યા જ બીજી છે. કે જે પણે ન થાય એનાથી રહિત છું એવો નિર્ણય કરે તો નિર્મમનો નિર્ણય કર્યો એણે. હજી પરિણમવું પછી. સમજાણું કાંઈ? નિર્મમ-મમ મારા નહિ. મારા નહિ. એટલે પુણ્ય ને પાપના ભાવપણે સદાય સ્વામીપણે નહિ પરિણમવું એવો મારો સ્વભાવ છે એવો નિર્ણય કરે તો એને એણે નિર્મમનો નિર્ણય કર્યો કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? વાહ! આ શૈલીની વાત જ આખી બીજે મળે

એવી નથી. અલૌકિક! વસ્તુ એવી છે. કહે છે કે તારે નિવર્તવું છે ને? તો સાંભળ. નિવર્તવું જ છે તો એ રીતે પરિણમવાનો તારો સ્વભાવ હોય તો નિવર્તી શી રીતે શકે? એમ કહે છે. શોભાલાલજી! કહો, સમજાણું? શેઠ! ગુજરાતી હવે હળવે હળવે શીખી લેવું. અહીંયાં મકાન કરાવ્યા છે તો. ભરતી થઈ ગઈ હવે સોનગઢની.

મુમુક્ષુ :- અહીંના રહેવાસી થયા.

ઉત્તર :- રહેવાસી થયા. બરાબર છે.

કહે છે, આહાહા..! વ્યાખ્યા તે જુઓ વ્યાખ્યા. વાચ્યને સિદ્ધ કરવાની વ્યાખ્યા. ભગવાન! આ ચૈતન્યજ્યોત વસ્તુ છે તે શુદ્ધપણે પરિણમવાને માટે લાયક છે. એ એનો સ્વભાવ છે, પણ પુણ્ય-પાપમાં મિથ્યાત્વપણે આદિ પરિણમવું એ એનો સ્વભાવ જ નથી. આહાહા..! એનો સ્વભાવ હોય તો એનાથી નિવર્તવું શી રીતે થઈ શકે? સમજાય છે કાંઈ? આહાહા..! હોઈ શકે જ નહિ. વસ્તુ જ શુદ્ધ ચિદાનંદનો પિંડલો છે ભગવાન તો. ચૈતન્યજ્યોત આનંદનો કંદ પ્રભુ. આનંદ જેનું રૂપ છે, જ્ઞાન જેનો સ્વભાવ છે, શાંતિ જેની સ્થિતિ છે. એકલી સ્થિતિ ધ્રુવપણે શાંતિ... શાંતિ... શાંતિ.. એવી વસ્તુને, કહે છે કે આ વિકાર તો છે. પણ વિકારથી હવે નિવર્તવું છે તો એની વિધિ શું? કે નિર્વતવાની વિધિ એ કે એ પણે હું પરિણમી શકું નહિ એવો હું છું, એવો નિર્ણય કરે તો પછી અંતર્મુખમાં જઈ શકે. સમજાણું કાંઈ? આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના પરિણામપણે સદાય નહિ પરિણમવું એવો હું છું માટે પર પ્રત્યે નિર્મમ છું. સમજાણું કાંઈ? અમરચંદભાઈ!

ચૈતન્ય વસ્તુ વીતરાગ વિજ્ઞાનઘન છે. વીતરાગ વિજ્ઞાનઘન છે. એ વીતરાગ વિજ્ઞાનઘન, જ્યારે આસ્રવોથી નિવર્તવાની વિધિ કહે છે ત્યારે પણ જેનાથી નિવર્તવું છે એ રૂપે પરિણમવું એવો મારો સ્વભાવ સદાય નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવો જેને હજી આસ્રવની મનની ભૂમિકામાં પણ આવા નિર્ણયના ઠેકાણા નથી, એને અંતરમાં અનુભવ થવાને લાયક એ છે નહિ. કહો, સમજાણું કાંઈ? મમતા. આવું હોવાથી. એમ શબ્દ છે ને? કારણ આપે છે કે '**સદાય નહિ પરિણમતો હોવાથી...**' ઓહોહો..! ચૈતન્યઘન આનંદનો કંદ પ્રભુ અનાકુળ આનંદનો પિંડ આત્મા, એ અહીંયાં વિકલ્પ નામ રાગમિશ્રિત વિચારથી પણ નિર્ણય કરે છે. આહાહા..! કહે છે કે, એ રાગ વ્રતના પરિણામ, દયા, દાનના પરિણામ, જે ભાવે તીર્થંકર (ગોત્ર) બંધાય ભાવ એ પણે પરિણમવાને સદાય હું લાયક નથી હોં! આહાહા..! કહો, ભીખાભાઈ! આહાહા..! ભાઈ! તારી ચીજ એવી છે. તું એવો છો. માન બીજી રીતે એથી કાંઈ વસ્તુ બીજી થઈ જાય નહિ. સમજાણું કાંઈ?

આ કારણે હું મમતારહિત છું. ઓહોહો..! એવો તો હજી મનના સંગથી રાગના સંગમાં

આવો વિચાર કરે છે. આવા વિચારથી પણ જેના વિરુદ્ધ વિચાર વર્તે કે રાગપણે પરિણમવાનો મારો સ્વભાવ છે અને રાગ મારામાં થાય અને રાગ આત્મા કરે એવો જેનો હજી નિર્ણય વિકલ્પ છે તો એ વિકલ્પ ખોટો છે, મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? એ ત્રીજો બોલ થયો લ્યો.

હવે ચોથો બોલ. '**णाणदंसणसमग्गो**' હવે અસ્તિથી વાત કરે છે. છું કેવો હું? કે '**ચિન્માત્ર જ્યોતિનું,...**' ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવ એવી જ્યોતિ. '**ચિન્માત્ર જ્યોતિ...**' એવો જે આત્મા, જ્ઞાનજ્યોતિ એવો આત્મા. જુઓ! એમાં રાગ ને ફાગ ને સંસાર ને ઉદય-ફુદય છે નહિ. આહાહા..! '**ચિન્માત્ર જ્યોતિનું, વસ્તુસ્વભાવથી જ,...**' ભગવાન આત્માનો વસ્તુસ્વભાવથી જ '**સામાન્ય અને વિશેષ વડે પરિપૂર્ણપણું હોવાથી,...**' સામાન્ય દર્શન અને વિશેષ જ્ઞાન એવા વડે પરિપૂર્ણપણું. ઓહોહો..! જ્ઞાન અને દર્શનથી પરિપૂર્ણ હોવાથી. '**હું જ્ઞાનદર્શન વડે પરિપૂર્ણ છું–**' સામાન્ય અને વિશેષ વડે પરિપૂર્ણ હોવાથી એમ. સામાન્ય અને વિશેષની વ્યાખ્યા કરી કે જ્ઞાન અને દર્શન વડે પરિણમું છું. સામાન્ય એટલે દર્શન અને જ્ઞાન એટલે વિશેષ. એ વડે પરિપૂર્ણ છું.

હું. સમગ્ર છે ને? '**णाणदंसणसमग्गो**' હું જાણવા અને દેખવાના સ્વભાવથી પરિપૂર્ણ છું, પરિપૂર્ણ છું, અલ્પપણું નહિ, રાગ તો નહિ. રાગપણે પરિણમું તો નહિ, પણ અલ્પપણું પણ નહિ. દૃષ્ટિમાં તો આખો જ્ઞાન અને દર્શનપણે પૂરો હું છું. વસ્તુ છે એ જ્ઞાન અને દર્શન, સામાન્ય અને વિશેષ એટલે દર્શન અને જ્ઞાન પરિપૂર્ણ છું. કહો, સમજાણું કાંઈ? હોવાથી તે સામાન્યવિશેષરૂપ જ્ઞાનદર્શનરૂપ છે. લ્યો. વસ્તુનો સ્વભાવ સામાન્યવિશેષરૂપ છે. આત્મા પણ વસ્તુ હોવાથી.. એ તારા ઘરમાં શું છે એની વાત કરે છે. તારા ઘરમાં તો દર્શન અને જ્ઞાનથી પરિપૂર્ણ તે મારું ઘર છે. સમજાણું કાંઈ? મારા વસ્તુના ઘરમાં, નિજઘરમાં શરીર, કર્મ, લક્ષ્મી આ બાહ્ય કુટુંબ એ તો નથી, કર્મ નથી, વિકાર નથી, પણ મારા સ્વરૂપમાં પરિપૂર્ણમાં અલ્પજ્ઞપણું પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવો તો મનમાં વિકલ્પના સંગે નિર્ણય અનુભવ કરવા પહેલા તે સ્થિતિને આમ વર્ણવે છે. આમ નક્કી કરે છે.

સામાન્ય વિશેષપણું હોવાથી. સામાન્ય નામ દર્શન અને વિશેષ નામ જ્ઞાન, તે વડે હું પરિપૂર્ણ છું. આહાહા..! હું પૂરો છું. હું પૂરો છું, આખો છું, ભર્યો પડ્યો છું આખો જ્ઞાનદર્શનથી એમ કહે છે. મારામાં કાંઈ ખામી અને કમી નથી. ખામી નથી ને કમી નથી. આહાહા..! રાગાદિની ખામી નથી અને અલ્પજ્ઞ આદિની કમી મારા સ્વરૂપમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? હજી આવા વસ્તુના નિર્ણયના ઠેકાણા ન મળે અને એને વ્રત ને તપ ને દયા (કરીને) એને ધર્મ થઈ જાય. લોકોને તેથી આકરું પડે છે હોં. આ લોકો સોનગઢ, સોનગઢ કહે છે

કે આ ભગવાન કહે છે? આહાહા..! ભગવાન જ છે આત્મા. સમજાય છે કાંઈ? આહાહા..!

કહે છે કે મારું સ્વરૂપ જેમ ઘડામાં પાણી પરિપૂર્ણ ભર્યું હોય એમ નહિ. ઘડો ને પાણી જુદી ચીજ છે. આ તો હું એક દર્શન અને જ્ઞાનના સ્વભાવથી આમ પરિપૂર્ણ, પરિપૂર્ણ ભરેલો છું. સમજાણું કાંઈ? મારા ખજાનામાં તો જ્ઞાન ને દર્શન પરિપૂર્ણ પડ્યું છે. શોભાલાલજી! આહાહા..! કહે છે કે આત્મા પણ વસ્તુ હોવાથી તે સામાન્યવિશેષસ્વરૂપ છે અર્થાત્ દર્શનજ્ઞાનસ્વરૂપ છે. અસ્તિ લઈ લીધી.

'**આવો હું...**' સમજાણું? '**સમસ્ત પરદ્રવ્યપ્રવૃત્તિથી નિવૃત્તિ વડે...**' આવો ભગવાન આત્મા હું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. હવે સમસ્ત પરદ્રવ્યથી... એમ આવે છે.

'**આવો હું આકાશાદિ દ્રવ્યની જેમ પારમાર્થિક વસ્તુવિશેષ છું.**' એ તો દર્શન-જ્ઞાનસ્વરૂપ સિદ્ધ કર્યું ને એટલે આવો હું દ્રવ્ય છું એમ. જેમ આકાશ પદાર્થ છે, પરમાણુ પદાર્થ છે, કાળાણુ એક પદાર્થ છે, ધર્માસ્તિ, અધર્માસ્તિ પદાર્થ છે. વસ્તુ છે જગતની. એવો '**આકાશાદિ દ્રવ્યની જેમ...**' પહેલો આકાશ લીધો જુઓ. આહાહા..! પુદ્ગલાદિ કે એમ ન લીધું. સમજાણું કાંઈ? '**गगनादि**' છે ને ટીકામાં? '**गगनादि**' જેમ આકાશનું અસ્તિત્વ કેટલું મોટું! અને છતાં એ હોવાપણે અમાપ.. અમાપ.. અમાપ... અમાપ... એક વસ્તુ છે આકાશ. એમ એક પરમાણુ પણ પોઈન્ટ જે આનો ટૂકડો, આ તો ઘણા રજકણોનો પિંડ છે. કાંઈ આ મૂળ ચીજ નથી. ટૂકડો કરીને એક પોઈન્ટ એક રજકણ છે એ જગતની ચીજ છે. એમ ધર્માસ્તિ નામનો પદાર્થ એ અરૂપી ચૌદ બ્રહ્માંડમાં છે તે એક પદાર્થ છે. એમ અધર્માસ્તિ પદાર્થ છે. તેમ અસંખ્ય કાળાણુઓ એક એક આકાશ પ્રદેશમાં એક એક દ્રવ્ય અસંખ્ય કાળાણુ પદાર્થ સ્વયંસિદ્ધ દ્રવ્ય છે. એવો હું પણ એક દ્રવ્ય છું એમ કહે છે. કહો, આ દ્રવ્ય એટલે શું આ લક્ષ્મી હશે દ્રવ્યની? નહિ? એમ કહે છે ને, આની પાસે આટલું દ્રવ્ય છે. શોભાલાલજી! તમારે શેઠિયાઓને કહે છે આની પાસે ૫૦, ૬૦ લાખ, ૭૦ લાખ છે. કરોડપતિ કહે પણ ઈ કહેવાય. ૬૦ લાખ છે.

મુમુક્ષુ :- અબજોપતિ છે.

ઉત્તર :- છે નહિ. આંકડો લગાવવો ત્યાં ક્યાં? છે જ નહિ અહીં તો કહે છે. એ આત્મા રાગવાળો નથી, એ વાળો નથી, પણ અલ્પજ્ઞવાળો પણ નથી. આહાહા..! એવો દર્શન, જ્ઞાનથી ભરેલો રાગાદિપણે નહિ પરિણમનારો અનાદિઅનંત અખંડ વસ્તુસ્વરૂપ ષટ્કારકના ભેદથી રહિત એવો એક આકાશની પેઠે હું પણ એક પદાર્થ છું. કહો, સમજાણું કાંઈ? એની

ટકતી ચીજ અનાદિઅનંત છે. આકાશ અનાદિઅનંત છે કે નહિ? આહાહા..!

એવો '**આકાશાદિ દ્રવ્યની જેમ પારમાર્થિક...**' ખરેખર '**વસ્તુવિશેષ છું.**' ખરેખર ખાસ વસ્તુ છું એમ કહે છે. બધા થઈને એક એમ નહિ. હું પોતે ખરેખર પારમાર્થિક વસ્તુવિશેષ છું. ખરેખર પદાર્થસ્વરૂપ મારો આવો છે. કહો, સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન પ્રગટ કરવાની ભૂમિકામાં પહેલો આવો વિકલ્પ હોય છે. એટલી વાત છે. એનાથી થાય છે એમ નહિ હોં! પણ એ વસ્તુની સ્થિતિને નક્કી કરવા આવો પહેલો ભાવ હોય છે. એ થયો ભાવ માટે પામે એમ નથી. એ તો એની અપેક્ષા વિના સીધો અંદરમાં જાય એવો એનો સ્વભાવ છે. કહો, વજુભાઈ! આહાહા..!

કહે છે કે '**આવો હું આકાશાદિ દ્રવ્ય...**' દ્રવ્ય એટલે વસ્તુની જેમ ખરેખર '**વસ્તુવિશેષ છું.**' વિશેષ ખાસ વસ્તુ જુદી છું. એમ. બધી વસ્તુમાં મારું ભેળસેળપણું નથી. મારું વસ્તુવિશેષ ખાસ આવી ચીજ છે. ઓહોહો..! બાળક હો, વૃદ્ધ હો, સ્ત્રી હો, પુરુષ હો, નપુંસક હો, કીડી હો, કુંજર હો. વસ્તુ તો આવી છે કહે છે. બહારના ભેદને ન જો. વસ્તુ તો આવી છે બધી. સમજાય છે કાંઈ?

'**તેથી હવે હું...**' આ કારણે હવે હું. એમ. '**તેથી હવે હું સમસ્ત પરદ્રવ્યપ્રવૃત્તિથી નિવૃત્તિ વડે...**' પરદ્રવ્યની પ્રવૃત્તિ. રાગમાં અને પરદ્રવ્યના લક્ષે જે પ્રવૃત્તિથી નિવૃત્તિ વડે '**આ જ...**' જુઓ! પરદ્રવ્યની પ્રવૃત્તિથી રાગમાં પ્રવર્તતો હતો એ પરદ્રવ્યની પ્રવૃત્તિ હતી. સમજાણું કાંઈ? એની નિવૃત્તિ વડે. હજી તો નિર્ણય કરે છે હોં! '**આ જ આત્મસ્વભાવમાં...**' છે ને? '**तम्हि ठिदो**' એની વ્યાખ્યા કરે છે. છે ને? '**तम्हि ठिदो तच्चित्तो सव्वे एदे खयं णेमि**' ત્રીજા પદની વ્યાખ્યા કરે છે હવે.

'**સમસ્ત પરદ્રવ્યપ્રવૃત્તિથી નિવૃત્તિ વડે આ જ આત્મસ્વભાવમાં...**' આત્મા જ્ઞાન, આનંદ અને સ્વભાવમાં-વસ્તુ જે સ્વભાવ છે એમાં '**નિશ્ચળ રહેતો થકો,...**' એમાં નિશ્ચળ રહ્યો થકો. હજી તો નિર્ણય કરે છે, હોં! '**સમસ્ત પરદ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ ચેતનમાં થતા...**' દેખો! '**સમસ્ત પરદ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ ચેતનમાં થતા...**' ભાષા જુઓ પાછી. પહેલા કીધું હતું વિકારનો પુદ્ગલ સ્વામી છે. પુણ્ય-પાપનો સ્વામી પુદ્ગલ છે. એ પણે સદા ન પરિણમવું એવો છે. પણ હવે અહીં સિદ્ધ કરે છે કે '**સમસ્ત પરદ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ ચેતનમાં થતા...**' કર્મનું તો નિમિત્ત છે. થાય છે ચૈતન્યની અવસ્થામાં. સમજાણું કાંઈ?

'**ચેતનમાં થતા જે ચંચળ કલ્લોલો...**' વિકલ્પની કલ્લોલ. જેમ પાણીમાં તરંગ ઉઠે એમ પુણ્ય-પાપના વિકલ્પ, દયા, દાન, વ્રતાદિના વિકલ્પો આસ્રવો '**તેમના નિરોધ વડે...**'

તેને અટકાવીને. કહો, ભાષા તો શું આવે? અટકાવે એટલે ઉત્પન્ન થયા એને અટકાવે? પણ આ બાજુમાં ભગવાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ દર્શન-જ્ઞાનથી પરિપૂર્ણ અખંડ અનાદિઅનંત એકરૂપ, એમાં જે કર્મના નિમિત્તથી, પુણ્ય-પાપના ભ્રમણા આદિના જે ભાવ '**તેમના નિરોધ વડે...**' તેને અટકાવું છું. '**આને જ અનુભવતો થકો,...**' એકલો આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ તેને અનુભવતો થકો. કર્તાનું કાર્ય.

'**પોતાના અજ્ઞાન વડે આત્મામાં ઉત્પન્ન થતા...**' દેખો ભાષા! ત્રીજી વાત લીધી. '**પોતાના અજ્ઞાન વડે...**' ભગવાન આત્મા પુણ્ય-પાપપણે નહિ પરિણમવાનો સદાય સ્વભાવ હોવા છતાં તે વસ્તુના અજ્ઞાનને કારણે ભગવાન આત્મા ચિદ્દ્ઘન પ્રભુ, એના અજ્ઞાનને કારણે, બેભાનને કારણે, એ શું ચીજ છે તેના અભાવ, જ્ઞાનના અભાવને કારણે '**પોતાના અજ્ઞાન...**' ભાષા દેખો પાછી. એ કીધું પહેલું કે '**પરદ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ ચેતનમાં થતા જે ચંચળ કલ્લોલો...**' એટલે અશુદ્ધ ઉપાદાન મારામાં છે એમ કહે છે. એમ સિદ્ધ કર્યું. પહેલું પુણ્ય-પાપના, દયા, દાન, વ્રતના વિકલ્પોનો સ્વામી પુદ્ગલ. એના સ્વામીપણે ન થવું એવો મારો સ્વભાવ, પણ છતાં અનાદિથી... સમજાણું કાંઈ? જુઓ! કેટલું લખ્યું છે! વાંચવાને નવરાશ પણ ક્યાં છે આમાં? રતિભાઈ! વાંચ્યું છે આ રીતે કોઈ દી? કોઈ દી નહિ? ત્યારે સમયસાર પઢ્યું છે કે નહિ? વાત સમજાય નહિ. એય.. મનસુખભાઈ! લ્યો, આ કહે છે સમજાય નહિ. પણ ત્યારે દરકાર પણ કરી નથી એટલી સમજવાની.

મુમુક્ષુ :- હવે એનો ઉપાય બતાવો તમે.

ઉત્તર :- પણ નિવૃત્તિ લે, કાંઈક વાંચે, વિચારે તો બેસે ને. એમ ને એમ આખો દી મજૂરી, દુકાનની મજૂરી કર્યા કરે આખો દી. એય.. શેઠ! તમે ત્યાં શું કરો દુકાને? રાગ-દ્વેષની મજૂરી. ભગવાનજીભાઈ! આ શેઠિયાને મજૂર કહેવાતા હશે? આહાહા..! શેઠિયાએ નથી કહ્યું? શેઠિયાએ. શેઠિયાએ કહ્યું છે ને. અનુચર જાણજો. નથી આવ્યું? આવ્યું છે કે નહિ? કેટલામાં એ આવ્યું? કેટલામું પાનું એ? ૧૩? ૧૩ ૧૩ ને?

'ગુણીજન સંભાળે સો હી છે શેઠ,...' ભગવાનજીભાઈ! લ્યો, આ શેઠ આનું નામ કહેવાય કહેવાય. 'ગુણી જન...' ગુણીજન એટલે આત્મા. એકલા ગુણનો પિંડ પ્રભુ ભગવાન. 'ગુણી જન સંભાળે સો હી છે શેઠ, અન્ય તો અનુચર જાણજોજી, મારા જ્ઞાન.' બાયું રોવે છે ને? મારા પેટ. હવે પેટ-ફેટ કે દી તારા હતા? સાંભળને! ખોટા રોવા, ખોટા ગાવા અને ખોટા નાગા નાવા. સમજાણું કાંઈ? આ કહે છે આ. 'ગુણી જન સંભાળે સો હી છે શેઠ.' પોતાની પુંજી આનંદકંદની સંભાળે તે શેઠ. 'અન્ય તો અનુચર જાણજોજી...' બાકી બધા કેડાયત ભિખારી છે. અનુચર જાણજો રાંકા સેવક છે. અનુચર. અનુચરનો અર્થ શું હશે?

એ રાંકા ભિખારી. પાછળ-પાછળ ચાલનારા ભિખારીની પેઠે. બીજું શું છે? માગવા માટે. આ દેજો.. આ દેજો... આ દેજો... આ દેજો... છે ને એ? તમે તો આપ્યું છે ને. તમને આપ્યું છે ને? શેઠી! વાંચ્યું છે કે નહિ? દીધું છે ને. પહેલા દીધું છે. અંદર છે કે નહિ તમારી પાસે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પાકુ કરે ને ભાઈ. કહો, સમજાય છે કાંઈ?

કહે છે, આમાં '**નિશ્ચળ રહેતો થકો, સમસ્ત પરદ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ ચેતનમાં...**' ભગવાન આત્મા તો સામાન્ય તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. પર્યાયમાં કલ્લોલો વિકલ્પના ઉત્પન્ન થાય તેના નિરોધ વડે અટકાવીને. એ તો વ્યવહારથી વાત કરી. મારો ભગવાન આત્મા આનંદ અને ચૈતન્યની જ્યોત છું તેમાં હું ઠરું છું. જુઓ! '**અનુભવતો થકો, પોતાના અજ્ઞાન વડે...**' વિકારો ઉત્પન્ન થતાં એ પોતાના અજ્ઞાનથી થતાં. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- કર્મના જોરથી નહિ?

ઉત્તર :- કર્મના જોરથી નહિ. કર્મને કારણે નહિ, પુદ્ગલને કારણે નહિ. એ તો ત્યાં સ્વામીપણું પોતાનું છોડવા અચેતન એનો સ્વામી છે એમ કહીને પોતામાં થતાં તેને છોડવા માગે છે. સમજાણું કાંઈ? પોતાના હોય એ છૂટે નહિ અને છૂટે એ પોતાના હોય નહિ.

'**પોતાના અજ્ઞાન વડે...**' પોતાના સમજ્યાને? હિન્દીમાં અપના અજ્ઞાન વડે. એમાં શું, ભાષા બહુ સાદી સહેલી છે. '**પોતાના અજ્ઞાન વડે...**' ભાષા દેખો! '**આત્મામાં ઉત્પન્ન થતા જે આ ક્રોધાદિક ભાવ...**' એટલે વિભાવભાવ '**તે સર્વને ક્ષય કરું છું-**' '**खयं णेमि**' એમ વિકલ્પમાં આ બધાનો નાશ કરું છું એમ નિર્ણય કરે છે. એ બધાને '**અજ્ઞાન વડે આત્મામાં ઉત્પન્ન થતા...**' જુઓ, ભાષા તો જુઓ! વસ્તુ છે દ્રવ્ય-ગુણ શુદ્ધ, એની પર્યાયમાં-અવસ્થામાં સ્વરૂપના ભાન વિના નિમિત્તના લક્ષે પોતામાં થતાં અજ્ઞાનથી '**જે આ ક્રોધાદિક ભાવો...**' સ્વભાવથી વિરુદ્ધ ભાવ. પુણ્ય-પાપભાવ બધા ક્રોધાદિભાવ વિભાવ. '**તે સર્વને ક્ષય કરું છું-**' એમ. એકેય અંશ રાખવા જેવો છે એમ છે નહિ. સમજાણું કાંઈ?

'**તે સર્વને ક્ષય કરું છું-એમ આત્મામાં નિશ્ચય કરીને,...**' લ્યો! હજી તો આવો આત્મામાં નિર્ણય કરે છે. સમજાણું કાંઈ? ઓલા કહે, ભક્તિથી મળી જાય, કાં ધ્યાન કરે આત્માના જાપ કરે ને મળી જાય. ધૂળેય મળે એવું નથી. સાંભળને. તારા જાપ-બાપની અહીં ક્યાં તુલના. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... જાપ કરો. જાપ કરો. ૐ ૐ જાપ કરો. એ તો રાગ છે, એ તો

વિકલ્પ છે. વિકલ્પપણે નહિ પરિણમવું એવો તો એનો સ્વભાવ છે. એવા તો તને ઠેકાણા નથી અને તને આત્મા મળી જાય અને આત્માનું જ્ઞાન થઈ જાય. ત્રણ કાળમાં બનતું નથી. એવો સર્વજ્ઞનો પરમેશ્વર વીતરાગદેવનો ત્રિલોકીનાથનો અનાદિઅનંત માર્ગ આ છે. સમજાય છે કાંઈ? કોઈ .. કલ્પનાનો આ માર્ગ નથી. જુઓ! શું કહે છે?

'**તે સર્વને ક્ષય કરું છું-એમ આત્મામાં નિશ્ચય કરીને,...**' .. વિકલ્પ છોડવા માગે છે. એટલો નિર્ણય કર્યો આવો છું... આવો છું... આવો છું... પછી વિકલ્પના વમળથી છૂટી જાય છે. જુઓ! આવા જીવ ક્ષણે ઊપજે અને મરી જાય. છે આમાં કાંઈ કિંમત? આહાહા..! .. લેતા ન આવડે તો આમ થઈ જાય. પાંખ લાંબી ને આવા અવતાર. આહાહા..! અજ્ઞાનભાવે કેવા અવતાર કર્યા એની એને લાજ નથી આવતી.

કહે છે, '**એમ આત્મામાં નિશ્ચય કરીને,...**' હવે દૃષ્ટાંત આપે છે. '**ઘણા વખતથી પકડેલું જે વહાણ તેને જેણે છોડી દીધું છે એવા સમુદ્રના વમળની જેમ...**' સમુદ્રમાં વમળ આવે ને એમ. ભમરી-ભમરી. એમાં જો વહાણ ગરી ગયું હોય તો નીકળી ન શકે. ભમ્મર ખાય ચક્કર તો એમાં ને એમાં રહે. ભમ્મર છૂટે તો વહાણ છૂટી જાય. '**ઘણા વખતથી પકડેલું જે વહાણ તેને જેણે છોડી દીધું છે એવા સમુદ્રના વમળની જેમ...**' દાખલો છે હોં એ તો. એટલે કર્મનું વમળ છોડે તો એમ પ્રશ્ન નથી. અહીં તો દૃષ્ટાંત છે.

'**ઘણા વખતથી પકડેલું જે વહાણ તેને જેણે છોડી દીધું છે એવા સમુદ્રના વમળની જેમ જેણે સર્વ વિકલ્પોને જલદી વમી નાખ્યા છે...**' અહીં જલદી વમ્યા એટલે સ્વરૂપમાં ઠરતાં વિકલ્પોના નાશ થઈ જાય છે. વમી નાખ્યા એમ છે. ઊલ્ટી કરી નાખી. સમજાણું કાંઈ? જેમ પાણીના ચકારાવામાં વમળમાં વહાણ એમાં ને એમાં ચક્કર ખાય ત્યાં સુધી નીકળી શકે નહિ, પણ જ્યાં ભમ્મર છૂટ્યું, પાણીના રસ્તે સીધું ચાલ્યું જાય. એમ ભગવાન આત્મા આવા વિકલ્પના ચક્કરના ઘેરાવામાં હતો એને હવે જલદી વમી નાખ્યું. ઓહો..! વસ્તુ આવી છે ને. એમ અંતરમાં અનુભવમાં જતાં એ વિકલ્પો તેનો નાશ થઈ જાય છે. એટલે વિકલ્પો ઉત્પન્ન થતાં નથી. એને વમી નાખ્યા એમ કહેવામાં આવે છે. આ છે ને આ છોડું એમ છે કાંઈ? વમી નાખ્યા લ્યો, આ ભાઈ આ પચ્યું નહિ માટે .. કરી ગયો. આ છોકરાએ કાલે નહોતું કર્યું? બૌદ્ધને ઓલી ખવરાવી હતી. મોજડી છોકરાઓએ કર્યું હતું ને વિદ્યાર્થીઓએ? શું કહેવાય ઈ? ચેલણા રાણી અને ઓલો બૌદ્ધનો સાધુ. .. કર્યું હતું ત્યાં. એમાં કાંઈ ખાધું હતું કે અમથું કર્યું હતું? અમથું. કાંઈક કાગળ-બાગળ નાખ્યો હોય. આપણે જોયું ને એટલો વહેમ પડી ગયો કે કાંઈક નાખ્યું હશે? હેઠેથી દેખાયને થોડું. કાગળનો ભુક્કો થોડો નાખે ને...

'**સમુદ્રના વમળની જેમ જેણે સર્વ વિકલ્પોને જલ્દી વમી નાખ્યા છે...**' આહાહા..! ભગવાન આવો આત્મા અંતરમાં જ્યાં દૃષ્ટિ પડી, નિર્વિકલ્પનો અનુભવ થતાં બધા વિકલ્પો છૂટી જાય છે. ભગવાન આત્મદ્રવ્ય ભિન્ન થઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! આ સમ્યગ્દર્શનનો અનુભવ. આત્માની પ્રાપ્તિ. આત્મા આવો છે એવો આ રીતે વિકલ્પથી નિર્ણય કરી, પછી સ્વરૂપમાં અંતર જતા અનુભવ થતાં બધા વિકલ્પોની ઉત્પત્તિ થતી નથી. એનું નામ નિર્વિકલ્પ આત્માનો અનુભવ અને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? આવા સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અને ઉત્પત્તિ વિના જે કાંઈ કરવામાં આવે એ બધું મિથ્યાત્વમાં અને બંધનમાં જાય છે. કહો, શેઠી! આહાહા..!

તેવો '**વિકલ્પોને જલદી વમી નાખ્યા છે...**' ભાષા છે ને. ઓકી નાખ્યા છે. ઓકી જાય છે. નિર્વિકલ્પ આવો છું, રાગ અને વિકલ્પપણે પરિણમું એવો મારો સ્વભાવ જ નથી, દર્શન-જ્ઞાનથી પરિપૂર્ણ છું. રાગનું કર્તા, કર્મ, સાધન એ મારા સ્વરૂપમાં નથી. મારા સ્વરૂપમાં ભેદ પણ નથી એવો આત્માનો નિર્ણય વિકલ્પથી કરતા પછી સ્વરૂપમાં જતાં, ઠરતાં વિકલ્પ ઉત્પન્ન થતાં નથી. એનું નામ વિકલ્પને છોડ્યા અને આસ્રવથી નિવર્ત્યો એમ કહેવામાં આવે છે. લ્યો, આ વિધિ છે. કહો, સમજાણું કાંઈ?

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૭, શુક્રવાર તા. ૩૦-૮-૧૯૬૮**
**ગાથા-૭૩-૭૪, પ્રવચન-૬૧૩**

આ કર્તાકર્મ અધિકાર ચાલે છે. ૭૩ ગાથા. એનો ભાવાર્થ. જેને ધર્મ કરવો છે એટલે જન્મ-મરણનું કારણ એવો જે મિથ્યાત્વભાવ એનો નાશ કરવો છે એ નાશ શી રીતે કરે? એમ પહેલો નિર્ણય કરે છે. આ આત્મા '**શુદ્ધનયથી જ્ઞાનીએ આત્માનો એવો નિશ્ચય કર્યો કે હું...**' શુદ્ધ ચૈતન્ય એકરૂપ અખંડ અભેદ આત્મા છું. સમજાય છે કાંઈ? '**હું એક છું,...**' અનાદિઅનંત અખંડ એકરૂપ હું છું. રાગાદિ અને પર આદિ તો નહિ. પરને અને મારે કાંઈ સંબંધ છે નહિ. રાગ સાથે પણ આત્માને કાંઈ સંબંધ નથી. હવે એમાં રહ્યા ગુણ અને પર્યાયના ભેદો. એ ભેદો સાથે પણ કાંઈ આત્માને સંબંધ નથી. કેમકે ભેદનું લક્ષ કરવા જાય તો રાગ થાય છે. અને એમાં લાભ માનતા મિથ્યાત્વ થાય છે. અને તે મિથ્યાત્વ અનંત સંસારમાં રખડવાનું એ બીજડું છે. ચોર્યાસીના અનંત અવતાર, એકેન્દ્રિયથી માંડીને નરક આદિના અનેક ભવો એ ભવના કારણરૂપ ભાવ એ મિથ્યાત્વભાવ છે.

કહે છે કે રાગ હું નહિ, પર હું નહિ. પર હું, રાગ હું એમ માને તો મિથ્યાત્વ થાય છે. તેમ ગુણ ને પર્યાયો વસ્તુ પોતે છે, એમાં અનંત ગુણ છે એની અવસ્થા છે, એવું ભેદરૂપ લક્ષ જતાં પણ તેને રાગ ઉત્પન્ન થતાં લાભ માનવાથી મિથ્યાત્વ થાય છે. અને તેથી ચાર ગતિમાં રખડવું થયું છે. તેથી '**હું એક છું,...**' વસ્તુપણે એક અખંડ આત્મા, દેહથી ભિન્ન, રાગથી ભિન્ન, પર્યાય જેટલો નહિ, ગુણભેદ જેટલો નહિ. એકરૂપ વસ્તુ. જુઓ, આવા અંતરમાં અનુભવને માટે, ધર્મની દશા પ્રગટ કરવા માટે અને અધર્મની દશા નાશ કરવા માટે એણે આવો પહેલો નિર્ણય કરવો જોઈએ. સમજાણું કાંઈ?

'**હું એક છું, શુદ્ધ છું,..**' હું કોઈપણ મારા સિવાય રાગનો અને પરનો કર્તા હું નથી. સમજાણું કાંઈ? મારામાં પણ ષટ્કારકપણે ભેદ પડે કે હું શુદ્ધ છું, કર્તા શુદ્ધ, કાર્ય મારું શુદ્ધ, શુદ્ધનું સાધન એવા ભેદ પડે એ પણ હું નહિ. સમજાય છે કાંઈ? હું તો શુદ્ધ છું. એમાં ષટ્કારકના ભેદ છે એ તો અશુદ્ધ છે. રતિભાઈ નથી આવ્યા? ત્યાં કેમ બેઠા? આવે છે હજી?

'**પરદ્રવ્ય પ્રત્યે મમતારહિત છું,...**' એની વ્યાખ્યા તો બહુ સરસ થઈ. જે આત્માને ધર્મ કરવો છે એટલે સુખી થવું છે અને દુઃખનો નાશ કરવો છે એને કહે છે કે હું કેવો છું? કે હું પુણ્ય ને પાપના ભાવ તે પણે સદાય ન થઉં એવો હું આત્મા છું. સમજાય

છે કાંઈ? શુભ અને અશુભ જે વિકારીભાવ, શરીર ને વાણી ને કર્મ એ રૂપે તો ન થાય ત્રણ કાળમાં, પણ હું એવો છું કે શુભ ને અશુભ, પુણ્ય અને દયા, દાન, વ્રતાદિના ભાવ એ રૂપે હું પરિણમું એવો છું જ નહિ. એ રૂપે થાઉં અને થઈને રહું એવો હું છું જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? એવો હું '**પરદ્રવ્ય પ્રત્યે મમતારહિત છું,...**' મમ-આ રાગરૂપે પરિણમવું એ મમ છે એ મિથ્યાત્વ છે. રાગરૂપે હું પરિણમનારો છું એ માન્યતા મિથ્યાત્વની છે એમ કહે છે. આહાહા..!

જ્ઞાયક ચૈતન્ય ભગવાન અને રાગ છે શુભાશુભ એ તો આસ્રવતત્ત્વ છે. એ રૂપે હું પરિણમનારો-થનારો એ મિથ્યાત્વભાવ છે. અને એ મિથ્યાત્વભાવ અનંત સંસારમાં રખડવાનું બીજડું છે. આહાહા..! સમજાણું કાંઈ? હું આત્મા વસ્તુ તરીકે પદાર્થ એવો છું કે રાગના વિકલ્પની નાનામાં નાની વિકલ્પની વૃત્તિ એ રૂપે છું એવો હું નથી, માટે રાગ પ્રત્યે હું મમત્વરહિત અને વીતરાગભાવ પ્રત્યે હું સમતાસહિત છું. સમજાય છે કાંઈ?

'**જ્ઞાનદર્શનથી પૂર્ણ વસ્તુ છું.**' રાગરૂપે સદાય ન થવું એવો છું. ત્યારે છું કેવો? હું તો જાણન અને દર્શન, જાણવા-દેખવાના સ્વભાવથી પરિપૂર્ણ ભરેલો હું પદાર્થ છું. એ જાણવા-દેખવાનો સ્વભાવ વિકારપણે કેમ થાય? સમજાય છે કાંઈ? જુઓ, આ કર્તાકર્મનો અધિકાર. આ તો એવી વાત છે ભાઈ, પોતાને હિત કરવું હોય એની વાત છે. અનંત કાળથી રખડે છે એની એને દયા નથી. પોતાની પોતાને દયા નથી. શેઠ! અરે..! હું ક્યાં જઈશ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પોતાની દયા નથી. અરે..! હું ક્યાં જઈશ? ક્યાં ઠેકાણા? ક્યાં કાળ? ક્યો ભાવ? કઈ સ્થિતિ? અરે..! જેને ચોર્યાસીના અવતારના પરિભ્રમણનો ત્રાસ લાગે એ આ આત્માનો આવો નિર્ણય કરવા મથે. સમજાય છે કાંઈ?

કહે છે કે હું તો જ્ઞાન વસ્તુ છું ને. તો જાણવું વિશેષ, દર્શન સામાન્ય એવો જે સ્વભાવ એનાથી હું પરિપૂર્ણ વસ્તુ છું. એનામાં રાગ નથી, વિકલ્પ નથી, શરીર નથી, કર્મ નથી. એ અલ્પજ્ઞ અવસ્થા વર્તમાન છે એટલો એ નથી એમ કહે છે અહીં. આહાહા..! હું તો જાણક-દેખવું, જાણવું-દેખવું એવા સ્વભાવથી અથવા એવા ગુણથી પરિપૂર્ણ, પરિપૂર્ણ ભરેલો છું, પરિપૂર્ણ ભરેલો છું. કહો, સમજાય છે કાંઈ?

'**જ્યારે તે જ્ઞાની આત્મા આવા પોતાના સ્વરૂપમાં રહેતો થકો...**' સરવાળો ટૂંકો કરે છે. '**तम्हि ठिदो**' આવે છે ને અંદર? આવી તે ચીજ છે. જ્યારે ધર્મી એવી ચીજમાં એકાગ્ર થાય છે. આવી ચીજમાં '**तच्चित्तो**' એકાગ્ર થાય છે. '**તેના જ અનુભવરૂપ થાય...**' છે. એટલે કે તેના તરફના વલણમાં એકાગ્ર થઈ અને જ્ઞાતા-દૃષ્ટાના અનુભવરૂપે તે સ્વભાવ

છે તેને અનુસરીને આનંદની શૈલી, આનંદની દશારૂપે, અનુભવરૂપે થાય છે. આનું નામ ધર્મ. '**ત્યારે ક્રોધાદિક આસ્રવો ક્ષય પામે છે.**' ત્યારે દુઃખની દશા ઉત્પન્ન થતી નથી. સમજાણું કાંઈ? બહુ ટૂંકામાં અને સાર વાત છે. પણ એણે પોતાને કોઈ દી લક્ષમાં લેવા પ્રયત્ન કર્યો નથી એટલે એમ લાગે આ શું કહે છે? આવો ધર્મ! કાંઈ પૈસા દેવા, દાન કરવા, ભક્તિ, પૂજા, વ્રત આદિ કરીએ, પરનો ઉપકાર કરીએ, પરની સેવા કરીએ. એય.. હિંમતભાઈ! કોણ કરી શકે? ભગવાન! પરની તો વાત ક્યાં. અહીં તો ત્યાં સુધી આવ્યું ને. ઓહોહો..!

મારો જ્ઞાનપર્યાય જાણનાર અને પર રાગાદિ જ્ઞેય એ વસ્તુ ક્યાં છે? આવો સંબંધ મારે ને રાગ ને નિમિત્તને છે ક્યાં? એવો હું આત્મા શુદ્ધ સ્વભાવમાં એકાગ્ર થતો પરિપૂર્ણ વસ્તુ જ્ઞાન અને દર્શન છે તેમાં એકાગ્ર થતો અને તેને અનુભવતો, મિથ્યાત્વભાવરૂપી વિકાર તેનો નાશ થઈ જાય છે. જે અનંતા જન્મ-મરણનું બીજડું, એ આત્મા આવો એક શુદ્ધ અખંડ જ્ઞાનદર્શન પરિપૂર્ણ છે એમાં અંતર ઠરતાં, એકાગ્ર થતાં મિથ્યાત્વના ભાવોનો ક્ષય થઈ જાય છે. એટલે? મિથ્યાત્વભાવ ઉત્પન્ન થતાં નથી અને એનો નાશ થઈ જાય છે. એ તર્યો એ આત્મા. સમજાય છે કાંઈ? એ બુડવાના ભાવ હતા એ બળી ગયા.

જેને ભગવાન આવો જ્ઞાન-દર્શનથી પરિપૂર્ણ પ્રભુ, અલ્પજ્ઞ જેટલો નહિ, રાગ તો નહિ, એને આત્માના આવા સ્વભાવ સિવાય ક્યાંય હરખ ને હોંશમાં કોઈમાં અધિકપણું પરમાં ભાસે જીવને એ મિથ્યાત્વભાવ જીવને હણી નાખે છે. સમજાય છે કાંઈ? આવો જે શુદ્ધ એક અખંડ મમતારહિત અને શુદ્ધ જ્ઞાન-દર્શન પરિપૂર્ણ, એની અધિકતામાં ન રહેતા, કંઈપણ કોઈ ચીજમાં જેને પોતાના સ્વભાવથી ઉત્સાહિત વીર્ય થઈને વિકલ્પને અધિક માને, સંયોગને અધિક માને, બહારની સામગ્રીને અધિક માને, એનાથી હું છું એમ માને એ મોટો મિથ્યાત્વભાવ ચાર ગતિમાં રખડવાના રસ્તા, અનંત વાર ગર્ભમાં ગળવાનો એ માર્ગ છે. આહાહા..! અને ગર્ભને ગાળવાનો આ માર્ગ છે. સમજાણું કાંઈ?

મારું સ્વરૂપ શુદ્ધ જ્ઞાન અને દર્શન વસ્તુ છું તો એનું જ્ઞાન-દર્શન એકરૂપ વસ્તુ છે, અખંડ છે, ભેદરહિત છે, તો એનું જ્ઞાન-દર્શન પરિપૂર્ણ જ હોય, પરિપૂર્ણ છું, પરિપૂર્ણ છું. એવી અધિકતા ભાસીને એકાગ્ર એમાં થાય એના અનંતા જન્મમરણના કારણરૂપ મિથ્યાત્વભાવ ગળી જાય. સમજાય છે કાંઈ?

'**જેમ સમુદ્રના વમળે ઘણા કાળથી વહાણને પકડી રાખ્યું હોય...**' સમુદ્રના વમળે, સમુદ્રના વમળે. સમુદ્રમાં પડ્યું વહાણ, એના વમળે '**વહાણને પકડી રાખ્યું હોય પણ પછી જ્યારે વમળ શમે ત્યારે તે વહાણને છોડી દે છે,...**' તેમ ભગવાન આત્મા '**વિકલ્પોના વમળને...**' એટલે કે હું રાગવાળો છું અને અલ્પજ્ઞ છું ને પરની સાથે સંબંધવાળો

છું, એવો જે મિથ્યાત્વનો વિકલ્પ, મિથ્યાત્વનો વિકલ્પ એને છોડી દે છે ત્યારે આત્મા શુદ્ધ ચૈતન્યના માર્ગે-પંથે પડે છે. સમજાણું કાંઈ? '**વમળ શમે ત્યારે તે વહાણને છોડી દે છે,...**' ઓલું વમળ.

'**તેમ આત્મા...**' ભગવાન આત્મા આવો શુદ્ધ જ્ઞાન, દર્શન અને આનંદથી. અહીં તો જ્ઞાન-દર્શનથી ભરેલો કીધો છે, પણ એ આનંદ, અતીન્દ્રિય આનંદથી પણ પરિપૂર્ણ ભરેલો છે. અતીન્દ્રિય આનંદનો સાગર આત્મા છે. એમાં ઠરતાં મિથ્યાત્વનો વિકલ્પ નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? એ મિથ્યાત્વને નાશના ઉપાયની આ એક જ વિધિ છે. માથે આવ્યું હતું ને? કઈ વિધિથી આ આત્મા આસ્રવથી નિવર્તે? કઈ ક્રિયાથી? કઈ વિધિથી? ક્યા પ્રકારથી? કઈ રીતિથી? મહારાજ! એ મિથ્યાત્વભાવ મહા દુઃખદાયકભાવ એનાથી કઈ વિધિથી નિવર્તે? આ વિધિથી નિવર્તે. પોતાનું પરિપૂર્ણ સ્વરૂપ અખંડ એક એવું દૃષ્ટિમાં લઈને એકાગ્ર થાય, એનો અનુભવ કરે એટલે મિથ્યાત્વભાવ ગળી જાય. મિથ્યાત્વભાવથી આ રીતે છૂટે છે. બીજો કોઈ ઉપાય છે નહિ. સમજાણું કાંઈ?

'**આસ્રવોને છોડી દે છે.**' છોડી દે છે એ કથનની પદ્ધતિ તો એમ જ આવે ને. આ મિથ્યાત્વ છે તે છોડું છું એમ છે ત્યાં? ભગવાન આત્મા પોતાનું જ્ઞાન-દર્શન અને આનંદનું રૂપ, એવું સ્વરૂપ, એમાં એકાગ્ર થતાં મિથ્યાત્વભાવ ઉત્પન્ન થતો નથી એને અહીંયાં છોડી દે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? રાગ અને અલ્પજ્ઞપણામાં હું છું એ માન્યતા એ મિથ્યાત્વ છે. ત્યારે પરિપૂર્ણ છું એવી દૃષ્ટિમાં એકાગ્ર થયો તો મિથ્યાત્વની ઉત્પત્તિ થતી નથી એટલે સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થાય છે. એટલે ધર્મની અવસ્થા ઉત્પન્ન થતાં અધર્મની અવસ્થાનો વ્યય થઈ જાય છે. સમજાય છે કાંઈ?

હવે ૭૪. એ ૭૩ની થઈ ગઈ વાત.

'**कथं ज्ञानास्रवनिवृत्त्योः समकालत्वमिति चेत्–**' આપે શું કહ્યું? કે આત્મા પોતાના સ્વરૂપની એકાગ્રતાનું ભાન કરે એ જ કાળે મિથ્યાત્વના પાપનો, દુઃખનો નાશ થાય. કાળ એક જ છે કે કાળની વિષમતા છે? જે કાળે પ્રકાશ થાય તે જ કાળે અંધકાર જાય? કે અંધકાર પહેલો જાય અને પ્રકાશ પછી થાય? કે પ્રકાશ પહેલો થાય અને અંધકાર પછીને કાળે જાય? સમજાય છે કાંઈ? ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય પ્રભુ, કહે છે કે એ પોતાના ઘરમાં આવે ત્યારે પરઘરની ચીજનો તે જ ક્ષણે નાશ થાય? એવો એક જ કાળ છે? અનુભવ ઉત્પન્ન થતાં મિથ્યાત્વનો નાશ તે જ કાળે થાય અને મિથ્યાત્વનો નાશ તે કાળે થતાં સ્વરૂપના આનંદનું સમ્યગ્દર્શન તે જ કાળે થાય? કે કાળફેર છે? સમજાણું કાંઈ? આ પ્રશ્ન તો જુઓ! આહાહા..!

પ્રશ્ન કરનારની ભૂમિકા કેવી છે એમ આચાર્ય કહેવા માગે છે. જેને એમ અંદરમાં થયું કે, ઓહો..! આ આત્મા વસ્તુ અખંડાનંદ પ્રભુ, એનો જ્યારે જે ક્ષણે અનુભવ થાય, સમ્યક્ થાય તે જ ક્ષણે રાગનો મિથ્યાત્વનો અનુભવ તે જ ક્ષણે નાશ થાય? એમ કહે છે. સમજાણું કાંઈ? બેનો એક જ કાળ છે? અધર્મની ઉત્પત્તિનો નાશ અને ધર્મની ઉત્પત્તિ બે એક કાળે છે કે ફેર છે? એમ કહે છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ સિદ્ધ કરે છે. આહાહા..! છે ને પ્રશ્ન? હજી આ પ્રશ્નની ભૂમિકા બાંધવાને યોગ્ય જીવ થાય તો એને આ પ્રશ્ન થાય એમ કહે છે. બીજો પ્રશ્ન નહિ. મારે શું કરવું? આ તો અહીંયાં એટલી જ વાત કે જ્યારે આ ભગવાન આત્મા પોતાના નૂરના ચૈતન્યના પૂરે ચડે તે જ ક્ષણે રાગની એકતાની બુદ્ધિના મિથ્યાત્વનો નાશ થાય, કાળ એક છે કે કાળ ફેર છે? કહો, ચીમનભાઈ! રોકડિયો ધંધો છે? કે ઉધારનો છે? એમ કહે છે. પૈસા ધીરે ને પછી આવે. લ્યો અત્યારે લઈ જાવ. મોસમ પાકે ત્યારે આપજો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મોડું થઈ ગયું અડધો કલાક. શું થયું? અડધો કલાક. ૨૫ મિનિટ થઈ ગઈ. કહો, સમજાણું આમાં? ઓલા ચાલી શકતા નથી ને. ખુરશી આવતા વાર લાગી હશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ જ કહું છું. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, પ્રભુ! આત્માને ધર્મ પ્રગટે એ જ ક્ષણે અધર્મનો નાશ થાય? બેનો કાળ એક જ છે? એક માણસ કહે કે ભાઈ, અમને ધર્મ તો પ્રગટ્યો છે પણ હજી મિથ્યાત્વનો નાશ થયો નથી. શંકા રહ્યા કરે છે કે હજી મારે અનંતા ભવ હશે કે નહિ? હજી અનંતા ભવ ભગવાને મારા દીઠા હશે કે નહિ? ધર્મ પ્રગટ્યો છે. ધર્મ સમજાણો છે. પણ આ હજી મિથ્યાત્વ ગયું નથી. શંકા ગઈ નથી. કહે છે, વાત ખોટી છે. સમજાય છે કાંઈ?

જે ક્ષણે રાગ અને સંયોગ વિનાનો ભગવાન આત્મા, જેમાં ભવનો ભાવ નથી એવા આત્માનું ભાન થાય અને એ કાળે એને અનંત ભવ મને છે એવી શંકા રહે એ ત્રણ કાળમાં બને નહિ. સમજાણું કાંઈ? અને એમ કોઈ કહે કે ભાઈ, અનંત ભવનું કારણ જે સંસાર એવો મિથ્યાત્વ એ તો મારે નાશ થયો છે. પણ હજી ધર્મદશા, આનંદની દશા એ મને હજી પ્રગટી નથી. એમ હશે કે નહિ? એવો પ્રશ્ન શિષ્યના મુખમાં મૂકી અને આવી જેને જિજ્ઞાસા છે એને આ ઉત્તર દેવામાં આવે છે.

૭૪.

**जीवणिबद्धा एदे अधुव अणिच्चा तहा असरणा य।**
**दुक्खा दुक्खफल त्ति य णादूण णिवत्तदे तेहिं।।७४।।**

એનું હરિગીત.

**આ સર્વ જીવનિબદ્ધ, અધ્રુવ, શરણહીન, અનિત્ય છે,**
**એ દુ:ખ, દુખફળ જાણીને એનાથી જીવ પાછો વળે. ૭૪.**

જુઓ! ટૂંકા શબ્દોમાં આટલું કહ્યું છે.

પહેલો બોલ. '**ટીકા :- વૃક્ષ અને લાખની જેમ...**' પીપળનું ઝાડ હોય છે ને એને લાખ થાય છે લાખ. ત્યારે વૃક્ષ છે તે વધ્ય છે અને લાખ છે તે ઘાત કરનાર છે. સમજાય છે કાંઈ? પીપળ, બાવળ આદિમાં થાય છે. લાખ થાય લાખ. પીપળમાં લાખ થાય એટલે પીપળનો ખોળ એમ આપણે કાઠિયાવાડમાં કહે. ખોળ સમજાય છે? ક્ષય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ખાઈ જાય. ક્ષય-ખોળ. પીપર બહુ હતી અહીં ભાવનગરમાં. આ છે ને આ શું કહેવાય? ગુજરી. ગુજરીની આખી સડક ઉપર પીપળ હતી. સંવત ૬૫-૬૬ની વાત છે. બહુ સેંકડો પીપળ. લાખ આવી તો ખલાસ થઈ ગયું. સમજાણું? પહેલા એકવાર આવેલો હું પાલેજથી ભાવનગર. ત્યાં અનેક પીપળ. બીજી વાર બીજે વર્ષે આવ્યો એલા પીપળ ક્યાં ગઈ આ બધી? કહે, ખલાસ થઈ ગઈ. શું થયું હતું? કહે લાખ. છે ને સામે ઘોઘાને દરવાજે નહિ? આખી સડક છે. આખી સડકે પીપળના ઝાડ. કાંતિભાઈ! આ તો ઘણા વર્ષની વાત છે હોં! ૬૬ની. ઘણી પીપળ હતી. સંવત્ ૬૬. એક લાઈનબંધ આમ પીપળ હતી ને. લાખ આવી. બાવળને લાખ હોય છે. જોઈ છે આપણે. ઓલા ગામમાં નહિ અણિયાળું. રાજકોટ પાસે નહિ ઓલા દરબારનું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ. ત્યાં ઉતર્યા હતા ને બહાર ત્યાં જોયું. આહાર કરીને ફરતા હતા ત્યાં એને બાવળ ઉપર લાખ હતી. બાવળ થાય છે ને. બાવળ સમજો છો? બબુલ. એને પણ લાખ થાય છે. નાશ. લાખ આવે ત્યાં નાશ થઈ જાય.

એમ '**વૃક્ષ અને લાખની જેમ વધ્ય-ઘાતકસ્વભાવપણું હોવાથી...**' વૃક્ષ છે તે ઘાત થવાને લાયક છે અને લાખ છે તે ઘાત કરનાર છે. કહો, બરાબર છે? '**હોવાથી આસ્રવો...**' એમ મિથ્યાત્વભાવ અને પુણ્ય-પાપના ભાવ એ '**આસ્રવો જીવ સાથે બંધાયેલા છે;...**' એ જેમ લાખ પીપળમાં ભિન્ન ચીજ છે, એમ ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનમૂર્તિ છે. એમ પુણ્ય ને પાપ અને પુણ્ય-પાપ મારા એવો મિથ્યાત્વભાવ લાખ સમાન જીવના સ્વરૂપની સાથે સંયોગરૂપે બંધાયેલ છે. જીવનું એ સ્વરૂપ નથી. પીપળનું લાખ સ્વરૂપ નથી. પીપળને લાખ ઘાત કરનાર છે અને પીપળ ઘાત થવાને લાયક છે. એમ ભગવાન આત્મા સચ્ચિદાનંદ

શુદ્ધ જ્ઞાનાનંદ સિદ્ધસ્વરૂપ પરમાનંદની મૂર્તિ જીવ એની પર્યાયમાં-અવસ્થામાં રાગ તે હું, પુણ્ય તે હું એવો જે મિથ્યાત્વભાવ અને રાગાદિ ભાવ એ આત્મારૂપી વૃક્ષને એ વિકારીભાવ ઘાત કરનાર છે અને જીવની વર્તમાન અવસ્થા ઘાત થવાને લાયક છે. સમજાણું કાંઈ? આહાહા..!

એમ જેને અંતરમાં નિર્ણય થાય એ વિકારપણું સ્વભાવમાં નથી, સંયોગે છે, મારી દશાના ઘાતથી ઉત્પન્ન થાય છે. એમ જેને ભાન થાય એ મિથ્યાત્વના ભાવથી પાછો વળી જ્ઞાનભાવમાં આવી જાય. કહો, સમજાણું કાંઈ? અહીં તો છ બોલ લેશે ક્રમસર. પણ છે તો એક ક્ષણે છએ બોલ. પણ સમજાવવામાં ભિન્ન ભિન્ન રીતે સમજાવીને પરથી ભિન્નપણું કેમ છે? એ સમજાવે છે.

એટલે કે '**વૃક્ષ અને લાખની જેમ...**' આહાહા..! આ બાયડી, છોકરા ને કુટુંબ જીવને ઘાત કરનારા નથી એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માટે આવી વાત હશે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ એને તો ભિન્ન ચીજ છે. એ ક્યાં આત્માને નુકસાન કરનાર (છે)? એ તો ભિન્ન ચીજ છે, એને ઘરે પડી છે. પણ એ માને કે આ મારા એવો જે મમત્વભાવ અને એ મને ઠીક છે એવો જે મિથ્યાત્વભાવ એ આત્માની દશાને ઘાત કરે છે. વજુભાઈ!

જે એના નથી એને એ (પોતાના) માને છે. એમ રાગ, વિકલ્પ, પુણ્ય જે છે એ પણ જીવનું સ્વરૂપ નથી. જેમ લાખ વૃક્ષનું સ્વરૂપ નથી, એમ રાગના પરિણામ સૂક્ષ્મ એ જીવનું સ્વરૂપ નથી. એ મારા છે, એમ માનનારને એ ભાવ ઘાતક છે અને જ્યાં શાંતિ સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાયને ઉત્પન્ન થવા દેતા નથી. એથી એને ઘાત કરે છે. ધર્મની પર્યાયને ઘાત કરે છે, અધર્મપર્યાય તેની ઘાતક છે. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! ધર્મ તો બહુ અલૌકિક ચીજ છે ને. એ કાંઈ બહારથી મળે એવી ચીજ નથી. બહારમાં ક્યાં હતો એ? જ્યાં હોય ત્યાંથી મળે ને. ન હોય ત્યાંથી મળે? આહાહા..!

કહે છે, આસ્રવો. '**जीवणिबद्धा**' શબ્દ છે ને? '**जीवणिबद्धा**' પહેલો શબ્દ છે. જીવસ્વરૂપ નહિ પણ '**जीवणिबद्धा**' વૃક્ષની સાથે જેમ લાખ છે, એમ ભગવાન આત્માની સાથે વિકારીભાવ નિબદ્ધ છે. વિશેષે સંયોગરૂપે બદ્ધ છે. વસ્તુ સ્વરૂપ એનું નથી. સમજાણું કાંઈ? આહાહા..! પૈસા ને આ બાયડી, છોકરા, આ મકાન, આબરુ એ તો ક્યાંય રહી ગઈ, ક્યાં તારી હતી? એ તો જડ છે.

મુમુક્ષુ :- એના વિના ચાલે નહિ એનું શું કરવું?

ઉત્તર :- એના વિના ચાલ્યું છે. માને છે મૂઢ. એના વિના જ ચાલ્યું છે અનાદિથી. એના વિના ન ચાલે તો એ જડ થઈ જાય. આહાહા..! પરવસ્તુના અભાવરૂપે જ પોતાને ચાલ્યું છે. પરવસ્તુના ભાવથી ચાલે? તો તો બેય એક થઈ જાય. સમજાણું કાંઈ?

એ પ્રશ્ન થયો હતો ઘણા વર્ષ પહેલા. આ હતા ને હરજીવનભાઈ. સમઢિયાળા. હરજીવનભાઈએ પ્રશ્ન કરેલો બોટાદ. એ ઓલું શું કહેવાય તમારું? આપણે વ્યાખ્યાન વાંચતા ને. મ્યુનિસિપાલિટીનો હોલ. હોલ. ત્યાં પ્રશ્ન કર્યો હતો. મહારાજ! તમે પૈસા.. પણ પૈસા વિના ઘડીએ ચાલે નહિ. શાક મળે નહિ, રોટલા મળે નહિ, પૈસા વિના ચાલ્યું છે કાંઈ? એય.. શેઠ! એમ હરજીવનભાઈએ પૂછયું હતું.

સાંભળો કીધું. આ એક આંગળી છે એ આ આંગળી વિના રોડવે છે કે નહિ? આ આંગળી ન હોય તો આ આંગળી ન હોય એમ થાય? આ છે એ આના વિના જ રહેલી છે. આના વિના જ રહેલી છે. પોતાથી રહેલી છે અને આના વિના જ રહેલી છે. એમ આત્મા પોતાથી છે અને પરદ્રવ્ય વિના જ રહેલો છે. કોઈ દી ખબર ન મળે. કહો, પોપટભાઈ! એ છોકરા, બાયડી, લાદી વિનાનો રહેલો છે એમ કહે છે.

મુમુક્ષુ :- એ તો લાદી ક્યાં હતી?

ઉત્તર :- વઢવાણ નહોતી પણ અત્યારે થઈને મોટી. મોટો સંચો છે મોટો. થાણામાં. કારખાનું પંદર લાખનું મોટું કારખાનું. લાદીના પથરા ઘડ્યા કરે અંદરથી. કહે છે કે એ તો એના નથી અને તું એમાં નથી. એ તારા નથી અને તું એમાં નથી.

અહીં તો કહે છે કે તારામાં જે સ્વરૂપ ચિદાનંદ અખંડ આનંદ ધ્રુવ છે એને ભૂલીને રાગ ને વિકલ્પ દયા, દાન, વિકલ્પ આદિ મારો છે એવો જે મિથ્યાત્વભાવ એ જીવનું સ્વરૂપ નથી, એ ઘાત કરનાર છે. રતિભાઈ! કહો. એ ... નુકસાન કરતું નથી કહે છે, તેમ લાભ પણ કરતો નથી. આ મારો એવો મિથ્યાત્વભાવ એ જીવના સ્વરૂપને ઘાત કરનાર છે. જીવની હિંસા કરનાર છે. કહો, સમજાણું કાંઈ?

હિંસા એટલે? ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે એનો નકાર કરીને હું તો રાગ અને રાગસ્વરૂપ છું એવો જે મિથ્યાત્વભાવ એ સાચા સ્વભાવનો અનાદર કર્યો છે એ જીવની હિંસા કરી છે. પોતાના સ્વરૂપની પોતે ભયંકર હિંસા (કરી છે). ભાવમરણો. આવે છે ને? ભાવમરણો. શ્રીમદ્‌માં પણ આવે છે. 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો? ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો?' વિકલ્પ ઉઠે છે, ચાહે તો શુભ કે અશુભ, એ મારા છે, હું એનો છું, એ મારી ચીજમાં છે, એવો જે મિથ્યાત્વભાવ એ ચૈતન્યની શાંતિના ઘાત અને ક્ષણે ક્ષણે મરણ કરે છે. સમજાણું કાંઈ?

'**વૃક્ષ અને લાખની જેમ...**' જુઓને દૃષ્ટાંત. કુંદકુંદાચાર્યે તો સિદ્ધાંત જ મૂક્યા છે. પણ અમૃતચંદ્રાચાર્ય એને સરળ થવા માટે, જગતને સરળ સમજવા માટે દાખલો આપીને કહ્યું, કે જેથી એ સિદ્ધાંત સમજવાને એને સરળ પડે. ભાઈ! તું જીવ છો ને? જીવ છો ને? જીવતો જીવ. અનંત જ્ઞાન, દર્શન, આનંદે જીવતો જીવ. એવા જીવમાં પુણ્ય-પાપના ભાવ મારા અને એનો હું એવો જે મિથ્યાત્વભાવ એટલે કે વસ્તુ નથી તેવો જૂઠો ભાવ, એ ભાવ તે ઘાત કરનાર છે અને તારી ધર્મની શાંતિની પર્યાય ઉત્પન્ન થવા દેતા નથી. માટે તે ઘાત થવાને જીવ લાયક છે. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ!

પર જીવને ન મારવો, અહિંસા પાળવી. અહિંસા .. .. લ્યો. અમારે હીરાજી મહારાજ બિચારા એ તો બીજા કરતાં પણ આમ બોલતા. ભગવાન એમ કહે છે. સાંભળ્યું હતું કે નહિ તમે કોઈ દી હીરાજી મહારાજને? ૭૪માં ગુજરી ગયા. હીરાજી મહારાજનું સાંભળ્યું હતું વ્યાખ્યાન-બ્યાખ્યાન કે નહિ? ૭૦માં હતું ચોમાસું. પછી ૭૩માં હતું. ૭૪માં. ૭૦માં હતું. પછી બસ. પછી નહોતું. ૭૩માં .. ૭૪માં ગુજરી ગયા. ૭૦-૭૦. ૫૫ વર્ષ થયા. વ્યાખ્યાનમાં એવું બોલે શાંતિથી, ધીમેથી હોં. વૈરાગી માણસ. અહિંસા ... ભગવાન કહે છે, બધા સિદ્ધાંતનો સાર છે. કોઈપણ પ્રાણીને કાંઈ ન હણવો તે સિદ્ધાંતનો અહિંસા સાર છે. પણ આ હોં! કે જે હિંસા છે એને અહિંસા માની છે. બીજાને ન મારવાનો વિકલ્પ કે બીજાને જીવાડવાનો વિકલ્પ એ રાગ છે, એ હિંસા છે. એય..! સ્વરૂપચંદભાઈ! બહુ શાંત હતા. સંપ્રદાયની દૃષ્ટિમાં વસ્તુની ખબર નહિ એટલે શું થાય? સમજાણું? લોકો તો આમ .. સાંભળીને હોં. દંભ નહિ. પણ એ માન્યતા જે હતી. વસ્તુની ખબર નહિ. નેમિદાસભાઈ! તમે તો ઘણી વાર સાંભળ્યા હતા. પણ આમ બોલે અહિંસા .. છે. ... બીજા જીવને જરી પણ દુઃખ ન દેવું એવી જે અહિંસા જેણે જાણી એણે બધું જાણ્યું. એય.. વજુભાઈ!

અહીં કહે છે કે એ પરજીવને બચાવવાનો દયાનો વિકલ્પ, વિકલ્પ એ મારો એમ માને છે અને મને લાભ છે એનાથી માને છે એ મિથ્યાત્વનો ભાવ જીવને ઘાત કરનાર છે. આ બધા ગપ્પા ચલવ્યા હોય ને તમે બધા ત્યાં ભાષણમાં. નંદલાલભાઈ! ભાઈ તો ત્યાં બહુ મોઢા આગળ પડતાને. કહો, સમજાણું આમાં? આ તો એ નહિ. આ તો દાખલો છે. આ તો બધા ઘણાય એમ કરે છે ને. ઓહો..! કોઈપણ પ્રાણીની પાંખ દુઃખાવવી મહા અધર્મ છે. બીજાને અભયદાન દેવો એ ધર્મ છે.

અહીં કહે છે કે બીજાને અભયદાન ત્રણ કાળમાં જીવ દઈ શકતો નથી. આ પરને દુઃખ ન થાય એવો જે વિકલ્પ ઉઠે એ પણ રાગ છે અને એ રાગ મને લાભદાયક છે, મને ધર્મ થાય છે એ મિથ્યાત્વભાવ છે.

મુમુક્ષુ :- માને તો.

ઉત્તર :- માને છે ને. માને તો શું? માને જ છે ને ઈ. સમજાણું કાંઈ? એ ધર્મ છે. બસ દયા, અહિંસા ધર્મ છે. એમ માને છે ને બધા. માને શું? માન્યું છે ને બધાયે. જિંદગી ગઈ એમ ને એમ.

અહીં કહે છે કે એ વિકલ્પ ઉઠ્યો છે એ જેમ ઝાડમાં લાખ છે, એમ ભગવાન આત્મા અરૂપી ઝાડ અનાદિઅનંત શાંતમૂર્તિ પ્રભુ. એમાં એ રાગ છે એ ઝેર છે. એ આત્માની પર્યાયને નિર્મળ ઉત્પન્ન ન થવા દેતા ઘાતવા યોગ્ય છે અને આત્મા ઘાતવાને લાયક છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો જગતને એવું લાગે. ઓલા કહે, અરર..! પરજીવને બચાવવાનો ભાવ, એ બચાવી શકે છે એ પ્રશ્ન ત્યાં નથી, પણ એ ભાવ છે ને રાગ, એ વિકલ્પની વૃત્તિ ઉઠે છે અને એ વિકલ્પ છે એ રાગ છે એ ઝેર છે. આત્મા અમૃતમૂર્તિ ભગવાન એની પર્યાયમાં એ ઝેર ઘાત કરનાર છે, અમૃતપણાની પર્યાય હણાવાને લાયક જીવ એ કાળે છે. આહાહા..! શેઠ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો માર્ગ આ છે પછી સોનગઢવાળાને ક્યાં? શેઠ! આ બહારમાં રખડ્યા છે ને બહુ, એમ કે આ બહાર બીજા ન માને, પણ માર્ગ આ છે. માને ન માને સત્ય તો આ છે. કહો, ભીખાભાઈ! આહાહા..! તત્ત્વની ખબર ન મળે. હું કોણ અને ક્યાં છું? કોણ છું? શ્રીમદ્દ્ ન કહ્યું? ૧૬ વર્ષે.

હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સંબંધે વળગણા છે રાખું કે એ પરહરું?
એના વિચાર વિવેકપૂર્વક શાંતભાવે જો કર્યા
તો સર્વ આત્મિકજ્ઞાનના સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યા.

૧૬ વર્ષે પોકારે છે. ૧૬ વર્ષ અને ૪ મહિને. આત્માને ક્યાં ૧૬ વર્ષ હતા? આત્મા તો અનાદિનો છે. આ તો શરીરની સ્થિતિની વાતું ચાલે છે. ૫૦ થયા, ૬૦ થયા ને ધૂળ થઈ. ભગવાન તો અનાદિઅનંત છે. આ તો સંયોગી ચીજ જડ છે. એની સ્થિતિની વાતું લોકો કરે કે આટલા વર્ષ જીવ્યો.

અહીં કહે છે, ભાઈ! ભગવાન આત્મા જીવ એની સાથે પુણ્યનો વિકલ્પ ઉઠે તે સંયોગી ચીજ. એની ચીજ નહિ. સ્વરૂપચંદભાઈ! જેમ પીપર ઝાડની ચીજ લાખ નહિ. એ તો વિરોધ સ્વભાવવાળી વાત છે. લાખ એ પીપરથી વિરુદ્ધ સ્વભાવવાળી છે. જુઓ! એ કહે છે. '**જીવ સાથે...**' વ્યાખ્યા આટલી કરી. '**जीवणिबद्धा**' પુણ્યનો વિકલ્પ ઉઠે અને એ મને

લાભદાયક એવો જે મિથ્યાત્વભાવ એ જીવની સાથે નિબદ્ધ છે. નિ-વિશેષે સંયોગરૂપે બદ્ધ છે. સ્વરૂપ એનું નથી. સમજાણું કાંઈ? આમ બે વચ્ચેની વહેંચણી કરીને ઘાતક સ્વભાવથી પાછો વળે અને જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર થાય, તે જ કાળે ધર્મ થાય અને તે જ કાળે મિથ્યાત્વનો નાશ થાય. જે કાળે રાગ થાય તે મારો છે એ મિથ્યાત્વભાવ, તે જ કાળે આત્માના ધર્મની પર્યાયનો નાશ થાય અને અધર્મની પર્યાય ઉત્પન્ન થાય. સમજાણું કાંઈ?

ભગવાન! જેમ લાખ ચોંટેલી છે તે જ કાળે પીપરની અવસ્થાનો ઘાત છે, લાખની ઉત્પત્તિ છે. જે કાળે એ પીપર તે લાખથી ભિન્ન છે, એમ આત્મા જ્ઞાયક ચૈતન્ય છું એ રાગના સંયોગીભાવ ઘાત કરનાર છે. એના તરફની રુચિ ફેરવી, દૃષ્ટિ સ્વભાવ ઉપર મૂકતા તે જ કાળે ધર્મની પર્યાય થાય છે, તે જ કાળે મિથ્યાત્વની ઉત્પત્તિ જાય છે. સમજાય છે કાંઈ? જે કાળે ધર્મ થાય છે તે જ કાળે અધર્મનો નાશ થાય છે એમ કહે છે.

'**જીવ સાથે બંધાયેલા છે; પરંતુ અવિરુદ્ધસ્વભાવપણાનો અભાવ હોવાથી...**' શું કહે છે? ભગવાન આત્માનો જ્ઞાન અને આનંદસ્વભાવ છે એવો જે રાગ એ અવિરુદ્ધ સ્વભાવનો અભાવ છે. રાગમાં અવિરુદ્ધ સ્વભાવનો અભાવ છે. ભાષા આમ કરી. ચૈતન્ય શુદ્ધ જ્ઞાયકમૂર્તિ પરમાનંદ પ્રભુ એનો સ્વભાવ જે આત્માનો એ અવિરુદ્ધસ્વભાવ છે. શું કીધું? આત્માનો જ્ઞાન, આનંદ આદિ સ્વભાવ એ અવિરુદ્ધસ્વભાવ છે. એમ પુણ્યના પરિણામનો ભાવ એ આત્માના અવિરુદ્ધસ્વભાવનો એમાં અભાવ છે. સ્વરૂપચંદભાઈ! લોજિકથી વાત ન્યાયથી તો કરે છે. સમજાય છે કે નહિ આમાં?

ભગવાન આત્મા વસ્તુ છે જ્ઞાન, દર્શન અને આનંદનું રૂપ જેનું છે એ સ્વભાવ તો આત્માનો અવિરુદ્ધસ્વભાવ છે. એ સ્વભાવ જે છે જ્ઞાન ને આનંદ એ આત્માનો અવિરુદ્ધસ્વભાવ છે. અને એની સાથે જે વિકલ્પ ઉઠ્યો દયા, દાન, વ્રત કે શુભપરિણામ એ આત્માના અવિરુદ્ધ સ્વભાવનો એમાં અભાવ છે એટલે આત્માના અવિરુદ્ધ સ્વભાવથી એ વિરુદ્ધભાવ છે. આહાહા..! છે કે નહિ? જુઓને! એમાં શબ્દ છે એના અર્થ થાય છે. સ્વરૂપચંદભાઈ! છે કે નહિ? પ્રસન્નચંદજી! એમાં જુઓ. આહાહા..! આ તો વાંચતા પણ હજી ન આવડ્યું હોય. એની મેળાએ વાંચતા પણ આવડે નહિ એય.. રતિભાઈ! ધંધાની લોહવાટમાં પાપની આડે વાંચવાને નવરાશ ન મળે.

મુમુક્ષુ :- વાંચી જાય શું કામ આવે?

ઉત્તર :- વાંચવાની નવરાશ ન મળે પહેલી તો એમ કહું છું. પોણો કલાક બેસે તો એને શું ધૂળમાંય સૂઝે નહિ એને કાંઈ. લોહવાટ-લોહવાટ આમ કરું, આમ કરી દઉં, આમ સાચવું, આ બરણી.. આમ ભરી લઉં. ધૂળના એકલા આત્માના હિંસાના ભાવ છે.

મુમુક્ષુ :- શું કરવું એ તો સમજાવો.

ઉત્તર :- આ શું કહેવાય છે આ? એય.. મનસુખ! ક્યાં ગયો હસમુખ? એ બધાય કરનારા ત્યાં છે. આખો દી ચોવીસ કલાકમાં થોડો .. રાખતો હશે .. એ શુભભાવ છે. પણ એનાથી લાભ માને તો પાછો મિથ્યાત્વભાવ છે. ભારે વાતું ભાઈ!

જે ભાવ છે, આત્માના આનંદ અને જ્ઞાનસ્વરૂપથી વિકલ્પ જે શુભ છે એ તો આત્માના સ્વરૂપનો અવિરૂદ્ધસ્વભાવ એનો એમાં અભાવ છે. રાગમાં અવિરૂદ્ધ સ્વભાવનો અભાવ છે. અવિરૂદ્ધ સ્વભાવ એટલે? આત્મા જ્ઞાન, દર્શન, આનંદ સ્વરૂપ છે એ એનો અવિરૂદ્ધ સ્વભાવ છે. એમાં પુણ્યના પરિણામમાં અવિરૂદ્ધ સ્વભાવનો અભાવ છે. કહો, હિંમતભાઈ! હવે તો સમયસાર હજારો કેટલા બહાર આવી ગયા છે. દસ હજાર ઉપર અહીંથી પડી ગયા હશે, કેટલાય નહિ? કેટલા પડ્યા છે? ગુજરાતી, હિન્દી ઓહોહો..! ઘણા બહાર પડ્યા. પણ વાંચવાને નવરા ક્યાં છે? અને વાંચે તો સૂઝ પણ પડે નહિ રતિભાઈ! કાંઈકનું કાંઈક કાઢે એમાંથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ આમાં ચોખ્ખે ચોખી વાત છે કે નહિ?

‘**વૃક્ષ અને લાખની જેમ વધ્ય-ઘાતકસ્વભાવપણું હોવાથી...**’ એ પુણ્યના પરિણામ રાગ તે ઘાતક છે, હણનાર છે, ભગવાન આત્માની શાંતિ તે હણાવાયોગ્ય થાય છે એટલે શાંતિ ઉત્પન્ન થતી નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ? એ આસ્રવો આ કારણે ‘**જીવ સાથે...**’ સંયોગરૂપ છે એટલે ‘**બંધાયેલા છે;...**’ એ જીવનું એ રાગ તે સ્વરૂપ છે નહિ. આહાહા..!

‘**પરંતુ...**’ બંધાયેલા છે માટે ‘**અવિરૂદ્ધસ્વભાવપણાનો અભાવ હોવાથી તેઓ જીવ જ નથી.**’ એ શુભ પરિણામ કે અશુભભાવ એ જીવ જ નહિ. એ તો આસ્રવતત્ત્વ છે. સમજાણું કાંઈ? ‘**(લાખના નિમિત્તથી પીપળ આદિ વૃક્ષનો નાશ થાય છે. લાખ ઘાતક અર્થાત્ હણનાર છે અને વૃક્ષ વધ્ય અર્થાત્ હણાવાયોગ્ય છે. આ રીતે લાખ અને વૃક્ષનો સ્વભાવ એકબીજાથી વિરૂદ્ધ છે માટે લાખ વૃક્ષ સાથે માત્ર બંધાયેલી જ છે; લાખ પોતે વૃક્ષ નથી. તેવી રીતે આસ્રવો ઘાતક છે અને આત્મા વધ્ય...**’ નામ હણાવાયોગ થાય છે પર્યાયમાં. દ્રવ્ય તો છે ઈ છે. સમજાય છે? દ્રવ્ય તો છે ઈ છે. પણ પર્યાયમાં રાગ ઉપર દૃષ્ટિ હોવાથી, પોતાના જ્ઞાયકની દૃષ્ટિ ખોવાઈ જવાથી એ આત્મા, રાગ મારો એવી દૃષ્ટિમાં એની ધર્મની પર્યાયની દશા ઘાત થાય છે, એટલે કે ઉત્પન્ન થતી નથી. અને એને ઠેકાણે રાગ મારો એવો મિથ્યાત્વભાવ ઉત્પન્ન થાય છે. આહાહા..! કેટલો દાખલો આપીને (સમજાવે છે). આ વીતરાગમાર્ગ આવો છે. સર્વજ્ઞ પરમેશ્વર કેવળી

પણ્ણંતો ધમ્મો શરણં. સાંજ સવાર બોલે બહુ મંગળિકમાં. બોલે ને? નહિતર સવારમાં મંગળિક કરીને જાય દુકાને તો પૈસા મળે. શંકરનો ભંડાર છે. ઓલું લાકડું હોય ને મોઢા આગળ. લાકડાને પગે લાગીને ગરે. મૂર્ખાઈના તે કાંઈ ગામ જુદા હશે? મૂર્ખાઈના ગામ જુદા હોય? મૂર્ખાઈથી ભરેલા બધા છે. ઓલું લાકડું (રાખ્યું હોય) બારણું ઉઘાડે ને. શું છે? આમાં પેસીએ તો કાંઈ...

મુમુક્ષુ :- ચાંદલા કરે કંકુના.

ઉત્તર :- હા. એમ છે. લાભ થાય પૈસાનો. હવે મૂર્ખ સાંભળને. મૂર્ખાઈમાં તારો આત્મા ખોવાઈ ગયો અહીં તો કહે છે. લાભ સવાયા લખે ને માથે? શું કહેવાય છે એ કાંઈક? બે બાજુ બે લખે છે ને?

મુમુક્ષુ :- લાભ-શુભ

ઉત્તર :- બીજો એક શબ્દ આવે છે ને? શુભ. શુભ બે શબ્દ આવે છે. બારણામાં લખે બે બાજુ. અમારું શુભ થાજો. આ બધું દુકાન-બુકાન ચાલે સરખી. એવું. સમતાના ફળ મીઠાં છે. એવું આવે છે કાંઈક શબ્દ આવે છે. કઈ સમતા એનું ભાન ન મળે એને.

અહીં તો કહે છે, ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ અમૃતનો દરિયો ભગવાન આત્મા, અતીન્દ્રિય અમૃતનો દરિયો, એમાં એ રાગનો વિકલ્પ તે દુઃખરૂપ ઝેર ઉપર તરે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ રાગ ઝેર છે, આત્મા અમૃત છે. એ અમૃતની વર્તમાન પર્યાયને રાગની ઉત્પત્તિનું ઝેર ઘાતક છે અને આ પર્યાય ઘાત થવા લાયક છે. એમ બે વચ્ચેનું ભેદજ્ઞાન કરીને રાગથી પાછો વળીને જ્ઞાયક તરફમાં ઠરે ત્યારે તેને સમ્યગ્દર્શન થઈને ધર્મ થાય અને તે જ કાળે મિથ્યાત્વના ભાવની ઉત્પત્તિ થાય નહિ એટલે મિથ્યાત્વનો નાશ થાય. તે જ સમયે ધર્મ અને તે જ સમયે અધર્મનો અભાવ. સમજાણું કાંઈ? રોકડિયો ધર્મ છે અહીં કહે છે. શેઠ! આહાહા..!

'**તેવી રીતે આસ્રવો ઘાતક છે અને આત્મા વધ્ય છે. આમ વિરૂદ્ધ સ્વભાવો હોવાથી...**' એ પુણ્ય-પાપના વિકલ્પો અને એ મારા એવો મિથ્યાત્વભાવ એ આસ્રવો આત્માના સ્વભાવની કાયમની ચીજથી એ વિરૂદ્ધ છે. છે? '**આમ વિરૂદ્ધ સ્વભાવો હોવાથી આસ્રવો પોતે જીવ નથી.**)' આહાહા..! એ રાગ જીવનો નથી. તો આ બાયડી, છોકરા ને શરીર ક્યાંથી ગરી ગયા તારા? એમ કહે છે. આહાહા..! પણ ભ્રમણામાં ગરી ગયો ને. થોડા વર્ષથી જ્યાં ઓળખાણ થઈ ગઈ આ બાયડી, આ છોકરા, ઢીંકણું, થઈ ગયા મારા. હતા કે દી તારા? એ તો કો'કની જગતની ચીજ છે. આહાહા..!

અહીં તો કહે છે, ભાઈ! તારામાં નહોતો એવો રાગ ઉત્પન્ન કર. નહોતો એ ઉત્પન્ન

કર અને એ મારા માન અને લાભદાયક માને, મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. ચૈતન્યને ચાર ગતિમાં રખડવાના ભાવને સેવે છે. કોઈ ધણી ધોરી નથી પછી ત્યાં. આહાહા..! મરીને ક્યાં જાય? આહાહા..! ક્યાં કીડીએ અવતાર, ક્યાં કાગડે અવતાર. આ જુઓને આ મસી (જીવાત) ઉત્પન્ન થાય છે. ક્ષણમાં મરે બિચારી. કેટલી ક્ષણે. ક્યાંક મોટો રાજા મરીને મસી થાય, વાણિયો મરીને મસી થાય. સમજાણું કાંઈ? માયા, કપટ સેવ્યા હોય અને એવા ભાવ હોય તો આમ મસી થાય આવડી. મરી જાય. આહાહા..! આ તે કોઈ છે શરણ? પણ એને આત્માની ત્રિકાળતામાં શું ભર્યું છે એની એને ખબર નથી. નથી તેને પોતાનું માને, છે તેને ખોઈ બેસે છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે એ શુભરાગનો કણ પણ આત્માનો છે એમ માને એ આત્માના સ્વભાવથી વિરૂદ્ધભાવને પોતાનો માને છે. એમ મિથ્યાત્વભાવનો વિરૂદ્ધભાવ ઉત્પન્ન થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? બહુ સરસ. દાખલો આપીને સીધી વાત એટલી કરી. આમ બે વચ્ચે.. પછી છેલ્લો છે શબ્દ. જુઓ છેલ્લો છે. '**જીવ જ સમસ્ત પુદ્‌ગલપરિણામનો અહેતુ હોવાથી...**' '**આમ આસ્રવોનું અને જીવનું ભેદજ્ઞાન થતાં વેંત જ...**' એ દરેકમાં લાગુ પડે છે. '**જેનામાં કર્મવિપાક શિથિલ થઈ ગયો છે...**' આમ જ્યાં અંતર નક્કી થયું. આહાહા..! રાગ ઘાતક છે અને હણાવાયોગ્ય મારી દશા? એ મારી ચીજ નહિ. હું એનાથી ભિન્ન છું, જ્ઞાયક ચિદાનંદ છું, એમ અંતર દૃષ્ટિ થતાં, તે જ કાળે ભેદજ્ઞાન થતાં, તે જ કાળે કર્મ મોળા પડી જાય છે અને પ્રકાશ આત્માનો પ્રગટ થાય છે. એને કાળભેદ છે નહિ. એ એક બોલ ત્યાં એ બધા સાથે મેળવવો. એક બોલ કહ્યો લ્યો. બીજો બોલ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૮, શનિવાર તા. ૩૧-૮-૧૯૬૮**
**ગાથા-૭૪, પ્રવચન-૬૧૪**

...અને તે જ ક્ષણે પુણ્યાદિના પરિણામથી મને લાભ છે એવી જે દૃષ્ટિ હતી એ મિથ્યાત્વનો નાશ થાય છે. સમજાય છે કાંઈ? એમાં દૃષ્ટાંત પહેલો આપ્યો. દાખલો કેવો આપ્યો જુઓને! કે વૃક્ષમાં લાખ થાય એટલે જાણે પર્યાયમાં ઉત્પન્ન થાય છે એ ઝાડમાં. પણ એ મૂળ વસ્તુમાંથી નહિ પણ ઉપર ઉપર છાલમાં. એમ. લાખ. આચાર્યો કેવી.. એ ઉપર ઉપર જેમ લાખ થાય છે એ લાખ છે એ પીપરની ઘાતક છે. અને પીપર છે, પીપર એટલે ઝાડ હણાવા લાયક છે. એમ જ્યારે જાણે. એમ આત્મામાં પુણ્ય ને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, આદિના વિકલ્પો જે છે એ આસ્રવ છે, લાખ સમાન છે. અને આત્માની નિર્મળ અવસ્થાના એ ઘાતક છે.

મુમુક્ષુ :- છે નહિ એનો ઘાત કોણ કરે?

ઉત્તર :- કીધું ને. નિર્મળ અવસ્થા ઉત્પન્ન ન થાય એનું નામ ઘાતક. એ કાલે વાત આવી ગઈ હતી ને. ભગવાન આત્મા ચૈતન્ય જ્ઞાનબિંબ એવી જે ચીજ છે એની વર્તમાન દશામાં લાખની જેમ જે પુણ્ય ને પાપ, શુભ વિકલ્પ જે રાગાદિ ઉઠે છે એ રાગ છે એ લાખ સમાન છે. આત્માની વર્તમાન પર્યાયમાં નિર્મળ ઉત્પન્ન થવી જોઈએ એને ન ઉત્પન્ન થતાં તેનો ઘાત કરે છે. સમજાણું કાંઈ?

માટે તે લાખ જેમ ઝાડનું સ્વરૂપ નથી એમ એ દયા, દાન, ભક્તિનો વિકલ્પ જે ઉઠે ભગવાનની ભક્તિનો હોં! એ પણ જીવનું સ્વરૂપ નથી. સમજાય છે કાંઈ? એમ જ્યારે જીવના સ્વભાવને અને વિભાવને આ રીતે જાણતાં ઘાતક છે અને મારી પર્યાય તેમાં હણાય છે એમ ભાન થતાં સ્વરૂપની એકાગ્રતામાં અનુભવનું જ્ઞાન થાય છે અને તે જ કાળે રાગની એકતાનો મિથ્યાત્વભાવનો નાશ થાય છે. કહો, સમજાય છે કાંઈ? મિથ્યાત્વ નામ જે પુણ્યના પરિણામ શુભ જે છે એ મને લાભદાયક છે એવો જે મિથ્યાત્વનો અંધકાર. એની જે રુચિ હતી રાગની એવો જે મિથ્યાત્વભાવ એ ઘાતક છે અને ઘાત થવાયોગ્ય પર્યાય. એમ દ્રવ્ય સ્વભાવ ઉપર દૃષ્ટિ જતાં તેને સમ્યગ્દર્શન થાય છે, ધર્મની અવસ્થા ઉત્પન્ન થાય છે, તે ક્ષણે રાગની એકતાનો મિથ્યાત્વભાવ તે અંધકાર નાશ થઈ જાય છે. સમય એક છે. સમજાણું કાંઈ? આ એની ક્રિયા. એક બોલ થયો. એક બોલ થયો, કાલે થઈ ગયો છે ને.

બીજો બોલ. '**अध्रुव**' શબ્દ છે ને બીજો? પહેલો '**जीवणिबद्धा**' હતો. ભગવાન આત્મા

અતીન્દ્રિય આનંદનું ઝાડ, આત્મા એટલે અતીન્દ્રિય આનંદનું ઝાડ. એમાં પુણ્યના પરિણામ દયા, દાન, ભક્તિ, વ્રત, વિકલ્પ જે ઉઠે એ લાખ સમાન, ઝેર સમાન. એમ બેનું જ્યાં ભેદજ્ઞાન થાય, પરની પ્રેમ-રુચિ છોડીને સ્વની એકતામાં આવે તે જ ક્ષણે આનંદનો અનુભવ થાય અને મિથ્યાત્વના અંધકારના દુઃખનો વ્યય થાય. કહો, પોપટભાઈ! આવો ધર્મ છે.

પીપરનું ઝાડ હોય તો એમાંથી ને એમાંથી નીકળે ઉપર ઉપર. એમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદરૂપ અનાદિઅનંત એમાંથી પર્યાયબુદ્ધિમાં રાગનો પ્રેમ, વિકલ્પનો પ્રેમ મિથ્યાત્વભાવ ત્યાં ઊભો થાય છે. એ સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થવી જોઈએ તેનો નાશ કરે છે. સમજાય છે કાંઈ? એ સ્વભાવ મારો ઘાત પર્યાયમાં થાય છે અને આ ઘાતક છે એમ પર્યાયબુદ્ધિ જે છે એ છોડીને, બેની ભેદતા, બે વચ્ચેનું ભેદજ્ઞાન કરીને. બે વચ્ચેનું એકતાપણાનું જે જ્ઞાન છે એ મિથ્યાત્વ છે. પણ આ રીતે રાગાદિ પર તરફના વલણવાળો ભાવ એ દુઃખદાયક છે, અંતર્મુખ સ્વભાવની વર્તમાન પર્યાયને નાશ કરનાર છે. એવું જ્યાં જ્ઞાન થતાં, સ્વભાવ સન્મુખ થતાં તેની પર્યાયમાં આનંદ આવે છે અને ઓલા મિથ્યાત્વના અંધકારના દુઃખનો નાશ થાય છે. સમય એક છે. કહો, સમજાણું કાંઈ? આવો ધર્મ છે.

બીજો બોલ. '**આસ્રવો...**' એ પુણ્ય અને પાપના ભાવો, ચાહે તો ત્રણ લોકના નાથ તીર્થંકર ભગવાન સમવસરણમાં બિરાજતા હોય અને એની ભક્તિનો જે ભાવ (આવે) એ શુભરાગરૂપી આસ્રવ છે. એ આસ્રવ છે એ અજ્ઞાની અને જ્ઞાની બેયને. અજ્ઞાનીને આસ્રવમાં એકત્વબુદ્ધિ છે, જ્ઞાનીને રાગમાં એકત્વબુદ્ધિ નથી, પણ ભાવ છે એ આસ્રવ છે. સમજાણું કાંઈ? અજ્ઞાનીને તે રાગની એકતાબુદ્ધિ છે તો ત્યાં મિથ્યાત્વનો આસ્રવ છે. જ્ઞાનીને એ રાગ છે, આસ્રવ છે, એનાથી ભિન્ન પડીને, જ્ઞાતા-દૃષ્ટા અંતર શ્રદ્ધા-જ્ઞાનમાં અનુભવ્યો ત્યારે આસ્રવ રહે છે થોડો ખરો, પણ એ ભિન્ન પડીને રહે છે. એ રાગ ભક્તિનો અને ભગવાન સ્વભાવ બે ભિન્ન પડી જાય છે. બે એક રહેતા નથી. સમજાણું કાંઈ? આવે છે ને આગળ જુઓને. એ બેયને ભેદ થતાં એમ આવ્યું છે ને? '**આમ આસ્રવોનું અને જીવનું ભેદજ્ઞાન થતાં વેંત જ...**' '**સહજપણે વિકાસ પામતી ચિત્શક્તિ વડે...**' મોટી લાંબી વાત છે. પછી આવશે. એ વખતે જ એમ કે આત્મજ્ઞાન થાય છે. એમ કહે છે. એની પળ અને ક્ષણ એ છે.

ચૈતન્ય ભગવાન આત્મા મારો સ્વભાવ શુદ્ધ છે. એની વર્તમાન દશામાં રાગ અને પુણ્યનો વિકલ્પ જે ઉઠે છે એની એકતાબુદ્ધિ અથવા તેનાથી લાભ એવી દૃષ્ટિ એ મિથ્યાત્વભાવ એ આત્માની સમ્યગ્દર્શનની ઉત્પત્તિનો ઘાત કરે છે. સમ્યગ્દર્શન ઉત્પન્ન થવા દેતું નથી. સમજાણું કાંઈ? ધર્મની પહેલી સીઢી, પહેલું સોપાન એને એ મિથ્યાત્વભાવ ઉત્પન્ન થવા દેતો નથી.

કહો, સમજાય છે આમાં?

બીજો બોલ. એ પુણ્ય-પાપના ભાવો એ આસ્રવો જયસેનાચાર્યમાં એને વીજળીનો ઝબકારો લીધો છે દૃષ્ટાંત. જયસેન આચાર્યે. વીજળીનો જેમ ઝબકારો અધ્રુવ છે, વીજળીનો ચમકાર, ચમકાર જેમ અધ્રુવ છે એમ આત્માના પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ જે ઉઠે છે એ વીજળીના ઝબકારની પેઠે અધ્રુવ છે. રહેનારો નથી. સમજાય છે કાંઈ? અને ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ ધ્રુવ છે. એ અધ્રુવ અને ધ્રુવનું બે વચ્ચેનું ભેદજ્ઞાન થતાં વેંત જ આત્માને આનંદ અને સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થાય છે. તે જ ક્ષણે અધ્રુવ એવા રાગની એકતા તૂટીને મિથ્યાત્વનો વ્યય થઈ જાય છે. કહો, સમજાણું કાંઈ? માર્ગ એવો છે.

અનંત કાળથી એણે વાસ્તવિક પદાર્થ અને વાસ્તવિક ભગવાનનું શું કહેવું છે એવું એણે લક્ષમાં લીધું નથી. અનંત કાળ થયો. દિગંબર સાધુ અનંત વાર થયો. સમ્યગ્દર્શન વિના અનંતવાર કુટુંબ, કબીલા છોડી, હજારો રાણી છોડી મુનિ થયો. પણ રાગનો વિકલ્પ અને સ્વભાવ બે વચ્ચેની એકતા માનીને થયો. કંઈક પણ લાભ થશે. આ છોડવાથી લાભ થશે. પરંપરા. રાગની મંદતા કરીએ છીએ તો પરંપરા કાંઈક લાભ થશે એવું મિથ્યાદર્શન શલ્ય રહી ગયું એને. સમજાણું કાંઈ? કાંઈક ટેકો તો મળશે. ભક્તિ કરીએ, પૂજા કરીએ, વ્રત, પાળીએ એમાં કાંઈક તો મદદ મળશે. એય..! ન્યાલભાઈ! આ રસ ખાધા નહિ ૩૫-૩૫ વર્ષ સુધી કેરીના. કાંઈ લાભ ન થાય એનાથી? કહો, સમજાણું કાંઈ? પણ આત્માનો રસ આવ્યા વિના ઓલો રસ છોડ્યો એ કહેવાય ક્યાંથી? (એમ) કહે છે અહીં તો. સમજાણું કાંઈ? આત્માના આનંદના રસની રુચિના પરિણમનમાં રાગનો પ્રેમ-ઝેરનો પ્રેમ તે છૂટી જાય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાન આત્મા શાંતસ્વરૂપ, શાંતસ્વરૂપ, અકષાયસ્વરૂપ, વીતરાગ વિજ્ઞાનઘન સ્વરૂપ અને પુણ્ય-પાપના ભાવ તે અધ્રુવ છે. એ બેની વચ્ચેનું ભાન થતાં જ આત્માને અનુભવ થાય છે આત્માનો અને રાગની એકતાબુદ્ધિનો નાશ થઈ જાય છે. કહો, સમજાય છે કાંઈ? અહીં દાખલો આપ્યો છે. '**આસ્રવો વાઈના વેગની જેમ વધતા-ઘટતા હોવાથી...**' આ વાઈ આવે છે ને વાઈ. વાઈ સમજો છો ને? મૃગી. મૃગીનો વેગ એકદમ આવે. વળી શમી જાય. એકદમ વેગ આવે, મોઢે ફીણ આવે. ચામડું સુંઘાડે છે ને ચામડું? જોડા-જોડા. એકદમ વેગ આવે. એમ આસ્રવોનો એકદમ વેગ આવે કહે છે. આમ દયા પાળું, આમ ભક્તિ કરું, ભગવાનને આમ વિનવું, ભગવાનની પાસે કાંઈક લઉં એવો ઉત્સાહ ઉઠે એને. રાગનો હોં! એ એક વેગ છે કહે છે. એય..! સમજાણું કાંઈ? આહાહા..! ભગવાનને જાણે વિનવી લઉં અને ભગવાન પાસેથી કાંઈક મેળવી લઉં. એવો ભગવાન પાસે ઉત્સાહ... ઉત્સાહ... ઉત્સાહ..

એ શુભરાગ ભાવ છે. વેગ છે કહે છે. વળી પાછો ઘટી જાય છે રાગ. '**વાઈના વેગની જેમ વધતા-ઘટતા...**' છે. શુભભાવ આવે, વળી પાછો ઘટી જાય. કહો, સમજાણું? એ શુભની વાત છે. પછી અશુભની. સમજાણું કાંઈ? એવો વિકલ્પ ઉઠે આહાહા..! જાણે આમ. તલ્લીન જાણે ભગવાનમાં એકાકાર થઈ ગયો. એક બાઈ કહેતી હતી કે ભગવાનની ભક્તિ કરું છું ત્યારે આમ ભગવાન આવીને મને ભેટે છે. સમજાણું? એ તો શ્રીમદ્નું કહેતા હતા, ભાઈ. ભગવાનજીભાઈની વહુ. ભક્તિ કરતા શ્રીમદ્ આવ્યા અને ભેટ્યા મને. એ બધી કલ્પના છે. એવી કલ્પનાઓ.

મુમુક્ષુ :- મણિબેન.

ઉત્તર :- હા, મણિબેન કહેતી હતી. આ તો તમારે એક છે નહિ ગોંડલમાં એક બેન. શું નામ એનું? રાજાની માનીતી.

મુમુક્ષુ :- જમનાબેન.

ઉત્તર :- જમનાબેન. એ પણ કહેતી હતી. તે દી આવી હતી ને ૮૮માં. ભગવાનની ભક્તિમાં બેસું છું ત્યારે મને સાક્ષાત્કાર થઈ જાય છે આત્માનો.

મુમુક્ષુ :- એ જાતની માન્યતાથી...

ઉત્તર :- ખોટે ખોટું પણ. સમજ્યાને? એ છે. અમે ઉતર્યા હતા ને આપણે એની પાસે જ મકાન હતું. એ ત્યાં વાંચે છે પોતે. અને ભગવાનના બહુ ઓલા મંદિર કરે ને ભક્તિ... ભક્તિ... ભક્તિ... સાક્ષાત્કાર થાય છે. એ પણ હજી ઈશ્વર કર્તા માને, મારો કર્તા એ મને આપે, એવા માનવાની ભક્તિમાં આત્માનો સાક્ષાત્કાર ક્યાંથી થાતો હતો? સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, સાક્ષાત્ સર્વજ્ઞ વીતરાગદેવ હોય, પણ એની ભક્તિનો રાગ અને એનાથી મને લાભ થાય એને પણ આત્મદર્શન થાય નહિ તો વળી આવાને શેના થાતા હશે? સમજાણું કાંઈ? પોપટભાઈ! ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર સાક્ષાત્ સમવસરણમાં ગયો તો અનંત વાર એની પૂજા મણિરતનના દીવા અને હીરાના થાળ, કલ્પવૃક્ષના ફૂલ (લઈને કરી). જય પ્રભુ! અનંત વાર સમવસરણમાં સાક્ષાત્ તીર્થંકરની. એથી શું થયું? એ તો શુભવિકલ્પ છે. પર તરફનો આશ્રયવાળો રાગ છે. અને એનાથી મને લાભ થાશે એ મિથ્યાત્વભાવ છે. એ મિથ્યાત્વભાવ આત્માને દુઃખદાયક મોટું શલ્ય અનાદિનું છે. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ!

એ અહીં કહે છે, જુઓ! '**આસ્રવો વાઈના વેગની જેમ...**' વાઈ આવે મૃગીનો રોગ. સમજાય છે? '**अपस्मार**' એમ શબ્દ છે સંસ્કૃતમાં '**अपस्मार**' એટલે મૃગી અને વાઈ આપણે. એ શુભભાવ આવે એવો વધી જાય. આહાહા..! એવું સાંભળતા એમ થઈ જાય એને એટલી

વાર કે આ પૈસા નાશવાન છે, તારા પુણ્ય બળી ગયા ત્યારે પૈસા મળ્યા. એમાંથી એને પૈસા દેવાનો ભાવ દાનનો આવે, એવો શુભ આવે. વેગ. વાઈની પેઠેનો વેગ. વળી જરીક ઘડીકમાં થાય અને વળી ઘરે જાય ને કહે કેટલું આપ્યું? મેં તો ભાઈ ૫૦ લાખમાંથી ૪૦ લાખ આપ્યા લે. અરે.. પણ બાપુ! તમે શું કર્યું આ? એ વળી મંદ પડ્યું. પણ હવે હું બોલ્યો છું બીજું શું થાય? એટલે ઓલો ભાવ મંદ પડી જાય. કારણ કે એ તો આસ્રવ છે. શોભાલાલભાઈ! છોકરા એમ કહે. પણ કાંઈ અમારું રાખ્યું? તમે શું કર્યું? તમે એકલા મોટા ૫૦ લાખના આસામી રહ્યા, ૪૦ લાખ આપ્યા. એકદમ ભાઈ ચડ્યું હતું એવું એ વખતે.

ભવાઈ હોય છે ને ભવાયા? ઉલ્લાસ આવી ગયો ઉલ્લાસ. આહાહા..! ઓલા ભવાઈ હોય ને ભવાઈ બહુ વખાણ કરે. એક આવ્યો થોડો પછી એમ કરતા કરતા એક જણાને ટાઢ બહુ વાઈ હતી ટાઢ. ત્યારે તો શાલ એક જ કોટ ઓઢવાનો હતો. પણ ઓલો વખાણ કરે દેનારના. કોટ આપી દીધો. પછી કલાક પછી ટાઢ વાઈ એટલે આ કોણ છે? ઓલી ટાઢ બહુ વાઈને, (આ) કોણ છે? આ હમણાં દાન આપ્યું હતું એ છે આ. કોટ કાઢીને આપ્યો એ ધ્રુજે છે. આ તે ભાન વિનાના. સમજાણું કાંઈ? એમ ધર્મને નામે પણ કોઈ ઉલ્લાસ આવી જાય વિકલ્પ ને શુભરાગ. વળી પાછો મંદ પડી જાય. એવું જ આસ્રવનું સ્વરૂપ છે એમ કહે છે. એમ પાપ. આ તો પુણ્યની વાત કરી.

એમ પાપ. પાપનો ભાવ આવે એવો વેગ આવે, એવો વિષય વાસના વેગમાં ચડી જાય. વળી જરી અશુભ મંદ પડી જાય. એવું જ એ આસ્રવનું સ્વરૂપ છે. પુણ્ય-પાપના ભાવનું વાઈના વેગની પેઠે અધ્રુવ એનું સ્વરૂપ છે. એ કાંઈ આત્માનું સ્વરૂપ છે નહિ. સમજાણું કાંઈ?

**'આસ્રવો...'** અહીં તો વિકલ્પ જે ઉઠ્યો છે શુભ કે અશુભ. ચાહે એ પ્રકારનો હો. તો કહે છે કે એ તો વાઈના વેગની પેઠેની એક વૃત્તિ છે, અધ્રુવ છે. એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી. **'જેમ વધતા-ઘટતા હોવાથી...'** વધતા-ઘટતા. વધે અને ઘટે. ઓલી વાઈ એકદમ આવે, વળી ધીમી પડી જાય. (વધતા-ઘટતા) હોવાથી તે આસ્રવો **'અધ્રુવ છે;...'** એનું સ્વરૂપ જ, એની જાત જ અધ્રુવ છે. **'ચૈતન્યમાત્ર જીવ જ ધ્રુવ છે.'** ભગવાન ચૈતન્યબિંબ, ચૈતન્યબિંબ જ્ઞાયકમૂર્તિ તે ધ્રુવ છે. એ ધ્રુવ અને અધ્રુવની વચ્ચેનું ભેદજ્ઞાન કરવું એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. આહાહા..! જેનાથી જુદું પડવું છે એનો પ્રેમ રાખીને જુદું પડાય એમ ત્રણ કાળમાં બને નહિ. સમજાણું કાંઈ? ઈ કહે છે અહીંયાં.

**'આસ્રવો વાઈના વેગની જેમ...'** વેગ વેગ ચડ્યો કહે છે. **'વધતા-ઘટતા હોવાથી**

**અધ્રુવ છે; ચૈતન્યમાત્ર જીવ જ ધ્રુવ છે.**' જુઓ! જીવ કોણ છે? જીવ કેવો છે? કે ચૈતન્યમાત્ર જીવ એમ. ઓલો આસ્રવ તો આત્માનું સ્વરૂપ છે નહિ, આત્મા છે જ નહિ. તો જીવ કેવો છે? કે ચૈતન્યમાત્ર. જાણક-દેખનમાત્ર ભગવાન આત્મા. એમ અધ્રુવ અને ધ્રુવનું જે ક્ષણે અંદરમાં સ્વરૂપ સન્મુખ થતાં, ભાન બેના લક્ષણોને જાણીને ભિન્ન પડતાં તે જ ક્ષણે આત્માને સમ્યગ્દર્શન અને ભેદજ્ઞાન થાય છે. તે જ ક્ષણે મિથ્યાત્વ અને રાગની એકતાનું અભેદપણું નાશ થઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? બહુ પણ માણસને. કાંઈક કરવું છે ને. કરવું હોય એમાંથી જો મળી જાય ને... કરવું આ કરવું નથી?

વિકલ્પ જે છે એ અધ્રુવ છે અને ચૈતન્ય હું જ્ઞાયક ધ્રુવ છું, ચૈતન્યમાત્ર જીવ છે. જાણન-દેખનમાત્ર જ આત્મા છે. એવું ધ્રુવપણાનું ભાન અને આ પુણ્ય-પાપના વિકલ્પનું અધ્રુવપણાનું લક્ષણ ભાન બેની વચ્ચે વહેંચણી કરતાં સ્વભાવ સન્મુખમાં અનુભવ કરતાં તે જ ક્ષણે શાંતિ હોય છે અને તે જ ક્ષણે રાગથી એકતાબુદ્ધિની અશાંતિનો નાશ થાય છે. સમજાણું કાંઈ? આ માર્ગ છે. વાત આ છે. ચાહે તો દુનિયા ગમે તે રીતે માને અને મનાવે, પણ વીતરાગના માર્ગની રીત અને વિધિ તો આ છે. કાંતિભાઈ! બીજો મનાવી દે થોડેથી જાવ ભાઈ, તમને આમ થાશે, આમ થાશે. ભગવાનને સોંપોને.

મુમુક્ષુ :- શું સોંપે?

ઉત્તર :- આત્મા. કોને સોંપે? કોણ સોંપે? સાંભળને. જ્ઞાનીના ચરણમાં અર્પાઈ જા એકવાર આખો. ક્યો જ્ઞાની પણ? પર કે આ? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા, કીધું નહિ આ? '**ચૈતન્યમાત્ર જીવ...**' તે જ્ઞાની આત્મા. એમાં એકાકાર અર્પાઈ જા. રાગથી ભિન્ન પડી જા. એને સમ્યગ્દર્શન અને સમ્યગજ્ઞાન ધર્મની શરૂઆત આ રીતે પહેલી થાય છે. એ સિવાય ધર્મની શરૂઆત બીજી રીતે છે નહિ. કહો, સમજાણું આમાં? ભગવાન આત્મા ધ્રુવ છે અને વીજળીના ઝબકારા જેમ પુણ્ય અને પાપનો ઝબકારો આવી જાય અને વિંખાઈ જાય. શુભ અને અશુભ બેય હોં! એ બેનું સ્વરૂપ જ જાત જુદી છે. બેના લક્ષણો જુદા છે. બે તત્ત્વ જ જુદા છે. કારણ કે એ પુણ્ય-પાપનો ભાવ આસ્રવતત્ત્વ છે અને આ ચૈતન્યમાત્ર આત્મા એ જીવતત્ત્વ છે. બે તત્ત્વમાં આ તત્ત્વથી આને લાભ થાય એ માન્યતા જ બેની એકતાબુદ્ધિ જ મિથ્યાત્વ છે એને. સમજાણુ કાંઈ? ભારે વાતું ભાઈ! ઓલા કહે, આ તો બધું ભક્તિને અને વ્યવહારને તો નાશ કરે છે. ભગવાન પાસે જા. ભગવાન એમ કહે છે. સમજાણું કાંઈ?

ભગવાન એમ કહે છે કે પણ તું મારા તરફની ભક્તિનો રાગ એનાથી તને લાભ નહિ થાય એમ કહે છે. આ શું કહે છે? ભગવાન કહે છે? કોણ કહે છે આ? એય.. રતિભાઈ!

આવું હશે તો કોઈ કરશે નહિ. વળી એમ કહે છે પાછા. ન કરશે તો ઠરશે અંદરમાં. સમજાણું કાંઈ? અને કર્તાબુદ્ધિ જ્યાં સુધી... આ કર્તાકર્મ છે. એટલે પુણ્યના પરિણામનો વિકલ્પ જે ઉઠ્યો એ મારી ફરજ છે અને મારું કર્તવ્ય છે (એમ માને છે) ત્યાં સુધી એ મૂઢ મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? કર્તાકર્મનો અધિકાર છે કે નહિ? શિષ્યે એમાં બહુ વાત લીધી છે જયસેનાચાર્યની ટીકામાં. તમે કહેતા હતા પીઠીકામાં તો સાત પદાર્થની વ્યાખ્યા કરશું. અને તમે તો જ્ઞાની અને અજ્ઞાનીની માંડી. અજ્ઞાની આવો હોય અને જ્ઞાની આવો હોય, ધર્મી આવો હોય અને અધર્મી આવો. આ શું માંડ્યું? એય..! સાત પદાર્થ આવી ગયા સાંભળને! આત્માના ભાન વિનાનો અજ્ઞાની જ્યારે શુભ પરિણામને કરીને માને છે કે આનાથી મને લાભ થાશે, અજ્ઞાની પદાર્થ જીવનો છે અને શુભ પરિણામ એનું નથી અને છતાં માને છે એ પદાર્થની જ વ્યાખ્યા છે. સાત પદાર્થની જ વ્યાખ્યા છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એણે તો એમ કહ્યું છે ને કે આત્મા.. આ સાત પદાર્થની વ્યાખ્યા કેમ? કે આત્મા કથંચિત્ પરિણામી માને તો એને સાત પદાર્થ સિદ્ધ થાય. જો બિલકુલ પરિણામી ન માને તો તો જીવ અને જડ બે સિદ્ધ થાય. સર્વથા પરિણામી માને તો જીવ અને જડ એક થઈ જાય. સમજાય છે કાંઈ આમાં? બહુ સરસ લીધું છે. પાછળ જરી નિશ્ચય સમકિતની વાત બહુ સરસ લીધી છે. વાત થઈ ગઈ છે. એક ફેરી બતાવ્યું હતું ભાઈને પૂછયું હતું. અહીં તો નિશ્ચય સમ્યગ્દર્શન ચોથાની વાત છે. નિર્વિકલ્પ હોય ત્યારે સમાધિમાં છે. વિકલ્પ ઉઠે છે. એને ને એને સમકિતીને વિકલ્પ ઉઠે ત્યારે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો ભાવ હોય છે. પણ એ જાણે છે કે આ મારાથી ભિન્ન છે. હેયબુદ્ધિએ વર્તે છે. જ્ઞાનીને હેયબુદ્ધિ વર્તે છે. અજ્ઞાનીને ઉપાદેયબુદ્ધિ વર્તે છે. આટલો ફેર છે. સમજાણું કાંઈ?

એક આત્મા જો એને તદ્દન પરિણમ્યા વિનાનો કહો, બદલ્યા વિનાનો, તો તો જીવ ને જડ બે સિદ્ધ થશે. તો આ પુણ્ય-પાપ ને સંવર, નિર્જરા અને મોક્ષ એવું પરિણમનની પર્યાય સિદ્ધ થશે નહિ. અને એને સર્વથા પરિણામી જ માને, એકલો પરિણામ. પરિણામે બદલી જ જાય. તો બદલતા બદલતા જીવ જડપણે બદલી થઈ જાય. માટે સર્વથા પરિણામી પણ નહિ અને સર્વથા અપરિણામી પણ નહિ, કથંચિત્ પરિણામી. પોતાની જાતને રાખી અજ્ઞાની પુણ્ય-પાપના પદાર્થને ઉત્પન્ન કરે. ધર્મી-જ્ઞાની પુણ્ય-પાપથી ભિન્ન પડી સંવર નિર્જરાના પદાર્થને ઉત્પન્ન કરે. કહો, સમજાણું આમાં?

વીતરાગનો માર્ગ વીતરાગની દષ્ટિથી શરૂ થાય છે. સમજાણું કાંઈ? વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા એનો અનાદિ માર્ગ વીતરાગદષ્ટિથી શરૂ થાય છે. એટલે? કે આ રાગ

તે અધ્રુવ છે અને હું તે ધ્રુવ છું એમ રાગથી ભિન્ન પડીને શ્રદ્ધા જ્ઞાનની કરે ત્યારે એને સમ્યગ્દર્શન, વીતરાગી દર્શન થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાતું! બીજો બોલ થયો. પહેલો ઝાડ અને લાખનો દાખલો આપીને ભગવાન આત્મામાં એ શુભ-અશુભ ભાવ લાખની જેમ ઘાતક છે જીવના. માટે આત્માનું સ્વરૂપ નથી. સ્વરૂપથી તે અવિરૂદ્ધ સ્વભાવનો એમાં અભાવ છે એમ કહે છે. ભગવાન ચૈતન્યસ્વભાવનો રાગમાં અભાવ છે. માટે હેયબુદ્ધિ કરીને સ્વરૂપનું ઉપાદેય કરવું એનું નામ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન છે. બીજામાં આ કહ્યું.

ત્રીજામાં. '**આસ્રવો શીતદાહજ્વરના આવેશની જેમ...**' પહેલો આવે ટાઢિયો તાવ. ટાઢિયો આવે છે ને? શું કહે છે? ઠંડા બુખાર. બહુ ઠંડી એવી લાગે. નાખો ધાબળી, નાખો કપડા, નાખો ગોદડા. વળી જ્યાં ઘડીક થઈ જાય ને પરસેવો ઉતરે એટલે કહે, એ.. કાઢો રે કાઢો. ટાઢો મટીને ઊનો થાય. સમજ્યા? ઠંડા જ્વર. ટાઢો અમારી કાઠિયાવાડી ભાષામાં છે. શીત-શીત. શીતજ્વર. શીતજ્વર પહેલો હોય તે કેવો છે? '**આસ્રવો શીતદાહજ્વરના આવેશની...**' એ ટાઢિયો તાવ ક્ષણિકમાં બદલીને પાછો ઊનો થઈ જાય. આવેશ છે એ વેગ વેગ આવેશ એ જાતનો. ઓલામાં વેગ નામ આપ્યું હતું. આમાં આવેશ. ઠંડો તાવ આવે તો એકદમ અંદર થઈ જાય. પલટો ખાઈ જાય. આ પલટો ખાવાની વાત છે એકદમ. અનિત્ય છે ને?

'**શીતદાહજ્વરના આવેશની જેમ...**' સમજાય છે? ઠંડો અને ગરમ તાવની જેમ. એ પુણ્ય ને પાપ ઠંડા અને ગરમની પેઠે અનિત્ય છે. સમજાણું કાંઈ? ઘડીકમાં શુભભાવ આવે ટાઢિયો તાવ. અશુભ થાય ઊનો તાવ. પણ છે બેય તાવ. આહાહા..! શેઠી! પહેલાં તો સાંભળવામાં કઠણ પડે એવું હતું. હવે વળી જરી ઠીક. પહેલા તો સાંભળવામાં કઠણ પડે એવું હતું આ બધું. પહેલા આવ્યા ત્યારે. જુઓ.

એ ભગવાનની ભક્તિ અને તીર્થંકરગોત્રનો ભાવ કહે છે કે ટાઢિયા તાવ જેવો છે. આહાહા..! કહો, પોપટભાઈ! આ દયા, દાન, વ્રતનો વિકલ્પ ઉઠે એ ટાઢિયા તાવ જેવો છે કહે છે. જ્વર છે એ, કષાયઅગ્નિ છે ને? આહાહા..! એ શુભભાવ પણ કષાયઅગ્નિ છે. આહાહા..! સ્વરૂપચંદભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા. હા. હિમ પડે તો રીંગણા બાળી મૂકે કેટલા જુઓને. ઠંડી પડે તો હવા જાય ને ઠંડી. સરર.. બધા પાંદડા-બાંદડા સૂકાઈ જાય લ્યો. ઠંડે. ગરમી વિના. એવો સ્વભાવ છે. ઠંડો વધારે વ્યાધિ છે. નરકમાં ઠંડી વ્યાધિ વધારે છે. ઉષ્ણ ઉપર હોય છે. ઉષ્ણ ઉપર હોય પહેલી. ઠંડી નીચે હોય છે. દુનિયામાં એમ કહેવાય છે કે શીત છે ઠંડું એની દવા મુઠી

હીરા અને ગરમની દવા મુઠી જીરા. ભાઈ! કહે છે ને? ઠંડીની વ્યાધિ હોય બહુ એને માટે તો એક મુઠી હીરા જોઈએ એમ કે ત્યારે ઠંડીની (વ્યાધિ) મટે. અને ગરમ હોય કોઈ મુઠી જીરા. જીરા સમજ્યા? જીરા હોય છે ને દહીંમાં જીરા નાખીને. બહુ ગરમ હોય તો દહીંમાં જીરા નાખીને ખાય. એકલું જીરું કોક પીવે. એકલું જીરું આપે. ઠંડુ છે ને જીરું ઠંડુ છે.

એમ કહે છે કે ટાઢિયો તાવ શુભભાવ. એને છોડવા ઓલાને હીરાની મુઠી જોવે એ કથની એમ કહે છે. એ શુભભાવનો પક્ષ એટલો આકરો છે જગતને. એમ કહે છે. સમજાણું કાંઈ? આવે છે ને, કહે છે એ લોકો. લોકમાં એ કહેવત છે. ઠંડીની વ્યાધિ હોય ત્યારે મુઠી હીરા હોય ત્યારે માંડ મટે એટલી ઠંડી. સમજાય છે ને? અને ગરમીની વ્યાધિ તો ભાઈ એક શેર દહીં લાવો અને જીરું નાખે મુઠી એકલું જીરું પીવે પાણીમાં નાખીને, જાવ. એમ શુભનો પક્ષ છે એ ભારે આકરો ઠંડા તાવ જેવો આકરો છે. એય..! ઠંડા તાવ જેવો છે. એવો વેગે ચડે. કહે છે એ તો આસ્રવ અનિત્ય છે. એ તારી જાત નહિ, તારું સ્વરૂપ નહિ. સમજાણું કાંઈ?

દાહ ગરમીનું એ અશુભભાવ છે. અશુભભાવને તો લોકોને જરી ઓલું આવે. પણ શુભભાવ એ તો ધર્મ છે એમ થઈ જાય છે. કષાયની મંદતા, ઠંડો તાવ. ટાઢો. એ તો લાભદાયક છે. પ્રશસ્ત રાગ છે. રાગ પ્રશસ્ત છે એ. કે અપ્રશસ્ત છે? અને પ્રશસ્ત રાગ છે એ આત્માને લાભદાયક છે. એવી માન્યતા ટાઢિયા તાવ જેવા રાગની પ્રીતિ એને મિથ્યાત્વભાવ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગ વિજ્ઞાનઘન ભગવાન છે, ભાઈ! રાગની ઉત્પત્તિ એ સ્વરૂપમાં જ નથી. અદ્ધરથી વિકલ્પથી ઉત્પન્ન થાય. એ તો નાશવાન છે. ટાઢિયો તાવ મટીને ઊનો થાય. શુભ મટીને અશુભ થાય. ઓલામાં વધતા ઘટતા હતા. અધ્રુવમાં. શુભ વધે ને ઘટે. એના એ શુભ વધે અને ઘટે, અશુભ વધે ને ઘટે. આ તો શુભ પલટીને અશુભ થઈ જાય. સમજાણું કાંઈ?

આમ તો ઘણીવાર શુભ ને અશુભ થયા જ કરે છે એવું આવે છે ને. શાતા-અશાતા. ભાઈ! અંતર્મુહૂર્તને આંતરે શાતા અને અશાતા બંધાયા જ કરે એવો પાઠ છે શાસ્ત્રમાં. હમણાં વાત થઈ ગઈ ને પંડિતજી સાથે. ક્ષણમાં શાતા બાંધે અને ક્ષણમાં અશાતા બાંધે એવું જીવનું સ્વરૂપ જ્યાં સુધી કષાય છે ત્યાં સુધીની વાત છે. ઘડીકમાં શુભ થાય અને ઘડીકમાં અશુભ. મિથ્યાદૃષ્ટિને હોં! અભવિને પણ. એ નિગોદમાં જીવ પડ્યા અભવિ એને ક્ષણમાં શુભ અને ક્ષણમાં અશુભ, ક્ષણમાં શુભ ને ક્ષણમાં અશુભ (થાય છે). સમજાણું કાંઈ?

શાસ્ત્રમાં શાતા વેદનીયના બંધના આંતરો અંતર્મૂહુત કહ્યું છે. અંતર્મુહૂર્ત થોડો કાળ. એટલે શાતા બંધાય પછી અંતર્મુહૂર્તે અશાતા બંધાય. અને અશાતા બંધાય પછી અંતર્મુહૂર્તે શાતા

બંધાય. સમજાય છે? શાતા-અશાતાના બંધનો કાળ અંતર્મુહૂર્તનો આંતરો. તો પહેલા શાતા બંધાણી, (તો) શુભભાવ હોય તો શાતા બંધાય. એનો આંતરો કેટલો? તરત પલટીને પાછો અશાતા બાંધશે કારણ કે શુભ પલટીને અશુભ થાશે જ એને. આહાહા..! સમજાણું કાંઈ? આ તો અનાદિના અજ્ઞાનીની વાત છે ને. સમજાણું કાંઈ? એવું લીધું શાસ્ત્રમાં લ્યો.

મિથ્યાદૃષ્ટિ, જ્યાં સુધી ભાન નથી એવા નિગોદના જીવ એકેન્દ્રિય. જેને એક શરીરમાં અનંતા જીવ, એને પણ ક્ષણમાં શુભ અને ક્ષણમાં અશુભ એવું થયા જ કરે છે, કહે છે. અનાદિથી નિગોદમાં પડ્યા એને. આહાહા..! સમજાણું કાંઈ? એ કાંઈ નવી ચીજ નથી. એ કોઈ અપૂર્વ ચીજ નથી. એ તો અનાદિનું ચક્ર કર્મનું. પુણ્ય ને પાપ, શુભ અને અશુભ ચક્ર ચાલ્યા જ કરે છે. માટે તે ફેરફાર થઈ જાય છે માટે તે અનિત્ય છે. સમજાણું કાંઈ? આહાહા..! એવો શાસ્ત્રમાં લેખ છે હોં ભગવાનનો. ભગવાન તીર્થંકરે કરણાનુયોગમાં એમ કહ્યું છે, લ્યો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યાં પણ શાતા-અશાતા બંધાય. દેવાનુપ્રિયા! એ વાત એવી છે આ તો. સાતમી નરકનો નારકી રવરવ નારકી. અપરિઠાણે પડેલો મિથ્યાદૃષ્ટિ. તોપણ ભગવાન તો કહે છે કે ક્ષણમાં શાતા અને ક્ષણમાં અશાતા એવા એને ભાવ શુભ-અશુભ થયા કરે છે. પલટીને થયા જ કરે છે એવો એનો અધ્રુવ અનિત્ય સ્વભાવ છે. આહાહા..! શું થાય?

'**આસ્રવો...**' એટલે શુભ-અશુભભાવો એ '**શીતદાહજ્વરના આવેશની જેમ...**' ટાઢિયા અને ઊના તાવનો વેગ-આવેશ આવી જાય. એમ ઘડીકમાં ટાઢ, ઘડીકમાં ઊનું. કાઢી નાખો રે કાઢી નાખો. ગોદડા કાઢી નાખો. ગોદડા સમજો છો? ઓઢવાની રજાઈ. એ થોડી થોડી ભાષા સમજી લેવી. રજાઈ ઓઢે છે ને? કાઢી નાખો. એક પાતળુ કપડુ (રાખો). બહુ ઠંડી ન લાગી જાય પરસેવો આવે એટલે પાતળું કપડું. એમ એ પુણ્ય ને પાપનો અનિત્ય એવો વેગ છે. એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી. અને એ આત્માને પ્રાપ્ત કરવામાં જરીએ મદદગાર નથી. આત્માથી વિરૂદ્ધ એ મદદગાર કેમ હોય? એમ કહે છે. આહાહા..! સમજ્યા? એ તો વિરૂદ્ધ સ્વભાવ છે. આત્માના સ્વભાવથી તો અવિરૂદ્ધ સ્વભાવનો એમાં અભાવ છે. એ તો પહેલી લાખમાં આવી ગયું. સમજાણું કાંઈ? આહાહા..! ટાણા આવ્યા ત્યારે ભૂલી ગયો છે એ. કાંઈક.. કાંઈક.. અંદર મીઠાશ અંદર.

કેમકે જેને પુણ્યના ફળ જ્યાં સારા લાગ્યા એને શુભ સારો લાગે ત્યારે જ એને બહારના ફળ સારા લાગે છે. આ પૈસા, આબરૂ, કીર્તિ, શરીર સુંદર, બાયડી, છોકરા કાંઈક અનુકૂળ મળે. એને શુભભાવની મીઠાશ પડી છે અંદર. શુભ છે એના ફળ સારા લાગ્યા તો એને એના કારણમાં પણ મીઠાશ જ પડી છે. સમજાણું કાંઈ? એ ટાઢિયા તાવને રાખવા માગે

છે એમ કહે છે.

મુમુક્ષુ :- અનુકૂળતા જોઈને બહાર.

ઉત્તર :- અનુકૂળતા જોઈને, લ્યો અનુકૂળતા દેખી. ધૂળમાંય અનુકૂળતા નથી. પણ અનુકૂળતા દેખી ને આ. દેખો. કેટલા બંગલા, કેટલા મકાન, કેટલી મોટરું. ભગવાનલાલ શોભાલાલ. આ તો દાખલો. નવનીતભાઈને લ્યો. એ બધાને લ્યોને. એને કેટલા ઓલા છે મોટા શું કહેવાય એ? પાવર હાઉસ. પાવર હાઉસમાં જાય ત્યાં તો અમે સાથે હતા ને. તો માણસોને બધાને એમ થાય આહાહા..! શેઠ સાહેબ પધાર્યા, શેઠ સાહેબ પધાર્યા. પગે લાગતા. ખબર છે? તે દી નહોતા આપણે? નહિ? દાહોદ. આપણે ગયા હતા ને સાથે. તો માણસને બહુ ઓલું હોં. શેઠ સાહેબ આવ્યા.. શેઠ સાહેબ આવ્યા.. પગે લાગે. અમને પગે લાગે પછી એમને પગે લાગે. હવે આટલી અનુકૂળતાની મીઠાશ લાગે, કહે છે, એને શુભભાવની મીઠાશ અંદર પડી છે. હવે એમાં શું? દુનિયા તો બધા માને. પાપી રાજા મોટો હોય, પાપી માંસ ખાતો હોય લ્યોને. ખમ્મા અન્નદાતા. લ્યો એમ કહે. સમકિતી કહે. શું?

મુમુક્ષુ :- ખમ્મા અન્નદાતા.

ઉત્તર :- કહે. બહાર વ્યવહાર છે ને. એ તો માંસ ખાઈને બેઠો હોય. સમજાય છે કાંઈ? લૌકિક વ્યવહારની ભાષા. અંદરમાં સમજે કે આ તો મિથ્યાદૃષ્ટિ પાપી છે. લૌકિકમાં શું કહે? આ લૌકિકમાં છે ને. મહારાજા સાહેબ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કપટ નહિ. એ વ્યવહાર લૌકિકનો છે. બાપ મિથ્યાદૃષ્ટિ હોય, પાકો ગૃહીત મિથ્યાદૃષ્ટિ અને સમકિતી ઓલો જે છોકરો હોય તો શું બાપને પગે ન લાગે? નિંદા કરે એની? ન્યાલભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. શું છે પણ? એ તો લૌકિક વ્યવહાર છે.

મુમુક્ષુ :- ચારિત્રદોષ...

ઉત્તર :- એ તો ચારિત્રદોષ હોય છતાં એ લૌકિક વ્યવહાર છે. ચારિત્રદોષ તો ભગવાનને વંદન કરે એ દોષ છે પણ આ વ્યવહાર બીજી જાતનો છે. લૌકિક વ્યવહારનો દોષ છે એ કાંઈ મૂળ દોષમાં દોષ નથી. સમજાય છે કાંઈ? એ કંઈ ધર્મબુદ્ધિએ એને બહુમાન આપતો નથી. કહો, સમજાણું કાંઈ?

વાસુદેવને દીકરા હોય લ્યો ને. વાસુદેવ અને ચક્રવર્તી. અને બાપ હોય એવા ચક્રવર્તી ન હોય. નાના. હોય. સમજાય છે? એને બહુમાન આપે ઓહોહો...! છતાં એ દીકરો પણ

બહુમાન આપે. પધારો-પધારો પિતાજી પધારો. પણ એ ગાદીમાં જે વચમાં બેસતો હોય એ બેસે ઓલો જોડે બેસે. વચમાં ન બેસે કાંઈ એનો બાપ અને ભાઈ. સમજાણું કાંઈ? લૌકિક વ્યવહાર છે એ. રાગ છે એ તો દોષ છે જ, પણ એ લૌકિક વ્યવહારમાં એને મિથ્યાત્વનો દોષ લાગતો નથી, પણ એને એમ માને કે આ તો ધર્મી છે, એને હું બહુમાન આપું છું. મિથ્યાત્વ છે એ તો. એમ સમ્યગ્દષ્ટિ—જ્ઞાનીને વંદન કરે અને વંદનનો ભાવ એ મને ધર્મ ને લાભદાયક છે (એમ માને તો) મિથ્યાદષ્ટિ—છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ આ તો.

મુમુક્ષુ :- જ્ઞાનીની ભક્તિથી જ્ઞાન થાય ને?

ઉત્તર :- જ્ઞાનની ભક્તિથી જ્ઞાન થાય? આત્માથી થાય છે. ભક્તિથી જ્ઞાન થાય એ તો બધી વાતું વ્યવહારની. સમજાણું કાંઈ? એ તો આત્માની ભક્તિથી જ્ઞાન થાય. ભક્તિ એટલે ભજન. એની ભક્તિ તો અનંત વાર કરી. અનંત વાર કરી. સમવસરણમાં અનંત વાર કરી પછી પ્રશ્ન શું? લોકોને બેસેવું કઠણ ભારે. સમજાણું કાંઈ? અંદરમાં શલ્ય રાખીને વીતરાગને માને. કહ્યું છે ને સંમતભદ્રાચાર્યે? આચાર્ય સંમતભદ્રાચાર્યે કહ્યું છે. હે ભગવાન! આપને અભવિ નહિ નમે. એટલે કે બહારથી નમે (એમ) નહિ. રાગને જે પોતાનો માને છે એ વીતરાગને નમતો જ નથી. એ તો રાગમાં જ નમી ગયેલો છે. સમજાણું કાંઈ? ઓલા પરણે ત્યારે નથી બોલતા? 'નહિ નમે રે નહિ નમે, મોટાના છોરું નહિ નમે.' એવું બોલે છે કાંઈક આપણે નહિ? એમ વીતરાગનો માનનાર રાગને નમે નહિ. રાગને આદર આપતો જ નથી. વીતરાગના પુત્ર થયા છે અંદર આત્મા, એ રાગને નમતો નથી. હેય માને છે. વીતરાગને નમે છે તે રાગને હેય માને છે. એય..! આવું. કહો, ભીખાભાઈ!

મુમુક્ષુ :- બોલાય એવું નથી.

ઉત્તર :- એ તો અમથું સહેજે આવ્યું હતું તમારું.

ભાઈ! આત્મા જ્ઞાનસ્વરૂપ છે ને. એ જ્ઞાનમાં વિકલ્પ ઉઠે એ કાંઈ એનું સ્વરૂપ છે? એ તો વીતરાગ મૂર્તિ આત્મા છે, વીતરાગ વિજ્ઞાનઘન છે. જો એ વીતરાગ વિજ્ઞાનઘન છે તો એમાંથી પર્યાયમાં વીતરાગ વિજ્ઞાનઘનની ઉત્પત્તિ થાય છે. એ વીતરાગ વિજ્ઞાનઘન છે એના આશ્રયથી ઉત્પન્ન થાય છે. એ કાંઈ રાગને આશ્રયથી થાય? રાગમાં વીતરાગ વિજ્ઞાનઘન પર્યાય છે એમાં? સમજાય છે કાંઈ? ભારે વાતું ભાઈ! એ કહે છે.

'**આસ્રવો શીતદાહજ્વરના આવેશની જેમ...**' અનિત્ય છે. '**અનુક્રમે ઉત્પન્ન થતા હોવાથી...**' એમ ભાષા. ટાઢિયા વખતે ઊનો નહિ અને ઊના વખતે ટાઢિયો નહિ. એમ શુભ વખતે અશુભ નહિ અને અશુભ વખતે શુભ નહિ. સમજાણું કાંઈ? એક જણો વળી

એમ કહેતો હતો. આ બહુ સાંભળ્યું ને આ વાત તત્ત્વની. આપણે તો હવે પુણ્ય જ કર્યા કરશું. પાપ કરવા જ નથી. પણ થાય જ નહિ. એમ તને ખબર નથી. આપણે તો શુભ જ કર્યા કરશું. પણ અહીં તો કહે છે કે શુભ ક્ષણમાં રહે, ક્ષણમાં અશુભ. (કાયમ રહે) એમ થાય જ નહિ. સમજાય છે કાંઈ? અજ્ઞાની કે જ્ઞાની બેયને. આહાહા..!

મુમુક્ષુ :- કાયમ શુભમાં વયા જાય છે.

ઉત્તર :- કાયમ રહે નહિ શુભ. ક્ષણમાં જ બદલી જાય. એમ વસ્તુનું સ્વરૂપ એવું છે. કર્મચક્ર છે ને. ધર્મચક્ર અહીં છે આત્મા. ચક્કર ગુલાંટ ખાઈ જાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જરી શાતાનો ઉદય એ એની શાતાનો ઉદય હોય છે એટલો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એટલો .. છે. એટલું છે એને.

મુમુક્ષુ :- દરેક વખતે.

ઉત્તર :- દરેક વખતે હોય ને પણ. કાળ કેટલો છે એનો? ક્ષણમાં બદલાઈ જાય પાછો અશુભ થઈ જાય. ક્ષણમાં બદલાઈ જાય ને.

મુમુક્ષુ :- તીર્થંકર રહે ત્યારે ન ચાલુ રહે?

ઉત્તર :- ચાલુ રહે નહિ. એ તો એક ક્ષણમાં એટલો જ એને શાતાનો ઉદય એને હોય છે એવી જાતનો. એટલે આ નિમિત્ત કહેવાય છે. એમ છે બાપુ. આ તો માર્ગ એવો છે. એમ કે જ્યાં સુધી ભગવાન રહે ત્યાં સુધી એને શાતા રહે કે નહિ? ધૂળમાંય ન રહે. એ તો એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે કે અહીં ભગવાનનો જન્મ થાય કે કેવળજ્ઞાન થાય ત્યારે એક અંતર્મુહૂર્ત થોડો કાળ શાતા આવી જાય. અને કોઈ શુભભાવ એને થઈ જાય. પણ છતાં પાછો અશુભ થયા વિના રહે નહિ. આહાહા..! ભારે વાત ભાઈ! શુભ-અશુભની વ્યાખ્યા અધ્રુવમાં પલટો મારે છે એ શાસ્ત્રમાં છે આ. સમજાય છે ને? એ મોટી વાત પહેલી અમારે પંડિતજી સાથે થઈ હતી. લેખ કાંઈક છે. પછી અહીંથી ને અહીંથી આપણે કાઢ્યો કે શાતા-અશાતામાં આંતરો અંતર્મુહૂર્તનો છે માટે આ બરાબર લાગે છે. એમ. એટલી વાત થઈ હતી.

ભગવાને એમ કહ્યું કે દરેક પ્રાણીને ઘડીકમાં શાતા બંધાય, ઘડીકમાં અશાતા બંધાય. ક્ષણે ક્ષણે બદલ્યા વિના રહે જ નહિ. શાતા બંધાય એ કાંઈ અશુભભાવથી બંધાય? શુભભાવથી બંધાય. વળી પાછો અશુભ થાય, વળી શુભ થાય. આ ચક્ર તો જુઓ! ઓહોહો..! એવી વસ્તુ છે. ભગવાન આત્મા એકરૂપ નિત્યાનંદ જુઓ.

'**અનુક્રમે ઉત્પન્ન થતા હોવાથી અનિત્ય છે;...**' શુભ અને અશુભભાવ એક પછી એક ઉત્પન્ન થતા હોવાથી તે અનિત્ય છે. એકસાથે બે હોઈ શકે નહિ અને એકસાથે શુભ જ સદાય રહ્યા કરે એમ નથી. અરે..! અશુભ પણ એમ ને એમ રહ્યા કરે એમ નથી અહીં તો કહે છે. આહાહા..! એ કસાઈ છે ને કસાઈ? બોકડા કાપે. તોપણ વીતરાગ તો એમ કહે છે કે એને ક્ષણ ક્ષણમાં પરિણામ બદલી જ જાય છે અંદરથી. એ ક્રિયા તો છે ઓલી પણ એના ભાવમાં, ઘડીકમાં શાતા અને ઘડીકમાં અશાતા એવા ભાવ પલટ્યા જ કરે છે. આહાહા..! આ તે કોઈ (વસ્તુની સ્થિતિ)! સમજાણું કાંઈ? માટે તે અનિત્ય છે અને ભગવાન.. દેખો!

'**વિજ્ઞાનઘન જેનો સ્વભાવ છે...**' ઓલામાં ધ્રુવ બતાવવું હતું ને. ચૈતન્યમાત્ર જીવ છે એમ કહ્યું હતું. અને આમાં એક પછી એક થાય છે એમ નહિ આ તો આત્મા '**વિજ્ઞાનઘન જેનો સ્વભાવ છે...**' વિજ્ઞાનઘન સ્વરૂપ છે પ્રભુ. એમાં ઉત્પન્ન થતાં શુભાશુભ વિકલ્પો બધા અનિત્ય છે. એ અનિત્યના લક્ષણને અનિત્યને જાણી વિજ્ઞાનઘન સ્વભાવ ત્રિકાળ નિત્ય છે '**એવો જીવ જ નિત્ય છે.**' કહો, બહારની ચીજ તો અનિત્યતાની શું વાત કરવી? પણ ઓલા પરિણામ જે અંદરના શુભાશુભના એ અનિત્ય છે, ક્ષણિક છે. આહાહા..! બહુ સરસ છે. જુઓ! આ તો અલૌકિક વાત છે. અંદર લખી છે જુઓ.

કુંદકુંદાચાર્ય મહારાજ સર્વજ્ઞ પરમેશ્વર પાસે ગયા હતા અને અંતરમાં જઈને અનુભવ અને ચારિત્રદશા પ્રગટ થઈ હતી. નગ્ન દિગંબર મુનિ, વીતરાગી મુનિ. ક્ષણમાં સપ્તમું ગુણસ્થાન, ક્ષણમાં સાતમું. એવી દશા જેની. મહા પરમાત્મા પાસે ગયા. આવીને આ શાસ્ત્રો રચ્યા. પોન્નુર હિલ. પોન્નુર હિલ. વંદેવાસ પાસે પોન્નુર હિલ છે. મદ્રાસથી ૮૦ માઈલ આ બાજુ.

ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે કે અહો..! ભાઈ! પ્રભુ તું તો વિજ્ઞાનઘન સ્વભાવ છો ને. અને પુણ્ય-પાપ તો અનુક્રમે ઉત્પન્ન થતા હોવાથી તેઓ અનિત્ય છે ને. અનુક્રમે ઉત્પન્ન (થાય છે). આને ક્રમ કેવો? એમ કહે છે. આત્મા વિજ્ઞાનઘનમાં ક્રમ કેવો? એ તો વિજ્ઞાનઘન જ છે. અને પુણ્ય-પાપના વિકલ્પો તો અનુક્રમે ઉત્પન્ન થતાં હોવાથી તે અનિત્ય છે. એ બેને આ રીતે વિલક્ષણ બેની જાતને જાણી અને અનિત્ય તરફનો પ્રેમ અને દૃષ્ટિ પર્યાયની છોડી અને દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરતાં તેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે. એ ક્ષણ અને પળ સમ્યગ્દર્શનની છે. સમજાણું કાંઈ? બીજી કોઈ રીતે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન આ સિવાય થતું નથી. આ વિધિ. પૂછ્યું હતું ને માથે? કઈ વિધિથી આસ્રવોથી નિવૃત્તે? આ વિધિ છે ભાઈ! ભગવાનના ઘરની, ભગવાને કીધેલી તો આ વિધિ છે. એથી બીજી કહેતા હોય એના ઘરની કલ્પનાની, મિથ્યાદૃષ્ટિની કલ્પના છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

માણસે પકડ્યું હોય છે ને એ પકડેલું છોડવું ભારે કઠણ. મકોડો કરડે ને. કટકા થાય તોપણ મોઢુ છોડે નહિ. ઢીંઢુ તૂટી જાય. અહીં મોઢેથી પકડ્યું હોય. એવું એ તૂટી જાય. જન્મ-મરણમાં મરી જઈશ પણ. તોપણ કહે ના. ના. મને એમાં કાંઈક લાભ દેખાય છે. સમજાણું કાંઈ? વિજ્ઞાનઘન કહો કે વીતરાગી વિજ્ઞાનઘન સ્વરૂપ કહો. પુણ્ય-પાપ બેય રાગસ્વરૂપ અનુક્રમે ઉત્પન્ન થનારા છે.

છે ને? '**આસ્રવો અને જીવનું ભેદજ્ઞાન થતાં...**' એ પછી છેલ્લે છે. '**થતાં વેંત જ...**' કર્મ ઢીલા પડી જાય છે અને શુદ્ધતા પ્રગટ થાય છે. એ જ ક્ષણે શુદ્ધતા પ્રગટ થાય અને અશુદ્ધતા નાશ થઈ જાય છે. એની પળ બીજી નથી. એક પળમાં, એક સમયમાં બે થાય છે. ઉત્પાદ અને વ્યય, એમ કહે છે. વિજ્ઞાનઘનસ્વભાવ... એણે કરવાનું છે. કોઈ કરી દે એવું નથી. બીજો કરી દે તો વળી બીજો લઈ લે પાછું એમ થાય. વિરોધી કોઈ લઈ જાય. એનાથી થાય અને એનાથી ઊંધું થાય અને ઊંધું જાય. સવળું થાય અને ઊંધું જાય. એનાથી થાય. વિજ્ઞાનઘન સ્વભાવ. એકલો ચૈતન્યરસ સ્વરૂપ જેમાં ક્રમ નહિ. વસ્તુ જ એવી ઘનરૂપ છે એમાં ક્રમ કેવો? આ પુણ્ય-પાપ તો ક્રમ છે, અનુક્રમે છે એવું અનિત્યપણું જાણી, આ નિત્ય છે એમ જાણી સ્વભાવની દૃષ્ટિ કરે ત્યારે તેને સ્વરૂપનો અનુભવ થાય એને સમ્યગ્દર્શન અને મોક્ષના માર્ગની શરૂઆત કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

ભાષા પાછી શું છે? '**વિજ્ઞાનઘન જેનો સ્વભાવ છે એવો જીવ...**' એમ. જીવ કેવો છે? વિજ્ઞાનઘનસ્વભાવ એમ. જીવ સ્વભાવવાન. એમ. જીવ સ્વભાવવાન, વિજ્ઞાનઘન જેનો સ્વભાવ. પુણ્ય-પાપ અનિત્ય જેનો સ્વભાવ. આહાહા..! એવી રીતે લીધું. સમજાણું કાંઈ? આ બેની અંતર વહેંચણી કરતાં, બેના લક્ષણોને જુદા પાડીને સ્વરૂપ તરફ ઢળતાં સ્વનું ભાન થાય ત્યારે અજ્ઞાનનો નાશ તે ક્ષણે થાય છે. પછી એને એમ રહે કે અરે.. ભાઈ! ભાન તો થયું, પણ હવે હજી અનંત જન્મ મરણ મારા કરવા હજી છે. એમ હોઈ શકે નહિ. જન્મ-મરણ છે જ નહિ જ્ઞાનીને. નક્કી થઈ ગયું કે આ તો મારો સ્વભાવ જ આ છે. અનુભવમાં આવતા એને જન્મ-મરણ છે નહિ. જન્મ-મરણની શંકા રહે અને વિજ્ઞાનઘનનું ભાન રહે, બે એક ક્ષણમાં રહી શકે નહિ. એમ કહે છે મૂળ તો. ભાન થયું તે જ ક્ષણે અનંત ભવ મારે છે નહિ. એકાદ હોય તોપણ એ રાગાદિને કારણે. મારું સ્વરૂપ તો તેનો જાણનાર છું. એવા વિજ્ઞાનઘનને અવલંબતો પોતાના અનુભવને પ્રગટ કરી અજ્ઞાનનો નાશ કરે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૯, રવિવાર તા. ૧-૯-૧૯૬૮**
**ગાથા-૭૪, પ્રવચન-૬૧૫**

કર્તાકર્મ અધિકાર. એની ૭૪ ગાથા ચાલે છે. શિષ્યનો એમ પ્રશ્ન છે કે આ આત્મા ધર્મ પામે અને અધર્મનો નાશ થાય એનો એક કાળ છે કે વિષમકાળ છે? વિષમ નામ એક પછી એક થાય કે એકસાથે થાય? સમજાય છે? આત્મા જન્મ-મરણના મિથ્યાત્વભાવનો નાશ કરે અને આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનો અનુભવ દૃષ્ટિ કરે એનો કાળ એક છે કે પહેલો અનુભવ થાય અને પછી મિથ્યાત્વ જાય? અને મિથ્યાત્વ જાય અને પછી અનુભવ થાય એમ કાળ ભેદ છે? એમ પૂછે છે. રોકડિયો ધર્મ છે એમ કહે છે. સમજાય છે કાંઈ?

અહીં વહેંચવાનું કોની સાથે છે? આ શરીર, કર્મ એ તો પરચીજ છે. એ તો કાંઈ આત્માની એક સમયની પર્યાયમાં-અવસ્થામાં પણ એ તો નથી. સમજાય છે કાંઈ? આ શરીર, કર્મ, વાણી, આ સ્ત્રી, કુટુંબ, પરિવાર આદિ આત્મા છે એની પર્યાય એટલે હાલત વર્તમાન એમાં એક સમયમાત્ર પણ એ ચીજ તો છે નહિ. સમજાય છે? એથી એની તો વહેંચણી જ છે. એ (એક) માને ભલે, પણ એ વહેંચણીને (કારણે) બેય જુદા જ છે. હવે જુદા કોની સાથે કરવાનું છે?

આત્મા.. કહ્યું ને ત્રણ બોલ પહેલાં. આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે અને પુણ્ય-પાપના ભાવ નિબદ્ધ નામ જોડાયેલ સંયોગીભાવ છે. પુણ્ય ને પાપના વિકારી ભાવ. એની ઉત્પત્તિ એક સમયે છે, ક્ષેત્ર એક છે, ભાવ ભિન્ન છે. શું કહ્યું સમજાણું? કારણ કે આત્મા આનંદ અને જ્ઞાનમૂર્તિ આત્મા. એની જ્ઞાનની ઉત્પત્તિને કાળે જ રાગની ઉત્પત્તિ એક સમયમાં જ છે. ક્ષેત્ર પણ એમાં જ છે. જ્યાં જ્ઞાનની ઉત્પત્તિ થાય તે જ ક્ષેત્રમાં રાગની ઉત્પત્તિ થાય છે. ભાવ ભિન્ન છે. સમજાણું કાંઈ? આ તો કહે છે, વહેંચાઈ ગયેલું છે એમ કહે છે. શરીર, કર્મ એનું ક્ષેત્ર પણ જુદું, એનો કાળ પણ જુદો, એનો ભાવ પણ જુદો. એટલે એનાથી જુદું પડવું એ કાંઈ છે નહિ. એ તો જુદા છે જ.

જેને ધર્મ કરવો છે એને આત્મા જીવસ્વભાવ અને પુણ્ય-પાપના વિકારીભાવ, સ્વભાવથી વિરૂદ્ધ ભાવ, એમ બેની વહેંચણી કરીને જ્ઞાનાનંદનો અનુભવ કરે તે જ ક્ષણે તેને આત્માનું જ્ઞાન થાય અને તે જ ક્ષણે તેને રાગનું અજ્ઞાનપણાની બુદ્ધિ-શ્રદ્ધા તે નાશ થાય. રાગ હું છું એવી જે મિથ્યાશ્રદ્ધા હોય તે નાશ થાય. સમજાણું કાંઈ? ઝીણી વાત છે. ધર્મ કરવો એટલે કાંઈ બહારથી થાતો નથી ધર્મ.

મુમુક્ષુ :- અંદર અમારે જ જવું પડશે?

ઉત્તર :- કોણ કરે ત્યારે? આ તો કોક કરી દે. એય.. શોભાલાલભાઈ! કોક કરી દે જાણે. પૈસા કોકથી આવી ગયા ને ક્યાંકથી એમ આવી જાય ક્યાંકથી. સમજાણું કાંઈ? ત્રણ બોલ આવ્યા.

'**जीवणिबद्धा**' ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એ તો. એ સ્વભાવમૂર્તિ આત્મા. એની સાથે પુણ્ય-પાપના વિકલ્પો જે રાગ છે, આસ્રવ છે એ નિબદ્ધ છે, સંયોગે છે. સ્વભાવની સાથે એકમેક છે નહિ. શેઠી! અને પુણ્ય અને પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો શુભભાવ એ અનિત્ય છે, અધ્રુવ છે. વીજળીના ઝબકારાની પેઠે થાય ને જાય. એ કાંઈ આત્માનો સ્વભાવ જે ધ્રુવ છે એવો એ સ્વભાવ નથી. વાઈના વેગનો દાખલો આપ્યો છે. શેનો દાખલો હતો? વાઈનો. ઓલી વાઈ. એકદમ વેગ આવે અને વળી બંધ થાય. એમ શુભ પરિણામનો વેગ આવે, દયા, દાન, ભક્તિ જેમાં હતો એમાં વેગ ચડ્યો. વળી ઘટી પણ જાય વેગ. અશુભભાવ આવે ને વળી વેગ ઘટી જાય તો એ પુણ્ય અને પાપના શુભ-અશુભભાવો બેય અધ્રુવ છે, વીજળીના ઝબકારા જેવા છે, વાઈના વેગની જેમ છે.

ભગવાન આત્મા ધ્રુવ છે, નિશ્ચળ છે, જ્ઞાનાનંદ સ્વભાવથી ભરેલો એકરૂપ છે. એવા બે વચ્ચેની વહેંચણી કરી, બેના લક્ષણો ભિન્ન જાણી અને તે ઝેર જેવા પુણ્ય-પાપના અધ્રુવભાવ છે. ભગવાન આત્મા અમૃતસ્વરૂપ છે. એમ અંતર્મુખ થતા આત્માને આનંદનો સ્વાદ અને સમ્યગ્દર્શન થાય તે જ ક્ષણે મિથ્યાત્વ અને રાગની એકતાની બુદ્ધિનો નાશ થાય.

મુમુક્ષુ :- આવો નિર્ણય કરે.

ઉત્તર :- હા, અંદરમાં નિર્ણય કરે ત્યારે. એમ કહે છે. કોઈ કરી દે એવું નથી ત્યાં. એ પૈસે મળે એવું નથી. સમજાણું? કે પૈસા દાન કરી દે લાખ, બે લાખ, પાંચ-દસ લાખના. તો એમાં ભેદજ્ઞાન થાય અને ધર્મ થાય. ત્રણ કાળમાં ન થાય. પૈસો તો પરચીજ છે. એ તો અહીં વાત પહેલી કરી. પૈસો તો તારા ક્ષેત્રથી અને તારી અવસ્થાના કાળથી તદ્દન જુદી ચીજ છે. બરાબર હશે? આ શરીર, જડ, માટી, ધૂળ છે આ તો. એ આત્માના ક્ષેત્રથી અને આત્માના સ્વકાળથી તદ્દન ભિન્ન ચીજ છે આ તો. ભિન્ન ચીજ છે. માટી છે, આ તો જડ અજીવતત્ત્વ છે. સમજાય છે કાંઈ?

એનામાં ઉત્પન્ન થતાં રાગની રુચિની પર્યાય અંશબુદ્ધિએ ઉત્પન્ન થતાં રાગ પુણ્ય-પાપના ભાવ તે હું એવો જે મિથ્યાત્વભાવ (છોડીને) એને જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ તે હું ધ્રુવ છું એમ ભાન કરીને ધ્રુવને અવલંબવું. તે જ ક્ષણે આત્માને સમ્યગ્દર્શન થાય અને તે જ ક્ષણે

મિથ્યાત્વનો નાશ થાય. આ છે. સમજાણું કાંઈ? ધર્મની કળા ઝીણી છે. ઉપરથી કોઈ લઈ જાય કે અપવાસ કરી નાખીએ બે-પાંચ-પચ્ચીસ-પચાસ. અપવાસ કરી જાય તો ધર્મ થાય, દાન કરી દે તો ધર્મ થાય. સમજાય છે કાંઈ? એ ધર્મ નથી.

સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્મા ઈન્દ્રોની સમક્ષમાં, ગણધરોની સમીપમાં આ વાણી ભગવાનના મુખમાંથી આવી. સમજાય છે કાંઈ? પરમેશ્વર બિરાજે છે સીમંધર ભગવાન મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. તીર્થંકરપણે, કેવળજ્ઞાનપણે. જુઓને! પ્રવચનસારમાં તો એ જ આવ્યું. ભાઈ! વર્તમાનમાં ભરતક્ષેત્રમાં તીર્થંકરોની હાજરી નથી, પણ મહાવિદેહમાં ભગવાન પરમાત્માની હાજરી છે તો એને હું નમસ્કાર કરું છું. પણ એની જેમ, એ ભગવાન વર્તમાન બિરાજે છે એમ જ ભૂતકાળના તીર્થંકરો અને સિદ્ધો એ જાણે મારી હરોળમાં સામે હોય સમીપમાં કાળમાં એમ બધાને લક્ષમાં લઈ, વર્તમાન જાણે બધા તીર્થંકરો વર્તમાન છે એમ ગણીને અનંત તીર્થંકરો, અનંત સિદ્ધોને સમુદાયપણે પણ નમસ્કાર કરું છું અને એક એક વ્યક્તિગત પણ મારો નમસ્કાર છે. આહાહા..! દેખો! પ્રવચનસારમાં આવી ગયું હતું. તમે નહોતા. તે દી નહોતા. કહો, સમજાણું? મંગળિક કરી હતી. પાંચ ગાથા. હતા કે નહિ તે દી? એ તો હતા જ ને. આહાહા..!

ભગવાનનો પાંચસો ધનુષનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે, કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ, અનંત વીર્યપણે બિરાજમાન મહાવિદેહ ક્ષેત્રમાં છે. જેમ એ વર્તમાન છે એવા જ અનંત તીર્થંકરો ભૂતકાળમાં થઈ ગયા, કેવળીઓ થઈ ગયા, સિદ્ધો થઈ ગયા એ બધા જાણે મારે વર્તમાનમાં ન હોય! કારણ કે હું વર્તમાનમાં નમન કરનાર, મારે વર્તમાનમાં સમક્ષ હોય એને નમન કરું છું એમ કહે છે. સમજાણું કાંઈ? એ ભગવાનની વાણીમાં એમ આવ્યું છે. ત્યાં કુંદકુંદાચાર્ય ગયા હતા, આઠ દી રહ્યા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્રો રચ્યા. એમાં આ આવ્યું છે કે ભાઈ! આ ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ અનંત ગુણની ખાણ છે. જેમાંથી શુદ્ધિ આનંદની કાઢો તો ખૂટે નહિ એટલી એ ખાણ છે. સમજાણું કાંઈ? એવો ભગવાન (છે). પણ એને સ્વભાવનો વિશ્વાસ આવવો જોઈએ ને. આ દુનિયાની ખાણમાં ખોદે ને જુઓને કાઢે છે ને? કહે છે, સો વર્ષ સુધી ખૂટે એવું નથી. એ વાતું નથી કરતા?

મુમુક્ષુ :- સો વર્ષ..

ઉત્તર :- ધૂળમાં. પણ એ સો વર્ષ જીવશે નહિ અને સો વર્ષ કાઢે તો પછી શું થાશે એ .. ખબર પડે. આ તો અનંત કાળ. કહો, ઓલા છે ને ગોવાના. શાંતિલાલ ખુશાલ. ગોવામાં. એક લાખની પેદાશ એક દીની. સો વર્ષ સુધી કાઢે તો ખૂટે નહિ એટલી ઓલી છે. શું કહેવાય? મેંગેનીઝ અને હમણાં વળી ૮૦ કરોડનું નિકળ્યું એલ્યુમિનિયમ. ધૂળમાંય

નથી. એ તો આખી ધૂળ પડી જગતની. એમાં તારે શું છે પણ? સમજાણું કાંઈ? એ તો તારા આત્માના ક્ષેત્રથી અને વર્તમાન કાળથી અને ત્રિકાળી ભાવથી અને દ્રવ્યથી એ ચીજ જ જુદી છે તદ્દન. જુદી તેને મારી માનવી એ મહાભ્રમણા (છે). ભગવાનને ભ્રમણામાં નાખ્યો છે. આહાહા..! શેઠ! તમારે મોટા બંગલા બંગલા છ લાખનો બંગલો આરસપહાણનો ધૂળનો. એ બધું કહે છે ધૂળ છે દૂર. અહીં ક્યાં ગરી ગયો છે? તમારી પાસે છે? તમારી પાસે છે? તમારું છે?

અહીં કહે છે, અહીં તો જરીક વાત એ છે કે ભગવાન! તું ક્યાં છો, કેવડો, કેટલો છો? તું દ્રવ્યરૂપ છો અહીંયાં. અસંખ્ય પ્રદેશી ક્ષેત્રરૂપ છો. વર્તમાન અવસ્થાના કાળરૂપ છો અને ત્રિકાળી શક્તિના ભાવરૂપ છો. એ આત્મા. હવે એ આત્મામાં પરવસ્તુ તો તદ્દન ભિન્ન રહી ગઈ. હવે એ આત્મામાં સ્વકાળની અવસ્થામાં છે પણ એના સ્વકાળમાં એટલે વર્તમાન અવસ્થામાં નિમિત્તના લક્ષે કરીને જે પુણ્ય અને પાપના શુભ-અશુભભાવ થાય છે એ વિકાર છે, એ અધ્રુવ છે, એ અનિત્ય છે અને અનુક્રમે ઉત્પન્ન થનારા છે. પુણ્ય થાય ત્યારે પાપ ન હોય અને પાપ હોય ત્યારે પુણ્ય ન હોય. એ અનુક્રમે ઉત્પન્ન થનારા અનિત્ય છે, ભગવાન ચિદાનંદ આત્મા એકરૂપ ત્રિકાળી ચૈતન્યમાત્ર જીવ નિત્ય છે. એવા બે વચ્ચેની વહેંચણી કરીને જ્ઞાનાનંદ સ્વભાવમાં આરૂઢ થવું, તે જ ક્ષણે સમ્યક્ અને અનુભવ થાય, ધર્મદશા પહેલી પ્રગટે અને તે જ ક્ષણે અધર્મ નામ મિથ્યાત્વનો નાશ થાય છે. પ્રકાશનું પ્રગટવું અને અંધકારનું જવું બે એક જ સમયે છે. આવી ધર્મદશા છે. સ્વરૂપચંદભાઈ! કહો, આ મંદિર બે-ચાર કરાવી નાખ્યા અને બે-પાંચ લાખ ખર્ચી નાખ્યા અને અપવાસ કરી નાખ્યા એમાં ધર્મ ત્રણ કાળમાં નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

ધર્મ ધર્મીમાં હોય. ધર્મી એટલે ધર્મનો ધરનાર. તો આત્મા સ્વભાવનો ધરનાર. એટલે જ્ઞાન, આનંદ, શાંતિ આદિ ધર્મનો ધરનાર આત્મા. એવા ધર્મીમાં જે ધર્મ, એવા ધર્મ અને ધર્મીનો આશ્રય કરીને પર્યાયમાં-અવસ્થામાં એકાગ્ર થઈને પ્રગટ કરવો એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર ધર્મ કહેવામાં આવે છે. કહો, પોપટભાઈ! કેટલાય કર્યા હતા પડિક્કમણા જુઓને, સવારમાં પહેલા વઢવાણમાં જઈને કર્યા હતા કે નહિ? અહીં .. બેઠા હતા સાથે ત્યારે કીધું ત્યાં બેઠા પડિક્કમણા કરવા અને અહીં બેઠા ભેગા થયા કીધું લ્યો. ક્યાં પડિક્કમણા.

પ્રતિક્રમણ એટલે શું? મિથ્યાત્વભાવથી ખસવું અને સ્વભાવમાં અંતરમાં આવવું એનું નામ પ્રતિક્રમણ છે. જે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ જે પુણ્યના છે એ મારા છે, એ મને લાભાદાયક છે એવો જે મિથ્યાત્વભાવ, એ મિથ્યાત્વભાવથી પાછું ખસીને સ્વરૂપ સચ્ચિદાનંદમાં આવવું એનું નામ ભગવાન સમ્યગ્દર્શનની પ્રતિક્રમણદશા કહેવામાં આવે છે.

સમજાણું કાંઈ? હજી મિથ્યાત્વથી પાછો ખસીને સમ્યક્‌માં આવે નહિ અને એને ધર્મ થઈ જાય, એને વ્રત ને નિયમ ને.. સમજ્યાને આ જુઓને દસ દી ગયા ને આઠ દી? ધમાલ ઉઠી હશે મોટા મોટા શહેરમાં.

મુમુક્ષુ :- મોટા ચિત્રો આવ્યા.

ઉત્તર :- ચિત્રો આવ્યા અજ્ઞાનના બધા. આહાહા..! બાળવ્રત ને બાળતપ છે. અજ્ઞાનીઓના વ્રત અને અજ્ઞાનીઓના મૂર્ખાઈ ભરેલા તપ.

ભગવાન પરમેશ્વર એમ કહે છે કે તારો આનંદમૂર્તિ સ્વરૂપ સચ્ચિદાનંદ આત્મા સર્વજ્ઞે જોયેલો એવો પૂર્ણ. એવા આત્મામાં અંતર્મુખ થઈને આરૂઢ થઈ અને જે રાગના પરિણામ અનિત્ય, અધ્રુવ અને સંબંધવાળા છે એનો સંબંધ તોડવો, સ્વભાવ સંબંધ કરવો, એમાં એકાગ્ર થવું એમાં જે આત્માનો અનુભવ સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિ પ્રગટ થાય એને ભગવાન પ્રથમ ધર્મની શ્રેણી કહે છે. કહો, સમજાણું કાંઈ?

ત્રણ બોલ થઈ ગયા. '**जीवणिबद्धा अधुव अणिच्चा**' હવે ચોથો '**असरणा**'. આ તો ક્રમસર વાત કરે છે. ત્યાં કાંઈ ક્રમસર ભેદ પડતો નથી. છે તો એકસાથે. આ સંયોગીભાવ, મારું સ્વરૂપ ભિન્ન. અધ્રુવભાવ, હું ધ્રુવ. અનિત્ય, હું નિત્ય. એમ એક ક્ષણમાં અંતર ચિદાનંદ ભગવાન ધ્રુવ સ્વરૂપ એને અવલંબીને અનુભવ કરે ત્યારે એ જ ક્ષણે બધા જુદા પડી જાય છે. આહાહા..!

હવે ચોથો બોલ. અશરણ છે. શું કહે છે? એ દયા, દાન, વ્રતનો વિકલ્પ ઉઠ્યો, અપવાસ કરું આદિ વૃત્તિ એ તો વિકલ્પ છે, રાગ છે. એ શુભ-અશુભરાગ જે વૃત્તિ ઉઠી એ અશરણ છે. કારણ કે એ ક્ષણિક છે, કર્મના ઉદયના સંગે ઉત્પન્ન થાય. ઉદય ગયો એટલે ખસી જાય. એ શુભવૃત્તિ ઉઠી. અપવાસ કરું, આ કરું, આ કરું એ વિકલ્પ એ રાગ છે. સમજાણું કાંઈ? એ રાગ અશરણ છે. આત્માનું સ્વરૂપ નથી કે ટકી શકે. એ તો વિકલ્પ ઉઠ્યો જરી કે આ કરું... આ કરું... આ કરું. એ વિકલ્પ અશરણ છે. ભગવાન ચિદાનંદ નિર્વિકલ્પ આત્મા એનું અંતરમાં એકાગ્ર થઈને ધ્યાન કરવું એ આત્મા શરણ છે. કહો, આવે છે ને ઓલા મંગળિકમાં? અરિહંતા શરણં, સિદ્ધા શરણં, સાહુ શરણં, કેવળી પણ્ણંતો ધમ્મો શરણં. એટલે શું અરિહંત શરણ દેવા આવતા હશે? અરિહંત તો વીતરાગ છે. વીતરાગ આપતા હશે કોકને? એ તો કેવળજ્ઞાની વીતરાગ ત્રણ કાળ જાણનાર-દેખનાર છે. એની પાસે છે બીજાની ચીજ તે આપે એને? શું હશે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લે. શરણ એની પાસે શરણ છે? શરણ તો તારું અહીં તું છો શરણ.

એણે કહ્યો, અરિહંતે કહ્યો માર્ગ કે રાગના પુણ્યના દયા, દાન, વ્રત, ભક્તિના, તપના જે વિકલ્પ ઉઠે છે એ અશરણ છે. એનાથી ખસીને ચિદાનંદ સ્વરૂપ ભગવાન સચ્ચિદાનંદ આત્મા છે એના અંતરમાં એકાગ્ર થા તો આત્મા તારો તને શરણ છે. હું શરણ નથી એમ (પરમેશ્વર) કહે છે. આહાહા..! કહો, વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથનું ફરમાન તો આ છે. પરમેશ્વર કેવળીનું.

મુમુક્ષુ :- અનન્ય શરણના આપનાર..

ઉત્તર :- એ અનન્ય શરણના આપનાર એ આત્મા. કહો, આવે છે ને? અનન્ય શરણના આપનાર એવા સદ્‌ગુરુદેવને નમસ્કાર. સદ્‌ગુરુ એટલે જ આત્મા. સત્ એવું સ્વરૂપ એમાં ગુરુ એટલે મોટો ભગવાન આત્મા. અનંત આનંદ અને જ્ઞાનાનંદનો સાગર એ પોતે જ સદ્‌ગુરુ આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાને એમ કહ્યું છે. કહ્યું હતું ને એક ફેરી? નહિ? ભાઈ ઓલા જયચંદભાઈનું. ફોજદાર. એક રાજકોટમાં ફોજદાર હતા. હુશિયાર માણસ હતા. પણ ધર્મનું નહિ. સુધરેલમાં ખપે. સુધરેલમાં કેટલાક સુધરેલમાં ખપે છે. જાણે હુશિયાર હોય ને. કાંઈક બસ્સો-પાંચસોનો પગાર હોય હજારનો એટલે જાણે હુશિયાર એમ માને લોકો.

મુમુક્ષુ :- હતો ઈ હુશિયાર.

ઉત્તર :- હશે લૌકિકનો પણ એ મૂઢમાં. હજાર બે હજારનો પગાર જાણે હુશિયાર થઈ ગયા. ધૂળેય નથી. એમાં મરવાની તૈયારી. લોહી સૂકાઈ ગયું. કાંઈક ઓલું હતું, શું કહેવાય? આ ધોળું થઈ જાય ને. એનિમિયા. એવું થઈ ગયું. હુશિયાર માણસ હતો. લૌકિક હુશિયાર. મારે ચોમાસુ ૯૦માં અને પાંજરાપોળમાં બેઠેલા હોય. મરવાની તૈયારી ખરી. કારણ કે લોહી ઓલું થઈ ગયું. બે-ત્રણ બેઠા આમ બરાબર છે. મંગળિક મહારાજનું સાંભળવું. અમે ત્યાં હતા ને દર્શન કરવા છે. તેડી ગયું કોક. મંગળિક સંભળાવ્યું. પછી ડાહ્યો માણસને. મહારાજ! શું તમે કહ્યું આ? હું તો કાંઈ આમાં સમજ્યો નથી. અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં. શું આ કહ્યું? હું તો કાંઈ એમાં સમજ્યો નહિ. હુશિયાર માણસ હોં! મરવાની તૈયારી. આમ શરીર સારું. બેઠા હતા. બૈરા બેઠા, બધા બેઠા હતા. કીધું, હવે એને ભગવાનનું સ્મરણ, વસ્તુ શું છે એને સમજાવો. આમ ને આમ ક્યાં સુધી તમે તાકીને બેસશો કે અમને કાંઈક કહો... અમને કાંઈક કહો. એ વાત તમે ક્યાં મૂક્યું છે ને ... હવે હોળી મૂકી છે એને જાવું છે અહીંથી. એય..! મોહનભાઈ!

મને કહે, આ શું કીધું તમે? જો ભાઈ! એમ કીધું અરિહંતા શરણં. એ શરણ એટલે અરિહંત ભગવાને આત્માનો વીતરાગી સ્વભાવ કહ્યો છે, વસ્તુ કીધી છે એનું શરણ લે એ અરિહંતાનું શરણ કહેવામાં આવે છે. અરિહંત તો વીતરાગ છે. એ કાંઈ દેવા આવે છે અહીં

કાંઈ? પરમાત્મા સિદ્ધ થઈ ગયા લ્યો. અને અરિહંત બિરાજે છે મહાવિદેહ ક્ષેત્રમાં. સિદ્ધ થયા ઉપર, નીચે આવે ઉતરે છે? આપે એમ છે કોઈને?

મુમુક્ષુ :- મોકલે.

ઉત્તર :- શું મોકલે? સિદ્ધા સિદ્ધિ મમ દિસંત્તુ. આવે છે કે નહિ? લોગસ્સમાં આવે છે. હે સિદ્ધ ભગવાન! સિદ્ધિ દ્યો મને. આપતા હશે ભગવાન ત્યાંથી? એનો અર્થ એ કે હું ચિદાનંદ આનંદકંદ શુદ્ધ આનંદસ્વરૂપ છું એનો મને અંતરમાં આશ્રય થઈને મારી પ્રાપ્તિ થાય એ સિદ્ધા સિદ્ધિ મમ દિસંત્તુ એમ કહેવામાં આવે છે. ભગવાન વીતરાગ કોને દે અને કોને લે? આહાહા..! કેમ હશે આમાં? મલૂકચંદભાઈ! એય..! કાંતિભાઈ! ભગવાન દેવા નહિ આવતા હોય? કાંઈક દેતા હશે કે નહિ? ત્યારે બોલાય છે ને? અરિહંતા શરણં, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહુ મંગલં, કેવળી પણ્ણંતો ધમ્મો મંગલં. એ કેવળી પણ્ણતો ધમ્મો મંગલં. કેવળી પણ્ણતો ધમ્મો શરણં. એ કીધું ભાઈ, ઓલા છેલ્લા બોલમાં કીધું. ભગવાને કહ્યો તે ધર્મ શરણ છે.

આ આત્મા પૂર્ણાનંદનો નાથ છે. જેની ખાણમાં ખજાનો ખૂટે નહિ એટલી શક્તિઓ પડી છે. પણ એને ભરોસો આવતો નથી. એવો ભગવાન જેટલા સિદ્ધો, અરિહંતો થયા અનંત જ્ઞાન દર્શનને પામ્યા એ બધી અવસ્થાઓ આવી ક્યાંથી? બહારથી આવે છે? સમજાય છે કાંઈ? અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય, અનંત સ્વચ્છતા, અનંત પરમેશ્વરતા એ બધી દશાઓ આવી ક્યાંથી ભગવાનને? બહારથી આવે છે ક્યાંયથી? એ અંદરમાં પડી છે. એને વિશ્વાસ નથી. ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ. શાશ્વત સત્ એટલે શાશ્વત. જ્ઞાન અને આનંદની ખાણ છે એ. પ્રવાહ કાઢ એટલો નીકળે એવી ખાણ છે. પણ એને ભરોસો આવતો નથી. બહાર ભટક્યા કરે. આ આપશે ને આ દેશે. ધૂળેય નથી બહારમાં. કહો, શોભાલાલજી!

અહીં કહે છે, એ શુભ અને અશુભભાવ બાપુ ક્ષણિક છે, અશરણ છે. દાખલો. એક જીવે ઘણા દયા, દાન, ભક્તિ, વ્રત કર્યા શુભ પરિણામ. એ શુભ પરિણામ છે, એ કાંઈ ધર્મ નથી. એનાથી પુણ્ય બંધાય રજકણો. હવે મરવાના ટાણા આવ્યા દેહ છૂટવાના. તો કોની સામું નજર કરશે એ? ઓલા રજકણો બંધાયેલા એ તો પડ્યા છે. કહો, નજર શી રીતે કરવી? શરણ કોણ છે ત્યાં? જે શુભભાવ કર્યો હોય પહેલો દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ આદિ શુભભાવ, એ શુભભાવ તો ગયો. એનું ફળ પરમાણુ રજકણ બંધાયેલા જડ માટી. હવે શરણ કોનું એમાં એને? કદાચ નમો અરિહંતાણં એવો ભાવ નવો કરે લ્યોને. એ તો શુભ છે. એ શુભ છે. એ ધર્મ નથી. એય.. શોભાલાલજી! નમો અરિહંતાણં એમ

કરીને મરે તો એ શુભ છે. અને એનાથી મને લાભ થાય તો મિથ્યાત્વમાં મરે અને બાળમરણે મરે છે એ. આહાહા..! વીતરાગમાર્ગ છે આ. આ દુનિયા સાથે ક્યાંય મેળ ખાય એવો નથી. સમજાણું કાંઈ?

કહે છે, '**જેમ કામસેવનમાં વીર્ય છૂટી જાય...**' દૃષ્ટાંત આપે છે. વિષયવાસનાના લોભીઓ એને જે વાસના આવે છે કામસેવનની, એ ટાણે વીર્ય-શરીરના રેત રજકણો છૂટી જાય છે '**તે ક્ષણે જ દારુણ કામનો સંસ્કાર નાશ પામી જાય છે,...**' એ વાસનામાં જે વેગ હતો આમ વિષય આમ (લઉં), એ વીર્ય સ્ખલન થઈ ગયું, વાસના બંધ થઈ ગઈ. સમજાણું કાંઈ? દૃષ્ટાંત લીધો છે. '**કોઈથી રોકી રાખી શકાતો નથી,...**' શરીરના રજકણો માટીના, વીર્ય રેત, વીર્યના રેત. વીર્ય આત્મબળ એ જુદી ચીજ છે. આ તો વીર્યની રેત ઝીણી એ પુદ્‌ગલની માટીની અવસ્થા ધૂળની. વાસના જ્યાં આવે અને જ્યાં છેલ્લો સમય હોય ત્યારે વીર્ય છૂટી જાય. છૂટી જાય પછી ઓલી વાસના રહેતી નથી. સમજાય છે કાંઈ?

'**તેમ કર્મોદય છૂટી જાય તે ક્ષણે જ આસ્રવો નાશ પામી જાય છે,...**' એ પુણ્યના ભાવ જે થયા એ કર્મનો ઉદય હતો એટલે સંગે થયો. કર્મોદય ગયો, પુણ્યભાવ છૂટી જાય છે. એ નાશવાન છે, અશરણ છે, પુણ્યભાવ આત્માને શરણ છે નહિ. ભારે. કહો, સમજાણું આમાં? આમાં સમજાણું? એમ કીધું. સમજ્યા એ નહિ. પહેલા સૌથી (ઉંધુ) સમજ્યા છે ને બધા આમ છે ને. ધૂળેય નથી, સમજને.

ભગવાન આત્મા એમાં જે થતો શુભવિકલ્પ વૃત્તિ ઉઠી નમો અરિહંતાણં. ભગવાન સાચા, અરિહંત સાચા, પરમેશ્વર સાચા, એનો ધર્મ શરણ એવો તો વિકલ્પ ઉઠ્યો રાગ. કહે છે કે એ રાગ કાંઈ સ્વભાવ નથી આત્માનો. એ વૃત્તિનું ઉત્થાન છે. એ તો કર્મના નિમિત્તના સંગે ઉત્પન્ન થયું. કર્મ ખરતા એ વૃત્તિ છૂટી જાય છે. સમજાણું કાંઈ? '**કોઈથી રોકી રાખી શકાતો નથી, તેમ કર્મોદય છૂટી જાય તે ક્ષણે જ આસ્રવો...**' આસ્રવો એટલે પુણ્ય-પાપના ભાવ. શુભની વૃત્તિઓ અને અશુભની લાગણીઓ બેય આસ્રવો છે, નવા આવરણના કારણ છે, બેય દુઃખરૂપ છે. પછી કહેશે. અહીંયાં અશરણ સિદ્ધ કરે છે. આહાહા..! ભારે લાગે એને. એ વૃત્તિ ઉઠે ભગવાનના સ્મરણની એ પણ કહે છે, શુભરાગ અશરણ છે. એય.. ન્યાલભાઈ!

નમો અરિહંતાણં. કહે છે કે એ તો શુભરાગ છે. અવાજ થયો એ તો જડ છે. અવાજ અંદર ઉઠે વિકલ્પ એ શુભભાવ છે. ધર્મ નથી. અને એ રાગ બીજે ક્ષણે નહિ રહે. કારણ કે નિમિત્તના સંગે ઉત્પન્ન થયેલો નિમિત્ત ખરતા એ ખરી જાય. માટે શુભભાવ પણ જીવને

શરણ છે નહિ. આહાહા..! વસ્તુસ્થિતિ એવી છે. આ ક્યાં કોઈએ કરેલી છે? સર્વજ્ઞ ભગવાન પરમેશ્વરે જેવું જોયું, જાણ્યું એવું કહ્યું અને એવું છે. કાંઈ ભગવાને કર્યું નથી કાંઈ કોઈ દુનિયાનું કોઈ કામ. એ તો સર્વજ્ઞ છે. એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા પરમાત્માએ. કેવળીઓ અનંત થતા આવે છે. અત્યારે લાખો કેવળીઓ મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકરો આદિ બિરાજે છે અને અનંત કેવળીઓ ક્રમે થશે. કેવળી વિનાનો કાળ ચૌદ બ્રહ્માંડમાં કોઈ દી હોઈ શકે નહિ. ત્રણ કાળ ત્રણ લોકને જાણનારા પરમેશ્વરનો વિરહ કોઈ દી પડે નહિ જગતમાં. સદાય સદાય રહે. આહાહા..! સમજાણું કાંઈ?

એવા કેવળી પરમાત્મા વીતરાગ સર્વજ્ઞદેવ તીર્થંકર પરમાત્માની વાણીમાં, વાણી તો કહેવામાં નિમિત્ત છે, વાણી સ્વતંત્ર છે, વાણીમાં આવે છે કે ભાઈ! તને મારું સ્મરણ આવે એવો શુભરાગ પણ ક્ષણિક છે અને નાશ થઈ જશે. એ પણ તને શરણ નથી. આહાહા..! એ વીતરાગ એમ કહે. બીજો તો કહે કે અમારું નામ સ્મરણ કરો, અમારા પાત્રા ભરો અને અમારું થાય, તમારું કલ્યાણ થાશે. અહીં ભગવાન ના પાડે છે. અમારું સ્મરણ કર અને અમારા સાચા સંતો આત્માના જ્ઞાની ધ્યાની આત્માના અનુભવી આ એને આહાર-પાણી આપવાનો ભાવ પણ શુભ છે ને રાગ છે, એ શરણ નથી, ધર્મ નથી. એય.. લાલજીભાઈ! લ્યો એ શેઠિયા છે કલકતામાં. આ વસ્તુ આવી છે. ત્યાં કલકત્તામાં નથી. ત્યાં ગોટેગોટા છે. આહાહા..!

ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ સ્વરૂપ આત્માનું છે. એણે પ્રગટ કર્યું પરમાત્માએ. આ સ્વરૂપ અંદર હતું એ પ્રગટ કર્યું. છે તેની પ્રાપ્તિ હોય, હોય તે મળે. હોય એમાંથી આવે. ન હોય એમાંથી આવે? તો ભગવાન આત્મા સર્વજ્ઞ વીતરાગ અને આનંદનો કંદ જ પરમાત્મા પોતે આત્મા છે વસ્તુ તરીકે. એમાં જે આ શુભભાવની ઉત્પત્તિ થાય એ કર્મના સંગે ક્ષણિક છે. કહે છે કે એ કર્મનો સંગ છૂટ્યો, ઉદય ક્ષણિક આવે ને છૂટી જાય. પરમાણુ જે પર્યાયમાં આવ્યો ઉદય એ ખરી જશે. એની સાથે જે શુભભાવ વિકલ્પ ઉઠ્યો વૃત્તિ એ પણ ખરી જશે. આપણે કર્યા જ કરશું શુભભાવ ને શરણ.. નહિ મળે એમ કહે છે. આહાહા..! આપણે શુભભાવ... શુભભાવ... શુભભાવ કર્યા કરશું. ધૂળેય પણ શુભભાવ ક્ષણિક છે, નહિ રહે. સમજાણું કાંઈ?

'**કર્મોદય છૂટી જાય તે ક્ષણે જ આસ્રવો...**' એટલે પુણ્ય-પાપના વિકલ્પો, શુભ-અશુભની લાગણીઓ છૂટી જાય છે. '**રોકી રાખી શકાતા નથી,...**' જેમ વીર્ય છૂટતાં રાખી શકાતું નથી, એમ રાગ છૂટતાં રાગના રાખી શકાતો નથી. ઝીણી વાત છે, ભગવાન! આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો આચાર્ય ભગવાન તરીકે બોલાવે છે. ૭૨માં આવી

ગયું છે એ. ભગવાન આત્મા! પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માની વાણીમાં આવ્યું છે. ભગવાન આત્મા. ભગ નામ જ્ઞાનાદિ લક્ષ્મીનું, વાન નામ સ્વરૂપવાળો પ્રભુ. એ આત્મામાં પુણ્ય-પાપના ભાવ ભગવાન! એ તને શરણ નથી. સમજાણું કાંઈ? હવે આમાં બાયડી-છોકરાની સંભાળ રાખે (તો) મને મોટા થઈને પાળશે, વૃદ્ધ થાશું તો પાળશે એ છે? એય.. પોપટભાઈ! નહિ? પ્રત્યક્ષ એમણે જોયું છે ને પૈસા કેટલા ખર્ચ્યા અને ઓલા ત્યાં રખડે છે. અહીં રોટલા ખાય છે કોકના. રામજીભાઈ નહિ ઓલો મોટો. કેટલા હજારનો પગાર કહે છોકરાનો. સુમનભાઈ. ભણાવ્યા કેટલા, પૈસા કેટલા ખર્ચ્યા એના માટે લ્યો.

મુમુક્ષુ :- આપ ના પાડો છો. રાગ કર્યો હતો એમ આપ કહો છો.

ઉત્તર :- રાગ કર્યો હતો. હવે એ બાયડી-ભાયડો ત્યાં રોટલા ખાય અને કોકને રાખીને રસોયો રાખીને રોટલા કરવા પડે. આમાં ક્યાં હતું? ધૂળેય નથી. એય.. પોપટભાઈ! આ તો એક દાખલો. બીજા બધાને એમ છે કે નહિ? આહાહા..!

મુમુક્ષુ :- એક હોય એને એમ અને ચાર હોય એને એમ.

ઉત્તર :- છ હોય એને એમ, આઠ હોય એને એમ અને બાર હોય એને એમ બધાને. એ તો બીજા પર છે. તારા ક્યાં દીકરા હતા? આત્માને દીકરા હોય? આત્માને દીકરા હોય? આ રાગ છે એ આત્માનો નથી તો વળી દીકરો ક્યાંથી આવ્યો તને? એમ કહે છે. એ તો પર ચીજ છે. દીકરાનો આત્મા તારાથી જુદો, એના શરીરના રજકણો માટીના એ પણ તારાથી જુદા. તારો દીકરો થયો ક્યાંથી? તેં એને પ્રસવ્યો છે? એ આત્માને તેં બનાવ્યો? એના શરીરના રજકણ તેં બનાવ્યા? શું કર્યું તેં? આહાહા..! રાગ કર્યો હતો. એ રાગ ક્ષણિક અને નાશવાન છે કહે છે. આહાહા..! એમ શુભભાવ. આ અશુભભાવ એ તો છે. એમ શુભભાવ કર્યો. એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપનો શુભ વિકલ્પ ઉઠ્યો હોય એ રાગ છે. એ તો કર્મનો ઉદય ખરતાં ખરી જાય છે. કાંઈ શરણ છે નહિ. **'તેઓ અશરણ છે;...'**

**'આપોઆપ (પોતાથી જ) રક્ષિત એવો...'** ભગવાન આત્મા. હવે જુઓ. એ પુણ્ય-પાપના વિકલ્પ અને રાગ વિનાની ચીજ આત્મા સચ્ચિદાનંદ પ્રભુ છે. સત્ એટલે શાશ્વત એમ. સચ્ચિદાનંદ શબ્દ વળી આપણે જૈનમાં ક્યાંથી આવ્યો? કોઈ કહે છે. એ જૈનનો શબ્દ છે. સત્ એટલે શાશ્વત. ચિદાનંદ એટલે ચિદ્ એટલે જ્ઞાન અને આનંદ. શાશ્વત જ્ઞાન અને આનંદનું રૂપ તે આત્મા છે. સમજાણું કાંઈ? પણ સાંભળ્યો પણ ન હોય આત્મા કેવો છે. કોણ જાણે આત્મા ક્યાં હશે અને કેવો હશે? આ માટી તે આત્મા. આ બધું કરીએ. અને કાં પુણ્ય અને પાપના ભાવ કરે શુભ-અશુભ એ આત્મા. એ આત્મા નહિ. એ તો આસ્રવ

છે. શુભ-અશુભભાવ ઉઠે છે. આહાહા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ અશરણ છે એમ કહે છે. એ શુભ છે, રાગ છે, પુણ્ય છે. શેઠ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું કહે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધર્મ આવો અને પરનું છોડી દ્યો. એમ. રાગનું ઘર છોડી દે, તારું ઘર નહિ. બાપુ! તારું ઘર તો જ્ઞાનાનંદ સ્વરૂપ શાશ્વત. આત્મા શાશ્વત તેમાં જ્ઞાન અને આનંદ આદિ અનંત શક્તિઓ શાશ્વત પડી છે. એ તારું નિજઘર છે. બાયડી, છોકરા, પૈસા તારા ઘર ક્યાંથી આવ્યા? લૂટારો છો? ઉઠાવગીર છો. એમ કહે છે. ઉઠાવગીર. કો'કનું તારી પાસે અહીં આવીને ઉભો રહ્યા એમાં તારી થઈ ગયા એમ તું ક્યાંથી પણ વળગ્યો આ ગળે? એ તો એને કારણે આવ્યા છે અને એના કારણે ટક્યા છે અને એનું કારણ પૂરું થશે ત્યાં ચાલ્યા જશે. ત્યાં ગળે ક્યાં વળગ્યો તું કે મારા છે? એ તો એકકોર રાખો. આ તો પુણ્યના પરિણામ થયા ક્ષણિક કોઈ આવીને. આગંતુક છે એ. મહેમાન તરીકે જેમ આવે. મહેમાન કાંઈ કાયમ રહેતો હશે? એમ પુણ્ય ને પાપના ભાવ આગંતુક (છે), પરમાત્મા કહે છે. વિકલ્પો નવા આવીને ઉત્પન્ન થાય છે. વસ્તુ સ્વરૂપ આત્મામાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો, અહીં તો કહે છે કે પરમાત્માની ભક્તિનો ભાવ એ પણ અશરણ છે એમ કહે છે. એય.. અમરચંદભાઈ! આહાહા..!

'**આપોઆપ રક્ષિત...**' ભગવાન આત્મા શાશ્વત વસ્તુ. અનાદિ-આદિ નહિ, અંત નહિ. વસ્તુ હોય એની આદિ શું હોય? અને વસ્તુ હોય એને રક્ષા કરે તો રહે એવું શું હોય? એ તો વસ્તુ જ છે અનાદિ સત્... સત્... સત્... સત્... સત્. સમજાણું કાંઈ? ચિત્શક્તિરૂપ જીવવસ્તુ. પણ એની શક્તિ જ્ઞાનશક્તિ. જેમ ગોળ વસ્તુ, ગળપણ એની શક્તિ-ગુણ. જેમ સાકર વસ્તુ, ગળપણ એની શક્તિ. એમ ભગવાન આત્મા શક્તિવાન, એની શક્તિ જ્ઞાન અને આનંદ એ એની શક્તિ. આહાહા..! સમજાણું કાંઈ? કહો, મણિભાઈ! સમજાય છે કે નહિ આમાં? આ પૂર્વનું બધું ભૂંસડિયા વાળે ત્યારે સમજાય એવું છે આ. પૂર્વનું રાખીને નથી બેસે એવું. શીલા ઓલા નથી છોકરા ભણતાને શું કહેવાય ઓલી? પાટી. પછી રાખતા ઓલું પોતું પાણીનું. એક ડાબલી રાખે. ડાબલી હોય ને નાની એમાં પોતું રાખે ભીનું. બેય બાજુ લખાણું હોય (તો ભૂંસે).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તેજાબ નાખવો જોઈએ. ઘાસતેલના શીશા થાય છે ને. બધુ સાફ કરે પણ

અંદર સાવ ઓલું હોય ને અંદર. એ એવો ચીકણો હોય તો એમાં ઘાસતેલ નીકળે જ નહિ. પાણી નાખો, ઊનું નાખો તો પણ ન નીકળે. લોઢાના સરીયામાં લૂગડું કરીને આમ આમ નાખે તોપણ નીકળે નહિ. તેજાબ નાખે તો તરત નીકળી જાય. આ શીશા થાય છે ઘાસતેલના. અંદર ડાટો હોય એ. ડાટાની અંદર ચારેકોર એટલો ભાગ ઝીણો (હોય) કે સાફ જ થાય નહિ. એમ અનાદિથી અજ્ઞાનથી પકડેલા મિથ્યાત્વભાવ એને ઝટ દઈને સાફ થાય નહિ. મણિભાઈ!

મુમુક્ષુ :- તેજાબ નાખવો જોઈએ.

ઉત્તર :- તેજાબ નાખવો જોઈએ. તેજાબ એટલે એ વિકલ્પની લાગણીઓથી પાર ભિન્ન ચીજ મારી છે એવી જ્ઞાનાગ્નિની ઉપર એકાકાર થતાં એ મિથ્યાત્વનો નાશ થઈ જાય છે. એ સિવાય બીજી કોઈ એની રીત અને ઉપાય છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? મોંઘુ લાગે તોપણ એ, સોંઘુ લાગે તોપણ એ, મધ્યમ લાગે તોપણ એ, સાચું લાગે તોપણ એ અને ખોટું લાગે તો આ છે.

કહે છે, ભગવાન આત્મા '**આપોઆપ રક્ષિત એવો...**' એને રક્ષા કરું તો રહે એવું નથી. સત્ છે. એનું અસ્તિત્વ શક્તિ છે જે ત્રિકાળ પોતાથી ટકી રહેલો છે. છે ત્રિકાળ. પહેલા છે, છે ને છે. ભૂતકાળમાં આદિ વિનાનો છે. આદિ છે એની? આદિ હોય તો નવો કહેવાય. છે. અત્યારે છે. ભવિષ્ય છે. ત્રિકાળ ચિત્શક્તિથી ભરેલો ભગવાન, '**ચિત્શક્તિરૂપ જીવ જ શરણસહિત છે.**' એ આવા જ્ઞાનાનંદથી ભરેલો આત્મા જ શરણ આત્માને છે. બાકી કોઈ શરણ છે નહિ. કહો, રતિભાઈ! શું છે? આ છોકરો-બોકરો કાંઈ શરણ આપશે કે નહિ? સમુકા પૂછશે બાપા! આમાં કાંઈ ખાનગી-ખાનગી આપ્યું છે કે નહિ? ખાનગી રાખ્યું છે? એમ પૂછે. હવે મરવા દે ને. એ શું કરવા પૂછે છે તું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, મેં કહ્યું હતું, ઓલા પ્રેમચંદભાઈનું કહ્યું હતું. ૯૦ની સાલમાં. દેરાવાસી હતા. પ્રેમચંદ. મ્યુનિપાલિટીના ઉપરી હોં. અને શરીર જુઓ તો આમ લઠ જેવું સારું રૂપાળું શરીર. પણ કોણ જાણે ક્યાંક લગનમાં ગયા હશે ખાધું હશે ત્રણ દી. જલેબી સરખાઈનું. બરફી ને. એકદમ ન્યુમોનિયા અને એકદમ ત્રણ દીમાં (ખલાસ). સમજ્યાને. અમે અહીં ગામમાં હતા. દેરાવાસી. મહારાજને બોલાવો, સાંભળવું છે મંગળિક. સૂતો હતો. આંખમાંથી આંસુ ચાલ્યા જાય. મરવાની તૈયારી. અને એક પોર્ટર આવ્યો સાઈકલ લઈને. રાવસાહેબનો ઈલ્કાબ અપાય છે એને. અહીં મરવાની તૈયારી. રાવસાહેબનો ઈલ્કાબ. હું ત્યાં હતો. મંગળિક સંભળાવતો હતો ત્યાં ઓલા બાયડી માથે બેઠેલી. અરે..! પણ શું કરો છો તમે? હવે આ તૈયારી થઈ

ગઈ એને કાંઈક આત્માનું કરો. એને સંભળાવો. આ શું છે? વાંચીને પૂછી લેવું એ ક્યાં છે? ઝટ દઈને ઓલું થઈ ગયું એટલે ક્યાં નાખ્યું છે ને શું કર્યું? ધૂળેય નાખી નથી હવે સાંભળને. પોપટભાઈ! એ બધા સ્વાર્થના પૂતળા છે હોં! તમને સારા લાગે તો. એ વેરીઓ છે આત્માના. વેરી એટલે? એને નુકસાન પહોંચાડવામાં નિમિત્ત છે. તારું શું થાય અમારે શું છે? અમારે કાણ શું છે અહીં? ક્યાં મરીને તું જા, અમારે કાણ ક્યાં માંડવી છે અહીં? એય..!

અહીં કહે છે કે, બાપુ! કોઈ શરણ છે નહિ. એ તારા પુણ્ય પરિણામ પણ શરણ નથી તો આ બહારની ચીજ તો ક્યાં રહી પ્રભુ! તારામાં આનંદ શક્તિથી ભરેલો પદાર્થ છે ધ્રુવ નિત્ય નિત્ય શાશ્વત છે. એની નજર કર તો ત્યાં નજર ઠરશે અને એ શરણ છે. આહાહા..! કહો, '**જીવ જ શરણસહિત છે.**' એ ચાર બોલ થયા.

હવે '**આસ્રવો સદાય આકુળ સ્વભાવવાળા હોવાથી દુઃખરૂપ છે;...**' પાંચમો બોલ. ભગવાન આત્મા અનાદિઅનંત શાશ્વત ચીજ પ્રભુ, એમાં દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ ઉત્પન્ન થાય એ આસ્રવો છે, એ દુઃખરૂપ છે.

મુમુક્ષુ :- પુણ્યના ભાવ દુઃખરૂપ કેમ ઈ સમજાવો?

ઉત્તર :- પુણ્યનો ભાવ દુઃખરૂપ નહિ તો શું સુખરૂપ છે? રાગ છે એ. કહો, પુણ્યના પરિણામ રાગ છે, વિકલ્પની વૃત્તિ છે. એ તો અંધકાર છે. ચૈતન્યનો તો અભાવ છે એમાં. ભગવાન ચૈતન્યમૂર્તિ એ રાગના અંધકારમાં અટક્યો એ તો વિકાર છે. પુણ્ય પરિણામ હો કે પાપ હોય. વસ્તુના સ્વભાવમાં એ ક્યાં છે?

કહે છે, આહાહા..! વીતરાગ પરમેશ્વર એમ કહે છે કે અમારા સ્મરણનો તને ભાવ આવે એ પણ દુઃખરૂપ છે હોં! અરે..! એ તો વીતરાગ કહે. બીજા તો કહી શકે નહિ. આહાહા..! કહો, સમજાણું આમાં? કેમ કે જેનું લક્ષ સ્વવસ્તુથી ખસીને પરદ્રવ્યના લક્ષ ઉપર જાય, ચાહે તો શુભ હો કે અશુભ બેય આસ્રવ અને મલિનભાવ છે. બેય દુઃખરૂપ છે. આહાહા..! પંચ મહાવ્રતના પરિણામ અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યનો વિકલ્પ એ દુઃખરૂપ છે. રાડ નાખે લોકો. અરર..! જાણે કે આ પંચ મહાવ્રત... હવે સાંભળને. પંચ મહાવ્રત વૃત્તિ ઉઠે. આનું આમ કર્યું એ તો વૃત્તિ છે, રાગ છે. દુઃખ છે. આત્માનું સ્વરૂપ નથી અને એ શરણ છે નહિ. એય.. શેઠ! આહાહા..!

મુમુક્ષુ :- બહારમાં તો બધું દેખાય છે.

ઉત્તર :- બહારમાં શું દેખાય છે? ધૂળ દેખાય છે? મૂઢ લોકો તમને સુખી કહે પૈસાવાળાને. ભાન નથી ને એને માટે. કહો. પૈસાના પ્રેમીઓ પૈસાવાળાને સુખી કહે. એને પ્રેમ છે માટે.

સુખી છે નહિ.

મુમુક્ષુ :- પૈસાની ગરજ તો પડે જ ને?

ઉત્તર :- કોની ગરજ પડે? ધૂળની પડતી હશે? કોને પડે? એય..! જુઓને એને મંદિર કરાવવું છે તો કંઈક ... કરે છે. છોકરા બે મોટા કરોડપતિ પડ્યા બબ્બે કરોડ, ત્રણ કરોડના આસામી પડ્યા બે છોકરા એના. તોપણ એને કેટલી ઓશિયાળી કરવી પડે છે, લ્યો જુઓ! છે છોકરા એના? પૈસા એના છે? ઘણું .. થાય છે અંદર એને. મોટું કામ ઉપાડ્યું, હવે કેમ કરવું? કોઈ આપે. સમજ્યા ને? છેવટે અહીં ટ્રસ્ટમાંથી તમારામાંથી આપો. એમ સાંભળ્યું હતું એવું. આ નવનીતભાઈ પાસે વાત ગઈ હોય. પ્રમુખ પાસે ગઈ હોય. વાત કરે એટલે. એને તો એમ કે કોઈ રીતે થાય. વાત તો એમ છે ને. હવે એના છોકરા પાસે પાંચ કરોડ રૂપિયા છે આ બેઠા એની પાસે. પાંચ કરોડ. એક પાસે અઢી અને એક પાસે ત્રણ કરોડ. આ જુઓને મોટા. હવે એમાંથી કોઈ બે લાખ, પાંચ લાખ કાઢતા નથી અને ઓશિયાળા ભિખારીની પેઠે માગ્યા કરે છે. ભગવાનજીભાઈ! હવે એના સગા દીકરા. હવે એને કહી શકતા નથી લ્યો! છે એના? અને ઓલો મોટો નિહાલ તો ત્યાં પડ્યો બેઠો છે. સ્વીટ્ઝરલેન્ડ. હવે બે કરોડ નગદ. એક જ દીકરી. કાંઈ છે નહિ બીજું. આ એનો સગો દીકરો છે. પણ.. એ કાંઈ આપણે બહાર ન પાડવું. આ દુનિયા કોની છે તને ખબર નથી, મફતનો ગળે વળગે છે. આહાહા..!

અહીં તો પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા એમ ફરમાવે છે. તને જેટલો પુણ્ય અને પાપનો, શુભ અને અશુભભાવ થાય એ દુઃખરૂપ છે. આત્માના આનંદસ્વરૂપથી વિ-રૂપ અને વિરૂદ્ધ છે. આહાહા..! દુઃખરૂપ સંયોગો નહિ હોં! નિર્ધનતા એ દુઃખ નહિ. સરોગતા, સરોગપણું દુઃખ નહિ. એમ સધનપણું એ સુખ નહિ, એમ નિરોગપણું એ સુખ નહિ. અંદર કલ્પના ઉઠે છે કે હું નિરોગી, હું સરોગી, આ ઠીક એવી જે કલ્પના શુભ-અશુભ છે એ પોતે દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? આહાહા..! પણ આ શેઠિયાને સુખી કહે હોં બધા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધાને કહેતા હતા. ઓલો નહોતો કહેતો? ઓલો કહેતો હતો વઢવાણનો. આ બધા .. વઢવાણ.. કરોડપતિ. અમારા વેવાઈ સુખી છે. એલા સુખીની વ્યાખ્યા શું? સુખીની વ્યાખ્યા શું? કો'ક હતું ખરું. ચુડગર. ચુડગર હતા એ. અમારા વેવાઈ સુખી છે. પાંચ-પચાસ લાખ હોય ધૂળ લાખ. શેની પણ? ધૂળ ક્યાં એની હતી તે સુખી છે, સાંભળને!

અહીં તો પરમેશ્વર કહે છે એ ધૂળ મારી એવી મમતા એવો તો મિથ્યાત્વભાવ દુઃખરૂપ છે. પણ અંદર એ પુણ્યના ભાવ થાય, એ લક્ષ્મીને ખરચવાના શુભભાવ એ પોતે દુઃખરૂપ

છે. આહાહા..! એય.. પોપટભાઈ! રાખવાના ભાવ તો પાપરૂપ દુઃખ છે પણ ખરચવાનો વિકલ્પ આવે ક્યાંય દયા, દાન, ભક્તિમાં પણ એ વૃત્તિ છે, શુભ છે. એ આત્મા નહિ. આહાહા..! રાગ છે? રાગ એ દુઃખરૂપ છે? શું છે? બોલો શેઠી!

મુમુક્ષુ :- મંદિર બનાવ્યું એ દુઃખરૂપ છે?

ઉત્તર :- કોણ બનાવે? એય..! પ્રસન્નભાઈ! જુઓ! આ તમારા પિતાજી કહે છે, આ મકાન બનાવ્યું, મંદિર બનાવ્યું. નથી બનાવ્યું? જયપુરમાં પાછા બંગલા પાછા બનાવ્યા. મૂર્તિ સ્થાપી છે. કહો, સમજાણું કાંઈ? આણે બનાવ્યું. કીધું નહિ? લ્યોને, ૧૧ લાખ ખર્ચ્યા. ૧૬ લાખ. ગોદિકા. પાંચ લાખનો તો હોલ બનાવ્યો. આ જયપુર ગયા હતા ને પોર. પાંચ લાખનો હોલ, પાંચ લાખનો.. છ લાખનો બીજો ખર્ચ. કીધું, જુઓ ભાઈ! આ ૧૬ લાખ તમારા નહિ અને ૧૬ લાખમાં રાગની મંદતા કરી હોય તો પુણ્ય. ધર્મ નહિ. પૈસાવાળા પૈસા ખર્ચે એટલે જાણે અમારે ધર્મ થાય. એમ નહિ. ચોખ્ખી વાત. હા, મહારાજ! અમે ક્યાં કહીએ છીએ. તમે જાણે ૧૬ લાખ ખર્ચ્યા માટે ધર્મનો અંશ જરીએ આવ્યો, કે સંવર-નિર્જરા જરીએ થાય (એમ નથી). એ.. સ્વરૂપચંદભાઈ! એ તો બિચારા નરમ માણસ છે ગોદિકા. મહારાજ! હું ક્યાં કહું છું? રાગની મંદતા હોય છે. ભક્તિ, પૂજા આદિનો ભાવ દાન શુભ છે. પણ છે એ દુઃખરૂપ છે. આવે, પણ છે દુઃખરૂપ. ભારે આકરું કામ. વીતરાગ માર્ગને સમજવું, પકડવું એ આકરું કામ. અમરચંદભાઈ! આહાહા..! શું કપુરચંદભાઈ! પૈસા ખરચવા નહિ એ ભાવ તો પાપ છે એ તો વળી દુઃખરૂપ છે જ. દાન, દયા, ભક્તિ, પ્રભાવનામાં શુભભાવ થાય એ ન કરે અને રાખવાનો ભાવ (કરે) એ તો એકલો પાપભાવ છે. આહાહા..! એ દુઃખ છે. પણ એમાં ખરચવાની વૃત્તિ ઉઠી. કરોડો રૂપિયા ખરચું, પાંચ કરોડ ખરચું, એ વૃત્તિ ઉઠી એ શુભરાગ છે અને દુઃખ છે. અહીં તો એવો માર્ગ છે વીતરાગનો. સમજાણું કાંઈ? કાંઈકનું કાંઈક માને અને માને કે અમે સમકિતી ધર્મી છીએ. ધૂળેય નથી, સાંભળને!

મુમુક્ષુ :- એ પ્રસંગ જ ખોટો.

ઉત્તર :- એ પ્રસંગ નહિ, એ ભાવ ખોટો. પ્રસંગ ખોટો? એ પ્રસંગ એને લઈને બન્યો. એ કાંઈ તમારે લઈને નથી બન્યો ત્યાં. ત્રણ કરનાર હતા. તમારા ભાઈ એક કર્તા હતા. મહેન્દ્રભાઈ. એક ગોદિકા અને એક પાટણી. કર્તાહર્તા ત્રણ હતા ૧૬ લાખના ખર્ચમાં. આજે ૧૧ દી થયા ને આ ફાગણ સુદ બીજ. ૨૫-૩૦ હજાર માણસ મોટો આમ વરઘોડો જુઓ તો. ૧૮ હાથી, ૧૮ ઘોડા, ૧૧ ઊંટ. લોકો કહે કે કોણ રાજા મહારાજા છે? આ તે કોણ? શું છે આ? એવો મોટો. એવો મોટો વરઘોડો અને ૧૬ લાખનો ખર્ચ. બાપુ! શું આ તમારાથી

કર્યું થાય છે આ? એ તો અજીવના પરાવર્તનની પર્યાયને કાળે એ બધા વરઘોડા એને કારણે નીકળે. તમારા શુભભાવથી નહિ. એય.. પ્રસન્નભાઈ! તમારા ભાઈ ભેગા હતા હોં. મહેન્દ્રભાઈ ભેગા હતા કરવામાં. પાટણી અને ગોદિકા ત્રણ. એ કર્તા હર્તા ત્રણ હતા. શેના? આ રાગના. ભગવાનભાઈ! ભાઈ અહીં તો ચોખ્ખું છે.

અહીં તો કહે છે, છોકરા માટે, બાયડી માટે લક્ષ્મી રાખવી એ તો પાપ છે, અશુભભાવ છે. પણ એ લક્ષ્મી પરદ્રવ્ય છે અને એની વૃત્તિ જવી કે આને કાંઈક આમ કરું, આમ કરું એ બધો શુભભાવ છે. આત્માની શાંતિ અને સમ્યગ્દર્શન કે ધર્મ નહિ. ભારે આકરું કામ જગતને. એક જણો કો'ક કહેતું હતું લ્યો આ બ્રહ્મચર્ય પાળે શરીરથી ઈ? મેં કીધું શરીરથી બ્રહ્મચર્ય પાળે તો શુભભાવ છે. ધર્મ નહિ. કોઈ પૂછતું હતું. ધર્મ તો એ, બ્રહ્મચર્ય તો એ કે બ્રહ્મ નામ આત્મા આનંદસ્વરૂપ. એના આનંદમાં રમવું, ચરવું એનું નામ બ્રહ્મચર્ય છે. એનું નામ ધર્મ છે. સમજાણું કાંઈ? આવ્યા હતા ભાઈ ઓલા સવારમાં આવ્યા હતા. કાળીદાસભાઈના ભાઈ આવ્યા હતા. કામદાર હતા ને. કહો, સમજાણું કાંઈ?

અગમ પ્યાલા પીવો મતવાલા, કિન્હી અધ્યાત્મવાસા,
આનંદઘન ચેતન વ્હૈ ખેલે, દેખે લોક તમાસા.

ભગવાન આત્મા કહે છે કે આનંદરૂપ છે પ્રભુ તો. એનું સ્વરૂપ જ આનંદ છે આત્માનું. એમાં જેટલા પુણ્ય અને પાપની વૃત્તિઓ શુભ-અશુભ ઉઠે છે, બધું દુઃખરૂપ છે. એય.. મણિભાઈ! આકરું કામ છે આ. સામાયિક કરી. સામાયિક શેની કરી? એ તો વિકલ્પ ઉઠ્યો. વિકલ્પની સામાયિક છે. સામાયિક તો એને કહીએ કે વિકલ્પથી ભિન્ન પડીને આત્માના આનંદની દૃષ્ટિ કરીને આનંદનો સ્વાદ લેવો. અતીન્દ્રિય આનંદનો અનુભવ થવો એને સમતા ને સામાયિક કહેવામાં આવે છે. બાકી બધાને વિસામાયિક એટલે વિપરીત સામાયિક કહે છે. આહાહા..! વીતરાગના માર્ગમાં આ છે. એ ઢાંક્યું રહે નહિ અને ઉઘાડું મૂક્યા વિના સમજે નહિ. સમજાણું કાંઈ?

કહે છે, '**આસ્રવો...**' આસ્રવ એટલે પુણ્ય-પાપના ભાવ. શુભ-અશુભ ભાવ. બેય શુભ-અશુભ છે. ચાહે તો વ્રતનો વિકલ્પ ઉઠે, બ્રહ્મચર્યનો ઉઠે, દયાનો ઉઠે એ બધો શુભરાગ છે. અને એ રાગ છે એ આસ્રવ છે. આ-સ્રવ. આ એટલે મર્યાદા. એ નવા આવરણનું કારણ છે. એ કાંઈ ધર્મરૂપ છે નહિ. અત્યારે તો એ જ ચાલ્યું છે આખું. બધા ઓલા શેઠિયાઓ પણ એને પછી પાંચ-પાંચ રૂપિયા આપે. આ તપસ્યા કરે એને પાંચ-પાંચ આપીએ. અમારાથી થતું નથી તો અનુમોદન તો કરીએ, એમ કહે વળી વાણિયા. અમરચંદભાઈ! નવનીતભાઈ! ભાઈ! એ તો હજી શુભરાગ છે ને એમાં વળી ધર્મ થાય છે એમ માને છે

તો સાથે મોટું મિથ્યાત્વનું લાકડું ગરી ગયું છે. મહામિથ્યાત્વનું સેવન છે ત્યાં. આહાહા..! સમજાણું કાંઈ? એ મિથ્યાત્વ સાથે મહાદુઃખ છે એમ કહે છે. આહાહા..! જગતને કેમ (બેસે)?

વીતરાગ માર્ગ પરમેશ્વર સર્વજ્ઞ ત્રિલોકનાથે કહેલો વીતરાગસ્વરૂપ આત્મા, એમાંથી ઉત્પન્ન થયેલી શુભની લાગણી, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ કહે છે દુઃખરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? એય..! શોભાલાલજી! આસ્રવ છે ને? ષોડશકારણ ભાવના બંધ પડે છે ને. બંધનું કારણ એ ધર્મ હોય? બંધનું કારણ તે અધર્મ છે. અધર્મ એટલે રાગ છે એમ. રાડ નાખી જાય.

કીધું હતું ને. ૮૫ની સાલમાં પોષ મહિનામાં બોટાદ સંપ્રદાયમાં હતા ને. ત્યારે તો બધું હતું આવું. વ્યાખ્યાન તો માણસ બહુ આવતું ને તે દી. અને એક વાત જરી મૂકી કે જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે ધર્મ નહિ. રાડ નાખી ગયા. બીજા બધા તો.. સભા તો હતી. ૮૫ના પોષ મહિનાની વાત છે. ૩૯ વર્ષ થયા. સમજાણું કાંઈ? આ પરિવર્તન પહેલાની વાત છે. અને જે ભાવ મહાવ્રતના પરિણામ છે તે આસ્રવ છે. ધર્મ નહિ, સંવર નહિ. કેમકે વૃત્તિ ઉઠે એ રાગ છે. એય..! નાગરભાઈ! યાદ ન હોય તમને તો. ૮૫ની વાત છે. ત્યાં તો સભા મોટી, ૩૦૦ ઘર. પ્રેમ તો બહુ લોકોને હતો પણ આ દૃષ્ટિની ખબર ન મળે લોકોને. બહારથી આ સામાયિક કરી, પોષા કર્યા, પડિક્કમણા કર્યા, અપવાસ કર્યા. ધૂળેય ધર્મ નથી સાંભળને. સામાયિક કેવી? હજી સમ્યગ્દર્શનના ભાન વિના સામાયિક કેવી? સામાયિક નામ સમતાનો લાભ. તો સમતાસ્વરૂપ તો પુણ્ય-પાપના વિકલ્પથી રહિત આત્મા છે. એ આત્માનો અનુભવ અને દૃષ્ટિ થયા વિના સામાયિક આવી ક્યાંથી? એટલે કહે છે, પુણ્ય ને પાપ બેય આકુળ સ્વભાવવાળા દુઃખરૂપ છે. હવે આત્મા એની સામે કેવો છે એ વિષય લેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા સુદ ૧૦, સોમવાર તા. ૨-૯-૧૯૬૮**
**ગાથા-૭૪, શ્લોક-૪૮, પ્રવચન-૬૧૬**

કર્તાકર્મ અધિકાર. ૭૪ ગાથા. ધર્મ કેમ થાય? અને અધર્મ કેમ નાશ થાય? એનું સ્વરૂપ છે. પાંચમો બોલ આવ્યો છે ને? આત્મામાં જેટલા પુણ્ય અને પાપના ભાવ થાય એ આત્માનું કર્મ-કાર્ય ખરેખર નથી. સમજાણું કાંઈ? એ દુઃખરૂપભાવ છે. શરીર, પ્રતિકૂળતા, રોગપણું, નિર્ધનપણું એ દુઃખ નથી. દુઃખ છે એ આત્મામાં શુભ અને અશુભ જે ભાવ થાય એ બેય દુઃખરૂપ છે. સમજાણું?

'**આસ્રવો સદાય આકુળ સ્વભાવવાળા હોવાથી દુઃખરૂપ છે;...**' ચાહે તો એ શુભ ભગવાનનું સ્મરણ વિકલ્પ હો કે ચાહે તો અહિંસા, દયા, દાનના ભાવ હો કે ચાહે તો ભગવાનની ભક્તિનો ભાવ હોય પણ એ શુભભાવ છે એ આકુળતારૂપ છે અને દુઃખરૂપ છે. અને હિંસા, જૂઠું, ચોરી વિષયનો ભાવ વિકલ્પ અશુભ છે એ તો દુઃખરૂપ છે જ. જુઓ! ધર્મ કેમ થાય? કહે છે કે એ શુભ અશુભભાવ આકુળતા અને દુઃખરૂપ છે એમ જાણીને આત્મા... જુઓ! '**સદાય નિરાકુળ સ્વભાવવાળો જીવ જ અદુઃખરૂપ...**' છે. ભગવાન આત્મા એ પોતે અદુઃખ શબ્દ વાપર્યો છે, પણ સુખરૂપ આનંદરૂપ આત્મા છે.

આત્મા સચ્ચિદાનંદ કહેવાય છે. એ જ આત્મામાં સત્‌પણું એટલે શાશ્વત, જ્ઞાન અને અતીન્દ્રિય સુખનો સ્વાદ સ્વભાવ તે એનામાં ભરેલો છે. આત્મા અતીન્દ્રિય આનંદનો પિંડ છે. એ આનંદ અને પુણ્ય-પાપના ભાવ દુઃખરૂપ બેને જુદા પાડતા આત્મામાં એકાગ્રતા થાય એનું નામ ભગવાન ધર્મ કહે છે. કહો, સમજાય છે કાંઈ? એ બેને જુદાં પાડતાં. શુભ અને અશુભરાગ એ દુઃખરૂપ છે. ભગવાન સદાય અનાકુળ સ્વભાવ હોવાથી સુખરૂપ છે. એવું આનંદમૂર્તિ અને દુઃખરૂપ બેની અંતરમાં વહેંચણી-ભેદ કરીને શુભાશુભ પરિણામનું દુઃખરૂપ સ્વરૂપ જાણી, એનાથી પાછો વળી અને આનંદસ્વરૂપમાં એકાગ્ર થાય ત્યારે તેને સમ્યગ્દર્શન જ્ઞાન અને ધર્મ થાય છે. કહો, સમજાય છે કાંઈ? લ્યો, આ ધર્મ. કેવળી પણ્ણંતો ધમ્મો શરણં. એ આ ધર્મ. રતિભાઈ! છે ને?

'**આસ્રવો સદાય...**' સદાય એટલે કોઈપણ ક્ષણમાં શુભ-અશુભભાવ આનંદ આપે, શાંતિ આપે એવો એ ભાવ છે જ નહિ. સમજાણું કાંઈ? દયા, દાન, પૂજા, ભક્તિ, વ્રત, તપ આદિનો જે શુભરાગ છે એ સદાય આકુળતાના ઉપજાવનારા હોવાથી દુઃખ છે. આ વાત ગળે ઉતરવી કઠણ. એને અનંત કાળથી એ વાત ખ્યાલમાં આવતી નથી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા સદાય નિરાકુળ સ્વભાવ. જુઓ! બેય ઠેકાણે સદાય શબ્દ વાપર્યો. ભગવાનના સમવસરણમાં બેઠો હોય અને ભગવાનનું શ્રવણ કરતો હોય એવો જે ભાવ વિકલ્પ, ત્યાં તો ભગવાન તીર્થંકર બેઠા હોય અને સાંભળવાનો શુભભાવ છે, તો એ શુભભાવ સુખરૂપ છે કે દુઃખરૂપ છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ કહે છે કે રાગથી ભિન્ન પાડી આત્મા આનંદ છે તેમાં દષ્ટિ કરવી. એ કરવું અને એ એનું કાર્ય છે. એ રાગ એનું કાર્ય (નથી). કર્તાકર્મ અધિકાર છે ને. આહાહા..! હો, પણ એ આત્માનું કાર્ય છે અને આત્મા કર્તા છે ત્યાં સુધી તે મિથ્યાદષ્ટિ (છે), જૈન નથી, મિથ્યાદષ્ટિ છે. એ જૈન નથી. એય..! ચીમનભાઈ! શું બરાબર છે આ? એય.. શેઠ!

મુમુક્ષુ :- સાહેબ! કરવું શું?

ઉત્તર :- કરવાનું આ જ છે. એ તો અહીં વાત ચાલે છે કે જે શુભ અને અશુભ વિકલ્પ જે રાગ થાય, એનાથી ચૈતન્યદળ આખું (ભિન્ન છે). એ તો કૃત્રિમ ક્ષણિક વિકાર છે. અને ત્રિકાળ નિત્યાનંદ વસ્તુ આમ ધ્રુવ.. ધ્રુવ.. નિત્યાનંદ છે એના તરફ જવું એ કરવું. કરવું શું આ કરવું. એ કરવાની સૂઝ પડતી નથી. પૈસા-બૈસા દઈને જાણે ધર્મ થઈ જાય. શેઠિયાઓને એમ થઈ જાય.

મુમુક્ષુ :- સહેલાઈથી થઈ જાય.

ઉત્તર :- સહેલાઈથી થઈ જાય. ૫૦-૬૦ લાખ રૂપિયા હોય એમાંથી લાખ, બે લાખ ખર્ચે ધર્મ થઈ જાય. જાવ. લાખ રૂપિયા ખર્ચ્યા જ્યાં શું કહેવાય એ તમારું ત્યાં? મલારગઢ. એ તો પરમાણુની પર્યાય એ વખતે બનવાની હતી તે બની છે. તમારાથી બની નથી બે ભાઈઓથી કાંઈ.

મુમુક્ષુ :- પૈસાથી તો બની છે ને.

ઉત્તર :- એ જ કહે છે પૈસાથી બની નથી, તમારાથી બની નથી. તમારો ભાવ હોય શુભ એનાથી બની નથી.

મુમુક્ષુ :- આપના પ્રતાપથી બની છે.

ઉત્તર :- અહીં તો કહે છે કે એ પરમાણુ અસ્તિ તત્ત્વ છે જગતના. એનો પલટો ખાતા ખાતા પલટન થઈને એની પર્યાય ત્યાં થઈ છે. તમારો ભાવ હોય તો બહુ તો શુભ હો, પણ એ શુભ છે, પુણ્ય છે, ધર્મ નહિ. એ શુભ છે. શોભાલાલજી! એ શુભ છે, પરલક્ષીભાવ છે, પરને આશ્રયે ઉત્પન્ન થયેલો છે, વિકાર છે, દુઃખરૂપ છે, ઉપાધિ છે, મેલ છે, ઝેર છે. આટલા વિશેષણ એને છે. એવો ભગવાન આત્મા તે ક્ષણે આનંદમૂર્તિ પ્રભુ છે. આ

આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ છે. એના તરફ દૃષ્ટિ કરી અને રાગથી ભિન્ન પાડવો એનું નામ સમ્યગ્જ્ઞાન અને આત્મધર્મ કહેવામાં આવે છે. આ વિના ધર્મની કળા કોઈ દી ત્રણ કાળમાં બીજી રીતે પ્રગટતી નથી. કહો, સમજાણું કાંઈ? શું છે આ? ભીખાભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ આ શેઠ પણ કહે છે શું કરવું. એ જ કરવાનું છે. વસ્તુ નથી? આખો ભગવાન અનંતગુણનો પિંડ અંદર સચ્ચિદાનંદ પ્રભુ શાશ્વત ચૈતન્ય દળ કંદ છે. એવી વસ્તુ છે એની ઉપર નજર કરતાં, આ રાગથી ભિન્ન પડતાં જ્ઞાનસ્વરૂપમાં એકાગ્ર થાય એનું નામ ધર્મ અને એનું નામ મોક્ષનો માર્ગ છે. બાકી બધી વાતું ને થોથા છે. કહો, સમજાણું કાંઈ? કાંતિભાઈ! કાંતિભાઈ તો હવે રોકાણા છે ને. ...માં રસ છે. સરસ છે. કરવા જેવો આ રસ કરવા જેવો છે. સમજાણું કાંઈ? આહાહા..! ત્રણ કાળ ત્રણ લોકમાં સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગની દિવ્યધ્વનિમાં આ માર્ગ આવ્યો છે. કોઈ અજ્ઞાની પોતાની કલ્પનાથી ગમે તે રીતે કહે એથી કાંઈ માર્ગ થઈ જાય નહિ.

મુમુક્ષુ :- માર્ગ ફેર ન થાય ને સાહેબ!

ઉત્તર :- માર્ગ ફેર થાય? એની કલ્પનામાં અજ્ઞાન થાય. માર્ગ તો આ એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ. આહાહા..! શરણભૂત ભગવાન આત્મા છે ભાઈ! એ રાગ છે, ભાઈ! વિકલ્પ છે એ પુણ્યબંધનું કારણ છે, એ દુઃખરૂપ છે.

તું '**સદાય નિરાકુળ સ્વભાવવાળો જીવ જ...**' જીવ જ '**અદુઃખરૂપ...**' છે. એટલે આમ નકારથી કર્યું. ઓલી પુણ્ય-પાપની વૃત્તિ ઉઠે છે એ દુઃખ છે. એનો સ્વભાવમાં અભાવ છે. એમ. આ એમાં નથી. એટલે એનાથી જુદું પડી શકાય છે. એમ કહે છે. સમજાણું કાંઈ? વસ્તુ પોતે આનંદસ્વરૂપ છે, એનાથી ઊલટી વૃત્તિઓ જે શુભ-અશુભ ભાવ એ દુઃખરૂપ છે એનો આમાં અભાવ છે એટલે દુઃખરૂપ નથી, આત્મા અદુઃખરૂપ છે એટલે કે સુખરૂપ છે. એમ અંતરમાં આનંદસ્વરૂપના ધ્રુવતાના લક્ષે પુણ્ય-પાપના દુઃખરૂપના ભાવને સમેટી, લક્ષને છોડી આત્માના જ્ઞાનસ્વરૂપમાં એકાગ્ર થાય ત્યારે તેને ધર્મની દશા પહેલી શરૂઆત થાય. કહો, સમજાણું કાંઈ? એ પાંચમો બોલ થયો.

છઠ્ઠો. '**આસ્રવો...**' એ પુણ્ય-પાપના ભાવ એ મારા અને મને લાભદાયક એવો જે મિથ્યાત્વભાવ એ સદાય '**આગામી કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા...**' વર્તમાન તો દુઃખરૂપ છે, પણ ભવિષ્યમાં દુઃખના ફળને આપનારા છે. આહાહા..! કોઈ એમ કહે કે આ શુભભાવ અત્યારે તો ઠીક પણ પરંપરાએ તો કાંઈ આત્માનું જ્ઞાન કરાવે એવી વાણી મળે, એવું તો કારણ થાય કે નહિ? સમજાણું કાંઈ? કહો, ભવિષ્યમાં તો કાંઈ લાભ થાય કે

નહિ એવા શુભભાવથી? સમજાણું કાંઈ?

કહે છે, '**આસ્રવો આગામી કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા એવા પુદ્‌ગલપરિણામના હેતુ...**' નવું કર્મ જે બંધાય એ કેવા છે? કે ભવિષ્યમાં આકુળતાને ઉપજાવવામાં નિમિત્ત છે. વર્તમાન પરમાણુ બંધાય એ પુણ્ય-પાપના પરિણામથી. એ પુણ્ય-પાપના પરિણામથી જે બંધાણા પુદ્‌ગલ એ ભવિષ્યમાં આકુળતાનું કારણ છે. એને કારણે કોઈ સંયોગ મળે ને એમાંથી શાંતિ મળે અને સમ્યગ્દર્શન થાય એમ નથી એમ કહે છે. એમ સિદ્ધ કરવું છે અહીં. આહાહા..! ભાઈ, અત્યારે શુભ કર્યો, ભલે પછી એમાં પુણ્ય બંધાણું. તો એ પુણ્ય બંધાણું એ ભવિષ્યમાં તો આત્માને કાંઈ અનાકુળતા આપે એવું નિમિત્ત સાધન થાય કે નહિ? ના. દેખો!

'**પુદ્‌ગલપરિણામના હેતુ...**' કેવા પુદ્‌ગલ પરિણામ છે? કે આકુળતાના ઉત્પન્ન કરનારા. એ બંધન જે થશે એ ભવિષ્યમાં આકુળતા અને દુઃખને ઉત્પન્ન કરવામાં કારણ છે. આત્માના સમ્યગ્દર્શન ઉત્પન્ન થવાના એ કારણો કર્મ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! શુભભાવ એ નવા કર્મને હેતુ છે. નવા કર્મ બંધાય છે એ ભવિષ્યમાં આકુળતાનું નિમિત્ત છે. એ કર્મથી સામગ્રી મળે, સાંભળવાની જોગવાઈ આદિ. કહે છે કે તોપણ તેનું લક્ષ ત્યાં એના ઉપર જશે તો એ આકુળતાના નિમિત્ત છે. ભાઈ! એમ કહે છે અહીં. આહાહા..! એમ કે આપણે પુણ્ય બંધાણું એવું કે જેથી એને ભગવાનની વાણી મળશે, શાસ્ત્રો મળશે. તો કહે છે કે એ શાસ્ત્ર અને વાણી પર છે. તારું ત્યાં લક્ષ જશે એટલે શુભભાવ થાશે. આકુળતા થશે. એમ કહે છે. ભગવાનજીભાઈ! માર્ગ તો આવો છે ભાઈ! આહાહા..!

આવા માર્ગના શરણ વિના ચોર્યાસીમાં રખડ્યો છે, રઝળ્યો છે. કોઈ શરણ નથી. કોઈ શરણ નથી. મરી ફીટ્યો. માસખમણના પારણા, બાર-બાર મહિનાના અપવાસ. મરીને કદાચિત સ્વર્ગ ગયો પણ સ્વર્ગમાં આકુળતા અંગારે એ શેકાશે. ત્યાંથી મરીને કદાચિત માણસ થાય. ત્યાંથી મરીને ઢોર, નરકમાં, નિગોદમાં જશે. સમજાણું કાંઈ?

કહે છે, '**આસ્રવો આગામી કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા...**' આહાહા..! એ પરમાણુ બંધાય પુણ્યના, શાતા વેદનીયના, પણ એ ભવિષ્યમાં આકુળતાને ઉપજાવનારા એ પુદ્‌ગલો છે. એના ફળમાં સંયોગ મળે. એમાં કાંઈ શાંતિ ઉપજાવનારા નથી. આહાહા..! ભારે વાતું!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અશાંતિ. સામું લક્ષ જાય એટલો રાગ અશાંતિ. કરો નક્કી.

મુમુક્ષુ :- પૂછવાનો ભાવ થાય એ?

ઉત્તર :- પૂછવાનો ભાવ વિકલ્પ એ અશાંતિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, અહીં તો ઈ જ વાત છે.

મુમુક્ષુ :- જે સમજવું જોઈએ એ જ છે.

ઉત્તર :- એ છે. શું છે? ભીખાભાઈ!

કહે છે કે જેવા શુભભાવ વર્તમાન છે એ દુઃખરૂપ છે, તેમ આત્મા આનંદસ્વરૂપ છે. માટે એનાથી ભિન્ન પાડીને આત્મામાં એકાગ્ર થવું. એ શુભભાવ છે એ ભવિષ્યમાં પણ આકુળતા ઉત્પન્ન કરનારા એવા પુદ્ગલ પરિણામનો એ શુભ પરિણામ હેતુ છે. વર્તમાન શુભભાવ એ ભવિષ્યમાં આકુળતાને ઉત્પન્ન કરે તેવા પુદ્ગલ પરિણામને નિમિત્ત થનારા છે. આ છે કહે છે. ત્યાં બીજું શેનું હોય પણ ત્યાં? આહાહા..! ભારે વાત! ગજબ વાત છે ને.

મુમુક્ષુ :- વર્તમાન એમાં એમ પરંપરા...

ઉત્તર :- એ પરંપરા, પણ વસ્તુ જ આકુળતા પોતે છે તે આકુળતાનું નિમિત્ત થશે, એના બંધાયેલા પુદ્ગલો આકુળતાના નિમિત્ત છે અને વર્તમાન આકુળતા છે. સમજાય છે કાંઈ? આહાહા..!

કહે છે, કે એવા શુભભાવથી પુણ્ય બંધાય, શાતા વેદનીય બંધાય એમાંથી કદાચિત જિનવાણી સાંભળવાની મળે, મનુષ્યદેહ મળે, ગુરુ મળે, દેવ અરિહંત મળે. પણ એ તો પરદ્રવ્ય છે. અને તારું લક્ષ ત્યાં જશે એટલે પરદ્રવ્યનો આશ્રય થતાં તને રાગ જ થશે. ચાહે તો શુભ હો પણ રાગ થશે. એ આકુળતા જ છે. એય..! પોપટભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- .. કોઈ ઉપાય બતાવો.

ઉત્તર :- ઉપાય આત્મામાં એકાકાર થવું તે. જ્યાં જ્ઞાન પડ્યું છે ત્યાં એકાકાર થવું તે. કાંઈ વિકલ્પમાં જ્ઞાન નથી, નિમિત્તમાં જ્ઞાન નથી કે એમાંથી જ્ઞાન આવે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ સમજાવવામાં વિકલ્પ ઉઠે છે એ આકુળતા છે. એનાથી જ્ઞાન નહિ થાય એમ કહે છે. ભીખાભાઈ! કરો ચોખવટ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ હળવે હળવે ઢળી ગયા પાછા.

અહીં તો કહે છે, જે પરિણામ શુભ હો... અહીં તો મુખ્ય વાંધા અટક્યા છે શુભમાં. અટક્યો છે શુભમાં. એ શુભ ભગવાનનું સ્મરણ કર્યું, જાપ કર્યા, પૂજા કરી, ભક્તિ એવા ભાવ થયા. એ ભાવ વર્તમાન તો દુઃખરૂપ છે. પણ એ ભાવ પુદ્ગલ પરિણામ જે ભવિષ્યમાં

આકુળતાનું નિમિત્ત થશે એવા પુદ્ગલ પરિણામનું કારણ એ શુભભાવ છે. ભવિષ્યમાં એ શુભ પરિણામથી પુણ્ય બંધાય અને ભગવાનની વાણી મળે કે શાસ્ત્રો મળે માટે તેને શાંતિનું કારણ થશે, એમ પરદ્રવ્ય શાંતિનું કારણ ત્રણ કાળમાં ન હોય એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોઈ અપેક્ષાએ ત્રણ કાળમાં તૂટે નહિ. એક સિદ્ધાંત 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' એવી વાત છે, જુઓ.

'**આસ્રવો આગામી કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા એવા પુદ્ગલપરિણામના હેતુ...**' બંધાયેલા પુદ્ગલો શાતા બંધાય એવા વગેરે. સમજાય છે? એ '**દુઃખફળરૂપ છે (અર્થાત્ દુઃખ જેમનું ફળ છે એવા છે);...**' આહાહા..! જુઓ તો ખરા આચાર્યની કથની એક વસ્તુની. વસ્તુની સ્થિતિને પ્રસિદ્ધ કરવાની રીત. ભગવાન આત્મા તરફ વળે તો જ તેને ધર્મ થાય. પર તરફના વલણમાં જરીએ ધર્મ છે નહિ. એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? કહે છે ને કે ભાઈ, આપણે પુણ્ય બાંધશું, પછી સ્વર્ગમાં જાશું, પછી ભગવાન પાસે જાશું. ભગવાન પાસે જઈશ તો ભગવાનની સામે જોવું એ તો શુભભાવ છે. કહો, શું કરીશ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ભગવાન જ છે. બનાવવો હતો ક્યાં? ભગવાન છે. એને એ માનતો નથી. સમજાય છે કાંઈ? આહાહા..! જ્ઞાનસ્વરૂપે પ્રભુ અનાકુળ આનંદસ્વરૂપે ભરેલો ભગવાન, ભગવાન જ છે. પણ પામરપણાની માન્યતામાં એ ભગવાનને એણે માન્યો નથી. એ શુભ વિકલ્પમાં કાંઈક લાભ, કાંઈક લાભ, કાંઈક લાભ. એટલે જે વિરૂદ્ધભાવમાં કંઈક લાભ એટલે અવિરૂદ્ધ સ્વભાવનો એણે અનાદર કર્યો છે. પરમેશ્વર સાથે એણે મોટી દુશ્મનાઈ માંડી છે એમ કહે છે.

મુમુક્ષુ :- ભક્તિ કરે તોપણ?

ઉત્તર :- ભક્તિ એટલે શું પણ? શુભ વિકલ્પ. ભક્તિના બે પ્રકાર. એક આત્મામાં રાગથી ભિન્ન પડીને એકાગ્ર થવું એનું નામ ભક્તિ. એ સાચી ભક્તિ. કહો, એ ભક્તિ છે. પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માની ભક્તિ, સાક્ષાત્ પરમાત્મા બિરાજતા હોય સમવસરણમાં અને ભક્તિ કરે મણિરત્નના દીવાથી અને હીરાના થાળથી, કલ્પવૃક્ષના ફૂલથી. જય ભગવાન. કહે છે કે એ ક્રિયાઓ તો બધી જડની છે. એ વખતે જરી ભાવ છે તે શુભ છે. એ શુભ છે તે આકુળતાનું કારણ છે.

મુમુક્ષુ :- ... ભવિષ્યની આકુળતાના નિમિત્ત છે...

ઉત્તર :- એ પાછા પુણ્ય બંધાશે એ પણ ભવિષ્યની આકુળતાનું જ (કારણ), સંયોગ

મળે તેનું લક્ષ સંયોગ ઉપર જશે માટે આકુળતાનું કારણ છે. એમ સિદ્ધ કરવું છે. આહાહા..! દાસ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વસ્તુ દુઃખરૂપ. જે વર્તમાન દુઃખરૂપ એ બધાને દુઃખરૂપ જ હોય. એમ કે તીર્થંકરગોત્ર બાંધ્યું એટલે પોતાને લાભ છે એ ભાવે? વર્તમાન? ભવિષ્યમાં એનાથી લાભ પોતાને છે? હવે પણ ભવિષ્યમાં એનાથી પરને લાભ છે? એ રાડ નાખી ગયા એક ફેરી. એ અધિકાર ચાલતો હતો. હેં..! પંડિત મોટા રાડ નાખી ગયા. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ વર્તમાન દુઃખરૂપ છે. અને તે પોતાને દુઃખરૂપ છે એ ભવિષ્યમાં પોતાને સુખરૂપ થાય? અને જે દુઃખરૂપ પોતાને છે એ બીજાને સુખરૂપ થાય? તને ભગવાનની વાણી મળશે, એને તારવાનું થાશે. પણ વાણી મળશે એ તો વિકલ્પ છે ત્યારે એને સાંભળવા મળશે. એ આત્મા પોતે જ્યારે રાગથી રહિત અંતર દૃષ્ટિ કરશે ત્યારે તેને સુખ અને શાંતિ મળશે. એય..! એ રાડ નાખી ગયા. હેં! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ દુઃખરૂપ પોતાને? હા. બીજાને દુઃખરૂપ? પોતાને દુઃખરૂપ એ બીજાને સુખરૂપ? એનો શું અર્થ પણ? એ વાણી નીકળશે તીર્થંકરની. સમજાય છે? સાંભળનારા સાંભળશે એને શુભભાવ થાશે. તો શુભભાવનું એ નિમિત્ત થયું. સમજાણું કાંઈ? બાપુ! આ માર્ગ એવો છે કોઈ. આ તો વીતરાગમાર્ગ છે. વીતરાગમાર્ગ રાગથી ભિન્ન પડ્યે માર્ગ શરૂ થાય. રાગને રાખીને માર્ગ શરૂ થાય તો એ વીતરાગમાર્ગ જ નહિ. સમજાણું કાંઈ? ભારે!

એમ કે તીર્થંકરગોત્ર બાંધ્યું તો ઘણા જીવો તરશે એનાથી. એ તરશે એની વાણીથી? એના નિમિત્તથી? એના ઉપાદાનમાં રાગથી અને વાણીનું લક્ષ છોડીને અંતરમાં જશે ત્યારે તરશે. ભાઈ! આ કહ્યું હતું ને એક ફેરી? દસ વર્ષ પહેલાની વાત છે. એ વાત આવી હતી. ત્યારે પંડિત હતા બંસીધરજી આમ ભડકી ગયા. હાય.. હાય.. આ તો એકાંત.. એકાંત.. અરે..! સાંભળને ભાઈ! એય.. વજુભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાણી શું કરે? વાણી વાણીની પર્યાય કરે. વાણી સામાને શુભભાવ ઉપજાવે? અને વાણી સામાને ધર્મ ઉપજાવે? અને શુભભાવ થયો એને વાણીએ ઉપજાવ્યો છે? અને શુભભાવ થયો એ ધર્મ ઉપજાવે? કરો નક્કી. વીતરાગની સરાણ છે આ તો ભાઈ! એ સરાણે વીતરાગતા પ્રગટ થાય. રાગથી વીતરાગતા પ્રગટ થાય નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત! ભાઈ, તીર્થંકરગોત્ર બાંધે તો ઘણા તરે. એય.. ભગવાનજીભાઈ!

ભાઈ! તીર્થંકર થાય અને એની વાણી નીકળે એથી તરે જીવો? એ વખતના આત્માઓ એ વાણીને સાંભળે છે, વિકલ્પ ઉઠે છે એમાંથી એણે ભગવાને એમ કહ્યું હતું ત્યાં વાણીમાં.

કે આ વિકલ્પ જે અમારા તરફનો છે તેને ભિન્ન પાડીને જ્ઞાયકમાં એકાગ્ર થા ત્યારે તને ધર્મ થશે. એ વાણીમાં એમ આવ્યું હતું. સમજાણું કાંઈ? કારણ કે જ્યાં સુધી એનું પરદ્રવ્ય ઉપર લક્ષ રહેશે ત્યાં સુધી તો '**परदव्वादो दुग्गइ**'. રાગ જ થશે એમ ભગવાન પોતે કહે છે. મોક્ષપાહુડમાં કુંદકુંદાચાર્ય (કહે છે), '**परदव्वादो दुग्गइ**'. પરદ્રવ્યનું લક્ષ જાય, સાક્ષાત્ ત્રણ લોકના નાથ હોય એના ઉપર લક્ષ જાય તો શુભભાવ થશે. એ આત્માના સ્વભાવની ગતિથી વિપરીત ગતિ છે. સમજાણું કાંઈ? આ ભારે વાત આવી. એ જ કહે છે, જુઓને! એક શબ્દમાં તો એટલું બધું નાખી દીધું છે કે કોઈ એમ કહે કે આપણા પુણ્ય સારા બંધાણા ત્યારે જો આ મનુષ્યદેહ મળ્યો, આપણને આ મળ્યું ત્યારે ધર્મ થાય. ના. ના. એ મનુષ્યદેહે ધર્મ થાય નહિ અને સાંભળવાના વિકલ્પથી ધર્મ થાય નહિ અને સાંભળવાથી જે જ્ઞાન પરલક્ષી ઊભું થયું એનાથી પણ ધર્મ થાય નહિ. ભારે વાતું ભાઈ!

મુમુક્ષુ :- તીર્થંકરની વાણી નિષ્ફળ ગઈ.

ઉત્તર :- નિષ્ફળ ગઈ એટલે? વાણી વાણીપણે છે. વાણી વાણીપણે છે સફળ. પરને માટે નિષ્ફળ. વાણી વાણીનું પરિણમન છે. શું છે? વાણીના પરિણમનથી બીજાને ધર્મ થાય એમ છે?

મુમુક્ષુ :- વાણી તો...

ઉત્તર :- પણ કોણ કામ કરે? કરતું નથી? પોતાનું પરિણમન કરે છે એ વાણીનું કામ છે. એય.. શેઠી! વાણી વાણીની પર્યાય કરે એ વાણીનું કામ નથી? એ વાણીનું કામ પરને કામ કરાવી દે એ વાણીનું કામ છે? આકરી વાત છે. લોકો ધ્રુજી ઉઠે. અહીં તો કોઈ સામા પડી શકે એવું નથી એટલે શું કરે? ઓલા તો ધ્રુજી ઉઠે અંદર. એમ નહિ.. એમ નહિ. કર માથાફોડ તારા ઘરે. માર્ગ તો આ છે. એય.. ન્યાલભાઈ!

મુમુક્ષુ :- મહાજન મા-બાપ, ખીલી ત્યાંથી ખસે નહિ.

ઉત્તર :- ખસે નહિ. ન ખસે તો રખડવાનો છે એ. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ વાત એ છે કે ભગવાન પોતે ચૈતન્ય આનંદસ્વરૂપ છે. જુઓ! એ કહે છે જુઓ.

'**આસ્રવો આગામી કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા એવા પુદ્‌ગલપરિણામના હેતુ હોવાથી દુઃખફળરૂપ છે (અર્થાત્ દુઃખ જેમનું ફળ છે એવા છે); જીવ જ સમસ્ત પુદ્‌ગલપરિણામનો અહેતુ હોવાથી..**' દેખો! આત્મા તો કોઈ પુદ્‌ગલ પરિણામનો હેતુ જ નથી. પુણ્ય બંધાય એવા જે પરિણામ એ આત્માના જ નહિ. સમજાણું કાંઈ?

આહાહા..! '**પુદ્‌ગલપરિણામનો હેતુ હોવાથી...**' શું કહે છે? આ તીર્થંકરગોત્ર બંધાય એ આત્મા એના હેતુનો અભાવ છે એમાં અને એ પરિણામ એના છે જ નહિ. આહાહા..! ગજબ વાત છે ને.

'**આસ્રવો જીવ જ સમસ્ત પુદ્‌ગલપરિણામનો અહેતુ...**' ભાઈ! તીર્થંકરગોત્ર પરિણામ બંધાય એનો અહેતુ આત્મા છે. અહેતુ છે, હેતુ નહિ. આત્મા પરિણામ વિકારી પરિણામ જીવના અને બંધનમાં નિમિત્ત આત્મા થાય? બંધનમાં નિમિત્ત આત્મા (થાય) એવો આત્મા છે? પુદ્‌ગલપરિણામનો હેતુ ત્રણ કાળમાં છે નહિ. એ ભગવાન આત્મા આનંદની પર્યાયને ઉત્પન્ન કરે એવો હેતુ આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? અવલદોમ વાત છે દુનિયાથી. પરમ સત્ય ત્રણ કાળ ત્રણ લોકમાં ફરે નહિ. દુનિયા માને ન માને, પક્ષ કરે ન કરે એથી કાંઈ સત્ય ફરી જાય નહિ. કહો, જુગરાજજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. ભાઈ! એ તો ફાયદો પોતાથી જ્યારે થાય ત્યારે નિમિત્તથી થયો એમ વ્યવહારથી કહેવામાં આવે. વ્યવહાર અભૂતાર્થ કથન છે. ઓહોહો..! એ વીતરાગ સ્વરૂપ પરમાત્મા પોતે છે. એને વળી આલંબનથી વીતરાગતા પ્રગટે એવી વસ્તુ હોય કાંઈ? ભગવાનની વાણી સાંભળી માટે સમ્યગ્જ્ઞાન થયું, સમ્યગ્દર્શન. એમ ન હોય ભાઈ! એમ ન હોય. એય..! પોપટભાઈ!

ભગવાન આત્મા કોઈ પણ પુદ્‌ગલ પરિણામનો હેતુ આત્મા છે જ નહિ. એ તો અતીન્દ્રિય આનંદના પરિણામનું કારણ આત્મા છે. સમજાય છે કાંઈ? એવા આત્માને શુભ પરિણામ જે નવા કર્મ બંધાય એનો હેતુ અને નવા બંધાય તે ભવિષ્યમાં આકુળતાનું કારણ. એમ જાણીને ભગવાન આત્મા કોઈ પરિણામનો અને બંધનો હેતુ નથી એવા આત્મા ઉપર દૃષ્ટિ કરવી અને રાગથી ભિન્ન પડવું એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મની પહેલી સીઢી કહેવામાં આવે છે. એય.. રતિભાઈ! આહાહા..! કેટલું સમાડી દીધું છે! અમરચંદભાઈ! આહાહા..!

ભાઈ! તું નિરાલંબી પદાર્થ છો ને ભાઈ! તને વિકલ્પથી અને નિમિત્તથી લાભ થાય એવી ચીજ તું છો? એ વસ્તુ તું એવી નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? જ્યારે જ્યારે તું ધર્મ પામ ત્યારે નિરાલંબી નિરપેક્ષ રાગ અને નિમિત્તની અપેક્ષા વિના ભગવાન ત્રિકાળી આનંદકંદ છે એના ઉપર દૃષ્ટિ થતાં ધર્મ થાય છે. જેટલાને ધર્મ થયો, થાય ને થશે આ રીતે થશે. બીજી કોઈ રીત છે નહિ. આહાહા..! એકાંત રે એકાંત. એમ રાડ પાડે છે. એકાંત છે. અરે..! તીર્થંકરગોત્ર બીજાને લાભ ન થાય? અરરર..! આ શું કહે છે આ?

મુમુક્ષુ :- સમ્યક્ એકાંત છે.

ઉત્તર :- સમ્યક્ એકાંત. ભગવાન સાંભળને, ભાઈ! એ વાણી છે એ તો પરમાણુ છે.

સ્વતંત્ર નીકળે છે તીર્થંકરને. સાંભળનારા એની યોગ્યતા પ્રમાણે ત્યાં સાંભળે છે. પણ એને એ જાતનો ઉઘાડ હોય છે, એ જાતનો શુભ વિકલ્પ છે. બસ. હવે એ જાતનો શુભ વિકલ્પ અને એ જાતનો ઉઘાડ એ સમ્યગ્દર્શન પામવાનું કારણ છે? સમજાય છે કાંઈ? એની ઉપેક્ષા કરી ચિદાનંદ અખંડાનંદ આનંદકંદનો આશ્રય કરે ત્યારે એને સમ્યગ્દર્શન થાય. પ્રસન્નજી! સમજાણું કાંઈ?

આ પુણ્ય-પાપના ભાવો '**આગામી કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા એવા પુદ્‌ગલપરિણામનું હેતુ હોવાથી દુઃખફળરૂપ છે. જીવ જ સમસ્ત પુદ્‌ગલપરિણામનો અહેતુ હોવાથી...**' દેખો! સમસ્ત પુદ્‌ગલપરિણામનો અહેતુ. આ તીર્થંકર બંધાય એનો હેતુ આત્મા નહિ એમ કહે છે. એ વિકારી પરિણામ છે. એ આત્મા નહિ. એ તો આસ્રવતત્ત્વ ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! એમાં છે, પુસ્તક પડ્યા છે. હવે તો સમયસાર બહુ બહાર પડી ગયા છે. ૧૫-૧૫ વાર વંચાઈ ગયું. આ ૧૬મી વાર ચાલે છે. સભામાં ૧૬મી વાર. પહેલેથી છેલ્લું.. પહેલેથી છેલ્લું એમ ૧૫ વાર વંચાઈ ગયું છે. બસ લ્યો.

'**આમ આસ્રવોનું અને જીવનું...**' લ્યો. છ બોલ થઈ ગયા. '**આમ આસ્રવોનું અને જીવનું...**' સવારે છ બોલ હતા, કાલે સવારે છ બોલ હતા, અત્યારે આ છ બોલ થયા. જ્યાં હોય ત્યાં છ જ આવે છે વધારે. '**આમ આસ્રવોનું...**' એટલે કે પુણ્ય-પાપના ભાવ એ જીવને સંબંધરૂપ છે, સંયોગરૂપ છે, સ્વભાવ નહિ. એમ જ્ઞાન થઈ ગયું છે એને. બીજું, અધ્રુવ છે. શુભ-અશુભભાવ અધ્રુવ છે, ભગવાન ચૈતન્ય ધ્રુવ છે. પુણ્ય-પાપ અનુક્રમે ઉત્પન્ન કરનારા અનિત્ય છે, ભગવાન એકરૂપે વિજ્ઞાનઘન છે આત્મા. સમજાણું કાંઈ?

આસ્રવો કર્મના ઉદયના નિમિત્તના લક્ષે થયેલા કર્મ ખરી જાય એમ ખરી જાય છે. એટલે અશરણ છે. પુણ્ય-પાપના પરિણામ જીવને અશરણ છે. શરણ ભગવાન આત્મા પોતાથી રક્ષિત ત્રિકાળ આનંદસ્વરૂપ એ શરણ છે. પુણ્ય-પાપ દુઃખરૂપ છે. ભગવાન આનંદરૂપ છે. પુણ્ય-પાપ ભવિષ્યમાં આકુળતાના ઉત્પન્ન કરનારા પુદ્‌ગલનું નિમિત્ત છે, ભગવાન આત્મા કોઈપણ પ્રકારના પુદ્‌ગલના બંધનું નિમિત્ત છે જ નહિ. કહો, સમજાણું કાંઈ?

'**આમ આસ્રવોનું અને જીવનું ભેદજ્ઞાન થતાં વેંત જ...**' દેખો! એનું ભેદજ્ઞાન થતાં વેંત. એને રાખીને નહિ કે આ વિકલ્પ છે ને આ સાંભળ્યું ને એને ભેગું રાખીને (નહિ). એનાથી ભેદ પડતાં. સમજાણું કાંઈ? '**થતાં વેંત જ...**' અંતરમાં વસ્તુ ધ્રુવ નિત્ય, સ્વભાવ વિજ્ઞાનઘન, શરણ, આનંદ અને પુદ્‌ગલના પરિણામનો અહેતુ એટલે પોતાના આનંદનું કારણ. પરના નિમિત્તનું કારણ નહિ. એવું આત્મા અને આસ્રવોનું અંતરમાં બેની એકતા જે અનાદિની છે એને લક્ષણો અને ભાવથી બરાબર જાણી અને ભેદ કરીને આત્મા તરફ વળે

ત્યારે **'જેનામાં કર્મવિપાક શિથિલ થઈ ગયો છે...'** કર્મના વાદળા છૂટી ગયા. આમ એકાગ્ર થયો, ભેદ પડ્યો, કર્મ છૂટી ગયા. સમજાણું કાંઈ? કર્મના વાદળા શિથિલ થાય ને આત્મા આમ કરે એમ નથી લીધું, ભાઈ! શું કીધું? કર્મના વાદળા ઢીલા પડે અને આત્માને ભેદજ્ઞાન થાય (એમ નથી કહ્યું). જુઓ તો ખરા એક. આહાહા..! આમ રાગને દુઃખરૂપ જાણી ભગવાન આત્મા આનંદરૂપ છે એનું ભેદજ્ઞાન થતાં વેંત જ કર્મ ઢીલા પડી જાય છે. અહીં આમ કર્યું તો ઢીલા પડી જાય છે એમ કહે છે. એ પણ નિમિત્તનું કથન છે. સમજાણું કાંઈ? આહાહા..!

અહીંથી ઉપાડ્યું. ઓલા કહે, કર્મ આમ થાય તો થાય. હવે કર્મ ઘરે એને રહ્યા. એની મેળે ટળશે ક્યાંથી? તું તારા સ્વભાવનો આશ્રય કર તો એની મેળાએ કર્મ ઢીલા પડ્યા વિના રહે નહિ. એનો એવો સ્વભાવ છે. સમજાય છે કાંઈ? ભારે વાત. આ પર્યુષણ. વસ્તુનું સ્વરૂપ આવું છે, બાપુ! આહાહા..! પરિ-ઉષણ જોડાવું, સેવા. ચૈતન્યમૂર્તિ ભગવાન ચાહે તો શુભ હો કે અશુભ, વિકલ્પથી ભિન્ન એવી ભિન્ન પાડીને આત્માની એકાગ્રતા કરવી તે જ ક્ષણે કર્મના વાદળા રજકણો ઢીલા પડી જાય છે.

**'શિથિલ થઈ ગયો છે...'** કર્મવિપાક જેમાં શિથિલ થઈ ગયો છે. શિથિલ થઈ ગયો છે. શું શબ્દ છે એમાં? શિથિલ. તમારે તો શિથિલ શબ્દ આવે છે ને? પ્રવચનસારમાં. ત્યાં વિપરીતના અર્થમાં આવે છે. કહો, સમજાણું કાંઈ? શિથિલ થઈ ગયો છે **'એવો તે આત્મા, જથ્થાબંધ વાદળાંની રચના જેમાં ખંડિત થઈ ગઈ છે...'** સૂર્યનો દાખલો આપે છે. જેમ **'જથ્થાબંધ વાદળાંની રચના જેમાં ખંડિત થઈ ગઈ છે એવા દિશાના વિસ્તારની જેમ...'** દિશાનો વિસ્તાર થઈ ગયો. વાદળા તૂટી ગયા એટલે દિશાનો પ્રકાશ થયો બહાર.

**'અમર્યાદ જેનો વિસ્તાર છે...'** ભગવાન આત્માનો અમર્યાદ. મર્યાદા વિનાનો સ્વભાવ છે. **'એવો, સહજપણે વિકાસ પામતી ચિત્શક્તિ...'** લ્યો! એ રાગ ને પુણ્યથી ભિન્ન પડતાં ચૈતન્યશક્તિનો વિકાસ સહજપણે થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! **'સહજપણે વિકાસ પામતી ચિત્શક્તિ વડે...'** ચિત્શક્તિ દ્વારા એમ કીધું. ઓલો ભેદ પાડીને જ્યાં આ જ્ઞાનમાં આવ્યો એટલે ચિત્શક્તિ દ્વારા વિકાસ પામતો જાય છે.

**'જેમ જેમ વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે...'** જુઓ ભાષા. એ ઓલામાં આવ્યું. અહીંથી શરૂ કર્યું છે. પહેલું અહીંથી શરૂ કર્યું કે પુણ્ય-પાપના વિકલ્પોથી ભિન્ન એવું ચૈતન્ય સ્વરૂપ છે એવી અંતર એકાગ્ર થતાં કર્મના વાદળા ઢીલા પડે છે. એક વાત. અને ચૈતન્યશક્તિનો જેમ કળી સંકોચમાં હોય અને કળી જેમ ખિલે છે, એમ ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મા એની પર્યાયમાં કળીની પેઠે ખિલી નીકળે છે. રાગની, પુણ્યની એકતામાં વિકાર ખિલતો અને ભેદ

પાડીને ચૈતન્ય જ્ઞાનમૂર્તિ ભગવાન આત્મા છે એમ અંતર વાળ્યો એટલે ચિત્શક્તિ સહજપણે વિકાસ પામતી ખીલી નીકળે છે. સમજાણું કાંઈ? જુઓ! આ ધર્મની વિધિ અને રીત. આહાહા..! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એનો કહેલો ધર્મ આ. સમજાણું કાંઈ?

'**જેમ જેમ વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે તેમ તેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે,...**' લ્યો! ક્રમ પાછો વર્ણવ્યો છે. ભેદ આમ રાગથી ભિન્ન પાડ્યું અને અહીં એકાગ્ર થયો, પછી પણ જેટલો એકાગ્ર થતો જાય છે તેટલો આસ્રવથી અસ્થિરતાથી નિવર્તતો જાય છે. આગળ વધવા માગે છે હવે. સમજાય છે? જેમ જેમ જ્ઞાનસ્વરૂપમાં ભગવાન વિજ્ઞાનઘન સ્થિર થતો જાય છે, તેમ તેમ પુણ્યના પરિણામ અને પાપના ભાવથી નિવર્તતો જાય છે. '**અને જેમ જેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે...**' પછી અહીંથી પાછી વાત લીધી. પણ શરૂ અહીંથી કરી છે. '**જેમ જેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે તેમ તેમ વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે;...**' કહો, સમજાણું કાંઈ?

'**તેટલો વિજ્ઞાનઘન સ્વભાવ થાય છે...**' હવે અહીંથી પાછું લીધું. જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા રાગની એકતામાં તરબોળ અને અસ્થિર હતો એ રાગથી ભિન્ન પડીને પોતાના જ્ઞાનમાં ચિત્શક્તિના વિકાસમાં આવ્યો એટલે જેમ જેમ જ્ઞાનસ્વરૂપ એટલે આત્મસ્વભાવ એકાગ્ર થતો જાય છે, '**તેટલો વિજ્ઞાનઘન સ્વભાવ થાય છે જેટલો સમ્યક્ પ્રકારે આસ્રવોથી નિવર્તે છે,...**' સમ્યક્ પ્રકારે એમ કીધું. સમજાણું કાંઈ? '**તેટલો વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે; જેટલો સમ્યક્ પ્રકારે આસ્રવોથી નિવર્તે છે,...**' રાગના વિકલ્પથી જેટલો નિવર્ત્યો એટલો સ્થિર થતો જાય છે અને સ્થિર થતો જાય છે એટલો આસ્રવોથી નિવર્તે છે. સમય એક જ છે એમ કહે છે. સમજાણું કાંઈ? અહીં પ્રશ્ન એ હતો ને? '**અને તેટલો આસ્રવોથી નિવર્તે છે જેટલો સમ્યક્ પ્રકારે વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે.**' લ્યો! એક સમયની વાત સિદ્ધ કરે છે. '**આ રીતે જ્ઞાનને અને આસ્રવોની નિવૃત્તિને સમકાળપણું છે.**' સમજાણું કાંઈ? સમકાળપણું આ રીતે છે. સમજાણું કે નહિ આમાં?

જેમ જેમ આત્મા પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન પડીને સ્વભાવમાં એકાગ્ર થઈ ચિત્શક્તિનો વિકાસ થતો જાય છે અને તેટલો તે જ્ઞાનમાં એકાગ્ર થતો જાય છે તેટલો તેટલો આસ્રવથી નિવર્તતો જાય છે. જેટલો જેટલો આસ્રવથી નિવર્તે તેટલો તેટલો અહીં સ્થિર થતો જાય છે. સ્થિર જેટલો થાય એટલો આસ્રવ સમ્યક્ પ્રકારે આસ્રવથી નિવર્તે છે. સમ્યક્ પ્રકારે નિવર્ત્યો. ફરીને આવે નહિ એવો. એમ કહે છે. સમજાણું કાંઈ? એ શુભથી લાભ થાય છે એમ ન કીધું. શુભથી જેટલો નિવર્તે છે તેટલી એકાગ્રતા થાય છે અને તેટલી એકાગ્રતા થતાં શુભ પણ છૂટી જાય છે.

ભાવાર્થ. આ પૂરું... કેટલો વખત છે? કાલે પૂરું થાશે એવું લાગે છે. કાલે પ્રવચનસાર શરૂ કરવું છે. આ નવું છપાણું છે ને ગુજરાતી? એટલે આ પૂરું થાશે અને એને શરૂ કરવું છે. પ્રવચનસાર ગુજરાતી છપાણાને હમણાં? એ. કાલે બપોરે. આ પૂરું થશે અને તરત એની શરૂઆત થશે.

'**ભાવાર્થ :- આસ્રવોનો અને આત્માનો ઉપર કહ્યો તે રીતે ભેદ જાણતાં જ, જે જે પ્રકારે જેટલા જેટલા અંશે આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે તે તે પ્રકારે તેટલા તેટલા અંશે તે આસ્રવોથી નિવર્તે છે.**' જુઓ! ગુણસ્થાન ભેદ. સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું, આગળ વધતાં જેટલો એકાગ્ર થાય છે એટલો આસ્રવથી છૂટે છે. પાંચમાં ગુણસ્થાનમાં એટલો આસ્રવથી છૂટે, છઠ્ઠે વધારે છૂટે છે. બધા ભેદ પાડ્યા છે. પર્યાયમાં પણ શુદ્ધતા વધતી જાય છે એટલી અશુદ્ધતા ટળતી જાય છે. એવું એનું સ્વરૂપ છે.

'**જ્યારે સંપૂર્ણ વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે...**' એકલો જ્ઞાનઘન એકલો આત્મા રહી ગયો '**ત્યારે સમસ્ત આસ્રવોથી નિવર્તે છે. આમ જ્ઞાનનો અને આસ્રવનિવૃત્તિનો એક કાળ છે.**' કહો, સમજાણું આમાં? '**આ આસ્રવો ટળવાનું અને સંવર થવાનું વર્ણન ગુણસ્થાનોની પરિપાટીરૂપે તત્ત્વાર્થસૂત્રની ટીકા આદિ સિદ્ધાંતશાસ્ત્રોમાં છે ત્યાંથી જાણવું.**' વધારે જાણવું હોય એને એમ. '**અહીં તો સામાન્ય પ્રકરણ છે તેથી સામાન્યપણે કહ્યું છે.**' બહુ ગાથા સરસ હતી. ૭૪. વસ્તુનું સ્વરૂપ જ આ છે. કહો, સમજાણું આમાં? આહાહા..!

'**આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે એટલે શું?**' શું કહો છો પણ તમે? કહે છે. વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય એટલે શું?

'**તેનો ઉત્તર :- આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે એટલે આત્મા જ્ઞાનમાં સ્થિર થતો જાય છે.**' જ્ઞાન એટલે આત્મા જ્ઞાનસ્વરૂપ ભગવાન. એ પોતે પોતાના જ્ઞાનમાં સ્થિર થવું એનું નામ વિજ્ઞાનઘન છે. વિશેષ જ્ઞાન આવડે ન આવડે એનો પ્રશ્ન અહીં છે નહિ. સમજાણું કાંઈ? '**જ્યાં સુધી મિથ્યાત્વ હોય...**' એ ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિ છે. એમાં રાગ અને પુણ્યથી ધર્મ માનવાનું મિથ્યાત્વ હોય '**ત્યાં સુધી જ્ઞાનને-ભલે જ્ઞાનનો ઉઘાડ ઘણો હોય...**' એ ઘણો હોય. નવ પૂર્વ ઉઘડી જાય, અગિયાર અંગ ખૂલે. દસ-દસ હજાર માણસોમાં, લાખો માણસમાં ઉપદેશ એવો કરે કે લોકોને એમ લાગે કે ઓહોહો..! પણ મિથ્યાત્વ રાગની એકતાની બુદ્ધિનું જે જ્ઞાન તેને જ્ઞાન કહેતા નથી. એ વિજ્ઞાનઘન થયું નથી. સમજાણું કાંઈ?

'**જ્ઞાનને-ભલે જ્ઞાનનો ઉઘાડ ઘણો હોય તોપણ-અજ્ઞાન કહેવામાં આવે છે...**'

શું કહે છે? આત્મા ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ આનંદ છે એની અંતર દૃષ્ટિ થઈને એકાગ્ર ન થાય અને એકલા મિથ્યાત્વભાવથી કોઈ રાગ મંદ પડવાથી જ્ઞાનનો ઉઘાડ દેખાય તો એ જ્ઞાન જ્ઞાન નથી. સમજાય છે? એ નહિ. '**ભલે જ્ઞાનનો ઉઘાડ થોડો હોય...**' મિથ્યાત્વ ગયા પછી. છે ને? રાગથી ભિન્ન પડીને એકતા તૂટવાથી અને જ્ઞાનમાં એકતા થવાથી જે જ્ઞાન થયું તે જેમ જ્ઞાનનો ઉઘાડ થોડો હોય, સમજાવી શકે નહિ, બીજાને બોલી શકે નહિ, એનો ઉત્તર આપી શકે નહિ એવો જ્ઞાનનો ઉઘાડ થોડો હોય. એથી કરીને જ્ઞાન વિજ્ઞાનઘન નથી એમ નહિ. એ વિજ્ઞાનઘન જ થયું છે. સમજાણું કાંઈ? આહાહા..! મિથ્યાત્વ ગયું, એકત્વબુદ્ધિ ગઈ અને અનુભવ થયો જ્ઞાનનો, એ જ્ઞાનમાં પોતે એકાગ્ર છે. ભલે જ્ઞાનનો ઉઘાડ બીજાને સમજાવવાનો કે બીજો વિશેષ ન હોય, છતાં જ્ઞાન રાગથી ભિન્ન પડીને મિથ્યાત્વ જઈને જે વિકારરહિત જ્ઞાન એકાગ્ર થયું તે જ્ઞાનને વિજ્ઞાનઘન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**જેમ જેમ તે જ્ઞાન અર્થાત્ વિજ્ઞાન જામતું-ઘટ થતું-સ્થિર થતું જાય છે...**' ભગવાન આત્મા પોતાનો ચૈતન્ય સ્વભાવ એને પુણ્યના પરિણામથી ભિન્ન પાડી અને જ્ઞાનસ્વભાવમાં જેમ સ્થિર થતો જાય. ઘટ થતું જાય ઘટ. જ્ઞાન ઘટ થતું જાય લ્યો. ઘટ થતું જાય શું કહે છે આપણે? આ રંગ-બંગ ઘટ થતો જાય એમ નથી કહેતા? કપડું હોય એક રંગમાં બોળ્યું, વળી સૂકવે. પછી બીજામાં બોળે ઘટ થતો જાય રંગ.

મુમુક્ષુ :- દૂધપાક ઘટ થતો જાય.

ઉત્તર :- હા, દૂધપાક ઘટ થતો જાય. જેમ જેમ ઉકાળે એમ ઘટ થતો જાય. આ દૂધપાક, કઢી. એય..! દૂધપાક ઘટ થતો જાય ને. એવું ઘટ થાતું હશે આ? આહાહા..!

અહીં તો કહે છે, જ્ઞાનસ્વરૂપ ચૈતન્યપ્રકાશ એમાં જેટલો એકાગ્ર થાય મિથ્યાત્વ ટળીને, રાગની બુદ્ધિ ટળીને, એકત્વબુદ્ધિ ટળીને જે જ્ઞાન એકાગ્ર થાય તેમ તેમ જ્ઞાન ઘટ જામતું જાય છે. જ્ઞાનમાં શુદ્ધતા વધતી જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? ઘટ થતું જાય છે. '**સ્થિર થતું જાય છે...**' વિજ્ઞાન જામતું જાય. ત્રણ શબ્દ વાપર્યા છે. '**તેમ તેમ આસ્રવોની નિવૃત્તિ થતી જાય છે...**' તેમ ત્યાં રાગનો અભાવ થતો જાય છે. '**અને જેમ જેમ આસ્રવોની નિવૃત્તિ થતી જાય છે તેમ તેમ જ્ઞાન (વિજ્ઞાન) જામતું-ઘટ થતું-સ્થિર થતું જાય છે, અર્થાત્ આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે.**' આ શું કરવા ખુલાસો કર્યો? કે ચૈતન્યઘન વિજ્ઞાનઘન આત્મા જે છે વસ્તુ એને પુણ્ય-પાપના આસ્રવથી ભિન્ન પાડીને આત્મામાં એકાગ્ર થાય તેનું નામ વિજ્ઞાનઘન કહેવાય છે. વસ્તુ વિજ્ઞાનઘન છે. પણ આ પર્યાયમાં વિજ્ઞાનઘન થાય છે એમ કહેવું છે. વસ્તુ તો એકલું વિજ્ઞાનનું દળ જ છે. જેમ..

સમજાય છે? બરફની શિલા હોય પાંચ મણની. ઠંડી શિલા આમ ઠંડું. એ રૂપી છે. આ ભગવાન ઠંડી શાંત વીતરાગી શિલા છે અરૂપી.

મુમુક્ષુ :- એ આત્મા જાડો થાતો જાતો હશે?

ઉત્તર :- જાડો થતો જાય-પર્યાયમાં એકાગ્ર થતો જાય. કહો, સમજાણું કાંઈ?

શાંતિ વધતી જાય, જ્ઞાનની પકડવાની શક્તિ પણ વધતી જાય એનું નામ ઘટ કહે છે ભાષા. કહો, સમજાણું આમાં?

**'હવે આ જ અર્થના કળશરૂપ તથા આગળના કથનની સૂચનિકારૂપ કાવ્ય કહે છે :-'** છે હજી, નહિ?

**इत्येवं विरचय्य सम्प्रति परद्रव्यान्निवृत्तिं परां**
**स्वं विज्ञानघनस्वभावभयादास्तिध्नुवानः परम्।**
**अज्ञानोत्थितकर्तृकर्मकलनात् क्लेशान्निवृत्तः स्वयं**
**ज्ञानीभूत इतश्चकास्ति जगतः साक्षी पुराणः पुमान्।।४८।।**

આહાહા..!

**'શ્લોકાર્થ :- એ રીતે પૂર્વકથિત વિધાનથી,...'** લ્યો આ વિધિ. પૂર્વે કહેલી વિધિ. એટલે કે પુણ્ય-પાપના ભાવને છ પ્રકારે દુઃખરૂપ આદિ જાણીને, ભગવાન આનંદને ધ્રુવ જાણીને પરથી ભિન્ન પડીને એકાગ્ર થાય એ ભિન્ન પાડવાની વિધિ. લ્યો, આ ધર્મ કરવાની વિધિ. એ લોકોમાં બહુ શ્વેતાંબરમાં એવું આવે કે જે કાંઈ ક્રિયા થાય એ વિધિથી કરવી. આ બધી બહારની ક્રિયા. વિધિથી ક્રિયા થાય તો બહુ ફળ આપે. એ તો ધૂળેય નથી તારી હવે કરને અપવાસ ને શું કહેવાય ઓલા કહે છે ને શાંતિયજ્ઞ. શું કહેવાય? પૂજા. શાંતિ સ્નાત્ર કરી કરીને મરી જાને, એ તો રાગ છે. એ રાગની વિધિમાં દોષ ન લાગવા દે તોય એ રાગ ને પુણ્ય છે. એમાં ધર્મ માને તો મિથ્યાત્વ છે. વિધિએ કરવું આવે છે. નહિ? વિધિએ કરવું. ઉપધાન પણ વિધિએ કરવા. ૪૫ દી. ભગવાનને આટલા પગે લાગવા, આટલા માળા ગણવી એમાં વિધિમાં ફેર ન આવે. કે લાખ તારી વિધિ કર, એ શુભભાવ હોય તો પુણ્ય છે, ધર્મ નહિ. ભારે આકરું પડે હોં માણસને. આ વર્ષીતપ કરતા હોય એને કહે, એલા આ ધર્મ નથી. બિચારી સૂકાઈ જાતી હોય. વળી શેઠિયાની દીકરી અને વહુઓ હોય. પાંચ-દસ લાખના આસામી. ઉભા ઉભા સૂકાતા હોય બિચારા. એક ટંક, બે ટંક ખાય. ખાય તો સરખાઈનું પાછું હોં! બીજે દી વાંધો ન આવે એવું. અને કદાચિત ન પણ સરખું ખાય, પણ એથી શું થયું? આહાહા..! એ તો રાગની મંદતા ઉપર એનું લક્ષ છે, વસ્તુ તો ભૂલી ગયો છે આત્મા. મિથ્યાત્વમાં ઘૂંટે છે મિથ્યાત્વને. ભારે કામ ભાઈ!

અહીં કહે છે કે આ વિધિથી '**હમણાં જ (તુરત જ) પરદ્રવ્યથી ઉત્કૃષ્ટ નિવૃત્તિ કરીને...**' દેખો. હમણા ઓલો તત્કાળ શબ્દ હતો ને. સમકાળ હતો ને સમકાળ. એ માટે બતાવ્યું. ઓલો (થતા) વેંત સમકાળ બતાવવો છે ને. એ જ સમયે એમ. '**પૂર્વકથિત વિધાનથી, હમણાં જ (તુરત જ) પરદ્રવ્યથી ઉત્કૃષ્ટ (સર્વ પ્રકારે) નિવૃત્તિ કરીને...**' દેખો! પરદ્રવ્ય શબ્દે રાગાદિ, વિકલ્પ આદિ બધા પરદ્રવ્ય. સમજાણું કાંઈ?

'**વિજ્ઞાનઘનસ્વભાવરૂપ એવા કેવળ પોતાના પર નિર્ભયપણે આરૂઢ થતો...**' વિજ્ઞાનઘનસ્વભાવરૂપ એવા કેવળ પોતાના પર નિર્ભયપણે આરૂઢ થયો. નિઃશંકપણે એમ લેવું છે. નિઃશંકનું નિર્ભય કર્યું. નિઃશંકનું નિર્ભય કર્યું અને નિર્ભયપણે આરૂઢ થતો એમ. નિઃશંકપણે આરૂઢ સ્વભાવમાં થતો એમ કહેવું છે. ભાઈ! સમજાણું કાંઈ? નિર્ભય એ નિઃશંક છે, નિઃશંક એ નિર્ભય છે. ભગવાન જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છે, શુદ્ધ ધ્રુવ છે એને રાગથી ભિન્ન પાડીને આરૂઢ થયો થકો, નિઃશંકપણે આ સ્વભાવ છે એમાં સ્થિર થયો થકો '**પોતાનો આશ્રય કરતો...**' દેખો! પોતાનો આશ્રય કરતો. વિકલ્પનો આશ્રય છોડતો. છોડતો (કહો કે) છૂટી જાય છે.

'**અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિના...**' એવો અર્થ કર્યો છે જરી આમાં. ઓલામાં એવો કર્યો છે. અજ્ઞાનરૂપ કર્તાકર્મની પ્રવૃત્તિ. અજ્ઞાનરૂપ કર્તાકર્મની પ્રવૃત્તિ. અજ્ઞાનથી ઉત્પન્ન થતી નહિ. અજ્ઞાનરૂપ જ. દયા, દાનનો વિકલ્પ ભક્તિનો એ મારું કાર્ય છે અને હું એનો કર્તા એ અજ્ઞાનરૂપ કર્તવ્ય છે. અજ્ઞાનરૂપી કર્તાકર્મની પ્રવૃત્તિ, અજ્ઞાનરૂપ કર્તાકર્મની પ્રવૃત્તિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- મૂળમાં અજ્ઞાનથી ઉલ્લસિત છે.

ઉત્તર :- ઉલ્સસિત છે ને. એ ઉત્પન્ન થયેલી. પણ ઓલાએ અર્થ એવો કર્યો હશે. એ અજ્ઞાનરૂપ ઉત્પન્ન થયેલી. એવી ભાષા હતી.

'**કર્તાકર્મની પ્રવૃત્તિના અભ્યાસથી થયેલા ક્લેશથી નિવૃત્ત થયેલો,...**' આહાહા..! '**પોતે જ્ઞાનસ્વરૂપ થયો થકો,..**' રાગથી, વિકલ્પથી ભિન્ન પડીને જ્ઞાનસ્વરૂપ એવી વસ્તુ છે તેવી દૃષ્ટિ અને જ્ઞાન થયો થકો '**જગતનો સાક્ષી...**' રાગાદિ કોઈપણ દશાનો સાક્ષી જ્ઞાની છે. ત્યારથી સાક્ષીપણું પ્રગટ થયું. '**પુરાણ પુરુષ...**' અનાદિનો આત્મા. હતો તો હતો. છે તો અનાદિનો છે. '**અહીંથી હવે પ્રકાશમાન થાય છે.**' લ્યો! એ અહીંથી હવે પ્રકાશમાન ચૈતન્યસ્વરૂપ થાય છે. એનો અધિકાર આપણે ૭૫થી ૮૪ સુધી (ચાલ્યો). લ્યો અહીંનું આજ પૂરું થઈ ગયું. જાઓ! કાલે પ્રવચનસાર બપોરે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

# પાઠકોની નોંધ માટે

## પાઠકોની નોંધ માટે

ૐ

હું પરમાત્મા છું એમ નક્કી કર.
હું પરમાત્મા છું એમ નિર્ણય કર.
હું પરમાત્મા છું એમ અનુભવ કર.